88
July

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૦૮ છૂટક નકલ રૂા. ૧૦/-

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ***

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૪ વીર સંવત : ૨૫૩૪ પોષ સુદિ – તિથિ – ૭

## જિન-વચન
## સંયમી પુરુષ

चित्तमंतमचित्तं वा अप्पं वा जइ वा बहुं ।
दंतसोहणमेत्तं पि ओग्गहं सि अजाइया ।।
तं अप्पणा न गेण्हंति नो वि गेण्हावए परं ।
अन्नं वा गेण्हमाणं पि नाणुजाणंति संजया ।।

–दसवैकालिक– ६-१३.

સંયમી પુરુષો વસ્તુ સજીવ હોય કે નિર્જીવ હોય, થોડી હોય કે વધારે હોય, અરે ! દાંત ખોતરવાની સળી પણ હોય, તો પણ તેના માલિકને પૂછ્યા વિના લેતા નથી, બીજા પાસે લેવરાવતા નથી અને જો કોઈ એ રીતે લેતું હોય તો તેનું અનુમોદન પણ કરતા નથી.

संयमी पुरुष सजीव या निर्जीव, अल्प या अधिक, दंतशोधन जैसी तुच्छ वस्तु का भी, उस के मालिक की अनुज्ञा लिए बिना स्वयं ग्रहण नहीं करता, औरों से ग्रहण नहीं कराता और ग्रहण करनेवाले का अनुमोदन भी नहीं करता ।

Persons with self-control do not take anything, whether animate or inanimate, whether small or big, not even a toothpick, without it being formally given to them. They do not ask others to do so and do not support others in doing so either.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત **'जिन-वचन'**માંથી).

# આચમન

## 'આપણે હોઇએ તો ફેર પડે ને!'

હરિજન પ્રશ્નને અંગે બાપુએ 1932 માં યરવડા જેલમાં આમરણ ઉપવાસ આદર્યા હતા. તે વખતે બા સાબરમતી જેલમાં હતાં.

પોતે બાપુની પડખે નથી એનો બાને મનમાં ખૂબ ઉચાટ રહ્યા કરતો. પોતાના પતિની જિંદગી આમ હોડમાં મુકાયેલી જોઇને બાને દિલમાં શુંનું શું થઈ જતું! આ વાતનો વલોપાત કરતાં બા એક વાર જેલની બહેનોને કહેવા લાગ્યાં: 'આ 'ભાગવત' વાંચીએ છીએ, 'રામાયણ'-'મહાભારત' વાંચીએ છીએ, એમાં ક્યાંય આવા ઉપવાસની વાતો નથી! પણ બાપુની તો વાત જ જુદી. એ આવું જ કર્યા કરે છે! હવે શું થશે?'

એટલે બહેનો કહે: 'બા, બાપુને સરકાર બધી સગવડો આપશે, તમે શા માટે ફિકર કરો છો?'

ત્યારે બા કહે: 'બાપુ કશી સગવડ લે તો ને! એમને તો બધી વાતનો અસહકાર! એમના જેવું માણસ તો મેં ક્યાંય નથી સાંભળ્યું! પુરાણની ઘણી ઘણી વાતો સાંભળી છે, પણ આવું તપ ક્યાંય ન જોયું!'

પણ થોડી વાર અટકીને બા પાછાં કહે: 'જોકે કાંઈ વાંધો નથી. એમ તો મહાદેવ છે, વલ્લભભાઈ છે, સરોજિનીદેવી છે; પણ આપણે હોઇએ તો ફેર પડે ને!'

## 'મારા દીકરા તે તારા પણ ખરા ને?'

એક વખતે મધ્ય પ્રદેશના કૉંગ્રેસ પ્રધાન-મંડળમાં હરિજન પ્રધાનને લેવા માટે નાગપુરના કેટલાક હરિજનોએ બાપુ સામે સત્યાગ્રહ જાહેર કર્યો હતો.

પાંચ પાંચ હરિજનોની એક ટુકડી સેવાગ્રામ આવે ને ત્યાં ચોવીસ કલાક બેસીને ઉપવાસ કરે. પછી બીજી ટુકડી આવીને ઉપવાસ કરે. આમ ટુકડીઓ બદલાયા કરે.

એ વિરોધ કરનાર હરિજનોને બાપુએ પ્રેમથી આવકાર આપ્યો અને એમને આશ્રમમાં બેસવા તથા રહેવાની સગવડ પણ કરી આપવા તૈયારી બતાવી. જગ્યા પસંદ કરવાનું હરિજનોને સોંપ્યું. તે લોકોએ બાની ઓસરી પસંદ કરી.

બાની ઝૂંપડીમાં એક મોટો અને એક નાનો એમ બે ઓરડાઓ હતા. નાની ઓરડી નાહવા અને કપડાં બદલવા માટે હતી. બાપુએ બાને બોલાવીને કહ્યું: 'આ હરિજનોને તારો મોટો ઓરડો આપીશ ને?'

બાપુની સામે જ ઉપવાસ કરવા આવેલા એ હરિજનોને બાપુ જાતે જ આવી સગવડ આપે અને પોતાને નાહવાની ઓરડી વાપરવાની સ્થિતિમાં મૂકે એ બાને રુચ્યું નહીં. બાએ ટકોર કરતાં કહ્યું: 'એમને તમે દીકરા કરીને રાખ્યા તે તમારી ઝૂંપડીમાં જ બેસાડો ને!'

બાપુએ હસતાં હસતાં કહ્યું: 'હા, એ મારા દીકરા તે તારા પણ ખરા ને!'

અને એ હરિજનોને બાએ પોતાના મોટા ઓરડામાં સગવડ કરી આપી.

❑ મહેન્દ્ર મેઘાણી
સંપાદિત 'ગાંધી ગંગા' માંથી.

*પ્રત્યેક ગુજરાતીના ઘરમાંઆ પુસ્તક અવશ્ય હોવું જોઈએ જ. ઉપયોગ થયા પછી પસ્તીમાં પધરાવાતી મોંઘી કંકોત્રી સાથે એકાદ પુસ્તિકા પણ ભેંટ મોકલાય તો લગ્નપ્રસંગ શુભેચ્છકોના જીવનમાં હૃદયંગમ બની જાય.*

✳✳✳

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | મોતીડે વધાવો...ધન્ય ધન્ય ગુજરાત | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | ઇસ્લામ અને અહિંસા | ડૉ. મહેબૂબ દેસાઈ | ૬ |
| (૩) | પશ્ચિમનું સર્જન અને ચિન્તન-જૈન દર્શનના સંદર્ભે | શ્રી રસિકલાલ જેસંગલાલ શાહ | ૯ |
| (૪) | છાંયડો ઊભો રહ્યો | ડૉ. ગુલાબ દેઢિયા | ૧૦ |
| (૫) | શાંતિલાલ શેઠ: સંસ્થાના એક સંનિષ્ઠ કાર્યકરની વિદાય | ડૉ. ધનવંત શાહ | ૧ |
| (૬) | દેવચંદ્રજી રચિત શ્રી સ્યંદન જિન સ્તવન | શ્રી સુમનભાઈ એમ. શાહ | |
| (૭) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૬ |
| (૮) | જૈન પારિભાષિક શબ્દ કોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૭ |
| (૯) | આત્મસિદ્ધિ શાસ્ત્ર | પ્રા. પ્રતાપકુમાર ટોલિયા | ૧૯ |
| (૧૧) | પંથે પંથે પાથેય : શું આ શક્ય છે? | ડૉ. રણજિત એમ. પટેલ (અનામી) | ૨૦ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/- | U.S. $ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/- | U.S. $ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/- | U.S. $ 40-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/- | U.S. $100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

☛ ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો. કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ કન્યા કરિયાવર આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૧ ● ● તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૦૮ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## મોતીડે વધાવો...

## ભવ્ય ભવ્ય ગુજરાત

નરેન્દ્ર મોદી, નરેન્દ્ર મોદી અને નરેન્દ્ર મોદી.

ગુજરાતી માણસ બડો સમજદાર છે. સાંભળે બધાનું પણ કરે આંખો દેખ્યું અને મનનું દોર્યું.

ભારતનો મતદાર હવે સમજણો થયો છે. હવે એ દોર્યા દોરાતો નથી. વિકસતા ભારતના સૂર્યોદયની આ સોનેરી કોર છે. સાત ઘોડલે એ આજે દોડી રહ્યો છે. અંતરના કૃષ્ણથી એ દોરાય છે અને અર્જુનના કર્મ, પુરુષાર્થ અને લક્ષ્ય ઉપર એની અનિમેષ દૃષ્ટિ છે. ભલે ગમે તેવા ધૂર્તરાષ્ટ્ર, દૂર્યોધન, કે શકુનિ જેવા રાજ્યકર્તા એને માથે પડ્યાં હોય!

પાછલા વર્ષોમાં ગુજરાતે ભૂકંપ, હુલ્લડો, રમખાણો અને અતિવૃષ્ટિના પૂર તેમજ અપયશના કેમેરા અને ઢોલનગારાં સહ્યાં, તોય ગુજરાત આજે ક્યાં છે? આજના ગુજરાતમાં ફરી વળો તો આજે એ બરબાદીના કોઈ નિશાન નહિ દેખાય.

ચૂંટણી પહેલાં બન્ને પક્ષોએ પોતાના વિજય અને સામા પક્ષના પરાજય માટે જે વાણીનો ઉપયોગ કર્યો એમાં ભદ્રતા ઓછી હતી. છતાં મતદારે 'સત્ય'ને પકડ્યું. જ્યારે વિવાદો વધે છે– આક્ષેપ પ્રતિ આક્ષેપતાના મંથનો થાય છે ત્યારે જ સત્ય આપોઆપ પ્રગટે છે.

નરેન્દ્ર મોદીના શાસન કાળમાં વિકાસ થયો છે પણ ભ્રષ્ટાચાર ઓછાં થયાં છે! પ્રજા વહિવટકારોના ભ્રષ્ટાચારથી ત્રાહિમામ થઈ ગઈ છે, પરંતુ 'ખાતો નથી અને ખાવા દેતો નથી' ન. મો.ના આ વાક્ય ઉપર મતદારે શ્રદ્ધાની સહી કરી દીધી છે. અસંતુષ્ટોના ઈરાદા મતદાર સમજી ગયો છે અને મૂછમાં હસી લીધું છે.

પ્રશ્ન એ છે કે નરેન્દ્ર મોદી જીત્યા કે ભાજપની જીત થઈ? નરેન્દ્ર મોદીની જ. મોદી સાહેબ ભલે કહે કે પક્ષ મોટો છે, પક્ષે મને મોટો કર્યો છે. આ એમની ખરેખર નમ્રતા છે. નરેન્દ્ર મોદીની બાદબાકી કરો તો ભાજપને આટલી બધી બહુમતી મળત? આ 'હવા' તો છેક હિમાચલ પ્રદેશ સુધી પહોંચી ગઈ!

નરેન્દ્ર મોદી તરત જ અસંતુષ્ટ શિરોમણિ કેશુભાઈના આશીર્વાદ લેવા ગયા. પક્ષને મોટો ગણાવવો અને કેશુભાઈના આશીર્વાદ લેવા જવું તેમજ સર્વ અસંતુષ્ટો તરફ આવકાર ભાવ દર્શાવવો, આ વર્તનમાં કેટલાંક નરેન્દ્ર મોદીની 'સમજદારી' કે રાજકીય દૂરંદેશીપણું જૂએ પણ એ સત્ય નથી. ન. મો. નમી પણ શકે છે. આ બહુશ્રુત અને સંસ્કારી નરેન્દ્ર મોદીના હૃદયના આ સાચાં ભાવ હતાં. જીવનની શરૂઆતમાં 'ચા'ની રેંકડીમાં કામ કરી આ કવિહૃદયીએ જો 'ચાહ'ની વહેંચણી ન કરી હોત તો આ સ્થાને પહોંચત નહિ. મોતના સોદાગર નહિ, મતોના સોદાગર પણ નહિ, પણ મતોના અધિકારી બન્યાં છે.

પરંતુ કોઈ માનવી સંપૂર્ણ નથી. નરેન્દ્ર મોદીમાં કઇ અપૂર્ણતા છે એ નરેન્દ્ર મોદી પણ જાણે છે અને પ્રજા પણ જાણે છે. આ અપૂર્ણતાને પ્રકૃતિદત્ત ભાવ કહો કે સિદ્ધાંતનિષ્ઠા કહો, સમજદાર એ શોધી લેશે!

આટલાં મોટા વિજયની પછી સમજુ માણસ 'છકી' ન જ જાય અને વ્યક્તિપૂજાના ઢોલ નગારા વગાડનારથી એઓ ચેતતા રહેશે જ, એવી શ્રદ્ધા રાખીએ અને ગાંધીના ગુજરાતને એઓ ગાંધી આદર્શોથી છલકાવી દે એવું ઈચ્છીએ. આર્થિક ઉત્થાન એ જ સર્વસ્વ નથી. અને એ ઉત્થાન અને વિકાસ માટે ગાંધીના ગુજરાતમાં કોઈ પણ ખૂણે દારુ પીરસાય એ તો લાંછન જ છે. નરેન્દ્ર મોદીએ

આ લાંછન ઉપર સહી કરી એ વેદના પમાડે એવું છે. ગુજરાત આજે ને કાલે ગાંધીથી ઓળખાય છે. લક્ષ્મીપતિઓથી નહિ.

એક વ્યક્તિની આટલી મોટી જીત, સિદ્ધિ-પ્રસિદ્ધિ આપણે ભૂતકાળમાં જવાહર નહેરુ અને ઈંદિરા ગાંધીમાં જોઈ હતી, ત્યારે પણ 'વ્યક્તિ'થી પક્ષ તરી ગયો હતો. અને આપણને ખાલી કરે એવાંને પ્રધાન પદ્દુ મળી ગયું હતું. (યાદ કરો જીપ અને બૉફર્સ અને અન્ય કૌભાંડોને) આવી વ્યક્તિથી પક્ષ તો તરી જાય, પણ એથી મતદારને 'રાજી રાજી' થવાનો અવસર નથી આવતો. પ્રધાન પદ માટે પક્ષમાં ચૂંટાયેલ વ્યક્તિમાંથી જ પસંદગી કરવી પડે છે, પછી ભલે એ વિષયની એ 'પ્રધાનજી'માં લાયકાત હોય કે નહિ. આપણે જાણીએ છીએ કે હવે પહેલાં જેવા દેશભક્તો કે પ્રમાણિક વ્યક્તિઓ રાજકારણમાં પ્રવેશતી નથી. લગભગ 'કભી અપુનકા ભી ચાન્સ લગ જાયેગા' એવી વ્યક્તિઓ જ રાજકારણમાં પ્રવેશે છે. પરિણામે જેની સામે ઢગલાબંધ કેસો પડ્યા હોય, સમાજમાં જેની છબિ ખરડાયેલી હોય એવા 'મહાનુભાવો' ચૂંટાયા હોય એટલે 'એઓશ્રી'ને પ્રધાન બનાવવા પડે. પરિણામે એ બધાં તદ્‌વિષયના નિષ્ણાતોનો સહારો લે અને અહીંથી શરૂ થાય ભ્રષ્ટાચારનું વિષચક્ર! 'ખાવા દેતો નથી' એવું કહેનારનું આ તબક્કે કાંઈ ચાલતું નથી. આપણા મહદ્ અંશે પ્રધાનોની દશ-પંદર વરસ પહેલાંની આર્થિક સ્થિતિ જૂઓ અને 'પ્રધાન' બન્યા પછીની એમની છલોછલ જાહોજલાલી જૂઓ!!

તો આનો વિકલ્પ શો?

જો **પ્રમુખીય લોકશાહી પદ્ધતિ** આપણે અપનાવીએ તો? અમેરિકા, જર્મની, ફ્રાન્સ, શ્રીલંકા તેમજ અન્ય દેશોમાં એ લગભગ સફળ રહી છે.

થોડાં સમય પહેલાં વિદ્વાન મિત્ર શ્રી જશવંત બી. મહેતાએ મને એમનું એક પુસ્તક અંગ્રેજી-ગુજરાતીમાં મોકલ્યું હતું: **'પ્રમુખીય લોકશાહી એક યોગ્ય વિકલ્પ'**. ઉપરાંત આ જ પદ્ધતિને અનુમોદન આપતો એક પત્ર મને મુરબ્બી શ્રી કાકુલાલ સી. મહેતાએ મોકલ્યો. એક જાગૃત નાગરિક તરીકે આ પત્ર એઓશ્રીએ ઘણાં વિચારકોને મોકલ્યો છે. એઓશ્રીએ ઉલ્લેખ કર્યો છે કે હમણાં જ અરુણ શૌરીનું 'પાર્લામેન્ટરી સિસ્ટમ' ઉપરનું પુસ્તક વાંચ્યું. એમાં આપણી આ 'પાર્લામેન્ટરી' (સંસદીય) સિસ્ટમ કેટલી બધી નિષ્ફળ ગઈ છે એની વિગતો લખી છે, અને શૌરિએ 'પ્રેસિડેન્ટ સિસ્ટમ'ની હિમાયત કરી છે એના કારણો પણ આપ્યાં છે.

દેશ આઝાદ થયો ત્યારે બંધારણ ઘડતી વખતે આપણાં દેશની નિરક્ષરતાનો આંક ખૂબ જ ઊંચો હતો, એટલે સંસદીય લોકશાહી-ની હિમાયત કરી પણ હવે તો આપણો નાગરિક માત્ર શિક્ષિત જ નહિ સમજદાર પણ બન્યો છે, એનું ઉદાહરણ નરેન્દ્ર મોદીને બહુમતીથી ચૂંટ્યાં એ આપણી સમક્ષ જ છે.

શ્રી જશવંત બી. મહેતા પોતાનું આ પુસ્તક પોતાના દેશ-બાંધવોને અર્પણ કરતાં લખે છે, 'સંસદીય લોકશાહીના અંચળા હેઠળ ગેરવહીવટનો ભોગ બનેલા અને નીતિવિહોણા રાજકારણી-ઓથી શોષાતા મારા દેશ બાંધવોને...'

નરેન્દ્ર મોદીને તો ચૂંટ્યા પણ એમણે હવે એમના પક્ષના સાંસદોને પ્રધાન બનાવવા પડશે, પછી ભલે એમનામાં એ કાર્યની નિપૂણતા ન હોય; કારણ કે એમને ય પક્ષના સાથીઓનો સહકાર 'ખાવા'નો હોય છે. નહિ તો અસંતુષ્ટ થવાની ક્યાં વાર લાગવાની છે? પછી 'ખાવા દેતો નથી'નું શું ચાલવાનું?

જો પ્રમુખીય લોકશાહી હોત તો નરેન્દ્ર મોદી સો ટકા ટકોરા બંધ નિષ્ણાતો અને નીતિમાન મહાનુભાવોને તદ્‌વિષયક ખાતા આપી શકત. અને ગુજરાતને પ્રગતિની હરણગતિમાં મૂકી દેત.

હવે આ પુસ્તકમાંથી થોડાં અવતરણો આપના ચિંતન માટેઃ

પુસ્તકને આવકાર આપતા રામુપંડિત લખે છેઃ

'લોકશાહીમાં શ્રદ્ધા ધરાવનારા પણ આપણી સંસદીય કાર્ય-શૈલીથી ક્ષુબ્ધ બનેલા બુદ્ધિવાદીઓ વૈકલ્પિક વ્યવસ્થા વિચારવા માંડ્યા છે...

'રાજકારણમાં ગળાડૂબ ડૂબેલા લોકોને સંસદીય પદ્ધતિ, પ્રધાનપદાં, ભથ્થા અને વિશિષ્ટ હક્કો ખૂબ સદી ગયાં છે. પોતાના સ્થાપિત હિત ઉપર તરાપ મારે એવો કોઈ વિકલ્પ એ વિચારવા તૈયાર જ નથી. જે બૌદ્ધિકોને સૈદ્ધાંતિક રાજકારણ અને એની પ્રક્રિયામાં રસ છે એ નાની લઘુમતીમાં છે અને પોતે જાતે રાજકારણમાં ઝંપલાવવા તૈયાર નથી. ઘસાઈ ગયેલો રૂપિયો નગદ રૂપિયાને ભૂગર્ભમાં ધકેલી દે છે એ ગ્રેશામનો આર્થિક સિદ્ધાંત આપણાં રાજકીય જીવનમાં આજે ખૂબ વ્યાપક છે. ખુશામત વડે જ ભારતીય લોકશાહીમાં વ્યક્તિ આગળ આવે છે, કૌવતને કારણે નહિ, એટલું તો અનુભવે સાબીત થઈ ચુક્યું છે.

'આપણી સંસદીય લોકશાહીમાં ફાલેલાં આ અનિષ્ટોનો યોગ્ય વિકલ્પ લેખક પ્રમુખીય લોકશાહીમાં જુએ છે. ભૌગોલિક કદમાં નાના એવા દેશોમાં સંસદીય લોકશાહી મહદ્ અંશે સફળ નીવડી છે. પરંતુ ભારત જેવા વિશાળ દેશનું સફળ સંચાલન રાષ્ટ્રીય પ્રતિભા ધરાવતી, સમગ્ર દેશના મતદારોની ચૂંટેલી વ્યક્તિ જ, તજજ્ઞોની સહાય વડે કરી શકે. પ્રધાનોની ગુણવત્તા અને કાબેલિયત ખૂબ ઓછાં છે અને એમની પસંદગીમાં પ્રાદેશિકતા, ધર્મ, જાતિ, સ્થાનિક વર્ગ, ઉત્પાત મચાવવાની શક્તિ વગેરે મુદ્દા વિશેષ ભાગ ભજવે છે. પ્રધાનો સતત ભાષણો-ઉદ્‌ઘાટનો અને ભારતદર્શન ને વિશ્વદર્શનમાં અટવાયેલા રહે છે. એમનાં ખાતા પણ છાશવારે બદલાતા રહે છે, આથી એ નથી કોઈ વિષય ઉપર પક્કડ જમાવી શકતા કે નથી એમના ખાતાની નીતિના અમલનો દોર પોતાના હાથમાં રાખી શકતા. પરિણામે સાચી સત્તા નોકર-

શાહીના હાથમાં સરી પડે છે. પ્રજાનું કલ્યાણ ભૂલાઈ જાય છે અને નિયમો, પેટાનિયમો અને છટકબારીઓમાં નોકરશાહી અટવાઈ જાય છે.

'ભારતીય સંસદીય લોકશાહીએ રાજ્યોમાં અસ્થિરતા સર્જી છે. આયારામ ગયારામ શૈલીના રાજકારણને ઉત્તેજન આપ્યું છે. પ્રમુખીય લોકશાહીમાં વ્યક્તિએ સમગ્ર રાષ્ટ્રનો વિશ્વાસ પ્રાપ્ત કરવો પડશે, માત્ર કોઈ ભાષાકીય જૂથનો નહિ. આથી પ્રમુખ બનનારે ચૂંટાયા પછી સત્તાલોલુપ સંસદ સભ્યોને સતત રાજી રાખવામાં કે એમની કદમબોસી કરવામાં વખત નહિ બગાડવો પડે.'

લેખક પ્રસ્તાવનામાં લખે છે:–

'સંસદીય પદ્ધતિને આટલા કાળ સુધી અપનાવ્યા બાદ હવે અમેરિકા તથા બીજા ઘણાં રાષ્ટ્રોમાં પ્રચલિત એવી લોકશાહીની અન્ય વૈકલ્પિક અને સુનિર્દિષ્ટ પ્રમુખીય પદ્ધતિનો વધુ નિખાલસપણે અભ્યાસ કરવાનો સમય પાકી ગયો છે. આ પદ્ધતિના મૂળભૂત અંગો જેવા કે સ્થિરતા, પ્રધાનમંડળમાં શ્રેષ્ઠ વ્યાવસાયિક વ્યક્તિઓનો સીધો સમાવેશ, પ્રધાનમંડળ તથા વિધાનસભાનું વિશ્લેષણ અને પક્ષપદ્ધતિને અપાતું ઓછું અનુમોદન, આ સર્વેનું મહત્ત્વ ઓછું ન આંકી શકાય. પ્રમુખીય પદ્ધતિનું આ પ્રત્યેક અંગ આપણી બ્રિટિશ ઢબ પર રચાયેલી પદ્ધતિ કરતાં ચઢિયાતું છે. આ ઉપરાંત મેયરથી માંડીને સર્વોચ્ચ પદ માટેની ચૂંટણી પ્રત્યક્ષ પદ્ધતિથી થતી હોવાથી સુયોગ્ય અને મેધાવી વ્યક્તિઓ સર્વશ્રેષ્ઠ નેતાગીરીના પદ માટે વધારે સુસજ્જ રીતે તૈયાર થાય છે.'

શ્રી નાની પાલખીવાલા લખે છે:–

'દેશ સમક્ષ પડેલી પ્રચંડ સમસ્યાઓ આપણા ધંધાદારી રાજકારણીઓ કદી જ નિવારી શકવાના નથી, કારણ કે એમ કરવું એમના ગજા બહારની વાત છે. સંનિષ્ઠ, કાર્યકુશળ અને વહીવટકુશળ પ્રધાનો હોય તો જ ભ્રષ્ટાચારી અને બિનકાર્યક્ષમ વહીવટ–તંત્રની ચૂડમાંથી મુક્ત થઈ શકાય. દૂરંદેશીપણું ધરાવનાર અને રાષ્ટ્રસંપત્તિનું નિર્માણ કરવાની વહેવારુ સૂઝ અને આવડત ધરાવનાર મહારથીઓના હાથમાં દેશની લગામ મૂકાય તો જ ગરીબીને મિટાવી શકાય. મૂડી, ઉત્પાદન, વિતરણ–વેચાણ, ઇત્યાદિ બાબતોના નિષ્ણાતો તેમજ રાષ્ટ્રસંપત્તિ જનકલ્યાણાર્થે ઉપયોગમાં શી રીતે લેવાય અને એનું વિતરણ શી રીતે કરાય એનું વિશિષ્ટ જ્ઞાન ધરાવતી વ્યક્તિઓ જ અતીતકાળથી રીબાતા પ્રજાના વર્ગને પાયમાલીમાંથી બહાર લાવી શકે. પ્રધાન કક્ષાએ સંનિષ્ઠ નેતૃત્વનો શૂન્યાવકાશ હોય એવી આપણી નોકરશાહી, સામાજિક નિષ્ક્રિયતા અનિવાર્ય બનાવી દે છે.'

અંગ્રેજો ગયા. પણ અંગ્રેજોના બંધારણમાંથી આપણે ઘણું લીધું. શિક્ષણ અને વહિવટકારો માટે પણ એ જ ઢાંચો આપણે રાખ્યો. હવે આ ત્રણેમાં ફેરફાર કરી આપણી સર્જનશીલતાની ઓળખ નથી આપવી?

હા, પ્રમુખીય લોકશાહીમાં એક ભયસ્થાન છે. પ્રમુખ ક્યારેક સરમુખત્યાર બની જાય તો? પરંતુ નવું બંધારણ ઘડતા એમાંય આ ભય અને બીજા અનેક ભયસ્થાનો દૂર કરવાના રસ્તા વિચારી શકાય, એટલી પ્રબળ અને સર્જનશીલ બુદ્ધિમતા તો આપણા નિષ્ણાતોમાં છે જ.

અમેરિકાના અર્થ તંત્રની પ્રેરણા આપણે લઈએ છીએ તો એની રાજકારણ પદ્ધતિમાંથી પ્રેરણા કેમ ન લેવી?

**હવે પ્રમુખીય લોકશાહી હોવી જરૂરી છે? હવે આ ચર્ચાને ચોગાન મળવું જોઇએ. કેન્દ્રની ચૂંટણી આવે એ પહેલાં કોઈ વીરલા ભાગ્યશાળી શંખ ફૂંકે અને નગારું વગાડે તો...**

રાજકારણમાં રસ હોય એ સર્વે આ પુસ્તક વાંચી પોતાના મનન ચિંતનને આકાર આપે એ માટે સમય હવે પાકટ બન્યો છે!

'ભારતમાં પ્રમુખશાહી પદ્ધતિના શાસનની તરફેણમાં પ્રબળ અને બુદ્ધિગમ્ય ઝોક ઊભો કરવાનો લેખકે સફળ પ્રયાસ કર્યો છે.'

–ડેક્કન હેરોલ્ડ, બેંગ્લોર

'આધુનિક રાજકારણ સાથે વણાયેલાં અનિષ્ઠો પર પ્રકાશ ફેંકીને આ પુસ્તક સમાજની મોટી સેવા કરવાનું બહુમાન મેળવી જાય છે. પુસ્તક દિલચસ્પ અને વિચારપ્રેરક રહ્યું છે. તમામ ભારતવાસીઓને આ પુસ્તક વાંચી જવાની અમે ભલામણ કરીએ છીએ.'

**–ધ કર્ણાટક લૉ જર્નલ**

'શ્રી લંકાના પ્રમુખ શ્રી જયવર્દને આ પુસ્તકનું દિલચસ્પીથી વાંચન કર્યું છે.'

**–લંકા પ્રમુખના મંત્રીના પત્રમાંથી**

જય ગુજરાત નહિ, શુભ ગુજરાત. આપણે કોઈને હરાવીને જીતવું નથી, પોતાની જાતની ગઈકાલને હરાવીને આવતી કાલની જીતમાં જવાનું છે, જ્યાં દીપે અરુણુ પ્રભાત હોય, મંગલ હોય, તન, મન સંતુષ્ઠ થતું હોય. 'હું' 'અમારો'નો નહિ પણ 'આપણા' સુખનો છંટારવ અને ઘંટારવ હૃદયમાં ગૂંજતો હોય.

નરેન્દ્ર મોદીને અને ગુજરાતા મતદારોને ધન્યવાદ પાઠવી નરેન્દ્ર મોદીમાં રાખેલી આશાનો પટારો ખોલીએ. નરેન્દ્ર મોદી એમાં જરૂર નજર કરશે અને આશાને આંકડાનો આકાર આપશે જ એવી શ્રદ્ધા. આ જ ભવ્ય રમ્ય ગુજરાત.

**❑ ધનવંત શાહ**

('પ્રમુખીય લોકશાહી' પુસ્તક લખાયું ૧૯૮૩ માં)

લેખક : જશવંત બી. મહેતા, પનોરમા - પાંચમે માળે, ૨૦૩, વાલકેશ્વર રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૬. ફોન નં. ૨૨૮૩૨૭૭૦, ૬૬૧૫૦૫૦૫. મોબાઈલ : ૯૮૨૦૩૩૦૧૩૦.

E-mail : mehtagroup@theemrald.com

***

# ઇસ્લામ અને અહિંસા

❑ ડૉ. મહેબૂબ દેસાઇ

(ડિસેમ્બર '૦૭ અંકથી આગળ પૂર્ણ)

### ૭. કુરબાની અને અહિંસા

કુરાને શરીફના ૨૩મા પાર (પ્રકરણ) સુરતુ સાફ્ફાતની આયાત નંબર ૧૦૧ થી ૧૦૭માં અલ્લાહના પ્યારા પયગમ્બર હઝરત ઇબ્રાહીમ (અ.સ.)ની ઘટના આપવામાં આવી છે. એ ઘટના જ ઇસ્લામમાં કુરબાનીની પ્રેરણા છે. એ ઘટના મુજબ ખુદાની નિરંતર ઇબાદતના અંતે હઝરત ઇબ્રાહીમને ૮૬ વર્ષની વયે પુત્રનો જન્મ થયો. તેનું નામ રાખ્યું ઇસ્માઇલ. પિતા ઇબ્રાહીમે અત્યંત પ્રેમથી તેને ઉછેર્યો. હઝરત ઇસ્માઇલ આઠ-દસ વર્ષના થયા ત્યારે એક રાત્રે હઝરત ઇબ્રાહીમને ખુદાએ સ્વપ્નમાં આવી આદેશ આપ્યો,

'તારા વ્હાલા પુત્રની ખુદાના નામે કુરબાની કર.'

ખુદા તેના વ્હાલા બંદાઓની આજ રીતે કસોટી કરતો હોય છે. ખુદાનો આદેશ મળતા હઝરત ઇબ્રાહીમ પોતાના વ્હાલસોયા પુત્રને ખુદાના નામે કુરબાન કરવા જંગલમાં નીકળી પડ્યા. પુત્ર પણ પિતાની ઇચ્છાથી વાકેફ હતો. તેણે પણ સહર્ષ પિતાને ખુદાની ઇચ્છા પૂર્ણ કરવા વિનંતી કરી. હઝરત ઇબ્રાહીમ પુત્રને લઈને સુમસામ મુનહર પહાડી પર આવ્યા. પુત્રને એક પથ્થર પર સુવડાવ્યો અને પુત્રના ગળા પર છરી ફેરવી. ત્રણવાર તેમણે ગળા પર છરી ફેરવવાનો પ્રયત્ન કર્યો. અને ત્યારે ખુદાનો આદેશ મુનહર પહાડીમાં પુનઃ ગુંજી ઉઠ્યો,

'હે ઇબ્રાહીમ, તેં ખુદાના આદેશનું શબ્દસહ પાલન કર્યું છે, તું ખુદાની કસોટીમાંથી પાર ઉતર્યો છે. તેથી ઇસ્માઇલના બદલે પ્રતીક તરીકે તું એક જાનવરની કુરબાની કર.'

આ ઘટના પછી ઇસ્લામમાં કુરબાની કરવાનો આરંભ થયો. પણ કુરબાનીની આ ગાથા સાથે કુરાને શરીફમાં હજ્જનામક સૂરાની પાંચમી રુકુની ત્રીજી આયાતમાં સ્પષ્ટ કહ્યું છે,

'ખુદા સુધી તમે આપેલ કુરબાનીનો પ્રસાદ પહોંચતો નથી, તેની પાસે તો તમારી શ્રદ્ધા (ઇમાન) અને ભક્તિ (ઈબાદત) જ પહોંચે છે.'

અર્થાત્ કુરબાની પાછળની શ્રદ્ધા અને ભક્તિનું પ્રાધાન્ય કુરબાની કરતાં વિશેષ છે. આ જ વિચારને પૃષ્ટિ આપતી અન્ય એક આયાત પણ કુરાને શરીફમાં છે.

હજયાત્રાએ જનાર દરેક મુસ્લિમ માટે હજયાત્રા દરમ્યાન કુરબાની કરવાની હોય છે. પણ તેના વિકલ્પનો પણ ઇસ્લામે સ્વીકાર કર્યો છે. કુરાને શરીફમાં કહ્યું છે,

'હજયાત્રા દરમ્યાન જે વ્યક્તિ કુરબાની ન કરી શકે તેણે હજના દિવસોમાં ત્રણ રોઝા (ઉપવાસ) અને ઘરે પાછા ફર્યા પછી સાત રોઝા કરવા જોઈએ.'

આ બાબત પણ સૂચવે છે કે ઇસ્લામનો કુરબાનીનો સિદ્ધાંત અત્યંત વ્યવહારૂ છે. તેમાં માત્ર હિંસાનો ભાવ કે વિચાર નથી. અહિંસાની તરફદારી જરૂર છે. નિર્ભેળ અહિંસા તો હિન્દુધર્મમાં પણ જોવા મળતી નથી. પ્રાચીન, મધ્યકાલીન કે અર્વાચીન યુગમાં હિન્દુધર્મમાં બલિ આપવાની પ્રથા પ્રચલિત હતી. શેઠ સગાળશા અને ચૈલૈયાની કથા પણ હઝરત ઇબ્રાહીમ અને હઝરત ઇસ્માઇલની કથાને ઘણી મળતી આવે છે.

ટૂંકમાં ઇસ્લામનો કુરબાનીનો સિદ્ધાંત અને તેના પાલન માટેના આદેશો અત્યંત વ્યવહારૂ છે. તેમાં હિંસા કેન્દ્રમાં નથી. ત્યાગ, બલિદાન અને ઇશ્વર પ્રત્યેનો લગાવ મુખ્ય છે. ઇસ્લામનો કુરબાની પાછળનો હાર્દ આધ્યાત્મિક છે. હિંસાત્મક નથી. જો કે તેની તુલનામાં જૈનધર્મની અહિંસા શ્રેષ્ઠ છે. તેમાં કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. આ લેખના પ્રારંભમાં જ મેં કહ્યું છે,

'જૈન ધર્મની અહિંસા અત્યંત સૂક્ષ્મ છે. ગાંધીજીની અહિંસા માનવીય છે, જ્યારે ઇસ્લામની અહિંસા વાસ્તવદર્શી છે.'

આ સંદર્ભમાં ગાંધીજીનું એક વિધાન જાણવા જેવું છે,

'કેટલાક મુસ્લિમ મિત્રો મને સંભળાવે છે કે મુસલમાનો નિર્ભેળ અહિંસાને કદી સ્વીકારશે નહિ. તેમના કહેવા મુજબ મુસલમાનોને મન હિંસા એ અહિંસા જેટલી જ ધર્મ્ય તેમજ આવશ્યક છે. સંજોગો અનુસાર બેમાંથી ગમે તે વડે કામ લેવાય.' (૧૩)

બેઉ માર્ગની ધર્મ્યતા પુરવાર કરવાને સારું કુરાને શરીફનો ટેકો ટાંકવાની જરૂર નથી. એ માર્ગે તો દુનિયા અનાદિકાળથી ચાલતી આવેલી છે. વળી, દુનિયામાં નિર્ભેળ હિંસા જેવી કોઈ વસ્તુ નથી. ઉલટું ઘણા મુસલમાન મિત્રો પાસેથી મેં સાંભળ્યું છે કે કુરાને શરીફમાં અહિંસાના આચરણનોઆદેશ છે. એમાં વેરના કરતાં સબ્ર (સહનશીલતા)ને શ્રેષ્ઠ ગણી છે.'

### ૮. જિહાદ અને અહિંસા

પોતાની અમાનવીય હિંસાને ન્યાયપૂર્ણ સિદ્ધ કરવા આતંકવાદીઓ દ્વારા વપરાતો શબ્દ એટલે જિહાદ કે જેહાદ. આતંકવાદીઓ કોઈ ધર્મના અનુયાયીઓ નથી. કોઈ ધર્મ આતંકવાદીઓનો ધર્મ નથી. પોતાના સંકુચીત વિચારોને ધર્મના

*તમે બીજાનું બૂરું ન બોલો. જો લોક તમારું ખરાબ બોલે, તો તેની પણ ચિંતા ન કરો. બીજાને ક્ષમા આપો અને તે ભૂલી જાઓ. તમારે પ્રથમ કરતાં હજુ વધારે પ્રમાણિક જીવન જીવવું એ જ આવા ટીકાખોરોને ખરો જવાબ છે.*

નામે હિંસા દ્વારા વ્યક્ત કરવાની ચેષ્ટા કરનાર દરેક માનવી આતંકવાદી છે.

'જેહાદ' જેવા આધ્યાત્મિક શબ્દનો સાચો અર્થ સમાજમાં પ્રચલિત નથી. જેહાદ એટલે અલ્લાહની રાહમાં જાન, માલ અને આચરણથી પ્રયત્ન કરવો. એ માટે કષ્ટ સહેવું, આપવું નહિ. હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)એ આ અંગે ફરમાવ્યું છે,

'તમારી નફસ (આત્મા) સામે જેહાદ કરો.' મોહ, માયા, ઇચ્છા, આકાંક્ષાઓ, પર પ્રતિબંધ મૂકવાનો પ્રયાસ એટલે જેહાદ. કુરાને શરીફમાં આ અંગે સ્પષ્ટ કહ્યું છે,

'જેહાદ-એ-અસગર (નાની જેહાદ)થી મુક્ત થઈ, હવે આપણે જેહાદ-એ-અકબરી (મોટી જેહાદ) કરવાની જરૂર છે. મોમીનોને નાસ્તીકો સાથે તો ક્યારેક જેહાદ કરવાની જરૂર પડે છે. પરંતુ પોતાના નફસ સાથે તો હરપળે જેહાદ કરતા રહેવું પડે છે.'

જેહાદ શબ્દ કુરાને શરીફમાં અનેકવાર ઉપયોગમાં લેવાયો છે. પરંતુ આખા ગ્રંથમાં ક્યાંય એ શબ્દ યુદ્ધ, ખુનામરકી કે હિંસાના અર્થમાં નથી વપરાયો. અરબીમાં જેહાદ શબ્દનો અર્થ કોશીષ કરવી એવો થાય છે. ઇસ્લામમાં અલ્લાહના માર્ગે કોશીષ કરવાની ક્રિયાને જેહાદ કહે છે. પોતાના જાનમાલથી ગરીબોની સેવા, અનાથોનું પાલન-પોષણ કરીને, નમાઝ પઢીને, રોઝા (ઉપવાસ) રાખીને, બીજાઓને દાન કરીને, પોતાના મન પર કાબુ મેળવીને, પોતાના ગુસ્સાને નિયંત્રીત કરીને, ખુદાના સાચા ખિદમતદાર બનીને, બીજાઓને સદ્‌ઉપદેશ આપીને તેમને નૈતિક માર્ગે વાળવા જેવા અનેક કૃત્યો માટેના સંનિષ્ઠ યત્ન એટલે જેહાદ. આ સંદર્ભમાં જ કુરાને શરીફમાં જેહાદનો ઉલ્લેખ થયો છે. કુરાને શરીફમાં કહ્યું છે,

'સબ્ર સાથે જેહાદ કરો.'

જે મુસ્લિમોએ પોતાના ધર્મનું રક્ષણ કરવા પોતાના ઘરબાર છોડીને ઇથિયોપિયાના ખ્રિસ્તી બાદશાહનું શરણ લીધું હતું. તેમના એ કાર્યને પણ જેહાદ કહેવામાં આવે છે. ઇસ્લામના પયગમ્બર મહંમદ સાહેબ (સ.અ.વ.)ના અનેક કિસ્સાઓ સંવાદો 'જિહાદ' કે જેહાદનો આજ અર્થ વ્યક્ત કરે છે. કુરાને શરીફમાં મહંમદ સાહેબને આદેશ આપતા ખુદાએ કહ્યું છે,

'જે લોકો તમારી વાતમાં વિશ્વાસ રાખતા નથી, અથવા મુસ્લિમ હોવા છતાં સચ્ચાઈ અને પવિત્રતા સાથે વર્તતા નથી. તેમની સામે જેહાદ ચાલુ રાખો.'

હઝરત આઈશા (રદિ.)એ એકવાર મહંમદ સાહેબ (સ.અ.વ.)ને પૂછ્યું,

'યા રસુલિલ્લાહ, તમે જેહાદને સૌથી શ્રેષ્ઠ અમલ ગણો છો, તો શું અમારે તે ન કરવી?'

મહંમદ સાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

'સર્વશ્રેષ્ઠ જેહાદ 'હજ્જે અબરૂર' છે.' અર્થાત્ હજ્જ દ્વારા ગુનાહોની મુક્તિ સૌથી શ્રેષ્ઠ જેહાદ છે.

મહંમદ સાહેબને એકવાર કોઇકે પૂછ્યું,

'સૌથી શ્રેષ્ઠ મોમિન (મુસ્લિમ) કોણ?'

આપે ફરમાવ્યું,

'એ મુસ્લિમ જે અલ્લાહના માર્ગમાં જાનમાલથી જેહાદ કરે છે.'

સહાબીએ વધુ સ્પષ્ટતા માટે પૂછ્યું,

'એટલે શું?'

મહંમદ સાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

'અલ્લાહના માર્ગમાં જેહાદ કરવાનું દૃષ્ટાંત એવા માણસ જેવું છે કે જે માણસ દિવસના રોઝા રાખે છે અને રાત્રે ખુદાની ઈબાદતમાં લીન રહે છે. (૧૪)

એકવાર મહંમદ સાહેબ (સ.અ.વ.)ને કોઇકે પૂછ્યું,

'સૌથી મોટી જેહાદ કઈ ?'

આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

'સૌથી મોટી જેહાદ પોતાની વૃત્તિઓ પર કાબુ મેળવવાની છે. પોતાના ક્રોધ અને વાસનાઓ પર જીત એ જ સૌથી મોટી જેહાદ છે.'

ઇસ્લામના ધર્મગ્રંથ કુરાને શરીફમાં આવી મોટી જેહાદને 'જેહાદ-એ-અકબરી' તરીકે ઓળખાવેલ છે.

આમ જેહાદ એટલે યુદ્ધ-ખુનામરકી નહિ. કુરાને શરીફમાં હથિયારબંધ લડાઇનો ઉલ્લેખ છે. પણ જ્યાં જ્યાં આવી લડાઇનો ઉલ્લેખ છે ત્યાં ત્યાં જેહાદ શબ્દ વપરાયો નથી. તેના સ્થાને 'કેતાલ' શબ્દ વપરાયો છે. અરબીના શબ્દ 'કેતાલ'નો અર્થ થાય છે હથિયારબંધ લડાઈ. (૧૫)

જેહાદ શબ્દનો આવો આધ્યાત્મિક અર્થ જ્યારે સૌ પામશે ત્યારે જેહાદ શબ્દને નામે આતંકવાદીઓ દ્વારા થતી હિંસાને ઇસ્લામ સાથે જોડવાની પ્રથા અવશ્ય બંધ થશે.

**૯. તારતમ્ય**

ઇસ્લામ અને અહિંસાના ટૂંકા અભ્યાસનું તારણ ગાંધીજીના ઇસ્લામ, કુરાન અને અહિંસા અંગેના કેટલાક વિચારો સાથે આપવાનું ઉચીત રહેશે.

'હું ઇસ્લામને પણ ખ્રિસ્તી, બૌદ્ધ અને હિન્દુ ધર્મની જેમ જ

*તમે દરેક વ્યક્તિને ખુશ નહિ કરી શકો (કારણ કે જીવોની રુચિ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. એક વાત એકને ગમે છે, તે જ વાત બીજાને અપ્રિય લાગે છે.), માટે પ્રથમ પરમાત્માને ખુશ કરો અને પછી બીજા મનુષ્યોને ખુશ કરી શકશો.*

શાંતિનો ધર્મ સમજું છું. પ્રમાણનો ભેદ છે, એમાં શંકા નથી. પણ બધા ધર્મોનું લક્ષ્ય શાંતિ જ છે.' (૧૬)

'ઈશ્વર એક છે એવી નિર્ભેળ માન્યતા અને મુસલમાન નામથી જેઓ ઇસ્લામમાં છે તે સૌને માટે માણસમાત્ર ભાઇઓ છે એ સત્યનો વ્યવહારમાં અમલ, એ બે વસ્તુઓ ઇસ્લામે હિંદી રાષ્ટ્રીય સંસ્કૃતિને આપેલ અનોખા ફાળા છે. આ બે વસ્તુઓને મેં ઇસ્લામના અનોખા ફાળા લેખે ગણાવી છે. તેનું કારણ એ છે કે માણસમાત્રની બંધુતાની ભાવનાને હિંદુધર્મમાં વધારે પડતું તાત્વિક સ્વરૂપ અપાઈ ગયું છે. તેવી જ રીતે હિંદુધર્મના તત્ત્વજ્ઞાનમાં ઇશ્વર સિવાય બીજા કોઈ દેવ નથી, છતાં ઈશ્વર એક જ છે એ સત્યની બાબતમાં ઇસ્લામ જેટલો માન્યતામાં આગ્રહપૂર્વક અણનમ છે, તેટલો વ્યવહારૂ હિંદુ ધર્મ નથી એ બિના ના પાડી શકાય તેવી નથી.' (૧૭)

'ધર્મ પરિવર્તન માટે બળ વાપરવાનું યોગ્ય ઠેરવે એવું કુરાનમાં કશું જ નથી. આ પવિત્ર ગ્રંથ તદ્દન સ્પષ્ટ શબ્દોમાં કહે છે, 'ધર્મમાં કોઈ બળજબરી હોઈ શકે નહિ.' પયગમ્બર સાહેબનું સમસ્ત જીવન ધર્મમાં બળજબરીના એક ઇન્કાર જેવું છે. કોઇ પણ મુસલમાને બળજબરીને ટેકો આપ્યાનું મારી જાણમાં નથી. ઇસ્લામને જો તેના પ્રચાર માટે બળજબરી પર આધાર રાખવો પડતો હોય, તો તે એક વિશ્વધર્મ ગણાતો મટી જશે.' (૧૮)

'મેં મારો મત જાહેર કર્યો છે કે ઇસ્લામના અનુયાયીઓ તલવાર સાથે બહુ છુટ લે છે. પણ તે કુરાનના શિક્ષણને લીધે નહિ. મારા અભિપ્રાય પ્રમાણે જે વાતાવરણમાં ઇસ્લામનો જન્મ થયો તેને તે આભારી છે.' (૧૯)

'કુરાને શરીફને મેં એકથી વધુ વેળા વાંચ્યું છે. મારો ધર્મ મને દુનિયાના બધા મહાન ધર્મોમાં જે કંઈ સાચું છે તે લેવાની અને પચાવવાની અનુકુળતા આપે છે. બલ્કે તેમ કરવાની મારા ઉપર ફરજ પાડે છે.' (૨૦)

'હું ઇસ્લામને જરૂર એક ઇશ્વર પ્રેણીત ધર્મ માનું છું તેથી કુરાને શરીફને પણ ઇશ્વર પ્રેણીત માનું છું. તેમજ મોહંમ્મદ સાહેબને એક પયગમ્બર માનું છું.' (૨૧)

'હું એવા અભિપ્રાય પર આવ્યો છું કે કુરાને શરીફનો ઉપદેશ મૂળમાં જોતા અહિંસાની તરફદારી કરનારો છે. એમાં કહ્યું છે કે અહિંસા એ હિંસા કરતા બહેતર છે. અહિંસાનું આચરણ ફરજ સમજીને કરવાનો એમાં આદેશ છે. હિંસાની તો માત્ર જરૂર તરીકે છુટ મુકી છે એટલું જ.' (૨૨)

'ખુદ ઇસ્લામ શબ્દનો અર્થ શાંતિ એટલે કે અહિંસા છે. બાદશાહખાન, જેઓ એક ચુસ્ત મુસલમાન છે અને નમાઝ તથા રોઝાનું પાલન કદી ચૂકતા નથી તેમણે સંપુર્ણ અહિંસાને ધર્મભાવે સ્વીકારી છે. તેઓ સંપૂર્ણપણે પોતાના એ ધર્મનું પાલન કરી શકતા નથી, એમ કોઇનું કહેવું હોય તો તે કંઈ જવાબ નથી. હું પોતે પણ એમ કરી શકતો નથી. એ મારે શરમ સાથે કબૂલ કરવું રહ્યું. એટલે અમારા આચરણમાં કંઈ તફાવત રહેતો હોય તો તે માત્ર પ્રમાણનો જ છે. વસ્તુનો નહિ. પણ કુરાને શરીફમાં અહિંસા મોજુદ હોવા વિશેની દલીલ ક્ષેપકરૂપ હોઈ અહિં તેની વધુ ચર્ચા બિનજરૂરી છે.' (૨૩)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજિત ૭૩મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. તા. ૯-૯-૨૦૦૭ના પ્રસ્તુત કરેલું વક્તવ્ય

**પાદટીપ**

૧. ઇબ્રાહીમ, કુરાન ગુજરાતી ભાષાંતર અને વિવરણ, સુરત, પૃ. ૨.
૨. નાગારી, ઇસ્માઇલ, ઇસ્લામ દર્શન, સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગર, પૃ. ૯૩.
૩. હરિજનબંધુ, ૧૪ જુલાઈ ૧૯૪૦, પૃ. ૧૪૨.
૪. ગાંધીજી, સત્યના પ્રયોગો, નવજીવન પ્રકાશન, અમદાવાદ, પૃ. ૩૦૪.
૫. હરિજનબંધુ, ૨૫ સપ્ટેમ્બર ૧૯૪૦, પૃ. ૨૩૧.
૬. મેજર આર્થર ગ્લીન લીયોનાર્ડ, ઇસ્લામ, પૃ. ૧૦૫-૧૦૬.
૭. પંડિત સુંદરલાલ, ગીતા અને કુરાન, નવજીવન પ્રકાશન અમદાવાદ, પૃ. ૧૭૮-૧૭૯.
૮. પંડિત સુંદરલાલ, હઝરત મહંમદ અને ઇસ્લામ, નવજીવન પ્રકાશન, અમદાવાદ, પૃ. ૩૭-૩૮.
૯. નવજીવન, ૨ નવેમ્બર ૧૯૨૪, પૃ. ૭૨.
૧૦. પંડિત સુંદરલાલ, હઝરત મહંમદ અને ઇસ્લામ, પૃ. ૧૩૨-૧૩૩.
૧૧. મઆરિફ (આબેહયાતના તહેકીકાત લેખોનો સંગ્રહ), યુદ્ધ, પ્ર. આબેહયાત કાર્યાલય, અમદાવાદ, પૃ. ૪૭.
૧૨. દેસાઈ, મહેબૂબ, શમ્મે ફરોઝાં, કુસુમ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૩૭.
૧૩. હરિજનબંધુ, ૮ ઓગસ્ટ ૧૯૩૯, પૃ. ૨૫૮.
૧૪. ઇમામ બુખારી શરીફ (ગુજરાતી), ભાગ ૧૧ થી ૧૫.
૧૫. પંડિત સુંદરલાલ, હઝરત મહંમદ અને ઇસ્લામ, પૃ. ૧૩૭-૧૩૮.
૧૬. નવજીવન, ૨૩ જાન્યુઆરી ૧૯૨૭, પૃ. ૧૬૪
૧૭. ગાંધીજીનો અક્ષર દેહ, ભાગ-૪૦, પૃ. ૫૭
૧૮. એજન, ભાગ-૨૧, પૃ. ૧૯૫-૧૯૬.
૧૯. નવજીવન, ૨૩ જાન્યુઆરી ૧૯૨૭, પૃ. ૧૬૪.
૨૦. હરિજનબંધુ, ૨૯ ઓક્ટોબર ૧૯૩૯, પૃ. ૨૭૧.
૨૧. હરિજનબંધુ, ૧૪ જુલાઈ ૧૯૪૦, પૃ. ૧૪૩.
૨૨. એજન, પૃ. ૧૪૨.
૨૩. હરિજનબંધુ, ૮ ઓક્ટોબર ૧૯૩૯, પૃ. ૨૪૬.

***

'સુકુન', ૪૦૫, પ્રભુદાસ તળાવ સર્કલ, ભાવનગર-૩૬૪૦૦૧

*તમે જો આંખો મીંચીને લોકની ઘણી ગીરદીવાળી શેરીમાં પથ્થર ફેંકો, તો તમે ઘણું નુકસાન કરશો. એ રીતે જો તમે બીજાઓ પ્રત્યે અંધપણે વગર વિચાર્યે કઠોર સૂચન કે ખોટી ટીકા કરશો, તો તમે પણ આવું મોટું નુકસાન કરશો.*

# પશ્ચિમનું સર્જન અને ચિન્તન-જૈન દર્શનના સંદર્ભે

**□ શ્રી રસિકલાલ જેસંગલાલ શાહ**

[મિચ્છામિ દુક્કડમ્-મૂળ વિષયની જગાએ સુધારેલો વિષય જાહેર કરવાનું ચૂકાઈ જવા માટે. 'જૈન દર્શન, પશ્ચિમની એક સર્જનાત્મક કૃતિ અને વૈજ્ઞાનિક-તાત્ત્વિક ચિંતન' એ વિષય પર વાંચેલા વ્યાખ્યાન દરમ્યાન પ્રગટ કરેલા કેટલાક વિચારોને અહીં થોડા વ્યવસ્થિત સ્વરૂપે મૂક્યા છે.]

પરંપરાથી આત્મતત્ત્વને પામવા માટેના ત્રણે માર્ગો જણાવાયા છેઃ ૧. જ્ઞાનમાર્ગ, ૨. ભક્તિમાર્ગ, ૩. નિષ્કામ કર્મમાર્ગ. કલાનું-સાહિત્યનું સર્જન એ વિશિષ્ટ પ્રકારનો કર્મમાર્ગ છે. મકાન, રોટી, કપડામાંથી સહેજ અવકાશ મળતાં માનવીને જીવ, જગત અને જગદીશ વિશે પ્રશ્નો થાય છે, એના ઉત્તર મેળવવા એ મથામણ કરે છે. એ મથામણ બે માર્ગે ફંટાય છેઃ વિજ્ઞાન અને ધર્મ. બન્નેનું ઉગમ સ્થાન એક જ છે-માનવીની આશ્ચર્ય પામવાની અને વ્યક્ત કરવાની ક્ષમતા. એમાંથી સ્વને પામવાની યાત્રા અનેક માર્ગે આગળ વધે છે. રવીન્દ્રનાથ ટાગોર, આઈન્સ્ટાઈન, આપણા ગણિતશાસ્ત્રી રામાનુજ, આત્મલક્ષે સમાધિમરણ તરફ સ્વેચ્છાએ જતા મુમુક્ષુ શ્રીમદ્ રાજચન્દ્ર અને ગાંધીજી જેવા મહામાનવ સૌ સગોત્ર છે, એક જ યાત્રાના યાત્રીઓ છે.

આત્મા, કર્મ, કર્મનું ફળ, સંસારમાં પરિભ્રમણ, કર્મમાંથી સકામ અને અકામ નિર્જરા, એ માટે જાગૃતિપૂર્વકનો અભ્યાસ અને પુરુષાર્થ અને અંતે કર્મથી પરિભ્રમણથી મુક્તિ એ બધાથી આપ સૌ પરિચિત છો. ભારતનું તત્ત્વજ્ઞાન હજારો વર્ષોથી ષડ્દર્શનમાં પરિણમ્યું છે. વેદાંત, ન્યાય વૈશેષિક, સાંખ્ય, ચાર્વાક, જૈન અને બુદ્ધ. એની તાત્ત્વિક બાજુ એટલે દર્શન શાસ્ત્ર અને એને અનુરૂપ જીવન એટલે આચાર ધર્મ અથવા ચારિત્ર. ભારતીય દર્શનોની એ વિશિષ્ટતા છે કે એમણે તાત્ત્વિક ચિંતનને અને એને અનુરુપ જીવન-શોધનના વિચારોને હંમેશાં સાથે જ વિચાર્યા છે. એ દર્શનોમાં પાંચ બાબતો વિશે એકમતિ છેઃ આત્માનું અસ્તિત્વ, કર્મ અને કર્મફળ, પુનર્જન્મ અને કર્મથી મુક્તિ અથવા મોક્ષ. પાંચમી બાબત છે **નિરીશ્વરવાદ.** ઇશ્વર જેવું કોઈ વ્યક્તિનું અસ્તિત્વ નથી અને એવો કોઈ ઇશ્વર આ જગતનો કર્તા નથી એવી માન્યતા એટલે નિરીશ્વરવાદ. જગત આદિ અનાદિ છે. માત્ર મહાયાન બૌદ્ધશાખા આત્મતત્ત્વનો સ્વીકાર કરતી ન હોવાથી એ અનાત્મવાદી કહેવાય છે. છતાંય એ નિરીશ્વરવાદી તો છે જ.

સર્જનાત્મક સાહિત્યમાં આ સામાન્ય (Common) વિચારણાઓમાંની કેટલી અને કઈ કઈ વિચારણાઓ વ્યક્ત થઈ છે એ વિષય અતિ વિશાળ હોઈ એને અત્યાર પૂરતો બાજુએ રાખી માત્ર એક લઘુનવલ 'સિદ્ધાર્થ'ની જ વાત કરું.

પચાસ વર્ષો સુધી ભારતમાં પાદરી બનીને સેવા આપનાર પ્રોટેસ્ટન્ટ પિતાના પુત્ર હર્મન હેસ ભારતથી અને ભારતીય દર્શનોના વિચારોથી ખૂબ પ્રભાવિત થયા હતા. ભારતનો પ્રવાસ કરીને, કેટલાંક ભારતીય દર્શન શાસ્ત્રોનો અભ્યાસ કરીને એમને ખાત્રી થઈ કે પહેલાં વિશ્વયુદ્ધથી હતાશ થયેલી, પ્રગતિ વિશે નિભ્રાન્ત થયેલી પશ્ચિમની પ્રજાને ભારતીય તત્ત્વજ્ઞાન પાસેથી ઘણું શીખવા જેવું છે. એ હતાશ પ્રજા માટે એમાંથી ઉમદા સંદેશો મળી શકે છે અને એમણે ૧૯૨૨માં જર્મન ભાષામાં 'સિદ્ધાર્થ' શીર્ષક નીચે નવલકથાનાં પહેલાં ત્રણ પ્રકરણ લખ્યાં. પોતાનો આધ્યાત્મિક વિકાસ થોડો પરિપક્વ થતો લાગ્યો ત્યારે નવલકથાનો બાકીનો ભાગ પૂરો કર્યો. વાર્તાનું સ્થૂળ સ્વરૂપ કંઈક આવું છે.

બ્રાહ્મણ સંસ્કારો આત્મસાત કરી, બ્રહ્મ વિદ્યાનો જાણકાર બનવા છતાં, કર્મકાંડમાં રસ ન ધરાવતો બ્રાહ્મણ નબીરો સિદ્ધાર્થ યુવાન વયે ગૃહત્યાગ કરી, બૌદ્ધ શ્રમણ સંઘમાં ભળી જઈ, સ્વને પામવાના પ્રયત્નોમાં ત્રણ વર્ષ સુધી મંડ્યો રહે છે. સાથે બાળપણનો મિત્ર ગોવિંદા પણ છે. પણ અંદરથી સિદ્ધાર્થ અસંતુષ્ટ છે. ગૌતમ બુદ્ધ નામે પ્રસન્નવદના કોઈ મહાત્મા દુઃખમુક્તિનો ઉપદેશ આપે છે એ સાંભળી એ અને ગોવિંદા બુદ્ધને શોધી કાઢી એમના ઉપદેશનું શ્રવણ કરે છે. ગોવિંદા બૌદ્ધ સંઘમાં જોડાઈ જાય છે પરંતુ સિદ્ધાર્થ બુદ્ધને કહે છે, 'તમારા ઉપદેશમાં મને એક ત્રુટી જણાઈ. બોધિની પળે તમને થયેલી અનુભૂતિને ઉપદેશ દ્વારા તમે લોકોને કેવી રીતે પહોંચાડો? એ શોધી કાઢવા બધા ગુરુઓને પરહરીને હું મારા માર્ગે એકલો જ જઇશ.'

માનસ પરિવર્તન પામી, સિદ્ધાર્થ સમૃદ્ધિનો, સંસારી સુખોનો માર્ગ અપનાવે છે. કમલા નામે વારાંગના સાથે રહે છે. નદી પાર કરવામાં વાસુદેવ નામે નાવિકની મદદ લે છે. થોડા વર્ષો પછી આ માર્ગ પણ મુક્તિ નથી એની ખાત્રી થતાં બધું છોડીને એ વાસુદેવ પાસે આવી રહે છે. થોડા સમય પછી કમલા પણ એ માર્ગે એને મળી જાય છે. બધી રીતે હતાશ થયેલા સિદ્ધાર્થનું સ્વત્વ તીવ્રતાથી સળવળી ઊઠે છે. ક્ષણિકતાનો બોધ દૃઢ થતાં નદી સાથે વાતો કરતાં કરતાં સિદ્ધાર્થ બાર વર્ષ સાધના કરે છે. ગોવિંદા ફરી પાછો એને મળી જાય છે અને કશા રહસ્યમય આવિષ્કારથી સમજી જાય છે કે સિદ્ધાર્થને જીવનની સુસંગતતા અને નિતાંત શાન્તિ પ્રાપ્ત થયાં છે.

ભાષાના સાધન વડે, ભાષાનાં જ માધ્યમ દ્વારા તત્ત્વચિન્તનને પ્રગટાવવા માટે સાહિત્યકાર વિશિષ્ટ રીત અપનાવે છે એ સુજ્ઞ

અને સુહૃદય વાચક આ નવલકથાના વાચન દરમ્યાન પામી શકે છે. સર્જક ભાગ્યે જ સીધો ઉપદેશ આપે છે. પ્રગટ થયાના પંચ્યાસી વર્ષો પછી પણ પશ્ચિમના વાચકો માટે આ નવલકથા હજીય માનભર્યું સ્થાન ધરાવે છે. હર્મન હેલને સાહિત્યનું નોબેલ ઇનામ મળ્યું હતું.

x x x

અનેકાન્તવાદ અને સ્યાદવાદ જેટલું જ મહત્ત્વ જૈન દર્શનના નિરીશ્વરવાદનું છે. કદાચ જૈન દર્શનની પૂર્વે ન્યાય-વૈશેષિક દર્શનો પણ નિરીશ્વરવાદી હતા. સોક્રેટીસ પૂર્વેના ગ્રીક ચિન્તકો અસ્તિત્વની વિચારણા કરતા હતા. પણ બે હજાર વર્ષથી એ વિચારણા પડતી મૂકવામાં આવી હતી, વર્ષથી કહો કે ભૂલાઈ ગઈ હતી એની નોંધ પશ્ચિમના અનેક ફિલસૂફોએ લીધી છે. ક્રિશ્ચિયાનીટી, ઇસ્લામ વગેરે ધર્મોનો પ્રચલિત ઇશ્વરવાદ કેટલો પ્રબળ છે એનો વાસ્તવિક ચિતાર મેળવવો હોય એમને ૨૦૦૬ના ઑક્ટોબરમાં પ્રગટ થયેલા રિચાર્ડ ડૉકિન્સ નામના બ્રિટીશ લેખકનું પુસ્તક 'THE GOD DISILUSION' વાંચવાની ભલામણ કરું. બુદ્ધિના પાયા પર ઉભેલા વિજ્ઞાનના ત્રણસો વર્ષોના વિકાસ દરમ્યાન 'ઈશ્વર જગતનો કર્તા અને નિયંતા છે' એ માન્યતા ધીમે ધીમે ઘસાતી જશે એવી અપેક્ષા હતી. એવું બનવાને બદલે કદાચ ઉલ્ટું જ બન્યું છે. વિજ્ઞાનીઓ અને તત્ત્વચિંતકો તો સહેજે નિરીશ્વરવાદી હોય એવી અપેક્ષા રહે. પણ આજે પણ પશ્ચિમમાં પોતે નિરીશ્વરવાદી છે એવું જાહેરમાં સ્વીકારતા મોટા ભાગના લોકો અચકાય છે. આ અચકાટની અસર શિક્ષણ ક્ષેત્રે અને રાજકીય ક્ષેત્રે ચિંતાજનક સ્થિતિએ પહોંચી છે. પૂર્વના તત્ત્વચિંતકોએ તો માત્ર તાર્કિક દલીલોનો આધાર લઈને નિરીશ્વરવાદને સ્થાપી આપ્યો છે. ભારતનાં બધાં નિરીશ્વરવાદી દર્શનો આ વિશે સમાન ભૂમિકા પર ઊભા રહ્યાં છે. પશ્ચિમના તત્ત્વચિંતનમાં આ વિશે બૌદ્ધિક પ્રામાણિકતા અને પ્રસન્નતા પૂરતા પ્રમાણમાં આવેલા દેખાતા નથી. ભારતમાં પણ સેંકડો દેવ-દેવીઓ વિશેની માન્યતા પ્રચલીત હોઈ, નિરીશ્વરવાદની મહત્ત્વની વિચારણા આચારમાં ધૂંધળી બનતી લાગે છે. ઓઘસંજ્ઞા વ્યક્તિને નિરીશ્વરવાદી તરીકે ઓળખાવવામાં આડી આવે છે. દોષ તત્ત્વજ્ઞાનની વિચારણાનો નથી, આપણી હિંમતના અભાવનો છે. ઊંડો તાત્ત્વિક રસ હોય એ વાચકોને દેવીપ્રસાદ ચટોપાધ્યાયનું પુસ્તક INDIAN ATHEISM વાંચવાની ભલામણ કરું છું. પ્રકાશન સ્થળ અને વર્ષ : કલકત્તા, ૧૫મી માર્ચ ૧૯૬૯.

જૈન દર્શનને નાસ્તિક દર્શન કહી કોઈકવાર વગોવવામાં આવે છે. એ ગેરસમજ માટે કોઈ ભૂમિકા નથી. વેદો, યજ્ઞ વગેરે ક્રિયાકાંડો કરતા અને ઈશ્વરને જગતનો કર્તા-હર્તા માનતા. એટલે વૈદિક ધર્મ આસ્તિક કહેવાયો. (Orthodox) અને જૈન, બુદ્ધ, ચાર્વાક દર્શનો નાસ્તિક કહેવાયા. Hetrodox. વ્યક્તિ માત્રામાં રહેલો આત્મા, કર્મક્ષય થતાં પરમાત્મા બનવાની ક્ષમતા ધરાવે છે એ જૈન દર્શનની પાયાની માન્યતા છે. વિચારણા છે. જૈન દર્શન એક જ વ્યક્તિમાં નહિ પણ સૌમાં પરમાત્મા હોવાનું માને છે. કર્મ અને કર્મફળની એટલી ઝીણવટથી જૈન દર્શને વિચારણા કરી છે કે એને જગતકર્તા ઈશ્વરની જરૂર લાગી જ નથી. સંસાર અનાદિ અનંત છે એ માન્યતા ઇશ્વરને જગતનો કર્તા ન જ માને એ સ્વાભાવિક છે. ઇ. સ.ની આઠમી સદીમાં હરિભદ્રસુરીએ લખેલા સદ્દર્શન સમુચ્ચય ગ્રંથ પર બીજા સાતસો વર્ષ પછી ગુણરત્ને એના પર તર્કરહસ્ય દિપીકા નામે ટીકા લખી. એમાં એમણે ત્રણ પ્રશ્નો પૂછ્યાંઃ ૧. જ્ઞાન પ્રાપ્તિમાં માન્ય સાધનો ઇશ્વરની હસ્તિની વાત સાબીત કરે છે. ૨. વાસ્તવિક જગત વિશેની બુદ્ધિગમ્ય Scheme રજૂ કરવામાં અથવા ઊભી કરવા માટે ઇશ્વરની હસ્તીની ધારણા જરૂરી છે. જડ પદાર્થની સૃષ્ટિની ઉત્પત્તિનો પ્રશ્ન ઉકેલવા માટે ઇશ્વરની હસ્તીની ધારણા જરૂરી છે. ૩. આપણાં નૈતિક વર્તન માટે અને એ વર્તનની આપણી જવાબદારી માટે ઇશ્વરની હસ્તીની માન્યતાની જરૂર છે? માત્ર તર્કની ભૂમિકા પર ઊભા રહી ગુણરત્ને ઇશ્વરવાદનો રદિયો આપ્યો છે એ ઐતિહાસિક ઘટનાનું મહત્ત્વ આંકીએ એટલું ઓછું. આજે પણ વિજ્ઞાનીઓ વિજ્ઞાનના નિયમોની ઓથ લઇને, ગણિતની સૂક્ષ્મતાની ઓથ લઇને METHEMETICAL PROOF FOR THE EXISTENCE OF GOD જેવી વિચારણાઓને દોહરાવ્યા જ કરતા જોવામાં આવે છે. જુઓ Paul Davis નું પુસ્તક. ઇશ્વરની વિભાવનાથી એમને શું અભિપ્રેત છે એની સ્પષ્ટતા પશ્ચિમના ચિન્તકોને બહુ થઈ હોય એવું લાગતું નથી.

પશ્ચિમનાં તત્ત્વજ્ઞાને ભારતીય તત્ત્વજ્ઞાનની જેમ દર્શન, ચિન્તન અને આચારનું ઐક્ય જાળવી રાખવાને બદલે તત્ત્વજ્ઞાનને અસ્તિત્ત્વની વિચારણા (ONTOLOGY) જ્ઞાનની વિચારણા (EPISTEMOLOGY) અને આચારની વિચારણા (ETHICS) એમ ત્રણ ભાગમાં વહેંચી નાંખ્યું. પરિણામે તાત્વિક પ્રશ્નોની વિચારણા નવા નવા વાદના નામે વિશ્લેષણાત્મક રીતે થતી હોવા છતાં એ તત્ત્વચિંતન આજે પર Dead End પર આવી ઊભું છે, એમાં કંઈ પ્રગતિ થતી નથી એવા નિરાશાજનક તારતમ્ય પર પશ્ચિમનું તત્ત્વચિંતન આવી ગયું છે. ભારતીય તત્ત્વચિંતને ચેતના, ચૈતન્ય, આત્મા વગેરે વિભાવનાઓને લગભગ સમાન અર્થી ગણી છે અને ચેતનાનું સૌથી ઉત્કૃષ્ટ સ્વરૂપ કેવલજ્ઞાન સુધી કલ્પ્યું છે. પશ્ચિમનું આધૂનિક મનોવિજ્ઞાન આ દિશામાં લઈ જતું હોવા છતાં તત્ત્વચિંતકો એ દિશામાં આગળ વધી શકતા નથી એનો સ્વીકાર છડેચોક એ વિચારકો કરે છે. જિજ્ઞાસુએ આ વિશે COLIN MCGINN નામના ફિલસૂફે લખેલું ૨૦૦૨ની સાલમાં પ્રગટ થયેલું પુસ્તક THE MAKING OF A PHILOSOPHER-ઉપશીર્ષક MY JOURNEY THROUGH TWENTIETH CENTURY

PHILOSOPHY જોઈ જવાની ખા ભલામણ કરું છું.

પંડિત સુખલાલજી (પ્રજ્ઞાચક્ષુ)એ કહ્યું છે, 'મહાવીર પછી જૈન દર્શનની વિચારણામાં કંઈ નવું ઉમેરાયું દેખાતું નથી. અને પશ્ચિમ, ચેતનાની વિચારણા અનેક દૃષ્ટિએ વિચારતું હોવા છતાં આવી પરિસ્થિતિ કેમ આવી સૌ તત્ત્વચિંતકોએ વિચારવા જેવી પરિસ્થિતિ છે. શું પશ્ચિમનું તત્ત્વચિંતીત નરી બૌદ્ધિકતાનો અખાડો બની રહ્યું છે! ટૂંકમાં વૈજ્ઞાનિક-મનોવૈજ્ઞાનિક સંશોધનની પ્રેરણા નીચે પણ ચેતનાના તત્ત્વચિંતનને જીવન શોધન સાથે કેવી રીતે સાંકળવું એ પશ્ચિમને મૂંઝવતો યક્ષ પ્રશ્ન છે.

મહાવીરના સમયમાં જ થયા હોવા છતાં ભગવાન બુદ્ધને 'શુષ્ક તાત્ત્વિક પ્રશ્નો'ની ચર્ચામાં કશો રસ ન હતો એ વાત દર્શન શાસ્ત્રોના બધા અભ્યાસકો જાણે છે. એક બાજુ પરમાણુ વિજ્ઞાનીઓ વિદ્યુતકણ (Electron)નાં પરિણમનને જોઇને પ્રશ્ન પૂછે છેઃ 'વિદ્યુતકણને ક્યારે ક્યાં પહોંચવું એની સૂઝ છે? એનામાં ચેતના છે? એ જ 'વિદ્યુતકણ થોડી વધારે શક્તિ (Energy) મળતાં પોતાની ગતિના નિશ્ચિત વર્તુળને અતિક્રમી જઈ, બીજા મોટા વર્તુળમાં ગતિ કરતો દેખાય છે એ કેવી રીતે બનતું હશે એની મૂંઝવણમાંથી વિજ્ઞાનીઓ બહાર નથી આવ્યા. બહુ બહુ તો એને Quantum Leap કહીને એમણે ઓળખાવ્યું છે એટલું જ. વર્તુળને વળોટી જઈને, અતિક્રમી જઈને બીજા વર્તુળમાં દેખાયું તે દરમ્યાન વિદ્યુતકણ ક્યાં હતું? એના અસ્તિત્વના સાતત્યનું એ દરમ્યાન શું થયું હતું? પશ્ચિમની વૈજ્ઞાનિક ફિલસૂફીએ આવાં અનેક કોયડાઓ ઉકેલવા બાકી છે.

આત્માનો સ્વભાવ 'જાણવાનો' છે એ જૈન દર્શનની તાત્ત્વિક ભૂમિકા. કોઇક વિરલા સાધકને વર્ષો પછીની સાધના પછી અથવા કર્મના ઉદયથી આત્મતત્ત્વની ઝાંખી થાય. એ અનુભવની સહજ પ્રસન્નતા જ્ઞાનીની કરુણતાસભર આંખમાં દેખાય. બીજા બધાએ માત્ર શ્રદ્ધા પર એ વાત માની લેવાની. પશ્ચિમનું વિજ્ઞાન અહીં એક નવો વિચાર પ્રેરે છે. આલ્ડર હક્સ્લે જેવા, ટીમોથી જેવા, એલન વૉટ્સ જેવા પ્રખર ચિંતકોએ મેસ્કેલિન, વિયોટ અને એલ.એસ.ડી. જેવા અ-માદક પદાર્થો પર હજારો પ્રયોગો કરીને અનેક લોકોને ચેતનાના બદલાતા સ્તરથી, બાધામુક્ત નર્યા આનંદના સ્તરની ઝાંખી કરાવી છે. એટલેથી ન અટકતા Transpersonal મનોવિજ્ઞાનના પ્રણેતા સ્ટેનિસ્લાવ ગ્રોફે એલ.એસ.ડી. પરના વર્ષો સુધી કરેલા પ્રયોગો પછી, ચેતનાના ઉચ્ચ સ્તરની ઝાંખી કરાવી શકાય એવી પદ્ધતિ ઉપજાવી છે. 'આત્મશોધનું સાહસ', The Adventure of self discovery નામના પુસ્તકમાં Holotripic Therapy કહીને પોતાની પદ્ધતિને એમણે ઓળખાવી છે. ધીમી પણ પૂરેપૂરી અંકુશમાં રખાતી શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા, evocative સંગીત અને હળવું માલીસ જેવી કેટલીક પ્રક્રિયાનો પદ્ધતિસર વિનિયોગ કરવાથી ચેતનાની અવસ્થાનું ઊર્ધ્વીકરણ થઈ શકે છે એ ગ્રોફે એમની સેંકડો કાર્યશાળાઓમાં સિદ્ધ કરી બતાવ્યું છે.

આપણા ચિન્તકોનું ધ્યાન આ પ્રયોગો અને એની સિદ્ધિ તરફ બહુ ગયું લાગતું નથી. ધ્યાન ગયું હોય તો એનું મૂલ્યાંકન ખાસ નથી અંકાયું. મનોવૈજ્ઞાનિક સૂઝ વડે અંતર્મુખી પુરુષાર્થ ઉપાડવામાં આ પ્રયોગોમાં ભરપૂર શક્યતાઓ રહેલી છે. અનેકાન્તની દૃષ્ટિને અનુરૂપ એવા આ નિમિત્ત તરફ માત્ર પૂર્વગ્રહથી પ્રેરાઈ દુર્લક્ષ ન કરવું જોઈએ એવી મારી નમ્ર માન્યતા છે અને આ માન્યતા પાછળ સ્વાનુભવનું બળ રહેલું છે. જૈન પરંપરામાં ચાર પ્રકારની સંવેદના ગણાવાઈ છે. ૧. દૃષ્ટિગત, ૨. અદૃષ્ટિગત, ૩. અતીન્દ્રીય અને ૪. શુદ્ધ સંવેદના. મનોવિજ્ઞાનના આ પ્રયોગો ત્રીજા પ્રકારની, અતીન્દ્રીય સંવેદનાને કંઈક અંશે શક્ય બનાવી અનેક લોકોને એનો સાક્ષાત્કાર કરાવવાની શક્યતા તરફ આંગળી ચીંધે છે.

ભારતીય દર્શનની 'ધ્યાન' અને 'અ-મન' વિભાવનાઓ પશ્ચિમને ક્યાં સ્પર્શી છે એની એક ઝલક આપીને મારી વાત પૂરી કરું. Franz Kafka નામના મહાન જર્મન સર્જકે પોતાના નાનાં પુસ્તકમાં છેલ્લા વિચારકણને પ્રગટ કરતાં લખ્યું છેઃ

You do not need to leave your room. Remain sitting at your table and listen. do not even listen. simply wait. do not even wait. be quite still and solitary. The world will freely offer itself to you to be un masked. It has no choice. It will roll in ecstacy at your feet.

'તમારે રુમની બહાર જવાની જરૂર નથી. એક જગાએ બેસી રહો અને સાંભળો. સાંભળો પણ નહિ, માત્ર રાહ જુઓ. રાહ પણ ન જુઓ. તદ્દન શાન્ત થઈ એકાન્ત સેવો. વિશ્વ એનો નકાબ ખોલાવવા તમારા પગ આગળ આળોટશે. એના સિવાય છૂટકો નથી.'

પૂર્વ કે પશ્ચિમનાં તત્ત્વદર્શનનો પડઘો આ ઉદ્દ્ગારમાં સંભળાય છે. અ-મન જ મોક્ષમાર્ગ છે એ જૈન દર્શને સ્વીકારેલું જ છે.

***

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૧૦-૯-૨૦૦૭ના આપેલું વક્તવ્ય)

ફ્લેટ ૨૪, ૬ B, ખીરા નગર, એસ.વી.રોડ,
સાંતાક્રુઝ (પ.), મુંબઈ-૪૦૦ ૦૫૪.

# છાંયડો ઊભો રહ્યો

❑ ગુલાબ દેઢિયા

માણસ કથાપ્રિય પ્રાણી છે. માણસને કથાઓ ગમે છે. માણસને સત્યકથાઓ ગમે છે. અસત્યકથાઓ પણ એવી મીઠી હોય કે જીવી જાય છે તેમ દંતકથાઓ પણ જન્મે છે, જીવે છે અને ગમતી હોય છે. દંતકથાઓમાં સત્ય અને સત્યની સેળભેળ હોય છે. લોકમાનસની લાગણી દંતકથાનું લાલનપાલન કરે છે. જોડમેળ હોય, આભાસ હોય, માન્યતા હોય એ બધું તાર્કિક રીતે આવે છે અને દંતકથાને રસિક બનાવે છે. આમ તો દંતકથાની વ્યંજના જ આહ્લાદક હોય છે. દંતકથા લોકકથા જેવી છે. કોઈ અજ્ઞાત માણસે ભાવોદ્રેકથી વાત માંડી, વાત ચાલી, લોકોના મનમાં વસી અને તે દંતકથા બની બેઠી.

કોઈ અજાણ્યા ગામથી આવેલો રાવળ નામનો છોકરો મોટા માલદાર ખેડૂતને ત્યાં સાથી તરીકે કામ કરે છે. એક દિવસ સવારે રાવળ રોજની જેમ ઢોર ચરાવવા સીમમાં જાય છે. તે દિવસે ગામમાં કોઈ પ્રસંગ હોય છે. ગામજમણ હોય છે. બધાં જમે છે. રાવળ ભુલાઈ જાય છે. એ પોતાની સાથે ભાથું નહોતો લઈ ગયો. બપોર પછી રાવળની યાદ આવતાં કોઈ એને માટે ભાથું લઇને સીમમાં જાય છે.

બપોરા કરવાની વેળા વીતી જતાં રાવલ તો ઝાડની હેઠે આડો પડે છે. એને ઊંઘ આવી જાય છે. નમતા બપોરે ભાથું લાવનાર કૌતુક જુએ છે. સૂર્ય પશ્ચિમ તરફ નમતો હતો, બધા વૃક્ષોનાં છાંયડા પૂર્વ તરફ સરકી રહ્યા હતા. રાવળ સૂતેલો એ વૃક્ષનો છાંયડો થંભી ગયો હતો. એ છાંયડો હેઠે સૂતેલા રાવળને ઠંડક દેતો ઊભો રહી ગયો હતો. ભાથું લાવનારને આ દૃશ્યમાં કોઈ દૈવી સંકેત લાગે છે.

આ પ્રસંગની સમીક્ષા કરતાં સત્યાસત્ય વિશે ચર્ચા થઈ શકે. દંતકથા માનીને આ પ્રસંગને છોડી પણ શકાય. એ રાવળ એ પ્રસંગ પછી ભાવિકોમાં સંત રાવળ પીર તરીકે જાણીતા બને છે. પોતાની ભાવનાને કોઈ ભાવિકે ચમત્કારમાં ગૂંથી લીધી લાગે છે.

વાસ્તવિક રીતે તો છાંયડો થંભી ન શકે પણ એ વાસ્તવને છોડીને એ વિચાર કે એ ભાવને નિહાળીએ તો લાગે કે કેવો રોમાંચક પ્રસંગ છે! મનને જરા ઊભા રહેવાનું મન થાય એવી ચારુ કલ્પના છે.

છાંયડો થંભી જાય એટલે વૃક્ષ અને માનવી વચ્ચે કેવી સ્નેહગાંઠ છે, કેવો ભાવસંબંધ છે, કેવી શીતળતા છે એવું માનવા મન થાય. જેના અંતરમાં જીવમાત્ર પ્રત્યે અમાપ કરુણા છે, જે વૃક્ષ જેવો પરોપકારી છે, જે શાતાદાયક છે અને જે શાંતિ પમાડે છે તે સંત છે.

નાગનું દૂધ પીવું કે નાગને માથે મણિ હોય છે એવી માન્યતાઓનો અસ્વીકાર જ કરવો રહ્યો. પણ થોડીક માન્યતાઓ રસિક હોય છે, ઋજુ હોય છે અને તે કોઇને ય હાનિ નથી પહોંચાડતી. ઘરના આંગણે કાગડો બોલે તો શુકનવાણી અને આજે મહેમાન જરૂર આવશે એ માનવામાં દિલને કેવી ટાઢક વળે છે! કાગડો તો પોતાના ખોરાકની શોધમાં કે અન્ય કાકબંધુઓને બોલાવવા કા...કા...રોજ કરતો હોય છે પણ એને સારા શુકન માનવા, મહેમાન આવ્યાની વધાઈ માનવી એ કલ્પના છે પણ મધુર છે. મૂળે તો આપણે મહેમાનના આગમનને ઝંખતા હોઇએ, એ આવે તેની પ્રતીક્ષા કરતા હોઇએ ત્યારે કર્કશ કાકવાણી પણ મીઠી લાગે એમાં કોઈ દોષ નથી, ગુણ જરૂર છે.

ચૂલે તાવડી ચડી હોય, બાજરાના રોટલા શેકાતા હોય, એની સોડમ પ્રસરતી હોય. તાવડીની કિનાર પર જે મેશ લાગ્યો હોય તે ક્યારે બળવા લાગે, લાલ લાલ કંકુવરણી કોર શોભનીય લાગે. એ નિર્જીવ તાવડી હસી રહી છે એવું લાગે. ગૃહિણી હરખાતી હરખાતી કહે, 'આજે તાવડી હસી રહી છે જરૂર કોઈ મહેમાન આવશે.' મનમાં એવો ભાવ કે આ તાવડી પર હું વધુ રોટલા કરીશ, સાથે બેસી જમશું, વાતો કરશું. એ નિર્દોષ આનંદ એ રૂડી કલ્પના!

વાસ્તવિકતા, હકીકત, પ્રમાણ બધી સારી વાતો છે. જીવનમાં એ બહુમતિમાં હોય છે પણ નકરી વાસ્તવિકતાથી ફાવતું નથી. યથાર્થતા બરડ હોય છે, કઠણ હોય છે, કરકરી હોય છે. કલ્પનામાં કે દંતકથામાં રસિકતા છે, આર્દ્રતા છે. કંઈક સારું થશે, વધુ સારું થશે, મનગમતું મળે, ઇચ્છા ફળશે એવું માનવામાં; એવી કલ્પના કરવામાં ખોટું પણ શું છે? મનને આવું ગમતું હોય છે. મન સ્વપ્નમાં રાચે છે. બંધ અને ખુલી આંખનાં સ્વપ્નો ગમતા હોય છે. કોઈ પ્રયાણ સહિત સાબિત કરી દે કે, મોર ટહુકોર કરે છે એ મેઘને બોલાવતો નથી પણ એની કેકા એ તો ડરને લીધે હોય છે. મેઘ ગર્જના કે કોઈ પણ પ્રચંડ અવાજ સાંભળી મોર ટહૂકી ઊઠે છે. આવી હકીકતને આપણે શું કરવાના! આપણને તો મેઘરાજાને વિનવતો, કેકા કરી પરિસર ગજવતો મોરલો ગમે છે.

મૃત્યુ, અપમાન કે વિરહ કેવાં કઠણ, વાસ્તવિક કે ક્રૂર છે જ્યાં આપણો એક ઉપાય નથી ચાલતો. ન કોઈ શબ્દ, ન દૃશ્ય, ન કલ્પના, ન હવાની ઠંડક, ન વૃક્ષની લીલાશ, પંખીનો કલરવ બધું જ શૂન્ય ભાસે છે. હકીકતથી છટકી તો શકાતું નથી તો કલ્પનાની પાંખે થોડું ઊડી શકાતું હોય તો શો વાંધો છે!

માન્યતા કે દંતકથા પર અંધશ્રદ્ધાની કાલિમા પડે છે ત્યારે કંઈ જ સૂઝતું નથી. હા, હાથમાં વિવેકનો દીવો લઈ નીકળવું, કલ્પના ય માણવી, દંતકથા ય સાંભળવી, રસિકતા ન છોડવી અને વાસ્તવિકતાનો અતિથિસત્કાર સુપેરે કરવો રહ્યો.

સંતની સરળતા અને વૃક્ષની શીતળતા વાતે વળગે ત્યારે છાંયડો થંભે નહિ તો શું કરે? ✱✱✱

૫૯, આરામનગર, નં. ૧, સાત બંગલા ગાર્ડન,
અંધેરી (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૬૧.

# શાંતિલાલ શેઠ : સંસ્થાના એક સંનિષ્ઠ કાર્યકરની વિદાય

કોઈપણ સંસ્થાની પ્રગતિમાં એના માનદ્ કાર્યકર્તાઓનો જેટલો ફાળો હોય છે એટલો જ ફાળો એ સંસ્થાના કર્મચારીઓનો પણ હોય છે. માનદ્ કાર્યકર્તાઓ તો વિચાર આપે, ધોરણો નક્કી કરે, પરંતુ એને આકાર આપવાનું કાર્ય તો એના વફાદાર અને પ્રમાણિક કર્મચારીઓ જ કરતાં હોય છે. સંસ્થાની પ્રગતિ અને સિદ્ધિ માટે એ પણ એટલાં જ યશના અધિકારી છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું સદ્ભાગ્ય છે કે ગઇકાલથી આજ સુધી આ સંસ્થાને એવા સંનિષ્ઠ અને પ્રમાણિક કર્મચારીઓ મળ્યાં છે. સાથોસાથ સંસ્થાએ પણ એ કર્મચારીઓની જરૂરિયાતોનો પૂરો ખ્યાલ પણ રાખ્યો છે અને એમની જીવન જરૂરિયાતની હર પળે સંસ્થા એમની સાથે ઊભી રહી એ સર્વેની કદર કરી છે. આ અન્યો અન્યના આદાનપ્રદાનનો યશસ્વી અને આદર્શ ભાવ છે.

શાંતિલાલ ટી. શેઠ આ સંસ્થાના આવા કર્તવ્યનિષ્ઠ અને પ્રમાણિક કર્મચારી હતા. વીસ-પચ્ચીસ વર્ષ પહેલાં હું કોઈ પુસ્તક લેવા આ સંસ્થાની ઑફિસમાં ગયો ત્યારે ખુરશી ઉપર બેઠેલી વ્યક્તિનું વ્યક્તિત્વ આજે પણ મને યાદ છે.

પ્રભાવશાળી વ્યક્તિત્વ, ખાદીનો ઝભ્ભો અને ધોતિયું, ઝભ્ભા ઉપર જવાહર જાકિટ અને માથે ગાંધી ટોપી. ભાષા મૃદુ અને સૌજન્યશીલ. એઓ ફોન ઉપર કોઈ દાતા સાથે વાત કરી રહ્યા હતા, અને સંસ્થાની વિગત આપી દાનનો આગ્રહ કરી આજીવન સભ્ય કે પેટ્રન બનવા વિનંતિ કરતા હતા. મને લાગ્યું કે આ વ્યક્તિ સંસ્થાના પ્રમુખ અથવા માનદ્ મંત્રી હશે, પણ એ હતા આ સંસ્થાના મેનેજર શાંતિભાઈ ટી. શેઠ.

૧૯૨૦ ની ૧૪મી ફેબ્રુઆરીના કોઇ પણ પ્રકારની સગવડ વગરના એક નાના ગામમાં સાધારણ કુટુંબમાં એમનો જન્મ. અંગ્રેજી ચાર ચોપડીનો અભ્યાસ. પિતાના મૃત્યુને કારણે અભ્યાસ છોડવો પડ્યો. શરૂઆતમાં નાની ઉંમરે જ દોરા વેચવાનો સાધારણ વ્યવસાય શરૂ કર્યો. ગાંધીજીની આઝાદી માટે હાકલ પડી એટલે યુવાન શાંતિભાઈ ગાંધીજીની સત્યાગ્રહની ટુકડીમાં જોડાઈ સત્યાગ્રહી બન્યા, સ્વાતંત્ર્ય સૈનિક બન્યા અને જેલમાં સિતમો સહ્યાં. ખેતીના કામમાં પડ્યા પણ ન ફાવ્યું અને આજિવિકા માટે મુંબઇની વાટ પકડી. અને તરત જ આ સંસ્થામાં કર્મચારી તરીકે જોડાયા અને સંસ્થાના એક પૂજારી બની રહ્યા, અને લગભગ સતત ૫૦ વર્ષ સુધી સંઘના આદર્શ મેનેજર રહ્યા.

સંસ્થાની સર્વ પ્રથમ ઑફિસ ધનજી સ્ટ્રીટમાં હતી, ત્યારે શાંતિભાઈ સંસ્થામાં જોડાયા અને શરૂઆતના વર્ષોમાં સંસ્થાના જેટલા આજીવન સભ્યો અને પેટ્રનો બન્યા હતા તેમાં શાંતિભાઇનો પુરુષાર્થ યશસ્વી હતો.

આ સૌજન્યશીલ વ્યક્તિનો ચાહક વર્ગ બહોળો હતો. એઓ એક વિચારક પણ હતા, 'પ્રબુદ્ધ જીવન'માં એમના લેખો પ્રગટ થયા હતા. સામાજિક ક્ષેત્રે સેવાભાવી તરીકે લોકપ્રિય હતા.

બારીક સૂતર કાંતવામાં ત્યારે બે વ્યક્તિ કુશળ હતી. એક દરબાર ગોપાળદાસ અને બીજા શાંતિભાઈ શેઠ.

મુંબઇની સામાજિક અને સાહિત્યિક પ્રતિભાઓને સંઘે યુરોપ મોકલ્યા હતા તેમાં શાંતિભાઇને પણ સંઘે યુરોપના પ્રવાસે મોકલ્યા હતા. તેમજ સંઘે એઓશ્રીનું બહુમાન કરી રૂા. ૫૧ હજારની થેલી પણ અર્પણ કરી. બિરલા ક્રીડા કેન્દ્રમાં ષષ્ઠીપૂર્તિ ઉજવી એમની નિષ્ઠાપૂર્વક સેવા માટે માનપત્ર અર્પણ કર્યું હતું.

એઓ જૈન સોશ્યલ ગ્રુપના પ્રેસિડન્ટ હતા. ઉપરાંત અનેક સામાજિક સંસ્થાઓ સાથે એઓ સક્રિય રીતે જોડાયા હતા. અને એ સંસ્થાઓને પોતે માનદ્ સેવા આપી હતી. પરિણામે મહારાષ્ટ્ર સરકારે એઓશ્રીની કદર કરી એઓશ્રીને એસ.ઈ.એમ.ની પદવી પણ અર્પણ કરી હતી.

શ્રી શાંતિભાઇના આવા આદર્શ અને પુરુષાર્થભર્યા જીવનમાં એમના પત્નીએ તેમજ બહોળા કુટુંબીજનોએ પૂરતો સહકાર આપ્યો હતો.

'પ્રબુદ્ધ જીવન' નિયમિત પ્રગટ થાય એમાં એઓશ્રીની અનન્ય નિષ્ઠા હતી. તંત્રીલેખ માટે એ સમયે તંત્રી ચીમનભાઈ ચકુભાઈ પાસે નિયમિત જઈ ચીમનભાઈ લખાવે એ લેખ લખી તેમજ ચીમનભાઇના માર્ગદર્શન પ્રમાણે અન્ય લેખોનું એડિટીંગ કરતા. શ્રી ચીમનભાઈ જ્યારે હૉસ્પિટલમાં હતા ત્યારે ચીમનભાઇના બિછાના પાસે બેસી ચીમનભાઇના વિચારોને અક્ષર દેહ આપતા.

આવા નિષ્ઠાવાન, પ્રમાણિક, સત્યાગ્રહી, શ્રદ્ધાળું અને વિચારક શાંતિભાઇએ તા. ૨૪ ઑક્ટોબર-૨૦૦૭ના સત્યાસી વર્ષની ઉંમરે દેહ છોડ્યો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સર્વે સભ્યો અને કાર્યકરો શ્રી શાંતિભાઇને ભાવાંજલિ સહ શ્રદ્ધાંજલિ અર્પણ કરી એઓશ્રીના પવિત્ર આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે. અને એમના સહ ધર્મચારિણી લીલાબહેન તેમજ પુત્રો અને પુત્રીઓ તેમજ બહોળા કુટુંબ પ્રત્યે હમદર્દી પ્રગટ કરી એ સર્વેના જીવન ઉપર આવી પડેલા દુ:ખને સહન કરવાની શક્તિ આપે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવાર વતી

❑ ધનવંત શાહ

* * *

# શ્રી દેવચંદ્રજી રચિત શ્રી સ્યંદન જિન સ્તવન

❑ શ્રી સુમનભાઈ એમ શાહ

અતિત ચોવીસીના ત્રેવીસમા તીર્થંકર શ્રી સ્યંદન જિનેશ્વરના સ્તવનમાં શ્રી દેવચંદ્રજીએ ભવ્ય જીવોને કેવી રીતે આત્મકલ્યાણ થાય એ માટે સર્વજ્ઞનો બોધ અને તે અનુભવરૂપ થાય તે માટે સત્-સાધનો પ્રમાણિત કરેલાં છે, જે ગાથાવાર જોઈએ.

સ્યંદન જિનવર પરમ દયાલ કૃપાલુઓ રે.
જગ મોહન ભવિ 'બોહન' દેવ મયાલુઓ રે...દેવ.
પરપદ ગ્રહણે જગજન બાંધે કર્મને રે,
અથિર પદારથ ધ્યાતા કિમ લહે ધર્મને રે;
જડચલ જગની એ છે એંઠ પુદ્ગલ પરિણતિ રે,
ધ્યાતાં ચીરજ કંપે આપ લહે ન સગુણ રતિ રે...લહે. ૧

ગત ચોવીસીના ત્રેવીસમા જિનેશ્વર શ્રી સ્યંદન પ્રભુ પરમ કૃપાળુ, માયાળુ અને દયાળુ છે, કારણ કે તીર્થંકર નામકર્મ પુણ્યપ્રકૃતિ તેઓને ઉદયમાન હોવાથી ત્રણે જગતના ભવ્યજીવોના આત્મકલ્યાણમાં પુષ્ટ-નિમિત્ત છે. ભવ્યજીવોને મોહ પમાડનાર (પોતાના આંતર-બાહ્ય-સ્વરૂપથી) શ્રી અરિહંત પરમાત્માના સત્-ધર્મદેશનારૂપ બોધથી ભવ્યજીવો કૃતકૃત્ય થાય છે.

'પર' પુદ્ગલાદિ પદાર્થો અસ્થિર અને નાશવંત છે અને તેના ગ્રહણથી સાંસારિક જીવો અનાદિકાળથી ચારગતિના ભવભ્રમણમાં ભ્રાંતિમય સુખ-દુઃખાદિનું વેદન કરે છે. બીજી રીતે જોઈએ તો રાગદ્વેષ અને અજ્ઞાનવશ જીવો 'સ્વ' પદને છોડી 'પર' પદમાં રમણતા કરે છે, પરંતુ આવા નાશવંત અને પરિવર્તનશીલ પદાર્થો તો જગતનો એંઠવાડો છે. પૌદ્ગલાદિક રજકણો ગુણો ઉપર આવરણ કરે છે અને યથાસમયે જ્યારે તે ઉદયમાન થશે ત્યારે કંપારી છૂટી જાય એવું વેદન તેઓને (જીવોને) ભોગવવું પડશે. આવી દીનદશામાં તેઓને અવ્યાબાધ સુખાનંદ ક્યાંથી મળે?

નિરમલ દર્શન જ્ઞાન ચરણમય આતમા રે,
નિજપદ રમણે પ્રગટે પદ પરમાતમા રે;
મોહાદિકમાં તલ્લીન તન્મય તે કહ્યો રે,
શુદ્ધ બ્રહ્મમાં તલ્લીન તિણ શિવપદ લહ્યો રે...તિણ. ૩

નિશ્ચયદૃષ્ટિએ આત્મદ્રવ્ય શુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્ર્યાદિ અનંતા શાશ્વત ગુણો ધરાવે છે. જેને 'સ્વ' પદ કે નિજગુણ કહેવામાં આવે છે. આવા ગુણો 'પર' પુદ્ગલાદિ ગુણોથી ભિન્ન છે, પરંતુ મોહાદિમાં તલ્લીન જીવોના ગુણો કર્મરૂપ રજકણોથી આવરણ પામેલા હોય છે અથવા ગુણો ઢંકાઈ ગયેલા હોય છે. જેઓ 'પર' ભાવમાં તન્મય થયેલા હોય છે તેઓ સાંસારિક ભ્રાંતિમય સુખ-દુઃખાદિનું વેદન કરે છે. પરંતુ જે ભવ્યજીવોને સંસારમાંથી છૂટવાની તાલાવેલી હોય છે, તેઓ પોતાના નિજગુણો કે આત્મિકગુણો પ્રત્યક્ષ સદ્ગુરુ મારફત ઓળખી, તેમાં રમણતા કરે છે અથવા શુદ્ધગુણોનું ધ્યાન કરે છે કે, ચિંતવન કરે છે. આવા જીવોને વખત આવે શિવપદ હાંસલ થશે એવું સ્તવનકાર જણાવે છે.

પુદ્ગલ પરિણતિ ભિન્ન આત્મથી જે સદા રે,
છોડી તાસ વિકલ્પ રહો નિજ ગુણ મુદા રે;
તપ સંજમ મય સહજ ભાવ નિજ ધ્યાઈએ રે,
નિર્મલ જ્ઞાનાનંદ પરમ પદ પાઇએ રે...પરમ. ૩

પુદ્ગલ દ્રવ્ય રૂપ, રસ, ગંધ, વર્ણ, સ્પર્શાદિ ગુણો ધરાવતું જડ કે અજીવ દ્રવ્ય છે, જ્યારે આત્મદ્રવ્ય જ્ઞાનદર્શનાદિ ગુણો ધરાવતું અરૂપી ચૈતન્યમય છે. આમ ચેતન અને જડ દ્રવ્યોની પરિણતિ સર્વથા, સર્વકાળે ભિન્ન છે. સ્તવનકારનું ભવ્ય જીવોને આવાહન છે કે તેઓ પુદ્ગલાદિ પદાર્થોમાંથી સુખ મેળવવાની વૃત્તિ છોડે અને નિજગુણોનો આનંદ માણે. પોતાના નિજગુણોનું ધ્યાન થાય અને ગુણો નિરાવરણ પ્રગટે એ હેતુથી ભવ્યજીવો આંતર-બાહ્યદશામાં તપ અને સંયમ જેવાં ઉત્કૃષ્ટ સત્-સાધનોનો સમ્યક્ ઉપયોગ કરે. આવી ધ્યેયલક્ષી વર્તનાથી ભવ્ય જીવો પોતાના શુદ્ધ જ્ઞાનદર્શનાદિ ગુણોના પરિણમનથી સહજ સુખાનંદ ભોગવે અને છેવટે પરમ પદમાં કાયમી સ્થિરતા કરે.

સ્યાદ્વાદ મય શુદ્ધ પ્રભુ મુખ દેશના રે,
સન્માને તે કરે વિભાવ પ્રવેશ ના રે;
જિનવાણી સન્માન વિના ભવ વાસ રે,
પર પરિણતિ સન્માન કર્મ અઠપાસ રે...કર્મ. ૪

ત્રણે જગતના જીવોનું આત્મકલ્યાણ થાય એવી શ્રી તીર્થંકર પ્રભુની ધર્મદેશના સ્યાદ્વાદમય મધુર વાણીથી થાય છે. તેઓની વાણી પાંત્રીશ અતિશયોથી ભરપૂર હોવાથી તે શ્રોતાજનોને સોંસરી હૃદયસ્થ થાય છે. આવી જિનવાણી પ્રત્યે જે ભવ્યજીવને અહોભાવ, સન્માન, પ્રીતિ થાય છે, તેને જિનવચનમાં અતૂટ શ્રદ્ધા પ્રગટે છે. જિનવાણીમાં જીવ-અજીવાદિ-તત્ત્વોનું મૂળભૂત સ્વરૂપ વચન-વ્યવહારથી પ્રકાશિત થાય છે. તેનાથી ભવ્યજીવો પોતાના સ્વભાવમાં વર્તવાનો પુરુષાર્થ કરે છે અને તેઓના વિભાવ નિર્મૂળ થતા જાય છે. જે અભાગી જીવ જિનવાણી સાંભળ્યા પછી પણ 'પર' પદ કે 'પર' ભાવમાં ઓતપ્રોત રહે છે, તે આઠકર્મોના બાહુપાશમાં જકડાઈ જઈ, ભવભ્રમણ કરે છે. આ હેતુથી ભવ્યજીવોને સ્તવનકારની ભલામણ છે કે તેઓ જિનવાણીનો આદર કરી મુક્તિમાર્ગ અપનાવે.

આતમ શક્તિ સ્વતંત્ર લખો જિન વાણથી રે,
સાધો શિવમાર્ગ શુદ્ધ શુકલ દઢ ધ્યાનથી રે;
શુદ્ધ નયે લખિ દ્રવ્યને નિસ્પૃહ અન્યથી રે,
સમભાવે નિજ ધ્યાય તસુ ભય નથી રે...તસુ. ૫

નિશ્ચયદૃષ્ટિએ દરેક જીવ સ્વતંત્ર છે અને અનંતા જ્ઞાનદર્શનાદિ આત્મિકગુણો ધરાવે છે. પરંતુ વ્યવહારદૃષ્ટિએ સાંસારિક જીવ પૂર્વકૃત કર્મ ભોગવે છે અને તેના ભોગવટામાં નવાં કર્મબંધ રાગદ્વેષ અને અજ્ઞાનથી બાંધે છે. પરંતુ જ્ઞાનીપુરુષનો બોધ હૃદયસ્થ કરી, નિજગુણોનું જ ધ્યાન જેઓ વર્તાવે છે તેઓ શિવમાર્ગ કે મુક્તિમાર્ગે પ્રયાણ કરે છે. જિનવચનની શ્રદ્ધાથી સાંસારિક જીવ શરૂઆતમાં આર્ત અને રૌદ્રધ્યાનથી વિરમી, ધર્મધ્યાનમાં નિમગ્ન થાય છે અને છેવટે શુકલધ્યાનમાં પ્રવેશ કરે છે. આવી સઘળી પ્રક્રિયા વખતે તે પ્રાપ્ત સંજોગોમાં ઉદાસીનપણે વર્તે છે અને તેનો સમભાવે નિકાલ કરે છે. આમ સાધ્યદૃષ્ટિ નિરંતર લક્ષમાં રાખી જે જીવો મુક્તિમાર્ગનાં કારણો સેવે છે, તેને ભવભ્રમણનો ભય છૂટી જાય છે અને અભયદશામાં સ્થિરતા કરે છે.

પંચ મહાવ્રત પંચાચાર શ્રી જિન વંદે રે,
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ સમભાવે સધે રે; સમ.
જ્ઞાન ધ્યાન કિરિયા સાચી સમભાવથી રે,
સાધ્ય શૂન્ય કિરિયા કષ્ટે શિવપદ નથી રે...શિવ. ૬

મુક્તિમાર્ગના સાધકે કેવાં સત્-સાધનો શુદ્ધ અંતર-આશયથી ભાવપૂર્વક ઉપયોગ કરવો ઘટે તે પ્રસ્તુત ગાથામાં પ્રકાશિત કરેલ છે, તેની વિગત સામાન્યપણે નીચે મુજબ છે.

**પાંચ મહાવ્રત :**

દંભ, ડોળ, ઠગવાની વૃત્તિ, ભોગોની લાલસા, અસત્યનો આગ્રહ ન હોવો ઘટે એવી માનસિક સ્વસ્થતા વ્રતીમાં હોવી જોઈએ.

(૧) **અહિંસા :** કોઈપણ જીવને કિંચિત માત્ર પણ દુઃખ ન થાય એવી આંતર-બાહ્ય વર્તના તેમજ આત્મિકગુણો ઉપર ઘાત ન થાય એવી જાગૃતિ વ્રતીને હોવી ઘટે.

(૨) **સત્ય :** અસત્ આચરણ અને ચિંતનનો અભાવ તથા હિત, મિત અને પ્રિય વચન મૃદુ અને ઋજુ ભાષામાં હોવું ઘટે.

(૩) **અચૌર્ય :** કોઈપણ અણહકની વસ્તુ, પદાર્થ, સંપત્તિ વગેરે પડાવી લેવાનું આચરણ કે ચિંતન વ્રતીને ન હોવું ઘટે.

(૪) **બ્રહ્મચર્ય :** કામ-રાગ જનિત ચેષ્ટા અને આવેગથી મન, વચન, કાયાની પ્રવૃત્તિ વ્રતીને ન હોય. વ્રતીને માત્ર આત્મિક શુદ્ધ ગુણોમાં (બ્રહ્મ) ચર્યા હોય.

(૫) **અપરિગ્રહ :** ભૌતિક પદાર્થો, સંપત્તિ, જડ કે ચેતન, શરીરાદિ ગમે તે વસ્તુ હોય કે ન પણ હોય તેમાં મારાપણાની મૂર્છા અને આસક્તિ વ્રતીને ન હોવી ઘટે તે અપરિગ્રહ.

**પંચાચાર :**

સદ્‌ગુણોનું પ્રગટિકરણ થાય એ હેતુથી જ્ઞાનીઓએ પાંચ પ્રકારના આચારોનું નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિથી પાલનની વ્યવસ્થા કરી છે.

(૧) **દર્શનાચાર :** ઇન્દ્રિય કે ઇન્દ્રિયરહિત પદાર્થનું સામાન્ય અવલોકન થાય એવી વર્તના (વ્યવહારદૃષ્ટિ). નિશ્ચયદૃષ્ટિએ વીતરાગપ્રણીત જીવ-અજીવાદિ સત્દ્રવ્યોનું મૂળભૂત સ્વરૂપ (સત્તા) અને તેમાં રહેલ ભિન્નતાનો બોધ અનુભવરૂપ થાય તો દર્શનગુણનું પ્રગટિકરણ થાય એવી આંતર-બાહ્ય વર્તના.

(૨) **જ્ઞાનાચાર :** વ્યવહારદૃષ્ટિએ મતિ-શ્રુતાદિ જ્ઞાન પ્રાપ્તિનાં સત્-સાધનોની વિરાધના ન થાય એવી વર્તના. નિશ્ચયદૃષ્ટિએ જીવ-અજીવ તત્ત્વોનું મૂળભૂત સ્વરૂપ અને તેમાં રહેલી ભિન્નતાનું સાકાર સ્વરૂપ જાણી શકાય એવી વર્તના.

(૩) **ચારિત્રાચાર :** વ્યવહારદૃષ્ટિએ પંચ મહાવ્રત, પંચાચાર, પાંચ સમિતિ, ત્રણગુપ્તિ વગેરેનું વિવેકપૂર્વક પાલન થાય એવી વર્તના. નિશ્ચયદૃષ્ટિએ અંતરંગ વીતરાગતા અને સમભાવમાં સ્થિરતા થાય એવી આંતરિક વર્તના.

(૪) **તપાચાર :** વ્યવહારદૃષ્ટિએ બાહ્યતપ થાય ત્યારે દોષો ન થવા પામે અને પાપકર્મો અટકે એવી વર્તના. અને નિશ્ચયદૃષ્ટિએ અભ્યંતર કે અદીઠ તપ સાધ્યને લક્ષમાં રાખી દોષરહિતપણે થાય જેથી કર્મનિર્જરા સંવરપૂર્વક થાય એવી આંતરિક વર્તના.

(૫) **વીર્યાચાર :** વ્યવહારદૃષ્ટિએ શક્તિ છૂપાવ્યા વગર ધર્મકાર્યમાં પુરુષાર્થ આચરવો અને અન્ય ચાર આચારોમાં શક્તિ કામે લગાડવી એવી વર્તના. નિશ્ચયદૃષ્ટિએ ક્ષાયિક અને અનંત વીર્ય (કેવળજ્ઞાનના વિષયોમાં) પ્રગટે એવી આંતરિક વર્તના.

**આઠ પ્રવચનમાતા :**

(૧) માનવોને જીવનક્રમ ચલાવ્યા વિના છૂટકો નથી પરંતુ તેમાં ક્ષણે ક્ષણે વિવેક અને જાગૃતિ વર્તે તો નવાં કર્મબંધથી અટકાય એ હેતુથી પાંચ સમિતિ અને ત્રણગુપ્તિની ગોઠવણી જ્ઞાનીઓએ કરેલી છે, જે માતાની જેમ રક્ષણ અને પોષણ કરે છે.

**પાંચ સમિતિ :**

(૧) તમામ હલનચલન અને દૈહિક ક્રિયા થતી વખતે કોઈપણ જીવને દુઃખ ન થાય, એવી જાગૃતિ કે જયણા-(ઇર્યા-સમિતિ).

(૨) ક્રોધ, માન, માયા, નિંદા, હાસ્ય, ભય, વાક્‌પટુતા વગેરે ટાળી મર્યાદિત વચન વ્યવહાર થવો. (ભાષા સમિતિ).

(૩) આહાર, વસ્ત્ર, રહેઠાણ વગેરે લેવા કે વાપરવામાં સાવધાની વર્તાવવી. (એષણા-સમિતિ).

(૪) વસ્તુ માત્રને જોઈ તપાસી લેવી અથવા મૂકવી. (આદાન સમિતિ).

(૫) જ્યાં જીવજંતુઓ ન હોય કે જીવાત થવાની સંભાવના ન હોય ત્યાં બિનઉપયોગી વસ્તુઓ નાખવી (ઉચ્ચાર-સમિતિ).

**ત્રણ ગુપ્તિ :**

(૧) અન્યને ઉપદ્રવ કે નુકશાન ન થાય એવો મનોભાવ. નિશ્ચયદૃષ્ટિએ મનને જ્ઞેય સ્વરૂપે અળગા રહી નિહાળવું (મનોગુપ્તિ).

(૨) જીવોનો ઘાત થાય કે ઉપદ્રવ થાય એવી વાણીથી નિવર્તવું. હિત, મિત અને પ્રિય વચન મૃદુ અને ઋજુ ભાષામાં બોલવું.

(૩) શરીરથી કોઈપણ જીવને દુઃખ ન થાય એવી વર્તના. નિશ્ચય દૃષ્ટિએ શરીરનો સદુપયોગ આત્મ-સ્વસ્થતા માટે થવો.

ટૂંકમાં સંયમના હેતુએ મન, વચન અને કાયા પ્રમાદરહિતપણે પ્રવર્તે એવી આંતર-બાહ્ય વર્તના તે ગુપ્તિ.

**ભક્તિ :**

(૧) જિન દર્શન, પૂજા, વંદના, સેવા, ગુણગ્રામ, અહોભાવ, પ્રીતિ, શ્રદ્ધા, ઇત્યાદિ ભાવપૂર્વક થાય.

(૨) સદ્‌ગુરુ સન્મુખ દોષોનું કપટરહિતપણે નિવેદન અને પ્રાયશ્ચિત.

(૩) અંતર-આત્મદશાનાં રહી પરમાત્મ ભક્તિ વખતે વર્તતું શરીરથી અળગાપણું.

ઉપરના સત્‌સાધનોથી જ્ઞાનપ્રાપ્તિ અર્થે સાધના ભાવપૂર્વક સમભાવથી થાય તો શિવપદ અવશ્ય મળી શકે તેમ છે, બાકી તો સાધ્યદૃષ્ટિ વગરની યંત્રવત્ ક્રિયાથી મુક્તિમાર્ગ મળવો દુર્લભ છે.

શુદ્ધ સાધ્ય સાપેક્ષ સુનય વાણી લખો રે,
સમભાવે શુદ્ધાતમ અનુભવ રસ ચખો રે; અનુભવ.
દેવચંદ્ર પ્રભુ વચનામૃત રસ પાનમાં રે,
મનસુખ શિવઘર વાસે સુખ અમાનમાં રે. સુખ. ૭

આત્મદ્રવ્ય અનેક ધર્માત્મક કે અસંખ્ય ગુણો ધરાવે છે, જેમાંના અમુક જ ગુણો વચન વ્યવહારથી (નય-નિક્ષેપ) જાણી શકાય છે અને બાકીના અનુભવગમ્ય છે. વાણી સિમીત અને ક્રમિક હોવાથી આત્મિકગુણોની જાણ અનેકાંતપણે જ્ઞાનીપુરુષ થકી થવી ઘટે જેથી વિરોધાભાસ ટાળી શકાય. આમ શુદ્ધ નિજગુણોને નજર સમક્ષ રાખી કે તેનું ધ્યાન થવાથી શુદ્ધાત્માના અનુભવનું રસપાનનો આસ્વાદ કરી શકાય. આ માટે સ્તવનકારનું ભવ્યજીવોને આવાહન છે કે તેઓ શ્રી તીર્થંકર પરમાત્માના વચનામૃતમાં દૃઢ શ્રદ્ધા રાખી ત્રિરત્નથી મુક્તિમાર્ગમાં પગરણ માંડે તો છેવટે તેઓનો શિવઘરમાં નિવાસ કાયમ માટે થાય.

***

'સૌરભ', ૫૬૩, આનંદવન સોસાયટી, નવયુગ હાઈસ્કૂલ, ન્યૂ સામા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૮.

# સર્જન સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામઃ **કાર્યકર્તા પાથેય**
લેખકઃ **વિનોબા**
પ્રકાશન : યજ્ઞ પ્રકાશન
સરનામુંઃ યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાત પાગા, વડોદરા, ૩૯૦ ૦૦૧.
કિંમતઃ રૂા. ૩૫/-; પાના ૧૨૪
આવૃત્તિ-૨

પૂ. વિનોબાજીએ પોતાના જીવન દરમ્યાન ઘણાં કાર્યકરો તૈયાર કર્યા, આશ્રમમાં હતા ત્યારે અનેક સેવકોની કેળવણી માટે વ્યક્તિગત ધ્યાન પણ આપ્યું. ત્યાર બાદ તેમણે ભૂદાન-ગ્રામ આંદોલન નિમિત્તે આખા ભારત-દેશની પરિક્રમા કરી. આ સમય દરમ્યાન અનેક સેવકોને તેમના તરફથી વ્યક્તિગત માર્ગદર્શન પ્રાપ્ત થયું. તેમણે વખતોવખત આપેલા હજારો પ્રવચનો,વાર્તાલાપો વગેરે દ્વારા કાર્યકરોના શિક્ષણનું કાર્ય પણ થયું.

સંપાદક કાન્તિ શાહે એક મહત્ત્વપૂર્ણ કાર્ય એ કર્યું છે કે વિનોબાજીએ આપેલ અનેક પ્રવચનો અને વક્તવ્યો તથા લેખોને સંકલિત-સંપાદિત કરીને પુસ્તકકારે વાચકો સમક્ષ મૂક્યા.

૧૨૪ પાનાનાં આ પુસ્તકમાં લેખકે પાંચ વિભાગમાં સર્વોદયનું મિશન, તેનું બુનિયાદી સ્વરૂપ કેવું હોય વગેરે સમજાવ્યાં છે.

સર્વોદયના કાર્યકરોના કેટલાંક અનિવાર્ય કર્તવ્યની છણાવટ 'કાર્ય' વિભાગમાં કરી છે. કર્તા કેવો હોય, તેના ગુણો અને તેની સજ્જતા કેવી હોય તે 'કર્તા' વિભાગમાં સમજાવ્યું છે. 'સંયોજન' વિભાગમાં સંગઠનનું સ્વરૂપ સમજાવ્યું છે. અર્થપૂર્ણ કાર્યો કરવા માટે વિચાર-સફાઇની આવશ્યકતા અને તેની ચર્ચા 'વિચાર-સફાઈ' વિભાગમાં કરી છે. અંતમાં સમગ્ર જીવનમાં સહુ કોઇને માટે ઉપયોગી જીવન-પાથેય છેલ્લા અને પાંચમાં વિભાગ 'વ્યાપક-પરિપ્રેક્ષ્ય'માં કરી છે.

વિનોબાજીના આ વિચારો વર્તમાન યુગમાં સામાજિક ઉન્નતિ માટે ઉપયોગી થાય તેવા છે.

x x x

પુસ્તકનું નામ : **ખ્રિસ્તી ધર્મસાર**
લેખક : **વિનોબા**
પ્રકાશન : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાત પાગા, વડોદરા, ૩૯૦ ૦૦૧.
કિંમતઃ રૂા. ૨૦/-; પાના ૧૨૪
આવૃત્તિ-બીજી

પૂ. વિનોબાજીએ વિવિધ ધર્મગ્રંથોનું ગહન અધ્યયન કરી ઘણું શોધન કર્યું. ફલસ્વરૂપે તેમણે આપણને ગુજરાતી ભાષામાં 'ભાગવત-ધર્મસાર', 'જપુજી', 'કુરાન-સાર' તથા 'ગામઘોષા-સાર' વગેરે આપ્યા.

જેમનું ધ્યેય બધાં દિલોને જોડવાનું છે, એવા ઉદ્દેશથી પ્રેરાઇને 'ખ્રિસ્તી ધર્મસાર', નામનું પુસ્તક વિનોબાજી આપણી સમક્ષ લાવ્યા છે. મૂળ બાઇબલના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એમ બે ભાગો છે. પૂર્વાર્ધમાં ઈશુ પહેલાનાં પયગંબરોનું જીવન-કવન છે અને ઉત્તરાર્ધમાં ઈશુનું જીવન છે. ઉત્તરાર્ધ સમસ્ત બાઇબલનો ભાગ છે. ખ્રિસ્તીધર્મનું હાર્દ છે. વિનોબાજીએ ઉત્તરાર્ધનું ગહન અધ્યયન અને દોહન કરી 'ખ્રિસ્તી-ધર્મસાર' પુસ્તક સંપાદિત કર્યું છે.

આ પુસ્તકમાં વિનોબાજે મૂળ બાઇબલમાંથી વચનોની પસંદગી તેની ખંડ-અધ્યાય-પરિચ્છેદ યુક્ત રચના કરી છે. તે ઉપરાંત ખંડોને અને પરિચ્છેદોને મથાળાં આપ્યાં છે. આખા ગ્રંથને સંસ્કૃત સૂત્રોમાં વણી લીધો છે.

પુસ્તકનું મુખપૃષ્ટ અને અંતિમ પૃષ્ટ પુસ્તકના વિષય પર પ્રકાશ પાડે છે.

ગુજરાતી વાચકોને **'બાઇબલ'** સમજવા માટે વિનોબાજીનું આ પુસ્તક વાંચવા વસાવવા અને અધ્યયન કરવા યોગ્ય છે.

x x x

પુસ્તકનું નામ : **જીવન ઘડતરના પ્રેરક પ્રસંગો**
સંપાદન : **કાન્તા-હર વિલાસ (હરિશ્ચંદ્ર)**
પ્રકાશન : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાત પાગા, વડોદરા, ૩૯૦ ૦૦૧.
કિંમતઃ રૂા. ૧૫/-; પાના ૫૦ આવૃત્તિ-બીજી

માનવમન અત્યંત સંવેદનશીલ હોય છે. એમાંય બાળકોના મનનું તો પૂછવું જ શું ? બાલપણમાં તેને જેવું વાતાવરણ, પોષણ અને આબોહવા મળે તે મુજબ બાળકનું જીવન ઘડતર થાય છે. બાલ્યાવસ્થામાં પડેલા સંસ્કારો તેના જીવનમાં અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. આ વાત માત્ર સામાન્ય માનવી માટે જ નહિ પરંતુ મહાપુરુષોના જીવન માટે પણ સાચી ઠરે છે. તેમને નાનપણમાં મળેલ સંસ્કારો તથા તેમના જીવનમાં બનેલાં કેટલાંક સંવેદન-શીલ પ્રસંગોએ તેમના જીવનઘડતરમાં અત્યંત મહત્ત્વનો ભાગ ભજવ્યો હોય છે.

પચાસ પાનાની આ નાનકડી પુસ્તિકામાં સંપાદકે ૫૬ આવા મહત્ત્વના પ્રસંગોનું અત્યંત સરળ અને બાળસુલભ શૈલીમાં આલેખન કર્યું છે. આ પ્રસંગો ઊગતી પેઢીનાં બાળકોને પ્રેરણા આપશે એ વાત નક્કી જ છે.

સંત નામદેવનો વનસ્પતિ પ્રેમ, આલ્બર્ટ સ્વાઇટ્ઝરનો સર્વ જીવો પ્રત્યેનો આદર, વિનોબાના સાહસ અને હિંમત, સેવા-ભાવના, પરિવાર પ્રેમ, સર્વત્ર પ્રભુભક્તિ વગેરે, મહાત્મા ગાંધીજીના માંસાહાર છૂટવા વિશે તથા ચોરીનો પ્રસંગ, વગેરે નાની નાની ઘટનાઓએ આ સર્વ માનવોને મહામાનવ બનાવ્યા છે તેની પ્રતીતિ આ ૫૬ પ્રસંગો વાંચતા અવશ્ય થાય છે.

તે ઉપરાંત નેપોલિયન, ન્યૂટન, વિવેકાનંદ, બૂકર, સરદાર વલ્લભભાઈ, હેલન કેલર, અબ્દુલ કાદિર (ઇરાન) પીટર (રશિયા) વગેરેના જીવનના પ્રસંગોનું આલેખન લેખકે અત્યંત હૃદયસ્પર્શી વાણીમાં કરી પુસ્તકને પ્રેરક અને સુવાચ્ય બનાવ્યું છે.

✱✱✱

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ડિસેમ્બર-૨૦૦૭ના અંકથી આગળ)

૪૦૯વસ્તુ –દ્રવ્ય, પર્યાય, અર્થ, સત્, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી યુક્ત

–द्रव्य, पर्याय, अर्थ, सत्, उत्पाद-व्यय-ध्रोव्ययुक्त

–Entity, Substance, Real entity.

૪૧૦ વર્ષધર –જંબુદ્વીપમાં મુખ્યતયા સાત ક્ષેત્રો છે તે સાતક્ષેત્રોને એકબીજાથી જુદા પાડવા માટે તેમની વચમાં છ પર્વતો છે, તે વર્ષધર કહેવાય છે.

–जंबुद्वीप में मुख्यरुप से सात क्षेत्र है उन सात क्षेत्रों को एक दूसरों से अलग करने हेतु उनके बीच में छह पर्वत है उसे वर्षघर कहा जाता है ।

–The common designation of a group of world-mountains.

૪૧૧ વર્તના –પોતપોતાના પર્યાયની ઉત્પત્તિમાં સ્વયમેવ પ્રવર્તમાન ધર્મ આદિ દ્રવ્યોને નિમિત્તરૂપે પ્રેરણા કરવી તે વર્તના.

–अपने अपने पर्यायो की उत्पत्ति में स्वयमेव प्रवर्तमान धर्म आदि द्रव्यों को निमित्तरुप में प्रेरणा करना–वर्तना ।

–Perduration,

When the substances like dharma etc. are by themselves engaged in practising their respective modifications then the impalling them to do so on the part of Kala acting as an occasioning cause is called vartana.

૪૧૨ વર્ગણા –પ્રકાર-કર્મની વર્ગણા આદિ, યથા પુદ્ગલની વર્ગણાઓ અર્થાત્ પુદ્ગલના પ્રકારો.

–प्रकार, कर्म की वर्गणा आदि, यथा-पुद्गल की वर्गणाए अर्थात् पुद्गल के प्रकार ।

–Grouping of physical particles.

૪૧૩ વધ –(પરિષહ) કોઈ તાડન, તર્જન કરે ત્યારે તેને સેવા ગણવી તે વધ પરિષહ, પ્રાણ લેવો તે, પરોણા, ચાબખા, આદિ વડે ફટકા મારવા તે વધ.

–सूई, चाबूक आदि के द्वारा मारना, प्राण हरण करना, किसी के ताडन, तर्जन को भी सेवा मानकर सहन करना वध

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ. આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, <u>આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી</u> જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ `SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

કન્યા કરિયાવર આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર. ❑ મેનેજર

परिषह ।

–Killing, injuring, beating and threatening.

૪૧૪ વજ્રર્ષભનારાચસંહનન–ઉત્તમ શારીરિક બંધારણ.

–उत्तम शारीरिक बंधारण.

–Superior bodilay setup.

૪૧૫ વચનનિસર્ગ –વચનની પ્રવર્તના, વચનને પ્રવૃત્ત કરવું.

–वचन की प्रवर्तना, वचन को प्रवृत्त करना ।

–Operating speech.

૪૧૬ વચન દુષ્પ્રણિધાન –શબ્દ સંસ્કાર વિનાની અને અર્થ વિનાની તેમજ હાનિકારક ભાષા બોલવી.

–सभ्यता रहित, निरर्थक, हानिकारक भाषा बोलना ।

–Improper Speech.

૪૧૭ વચનગુપ્તિ –બોલવાના દરેક પ્રસંગે વચનનું નિયમન કરવું અથવા પ્રસંગ જોઇને મૌન રહેવું.

–बोलने के अवसर पर वाणी का नियमन करना अथवा प्रसंगोचित मौन धारण करना ।

–Whenever there arises an occasion to speak than to restrict speech-if needs be keep silent altogether-that is called gupti pertaining to speech.

૪૧૮વક્રગતિ –ગતિનો એક પ્રકાર, પૂર્વસ્થાનથી નવા સ્થાન સુધી જતાં સરળ રેખાનો ભંગ થાય, અર્થાત્ ઓછામાં ઓછો એક વળાંક તો અવશ્ય લેવો પડે તે.

–गति का एक प्रकार, पूर्वस्थान से नए स्थान तक पहुंचने के लिए सरल रेखा का त्याग करना, अर्थात् कम से कम एक मोड अवश्य लेना पडे उसे वक्रगति कहते है ।

–Curved motion.

૪૧૯ વંશ –જંબુદ્રીપના સાત ક્ષેત્રો, વર્ષ, વાસ્ય.

–जंबूद्वीप के सात क्षेत्र, वर्ष, वास्य ।

–Jamboodvipa has got seven chief regions, which are designated Vansh, Vashya.

૪૨૦ લોભ –વધુ મેળવવાની ઈચ્છા, સ્પઇંહા, લાલચ.

–अधिक प्राप्त करने की इच्छा, स्पृहा, लालच ।

–greed.

(વધુ આવતા અંકે)

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

પ્રતિશ્રી, તા.......................

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં,

મુંબઈ–૪૦૦૦૦૪. ફોન : ૦૨૨–૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના '**પ્રબુદ્ધ જીવન**'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવર્ષીય/કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

'**પ્રબુદ્ધ જીવન નીધિ**' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. ........................ નંબર ........................ તારીખ ........................

બેંક ........................ શાખા ........................ ગામ ........................ નો સ્વીકારી નીચેના સરનામે રસીદ

મોકલવા વિનંતિ. ધન્યવાદ. ચેક/ડ્રાફ્ટ '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામનો જ મોકલીએ છીએ.

નામ અને સરનામું : ........................................................

લિ.................................

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

## (ડિસેમ્બર '૦૭ અંકથી આગળ)

(૬૨)

સમાધાન-સદ્ગુરુ ઉવાચ :
દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ-લય, કોના અનુભવ વશ્ય ? ૬૨

संस्कृत समाधान-सद्गुरू-उवाच :
देहमात्रं तु संयोगि दृश्यं रूपि जडं धनम् ।
जीवोत्पत्ति-लयावत्र नीतौ केनाऽनुभूतिताम् ।।६२।।

हिन्दी समाधान-सद्गुरु-उवाच :
देह मात्र संयोग है, अरु जड रुपी दृश्य ।
आत्मा की उत्पत्ति लय, किस के अनुभववश्य ।।६२।।

अंग्रेजी Solution :
The body is only adherence,
The object seen, lifeless with forms;
Who knows the soul's genesis, hence,
Or death thereof ? Think of the norms. 62

(૬૩)

જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન. ૬૩

संस्कृत उत्पत्तिलयबोध्यौ तु यस्यानुभववर्तिनौ ।
स ततो भिन्न एव स्यान्नान्यथा बोधनं तयोः ।।६३।।

हिन्दी जाके अनुभववश्य यह, उत्पत्ति-लय-विज्ञान ।
ताके भिन्न अस्तित्व बिनु, कुछ भी रहत न भान ।।६३।।

अंग्रेजी The seer of the rise and fall,
Must be quite different from the scene;
Can hear the dead their death-roll-call ?
Or are one's birth what can be seen ? 63

(૬૪)

જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દૃશ્ય;
ઊપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪

संस्कृत दृश्यन्ते ये तु संयोगा ज्ञायन्ते ते सदात्मना ।
नाऽत्मा संयोगजन्योऽतः किन्त्वात्मा शाश्वतः स्फुटम् ।।६४।।

हिन्दी देहादिक संयोग सब, हैं आत्मा के दृश्य ।
उपजत नहि संयोगसों, आत्मा नित्य प्रत्यक्ष ।।६४।।

अंग्रेजी Compounds of elements can be seen,
But not the soul that's original;
The soul is the seer and not the seen,
Nothing can create the soul eternal. 64

(૬૫)

જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય. ૬૫

संस्कृत जडादुत्पद्यते जीवो जीवादुत्पद्यते जडम् ।
एषाऽनुभूतिः कस्यापि कदापि क्वाऽपि नैव रे! ।।६५।।

हिन्दी जडतें चिद्-उत्पत्ति अरु, चिततें जड-उत्पाद ।
कभी किसी को होत ना, ऐसो अनुभव-स्वाद ।।६५।।

अंग्रेजी From matter consciousness may rise,
Or consciousness might it create;
Is not experience of the wise,
It never happens, say the great. 65

**(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા (વધુ આવતા અંકે) સંપાદિત 'સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી)**

**શું આ શક્ય છે ? : પંથે પંથે પાથેય :** (પૃષ્ટ ૨૦થી ચાલુ)

ભગિની નિવેદિતાએ બીજી વાત, માણસમાં જે શક્તિ-વ્યક્તિગત વિશેષ શક્તિરૂપે છે તેને જાગ્રત કરવાની કહી. પ્રત્યેક સમર્થ શબ્દ એ જેમ બ્રહ્મરૂપે છે તેમ પ્રત્યેક જીવાત્મા શિવ-સ્વરૂપ છે. એ કેવળ મૃણ્મય નથી, ચિન્મય છે. કેટલાય સંસ્કાર-વારસાનો એ સમુચ્ચય ને પ્રતિનિધિ છે. શરૂમાં ગુપ્ત સુપ્ત રૂપે સંવિદ-ગોપિત કેટલીય શક્તિ એનામાં ગર્ભિત છે તેનો તેને ખ્યાલ નથી. એ કાળે અવસ્થાભેદને કારણે એ બાહ્ય આવરણોને દૂર કરવાની એનામાં સંપ્રજ્ઞતા નથી કે યોગ્ય માર્ગદર્શકની ઉપસ્થિતિનો અભાવ હોય છે, એથી એ શક્તિઓનો સ્ફોટ અમુક કાળ પૂરતો અદૃશ્ય રહે છે.

પુત્રનાં લક્ષણ પારણામાંથી ને વહુનાં લક્ષણ બારણામાંથી એવી લોકોક્તિ છે પણ આજીવન શિક્ષક રહેલા એવા કેટલા અધ્યાપકોએ એમના વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓની ગૂઢ શક્તિઓને અગાઉથી પિછાની કે પ્રમાણી હશે ? વર્ગને સ્વર્ગ માનનારી નિષ્ઠાને આપણે બિરદાવીએ પણ ટાગોર કહે છે તેમ 'જેઓ સારા શિક્ષક છે તેઓ બધા જ જાણે છે કે બાળકના સ્વભાવમાં જે કુદરતે શીખવાની સહજ વૃત્તિનાં બીજ મૂકેલાં છે. બાળકોની ચંચળતા, અસ્થિર કુતૂહલ, તેમની રમતગમત, બધું જ કુદરતી શિક્ષણ પદ્ધતિનાં અંગરૂપ છે.' નિયમબદ્ધ દેશી કે વિદેશી શિક્ષણ-પદ્ધતિએ આ જન્મજાત સદ્ગુણોને કુંઠિત કર્યા છે કે વિકસિત ? હાથે કંકણ ને અરીસામાં જોવાનો શો અર્થ ?

'આપણાં ધોરણો, આપણી ચોપડીઓ, આપણા વિષયો અને આપણી પદ્ધતિઓ તો સાધન માત્ર છે. આપણું સાધ્ય તો માનવ શક્તિઓની કુદરતી અને યથાયોગ્ય ખીલવણી છે.' આજના ટ્યૂશનિયા માહોલમાં, અર્થ-દાસ ગુરુઓ અને કેવળ ઉપયોગિતાવાદને વરેલા શિષ્યો-ભગિની નિવેદિતા અને કવિવર રવીન્દ્રની શિક્ષણની પાયાની વાતને એના યથાર્થ પરિપ્રેક્ષ્યમાં સમજી શકશે ?

***

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month ● Regd. No. MH/ MR/SOUTH-146 / 2006-08



## પંથે પંથે પાથેય...

# શું આ શક્ય છે?

□ ડૉ. રણજિત પટેલ (अनामी)

સને ૧૯૩૪ સુધીમાં મારી ઇચ્છા ભવિષ્યમાં ડૉક્ટર થવાની હતી એટલે મેટ્રીકમાં મેં ફિઝીક્સ–કેમિસ્ટ્રીને બદલે ફિજીયોલોજી–હાઇજીન રાખેલું. એમ.બી.બી.એસ. નહીં તો એલ.સી.પી.એસ. થવાની મહેચ્છા હતી પણ બની ગયો પીએચ.ડી.–ડૉક્ટર ઓફ ફિલોસોફી! મારો મોટો દીકરો ચિ. રસિક અનેકવાર કચવાટ કરતાં કહે છે: 'મારે અધ્યાપક થવું હતું ને તમે મને એન્જિનિયર બનાવ્યો!' કચવાટ કરનારા આવા સમાનધર્મી, હું માનું છું કે અનેક હશે.' આ કંઈ અર્વાચીન પ્રશ્ન કે કોયડો નથી. પ્રાચીનકાળમાં, વાલમીકિના આશ્રમમાં લવ-કુશ સાથે, શિષ્યા આત્રેયી પણ હતી. લવકુશની તુલનાએ આત્રેયીની ગ્રહણશક્તિ અલ્પ કે મંદ હંતી એટલે તે અગત્સ્યના આશ્રમમાં જાય છે. આના અનુસંધાનમાં, 'ઉત્તરરામચરિતમ્' નાટકમાં મહાકવિ ભવભૂતિ એક અદ્ભુત દૃષ્ટાંત સાથે અર્ધાન્તરન્યાસી શિક્ષણનું સત્ય ઉચ્ચારે છે:–

*'વિતરતિ ગુરુઃ પ્રાજ્ઞે વિદ્યાં યથૈવ તથા જડે*
*ન તુ ખલુ વયોર્જ્ઞાને શક્તિં કરોત્યપહન્તિ વા ।*
*ભવતિ ચ પુનર્ભૂન્યાન્ભેદઃ ફલં પ્રતિ તદ્યથા*
*પ્રભવતિ શુચિબ્રિમ્બોદ્ગ્રાહે મણિર્ન મૃદાં ચયઃ।।*

મતલબ કે 'ગુરુજી તો પ્રાજ્ઞ કહેતાં હોંશિયાર અને મંદ બુદ્ધિવાળાને એક સરખી રીતે વિદ્યા આપે છે, પણ ગુરુ ગ્રહણ કરવાની શક્તિ આપતા નથી કે કોઈ શિષ્યની શક્તિ લઈ લેતા પણ નથી; છતાંય બંનેયમાં મોટો પરિણામ-ફેર દેખાય છે. દૃષ્ટાંત રૂપે કહે છે 'પવિત્ર મણિ પ્રતિબિંબ પાડે છે જ્યારે માટીનું ઢેફું પ્રતિબિંત પાડી શકતું નથી. મતલબ કે પ્રાજ્ઞ શિષ્ય મણિ જેવો છે ને મંદ બુદ્ધિવાળો માટીના ઢેફાં જેવો છે.

અધ્યાત્મની મૃણ્મય કે ચિન્મય–શક્તિનો આ પ્રશ્ન નથી...આ તો ગ્રહણ શક્તિ...ધાર્ણાશક્તિ અને અભિવ્યક્તિનો પ્રશ્ન છે. પ્રમાણમાં અલ્પશક્તિ પણ તીવ્ર સ્મૃતિવાળા મેદાન મારી જતા હોય છે !

સ્વમી વિવેકાનંદનાં શિષ્યા ભગિની નિવેદિતા તાજાં જ ભારત આવેલાં ત્યારે કલકત્તામાં કવિવર રવીન્દ્રનાથનો પ્રથમ પરિચય થયો. ટાગોરે શરૂમાં એમને સાધારણ રીતે અંગ્રેજ મિશનરી સ્ત્રીઓ હોય છે તેવાં માનેલાં. ભગિની નિવેદિતાને ભારત અને ભારતીય સંસ્કૃતિ માટે અનહદ માન હતું. વિવેકાનંદે ભાષણમાં 'લેડીઝ એન્ડ જેન્ટલમેન' કહેવાને બદલે 'માય બ્રધર્સ એન્ડ સિસ્ટર્સ' કહીને શિકાગોની વિશ્વ ધર્મ પરિષદમાં સર્વનું ધ્યાન દોરેલું તેમ ભગિની નિવેદિતા પણ ભારત-વાસીઓને 'માય પિપલ' સમજતાં હતાં. સમજતાં હતાં એટલું જ નહીં પણ કોઇપણ પ્રકારના પૂર્વગ્રહ કે કચવાટ વિના ભારતનાં દલિત પીડિતોની સેવા કરતાં હતાં. આવાં સેવાભાવી ભગિની નિવેદિતાને રવીન્દ્રનાથે પોતાની પુત્રીને શિક્ષણ આપવાનો પ્રસ્તાવ મૂક્યો. ત્યારે ભગિની નિવેદિતાએ ટાગોરને પ્રશ્ન પૂછ્યો: 'તમારે શું શીખવવું છે ?' ટાગોરે કહ્યું: 'અંગ્રેજી, અને સાધારણ રીતે અંગ્રેજી ભાષા મારફતે જે શિક્ષણ અપાય છે તે.' આના પ્રત્યુત્તરમાં ભગિની નિવેદિતાએ જે કહ્યું તે અતિ મહત્ત્વનું છે, તેમણે કહ્યું: 'બહારથી કોઈ શિક્ષણ ગળાવવાથી લાભ શો ? જાતિગત નૈપુણ્ય અને વ્યક્તિગત વિશેષ શક્તિરૂપે માણસમાં જે વસ્તુ રહેલી છે તેને જાગ્રત કરવી એને જ હું ખરું શિક્ષણ માનું છું. નિયમબદ્ધ વિદેશી શિક્ષણ વડે તેને દાબી દેવી એ મને ઠીક લાગતું નથી.'

ભગિની નિવેદિતાએ અહીં ત્રણ પ્રશ્નો ઊભા કર્યા છે. એક તો મેકોલેએ સામ્રાજ્ય ચલાવવા 'કારકુનિયા શિક્ષણ સિફ્તપૂર્વક 'ગળાવ્યું'. આજે પણ અસલ પાઠ્યપુસ્તકોને ગૌણ ગણી, એની ઉપેક્ષા કરી, યેનકેન પ્રકારેણ ઉપાધિ પ્રાપ્ત કરવા, માર્ગદર્શિકાઓ (ગાઇડ)ની મદદથી માર્ગદર્શન મેળવી પરીક્ષાનો સમુદ્ર પાર કરીએ છીએ. ગોખણપટ્ટી ને અમુક જ પ્રશ્નોને ખ્યાલમાં રાખી વિષયની સમગ્રતાની સભાનતાપૂર્વક ઉપેક્ષા કરતા હોઈએ છીએ. સને ૧૯૪૩માં મારી સાથે એલએલ.બી.માં ભણતો એક વિદ્યાર્થી, અસલ પાઠ્યપુસ્તકોની ઉપેક્ષા કરી કેવળ ગાઇડની મદદથી ફર્સ્ટ ક્લાસ લાવેલો. આજે આ દૂષણે તો માઝા મૂકી છે. બી. ટી. (બી.એડ.)ના કયા વિદ્યાર્થીએ કવિ મણિશંકર રત્નજી ભટ્ટનો 'શિક્ષણ શાસ્ત્રનો ઇતિહાસ' જોયો કે વાંચ્યો હશે ?...જેના લેખન પાછળ કવિ 'કાન્તે' બાર વર્ષ ગાળેલાં–તબિયતના ભોગે! બધાં જ ક્ષેત્રોમાં 'ટૂંકા રસ્તા'ની બોલબાલા છે!

ભગિની નિવેદિતાએ 'જાતિગત નૈપુણ્ય'ની વાત કરી તે અતિ વાસ્તવિક ને પાયાની વાત છે. મારાં એક વિદૂષી વણિક મહિલાને મેં સહજભાવે પૂછ્યું: 'કોકિલાબહેન! તમારે જમીન ખરી? તો ત્વરિત ઉત્તર હતો...અમારે વણિકોને વળી જમીન શું કરવાની? જમીન તો પટેલો પાસે હોય.' ઋગ્વેદના પુરુષસૂક્ત પ્રમાણે, બ્રહ્મના શિર્ષમાંથી બ્રાહ્મણો, બાહુમાંથી ક્ષત્રિયો, ઉરુમાંથી વૈશ્યો ને ચરણમાંથી શુદ્રોની ઉત્પત્તિ થઈ છે ને ગીતા અનુસાર ગુણ કર્મ પ્રમાણે જાતિ નક્કી થઈ. વર્ષોના વ્યવસાય બાદ, વારસારૂપે પરંપરા–પ્રાપ્ત, કાળને અપવ્યયમાંથી ઉગારનાર 'જાતિગત નૈપુણ્ય' પ્રાપ્ત થતું. પણ શંબૂક જેવા શૂદ્રે બ્રાહ્મણોચિત તપશ્ચર્યા કરી એ અપરાધીને દંડ દેવા રામના ઉજ્જવળ અને નિર્મળ ખડગે તેના ધડથી માથું છૂટું કરી દીધું. કારણ કે અપરાધીને દંડ દેવો એ રાજધર્મ છે! શુદ્ર તપશ્ચર્યા ન કરી શકે ને મહાભારતનો કર્ણ કૌન્તેય હોવા છતાં રાધેય તરીકે સૂતનો વ્યવસાય કરે છે...કો'ક દિવ્ય અસંતોષ કાળે એ બોલી ઊઠે છે:–

'સૂતો વા સૂતપુત્રો વા યો વા કો વા ભવામ્યહમ્।'
દૈવાયત્તં કુલે જન્મ મદાયત્તં તુ પૌરુષમ્ ।।

મતલબ કે હું સારથિ હોઉં કે સારથિપુત્ર હોઉં, જે હોઉં તે સહી...કિન્તુ કોઈ કુળમાં જન્મ થવો એ નસીબને આધીન છે પણ પુરુષાર્થ કરવો તો મારે આધીન છે.' 'જાતિગત નૈપુણ્ય'ના પુરસ્કર્તાઓ વચ્ચે આવા પણ સમર્થ અપવાદો હતા. વિશ્વામિત્ર–વસિષ્ઠનો, પરંપરાવાદી, રાજર્ષિ–બ્રહ્મર્ષિનો વાદ–વિવાદ જાણીતો છે. 'જાતિગત નૈપુણ્ય'ની વાત એક કાળે યથાર્થ પરિણામવાદી હતી પણ આજે એ શક્ય છે? થીંગડિયા રીતી–નીતિનો કશો જ અર્થ નથી.

(વધુ માટેજુઓ પાનું ૧૯)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૮ છૂટક નકલ રૂા. ૧૦/-

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ***

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૪ વીર સંવત : ૨૫૩૪ મહા સુદિ – તિથિ – ૧૦

સરસ્વતી આરાધક જૈન બંધુ બેલડી જન્મ શતાબ્દી અંક

**શ્રી રતિલાલ દેસાઈ અને જયભિખ્ખુના જીવન કાર્યને શબ્દાંજલિ**

## જિન-વચન

### આત્માર્થીની વાણી

दिट्ठं मियं असंदिद्धं पडिपुण्णं वियं जियं ।
अयंपिर-मणुव्विग्गं भासं निसिर अत्तवं ।।

–दसवैकालिक–८-४८

આત્માર્થીએ દૃષ્ટ વાતનું યથાર્થ નિરૂપણ કરતી, પરિમિત, અસંદિગ્ધ, પ્રતિપૂર્ણ, સ્પષ્ટ, સહજ, વાચાળતારહિત અને બીજાને ઉદ્વેગ ન કરે એવી વાણી બોલવી જોઈએ.

आत्मार्थी दृष्ट का यथार्थ कथन करनेवाली, परिमित, असंदिग्ध, प्रतिपूर्ण, स्पष्ट, सहज, वाचालता रहित, और अन्य को उद्वेग करनेवाली भाषा बोले ।

A person with self-control should speak exactly what he has seen. His speech should be to the point, unambiguous, clear, natural, free from prattle and causing no anxiety to others.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત **'जिन-वचन'**માંથી).

# આચમન

## બે મોટા ગજાના સર્જક

સર્જકના સીમા સ્તંભ બે : સત્ય અને સત્ત્વ. જયભિખ્ખુ અને રતિલાલ દીપચંદ દેસાઈ. આ બન્ને સીમા સ્તંભને આજીવન સમર્પિત રહ્યાં અને તેમાંથી મૂલ્યનિષ્ઠ સાહિત્ય જૈન સંઘને અને ગુજરાતી ભાષાને સાંપડ્યું. ઉત્તમ સાહિત્ય તેના સર્જકને અચૂક સન્માન પ્રાપ્ત કરાવે છે, કેમકે; એવા સર્જનમાં મા સરસ્વતીની કૃપા પણ ઉમેરાઈ હોય છે!

પ. પૂ. મારા ગુરુ મહારાજ આ. ભ. શ્રી દુર્લભસાગર સૂરીશ્વરજી મ.સા. અને જયભિખ્ખુના ગાઢ સંબંધનું મૂળ બન્યો હતો એક ગ્રંથ. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ જીવનના અંતિમ સમયે બે ગ્રન્થો લખીને પોતાના અંતેવાસી શ્રી પાદરાકરને સોંપ્યા અને કહ્યું કે, 'એક પચીશી વીત્યે પ્રગટ કરજો.' શ્રી પાદરાકરે તે સમયે એ પ્રકાશન માટે પ્રયત્ન કર્યો પણ આર્થિક સાધનો નાના પડ્યા. શ્રી જયભિખ્ખુએ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનું શ્રેષ્ઠ જીવન ચરિત્ર લખ્યું છે, તેમાં નોંધ પણ કરેલી કે 'શ્રીમદ્જીના બે અમૂલ્ય ગ્રંથો હજી અપ્રકટ છે.' આ અપ્રકટ ગ્રંથોની ડાયરીઓ પૂ. મારા ગુરુદેવ શ્રી દુર્લભસાગરસૂરિજી મ. પાસે આવી અને તેમણે શ્રી જયભિખ્ખુ, શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી, શ્રી ચીમનલાલ જેચંદભાઈ વગેરેને સાથે લઈને ગ્રંથનું પ્રકાશન કાર્ય શરૂ કરાવ્યું. ગ્રંથના નામ 'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર' અને સંસ્કૃતમાં 'શ્રી જૈન મહાવીર ગીતા.'

આ ગ્રંથના પ્રકાશન સમયે જૈન સંઘમાં કેટલાંક લોકોએ વિરોધ શરૂ કર્યો ત્યારે શ્રી જયભિખ્ખુ પૂ. મારા ગુરુદેવ સાથે અડીખમ ઉભા હતા. તેમણે મારા ગુરુદેવને કહેલું તે મને યાદ છેઃ 'જરૂર પડશે તો તમારે માટે હું નવો સમાજ ઉભો કરીશ પણ તમે મક્કમ રહેજો.'

પૂ. મારા ગુરુ મહારાજ તો દૃઢ હતા જ, એ ગ્રંથોનું પ્રકાશન પણ થયું. આજે તો અપ્રાપ્ય છે પણ તે વિદ્વદ્ વલ્લભ ગ્રંથ બન્યા હતા.

જયભિખ્ખુ સાથે અમારો નાતો એટલો મજબૂત કે પૂ. મારા ગુરૂદેવે તેમને 'બાળકોના બુદ્ધિસાગરસૂરિજી' લખવા પ્રેરણા કરેલી. ઉંમર ઘણી તથા આંખની તકલીફ છતાં જયભિખ્ખુએ હા પણ પાડી અને લખવાનો પ્રારંભ કર્યો, એકાદ પ્રકરણ લખાયું ને તેમનું દુઃખદ નિધન થયું!

'બાળકોના બુદ્ધિસાગરસૂરિજી', એ પછી તો, પૂ. મારા ગુરુ-દેવશ્રીની પ્રેરણાથી 'જયભિખ્ખુ'ના સુપુત્ર શ્રી કુમારપાળ દેસાઈએ લખ્યું.

જયભિખ્ખુ મારા ગુરુદેવશ્રી સાથે ખૂબ સંકળાયેલા રહ્યા હતા. એકવાર તેઓ બોલી ગયા હતા કે, 'શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહાન વિભૂતિ હતા. તેમને એક પણ શિષ્ય ન હોત તો સારું થાત કેમકે શિષ્યોને કારણે એક ચોકઠામાં તેઓ સીમીત થઈ ગયા. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી એકલા હોત તો યોગી આનંદઘનજીની જેમ સૌ તેમને ઉપાડી લેત!'

રતિલાલ દીપચંદ દેસાઈ સરસ લેખક, સફળ સંપાદક તો હતા જ, સરસ વક્તા પણ હતા. જ્યાં પણ બોલવા ઉભા થાય ત્યાં છવાઈ જાય. અત્યંત પ્રેમાળ, દૃઢ નીતિમાન અને સાદગીથી છલકાતાં રતિલાલ દેસાઈ મને આજે જ મળ્યા હોય તેટલા યાદ છેઃ જ્યારે પણ મળે ત્યારે આપણે એમના સ્નેહથી છલકાઈ જઇએ. જે વાત માંડે તે સદાય સાંભળ્યા કરીએ તેવું થાય. જ્યાં પણ સારું જોયું હોય કે જ્યાંથી પણ સારું જાણ્યું હોય તે સૌને સરસ રીતે કહે. જેટલા સ્નેહાળ તેટલા જ ક્રોધી. કંઈક ખોટું જુએ કે જાણે તો ચોક્કસ ગુસ્સાથી બોલે. પરંતુ તે ગુસ્સામાં પણ નીતાંત પ્રેમ ઝરે. સુખ-દુઃખમાં સમાન જીવન જીવે.

રતિલાલ દેસાઈની વાર્તાઓ માનવમૂલ્યથી મંડિત અને રસાળ હતી. રતિલાલ દેસાઈના વાર્તાસંગ્રહો તેમના 'માનસ પુત્ર' સમાન પૂ. શ્રી શીલચંદ્રસૂરિજી મ.ની પ્રેરણાથી પુનઃ પ્રકાશિત થયા છે. ર. દી. દેસાઈ ઇતિહાસલેખક તરીકે સદૈવ યાદ રહેશે. તેમણે લખેલાં ચિંતન લેખો, સામયિક સંવેદનો ઇત્યાદિ તેમના સુપુત્ર પ્રો. નીતિનભાઈ દેસાઈએ સંપાદિત કર્યા છે ને પ્રગટ થયા છે. ર. દી. દેસાઈના સુપુત્રી માલતીબહેન પણ ઉત્તમ લેખિકા છે. રતિલાલ દી. દેસાઈ ખરેખર તો સફળ પત્રકાર પણ હતા તેમ કહેવું જોઈએ. તેમણે વર્ષો પર્યંત 'જૈન' સાપ્તાહિકના તંત્રીલેખ લખ્યાં હતા. આ લેખો એટલા સરસ રહેતા કે સૌને વાંચ્યા વિના ન ચાલે. તે લેખોની પ્રાસંગિકતા, વિવિધતા અને ઘટનાના હાર્દ સુધી પહોંચવાની તીક્ષ્ણ દૃષ્ટિ ઉલ્લેખનીય છે.

જયભિખ્ખુ અને રતિલાલ દી. દેસાઈ મૂળ તો શિવપુરી પાઠશાળાના વિદ્યાર્થી હતા. ત્યાંથી જે ઉત્તમ પામ્યાં તેને અનેકગણું ઉત્તમોત્તમ બનાવીને તેમણે સૌ સુધી પહોંચાડ્યું.

સાહિત્ય મહાનદ છેઃ સત્ય અને સત્યના હલેસાથી સર્જનના વહાણને જીવનના સામા કિનારે મૂકીને આ સર્જકો આપણને જે દેદીપ્યમાન દર્શન કરાવે છે તે ક્યાં ભૂલાય તેવું છે?

❑ **મુનિશ્રી વાત્સલ્યદીપ**

## સર્જન-સૂચિ


| ક્રમ કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| (૧) કલમને ખોળે | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) જીવનમાં સત્ય અને કવનમાં શીલના ઉપાસક : સ્વ. રતિલાલ દીપચંદ દેસાઈ | પદ્મશ્રી કુમારપાળ દેસાઈ | ૫ |
| (૩) જયભિખ્ખુ : જીવન અને જીવનદર્શન | ડૉ. નટુભાઈ ઠક્કર | ૯ |
| (૪) જીવનશિલ્પી શ્રી રતિભાઈ | શ્રીમતી માલતી શાહ | ૧૫ |
| (૫) શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ – કેડી કંડારનાર | શ્રી નિરૂભાઈ રતિલાલ દેસાઈ | ૧૯ |
| (૬) નિત્ય નૂતન મૂલ્યનિષ્ટ કથાસાહિત્યના સર્જક :ર. દી. દેસાઈ | પ. પૂ. શીલચંદ્ર વિજયજી | ૨૨ |
| (૭) જયભિખ્ખુ – ચંદનની સુવાસ | ડૉ. ધીરૂભાઈ ઠાકર | ૨૩ |
| (૮) જયભિખ્ખુનું સાહિત્ય | શ્રી પ્રફુલ્લ રાવલ | ૨૪ |
| (૯) શીલભદ્ર સારસ્વત અને મૂલ્યનિષ્ટ વાર્તાકાર : જયભિખ્ખુ | ડૉ. બળવંત જાની | ૨૬ |
| (૧૦) સાહિત્યકાર જયભિખ્ખુ અને જાદુગર કે. લાલ | શ્રી રજનીકુમાર પંડ્યા | ૨૮ |
| (૧૧) સૌના હિતોના પ્રામાણિક રક્ષક બાલાભાઈ | શ્રી જવાહર ના. શુક્લ | ૩૧ |
| (૧૨) સર્જન સ્વાગત | શ્રીમતી કલા શાહ | ૩૨ |
| (૧૩) જૈન પારિભાષિક શબ્દ કોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૩૩ |
| (૧૧) પંથે પંથે પાથેય : ન ખત, ન ખબર | શ્રી જયભિખ્ખુ | ૩૬ |

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૨ ● ● તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૮ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## કલમને ખોળે

જગત સાહિત્યમાં કે પ્રાદેશિક સાહિત્યમાં તો ક્યારેક સાંપ્રદાયિક સાહિત્યમાં એવી વિરલ ઘટના બની જતી હોય છે કે એ ઘટનાને કોટિ કોટિ નમન કરવાની ભક્તિ જન્મે.

ગુજરાતી સાહિત્યમાં પિતા પુત્ર કવિ દલપતરામ અને કવિ ન્હાનાલાલે સતત ૧૧૪ વર્ષ અવિરત ગુજરાતી સાહિત્યની સેવા કરી. વિશ્વ સાહિત્યના ઈતિહાસમાં આવી વિરલ ઘટના ભાગ્યે જ દૃશ્યમાન થાય! એજ રીતે સરસ્વતી આરાધક જૈન બંધુ બેલડી શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ અને શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ 'જયભિખ્ખુ'ની ગુજરાતી સાહિત્ય અને સમાંતરે જ જૈન સાહિત્ય ક્ષેત્રે એકધારી સાહિત્ય સેવા એ પણ એક અવિસ્મરણિય અને વિરલ ઘટના કહેવાય!

આ બંધુ બેલડીના પૂરોગામી આપણા વીર નર્મદે જેમ એક દિવસ નિર્ધાર કરી કહ્યું કે 'મા શારદા, હવે હું કલમને ખોળે છઉં.' એમ આ બંધુ બેલડીએ પણ કલમને ખોળે માથું ટેક્યું અને પોતાના સાહિત્ય સર્જન અને એ ક્ષેત્રની નોકરી દ્વારા જેટલું અર્થ ઉપાર્જન થઈ શક્યું એમાંથી જ પોતાનો જીવન નિર્વાહ ચલાવ્યો.

આ બંધુ બેલડીમાં ઘણું બધું સામ્ય સામ્ય હતું. હતા તો પિતરાઈ ભાઈઓ પણ સાથે રહ્યાં સગા ભાઈઓથી વિશેષ બનીને! એક બીજાના સંતાનોને પોતાના કરીને ઊછેર્યાં! અર્થ ઉપાર્જનના સાધનો નાના પણ કુટુંબ ભાવના ઊંચી! અને વિસ્મય તો એ કે આ સંપ માત્ર એક જ પેઢીમાં સૂકાઈ ન ગયો પણ એમના સંતાનોને પણ એ જ ગંગાજળમાં વિહરતા અને તરતા આજે આપણે અનુભવીએ છીએ. જોઈએ છીએ! આ કુટુંબના પૂર્વજોએ કેટલી ઊંચી સંસ્કારિતાના બીજ એમના સંતાનોમાં કેટલાં બધાં ઊંડે વાવ્યાં હશે કે એનો વિચાર જ સમાજશાસ્ત્રીઓ માટે એક સંશોધનનો વિષય બની રહે.

કુટુંબના પ્રત્યેક સભ્યોમાં સંપના આ ગુણો ભર્યા : પ્રત્યેક સભ્યોને પ્રેમ કરો, આદર આપો, એમની સિદ્ધિને બિરદાવી પ્રોત્સાહન આપો અને કોઈની પણ સિદ્ધિની કદી ઈર્ષા ન કરો. સંયુક્ત કુટુંબની ચિરંજીવતાના આ ગુણો જ એનો ૦આત્મા.

ગોવર્ધનરામ અને ગાંધી યુગના આ બન્ને મહામનાના જીવનમાં સંપૂર્ણ સાદગી, બન્નેના પ્રકાશક પણ એક, ગુર્જર ગ્રંથ કાર્યાલયના માલિકો તો રતિભાઈને નિવૃત્તિ વગરની મુનિવૃત્તિના મુનિતુલ્ય વિદ્વાનની ઉપમા આપી યશસ્થાને બિરાજાવ્યા.

રતિભાઈના સર્જનમાં પાંચ વાર્તા સંગ્રહો, ૧૬ ચરિત્રો પરિચયો, સતત ૩૨ વર્ષ સુધી વિવિધ વિષયો ઉપર ૧૫૦૦ થી વધુ 'જૈન' માટેના તંત્રી લેખો, પાંચ સંશોધનાત્મક ઈતિહાસ ગ્રંથો, બે અનુવાદો, ચૌદ સંપાદનો, અઠ્યોતેર વર્ષના આયુષ્ય કાળમાં ઝીણવટભર્યું, આટલું વિપૂલ સાહિત્ય સર્જન.

જયભિખ્ખુ રતિભાઇથી એક વર્ષ નાના, અને આયુષ્ય પણ માત્ર ૬૧ વર્ષ; એમાં ૪૦ વર્ષ કલમને ખોળે! પરિણામે ૧૭ નવલકથાઓ, ૨૪ નવલિકા સંગ્રહ, બાલ સાહિત્યની ૪૩ પુસ્તિકાઓ, ૨૪ જીવન ચરિત્ર અને અન્ય વિષયના પાંચ પુસ્તકો તેમજ ૧૬ સંપાદન પુસ્તકો, ઉપરાંત સદ્‌વાચનમાળા, અને વિદ્યાર્થી વાચનમાળાના યશસ્વી પીંછા, તેમજ 'રવિવાર', 'ગુજરાત સમાચાર' વગેરે સાપ્તાહિકોની પ્રેરક કોલમો, અધધ ૧૪૦ પુસ્તકો (ગુજરાતી વિશ્વકોશ તો ૩૦૦ પુસ્તકોનો અંક મૂકે છે.) પાનાં ગણવા જાઓ તો ગણ્યા ગણાય નહિ વિણ્યાં વિણાય નહિ! આંખમાં સમાય નહિ! આટલું બધું વિપૂલ સર્જન ગુજરાતી સાહિત્યને હૈયે ધર્યું.

આ બંધુ બેલડીનું મૂલ્ય નિષ્ઠ સત્ત્વશીલ સાહિત્ય સર્જન. શ્રી રતિભાઈ તો સારા વક્તા પણ અને જયભિખ્ખુએ ગુજરાત સમાચારની કોલમ 'ઈંટ અને ઈમારત'થી એ સમયના યુવાનોનું ઘડતર કર્યું. આ કોલમ 'જયભિખ્ખુ'ની વિદાય પછી એમના સુપુત્ર

કુમારપાળે આગળ વધારી, (૧૯૫૩ થી ૧૯૬૯ ૧૬ વર્ષ જયભિખ્ખુ, ત્યાર પછી આજદિન સુધી કુમારપાળ-અવિરત ગતિથી આ કોલમ લખી રહ્યાં છે, ૩૯ વર્ષથી એટલે કુલ ૫૫ વર્ષ) પિતા-પુત્રની આ ૫૫ વર્ષની એક જ દૈનિકમાં કોલમયાત્રા એ કેટલી બધી અદ્વિતીય ઘટના! ગિનીઝ બુકમાં સ્થાન પામે એવી!

શ્રી રતિભાઈનું સર્જન પરિશ્રમકારક સંશોધનથી સત્ય શોધવાનું અને શ્રી જયભિખ્ખુનું સર્જન કલ્પનાશીલતાથી કથાની રમણિય સૃષ્ટિ દ્વારા સત્ય પીરસવાનું. 'કાન્તા સંમિતતયો ઉપદેશ' એ મમ્મટની કાવ્ય વ્યાખ્યા જેવું. ઉપરાંત બન્નેની કહેણી અને કરણીમાં સમન્વય. આવું જીવન તો માથે કફન બાંધેલો કફની ધારક ફકીર સાહિત્યકાર જ જીવી શકે. ગુજરાતી અને જૈન સાહિત્યનું આ મોટું આશ્ચર્ય જ નહિ, સદ્‌ભાગ્ય પણ!

શ્રી રતિભાઇએ સાહિત્ય સર્જનનો પ્રારંભ કર્યો લગભગ ૨૦ વર્ષની ઉંમરે, એટલે ૫૮ વર્ષની સાહિત્ય સાધના, પરિવાર પુત્ર કુમારપાળે પોતાની અગિયાર વર્ષની ઉંમરે સાહિત્ય સર્જનનો પ્રારંભ કર્યો. એટલે ૫૮+૫૩=૧૧૧ વર્ષની આ બંધુ બેલડીના કુટુંબની ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે સેવા અને માત્ર જયભિખ્ખુ પરિવારની સાહિત્ય સેવાને લક્ષમાં લઈએ તો ૪૦ જયભિખ્ખુના અને ૫૩ વર્ષ આજ સુધી કુમારપાળની સાહિત્ય સેવા એટલે ૯૩ તો થઈ ગયા! કુમારપાળ હજી ૩૦ વર્ષ તો લખશે જ એટલે દલપત-ન્હાનાલાલની ૧૧૪ વર્ષની સાહિત્ય સેવા કરતા વધીને આ સેવા ૧૨૩ વર્ષની થાય એવી શુભેચ્છા અને મા શારદાને પ્રાર્થના.

શ્રી રતિભાઈના સંતાનો, બહેન માલતિબહેન, પ્રજ્ઞાબેન નીતીનભાઈ અને નિરૂભાઈ પણ કલમના પૂજકો. અન્ય ગુણો સાથે સાહિત્ય સંવર્ધન અને સર્જનના ગુણો પણ આ બંધુ બેલડીના સંતાનોમાં અવતર્યા એ પણ એક વિરલ ઘટના જ. એમાંય નીતીન-ભાઈએ રતિભાઈના 'જૈન' સાપ્તાહિકના લેખો એકત્ર કરી, એને વિષય પ્રમાણે ગોઠવી ત્રણ ગ્રંથોનું કુલ લગભગ ૧૬૦૦ પાનાનું 'અમૃત-સમીપે', 'જિનમાર્ગનું જતન', અને 'જિનમાર્ગનું અનુશીલન' શીર્ષકથી સંપાદન કાર્ય કર્યું એ અદ્‌ભુત પિતૃતર્પણ છે.

એજ રીતે જયભિખ્ખુના પુત્ર પદ્મશ્રી ડૉ. કુમારપાળે 'જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ' દ્વારા જયભિખ્ખુના કેટલાંક પુસ્તકોનું પુનઃ મુદ્રણ કર્યું, અને આ ટ્રસ્ટ દ્વારા અનેક સાહિત્ય ઉપયોગી અને સમાજ ઉપયોગી પ્રેરણાદાયી સેવા કાર્યો કર્યા, થતા રહે છે, અને થતા રહેશે. પિતૃતર્પણના આ અદ્‌ભુત દૃષ્ટાંતો!

'પ્રબુદ્ધ જીવન'નો વ્યક્તિ વિશેષ અંકનો પ્રારંભ પૂ. ડૉ. રમણલાલ શાહને સ્મરણાંજલિ અર્પતા અંકથી થયો, જે પછી ગ્રંથનો આકાર 'શ્રુત ઉપાસક ડૉ. ર. ચી. શાહ' શિર્ષકથી પ્રગટ થયો. ત્યાર પછી પંડિત સુખલાલજી વિશે ખાસ અંક પ્રગટ કર્યો. અને હવે આ ત્રીજો વિશેષાંક જૈન બંધુ બેલડી રતિલાલ દીપચંદ દેસાઈ અને જયભિખ્ખુનો શબ્દ ભાવાંજલિ અર્પતો અંક આપના હૃદયને સમર્પિત કરતા કૃતકૃત્યતાની જ નહિ પણ ધન્ય ભાવની લાગણી અનુભવાય છે, કારણ કે અહીં ધન્ય પુરુષોના જીવન અને શબ્દ કર્મનું સત્ય દર્શન છે.

આવા જીવન અને શબ્દ સાધકો માટે તો દળદાર ગ્રંથ તૈયાર થવો જોઈએ. અમારી મર્યાદાને કારણે અમે તો માત્ર પુષ્પ પાંખડી જ પ્રસ્તુત કરી શક્યા છીએ. પણ આશા છે કે કોઈ માતબર સંસ્થા એવો ગ્રંથ પ્રગટ કરે તો અમારા માટે તો એ આનંદ ઉત્સવ દિન હશે જ.

અહીં પ્રસ્તુત મહાનુભાવોના લેખો 'પ્ર. જી.'ના વાચકોને ઉજાશી પ્રેરણા આપશે એવી શ્રદ્ધા પણ છે.

આ બંધુ બેલડીના જીવન, શબ્દ અને આત્માને પ્રણામ કરી મા શારદાના ચરણોમાં મસ્તક નમાવીએ!

**❑ ધનવંત શાહ**


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ | | | |
|---|---|---|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/- | U.S. $ 9-00 | ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/- | U.S. $ 40-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/- | U.S. $ 26-00 | ૧૦ વર્ષનું લવાજમ | રૂા. ૧૦૦૦/- | U.S. $ 75-00 |
| | | | કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/- | U.S. $ 100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે. જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે. પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંમરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના... ?

☛ ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ કન્યા કરિયાવર આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે

# જીવનમાં સત્ય અને કવનમાં શીલના ઉપાસક : સ્વ. રતિલાલ દીપચંદ દેસાઈ

❑ ડૉ. કુમારપાળ દેસાઈ

પોતાના સાત્ત્વિક જીવનથી અને અવિરત સાહિત્ય-સાધનાથી શ્રી રતિલાલ દીપચંદ દેસાઇએ જૈન-સાહિત્યના લેખક તરીકે આગળની પંક્તિમાં સ્થાન મેળવ્યું હતું. એમના વિચારોમાં સ્પષ્ટતા અને વ્યવહારમાં સાચકલાઈ હતી. આજના સમયમાં વિરલ ગણાય એવી સંશોધનની ચીવટ હતી. નિઃસ્પૃહતા તો એવી હતી કે તેમને પોતાની યોગ્યતાથી સહેજપણ વધુ ન ખપે.

આજના સમયમાં ઉપદેશો અને ઉપદેશકો વધતા જાય છે. શબ્દો કેવળ બાહ્ય રૂપે પ્રયોજાય છે. પરિણામે તેનું નૈતિક બળ અને શ્રદ્ધેયપણું ઘટતાં જાય છે. જીવનનાં મૂલ્યો નવેસરથી આંકવાં એ આજના સાહિત્યકારની સાચી ફરજ છે. જીવનના ધબકારને સાહિત્યમાં ઝીલવો, તેને વાચા આપવી, અંતરના અજ્ઞાનના અંધકારને ઉલેચી જીવનની પગદંડી પર આત્માનાં ઓજસ પાથરી જનસમૂહને પ્રેરવો અને ચેતનના પંથ પર પ્રગતિશીલ બનાવવો એ જ જીવનની સાચી સાધના છે, એ કરનાર જ સાચો સર્જક અને સાધક છે. શ્રી રતિલાલ દેસાઈ આ મૂલ્યને જીવન અને કવનમાં પૂર્ણ રીતે પ્રતિબિંબિત કરતા હતા. એમણે જીવનની પ્રત્યેક પળ સંસ્કાર, શિક્ષણ અને સાહિત્યસાધનામાં જ ગાળી. એવા કર્મનિષ્ઠ અને કર્તવ્યપરાયણ સાધકનો જન્મ વિ. સં. ૧૯૬૩ના ભાદ્રપદ સુદિ ૫, ગુરુવાર, તા. ૧૨મી સપ્ટેમ્બર ૧૯૦૭ના રોજ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના ખેરાણી ગામે તેમના મોસાળે થયો હતો. માતાનું નામ શિવકોરબેન. તેમનું મૂળ વતન સાયલા.

ભક્તિના સંસ્કાર તો એમના પિતાશ્રી દીપચંદભાઈ પાસેથી સાંપડ્યા હતા. તેમના પિતાશ્રી એટલા ભક્તિપરાયણ હતા કે સૌ કોઈ એમને 'દીપચંદ ભગત' કહીને બોલાવતા. તેઓ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના યેવલા ગામે નોકરી કરતા હોઈ શ્રી રતિભાઈનો શિક્ષણપ્રારંભ પણ નાસિકમાં જ થયો. માનવજીવનની ભવાટવી જેમ શ્રી રતિભાઈની વિદ્યાર્થીઅવસ્થા પણ એક અર્થમાં ભવાટવી સમી જ બની રહેલી લેખી શકાય એવી એમના જીવની પરિસ્થિતિ હતી. આ કસોટીસમા શિક્ષણકાળે પણ એમના સાધકજીવનમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

વિદ્યાભ્યાસની પરિસ્થિતિ વારંવાર બદલાતી હોવાથી જુદા જુદા સ્થળે સ્થળાંતર કરવાના કારણે તેઓશ્રીના અભ્યાસમાં સાતત્ય જળવાઈ શક્યું ન હતું. જીવનસંઘર્ષનો પ્રારંભ એમના અભ્યાસ-કાળથી થયેલ. વિદ્યાર્થીજીવનના આદ્યાક્ષર તેઓશ્રીએ યેવલામાં ઘૂંટ્યા અને બાળપોથીથી પ્રથમ ધોરણ યેવલામાં પૂરું કર્યું અને તે પછી મહારાષ્ટ્રના ખાનદેશ જિલ્લાના ધૂળિયામાં પણ પાછું નવેસરથી બાળપોથીમાં જ પ્રવેશવું પડ્યું. આમ જીવનના સાધનાકાળનો પ્રારંભ આ શિક્ષણથી જ થયો. અને ધૂળિયામાં મરાઠીમાં પહેલું અને બીજું એમ બે ધોરણ પૂરાં કર્યાં ત્યાં ફરીને 'ચલ મુસાફિર બાંધ ગઠરિયાં' જેમ મહારાષ્ટ્ર છોડી ગુજરાતના વઢવાણમાં આવવું પડ્યું અને અહીં ધોળીપોળમાં આવેલ શાળામાં દાખલ થયા, પરંતુ ત્યાં તેઓને બીજા ધોરણમાં પ્રવેશ ન મળતાં પ્રથમ ધોરણની જ પરીક્ષા આપવી પડી.

આમ વિદ્યાભ્યાસના ઉષઃકાળે બે વખત મરાઠી અને એક વખત ગુજરાતી ધોરણ પહેલું પસાર કર્યું અને પછી પોતાના વતન સાયલામાં બીજું ધોરણ પસાર કર્યું. ફરી પાછા શિક્ષણભવાટવીની ઘૂમરીએ એમને ધૂળિયામાં લાવી મૂકતાં, ત્યાં ત્રીજા અને ચોથા ધોરણનો અભ્યાસ કર્યો. ફરીને ગુજરાતી પાંચમા એટલે અંગ્રેજી પહેલા ધોરણ માટે સુરેન્દ્રનગર ગયા; પણ માતુશ્રીની માંદગીને કારણે પરીક્ષા આપ્યા વગર ધૂળિયા દોડી આવ્યા, પણ પણ વિધિને માતા-પુત્રનું મિલન મંજૂર ન હતું. એમનાં માતુશ્રી શિવકોરબેનનું વિ. સં. ૧૯૭૭ને ચૈત્ર સુદિ ૪ને દિવસે અવસાન થયું. તે સમયે રતિભાઈની ઉંમર ૧૪ વર્ષની હતી.

બાળપણનો એક પ્રસંગ રતિભાઈ વારંવાર યાદ કરતા હતા. આ એક લગ્નપ્રસંગની ઘટના છે. એમની ઉંમર પાંચેક વર્ષની હતી અને એ યેવલામાં રહેતા હતા. એમના પિતાના શેઠને ત્યાં લગ્ન-પ્રસંગ હતો. જાન યેવલાથી પૂના પાસે આવેલા તળેગામ-ઢમઢેકરા જવાની હતી. આમાં રતિભાઈ, એમનાં માતા-પિતા અને એમની નાની બહેન ચંપા પણ સામેલ હતાં. જાન પૂનાં સુધી ટ્રેનમાં ગઈ અને પૂનાથી તળેગામ ગાડીમાર્ગે જવાનું હતું. વચમાં ઉરુપી નદી આવતી હતી, ચોમાસું નજીક હતું. નદીમાં નવું પાણી આવવા લાગ્યું હતું છતાં ગાડાવાળાઓએ ગાડાં નદીમાં ઉતાર્યાં. કેટલાક જાનૈયાઓ સાથે આગળનાં ત્રણ-ચાર ગાડાં સામે કિનારે પહોંચી ગયાં. એમાં રતિલાલના માતા-પિતા પણ હતાં. બીજા ગાડાંઓ નદી પાર કરવા રવાના થયાં, એમાં એક ગાડામાં રતિભાઈ, એમની બહેન ચંપા અને બીજાં થોડાં બાળકો બેઠાં હતાં. ગાડું નદીની વચ્ચે પહોંચ્યું અને નદીના પૂરનો વેગ વધી ગયો એટલે બળદ એવા તણાવા લાગ્યા કે ગાડું ગાડીવાનના હાથમાં રહે જ નહિ. ગાડામાં પાણી ભરાઈ ગયાં. સામાન બધો પલળી ગયો અને બન્ને કિનારે કાગારોળ મચી ગઈ કે હમણાં ગાડું ક્યાંનું ક્યાં તણાઈ જશે! સામે કિનારે વલોપાત કરતાં માતા-પિતા અને પોતાની સામે સાક્ષાત્ મોત ખડું હતું. પણ ખરે વખતે એક હોડી મદદે આવી પહોંચી અને બધાં મોતના મુખમાંથી ઊગરી ગયાં.

શ્રી રતિભાઈના માતુશ્રીના મૃત્યુટાણે, વિયોગને સતત ઘૂંટ્યા કરવાને બદલે તેઓશ્રીના ધર્મપરાયણ પિતાએ પત્નીની પુનિત અને પ્રેમાળ સ્મૃતિને સતત જાળવી રાખવા બીજા જ દિવસે કાશીવાળા આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ પાસે જઈ ચતુર્થવ્રતની પ્રતિજ્ઞા લીધી.

શ્રી રતિભાઈના સાધકજીવન માટેનો આ એક પ્રારંભકાળ લેખી શકાય, કેમ કે તેઓશ્રીના પિતાશ્રીએ આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા

લીધી હતી અને કોઈ પણ પ્રલોભનમાં લપેટાયા વિના પોતાનાં બાળકોને માની ખોટ ન સાલે તે માટેની સારસંભાળ લેવાની અને વિકાસની બેવડી જવાબદારી ઉપાડી લીધી. એમાં તેમના કાકા અમૃતલાલ સુંદરજીનો ફાળો પણ મહત્ત્વનો હતો. કાશીવાળા આચાર્યશ્રી વિજયધર્મસૂરિશ્વરજી મહારાજની સલાહથી શ્રી રતિભાઈને મુંબઇમાં વિલેપારલામાં આવેલ શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ નામક પાઠશાળામાં અભ્યાસ માટે મૂક્યા. આ પાઠશાળામાં ગૃહપતિ શ્રી નાગરદાસ કસ્તૂરચંદ શાહના ચારિત્ર અને પંડિતવર્ય શ્રી જગજીવનદાસની જ્ઞાનસાધનાથી શ્રી રતિભાઇએ પોતાના જીવનને સંસ્કૃત બનાવ્યું અને આ રીતે સાધકજીવનની પગદંડી પર એમના જીવને એક નવા વળાંકવાળી યાત્રાનો પ્રારંભ કર્યો.

પરંતુ રતિભાઈના જીવનમાં પ્રારંભથી જ–ખાસ કરીને તેમના અભ્યાસકાળ દરમિયાન–આવેલાં એક પછી એક સ્થળાંતરોની પરંપરા જ જાણે ચરિતાર્થ થવાની હોય તેમ તેઓ વિલેપારલાની પાઠશાળામાં સ્થાયી થયા ન થયા ત્યાં જ આ આખી પાઠશાળાનું જ વિ. સં. ૧૯૭૮ના અંતમાં બનારસ ખાતે સ્થળાંતર થયું અને બનારસની જાણીતી અંગ્રેજી કોઠીમાં તેની શરૂઆત કરવામાં આવી. આ અરસામાં શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ (જયભિખ્ખુ) પણ આ પાઠશાળામાં જોડાયા. બન્ને પિતરાઈ ભાઇઓએ સાથે રહીને અભ્યાસ કર્યો. તેઓ કુટુંબી ભાઈ હતા એટલું જ નહિ, પણ શ્રી રતિભાઇના પિતાશ્રીના સ્વર્ગવાસ બાદ શ્રી વીરચંદભાઈના વાલી-પણા નીચે સૌનો સારો ઉછેર થયો. તે બન્નેનો ગાઢ આત્મીયભાવ છેવટ સુધી રહ્યો હતો.

બે–અઢી વર્ષ સુધી પાઠશાળાને બનારસ અને આગ્રામાં ચાલુ રાખ્યા પછી આખરે વિ. સં. ૧૯૮૦–૮૧ના અરસામાં શિવપુરીમાં પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના સમાધિમંદિરની સાથેનાં મકાનોમાં આ પાઠશાળા સ્થિર થઈ. અહીં શ્રી રતિભાઈને સ્થિરતાપૂર્વક અભ્યાસ કરવાની તક મળી.

શિવપુરીની પાઠશાળામાં શ્રી રતિભાઇએ અભ્યાસની આરાધના ખૂબ ખંતપૂર્વક કરી. અહીં તેઓ નિયમિત સ્વાધ્યાય, ચિંતન, મનન કરતા. અહીં સતત પરિશ્રમ કરીને તેઓશ્રીએ ઈ. સ. ૧૯૨૮માં કલકત્તા સંસ્કૃત એસોસિએશનની 'ન્યાયતીર્થ'ની પદવી સંપાદન કરી . શિવપુરી પાઠશાળા તરફથી આવી પદવી મેળવનાર તેઓ પ્રથમ વિદ્યાર્થી હોવાથી પાઠશાળાએ એમને 'તાર્કિકશિરોમણિ'ની પદવી આપવાનું નક્કી કર્યું. પણ શ્રી રતિભાઇને આવી પદવી માટેની પાત્રતા પૂર્ણરૂપે ન લાગતાં તેઓ આર્દ્રભાવે ગુરુદેવ પૂ. આચાર્યશ્રી વિદ્યાવિજયજી પાસે જઈ રડી પડ્યા અને આ પદવી સ્વીકારવાની ના પાડી! પાઠશાળા પોતાનો આનંદ સમાવી શકે તેમ ન હોવાથી છેવટે પાઠશાળાએ શ્રી રતિભાઇને 'તર્કભૂષણ'ની પદવી આપી હતી.

આ સફળતા શ્રી રતિભાઈની જ્ઞાનસાધના અને સાધકજીવનના યાત્રાપંથના ચઢાણનો પ્રારંભ ગણાય.

આ પછી તો મૅટ્રિકની પરીક્ષા માટે શ્રી રતિભાઈએ Work is worship એ પોતાના જીવનસૂત્રને અભિવ્યક્ત કરતો અવિરત પુરુષાર્થ આદર્યો. આ સમયે મૅટ્રિકના અભ્યાસક્રમમાં ભૂમિતિ, વિશ્વનો ઇતિહાસ, ભૂગોળ જેવા વિષયો શીખવવામાં આવતા, જેનો શ્રી રતિભાઈને પાઠશાળાના અભ્યાસ દરમિયાન પરિચય નહોતો! આમ છતાં સખત મહેનત કરી ઈ. સ. ૧૯૩૦માં મૅટ્રિકની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરી. એ જ વર્ષમાં વિ. સં. ૧૯૮૬ના વૈશાખ સુદિ ૧૧ ના દિવસે ટીકરપરમાર ગામે શ્રી મૃગાવતીબેન સાથે એમનાં લગ્ન થયાં.

એ પછી તા. ૧–૧૨–૧૯૩૦ના રોજ શ્રી વિજયધર્મલક્ષ્મી જ્ઞાનમંદિરમાં એના ક્યુરેટર તરીકે પ્રથમ નોકરી સ્વીકારી. ત્યાં તેઓને પૂજ્ય શ્રી દર્શનવિજયજી આદિ ત્રિપુટી મહારાજનો પરિચય થયો. લગભગ અઢી વર્ષ સુધી ત્યાં નોકરી કર્યા પછી એમને સંસ્કૃત સાથે એમ.એ.ની ડિગ્રી મેળવવાની ભાવના થઈ એટલે આગ્રા છોડીને ૨૬ વર્ષની ઉંમરે અમદાવાદની ગુજરાત કૉલેજમાં 'પ્રિવિયસ' વર્ગમાં પ્રવેશ મેળવ્યો; પરંતુ એમના પ્રયત્નમાં સફળતા ન મળી. વળી આર્થિક સંજોગોએ સાથ ન આપ્યો, અને મહત્ત્વાકાંક્ષા મનમાં જ રહી ગઈ.

વિ. સં. ૧૯૯૧માં 'સુભાષિત પદ્યરત્નાકાર'ના મુદ્રણકાર્ય અંગે ભાવનગર જવાનું થયું. આ પ્રસંગે તીર્થંકર ભગવાન મહાવીરના કલ્યાણક દિવસે વયોવૃદ્ધ ધર્મપુરૂષ શ્રી કુંવરજીભાઈ આણંદજીના પ્રમુખપદે એમણે 'ભગવાન મહાવીર' વિષે ભાષણ કર્યું. એમના વિચારો અને વક્તવ્યની વ્યાપક અસરે તેઓ ભાવનગરના માનવંતા મહેમાન બની ગયા. એની સાથોસાથ શ્રી બેચરભાઈ શાહ અને શ્રી ભાઇચંદભાઈ શાહ જેવા મિત્રો મળ્યા.

આ પછી તેઓશ્રી મુનિસંમેલનના માસિક મુખપત્ર 'જૈન સત્યપ્રકાશ'ના સંપાદનમંડળમાં જોડાયા અને તેર વર્ષ સુધી તેનું સંપાદનકાર્ય કર્યું. તે દરમિયાન પૂ. આચાર્યશ્રી વિજયનેમિ-સૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્યશ્રી સાગરનંદસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્યશ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજ તેમ જ તેઓના શિષ્યોનો ગાઢ સંપર્ક થયો અને તેઓ દરેક શ્રી રતિભાઈની તટસ્થતા અને કાર્યનિષ્ઠા માટે માન ધરાવતા થયા.

વિ. સં. ૨૦૦૦માં તેઓ માસિક સો રૂપિયાના પગારથી અમદાવાદ સીડ્ઝ ટ્રેડર્સ એસોસિએશન નામની વાયદાના વેપારની સંસ્થાની ઑફિસમાં જોડાયા. અહીં તેઓ પ્રામાણિકતા અને કાર્યનિષ્ઠાથી બોર્ડ ઓફ ડિરેક્ટર્સના પણ વિશ્વાસપાત્ર બન્યા હતા. આ સમય એમના માટે આર્થિક મુશ્કેલીનો હતો છતાં ય તેઓએ સટ્ટો કરવાનો વિચાર પણ ન કર્યો. મૃગજળની દુનિયા તરફ સહેજે લોભાયા નહિ. આ ભાવના અંગે તેઓ ઈશ્વરની કૃપા સમજતા. અહીં ચૌદ વર્ષ અને બે મહિના સુધી પૂરી પ્રામાણિકતાથી કામ કર્યું. વિ. સં. ૨૦૧૪માં જ્ઞાનોદય ટ્રસ્ટના સેક્રેટરી તરીકે જોડાયા. અહીં એમનો માસિક પગાર ત્રણસો નક્કી કરવામાં આવ્યો. પરંતુ એમણે સામે ચાલીને કહ્યું કે હું ત્રણસો રૂપિયા નહિ, અઢીસો રૂપિયા લઇશ. ટ્રસ્ટના સંચાલકોએ કહ્યું કે, 'આજે તો વધારે પગાર

માગનારા ઘણા મળે છે પણ ઓછો પગાર માગનારા તો તમે એક જ મળ્યા!' એવી જ રીતે જ્યારે મહાવીર જૈન વિદ્યાલયના આગમ સંશોધન પ્રકાશન વિભાગના સહમંત્રી તરીકે શ્રી રતિભાઈ જોડાયા ત્યારે પણ એમણે સાડાત્રણસો રૂપિયાને બદલે ત્રણસો લેવાનું સ્વીકાર્યું હતું.

સંપત્તિ અંગેની નિઃસ્પૃહતા શ્રી રતિભાઈ દેસાઈના જીવનમાં સતત પ્રગટ થાય છે. પૂ. જયંતવિજયજી મહારાજે તેઓના કામના મહેનતાણા ઉપરાંત વિશેષ એકસો રૂપિયા બક્ષિસરૂપે આપવાનું સૂચન કર્યું પણ તેઓએ પળના ય વિલંબ કર્યા વિના આજથી ચાલીસ વર્ષ પહેલાં બક્ષિસરૂપે અપાયેલા એ સો રૂપિયા પાછા આપ્યા.

દસેક વર્ષ અગાઉ પૂ. દેવેન્દ્રસાગરજી મહારાજે એમની સંઘની પેઢીમાંથી 'જૈન' સાપ્તાહિકના માર્મિક અને નિર્ભીક અગ્રલેખો માટે પાંચસો રૂપિયા મોકલાવ્યા ત્યારે શ્રી રતિભાઇએ એ પૈસા પાછા મોકલાવ્યા અને ઉત્તરમાં લખ્યું કે પેઢીને મારે મદદ કરવી જોઈએ; એની પાસેથી કોઈ રકમ લેવાની ન હોય. શ્રી રતિભાઈના જીવનમાં સતત આવી નિઃસ્પૃહતા પ્રગટ થતી.

વિ. સં. ૨૦૦૩માં પ્રજ્ઞાચક્ષુ પં. શ્રી સુખલાલજીને શ્રી વિજય-ધર્મસૂરિ જૈન સાહિત્યચંદ્રક એનાયત કરવાના અવસર પર ભાવનગર ગયા હતા. અહીં સુપ્રસિદ્ધ લેખક શ્રી 'સુશીલ'ના સહવાસમાં આવ્યા. શ્રી 'સુશીલ' સુપ્રસિદ્ધ 'જૈન' સાપ્તાહિકમાં અગ્રલેખો લખતા અને સાહિત્યસાધના પણ કરતા. પરંતુ પોતાની નાદુરસ્ત તબિયત અને હાથના દુઃખાવાને લીધે લખી શકવા અશક્ત બન્યા હતા. તબીબોએ છ મહિના સુધી લેખન-વાંચન પ્રવૃત્તિથી દૂર રહેવા જણાવ્યું હતું. સાચો પત્રકાર આંગળી ખરી પડે કે આંખો બિડાઈ જાય તોપણ તે પોતાની લેખનપ્રવૃત્તિને વળગી જ રહે! શ્રી 'સુશીલ'ને પણ આ જ ચિંતા હતી કે પોતે લખવાનું છોડી દે તો 'જૈન'નું શું થાય? પરંતુ શ્રી 'સુશીલ' પ્રત્યેના અગાધ આદરને કારણે હોય, કોઈ અંતઃપ્રેરણા હોય કે ભવિતવ્યતા હોય એમ શ્રી રતિભાઈ બોલી ગયા કે છ મહિના સુધી 'જૈન'માં અગ્રલેખો લખવાનું કામ સંભાળી લઈશ. શ્રી રતિભાઇએ ચાર વર્ષ અગાઉ કહેલું કે આજે અઠ્ઠાવીસ-ઓગણત્રીસ વર્ષ, થઈ જવા છતાં પણ એ છ મહિના હજી પૂરા થયા નથી, કેમ કે શ્રી સુશીલભાઇની તબિયત ઉત્તરોત્તર બગડતી ગઈ. શ્રી રતિભાઇને કલમ સોંપી તે સોંપી અને તેઓ ક્યારેય કલમ ઉપાડી શક્યા જ નહિ. અને શ્રી રતિભાઇની કલમ આજથી ચારેક વર્ષ પહેલાં જ અટકી. શરૂઆતમાં તો ઘણી મથામણ કરવી પડતી. ક્યારેક રાત્રે બે વાગ્યે ઊંઘ ઊડી જતી અને કયા વિષય પર લખવું એની ભારે ગડમથલ ચાલતી. પણ ધીરે ધીરે વિચારોની સ્પષ્ટતા અને રજૂઆતની કુનેહ સાંપડતાં એ કામ આસાન બની ગયું.

શ્રી રતિભાઈના સાધકજીવનનાં અનેકવિધ પાસાં છે. એમનું વ્યક્તિત્વ, એમની પ્રતિભા અને એમની કર્તવ્યપરાયણતામાં એક કર્તવ્યનિષ્ઠ કર્મયોગીના જીવનની સૌરભ છે. તેઓ પત્રકાર હતા, સાહિત્યકાર હતા, સંશોધક હતા. પત્રકાર તરીકે એમની કલમમાં સમાજજીવનના સંવેદનનું દર્શન થાય છે. સર્જક અને સાહિત્યકાર તરીકે તેઓની કલમમાં સર્જકની અનુભૂતિ અને પ્રાચીનતા પ્રત્યેના ઊંડા આદરનો સ્પર્શ થાય છે.

શ્રી રતિભાઇના જીવન પર શિવપુરીના ન્યાયના અધ્યાપક શ્રી રામગોપાલાચાર્ય, પંડિત શ્રી જગજીવનદાસભાઈ, મુનિરાજ શ્રી જયંતવિજયજી, શ્રી નાગરદાસ કસ્તૂરચંદ શાહ, પંડિતવર્ય શ્રી સુખલાલજી, પં. શ્રી બેચરદાસજી, પ્રોફેસર ફિરોજ કાવસજી દાવર, પં. શ્રી દલસુખભાઈ, કાશીવાળા વિજયધર્મસૂરીશ્વરજી, પૂ. શ્રી દર્શનવિજયજી મહારાજ ઉપરાંત પૂ. આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ પ્રત્યેની તેમની ભક્તિ અને શ્રદ્ધાનું આલેખન શકય નથી. તેની પ્રતીતિ તો વિ. સં. ૧૯૭૪માં ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભાએ પ્રગટ કરેલ મુનિશ્રી પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંકમાં 'જ્ઞાનજ્યોતિની જીવન-રેખા'ના વાચન પરથી સાંપડી રહે છે. શ્રી રતિભાઈનું જીવન સમસ્ત એક સાધના છે. તેઓ સત્યના આગ્રહી હોવા ઉપરાંત સ્પષ્ટવક્તા પણ હતા. તેઓશ્રીએ પૂ. શ્રી પુણ્યવિજયજી મહારાજની દીક્ષાપર્યાય ષષ્ઠિપૂર્તિ નિમિત્તે અર્પેલ અભિવાદન પ્રસંગે કહેલું:

'અંતમાં સત્યની ચાહના જાગે તો જીવનવિકાસનું પહેલું પગથિયું સાંપડે. સાચું વિચારવું, સાચું બોલવું અને સાચું આચરવું એ જ ધર્મનો માર્ગ અને એ માર્ગે ચાલવું એ જ માનવજીવનનો મહિમા. સત્યને માર્ગે ચાલવા માટે જે છળપ્રપંચ, દંભ અને અહંકારથી અળગો રહે અને સરળતા, નિખાલસતા અને નમ્રતાને અપનાવે, એ સાચી ધાર્મિકતાના અમૃતનું પાન કરીને જીવનને અમૃતમય બનાવી શકે.'

પોતાની જાતનું અને વિશ્વનું સત્યદર્શન પામવાનો મુખ્ય ઉપાય છે નિષ્ઠાભરી, નિઃસ્વાર્થ, નિર્દંભ અને નિર્મળ જ્ઞાનસાધના. એટલે જીવનસાધનાના ધ્યેયને વરેલ સાધકના જીવનમાં કોઈક ભૂમિકા એવી પણ આવી પહોંચે છે કે જ્યારે સત્યસાધના અને જ્ઞાનસાધના એકરૂપ બની જઈને સાધકને અવૈર, અદ્વેષ, અભય, અહિંસા અને કરુણા જેવા દૈવી ગુણોથી સમૃદ્ધ બનાવી દે છે.'

આ એમના શબ્દોનું પ્રતિબિંબ એમના જીવનમાં કાર્યાન્વિત રૂપમાં તાદૃશ જોવા મળે છે. સંસારી હોવા છતાં તેઓ આજીવન સાધક રહ્યા. એમના પ્રત્યેક સર્જનમાં સત્યદર્શન અને જ્ઞાનદર્શનનો

*'પોતાના અનુયાયીઓની સંખ્યામાં દિવસે-દિવસે ઘટાડો થવા છતાં, જૈનધર્મ હિંદુસ્તાનમાં બીજા ધર્મોની સાથે પોતાનું અસ્તિત્વ ટકાવી શક્યો છે તેનું એક અને મુખ્ય કારણ એનું સંસ્કારબળ, અને બીજું મહત્ત્વનું કારણ એના અનેક બાહોશ અનુયાયીઓનું ગણનાપાત્ર ધનોપાર્જનબળ છે. આ ધનબળ અને સાધર્મિકો માટે તેના ઉદાર વ્યયનું બળ જો નબળું થઈ જાય, તો તેની અસર સંસ્કારબળ ઉપર શી થાય એનો ગંભીરપણે વિચાર કરવાની જરૂર છે.'*

□ રતિલાલ દી. દેસાઈ

સુમેળ સધાયેલો છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આગમસંશોધન પ્રકાશન, ધાર્મિક શિક્ષણપ્રવૃત્તિ સાથે બાર વર્ષ સંકળાઈ સન ૧૯૭૨માં નિવૃત્તિ લીધી ત્યારે તેઓએ જણાવ્યું કે, 'મને સોંપવામાં આવેલાં કામોને માટે જે રીતે ન્યાય આપવો જોઈએ અને એનો વખતસર સારી રીતે નિકાલ કરવો જોઈએ એ મારાથી થઈ શકેલ નથી, તેથી સંસ્થાની નોકરીમાં વધુ વખત રહેવું એ મારે માટે ઊચિત નથી.' કેટલી નમ્રતા, નિષ્ઠા અને સત્યપ્રિયતા!

આ રાજીનામાનો શ્રી મહાવીર જૈન વિદ્યાલયે સખેદ સ્વીકાર કરતાં ઠરાવ કર્યો હતો કેઃ

'(તેઓ) જિનામગ અને સાહિત્ય-પ્રકાશન, ધાર્મિક શિક્ષણની પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત થઈ ગયા હતા. તે ઉપરાંત વિદ્યાલય તરફથી અન્ય જે કાર્ય તેઓશ્રીને સોંપવામાં આવતું તે ઉલ્લાસ-પૂર્વક કરી, પૂરો ન્યાય આપી, સંસ્થાની પ્રતિભા સમાજમાં વધારવામાં સારો એવો ફાળો આપેલ છે. સંસ્થા સાથેના સંબંધ દરમિયાન તેઓએ સતત પ્રયત્નશીલ રહી સંસ્થા પ્રત્યેની ભક્તિનાં દર્શન કરાવ્યાં છે.'

શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાંથી નિવૃત્ત થયા બાદ વિદ્યાલય હસ્તકના શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથ માળામાં યોગસાધનાને સક્રિય રાખવા માટે ઉપયોગી એવા 'જૈન દૃષ્ટિએ યોગ'ની ત્રીજી આવૃત્તિ પ્રગટ કરવામાં સહાયરૂપ બન્યા હતા. તેઓ હસ્તક પૂ. શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયના 'શાંતસુધારસ'ના ભાષાંતરની ત્રીજી આવૃત્તિ છપાઈ છે.

શ્રી અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રમણોપાસક શ્રી સંઘ સંમેલન (અમદાવાદ), ભાવનગરની શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, શ્રી જૈન આત્માનંદ સભા વગેરે અનેક સંસ્થા સાથે વિના વેતને સંકળાયેલ રહી મહત્ત્વની કામગીરી બજાવેલ છે.

શ્રી જીવનમણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયેલ 'ગુરુ ગૌતમસ્વામી' (ચરિત્રકથા) અત્યાર સુધીમાં એમનાં પ્રગટ થયેલ સાહિત્યસર્જનમાં સૌથી શ્રેષ્ઠ કીર્તિપ્રેરક સર્જન બની રહ્યું છે. આ સંશોધનાત્મક કથાએ સમગ્ર ગુજરાતી જીવનચરિત્ર-સાહિત્યને વધુ ઉજ્જવલ બનાવ્યું છે. શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ (મુંબઈ)એ આ પ્રકાશનથી પ્રભાવિત થઈ કર્મયોગી સાહિત્યકાર અને સેવાભાવી શ્રી રતિભાઈને સુવર્ણચંદ્રક આપીને બહુમાન કર્યું હતું.

શ્રી રતિભાઈનું જીવન એક સંશોધક, સાધક અને કર્મનિષ્ઠ યોગીનું જીવન હતું. એમની સાહિત્યસાધનાએ જૈન સાહિત્યની વિપુલતામાં ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો. તેઓશ્રીની કલમ કોઈ એક ક્ષેત્ર પૂરતી મર્યાદિત ન રહેતાં, સાહિત્યનાં બધાં જ ક્ષેત્રને આવરી લેતી હતી. તેમણે ચરિત્રો લખ્યાં, વાર્તાઓના સંપાદનનું ક્ષેત્ર ખેડ્યું, વળી પત્રકાર, સંશોધનકાર, વાર્તાકાર તરીકે સારી નામના મેળવી હતી.

શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીનો ઈતિહાસ લખવા માટે શેઠ શ્રી કસ્તૂરભાઈએ શ્રી રતિભાઈ દેસાઈને આ ભગીરથ કાર્ય કરવાનું કહ્યું. આશરે છએક મહિને સંકોચ સાથે એમણે આ કાર્ય સંભાળવાની સંમતિ આપી. આ માટે કોઈ નાની સરખી હકીકત પણ લક્ષ બહાર જવા ન પામે તેની ભારે ચીવટ સાથે પેઢીના ઇતિહાસનો પ્રથમ ભાગ તૈયાર કર્યો. વિશાળ પાયા પરના જૂના રેકર્ડ (દફ્તર), તેનાં જીર્ણ થયેલાં પાનાંઓ, ચોપડાઓ, ચુકાદાઓ, પરવાનાઓ વગેરેમાં પડેલી મહત્ત્વની વિગતો, લેખો અને ઉપલબ્ધ તમામ સામગ્રીઓનો એમણે ઝીણવટભર્યો અભ્યાસ કર્યો. ખૂબ વિસ્તૃત અને સંખ્યાબંધ પાદનોંધ સાથે આ ઐતિહાસિક ગ્રંથ તૈયાર થયો. એના પ્રથમ ભાગમાં નગરશેઠ શાંતિદાસ ઝવેરી અને અન્ય પ્રભાવશાળી મહાનુભાવોએ કરેલી ધર્મરક્ષા, તીર્થરક્ષા અને શાસનપ્રભાવનાની કામગીરીનો વેધક ચિતાર આપવામાં આવ્યો છે.

શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસના બીજા ભાગના લેખનનું કાર્ય એ શ્રી રતિભાઇને માટે કોઈ તપસ્વીના આકરા તપ જેવું કાર્ય બન્યું. એક બાજુ સ્વાસ્થ્ય ક્ષીણ થતું હતું અને બીજી બાજુ ભાગપૂર્ણ કરવાની મનોકામના વધુ ને વધુ દૃઢ થતી હતી. એવામાં ૧૯૮૩ના પાંચમી ઑક્ટોબરે ડાબા અંગે લકવાનો હુમલો થયો. બીજો ભાગ લખી શકાશે નહીં-તે માટે પેઢીને રાજીનામું લખી મોકલ્યું. પેઢીએ ઊંડી સૂઝ અને ઉદાર સૌજન્ય દાખવીને કહ્યું કે તમે કંઈ પેઢીના કર્મચારી નથી, તેથી રાજીનામાનો કોઈ સવાલ છે જ નહીં. આ કામ તમારી અનુકૂળતાએ તમે જ પૂરું કરશો. આ ભાવનાએ ફરી રતિભાઇને કાર્યરત કર્યા. પાછળનાં વર્ષોમાં એનું માત્ર એક જ લક્ષ નજરે ચઢતું કે ક્યારે બીજો ભાગ પૂરો કરું, ક્યારે જવાબદારીથી સુપેરે મુક્ત થાઉં! ૧૯૮૫ના મેમાં મોતિયાનું ઑપરેશન થયું. ડાયાબિટિસ અને બ્લડપ્રેસર કાબૂમાં રાખવા પડ્યા હતા. કોઈ વૃદ્ધ યાત્રી જીવનની તમામ શક્તિ એકઠી કરીને જેમ ગિરિરાજ પર યાત્રા કરતો હોય તેવી જ યાત્રા રતિભાઈએ આના લેખનની પાછળ કરી. આમાં એમનાં પુત્રી માલતી અને પૌત્રી શિલિપાનો સાથ મળ્યો. આખરે એમણે બીજા ભાગનું લેખનકાર્ય પૂર્ણ કર્યું અને એની સાથોસાથ જીવનલીલાં પણ સંકેલી લીધી. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસનો બીજો ભાગ એ ક્ષીણ અને જીર્ણ શરીર પર મનની મક્કમતા અને પેઢી તેમજ શ્રીસંઘ તરફની અગાધ મમતાના વિજયનો કીર્તિસ્થંભ ગણાય.

જીવનને ધન્ય કરનારી આવી વ્યક્તિ મૃત્યુને પણ ધન્ય કરી જાય છે. પોતાની અંતિમ ઇચ્છા રૂપે એમણે ચક્ષુદાન કર્યું અને એથીય આગળ વધી તબીબી સંશોધનને માટે દેહદાન કર્યું. જીવન અને કવનમાં પ્રામાણિકતા, ધર્મ અને સત્યની ઉપાસના કરનાર રતિભાઈ જેવા શ્રેયાર્થી આજના જમાનામાં તો વિરલ જ છે.

***

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

# જયભિખ્ખુ : જીવન અને જીવનદર્શન

❑ ડૉ. નટુભાઈ ઠક્કર

સાહિત્યજગત જેને જયભિખ્ખુના હુલામણા નામથી ઓળખે છે તે જયભિખ્ખુનો એટલે કે બાલાભાઈ વીરચંદ દેસાઈનો જન્મ વિક્રમ સંવત ૧૯૬૪ના જેઠ વદ તેરસને શુક્રવારે સાત વાગે (ઈ. સ. ૧૯૦૮ના જૂન મહિનાની ૨૬મી તારીખે) સૌરાષ્ટ્રમાં એમના મોસાળ વિંછીયા ખાતે થયો હતો. એમના માતાનું નામ પાર્વતીબહેન અને પિતાનું નામ વીરચંદભાઈ ખેમચંદ દેસાઈ. જયભિખુ જ્યારે ચાર વર્ષના હતા ત્યારે માતાનું મૃત્યુ વઢવાણ ખાતે થયું હતું. માના મૃત્યુ પછી બાલ્યાકાળનાં કેટલાંક વરસો એમણે મોસાળમાં જ વિતાવ્યાં.

પિતા વીરચંદભાઈ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલા જૂના સાબરકાંઠાના વરસોડા રાજ્યના અને પાછલાં વર્ષોમાં નાના ભાયાતોના કારભારી હતા. તેમનો અભ્યાસ ચાર ચોપડી સુધીનો. પણ કાયદાગત જ્ઞાન ભલભલા ડિગ્રીધારી વકીલોને હંફાવે એવું. સમાજમાં એક શક્તિશાળી કારભારી તરીકેની નામના. પોતાના વૈભવવાળા કુટુંબની ડગમગી ગયેલી સ્થિતિને સ્વપ્રયત્ને તેઓએ સ્થિર કરી હતી. પિતાના નીડર, અતિથિપ્રેમી કુટુંબવત્સલ સ્વભાવના સંસ્કાર બાળ જયભિખ્ખુને ગળથૂથીમાંથી જ મળ્યા હતા.

વીરચંદભાઈનું કુટુંબ ધર્મપ્રેમી, કુટુંબવત્સલ અને સાહિત્યના સંસ્કારોથી ઓપતું હતું. તેમના ભાઈ દીપચંદ એટલા ભક્તિ-પરાયણ જીવ હતા કે બધા તેમને 'દીપચંદ ભગત' કહેતા. એમણે પત્નીના અવસાન પછી જૈન ધર્મની દીક્ષા અંગિકાર કરી હતી. એમના દીકરા રતિભાઈ પણ જૈન સહિત્યના અગ્રણી લેખક રહ્યા હતા. એમનું જીવન પણ સાધના અને સમર્પણથી ઓપતું હતું. આવા ધાર્મિક પ્રકૃતિના વાતાવરણવાળા કુટુંબમાં જન્મ અને ઉછેરને કારણે જૈન ધર્મના સંસ્કાર જયભિખુને ગળથૂથીમાંથી જ સાંપડ્યા હતા.

પ્રાથમિક શિક્ષણ જયભિખ્ખુએ સૌરાષ્ટ્રમાં આવેલ બોટાદ અને તે પછી ઉત્તર ગુજરાતના વીજાપુર પાસેના વરસોડામાંથી મેળવ્યું. અંગ્રેજી ત્રણ સુધીનો માધ્યમિક અભ્યાસ અમદાવાદની ટ્યૂટોરિયલ હાઈસ્કૂલમાંથી કર્યો. ત્યાર પછી કેળવણીની તેમની દિશા ફંટાઈ. સામાન્ય રીતે પરંપરાથી મેળવાતું માધ્યમિક અને કૉલેજશિક્ષણ લેવા તરફ તેઓ વળ્યા નથી. અંગ્રેજીના ત્રણ ધોરણ સુધીના માધ્યમિક શિક્ષણ બાદ મુંબઈ ખાતે મુનિશ્રી વિજયધર્મસૂરિએ સ્થાપેલ શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ–જે વિલેપાર્લેમાં હતું–તેમાં સંસ્કાર–શિક્ષણાર્થે દાખલ થયા. મુંબઈની આ સંસ્થાએ સ્થળાંતર કર્યું ત્યારે તેની સાથે કાશી, આગ્રા અને છેવટે ગ્વાલિયર રાજ્યના વનશ્રીથી ભર્યાભર્યા શિવપુરીમાં સ્થળાંતર કરી આઠ–નવ વર્ષ સુધી સંસ્કૃત, હિંદી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાસાહિત્યનું અધ્યયન કર્યું. તેમની સાથે જ પિતરાઈ ભાઈ રતિલાલ પણ અભ્યાસરત હતા. શિવપુરીમાં બંને પિતરાઈ ભાઇઓ એટલા નજીક આવ્યા કે સહુ એમને સગા ભાઈ જ માનતા.

વીરતત્ત્વ પ્રકાશક મંડળની આ સંસ્થામાં રહીને જયભિખ્ખુએ જૈન તત્ત્વજ્ઞાન અને દર્શનનું ઊંડું અધ્યયન કર્યું. ત્યાર બાદ કલકત્તા સંસ્કૃત એસોસિએશનની ન્યાયતીર્થની પદવી સંપાદન કરી. શિવપુરી ગુરુકુળની 'તર્કભૂષણ'ની પદવી પણ મેળવી.

'ન્યાયતીર્થ'ની પરીક્ષા આપવા માટે જયભિખ્ખુ જ્યારે કલકત્તામાં આવ્યા ત્યારે ભાવિ જીવનના નકશા માટે મનમાં અનેક પ્રકારની ઊથલપાથલો ચાલતી હતી. જીવનનો કોઈ એવો રાહ પસંદ કરવો હતો જે કાંટાળો ભલે હોય પણ કોઈ ધ્યેયને ચિંતવતો હોય. એમાંથી ત્રણ નિર્ણયો થયા: નોકરી કરવી નહીં, પૈતૃક સંપત્તિ લેવી નહીં અને કલમના આશ્રયે જિંદગી વિતાવવી. જીવનના આરંભકાળે લીધેલા આ ત્રણ નિર્ણયોએ એમના પુરોગામી નર્મદ અને ગોવર્ધનરામની જેમ એમની પણ સારી એવી તાવણી કરી. પૈતૃક સંપત્તિ નહીં લેવાની પ્રતિજ્ઞાને સાચવવા જતાં નોકરી નહીં કરવાની પ્રતિજ્ઞા સાત–આઠ વર્ષ માટે વિસારે પણ મૂકવી પડી છતાં આ નિર્ણયોએ એમના ખમીરની કસોટી કરી જીવનમાં પ્રાણ રેડ્યો.

જયભિખ્ખુનાં લગ્ન ઈ. સ. ૧૯૩૦ના મે મહિનાની તેરમી તારીખે વૈશાખ વદ એકમના રોજ રાણપુરના શેઠ કુટુંબની પુત્રી વિજયાબહેન સાથે થયાં હતાં. એમનું ગૃહજીવન મધુર આતિથ્ય અને ઉદાત્ત સંસ્કારની મહેકથી ભર્યું ભર્યું હતું. જયભિખ્ખુ એમના જીવન દરમિયાન સૌ સ્નેહીજનોમાં ત્રણ નામથી જાણીતા હતા. કુટુંબનું એમનું હુલામણું નામ હતું ભીખાલાલ. સ્નેહીઓમાં તે બાલાભાઈના નામે જાણીતા હતા અને સાહિત્યક્ષેત્રે 'જયભિખ્ખુ' એમનું ઉપનામ બન્યું હતું. 'જયભિખ્ખુ' ઉપનામ એમણે વિજયા-બહેનમાંથી 'જય' અને ભીખાલાલમાંથી 'ભિખ્ખુ' લઈને બનાવ્યું હતું. મજાદર ખાતે મળેલા લેખકમિલન સમારંભમાં જયભિખ્ખુનો પરિચય આપતા આ સંદર્ભમાં શ્રી જ્યોતીન્દ્ર દવેએ પોતાની લાક્ષણિક રમૂજી શૈલીમાં કહેલું, 'અર્ધનારીશ્વર સ્વરૂપની જેમ બાલાભાઈ નામમાં 'બાળા' અને 'ભાઈ'નો એવો સમન્વય સધાયો કે એમણે પોતાનું બીજું નામ પસંદ કર્યું તેમાં પણ આ વાતનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો છે. એક ડગલું આગળ વધીને રખેને પોતાની પત્નીને ખોટું ન લાગે માટે એમણે ધારણ કરેલ તખલ્લૂસ 'જયભિખ્ખુ'માં એમની પત્ની જયાબહેન અને પોતાનું નાનપણનું નામ ભીખાલાલ એ બે ભેગા કરીને જયભિખ્ખુ બની ગયા!' (જયભિખ્ખુ ષષ્ટિ પૂર્તિ સ્મરણિકા', ડિસેમ્બર '૭૦, પૃ. ૫૦)

જયભિખ્ખુના સાહિત્યિક ઘડતરમાં આમ જન્મજાત શક્તિ સાથે ધાર્મિક પ્રકૃતિના સંસ્કારી અને સાહિત્યપ્રીતિ ધરાવતા કુટુંબમાં જન્મ અને ઉછેરે મૂળગત રીતે ભાગ ભજવ્યો છે. આ ઉપરાંત

માતા-પિતા અને અન્ય સ્વજનો, શિક્ષણ-શિક્ષકો તેમજ અન્ય મહાનુભાવો, પ્રસન્નમંગલ દામ્પત્ય અને પ્રકૃતિસૌંદર્યે પણ સારો એવો ફાળો આપ્યો છે.

કુદરતી સૌંદર્યથી ભર્યાભર્યા વાતાવરણમાં નિવાસ કરવાની જે તક જીવનના આરંભકાળમાં એમને સાંપડી એણે એમના રસરંગીન મિજાજને ઓપ આપવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. એમનું બાળપણ વિંછિયામાં, કિશોરાવસ્થા ડૉ. ક્રાઉઝેએ પોતાની મુલાકાત દરમિયાન 'હોલિવુડ જેવું' જેને ગણાવ્યું હતું એ વરસોડામાં અને વિદ્યાર્થીકાળ કુદરતી સૌંદર્યથી ભર્યાભર્યા શિવપુરીમાં વીત્યાં. પ્રકૃતિસૌંદર્યનો આ સંસ્પર્શ એમના જીવનમાં એક પ્રકારની મસ્તી અને સાહસિકતાને સંભરી ગયો છે. શ્રી મધુસુદન પારેખ આથી જ કહે છે, 'એમની કૃતિઓમાં એમને મળેલા ધર્મસંસ્કાર એ જેમ પ્રેરકબળ છે, તેમ એમણે કરેલું પરિભ્રમણ એ પણ એક પરિબળ છે. પ્રકૃતિનો રસાસ્વાદ પામીને એમનો જીવ કોળ્યો છે. તેમનામાં 'રૉમેન્ટિસિઝમ' દેખાય છે તે ખીલવવામાં આ પ્રકૃતિદર્શનનો પણ ફાળો હશે.' ('જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સ્મરણિકા', ડિસેમ્બર '૭૦, પૃ. ૫૧)

કથાવાર્તા વાંચવાનો શોખ જયભિખ્ખુને છેક બાળપણથી જ. આવું સાહિત્ય એકલું વાંચવાનું નહીં...એ વાંચતાં વાંચતાં જે નોંધવા જેવું લાગે એ નોંધી પણ લેવાનું એ એમની ટેવ. ગોવર્ધનરામના 'સરસ્વતીચંદ્ર' સાથે એમને સમજ ખીલી ત્યારથી અનોખી પ્રીતિ, અને એને કારણે સાહિત્યકાર તરીકે એમના આદર્શ રહ્યા છે-ગોવર્ધનરામ ત્રિપાઠી. ગોવર્ધનરામના જીવને પણ જયભિખ્ખુના સાહિત્યિક ઘડતરમાં ઠીક પ્રેરણા પૂરી પાડી છે. એમના જીવનાદર્શમાંથી પ્રેરણા મેળવીને જયભિખ્ખુએ પણ પોતાના જીવનના આરંભકાળમાં જીવનની કસોટી કરે એવી ત્રણ પ્રતિજ્ઞાઓ કરી. એ પ્રતિજ્ઞાઓએ એમને સંઘર્ષની એરણ ઉપર ઠીક ઠીક કસ્યા પણ ખરા. પણ છેવટે મા શારદાની સેવા-ઉપાસનાની દૃઢ તમન્નાએ જયભિખ્ખુને યશ અપાવ્યો. આ સંદર્ભમાં જયભિખ્ખુ કહે છે, 'ઊખર જમીનમાં જે વૃક્ષ વાવ્યું તેને ઉછેરતાં કાળી કસોટી થઈ, પણ અંતે તેના પર રંગબેરંગી ફુલ આવ્યાં, એની રૂપસુંગધથી મન મહેકી રહ્યું ને લાંબે ગાળે સુસ્વાદુ ફળ પણ બેઠાં.' ('જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સ્મરણિકા', ડિસેમ્બર '૭૦, પૃ. ૧૯)

જયભિખ્ખુને મહાશાળામાંથી મળતું શિક્ષણ નથી મળ્યું. માધ્યમિક શિક્ષણ પણ એમણે અધૂરું જ લીધું છે એટલે અન્ય સાહિત્યકારોની જેમ ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી કે અન્ય સાહિત્યનો પદ્ધતિસરનો અભ્યાસ કરવાની તક એમને નહીં મળી હોય એવું અનુમાન થાય. પણ આ અનુમાનમાં બહુ તથ્ય જણાતું નથી. વિજયધર્મસૂરિએ સ્થાપેલ વીરતત્ત્વ પ્રકાશક મંડળમાં તેમણે જૈન તત્ત્વજ્ઞાન તેમ જ જૈન દર્શનનું અધ્યયન કર્યું એની સાથે સાથે હિંદી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાસાહિત્યનો પણ ઠીક ઠીક અભ્યાસ કર્યો છે. શિવપુરીના ગુરુકુળમાં યુરોપીય વિદ્વાનો અભ્યાસ અને નિરીક્ષણ માટે આવે. ડૉ. ક્રાઉઝે નામના વિદૂષી તો વર્ષો સુધી આ સંસ્થામાં રહેલાં. એમના સંપર્ક અને સમાગમને કારણે પાશ્ચાત્ય સાહિત્ય અને સંસ્કારનો તેમને પરિચય થયો. મધ્યપ્રદેશમાં લાંબો સમય રહેવાને કારણે હિંદી ભાષાનો પણ સારો મહાવરો કેળવાયો. તેઓના પોતાના મત પ્રમાણે તો તેમના ઘડતરમાં ભણતર કરતાં ગુરુજનોની સેવાના બદલામાં મળતી પ્રેમાશિષે,વાંચન કરતાં વિશાળ દુનિયા સાથેના જીવંત સંપર્કે અને પુસ્તક કરતાં પ્રકૃતિ દ્વારા મળતી પ્રેરણાએ વધુ આપ્યો છે.

'તું તારો દીવો થા' એ જયભિખ્ખુના જીવનનું પ્રિય સૂત્ર હતું અને એ સૂત્ર પ્રમાણે જીવન જીવવાના તેઓ રસિયા હતા. કિશોરાવસ્થામાં લેખનની પ્રેરણા એમને મળી હતી એક બહેન પાસેથી. સાહસ અને જિંદાદિલીનો રસકટોરો પાયો છે પઠાણખાન શાહ ઝરીને. મશહૂર ચિત્રકાર કનુ દેસાઈ સાથેની મૈત્રીએ જયભિખ્ખુને મુદ્રણકલા તરફ રસ લેવા પ્રેર્યા. એમાંય પેપર કંટ્રોલ આવતાં આ કલા એમને માટે ખૂબ મહત્ત્વની બની ગઈ.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય સાથેના સંબંધ અને શારદા મુદ્રણાલયના સંચાલનને કારણે જયભિખ્ખુ અનેક લેખકોના પરિચયમાં આવ્યા. ધૂમકેતુ, ગુણવંતરાય આચાર્ય, રતિલાલ દેસાઈ, કનુભાઈ દેસાઈ, ધીરુભાઈ ઠાકર, ગુજરાત વિદ્યાપીઠવાળા શાંતિલાલ શાહ, ર. જ. દલાલ, ગોવિંદભાઈ પટેલ, ચિત્રકાર ચંદ્ર ત્રિવેદીનો પરિચય ગૂર્જર ગ્રંથરત્નમાં ભરાતા ડાયરાને કારણે થયો. આ ડાયરામાંથી જ જીવનમણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટની સ્થાપના થઈ જેણે જૂના અને સંસ્કારપ્રેરક સાહિત્યને નવો ઓપ આપવામાં સારો ફાળો આપ્યો છે.

શ્રી નટુભાઈ રાજપરાના મતે બાલાભાઈ-જયભિખ્ખુ-ના વ્યક્તિત્વઘડતરમાં એમના કુટુંબસંસ્કાર, વિદ્યોપાસના અને સાહિત્યપ્રીતિનો જેટલો ફાળો છે એટલો જ એમનાં પત્ની અ. સૌ. જયાબહેનનો પણ છે. એમનું પ્રસન્નમંગલ દાંપત્ય જોઈને સદ્‌ગત કવિવર ન્હાનાલાલ અને માણેકબાના અભિજાત અને પ્રસન્ન દામ્પત્ય વિશે વાંચેલું-સાંભળેલું યાદ આવે. અતિથિ માત્રને સહૃદયતાભર્યો ઊજળો આદર અને સંપર્કમાં આવનાર સૌ કોઈને યથાશક્ય સહાયરૂપ થવું એ શ્રી બાલાભાઈનો, એમના કુટુંબના દરેક સભ્યના સ્વભાવનો એક સ્વાભાવિક અંશ છે. એમના આવા હૂંફાળવા કૌટુંબિક વાતાવરણને નવાજતા શ્રી દુલાભાઈ કાગ કહે છે, 'મારા જેવો અલગારી માનવી પણ એવો વિચાર કરે છે કે સાવ ઘડપણ આવે ત્યારે બાલાભાઈના ઘેર સેવા-ચાકરી માટે જાઉં. આ શ્રદ્ધાને પામવી એ નાનીસૂની વાત નથી.' ('જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સ્મરણિકા', ડિસેમ્બર '૭૦, પૃ. ૩૨)

જયભિખ્ખુનાં પ્રસન્નમંગલ દામ્પત્ય અને જયાબહેનના સંદર્ભમાં શ્રી હસિત બૂચ કહે છે, 'બાલાભાઇના ઘરની એ સાચી જ્યોતિ મૂંગામૂંગા સ્મિતથી સત્કારે ને આવનાર માત્રને આતિથ્યની મીઠાશથી ન્હવરાવે. બાલાભાઈ જે કંઈ લખી શકે છે, આવું વ્યાપક મિત્રમંડળ ધરાવે છે એમાં જયાબહેનના સૌજન્ય-સેવાનો ફાળો તરત વરતાય એવો છે...મારા બાદશાહ મિત્રદંપતી જયાબહેનના

વખાણ કર્યા કરે છે તેમાં ભારોભાર ઔચિત્ય જોઉં છું. જયાબહેનને બાલાભાઈ સારે–માઠે અવસરે હંમેશાં પડખે આવીને ગૃહસ્થાશ્રમને દીપ્તિમય કરે છે. ઘણી વાર તો એવું જણાઈ રહે છે કે બાલાભાઈ–જયભિખ્ખુ–ના યશસાફલ્યનું રહસ્ય એમને પ્રાપ્ત થયેલા જયાબહેનના સાથમાં જ છે.' (જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સ્મરણિકા', ડિસેમ્બર '૭૦, પૃ. ૧૧૬-૧૧૭)

તેમના પુત્ર કુમારપાળને પણ સાહિત્યના સંસ્કાર વારસામાં મળ્યા છે. વિનયી, વિવેકી અને તેજસ્વી એવા કુમારપાળ દેસાઈને પણ એમની આરંભની કારકિર્દીમાં જ સાહિત્યક્ષેત્રે નોંધનીય સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. ગુજરાત સરકારે 'લાલ ગુલાબ' અને 'ડાહ્યા ડમરા'ને ઈનામ આપી એમનું સન્માન કર્યું છે. તેઓ ક્રિકેટ તેમ જ રમતગમત ક્ષેત્રે વિવિધ ગતિવિધિના નોંધપાત્ર વિવેચક તરીકે પણ જાણીતા બન્યા છે. વિવેચક-સંશોધક અને જૈન દર્શનના ચિંતક તરીકે તેમણે ખ્યાતિ મેળવી છે. પુત્રવધૂ પ્રતિમા દેસાઈ પણ ગ્રેજ્યુએટ થયેલાં છે. પુત્રપાલન અને ઘરકામમાંથી નિવૃત્તિના સમયે તે પણ લેખનકાર્ય કરે છે. એમના આવા સ્નેહભર્યા કુટુંબને નિરખીને દુલા કાગ કહે છે. 'જગત ભક્ત બને પણ કુટુંબ તો દ્વેષ કરે અને ઉદાસીન રહે પણ બાલાભાઈના પુણ્યનો પાર નથી. શ્રી રતિભાઈ (ર. દી. દેસાઈ) તથા છબીલભાઈ, જયંતિભાઈ આદિ જેવા ભાઈઓ તથા ચંપકભાઈ દોશી અને રસિકભાઈ વકીલ જેવાના માસા થવાનું સુભાગ્ય એમને મળ્યું છે. એમાંય તે ચંપકભાઈ તથા રસિકભાઈ આ બંને ભાઈઓની બાલાભાઈમાં એટલી જ ભક્તિ છે જેટલી શ્રીરામમાં હનુમાનને હતી.' (જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સ્મરણિકા', ડિસેમ્બર '૭૦, પૃ. ૩૨)

જયભિખ્ખુના સાહિત્યિક વ્યક્તિત્વને ઘડવામાં અન્ય મહાનુભાવોએ પણ એવો ફાળો આપ્યો છે. સંસારી જનોની જેમ તેઓ સાધુજનોના પણ સ્નેહભાજન હતા. મુનિશ્રી ચિત્રભાનુ, મહંતશ્રી શાંતિપ્રસાદજી, ગોસ્વામી મુગટલાલજી, મહાસતી ધનકુંવરબાઈ વગેરેની તેમની ઉપર ગાઢ પ્રીતિ હતી. તેમની પાસેથી જયભિખ્ખુને અવારનવાર માર્ગદર્શન પણ મળતું હતું. પ. પૂ. મોટાના તથા પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીના આશીર્વાદ અનેક વાર એમને પ્રાપ્ત થયેલા.

મહાન જાદુગર કે. લાલ (કાંતિલાલ વોરા) અને જયભિખ્ખુ વચ્ચે અનોખો મનમેળ હતો. કે. લાલે શ્રી જયભિખ્ખુને આકર્ષ્યા ને બંને વચ્ચે ગાઢ આત્મીય સંબંધ સ્થાપિત થઈ ગયો. ભાવનગરની યશોવિજય ગ્રંથમાળાના તંત્રી હતા ત્યારે કે. લાલની વિદ્યાકળાનો તેને લાભ અપાવી ૫૦ હજાર જેટલી રકમની સહાય કરી હતી અને એ સંસ્થાને પુનર્જીવન બક્ષ્યું હતું. શ્રી ચાંપશી ઉદ્દેશી તેમના સ્નેહીવર્ગની વિશાળતાના સંદર્ભમાં એમના વ્યક્તિત્વની એક ખાસિયત તરફ ધ્યાન દોરતા કહે છે કે 'એમનો સ્નેહીવર્ગ વિશાળ છે આનું કારણ કેવળ એમની મિષ્ટભાષિતા કે વ્યવહારપટુતા જ નથી, પણ અંગ્રેજીમાં જેને Obliging nature કહીએ છીએ તે છે.' (જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સ્મરણિકા', ડિસેમ્બર '૭૦, પૃ. ૨૯)

કુટુંબસંસ્કાર, સ્વજનો, શિક્ષકો અને અન્ય મહાનુભાવોની જેમ જયભિખ્ખુના સાહિત્યિક–સાંસ્કૃતિક વ્યક્તિત્વને ઘડવામાં સંસ્કૃત સાહિત્યના ઊંડા અભ્યાસે પણ સારો ફળો આપ્યો છે. ખાસ કરીને જૈન શાસ્ત્રોનો અભ્યાસ એમને વાર્તાલેખન તરફ દોરી ગયો છે. જૈન કથાસાહિત્યને સર્વ સમાજોપયોગી બનાવવાની આકાંક્ષામાંથી જૈન કૃતિઓનું સર્જન તેમના દ્વારા થયું છે. સંસ્કૃત સાહિત્યના અભ્યાસે તેમના માનવતાપૂર્ણ જીવનના ઘડતરમાં અને ચણતરમાં જ્ઞાત કે અજ્ઞાતભાવે શુભ ફાળો આપ્યો છે અને સાથે સાથે જીવન–સમગ્રનું પાથેય પણ એમને એમાંથી જ લાધ્યું છે. જૈન પંડિતની દયનીય દશા વિલોકી એવી નોકરી પ્રત્યે ઊપજેલા તિરસ્કારભાવે પ્રેસમાં કામ કરતાં કરતાં કલમને ખોળે માથું મૂકી મા સરસ્વતીના ચરણામૃતથી સંતોષ માનવાના નિશ્ચયે ઈ. સ. ૧૯૩૩માં તેમના જીવનને જે વળાંક આપ્યો તે ઘણી લીલી–સૂકી અનુભવ્યા પછી છેવટે આનંદ અને ઉલ્લાસમાં પર્યવસાન પામ્યો છે. ટૂંકમાં સંસારના, ઇતિહાસના, સાહિત્યના અને શાસ્ત્રના પ્રેરકબળે જયભિખ્ખુ ચેતનવંતા બન્યા છે.

શ્રી પન્નાલાલ પટેલ જેમને 'પ્રેમના ઊભરા' તરીકે ઓળખાવે છે તે શ્રી જયભિખ્ખુના વ્યક્તિત્વને વર્ણવવામાં, તેમની જીવન-ભાવનાને ઉપસાવવામાં ઉમાશંકર જોશીનું આ મુક્તક જરૂર ટાંકી શકાય.

*'નથી મેં કોઈની પાસે વાંછયું પ્રેમ વિના કંઈ;*
*નથી મેં કોઈમાં જોયું વિના સૌંદર્ય કૈં અહીં.'*

જનજાગૃતિના આ વૈતાલિકમાં અષાઢના મેઘની માફક વરસવાનો ગુણ છે. જેમ સાગર પાણીથી ઘૂઘવે છે તેમ તેમનું અંતર સદ્‌ગુણોથી ઘૂઘવે છે. બીજા પોતાની પ્રકૃતિને વશ થઈને સમાજ પાસે જતાં હોય છે ત્યારે જયભિખ્ખુ જ્યાં બેઠા હોય ત્યાં સંસ્કૃત સમાજ ઊભો થતો હોય છે. એક વાર પરિચય થયા પછી એમના પ્રેમ અને મમત્વનો પ્રવાહ આપણને એવો રસતરબોળ બનાવે કે એમાં સતત સ્નાન કરવાનું ગમે. સ્નેહાળ સ્વજન તરીકે જયભિખ્ખુએ નાનામોટા સહુનો પ્રેમાદર મેળવ્યો છે. સાચદિલ, નિખાલસ મિત્ર અને માર્ગદર્શક તરીકે મિત્રમંડળમાં એમનું માન હતું.

બહોળું મિત્રમંડળ ધરાવતા જયભિખ્ખુની સર્વપ્રિયતાના મૂળમાં બે વસ્તુઓ પડેલી હતી : (૧) પરગજુ સ્વભાવ, (૨) મનની નિર્મળતા. જેની સાથે માત્ર બે આંખ મળ્યાનો સંબંધ હોય તેને માટે પણ કશુંક કરી છૂટવાની સદ્‌ભાવના એમનામાં પડેલી હતી. દુ:ખિયાનાં આંસુ લૂછવાનું તેમને જાણે કે વ્યસન હતું.

જયભિખ્ખુની યોજક શક્તિ અજબ પ્રકારની હતી. આ યોજક શક્તિના બળે જ વિવિધ વ્યવસાયના માણસોને તેઓ પરસ્પર સહાયભૂત થાય એ રીતે સાંકળી શકતા. વળી શરીર અશક્ત હોય, આંખ કામ કરતી ન હોય છતાં કોઈનું કામ થતું હોય તો પોતે કષ્ટ વેઠવામાં અનોખું સુખ મેળવતા. આવા સ્વભાવને કારણે સલાહસૂચન અને મદદ માગનારાઓનો પ્રવાહ એમની આસપાસ

વીંટળાયેલો જ રહેતો.

એમનો સ્વભાવ બાળક જેવો નિર્મળ હતો. સાચદિલી અને સાફદિલી એમની સાથે આવનાર દરેકને નાનામોટા પ્રસંગે અનુભવવા મળે. કહેણી અને કરણી એ બે વચ્ચેના વિરોધ તરફ એમને નફરત હતી. સાચું લાગ્યું તે નિખાલસપણે કહી દેવાની એમને ટેવ હતી. આ સંદર્ભમાં શ્રી હસિત બૂચ કહે છે, 'એમને જે ગમે છે, જે નથી ગમતું, એમને જે પ્રેરે છે, જે ચેતવે છે એ એમની કલમ નિખાલસપણે સૂચવવાની જ. હા, લેખક છે, કલાપ્રેમી છે તેથી કુદરતી રીતે રજૂઆત નકશીમાં રાચવાની. પરંતુ પેલી નિખાલસતા ત્યાં ય વિગતે વિગતે પ્રતિબિંબિત થવાની જ.' (જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સ્મરણિકા', ડિસેમ્બર '૭૦, પૃ. ૧૧૬)

જયભિખ્ખુ જેટલા આદર્શવાદી એટલા જ વ્યવહારુ પણ હતા. આદર્શ અને વ્યવહારનું સુભગ સંયોજન એમના રોજિંદા વ્યવહારમાં જોવા મળતું. તેઓ વ્યવહારમાં સદાય સાવચેત, સૂક્ષ્મ દૃષ્ટિવાળા અને સમાધાનકારી વૃત્તિ ધરાવતા રહ્યા હતા.

શ્રી ચાંપશીભાઈ ઉદ્દેશીને એમના વ્યક્તિત્વનું સૌથી વધારે આકર્ષી ગયેલું પાસું તે તેમનું ચારિત્ર્ય. આ સંદર્ભમાં તેઓ કહે છે, 'એમના વ્યક્તિત્વ વિષે સૌથી વધુ માન ઉપજાવનારું તો એમનું ચારિત્ર્ય જ છે. આજે જ્યારે સુંદર વિચારો પ્રજાને આપનારા અને 'મહાન' તથા 'પ્રતિષ્ઠિત' લેખાતા લેખકોમાંના કેટલાક જ્યારે ચારિત્ર્યહીનતાથી કલુષિત થયેલા નજરે પડે છે ત્યારે આ સજ્જનની ચારિત્ર્યશીલતા, ચારિત્ર્યદૃઢતા અને ધર્મભાવના વંદનીય છે. સાદા પણ એટલા જ. વિલાસ એમને સ્પર્શવાની હિંમત કરી શક્યો નથી.' (જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સ્મરણિકા', ડિસેમ્બર '૭૦, પૃ. ૨૯)

તો શ્રી નટુભાઈ રાજપરાને જયભિખ્ખુની ઝિંદાદિલી આકર્ષી ગઈ હતી. તેઓ કહે છે: 'શ્રી બાલાભાઈના વ્યક્તિત્વનો મને સૌથી વધુ આકર્ષી ગયેલો અંશ છે એમની ઝિંદાદિલી, શૌર્ય, સાહસ અને શહાદતની અનેક વાતો લખનારા શ્રી બાલાભાઈ જીવનમાં ય ઝિંદાદિલ રહ્યા છે. અનેક મૂંઝવતા પ્રશ્નો વચ્ચે ય મેં એમને સ્વસ્થ અને પ્રસન્ન રહેલા જોયાં છે. શરીર પ્રમાણમાં કસાયેલું અને ખડતલ અને હૃદયના ખૂબ કોમળ. સામા માણસે નાનો અમથો ગુણ કર્યો હોય તો ય ઓછા ઓછા થઈ જાય.' (જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સ્મરણિકા', ડિસેમ્બર '૭૦, પૃ. ૬૮)

સહેજ જાડું ધોતિયું અને ખમીસ – જેનો ઉચ્ચાર તેઓ કમીઝ કરે – તેના ઉપર કોઈ વાર ખાદીનો તો કોઈ વાર મિલનો કોટ, માથે ધોળી ટોપી અને શામળા મોં પર જાડાં ચશ્માં...ખડતલ શરીર, વ્યવસ્થાપ્રવીણ બુદ્ધિ, મસ્તીરંગ અને આદર્શ પ્રેમનો સમન્વય બતાવતું દિલ, વૈદકથી માંડીને રાજકારણ સુધીની વાતો–વિગતોમાં રસ અને સમજ, બીજાનું કામ કરી છૂટવાની તત્પરતા, મિત્રો–પરિચિતો સહુનું મન મેળવવાની સ્વાભાવિક ફાવટ. એવા જયભિખ્ખુમાં જીવનના ધ્યેય અને પોતાના કાર્ય વિષે હંમેશાં સ્પષ્ટ નકશો છે. એમનું વ્યક્તિત્વ Awe-inspiring–ભયયુક્ત માન પેદા કરે તેવું નહીં પરંતુ Magnetic–ચુંબકીય–છે.

એકની એક બંડી સાબરના નીરમાં આંતરે દિવસે પલાળીને પહેરવાની અને છતાં છાતી કાઢીને ગૌરવપૂર્વક હરવું–ફરવું એ એમનો સ્વભાવ અને છતાં એમનું જીવન કેટલું ઉલ્લાસમય અને પ્રસન્ન! મુખ પર સદા તરવરતું હાસ્ય, રોષ અને તોષમાં પણ નીતરતી સ્નેહાર્દ્રતાએ સૌને આત્મીય બનાવ્યા છે. સ્વભાવની એ ઉલ્લાસિતા અને પ્રસન્નતાએ, દીર્ઘદર્શિતાએ અને આત્મીય ભાવે તેમના દામ્પત્ય અને કૌટુંબિક જીવનને એવું તો રસમય અને સદ્ભાવપૂર્ણ બનાવ્યું છે કે જાણે સાકરનો ગાંગડો જ્યાંથી મોંમાં નાખો ત્યાંથી મધુરમ્ મધુરમ્ !

ગુલાબી હૈયાની મસ્તી અને ત્યાગી પુરુષાર્થી મનની અમીરીનો સથવારો શોધતા જયભિખ્ખુનો જીવનાદર્શ હતો સમાજને તંદુરસ્ત જીવનદૃષ્ટિ પ્રેરે તેવું સાહિત્ય પીરસવાનો. વાચકના ધ્યાનને પહેલેથી છેલ્લે સુધી જકડી રાખે અને સાથે સાથે તેને કશાક ઉદાત્ત આનંદનો અનુભવ કરાવે એવું સાહિત્ય પીરસવું એ એમની તમન્ના હતી. આથી જ પોતાના સાહિત્ય દ્વારા એમણે જીવનમાં અને સાહિત્યમાં રસિકતા અને ઊર્ધ્વગામિતાનો મેળ સાધવાનો સન્નિષ્ઠ પ્રયાસ કર્યો છે.

સાહિત્ય આમજનતાના ઉત્થાન માટે છે, જીવનઘડતર માટે છે તથા જીવનમાંગલ્ય માટે છે એ સત્ય સદૈવ જયભિખ્ખુએ પોતાની નજર સમક્ષ રાખ્યું છે અને એ સત્યને અનુરૂપ એમનું સમગ્ર સાહિત્ય સ્વચ્છ, નિર્મળ અને માંગલ્યકર રહ્યું છે.

જયભિખ્ખુ બહુજનસમાજનેકંઈક આપવું છે, કંઈક કહેવું છે, પોતે જે કંઈ પામ્યા છે તે બતાવવું છે, – એવો પોતાનો સર્જકધર્મ સમજીને લખે છે. આજે જ્યારે જીવનનાં નૈતિક મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે, વ્યવહાર અને આચારમાં અપ્રામાણિકતા, અનીતિ, ભ્રષ્ટાચાર ઘર કરતાં જાય છે, માનવસંબંધોની સચ્ચાઈ જ્યારે લાભાલાભના માપદંડે મપાઈ રહી છે ત્યારે આ લેખક પલાંઠી વાળીને જીવનનું પરમ મંગલ ગીત કલમમાંથી વહેતું રાખે, એ લેખકના વ્યક્તિત્વનું વિલક્ષણ વલણ બની રહે અને સાહિત્યકોમાં અભ્યાસપાત્ર બને એ બંનેનો મહિમા સમજાય એવો છે. નીતિપરાયણતા અને સદાચાર એ જ માનવીના કલ્યાણના રાજમાર્ગો છે એ બતાવવા એમની કલમ વણથંભી ચાલ્યે જ જાય છે અને એમનું સર્જન સંપ્રદાયની સીમાઓ વીંધીને જીવનસ્પર્શી સાહિત્ય બની રહે છે.

નવલકથા, ટૂંકી વાર્તા કે નાટક એમ કોઈ પણ સ્વરૂપની કૃતિના વસ્તુની પસંદગી દરમિયાન બે વાતનો તેઓ ખાસ ખ્યાલ રાખે છે: (૧) વસ્તુમાં રસને ઝીલવાનું કેટલું બળ છે? (૨) એમાંથી માનવતાનું દર્શન કેટલે અંશે થાય છે? તેઓ જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણ ધર્મને આર્ય સંસ્કૃતિના સમાન અંગ માને છે. ધર્મકથાના ખોખામાંથી તેમની દીપ્તિમંત સૌષ્ઠવભરી કલ્પના માનવ-વૃત્તિઓના સંઘર્ષથી સભર પ્રાણવંતી વાર્તાઓ સર્જે છે. ધર્મની

જીવનવ્યાપી હવાને કલાની મોરલીમાંથી ફૂંકવાની અને રસસિદ્ધ સૂરાવલિઓ વહેતી કરવાની ફાવટ જયભિખ્ખુને સારી એવી છે અને તેથી જ જૈન કથાવસ્તુમાંથી સાંપ્રદાયિક તત્ત્વને ગાળી નાખીને તેને માનવતાની સર્વસામાન્ય ભૂમિકા ઉપર સ્થાપી બતાવે છે.

જયભિખ્ખુ પ્રયોગશિલતા કે અદ્યતનતા અને નાવીન્યના આગ્રહોથી કે પ્રલોભનોથી અસ્પૃષ્ટ રહ્યા છે. પોતે માનેલા નીતિધર્મ અને સાહિત્યધર્મને કશા અભિનિવેશ વગર – પ્રામાણિકપણે અદા કરવાનો પુરુષાર્થ એ કરતા રહ્યા છે. માનવજાત માટેનો અસીમ પ્રેમ અને જીવનમાંગલ્ય માટેની શ્રદ્ધા તેમના વિપુલ સાહિત્યમાં તુલસીક્યારામાં મૂકેલા ઘીના દીવડા પેઠે ઝળહળે છે.

જયભિખ્ખુની દૃષ્ટિમાં ધર્મ અને નીતિ, સાધુતા અને નિઃસ્પૃહતા અવિરતપણે ફરફર્યા કરે છે. તે શૃંગારની વાત કરતા હોય કે શૌર્યની, ત્યાગની હોય કે નેક–ટેક ઔદાર્યની...સર્વમાં ભારતીય સંસ્કૃતિની પરંપરામાંથી વહેતી આવેલી વિશાળ ધાર્મિકતાનાં રંગછાંટણાં હોય છે. એમની દૃષ્ટિ સાંપ્રદાયિક હશે પણ સાંકડી નથી. જીવનના અને સંસ્કૃતિના ઉદાત્ત ગુણોની પૂજા તેમના સાહિત્યનું સર્વમાન્ય લક્ષણ છે. તે મુસ્લિમ સમયનું શબ્દચિત્ર આલેખતા હોય કે બૌદ્ધ સમયનું પ્રસંગદર્શન કરાવતા હોય, કોઈ નર્તકીની મિજલસનું વાતાવરણ સર્જતા હોય કે જૈન સાધુની તપ–તિતિક્ષાનું ગદ્યકાવ્ય પીરસતા હોય સર્વત્ર એમની દૃષ્ટિ સાત્ત્વિક છે.

જયભિખ્ખુ સાહિત્યને ચરણે વિપુલ વૈવિધ્યવંતા સાહિત્યનો જે રસથાળ ધરી શક્યા છે એના મૂળમાં પ્રત્યેક મનુષ્યના ઊંડાણ સુધી પહોંચવાની તેમની દૃષ્ટિ જોઈ શકાય છે. તેમને મન દરેક મનુષ્ય, એક એક વાર્તા કે નવલકથા છે. લેખકનું પરિચિત વર્તુળ સમાજના દરેક થરને અડતું હોય છે. તેઓ જેના સંગમાં આવે છે તેનામાં ઊંડો રસ લઈ માણસાઈભરી લાગણીથી તેનું જીવન જોઈને, સાહિત્યકારની તટસ્થ ન્યાયવૃત્તિ દાખવીને સુંદર આલેખન કરે છે. બહુજનસમાજનો સંસર્ગ તેમની કૃતિઓને વૈવિધ્ય અને રસિકતા આપે છે.

જયભિખ્ખુ મુખ્યત્વે માનવતાવાદી છે. માનવના અવશ્યંભાવી ઉત્કર્ષમાં તેની ઊર્ધ્વગતિ અને શ્રેષ્ઠ પરિણતિમાં તેમને વ્યાપક વિશ્વાસ છે. સદ્‌ગુણો પર આશ્રિત માનવતાની સર્વોચ્ચ પ્રતિષ્ઠાના તેઓ નિષ્ઠાવાન ઉપાસક છે. તેમણે આલેખેલું પામરમાં પામર પાત્ર પણ તેના યત્નના ચરમ અંધકારમાં જ્યોતિની ક્ષીણતમ રેખાનાં દર્શન દીધા વગર વિદાય થતું નથી. પામરના પતનની અનિવાર્યતાનો સ્વીકાર કરવા છતાં લેખક તેને ઠોકર ખાવાની તક આપીને ફરીથી કાદવમાં ખૂંદતા નથી. તેમની નૈતિકતા પડેલાને પાટુ નથી મારતી, તેને વહાલ કરે છે. એમ લાગે છે કે આ જ નૈતિકતા કરુણતામાં અવગાહન કરી વારંવાર કહે છેઃ 'ઊઠો, ફરીથી જીવન શરૂ કરો.' અનંત સંભાવનાઓનું બીજું નામ જ તો જીવન છે. તેમના તીવ્ર વ્યંગમાં, તીક્ષ્ણ કટાક્ષમાં અને ધિક્કાર સુદ્ધામાં કરુણાનું પ્રસન્નમંગલ દર્શન કરી શકાય છે.

સતત ચાલીસ વર્ષ સુધી કલમની ઉપાસનાએ એમની કીર્તિને ઉજાળી છે અને એમના જીવનને સતત વિકાસશીલ બનાવ્યું છે. સરસ્વતીને ખોળે માથું મૂકનાર એ થોડાક સંતોષી અને સહનશીલ હોય તો માતા સરસ્વતી એની પૂરી ભાળ રાખ્યા વગર રહેતી નથી, એ વાતની પ્રતીતિ જયભિખ્ખુનું જીવન કરાવે છે.

જયભિખ્ખુએ સૌથી પહેલી કૃતિ 'ભિક્ષુ સાયલાકર'ના નામથી ઈ. સ. ૧૯૨૯માં લખી હતી. એમાં એમણે પોતાના ગુરુ વિજયધર્મસૂરિજીનું જીવનચરિત્ર આલેખ્યું હતું. એમનું પ્રારંભિક જીવન પત્રકાર તરીકે પસાર થયું હતું. વર્ષો સુધી એમની વેધક કલમે 'જૈનજ્યોતિ' અને 'વિદ્યાર્થી' સાપ્તાહિકમાં સમાજ અને આવતી કાલની આશા સમા નાગરિકો માટે પોતાની તેજસ્વી કલમ દ્વારા નવા વિચારો પીરસ્યા. મુંબઈના 'રવિવાર' અઠવાડિકમાં એમની સંપાદકીય નોંધોએ અને વાર્તાઓએ પણ એમને આમજનતામાં લોકપ્રિય બનાવવામાં ઠીક ઠીક ફાળો આપ્યો હતો. આ ઉપરાંત ગુજરાતના સુપ્રસિદ્ધ દૈનિક 'સંદેશ'માં 'ગુલાબ અને કંટક' તથા 'ગુજરાત સમાચાર'માં ખૂબ પ્રસિદ્ધ પામેલ 'ઈંટ અને ઈમારત'ની કટારે જનતાની ખૂબ ચાહના મેળવી આપી છે. 'ગુજરાત સમાચાર' સંસ્થાના જ લોકપ્રિય બાલસાપ્તાહિક 'ઝગમગ'માં પણ તેઓએ વર્ષો સુધી લખ્યું છે. સૌરાષ્ટ્રના 'જયહિંદ' અને 'ફૂલછાબ'માં તેમ જ અન્ય સામયિકોમાં તેમની ધારાવાહી નવલકથાઓ પ્રગટ થયેલી છે. નડિયાદથી પ્રસિદ્ધ થતા સાપ્તાહિક 'ગુજરાત ટાઇમ્સ'માં 'ન ફૂલ ન કાંટા' કટાર પણ વાચકો પર કામણ કરનાર નીવડી હતી.

જિંદગીના છેલ્લાં વર્ષોમાં શરીર રોગોથી ઘેરાતું હતું. પંદર વર્ષથી ડાયાબિટીસ હતો...પિસ્તાલીસથી પણ વધુ વર્ષથી આંખો કાચી હતી...પાંચ વર્ષથી સહેજ બ્લડપ્રેશર રહેતું હતું. છેલ્લા બે વર્ષથી કિડની પર થોડી અસર હતી. પગે સોજા પણ રહેતા હતા. કબજિયાત અને કફની તકલીફ પણ ક્યારેક થઈ આવતી. આટઆટલા રોગ હોવા છતાં તેઓ ઇચ્છાશક્તિને બળે આનંદથી જીવન વ્યતીત કરતા હતા. પોતાના રોગોની રોજનીશીમાં લાંબી સૂચી આપીને તેઓ લખે છે કે 'મનમાં ખૂબ મોજ છે. જિંદગીને જીવવાની રીતે જિવાય છે.'

ઈ. સ. ૧૯૬૯ના વર્ષની દિવાળી વખતે તો જયભિખ્ખુની તબિયત ઠીક ઠીક લથડી ગઈ હતી. તબિયત નાદુરસ્ત હોવા છતાં એમણે ભાઈબીજને દિવસે શંખેશ્વર તીર્થની યાત્રાએ જવાનો વિચાર કર્યો. બેસતા વર્ષના દિવસની પોતાની રોજનીશીમાં તેઓ લખે છે, 'આવતીકાલે શંખેશ્વર જવું છે પણ મારી તબિયત બહુ જ ઢીલી છે. જવું કે ન જવું તેનો વિચાર ચાલુ છે.' બીજના દિવસે વહેલી સવારે તેઓ અમદાવાદથી શંખેશ્વર જવા નીકળ્યા. એમની તબિયત જોઈને એમના નિકટના સ્નેહીજનોએ જવાની આનાકાની બતાવી હતી. પરંતુ તેમનો નિર્ણય અફર હતો.

અનેક રોગોથી ઘેરાયેલા આ સાક્ષર શંખેશ્વરમાં આવ્યા. જેમ આ તીર્થભૂમિ નજીક આવતી ગઈ, તેમ એમની તબિયતમાં સુધારો

થતો ગયો. શરીરમાં નવો જ થનગનાટ અનુભવાતો હતો. લાંબા સમયથી તેઓ ભોજન માટે બેસે ત્યારે ઊબકા આવતા હતા. આ તીર્થભૂમિ પર આવતાં જ તે ફરિયાદ દૂર થઈ ગઈ. પ્રવાસમાં સાથે દવાની એક આખી બૅગ રાખી હતી, પરંતુ અહીં આવ્યા પછી એને ખોલવી જ ન પડી. ડાયાબિટીસ અને બ્લડપ્રેશર જેવા રોગોની ગોળીઓ એમની એમ પડી રહી. કારતક સુદ ૪ના દિવસે પોતાની રોજનીશીમાં તેઓ આ ચમત્કારની નોંધ લખે છે, 'મારા માટે એક અદ્‌ભુત ચમત્કાર બન્યો. અહીં આવ્યો ત્યારે જર્જરિત તબિયત લઈને આવ્યો હતો, શું થશે એની ચિંતા હતી. તેના બદલે અહીં આવતાં જ શરીરની તાસીર બદલાઈ ગઈ. એક ડગલું ચાલી શકતો નહીં, તેને બદલે માઇલ-દોઢ માઇલ ચાલવા લાગ્યો. બે રોટલી જમતાં અધધધ થતું. હવે સહુમાં હું વધુ જમતો. તમામ દવાઓ બંધ કરી હતી.'

લાભપાંચમના દિવસે શંખેશ્વરથી વિદાય લેતી વખતની એમની સ્થિતિને આલેખતાં રોજનીશીના પાનામાં જયભિખ્ખુ લખે છે: 'અનેક જાતના રોગોની સંભાવના સાથે અહીં આવ્યો હતો. આજે થનગનતો પાછો ફર્યો. શરીરમાં સાવ નવા ચેતનનો અનુભવ થયો. મન 'અબ હમ અમર ભયે ન મરેંગે'નું ગીત ગાવા લાગ્યું. મારા જીવનસંચારવાળો તબક્કો મારે સારાં કામોમાં પરિપૂર્ણ કરવો જોઈએ.'

આ તીર્થયાત્રાએથી આવીને જયભિખ્ખુએ પોતાની તમામ ચોપડીઓનું પ્રકાશનકાર્ય અટકાવી દીધું. મનમાં એક જ તમન્ના હતી – 'શંખેશ્વર તીર્થનું અનુપમ પુસ્તક તૈયાર કરવાની'. દેવદિવાળીના દિવસે તેઓ લખે છે: 'તબિયત ખૂબ સારી. સવારમાં એકાદ માઈલ ફરી આવું છું. લાકડા જેવા થતા પગો ચેતન અનુભવી રહ્યા છે. સર્વ પ્રતાપ ભગવાન શંખેશ્વરનો છે. લેખનનો ખૂબ ઉત્સાહ પ્રગટ્યો છે. ઠરી ગયેલી પ્રેરણા સળવળી રહી છે અને શંખેશ્વર મહાતીર્થ 'પુસ્તક' પૂરા વેગ સાથે લખવાનું ચાલુ થાય છે.'

ત્રેવીસમીની સાંજે શરીર ફ્લૂથી પીડાઈ રહ્યું હતું. થોડો તાવ પણ હતો. પરંતુ આ તીર્થનું પુસ્તક કોઈ પણ સંજોગોમાં સમયસર પ્રગટ કરવાનો નિર્ધાર હતો. આ દિવસે માત્ર શંખેશ્વર પાર્શ્વનાથની છબી છપાવવાની હતી. પોતાની છાપકામ વિષેની તમામ સૂઝ અને કુશળતા કામે લગાડી. શરીરમાં તાવ હતો પણ એની પરવા કર્યા વગર ચાર કલાક સુધી દીપક પ્રિન્ટરીમાં જુદા જુદા રંગોમાં એ છબી કઢાવી. અંધારું થયું હોવાથી કાચી આંખોને કારણે, 'બીજે દિવસે આમાંની તસવીર પસંદ કરીને મોકલાવીશ.' એમ કહ્યું. જતી વેળાએ કહેતા ગયા કે 'હવે હું આવવાનો નથી.'

બીજે દિવસે ફ્લૂના કારણે શરીર બેચેન હતું. બપોરે તાવ ધખતો હોવા છતાં શંખેશ્વર પાર્શ્વનાથની જુદી જુદી છબીઓ જોઈ પોતાને પસંદ હતી તે છબી સૂચના સાથે મોકલી.

કાર્ય પૂરું થવાના સંતોષ સાથે પલંગ પર સૂતા. કૉફી પીવાની ઇચ્છા થઈ. કૉફી આવી. પત્ની, પુત્ર, પુત્રવધૂ પાસે હોવા છતાં અને થોડો તાવ હોવા છતાં જાતે જ કૉફી પીધી. જીવનમાં એમની એક ખ્વાહેશ હતી કે કોઈ પાણીનો પ્યાલો આપે અને પિવડાવે તેટલીય લાચારી મૃત્યુ વેળા ન જોઈએ, તે સાચું જ પડ્યું. એ પછી થોડા સમયમાં એમના આત્માએ સ્થૂલ શરીરની વિદાય લીધી. ઈ. સ. ૧૯૬૯ના ડિસેમ્બરની ૨૪મી તારીખ ને બુધવારે જયભિખ્ખુની સ્થૂળ જીવનલીલાની સમાપ્તિ થઈ.

*'જયભિખ્ખુ' પાસે સતત ચાલતી કલમ હતી.*

*'જયભિખ્ખુ' પાસે સતત સમૃદ્ધ બનતો સાહિત્યિક-સાંસ્કૃતિક આદર્શ હતો.*

*એ જીવનધર્મી–જીવનમર્મી સર્જક હતા.*

*'જયભિખ્ખુ' શૈલીબળના સમર્થ સંચાલક હતા.*

ધર્મ અને જય, કરુણા અને માંગલ્ય, સદ્‌ભાવ અને સુખ, પ્રેરણા અને આનંદ આ સર્વ યુગ્મો જીવનસંઘર્ષનાં દ્વન્દ્વયુદ્ધોથી ભિન્ન પડીને સતત ચૈતન્યગતિનો સાક્ષાત્કાર કરાવે છે અને સંઘર્ષની પરિસ્થિતિમાં આનંદ અને આશ્વાસનનાં પ્રોત્સાહક બને છે. જયભિખ્ખુને ઘડનારાં આ પરિબળોએ તેઓને મરણાસન્ન પરિસ્થિતિમાં પણ સુખસંપન્ન રાખ્યા છે. બીજા શબ્દોમાં કહીએ તો બાલ્યકાળથી જ સંઘર્ષ વેઠતો આ માનવી સદા આનંદમગ્ન સ્થિતિમાં રહીને મૃત્યુસમીપ થાય છે ત્યારેય કશાય ભય-ક્ષોભ વિના મૃત્યુની ચૈતન્ય સ્થિતિને પામવા – ઓળખવાની સજ્જતા ધારણ કરી શકે છે.

આ જ સંદર્ભમાં જયભિખ્ખુના સાહિત્યિક વ્યક્તિત્વનો વિચાર કરીએ તો સદા પ્રસન્ન જીવનનો ધારક આ સર્જક એની સર્જનલીલામાં પણ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવા સમર્થ વિવેચક જેને 'મુદા' તરીકે ઓળખાવે છે એવા સાહિત્યિક આનંદની સંતર્પક અનુભૂતિ કરાવે છે.

જયભિખ્ખુએ પોતાના મૃત્યુ અગાઉ તા. ૨૫-૧૧-૬૯ના રોજ લખેલી રોજનીશીમાં જે વિદાય-સંદેશ આપ્યો છે તે એક સ્વસ્થ મનનશીલ પ્રકૃતિવાળા મહામના માનવીના હૃદયની ભાવોર્મિથી ભરેલો છે.

*"જીવન તો આખરે પૂરું થવાનું છે...જીવ જાય ત્યારે કોઈએ શોક કરવો નહિ...લૌકિકે ખાસ...ઝમેલો એકત્ર ન કરવો. વ્યવહારની ક્રિયાઓ ઓછી કરી, વહાલપની ક્રિયા વધુ થવા દેવી...પત્નીએ બંગડી રાખવી, ચાલુ વસ્ત્રો પહેરવા...શંખેશ્વર ભગવાનનું ધ્યાન ધરવું...જિંદગી આના જેવી, રાજા મહારાજા જેવી, શ્રીમંત-શાહુકાર જેવી ગઈ છે...સંસારમાં ઓછાને મળે તેવા પુત્ર-પુત્રવધૂ મને મળ્યાં છે...સહુએ અગરબત્તી જેવું જીવન જીવવું."*

✱✱✱

"જયભિખ્ખુ વ્યક્તિ અને વાઙ્‌મય" પ્રિ. ડૉ. નટુભાઈ ઠક્કર રચિત શોધ પ્રબંધમાંથી.

પ્રાપ્તિસ્થાન : શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

# જીવનશિલ્પી શ્રી રતિભાઈ

**❑ માલતી શાહ**

શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજીત ૧૯મા જૈન સાહિત્ય સમારોહમાં તા. ૧૨-૨-૨૦૦૮ના રોજ ઉદ્ઘાટન બેઠકમાં 'જૈન સમાજના બે સાહિત્યસર્જકોની જન્મ શતાબ્દીએ સ્મૃતિવંદના' અંતર્ગત શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ અને શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ-જયભિખ્ખુ આ બંધુબેલડીના જીવન અને કવનને યાદ કરવામાં આવ્યા છે તે બદલ હું સમગ્ર દેસાઈ પરિવાર વતી આયોજકોનો ખાસ આભાર માનું છું. શ્રી રતિભાઈની જન્મશતાબ્દી હમણાં જ પૂરી થઈ અને શ્રી બાલાભાઈની જન્મતશાબ્દી ચાલી રહી છે ત્યારે તે બંને સાહિત્યકારોના નામ અને કામને યાદ કરવામાં આવી રહ્યા છે તે અમારા માટે વિશેષ ગૌરવની વાત છે. અત્રે હું શ્રી રતિભાઇના જીવન અંગે થોડીક રજૂઆત કરીશ.

શ્રી રતિભાઈ 'મહાવીર જૈન વિદ્યાલય' સાથે અનેક રીતે સંકળાયેલા. શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા તેમના મિત્ર. બંનેનો ઉતારો એકબીજાના ઘરે. બંને મૂલ્યનિષ્ઠ જીવન જીવનારા. આ મૈત્રીની ઘણી વાતો કરી શકાય. 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય'ના પ્રકાશન વિભાગ સાથે, પૂ. પુણ્યવિજયજી મ. સાથે, પૂ. વલ્લભ-સૂરિજીના સમુદાય સાથે, તેના ધાર્મિક શિક્ષણ સાથે-એમ અનેક રીતે શ્રી રતિભાઈ વિદ્યાલય સાથે સંપર્કમાં.

એક સાહિત્યકાર તરીકે રતિભાઈને યાદ કરીએ ત્યારે તેમનું પ્રદાન જૈન સાહિત્યમાં અનેક પ્રકારે જોવા મળે. તેમણે ઉચ્ચ જીવનને ઉજાગર કરે તેવી સાધુઓની, નારીઓની, રાજપુરુષોની કથાઓ લખી. 'ગૌતમસ્વામી'નું ચરિત્ર લખ્યું. ભદ્રેશ્વર તીર્થનો, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ લખ્યો. 'જૈન' સાપ્તાહિકમાં પોણા બત્રીસ વર્ષ અગ્રલેખોમાં અને સામયિક સ્ફુરણમાં ધર્મ-રાજકારણ-સમાજની સારી અને સાચી બાબતોને બિરદાવી, તો ખોટી બાબતોને પડકારી પણ ખરી. ઘણા સંપાદનોમાં પણ ખૂબ નિષ્ઠાપૂર્વક કામ કર્યું. આ સિવાય સાધુ-સાધ્વીઓ સાથેનો, કેટલાય સ્નેહીઓ, સમાજના અગ્રેસરો સાથેનો તેમનો પત્રવ્યવહાર ખૂબ બહોળો. પત્રમાં પણ તેમની ચોકસાઈ, સહૃદયતા, વિવેચકબુદ્ધિ, સંવેદનશીલતાના દર્શન થાય.

અહિંયા વાત કરવી છે આવા સાહિત્યકારના જીવન વિષેની. તેમના સંતાનો તરીકે અમે ચારે ભાઈબહેન-નિરુભાઈ, નિતીન-ભાઈ, માલતી અને પ્રજ્ઞા-અમને સદ્‌ભાગી માનીએ. અત્યારે તેમને, તેમની જીવનશૈલીને, તેમના વિચારોને, તેમના વ્યવહારને યાદ કરીએ ત્યારે તેમના વ્યક્તિત્વના કેટલાંક પાસાંને નીચે મુજબ તારવી શકાય.

**સાદું જીવન ઉચ્ચ વિચાર**

ખાદીના ટોપી, ઝબ્બો, ધોતિયું આવો સાદો તેમનો પહેરવેશ. શિયાળામાં તેની ઉપર બંડી, ગરમ કોટ, શાલ, મફલર આવે. પગમાં કાળા બુટ. કપડાં બે દિવસે ધોવા નાંખવાના. ચાલુમાં ત્રણ જોડી કપડાં રાખે અને વધારામાં બીજા બેએક જોડી. ધોતિયા ઘસાય તેમાંથી પંચિયું બને. ઝબ્બામાંથી બાંડીયું બને. રાત્રે સૂતી વખતે કપડાં બદલીને પહેરે, જેથી ચાલુ કપડાં ઓછા ઘસાય. કપડાં સહેજ કધોણ થાય કે પીળાં પડી જાય તો બોલે કે 'આ તો કંદોઈ જેવું લાગે.' જો ધ્યાન રાખીને કપડાં ઉજળાં કરવામાં આવે તો બોલે કે 'આપણને આવો વૈભવ ન પોસાય. આપણે કાંઈ રાજા મહારાજા નથી કે આવો ખર્ચો કરી શકીએ.' અમારી દશા ઘણી વખતે 'હા કહીએ તો હાથ કપાય અને ના કહીએ તો નાક કપાય' એવી થાય. ઘરમાં રોજની સાફસૂફી કરતી વખતે તેમના ટેબલ ઉપર કશું જ અડવાનું નહીં. આપણને અવ્યવસ્થિત લાગે અને આપણી દૃષ્ટિએ ગોઠવવા જઈએ, પણ તેમાં તેમણે મૂકેલ ચોપડીઓ-કાગળ આડાઅવળા થઈ જાય તે તેમને ન પોસાય. 'ધૂળ સાથે થોડોક પ્રેમ કરો' એમ જણાવે. ઘરમાં દૈનિક સાફસૂફી કરવી ખરી, પણ એટલી ન કરવી કે આપણો ખૂબ સમય તે કામમાં જાય અને આપણે બીજા સર્જનાત્મક કે અગત્યના કામો ન કરી શકીએ. દરરોજના પોતાના નિત્યક્રમમાં લખવા માટે, વાંચવા માટે, આવેલ વ્યક્તિને મળવા માટે પૂરતો સમય કાઢે જ.

રહેણીકરણી કોઈપણ પ્રકારના આડંબર વગરની, પણ તેની સાથે વિચારસમૃદ્ધિ, માનસિક ઉદારતા, સામેના માણસ માટેની હિતબુદ્ધિ ઘણાં ઊંચી કક્ષાના. ઘરમાં, કુટુંબમાં, સ્નેહીઓમાં, સંસ્થાઓના કર્મચારીઓમાં કોઇપણ જાતના ભેદભાવના દર્શન તેમના વ્યવહારમાં ન થાય. દીકરો હોય કે દીકરી, દીકરી હોય કે વહુ, સંસ્થાનો નાનમાં નાનો માણસ હોય કે ઊંચી કક્ષાનો અધિકારી, સ્નેહી પૈસાદાર હોય કે સાધારણ-સામેની વ્યક્તિ 'માણસ' છે આ જ વાત મુખ્ય અને તેથી બધા સાથે સરખો જ વ્યવહાર.

ભૌતિક બાબતો માટે સંતોષી સ્વભાવ અને માનસિક, આધ્યાત્મિક બાબતો માટે અસંતોષી સ્વભાવ, એટલે પોતાની પાસે જે કંઈ વસ્તુઓ હોય તેના માટે કોઈ ફરિયાદ નહીં, પણ પોતાના દોષો માટે સદા જાગૃત. પોતાની વૃત્તિઓ હંમેશાં કલ્યાણકારી રહે તે માટે મથ્યા કરતા. તેઓને લગભગ ચારસો જેટલા સુભાષિતો, શ્લોકો, દોહાઓ કંઠસ્થ. ઘરમાં દરરોજ પ્રાતઃકાળે

તકિયે અઢેલીને બેસીને એકાદ કલાક પ્રાર્થના કરતા. તેમાં આ બધા કંઠસ્થ પદ્યોને અવારનવાર ધીમા સાદે ગાતા. સાંપ્રત બનાવોથી માહિતગાર રહેવા પુસ્તકો, સામયિકોનો સતત અભ્યાસ કરતા, રેડિયોમાં પણ 'Today in parliament' જેવા કાર્યક્રમો ધ્યાનપૂર્વક સાંભળતા. તેમની રહેણીકરણી, તેમના આચારવિચાર, તેમની ટેવોનો પાયો કદાચ તેમને મળેલ શિક્ષણમાં જોઈ શકાય.

### શિક્ષણમાં ભણતર સાથે ગણતર

પિતા શ્રી દીપચંદભાઈના નોકરીના કામને લીધે પ્રાથમિક શિક્ષણ યેવલામાં, ધૂળિયામાં, વઢવાણમાં, ફરી પાછા ધૂળિયામાં, ફરી સુરેન્દ્રનગરમાં. તેમની ૧૪ વર્ષની ઉંમરે માતાનું મૃત્યુ. પછી કાશીવાળા આચાર્ય વિજયધર્મસૂરિજીની સલાહથી સંસ્કૃત પાઠશાળામાં દાખલ થયા. આ પાઠશાળા પહેલા મુંબઈ વિલે પારલા, પછી બનારસ, આગ્રા અને અંતે ગ્વાલિયર પાસે શિવપુરીમાં સ્થિર થઈ. દરમ્યાન તેમના પિતાશ્રી બે-અઢી વર્ષના દીક્ષાપર્યાય બાદ (મુનિ શ્રી દીપવિજયજી) કાળધર્મ પામ્યા. પૂ. ધર્મસૂરિજીની પાઠશાળાના ઘણાં ઊંડા સંસ્કાર તેમના ઉપર પડેલા જણાય છે. ભણતર કરતાંય વધારે મૂલ્યવાન ગણતર પણ અહીં સ્વાભાવિક રીતે જ મળતું ગયું. પોટલા બાંધવાની કળા તેમને સહેલાઈથી હસ્તગત થઈ હતી. પૂ. સાધુમહારાજોના લોચ કરવા માટે તેમનો હાથ હળવો ગણાતો હતો. જીવનના પ્રત્યેક બનાવને અને આજુબાજુ બનતા બધા પ્રસંગોને તટસ્થપણે, ન્યાયપૂર્વક મૂલવવાની દૃષ્ટિ પણ સમય જતાં ખીલતી જ ગઈ. કોઇપણ વ્યક્તિના વ્યક્તિત્વમાં તેના બાળપણ અને યુવાનીના વર્ષો ખૂબ મૂલ્યવાન હોય છે તે વાસ્તવિકતા છે. શિવપુરીમાં તેમની સાથે શ્રી બાલાભાઈ પણ જોડાયેલ. બંનેને નાના-મોટા કેટલાંય કૌશલ્યો અહિંથી પ્રાપ્ત થયેલ, તેમ કહી શકાય.

### કૌટુંબિક હૂંફ અને પોતાનો કુટુંબપ્રેમ

નાની ઉંમરમાં માતા-પિતાનો વિયોગ થયો હોવા છતાં રતિભાઈને વાલીનો અભાવ ન સાલ્યો. શ્રી બાલાભાઈના પિતા શ્રી વીરચંદભાઈએ પોતાના પાંચ દીકરાઓ અને ત્રણ દીકરીઓની સાથે સાથે પોતાના ભાઈ શ્રી દીપચંદભાઈના ત્રણ દીકરાઓ અને શ્રી જીવરાજભાઈના એક દીકરા-એમ નવ ભાઇઓનો ઉછેર કરવામાં ખૂબ લક્ષ્ય આપ્યું. સંઘર્ષોની વચ્ચે પણ કૌટુંબિક લાગણીઓ સચવાયેલી. રતિભાઈ અને બાલાભાઈ બંને સાહિત્ય સાથે સંકળાયેલા. બંનેના રસોડાં પણ અમુક સમય ભેગાં જ હતા. અમદાવાદમાં માદલપુરમાં બધા ભાઈઓના ઘર સાવ નજીક. એક ઘરના મહેમાન તે સૌના મહેમાન. એકબીજાના મોસાળ છોકરાઓને અવારનવાર જવાનું પણ બને. કૌટુંબિક પ્રસંગો ક્યાં ઉકલી જાય ખબર પણ ન પડે. વડીલોનો ઠપકો ઘરમાં નાનાને મળે તેનાથી સંતાનોનો વિકાસ સારો થાય. મહેમાનથી કોઈ અકળાય નહીં. મોટાએ ચીંધેલ કામ કરવાના જ હોય એટલે સામી ઝાઝી દલીલ કર્યા વગર રમતા રમતા કામ કરવાની ટેવ પણ બાળકોને પડે.

રતિભાઈ પોતે પણ માણસભૂખ્યા માણસ. કોઇપણ મહેમાન આવે ત્યારે તેને પ્રેમપૂર્વક, આગ્રહપૂર્વક જમાડતા. ઘરે દુલાભાઈ કાગ જેવા લોકસાહિત્યકાર આવે ત્યારે તો ડાયરો થાય. કેસરીબાપા આવે ત્યારે મહેફિલ જામે. કોરાકાકા રોકાવા આવે ત્યારે બે સગાભાઈઓથી વિશેષ પ્રેમ એકબીજાની આંખોમાં નીતરે. ભાવનગર જાય ત્યારે 'જૈન' પત્રવાળા ગુલાબચંદકાકા, ભાયચંદકાકા, બેચરકાકાને ત્યાં મિત્રો એકઠા થાય. એકબીજા વચ્ચે વિચાર ભેદ થાય ત્યારે ચકમક પણ ઝરે અને મિઠાશપૂર્વક એકબીજાનું સાંનિધ્ય પણ માણે. ગૂર્જરના 'ચા-ઘર'ની મહેફિલમાં ગૂર્જરના બંને કચ્છી ભાઈઓ-શંભુભાઈ, ગોવિંદભાઈ-ની સાથે ધૂમકેતુ, ગુણવંતરાય આચાર્ય જેવા લેખકો પણ જોડાય. શ્રી દલસુખકાકા, અમૃતલાલભાઈ ભોજક, લક્ષ્મણભાઈ ભોજક જેવા સ્વજનો ઘરે આવે ત્યારે આત્મીયતાપૂર્વકની વાતો થાય. પંડિત સુખલાલજી પાસે નિયમિત જવાનું. પહેલા 'સરિતકુંજ'માં (ટાઉન હૉલ પાસે) તેમની આંગળીએ અમે પણ પંડિતજી પાસે જતા. પછીથી પૂ. પંડિતજી સ્ટેડિયમ પાસે 'અનેકાંત નિવાસ'માં રહેવા ગયા ત્યારે દર શનિવારે સાંજે અમૂલ સોસાયટીના ઘરેથી નૂતન સોસાયટીના બસ સ્ટેન્ડથી સાત નંબરની બસમાં નિયમિત જવાનું. ઘરે અવારનવાર કોઈ ને કોઈ સાધુ ભગવંતો પણ આવે. વેવાઈ મળવા આવે તોપણ સગા ભાઈ જેવું હેત વરસાવે. સ્વભાવે આકરા પણ અંતે તો સૌના હિતેચ્છુ અને કુટુંબપ્રેમી. રતિભાઈ અને બાલાભાઈ બંનેનો જૈન સંસ્કૃત પાઠશાળામાં ઉછેર, માનવતાલક્ષી અભિગમ, ક્રાંતિકારી વિચારો-આ બધાનો ફાયદો માત્ર તેમને જ નહીં, સમગ્ર કુટુંબને મળ્યો એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

### ન્યાયસંપન્ન વૈભવ

શિવપુરીમાં તેમણે કલકત્તા સંસ્કૃત એસોસિએશનની 'ન્યાયતીર્થ'ની પદવી મેળવી. ન્યાયના અભ્યાસની અસર તેમના સમગ્ર જીવન ઉપર પડેલી જણાય છે. તેમના પત્રકારત્વમાં, તેમના વ્યવહારમાં ન્યાયપૂર્વક મૂલ્યોનું પ્રસ્થાપન કરીને સમાજને ઊંચો બનાવવાની તમન્ના દેખાય છે. પત્રકાર તરીકે તેઓ માત્ર લખવા ખાતર જ લખતા તેમ નહીં, પણ સચ્ચાઈ ખાતર લખતા. એક જાતની પાપભિરુતા તેમનામાં હતી તેથી ખોટું કરવાથી તો સદાય ડરતા અને દૂર રહેતા. પોતાની જાત માટે જાગૃત પણ એવા કે સ્વાભાવિકતાથી બોલતા. 'હું મૌન ઉપર એક કલાક ભાષણ આપી શકું, પણ હું પોતે દસ મિનિટ મૌન ન રાખી શકું.' પોતે જે કામ કરતા તેનું જે મહેનતાણું મળતું તે પોતાના કામ કરતા જો વધારે

લાગે તો પગાર ઓછો કરવા માટે સંસ્થાને અરજી કરતા અને તે રીતે જે તે સંસ્થા પ્રત્યેનું પોતાનું ઋણ ચૂકવતા. જ્ઞાનોદય ટ્રસ્ટમાં, મહાવીર જૈન વિદ્યાલયમાં, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં તેમણે આ રીતે પગાર ઓછા લેવાનું સ્વીકાર્યું હતું. શિવપુરીમાં પાઠશાળાએ તેમને 'તાર્કિક શિરોમણી'ની પદવી આપવાનું નક્કી કર્યું તો પૂ. ગુરુ વિદ્યાવિજયજી પાસે રડી પડ્યા અને પાઠશાળાએ 'તર્કભૂષણ'ની પદવી આપી સંતોષ માન્યો.

ઘર ચલાવવામાં પણ આયોજનપૂર્વક રહેતા. 'પછેડી જેટલી જ સોડ તાણવી' આ નિયમ. ક્યારેક ભીડ પડી હોય તો મિત્રો–સ્નેહીઓનો સાથ–સહકાર પણ લે. બહેન પ્રજ્ઞા બીજા માટે પૈસા ખર્ચી જાણે. તેને કહેતા, 'તું બીજા માટે પૈસા ખર્ચે છે તેથી આનંદ થાય છે. તારું દિલ શેઠનું છે, પણ તું શેઠની દીકરી નથી એ વાત યાદ રાખીને ખર્ચો કરજે.' આરોગ્યના સાદા નિયમોનું પાલન કરે અને કરાવે, નિયમિતતાના આગ્રહી, ખોટાં ખર્ચા ન કરે. અને છતાં કુટુંબના બધા પ્રસંગોને કરકસરપૂર્વક અને રસથી માણે. ઘરની ગાદલા ઉપર પાથરવાની ચાદર ચોકડીવાળી કે લીટીવાળી હોય તો સીધી અને ફીટ જ પથરાય તેવો આગ્રહ રાખે.

### નામના મેળવવાની વૃત્તિનો અભાવ

મૂક સેવક બનીને કામ કરી જાણવું આ તેમનો જીવનમંત્ર. 'Work is Worship' નું સુંદર લખાણ તેમના ટેબલ ઉપર રહેતું. કેટલાય નાના–મોટા પ્રસંગોએ પાછળ રહીને ખૂબ જવાબદારી અદા કરી હોય પણ પોતાનું નામ આવે એવી કોઈ અપેક્ષા જ નહીં. 'જૈન'ના લેખો પુસ્તક રૂપે છપાવવાની વાત આવી તો તરત જ પ્રતિભાવ આપ્યો કે 'એ લેખો તો રોટલા માટે લખાયા હતા.' 'Virtue is its own reward.' અર્થાત્ 'સદ્‌ગુણ પોતે જ પોતાનો સન્માન–ચંદ્રક છે.' આવી તેમની મસ્તી હતી.

પોતાને ગમે તે સંસ્થા સાથે, ગમે તે શ્રેષ્ઠિ સાથે સંબંધ હોય, ઓળખાણ હોય તોપણ તેનો ક્યારેય દુરુપયોગ કર્યો નથી. પોતાના સંતાનો તો પોતાની લાયકાતના ધોરણે જ આગળ વધે તેમ માનતા એટલે ક્યાંય તે અંગે રજૂઆત કરી નથી. પણ કોઈ લાયક વિદ્યાર્થી માટે, કોઈ સામાન્ય સ્થિતિની વ્યક્તિ માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા માટે પણ ધક્કો ખાતા. કોઈને સ્કોલરશિપ માટે, કોઇને અભ્યાસના પ્રવેશ માટે, કોઈને નાની–મોટી તકલીફો દૂર કરવા માટે પોતાનાથી થઈ શકે તે કરતા. છબીલકાકાના કિરીટભાઈને સ્કૂલમાંથી ઈડરનો પ્રવાસ ગોઠવાયો તો ઊભા થઈને તરત ઈડરની ચોપડી કાઢી આપી. કિરીટભાઈએ આર્કિટેક્ટમાં પ્રવેશ મેળવ્યો તો પોતાની સાથે ટ્રેઈનમાં વડોદરા સુપ્રતિષ્ઠિત વ્યક્તિને મળવા લઈ ગયા. સાચી જિજ્ઞાસાને સંતોષવા માટે બધું કરી છૂટતા, પણ લાગવગ કે ઓળખાણનો ગેરલાભ કદી ન લેતા. તેમના હૃદયની આર્દ્રતા એવી કે કોઈ સારા કંઠે ભજનો ગાય તો તેમની આંખમાંથી શ્રાવણ–ભાદરવો વરસ્યા કરે. એક વખત ઘરમાં લગ્ન પ્રસંગે પણ આગલા દિવસના કપડાં બીજા દિવસે પહેરવાનો પોતાનો નક્કી કરેલો વારો હતો એટલે તે જ પહેર્યાં. ઝભ્ભાને શાહીના ડાઘ હતા તે જણાવ્યું તો કહે કે 'આ બહારના ડાઘ શું જોવા? અંદરના ડાઘા જોવા જોઈએ.' કેવી જાગૃતતા!

### માનવતાલક્ષી અભિગમ

'માનવધર્મ સૌથી ઊંચો' આ તેમની સમજ. ધર્મના ક્રિયાકાંડમાં ઝાઝો સમય પસાર કરવાને બદલે દરેક સાથે આત્મીયતાથી વર્તે. 'માણસ એ જીવતું પુસ્તક છે, એને વાંચો.' એમ જણાવી ગમે તેટલા કામ વચ્ચે પણ આવનાર માણસને પૂરેપૂરો સમય આપે, તેના સુખદુ:ખની વાતો સાંભળે. ઘરમાં આવેલ વ્યક્તિની વાત ખોટી લાગે તો કડક શબ્દોમાં ઠપકો આપે, હિતબુદ્ધિથી તેના ઉપર આક્રોશ ઠાલવે, પણ પછી સાથે બેસાડીને પ્રેમપૂર્વક ખવડાવે–પીવડાવે.

અમૂલ સોસાયટીમાં નવા નવા રહેવા આવેલા અને ચોમાસામાં એક ભાઈની ગાડી કાદવમાં ખૂંચી ગઈ તો ઑફિસેથી આવેલા અને જમવાનું બાકી હતું તોપણ પહેલા ગાડીને ધક્કા મારવામાં મદદ કરી. અમદાવાદમાં લગભગ ઈ. સ. ૧૯૭૫માં સાબરમતીનું પૂર આવ્યું ત્યારે સંવત્સરીની રાત્રે ઘરનો આગળનો રૂમ સુખીપુરાના ઝુંપડાવાસીઓ અને તેમના સામાનથી ભરાઈ ગયો. પારણાના દિવસે તેમના ખાવા–પીવાની વ્યવસ્થા પહેલાં થઈ, ઘરના સભ્યોના પારણાની વ્યવસ્થા પછી થઈ. જે લખાણ પોતે લખતા તેવુંજ તે વિચારતા અને તે આચારમાં પણ મૂકવા માટે સદાય પ્રયત્નશીલ રહેતા. ઘરે કોઈ દૂધવાળાભાઈ આવે, મજૂર આવે કે કામ કરનાર આવે તેને પણ પાસે બેસાડે, તેની વાત સાંભળે, આત્મીય વ્યવહાર કરે.

તેઓ જ્યારે શેઠ આ. ક. પેઢીનો ઇતિહાસ લખતા ત્યારે તેમની સાથે ૧૯૭૮–૮૦ના બે વર્ષ હું જતી. બસમાં ઑફિસે જવાનું. લાઈનમાં કોઇ પણ જાણીતી વ્યક્તિ ઊભી હોય તો તેની ટિકિટ લેવાની. ગૂર્જરની દુકાને, જૈન પ્રકાશન મંદિરની દુકાને થઈને જવાનું. ઉપાશ્રયમાં અમુક મહારાજ સાહેબનું કામ હોય તો તેમને

*"તાત્ત્વિક કે આર્થિક – ગમે તે દૃષ્ટિએ પશુસંવર્ધન અને જીવદયા પ્રજાજીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી જેઓ એ ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે, તેઓ દેશસેવાનું જ કામ કરે છે, અને તેમને પૂરો સાથ અને સહકાર આપવો દરેક દેશવાસીની ફરજ છે. પશુસંરક્ષણને આપણે પ્રજાસંરક્ષણ સમજીએ, જીવદયાને આપદયા સમજીએ અને જાગ્યા ત્યારથી સવાર ગણીને આપણી સંસ્કૃતિની શોભા અને દેશની શક્તિ વધારવાના આ પુણ્યકાર્યમાં આપણો વધુમાં વધુ ફાળો નોંધાવીએ."* ❑ રતિલાલ દી. દેસાઈ

મળવા જવાનું. ક્યાંક કડક શબ્દોમાં ફરિયાદ કરે, ક્યાંક કામની ઉઘરાણી પણ કરે અને ક્યાંક લાગણીપૂર્વક સામેનાની મુશ્કેલીનો રસ્તો કાઢવાનો પ્રયત્ન પણ કરે.

**લેખનકાર્ય અને પ્રવાસો**

પોતે થઈ શકે તે કામ તો જાતે જ કરે. પણ બનતું એવું કે આવનાર વ્યક્તિ નાનું કે મોટું કામ–ખાસ કરીને લખવાનું કે પ્રકાશનનું કે સંપાદનનું–સોંપે ત્યારે કોઈને ના પાડી ન શકે અને ક્યારેક કામને પહોંચી પણ ન વળે. આવા સંજોગોમાં મારે તેમના કામમાં જોડાવાનું આવતું. પહેલાં પ્રુફ રીડિંગથી શરૂઆતથી થઈ. પછી 'ગૌતમસ્વામી' અને 'ભદ્રેશ્વરનો ઇતિહાસ'નાં મેટર લખવાનું કામ આવ્યું. પછી 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી'ની ચોપડી લખવાનું કામ સોંપ્યું. શેઠ શ્રી કસ્તુરભાઈએ આ કામ તેમને સોંપેલ, પણ તેમનાથી તે કામ માટે સમય કાઢવો મુશ્કેલ હતો એટલે મને સોંપ્યું. વળી 'જૈન'ના લેખો લખવાના હોય ત્યારે તેમનો હાથ ધ્રૂજતો એટલે ઘરમાંથી અમને અવારનવાર બેસાડતા. લખાવે ત્યારે પાછા પૂછ્યા કરે કે 'બરોબર લખ્યું ને?' વાંચ્યા વગર કશું મોકલવું નહીં તે નિયમ. એટલે લખેલું બધું વંચાવે. કવર ઉપર પણ નામ, સરનામું, ટિકિટ વગેરે જોઈ લે. તરત જ ટપાલ પોસ્ટ કરવા જવાનું. નિયમિતતા એવી કે 'જૈન'માં બત્રીસેક વર્ષ દર અઠવાડિયે લેખ મોકલે તેમાં માત્ર એક જ વખત લેખ ભાવનગર નહીં પહોંચેલો. જોડણીના એવા આગ્રહી કે એકાદ જોડણી આપણાથી ખોટી થઈ હોય તો કેટલોય ઠપકો સાંભળવો પડે. પોતાના અક્ષર એકદમ મરોડદાર, ભાષાશુદ્ધિ પૂરેપૂરી, વિચારોને સ્પષ્ટ રીતે રજૂ કરવાની તેમની શૈલી, એટલે આપણી પાસે પણ ચોકસાઈનો આગ્રહ રાખે.

તેમની પાસે પ્રકાશનના કામો ખૂબ આવતા. કેટલાય લેખકો અને સંસ્થાઓના પુસ્તકને છપાવવાનું કામ તેઓ પ્રેમપૂર્વક કરતા. કાગળ પસંદ કરવા માટે ઘરે નમૂના આવે અથવા પોતે કાગળ માટે 'કલ્યાણ પેપર માર્ટ' કે એવી ઑફિસમાં જતા. આપણે જેમ કપડું હાથમાં પકડીને જોઇએ તેમ તેઓ કાગળ જોતા. ભાવતાલ કરતી વખતે જણાવે કે 'સંસ્થાનું કામ છે એટલે વ્યાજબી લેજો. વધારે લેશો તો લોકો કહેશે કે રતિલાલ પૈસા ખાઈ ગયો.' આમ કરકસરથી પસંદગી કરે તેથી તો શ્રેષ્ઠિઓ, સાધુભગવંતો અને સંસ્થાઓ તેમના પર પૂરેપૂરો વિશ્વાસ મૂકતા. સંપાદન વખતે ફોટાઓની પસંદગી અને ગોઠવણી પણ આયોજનપૂર્વક કરે. ટાઇટલ પેજના નમૂના આવે ત્યારે કલર પસંદગીમાં પણ તેમની સૂઝ. કયા રંગ સાથે કયો રંગ ઉઠાવ આપે તે તેઓ સૂચવતા. પૂ. આ. પ્રદ્યુમ્નસૂરિજી, પૂ. આ. શીલચંદ્રસૂરિજી, પૂ. અમરેન્દ્રવિજયજી વગેરે પાસે લખાણની ઉઘરાણી કરતા. ન લખતા હોય તેને લખતા કરે. 'તમે લખો તો ખરા, સુધારશું, છપાવશું' આમ કહીને બળ આપે.

તેમના પ્રવાસોમાં પણ અવારનવાર સાથે જવાનો મોકો મને મળેલો. ભદ્રેશ્વરનો ઇતિહાસ લખ્યો ત્યારે હું, બા અને બાપુજી (રતિભાઈ) અમે ત્રણ ભદ્રેશ્વર પંદરેક દિવસ રહેલા. ગામના વડિલોને મળે, પૂજારીને મળે અને તેની વાતોની નોંધ કરે. જગડૂશાનો મહેલ, ચોખંડા મહાદેવ જેવા સ્થળોની જાતે મુલાકાત લીધી. સાથે પૂ. કેસરીબાપા હતા અને બાજુમાં પૂ. અમરેન્દ્રવિજયજી અને તીથલવાળા બંધુત્રિપુટી હતા. વાતોની મહેફિલ જામે.

પોતાના પાછલા વર્ષોમાં તેમને માનવધર્મ ઉજાગર કરે તેવું કથા-સાહિત્ય લખવું હતું. તે દરમ્યાન શેઠ શ્રી કસ્તૂરભાઈએ તેમને 'શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ' લખવાનું કામ સોંપ્યું. લગભગ બાર–ચૌદ વર્ષ આ કામ ચાલ્યું. છેલ્લે તો તેમની શક્તિઓ પણ ઓછી થતી ચાલેલી. શ્રી કનુભાઈ શેઠ, શ્રી વસંતભાઈ દવે, હું, તેમની પૌત્રી બહેન શિલ્પા–આમ બધાંની મદદથી કામ ચાલ્યું. બીજો ભાગ તો તેમના અવસાન પછી બહાર પડ્યો. આ ઇતિહાસ લખતી વખતે પંદર દિવસ પાલીતાણા જઈને રહ્યા. નગરશેઠના વંડામાં ઉતારો. અમૃતલાલભાઈ સોમપુરા ત્યાં જ રહે. તેમની સાથે શત્રુંજય ડુંગર ઉપર જઈને વિગતો નોંધતા. પુજારી, ચોકીદારને મળતા. તેને બે પૈસા આપતા.

શ્રી વલ્લભ સ્મારકના ખાતમુહૂર્ત સમયે નવેમ્બર ૧૯૭૯માં દિલ્હી પૂ. મૃગાવતીશ્રીજીના સાંનિધ્યમાં રહેલ. ત્યાં પૂરેપૂરો ભક્તિનો માહોલ. લહેરા, જીરા, ધર્મશાળા, કાંગડા વગેરે જગ્યાએ પ્રવાસમાં ત્યાંના ભક્તોનો સાથ સહકાર. એકવાર વાંકાનેર પૂ. કેસરીબાપાની સાથે અમે ઘરના પાંચેક જણ ગયેલ. ત્યાં તીથલવાળા બંધુત્રિપુટીનું સાંનિધ્ય. તેમની સાથે પ્રાણજીવનભાઈની વાડીએ ખૂબ સત્ત્વશીલ વાતો થતી. મહેસાણા તીર્થનો પરિચય લખવાનો હતો ત્યારે પૂ. જગનકાકા અને તેઓ–એમ બે જણ મહેસાણા ગયેલ. બંને ઉંમરલાયક અને છતાં સાહસપૂર્ણ રીતે ફોટા પાડીને, નોંધ કરીને આવ્યા.

વાતો તો ઘણી છે. કદાચ રજૂઆતમાં મારાથી અંગત રજૂઆત પણ થઈ હશે, પરંતુ વિચાર–વાણી અને વર્તનમાં ઐક્ય દાખવીને, માનવતાથી ભરપૂર જીવન જીવી જનાર રતિભાઈ આપણને ઘણું બધું શિખવાડી જાય છે. અંતે તો માણસ ગુણ અને દોષથી ભરેલો છે, તેમનામાં કદાચ અમુક દોષ મળે, પરંતુ તેમની જે નિસ્પૃહતા છે, તેમની જે કાર્યનિષ્ઠા છે તે અજોડ છે એમાં બેમત નથી. આજના યુગમાં જ્યારે મૂલ્યોનો હ્રાસ થતો દેખાય છે ત્યારે તેમની જીવનશૈલીની આ વાતો કિંવદંતી કે દંતકથા જેવી ભાસે. પરંતુ તેમણે તો પોતાની જાતને, કુટુંબના સભ્યોને અને સમાજને ટાંકણા મારી મારીને સુંદર શિલ્પ કંડારવાનો જ આદર્શ રાખેલો.

***

૮, શ્રીપાલ એપાર્ટમેન્ટ, દેરી રોડ,
કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

# શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ – કેડી કંડારનાર

❑ નિરૂભાઈ રતિલાલ દેસાઈ

અમારા દેસાઈ પરિવારના મતે રતિભાઈ એટલે શ્રાવક અને સાધુ ભગવંત વચ્ચેની સીમા પર બિરાજમાન માનવ. ખાદીનો ઝભ્ભો, ધોતીયું અને ટોપીમાં સજ્જ, સાંસારિક તાપ ઝીલી, આગળ વધનાર, સાધુમય શ્રાવક.

બે ભાઈઓ તથા બે બહેનોના અમારા પિતાશ્રીને તેઓના પરિચિત સૌ, આજીવન સાહિત્યોપાસક, કર્મયોગી, સાધક, પથદર્શક ગુણોથી તો ઓળખે જ છે, પણ હું થોડોક ફંટાઈને તેઓશ્રીને પથદર્શક કરતાં નવી કેડી કંડારનાર કહું તો જરાપણ અતિશયોક્તિ નહીં ગણાય.

મારે વાત કરવી છે સાહિત્ય અને ધર્મથી સહેજ જુદા પરિપેક્ષની. આ છે થોડીક અંગત યાને કૌટુંબિક અને સામાજિક વાતો. હું આ પાસું થોડાક અનુભવેલ તથા સાંભળેલ માર્મિક પ્રસંગો દ્વારા રજૂ કરવા માંગું છું. જો કે આમ ગણો તો વાચકને આ અંગત પ્રસંગોનું મહત્ત્વ ઉપરછલ્લું લાગે પણ મારે આ રજૂઆત દ્વારા એક વિરલ વ્યક્તિનું એવું પાસું રજૂ કરવું છે જેનાથી આ કાળા માથાનો માનવી ચોક્કસ અલગ ઉપસી આવે.

પિતાશ્રી માટેનો એક ખ્યાલ તો લગભગ તેઓના પરિચિત સૌને છે અને તે એ છે કે પોતાને મળવાપાત્ર પગાર કે મહેનતાણામાં, સામે ચાલીને, કાપ સ્વીકારીને વધારાને બદલે ઓછું લેવું અને જે સંસ્થા માટે કામ કરે તે સંસ્થાનું આ રીતે ઋણ ચૂકવવું. આ ગુણથી થોડુંક આગળ વધીને જણાવું તો તેઓની અણિશુદ્ધ સત્યનિઠા, અણહક્કનું જરા પણ ગ્રહણ ન કરવું, અપરિગ્રહનું સાચા અર્થમાં પાલન કરવું. આવા મહાવ્રતોના અગત્યના સિદ્ધાંતોને જીવનમાં ઘણું ઘણું જતું કરીને, કષ્ટ વેઠીને પણ નિષ્ઠા સહિત આચરણમાં મૂકવું એ એમનો સૈદ્ધાંતિક અભિગમ હતો. આ જ સિદ્ધાંતો અને સંસ્કાર મારા સદ્ગત માતુશ્રી તથા અમારા ચારે ભાઈ–બહેનોના પરિવારને તેઓશ્રીએ મબલખ રીતે આપ્યાં છે. આ ગુણો અમને સૌને મળ્યા તેમાં પિતાશ્રી ઉપરાંત અમારા પૂ. દાદાશ્રી યાને મુનિરાજ શ્રી દીપવિજયજી મ.સા. તથા તેઓના બહેન સાધ્વી શ્રી લબ્ધિશ્રીજી મ.સા.ના આશીર્વાદ તથા મૂક આશીર્વચનોનો મસમોટો ફાળો જરૂરથી ખરો જ. થોડુંક રમૂજમાં જણાવું તો અમારા આ પરિવારના સભ્યોનો Blood Test કરાવવામાં આવે તો ઉપરોક્ત સર્વે ગુણો એમાં જરૂરથી મોટી માત્રામાં મળી આવે !

પિતાશ્રીની એક છાપ ઉપસી આવે છે તે સ્પષ્ટવક્તા તરીકેની. સાચા અને તટસ્થ અભિપ્રાય માટે કોઈ પણ જાતની બાંધછોડ કરવી નહીં. આનું તાદશ્ય દૃષ્ટાંત છે શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ તથા શેઠશ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈ સાથેના તેમના સંબંધો. તેઓ સાથે અગત્યના વિષય (ધાર્મિક) પર ચર્ચા થાય અને મતભેદ પણ થાય ત્યારે માનપૂર્વક, વિના સંકોચે, શેહશરમમાં ખેંચાયા વગર પોતાના મતનું વિશ્લેષણ કરીને સમજાવવા પૂરતી કોશિશ કરે. એવું ન માને કે શેઠશ્રીને આવું કહેવાય? કદાચ તેઓને ખોટું લાગી જાય તો? બન્ને શેઠશ્રીઓને તેઓનો આ નિખાલસ અને સ્પષ્ટવક્તા તરીકેનો સ્વભાવ ખૂબ જ ગમતો અને તેઓ પણ પિતાશ્રીના અભિપ્રાયનો અભ્યાસ કરી યોગ્ય નિર્ણય લેતા. પિતાશ્રીએ પોતાના આર્થિક કે અન્ય લાભ માટે આ અંગત સંબંધોનો ઉપયોગ તો દૂરની વાત પણ વિચાર સુદ્ધાં નહોતો કર્યો.

આને જ મળતો આવતો તેઓનો અનુભવ તે ઈતિહાસકાર તરીકેનો. 'ભદ્રેશ્વર તીર્થનો ઈતિહાસ' પુસ્તક લખતાં તેઓ ઈતિહાસકાર તરીકે જુના લખાણો, પ્રતો, રેકોર્ડઝ વગેરે ઉપલબ્ધ સાહિત્યનો ઉપયોગ કરતાં અને એક સમર્થ ઈતિહાસકાર લખે તે રીતે આ ગ્રંથ લખતાં હતાં. તેનું કાચું લખાણ તે વખતના ટ્રસ્ટીશ્રીઓએ વાંચતાં પિતાશ્રીને અમુક લખાણ રદ કરવા અને અમુક લખાણ, જે માટે કોઈ ઉપલબ્ધ સાબિતીઓ નહોતી, તે ઉમેરવા માટે દબાણ કર્યું. પિતાશ્રીએ આ અંગે સ્વમાનપૂર્વક અસમર્થતા બતાવી. થોડાક કડક શબ્દોમાં પિતાશ્રીને વહીવટકર્તાઓએ આ અંગે દબાણ પણ કર્યું પણ પિતાશ્રી ટસના મસ ન થયા. આ વાત છેવટે કોર્ટમાં પહોંચી. મન ઉપર ખૂબ બોજા છતાં જરાપણ બાંધછોડ ન કરી. પુસ્તકના પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે પણ આ બાબતમાં પિતાશ્રીને સંપૂર્ણ સાથ અને સહકાર આપેલ. છેવટે આ બાબતમાં પિતાશ્રી તથા પ્રકાશકનો કાયદાકીય વિજય થયો અને પુસ્તક તે જ મૂળ સ્વરૂપે બહાર પડ્યું.

એક નાનો પ્રસંગ પિતાશ્રીની સ્વીકારેલ કામ પ્રત્યેની નિષ્ઠાનો છે. લગભગ ૭૦ વર્ષની આસપાસની વય, નબળું સ્વાસ્થ્ય (હૃદયની બિમારી) છતાં આ. ક. પેઢીનો ઈતિહાસ લખવાની તથા

જયભિખ્ખુને અધ્યાત્મ–જ્ઞાન પ્રચારક મંડળ તરફથી સુવર્ણચંદ્રક મળ્યો હતો તેમજ ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા એમની પંદરેક કૃતિઓને પુરસ્કારને પાત્ર ઠરી હતી. 'દિલના દીવા' નામના એમના પુસ્તકને પ્રૌઢ સાહિત્ય, બાળસાહિત્ય અને એના અંગ્રેજી અનુવાદને–એમ ત્રણ રીતે પારિતોષિકો મળ્યા હતા.

ભાવનગરથી પ્રગટ થતાં 'જૈન' સાપ્તાહિકના અગ્રલેખ તથા અન્ય લેખ લખવાની પ્રવૃત્તિ તો ચાલુ જ હતી. હૃદયની બિમારી (એન્જાઈના) માટે હૃદયરોગ નિષ્ણાત અને જૂની પેઢી સાથે સંકળાયેલ ડૉ. સવજીભાઈ પટેલની સારવાર ચાલુ હતી. એક દિવસ વધુ તકલીફ લાગતાં ડૉક્ટર સાહેબને ઘરે બોલાવેલ અને તેમણે ચેક કરીને હળવો હૃદયરોગનો હુમલો એવું નિદાન કરી ઘરે આરામ કરવાની સલાહ આપી. પણ ડૉક્ટર સાહેબ પિતાશ્રીની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને ચીવટથી વાકેફ હતા, અને પિતાશ્રીએ 'જૈન'ના સાપ્તાહિક લેખ લખવાની રજા માગેલ. ડૉક્ટર સાહેબનું ખાસ કહેવું હતું કે રતિભાઈ માટે વાચન અને લેખન તો વિટામીનની ગરજ સારે છે અને તેમણે પિતાશ્રીને આ અંગે ખાસ છૂટ આપેલ. ઉપરાંત પિતાશ્રીને મુલાકાતીઓને પણ થોડા સમય માટે મળવા દેવા છૂટ આપી અને અમને પરિવારને પણ આ વિશે યોગ્ય માર્ગદર્શન આપ્યું. ટુંકમાં આ લખવાનો આશય પિતાશ્રીની કાંમ પ્રત્યેની ચીવટ તથા નિષ્ઠાનો છે.

થોડી મારી અંગત પણ વિષયને સંલગ્ન વાત લખું તો અસ્થાને નહીં ગણાય. હું ૧૯૫૯માં સિવીલ એન્જિનિયર થઈને P.W.D. ની સરકારી નોકરીમાં જોડાયેલ. સરકારી અને તે પણ એન્જિનિયર તરીકેની નોકરી કરતાં કરતાં મેં જે સાંભળેલ તે સ્વયં અનુભવ્યું. ફરજ પ્રત્યે સભાનતા અને નિષ્ઠા વગર ચાલે. બે નંબરના પૈસા આસપાસની આ દુનિયા. એટલે પગાર વત્તા બે નંબરના પૈસા મળે તેવી આ કાયમી નોકરી. મને પોતાને આ વાતાવરણમાં ખૂબ ગૂંગળામણ થવા લાગી અને પિતાશ્રી સાથે આ અંગે ચર્ચા કરી. ખાસ એટલા માટે કે પિતાશ્રીએ પરિવાર માટે કરેલ અથાગ સંઘર્ષ પછી હું સૌથી મોટો હોઈ મારી ફરજ બને કે તેઓને આર્થિક જવાબદારીમાંથી થોડાં મુક્ત કરું. અને આવી કાયમી નોકરી ખરેખર તો કેમ છોડાય? પિતાશ્રીએ મારી વ્યથાને યોગ્ય ગણી મને નિ:સંકોચપણે કોઈ ખાનગી નોકરી મળે કે તૂર્ત જ આ નોકરી છોડી દેવા સમર્થન આપ્યું. સાથે સાથે એ પણ હૈયાધારણ આપી છે બહુ લાંબી ચિંતા ન કર. સૌ સારા વાના થશે. ઉપરવાળો બધું ગોઠવી આપશે. આનાથી મારો આત્મવિશ્વાસ ખૂબ વધી ગયો, જાણવાં છતાં કે સરળ (!) વાતાવરણ છોડી સંઘર્ષમય વાતાવરણમાં પ્રવેશ કરવાનો છે. મેં નાની ખાનગી કંપનીમાં નોકરી મળતા સરકારી નોકરી છોડી દીધી. પિતાશ્રીની આ સાહસસભર હિંમતને હું તેમને મારા માટેની એક નવી કેડી કંડારનાર તરીકે વર્ણવું તો યોગ્ય જ છે ને? જો કે એ વખતે તો આ કેડી મને ક્યાં લઈ જશે તે પણ ખબર નહોતી પણ પિતાશ્રીના આશીર્વચન અને આશીર્વાદથી થોડીક રઝળપાટ પછી વિશ્વવિખ્યાત Indian Institute of Management, Ahmedabad માં(IIMA) સિવીલ એન્જિનિયર તરીકે Temporary અને પછી કાયમી નોકરી મળી અને ૩૧વર્ષ પછી પૂર્ણ સંતોષ સાથે નિવૃત્ત થયો અને હાલ પેન્શન મળતાં જીંદગી ખૂબ સરસ રીતે ગોઠવાઈ ગયેલ છે એમ કહું તો અતિશયોક્તિ નથી. પેન્શન વત્તા અગાઉ જણાવ્યા મુજબના અપરિગ્રહના મળેલ ગુણોને લીધે સોનામાં સુગંધ જેવું લાગે છે.

પિતાશ્રીની અપરિગ્રહની વિચારસરણીનો એક વધુ પરિચય થયો. અમારા અમૂલ સોસાયટીના મકાનના નકશા બનાવતી વખતે (૧૯૬૪/૬૫માં) તે વખતના પ્રમાણમાં સોંઘવારીના સમયમાં સગાં સંબંધીઓના સાથ અને સહકારથી અગાઉ વસંતકુંજ સોસાયટીમાં ખરીદેલ જમીન વેચીને અમૂલ સોસાયટીમાં લોન મળે તેમ હોઈ પ્લોટ ખરીદ્યો. તે ઉપર મકાનના પ્લાન બનાવવા માટે હું જે ખાનગી કંપનીમાં નોકરી કરતો ત્યાં તે વખતના જાણીતાં સ્થપતિ શ્રી મધુકર ઠાકોરનો અંગત પરિચય હોઈ તેમને તે માટે રોકેલ. તેઓએ બે-ત્રણ જાતનાં જુદા જુદા પ્લાન તૈયાર કરી આપેલ. એકદમ સાદો અને એકદમ આધુનિક. અને વિશાળ જગા રોકતો પ્લાન બનાવેલ તેમાં પિતાશ્રીએ સ્થપતિ સાથે યોગ્ય ચર્ચા કરી એકે એક ઈંચનો ઉપયોગ થાય તેવો સરળ અને જરૂર પૂરતાં જ દરેક રૂમો જેવા કે ડ્રોઈંગ રૂમ, બેડ રૂમ, રસોડું, બાથરૂમ વિગેરે વાળો પ્લાન મારી સાથે પોતાના સૂચનો આપી બનાવરાવ્યો. ફર્નિચર વિગેરેની ગોઠવણમાં પણ ખૂબ સાદાઈ, ટકાઉપણું વિગેરેનો અમલ કર્યો. આ લખવાનો આશય પણ પિતાશ્રીની અપરિગ્રહની ભાવના અને દૂરંદેશીપણું દર્શાવવાનો છે. આજે પણ અમો સૌ આ વિચારસરણીનું જ પાલન કરીએ છીએ.

ઉપરોક્ત પ્રસંગો ઉપરાંત એક નાનો પ્રસંગ બહેન માલતીના અનુભવનો અહીં ટાંકુ છું. ચિ. માલતી પિતાશ્રી સાથે મદદનીશ તરીકે આ. ક. પેઢીમાં (પટણીની ખડકી, ઝવેરીવાડ) નોકરી કરતી હતી. એક વખત ઉનાળામાં પિતાશ્રીએ માલતીને નજીકની પોસ્ટ

*'જેનામાં તીવ્ર અને વ્યાપક સંવેદનશીલતા અને એને વાચા આપવાની પ્રતિભા હોય એ મહાકવિ બની શકે; જેનામાં ભવિષ્યનાં પગલાં પારખવાની આર્ષદૃષ્ટિ જાગી હોય, તે મહર્ષિ બની શકે; એ જ રીતે જેના અંતરમાં સમસ્ત પ્રજાનાં દુ:ખનાં સંવેદનોને ઝીલવાની અને એની સાથે એકરૂપતા સાધવાની અપાર કરુણા હોય, એ જ વ્યક્તિગત રીતે મહાન નેતા બની શકે. આ બાબત માત્ર બૌદ્ધિક તાકાતને ખીલવવાની નહીં, પણ હૃદયને મહાસાગર જેવું વિશાલ બનાવવાની છે.* ❑ રતિલાલ દી. દેસાઈ

ઑફિસમાંથી ઈનલેન્ડ લેટરો લાવવા મોકલેલ. માલતી તે લઈ આવી અને પિતાશ્રીએ તે ગણતાં એક ઈનલેન્ડ, એક બીજા સાથે ચોંટી જવાથી વધારે આવેલ. પિતાશ્રીએ માલતીને તે પાછું આપી આવવા સૂચન કર્યું. ઉનાળાની બપોર હોઈ માલતીએ બીજે દિવસે સવારે જવા કહેલ પણ પિતાશ્રીએ તેને સમજાવી કે સાંજે પોસ્ટનો માણસ હિસાબ કરે અને નંગ ગણે ત્યારે એક નંગર ખૂટે અને તેના પૈસા તેને અંગત રીતે જોડવા પડે માટે તું અત્યારે જ જઈ આવ. અને માલતીએ પણ એ સૂચનનું પાલન કર્યું. અણહક્કનું લેવું નહીં. સામાને આર્થિક તકલીફમાં મૂકવો નહીં. કેવો નાનો પણ ગ્રહણ કરવા જેવો અગત્યનો ગુણ?

એક વધુ નાનો પણ અગત્યનો પ્રસંગ માણસાઈ અને દરિયાદિલ માનવ સાબિત કરે તેવો પણ નોંધનીય છે. તેઓ સટ્ટાબજાર, એરંડા બજારમાં સેક્રેટરી તરીકે નોકરી કરતા હતા. તેમની સાથે સ્ટાફમાં એક પોપટભાઈ કરીને કર્મચારી હતો. સંજોગવશાત્ સંસ્થાને વહીવટ ખર્ચ ઘટાડવો પડે તેવી પરિસ્થિતિને કારણે પોપટભાઈને છૂટા થવા નોટીસ આપી. પિતાશ્રીને આ ગમ્યું નહીં તેથી તેમણે જે સૂચન કર્યું તે ખરેખર માર્મિક છે. તેમણે સંસ્થાના વહીવટકર્તાઓને જણાવ્યું કે પોપટભાઈને છૂટા ન કરવા અને સંસ્થાને આર્થિક બોજો ન વધે માટે પોતાના પગારમાંથી પોપટભાઈને પણ અમૂક નાણાં ચૂકવવા. બન્ને કર્મચારીના પગારમાં કાપ! કેવો માનવીય અભિગમ. આ ઉપરાંત સટ્ટા બજારમાં નોકરી છતાં જીવન પર્યંત શેર ખરીદવાથી દૂર રહ્યા.

એક પ્રસંગ કુટુંબ ભાવનાનો નોંધવા જેવો લાગતાં તે જણાવું છું. મારા કાકા શ્રી ધરમચંદકાકા પિતાશ્રીથી નાના હતા અને તે ગ્લાસ ટેકનોલોજીસ્ટ હતા. હિન્દુસ્તાન વાયર્ડ ગ્લાસ કંપનીમાં તેઓશ્રી નોકરી કરતા હતા અને કંપનીએ તેમને નિરીક્ષણ/ અભ્યાસ માટે અમેરિકા મોકલેલ. અમારા કુટુંબ માટે આ ખૂબ ગૌરવની વાત હતી. કાકાને પરદેશ જવાના થોડા દિવસો અગાઉ એક ભારતનું આંતરરાષ્ટ્રીય વિમાન તૂટી પડેલ અને બધા પ્રવાસીઓનું મૃત્યુ થયેલ. પિતાશ્રીને આ સમાચારે ખૂબ ગમગીન અને વ્યથિત બનાવી દીધા. પૂ. કાકા તેમના નિર્ધારીત કાર્યક્રમ પ્રમાણે અમેરિકા જવા મુંબઈથી પ્લેનમાં બેઠા ત્યાંથી અમેરિકા પહોંચ્યાના સમાચાર મળતાં સુધી પિતાશ્રીએ ખૂબ બેચેની અનુભવેલ અને આ નાના વ્યથાના પ્રસંગને તેમણે લખાણ સ્વરૂપે 'જૈન' સાપ્તાહિકમાં તે વખતે પ્રગટ પણ કરેલ. કેવી માનવતા વાદી, કુટુંબ પ્રત્યેની ઉચ્ચ ભાવના.

કરકસરમાં તેઓની પરિચિત અને રમૂજી વાત કરું તો તેઓ ખાદીના જ વસ્ત્રો પહેરતા. અને ધોતીયામાંથી પંચીયું અને પંચીયામાંથી ખીસા રૂમાલ, જ્યારે ઝભ્ભામાંથી બાંડીયું કરી પહેરતા! બૅન્કમાં અંગત ખાતું જ નહીં, એક ખાતું અમૂલ સોસાયટીના મકાનની લોનના ચેક માટે અને તે પૂરતું જ ખોલાવવું પડેલ. શેર, ફીક્સ ડિપોઝીટ વિગેરે કશું જ નહીં. આ અપરિગ્રહને કોઈ નકારશે?

અંતિમ બિમારીમાં પણ મારા માતુશ્રી સહિત અમારા પરિવારને બોલાવી પોતે દેહદાન કરવા ઇચ્છે છે તે માટે સંમતી આપવા બધાને જણાવેલ. તેઓ નશ્વર દેહનો પણ મેડિકલના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ઉપયોગ થાય તેમ ઈચ્છતા હતા. કેવી અંતિમ ખેવના?

સમાપનમાં જણાવું તો, સત્યની આકરી કસોટીમાંથી સફળતાથી પાર ઉતરવું, અણહકનું લેવાનું તો દૂર પણ ઉપરથી પોતાની હક્કની આવકમાંથી યોગ્ય હિસ્સો પરત કરવો અને સંપૂર્ણ રીતે અપરિગ્રહી જીવન જીવવું આ એમના જીવનના ખૂબ સબળ પાસા હતા. આ બધા છતાં તેઓ જીવ્યા તો સંપૂર્ણ જીંદાદિલીથી એમ કહું તો યોગ્ય જ કહેવાશે.

આમ પિતાશ્રી સાચા અર્થમાં અમારા માટે તો કેડી કંડારનાર નિર્વિવાદ પણે હતા, એમ કહું તો આપ સંમત થશો જ.

✱ ✱ ✱

૬, અમુલ સોસાયટી,
નવા શારદા મંદિર રોડ,
પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.

## પ્રાચીન હસ્તપ્રત લિપિ શિખવા માટેની શિબિર

એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગ અને મુંબઈ જૈન યુવક સંઘનાં સંયુક્ત ઉપક્રમે 'લેખનકળા, પ્રાચીન લિપિ અને હસ્તપ્રત વિદ્યા' વિષય ઉપર પાંચ દિવસની (તા. ૮-૩-૦૮ થી તા. ૧૨-૩-૦૮) શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. **નિઃશુલ્ક પ્રવેશ.**

**સ્થળ :** એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી, ચર્ચગેટ- મુંબઈ.

**વિષયો :** પ્રાચીન લિપિ ઓળખની આવશ્યકતા, લેખનકલાનો વિનિયોગ, દેવનાગરી લિપિ, હસ્તપ્રત વિદ્યા, પાઠ સંપાદન, હસ્તપ્રતોનો ઇતિહાસ, હસ્તપ્રતના પ્રકારો, ઉપરાંત પ્રાચીન લિપિના વર્ગોનું આયોજન.

**વક્તા :** પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ, ડૉ. જીતેન્દ્રભાઈ શાહ, પ્રો. ડૉ. બળવંતભાઈ જાની, ડૉ. પ્રીતિબહેન પંચોળી.

શિબિરમાં ભાગ લેવા ઇચ્છનારે નીચે આપેલ સંપર્ક પર પોતાના નામ નોંધાવી લેવા વિનંતિ.

**(૧) ડૉ. નૂતન જાની-9869763770**
**(૨) ડૉ. દર્શના ઓઝા-9867579393**

# નિત્ય નૂતન મૂલ્યનિષ્ઠ કથાસાહિત્યના સર્જક : ર. દી. દેસાઈ

❑ પ. પૂ. શીલચંદ્ર વિજયજી

ગાંધીયુગ એટલે મૂલ્યોનો યુગ. આ યુગમાં જે સાહિત્ય રચાયું તે મહદંશે મૂલ્યનિષ્ઠાથી ઓપતું - છલકાતું સાહિત્ય. નૈતિક અને આધ્યાત્મિક જીવનમૂલ્યો પ્રત્યેની આસ્થા અને આશા - એ આ સાહિત્યનાં પ્રાણતત્ત્વો હતાં એમ કહી શકાય, અને એટલે જ, એ સાહિત્યમાં ક્યાંય ઉચ્છૃંખલતા કે અશિષ્ટતા જેવાં અનિચ્છનીય તત્ત્વો પ્રવેશી શક્યાં નથી.

ગાંધીયુગીન ગુજરાતી સાહિત્ય વિશે આવું વિધાન કરવામાં ખોટા પડવાનો બહુ ભય ન લાગે, પણ ગાંધીયુગીન જૈન સાહિત્ય વિશે તો આ વિધાન તદ્દન નિર્ભયપણે અને બેધડક કહી શકાય.

જૈન સાહિત્ય તો પરંપરાથી સતત સર્જાતું જ આવ્યું છે. સૈકાઓથી પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ ભાષાઓમાં સતત વહ્યા કરેલું જૈન સાહિત્યનું વહેણ મધ્યકાળમાં ગુજરાતીમાં પણ પૂરજોશમાં વહ્યું. અને વીસમી સદીમાં જ્યારે સર્જનાત્મક સાહિત્યનો વ્યાપક પવન ફૂંકાયો, ત્યારે જૈન સાહિત્ય પણ તેમાં પાછળ ન રહ્યું. જૈન સમાજે કવિઓ, વાર્તાકારો અને લેખકોનો વિપુલ ફાલ આપ્યો અને સાહિત્યના અર્વાચીન માપદંડોને અનુસરે તેવા સાહિત્યનું પ્રદાન કર્યું.

જૈન સર્જકોના આ ફાલમાં જેમના વાર્તાસર્જને સૌનું ધ્યાન ખેંચ્યું તેવા લેખકો હતા : ૧. શ્રી ભીમજી હરજીવન : 'સુશીલ', ૨. બાલાભાઈ વીરચંદ દેસાઈ : 'જયભિખ્ખુ' અને ૩. શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ.

મૂલ્યનિષ્ઠ, સત્ત્વશીલ અને સંસ્કારપ્રેરક વાર્તાસાહિત્યનું સર્જન -એ આ ત્રણે સર્જકોનો સમાન ગુણધર્મ હતો, તેવું તે ત્રણની વાર્તાઓને તુલનાત્મક રીતે જોતાં સહેજે જણાઈ આવે. 'જીવન ખાતર કલા અને સાહિત્ય' - આ ગાંધીયુગીન વિચારોનો પ્રભાવ, ત્રણેયના સાહિત્ય ઉપર , કોઈ ને કોઈ રૂપમાં અવશ્ય અનુભવવા મળે.

પ્રાચીન જૈન - ધાર્મિક તેમ જ ઐતિહાસિક - ગ્રંથોમાં પ્રાપ્ત થતા અને સાથે સાથે પોતાની નજર સામે વર્તતા-જીવતા-જોવાતા જગત તથા જીવનમાંથી તેઓની સર્જક દૃષ્ટિએ પકડી લીધેલાં પ્રેરણાદાયી કથાનકો, પ્રસંગોને અર્વાચીન કે લોકપ્રિય સાહિત્યિક ભાષાસ્વરૂપમાં ઢાળી, તેને સમાજ સમક્ષ પ્રસ્તુત કરવાની નેમ તે ત્રણે સર્જકોની હતી, તે તેમનું સાહિત્ય જોતાં જણાઈ આવે છે.

આ સ્થાને આપણે વાત કરવાની છે શ્રી રતિલાલ દી. દેસાઈના સાહિત્ય સર્જનની - ખાસ કરીને વાર્તાસાહિત્યની. રતિભાઈનું વાર્તાસર્જન કેટલું બધું સમૃદ્ધ તેમ જ વૈવિધ્યસભર છે તે તો તેમના દસેક વાર્તાસંગ્રહોને અવલોકીએ ત્યારે જ સમજાય. એમણે જૈન ગ્રંથોમાં મળતા કથાપ્રસંગોને મમળાવ્યા છે, તેનો પ્રવર્તમાન દેશ-કાળને અનુરૂપ મર્મ પકડ્યો છે, અને પછી તે મર્મને કેન્દ્રમાં રાખીને હૃદયસ્પર્શી, પ્રતીતિકર તેમ જ મૂળ કથાનકના વસ્તુને પૂર્ણ ન્યાય મળે તે રીતે વાર્તા સર્જી છે.

પણ આનો અર્થ એ નથી કે તેઓનું સર્જન માત્ર જૈન ગ્રંથો કે જૈન કથાઓ પૂરતું જ મર્યાદિત છે. તેમણે તો ઇતિહાસમાં ઘટેલી સત્ય, શીલ, શૌર્ય અને સંસ્કારિતાનો સંદેશો આપતી ઘટનાઓનો પણ 'કાચા માલ' તરીકે ઉપયોગ કરીને તેમાંથી સરસ કથાઓ સર્જી છે. એથીયે આગળ વધીને તેમણે પોતાને થયેલા કેટલાક પ્રેરણાદાયી સ્વાનુભવોને પણ કથાવાર્તાનો ઘાટ આપ્યો છે.

એમણે નારીકથાઓ અને શીલકથાઓ લખી છે, ઇતિહાસ-કથાઓ આલખી છે, ધર્મકથાઓ અને શૌર્યકથાઓ પણ આપી છે, તો સત્યકથાના સર્જનમાં પણ તેઓ પાછળ નથી રહ્યા.

એમની વાર્તાઓ વાંચતા હોઈએ ત્યારે અગાધ પરંતુ શાંત સાગરમાં, ધીમી છતાં સ્વસ્થ ગતિએ હલેસાંની સહાયથી નૌકાવિહાર કરતા હોઈએ તેવો અહેસાસ છયા કરે. ક્યાંય તોફાન નહિ, કોઈ આછકલાઈ કે છીછરાપણું નહિ; અનૌચિત્ય તો ફરકે જ શેનું ? સરળ શૈલી, વાક્યે વાક્યે ઝબકતી મૂલ્યપરસ્તી અને સંવેદનશીલતા - આ એમની વાર્તાઓનું પ્રાણતત્ત્વ છે.

આવા સરસ અને સરળ સાહિત્યસર્જકનું વાર્તાસર્જન, આજના અતંત્ર અને વિષમ વાતાવરણમાં, જેના મનમાં જીવન-ઘડતરનાં પાયાનાં મૂલ્યોની થોડી પણ કિંમત છે અને સાત્ત્વિક સાહિત્ય પ્રત્યે આછીપાતળી પણ અભિરુચિ છે, તેને માટે જીવનજરૂરી અને પોષણક્ષમ આહારની ગરજ સારે તેવું છે.

✳✳✳

*'મરણ બાદ કોઈએ એ અંગેનો વ્યવહાર ન કરવો. બને તો પ્રભુભજન અવારનવાર રાખવાં. નિરાધાર, અશક્ત, ગરીબને ભોજન આપવું. પારેવાંને દાણા નાખવા, ગાયને ચાર નાખવી. બને ત્યારે તીર્થયાત્રા કરવી. સહુએ અગરબત્તી જેવું જીવન જીવવું.'*

❑ જયભિખ્ખુ

# જયભિખ્ખુ : ચંદનની સુવાસ

❑ ડૉ. ધીરુભાઈ ઠાકર

જયભિખ્ખુનું નામ મેં પહેલવહેલું સાંભળ્યું ત્યારે બીજા અનેકોની જેમ મને પણ ભ્રમ થયેલો કે આ કોઈ જુનવાણી સાધુ હશે. પછી એમનું એક પુસ્તક હાથમાં આવ્યું, 'ભક્ત કવિ જયદેવ'.

પુસ્તક વાંચતો ગયો તેમ પેલો ભ્રમ ભાંગતો ગયો. વાંચનને અંતે ખાતરી થઈ ગઈ કે આટલી રસિક બાની કોઈ સાધુની હોય નહીં, અને જૈન સાધુની તો ખચિત નહીં જ.

શૃંગારની છોળો ઉડાડીને પ્રેમરસ પાનારો આ લેખક તો પેલા મોરના પિચ્છધરનો જ વંશજ, પૂરો ગૃહસ્થી હોવો જોઈએ એમ મનમાં દૃઢ બેસી ગયું.

૧૯૪૬ના જુલાઈ કે ઑગસ્ટમાં જયભિખ્ખુની પહેલી વાર ઓચિંતી મુલાકાત થઈ. શારદા પ્રેસમાં એક ચોપડી છપાતી હતી. તે નિમિત્તે ત્યાં ગયો, તો પ્રેસ-મેનેજરની ખુરશી ઉપર બેઠેલ એક ભાઈ જોશીલી જબાનમાં કોઈની સાથે વાત કરી રહ્યા હતાં, માંડીને વાર્તા કહેતા હોય તેમ.

સાંભળનારા પણ વાર્તારસમાં ડૂબી ગયા હતા. વાત પૂરી થયા પછી એમની મને ઓળખાણ કરાવવામાં આવી, બાલાભાઈ દેસાઈ–જયભિખ્ખુ તરીકે.

સહેજ આંચકા સાથે એમનો પહેલો પરિચય થયો. દસ મિનિટમાં જ મારા મને તાળો મેળવી લીધો કે જયભિખ્ખુ રંગીલા લેખક છે. સંસારમાં માત્ર ઊંડા ઊતરેલા જ નહીં, તેના રસકસના જાણતલ શોખીન જીવ છે.

હું તેમના ઠીક ઠીક નિકટ સંપર્કમાં આવ્યો છું. એ દરમ્યાન એમની નરવી રસિકતાનો મને અનેક વાર પરિચય થયો છે. એમના તખ્ખલુસનો ઈતિહાસ જાણ્યો ત્યારે ખબર પડી કે સિક્કાની બીજી બાજુ રોમાંચક છે. એ નામ પાર્વતી–પરમેશ્વરની માફક એમના દામ્પત્યના અદ્વૈતનું પ્રતીક છે.

નામની માફક તેમનો દેખાવ પણ છેતરામણો હતો. સાદો પોશાક અને શરમાળ કે સંકોચનશીલ દેખાતો ચહેરો. તમે નજીક જાઓ, બેદિવસ સાથે રહો કે સાથે પ્રવાસ કરો ત્યારે ખબર પડે કે ખાનપાન, વસ્ત્રાભૂષણ અને રહેણીકરણીમાં બાદશાહી ઠાઠ એમને જોઈએ.

એક વાર પરિચય થયા પછી તમારા ઉપર તેમના પ્રેમ અને મમત્વનો પ્રવાહ એવો ચાલે કે તમને એમાં વારંવાર સ્નાન કરવાનું મન થાય. સાહસ, ઝિંદાદિલી, નેકી અને વફાદારીની વાતો એમની પાસેથી કદી ખૂટે નહીં. લોહચુંબકની જેમ તમે એમનાથી ખેંચાયા વિના રહો જ નહીં; તેમના વ્યક્તિત્વનો પ્રભાવ એવો કે રાય અને રંક સૌને એ પોતાનાં કરી શકતા.

ભાવનગરના સદ્‌ગત મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી અને ચંદ્રનગર સોસાયટીનો બચુ પગી બંનેના મનમાં જયભિખ્ખુની પ્રેમાર્દ્ર છબી બેઠેલી હોય. સામેના માણસના પદને કારણે તેની સાથેના વ્યવહારમાં ભેદ કરવાનું એ શીખ્યા નહોતા.

સાચદિલ, નિખાલસ મિત્ર કે માર્ગદર્શક તરીકે સ્નેહીમંડળમાં સ્થાન હંમેશાં ઊંચું રહ્યું હતું.

આજના જમાનામાં દીવો લઈને શોધવા જવા પડે તેવા બે ગુણ જયભિખ્ખુની સર્વપ્રિયતાના મૂળમાં પડેલા મને દેખાયા હતા : એક તેમનો પરગજુ સ્વભાવ અને બીજો મનની નિર્મળતા.

જેની સાથે માત્ર બે આંખ મળ્યાનો સંબંધ થયો હોય તેને માટે પણ કશું કરી છૂટવું એવી એમની સદ્‌ભાવના હંમેશાં રહેલી. દુ:ખિયાનાં આંસુ લૂછવાનું તેમનું વ્યસન થઈ પડ્યું હતું, એમ કહીએ તો પણ ચાલે. વિવિધ વ્યવસાયના માણસો સાથેનો સંબંધ, એ માણસો પરસ્પર સહાયભૂત થાય એ રીતે તેઓ ખીલવતા.

જયભિખ્ખુની યાદશક્તિ પણ અજબ. તેનો ઉપયોગ બીજાને લાભકારી થાય તે રીતે તેઓ કરતા. શરીર અશક્ત હોય,આંખો કામ કરતી ન હોય, છતાં કોઈનું કામ થતું હોય તો પોતે કષ્ટ વેઠવામાં આનંદ માને. તેમના આ સ્વભાવને કારણે તેમને આંગણે તેમની સલાહસૂચના કે મદદને માટે અનેક નાની મોટી તકલીફોવાળાં માણસોનો પ્રવાહ સતત જોવા મળતો. ચંદનની સુવાસ એ રીતે ઘસાઈને વાતાવરણને પવિત્ર રાખે છે.

બીજું તેમનો સ્વભાવ બાળકના જેવો નિર્મળ. સાચદિલી અને સાફદિલી નાના પ્રસંગમાં પણ તેમના વર્તનમાં પ્રગટ થયા વિના રહેતી નહીં. કહેવું કંઈ અને કરવું કંઈ એવી નીતિ પ્રત્યે તેમને નફરત હતી. સાચું લાગ્યું તે પરખાવી દેવાની ટેવને કારણે ક્વચિત્ કોઈનો અણગમો પણ વહોરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો હશે, પણ તેનાથી તે સત્યની વિટંબણા થવા દેતા નહીં. કશું છુપાવવાપણું ન હોવાના કારણે મનમાં કશી ગડભાંજ ભાગ્યે જ રહેતી.

ઉપર વર્ણવેલ વ્યક્તિત્વનું સીધું પ્રક્ષેપણ તેમનાં લખાણોમાં જોવા મળે છે. રસપૂર્ણ પણ ગંભીર સાહિત્ય પીરસવાનો તેમનો ઉદ્દેશ હંમેશાં રહેલો. અભિવ્યક્તિ સચોટ હોવી જ જોઈએ, પણ સાથે સાથે ઉત્કૃષ્ટ જીવનભાવનાનું લક્ષ્ય પણ સધાવું જોઈએ એમ તેઓ માનતા. આ લક્ષ્યને સિદ્ધ કરવા માટે જ પોતે સાહિત્યિક કામગીરી બજાવી છે એમ તે કહેતા.

ધર્મ જીવનવ્યાપી હવા છે. તેને કલાની મોરલીમાંથી ફૂંકવાની ફાવટ બહુ ઓછા લેખકોમાં હોય છે. શ્રી જયભિખ્ખુ એ કાર્ય પ્રશસ્ય રીતે બજાવી શક્યા હતા. પ્રાચીન ધર્મકથાને નવીન રસસંભૃત નવલકથા રૂપે આસાનીથી યોજી બતાવીને એ દિશામાં તેમણે આદરણીય પહેલ કરી. તેમણે લખેલી 'ભગવાન ઋષભદેવ', 'ચક્રવર્તી ભરતદેવ', 'નરકેશ્વરી કે નરકેસરી', 'સંસારસેતુ',

'કામવિજેતા સ્થૂલિભદ્ર', 'પ્રેમનું મંદિર', 'લોખંડી ખાખનાં ફૂલ' અને 'પ્રેમાવતાર' જેવી ઐતિહાસિક તથા પૌરાણિક વસ્તુ પર આધારિત નવલકથાઓએ જૈન સમાજ ઉપરાંત જૈનેતર સમાજનો પણ સારો ચાહ મેળવ્યો છે.

તેઓ જૈન કથાવસ્તુમાંથી સાંપ્રદાયિક તત્ત્વને બાળી નાંખીને તેને માનવતાની સર્વસામાન્ય ભૂમિકા ઉપર સ્થાપી બતાવે છે. અનેક સાંપ્રદાયિક સંકેતોને તેમણે પોતાની સૂઝથી બુદ્ધિગમ્ય બનાવી આપ્યા છે. ધર્મકથાના ખોખામાંથી લેખકની દીપ્તિમંત સૌષ્ઠવભરી કલ્પના માનવવૃત્તિઓના સંઘર્ષથી ભરપૂર, પ્રાણવંતી વાર્તા સર્જે છે અને વિવિધરંગી પાત્રસૃષ્ટિ ઊભી કરે છે. આમ કરવામાં તેમની વેગીલી ને ચિત્રાત્મક શૈલી મહત્ત્વનો ભાગ ભજવે છે.

જયભિખ્ખુની શૈલી સંસ્કૃત સાહિત્યના અભ્યાસથી ઘડાયેલી હોઈ આલંકારી સુશોભનવાળી હોય છે, પણ તેનામાં નૈસર્ગિક ચેતના છે જે તેને જૂની ઘરેડમાં લુપ્ત થતી બચાવે છે. શિષ્ટતા અને સરસતા તેમના મુખ્ય ગુણો છે. આપણું ધર્મકથાસાહિત્ય પ્રેરક અને રસિક નવલકથા માટે કેટલા મોટા પ્રમાણમાં કાચો માલ આપી શકે તેમ છે તેનું નિદર્શન શ્રી જયભિખ્ખુની નવલકથાઓ દ્વારા થાય છે.

વાર્તાકાર તરીકે તેમની ખરી વિશિષ્ટતા જૂની પંચતંત્ર શૈલીમાં તેમણે લખેલી જૈન, બૌદ્ધ અને હિંદુ ધર્મની પ્રાણીકથાઓમાં પ્રતીત થાય છે. ઉપરાંત બાળકો અને પ્રૌઢો માટે લખેલી દીપકશ્રેણી, ફૂલશ્રેણી અને રત્નશ્રેણીની પુસ્તિકાઓ ઘણી વંચાય છે.

બાળસાહિત્યના અગ્રણી લેખક તરીકે શ્રી જયભિખ્ખુએ સરકાર અને પ્રજા બંને પાસેથી ઉત્તમ પ્રતિષ્ઠા મેળવી છે.

ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું તેની પહેલાં પુસ્તકોને સરકાર તરફથી પારિતોષિક આપવાની યોજના થઈ હતી. ત્યારથી તેમના અવસાનના વર્ષ સુધીમાં ભાગ્યે જ કોઈ વર્ષ એવું ગયું હશે જેમાં જયભિખ્ખુને ઇનામ નહીં મળ્યું હોય. કિશોરોને સાહસ કરવા પ્રેરે તેવી વાર્તાઓ તેમણે 'જવાંમર્દ શ્રેણી'માં આપેલી છે.

ટી. એસ. ઍલિયટે એક ઠેકાણે કહ્યું છે કે કોઈ કૃતિને મહાન કલાકૃતિ તરીકે મૂલવવી હોય તો તેની કલાની દૃષ્ટિએ કસણી કરવી ઘટે, પણ જો તેને મહાન કૃતિ તરીકે જોવી હોય તો તેમાંથી પ્રગટ થતી જીવનભાવનાની દૃષ્ટિએ તેની પરીક્ષા કરવી જોઈએ. આ ધોરણે તપાસતાં અવેર, સંપ, સત્ય, પ્રેમ, અહિંસા વગેરેનો સંદેશો લઈને આવતી જયભિખ્ખુની અનેક કૃતિઓ પવિત્ર આનંદ અને સંતોષનો અનુભવ કરાવે તેમ છે.

જયભિખ્ખુનો વાર્તાભંડાર વિપુલ છે. ધમકભર્યાં વર્ણનો અને રસભરી કથનનીતિને કારણે તેમની વાર્તાઓ વાચનક્ષમ બને છે. ચરિત્રો નાનાં પણ ઊગતી પેઢીના ઘડતરમાં કામ લાગે તેવાં છે. જયભિખ્ખુનું સાહિત્ય એકંદરે તંદુરસ્ત જીવનદૃષ્ટિ ઘડી આપે તેવું પ્રેરક છે.

***

ડૉ. નટુભાઈ ઠાકર રચિત શોધપ્રબંધ 'જયભિખ્ખુ વ્યક્તિ અને વાઙ્મય'ના 'પ્રવેશક'માંથી

---

# જયભિખ્ખુનું સાહિત્ય

**❑ પ્રફુલ્લ રાવલ**

ઈસુની વીસમી સદીના ત્રીજા દાયકામાં જયભિખ્ખુએ ગોવર્ધનરામ–નર્મદને આદર્શ માનીને સાહિત્યમાર્ગ પર ડગ માંડ્યા ત્યારે દેશમાં સ્વાતંત્ર્યની ચળવળ ગતિશીલ હતી અને ગાંધી પ્રભાવિત વાસ્તવવાદી વલણ સાહિત્યસર્જનમાં વ્યક્ત થવા માંડ્યું હતું. એમાં મૂલ્યનિષ્ઠાનો મહિમા હતો. જયભિખ્ખુએ એ મૂલ્યનિષ્ઠ પથ પર શબ્દયાત્રા પ્રારંભી અને એમની અભિવ્યક્તિથી એ વાચકના મનપ્રદેશ પર છવાઈ ગયા. **સતત ચાર દાયકા લગી એમની કલમ અવિરત ગતિશીલ રહી અને એમની પાસેથી ૧૭ નવલકથાઓ, ૨૪ નવલિકા સંગ્રહો અને તેવીસ ચરિત્રો પ્રાપ્ત થયાં. એ ઉપરાંત તેંતાલીસ બાલસાહિત્યના પુસ્તકો મળ્યાં. વળી ૬ નાટ્ય સંગ્રહો અને પ્રકીર્ણ–સંપાદન સાહિત્ય મળ્યું.** આ બધામાં એમની નવલ-કથાઓ અને જીવનચરિત્રોમાં એમની સાહિત્યકાર પ્રતિભાનો આવિષ્કાર છતો થયો છે. વળી બાલસાહિત્ય એમનું વિશિષ્ટ ક્ષેત્ર રહ્યું છે.

સાહિત્યકાર જયભિખ્ખુના અભ્યાસમાં એમની જીવન ચરિત્રકાર પ્રતિભા અને નવલકથાકાર પ્રતિભા વિશેષ નોંધનીય છે. ઈ. સ. ૧૯૨૯માં ગુરુ શ્રી વિજયધર્મસૂરિજીના જીવનચરિત્રના લેખનથી પ્રારંભ કર્યો. ત્યારબાદ એમની પાસેથી ચાર દાયકા દરમિયાન કુલ ચોવીસ ચરિત્રોના પુસ્તકો મળ્યાં. એમાંથી એક હિન્દીભાષામાં લખાયેલું છે. એમણે લખેલાં ચરિત્રોમાં 'શ્રી ચારિત્ર વિજયજી', 'ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી' અને 'યોગનિષ્ઠ આચાર્ય' એ ત્રણ ચરિત્રો સવિશેષ ધ્યાનપાત્ર બન્યાં છે, તે તેની લખાવટને લીધે. જૈન સાધુઓના આ ચરિત્રોમાં એ સાધુઓનું વ્યક્તિત્વ એમણે બરાબર છતું કર્યું છે. સાંપ્રદાયિકતાની સીમાની બહાર છતાંય સંપ્રદાયની સુવાસ આપતું આલેખન એમની ચરિત્રકાર તરીકેની સિદ્ધિ છે. શક્ય તેટલું વિશ્વનીય ચિત્ર–ચરિત્ર આપવાનો એમનો પ્રયાસ રહ્યો છે. એમાં એમનો પરિશ્રમ દેખાય છે અને બહુધા ચરિત્રકાર તરીકે સફળ થયાં છે. વળી એમની લેખનરીતિએ સર્વજનભોગ્ય બન્યાં છે, એ વિગતોમાં ક્યાંય અધૂરપ રાખતા નથી, પરન્તુ લેખનમાં સર્જકતાનો સ્પર્શ અવશ્ય પમાય છે. ચરિત્રના આલેખન સાથે તત્કાળનું સામાજિક વાતાવરણ પણ સામેલ હોય છે.

જયભિખ્ખુએ લખેલાં અન્ય ચરિત્રોમાં 'નિર્ગ્રંથ ભગવાન

મહાવીર' અને સચિત્ર 'ભગવાન મહાવીર' એ બે ચરિત્રો એમની લેખનશૈલીથી જૈન-જૈનેતરમાં લોકપ્રિય બન્યાં છે. પરંપરામાંથી ભગવાન મહાવીરના જીવનની જે વિગતો પ્રાપ્ત થઈ છે તેનો વિનિયોગ કરીને સામાન્યજન પણ મહાવીરના વ્યક્તિત્વથી પરિચિત થઈને પ્રભાવિત થાય તેવું એમનું આલેખન છે. વળી એમાં ભગવાન મહાવીરની વિચારધારા વિગતે રજૂ કરી છે. અલબત્ત, ચરિત્ર બે ભાગમાં વિભક્ત થતું જણાય છે. ચરિત્રકાર તરીકે જયભિખ્ખુની વિશેષતા એ રહી છે કે એ સાંપ્રદાયિકતાના તત્ત્વને ગાળીને મહાવીરનું ઉદાત્ત ચરિત્ર ઉજાગર કરી શક્યા છે. વેરવિખેર પડેલી માહિતીને એકત્ર કરીને એમણે મહાવીરનું પ્રમાણભૂત ચરિત્ર આપ્યું છે. આજે પણ એ ભગવાન મહાવીરનું શ્રદ્ધેય ચરિત્ર છે. આ છે જયભિખ્ખુની ચરિત્રકાર પ્રતિભા! વળી આ ચરિત્રોમાં ક્યાંક શુષ્કતા નથી. રસાળ શૈલી એનું ઉજળું પાસું છે.

ઈતિહાસમાં પ્રસિદ્ધ વ્યક્તિઓના જીવનને શબ્દબદ્ધ કરીને એમણે 'સિદ્ધરાજ જયસિંહ', 'ઉદા મહેતા' અને'મંત્રીશ્વર વિમલ' એ ત્રણ ચરિત્રો લખ્યાં છે. આ ચરિત્રો કિશોરવાચકોને લક્ષમાં લખાયાં હોઈ એમાં પ્રસંગોનું આલેખન વિશેષ થયું છે. મુનશીના ઉદા મહેતાથી જયભિખ્ખુનો ઉદા મહેતા અલગ છે. એવું જ અલગ પ્રકારનું ચરિત્ર સિદ્ધરાજ-જયસિંહનું લખ્યું છે. જયભિખ્ખુનો ઉદા મહેતા ઉદાર ધર્મપ્રેમી છે. આ ચરિત્રો સંદર્ભે એમણે પ્રસ્તાવનામાં નોંધ્યું છે-'મેં બને તેટલા ઇતિહાસોમાંથી સત્ય તારવવા પ્રયત્ન કર્યો છે. અર્ધસત્યો ને અસત્યોથી દૂર રહેવા યથાશક્ય યત્ન કર્યો છે. ધર્મઝનૂનથી લખાયેલી વસ્તુઓને બને તેટલી ગાળી નાખી છે.' આમ સિદ્ધરાજ અને ઉદા મહેતાને ઐતિહાસિક ન્યાય આપવાનો એમનો પ્રયત્ન છે. અલબત્ત, ક્યારેક ચરિત્રકાર સીમા ઓળંગી જવાનો અભિગમ અપનાવે છે તે ખટકે છે. મહદંશે પ્રેરણા આપવા એમણે અનેક પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ વ્યક્તિઓના લઘુચરિત્રો લખીને કેડી કંડારવાનું ભગીરથ કાર્ય કર્યું છે. ગુજરાતી ચરિત્ર સાહિત્યમાં જયભિખ્ખુનું પ્રદાન ઉલ્લેખનીય તો છે જ. એમના ચરિત્રોનાં સંદર્ભે એમની બહુશ્રુત પ્રતિભાનો પરિચય મળે છે.

'વિક્રમાદિત્ય હેમુ' એ કલાના સત્યના નમૂના રૂપ નવલકથા છે. જૈન અને જૈનેતર અનેક ગ્રંથોમાંથી હેમુના વ્યક્તિત્વને પામવાનો પ્રયત્ન કરીને આ નવલકથાનું એમણે સર્જન કર્યું છે. એમાં હેમનું વ્યક્તિત્વ તો આલેખાયેલું છે જ. તેટલું જ શેરશાહનું ચરિત્ર ચિત્રિત થયું છે. નવલકથાનો નાયક કોણ એ પ્રશ્ન વાચકને થાય. હેમુ કે શેરશાહ ? જયભિખ્ખુએ ચતુર જવાબ આપ્યો છે-'જેમ જયપરાજયમાં એ બે મિત્રોએ કદી ભેદ નહોતો કર્યો તેમ જે કાળે જે નાયક બને તેમાં આપણે ભેદ ન પાડીએ.' કથા-સાહિત્યના સર્જનમાં ક્યારેક સર્જક કથાના આલેખનમાં કેવો વહી જાય છે તેનું આ દૃષ્ટાન્ત છે. વળી કોમવાદી બળો સામે આ નવલકથા દ્વારા જે શીખ અપાઈ છે તે જયભિખ્ખુનો જીવનધર્મ-સમાજધર્મ નિર્દેશે છે. હેમુના મતે ધર્મ રુંધાય ત્યારે 'દ્વિજાતિએ શસ્ત્ર પકડવાં' એ ધર્મ છે. ત્યારે પત્ની કુન્દનનો ધારદાર પ્રશ્ન છે-'પણ એક હિન્દુ ઊઠીને મુસલમાનની મૈત્રી કરે છે? એના જય-પરાજયમાં મદદ કરે?' હેમુ ભોજરાજાને સ્મરીને, શેરશાહમાં 'ઉદ્યમી, ખંતવાન, ચારિત્ર્યશીલ બહાદુર'નું દર્શન કરે છે તેવું દર્શાવે છે. વળી એનું કહેવું છે કે 'રાજકાજમાં તો ધર્મનું બહાનું છે. એમાં તો બાપ બેટાનો નથી. બેટો બાપનો નથી, ને જો ધર્મ એક જ હોવાથી ઉન્નતિ થતી હોત તો, આપણા અસંખ્ય રાજવીઓ એક થઈને દેશના દુશ્મનો સામે ઊભા રહ્યા હોત.'

હેમુ-કુન્દનના સંવાદમાં ચિંતન ને ચિંતા વરતાય છે. જયભિખ્ખુ ભલે ઇતિહાસકથા લખતા હોય, પરન્તુ એ વર્તમાન સમાજ ને તેની સમસ્યાને બાજુએ મૂકતા નથી એ એમની સમાજધર્મી સાહિત્યકારની છવિ છે.

'કામવિજેતા'નું એક પણ પાત્ર નવલકથાકારનું કાલ્પનિક સંતાન નથી. 'ભગવાન ઋષભદેવ', 'ચક્રવર્તી ભરતદેવ' અને 'ભરતબાહુબલી' એ નવલત્રયીમાં જીવનપોષક વિચારો છે. પુરાણકાલીન કથા પર આ નવલત્રયીની કથા ઊભી છે. તેમ છતાં જયભિખ્ખુની અભિવ્યક્તિ ને માનવજતથી કથા કોઈ સીમામાં વીંધાઈ જતી નથી. એમની દૃષ્ટિને પંડિત સુખલાલજીએ 'પંથ-મુક્ત' કહી છે તે સર્વથા યોગ્ય છે. નવલકથાકાર તરીકે જયભિખ્ખુ જીવનધર્મી છે તો નારીગરિમાના આલેખક પણ છે. પૌરાણિક સંદર્ભનું અર્વાચીન અર્થઘટન એમનો સર્જકવિશેષ છે. 'લોખંડી ખાખનાં ફૂલ' એનું ઉત્તમ ઉદાહરણ છે. એમની રાષ્ટ્રીય અસ્મિતાની ભાવના પણ કથાસાહિત્યના આ પ્રકારમાં ઝીલાયેલી છે. 'શત્રુ કે અજાતશત્રુ' એ સંઘર્ષકથા દ્વારા પ્રજાતંત્રના પ્રયોગનું દર્શન કરાવે છે. શકટાલ તો રાષ્ટ્રનો અનોખો આદર્શ પૂરો પાડે છે. 'પ્રેમભક્ત કવિ જયદેવ' નવલકથા તો 'કોઈ ખંડિત કલેવરોમાંથી નવી ઈમારત સર્જે' એમ જયભિખ્ખુએ રચી છે. એમાં એમની વિવેકશક્તિનો સાર્થ વિનિયોગ થયો છે. ભાવાનુકૂળ શિષ્ટ મધુર શૈલીબળ આ કથાને ઉજાળે છે.

જયભિખ્ખુની ભાષા શૈલીમાં સરળતા છે તો વિશદતા પણ છે. એમાં પ્રવાહિતા છે. વળી એ વાચકને જકડી રાખે છે. એમનું સર્જનાત્મક ગદ્ય એમને કથાસાહિત્યના ક્ષેત્રે યારી અપાવે છે. 'બૂરો દેવળ'ની નવલકથાની પ્રસ્તાવનામાં એમણે પોતાની કથાસર્જન પાછળની દૃષ્ટિ સમજાવી છે.

પરંપરાની કેડીને કંડારતા આ શબ્દયાત્રીની યાત્રામાં જીવન-મૂલ્યોનું સ્થાન અગ્રક્રમે હતું. એ જ એમની સર્જકછવિની દ્યુતિ હતી અને રહેશે.

* * *

બી/૧૨, માધવ એપાર્ટમેન્ટ, ૭ રૂપમાધુરી સોસાયટી, સંઘવીના રેલવે ક્રોસિંગ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

# શીલભદ્ર સારસ્વત અને મૂલ્યનિષ્ઠ વાર્તાકાર : જયભિખ્ખુ

❑ ડૉ. બળવંત જાની

જનમન રંજન કરીને પોતાની સમાજાભિમુખતા પ્રદર્શિત કરનારા આજના લોકપ્રિય સાહિત્યકારો સમક્ષ મૂલ્યબોધ પરત્વેની પ્રતિબદ્ધતા પ્રગટાવીને લોકમાનસનું ઘડતર કરનારા, લોકરુચિને કેળવનારા 'જયભિખ્ખુ' એક મહત્ત્વનું ઉદાહરણ છે. જયભિખ્ખુ માત્ર સાહિત્ય અને સમાજ એમ બન્ને પાસાંને નજર સમક્ષ રાખીને સાહિત્ય સર્જન ક્ષેત્રે પ્રવૃત્ત રહ્યા. તેમનું આચરણ અને ઉચ્ચારણ એક સરખું રહ્યું. આચાર, વિચાર અને ઉચ્ચારમાં આજીવન સંવાદિતા જોવા મળી.

ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યના એકનિષ્ઠ ઉપાસક અન્ય કોઈ મોહમાં ન ફસાયા. એમનો હેતુ જનમાનસ કેળવવાનો હતો, ઘડવાનો હતો. આ માટે એમણે ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ, પુરાણ અને સમકાલીન ઘટનાઓને ખપમાં લઈને સાહિત્ય સર્જન માટે સામગ્રી મેળવી. તેઓ કલ્પનામાં રાચનારા કાલ્પનિક કથાજગત ઉપસાવવાની પ્રકૃતિ ધરાવતા ન હતા. ભારતીય જીવનમૂલ્યો અને ગુણોનું નિરૂપણ કરવા માટે તેમણે આપણી સંસ્કૃતિનાં કથાનકોના કોઈ ને કોઈ હૃદયસ્પર્શી પ્રસંગોને ખોળી કાઢ્યા. આ કારણે તેમનું સાહિત્ય માત્ર હૃદયસ્પર્શી જ નહીં અર્થપૂર્ણ પણ બની રહ્યું.

વિદ્યાભ્યાસ પછી તુર્ત જ લેખનકાર્ય આરંભાયેલું. જેમની નિશ્રામાં વિદ્યાભ્યાસ કર્યો એ પરમ ગુરુ વિજયધર્મસૂરિજીનું જીવનચરિત્ર એમનું પ્રથમ પ્રકાશન. પછી મૂલ્યનિષ્ઠ અને જીવન-ઘડતરમૂલક લખાણો 'જૈન જ્યોતિ' અને 'વિદ્યાર્થી', 'ઝગમગ' તથા 'રવિવાર' જેવાં સામયિકોમાં ઉપરાંત 'સંદેશ', 'ગુજરાત સમાચાર', 'ફૂલછાબ' અને 'જય હિન્દ'માં સાપ્તાહિક કોલમ રૂપે પ્રસંગકથાઓ, નવલકથાઓ અને ચિંતનાત્મક કે બાળસાહિત્ય પ્રકાશિત કરતા રહ્યા. લેખનને વ્યવસાય તરીકે સ્વીકારીને માત્ર માતા સરસ્વતીની જ આરાધના કરી. ગૂર્જર પ્રકાશનગૃહના 'શારદા મુદ્રણાલય'માં નિત્ય સાયં બેઠક, મિત્રો સાથે મિજલસ, એમના શીલભદ્ર તથા સંસ્કારપૂર્ણ વ્યવહારથી તેઓ એક ઉદાત્ત વાતાવરણ રચતા. પહેરવેશ, વાતચીતનો વાણી વ્યવહાર અને લેખન એમ તમામ સ્તરેથી પ્રશિષ્ટતા પ્રગટતી દૃષ્ટિગોચર થતી.

(૨)

જૈન પત્રકારત્વ સંદર્ભે પણ એમનું પ્રદાન અનોખું છે. 'પ્રબુદ્ધ જીવન'ના ચીમનલાલ ચકુભાઈ શાહ કે પરમાનંદ કાપડિયાના ઉજળા અગ્રજ જયભિખ્ખુ છે. એમણે જૈન સંસ્કૃતિના પાયાનાં ચરિત્રોના હૃદયસ્પર્શી પ્રસંગોને કથાના માધ્યમથી પ્રચલિત કર્યા અને સમાજમાં ચિરંજીવ કક્ષાએ સ્થાપ્યા. એમની આજુબાજુ સુમેળ, પ્રસન્નતા અને પ્રશિષ્ટતા જ પ્રગટે છે. સાહિત્યની ઊંડી વાતું એમની ઉપસ્થિતિમાં ચાલે. ખટપટ, કુથલી ક્યારેય નહીં! મકરંદભાઈ હોય એટલે અમુક કક્ષાની જ વાતું થાય એવું જયભિખ્ખુ માટે પણ કહી શકાય. ભારે મોભાદાર દમામ એમના વ્યક્તિત્વનો હતો. એમનું ચારિત્ર્ય અને ચરિત્ર ભારે પારદર્શી. ચારિત્ર્ય અને શીલ એવી રીતે આજીવન પ્રગટ્યું કે તેમને વિચાર, ઉચ્ચાર અને આચારમાં ભારે સંવાદિતા જાળવી શકનારા શીલભદ્ર સારસ્વત તરીકેની ઓળખ મળી.

(૩)

જયભિખ્ખુની વાર્તાલેખનકળા શક્તિનું પરિણામ **૨૧ જેટલા વાર્તાસંગ્રહો** છે. મોટા ભાગની વાર્તાઓ ચરિત્રકેન્દ્રી છે. ચરિત્રના કોઈ ને કોઈ મહત્ત્વના પ્રસંગોની આસપાસ વાર્તા-કથા તત્ત્વને આલેખવાની તેમને ભારે ફાવટ છે. લગભગ ૩૫૦ જેટલી વાર્તાઓ તેમની પાસેથી પ્રાપ્ત થાય છે. ધીરુભાઈ ઠાકર જેવા અભ્યાસીએ બે ખંડમાં એમની ચૂંટેલી વાર્તાઓનું સંપાદન કર્યું છે. થોડાં મૂલ્યાંકનો-વિવેચનો પણ થયાં છે. ટૂંકી વાર્તાને કળાસ્વરૂપ તરીકે વિકસાવવામાં ભલે તેમનું યોગદાન ન હોય પણ વાર્તાના રૂઢ સ્વરૂપ પાસેથી-પરંપરિત રૂપે તેમણે ભારે કામ લીધું. સ્વરૂપ પોતે જ ખૂબ લોકપ્રિય અને એમાં મૂલ્યનિષ્ઠ અને જીવનલક્ષી કથાનકો કેન્દ્રી એમની વાર્તાઓ, સૂત્રાત્મક, જીવનદર્શનાત્મક કંડિકાઓને કારણે પાત્રનાં સુરેખ, સચોટ અને હૃદયસ્પર્શી વર્ણનોને કારણે તથા સુશ્લિષ્ટ ગદ્યને કારણે ભારે પ્રખ્યાત બની. સમાચારપત્રોના માધ્યમને કારણે બહોળો વાચકવર્ગ પણ એમને સાંપડ્યો જે એમની શૈલીના પ્રભાવથી સતત એમનો વાચક બની રહ્યો. અન્યથા જૈનધર્મ અને સંસ્કૃતિના ચરિત્રને કેન્દ્રમાં રાખીને રચાયેલી વાર્તાઓ ધર્મકથાનક વાળી હોવા છતાં ધર્મકથાબોધ કે ઉપદેશાત્મક કથા ન બની રહી પણ વાર્તાકળાની માવજતને કારણે વાર્તા બની રહી. આવી વાર્તાકળાની માવજતની ખેવના તેઓને સામાન્ય પ્રસંગકથા લેખક કે ધર્મકથાલેખક નહીં પણ વાર્તાકાર તરીકેના સ્થાન અને માન અપાવે છે. ઇતિહાસબોધમાં ક્યાંય ઇતિહાસ વિકૃત નથી કે તથ્યો સાથે તોડફોડ નથી. ઇતિહાસતત્ત્વને પૂરા વફાદાર રહીને વિશેષ સંદર્ભો મેળવીને ઇતિહાસના ચરિત્રને પુરોગામીએ અન્યાય કર્યો હોય તો તેઓ એને પોતીકી સ્વાધ્યાય અને તર્કના બળે પ્રતિભાવાન ચરિત્ર તરીકે સ્થાપિત કરે છે. 'મૃત્યુ મહોત્સવ'માંનું મંત્રીશ્વર ઉદયનું ચરિત્ર અને 'વીર જયચંદ'માંનું જયચંદનું ચરિત્ર ભારે ઉજ્જવળ, દેશપ્રેમી અને સદ્ ચારિત્ર્યશીલ તરીકે ઉપસે છે.

ઇતિહાસ અને પૌરાણિક ચરિત્રોને પણ પોતીકા અર્થઘટનથી વિશેષ ઉજળા અને તેજસ્વી વ્યક્તિમત્તાવાળા ઉપસાવ્યા છે. 'શકુન્તલા', 'કામદેવની કુરબાની', 'કુલાભિમાન', (ઉપવન) વાર્તાઓ એના ઉદાહરણ છે.

જયભિખ્ખુની વાર્તામાં કેન્દ્રસ્થાને કોઈ ને કોઈ ચરિત્ર હોય છે. આ ચરિત્રોમાં વિશેષ તો નારી નિરૂપણ છે એ રીતે જયભિખ્ખુ નારીકેન્દ્રી વાર્તાના સર્જક છે. આજના નારીવાદી વિચારધારાના કેન્દ્રસ્થ રહેલા

કેટલાક પ્રશ્નોને જયભિખ્ખુએ ચર્ચ્યા અને સમાજની નરી વાસ્તવિકતાની છબીને રજૂ કરી એ રીતે તેઓ શરદ બાબુના ગોત્રના છે. નારીની વેદનાશીલતાને, પ્રેમમય, મોહમય રૂપને તેમણે તપાસ્યું છે. 'પારકા ઘરની લક્ષ્મી' (૧૯૪૩). 'કંચન અને કામિની' (૧૯૫૦), 'અંગના' (૧૯૫૬), 'કરલે સિંગાર' (૧૯૫૯) અને 'કન્યાદાન' (૧૯૬૪) જેવા સંગ્રહોનાં નારીલક્ષી કથાનકો ભારે અર્થપૂર્ણ છે. નારી સંદર્ભે સમાજનું વરવું રૂપ 'પાઘડીયે મંગળ', 'દીકરાનો બાપ' અને 'એચયેબ' વાર્તાઓ ભારે હૃદયદ્રાવક છે.

ઈતિહાસના કે પુરાણના કથાનક આધારિત વાર્તા કૃતિઓની સંખ્યા પણ વિપુલ છે. ઈતિહાસનાં ઉજળાં ચરિત્રોને વિશેષ ઉજમાળા કરીને નિરૂપે છે. અથવા તો એ ચરિત્ર વિષયે પ્રચલિત ગેરસમજને દૂર કરીને નવેસરથી ચરિત્રનું વાર્તા નિમિત્તે આલેખન કરે છે. આવી ઐતિહાસિક ચરિત્રાત્મક વાર્તાકૃતિઓ ભાવાનિરૂપણ અને ભાષાનિરૂપણ સંદર્ભે અલગ મુદ્રા પ્રગટાવે છે. ભાવાનુરૂપ ભાષાના વિનિયોગનું જયભિખ્ખુ ભારે મોટું કૌશલ્ય ધરાવે છે. 'ઉપવન' (૧૯૪૯), 'માદરે વતન' (૧૯૫૨), 'લાખેણી વાર્તા' (૧૯૫૪), 'ગુલાબ અને કંટક' જેવા સંગ્રહોમાંની ખાસ કરીને 'ઉપવન'માંથી સમકાલીન ઐતિહાસિક ચરિત્રો જેવા કે મંડુ ભટ્ટના ચરિત્રને પ્રગટાવતી 'આદર્શ વૈદ્ય', ગોપાલકૃષ્ણ ગોખલેના ચરિત્રને લક્ષતી 'ભાભીના ઘરેણા' ઉપરાંત 'સોમનાથના કમાડ', 'આખરી સલામ', વતનને ખાતર' જેવી કથાઓ મહત્ત્વની છે. 'ગુલાબ અને કંટક' સંગ્રહમાંની 'નાનાસાહેબ', 'લક્ષ્મીબાઈની સમાધી', 'તાત્યાટોપેની સમાધી' અને 'તેગ હિન્દુસ્તાનકી' જેવી કથાઓ ઇતિહાસના હૃદયસ્પર્શી અને મૂલ્યનિષ્ઠ પાસાને પસંદ કરીને એની આસપાસ કથાનકને વિકસાવે છે. માદરે વતન સંગ્રહમાં ઈતિહાસ-લક્ષી ચરિત્રની આસપાસ વાર્તાના સર્જન સંદર્ભે જયભિખ્ખુ પોતે કેફિયતરૂપે નોંધે છેઃ 'માદરે વતન તરફ મહોબ્બત જાગે, એના માટે અભિમાનથી શિર ઉન્નત થાય, સાથે કમજોરી તરફ ખાસ લક્ષ જાય, રાજકીય કાવાદાવાઓ ને ખટપટોનો કંઈક ખ્યાલ આવે, એવાં ભિન્ન-ભિન્ન દૃષ્ટિબિંદુઓ લક્ષમાં રાખીને આ વાર્તાઓનું ગુંથન કર્યું છે. ('માદરે વતન', પ્રસ્તાવના, પૃષ્ઠ-૭) એમાંની 'જહાંગીરી ન્યાય' તથા 'હમીર ગઢ' વાર્તા લેખકના દૃષ્ટિબિંદુની દ્યોતક ગણાય છે. 'યાદવાસ્થળી' સંગ્રહમાંની 'વિષના પ્યાલા' તથા 'જલ મેં મીન પિયાસી'માંનું કર્ણદય અને મીનળદેવીનું નિરૂપણ હૃદયસ્પર્શી છે. 'લવંગિકા' મહાકવિ જગન્નાથના ચરિત્રની પ્રણય-પ્રસંગની વાર્તા છે.

જયભિખ્ખુનું ઈતિહાસજ્ઞાન મૂલ્યનિષ્ઠ નિરૂપણમાં એમને ભારે ખપમાં લાગ્યું જણાય છે. વાચકો-ભાવકોને વાર્તાના વાચન પછી મૂલ્યબોધણી પ્રાપ્તિ જયભિખ્ખુનું ઉદ્દિષ્ટ છે એવું એમની કેફિયતમાંથી પ્રગટ થાય છે. પણ સાથોસાથ તેઓ ઈતિહાસ નથી આલેખતા પણ વાર્તા આલેખે છે; એની સભાનતા અને લેખનકૌશલ્યને પરિણામે સૌંદર્યબોધની પણ પ્રાપ્તિ થાય છે. જયભિખ્ખુની મૂલ્યબોધ નિમિત્તે સૌંદર્યબોધ પ્રગટાવતી વાર્તાઓના સર્જક તરીકેની કલાકૌશલ્ય શક્તિને વિગતે તપાસવી જોઈએ.

નારીકેન્દ્રી અને ઈતિહાસકેન્દ્રી વાર્તાઓ પછી મહત્ત્વનું પાસું જૈનસંસ્કૃતિ કેન્દ્રી ચરિત્રોને લગતી વાર્તાઓ છે. વીર ધર્મની વાતો ભાગ-૧ થી ૪ ની ત્રીસ-ચાલીસ વાર્તાઓ જૈનધર્મથી અપરિચિત તે પણ અહિંસા, પ્રેમ, સદાચાર, શીલ તથા તપનો પરિચય કરાવે છે.

'ઉત્તરદાયિત્વ', 'દુરાચારી રાજવી' ધર્મના બળે પુનઃ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી એનો મહિમા પ્રગટાવતી કથા છે. 'શિષ્યમોહ', 'પરિનિર્વાણ', 'ભગવાન મલ્લિનાથ', 'દેવાનંદા' કે 'તેજોલેશ્યા' કે 'મોહના માર્યા' જેવી કથાઓ જૈનચરિત્રોના ત્યાગ અને તપ, શીલ અને સદાચાર, દાન અને પુણ્યકાર્યને પ્રગટાવે છે એ નિમિત્તે માનવીય ગુણોનો મહિમા પ્રગટાવે છે. મોટે ભાગે આ બધી કથાઓ ધર્મબોધની ઉપદેશમૂલક દૃષ્ટાંત કથાઓ છે પણ જયભિખ્ખુએ એ ઉપદેશતત્ત્વને ગોપિત રાખીને સાહિત્યમાં ગોપનનો મહિમા પ્રગટાવ્યો છે. જયભિખ્ખુનું આ ગોપનનો મહિમા કરવાનું વલણ પ્રગટાવતી આ વાર્તાઓને કારણે એ મહત્ત્વની જણાઈ છે.

આચાર, વિચાર અને ઉચ્ચારમાં સંવાદિતા, સન્મિત્રવર્ગ સાથેના પારિવારિક પરિચય સંબંધો, ભારતીય સંસ્કૃતિની ઊજ્જવળ આતિથ્યભાવનાનો પરિચય કરાવતી પ્રકૃતિ અને સંતો-સજ્જનોની સંગત જેવા વ્યક્તિમત્તાના ઊજળા ઉદાહરણો ધરાવતા જયભિખ્ખુ એક કાર્યશીલ સારસ્વત તરીકે હંમેશાં યાદ રહેવાના. સમકાલીન સમાજમાંથી ખોળી કાઢેલા ધીંગા કથાનકના જોરે ભાવકચિત્તમાં મેઘાણી કે મડિયાએ જે રીતે સ્થાન અને માન મેળવ્યું એવું ધીંગુ નહીં છતાં પણ ભારતીય સંસ્કૃતિમાંના ભારે ચોટદાર અને અર્થપૂર્ણ એવાં જે કથાનકો પ્રચલિત હતાં એમાંથી શાશ્વત મૂલ્ય ધરાવતા વિષયોને જયભિખ્ખુએ ખોળી કાઢ્યા અને સમકાલીન ઉપરાંત વિશેષ રૂપે પુરાતન સામાજિક પ્રસંગોની આસપાસ કથાઓ ગુંથી એ ગુજરાતી વાર્તાના અભ્યાસીઓને મોટી ઉપલબ્ધિ લાગવાની. આવા શીલભદ્ર અને સતત ક્રિયાશીલ કર્મશીલ સારસ્વત જયભિખ્ખુની મૂલ્યબોધને પ્રગટાવતી એ અને એ નિમિત્તે સૌંદર્યબોધ પણ કરાવતી વાર્તાઓ અભ્યાસીઓ માટે આસ્વાદ અને અભ્યાસનો વિષય બની રહે છે. ✱✱✱

૨૬૪, તીર્થ, જનકપુરી, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦ ૦૦૫

'દેહ અને દેશ સરખા ગણો, બંનેના કલ્યાણ માટે પારકાનો ભરોસો ખોટો છે. પ્રત્યેક ઘરે એક સૈનિક ને એક સાધુ સમાજને આપવો ઘટે. ગૃહસ્થ પર એટલું સમાજનું ઋણ.' ❑ જયભિખ્ખુ-કૃત 'દિલ્હીશ્વર'માંથી

# સાહિત્યકાર જયભિખ્ખુ અને જાદુગર કે. લાલ: જાદુ મૈત્રીસંબંધનો

❑ રજનીકુમાર પંડ્યા

બાલાભાઈ આ પેકેટ સંભાળશો ? 'શું છે ?' 'છે કંઈક. એ તમારે જોવાનું નથી. તમને હું આપતોય નથી. જયાભાભીને આપું છું. એમને આપી દેજો.'

બાલાભાઈને આંખે કાળો મોતિયો પાકતો હતો. એટલે જોઈએ તેવું દેખાતું નહોતું. છતાં હાથનો સ્પર્શ એમ કહેતો હતો કે કવરમાં ચલણી નોટોની થોકડી હતી. સામે આપનાર કાંતિભાઈનો અવાજેય એમ કહેતો હતો કે એ આપતી વખતે થોડો લાગણીભર્યો કંપ અનુભવતા હતા. એમનું હૃદય ધડક ધડક થતું હતું તે એમના અવાજમાં પણ થડકારો પેદા કરતું હતું. બાલાભાઈ આ લેશે ? નહિ લે ? લેશે ?, લેશે, લેશે, કેમ નહિ લે ? હું ક્યાં એમને આપું છું. ભાભીનું નામ દઈને આપું છું ને ?

ઘણી વાર સુધી બાલાભાઈ હાથમાં પેકેટ પકડીને મૂંગા મૂંગા બેઠા રહ્યા. અક્ષર તો એકેય બોલ્યા નહોતા. છતાં કાંતિભાઈને કોણ જાણે કેમ એમ લાગ્યું કે એ બોલ્યા–એટલે તરત જ એમણે ગુનેગારની જેમ અધીરા થઈને વગર પૂછ્યે ખુલાસો કર્યો. 'ભાભીને આપું છું. કેમ મારો એટલુંય આપવાનો હક નહિ ?'

'એમાં ના નથી.' એ બોલ્યા: 'હક છે જ. તમે જાન માગી લો ભાઈ, પણ મારું માન, મારી શાન શા માટે માગી લો છો ? મારો કોઈ અપરાધ થયો ?'

'લેખક છો એટલે શબ્દોમાં તમને નહિ પહોંચું.' કાંતિલાલ હસીને બોલ્યા: 'પણ એટલું કહું કે આ તો જયાભાભીને માટે છે.'

'જયા અને હું જુદાં નથી. એના વિજયા નામમાંથી જયા એટલે કે જય અને મારા ભિખુ નામમાંથી ભિખ્ખુ સારવીને હું જયભિખ્ખુ બન્યો છું. લાલ, અમને જુદા પાડીને તમારું લેડી કટિંગનું જાદુ કપલકટિંગ કરીને અહીં ન બતાવો.'

કાંતિલાલ વોરા, એટલે કે. લાલ આ સાંભળીને ખડખડાટ હસી પડ્યા, પણ હસતાં હસતાં એમની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

જીતતા હતા. બાલાભાઈ દેસાઈ એમને પળે પળે સાવ લાચાર બનાવી દેતા હતા. બહુ અછતભરી આર્થિક સ્થિતિમાં જીવતો એક લેખક હતો અને છતનું આકાશ જેના ઉપર ધીરે ધીરે ઊઘડી રહ્યું હતું એવો એક જાદુકળાનો કીમિયાગર હતો. એકને જરૂર હતી, બીજો આપવાની ઈચ્છા ધરાવતો હતો. છતાં આવા સંવાદ ?

'જુઓ લાલ,' બાલાભાઈ એટલે કે જયભિખ્ખુ બોલ્યા: 'કોઈ અહમ્ નથી રાખતો, પણ જિંદગીમાં બેત્રણ સિદ્ધાંતોનું પાલન કરી રહ્યો છું. એક તો એ કે બાપદાદાની કમાયેલી મિલકતમાંથી એક પાઈ પણ ન લેવી. ને નથી લીધી. બીજું એવી જ રીતે દીકરાને એક પણ પાઈ આપીને પરાવલંબી ન બનાવવો. ત્રીજું ક્યાંય નોકરી ન કરવી અને અણહકની એક પણ પાઈ ઘરમાં આવવા ન દેવી.'

'પણ આ રકમ તો બાલાભાઈ, તમારા હકની ન ગણાય ? હું...તમારો જન્મોજન્મનો ભાઈ આપું છું. બલકે ભાઈથી પણ વિશેષ આપણો સંબંધ છે...તમે સમજો...'

'બાપનું પણ લીધું નથી તો ભાઈનું તો કેમ લઉં ?' બાલાભાઈ ફરી પેકેટ એમના હાથમાં પાછું મૂકતાં બોલ્યા: 'મને મારા માર્ગમાંથી કાં ડગાવો ?'

'પેકેટ પાછું લઈને કે. લાલે ગજવામાં તો મૂક્યું, પણ મનમાં બહુ ચચરાટી થઈ. રાતે સરસ શો પણ આપ્યો. એમાં પાછા બાલાભાઈ પણ આવેલા. રોજની માફક લોકોને હસાવીને, રમાડીને, હેરતની દુનિયામાંય લઈ જઈને લાલે તરોતાજા પણ કરી દીધા. બાલાભાઈ પણ મુક્તમને એવું કંઈ આવે ત્યારે છૂટા મોંએ હસી લેતા હતા, પણ હાસ્યના મોહક મહોરા નીચે લાલની સૂરત કોઈ જુએ, જોઈ શકે, તો બહુ બીક લાગે. એ રાતે એમને ઊંઘ ન આવી. સતત થતા તાળીઓના ગડગડાટની દુનિયાથી દૂર ગયા પછી રોજ રાતે એમને શ્રમને કારણે મીઠી નીંદર આવી જતી હતી. આજે ન આવી. પડખાં ઘસતાં જોઈને પુષ્પાબહેન પણ જાગી ગયાં. બત્તી કરીને જોયું તો લાલ અજંપ થઈને છત તરફ તાકી રહ્યા હતા.

'કેમ ?' પુષ્પાબહેને પૂછ્યું: 'જાદુની કોઈ નવી આઇટમ વિચારો છો ?'

'મારી વાણીથી લાખો–કરોડો લોકોને આજ સુધીમાં આંજી દીધા છે. માત્ર એક આ બાલાભાઇને હું અગિયાર હજાર એક રૂપિયાનું પેકેટ સ્વીકારવા સમજાવી શકતો નથી. શા કામનું મારું જાદુ ?'

પુષ્પાબહેને ફરી ઊભાં થઈને એમને પાણીનો ગ્લાસ આપ્યો. અને આવી ક્ષણોમાં આજ સુધી જે ડહાપણથી એમને ધીરજ બંધાવતા આવ્યાં હતાં તેવા ડહાપણભર્યા શબ્દો એમણે ઉચ્ચાર્યા. 'તમને લાગતું નથી કે એ રૂપિયા સ્વીકારશે, એમ માનવામાં આપણી જ ભૂલ હતી! આપણે એમને આટલાં વરસોમાં ઓળખી

'સ્ત્રી સદા અપયશભાગી બનતી આવી છે. પણ જો કોઈ સમજી શકે તો સ્ત્રી સંજીવની છે. અને એ વાત જ્યારે સમજાશે ત્યારે મોતના મુખમાંથી છૂટવા વલખાં મારતું જગત નવજીવન પામશે.' ❑ જયભિખ્ખુ–કૃત 'સ્થૂલિભદ્ર' નવલકથામાંથી

ન શક્યાં. એનું દુઃખ શું એમને નહિ થતું હોય?'

પહેલી જ વાર આટલી ક્ષણોમાં, લાલને લાગ્યું કે ખરેખર એમને ઓળખવામાં જરા લાગણીભરી ઉતાવળ થઈ ગઈ. એમના પ્રત્યેની અનન્ય લાગણીને કારણે દર્શન જરા ધૂંધળું થઈ ગયું હતું. બાકી બાલાભાઈ દેસાઈ કેવી અજબની માટીના હતા? ક્યાં ખબર નહોતી?

'તારી વાત સાચી છે.' એમણે પત્નીને કહ્યું: 'ચાલીસની સાલથી એટલે કે મારી પંદર સોળ વરસની ઉંમરથી હું એમનાં પુસ્તકો વાંચતો. મારા મનમાં એમની છબિ છપાઈ ગઈ હતી. એમને ઓળખતો નહોતો, પણ એક મોટા લેખક તરીકે એમને માટે મને ભારે અહોભાવ હતો. એ વખતે હું કલકત્તાની સંસ્થાઓ કે નિશાળોમાં સીધા જ અર્ધો કલાકના શો માત્ર શોખથી, બાલજાદુગર તરીકે કરતો, પણ મારો શોખ વાંચનનો હતો. લેખકો મને ગમતા. અને એટલે જ સાઠ–એકસઠની સાલમાં આઈએનટીએ મારા પૂરા સમયના ધંધાદારી શો અમદાવાદમાં ટાઉનહૉલમાં ગોઠવ્યા ત્યારે અમદાવાદના ધૂમકેતુ, પન્નાલાલ, પેટલીકર, પીતાંબર પટેલ, રવિશંકર રાવળ, કનુભાઈ દેસાઈ, બચુભાઈ રાવત જેવા મહાનુભાવોને મેં પાસ મોકલાવ્યા ત્યારે જયભિખ્ખુને ઘેર પણ મોકલ્યા હતા. લગભગ બધા જ આવીને જોઈ ગયા, પણ જયભિખ્ખુ ન આવ્યા. બીજાએ જ્યારે મારા શોનાં વખાણ કર્યાં હશે ત્યારે એમને જોવાનું મન થયું હશે. એટલે તેઓ પુત્ર નાના કુમાર (કુમારપાળ દેસાઈ)ની સાથે આવ્યા અને બારી પરથી જ ટિકિટ ખરીદી. એમના જિગરી મિત્ર નાનુભાઈ શાસ્ત્રી પણ સાથે શો જોવા આવ્યા અને છેક અઢારમી રોમાં જોવા બેઠા. એ દિવસે મેં જરા કુતૂહલ ખાતર જ પડદા પછવાડેથી હાઉસમાં એક નજર નાખી ત્યાં એમને બેઠેલા જોયા. કદી અગાઉ મળ્યો નહોતો, પણ વારંવાર ફોટો જોવાથી મનમાં જે છબિ દૃઢ થઈ ગઈ હતી તે પરથી ઓળખ્યા. મેં મનસુખ જોશીને કહ્યું પણ ખરું કે પેલા દૂર બેઠા છે તે જયભિખ્ખુ છે? એમણે ઝીણી નજર કરીને જોયું ને હા પાડી. મને થયું કે આ જાદુગરના વેશમાં જ ત્યાં દોડી જાઉં ને એમને મળું, પણ માંડ જાત પર સંયમ રાખ્યો, પણ એટલું કર્યું કે એમને આગળની હરોળમાં બેસાડી દેવાની વ્યવસ્થા કરી અને પછી પૂરો સમય, મારા શો દરમિયાન, માત્ર એમને એકને જ બતાવવાનો હોય તેમ ખેલ કરતો રહ્યો. મને લાગે છે કે એ વખતે મારામાં કદાચ ભક્તની ભગવાન પ્રત્યેની ભાવઉત્કટતા આવી ગઈ. બહુ જ સરસ શો રહ્યો. છૂટ્યા પછી એ તરત જ પડદા પાછળ આવ્યા અને મને બાથમાં લઈને મને એટલી બધી શબાશી આપી કે એમના એ વખતના શબ્દો હજી પણ કાનમાં ગુંજે છે. એમણે વળતે દિવસે એમને ત્યાં જમવાનું મને આમંત્રણ પણ આપ્યું. મને કહે કે આવશો? મેં કહ્યું કે કેમ નહિ આવું? હું તો તમારો ભક્ત છું.'

પુષ્પાબહેન બોલ્યાં: 'જે માણસે તમારા શોનો પાસ પણ ન સ્વીકાર્યો એ તમારા અગિયાર હજાર રૂપિયા શા માટે સ્વીકારે!'

'પણ' લાલ બોલ્યા: 'મારે આપવા છે એ તો મારો નિર્ધાર છે. શું કરું?'

'એમ કરો' પુષ્પાબહેન બોલ્યાં: 'અત્યારે શાંતિથી સૂઈ જાઓ. સવારે નાનુભાઈ શાસ્ત્રીને મળજો. એ એમના ગાઢ મિત્ર છે. કંઈક રસ્તો બતાવશે.'

સવારની રાહ જોવામાં લાલની રાતની રહીસહી ઊંઘ પણ ગઈ.

x x x

'તમારો એવો આગ્રહ શા માટે કે જયભિખ્ખુ આ રૂપિયા સ્વીકારે જ?'

નાનુભાઈ શાસ્ત્રીના આ સવાલનો જવાબ આપતાં સ્ટેજ પર વાણીથી વાયું બાંધી દેનાર લાલ જરા ગૂંચવાઈ ગયા. શો જવાબ દેવો? જયભિખ્ખુ અને એમની વચ્ચે કયો સંબંધ હતો? સહોદર નહોતા, સગા નહોતા, પડોશી નહોતા, ધંધામાં ભાગીદાર કે કોઈ સ્વાર્થમાં સહભાગી નહોતા. કોઈ લેવડદેવડ નહોતી. બચપણના કે સ્કૂલ–કૉલેજના મિત્રો નહોતા. છતાં કદાચ વ્યાખ્યાથી પર એવા કોઈ સંબંધમાં હતા. નર્યો પ્રેમસંબંધ હતો. એકબીજા પર વરસવાનો, વરસ્યા કરવાનો ભાવ હરદમ અનુભવાયા કરતો હતો. બન્ને વચ્ચે કેવળ અમીમયતા હતી.

'મને એમણે બેઠો કર્યો જ છે.' લાલ આમ છતાં જવાબની રીતે જવાબ બોલ્યા: 'એમણે મને અમૃતમાં તરબોળ કરી દીધો. અમદાવાદમાં અમે મળ્યા પછી સતત અમે રૂબરૂ પત્રો દ્વારા અને માનસિક આંદોલનો દ્વારા મળ્યા કરીએ છીએ. એ ડાયરાના માણસ છે. કિંચન છે, પણ એમના ડાયરામાં વિદ્વાનો ઊમટે છે. મેઘાણી, ધૂમકેતુ, દુલા કાગ, મેરુભા ગઢવી, રતિકુમાર વ્યાસ, જામનગરના આણંદબાવા આશ્રમના મહંત શાંતિપ્રસાદજી, આ બધાનો સંગ મને એમના ડાયરામાં મળ્યો. બલકે મારા માટે એમણે આવા ઘર–ડાયરાઓ ભર્યા. હું જાદુગર છું. શરૂ શરૂમાં જાદુકળાને કોઈ માનની નજરે જોતું નહિ. જયભિખ્ખુએ મારામાં મારા આ ધંધા

*'આપણે પશુ બચાવીએ, પાંજરાપોળ બંધાવીએ; પક્ષીઓને બચાવીએ, પરબડીઓ બંધાવીએ; મત્સ્ય બચાવીએ, અરે પાણીના પોરાંને પણ અભયદાન આપીએ, પાણી ગળાવીએ; પણ શું આ દીપકની જ્યોતિમાં બળે બળે બળી મરતાં ફૂદાં જેવા માણસને ન બચાવી શકીએ? માણસની સમૃદ્ધિનું અંતિમ, એના પુરુષાર્થની પરાકાષ્ઠા, એની મહત્તાની છેલ્લી ટોચ કેવળ યુદ્ધ જ? યુદ્ધ એ જ એનો વિકાસ? વધુ માનવસંહાર એ એની પ્રગતિ? શું યુદ્ધ વિનાનો સંસાર ન નિપજાવી શકાય?'*

❑ જયભિખ્ખુ–કૃત 'દિલ્હીશ્વર'માંથી

માટે માન પેદા કર્યું. મને મદારીને બદલે કળાકારનો દરજ્જો આપ્યો. હરીફાઈના વેરઝેરમાં કેમ ટકવું એ શીખવ્યું, સતત એ મારામાં જીવનનું બળ એમના પત્રો દ્વારા પૂરતા રહ્યા. મને યાદ છે કે બંગાળના એક પ્રસિદ્ધ જાદુગરનો માણસ મારા કાફલામાં સિફ્તથી ભળી ગયો. મારો થઈને રહ્યો. ને એક વાર મુંબઈમાં માટુંગામાં મારા શો વખતે લેડીઝકટિંગની આઇટમમાં છાનામાના સ્ટીલની ગોળ કરવતીના નટબોલ્ટ એણે કાવતરાથી ઢીલા કરી નાખ્યા. ચાલુ શોએ જરા ગાફેલ રહ્યો હોત તો મારા કાફલાની એક બંગાળી છોકરી રહેંસાઈ જાત ને મારું નાક વઢાઈ જાત, પણ ખરે ટાણે મને પ્રેરણા થઈ. એ ઢીલા નટબોલ્ટ સાથે એ પ્રયોગ મેં સફળતાપૂર્વક કર્યા, પણ કર્યા પછી સાવ નર્વસ થઈ ગયો. એ શો પછી હું ઢગલો થઈને પડી ગયો. ને મારા શો એરેન્જર્સને કહી દીધું કે હવેના શો રદ કરો. હું મારો આ ધંધો સંકેલીને પાછો કલકત્તા ભેગો થઈ જાઉં છું. ને થઈ પણ ગયો. ત્યાં જઈને પથારીમાં પડ્યો. પલંગમાંથી નીચે ન ઊતરી શકું એટલી હદે નખાઈ ગયો. સાજો થઈશ નહિ. ને થઈશ તો પાછો બાપદાદાની કાપડની દુકાને બેસીશ એમ નક્કી કરેલું. ત્યાં એ દિવસોમાં ભાઈ જયભિખ્ખુના મારા પર રોજના એક લેખે પત્રો આવવા મંડ્યા. એમનો એક જ આગ્રહ હતો. મેદાન છોડીને ભાગીશ નહિ. તું જાદુગર બન્યો છે તે તારી ઇચ્છાથી નથી બન્યો. ઉપરવાળાના સંકેતને કારણે બન્યો છે. પ્રભુની મહેરથી થયો છે. તારે ભારતની આ કળાનો ડંકો હજુ તો દેશવિદેશમાં વગાડવાનો છે. સાજો થઈને પહેલો શો તું અમદાવાદમાં અને તે પણ મારા નેજા નીચે કર. હું તારી પડખે છું. એમના આ શબ્દોએ મારા ભયંકર ડિપ્રેશનમાં પણ મારામાં કોઈ દીવામાં ઘી પૂરીને વાટ સંકોરે એમ તેજ પૂર્યું અને હું ફરી બેઠો થયો. તેઓ સતત મારી પડખે રહ્યા..

એ પછી પણ દિવસો કટોકટીના આવ્યા હતા. અમદાવાદના બે આયોજકો પેલા બંગાળી જાદુગરની સાથે થઈને સતત ખેધે પડી ગયા હતા. અમદાવાદમાં રહે તો લાલનું ધનોતપનોત કાઢી નાખવાની, ખેદાનમેદાન કરી નાખવાની ધમકી આપી હતી. પોતાના થિયેટરના પઠાણો દ્વારા લાલના પગ ભાંગી નાખવાની ધમકી આપી હતી, એ વખતે પણ જયભિખ્ખુ અને એમના પરમમિત્ર અને પ્રોત્સાહક શાંતિલાલ શાહે ('ગુજરાત સમાચાર') લાલની ફરતે જાણે કે કિલ્લો રચી આપ્યો હતો અને શો ચાલ્યા ત્યાં સુધી દરરોજ શોની શરૂઆતથી અંત સુધી હાજર રહ્યા હતા.

આ બધી વાત નાનુભાઈને કરવાની ન હોય, કારણ કે નાનુભાઈ શાસ્ત્રી પણ આ બધા બનાવોના સાક્ષી હતા, પણ લાલથી કહ્યા વગર રહી શકાય તેમ નહોતું, કારણ કે એકમાત્ર એ જ જયભિખ્ખુને સમજાવી શકે તેમ હતા.

'નાનુભાઈ,' લાલે કહ્યું: 'આ રકમ કંઈ નથી. હજી વધારે કરી આપવાની મારી તૈયારી છે. આ એમની ષષ્ઠિપૂર્તિનો મોકો છે. હું થેલીરૂપે આ રકમ એમને આપું છું. એ અસલી અપરિગ્રહી છે. કશુ બચાવ્યું નથી, પણ કુટુંબ લઈને બેઠા છે. કાળ કપરો આવે છે. આ રકમ એમને નહિ તો એમના કુટુંબને કામ આવશે. તમે એમને સમજાવો.'

'મને આશા નથી કે માને' નાનુભાઈએ કહ્યું, 'છતાં ચાલો જોઈએ.'

x x x

'લાલનો એટલો બધો આગ્રહ છે તો આ રકમ...' જયભિખ્ખુ નાનુભાઈની હાજરીમાં અગિયાર હજાર એકનું પેકેટ હાથમાં લઈને મરકીને બોલ્યા: 'હું લઈને એમાં મારા તરફથી એકસો એક ઉમેરી પરત કરું. લાલ પણ એ રકમ પાછી ન સ્વીકારે એ હું જાણું છું. એટલે આપણે એ રકમનું એક ટ્રસ્ટ કરીએ. જે સાહિત્ય, સદ્‌વિચાર અને માનવતાનાં મૂલ્યોને ઉત્તેજના આપે.

જાદુગર વાણિયા સામે લેખક વાણિયો અંતે જીતી ગયો, પણ જાદુગરે અંતે હવામાંથી હંસ નહિ, હંસનું પીછું ઝડપી જ લીધું: 'ભલે, કબૂલ, પણ એનું નામ જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ રાખવા દેવું પડશે. એમાં આનાકાની નહિ ચાલે...'

જયભિખ્ખુએ જોયું કે લાલની આંખમાં હવે મીઠું પણ મરણિયાપણું આવી ગયું હતું. હવે નકારનું કોઈ સ્થાન નહોતું. એ નીચું જોઇને બોલ્યા: 'ભલે.'

અમૃતની હવા હોય, અમૃતની ભૂમિ હોય, અમૃતની વર્ષા હોય અને અંકુર પણ અમૃતનો જ હોય તો પાંગરનારું વૃક્ષ વડલો કેમ ન બને? કળાવૃક્ષ પણ કેમ ન બને?

એ પછી મિત્રો અને શુભેચ્છકોએ રકમો આપી. દીપચંદ ગાર્ડી જેવા દાનવીરે પણ ટેકો કર્યો. લાલે પોતાના એના માટેના શો સુરેન્દ્રનગર, કલકત્તા અને હમણાં છેલ્લે અમદાવાદમાં કર્યા અને અગિયાર હજારની કૂંપળને વૃક્ષ બનાવવાની મહેનત લીધી. સાહિત્ય માટે જ્ઞાનનો પ્રચાર, વિદ્યા-સંસ્કારને ઉત્તેજન અને માનવતાના મૂલ્યને પોષણ આપે એવા સાહિત્યને પુરસ્કારવું, દર વર્ષે સ્મૃતિ વ્યાખ્યાનો યોજવા જેવી પ્રવૃત્તિ શરૂ કરી. કાર્યાલય રાખ્યું ૧૩-બી, પાલડી, અમદાવાદમાં.

હા, સ્મૃતિને પણ એક શરીર હોય છે. જયભિખ્ખુ ૧૯૬૯માં ગુજરી ગયા. એમની સ્મૃતિનો આ દેહ છે. કે. લાલ કહે છે કે દુનિયામાં માનવતા મૈત્રીસંબંધથી મોટો જાદુ બીજો કોઈ નથી. એમાં ગૂંથાયેલો માણસ હંમેશાંને માટે જીવતો રહે છે. ભલે એનો દેહ નાશ પામે.

✱✱✱

ડી-૮, રાજદીપ પાર્ક, મીરા ટૉકિઝ, ચાર રસ્તા,
બળિયાકાકા રોડ, મણિનગર,અમદાવાદ-૩૮૦ ૦૨૮.

# સૌના હિતોના પ્રામાણિક રક્ષક બાલાભાઈ

❑ જવાહર ના. શુક્લ

જીવનમાં આપણે ક્યારેક પ્રત્યક્ષ તો ક્યારેક પરોક્ષ રીતેએવી એવી અદ્ભુત ને ધૂરંધર વ્યક્તિના સંપર્કમાં આવીએ છીએ જેનું અતૂલ્ય વ્યક્તિત્વ આપણા માનસપટ પર જડબેસલાક અંકિત થઈ જાય છે. એના સદ્ગુણો, એની વિચક્ષતા અને વિલક્ષણતા, પરોપકારી વૃત્તિ, પરગજુ સ્વભાવ, લાગણી અને સંવેદનાથી ભર્યું ભર્યું એનું કૂણું ને કૂમળું હૈયું, સાદગી, સરળતા, એનું લેખન-કૌશલ્ય, ચિંતન, મનન, જીવનને જીવવાનો, નિરખવાનો તેનો અભિગમ–આ તમામ આપણા માનસપટ પર એવા તો જડાઈ જાય છે કે તેને ભૂલવા અથવા ભૂંસવા અશક્ય નહિ અસંભવ હોય છે.

આવી એક ધૂરંધર વ્યક્તિ તે શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ 'જયભિખ્ખુ'. મારું દુર્ભાગ્ય એ કે પ્રત્યક્ષ રીતે એમના ઝાઝા સંપર્કમાં ન આવી શક્યો અને મારું સદ્ભાગ્ય એ કે જીવનમાં બે વાર એમના અતિ નિકટથી દર્શન કરી શક્યો અને એમના મોહક સ્મિતથી અભિભૂત થઈ શક્યો.

૧૯૩૨માં મારા પિતા નારાયણજી રા. શુક્લ અને ઉષાકાંત જ. પંડ્યાએ 'રવિવાર' નામક સાપ્તાહિકનો પ્રારંભ કર્યો. બંને ભાગીદાર. હું ન ભૂલતો હોઉં તો લગભગ ૧૯૪૦ આસપાસ શ્રી બાલાભાઈએ આ સામયિકમાં અગ્રલેખો લખવાનું શરુ કર્યું. શ્રી બાલાભાઈની કસાયેલી કલમ, સામાજિક અને રાજકીય પ્રશ્નોને સમજવાની તેમની ઊંડી સૂઝ, વાચકોની વાંચનરુચિના પ્રખર જાણકાર આ તમામને લઈને તેમના અગ્રલેખો વાચકોમાં ખૂબ જ પ્રીતિપાત્ર બની ગયાં. આ ઉપરાંત 'રવિવાર'ના દિવાળી અંકો જે ખાસ રૉયલ સાઈઝમાં નીકળતા, તેમાં તેમની ધાર્મિક, ઐતિહાસિક, સામાજિક કથાઓ પણ ખૂબ જ દમામભેર છપાતી, તેનું ચિત્રાંકન કલાબ્ધિની કલાત્મક પીંછીઓ વડે થતું. આ દિવાળી અંકોમાં તે સમયના દિગ્ગજ સાહિત્યકારો શ્રી 'ધૂમકેતુ' અને ચુ. વ. શાહની કથાઓ પણ છપાતી. તે સમયે સાહિત્ય જગતમાં આ પ્રકાશનની પ્રશંસા ઘણી થતી. મને યાદ છે ૧૯૪૭માં જ્યારે આઝાદી મળી ત્યારે એમણે અગ્રલેખ લખ્યો હતો : સ્વરાજ્ય તો મળ્યું, હવે સુરાજ્ય ક્યારે? આજે ૬૦-૬૧ વર્ષે દેશની જે હાલત છે તે પરથી સહેજે કળી શકાય કે બાલાભાઈ કેટલા મોટા દીર્ઘદૃષ્ટા હતા અને રાજકારણના વહેણના કેવા અઠંગ પારખુ!

મને યાદ છે સંભવતઃ ૧૯૪૫ કે ૪૬માં જ્યારે હું ૧૩-૧૪ વર્ષનો હતો અમે આબુ-અંબાજીના પ્રવાસે ગયા હતા. વચ્ચે અમદાવાદ રોકાયા હતા. મિત્ર નાતે પિતાશ્રી અમને સૌને લઈને એમને મળવા એમને ઘેર ગયા હતા જ્યાં લગભગ બે-ત્રણ કલાક ગાળ્યા હતા. બાળક હોઈ વધુ તો એમની કલમી શક્તિઓ વિશે હું શું જાણું, કેવળ પિતાશ્રીના મિત્ર હતા એટલું જ, પણ એમના વ્યક્તિત્વની એક આછી રૂપરેખા મારા બાળમાનસ પર અંકિત થઈ ગઈ. તેમનું ધીમું, ઝીણું પણ સ્પષ્ટ બોલવું, મરક મરક થતું મુખ અને પ્રેમાળ વ્યક્તિત્વ મારા બાળમનને સ્પર્શી ગયાં.

આ પછી ૧૯૫૨માં 'રવિવાર' સાપ્તાહિક અને 'કિસ્મત' માસિકની ભાગીદારી છૂટી થઈ ત્યારે બંનેના સહિયારા મિત્ર હોઈ મધ્યસ્થી માટે બાલાભાઈને બોલાવવામાં આવ્યા. કોઈ મતભેદ અથવા અણબનાવ, ઝઘડો યા ટંટો તો હતો જ નહિ. ૧૯૩૨થી ૧૯૫૨ વીસ વર્ષ પ્રેમપૂર્વક ભાગીદારો તરીકે રહ્યા; અને છૂટા પડ્યા તે પણ એટલા જ પ્રેમથી. બંનેની ઉંમર થતી હોઈ ધંધાના હિતમાં આવું કરવું જરૂરી હતું. બંને ભાગીદારોને એકબીજા પર એટલો પ્રેમ અને વિશ્વાસ કે બંને ધારત તો સાથે બેસીને પણ છૂટા થવાની પ્રક્રિયા કરી શક્યા હોત. પરંતુ કોઈ એક પક્ષકારને અન્યાય ન થાય અને બંનેના સમાન હિતો જળવાઈ રહે એટલા માટે બાલાભાઈને બોલાવવામાં આવ્યા. તેમણે તેમની વિચક્ષણ, વ્યવહારુ બુદ્ધિ દ્વારા કરારનામું તૈયાર કર્યું, જે બંનેમાંથી કોઈને પણ અમાન્ય ન હોવાનો સવાલ જ નહોતો.

આ ભાગીદારી છૂટી થવાના કરારનામા પર સહીઓ થયા બાદ બંન્ને શ્રી બાલાભાઈ અને શ્રી ઉષાકાંત પંડ્યા અમારે ઘરે વિલેપારલે પધાર્યા અને ત્રણે જણે અમારા પરિવાર સાથે બેસીને જમ્યા. આગલે દિવસે ભાગીદારી છૂટી થઈ છે તેનો કોઈ હર્ષ કે શોકનો ભાવ કોઈના ચહેરા પર નહિ. એ જ પ્રેમ, એ જ ઉલ્લાસથી ત્રણે વાતો કરતા જાય અને હાસ્યના છાંટણાં વેરતા જાય. આવું વાતાવરણ અને આવી નિખાલસતા આજે ભાગ્યેજ જોવા મળે!

તે સમયે હું ઈન્ટરમાં અભ્યાસ કરતો હતો. આ બીજીવાર મને એમના દર્શનનું સદ્ભાગ્ય સાંપડ્યું. એ જ મીઠું મધુરું સ્મિત, એ જ આનંદી ચહેરો, અ જ પ્રભાવશાળી વ્યક્તિત્વ, પ્રેમભીની લાગણીઓથી છલોછલ!

આમ બાલાભાઈ કેવળ કલમના જ સ્વામી નહોતા; તેઓ વ્યવહારુતા, વિચક્ષણતા અને પ્રેમાળ બુદ્ધિમતાના પણ એટલા જ ધરખમ સ્વામી હતા. જ્યાં બાલાભાઈ હોય ત્યાં સંપ અને સુલેહનું સામ્રાજ્ય હોય, સમાધાન અને સદ્વ્યવહારની આણ પ્રવર્તતી હોય.

જૈન સાહિત્ય સમારોહનું આયોજન શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ 'જયભિખ્ખુ'ની શતાબ્દી અને તેમના પિતરાઈ ભાઈ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈની હજુ હમણાં જ પૂર્ણ થયેલ શતાબ્દી નિમિત્તે થઈ રહ્યું છે તે ખરેખર બંને ધૂરંધર જૈન સાહિત્યકારોને સ્તુત્ય નિપાવાજંલિ છે, જે માટે આયોજકોને અભિનંદન ઘટે છે.

આ બંન્ને લેખક મહાનુભાવોની અંતરંગ વાતો, ઘણી ઘણી રીતે તેઓની મહાનતા તથા તેમની જાણતી તેમ જ અજાણી વાતો વાચકો સુધી પહોંચાડવાના 'પ્રબુધ્ધ જીવન'ના આ પ્રયાસને હું બિરદાવું છું અને તેના સદા જાગૃત તંત્રીશ્રી ડૉ. ધનવંત શાહને અભિનંદન આપું છું.

✳✳✳

ડી/૫૭, ગૌતમનગર, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ)
મુંબઈ-૪૦૦ ૦૯૨.

# સર્જન સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **આપણી અણમોલ સંપદા**
લેખક : **અશ્વિન મહેતા**
પ્રકાશન : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાત પાગા, વડોદરા, ૩૯૦ ૦૦૧.
કિંમતઃ રૂા. ૧૦/-; પાના ૨૪.
આવૃત્તિ-બીજી

આ નાનકડી પુસ્તિકા પહેલાં તો 'પરબ' માં લેખરૂપે પ્રકાશિત થયેલ, પરંતુ ત્યારબાદ સુધારા વધારા સાથે પુનર્મુદ્રિત કરી છે. લેખકનું ધ્યેય આપણી હજારો વરસથી સંચિત એવી અણમોલ સંપદાને સાચવવાનો છે તે માટે આપણી ભાષાના કેટલાંક અધ્યાત્મ-વિષયક શબ્દોના મૂળ સ્ત્રોતોની ફેર-તપાસ કરે છે.

આપણાં ગહન અધ્યાત્મના ક્ષેત્ર સાથે સંબંધિત ઘણાં શબ્દો રૂઢ થઈ ગયા છે, ચલણી થઈ, ચવાઈ ગયા છે અને પોતાની સાચી મુદ્રા ગુમાવી બેઠા છે. કેટલાક શબ્દોના અર્થો સંકીર્ણ અને સંકુચિત થઈ ગયા છે અને એ વિપરીત અર્થો લોક માનસમાં રૂઢ થઈ ગયા છે. લેખક આ નાનકડી પુસ્તિકામાં આવા ૪૯ શબ્દોના મૂળમાં જઈ તેનો અસલ શુદ્ધ-સાચો અર્થ સમજાવે છે જેમાં લેખકની મર્મગ્રાહી દૃષ્ટિ અને નીતરી સમજ ધ્યાનપૂર્વક બને છે.

અહીં લેખક અધ્યાત્મ વિષયક શબ્દના અસલી અર્થ રજૂ કરે છે.

સજાક, સતર્ક અને સક્રિય સંવેદનાવાળા વાચકોને માટે આ અણમોલ સંપદા બની રહેશે એ વાત નિઃશંક છે.

X X X

પુસ્તકનું નામ : **વાસંતી ધારા (સ્પ્રિંગ ટોરેન્ટસ્)**
લેખક : **અશ્વિન મહેતા**
મૂળ લેખક : **આઈ.એસ.તુર્ગનેવ**
અનુવાદક : **નલિની બ્રહ્મભટ્ટ**
પ્રકાશક : બાબુભાઈ હાલચંદ શાહ
પાર્શ્વ પબ્લિકેશન, નિશાપોળ, ઝવેરી પાર્ક, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
કિંમતઃ રૂા. ૧૦૦/-; પાના ૧૯૨
આવૃત્તિ-૧

રશિયામાં ઓગણીસમી સદીમાં જે મહાન લેખકો થઈ ગયા તેમાં પ્રતિષ્ઠિત સાહિત્યકાર ટૉલ્સટોય અને દોસ્તોયવસ્કીના નામો અગ્રગણ્ય છે. એ જ સમયગાળામાં બીજા એક નોંધપાત્ર લેખક થઈ ગયા તે છે ઈવાન તુર્ગનેવ. ઈ. સ. ૧૮૪૧માં જર્મનીથી અભ્યાસ પૂર્ણ કરી પાછા ફર્યા અને તેમણે સાહિત્યયાત્રાની શરૂઆત કરી. તુર્ગનેવની વિશેષતા એ હતી કે સાહિત્યકાર તરીકે રશિયાની સામાજિક પરિસ્થિતિ પ્રત્યે તેમનો પાશ્ચાત્ય અભિગમ જર્મન ઘડતરવાળો હતો. તેમનો આ દૃષ્ટિકોણ જ તેમને ટૉલ્સટોય અને દોસ્તોયવસ્કી કરતાં નિરાળું વ્યક્તિત્વ આપે છે.

૧૯૨ પાનાની આ લઘુનવલ 'સ્પ્રિંગ ટૉરેન્ટસ્' અથવા 'ટૉરેન્ટસ્ ઑફ સ્પ્રીંગ' આત્મકથનાત્મક છે. આ કથામાં લેખકે બાદેન-બાદેન છોડી પોતે પેરિસ જઈ રહેલા જર્મન અનુભવોનું આલેખન કર્યું છે. તુર્ગનેવને પોતાને બાદેન-બાદેનની વસંત-ગ્રીષ્મ ઋતુ બહુ પ્રિય હતી. અને એ વાતાવરણમાં માનવીય સંબંધોને ગતિશીલતા અને વાચાળતા પ્રાપ્ત થતાં હતાં. તુર્ગનેવે આ અનુભવો દિમિત્રી પવલોવિચ સાનિનના પાત્ર દ્વારા આલેખ્યા છે. તુર્ગનેવના સર્જનમાં નિકોલાઈ ગોગોલનો પ્રભાવ વર્તાઈ આવે છે.

નલિનીબેન બ્રહ્મભટ્ટે 'ટૉરેન્ટસ્ ઑફ સ્પ્રીંગ'ને 'વાસંતી-ધારા' શિર્ષક આપીને તેની યથાર્થતા પ્રકટ કરી છે. સાથે સાથે ગુજરાતી અનુવાદ સાહિત્યમાં નોંધપાત્ર કૃતિનું સ્થાન પામે એવો અનુવાદ અવશ્ય થયો છે.

X X X

પુસ્તકનું નામ : **શાણો સમાજ**
લેખક : **એરિક ફ્રોમ**
પ્રકાશક : **જગદીશ શાહ**
યજ્ઞ પ્રકાશન સમિતિ, હુજરાતયાત્રા વડોદરા-૩૯૦૦૦૫.
કિંમતઃ રૂા. ૪૦/-; પાના ૧૯૨
આવૃત્તિ-૫

એરિક ફ્રોમનું 'શાણો સમાજ' પુસ્તક દસ વર્ષ પહેલાં પ્રસિદ્ધ થયેલું હોવા છતાં આજે પણ એની અગત્ય તેવી ને તેવી જ રહી છે. એરિક ફ્રોમ મનોવિશ્લેષણના એક લબ્ધ પ્રતિષ્ઠિત તજજ્ઞ છે અને નામાંકિત સામાજિક, ચિંતક, લેખક અને મહાન માનવતાવાદી પણ છે. સામાજિક આંદોલનોમાં પણ તેઓએ આગળ પડતો ભાગ ભજવ્યો છે. તેમની પારગામી દૃષ્ટિ, પશ્ચિમી સમાજના ઝાકઝમાળ અને પ્રચુર વૈભવને આરપાર વિંધી જઈ એના રોગના મૂળને ખુલ્લાં કરી અવલોકી શકી છે. તેમ જ માનવ સમાજના સ્વસ્થ વિકાસની નવી દિશાઓ શોધી શકી છે.

આ પુસ્તક આમ તો પશ્ચિમના, તેમાં યે ખાસ તો અમેરિકન વાચકને ઢંઢોળીને જગાડવાની દૃષ્ટિથી લખાયેલું છે. પરંતુ આપણાં દેશને માટે અને બીજા નવસ્વતંત્ર રાષ્ટ્રો માટે પણ એટલું જ મૂલ્યવાન નીવડે તેવું છે.

પશ્ચિમી સમાજની સફળતાની કથાથી આપણી આંખો અંજાઈ જાય છે, અને આપણે એમને પગલે ચાલવા તલપાપડ થઈ જઇએ છીએ. પણ આપણામાંથી બહુ ઓછાને એ વાતનો ખ્યાલ છે કે એ સફળતા માત્ર ભૌતિક ઉત્પાદન અને ઉપભોગનાં કેન્દ્રો ફરતે વીંટળાયેલી છે. તે એકાંગી છે. પશ્ચિમી દેશો અને પૂર્વના દેશોના સમાજ વચ્ચેનો ભેદ ફ્રોમ માર્મિક રીતે દર્શાવે છે.

'શાણો સમાજ' વર્તમાન સ્થિતિનું ફક્ત નિદાન જ નથી. ભવિષ્યમાં ડોકિયું કરાવતી ખોજ છે. અમેરિકનોએ વધુ સ્વસ્થ સમાજનું સર્જન કરવાની દૃષ્ટિએ શું કરવું તે વિશે અહીં લેખકે સમજાવ્યું છે.

આ અનુવાદ મૂળ અંગ્રેજી પરથી શ્રી કાન્તિ શાહે કર્યો છે. મૂળ પુસ્તક મુખ્યત્વે અમેરિકન સમાજને ખ્યાલમાં રાખી લખાયેલું. પરંતુ અનુવાદ કરતી વખતે આપણાં સમાજને દૃષ્ટિમાં રાખીને સંક્ષેપ કર્યો છે.

આ પુસ્તકનું લખાણ દેશને પોતાની સભ્યતાની નિકટ લાવે તેમ છે.✱ ✱ ✱

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(જાન્યુઆરી–૨૦૦૮ના અંકથી આગળ)

૪૨૧ રોગચિંતા –શારીરિક કે માનસિક પીડા થાય ત્યારે તેને દૂર કરવાની વ્યાકુળતામાં જે ચિંતા થાય તેને રોગચિંતા. આ આર્તધ્યાનનો એક પ્રકાર છે.

–शारीरिक या मानसिक पीडा होने पर उसको दूर करने की व्याकुलता के कारण जो चिंता होती है उसे रोगचिंता कहते है । यह एक प्रकार का आर्तध्यान है ।

–When one develops a bodily or a mental pain then one experience worry caused by a pathetic eagerness to get rid of it, the worry at an ailment. One kind of Artadhyan.

૪૨૨ રોગ પરિષહ –કોઇપણ રોગમાં વ્યાકુળ ન થતાં સમભાવપૂર્વક તેને સહવો તે રોગ પરિષહ.

–किसी भी रोग में व्याकुल न होना किन्तु समभाव पूर्वक रोग को सहना ।

–Not to get agitated whn attacked by any disease whatsoever but to put up with it with a feeling of equanimity.

૪૨૩ રૌદ્ર –એક નરકનું નામ, અશુભધ્યાન, જેનું ચિત્તક્રુર કે કઠોર હોય તેવા રુદ્ર આત્માનું ધ્યાન તે રૌદ્ર.

–एक नरक का नाम, अशुभध्यान, जिस का चित्तक्रुर या कठोर हो ऐसे रौद्र आत्मा का ध्यान ।

–Name of one hell. He whose heart is cruel or hard is rudra and dhyana performed by such a one is raudra.

૪૨૪ રૌરવ –એક નરકનું નામ.

–एक नरक का नाम ।

–Name of one hell.

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ. આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, <u>આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી</u> જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

કન્યા કરિયાવર આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

❑ મેનેજર

૪૨૫ લક્ષણ
–અસાધારણ ધર્મ.
–असाधारण धर्म ।
–Defining characteristics.

૪૨૬ લબ્ધિ
–એક પ્રકારની તપોજન્ય શક્તિ.
–एक प्रकार की तप से उत्पन्न होने वाली विशिष्ट शक्ति ।
–Super ordinary power.

૪૨૭ લબ્ધિન્દ્રિય
–ભાવેન્દ્રિયનો એક પ્રકાર, મતિજ્ઞાનાવરણીય કર્મ આદિનો ક્ષયોપશમ જે એક પ્રકારનો આત્મિક પરિણામ.
–भावेन्द्रिय का एक प्रकार, मतिज्ञानावरणीय कर्म आदि का क्षोपशम, जो एक प्रकार का आत्मिक परिणाम ।
–Sub type of Bhavendriya, The ksayopashama of the karmas like matijnavaraniya etc. which is a sort of transitory spiritual state is labdhindriya.

૪૨૮ લાભાન્તરાય કર્મ
–જે કર્મ કાંઈ પણ પ્રાપ્ત કરવામાં અંતરાય ઉભો કરે તે લાભાન્તરાય કર્મ.
–जो कर्म कुछ भी प्राप्त करने में अन्तराय डाले वह लाभान्तराय कर्म ।
–The karmas which places obstacle in the way of receiving something.

૪૨૯ લિંગ
–ચિહ્ન, તેના દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકાર છે. ચારિત્રગુણ તે ભાવલિંગ. વિશિષ્ટવેષ આદિ બાહ્ય સ્વરૂપ તે દ્રવ્યલિંગ, વેદ–અભિલાષા–ઇચ્છા–તેના ત્રણ પ્રકાર છે. સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ.
–चिह्न उसके द्रव्य एवं भाव दो प्रकार है । चारित्रगुण अर्थात् भावलिंग, विशिष्टवेश आदि बाह्य स्वरुप द्रव्यलिंग है । वेद–अभिलाषा–इच्छा–उसके तीन प्रकार है–स्त्रीवेद, पुरुषवेद एवं नपुंसकवेद ।
–Characteristic sign, its dravya and bhava types. The virtuous merits of the form of right conduct is linga of the bhava type. While the external make up of the form of a special dress etc. is linga of dravya type, sexual characteristic.

(વધુ આવતા અંકે)

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.


પ્રતિશ્રી, તા.......................

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં,

મુંબઈ–૪૦૦૦૦૪. ફોન : ૦૨૨–૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના **'પ્રબુદ્ધ જીવન'**ના વાર્ષિક / ત્રિવાર્ષિક / પંચવર્ષીય / દસ વર્ષીય / કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

**'પ્રબુદ્ધ જીવન નીધિ'** કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. .............................. નંબર .............................................. તારીખ ..........................

બેંક ................................................શાખા ...................................ગામ ...................................નો સ્વીકારી નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ. ચેક/ડ્રાફ્ટ **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામનો જ મોકલીએ છીએ.

નામ અને સરનામું : ..............................................................................................................

..............................................................................................................

લિ..................................

## ન ખત–ન ખબર(છેલ્લા પાનાનું ચાલુ)

'દીકરો કેમ કરીને ગુજરી ગયો?' મેં પ્રશ્ન કર્યો.

ંદૂકની ગોળીથી મરી ગયો.' ખાને ટૂંકમાં

આવડા નાના બાળકને વળી કોની સાથે નાવટ?' મને ન સમજાયું.

'ઘર કો આગ લગ ગઈ, ઘર કે ચિરાગ સે.' કવિ ખવાસવાળા ખાને બેત કહી, એના દિલના ધૈર્યને ધન્યવાદ આપવાનું મન થયું. એ બોલ્યા,

'ખુદાએ દીધો, ખુદાએ લઈ લીધો. એ વળી દેશે. આમાં અફસોસ નથી. પણ બાબત અજબ બની ગઈ છે. ઘેરથી (ખાનની પત્ની) માયકે– પિયર ગઈ. એનાં ભાઈ–ભાભી વચ્ચે રસોઈ બાબતમાં ઝઘડો જાગ્યો. એની ભાભી જરા મોટા ઘરાણાની છે. એણે બે કડવા શબ્દ કહ્યા, બે ઘસાતા શબ્દો બોલી. મારો સાળો કહે, 'રે! તું ગમે તેવી મોટી હો, પણ મારા ખાનદાનને ભાંડે કેમ?' સાળાએ બંદૂક લીધી. પત્ની સામે તાકી. ઘેરથી (ખાનની પત્ની) બાળકને લઈને ત્યાં બેઠી હતી. એ વચ્ચે પડી. રોષમાં એકાએક બંદૂકની ગોળી છૂટી ગઈ. મારી ઓરતની કાખમાં દીકરો હતો. એને વીંધીને ગોળી સોંસરી નીકળી ગઈ. બાબત આમ છે, ભાઈસાબ!'

'આમીન!' હું બોલ્યો ને ચૂપ રહ્યો. બનાવ એવો હતો કે આઘાત જરૂર પહોંચે. મેં થોડી વારે કહ્યું, 'આ તો એક હાથે બીજા હાથને ઈજા કર્યા જેવું થયું. ભૂલી જાઓ, ખાનસાહેબ!'

ખાન ગર્જીને બોલ્યા, 'ભાઈસાબ! ખૂન એમ માફ ન થાય. ખૂનના બદલે ખૂન આ અમારો જીવનમંત્ર છે. ખૂનનો બદલો ન લે, એ કાયર લેખાય. એની સાત પેઢી ભંડાય. હવે હું દેશમાં જઈશ. ખૂનનો બદલો ખૂન.' ખાનસાહેબ ખૂબ સ્વાભાવિકતાથી બોલ્યા.

મેં ખૂબ સમજાવ્યા, પણ એમણે કહ્યું: 'હું વેપારી નથી. સિપાહી છું. વેપારી પણ પોતાનું લેણું છોડતો નથી, વ્યાજ સાથે વસૂલ કરે છે તો હું તો સિપાહી! ખૂનના બદલે ખૂન ન લઉં તો લોક મારા નામ પર થૂંકે. મારાં સંતાન મને બાપ તરીકે જાહેર કરતાં શરમાય. મરનારનું આ શ્રાદ્ધ, તર્પણ કે જે કહો તે.'

વર્ષો સુધી અમારી વચ્ચે રહેલા ખાનસાહેબ બધા રીતરિવાજોથી જ્ઞાત હતા. જૈનોના શાંતિસ્નાત્રના બૃહદ્ અનુષ્ઠાનમાં ભૂત–પ્રેતોને બાકળા ધરવા એ ઘણા યતિઓ સાથે મધરાતે જંગલમાં ગયેલા.

આ ગમ અને રંજ પછીના દિવસો ભારે હતા.

થોડા દિવસે રજા લઈને ખાનસાહેબ વતન જવા ઊપડ્યા. એમની પાસે એક સાઈકલ હતી. તે પણ સાથે લીધી. મેં પૂછ્યું, 'સાઈકલ કેમ સાથે લીધી? પાછું નથી આવવું?'

'મારી પાસે બંદૂક નથી. સાઈકલ વેચી બંદૂક લઈશ.'

'ખાનસાહેબ–' આટલું બોલીને આગળ મારાથી વધુ ન બોલાયું. જિગરજાન દોસ્તને આ રીતે વિદાય આપતાં જિગર ચિરાતું હતું. ખાન જિગર વાંચનારો હતો.

'ખાનસાહેબ!' મેં ફરી વાર કહ્યું.

'શું છે, ભાઈસાબ!' ખાન બોલ્યા.

'ખાનસાહેબ! દીકરા પર માને વધુ પ્યાર કે બાપને?'

'માને. દીકરો બાપની શાન છે, માનું તો કલેજું.'

'ગમે તો–આટલું મારું વચન રાખજો. જો દીકરાની મા દીકરાનું ખૂન માફ કરે, તો તમે એને માફ કરજો.'

ખાનસાહેબ બે મિનિટ મારા મોં સામે જોઈ રહ્યા. એ જાણે મારું જિગર વાંચતા હતા.

ગાડી ઊપડવાની થઈ. એકાએક ખાનસાહેબે મારો હાથ પકડી ચૂમી ભરતાં કહ્યું, 'દોસ્તનું વચન જરૂર રાખીશ.'

[ ૨ ]

સ્નેહની વેલ હંમેશાં વિયોગમાં પાંગરે છે. ખાનસાહેબનું જલતું જિગર મારા જિગરના જળથી કંઈક શાંત બન્યું. વિચારશીલ બન્યું. જેમ જેમ દૂર જતા ગયા, તેમ તેમ મારાં વચન એમને અસર કરવા લાગ્યાં.

ખાન ઘેર પહોંચ્યા. ભૂતકાળની પદ્મિનીને યાદ આપતી એ સૌંદર્ય ને શૂરાતનભરી નેક ઓરતે ખાવિંદના પગ ચૂમ્યા.

ખાવિંદને એ સમજાવવા માગતી હતી, પણ ખાવિંદ સમજે, એવી એને શ્રદ્ધા નહોતી. એ દીકરો તો હારી બેઠી હતી. હવે ભાઈ હારીને શું કરવું? ઓરતનું દિલ તો દુનિયાનું અજબ ખેત છે. ન જાણે કેટલાય ફૂલના બાગ ત્યાં ખીલ્યા હોય છે. એકેયને નષ્ટ–ભ્રષ્ટ કરતાં એનું દિલ માનતું નથી.

ત્યાં તો સામેથી ખાવિંદે પ્રશ્ન કર્યો, 'શું માગે છે? ખૂનનો બદલો કે એક ભાઈનો ભાઈ?'

'ભાઈ. પ્યારા ખાવિંદ! હું અને તું હજી ઘરડાં થયાં નથી. અલ્લાહની મહેર ઊતરશે તો...' ઓરત બોલી.

'એમ નહિ–કુરાને શરીફ ઉઠાવીને કહેવું પડશે.' ખાનસાહેબે ચકાસણી કરી. 'પાછળથી મને કોઈ વગોવે નહિ.'

'રાજી છું. હુંય પાક દીનદાર ઓરત છું. ખૂન માફ.'

ખાનસાહેબના દિલ પર દોસ્તના દિલની આરજૂ અને નેક બીબીના શબ્દો કામ કરી ગયા. એમણે કહ્યું, 'તારા ભાઈને કહેવરાવજે. કાલે જમવા આવીશું.'

ભાઈ પણ સાશંક હતો. એ પણ ભારે વિમાસણમાં હતો. પોતાનું ખૂન એક નવા ખૂનની સંભવિતતા પેદા કરતું હતું. આવી વેર પરંપરાઓમાં તો ત્યાંનાં કુળનાં કુળ સ્વાહા થઈ ગયાં હતાં.

ખાનસાહેબની નેક બીબીએ ભાઈને આશ્વાસન આપ્યું. બહેનના વચન પર ભાઈને પૂરેપૂરો ઈતબાર હતો.

બીજે દિવસે સાળો–બનેવી મળ્યા. દોડીને ભેટ્યા. સાળાએ કદમબોસી કરી. બનેવીની જૂતી માથે મૂકી.

ખાનસાહેબનું અંદરનું ગુલાબી દિલ ખૂલી ગયું. એણે ખીસામાં રહેલા ૫૦ રૂપિયા અને સાઈકલ બંને સાળાને ભેટ આપી દીધાં.

થોડે દિવસે ખાનસાહેબ ફરીને અમારે ત્યાં નોકરી પર હાજર થયા. આંખમાં આંસુ સાથે તેમણે મને બધી વાત કરી હતી. આ આંસુમાં ગુનેગારી નહોતી–પવિત્રતા હતી.

[ ૩ ]

પંખી માળામાંથી ઊડતાં હતાં. અભ્યાસ પૂરો થયો હતો. હવે અમારી છૂટા પડવાની ઘડીઓ નજીક હતી. ખાનસાહેબ મારી પાસે હિંદી અને હું તેમની પાસે ઉર્દૂ શીખતો હતો, પણ વિધાતાએ અમને વહેલા જુદા પાડ્યા.

જુદા પડતી વખતે ખાનસાહેબે દોડી આવી મારા પગ પકડ્યા ને ગદ્ગદ કંઠે બોલ્યા :

'ભાઈસાબ! આશીર્વાદ આપો કે મારે ત્યાં પુત્ર જન્મે. તમે આલમ ફાઝલ છો.'

હું છોભીલો પડી ગયો. એ એના નિર્ણયમાં મક્કમ હતા. આખરે મેં શરમાતા શરમાતા કહ્યું:

'જો મારી દુઆ મંજૂર થતી હોય તો હું ખુદાને અરજ ગુજારું છું કે તમારે ત્યાં વાઘ ને સાવજ જેવા બે દીકરા થજો.'

ખાનસાહેબ અને હું જુદા પડ્યા. હું ઉત્તર દેશ છોડી ગુજરાતે આવ્યો.

એક દહાડો પત્ર આવ્યો.

અમદાવાદના ત્રણ દરવાજે બેસતા એક સાંઈ ફકીર પાસે એ વંચાવ્યો, એમાં ખાનસાહેબને ત્યાં પુત્રજન્મના સમાચાર હતા.

મને અને મારી પત્નીને એ મળવા બોલાવતા હતા. ખાનસાહેબની ખ્વાહિશ હતી, પેશાવરના સ્ટેશને પચીસ નવજુવાનોના હાથની બંદૂકોના બારથી મારું સ્વાગત કરવાની, ગામ વચ્ચે દબદબાભરી રીતે ......કાઢવાની.

ભારે મીઠાં સ્વપ્નામાં દિવસો વીતતા હતા.

ત્યાં તો સમાચાર આવ્યા કે હિન્દુસ્તાન–પાકિસ્તાન જુદાં થાય છે.

એ દિવસ અને એ ઘડી! આજ સુધી ન ખત છે, ન ખબર. મનમાં ઘણી વાર થાય છે–

*કેણે વાવ્યાં પાપ? કેણે ઝેર ઉગાડિયાં?*
*કેને ડસિયો કાળો નાગ? સુખનાં ધામ ઉજાડિયાં.*

('મોસમના ફૂલ'માંથી)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month ● Regd. No. MH/ MR/SOUTH-146 / 2006-08



## પંથે પંથે પાથેય...

# ન ખત–ન ખબર

❑ જયભિખ્ખુ

વસંત ઋતુના સુંદર દિવસો હોય, મંદમંદ પવન વાતો હોય, મધ્યાહ્નની શાંતિ હોય એ વખતે ઘરના એકાંત ઊંચા ખૂણામાંથી એક અવાજ સંભળાય, ને જોઈએ તો ઊંચા માળામાં બે કોમળ પારેવાં ઘૂમતાં હોય.

જેવા પંખીના માળા એવા મનના માળા. ખાલી ખાલી લાગતા મનના માળામાં એક દિવસ એકાએક હુહુક હુહુક થયું ને સ્મૃતિનું જૂનું-પુરાણું પંખી પાંખ ફફડાવી રહ્યું.

દૂરદૂરનું એ સ્મૃતિપંખી, પઠાણ મિત્ર શાહઝરીનની સ્મૃતિ લઈને પાંખો ફફડાવતું ઊડ્યું.

શાહઝરીન! શાહઝરીન! મન વિહ્વળ થઈને પોકારી રહ્યું. પોકાર ખાલી દિશાઓમાં પછડાઈને પાછા ફર્યા.

જીવનના અફાટ સાગરમાં ઘણાં ઘણાં મિત્ર–મોતી લાધ્યાં છે. એમાં ફટકિયાં મોતી પણ છે. એ સિવાયનાં મિત્ર–મોતીમાં ખાન શાહઝરીનનું નામ આજે એકાએક સ્મૃતિખંડમાં આવીને બેસી ગયું. મનનો માળો એવો છે.

અકોરા–ખટકનો રહેનારો, એ પઠાણ મિત્ર શાહઝરીન!

પઠાણ ખરો પણ લાલ ટમેટા જેવો. આડો, ઊભો ફાલેલો દેહ નહિ. સીધો સોટા જેવો, હસમુખ ચહેરાવાળો. બને ત્યાં સુધી સમાધાનની વાતો કરનારો. ભા–ભાઈથી બોલનારો. અને વીફરે ત્યાં કેસરિયાં કરતો રજપૂત! વાર્યો વળવો મુશ્કેલ.

શાહઝરીન યાદ આવે છે, ને પાકિસ્તાન યાદ આવે છે. રાજકારણી પુરુષોએ જે ખેલ ખેલ્યા તે–પણ મને તો પાકિસ્તાન યાદ આવે છે ત્યારે લાગણીઓનું દ્વૈત જાગે છે. ભલી અને બૂરી બંને લાગણીઓ ઝગી ઊઠે છે.

ભલી એ માટે કે દસકાથી ખોવાયેલો મિત્ર ત્યાં વસતો હશે. સુખી હશે કે દુ:ખી, જીવતો હશે કે નહિ–તેનીય શંકા! બૂરી એ માટે કે મિત્રને સદાકાળ માટે એણે અલગ કર્યો.

મન અને મોતી એક વાર ભાંગ્યાં પછી ઝટ સંધાતાં નથી, છતાં મનના માળાનું પંખી ઝંખના મૂકતું નથી!

એ દિવસ યાદ આવે છે જ્યારે ખાન ગમગીન ચહેરે એમની ઓરડીમાં બેઠા હતા. ઓરડીમાં કંઈ સાજ–સરંજામ નહોતો, પણ આખો એક રૂપિયો ખર્ચીને વસાવેલી ગૂણપાટની આરામખુરશી ખાસ ધ્યાન ખેંચતી હતી.

આ આરામખુરશી પર, રાત વેળાએ, સબ સલામતની રોન ફરીને જ્યારે એ બેસતા અને એક બેત છેડતા ત્યારે કોઈ જૂના જમાનાના મસ્ત, શોખીન ને બેપરવા લોદી સુલતાનની ઝાંખી કરાવતા.

એમની એ ખાસ ગઝલ,

*'ચમન કે તખ્ત પર જિસ દમ*
*શહાગુલ કા તજમ્મુલ થા;*
*હજારોં બુલબુલેં થીં,*
*એક શોર થા એક ગુલ થા.'*

એ હસમુખ ને લહેરી ખાન આજે ગંભીર હતા. આંખ તો તપાવેલા તાંબાના ગોળા જેવી લાલ હતી. પાતળા હોઠ ધનુષ્યની પણછ જેમ ખેંચાઈ ગયા હતા. મેં સ્વાભાવિક પ્રશ્ન કર્યો,

'કેમ ખાનસાહેબ! શું છે?'

'કંઈ નથી.' ખાન મોં ફેરવી ગયા.

મને આશ્ચર્ય થયું. હું નજીક ગયો. વધુ પ્રશ્ન કર્યો: 'કંઈ તબિયત ખરાબ છે?'

'ના.' ખાન વળી મોં ફેરવી ગયા.

મને વધુ કુતૂહલ થયું: અરે, આવો પહાડ જેવો માણસ નાની વહુની જેમ શું કરી રહ્યો છે?

'શું ઘેરથી કંઈ ખત–પત્ર છે?' મેં પણ એમનો પીછો છોડ્યો નહિ.

'હા. ભાઈસાબ! અત્યારે મને એકલો રહેવા દો, નહિ તો ખુદાનો ગુનેગાર થઈ જઈશ.' ખાનસાહેબે કહ્યું. આટલા શબ્દો બોલતા એમના દિલ પર જે અવર્ણનીય સિતમ ગુજરતો હતો, એની હું ઝાંખી કરી શક્યો.

'અરે ખાનસાહેબ! આલમ ફાઝલ લઈને આ શું? તમારા જેવા ચુસ્ત નમાજીને વળી ખુદાની ગુનેગારી કેવી?' મેં પણ એમનો પીછો ન છોડ્યો. લીધેલી વાત ઝટ મૂકું એવો હું પણ નહોતો.

ખાન એમની જમાતમાં આલમ ફાઝલ કહેવાતા. એને આખું પાક કુરાન મોઢે હતું. અને એમને માટે જ્ઞાનની સીમા કુરાન હતું. કુરાનમાં જ્ઞાનનો ભંડાર છે. કુરાનની બહાર જે હોય તે જ્ઞાન હોય તોય કબૂલ નથી. નમાજ, જકાત અને રોજાનો પાબંદ એ પુરુષ હતો. આખરે મારા કદાગ્રહ પાસે દિલ ખોલવું પડ્યું. એનું સશક્ત શરીર કં' જબાન લોચા વાળતી હતી. એણે કહ્યું:

'ઘેરથી ખત છે. છોકરો ગુજરી ગય મહોબ્બત છે. મહોબ્બત દિલને કમજોર બનાવે કમજોર દિલ કદી રડી પડે. દિલ રડે પણ આંખમાંથી આંસુ પડે તો તો ગુનો થાય.'

મને આ સમાચારથી આઘાત લાગ્યો. હું જાણતો હતો કે ખાનને બે દીકરી પર આ એક જ દીકરો હતો. એમની કોમમાં દીકરાનું મહત્ત્વ ખૂબ. દીકરો જ બાપની સંપત્તિનો વારસદાર. બાપની શત્રુતાનો પણ એ જ નિભાવનાર. છોકરો સૂરજનું તેજ.

આવા સાત ખોટના દીકરાના મોતથી વધુ કરુણા શી હોય? પણ એમાંય રડતાં વળી શી ગુનેગારી? રડ્યા વગર તો દિલ ખાલી કેમ થાય? અહીં આપણે ત્યાં તો જેનું કોઈ મરી ગયું હોય એ સ્નેહીને રડાવીને હળવો કરવાની કંઈ કેટલી કાણ–મોંકાણની આયોજના છે.

ધીરે ધીરે કાણ–મોંકાણની એક મહારચના થઈ ગઈ છે ને કંઈ કેટલા નિયમ–ઉપનિયમ ઘડાઈ ગયા છે. બૂઢી ડોસીના આમ તો કોઈ સામે આવે તો શકન પણ ન લે, પણ કોઈ મરે તો સરખી રીતે રોવા–રોવરાવવા માટે ભલી ભલી ફૅશનેબલ યુવતીઓ એ ખડખડ પાંચમ જેવી ડોસીના કદમ ચૂમે.

મેં કહ્યું: 'વાદળ વરસે અને પાણી પડે, જખમ થાય અને લોહી વહે, લાગણી થાય અને આંસુ ટપકે, એ તો મનુષ્ય માટે સ્વાભાવિક છે. એમાં ગુનેગારી કેવી?'

'ભાઈસાબ! તમારામાં અને અમારામાં ફેર છે. તમારે ત્યાં મૃત્યુ પાછળ રડવું–જાહેર–બાહેર રીતે રડવું–યોગ્ય લેખાયું છે. ન રડે એને માથે ટીકા થાય છે. અમારે ત્યાં મોત એ ગંભીર મૌનનો પ્રસંગ છે. અમે માનીએ છીએ કે મોત કે જીવન ખુદાની બક્ષિસ છે. જેણે જીવન મોકલ્યું–એણે જ મોત મોકલ્યું. બંનેમાં આપણી કબૂલદારી હોવી ઘટે. ખુદાએ જિંદગી આપી એમાં આનંદ, પછી એણે મોત મોકલ્યું એમાં એની સામે નારાજી પ્રગટ કરવી એ મોટી ગુનેગારી છે.'

આહ! પઠાણના શબ્દોમાં એક મોટી ફિલસૂફી હતી. આંસુ પડી ન જાય, એની પૂરતી તકેદારી ચાલુ જ હતી. અને લાલઘૂમ નેત્રોમાંથી ખરેખર એક પણ આંસુ બહાર ન સર્યું.

(વધુ માટેજુઓ પાનું ૩૫)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- તા. ૧૬ માર્ચ, ૨૦૦૮ છૂટક નકલ રૂા. ૧૦/-

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ***

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૪ વીર સંવત : ૨૫૩૪ ફાગણ સુદિ - તિથિ - ૧૦

## જિન-વચન

### દુષ્ટ વાણીનો ત્યાગ

स-वक्कसुद्धिं समुपेहिया मुणी गिरं च दुट्ठं परिवज्जए सया।
मियं अदुट्ठं अणुवीई भासए सयाण मज्झे लहई पसंसणं ।।

–दसवैकालिक–७-५५

મુનિએ વાક્યશુદ્ધિ (ભાષાની શુદ્ધિ)ને બરાબર સારી રીતે સમજીને દુષ્ટ વાણીનો સદા ત્યાગ કરવો જોઈએ. દોષરહિત વાણી પણ માપસર અને વિચારીને બોલવી જોઈએ. આવું બોલનારા મુનિ સત્પુરુષોની પ્રશંસા પામે છે.

वाक्यशुद्धि (भाषा की शुद्धि)को अच्छी तरह समझ कर मुनि दोषयुक्त वाणी का प्रयोग न करे । दोष रहित वाणी भी नपीतुली और सोचविचार कर बोलनेवाला मुनि, सत्पुरुषों में प्रशंसा को प्राप्त करता है ।

Knowing fully well the importance of pure language a monk should always avoid evil language. Even while using such flawless language, he should speak only adequate and thoughtful words. Such monks are praised even by saints.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત **'जिन-वचन'**માંથી)

## આચમન

### જીવનનું સત્ય સંયમને માર્ગે લાધે છે, ભોગને માર્ગે નહિ

❑ ભાણદેવ

પરમહંસ રામકૃષ્ણદેવના જીવન-ચરિત્રમાં એક ઘટના નોંધાઈ છે. એક યુવાન સાધકની કુંડલિની જાગૃત થઈ. તે યુવાનને રામકૃષ્ણદેવ પાસે લાવવામાં આવ્યો. યુવાનને જોઇને રામકૃષ્ણદેવે કહ્યું–

'કામભાવથી કોઈ સ્ત્રીનો સ્પર્શ કરીશ નહિ. અન્યથા કુંડલિની શક્તિ પાછી નીચે ઊતરી જશે.'

તેમ જ બન્યું. તે યુવાને કામભાવથી સ્ત્રીનો સ્પર્શ કર્યો અને કુંડલિની શક્તિ નીચે આવી ગઈ અને તે યુવાનનો આધ્યાત્મિક વિકાસ અટકી પડ્યો.

પરમહંસદેવે એક સ્થાને કહ્યું છે કે જે દોરામાં ગાંઠ હોય, તે દોરો સોયના નાકામાંથી પસાર થઈ શકતો નથી, તેમ જે ચિત્તમાં કામવાસનાની ગાંઠ હોય, તે ચિત્તમાં સમાધિની ઘટના ઘટતી નથી.

ચાર વેદમાં જે જે દેવોના મંત્રો છે, તે સર્વ દેવોની યાદી બની છે. આ યાદીમાં 'કામદેવ' નામનો કોઈ દેવ સંમિલિત નથી. મહાભારત, રામાયણ અને શ્રીમદ્ ભાગવત આદિ પુરાણોમાં અનેક સ્થાને દેવોની યાદી રજૂ થઈ છે. આમાંની એક પણ યાદીમાં દેવ તરીકે 'કામદેવ'ની ગણના થઈ હોય તેવું નથી, તો પછી શાને આધારે આપણે કામને 'દેવ'ની ગાદી પર બેસાડીએ?

કહેનારા એમ પણ કહે છે કે ભારતીય સંસ્કૃતિમાં કામસૂત્રના રચયિતા વાત્સ્યાયન અને ભૌતિકવાદી વિચારધારાના પ્રણેતા ચાર્વાકને પણ ઋષિ ગણવામાં આવેલ છે. આ કથન પણ સાચું નથી. ઋષિઓની વૈદિક ને પૌરાણિક કોઈ પણ યાદીમાં આ બંનેમાંથી કોઈના નામનો સમાવેશ થયો નથી.

એ વાત સાચી છે કે માનવજીવનમાં કામ છે. કામ એક વૃત્તિ છે, આવેગ છે. આપણે કામમાં દિવ્યતા–ભવ્યતાનું આરોપણ ન કરીએ. કામોપભોગને વાજબી ઠરાવવા માટે ભ્રામક વિચારધારાઓ ઊભી ન કરીએ અને તેવી વિચારધારાઓના ભોગ ન બનીએ.

કામ પાપ નથી. પરંતુ કામના ત્યાગમાં જીવનની ગરિમા છે. ભોગ એટલે મૂર્છિત અવસ્થામાં આનંદપ્રાપ્તિ માટે ખોટા સ્થાને મારેલાં ફાંફાં.

જીવન સત્યની શોધ છે અને જીવનનું સત્ય સંયમને માર્ગે લાધે છે, ભોગને માર્ગે નહિ.

સૌજન્ય : 'ભૂમિપુત્ર'

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | જ્ઞાનાલયમ્, ધ્યાનાલયમ્, વીરાયલમ્ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | મહાકવિ શ્રી રામચંદ્ર : જીવન, જીવનકાળ અને કવન | ડૉ. સુશીલા કનુભાઈ સૂચક | ૫ |
| (૩) | લત | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૭ |
| (૪) | કૃષ્ણગીતા | ડૉ. કવિન શાહ | ૯ |
| (૫) | ઝેન : બૌદ્ધ ધર્મની સાંસ્કૃતિક નીપજ | પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ | ૧૧ |
| (૬) | ઇસ્લામ અને અહિંસા | શ્રી જશવંત બી. મહેતા | ૧૩ |
| (૭) | શ્રી મહાવીર જૈન વિદ્યાલય યોજિત ૧૯મો જૈન સાહિત્ય સમારોહ | ડૉ. કલા શાહ | ૧૪ |
| (૮) | શ્રી ભગિની મિત્ર મંડળ પાલીતાણા : ચેક અર્પણ વિધિનો કાર્યક્રમ | શ્રી મથુરાદાસ ટાંક | ૧૫ |
| (૯) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૬ |
| (૧૦) | જૈન પારિભાષિક શબ્દ કોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૭ |
| (૧૧) | આત્મસિદ્ધિ શાસ્ત્ર | પ્રા. પ્રતાપકુમાર ટોલિયા | ૧૯ |
| (૧૧) | પંથે પંથે પાથેય : ઉપાશ્રયમાં ડોકિયું.... | જયબાળા તોલાટ | ૨૦ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/– | U.S. $ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/– | U.S. $ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/– | U.S. $ 40-00 |
| ૧૦ વર્ષનું લવાજમ | રૂા. ૧૦૦૦/– | U.S. $ 75-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/– | U.S. $100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંબરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના... ?

☛ ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો. કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ **કન્યા કરિયાવર** આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57
● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૩ ● ● તા. ૧૬ માર્ચ, ૨૦૦૮ ● ● ૩ ●
● ● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●
તંત્રી : ધનવંત તિ. શાહ

## જ્ઞાનાલયમ્ ધ્યાનાલયમ્ વીરાલયમ્

જ્ઞાન, ધ્યાન અને વીર તત્ત્વનું દર્શન, આ ત્રણે રત્નોનો સમન્વય એટલે મુંબઈથી પૂના જતા નેશનલ હાઈવે ઉપર પૂના શહેરની સીમા ઉપર કાત્રજ બાયપાસ પાસે, કાત્રજ ઘાટની પર્વતમાળા વચ્ચે પ્રાકૃતિક સૌંદર્યથી સુશોભિત પહાડી ઉપર નિસર્ગ રમ્ય રમણીય શાંત વાતાવરણમાં પ્રદૂષણ રહિત શુદ્ધ હવા પાણી વાળા સ્થાનમાં કમળની જેમ વિકસી રહેલું અને સૂર્યના ઉગતા કિરણોની જેમ તેજવલયો સર્જતું વીરાલયમ્ તીર્થસ્થાન.

લગભગ છ માસ પહેલાં આ તીર્થસ્થાનના એક ટ્રસ્ટી અને મારા મુરબ્બી મિત્ર શ્રી ચંદ્રકાંત ગાંધીએ અમને પ્રેમાગ્રહ કર્યો કે શ્રી મહાવીર જૈન વિદ્યાલય પ્રયોજિત ૧૯મા જૈન સાહિત્ય સમારોહનું આયોજન આ નવા ઉઘડતા તીર્થસ્થાનમાં અમારે સર્વેએ કરવું, જેથી વિદ્વાનોને આ સ્થળનો પૂરો પરિચય થાય અને આ તીર્થસ્થાનની તત્ત્વશીલ પ્રવૃત્તિની વિદ્વાનો દ્વારા કંઠોપકંઠ યાત્રાનો પ્રારંભ થાય.

એક સવારે શ્રી ચંદ્રકાંતભાઈ એમના પૌત્ર સોન, અમારા શ્રી હિંમતભાઈ ગાંધી અને શ્રી હેમંતભાઈ સાથે આ સ્થળની મુલાકાત લેવા અમે પૂના તરફ ઉપડ્યાં.

આ તીર્થસ્થાનના પ્રેરક પ. પૂ. પંન્યાસ પ્રવર ડૉ. શ્રી અરુણ વિજયજી મહારાજશ્રીની જ્ઞાન આરાધના વિશે થોડી જાણકારી તો હતી. પણ વિશેષ જાણકારી આ બે કલાકના પ્રવાસ દરમિયાન ચંદ્રકાંતભાઈ દ્વારા પ્રાપ્ત થઈ.

પૂ.શ્રીએ બાળ વયમાં જ ગૃહત્યાગ કર્યો અને પ. પૂ. આચાર્ય દેવ શ્રી પ્રેમસૂરિ મ.સા. પાસે ભાગવતી પ્રવજ્યા ગ્રહણ કરી સંસારી અરુણકુમારમાંથી અરુણવિજયજી મહારાજ બની પ. પૂ. આચાર્ય શ્રી સુબોધસૂરિ મ.સા.ના શિષ્ય તરીકે જાહેર થયા, અને જ્ઞાન-તપ ક્ષેત્રે ભગીરથ પુરુષાર્થ કરી જ્ઞાનયાત્રાનો આરંભ કર્યો. હિંદી સાહિત્યમાં એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. ઉપરાંત તત્ત્વજ્ઞાન અને દાર્શનિક ક્ષેત્રે અભ્યાસ આરંભ્યો. સંસ્કૃત ભાષાના માધ્યમથી પરીક્ષાઓ આપી, પ્રથમ શ્રેણીએ ઉત્તીર્ણ થઈ ન્યાય-દર્શન શાસ્ત્ર સાથે બી.એ. થયા અને આગળ પછી આજ વિષયમાં M.A. ની પદવી પ્રાપ્ત કરી ન્યાયદર્શનના આચાર્ય થયા. પૂજ્યશ્રીએ સર્વ દર્શનોનો તુલનાત્મક અભ્યાસ કર્યો અને 'ઈશ્વર અને જગત સ્વરૂપ' એ વિષય ઉપર સંશોધનાત્મક શોધપ્રબંધ બે ભાગમાં લખીને પૂના યુનિવર્સિટીથી Ph.D. ની પદવી પ્રાપ્ત કરી. કદાચ સમસ્ત શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રમણ સંઘમાં પૂ. અરુણ વિજયજી મ.સા. સૌથી પહેલા ડબલ એમ.એ. પીએચ.ડી. છે. હિંદી, રાજસ્થાની, ગુજરાતી, મરાઠી અને અંગ્રેજી ભાષા ઉપર એઓશ્રીનું ગજબનું પ્રભુત્વ છે.

આ બધી હકીકત જાણી મનોમન દૃઢ નિશ્ચય કર્યો કે ૧૯મો જૈન સાહિત્ય સમારોહ આ પ્રખર વિદ્વાનશ્રીની નિશ્રામાં જ કરવો, જેથી પૂરા દેશમાંથી આવેલા વિદ્વાનોને પૂજ્યશ્રીની જ્ઞાનવાણીનો લાભ મળે અને એવો લાભ અમને મળ્યો જ. સમારોહમાં નિયુક્ત થયેલા 'સંલેખના-સંથારો'ના વિષય ઉપરનાં એઓશ્રીના વક્તવ્યે સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સમારોહનો ટૂંકો અહેવાલ આ અંકમાં આપવામાં આવ્યો છે.

હવે આ વીરાલયમ્‌ના નિમિત્ત, નિર્માણ અને ઉદ્દેશ જોઈએ. ભારતભરમાં અનેક ક્ષેત્રે પરિભ્રમણ કરતા કરતા પૂજ્યશ્રી યોગાનુયોગ લઘુ કાશી તુલ્ય વિદ્યાભૂમિ પૂના પધાર્યા. ઘણાં વર્ષોથી જૈન શાસનના જ્ઞાન ક્ષેત્રે-સંશોધન ક્ષેત્રે ભગીરથ કાર્ય કરવાના મનોરથ સેવનાર આ પૂજ્યશ્રીને યોગાનુયોગ પૂનાના જમીનોના મોટા ગજાના સોદાગર શેઠશ્રી માણેકચંદ નારાયણદાસ દુગડ પૂજ્યશ્રીને કાત્રજ ઘાટની પહાડી ભૂમિ ઉપર આજથી તેર વર્ષ પહેલાં એટલે ૧૯૯૫ની સાલમાં લઈ ગયા. જંબુલવાડી ગામની ઉપર પહાડ ઉપર ફર્યા. પૂજ્યશ્રીના આંતરમનને આ ભૂમિ

સ્પર્શી ગઈ. મનમાં કોઈ દિવ્ય સંકેત પ્રગટ થયો. જિન શાસન અને સમગ્ર માનવ કલ્યાણ માટે શુભ કાર્યોના સ્વપ્નાની પંગત ચિત્તભૂમિમાં રચાવા માંડી. પરિણામે દુગડ શેઠ, પૂનાના પ્રસિદ્ધ શ્રેષ્ઠીવર્ય શ્રી ગુલાબચંદ ચતરિંગજી અને સરાફવાળા વિજયરાજજી રાંકાએ પ્રથમ ૩૦ એકરની આ પહાડી ભૂમિ પૂજ્યશ્રીને અર્પણ કરી. અને પછી તો અનેક દાતાઓ એમાં જોડાયા: શ્રી વિનોદચંદ્ર ડોંગરચંદ ઓસવાલ, રાજુ શેઠ, શ્રીમતિ શાંતાબેન સંપતરાજજી તેમજ ખીડકી, પૂના અને મુંબઈના અન્ય શ્રેષ્ઠિ મહાજનો સાથે 'વીરાલયમ્' ટ્રસ્ટની સ્થાપના થઈ. અને આજે લગભગ પંચાવન એકર જમીનમાં વીરાલયમ્ના નામાભિધાનથી એક ભવ્ય જ્ઞાન-ધ્યાન તીર્થ આકાર લઈ રહ્યું છે.

૨૦ શિખરો યુક્ત ૨૦ દેરીઓ અને વચ્ચે સમવસરણ સહિત વિશ્વમાં ક્યાંય નથી એવું વીર સ્થાનકનું સર્વ પ્રથમ મહાપ્રાસાદ વીરાલયમ્માં નિર્માણ થઈ રહ્યું છે. જે વૃત્તાકાર અને અનોખી આંતરિક રચના છે, શિલ્પશાસ્ત્રનો આ અદ્‌ભુત નમૂનો છે. એમાં રત્નમય પ્રતિમાઓજી બિરાજમાન છે.

આ પહાડી ટોચે વિશ્વનું સર્વ પ્રથમ કક્ષાનું '૨૦૦X૨૦૦'ના વિસ્તારવાળું ગોળાકાર સમવસરણાકાર મહાપ્રાસાદનું પણ નિર્માણ થશે, જેમાં કેન્દ્રમાં પરિકર સહિત ૩૦ ફૂટ ઊંચી વિશાળ ચાર મૂર્તિઓ ચારે દિશામાં ચૌમુખજી તરીકે બિરાજમાન થવાની છે. ચારે બાજુ એક હજાર ને આઠ સાધકો ધ્યાન કરવા બેસી શકે તેવી રચનાવાળું વિશાળ ધ્યાનાલયમ્ આકાર લઈ રહ્યું છે. ત્રણ માળનું-(૩ ગઢવાળું) ચારે દિશાઓમાં બાર પ્રવેશદ્વાર, બાર સામરણ યુક્ત ઓડીઓવાળુ, અને અશોકવૃક્ષકાર સામરણવાળું વિશ્વનું આ સર્વ પ્રથમ કક્ષાનું અદ્‌ભુત અનોખું સમવસરણ મહાપ્રાસાદ સાકાર થઈ રહ્યું છે.

ત્રણ દિવસના અમારા સમારોહ દરમિયાન પૂજ્યશ્રીના શિષ્ય પૂ. હેમંત વિજયજી એક સાંજે અમને બધાંને આ શિખર ઉપર લઈ ગયા હતા, ત્યારે એ શિષ્યરત્ને આ બધી વિગતો અમને સંભળાવી ત્યારે અમારા સર્વેના અંતરને કોઈ અપાર શાંતિનો અનુભવ થયો હતો. એ અદ્‌ભુત અનુભવ હતો.

આ પંચાવન એકરમાં માત્ર મંદિર નિર્માણ જ નથી. અનેક પ્રવૃત્તિઓનો નકશો દોરાઈ ચૂક્યો છે. ગુરુકુલમ્, નિવાસી હૉસ્ટેલ, રિસર્ચ લાયબ્રેરી, રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, યોગ, અનાથાશ્રમ, ગૌશાળા, પાંજરાપોળ, વૈકલ્પિક ચિકિત્સા, શાંતિનિકેતન, તીર્થંકર ઉદ્યાન, ધર્મશાળા, ભોજનાલય, આ જોતા વાંચતા જ પૂજ્યશ્રીની પ્રતિભાને શત શત વંદન થઈ જાય. જિજ્ઞાસુને વેબ સાઈટ જોવા વિનંતિ (www VEERALAYAM.org.) (M.No. 09326853368) Phone (020) 24317874.

પરંતુ અમને વિશેષ તો આકર્ષી ગયું ત્યાં વિશાળ સ્વરૂપે આકાર લઈ રહેલું શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશનનું સંશોધનાત્મક જ્ઞાન મંદિર. જ્યાં લાખો જૈન તેમજ અન્ય દર્શન શાસ્ત્રના ગ્રંથોનો સંગ્રહ થશે. વિશ્વ કક્ષાના પુસ્તકાલયનો લાભ કોઈ પણ વિદ્વાન ત્યાં નિવાસ કરીને લઈ શકશે. 'જૈન વિશ્વકોશ'નું નિર્માણ થશે. ઈન્ટર નેશનલ જૈન સ્ટડી સેન્ટરનું આયોજન કરી જગતના સર્વે સંશોધક વિદ્વાનોને પોતાના આંગણે પધારવાનું નિમંત્રણ અપાશે. આ સંસ્થા પાસે અત્યારે પચાસ હજાર પુસ્તકો તો છે જ.

કોઈ એક જ સરસ્વતી પૂજક ભાગ્યશાળી દાતા માત્ર આ એક જ જ્ઞાન સંકૂલની જવાબદારી ઉપાડી લે તો તીર્થનિર્માણ જેટલું જ પૂણ્ય કર્મ પ્રાપ્ત થશે એમાં કોઈ શંકા નથી.

આ પવિત્ર તીર્થમાં ત્રણ દિવસનો સાહિત્ય સમારોહ યોજી સર્વે વિદ્વાનો ધન્ય તો બન્યા જ પણ ત્યાંથી પાછા ફરતા અંતર આત્મામાં કાંઈક અવનવું વિરાજી ગયું છે એની પ્રતીતિ પણ સર્વને થઈ જ.

શાસન દેવને પ્રાર્થના કરીએ કે હર પળે આ સંકુલ ઉપર ભવ્ય આત્માના આશીર્વાદ વરસતા રહે અને પૂજ્યશ્રીના સ્વપ્નોને આકાર મળતો રહે.

❑ **ધનવંત શાહ**


**પ્રબુદ્ધ જીવન**

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝપેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન'ની માલિકી અને તે અંગેની માહિતી.

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થાન | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. કામચલાઉ સરનામુ : ૩૩, મહમ્મદી મીનાર, ૧૪મીખેતવાડી,મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : માસિક. દર મહિનાની ૧૬મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| ૪. પ્રકાશકનું નામ | : શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામુ: | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૫. તંત્રી | : શ્રી ધનવંત તિલકરાય શાહ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૬. માલિકનું નામ અને સરનામુ | : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |

હું ધનવંત તિલકરાય શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૬-૩-૨૦૦૮ ❑ **ધનવંત તિલકરાય શાહ**, તંત્રી

# મહાકવિ શ્રી રામચંદ્ર : જીવન, જીવનકાળ અને કવન

❑ ડૉ સુશીલા કનુભાઈ સૂચક

સંસ્કૃત સાહિત્યમાં આપણાં કવિઓએ પોતાના જીવન અને સમય વિશે સુસ્પષ્ટ નોંધ ન કરી હોવાથી સમયાંતરે દંતકથાઓ કે અનુમાનનો આધાર લેવાતો હોય છે. પરંતુ રામચંદ્રનાં સમય કે જીવનને જાણવા સાવ અંધકારમાં ફાંફાં મારવા પડતા નથી. તેમ છતાં, તેમના જન્મસ્થાન, કુટુંબ, માતાપિતા અને અભ્યાસ વિષયક પ્રશ્નોનો ઉત્તર મેળવી શકાતો નથી. પોતાના ગ્રંથો અને અન્ય વિદ્વાનોના ગ્રંથોમાંથી પ્રાપ્ત વિગતો દ્વારા એમનાં જીવન અને સમય વિશેની હકીકતો ક્રમશઃ નીચે મુજબ રજૂ કરી શકાય.

મહાકવિ રામચંદ્રસૂરિ, ચાલુક્ય રાજાઓ જયસિંહ સિદ્ધરાજ (૧૧૩૦-૧૧૪૩ ઇ.સ.) અને કુમારપાળ (૧૧૪૩-૧૧૭૨ ઇ.સ.)નાં શાસનકાળ દરમ્યાન વિદ્યમાન હતાં. સંસ્કૃત સાહિત્યનાં વિકાસમાં ગુજરાતનું વિશેષ યોગદાન રહ્યું છે અને ગુજરાતનાં ચાલુક્યવંશીય રાજાઓનો ૧૧મીથી ૧૪મી સદી સુધીનો સમય આ દૃષ્ટિએ સુવર્ણયુગ કહી શકાય. રાજા કુમારપાળ જૈનાચાર્ય હેમચંદ્રસૂરિનાં શિષ્ય બન્યાં હતાં. શ્રી હેમચંદ્રાચાર્યનો જીવનકાળ ઇ.સ. ૧૦૮૮થી ઇ.સ. ૧૧૭૨ સુધીનો ગણાય છે. સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળનાં સમયમાં તેઓ ખ્યાતિ પામ્યા. શ્રી હેમચંદ્રાચાર્યનો દેહાંત ઇ.સ. ૧૧૭૨માં થયો. આ બનાવથી અત્યંત આઘાત પામેલા રાજા કુમારપાળને શ્રી રામચંદ્ર અને બીજાઓએ આશ્વાસન આપ્યું. એ પછી છ મહિનાના ટૂંકા ગાળામાં જ, ભત્રીજા અજયપાળે આપેલા ઝેરની અસરથી કુમારપાળ ઇ.સ. ૧૧૭૨માં મૃત્યુ પામ્યાં. એ સમયે શ્રી રામચંદ્રને 'પર્વતારાધના' કરવા બોલાવવામાં આવ્યા હતાં. અજયપાળ ઇ.સ. ૧૧૭૨માં ગાદીએ આવ્યા અને તરત જ શ્રી રામચંદ્રનું અપમૃત્યુ થયું.

શ્રી રામચંદ્ર અને શ્રી ગુણચંદ્ર, આ બંને જૈન સાધુઓએ સંયુક્ત રીતે લખેલા 'નાટ્યદર્પણ' નામક ગ્રંથમાં કરેલા ઉલ્લેખ દ્વારા જાણી શકાય કે શ્રી રામચંદ્ર, પ્રખ્યાત શ્રી હેમચંદ્રાચાર્યના પટ્ટશિષ્ય હતાં.

જૈનાચાર્ય શ્રી ચંદ્રપ્રભાસૂરિનાં 'પ્રભાવકચરિત'માં એક પ્રસંગનો ઉલ્લેખ છે કે, એકવાર સિદ્ધરાજ જયસિંહે માત્ર કુતૂહલ માટે શ્રી હેમચંદ્રાચાર્યને પ્રશ્ન કર્યો કે તમારો પટ્ટશિષ્ય કોણ? શ્રી હેમચંદ્રાચાર્યે પ્રત્યુત્તર આપતા કહ્યું કે "અતિશય સદ્‌ગુણી એવા રામચંદ્ર જ મારા વારસ થવાને લાયક છે."

अस्त्यमुष्यायाणो रामचंद्रस्य: कृतिशेखर: ।
प्राप्तरेख: प्राप्तरुप: सङ्घे विश्वकलानिधि: ।।
प्रभावकचरित (प्रभाचंद्रसूरी)

સ્વયં શ્રી રામચંદ્રે પણ કૌમુદીમિત્રાનંદ, નલવિલાસ, સત્યહરિશ્ચન્દ્ર, નિર્ભયભીમવ્યાયોગ વિગેરે કૃતિઓમાં આચાર્ય શ્રી હેમચંદ્રનો પોતાના ગુરુ તરીકે ઉલ્લેખ કર્યો છે.

શ્રી રામચંદ્રનો વિજ્ઞાનોનો ઉંડો અભ્યાસ, સ્પષ્ટ વિચારો, પ્રસ્તુતિકરણની ઉત્કૃષ્ટતા અને પ્રવાહી, સચોટ અને પ્રભાવક શૈલી તેમનાં સાહિત્ય ગ્રંથોમાં જોવા મળે છે. માત્ર વિવેચક જ નહિ, પરંતુ નાટકકાર તથા કવિ તરીકે પણ તેમણે ખ્યાતિ મેળવી હતી. તેમણે નાટ્યકળાનાં જે નિયમોનું વિવેચન કર્યું તેનું પાલન પણ પોતાના નાટકોમાં કર્યું છે. અનેક વિષયોનો સમાવેશ અને ભાષા પરનું પ્રભુત્વ એમની વિદ્વતા દર્શાવે છે. આ સર્વ એમનાં પટ્ટશિષ્યપદની યોગ્યતા પૂરવાર કરે છે.

મહાકવિ રામચંદ્ર પ્રતિભાવંત કવિ હતાં અને તત્કાલ પદ્યરચનામાં પારંગત–શીઘ્રકવિ–હતાં. કહેવાય છે કે, એકવાર મહારાજ જયસિંહ સિદ્ધરાજે પોતાના સભાસદોને પ્રશ્ન કર્યો કે कथं ग्रीष्मे दिवसा गुरुत्तरा: (प्रबन्चिन्तामणि पृ. ६ ३) ગ્રીષ્મઋતુમાં દિવસ લાંબો કેમ થઈ જાય છે? કોઈ સભાસદ સંતોષકારક જવાબ ન આપી શક્યા, ત્યારે શ્રી રામચંદ્ર પણ સભામાં ઉપસ્થિત હતાં. એમણે રાજાની સ્તુતિપ્રશંસાયુક્ત પદ્યથી ઉત્તર આપ્યો

देव ! श्रीगिरिदुर्गमल्ल ! भवतो दिग्जैत्रयात्रोत्सवे
धावद्वीरतुरङ्गनिष्ठुरखुरक्षुण्णक्ष्मामण्डलात् ।
वातोद्धूतरजोमिलत्सुरसरित्संजातपङ्कस्थली–
दूर्वा चुम्बनचंचुरारविहयास्तेना तिवृद्धंदिनम् ।।

હે દેવ ! શ્રી ગિરિદુર્ગમલ્લ ! આપના દિગ્વિજયનાં યાત્રોત્સવમાં દોડતાં વીર ઘોડાઓનાં પગમાંથી પૃથ્વીથી આકાશ સુધી ઉડતી રજથી સૂરસરિતાને કાંઠે રચાયેલ પંકસ્થળમાં ઉગી નીકળેલા દૂર્વાને ચરવા (સૂર્ય તુરગો) રોકાઈ જવાથી દિવસ અતિ લાંબો થઈ જાય છે.

આવી પ્રતિભાથી પ્રસન્ન થઈ મહારાજ જયસિંહે એમને 'કવિકટારમલ્લ'ના બિરૂદથી વિભૂષિત કર્યા હતાં.

तुष्टेन सर्वसमक्षं कविकारमल्लं बिरुदं दत्तम् ।
(रत्नमंदिरगणि, उपदेशतरंगिणी पृ- ६ २)

શ્રી રામચંદ્ર સમસ્યાપૂર્તિ માટે પણ સુવિખ્યાત હતાં. સમસ્યાપૂર્તિ માટે કોઈ શબ્દ આપવામાં આવે તો તત્ક્ષણ એ શબ્દવિશેષનાં આધારે પદ્યરચના કરી સમસ્યાપૂર્તિ કરવામાં દક્ષ હતાં. આવી જ એક ઘટનાનો ઉલ્લેખ પોતાનાં મહાકાવ્ય 'કુમારપાલચરિત'માં શ્રી ચરિત્રસુન્દરગણિએ કર્યો છે. એ અનુસાર એકવાર વિશ્વેશ્વર કવિ જ્યારે અણહિલપુર આવ્યા ત્યારે રાજા કુમારપાલ, એમનો આદર સત્કાર કરી એમને આચાર્ય હેમચંદ્રની પાઠશાળામાં લઈ ગયાં. ત્યાં આચાર્યના શિષ્યોની પરીક્ષા કરવાનાં હેતુથી કવિશ્રીએ બે સમસ્યા પૂર્તિ માટે રાખી. પ્રથમ व्यासिद्धा અને દ્વિતિય श्रृङ्गाग्रेण. પ્રથમ સમસ્યાની પૂર્તિ મહામાત્ય કપર્દીએ કરી જેનો ઉલ્લેખ 'प्रबन्धचिन्तामणी'માં કર્યો છે. બીજી સમસ્યાની પૂર્તિ શ્રી રામચંદ્રે કરી. રામચંદ્ર દ્વારા થયેલી તત્ક્ષણ સમસ્યાપૂર્તિ સાંભળીને વિશ્વેશ્વર કવિ અત્યંત પ્રસન્ન થયાં.

શ્રી ભોગીલાલ સાંડેસરા નોંધે છે કે, "પ્રબન્ધચિંતામણિ" ઉપરાંત રત્નમંદિરગણિકૃત ઉપદેશતરંગિણી અને અન્ય કેટલાંક ગ્રંથોમાંથી પણ તેમની સમસ્યાપૂર્તિઓ મળી આવે છે.

એ સર્વ રામચંદ્રની પોતાની ન હોય તો પણ એક વિદ્વાન અને કવિ તરીકેની રામચંદ્રની પ્રતિષ્ઠાની ચાલતી આવેલી પરંપરાને તે પ્રકટ કરે છે એ ભૂલવું ન જોઈએ.''

**એકલોચનાયુક્તઃ**

શ્રી રામચંદ્રે એમની જમણી આંખ ગુમાવી હતી. એ માટે અનેક લોકવાયકાઓ વહેતી થઈ હતી. એ સર્વને કારણે એમનું એકાક્ષીપણું તો સાબિત થાય જ છે.

શ્રી રામચંદ્રએ રચેલા અનેક જીવનપ્રશંસાના સ્તોત્રોમાં એક આંખ ગુમાવવાના પ્રસંગનું સૂચન મળી રહે છે. કવિ જીનપ્રભુને દૃષ્ટિદાન માટે પ્રાર્થે છે. પ્રથમ દૃષ્ટિએ એમ જણાય કે આધ્યાત્મદૃષ્ટિથી અજ્ઞાનરૂપી અંધકારયુક્ત અંધત્વને દૂર કરવા પ્રાર્થે છે. પરંતુ, વારંવારની વિનંતી દૈહિક ચક્ષુ માટે હોય એવું સૂચિત થાય છે.

**શ્રી રામચંદ્રનું નિધન :**

શ્રી રામચંદ્ર જેવા વિદ્વાન અને મહાન કવિનું મૃત્યુ અત્યંત કરુણ રીતે થયું. રાજા અજયપાલ દ્વારા અમાનવીય રીતે મૃત્યુદંડ આપવામાં આવ્યો હતો.

શ્રી રામચંદ્ર અત્યંત નિર્ભય પ્રકૃતિનાં હતાં. કોઈપણ ધમકીને વશ ન થતાં રાજા અજયપાલનાં આદેશ છતાં બાલચંદ્રને જ્ઞાન આપવાનું નકારી દીધું. એને તેઓ અયોગ્ય શિષ્ય ગણતાં હતાં. રાજાને તાબે થવા કરતાં એમણે મોતને વ્હાલું ગણ્યું.

મેરુતુંગસૂરિનાં 'પ્રબંધચિંતામણિ'માં રામચંદ્રના મૃત્યુ વિશે લખાયું છે કે-

શતપ્રબંધકર્તા રામચંદ્રને રાજા દ્વારા તાંબાના તપાવેલ સળિયા પર બેસવાની ફરજ પાડવામાં આવી ત્યારે તેમણે શ્લોક કહ્યો કે-

''महीवीढह सचराचरह जिण सिरी दिन्हा पाय ।

तसु अत्थमणु दिणेसरह होउत होहि चिराय ।।''

દિવસનાં અધિપતિ કે તે પોતાના ચરણ સજીવ અને નિર્જીવ સહિત પૃથ્વીની સમગ્ર સપાટી પર ધરે છે, તે થોડા સમયમાં જ અસ્ત પામશે.

આ શબ્દો સાથે જ પોતાની જીભ દાંતેથી કચરીને આત્મહત્યા કરી. આમ છતાં ક્રૂર રાજાએ ફરી તેમને મરાવ્યા.

આમ કુમારપાળ પછી ગાદીએ આવનાર અજયપાલ, શ્રી રામચંદ્રનાં કસમયનાં, અપ્રાકૃતિક અને કરુણ મૃત્યુ માટે જવાબદાર ગણાયા છે.

શ્રી હેમચંદ્રાચાર્યનાં પટ્ટશિષ્ય હોવાથી ગુરુ પાસેથી ઉત્કૃષ્ટ જ્ઞાન પ્રાપ્ત કર્યું, પરંતુ હેમચંદ્રાચાર્ય જેવી ખ્યાતિ ન પ્રાપ્ત કરી શક્યા. નહિ તો, એમનો આવો કરુણ અંત આવ્યો ન હોત.

**શ્રી રામચંદ્રની કૃતિઓ**

શ્રી રામચંદ્રનું નામ પ્રબંધશતકર્તા મહાકવિ તરીકે ઉલ્લેખવામાં આવે છે. સો ગ્રંથોના કર્તા મહાકવિ તરીકે રામચંદ્રે પોતે પણ પોતાના ગ્રંથોમાં ઉલ્લેખ કર્યો છે.

(૧) निर्भयभीमव्यायोग – પ્રસ્તાવનામાં –

श्रीमदाचार्यहेमचंद्रस्य प्रबन्धशतकर्तुर्महाकवेरामचंद्रस्य भूयांसः प्रबन्धः।

(૨) कौमुदीमित्राणन्द – પ્રસ્તાવનામાં –

श्रीमदाचार्यहिमचंद्रस्य शिष्येण प्रबन्धशतविधाननिष्णातबुद्धिना नाट्यलक्षणनिर्माणपातावगाढ साहित्यांभोधिना विशीर्ण काव्यनिर्माणतन्द्रेण श्रीमता रामचंद्रेण विरचितं... द्वितीयं रुपकम् ।

'પ્રબંધશત'ને સંજ્ઞાવાચક નામ ગણી એ નામનું પુસ્તક રચનાર એમ માનવા મુનિ શ્રી પુણ્યવિજયજી 'कौमुदीमित्राणन्द'ની પ્રસ્તાવનાથી પ્રેરાયા છે.

પં. લાલચંદ્ર ગાંધી માને છે કે તેમણે કુલ સો પ્રબંધો લખેલા હોવા જોઈએ કે જેમાંનાં ઘણાંખરાં આજે પ્રાપ્ત થતાં નથી. બીજો મત એવો છે કે પ્રબંધશત એ શબ્દ રામચંદ્રે રચેલા પ્રબંધોની સંખ્યાનો વાચક નથી, પરંતુ એ નામનો ગ્રંથ જ તેમણે રચ્યો હોવો જોઈએ. શ્રી જિનવિજયજીએ અલંકાર, કાવ્ય, નાટક વિગેરે વિષયનાં ગ્રંથોની એક પ્રાચીન યાદી પ્રસિદ્ધ કરેલી છે. સો એમ ન લેતા લગભગ સો અથવા સો જેટલા એમ લઈએ તો પ્રશ્નનો ઉકેલ લાવી શકાય. આજ પર્યંત રામચંદ્રનાં લખેલાં ૪૭ સુડતાલીસ ગ્રંથો મેળવી શકાયા છે. એથી વધુ ગ્રંથો હોવાની પણ શક્યતા છે. એટલે પૂરા સો નહિ પણ લગભગ સો ગ્રંથોના રચયિતા તો ગણી જ શકાય.

શ્રી રામચંદ્રે નાટકનાં સર્વ મુખ્ય પ્રકારોમાં પોતાનો હાથ અજમાવ્યો હતો. નાટક, પ્રકરણ, નાટિકા, વ્યાયોગ વિગેરે પ્રકારો તેમણે લખ્યા છે. જૈન તીર્થંકરોની પ્રશસ્તિનાં સ્તોત્રો અને કાવ્યો પણ તેમણે લખ્યા છે. ગંભીર પ્રકારનાં ગ્રંથોમાં નાટ્યદર્પણ અને જિન ન્યાય વિશે 'દ્રવ્યાલંકાર' નામક ગ્રંથો રચ્યા છે. આ બંને ગ્રંથો એમણે શ્રી ગુણચંદ્રનાં સહયોગથી રચ્યાં છે.

શ્રી રામચંદ્ર લિખિત બધાં ગ્રંથો પ્રાપ્ત નથી. જે સુડતાલીસ ગ્રંથો એમણે રચેલાં છે એમાંથી ૧૨ જેટલાં ગ્રંથો પ્રકાશિત થયા નથી.

આ સર્વમાં ૧૧ જુદા જુદા પ્રકારનાં નાટકો, ૨ વૈજ્ઞાનિક ગ્રંથો, ૩ કાવ્યો અને અન્ય તિર્થંકરની પ્રશંસાનાં સ્તોત્રો છે. આટલાં ગ્રંથો જ ગણીએ તો પણ સંસ્કૃત સાહિત્ય માટે રામચંદ્રનો ફાળો ગણનાપાત્ર છે.

મહાકવિ શ્રી રામચંદ્ર માત્ર સાહિત્યશાસ્ત્રમાં જ નહિ, પરંતુ વ્યાકરણ અને નાટ્યશાસ્ત્રમાં પણ પારંગત હતાં. પોતાના 'रघुविलास' નાટકની પ્રસ્તાવનામાં સ્વયં પોતાના માટે 'त्रयीविद्याचण' ઉપાધિનો પ્રયોગ કર્યો છે. ''विद्यात्रयीचणमचुम्बितकाव्यतन्द्रं कस्तं न वेद सुकृती किल रामचंद्रम् ।'' અહીં 'विद्यात्रयी'નો અર્થ વેદ ન કરતાં વ્યાકરણ, ન્યાય અને સાહિત્યવિદ્યા લેવો જોઈએ, કારણ કે જૈન હોવાને કારણે એમણે વેદ શબ્દ વેદશાસ્ત્ર માટે પ્રયોજ્યો હોય તેવું લાગતું નથી. એમના સાહિત્યશાસ્ત્રજ્ઞાતા હોવાનું પ્રમાણ 'નાટ્યદર્પણ' અને 'કૌમુદીમિત્રાનંદ' વિગેરે રચનાઓ છે. તો સાથે સાથે 'द्रव्यालंकार' અને 'सिध्धहेमशब्दानुशासन'ની ઉપર લખેલી ટીકા એમના ક્રમશઃ ન્યાય અને વ્યાકરણશાસ્ત્ર વિષયક નૈપુણ્યનાં પ્રમાણરૂપ છે.

(ક્રમશઃ)

***

૩, વિવેક, વિદ્યા વિનય વિવેક કૉ-ઑપ. હાઉસિંગ સોસાયટી,
૧૮૫, સ્વામી વિવેકાનંદ રોડ, વિલેપારલે, મુંબઈ-૪૦૦ ૦૫૬.

# લત

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

આજથી સાડા છ દાયકા પૂર્વે, રસાયણ શાસ્ત્રના પ્રોફેસર–પ્રિન્સિપાલે મને એક વેધક પ્રશ્ન પૂછ્યો: 'અનામીજી', અત્યાર સુધીમાં તમારા કેટલા કાવ્યસંગ્રહો પ્રગટ થયા?' મેં કહ્યું: 'બે'. સને ૧૯૩૮માં 'કાવ્યસંહિતા' પ્રો. અનંતરાય રાવળ સાહેબની પ્રસ્તાવના સાથે ને સને ૧૯૪૭માં બીજો 'ચક્રવાક' પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની પ્રસ્તાવના સાથે.' મારા એ મિત્રે નિરાશા પ્રગટ કરી અને મને ઉત્તેજિત કરતાં કહ્યું: 'હું તમને એક એવી દવા આપું (ડ્રગ) કે દરરોજ ઓછામાં ઓછી સો પંક્તિઓ અચૂક લખી શકો, પાકી ગેરંટી સાથે, શરત મારીને હું આ કહું છું.' મેં એમને કહ્યું કે, 'પ્રિન્સિપાલ સાહેબ! કાવ્ય સર્જનમાં તમારી દવા (ડ્રગ) કામમાં ન આવે. એમાં તો નવનવોન્મેષ શાલિની, બુદ્ધિપ્રતિભા, અવલોકનશક્તિ, સતત અભ્યાસ, કલ્પનાશક્તિ, અનુભૂતિ વગેરે ગુણોની જરૂર પડે. પ્રેરણાથી કવચિત્ ઈશ્વરદત્ત પંક્તિઓ પણ પ્રાપ્ત થાય.' અમારી આ વાતને માંડ એકાદ દાયકો વીત્યો હશે ને અબૂ સઈદ ઐયૂબની ચોપડી 'કાવ્યમાં આધુનિકતા' મારા વાંચવામાં આવી ને પેલા પ્રિન્સિપાલ સાહેબનું સ્મરણ થયું. પૃ. ૩૫–૩૬ ઉપર તેઓ લખે છે: 'બીજું એક વલણ છે, સુર–રિયાલિઝમનું, જેને આપણે પરાવસ્તુવાદ કહી શકીએ, એનો પ્રભાવ પણ આજના બંગાળી કવિઓ ઉપર પડ્યો છે. એ પ્રભાવ ફ્રાંસના પરાવસ્તુવાદીઓના સાક્ષાત્ પરિચય કરતાં અમેરિકન બિટનિકો મારફતે વધારે પડ્યો છે. એ લોકો બુદ્ધિ તેમજ ચૈતન્યની સીમા વટાવી જઈને **ભાંગ, હશીશ, મેસ્કાલીન, ઈથર વગેરેની મદદથી** અવચેતનના ગહન આદિમ અરણ્યમાં પ્રવેશ કરવાને ઉદ્યત થયા છે; એ લોકો માને છે કે, અરણ્યમાંથી જંગલી હાથીની પેઠે કવિતા દોડતી આવશે, સામે જે આવે તેને ભાંગી–ચૂરી નાખતી–ફક્ત બુદ્ધિ કે નીતિ નહિ, રીતિરૂચિશાલિનતા બધાંને જ તોડીફોડી નાખતી. એ લોકોને એવો વહેમ સુદ્ધાં ન આવ્યો કે, જે બધાની તળિયે છે તેની કિંમત બધાની ઉપર ન હોઈ શકે; એમણે જાણવા છતાં ઇચ્છયું નહિ કે, તુચ્છ જ સુલભ હોય છે. મહતને માટે લાંબી અને કઠોર સાધના કરવી પડે છે. બુદ્ધિને વટાવી જવાની શક્તિ જો કોઈમાં હોય તો તે કોઈ અજાણ્યા રહસ્યલોકનો પત્તો મેળવી પણ શકે, પરન્તુ બુદ્ધિને અને બુદ્ધિજન્ય વિનય (ડિસિપ્લિન)ને ટાળવાથી જે મળશે તે કવિતા નહિ હોય, કાકલી, ઓટોમેટિક રાઈટિંગ હશે–રોગીના રોગનો નિર્ણય કરવાના સાધન તરીકે તેની કિંમત હોઈ શકે, રસવિચારમાં એને સ્થાન નથી.'

મોટા ભાગના બાવાઓ ને ખાસ કરીને નાગાબાવાઓ ચલમમાં ગાંજો ભરીને 'દમ મારો દમ, ખૂલ જાયે ગમ'ને ધર્મને નામે, ભગવાન શિવને નામે પોતાની લતને પોષતા હોય છે! 'ધરતીની આરતી' પુસ્તકમાં 'મારા પિતરાઇઓ' (પૃ. ૪૧૭–૪૬૨) નામના લેખમાં સ્વામી આનંદે આવા એક નમૂનાનો જાત–અનુભવ વર્ણવ્યો છે:- 'એક સાંજે એક નાગાની મેં ધૂણી જલાવી આપી. પેલો કહે: 'ચલમ (ગાંજાની) ભર.'

'ના જી, એ નહિ કરું, બીજું કંઈ કામ હોય તો કહો.'

'ક્યોં નહિ ભરતા?'

'ગાંજા પીના ગંદી ચીજ હૈં.' પેલાનો પિત્તો ફાટ્યો. 'સાલે સુસરે! શિવજી બમભોલેકી ચીજ કો તૂં ગંદી કહતાં હૈં.'

'હાં.'

'તું આરિયા (આર્યસમાજી) હૈ?'

'વૈસા હી સમઝો.'

પેલો મારાથી આઠેક ફૂટ દૂર બેઠેલો, એણે એના હાથમાંથી વેંત લાંબી ચલમ મારું કપાળ નોંધીને છૂટ્ટી લગાવી. સીધી આવીને કપાળને ઉપરવાડે ચોંટી, અરધા ઈંચનો જખમ, લોહીથી વાળ ભીના થયા, ટપકવા લાગ્યું.

'ઔર ભી માર સકતે હો. ફિર ભી કહૂંગા, ગાંજા પીના ગંદી આદત હૈં.'

ગાંજો અફીણ પીનારા–ખાનારાઓની કેટલીય કરુણ કથનીઓ હું જાણતો હોઉં છું પણ શિવરાત્રિએ ભાંગ પીને હસનીય વર્તન કરનારા મારા બે મિત્રોની કથા જાણવા જેવી છે. પહેલા મિત્ર વકીલ છે–વડોદરાના. શિવરાત્રિએ શહેરમાં આવેલી એમની એક કલબમાં ઠીક ઠીક ભાંગ પીધી. થોડાક સમય પછી રીક્ષામાં એમના અલકાપુરીમાં આવેલા બંગલે જવા નીકળ્યા. રેલ્વે સ્ટેશન આવ્યું એટલે પેલા રીક્ષાવાળાને કહે: 'રીક્ષા પાછી લઈ લે–ન્યાયમંદિર તરફ.' રીક્ષાવાળાએ પૂછ્યું: 'કેમ સાહેબ! કૈંક ભૂલી ગયા છો?' તો કહે: 'હા, મારો ડાબો હાથ ત્યાં રહી ગયો છે તે લઈ આવું.'

બીજા મિત્ર, મુંબઈની એક મેડિકલ કૉલેજમાં પેથોલોજીના હેડ. શિવરાત્રિએ ઠીક ઠીક ભાંગ પીધી...ઘરે આવ્યા, હીંચકે બેઠા...સામે ખુરસીમાં એમનાં શ્રીમતી કમલાદેવી બેઠેલાં. ભાંગની અસરમાં પૂછે છે 'બોલ કમલી !' આ હીંચકો મને ચલાવે છે કે હું હીંચકાને ચલાવું છું?' વિદૂષી પત્નીએ જવાબ આપ્યો: 'તમને ને આ હીંચકાને, થોડાં સમય પહેલાં જે ચીજનું પાન કર્યું, તે ચલાવે છે.' ભાંગ ગાંજો, અફીણની પણ 'પેથોલોજી' જાણવી જરૂરી. અફીણના ગુણ–દોષ જાણવા માટે ને પોયેટીક પ્રોઝ માણવા માટે, ડી ક્વીન્સીનું 'Confessions of an opioum-eater' પણ વાંચવા જેવું. એમાં એક અફીણીની નિખાલસ કેફિયત જાણવા મળે છે. મેં એ જોયું છે કે જેને ભાંગની ઝાઝી અસર થાય છે તે નિષ્કારણ (!) હસ્યા જ કરે છે, એમનો આહાર બમણો થઈ જાય છે ને

ભાંગની અસર નીચે એમને એક જ વસ્તુ બે સ્વરૂપે દેખાય છે. મારા કેટલાક મિત્રોના એકરાર પછી આ લખું છું.

વર્ષો પહેલાં કહેવાતું કે ગુજરાતી રંગભૂમિનો એક પ્રથમ કક્ષાનો અભિનેતા પીને આવે તો જ અભિનયનો રંગ જમાવતો... નામ મોહન લાલા(!) પીધા વિના આવે તો અભિનયમાં રંગત આવતી નહીં. આવી જ વાત, સૂરસમ્રાટ કુંદનલાલ સેહગલની બાબતમાં પણ પ્રચલિત હતી. એની દૃઢ માન્યતા હતી કે જ્યારે એ પીને ગીતનું રેકોર્ડિંગ કરાવે છે ત્યારે ઉત્તમ કક્ષાનું પરિણામ આવે છે. એના આ ભ્રમના નિરસન માટે એક જ ગીત પીધા વિના ને પીધા પછી ગવડાવ્યું તો અન્વય-વ્યતિરેક ન્યાયે સિદ્ધ થયું કે બે Recording માં ખાસ કશો જ ફેર નહોતો...પણ સારા કલાકારો પણ એકવાર ભ્રમમાં ફસાઈ જાય છે પછી એ લતમાંથી મુક્તિ પામી શકતા નથી. એ લત-લગની કુટેવ બની જાય છે.

સને ૧૯૩૭ના સપ્ટેમ્બરથી સને ૧૯૩૮ના જૂન સુધી હું અમદાવાદના દૈનિક 'ગુજરાત સમાચાર' અને અઠવાડિક 'પ્રજાબંધુ'માં નોકરી કરતો હતો. તે વખતે 'પ્રજાબંધુ'ના તંત્રી શ્રી ચુનીલાલ વર્ધમાન ર. શાહ ('સાહિત્ય-પ્રિય'), 'જીગર અને અમી'ના લેખક હતા ને 'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રી ઈન્દ્રવદન બલવંતરાય ઠાકોર હતા. તંત્રી મંડળના અન્ય કર્મચારીઓમાં શ્રી ગુણવંતરાય આચાર્ય, શ્રી યશવંત શુકલ, શ્રી ભોગીલાલ સાંડેસરા, શ્રી કપિલભાઈ દવે ને પ્રભાતકુમાર ગોસ્વામી વગેરે હતા. આ બધામાં વધુ લખનાર હતા શ્રી ગુણવંતરાય આચાર્ય...મુખ્યત્વે એ ધારાવાહી નવલકથાઓ, 'હું, બાવા ને મંગળદાસ' નામની કોલમ ને અંગ્રેજી નવલકથાઓના અનુવાદ કરતા. ચા, સિગરેટ ને પાનના એ વ્યસની હતા. સતત લખવા માટે એ લત અનિવાર્ય હશે? શ્રી યશવંતભાઈ શુક્લ પણ પ્રમાણમાં ચા વધુ પીતા. એથી એમની કાર્યક્ષમતામાં વૃદ્ધિ થતી હશે? કેટલાક 'ચેઈન-સ્મોકર' લેખકોને પણ હું જાણું છું. પીનારા 'પિયાકો'ને પણ જાણું છું. એક પ્રકારના વહેમમાં, ભ્રમમાં એ લોકો, ઝલાઈ ગયા હોય છે કે થોડોક ચઢાવવાથી એમને લખવાનું 'શૂરાતન ચઢે છે', કલ્પના ઉત્તેજિત થાય છે ને નવીન પ્રેરણા મળે છે!

અમારી સોસાયટી નજીક આવેલી એક ચાલીમાં મોટેભાગે દક્ષિણી કુટુંબો રહે છે. મોટા ભાગની બહેનો નજીકની સોસાયટીઓમાં કચરા-પોતાનું, કપડાં ધોવાનું ને વાસણો માંજવાનું કામ કરતી હોય છે. કેટલીક યુવાન બહેનો અને પ્રૌઢાઓ વધુ કમાણીની લાલચે શક્તિના પ્રમાણમાં વધુ કામ બાંધતી હોય છે. થાકી ન જવાય ને કામ કરવામાં ઉત્તેજના મળે તે આશયથી તેઓ ગુટકાનું સેવન કરતી હોય છે. વર્ષોથી હું આ જોતો આવ્યો છું. કેટલીક તમાકુનું સેવન કરતી હોય છે. મોટા ભાગના એમના પતિઓને દારૂનું વ્યસન હોય છે. પત્નીની કમાણી એ પીવામાં વેડફી નાખતા હોય છે. અનેક બહેનોની આપવીતી સાંભળ્યા બાદ આ લખું છું. એમાં અલ્પોક્તિ હશે, અતિશયોક્તિ રજ માત્ર નહીં. વ્યસનોની લતના એ ગુલામ છે. લેખકોમાં પણ, દરરોજ તમાકુવાળાં દશબાર પાન ખાનારા છે. કેટલીક ચાની હોટેલવાળા, ચામાં એવું કેફી દ્રવ્ય નાખે છે કે એકવાર એમની ચા પીધા પછી સદાયના તમો એના બંધાણી-ગ્રાહક! રૂપિયા સોથી બસો ખર્ચીને 'હુક્કા-પાર્લરોમાં' દમ મારનારા કોલેજિયનો ઓછા નથી.' અને પચાસ કે સો રૂપિયાનું એક પાન ખાનારા પણ મેં જોયા છે. મારા એક ઉદ્યોગપતિ મિત્રે મને એકવાર કહ્યું: 'કાકા! મારી સાથે ચાલો, તમને હું રૂા. ૧૨૦૦ની એક પ્લેટ જમાડું.' મેં કહ્યું: 'તમારી બારસોની એક પ્લેટ તો મારે એક મહિનો ચાલે.'

મારા એક અધ્યાપક-મિત્રની સાથે હું 'ડ્રગ્સ'ની લતની વાત કરતો હતો ત્યારે તેમણે દલીલમાં કહ્યું: 'દેવો પણ એ લતમાંથી ક્યાં બાકાત હતા? યજ્ઞોમાં સોમરસની બલિહારી હતી. દેવોને સોમરસ પ્રિય હતો ને એમાંયે ઈન્દ્રને તો ખાસ. ઋષિઓ સોમરસને 'રાજા' કહેતા. સોમવલ્લરી એક જાતની વનસ્પતિ હતી. સોમરસ-પાનથી ઉત્સાહ ને સ્ફૂર્તિ આવતાં હશે એવી હું કલ્પના કરું છું. પણ એ ભાંગ, તમાકુ, હશીશ, મેસ્કાલીન, ઈથર જેવાં માદક ને આરોગ્યને હાનિકર્તા નહીં હોય.' ચંદ્રનો એક પર્યાય 'સોમ' છે એમાં કોઈ ગુણ-સાહચર્ય હશે?

કેફી દ્રવ્યોનું વ્યસન કેટલાંકને મન વ્યસન નથી પણ 'અલ્ટ્રામોર્ડન' ગણાવાનો ટ્રેડમાર્ક છે! મારા એક ડૉક્ટર-મિત્ર એમની દીકરીના વિવાહ અર્થે મુંબઈ ગયા. આવીને મને કહે: 'અનામીજી! મુંબઈવાળા સાવ ઉધારિયા નીકળ્યા...ન, પાયો કે ન પીધો.' કેટલીક કોમોમાં તો મંગલ પ્રસંગે 'કસુંબા'નો રીવાજ જ છે. તા. ૩-૧૧-૨૦૦૭ના શનિવારના 'ગુજરાત સમાચાર'માં પૃ. ૨૨ પર સમાચાર છે.

'જોધપુર, તા. ૨-૧૧-૦૭ (પી. ટી. આઈ.). 'જોધપુરની એન.ડી.પી.એસ. કોર્ટમાં ભૂતપૂર્વ વિદેશપ્રધાન જસવંતસિંહ સામે પાર્ટીમાં મહેમાનોને અફીણ આપવાના કેસમાં અરજી દાખલ કરવામાં આવી હતી...એક સમાચાર ચેનલે ગઈકાલે પૂર્વ વિદેશ પ્રધાન જશવંતસિંહની પાર્ટીમાં આવેલા મહેમાનોને અફીણ ઓફર કરતા દર્શાવવાને પગલે ભારે વિવાદ છેડાયો હતો. જશવંતસિંહ ઉપરાંત બીજા નવ જણ સામે કેસ કરવામાં આવ્યો છે. વિશ્વના કેટલાય રમતવીરો કોકેઇન કે એવા માદક દ્રવ્યોનું સેવન કરતાં પકડાયા છે. અને આપણી લોકશાહીની ચૂંટણીઓમાં નોટોની સાથે દારૂની પોટલીઓની લ્હાણી ક્યાં થતી નથી?

૭૫ થી ૯૦ના મારા કેટલાક 'ડ્રગ-એડીક્ટ' મિત્રોને મેં સહજ ભાવે પૂછ્યું કે તમને આ લત ક્યાંથી લાગી? તો નિખાલસભાવે કોઈકે કહ્યું: 'પત્નીના અવસાન બાદ જીવનમાં કશો રસ રહ્યો નથી.' બીજાએ કહ્યું: 'મારી હેડીના સર્વ મિત્રો પ્રભુને પ્યારા થઈ ગયા...જીવનમાં એકલતા સિવાય શેષ રહ્યું પણ શું? એ એકલતા

જીરવાતી નથી!' કેટલાક શારીરિક અપંગતાને કારણે વર્ષોથી પથારીવશ છે. કેટલાકે સાવ સ્મૃતિ ગુમાવી છે...સ્વજનોને પણ ઓળખી શકતા નથી. કેટલાક આ એકવીસમી સદીનાં વરવાં ટેન્શનથી વાજ આવી ગયા છે. કેટલાકને પરાધીન જીવન ગુલામી જેવું લાગે છે. જરસાવિહીન વૃદ્ધત્વ વિરલ બનતું જાય છે...પોતાને, કુટુંબને ને સમાજને ભારરૂપ જીવન જીવવાનો શો અર્થ ? કેટલાક કૃતકાર્ય જીવોને કૃતાર્થતા લાગતાં 'ઇતિ અલમ્'નો વિચાર આવે છે.

સ્વામી આનંદે શેઠ મોરારજી ગોકુળદાસનાં ત્રીજીવારનાં છેલ્લાં ધણિયાણી 'ધનીમા'નું અદ્ભુત રેખાચિત્ર દોર્યું છે. ન્હાની વયે દેવ થયાં પણ દીર્ઘજીવનથી એટલાં બધાં વાજ આવી ગયેલાં કે અંતિમ દિવસોમાં જ્યારે સ્વામી આનંદ ધનીમાને મળ્યા ત્યારે સ્વામી આનંદને વિનંતી કરતાં કહે છેઃ 'ભાણા! તું આટઆટલાં વરસ હિમાલયમાં રિયો, તપતીરથ કર્યાં, ભગવાનને ઘરે તારો કંઈ વગવસીલો નઈ? વગવકીલાત ફાવે તે કર, પણ ભલો થઇને મને છોડાવ. જોને, ગાંધીજીયે વયા ગયા.' અંતમાં સ્વામી લખે છેઃ 'વૃદ્ધાવસ્થામાં સ્મૃતિલોપ ન થાય એ પણ મોટો શાપ છે.' તો શું ક્ષણિક સ્મૃતિલોપ વહોરી, વાસ્તવિક દુઃખોમાંથી હંગામી મુક્તિ મેળવવા માટે આ 'ડ્રગ-એડીકટો'ના ધમપછાડા છે? વાસ્તવિક દુઃખ કરતાં એની દવા કેટલીકવાર વધુ દુઃખદ ને ભયંકર હોય છે.' અનેક ટેન્શનોથી પીડાતા દીર્ઘાયુષી સંસારીઓની દશા તો દયનીય છે જ પણ જેમને આજીવન 'બે રોટી ને એકાદ લંગોટી'થી ચાલ્યું એવા સ્વામી આનંદ 'મારી કેફિયત'માં એકરાર કરે છેઃ 'વરસો વાટ જોઈ. અસંખ્ય સ્વજનો, મિત્રો, જિવલગ સાથીઓને વિદાય કર્યાં. જિંદગી વસમી થઈ ગઈ. દુનિયાનો ઑદ્ધાર કરવાના લહાવા ઑરિયા બધા વીત્યા. બિસ્તર બાંધી, ટિકિટ કપાવી વરસોથી પ્લાટફારમ પર બેસી રહ્યો છું, પણ મારી ગાડી જ કમબખ્ત આવતી નથી.' આ લખ્યું તા. ૩૦-૧-૧૯૬૭માં ને 'કમબખત ગાડી આવી સને ૧૯૭૬માં!...ખાસ્સાં ૮૯મા વર્ષે. સ્વામીથી પાંચ વર્ષ મોટાં ધનીમાની વેદના સમજી શકાય તેમ છે. આજે ૯૨મા વર્ષે હું, પણ એવી જ મનોદશામાં જીવી રહ્યો છું. કોઈ પણ પ્રકારની 'ક્રિયેટીવીટી' વિનાનું બેકાર જીવન બોજારૂપ જ લાગે.

ટેવ, વ્યસન ઉપરાંત લતનો બીજો એક અર્થ 'લગની' પણ થાય છે. કોઈ પણ કલાસાધના માટે રતિ, પ્રેમ, ધગશ, નિષ્ઠા, લગાવ હોવા તેને પણ લગની કહે છે. ભક્તિની બાબતમાં મીરાંએ લગનીના અર્થને અનુરૂપ 'લટક' શબ્દ, પ્રયોગ કર્યો છે. દા.ત.: 'મોરી લાગી લટક ગુરુચરનકી...ને અંતે ગાય છે 'ઉલટ ભઈ મોરે નયનકી.' 'લટક'ને 'ઉલટ'નો અર્થ-સંસ્કાર કેટલો બધો સમૃદ્ધ છે! 'લગન' કે 'લગની'ની અર્થ-સંપદાને સચોટ અભિવ્યક્ત કરતો.

લત, વ્યસનની બાબતમાં મારી સમજ તો એવી છે કે કેટલીક કલાઓમાં અમુક ડ્રગનું સેવન હંગામી ઉત્તેજના પૂરી પાડીને કામચલાઉ સફળતા ભલે પ્રાપ્ત કરે પણ કાળપ્રભુની કસોટીમાં, કોઈપણ ધોરણે ઉણી ન ઉતરે એવી કલાકૃતિઓ માટે તો કાં તો જન્મજાત શક્તિ-પ્રતિભા કે તપ-સાધના-સમાધિની અનિવાર્યતા રહેવાની. પરાવસ્તુવાદીઓની રીતિનીતિ કે સૂઝ-સમજ લેખે લાગવાની નહીં. ✱✱✱

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૭.

# કૃષ્ણગીતા

❑ ડૉ. કવિન શાહ

યોગનિષ્ઠ આ. બુદ્ધિસાગરસૂરિએ વિવિધ પ્રકારની કાવ્ય રચનાઓ દ્વારા અર્વાચીન જૈન સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. પૂ. શ્રીએ સંસ્કૃતમાં ગીતા કાવ્યોની રચના કરી છે, તેમાં કૃષ્ણ ગીતાની રચના જૈન તત્ત્વજ્ઞાનના સંદર્ભમાં સર્વ સાધારણ જનતાને આસ્વાદ કરવાની ક્ષમતા ધરાવે છે. પૂ. મનોહર કીર્તિસાગરસૂરિએ આ ગીતાનો ભાવાનુવાદ પ્રગટ કરીને ગીતાના તત્ત્વજ્ઞાનને આત્મસાત્ કરવા માટે પ્રશસ્ય પુરુષાર્થ કર્યો છે.

કૃષ્ણગીતા નામ પરથી શ્રી કૃષ્ણના જીવનનો વિષય હશે એમ સમજાય છે પણ કવિએ તેનું સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું છે કે વાસુદેવ કૃષ્ણને મેં કહેલી ગીતા સત્ય છે એટલે કૃષ્ણને પ્રતિબોધ પમાડવા માટે ગીતાની રચના કરી છે. મૂળભૂત રીતે તો પ્રસંગ એવો છે કે શ્રી નેમિનાથ ભગવાન એકવાર વિહાર કરીને દ્વારિકા નગરીમાં પધાર્યા હતા ત્યારે શ્રીકૃષ્ણ પરિવાર અને નગરજનો સાથે પ્રભુને વાંદવા ગયા હતા. ત્યારે નેમિનાથ પ્રભુએ ઉપદેશ-જિનવાણી-દેશના આપી હતી. તે ઉપરથી પૂ.શ્રીએ કૃષ્ણગીતાની રચના કરી છે. અહીં કૃષ્ણને પ્રતિબોધ પમાડવાના હેતુથી જિનવાણીના સારરૂપે વિચારો પ્રગટ થયા છે.

પૂ.શ્રીએ સરળ સંસ્કૃત ભાષાના અનુષ્ટુપ છંદમાં ૩૩૧ શ્લોક પ્રમાણ ગીતાની રચના કરી છે અને તે ભાવાનુવાદ સાથે ગુર્જર ભાષામાં પ્રગટ થઈ છે. ગીતા એટલે કેવળ જ્ઞાન અને કેવળ દર્શનવાળા સર્વજ્ઞ પરમાત્માની દિવ્ય વાણીનો સંચય. આત્મા પરમાત્મા બને તે માટેનો રાજમાર્ગ. પૂ. શ્રી જણાવે છે કે કૃષ્ણગીતા માત્ર કૃષ્ણને પ્રતિબોધ પમાડવા માટે નથી પણ વિશ્વના સંર્વાત્મા સંસાર સાગરથી પાર પામે તેવા ઉદાત્ત હેતુથી રચાઈ છે.

નેમિનાથ ભગવાન દ્વારિકા નગરીમાં પધાર્યા હતા ત્યારે ત્યાં પશુઓની હિંસા અને યજ્ઞ દ્વારા હિંસાનું વાતાવરણ ફેલાયું હતું

ત્યારે કૃષ્ણને શિક્ષા-શિખામણ રૂપે પ્રભુએ અહિંસા પરમો ધર્મનું સ્વરૂપ સમજાવ્યું હતું.

આ ગીતામાં જૈન ધર્મની અહિંસા, કર્મવાદ, આત્મતત્ત્વ મુક્તિ, વ્યવહાર જીવન શુદ્ધિ, પ્રભુ પ્રાપ્તિ, સુખ-દુઃખનું કારણ, જ્ઞાન-દર્શન-ચારિત્ર, મોહનીય કર્મની પ્રબળતા, સાચું સુખ, જૈન ધર્મનું સ્વરૂપ અને મહિમા, જિનવાણીનો મહિમા, પંચ પરમેષ્ઠીનું આલંબન-જાપ અને ધ્યાન, સમતાનું મહત્ત્વ અને માધ્યસ્થ ભાવનાની કેળવણી, યોગ સાધના, જૈન ધર્મ અને વિશ્વના ધર્મો, જૈન સંઘ, ધર્મ રક્ષા વગેરે વિષયોને કેન્દ્રમાં રાખીને વિચારો પ્રગટ કર્યા છે.

અત્રે કૃષ્ણગીતાના કેટલાક વિચારોનો પરિચય આપવામાં આવ્યો છે.

જૈન ધર્મ તો અહિંસાનો પ્રભાવ પાથરનારો ધર્મ છે. તેની અહિંસા માત્ર શબ્દલીલા નથી પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવોના રક્ષણને સ્પર્શે છે. વિશ્વમાં આ પ્રકારની અહિંસાની ભાવના જૈન ધર્મ સિવાય અન્યત્ર નથી. જૈનો જગતના કલ્યાણ માટે રચ્યાપચ્યા રહે છે. શરીરથી જન્મથી જૈન નહિ પણ જૈનત્ત્વના ગુણોથી સાચા જૈન બનાય છે. ધાર્મિક સહિષ્ણુતા જરૂરી છે. જીવન લક્ષ્યશૂન્ય હોય તો તેનો કોઈ અર્થ નથી. કર્મ વિશે કવિ જણાવે છે કે કર્મ કરવામાં વિવેકબુદ્ધિ જરૂરી છે. આસક્તિ રહિત કર્મ કરવા જોઈએ. સંપત્તિ-વિપત્તિ કર્માધિન છે. તેમાં સમભાવ રાખવો જોઈએ. આઠ કર્મમાં મોહનીય કર્મ પ્રબળ છે તેને વશ કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ. જગત મોહ માયાથી વ્યાપ્ત છે. મોહનું ધુમ્મસ ગાઢ અંધકાર-અજ્ઞાનતા છે. તેથી સત્ય પ્રાપ્ત થતું નથી. ધર્મનું રહસ્ય સમજાવતાં કવિ જણાવે છે કે-

स्वधर्मः श्रेयसेनृणां स्वाधिकारेण संमतः

સ્વધર્મ મનુષ્યોને માટે શ્રેયસ્કર છે. સ્વધર્મ એટલે આત્મધર્મ. આત્મ સ્વરૂપની પ્રાપ્તિ માટેનો ધર્મ સમજવો. આત્મધર્મનો સાધક આધ્યાત્મિક બળના પ્રભાવથી ગમે તેવી પરિસ્થિતિમાં સ્વસ્થ રહે છે. જૈન ધર્મ વિશે કવિ જણાવે છે કે તે એક વિશિષ્ટ ધર્મ છે. વિશ્વ ધર્મ છે. તેમાં જીવદયા અને જગતના જીવોના કલ્યાણના ઉદાત્ત વિચારોનો સમાવેશ થયો છે.

गुणकर्मानुसारेण वर्ण कर्म व्यवस्थिताः।

जैनाः परां गतिं यान्ति अरिष्ट नेमि सेविका ।। १८४ ।।

જૈનો નેમિનાથ ભગવાનના સેવકો છે. તેઓ ગુણ અને કર્મમાં વ્યવસ્થિત છે. ઉત્તમ ગુણો અને ઉત્તમ કર્મને કારણે શુભગતિને પામે છે. નેમિનાથ ભગવાન વિશે માહિતી આપતાં કવિ જણાવે છે કે-

अरिष्ट नेमिनाथेन केवलज्ञान धारिण ।

प्रकाशो जैन धर्मस्य कृतत्तीर्थकृता सुभगः ।। १८६ ।।

તીર્થંકર અરિષ્ટનેમિ ભગવાન કેવળજ્ઞાનધારી જૈન ધર્મનો પ્રકાશ કરનારા છે. જૈન ધર્મ અનંત છે. ગઈ કાલે હતો આજે છે અને આવતી કાલે પણ હશે. જૈન ધર્મ અનંત કાળ સુધી રહેશે.

आगम निगम व्याप्तो जैन घर्मः सनातनः ।

જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન હિમાલયથી પણ ઊંચું અને સાગરના પેટાળથી પણ ગહન છે.

જગતના જીવો પ્રવૃત્તિ કરે છે પણ ધર્માનુસાર આત્મોન્નતિની પ્રવૃત્તિ જ યથાર્થ છે. મનુષ્ય જન્મમાં પ્રભુ પ્રાપ્તિ કરવી, આત્મ સિદ્ધિ કરવી એ જ પ્રવૃત્તિ મહત્ત્વની છે. સાચું સુખ શાશ્વત છે. આત્મા-પરમાત્મા બને તેમાં છે એટલે પરમ પંથની સાધના એ માનવનું લક્ષ હોવું જોઈએ. આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણનો વિકાસ થાય તો મુક્તિ મળે છે. જ્ઞાનનું મહત્ત્વ સમજીને જૈન ધર્મમાં સંઘની મહત્તા દર્શાવતાં કવિ જણાવ છે કે-

चतुर्विध महासंघ तीर्थस्थ पूर्ण रागतः ।

दर्शनं वन्यनं कार्यं वैयावृत्यं च सर्वदा ।। २१८ ।।

ચતુર્વિધ સંઘ તીર્થ સમાન છે તેનું દર્શન, વંદન અને ભક્તિ કરવી જોઈએ. ધર્મના રક્ષણ માટે ત્યાગની ભાવના જોઈએ.

जैनानां जैन धर्मस्य रक्षायै च प्रवृघ्य ।

देहवित्तादि सर्वस्य त्यागः कार्यो विवेकतः ।। २२२ ।।

બાળકો કર્મયોગી બને તે માટે શૈશવથી જ સંસ્કારો આપવા જોઈએ. ભાવથી લીન બનીને કર્મ કરવાથી ઈષ્ટફળ મળે છે. ચાર પ્રકારના ધર્મમાં ભાવધર્મ મુખ્ય છે. અહંકારનો ત્યાગ કરવો જોઈએ અને દુષ્ટ વચન બોલવું જોઈએ નહિ. ગુણગ્રાહી દૃષ્ટિ કેળવીને આત્મ વિકાસ કરવો જોઈએ. કળિકાળમાં મહાવીરની ઉપાસનાથી સદ્ગતિ થાય છે. નવકાર મંત્રનો ભાવથી જાપ કરવો જોઈએ. આ જપ અને તપ યજ્ઞ શ્રેષ્ઠ છે. જીવોની સત્વ-રજસ્-તમસ્ પ્રકૃતિ છે તેમાં ગીતાનાં વચનો સ્વીકારીને સત્વ પ્રકૃતિનો વિકાસ કરવો જોઇએ.

ગીતાને અંતે કવિના શબ્દો છે.

पठन्ति कृष्ण गीता ये श्रृणवन्ति पाठयन्ति च ।

स्वर्ग मुक्ति च ते यान्ति लभन्ते सर्व मंगलम् ।।

કૃષ્ણગીતા ભણવાથી, અન્યને સંભળાવવાથી જીવો સ્વર્ગ અને મુક્તિના સુખને પામે છે તથા સર્વ પ્રકારના મંગલને પ્રાપ્ત કરે છે.

જીવનના ઊર્ધ્વગમન માટે દિવ્યવાણી રૂપ શબ્દો જોઈએ તો-

सतां सेवा सदा कार्या शुद्धाऽऽत्मध्यानयोगिनाम् ।

तिरस्कारो न कर्तव्य, सतां मोहस्य चेष्टि तैः ।। २८५ ।।

શુદ્ધ ધ્યાન વાળા યોગીઓ અને સત્પુરુષોનો સત્સંગ કરવો. તેઓની સેવા કરવી. મોહયુક્ત ચેષ્ટાઓથી તિરસ્કાર કરવો નહિ. ગુરુકૃપા ફળે અને આત્મવિકાસ થાય. ✱✱✱

સી-૧૦૩, જીવનજ્યોત એપાર્ટમેન્ટ, નરીમાન પોઈન્ટ, બીલીમોરા

# ઝેન : બૌદ્ધ ધર્મની સાંસ્કૃતિક નીપજ

❑ પ. પૂ. મુનિ શ્રી વાત્સલ્યદીપ

### ઝેન

ઝેન એટલે કંઈપણ પરિપૂર્ણ રીતે કરવું. ભૂલો કરવી, પરાજય પામવો, અવઢવમાં પડવું–કંઈપણ, તે પરિપૂર્ણ કરવું અથવા તો અધૂરું કે ખામીયુક્ત કરવું તો પણ પરિપૂર્ણ રીતે એટલે સંવાદી રીતે કરવું. કાર્યના બધા અંગોનો સુમેળ સાધીને એવી રીતે કાર્ય કરવું કે જેથી કામનો હેતુ સિદ્ધ થાય. પણ તેમાં અહંકાર ન હોવો જોઈએ. આપણું દુઃખ એ વિશ્વનું દુઃખ છે, આપણો આનંદ જગતનો આનંદ છે. આપણી નિષ્ફળતા કે ખોટા નિર્ણયો પ્રકૃતિના છે, જે પ્રકૃતિ કદી આશા–નિરાશા અનુભવતી નથી પણ નિરંતર પ્રયત્નશીલ છે.

ઝેનમાં કોઈ જ જડ સિદ્ધાંતો નથી, કર્મકાંડ નથી, પુરાણ-કથાઓ નથી, દેવળ નથી, પુરોહિત નથી, ધર્મગ્રંથો નથી, ઝેન કોઈક ભીતર સાથે જોડાવાની પ્રક્રિયા છે.

આપણાં બધા જ ઊંડામાં ઊંડા અનુભવો એક સમાન, મૂળભૂત તત્ત્વ કે સ્વાદ ધરાવે છે. આ ઝેનની એકતા છે. જોકે ઝેનમાં બહુવિધતા, અતિ અલગારીપણું વગેરે બહુત્વમૂલક તત્ત્વો પણ છે જ : ઝેનમાં વિવિધતામાં એકતાનું તત્ત્વ છે. આમ, ઝેન એટલે, આપણાં જીવન–મૂળ–માં રહેલી એકતાનું ઊંડાણ. પણ તફાવતનો અનુભવ પણ એટલો જ ઊંડો છે. કેમકે; વસ્તુને અસ્તિત્વ તરીકે સમજાવવા માટે જુદાપણાની જરૂર છે જ. પણ જો માત્ર જુદી જ વસ્તુ હોય તો તે ફક્ત હસ્તી ધરાવી ન શકે.

ઝેન એટલે માપદંડ, સુરુચી, રસ. જેમાં આપણને રસ પડે તે રસપ્રદ છે, આ વાત ખ્યાલ ઝેન કરાવે છે.

ઝેન કોઈ સમજી કે સમજાવી શકે નહિ. આમ તો, ઝેન વિષે પુસ્તકો લખવા તે ઉદ્ધતાઈ છે. વસ્તુતઃ ઝેન પોતે જ એક પ્રકારની ઉદ્ધતાઈ છે. બીજી રીતે ઝેન એ વિનયનો સાર છે. પ્રકૃતિનો વિનય. આપણે તેને અસ્તિત્વ સાથે જોડવાનો છે.

ઝેન દરેક માનવ હૃદયમાંથી સહજ નીપજે છે. એ કોઈ વ્યક્તિવિશેષ કે વર્ગવિશેષનું ખાસ દર્શન નથી.

### ઝેન વિચાર

ઈસ્વીસનના છઠ્ઠા શતકમાં ભારતમાંથી બોધિધર્મ 'ઝેન' વિચારને ચીનમાં લઈ ગયા હતા. એમનાં ચાર સૂત્રો આ પ્રમાણે છે–

**૧. શબ્દો/અક્ષરો પર અવલંબન નહિ.**

શબ્દ વિલક્ષણ માધ્યમ છે, કેમ કે; કાવ્ય કે બીજા પ્રકારના વિચાર વિનિમયનું શબ્દ એ વાહન છે. એ પદાર્થનો અંધકાર મૌન છે. પણ, એ જ શબ્દનો કાવ્યાર્થ એ પ્રકાશ તથા સ્વર છે.

**૨. ગ્રંથો/શાસ્ત્રોથી બહાર/અલગ ઝેન એક વિશિષ્ટ ઉપદેશ પરંપરા છે.**

ઝેન દર્શન ભિખ્ખુથી ભિખ્ખુ મારફત જળવાતી પરંપરા છે.

**૩. ઝેનમાં માનવીના આત્માનો સીધો નિર્દેશ થાય છે.**

આંગળી વિના નિર્દેશ થાય? માધ્યમ વિના કળા સંભવે? પણ ઘણીવાર મૌન ખૂબ જ જોરથી બોલતું હોય છે.

**૪. માનવીના પોતાના સ્વભાવમાં ડોકિયું અને બુદ્ધિપણાની પ્રાપ્તિ એ ઝેનના ધ્યેયો છે.**

બુદ્ધપણું એટલે? માનવપણું, વિશ્વમાનવપણું, જાતિરહિત માનવપણું? ના. બાળકપણું, પશુપણું, ફૂલપણું, પત્થરપણું, શબ્દપણું, વિચારપણું, સ્થળપણું અને સમયપણું–આ બધા પણા એ ઝેનનો હેતુ છેઃ

**ચામડી જૂઓ તો સ્ત્રી ને પુરૂષ સાવ જૂદાં,**
**પણ હાડકાં જૂઓ તો બન્ને માણસ!**

### પ્રાચીન પરંપરા

ઝેન વિચારે, ઐતિહાસિક રૂપમાં, એટલે લગભગ અઢી હજાર વર્ષ પરંપરા જાળવી છે, જે વિરોધાભાસની પરંપરા છે. અને તે મૂળભૂત ભારતમાં અને પછી ચીનમાં અને પછી સર્વત્ર ઉત્ક્રાંત થઈ છે. પણ દર્શન એટલે કે વિચાર તરીકે ઝેન એ અવિભાજિત મન/શરીરની સહજ સ્ફૂર્તિ, વ્યક્તિગત રીતે સર્જાયેલી સમયાતીત પણ સમયમાં થતી ચેતના છે. ઝેન એ ચેતના છે.

ઝેન ધર્મ નથી, ધર્મ છે. ઝેન મૂલ્ય નથી, મૂલ્ય છે. ઘણીવાર ઝેનને બદલે કોઈક મૂલ્યની વાતો થતી હોય છે. પણ સંપૂર્ણ ઝેન તો માનવીના જીવનને સોંસરું વીંધે છે.

**જે પૂરેપૂરો શાકાહારી, અહિંસક ન હોય તે માનવીમાં ઝેન દર્શન છે જ નહિ. જગતનું દુઃખ અને નકામી વેદના જે સક્રિય રીતે ઓછી ન કરે તે માણસ ઝેનના નામે તરકટ કરે છે.**

### ઝેન શું છે?

ઝેન શું છે? જગતનું અને જગતની સર્વચીજોનું અપ્રતીકીકરણ એ ઝેન છે. ઝેન ગુરુઓ રૂપક, ઉપમા ને પ્રતીકોનો ઉપયોગ કરે છે, પણ એ વાત મહત્ત્વપૂર્ણ નથી. ઝેનમાં એક જ ચીજ બીજી ચીજનો અર્થ આપતી નથી. વળી, ચીજોની પાછળ જઈને તેમનો અર્થ શોધવાનો નથી. જ્યારે હાથ ઉંચો કરીએ છીએ ત્યારે બધી ચીજો ઉંચી થાય છે પણ 'હાથ' એટલે 'બધી ચીજો' એવો અર્થ થતો નથી.

વિચારના થોડાં ઘણાં ઊંડાણ વિના અને થોડી અંતઃસ્ફુરણા વિના ઝેનનો સ્પર્શ અસંભવ છે. પણ ઝેન એટલે વધારે પડતી

ગંભીરતા કે ભારેખમપણું એમ માનવાનું નથી.

ઝેનની વ્યાખ્યા નથી, ઝેનમાં જડ સિદ્ધાંતો નથી, ઝેન શિક્ષણથી પ્રાપ્ત થતું નથી–એ શીખવણીથી પર છે અને તત્ત્વતઃ દ્વૈત મૂલક નથી; તેથી તેમાં ખરાબ ગુણો નથી અને સારા ગુણો પણ નથી. ઝેન બધી વસ્તુમાં જે શ્રેષ્ઠ છે, અપૂર્ણમાં જે સુષુપ્ત પૂર્ણતા છે, તે છે. તેથી ઝેનની પ્રશંસા કે નિંદા શક્ય નથી, માત્ર વિનમ્ર કૃતજ્ઞતાપૂર્વક ઝેનમાં જીવવાનું છે.

ઝેન શું છે? વસ્તુઓને ભીન્ન આંખે જોવું તે ઝેન. એટલે કે, વસ્તુની આંખ બનવું, જેથી વસ્તુ આપણી આંખે પોતાને જુએ! ઝેનમાં વસ્તુની વસ્તુતા, વિશિષ્ટતા, નક્કરતાની ઉપેક્ષા નથી.

ઝેન એ એવી કોઈ ચીજ નથી જે બદલાય છે અને વિકસે છે. ઝેન તો પરિવર્તન અને વિકાસ પોતે જ છે. જ્યાં સત્યમ્, શિવમ્, સુંદરમ્ ત્રણેય હાજર હોય છે, એક રૂપે, ત્યાં ઝેન છે.

ઝેનમાં ચાર બાબતો ધ્યાન પાત્ર છેઃ ધિક્કારનું શમન, સંયોગોની સમજ, કશું જ માંગવાનું નહિ અને વાસ્તવિકતા સાથે સુમેળ.

ચીનની ઝેન પરંપરાનો હેતુ જીવન અને મરણ બન્નેને અતિક્રમીને જીવવાનો છે. પહેલા મરવું અને પછી જીવવું–એ ઝેનનો ઉકેલ છે. આમ કરવા માટે નૈતિક જુસ્સો જોઈએ. મરવું એટલે જન્મજાત લોભ, મહત્ત્વાકાંક્ષા, ગમા–અણગમા છોડી દેવા અને પછી કલાત્મક રીતે જીવવાની તૈયારી તે ઝેન.

ઝેનનું સારસ્વત છે પ્રબુદ્ધતા/મોક્ષ/મુક્તિ.

### ઝેન કથાઓ

બૌદ્ધ પરંપરામાં જ ઝેનનો પ્રાદુર્ભાવ થયો છે પણ મહદંશે ઝેન કથાઓ ચીન, જાપાનમાં પ્રકટી અને વિકસી છે. આ ટચૂકડી પણ સુંદર કથાઓ માનવમનને ઢંઢોળે છે. એમાં માત્ર ઝબકાર હોય છે. વીજળીના ઝબકારે મોતી પરોવવું–એ તાત્પર્ય ઝેન કથામાં હોય છે. અંતરના ભાવજગત સાથે જોડાણની મથામણ ઝેન કથામાં છે. આ કથાઓમાં મળી આવતી પ્રાસંગિકતા, ભારતીય ઘટનાઓમાં પણ વ્યાપક હોવા છતાં ય એના મૂળ અન્યત્ર છે એટલે, ક્યાંક ને ક્યાંક આપણને અપ્રતીતીજનક લાગતો સંદર્ભ તત્ત્વતઃ આંતરિક છે એટલે તે પરાયાપણાંથી મુક્ત રહે છે. **કથા એટલે કથા જ. એમાં કશું કહેવાનું ન હોય કેમ કે એ કથા છે. કથાના અનેક સ્વરૂપ હોય છે. કિંતુ કથાનું મારકણું અને વિશ્વભરમાં વ્યાપક સ્વરૂપ તો 'પ્રેરક' જ રહ્યું છે. આ પ્રેરક રૂપ વ્યક્તિને ઉન્નતિનો બોધ, કલ્યાણની ઝંખના, અધ્યાત્મનું ઊંડાણ અને ચારિત્ર્યનું નિર્માણ તો શીખવે જ છે પણ સાથોસાથ અનિત્યની શોધ માટે મથામણ સુધી પણ દોરી જાય છે અને તે માટે વ્યક્તિગત ક્ષતિનો નિર્દેશ પ્રેરીને તટસ્થ-letupive બની જોયા કરે છે. આ સમર્થતા કથામાં હોવાથી તે વિશ્વવ્યાપક છે અને તેનું ત્રૈકાલિક વશીકરણ રહ્યું છે. ધાર્મિક, આધ્યાત્મિક, પારંપરિક–તમામ કથારત્નને આ પરિપ્રેક્ષ્યમાં જોવું જોઈએ. અંતરને સદ્‌ગુણથી શોભાયમાન કરી શકે છે કથાઓનું પ્રેરક સૌંદર્ય.**

ઝેન કથાઓ ઘણી અર્થઘન છે. એનું સ્વતંત્ર મૂલ્ય છે. એનો ઉપકારક બોધ છે.

ઝેન બૌદ્ધ ધર્મની સાંસ્કૃતિક નીપજ છે. બૌદ્ધ ધર્મ ભારતમાં પ્રગટ થયો પણ ટક્યો નહિ. તેની ડૉ. રમણલાલ ચી. શાહે માંડીને વાત કરી છે, જેમાંથી સૌ ધર્મોએ શીખ લેવી જોઈએ, વાંચોઃ

**'બૌદ્ધ ધર્મની ચડતીપડતી'**

બૌદ્ધ ધર્મનો પ્રચાર ઉત્તરોત્તર વધતો ગયો કારણ કે એનો આર્ય અષ્ટાંગમાર્ગ, પંચશીલ, બ્રહ્મવિહાર વગેરેનો ઉપદેશ લોકોના હૈયામાં વસી જાય તેવો હતો. વળી એને સમ્રાટ અશોક, કનિષ્ક અને હર્ષવર્ધન જેવા બૌદ્ધધર્મી રાજાઓનો ઘણો મોટો ટેકો મળ્યો.

પરંતુ હર્ષવર્ધનના સમય પછી બૌદ્ધ ધર્મની ભારતમાં પડતી થવા લાગી. રાજ્યાશ્રય ઓછો થવા લાગ્યો. એ તો ખરું જ, પરંતુ બીજાં ઘણાં કારણોએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો. બૌદ્ધ ધર્મમાં હીનયાન અને મહાયાન વચ્ચેનો સંઘર્ષ તો ચાલ્યા જ કરતો હતો. સંઘર્ષનું વર્ચસ્વ ઘટતું હતું અને આચાર્યની આપખુદ સત્તા વધતી જતી હતી. તદ્દુપરાંત તેની પેટાશાખાઓમાં વજ્રયાનમાં તાંત્રિકવિદ્યાની સાથે ધર્મને નામે વ્યભિચાર અને અન્ય ભ્રષ્ટાચારો વધવા લાગ્યા. શ્રામણેર–શ્રામણેરીઓ ઉપરાંત ભિક્ષુ–ભિક્ષુણીઓમાં પણ શિથિલાચાર વધી ગયો. ભિક્ષુઓનો વિહાર ઓછો થવા લાગ્યો અને સ્થિરવાસ વધવા લાગ્યો અને મફતનું ખાઈ–પીને આરામથી પડ્યા રહેવા માટે ઘણા ખોટા માણસો ભિક્ષુસંઘમાં ઘૂસી ગયા જેથી સંઘની પ્રતિષ્ઠા હલકી પડવા માંડી. બૌદ્ધ મઠો ભ્રષ્ટાચારનાં ધામ બનવા લાગ્યા. દરમિયાન બ્રાહ્મણ ધર્મનો પ્રભાવ બૌદ્ધ ધર્મ પર વધતો ગયો અને એના ક્રિયાકાંડો બૌદ્ધ ધર્મમાં પ્રવેશતા ગયા, પરિણામે બૌદ્ધ ધર્મનાં પોતાનાં વ્યક્તિત્વ અને પ્રભાવ ઘટતાં ગયાં, બીજી બાજુ બ્રાહ્મ ધર્મ વ્યવસ્થિત અને સંગઠિત થતો ગયો. ભગવાન બુદ્ધને વિષ્ણુના અવતાર તરીકે એણે સ્વીકાર્યા. એટલે પણ ઘણાં બૌદ્ધ ધર્મીઓ હિન્દુ થવા લાગ્યા. આચાર્યોએ બૌદ્ધદર્શન ઉપર ઘણાં આકરા પ્રહારો કર્યા. પરિણામે બૌદ્ધ ધર્મની નબળી પડતી ઈમારત ભારતમા જમીનદોસ્ત થઈ ગઈ.

ભારતીય સંસ્કૃતિમાંથી અનેક ધર્મધારા પ્રકટી હતી. ઝેન પણ ભારતીય સંસ્કૃતિની જ પરંતુ અન્યત્ર પ્રકટેલી સંસ્કૃતિધારા છે.

***

જૈન ઉપાશ્રય, ૭, રૂપમ ધુરી સોસાયટી, સંઘવીના રેલવે ક્રોસિંગ પાસે, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

# ઈસ્લામ અને અહિંસા–એક પ્રતિભાવ

❑ જશવંત બી. મહેતા

શ્રી મહેબૂબ દેસાઈએ ઈસ્લામ ધર્મ વિષે પર્યુષણ વ્યાખ્યાન-માળામાં 'ઈસ્લામ અને અહિંસા'ના વિષય પર આપેલા પ્રવચનનાં સંદર્ભમાં હું મારા મંતવ્યો રજૂ કરું છું. (આ વ્યાખ્યાન 'પ્રબુદ્ધ જીવન'માં પણ પ્રકાશિત થયું છે.)

જીવમાત્રની હિંસાનો જૈન ધર્મમાં સ્પષ્ટ નિષેધ છે. બૌદ્ધ અને હિંદુ ધર્મમાં પણ આનો ઉલ્લેખ છે. આ ત્રણે ધર્મોનું ઉગમ સ્થાન ભારત છે. વિશ્વના અન્ય મુખ્ય ધર્મો જેમાં ઈસ્લામ, ખ્રિસ્તી અને યહુદીનો સમાવેશ થાય છે તેમાં આ વિષે કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી. હકીકતમાં હિંદુ ધર્મમાં પણ એક સમયે ધર્મને નામે નિર્દોષ પશુઓની બલી ચઢાવવાની પ્રથા વ્યાપક હતી જે ધીરે ધીરે મુખ્યત્વે જૈન અને અમુક અંશે બૌદ્ધ ધર્મનો પ્રભાવ વધતા ઓછી થઈ ગઈ. આજે વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં શાકાહારની સૌથી વધારે વ્યાપકતા આપણા દેશમાં છે. જૈન ધર્મમાં શાકાહારને અગ્રીમ સ્થાન અપાયું છે. એક સમયે ભારત વર્ષમાં જૈન અને બૌદ્ધ ધર્મ ઘણો વ્યાપક હતો. પરંતુ આદિ શંકરાચાર્યના પ્રભાવથી ઘણી મોટી સંખ્યામાં લોકોએ હિંદુ ધર્મ ફરીથી અંગીકાર કર્યો. પરંતુ હિંદુ સમાજના મોટાભાગના વર્ગોએ શાકાહારને ધર્મના અંગ તરીકે સ્વીકારી લીધો. આપણી આબોહવા અને જમીન ફળદ્રુપ હોવાથી અનાજ તથા શાકભાજી વિપુલ પ્રમાણમાં ઉગે છે જેથી શાકાહારને સહેલાઈથી અપનાવી શકાય અને ખોરાક માટે થતી જીવહિંસાથી બચી શકાય.

ઈસ્લામ, ખ્રિસ્તી અને યહુદી ધર્મોનો જ્યાં ઉદય થયો એ મધ્ય-પૂર્વનો મોટાભાગનો વિસ્તાર રણપ્રદેશ હતો. અને ત્યાં અનાજ, શાકભાજી વગેરે આપણા દેશની સરખામણીમાં સહેલાઈથી ઉપલબ્ધ ન હોવાને કારણે સમાજનો મોટા ભાગનો વર્ગ માંસાહાર તરફ વળ્યો હશે. સંભવ છે કે આ સંજોગોને લક્ષમાં લઈને આ તમામ ધર્મના સંસ્થાપકોને (Founderને) શાકાહારને ધર્મના અંગ તરીકે અપનાવવાનું અસ્થાને લાગ્યું હશે. મારા મત મુજબ નોંધ: 'પ્રણેતા' શબ્દ કદાચ વધારે યોગ્ય હોઈ શકે.

દરેક ધર્મમાં જે સમયે અને સ્થળે એ ધર્મનો જ્યારે ઉદય થયો હોય છે ત્યારે તે ધર્મના સ્થાપકોને જે સત્ય કે ઉપદેશ તે સમય અને સ્થળને અનુલક્ષીને અનુરૂપ લાગ્યા હશે તેના પર ભાર મૂક્યો હશે. મહંમદસાહેબના વખતમાં અરબસ્તાનમાં ધર્મનું અંગ એટલે મૂર્તિપૂજા એ પ્રણાલિકા ખૂબ જ વ્યાપક બની ગઈ હતી. ધર્મ એટલે મૂર્તિ–પૂજા–તેનાથી આગળ વિચારણા પણ થતી નહોતી. તેથી મહંમદસાહેબે મૂર્તિપૂજાનો નિષેધ કર્યો હતો જે તે સમય અને સ્થાનને અનુલક્ષીને યથાર્થ હશે. મહંમદસાહેબે પોતાના અનુયાયીઓને ભગવાનની નિરાકાર સ્વરૂપમાંજ પ્રાર્થના કરવા ફરમાવ્યું હતું. તેનું ચુસ્ત અર્થઘટન કરી અન્ય ધર્મોમાં કે જેમાં ધર્મના સ્થાપક કે તીર્થંકરોની (Founder) મૂર્તિની પૂજા સ્વીકારવામાં આવી હતી તેવી મૂર્તિનું ખંડન કરવું અને મંદિરોનો નાશ કરવો એ પ્રથાને ઈસ્લામ ધર્મના અમુક મૌલવીઓએ ધર્મની ફરજ તરીકેનું અર્થઘટન કર્યું અને તેના આદેશને અનુસરીને ઘણાં સુલતાનોએ તેનો અમલ કર્યો.

આજે ધર્મના નામે સૌથી વધારે હિંસા નિઃશંક ઈસ્લામ ધર્મને અનુસરનારાઓમાં ફેલાઈ ગઈ છે. હમણાં જ થોડા દિવસ પહેલા બકરી ઈદને દિવસે ધર્મને નામે લાખો પશુઓની નિર્દય હત્યા થઈ. આ હત્યા દર વર્ષે નિયમિત રીતે થાય છે. ભગવાનને ખુશ કરવાના હેતુથી નિર્દોષ જનાવરોની બલી ચઢાવવી અને પછી તેનું માંસ ખાવું એ વિચાર માત્રથી આપણને અરેરાટી છૂટે છે. જ્યારે ઈસ્લામ ધર્મમાં કોઈક અપવાદ બાદ કરતા આખી કોમમાં તેને પવિત્ર ફરજ ગણવામાં આવે છે. શ્રી મહેબૂબભાઈએ બકરી–ઈદના દિવસે નિર્દોષ પ્રાણીઓની ધર્મના નામે થતી કતલના વિકલ્પનો ઉલ્લેખ કર્યો છે પણ હકીકતમાં ઈસ્લામ ધર્મના કોઈપણ મૌલવી કે ધર્મગુરુઓએ તેનો સ્વીકાર કર્યો હોય એવું મારી જાણમાં નથી આવ્યું.

જ્યારે ધર્મનું નામ લઇને કોઈ વસ્તુનો ઉપદેશ અપાય છે ત્યારે સમાજનો બહુ મોટો વર્ગ તેનો સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકાર કરીને તેનો ચુસ્ત રીતે અમલ કરે છે. અને તેનાથી આગળ યા તો વિચારી શકતા નથી. અથવા તો અન્ય કોઇપણ દલીલની ચર્ચા માત્ર કરવા રાજી નથી હોતા. (Our mindsets become too close to accept anything else than what is preached in our religious books). આ હકીકત દરેક ધર્મના અનુયાયીઓને વધતે ઓછે અંશે લાગુ પડે છે. પણ ઈસ્લામ ધર્મને અનુસરનારાઓમાં આ જડતા વધારે છે તે નિઃશંક છે. હું છેલ્લા ત્રીસેક વર્ષથી ચક્ષુદાન પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છું. છેલ્લા બાર વર્ષોમાં અમારી આઈબેંક (જે મુંબઈમાં જુદા જુદા આય–ડોનેશન સેંટરો સાથે સંકળાયેલ છે) દ્વારા પ્રાપ્ત થયેલા ચક્ષુદાન કરેલ વ્યક્તિઓમાં ૧૫૦૦૦ થી વધારે ચક્ષુદાન કરેલ વ્યક્તિઓમાં ભાગ્યે જ કોઈ ચક્ષુ મુસ્લિમ કોમ તરફથી પ્રાપ્ત થયેલ છે. એનાં કારણોમાં આપણે ત્યાં લગભગ દરેક મૌલવીઓએ આપેલો સંદેશો છે કે મરણ પામીને જયારે અલ્લાહ પાસે પહોંચશું ત્યારે આપણું આખું શરીર અકબંધ હોવું જોઈએ. અમે કોઈપણ અંધ વ્યક્તિને (નાત, જાત કે ધર્મના ભેદભાવ વગર) કોર્નિયા આપીએ છીએ.

એક સમયે ખ્રિસ્તી કોમમાં પણ પોપના આદેશનું ચુસ્ત રીતે પાલન કરવું લગભગ ફરજીયાત હતું. તેનો જબરજસ્ત વિરોધ (Protest) માર્ટીન લ્યુથર કીંગે કર્યો અને ખ્રિસ્તી ધર્મમાં Protestant પંથ કેથોલીકથી જુદો પડ્યો. આજે Protestant પંથ Catholic કરતા વધારે ઉદારમતવાદી છે. આપણે ઇચ્છીએ કે ઈસ્લામમાં પણ કોઈ માર્ટીન લ્યુથર કીંગની જેમ હિંમતથી આ રૂઢીચુસ્ત મૌલવીઓનો વિરોધ કરનાર પાકે અને તેને મુસ્લિમ આમ જનતાનો સહકાર મળે. ઈસ્લામ ધર્મનો જે સ્થળેથી ઉદય થયો અને જે મહંમદસાહેબની કર્મભૂમિ હતી અને જ્યાં દરવર્ષે આખા વિશ્વમાંથી લાખો લોકો હજ કરવા જાય છે તે સાઉદી અરેબિયા આજે વિશ્વનો સૌથી રૂઢિચુસ્ત ઈસ્લામિક દેશ ગણાય છે અને ત્યાં અન્ય ધર્મોનું સ્થાનક પણ બાંધવાની છુટ નથી. ઇંડોનેશિયા અને તુર્કીને બાદ કરતા બાકીના લગભગ બધા જ દેશોની મોટાભાગની ઈસ્લામ ધર્મની પ્રજા રૂઢિચુસ્ત ઈસ્લામિક પરંપરાની અંદર જ અટવાયેલી છે અને ઈસ્લામ ધર્મને જ સર્વોપરી ગણાતી આવી છે.

અનેકાંતવાદ એ જૈન ધર્મનું એક વિશિષ્ટ પાસું કહી શકાય. આપણે ઈચ્છીએ કે આપણે સૌ Rigid (ચુસ્ત) Mindest માંથી બહાર આવી. દરેક ધર્મના વિશિષ્ટ અંગોને ખુલ્લા મનથી વિસ્તારીએ અને યોગ્ય લાગે તો તેનો સ્વીકાર કરીએ.

તા. ૨૦ એપ્રિલ, ૧૯૯૮ના 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' (No. 93, Vol.

CLXI) માં પ્રસ્તુત થયેલ, એક મુસ્લિમ પત્ર લેખકનું અવતરણ અહીં રજૂ કરું છું.

`Inner Sacrifice

I write to thank you for Mr. Firoz Bakht Ahmed's eye-opening article ``Offering the sacrifice of the self" (The Speaking Tree, April 13). Islam is misunderstood on many counts, and the festival of sacrifice, Eid-ul-Zuha, is a case in point. Mr. Ahmed has helped us to understand the real significance of the *qurbani* or sacrifice.

In this context, I would like to offer a suggestion. If every Muslim would stop the killing of animals on the occasion and, instead, donate a sum equivalent to the price of the animal sacrificed to any charitable organisation of their choice, he would do humanity a great service. At the same time, the inner spirit of Ibrahim's sacrifice would be preseved in the finest possible Sense.

R. HOOSEIN, Mumbai."

* * *

બી-૧૪૫/૧૪૬, મિત્તલ ટાવર, ૧૪મે માળે,
કાઉન્સિલ હૉલની સામે, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય યોજિત ૧૯ મો જૈન સાહિત્ય સમારોહ સંપન્ન

પ. પૂ. ૧૦૮ પંન્યાસ ડૉ. અરુણવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન, વિરાલયમ્-પૂના અને શ્રી બાબુ અમીચંદ પન્નાલાલ આદેશ્વરજી ટેમ્પલ ટ્રસ્ટ-મુંબઈના સંયુક્ત સૌજન્યથી પૂના મુકામે ૧૯ મા જૈન સાહિત્ય સમારોહનું આયોજન તા. ૧૨ મી થી ૧૫ ફેબ્રુઆરી દરમ્યાન કરવામાં આવ્યું હતું.

તા. ૧૨ મી ની પ્રથમ ઉદ્ઘાટન બેઠકમાં પૂ. અરુણવિજયજીએ આશીર્વચન આપ્યા હતા. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ પ્રમુખપદે તથા શ્રેષ્ઠિવર્ય શ્રી નવનીતરાય શાહ અને શ્રી સી. કે. મહેતા અતિથિવિશેષ સ્થાને બિરાજ્યા હતા. આ પ્રસંગે શ્રી નવનીતરાય શાહે દીપ પ્રાગટ્ય કરી ડૉ. જીતુભાઈ શાહ રચિત 'દ્વાદશાર નયચક્ર કા દાર્શનિક અધ્યયન' એ શોધ પ્રબંધ તથા ડૉ. કલા શાહ સંપાદિત '૧૮ મો જૈન સાહિત્ય સમારોહ-ગુચ્છ-૬'નો લોકાર્પણ વિધિ કર્યો હતો.

તે ઉપરાંત સરસ્વતી આરાધક જૈન બંધુ બેલડી શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ અને શ્રી બાલાભાઈ વી. દેસાઈ 'જયભિખ્ખુ'ની જન્મ શતાબ્દી પ્રસંગે આ સમારોહ તેમને સમર્પિત કરવામાં આવ્યો હતો. ડૉ. નટુભાઈ ઠક્કર રચિત-શોધ પ્રબંધ 'જયભિખ્ખુ વ્યક્તિત્વ અને વાઙ્મય' તથા પ્રફુલ્લ રાવલ રચિત 'જીવન ધર્મી સાહિત્યકાર જયભિખ્ખુ' ગ્રંથોનું વિમોચન શ્રી સી. કે. મહેતાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. ધનવંત શાહ, ડૉ. માલતીબેન દેસાઈ તથા ડૉ. કુમારપાળ દેસાઈએ આ બંધુ બેલડીના જીવન કર્મ અને શબ્દ કર્મ વિશે પોતાના વિદ્વદ્સભર વક્તવ્યો રજૂ કર્યા હતા.

બીજા દિવસે તા. ૧૩મી ફેબ્રુઆરીએ જૈન સાહિત્ય સમારોહની પ્રથમ અને દ્વિતીય બન્ને બેઠકોનું પ્રમુખપદ ડૉ. જિતેન્દ્ર બી. શાહે સંભાળ્યું હતું અને અતિથિવિશેષ તરીકે પૂના ભાંડારકર ઈન્સ્ટીટ્યૂટના જૈનોલોજીના અધ્યક્ષા ડૉ. નલિની જોશી તથા શ્રેષ્ઠિવર્ય શ્રી દિનેશભાઈ કુરિયા પધાર્યા હતા. આ પ્રસંગે શ્રી મહેન્દ્રભાઈ પૂનાતર રચિત 'તેજોવલય' ગ્રંથનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ બંને બેઠકોમાં 'સંલેખના-સંથારો' વિષય પર મુંબઈ, પૂના, ગુજરાત, એમ.પી., બૅંગ્લોર, કલકત્તા વગેરેથી પધારેલ લગભગ ત્રીસ વિદ્વાનોએ પોતાના વિદ્વતાપૂર્ણ નિબંધનું વાંચન કર્યું હતું, જેનો ઉપસંહાર પૂ. ડૉ. અરુણવિજયજી મહારાજ સાહેબે પોતાની તાત્ત્વિક અને ગહન શૈલીમાં કર્યો હતો.

૧૪ મી ફેબ્રુઆરીએ ત્રીજી અને ચોથી બેઠકનું પ્રમુખપદ ગુજરાતી મધ્યકાલીન સાહિત્યના વિદ્વાન સંશોધક ડૉ. કાંતિલાલ બી. શાહે સંભાળ્યું હતું. અતિથિવિશેષ તરીકે વિમલ જૈન પધાર્યા હતા. આ બંને બેઠકો દરમ્યાન 'જૈન કથા સાહિત્ય' વિષય પર પચીસ વિદ્વાનોએ પોતાના વિદ્વતાપૂર્ણ નિબંધો વાંચ્યા હતા અને ઉપસંહાર પૂ. અરુણવિજયજી મહારાજ સાહેબે કર્યો હતો.

પાંચમી અને સમાપન બેઠકમાં પ્રમુખસ્થાને શ્રી ચંદ્રકાંત ગાંધી અને અતિથિ વિશેષ શ્રી ખીમજીભાઈ ગાલા બિરાજ્યા હતા. આ પ્રસંગે પધારેલ સર્વ વિદ્વાનોનું મોમેન્ટમ તથા હાર દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

દરરોજ રાત્રિની બેઠકમાં વિદ્વદ્ ગોષ્ઠિ તેમજ શ્રી મહાવીર જૈન વિદ્યાલય-પૂના શાખાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ ભક્તિ સંગીત અને પ્રા. પ્રતાપકુમાર ટોલિયા દ્વારા ધ્યાન સંગીત વગેરે કાર્યક્રમોથી વાતાવરણ ભક્તિ અને ભાવભર્યું સર્જાયું હતું, તેમજ પૂના ભાંડારકર ઈન્સ્ટીટ્યૂટ દ્વારા 'જૈન કલા સ્થાપત્ય' વિષયક સ્લાઈડ શો તથા યુનિક પાવર પોઈન્ટ પ્રઝન્ટેશન ડૉ. બિપીન દોશીએ રજૂ કર્યા હતા.

પાંચેય બેઠકો બાદ પૂ. અરુણવિજય મહારાજ સાહેબે પોતાના ગહન જ્ઞાનપૂર્ણ વક્તવ્યો દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં. પાંચેય બેઠકોનું સંચાલન ડૉ. ધનવંત શાહે પોતાની શાંત, સૌમ્ય અને ધીરગંભીર શૈલીમાં કર્યું હતું.

આ સમારોહના સફળ આયોજન માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય પૂનાના મંત્રી શ્રી યુવરાજભાઈ શાહ, તેમજ પૂનાના અન્ય સેવાભાવી કાર્યકરો સર્વશ્રી કમલેશભાઈ મોતીવાલે, વિજેન્દ્રભાઈ પટણી, વિલાસભાઈ શાહ, નાનજીભાઈ શાહ તેમજ આ સંકૂલના શ્રી રતનચંદજી સંઘવી અને અન્ય ટ્રસ્ટીશ્રીઓ ઉપરાંત સમારોહ સમિતિના સભ્યો શ્રી શ્રીકાંતભાઈ વસા, શ્રી જયંતીલાલ શાહ, શ્રી હિંમતભાઈ ગાંધી, કાર્યકરો શ્રી તરુણભાઈ, શ્રી હેમંતભાઈ, આદેશ્વર ટેમ્પલ ટ્રસ્ટ મુંબઈના શ્રી ભરતભાઈ શાહ તેમજ સૌજન્યશીલ શ્રી ચંદ્રકાંતભાઈ ગાંધી અને સમગ્ર આયોજનની જવાબદારી જેમને શિરે હતી એ ડૉ. ધનવંત શાહ, આ સર્વે આ સમારોહ માટે યશાધિકારી છે.

આગામી વીસમા જૈન સાહિત્ય સમારોહની ચારે બેઠક માટે 'જૈન કર્મ વિજ્ઞાન' એ એક જ વિષયની પસંદગી કરાઈ હતી. જેથી વિદ્વાનો પૂરા વર્ષ દરમિયાન એ વિષય ઉપર વિશદ્ સંશોધન કરી શકે.

❑ ડૉ. કલા શાહ

# શ્રી ભગિની મિત્ર મંડળ–પાલીતાણા : ચેક અર્પણ વિધિનો કાર્યક્રમ

❑ મથુરાદાસ ટાંક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી છેલ્લા ૨૩ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રોતાઓને દાન માટે અપીલ કરી, ગુજરાત રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં આવેલી આદિવાસી, પછાત, માનવસેવા, લોકસેવા, વિકલાંગ કે શિક્ષણ ક્ષેત્રે કામ કરતી એક સંસ્થાને આર્થિક સહાય કરવામાં આવે છે. આવો સરસ વિચાર આપણા ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહને સ્ફુર્યો હતો અને તેનો તરત જ અમલ કરવામાં આવ્યો.

અમને જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે આ વર્ષે આપણે રૂા. ૨૩,૯૪,૮૧૭/– જેવી માતબર રકમ એકઠી કરી શક્યાં જેને અર્પણ કરવાનો કાર્યક્રમ પાલીતાણા મુકામે યોજવામાં આવ્યો હતો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના હોદ્દેદારો, સભ્યો, દાતાઓ અને શુભેચ્છકો સહિત કુલ ૨૩ વ્યક્તિઓ શુક્રવાર તા. ૧૧મી જાન્યુઆરી ૨૦૦૮ના રોજ ભાવનગર એક્સપ્રેસમાં રાતના ૯–૨૫ કલાકે બાંદ્રા ટર્મિનલથી રવાના થઈ શનિવારે ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે સોનગઢ સ્ટેશને ઉતર્યા. આ વખતે પ્રોગ્રામ બે દિવસનો ગોઠવવામાં આવ્યો હતો.

સોનગઢ સ્ટેશને શ્રી ભગિની મિત્ર મંડળના કાર્યકર્તાઓ અમને આવકારવા હાજર હતાં. સ્ટેશન ઉપર બધા માટે ચા, કોફી, લીંબુ શરબતથી સરભરા કરી. અમે ત્રણ મોટરમાં પાલીતાણા જવા માટે રવાના થયાં.

અમે બધા પાલીતાણા બપોરે ૧ કલાકે પહોંચ્યાં. પાલીતાણામાં શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ–યાત્રિક ભવન–જેમાં સંઘના ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ દીપચંદ શાહ સક્રિય કાર્યકર છે, તેઓની સૂચના મુજબ નવ રૂમોનું મુંબઈમાં અગાઉથી રિઝર્વેશન કરવામાં આવ્યું હતું. તે મુજબ રૂમોમાં બધાના નામની ચિઠ્ઠી પ્રમાણે ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સૌએ પોતપોતાની રૂમમાં જઈ, સામાન ગોઠવી તરત જ ભોજનાલયમાં જ ગયાં.

યાત્રિક ભવનમાં અમને જાણ કરવામાં આવી કે ચેક અર્પણ વિધિ કાર્યક્રમ બપોરના ૩-૩૦ કલાકે શ્રી ભગિની મિત્ર મંડળના સંકુલમાં રાખવામાં આવ્યો છે. તે મુજબ અમે સૌ ત્યાં સમયસર પહોંચી ગયાં. સંસ્થાના સંકુલમાં પહોંચતાં બધાને તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું તેમજ સંસ્થાના પ્રમુખ શ્રીમતી કાંતાબેન લંગાડીયા, ઉપપ્રમુખ શ્રીમતી કુંદનબેન શેઠ, મંત્રીઓ સર્વશ્રી ડોલરબેન કપાસી, મયૂરીબેન શાહ અને જાગૃતિબેન આચાર્ય તેમજ સંસ્થાની કારોબારીની બહેનો આવકાર આપવા માટે હાજર હતાં. મુંબઈથી પધારેલા બધા મહેમાનોને લાલ ગુલાબનું ફુલ આપી અભિવાદન કરવામાં આવ્યું.

સંસ્થાના મંત્રી શ્રી ડોલરબેન કપાસીના માતુશ્રી સ્વ. લીલાબા કપાસીએ ૫૦ વર્ષ પહેલા સ્ત્રીઓ માટેની શરૂ કરેલી આ સંસ્થાને તેમણે અને તેમના સહકાર્યકર બહેનોએ તડકો છાંયો જોયા વગર સ્ત્રીની ઉન્નતિ અને એમના અધિકારો માટે લડીને ૫૦ વર્ષમાં શિખર ઉપર પહોંચાડી દીધી છે. તેમણે ગઈકાલ, આજ અને આવતીકાલની રૂપરેખા રજૂ કરી. સ્ત્રીઓ માટે ખરેખર આ સંસ્થા ખૂબ જ સુંદર, પ્રશંસનીય અને વખાણવાલાયક કામ કરે છે.

ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ તરત જ હાથ ધરવામાં આવ્યો. સંઘ તરફથી રૂા. ૨૩,૯૪,૮૧૭/-ના બે ચેકો શ્રી ભગિની મિત્ર મંડળના હોદ્દેદારોની હાજરીમાં, કાર્યક્રમના પ્રમુખ ડૉ. શ્રી નરેશભાઈ વેદને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી રસિકલાલ શાહ અને હોદ્દેદારોએ અર્પણ કર્યા. શ્રી ડોલરબેન કપાસીએ ચેક સ્વીકારી બધાનું અભિવાદન કર્યું.

ઉપસ્થિત મહેમાનો શ્રી રાજેન્દ્રસિંહજી રાણા, શ્રી મહેન્દ્રસિંહજી સરવૈયાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે તેઓ આ સ્ત્રીની સંસ્થા સાથે ઘણાં વરસોથી સંકળાયેલા છે. સરકાર તરફથી જે પણ મદદ મળતી હશે તે દરેકમાં તેઓ મદદકર્તા થશે એમ કહ્યું. Committment - વચનબદ્ધતા માટે એમણે સચોટ ઉદાહરણ આપી તેની સાર્થકતા સમજાવી.

સંસ્થાના પ્રમુખ શ્રી રસિકલાલ શાહએ પોતાની રમૂજી શૈલીમાં છોકરીઓએ આજે પોતાના સ્વબચાવમાં કરાટેની તાલીમ લેવી જોઈએ એવી શીખ આપી. સંઘના મંત્રી શ્રી ધનવંતભાઈ શાહએ આર્થિક સહાય માટે આ સંસ્થાની પસંદગી કેમ થઈ તેની રૂપરેખા આપી જણાવ્યું કે આ સંસ્થાના ઉપપ્રમુખ શ્રીમતિ કુંદનબેન અને શ્રી વસંતભાઈ શેઠને પચાસ વરસ પછી અચાનક મળવાનું થયું અને આ સંસ્થાની મુલાકાત લેતાં આ પ્રસંગની રચના થઈ. વિશેષમાં તેમણે કહ્યું કે, 'પોતાના કાર્યમાં શ્રદ્ધા અને નિષ્ઠા હોય તો મદદ માટેના સંજોગો કુદરત જ યોજી દે છે એની પ્રતીતિ આ ચમત્કારિક ઘટના છે. શ્રી વસંતભાઈએ આંગળી ચિંધી ન હોત અને કુંદનબેને સંસ્થાની મુલાકાતનો પ્રેમાગ્રહ કર્યો ન હોત તો આ શુભ નિમિત્તથી અમે વંચિત રહી જાત.' ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શાહે સંસ્થાની પ્રવૃત્તિઓની તેમજ ૨૩ વર્ષમાં લીધેલા પ્રોજેક્ટની માહિતી આપી. મંત્રી શ્રી નિરુબહેન શાહે પોતાના ટુંકા વક્તવ્યમાં સંસ્થાની દરેક પ્રવૃત્તિઓને બિરદાવી તેમજ ખૂબ જ સારી કવિતા રજૂ કરી.

છેલ્લે આજના પ્રમુખ ડૉ. નરેશભાઈ વેદ જેઓ ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે સેવા આપી નિવૃત્ત થયા છે તેમણે પોતાના વક્તવ્યમાં સ્ત્રીનું સમાજમાં સ્થાન, સ્ત્રીની ફરજો અને સ્ત્રીના શોષણ બાબત યુરોપના દેશોના સચોટ ઉદાહરણ આપી સચોટ રજૂઆત કરી શ્રોતાઓનાં દિલ જીતી લીધા હતા.

આભાર વિધિનું કામ સંસ્થાના મંત્રી શ્રીમતી જાગૃતિબેન આચાર્યએ કર્યું. મંત્રીશ્રી ડોલરબેન કપાસીએ પણ બધાને અભિનંદન આપ્યા અને આ કાર્યક્રમની સફળતા માટે બધાનો ખૂબ ખૂબ આભાર માન્યો. આજના કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી જાગૃતિબેન આચાર્યએ ખૂબ જ કુશળતાપૂર્વક કર્યું તે માટે તેઓ અભિનંદનને પાત્ર છે.

તે જ રાત્રે યાત્રિક ભવનમાં ખૂબ જ સારી મહેફિલ જામી હતી. સર્વશ્રી શૈલેષભાઈ કોઠારી, નિતીનભાઈ સોનાવાલા, ભરતભાઈ મામણિયા અને બીજાઓએ શાયરી, શાસ્ત્રીય સંગીતના ફિલ્મી ગીતો, ગઝલો રજૂ કરી બધાને સંગીતમય કર્યા હતાં.

બીજા દિવસે સવારે એક ગ્રુપ ડુંગર ઉપર પૂજા માટે ગયું જ્યારે બીજું ગ્રુપ હસ્તગિરિ પર્વત ઉપર રવાના થયું.

હસ્તગિરિ પર્વત ઉપરથી પાછા આવતાં નેશનલ સેનિટેશન એન્ડ એન્વાયરમેન્ટ ઈમ્પ્રુવમેન્ટ ફાઉન્ડેશન (નાસા ફાઉન્ડેશન) તરફથી પાલીતાણા મુકામે યાત્રીઓ તેમજ ત્યાંની લોકલ પ્રજા માટે એક શૌચાલયનું કામ ચાલુ છે તેની મુલાકાત લીધી. એમના તરફથી ૮/૯ કાગળો આવેલા કે પાલીતાણા જાઓ તો એમના સંકુલની મુલાકાતે જજો.

રવિવારે સાંજના કુંદનબેન શેઠ અને શ્રી વસંતભાઈ શેઠના ઘરે એ પરિવાર તરફથી એક પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. સંઘને તેમજ મુંબઈથી પધારેલા સર્વેને મોમેન્ટો આપી બધાંનું સન્માન કર્યું. પાર્ટીમાં પાણીપૂરી, ઢોસા, ગુલાબજાંબુ વગેરે હલકા ખોરાકની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સમયના અભાવે અમે વધારે બીજા પ્રોગ્રામ માટે રોકાણ કરી શક્યાં નહીં. શ્રી ભગિની મિત્ર મંડળ તરફથી પ્રવાસ દરમિયાન નાસ્તાની જરૂર પડે તેની વ્યવસ્થા એમણે કરી આપી હતી.

અમે રાતના ૭–૩૦ વાગે સોનગઢથી રવાના થઈ ૯–૩૦ વાગે સોનગઢ સ્ટશને પહોંચ્યાં. ટ્રેન સમયસર આવી અને બધા ટ્રેનમાં ગોઠવાઈ ગયાં. અમે બધા સોમવાર તા. ૧૪મી જાન્યુઆરીએ વાંદ્રા ટર્મીનલ ઉપર ઉતર્યા.

✱✱✱

# સર્જન સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : જયુજી
**લેખક : વિનોબા**
**પ્રકાશક : જગદીશ શાહ,** યજ્ઞ પ્રકાશન, હુજરાત પાગા, વડોદરા-૩૯૦૦૦૧.
કિંમત રૂા. ૨૦, પાના ૯૬; આવૃત્તિ-૧.

વિનોબાજીએ ભૂદાનયાત્રા દ્વારા ભારતની પ્રજાનું ભાવાત્મક ઐક્ય સાધ્યું છે. વિનોબાજી પોતે જ કહે છે કે, 'ભૂદાન નિમિત્તે ચાલી રહેલી પદયાત્રાનો એક માત્ર ઉદ્દેશ દિલને જોડવાનો રહ્યો છે, બલ્કે મારી જિંગદીના બધાં જ કામ દિલોને જોડવાના એક માત્ર ઉદ્દેશથી પ્રેરિત છે.'

આ જ પ્રેરણાએ એમની પાસે જગતના વિવિધ ધર્મગ્રંથોનું અધ્યયન કરાવ્યું. પરિણામ-સ્વરૂપ વિનોબાજીએ આપણને 'કુરાન-સાર', 'નામઘોષા-સાર', 'ધમ્મપદ', 'ગુરુબોધ', 'ભાગવત ધર્મ-સાર' વગેરે પુસ્તકો આપ્યા.

આવી જ રીતે કાશ્મીરયાત્રા દરમ્યાન ગુરુ નાનકના ધર્મગ્રંથ 'જયુજી' ઉપર ભાષ્યરૂપે વિનોબાજીએ જે વ્યાખ્યાનો આપેલાં તે આ પુસ્તકમાં સંગ્રહિત છે.

મૂળ હિંદી પરથી ગુજરાતી અનુવાદ ભગિનીહૃદય હરિશ્ચંદ્રે કર્યો છે. આ નામ સ્મરણનું પુસ્તક છે. આમાં સત્યસ્વરૂપ ભગવાનની ઉપાસના છે. આ પુસ્તકના વાચનદ્વારા સત્સંગતિનો લ્હાવો પ્રાપ્ત થાય તેમ છે.

xxx

પુસ્તકનું નામ : **સરળ સ્યાદ્વાદમત સમીક્ષા**
(તત્ત્વજ્ઞાન સિરીઝ પુષ્પ ૧લું)
**લેખક : શંકરલાલ ડા. કાપડીઆ**
**પ્રકાશક : મનુભાઈ શંકરલાલ કાપડીઆના પરિવાજનો,** ૧, વેસ્ટ મીન્સ્ટર સોસાયટી, ચુનાભટ્ટી રેલ્વે ફાટક પાસે, સાયન (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૨૨. પાના ૬૪; આવૃત્તિ-૪.

દરેક દર્શનનો પાયો તેને મૌલિક સિદ્ધાંતો ઉપર આધારિત હોય છે જ્યારે જૈન દર્શનના મૌલિક સિદ્ધાંતો ઉપર વિચાર કરીએ ત્યારે સ્યાદ્વાદના સિદ્ધાંત પર નજર ઠરે છે. આ સિદ્ધાંત બધાં પક્ષકારો અપનાવે તો દેશનું સંગઠન શક્ય નીવડે એ વિચાર લેખકે ચોંસઠ પાનાની નાનકડી પુસ્તિકામાં દર્શાવ્યો છે. અનેક મતમતાંતરોના વમળમાંથી રહસ્ય શોધી સર્વધર્મ-સમભાવ અને પરમત સહિષ્ણુતા કેળવવામાં સ્યાદ્વાદ અત્યંત મહત્ત્વની સેવા બજાવી શકે એમ છે.

xxx

પુસ્તકનું નામ : **પંચભાષી પુષ્પમાલા**
(શ્રીમદ્ રાજચંદ્રજી કૃત) (હિન્દી પુષ્પ)
**સમ્પાદન-અનુવાદન-પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા-શ્રીમતી સુમિત્રા પ્ર. ટોલિયા**
**પ્રકાશક : જિન ભારતી,** વર્ધમાન ભારતી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન પ્રભાત કોમ્પ્લેક્ષ, કે. જી. રોડ, બેંગલોર-૫૬૦ ૦૦૯.
કિંમત રૂા. ૫ (કર-રૂ. ૯) પાના ૪૨; આવૃત્તિ-૧.

પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચન્દ્રજીની બાલ્યાવસ્થાની અનુપમ કૃતિ 'પુષ્પમાલા'નું વિવેચન હિન્દી અનુવાદ 'પંચભાષી પુષ્પમાલા'માં કરવામાં આવ્યું છે. આ પુસ્તિકામાં આપેલ ૧૦૮ પ્રજ્ઞા પુષ્પો મુમુક્ષુ જગતને માટે અત્યંત ઉપયોગી તથા આત્મક્લેશ દૂર કરવામાં સહાયક થાય એવાં છે.

xxx

પુસ્તકનું નામ : **રામનામ (એક ચિંતન)**
**લેખક : વિનોબા**
**પ્રકાશક : જગદીશ શાહ,** યજ્ઞ પ્રકાશન, હુજરાત પાગા, વડોદરા-૩૯૦૦૦૧.
કિંમત રૂા. ૧૫, પાના ૭૮; આવૃત્તિ-૧.

ગાંધીજીના વ્યક્તિત્વનું મૂળભૂત પાસું તો આધ્યાત્મિક છે તે તેમની ખરી ઓળખ છે. તેમની રામનામની લગન, તેઓ પોતે રામનામમાં તન્મય થઈ ગયેલા. રામનામ ઉપરનું વિનોબાનું આ ચિંતન ગાંધીજીની રામનામ વિશેની શ્રદ્ધાને સમ્યક્ સ્વરૂપમાં વ્યક્ત કરે છે. આમ, નામ સ્મરણની પ્રક્રિયાનું વિજ્ઞાન યુગને અનુરૂપ એક આધ્યાત્મિક વિવેચન આ ભાષ્યમાં આપણને મળે છે.

xxx

પુસ્તકનું નામ : **એક દીવાની જ્યોત**
**લેખક : મુનિશ્રી વૈરાગ્યરતિવિજયજી**
**પ્રકાશન : પ્રવચન પ્રકાશન,** ૪૮૮, રવિવાર પેઠ, પૂના-૪૧૧૦૦૨.
કિંમત રૂા. ૧૦, પાના ૬૦; આવૃત્તિ-૧.

સામાન્ય માનવો શાસ્ત્રોનો અભ્યાસ કરવા શક્તિમાન હોતાં નથી. શાસ્ત્રોનો જ્ઞાનરૂપી દિવ્ય પ્રકાશન તેમના હૃદયરૂપી ભોંયરામાં પહોંચી શકતો નથી. પરંતુ ત્યાં આ દીવાની જ્યોત-નાના દીવડાઓનો પ્રકાશ તેમના જીવનને પ્રકાશિત કરવા સમર્થ બને છે. આ નાનકડા દીવાઓની જ્યોત સહુ કોઈ માણે.

xxx

પુસ્તકનું નામ : **ક્રોધને જીતવાનો માર્ગ**
**લેખક : મુનિશ્રી પ્રશમરતિ વિજયજી**
**પ્રકાશન : પ્રવચન પ્રકાશન,** ૪૮૮, રવિવાર પેઠ, પૂના-૪૧૧૦૦૨.
કિંમત રૂા. ૧૦, પાના ૪૮; આવૃત્તિ-દ્વિતીય.

મનુષ્ય માત્રને સતત સતાવતો રોગ ક્રોધ છે. પ. પૂ. મુનિશ્રી પ્રશમરતિ વિજયજી આ નાનકડી પુસ્તિકામાં આ દુઃસાધ્ય બિમારીનું નિવારણ કેવી રીતે કરી શકાય તે સરળ રીતે સમજાવે છે.

xxx

પુસ્તકનું નામ : **જૈન સુશ્રાવિકા વંદના**
**પ્રકાશન : મંગળ લીલા પ્રકાશન,** ૧, બૅન્ક ઑફ બરોડા સોસાયટી, કંપની પેટ્રોલ પંપની બાજુમાં, એચ. કે. કોમ્પ્લેક્ષના ખાંચામાં, ઋષભ ફ્લેટની સામે, જાકા, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
મૂલ્ય : અમૂલ્ય, પાના ૬૪.

આ નાનકડી પુસ્તિકામાં જિન શાસનમાં થઈ ગયેલ જૈન સુશ્રાવિકાઓના જીવનચરિત્રની ઝાંખી કરાવી તે દ્વારા સંસ્કાર સિંચન કરી આત્માની સદ્ગતિ કરવાનું ધ્યેય પાર પડ્યું છે.

xxx

પુસ્તકનું નામ : **પ્રકાશપથ**
**લેખક : વિનોબા**
**પ્રકાશક : મંત્રી, દિવ્ય જીવન સંઘ, આમદાવાદ**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪.
કિંમત રૂા. ૧૦, પાના ૩૨; આવૃત્તિ-૪.

આચરણમાં મૂકવા માટેના સોનેરી સૂચનોની આ પુસ્તિકામાં માણસે પોતાના હૃદયમાં રહેલી શાશ્વત શાંતિને કેવી રીતે કાર્યાન્વિત કરવી અને ઈશ્વર સાથે એકત્વ કેમ સાધવું તે માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. ✶✶✶

બી/૪૨, દયાનંદ સોસાયટી, એ/૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૩.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ફેબ્રુઆરી-૨૦૦૮ના અંકથી આગળ)

(૪૩૦) રાત્રિભોજન વિરમણ –રાત્રિભોજનનો ત્યાગ, દિવસ આથમ્યા પછી ભોજનાદિનો ત્યાગ. રાત્રિભોજનને દિવસભોજન કરતાં વિશેષ હિંસાવાળું કહેવામાં આવ્યું છે તેથી તેનો ત્યાગ કરવાનું જણાવ્યું છે. રાત્રિભોજનનો ત્યાગ કરવાથી જઠરાગ્નિને વિશ્રામ મળે છે. તેથી સારી નિદ્રા આવે છે અને બ્રહ્મચર્યા સાચવવામાં મદદ મળે છે. પરિણામે આરોગ્યની પુષ્ટિ થાય છે.

–रात्रिभोजन का त्याग, सूर्य अस्त होने के पश्चात् भोजनादिका त्याग, रात्रिभोजन को दिवसभोजन से अधिक हिंसक माना गया है । अत: उसका त्याग करना चाहिए । रात्रिभोजन का त्याग करने से जठराग्नि को विश्राम मिलता है, उससे निद्रा मिलती है और परिणामत: आरोग्य की पुष्टि होती है ।

–Refrainment from eating during night, The nighttime eating is said to occasion more violence than the day-time eating. Just like other activities appropriate to day-time and to contentedly give rest to the digestive system during night-time. This facilities proper sleep and the observance of continence-all this resulting in an augmentation of healthiness.

(૪૩૧) રૂપી –ઈન્દ્રિયગ્રાહ્ય ગુણ, રૂપ, મૂર્તત્વ, મૂર્તિ.

–इन्द्रियग्राह्य गुण, रूप, मूर्तत्व, मूर्ति ।

–The properties colour, taste etc. that are capable of being grasped through sense-orgens they verily are called rupi.

(૪૩૨) રાગ –મૂર્ચ્છા – આસક્તિ

–मूर्च्छा – आसक्ति ।

–attachment

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ. આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમતિ મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

કન્યા કરિયાવર આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

❑ મેનેજર

(૪૩૩) રહસ્યાભ્યાખ્યાન –(અતિચાર)–આરોપ મૂકવો, રાગથી પ્રેરાઈ વિનોદ ખાતર કોઈ પતિ–પત્નીને કે બીજા સ્નેહીને છૂટાં પાડવાં કે કોઈ એકની સામે બીજા ઉપર આરોપ મૂકવો તે રહસ્યાભ્યાખ્યાન.

–गलत आरोप डालना, राग प्रेरित या विनोद के कारण कोई पति–पत्नी को अथवा स्नेहीओं को अलग करने हेतु एक दूसरें पर आरोप डालना ।

–False accusation in private.

(૪૩૪) રસપરિત્યાગ (તપ) –ઘી–દૂધ આદિ તથા મધ–માખણ આદિ વિકારકારક રસનો ત્યાગ કરવો તે રસપરિત્યાગ.

–धी–दूध तथा शहद–मक्खन आदि विकारी रसों का त्याग करना रसपरित्याग ।

–giving-up of delicacies. To give up Ghi-Milk etc. also honey, butter etc. which when consumed cause evil mental tendencies that is called rasaparityaga.

(૪૩૫) રસ –કડવો, તીખો, તૂરો, ખાટો, મીઠો આદિ પાંચ રસ.

–कडुआ, तीखा, कषाय, खट्टा, मीठा आदि पाँच रस ।

–Pungent, bitter, astringent, sour, sweet.

(૪૩૬) રતિ –પ્રીતિ, પ્રીતિ ઉપજાવનાર કર્મ રતિમોહનીય નોકષાય.

–प्रीति, प्रीति उत्पन्न करनेवाला कर्म रतिमोहनीय नोकषाय ।

–The Karma which bring about liking towards someone is Ratimohaniya.

(૪૩૭) યોનિ –ઉત્પત્તિસ્થાન, જન્મને માટે કોઈ સ્થાન તો જોઈએ જ, જે સ્થાનમાં પહેલવહેલાં સ્થૂલ શરીરને માટે ગ્રહણ કરેલાં પુદ્ગલ, કાર્મણ શરીરની સાથે તપેલા લોઢામાં પાણીની જેમ સમાઈ જાય તે સ્થાન–યોનિ.

–उत्पत्तिस्थान, जन्म के लिए कोई स्थान आवश्यक है, जिस स्थान में प्रथम स्थूल शरीर के लिए ग्रहण किए हुए पुद्गल, कार्मण शरीर के साथ तपे हुए लोहे में पानी की तरह समाविष्ट हो जाता है वैसा स्थान – योनि ।

–Scat of birth

(૪૩૮) યોગનિરોધ –માનસિક, વાચિક, કાયિક યોગવ્યાપારનો નિરોધ.

–मानसिक, वाचिक, कायिक योगव्यापार का निषेध ।

–Cessation of Yoga.

(વધુ આવતા અંકે)

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩.


પ્રતિશ્રી, તા.......................

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં,

મુંબઈ–૪૦૦૦૦૪. ફોન : ૦૨૨–૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના **'પ્રબુદ્ધ જીવન'**ના વાર્ષિક / ત્રિવાર્ષિક / પંચવર્ષીય / દસ વર્ષીય / કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

**'પ્રબુદ્ધ જીવન નીધિ'** કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. ...................................... નંબર ...................................... તારીખ ......................................

બેંક ...................................... શાખા ...................................... ગામ ......................................નો સ્વીકારી નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ. ચેક/ડ્રાફ્ટ **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામનો જ મોકલીએ છીએ.

નામ અને સરનામું : ......................................................................

......................................................................

લિ......................................

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

(જાન્યુઆરી '૦૮ અંકથી આગળ)

(૬૬)

કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬

संस्कृत यस्योत्पत्तिस्तु केभ्योऽपि संयोगेभ्यो न जायते ।
न नाशः संभवेत् तस्य जीवोऽतो ध्रुवति ध्रुवम् ।।६६।।

हिन्दी कोइ संयोगोंसों नहीं, जाकी उत्पत्ति होय ।
नाश न ताको काहुमें, तातें नित्य हि सोय ।।६६।।

अंग्रेजी If out of any element,
One is not created at all;
It cannot be put to an end,
The soul is seen thus eternal. 66

(૬૮)

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮

संस्कृत आत्माऽस्ति द्रव्यतो नित्यः पर्यायैः परिणामभाक् ।
बालादिवयसो ज्ञानं यस्मादेकस्य जायते ।।६८।।

हिन्दी आत्मा नित्य हि द्रव्यसों, पलटत हैं पर्याय ।
बाल युवा वृद्ध तीन में, एक हि आतमराय ।।६८।।

अंग्रेजी One sees in childhood, youth and age,
There's knowledge of being the same;
So the soul's all states but change,
Remaining ever the substance same. 68

(૬૭)

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય. ૬૭

संस्कृत क्रोधादितारतम्यं यत् सर्प-सिंहादिजन्तुषु ।
पूर्वजन्मसंस्कारात् तत् ततो जीवनित्यता ।।६७।।

हिन्दी तरतमता क्रोधादि की, सर्पादिक में ज्योंहि ।
पूर्व-जन्म संस्कार यह, जीव नित्यता त्योंहि ।।६७।।

अंग्रेजी In beings like snake anger's untaught,
It shows former birth's habit;
Therefore the wise have deeply thought,
The soul had lost last body, not it. 67

(૬૯)

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯

संस्कृत क्षणिकं वस्त्विति ज्ञात्वा यः क्षणिकं वदेदहो !
स वक्ता क्षणिको नास्ति तदनुभवनिश्चितम् ।।६९।।

हिन्दी जो क्षण-स्थायी आप का, ज्ञाता सो वक्तार ।
वक्ता कभी न क्षणिक है, कर अनुभव निरधार ।।६९।।

अंग्रेजी One who describes absolute change,
Of everything at every moment;
Must be the same who knows and says,
This flasifies his own statement. 69 (ક્રમશઃ)

(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત 'સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી. આ પુસ્તકની કિંમત રૂા. ૩૦૦/- છે. જિજ્ઞાસુને આ પુસ્તક ૨૦% વળતરથી શ્રી મું. જૈન યુવક સંઘની ઑફિસમાંથી પ્રાપ્ત થઈ શકશે).

---

## પંથે પંથે પાથેય (છેલ્લા પાનાથી ચાલુ)

(૨૩) અધ્યાત્મનો માર્ગ શાંતિ અને પ્રસન્નતાનો છે. તેમાં મૌન રહેવાનું છે.

(૨૪) મોક્ષનું કારણ ઊભું કરવું હોય તો બનતા બનાવોમાં ભળો નહીં ભાળો.

(૨૫) સારભૂત તત્ત્વોના સંગ્રહ ને સંચક કહેવાય અને આવું મળ્યા પછી દુરઉપયોગ કરે તે વંચક કહેવાય.

(૨૬) ઉપાસના અને સાધના બંનેને સાથે પકડી આત્મા ચાલે તો બુદ્ધિ હટે, તૂટે અને મોક્ષમાર્ગ મળે.

(૨૭) મમતા મોંની મીઠી અને દિલની જૂઠી છે.

(૨૮) તમારી માન્યતા તમારા માટે રાખો પરંતુ બીજા ઉપર ઠોકી બેસાડો નહીં, નિંદા ટીકા ના કરો, દૃષ્ટિમાં મલિનતા ના લાવો.

(૨૯) મોક્ષ અને સમ્યગદર્શન પામવા, આત્મદર્શનની તલપ, પ્રભુદર્શનની પીડા અને આત્મદોષોનો પશ્ચાતાપ જોઈએ.

(૩૦) નય એટલે પદાર્થ અનંત-ધર્મવાળો છે. કોઈ એક દૃષ્ટિકોણથી વસ્તુને બતાવવી તે વચનપ્રયોગને નય કહેવાય છે.

(૩૧) જીવનમાં સમાધાન કરી લો. અજ્ઞાની આગળ જ્ઞાનીએ વાદવિવાદ ન કરવો. નહીંતર હારજીતનો પ્રશ્ન આવશે. જ્યાં નિર્વિવાદ છે ત્યાં વિતરાગતા છે.

(૩૨) ઈચ્છા, આગ્રહ, કદાગ્રહ, પ્રપંચ, વિવાદ વિગેરે નીકળે તેજ સાધના છે. તેનાથી જ્ઞાતાદૃષ્ટા ભાવ આવે છે.

(૩૩) મારી ઈચ્છા મુજબ બીજાએ જીવવું અને વર્તવું તેવો આગ્રહ ન રાખવો નહીં તો આર્તધ્યાન થાય અને ઘાતી કર્મના ડુંગરો ઊભા થાય.

(૩૪) કોઈ પણ વસ્તુને તરછોડો એટલે દ્વેષ ભાવ ઊભો થઈ ઘાતી કર્મો બંધાય છે.

(૩૫) બહિરાત્મા એટલે ગાઢ મિથ્યાત્વવાળી અવસ્થા. અંતરાત્મા એટલે બહિરાત્માનો દૃષ્ટા, સાથી, તત્ત્વનું ચિંતન કરે છે. મિથ્યાત્વ એ આત્મા અને બુદ્ધિનો અંધાપો અથવા આત્માની અવળી સમજ. કાયા, મન, બુદ્ધિ, ચિત્ત અહંકારના કાર્યોને સાક્ષી ભાવે જુએ તે અંતરાત્મા.✻✻✻

B 2/209, લારામ સેન્ટર, એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૮.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month ● Regd. No. MH/ MR/SOUTH-146 / 2006-08



# પંથે પંથે પાથેય...

## ઉપાશ્રયમાં ડોકિયું...

❑ જયબાળા તોલાટ

હું 'પ્રબુદ્ધ જીવન' નિયમિત વાંચું છું. વાંચતાં વાંચતાં મને પણ મારો એક અનુભવ લખવાનું મન થયું.

વિ. સં. ૨૦૦૬માં શ્રી મુક્તિદર્શન વિજયજી મ. સા. અમારે ત્યાં ઈરલામાં ચોમાસું હતાં. તેઓ શ્રી આનંદઘનજીનાં પદ ને સ્તવનની છણાવટ કરતાં હતાં. મારા એક વડીલે મને સંદેશો મોકલ્યો કે આ વ્યાખ્યાનમાં તમે જાવ. બહુ સરસ અને તમને ગમે એવું છે. ત્યારે હું ઈરલાના દેરાસરમાં પૂજા કરવા જતી હતી. વ્યાખ્યાનમાં બેસતી ન હતી. બીજે દિવસે મને થયું કે ઉપાશ્રયમાં વંદન કરીને જાઉં. (ઉપાશ્રય બાજુમાં જ છે.) વંદન કરતાં બે મિનિટ બેસવાનું મન થયું. ત્યાં મહારાજ સાહેબનાં શબ્દો સાંભળ્યા. **'અજ્ઞાની હોય તે સંજોગોમાં અટવાય અને જ્ઞાની હોય તે સંજોગોમાંથી રસ્તો કાઢે.'** આટલું સાંભળીને હું ઘરે આવી. રસ્તામાં આ શબ્દો વાગોળતાં મને લાગ્યું કે આ તો જાણે મને સંબોધીને જ મહારાજ સાહેબ બોલ્યાં. ઘરની જંજાળમાં બાઈ, ધોબી બધાના સમય જોવામાં ઉપાશ્રયે બેસી નહોતી શકતી. તે દિવસે મેં ધોબીને મોડા આવવાનું કહ્યું. વ્યાખ્યાનનો સમય ૮-૩૦ થી ૧૦-૦૦ નો. ધોબીનો સમય ૯ વાગ્યા પછી નો., ચોક્કસ નહીં. જૂનો ધોબી એટલે મને થયું એડજેસ્ટ કરશે; પણ એણે ના પાડી ને પાછો કહે, 'તુમકો નહિ રખના હો તો બોલ દો.' ખૂબ નિરાશ થઈ. પણ મહારાજ સાહેબનાં શબ્દો પર શ્રદ્ધા હતી. બીજે દિવસે ધોબી આવીને કહે, 'આપકો બારા બજે ચલેગા?' અને મને આનંદ આનંદ થઈ ગયો. અને પછી આખું ચાતુર્માસ મહારાજ સાહેબનાં વ્યાખ્યાનનો રસાસ્વાદ માણ્યો. અને કેટલાંક કલ્યાણમિત્રો મળ્યા. મેં આ વ્યાખ્યાન ઉતાર્યા છે તેમાંથી થોડાં (શબ્દો) વાક્યો, રત્નકણિકાઓ મોકલું છું.

–જયબાળાનાં વંદન

પૂજ્ય આનંદઘનજી મહારાજના સ્તવનો પદોમાંથી પ્રાપ્ત થયેલી રત્ન કણિકાઓ. –પૂજ્ય મુક્તિદર્શન વિજયજી મ.સા.ના પ્રવચનમાંથી. વિ. સં. ૨૦૬૦.

(૧) આ જગતમાં બધાને રીઝવવા કરતાં ભગવાનને જ રીઝવવાના છે. તેમને રીઝવવા સંસારમાં તમારા કર્મના ઉદયે જે પ્રસંગો બને અને તેમાં સફળતા કે નિષ્ફળતા જે મળે તેને સહજ ભાવે સ્વીકારો. આમ મન શાંત-પ્રશાંત-ઉપશાંત બને તો જ મોક્ષ નીકટ આવે.

(૨) પ્રભુને રીઝવવા માટે ચિત્તની પ્રસન્નતા એ મોટામાં મોટું તત્ત્વ અને કારણ છે.

(૩) આ સંસારમાં વસુ કરતા વસ્તુ ચઢિયાતી છે.

(૪) ઉપાસનામાં **મનની** કેળવણી છે. સાધનામાં **કાયાની**. ઉપાસના માટે મૃદુતા અને મોહનીયનો ક્ષયોપશમ જોઈએ. સાધના માટે સાત્ત્વિકતા જોઈએ.

(૫) મોક્ષને અપવર્ગ કહ્યો છે એટલે જેમાંથી **'પ'** વર્ગ ગયો. 'પ'વર્ગ એટલે પફબભમ–પીડા, ફિકર, બિમારી, ભય, મરણ જેમાંથી જાય તે મોક્ષ.

(૬) આખું જગત નિર્દોષ છે. દોષિત ફક્ત મારો આત્મા જ છે.

(૭) ભાવ બગાડ્યા પછી કોઈ બાજી હાથમાં રહેતી નથી. ખ્યાલ આવતા તરત જ ભાવ સુધારો અને જેના પર દ્વેષ થયો હોય તેને ખમાવી સદ્‌ભાવમાં રમો તો કર્મો ઓછાં બંધાય.

(૮) સારું લાગવું અને માનવું એ જ મિથ્યાત્વ.

(૯) જ્ઞાની એટલે સંજોગોમાંથી રસ્તો કાઢે તે, સંયોગ તરફ વલણ બદલે તે અને અજ્ઞાની એટલે સંજોગોમાં અટવાય તે.

(૧૦) સંસારમાં આપણાં આત્મા સિવાય બીજું કશું જ આપણું નથી. બાકીનું બધું જ પરપદાર્થો છે માટે આવો ખોટો અહંકાર ન કરો.

(૧૧) બુદ્ધિનું કામ સલાહ આપવાનું અને નિર્ણયો લેવાનું છે તેથી બુદ્ધિ સંસાર-ગામી છે અને આજ બુદ્ધિ પ્રજ્ઞા બને ત્યારે મોક્ષગામી બને છે.

(૧૨) પરિશીલન એટલે શ્રવણ, મનન ને ચિંતન.
૧ કલાક શ્રવણ કરો.
૧૦૦ કલાક મનન કરો.
૧૦૦૦ કલાક ચિંતન કરતા મોક્ષમાર્ગે જવાય.

(૧૩) ભાવના એટલે લક્ષને મેળવવાની લગની.
વિચાર એટલે વસ્તુની યથાર્થ તપાસ કરવી તે.
સમાધિ એટલે જેમાં મન અમન બને પછી સુમન બને.

(૧૪) સંસારનો પુરુષાર્થ એટલે **કર્તા** ભોક્તાનો પુરૂષાર્થ.
મોક્ષનો પુરૂષાર્થ એટલે **જ્ઞાતા દૃષ્ટા**નો પુરૂષાર્થ.

(૧૫) મિથ્યાત્વ એટલે આત્માનું અંધારૂં, બુદ્ધિનો અંધાપો.

(૧૬) ધર્મ કર્યો તેને જ કહેવાય જેનાથી અશુભ સંસ્કારો ઘસાય અને દોષો બહાર નીકળે.

(૧૭) સંસારીઓ અપેક્ષાના જંગલમાં ભૂલા પડેલા મુસાફરો છે.

(૧૮) અધ્યાત્મના પ્રેમીને બધું બગડે તે ચાલે પરંતુ મન ના બગડવું જોઈએ.

(૧૯) ચક્ષુઅંધને દેખાય નહિ અને ચક્ષુબંધને હોય તેનાથી જુદું દેખાય.

(૨૦) જ્યાં મતભેદ, વિચારોની જુદાઈ આવે ત્યાં પોતાનો વિચાર ગૌણ કરી, મૌન રહી, પરાજય સ્વીકારે તે પરમાત્માના માર્ગમાં છે.
**'દૃષ્ટા બનો, ન્યાયાધીશ ન બનશો.'**

(૨૧) તર્ક અને અહમ્‌ની જુગલ જોડી અનંતા ભવોથી ચાલી આવે છે. તર્કને બચાવવા અહમ્‌ની જરૂર પડે છે. અને અહમ્‌થી તર્કને બચાવાય છે. માટે તર્કનો આશ્રય લેતાં પહેલાં વિચાર કરો નહિતર સાધનાનો માર્ગ હાથમાંથી ચાલ્યો જશે.

(૨૨) જ્યાં સુધી જગતના જીવોને અપરાધી તરીકે જોશો ત્યાં સુધી તમારા ભાવો અને ભવો બગડતા રહેશે.

(વધુ માટેજુઓ પાનું ૧૯)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- તા. ૧૬ એપ્રિલ, ૨૦૦૮ છૂટક નકલ રૂા. ૧૦/-

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ***

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૪ વીર સંવત : ૨૫૩૪ ચૈત્ર સુદિ - તિથિ - ૧૧

## જિન-વચન

### આત્મા મિત્ર પણ અને શત્રુ પણ!

अप्पा कत्ता विकत्ता य दुक्खाण य सुहाण य ।
अप्पा मित्तममित्तं च दुप्पट्ठियसुट्ठुपट्ठिओ ।।

–उत्तराध्ययन– २०-२७

આત્મા પોતે જ પોતાનાં સુખદુ:ખનો કર્તા છે અને એનો નાશ કરનાર પણ છે. એટલા માટે સન્માર્ગે ચાલનારો આત્મા મિત્ર છે અને કુમાર્ગે ચાલનારો આત્મા શત્રુ છે.

आत्मा स्वयं ही दु:ख और सुख की कर्ता है और उन का क्षय करनेवाली भी है । इस लिए सन्मार्ग पर चलनेवाली आत्मा मित्र है और उन्मार्ग पर चलनेवाली आत्मा शत्रु है ।

The soul is the architect of one's happiness and unhappiness. Therefore, the soul on the right path is one's own friend and a soul on the wrong path is one's enemy.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત **'जिन-वचन'**માંથી)

## આચમન

### 'જીવન સ્વાસ્થ્ય ચક્ર': વિવરણ

શરીર ૨૫ તત્ત્વોથી બનેલું છે. તે શરીરમાં આત્માનો નિવાસ છે. શ્વાસ, શરીર અને આત્માને જોડનારી એક કડી છે. આત્મા વગર શરીરનું સંચાલન થતું નથી. શરીર વગર આત્માનું જ્ઞાન નથી થતું. આ બંનેનો તાલમેલ શ્વાસ દ્વારા થાય છે. શ્વાસના ચાલતા રહેવાથી શરીર જીવીત રહે છે. જીવનની ઘટનાઓની અસર શ્વાસ પર પડે છે. શ્વાસની અસર શરીરની પ્રાણશક્તિ પર પડવાથી શરીરની ક્રિયા-પ્રક્રિયાઓમાં ખલેલ પડે છે, અને આથી શરીર રૂગ્ણ થાય છે. એટલા માટે બધી ઘટનાઓ-સંજોગોમાં સમતા રાખવાથી, શ્વાસ નિયમીત-સ્થિરતાથી ચાલતો રહે છે અને શરીરની ક્રિયા-પ્રક્રિયાઓ લયબદ્ધ ચાલતી રહેવાથી શરીર નાદુરસ્ત થવામાંથી બચી જાય છે. આત્માને કેટલાક લોકો પ્રકૃતિ-બ્રહ્મતત્ત્વ-કુદરત-ચેતનતત્ત્વ, પ્રાણશક્તિ પણ કહે છે. શરીરનું બંધારણ જીનેટીક-વારસાઈ છે.

શરીરના ૨૫ તત્ત્વોથી બનેલ માનવમાં મનોમય કોષ-૩ મન-બુદ્ધિ-અહંકાર + ૩ પ્રકૃતિ-સત્વ, રજસ, તમસ + ૫-પંચ મહાભૂત-પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ + ૫ કર્મેન્દ્રિય-બે હાથ, બે પગ, અને મૈથુન અંગ, + ૫ જ્ઞાનેન્દ્રિય-આંખ, કાન, નાક, જીભ, ત્વચા, + ૩ ત્રિદોષ-વાત, પિત, કફ = કુલ ૨૪ અને એક આત્મા, એમ ૨૫ તત્ત્વોથી માનવ શરીર બનેલું છે, આ ૨૫ તત્ત્વોના સમ્યક યોગથી શરીર સ્વસ્થ રહી શકે છે.

ઈશ્વર બધા જ પ્રાણીમાત્રના દેહમાં વૈશ્વાનર રૂપી અગ્નિ સ્વરૂપ, પ્રાણવાયુ અને અપાનવાયુની વચ્ચે સમાનવાયુ યુક્ત વિરાજમાન છે અને ચારે પ્રકારથી લીધેલા ખોરાક-ચુસીને, ચાટીને, ચાવીને અને પીને લીધેલાને પચાવે છે. સર્વ રોગોનું મૂળ મંદાગ્નિ છે.

શરીર અન્નથી બનેલું છે માનો તે અન્નમયકોષ છે. શરીર બગડવાનું કારણ અને નિવારણ તે પ્રજ્ઞાઅપરાધ છે. પ્રજ્ઞાઅપરાધ અર્થાત્ બુદ્ધિનો દૂરૂપયોગ, તે ત્રણ છે. આહાર, વિહાર અને મનોવ્યાપાર આ ત્રણેનું માનવ સમતાથી પાલન ન કરતાં હીન, અતિ, મિથ્યાયોગ કરી અપરાધ કરે છે, ત્યારે જ તે બિમાર પડે છે અને આ ત્રણ અપરાધનું સમતામાં-સમ્યક પાલન કરી તંદુરસ્ત-નિરોગી રહે છે.

—'સર્વાંગી સ્વાશ્રયી સ્વાસ્થ્ય'માંથી

* * *

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | આપણો અમૂલ્ય સાંસ્કૃતિક વારસો : પ્રાચીન હસ્તપ્રતો | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | મહાવીર જન્મ અને માનવ-કલ્યાણ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૫ |
| (૩) | લલના-પ્રિય અર્જુન | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૯ |
| (૪) | જીવદયાના સમર્થનમાં ઐતિહાસિક ચુકાદો : બાદશાહ અકબરથી આજસુધી | શ્રી વી. આર. ઘેલાણી | ૧૧ |
| (૫) | હસ્તપ્રત લિપિ કાર્યશિબિર | ડૉ. નૂતન જાની | ૧૪ |
| (૬) | જૈન પારિભાષિક શબ્દ કોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૭ |
| (૭) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૯ |
| (૮) | પંથે પંથે પાથેય : સ્નેહનું કોઈ સરનામું હોતું નથી. | અનુ ગઢિયા | ૨૦ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/- | U.S. $ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/- | U.S. $ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/- | U.S. $ 40-00 |
| ૧૦ વર્ષનું લવાજમ | રૂા. ૧૦૦૦/- | U.S. $ 75-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/- | U.S. $100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંબરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના...?

☛ ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો. કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ **કન્યા કરિયાવર** આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૪ ● ● તા. ૧૬ એપ્રિલ, ૨૦૦૮ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## આપણો અમૂલ્ય સાંસ્કૃતિક વારસો
## પ્રાચીન હસ્તપ્રતો

'**હસ્તરેખા**'નું શાસ્ત્ર જાણવા આપણે જેટલા ઉત્સુક છીએ એટલા ઉત્સુક '**હસ્તપ્રત**' શાસ્ત્ર વિશે જાણવા ઉત્સુક છીએ? પ્રાચીન હસ્તપ્રતની રેખાઓને ઉકેલવાની વિદ્યા શીખવી એ એક મહાગ્રંથને જીવનદાન આપવા જેટલું પૂણ્યકાર્ય છે.

નર્મદા નદીના તીરે એક ગામના એક પંડિત કુટુંબ પાસે વારસામાં મળેલી ઘણી પ્રાચીન હસ્તપ્રત્રો પડી છે એવા સમાચાર મળતા આવી પ્રાચીન હસ્તપ્રતોની શોધ કરતા આપણા કેટલાંક વિદ્વાન મહાનુભાવો તરત જ એ ગામે પહોંચ્યાં અને એ કુટુંબ પાસે પહોંચી એમને વારસામાં મળેલી હસ્તપ્રતો આપવા વિનંતિ કરી, તો એ પંડિત કુટુંબે કહ્યું કે આપ થોડાં મોડાં પડ્યાં, એ પ્રતો હમણાં થોડાં સમય પહેલાં જ અમે નર્મદામાં પધરાવી દીધી, કારણ કે એ હસ્તપ્રતોની લિપિને ઉકેલવા અમે અસમર્થ હતા, ઉપરાંત શોધખોળ કરી અમે કેટલાંક વિદ્વાનોને એ પ્રતો બતાવી તો એઓ પણ એ લિપિ ઉકેલવા અસમર્થ હતા એટલે અમે એ નર્મદા માતાને અર્પણ કરી દીધી.'

આપણા પ્રત્યેક જૈન સંઘો હવે હસ્તપ્રત ઉકેલવાની આ દિશામાં ગતિશીલ નહિ બને તો આપણા મુનિ ભગવંતો અને વિદ્વદ્ મહાનુભાવોએ સર્જેલું અમૂલ્ય સાહિત્ય જે અત્યારે એ સમયની લિપિમાં જૈન ભંડારોમાં સમાયેલું અને સચવાયેલું પડ્યું છે; જે હસ્તપ્રતોની સંખ્યા લગભગ વીસ લાખથી વધુ છે, એમાંની ઘણી સો વરસ પછી, જો આ પ્રતોને ઉકેલનારા તૈયાર નહિ થાય તો ઉધઇને અથવા આવા જળાશયોને સમર્પિત થઈ જશે.

ઉપર જે નર્મદા નદીનો દાખલો આપ્યો એ પ્રસંગ અમદાવાદની આવી સંસ્થા એલ.ડી. ઈન્સ્ટીટ્યૂટના નિયામક પ્રાચીન શાસ્ત્રોના જ્ઞાતા ડૉ. જિતેન્દ્રભાઈ બી. શાહે મુંબઈમાં યોજાયેલ 'હસ્તપ્રત કાર્યશાળા'ના ઉદ્‌ઘાટન પ્રવચનમાં આપ્યો હતો.

લગભગ પાંચેક મહિના પહેલાં મુંબઈ એસ.એન.ડી.ટી. કૉલેજના ગુજરાતીના પ્રાધ્યાપિકા ડૉ. નૂતન જાનીએ મુંબઈમાં એક સપ્તાહની આવી લિપિ ઉકેલ શિખવાની કાર્યશિબિર યોજવાનો પ્રસ્તાવ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કમિટી સમક્ષ મોકલ્યો. અમારી કમિટીને એકી અવાજે લાગ્યું કે મુંબઈ જૈન યુવક સંઘે જ્ઞાનોત્તેજક આ ઉમદા કાર્યમાં પૂરો આર્થિક સહકાર આપવો જ જોઈએ અને માર્ચની ૮ થી ૧૨ મુંબઈમાં આ કાર્યશાળા યોજાઈ. આ કાર્યક્રમનો વિગતે અહેવાલ આજ અંકમાં ડૉ. નૂતન જાનીએ આપ્યો છે; એટલે અહીં એની પુનરોક્તિ ઉચિત નથી. ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન'ના ડિસેંબરના અંકમાં આ જ લેખિકાનો લેખ 'પ્રાચીન લિપિ; લેખનકળા અને હસ્તપ્રત વિદ્યા' પણ જિજ્ઞાસુને વાંચવા વિનંતિ કરું છું જેથી આ વિષયનો પૂરો ખ્યાલ આવી શકે. શક્ય હોય તો અમદાવાદ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રકાશન પામેલ પ્રા. જયન્ત પ્રે. ઠાકાર લિખિત 'હસ્તપ્રત વિજ્ઞાન' એ પુસ્તક પણ આ વિષયના જિજ્ઞાસુ વાંચે તો આ વિષયના વિશાળ પટનો પૂરેપૂરો પરિચય થશે.

અમારા આશ્ચર્ય વચ્ચે આ કાર્યશાળા ખૂબ જ સફળ રહી અને ૨૦ થી ૭૫ વર્ષની ઉંમરના લગભગ ૭૦ જિજ્ઞાસુઓએ સતત પાંચ દિવસ રોજના પાંચ પાંચ કલાક આ વિદ્યા વિશે જાણવાનો અને શીખવાનો સફળ પ્રયત્ન કર્યો.

૧૭૫૫માં ઈલોરાની ગુફામાં અંગ્રેજોએ બ્રાહ્મી લિપિ જોઈ અને આ દિશામાં સંશોધનના દરવાજા ખૂલવા લાગ્યા. પ્રાચીન બ્રાહ્મી લિપિમાંથી જુદી જુદી લિપિઓ ઉતરી આવી; સમયના વહેણ સાથે આ લિપિના આકારો બદલાતા રહ્યા, એટલે ત્યાર પછીના સમયે સમયે એ લિપિ ઉકેલવાનું કાર્ય અઘરું બનતું રહ્યું, પરંતુ શાસ્ત્રોના મૂલ્યને સમજનારા આ લિપિ ઉકેલનું કાર્ય કરતા રહ્યાં અને એ શાસ્ત્રો આપણી પાસે પહોંચતા રહ્યાં.

જૈન સંપ્રદાયમાં વધુ ને વધુ હસ્તપ્રતો શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છિય સમાજમાં છે. સમગ્ર જૈન સંપ્રદાયની હસ્તપ્રતોની વાત કરીએ તો એ લાખોની થાય. જૈન સમાજ એને ભંડારોમાં સાચવી રાખી એનું પૂજન કરે છે. આ સંસ્કાર છે પણ એ પ્રતોને ઉકેલીને બોલતી કરવાની ખૂબ જ જરૂર છે, અને એના માટે એવા વિદ્વાનો તૈયાર કરવાની આવશ્યકતા છે. એ દિશામાં કેટલીક સંસ્થાઓ કામ કરી રહી છે, એનું પરિણામ પણ પ્રસંશનીય આવ્યું છે પણ પ્રત્યેક વર્ષે આ શાસ્ત્રોની લિપિને ઉકેલનાર કેટલા વિદ્વાનો આપણને મળે છે? આજે આપણી પાસે આવા વિદ્વાનો ૧૫-૨૦ થી વધુ નહિ હોય!

હસ્તપ્રત કાર્યશાળા દરમિયાન એવું સૂચન આવ્યું કે આ 'હસ્તપ્રત વિજ્ઞાન'ને વિષય તરીકે બી.એ. અથવા એમ.એ.માં રાખવો અથવા ડિપ્લોમા કોર્સ યોજી અત્યારે જે મહાનુભાવો છે એમનો શિક્ષક તરીકે લાભ લેવો. આમ કરવાથી યુનિવર્સિટીમાં સારા પગારવાળી નોકરીની તકો ઊભી થશે, એટલે નવો વર્ગ આ કામ માટે આકર્ષાશે. આ સૂચનને આ કાર્યશિબિર દરમિયાન ઉપસ્થિત રહેલા ઉપકુલપતિએ સ્વીકાર્યું અને આવા ઉમદા કાર્ય માટે જરૂરી ધન આપવાનું વચન પણ શ્રેષ્ઠિ વર્ય દિપચંદભાઈ ગાર્ડીએ આપ્યું. આ દિશામાં અન્ય સર્વે શિક્ષણ સંસ્થાઓએ પણ ગંભીરતાપૂર્વક વિચારવાની જરૂર છે, કારણ કે અન્ય ધર્મો અને વિષયની હસ્તપ્રતો પણ મોટી સંખ્યામાં છે.

આ ઉપરાંત શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રે નિવૃત્ત વર્ગ આ હસ્તપ્રત ઉકેલવાની વિદ્યા શીખે, જે મુશ્કેલ કામ નથી. ત્રણેક મહિનામાં આ વિદ્યા આસાનીથી શીખી શકાય. આવા નિવૃત્ત વિદ્યા પ્રેમીઓ આ રીતે ઘરે બેઠાં બેઠાં જ વરસે બે ગ્રંથોની લિપિ વર્તમાન લિપિમાં અવતારી શકે તો સરવાળે દશેક વર્ષમાં કેટલું મોટું વિદ્યા દાનનું કામ થઈ જાય! એ માટે પ્રત્યેક મોટા શહેરના ઉપાશ્રયોમાં નિયમિત આવી કાર્યશિબિરો તરત જ યોજવી જરૂરી છે.

આથી વિશેષ તો આ કાર્યમાં વિશેષ પ્રદાન આપણા પૂજ્ય સાધુ-સાધ્વીઓ આપી શકે. ચોમાસાના ચાર માસ વિવિધ ગામ-શહેરોમાં એક એક મહિના માટે આવા હસ્તપ્રત લિપિ ઉકેલનારા વિદ્વાનોને એ ગામ-શહેરમાં નિમંત્રી આ સર્વે પૂ. સાધુ-સાધ્વીજીઓને આ વિદ્યા શીખવાડે તો આ વર્ગ કેટલું ભવ્ય કામ પાર પાડી શકે! હસ્તપ્રતમાં રહેલા જ્ઞાનને પામવાનો લાભ મળે અને એ ઉપરાંત આ ગ્રંથોનું વર્તમાન લિપિમાં અવતરણ થઈ જાય. ચાર માસ ઉપરાંત વિહારના આઠ માસમાં પણ આ પૂજ્યશ્રીઓ આવું મહાન કામ કરી શકે. એક મિશનની જેમ.

આ કાર્ય માટે એક ખાસ કેંદ્રિય સંસ્થાનું નિર્માણ થવું જોઈએ. જે લિપિ જાણનાર આવા વિદ્વાનોને તૈયાર કરે અને શિક્ષક તરીકે એ બધાંને આર્થિક સલામતી આપી પૂરા કાર્યક્રમનું આયોજન કરે.

દેરાસર માટે આપણને વ્યવસ્થા કરનાર મેનેજરની જરૂર છે, પૂજા અર્ચન માટે ગોઠીની જરૂર છે, પાઠશાળાના શિક્ષકોની જરૂર છે, એથી ય વિશેષ આવા કાર્યના આયોજનની, એક સંસ્થાની પણ વિશેષ જરૂર છે.

આપણા મહાન પૂર્વ સૂરિઓએ જે જહેમતથી આ અમૂલ્ય સાહિત્યનું સર્જન કર્યું હતું એને આજની લિપિમાં અવતારી બચાવી લેવી એ આપણા ચતુર્વિધ સંઘની ઉમદા ફરજ છે.

આશા છે કે આ કાર્ય માટે રચનાત્મક પ્રતિસાદ મળશે. વિદ્યાની ખેવના એ મહાન પૂણ્ય છે. એ સર્વવિદિત છે, નહિ તો સો વરસ પછી કોઈ લોકમાતા નદી આમાંની કેટલીય પ્રતોને...

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને એસ.એન.ડી.ટી. કૉલેજના ગુજરાતી વિભાગના સંયુક્ત પરિશ્રમથી યોજાયેલ આ પ્રાચીન હસ્તપ્રત લિપિ ઉકેલ કાર્યશિબિરના આયોજન માટે એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીના કુલપતિ, વિદ્વાન પ્રાધ્યાપકો, ડૉ. નલિનિબેન મડગાંવકર, ડૉ. નૂતન જાની, અને અન્ય કર્મચારીઓ યશના અધિકારી છે. અને વિશેષ તો આ શિબિરના પ્રાણસમા ડૉ. જિતેન્દ્રભાઈ શાહ, ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. બળવંત જાની અને સતત ચાર દિવસ રોજ ચાર-ચાર કલાક આ લિપિ ઉકેલના પાઠો શીખવનાર ડૉ. પ્રીતિબેન પંચોળી, આ સર્વેને ધન્યવાદ, અને આભાર તો કયા શબ્દોમાં માનવો?

❑ **ધનવંત શાહ**

એડવર્ડ થોમસ, પ્રો. ડૉઇસન અને જનરલ કર્નિંગહામ જેવા યૂરોપના વિદ્વાનોએ બ્રાહ્મી લિપિના સ્વતંત્ર વિકાસને ઉચિત રીતે જ જાહેર કરેલો છે. **બ્રાહ્મી લિપિ તથા શૂન્ય સાથેના આધુનિક અંકો એ વિશ્વને ભારતની મોટામાં મોટી બૌદ્ધિક દેન છે.** વિશ્વની બીજી કોઈ લિપિ આવી રીતે વિકસી નથી. એક જ અક્ષર અનેક ધ્વનિઓ દર્શાવતો હોય છે, તો એક જ ધ્વનિને દર્શાવવા અનેક અક્ષરો યોજવા પડતા હોય છે. એ લિપિઓમાં મૂળાક્ષરોનો કોઈ વૈજ્ઞાનિક ક્રમ નથી. આમ વિશ્વની કોઈ બીજી લિપિ કદી બ્રાહ્મીની તોલે આવી શકે તેમ નથી. બ્રાહ્મી લિપિ તો હજારો વર્ષ પહેલાં જ ઉચ્ચતમ કક્ષાએ પહોંચી ગઈ હતી. તે ખરેખર એક અજોડ-અદ્વિતીય લિપિ છે.

**બૌદ્ધ જાતકોમાં લખેલા દસ્તાવેજો, સ્ત્રીઓએ પણ લખેલા પત્રો,** ધાતુ ઉપરની કોતરણીઓ, શાળાઓ, લાકડાની પાટીઓ વગેરેના ઉલ્લેખો મળે છે. બૌદ્ધ ત્રિપિટકોમાંના એક એવા 'વિનયપિટક'માં 'લેખ' એટલે કે લખાણ,૦ 'ગણના' અર્થાત્ ગણતરી તેમજ 'રૂપ' અર્થાત્ હિસાબનો ઉલ્લેખ આવે છે. બુદ્ધ **'લિપિશાલા'** એટલે કે નિશાળમાં જતા અને **સોનાની કલમ વડે ચન્દનની પાટીમાં કેવી રીતે લખવું** એ ગુરુ વિશ્વામિત્ર પાસે શીખતા એનું વર્ણન 'લલિતવિસ્તર'માં આપેલું છે. આ ઉલ્લેખો ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઈ. સ. પૂ. ૬૦૦**માં તો સ્ત્રીઓ તથા બાળકો પણ લખવાની કળા સારી રીતે જાણતાં હતાં.**

# મહાવીર જન્મ અને માનવ-કલ્યાણ

❑ ડૉ. કુમારપાળ દેસાઈ

તારણહારો જીવે છે-જીજીવિષા માટે નહિ, પણ સંસારની વિજીગીષા માટે, જીતવા માટે જીવે છે, માટે સંસારના દાવમાં અને વૃત્તિઓના ખેલમાં જે શુદ્ધ ચિત્તના સહારે જીતે તે જૈન!

ભગવાન મહાવીર આવું જીવન જીવ્યા. એવી વિભૂતિઓને સુખ સુખદ નથી, દુ:ખ દુ:ખદ નથી. એ બંને ડાબી જમણી આંખો છે. બંનેમાંથી પ્રગતિનો પંથ શોધે છે! આવી વિભૂતિઓને જેટલો ફૂલ પર પ્યાર હોય છે, તેટલો કાંટા પર હોય છે.

ભગવાન મહાવીરે પોતાના જીવન દ્વારા પહેલો પાઠ આપ્યો માતૃભક્તિનો. સંસારમાં મા એ મા. એની તોલે કોઈ નહીં. ગર્ભમાં પોતાની હરફરથી માતાને અસુખ થાય છે, તેમ જાણીને શાંત પડ્યા રહ્યા. માતાને એ સુખમાં અશુભની કલ્પના થઈ. રે! સંતાન કાજે માતા દુ:ખને સુખ સમજે છે. તેઓએ નિર્ણય કર્યો કે મા-બાપ જીવિત હશે ત્યાં સુધી સંન્યાસ સ્વીકારીશ નહીં.

ભગવાન મહાવીરે બીજો પાઠ આપ્યો નિર્ભયતાનો, અભયનો, અભય વિના આત્મિક ઉન્નતિ નથી. એક વાર ભયંકર સર્પ સાથે મુકાબલો થયો. પોતે દોડીને ઉપાડીને એને દૂર કર્યો. સહુને કહ્યું: બીઓ મા, બીક તો જે બીએ એને બીવડાવે! મહાવીરને મૃત્યુની પણ, શેતાનની પણ, યમની પણ બીક નહીં! અભય!

એક પિશાચે આ અભયની પરીક્ષા કરી. એ નાનકડા મહાવીરને ખભા પર ઉપાડીને ચાલ્યો. રાજકુમારનો દેહ સુકોમળ હતો પણ શક્તિમંત હતો. મહાવીરે અઘોરીના માથા પર મુષ્ટિપ્રહાર કર્યો. અઘોરી બાળકની તાકાત જોઈ દિંગ થઈ ગયો. મહાવીર એને દોરીને લોકો વચ્ચે લાવ્યો. બધા મારવા દોડ્યા ત્યારે મહાવીરે એને માફી આપી. આ સમયે એમનું નામ વર્ધમાન હતું. પિશાચે કહ્યું, 'દેહથી તમે વીર છો, પણ દિલથી મહાવીર છો!'

મહાવીર નિશાળે ગયા, પણ આવા પુરુષોને નિશાળ ખાસ કંઈ આપી શકતી નથી. પણ, મહાપુરુષો પણ સાંસ્કૃતિક પરંપરાને અનુસરવામાં હીનતા જોતા નથી. શિક્ષકે કહ્યું કે, મહાવીરને ભણાવવાનો પ્રયત્ન એ સૂરજને સમજાવવા દીવો ધરવા બરાબર છે.

ભગવાન અઠ્ઠાવીસ વર્ષના થાય છે અને માતા-પિતા મૃત્યુ પામે છે હવે પોતે દીક્ષા લેવા તૈયાર થાય છે. એ વખતે મોટાભાઈ ગદ્‌ગદ્ કંઠે બે વર્ષ વધુ રહી જવા વિનવે છે. વિશ્વપ્રેમી મહાવીર કુળ ને કુટુંબના પણ પ્રેમી છે. ઘરને અરણ્ય સમજી પોતે ઘરમાં રહી જાય છે.

ત્રીસ વર્ષ થયાં. હેમંત ઋતુ આવી. માગસર વદ દશમ આવી. ભગવાન પ્રવર્જીત થયા. સર્વસ્વનું દાન કર્યું. પોતાનું કંઈ ન રાખ્યું ને નિરધાર કર્યો કે હવેનાં બાર વર્ષ હું દેહની સારસંભાળ નહિ લઉં. વિઘ્ન કે સંકટો અડગપણે સહન કરીશ. સમદર્શી રહીશ. મને સંતાપનાર પર પણ સમભાવ રાખીશ.

ભગવાન મહાવીરને પહેલે પગલે વિઘ્ન નડ્યું. પોતે ધ્યાનમાં હતા અને એક ગોવાળ, તેમની પાસે બળદ મૂકીને સંભાળવાનું કહી ગયો. મોડો મોડો પાછો આવ્યો, તો બળદ ના મળે. મહાવીરને પૂછ્યું તો એ ધ્યાનમાં હતા, એટલે જવાબ ના વાળ્યો. ગોવાળ બળદ માટે આખી રાત વગડામાં આથડ્યો. સવારે આવીને જુએ તો ભગવાન પાસે બળદ વાગોળે. ગોવાળ ચીડે ભરાયો. ભગવાનને રાશ લઈ મારવા દોડ્યો. પૃથ્વી તો ગેરસમજનો ગોળો છે. ગોવાળ ગોવાળની રીતે સાચો હતો, ભગવાન ભગવાનની રીતે.

આ વખતે દેવરાજ ઈન્દ્ર વચ્ચે પડ્યા. ગોવાળને વાર્યો ને ભગવાનને વિનંતી કરી : 'આગળ ઘણાં કષ્ટ પડશે, મને સાથે રાખો.'

ભગવાન બોલ્યા : 'આત્માનો માર્ગ એકાકી છે. આંતરશત્રુનો નાશ કરવા નીકળનાર અરિહંતો કદી કોઈની મદદ લેતા નથી. દરેક જીવની પોતાની મુક્તિ પોતાના ઉદ્યમ, બળ, વીર્ય ને પરાક્રમ પર જ નિર્ભર છે.'

ભગવાન તાપસોના આશ્રમમાં આવ્યા. ત્યાંનો કુલપતિ પૂર્વપરિચિત હતો. એણે ભગવાનને વર્ષાવાસ માટે એક ઝૂંપડી કાઢી આપી.ગાયો ઝૂંપડીનું ઘાસ ખાઈ જાય પણ ભગવાન 'હડ્ય' કહીને તેને હાંકે નહીં. કુલપતિને મહાવીર તરફ અપ્રીતિ થઈ. ભગવાને આશ્રમ છોડ્યો ને પાંચ સંકલ્પ કર્યા: (૧) અપ્રીતિ થાય તેવા સ્થળે રહેવું નહીં, (૨) ધ્યાનને અનુકૂળ સ્થાન શોધવું, (૩) પ્રાય: મૌન રહેવું, (૪) કરપાત્રથી જમવું અને (૫) ગમે તેવા ગૃહસ્થની પણ ખુશામત ન કરવી.

ભગવાન મહાવીર પોતાનાં પ્રરૂપિત સત્ય અને અહિંસા દ્વારા ધર્મચક્રવર્તી તરીકે પ્રખ્યાત થયા હતા. એ વખતે એક મહત્ત્વની ઘટના બની.

રાજગૃહી નગરીના નાલંદાપાડામાં ભગવાન મહાવીરના ચાતુર્માસ હતા. ત્યારે, આજીવક સંપ્રદાયનો એક યુવાન સાધુ ભગવાન પાસે આવ્યો. એણે કહ્યું: 'હું આપનો શિષ્ય થવા ચાહું છું.' પ્રથમ તો મહાવીરે તરત સ્વીકાર ન કર્યો, પણ આખરે સ્વીકાર કરતાં કહ્યું, 'ગોશાલક! આત્મવિલોપન એ આત્મવિજયની ચાવી છે. વૃક્ષ થવા ઇચ્છતા બીજને પહેલાં પૃથ્વીમાં દટાવું પડે છે.'

ગોશાલક ગુરુના ચરણો સેવી રહ્યો. ગુરુએ શિષ્યને કહ્યું, 'સહનશીલતાની પરીક્ષા માટે અનાર્ય દેશ ભણી જઈએ, જ્યાં આપણને કોઈ ઓળખતું ન હોય.'

એક દિવસ બંને અનાર્ય ભૂમિમાં ગયા. અહીં શિકારી કૂતરાઓ એમના પગની પિંડીનું માસ ખાઈ ગયા. આખો દેહ ઘીમેલોથી છવાઈ ગયો. ધૂળથી આંખો ભરાઈ ગઈ. એક માનવભક્ષી તેઓના શરીરનું માંસ કાપી ગયો. ગોશાલક કહે, 'પ્રભુ! આ સહ્યું જતું નથી.'

ભગવાન કહે, 'એક કલ્પના આપું. સંગ્રામમાં મોખરે રહેનાર હાથીની વૃત્તિ ધારણ કર. એ હાથી ગમે તેટલા ભાલા વાગે, તીર ભોંકાય, પણ કર્તવ્યને ખાતર શરીરની મમતા છોડી આગળ વધે

જાય છે. શરીરને એ સાધન લેખે છે. સિદ્ધિ મળી જાય ને સાધન છૂટી જાય તો શોક કેવો?'

આમ પહાડ જેવા અડોલ બનીને બબ્બેવાર ગુરુ શિષ્ય અનાર્ય-ભૂમિમાં ઘૂમી આવ્યા. આત્મિક સાધનાના આ પ્રવાસોમાં અનેક ચમત્કારો સર્જ્યા. આ ચમત્કારોએ શિષ્યનું મગજ ભમાવી દીધું. એને ગુરુ-સમોવડ થવાની ઝંખના જાગી. એ અલગ પડી ગયો. પોતાને આજીવક સંપ્રદાયના પ્રથમ તીર્થંકર તરીકે જાહેર કર્યો.

હવે દશ દશ વર્ષનો સાધનાકાળ વીતી ગયો હતો. આ સમય દરમ્યાન મહાયોગી મહાવીરના પરિભ્રમણોનું વૃત્તાંત, એમને પડેલાં દુ:ખોનો ચિતાર અને મનની નિસ્પંદ શાંતિ પૃથ્વી પર વર્ણવનારને માટે આંખમાં આંસુ અને મોમાં ગીત જેવા પાવનકારી પ્રસંગ બની ગયા હતા.

દેહ પર વસ્ત્ર નથી. પૃથ્વી પર બિછાનું નથી. હાથમાં પાત્ર નથી. મોંમા દાદ માગનારી જબાન નથી. માગવું ને મરવું સરખું બન્યું છે. મિત્ર પ્રત્યે મહોબત નથી. શત્રુ પ્રત્યે શત્રુતા નથી. સમભાવ વર્તે છે આત્મામાં!

આ વખતે સંગમ નામના દેવે કરેલા ઉપસર્ગો ભારે રોમાંચકારી-ભલભલા ગજવેલને મીણ બનાવી નાખનાર-છે. પણ ભગવાન મહાવીર એમાંથી અણિશુદ્ધ બહાર આવે છે. આ દુ:ખ, દર્દ ને યાતનાનો ઇતિહાસ એક-બે નહિ, છ છ માસ સુધી લંબાય છે. પણ હારવાની વાત કેવી?

સંગમ વિજય પછી ભગવાને યોગ્ય આહાર લેવાની ઇચ્છાએ છ-છ મહિનાના ઉપવાસ કર્યા. આવા ઉપવાસી પ્રભુને આહાર આપી મહાપુણ્ય હાંસલ કરવા ઇચ્છતાં રાજા, અમીર, શ્રેષ્ઠિઓ આતુર બની ગયા. ત્યાં પ્રભુએ એક ગુલામબાળા ચંદનાને હાથે અન્ન લઈ પારણું કર્યું. ત્યારે ખળભળાટ મચી ગયો. ગુલામને હાથે આર્ય પુરુષ પારણું કરે? રે, પણ ગુલામ કોણ? જે રાજા-રાણી પોતાના ખાનદાનનો ગર્વ કરે છે તેની જ ભાણેજ! લડાઈમાં પકડાયેલ કેદી! લોકો કહે, બળી આ લડાઈઓ! માણસને એ ગુલામ બનાવે છે, પશુની જેમ હડધૂત કરે છે અને સંસારમાં સ્મશાન સર્જે છે.

દીક્ષાનું તેરમું વર્ષ હતું ને ભગવાનના કાનમાં એક ગોવાળે ખીલા ખોડ્યા. પણ હવે તિતિક્ષાનો કાળ પૂરો થતો હતો.

ઋજુવાલુકા નદી હતી. જાંભુક ગામ હતું. ઉનાળાનો બીજો મહિનો હતો. વૈશાખ સુદ દશમનો દિવસ હતો. વિજયમુહૂર્ત હતું. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર હતું. શ્યામક નામના ગૃહસ્થનું ખેતર હતું. વૈયાવત્ત નામનું ચૈત્ય હતું. એના ઈશાન ખૂણામાં શાલવૃક્ષ હતું. ભગવાન મહાવીર એની નીચે ગોદોહાસને બેઠા હતા. છ ટંકના ઉપવાસ હતા, અને નિર્વાતારૂપ સંપૂર્ણ, પ્રતિપૂર્ણ આવ્યા હતા. નિર્વારણ, અનંત અને સર્વોત્તમ એવું કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. ભગવાન અર્હંત, જિન, સંયમી, સર્વજ્ઞ અને સર્વભાવદર્શી થયા.

દેવ, મનુષ્ય અને અસુર વગેરે ત્રણે લોકના વિવિભાવો એમને પ્રત્યક્ષ થયા. સંસારની કોઈ ગૂંચ એમને ન રહી. સંસારની કોઈ ગ્રંથિ એમને ન રહી.

દેવોએ સમવસરણ રચ્યું. ત્રણ કિલ્લા કર્યા, ચાર દ્વાર રચ્યા. ઉપર સિંહાસન ગોઠવ્યું. પ્રભુએ ધર્મદેશના આપી; અમૃતની એ વર્ષા હતી; પણ એમનો પહેલો ઉપદેશ એમ ને એમ વહ્યો.

જાંભૂક ગામથી ૪૮ કોસ દૂર અપાપા નામની નગરી વસી હતી. આર્ય સોમિલ નામનો શ્રીમંત બ્રાહ્મણ યજ્ઞ કરતો હતો. એણે યજ્ઞમાં ભાગ લેવા ભારતના ૧૧ વિદ્વાનોને નિમંત્રણ આપ્યું હતું. અગિયારે અગિયાર બ્રાહ્મણ બુદ્ધિમાં બૃહસ્પતિ અને વાદમાં વાચસ્પતિ હતાં. મોટા મોટા ચમરબંધીઓના માન તોડ્યાં હતાં. સહુની સાથે પાંચસો પાંચસો શિષ્યોનું જુથ હતું. એક એક શિષ્ય વિદ્યા અને વાદમાં મહારથી હતો.

ભગવાન મહાવીરને ધર્મદેશના માટે યોગ્ય અવસર જાગ્યો. એક રાતમાં ચાલીને અપાપા આવ્યા અને ધર્મદેશના શરૂ કરી. આ વખત સુધી મોટા મોટા લોકો રાજભાષા-દેવભાષા સંસ્કૃતમાં વાતો કરતા. લોકભાષામાં જનતાની જબાનમાં વાતો કરનાર ગામડીયો ગણાતો.

ભગવાન મહાવીરે જનતાની જબાનમાં વાત શરૂ કરી. કોઈ રહસ્ય નહિ, કોઈ ગૂઢ કે ગર્ભિતાર્થ નહિ, સીધેસીધી વાતો! એમણે કહ્યું:

'યજ્ઞમાં પશુ હિંસા ન કરો. શાસ્ત્રને ખાનગી ન રાખો. શૂદ્રને તિરસ્કારો નહિ. મારો મુખ્ય સંદેશ છે અહિંસાનો, અવેરનો, પ્રેમનો! મારો બીજો સંદેશ છે એકબીજાને સમજવાનો. હે મનુષ્યો! તમે જે ધારો તે તમારા પ્રયત્નથી થઈ શકે છે. તમારા ભાગ્યના વિધાતા તમે છો, ખુદ ઈશ્વર પણ નથી. તમારે પાંચ મહાવ્રત પાળવા ઘટે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ!

'યાદ રાખો સત્ય સાપેક્ષ છે. તમે નીરખ્યું તે જ સત્ય એવો એકાન્ત આગ્રહ ન રાખો. અનેકાન્તવાદ વિચારમાં અને અહિંસા આચારમાં સ્વીકારો.'

આ વાતો જગતને માથે અચરજ જેવી હતી. અને વધુ અચરજ તો ભારતના મહાન અગિયાર બ્રાહ્મણ વિદ્વાનોની હાજરીમાં કરવી, એ છોકરાના ખેલ નહોતા!

એક પછી એક વિદ્વાન ભગવાન મહાવીર સામે વાદ માટે મેદાને પડ્યા. અને ન બનવાનું બની ગયું. અગિયારે અગિયાર વિદ્વાન ભગવાનના શિષ્ય બની રહ્યા. એ વિદ્વાનોના ૪૪૦૦ શિષ્યો પણ એમના અનુયાયી બન્યા.

ભગવાન મહાવીરે હવે અપાપા નગરીમાં જ પોતાના સિદ્ધાંતોના પાલન કરનારાઓનો સંઘ સ્થાપવાની ઉદ્ઘોષણા કરી; અને જૈનોના ચતુર્વિધ સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકાના સંઘની એ દિવસે રચના થઈ.

શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ અગિયાર બ્રાહ્મણ શિષ્યોને ગણધર બનાવ્યા. તેમના શિષ્યગણને તેમના શિષ્યો બનાવી સાધુસંસ્થા સ્થાપી.

આ સભામાં ઉપસ્થિત સ્ત્રીઓ અને પુરુષો જેઓ ભગવાન મહાવીરના ઉપદેશમાં શ્રદ્ધા ધરાવતાં હતાં, છતાં સાધુ થવા ઇચ્છતા નહોતા, તેઓને શ્રાવક અને શ્રાવિકા બનાવ્યા. આમ, ચતુર્વિધ સંઘ રચ્યો અને પાંચ મહાવ્રતવાળા પોતાના ધર્મનું સુકાન

તેઓના હાથમાં મૂક્યું.

ચોવીસમા તીર્થંકર પોતે અને હવે પચીસમો તીર્થંકર સંઘ.

નિર્ગ્રંથ સાધુઓ માટે પાંચ મહાવ્રત કહ્યા. ગૃહસ્થો માટે બાર અણુવ્રત આપ્યા. આ પછી ઘણા વર્ષે ભગવાન મહાવીર પોતાની જન્મભૂમિમાં આવ્યા. અહીં પરિષદમાં બ્રાહ્મણ માતા દેવાનંદા પણ હતી. ભગવાનને જોઈ એની છાતીમાંથી દૂધની ધારા વહેવા લાગી.

ગણધર ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો. ભગવાને કહ્યું, 'ગૌતમ! દેવાનંદા મારી માતા છે. દેવાનંદાના શરીરમાં જે ભાવ પ્રગટ થયો, તેનું કારણ પુત્રસ્નેહ છે.'

ભગવાન મહાવીર ૫૭ વર્ષના થયા હતા. તેમની દીક્ષાના સત્યાવીસમા ચોમાસામાં તેઓ શ્રાવસ્તી નગરીમાં હતા. અહીં તેઓને પોતાના એકવારના શિષ્ય ગોશાલકનો ભેટો થયો. એણે ભગવાન સામે જ મોરચો માંડ્યો અને પોતે સિદ્ધ કરેલી તેજોલેશ્યા નામની અગ્નિજ્વાલા તેમના શરીર પર ફેંકી. પણ એ જ્વાલા પહાડને અથડાઈ પવન પાછો ફરે તેમ ભગવાન મહાવીરની દેહ આસપાસ આંટો મારી પાછી ગોશાલકના દેહમાં સમાઈ ગઈ. સાતમે દિવસે ગોશાલક મૃત્યુ પામ્યો.

એકવાર ભગવાનના પરમ ભક્ત મગધરાજ શ્રેણિકે પૂછ્યું, 'ભગવાન! મારી શી ગતિ થશે?'

ભગવાન કહે, 'નરકગતિ.'

મગધરાજ કહે, 'અને ગોશાલકની?'

ભગવાન કહે, 'સદ્ગતિ.'

મગધરાજ કહે, 'ભક્તોને નરક અને નિંદકોને સ્વર્ગ, આ કેવો ન્યાય?'

ભગવાન કહે, 'અદલ ન્યાય. છેલ્લી પળે ગોશાલકને મારી વાત સાચી લાગી. એનું મોત સુધર્યું. અંતિમ પળો એણે ઉજ્જવળ કરી. રાજન! જીવનમાં સાધનાની કિંમત છે, સ્નેહની નહીં!'

રાજા, મહારાજા, શેઠ, શાહુકારો, ચારે વર્ણના સ્ત્રી-પુરુષો અને કિરાત-ભીલ પણ ભગવાન મહાવીરના અનુયાયી બન્યા.

ભગવાને દીક્ષાનું એકતાલીસમું ચોમાસુ રાજગૃહમાં કર્યું અને બેતાલીસમું ચોમાસું કરવા પાવાપુરી નગરીમાં આવ્યા. જીવનનું બોંતેરમું વર્ષ પસાર થતું હતું. આસોની અમાવાસ્યાની મધરાતે નિર્વાણ પામ્યા!

દેવોએ આભમાં દીવડા પૂર્યા. માનવીઓએ પૃથ્વી પર દીપોત્સવી પર્વ માણ્યું.

સિંહને શસ્ત્ર શાં? વીરને મૃત્યુ શાં? મૃત્યુના અમૃતને ઓળખો છો?

ભગવાન મહાવીરે શાસ્ત્રોને આમજનતા માટે ખુલ્લાં મૂક્યાં. એ જમાનામાં આવી જ્ઞાનવાર્તા માત્ર દેવગિરા અર્થાત્ દેવોની ભાષા ગણાતી સંસ્કૃત ભાષામાં થતી હતી. સામાન્ય લોકો એ સમજી શકતા નહિ અને એમાં જ એની મહત્તા લેખાતી. સમજાય નહીં, એ જ મહાન વિદ્યા લેખાય, એવો ભ્રમ સર્વત્ર વ્યાપેલો હતો. ધર્મ, કર્મ અને તત્ત્વની ચર્ચા લોકભાષામાં કરવી એ હીનકર્મ લેખાતું. લોકભાષામાં બોલનારને કોઈ સાંભળતું નહિ અને શિષ્ટ લેખતું નહિ. કોઈ એનું સન્માન કરતું નહિ. કેટલાક કહેતા કે આવી ઉચ્ચ વાતો માટે ભાષા પણ ઊંચી અને અઘરી, ભાર ખમે તેવી હોવી જોઈએ.

ભગવાન મહાવીરે પહેલે પગલે ભાષાની ક્રાંતિ કરી. એમણે કહ્યું કે જ્ઞાન માત્ર જ્ઞાની માટે નથી, સામાન્ય માનવી માટે પણ છે. સામાન્ય લોકો સમજે એ રીતે એમની ભાષામાં બોલવું જોઈએ, આથી એમણે એ કાળની મગધ પ્રદેશની લોકભાષા અર્ધમાગધીમાં ઉપદેશ આપ્યો. એમાં સંસાર અને ધર્મનાં ગૂઢ રહસ્યો પ્રગટ કરવા માંડ્યા. લોકોને પોતાની જબાન અને પોતાની ભાષા મળી. પંડિતોનો ભારે બોજવાળો જ્ઞાનબોધ તો એમને માટે 'આંખનું કાજળ ગાલે ઘસ્યા' જેવું હતું. હવે પંડિત કહે તે શાસ્ત્ર અને શાસ્ત્ર કહે તે પ્રમાણ, એમ માનવાનું રહ્યું નહિ. મહાવીરનો ઉપદેશ સહુને સમજાયો અને બધાને માટે આત્મકલ્યાણનાં દ્વાર ખુલ્લાં થયાં.

ભગવાન મહાવીરે સ્ત્રીને સ્વતંત્રતા બક્ષવા માટે બે મહાન સુધારા કર્યા. એક તો વ્રતમાં બ્રહ્મચર્યને સ્થાન આપ્યું અને બીજું, સ્ત્રી સંન્યાસિની થઈ દીક્ષિત થાય તો સર્વ બંધનોમાંથી મુક્ત બને એમ કહ્યું. જાતિ અને વર્ણના મહત્ત્વને કાઢી નાખ્યું અને ચારિત્ર્યની મહત્તા સ્થાપી.

એમણે શુદ્રોને ગુલામીના અંધકારમાંથી બહાર કાઢ્યા અને પશુતામાંથી પ્રભુતા આપી. કોઈપણ વર્ણનો સ્ત્રી-પુરુષ ધર્મ સ્વીકારી શકે છે તેમ કહ્યું. હકીકતમાં એમણે શ્રમણને કુળ, રૂપ, જાતિ, જ્ઞાન, તપ, શ્રુત અને શીલનો જરા પણ ગર્વ ન કરનાર કહ્યો. ભગવાન મહાવીરની આ એક મહાન સામાજિક ક્રાંતિ ગણાય. એમણે આખીય પરિસ્થિતિમાં પરિવર્તન આણ્યું.

આત્માના ઊંડાણમાંથી ઊગેલા આ સત્યવિચારે સમાજમાં સ્થાયી રૂપ લીધું. ભગવાન મહાવીરે નીડરતા અને દઢતાથી પોતાના વિચારો પ્રગટ કર્યા અને અમુક વર્ગના અસાધારણ પ્રભુત્વ, હિંસાચાર અને માનસિક ગુલામીમાંથી લોકોને મુક્તિ અપાવી.

વર્ણાશ્રમની જડ દીવાલોમાં કેદ થયેલા સમાજને બહાર લાવ્યા. ઊંચનીચની કલ્પનામાં સમૂળી ક્રાંતિ કરી. સ્ત્રીને બાળપણમાં પિતા પાળે, યુવાનીમાં પતિ પાળે અને ઘડપણમાં પુત્ર પાળે એ વિચાર પર કુઠારાઘાત કર્યો. જાતિ કે લિંગના ભેદો આત્મવિકાસમાં ક્યાંય, કદીય બાધારૂપ બનતા નથી તેમ કહ્યું.

આત્મતત્ત્વની દૃષ્ટિએ બધા સરખા છે. બ્રાહ્મણ કે શુદ્ર, સ્ત્રી કે પુરુષ, યુવાન કે વૃદ્ધ, રાય કે રંક, જે કોઈ પુરુષાર્થ કરે તે મોક્ષનો અધિકારી છે. આના સમર્થનમાં જ તેમણે ચંદનબાળાને પ્રથમ સાધ્વી બનાવી. ઈશ્વરકૃપા પર આધાર રાખીને પ્રારબ્ધને સહારે જીવતા માનવીની ગુલામી એમણે દૂર કરી. પુરુષાર્થનો ઉપદેશ આપ્યો અને કહ્યું,

'દેવ ભલે મોટો હોય, ગમે તેવું તેમનું સ્વર્ગ હોય, પણ માણસથી મોટું કોઈ નથી. માણસ માનવતા રાખે તો દેવ પણ એનાં ચરણમાં રહે!'

માણસે આ માટે સત્ય અને પ્રેમનો આગ્રહ રાખવો જોઈએ. પ્રત્યેક માણસ પોતાના કાર્યથી, પોતાના ગુણથી અને પોતાના પરિશ્રમથી મહાન થઈ શકે છે. એ માટે જાતિ, કુળ કે જન્મ નિરર્થક છે.

ભગવાન મહાવીરે બ્રહ્મચર્યમાં પરિગ્રહ-વિરમણ વ્રતથી વિશેષ જોયું. બ્રહ્મચર્ય એ માત્ર બીજી બહારની વસ્તુઓ ગ્રહણ કરવી કે છોડી દેવી, એવો ફક્ત બાહ્ય વેપાર નથી, પરંતુ એ તો આત્મિક સંયમનો પ્રશ્ન છે. એ જ રીતે કર્મનાં બંધનોનો છેદ કરવાનો એક અને અદ્વિતીય ઉપાય તપ છે એમ કહીને જીવનમાં તપના મહત્ત્વને અસાધારણ પ્રતિઠા આપી.

આમ ભગવાન મહાવીરે ગુલામ મનોદશામાંથી માનવીને મુક્તિ અપાવી. પ્રારબ્ધને બદલે પુરુષાર્થથી એને ગૌરવ અપાવ્યું. શુષ્ક પાંડિત્ય સામે સક્રિય પ્રયત્નનું પ્રતિપાદન કર્યું. વર્ષોથી ચાલી આવતી રૂઢ માન્યતા અને અંધવિશ્વાસને દૂર કરીને મહાવીરે વિચાર-સ્વાતંત્ર્યની પ્રતિષ્ઠા કરી. પોતાને સાચું લાગે તેનો સ્વીકાર કરવાની નીડરતા બતાવી.

આચારમાં અહિંસા આપી. વિચારમાં અનેકાંત આપ્યો. વાણીમાં સ્યાદ્વાદ કહ્યો. સમાજમાં અપરિગ્રહ સ્થાપ્યો. ✱ ✱ ✱

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

# 'પ્રાચીન હસ્તલિખિત ગ્રન્થો'

તા. ૮-૩-૨૦૦૮ થી તા. ૧૨-૩-૨૦૦૮ સુધી, 'પ્રાચીન લિપિ તેમજ હસ્તલિખિત ગ્રન્થો' વિષયમાં એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ અને તેમાં સહભાગી થવાનું ભાગ્ય સાંપડ્યું. આ કાર્યશાળામાં અનેક પંડિતો તેમજ નિષ્ણાતો દ્વારા થયેલ માર્ગદર્શન મળ્યું...

પ્રાચીન સમયમાં ગ્રન્થો ખાસ પ્રકારનાં કાગળો તેમ જ ખાસ પ્રકારનાં રંગો વડે લખવામાં તેમ જ ચિત્રણ કરવામાં આવતા હતા, જે સેંકડો વર્ષો સુધી જળવાઈ રહેતા. આ ઉપરાંત ખાસ પ્રકારનાં ડબાઓમાં તેમજ આયુર્વેદિક જડી બુટ્ટીઓ સાથે રાખીને જાળવણી કરવામાં આવતી. પરંતુ દરેક વસ્તુઓનું જેમ આયુષ્ય હોય છે તેમ ગ્રન્થોનું પણ આયુષ્ય હોય છે...

મહાપ્રશ્ન એ છે કે, આપણા જ્ઞાન તેમજ સંસ્કૃતિથી ભરપુર વારસારૂપ ગ્રન્થોની જાળવણી માટે શું કરી શકાય? આજે આ કાર્ય કરવા માટે ઘણું મોડું થયેલ છે, એટલે હવે યુદ્ધનાં ધોરણે કાર્ય કરવા માટે મોટું સૈન્ય ઊભું કરવું જોઇએ. સૈન્ય એટલે દરેક વ્યક્તિનો શક્તિ પ્રમાણે સહયોગ..

ઉપર્યુક્ત કાર્યશાળામાં પ્રાચીન લિપિ વિષે પણ જાણકારી આપવામાં આવેલ. આ વિષયમાં મુખ્ય મુદ્દો, ગ્રન્થો લખતી વખતે લખાણકર્તાઓ દ્વારા પોતાની સુવિધા તેમજ સંજોગ પ્રમાણે, કાનો-માત્રા વગેરે લખવાની પદ્ધતિમાં ફેરફાર કરીને લખતા. તેમજ શબ્દો છુટ્ટા લખવાને બદલે સળંગ જોડીને પણ લખતા. આમ કરવાનાં પરિણામે, પહેલાના લોકો કદાચ આવા લખાણોને સમજીને વાંચી શકતા પણ આજે આ પદ્ધતિનો ઉકેલ જાણનારા બહુ જ અલ્પ લોકો છે. જેથી મોટાભાગના લોકો સત્ય લિપિ સમજી શકતા નથી. અને ભૂલો થવાનો ઘણો જ સંભવ છે. આ બાબત બહુ જ અગત્યની હોઈને ગ્રન્થોનું પુનઃ નિર્માણ કરતા પહેલાં લિપિના નિષ્ણાતોની પણ ફોજ તૈયાર કરીને, તેનાં દ્વારા 'લિપિયાન્તર' (ભાષાન્તર નહીં) કરાવીને પછી જ શુદ્ધતાપૂર્વક ગ્રન્થોનું પુનઃ નિર્માણ કરાવવું...

આ બધું કરવા માટે આપણી પાસે અસંખ્ય પ્રમાણમાં 'પંડિતાઈના ડૉક્ટરો' (પીએચ.ડી.) છે. મારી તેઓને વિનમ્ર પ્રાર્થના છે કે, આપ ડૉક્ટરો સૈન્યના સેનાપતિ થઈને આગળ આવો અને મૃત-પાય થયેલ પ્રાચીન હસ્તલિખિત ગ્રન્થો તેમજ તેના જ્ઞાન અને સંસ્કૃતિને સંજીવનિ આપીને પુનઃ જીવિત કરો. આ કાર્યમાં દરેક વ્યક્તિ રસ લઈને તથા યોગ્ય સાથ આપે એ જ પ્રાર્થના...

આ ઉપરાંત લખાણો સેંકડો વર્ષો સુધી ટકી રહે તે માટે રંગો બનાવવાની ખાસ પદ્ધતિનો ઉદ્દભવ થયો. રંગો ખાસ કરીને કુદરતી વનસ્પતિ તેમજ ખનીજોમાંથી ખાસ પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવતા હતા. આ ઉપરાંત શુદ્ધ સોના તેમજ રૂપાના રંગો તેમજ જે માધ્યમો ઉપર હસ્તકલા દ્વારા લખાણ તેમ જ ચિત્રણ કરવામાં આવતું, જે સેંકડો વર્ષો સુધી ટકી રહેતું...

અહીં થોડા રંગોના ઉદાહરણો જોઈએ. વનસ્પતીજન્ય રંગોમાં, તલનાં તેલના દિવાની મેશમાંથી કાળો રંગ, અળતો (અલતો) માંથી ફાલસા (રાણી) રંગ, ગુલી (ગલી)માંથી ગાઢો બ્લુ રંગ બને છે. ધાતુજન્ય રંગોમાં શુદ્ધ સોનામાંથી સોનેરી, શુદ્ધ ચાંદીમાંથી રૂપેરી રંગ બને છે. ખનિજજન્ય રંગોમાં સિંદુરમાંથી કેશરી રંગ, સફેદોમાંથી સફેદ રંગ, હિંગળોક (હિંગુલ)માંથી લાલ રંગ, વરગી હરતાલમાંથી પીળો રંગ, ગેરૂમાંથી ગાઢો લાલ રંગ બને છે. આ ઉપરાંત પણ ઘણા કુદરતી દ્રવ્યોમાંથી રંગો બને છે. ઉપરના રંગોના મિશ્રણ વડે અનેક પ્રકારના રંગો બનાવવામાં આવે છે...

હું અને મારી પૌત્રી, જુહી મહેતાએ સાથે મળીને જૂની શાસ્ત્રોક્ત પદ્ધતિ પ્રમાણે ગ્રન્થો લખવાની શરૂઆત કરી છે, જેમાં હજાર વર્ષો સુધી ચાલે તેવા કાગળ મેળવી લીધેલ છે, તેમજ ખનિજ અને તલના તેલના દિવાની મેષમાંથી રંગો બનાવાવનું શરૂ કરી દીધેલ છે અને તેમાં સફળતા પણ મળેલ છે. આ બાબતમાં કોઈને જોવું જાણવું હોય તો મારો સંપર્ક કરવો. ✱ ✱ ✱

❑ **નટવરલાલ જે. મહેતા**
ફ્લેટ નં. બી/ભોંયતળિયે, હીરા માણેક સીએચએસ લિ.,
૪૮/ડી, બાપ્ટીશા રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬.

# લલના-પ્રિય અર્જુન

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

શ્રી રમણભાઈ નીલકંઠના 'રાઈનો પર્વત' નાટકમાં મુક્તક જેવો એક શ્લોક આવે છે:

*'જે શૌર્યમાં કોમલતા સમાઈ,*
*તેને જ સાચું પુરુષત્વ માન્યું;*
*દ્રવન્ત લોખંડનું ખડ્ગ થાય,*
*પાષાણનાં ખડગ નથી ઘડાતાં.'*

આ શ્લોકમાં પુરુષત્વનો મહિમા ગાયો છે. જે શૌર્યમાં કૌર્ય નહીં પણ કોમલતા ગર્ભિત હોય તેને સાચું પુરુષત્વ સમજવું. આ વિચારને સ્પષ્ટ કરવા લોખંડ ને પાષાણનું દૃષ્ટાંત લીધું છે. પાષાણની તુલનાએ લોખંડ વજ્ર સમ કઠીન હોય છે પણ અતિ ઉષ્માથી લોખંડ દ્રવી જાય છે, પાષાણમાં લોખંડ જેવી દ્રવણશક્તિ નથી...એથી તો પાષાણનાં ખડ્ગ ઘડાતાં નથી, જ્યારે લોખંડનાં ખડ્ગ ઘડાતાં હોય છે, મતલબ કે કોમલતાથી શૌર્ય દીપે છે. ગુણસંપદાની આ યુતિમાં-શૌર્ય ને કોમલતામાં-અર્જુન કદાચ અજોડ છે. કૌર્ય-મુક્ત શૌર્યને કોમલાંગીઓ પણ ઝંખે છે. 'મહાભારત એક આધુનિક દૃષ્ટિકોણ'માં અર્જુન સંબંધે બુદ્ધદેવ બસુ લખે છે: 'તેના જેવું વૈવિધ્યભર્યું અને ઘટનાપ્રધાન જીવન સમગ્ર મહાભારત-રામાયણમાં બીજા કોઈનું પણ નથી.' એના શૌર્ય ને કોમલતાને અંજલિ આપતાં લખે છે:-એક બાજુ તે સામનો ન કરી શકાય તેવો યોદ્ધો છે, તો બીજી બાજુ તે પરમ સુંદર યુવાન પુરુષ છે. તેના કીર્તિ-ફલકમાં આ વાત પણ ઉજ્જવળ અક્ષરે કોતરાયેલી છે કે તે લલનાપ્રિય છે અને સ્ત્રીઓ તેને ચાહે છે.' આ લેખમાં આપણે એના પ્રણય-પ્રસંગોની જ વાત કરવાની છે. એમાં એની લલના-પ્રિયતાના રહસ્યનું પણ ઉદ્‌ઘાટન થશે.

આમ તો દ્રૌપદી પાંચેય પાંડવોની પત્ની હતી, તદપિ એનું દામ્પત્ય-સાહચર્ય યુધિષ્ઠિર સાથે અન્યની તુલનાએ વિશેષ હતું પણ પ્રગાઢ કે ઉત્કટ નહીં. અર્જુનનાં ચોવીસ વર્ષ તપશ્ચર્યા ને અસ્ત્રશસ્ત્ર પ્રાપ્તિની સાધનામાં જાય છે ને દ્રૌપદીથી દૂર રહે છે છતાંયે 'મહાપ્રસ્થાન' સમયે જ્યારે દ્રૌપદી પડે છે ત્યારે ભીમ યુદ્ધિષ્ઠિરને પૂછે છે:-

*ભીમ : મહારાજ ! ધર્મરાજ !*
*પાંચાલીની સૌ પ્રથમ આયુર્જ્યોત બૂઝી શેણે?*
*યુદ્ધિષ્ઠિર : કહું? શું તું જીરવી શકીશ સત્ય?*
*પાંચેમાં અર્જુન પ્રતિ હતો પક્ષપાત તેનો.*

*દ્રૌપદીનું અનોખું આ દામ્પત્ય જે ખીલ્યું તેમાં*
*સહજ જો ઢળી તું-ઉછળી જતું હૃદય*
*ધનંજય પ્રતિ એનું, એમાં શી આશ્ચર્ય વાત?*

('મહાપ્રસ્થાન'-પૃ. ૫૮૩, ઉમાશંકર જોષી) (સમગ્ર કવિતા)

યુદ્ધિષ્ઠિરની વાત અંશતઃ નહીં પણ સર્વથા સત્ય છે. 'દ્રૌપદીનું અનોખું દામ્પત્ય ખીલવવામાં અર્જુનનો અગ્ર હિસ્સો છે એટલે જ સ્તો સુભદ્રાહરણ પછી, નવવધૂ સુભદ્રાને લઈને અર્જુન પાંડવપ્રસ્થ આવ્યો ત્યારે સ્ત્રીસહજ ઇર્ષ્યાથી દ્રૌપદી ટોણો મારતાં અર્જુનને કહે છે: 'અહીં શા માટે અર્જુન? જ્યાં યાદવકન્યા છે ત્યાં જ જાઓ.' પણ આખરે તો દ્રૌપદી એ દ્રૌપદી છે. પ્રણય-શાસ્ત્રનું એક સર્વસ્વીકૃત સામાન્ય સત્ય ઉચ્ચારે છે: 'પણ એમાં તમારો યે શો દોષ? ભારે વસ્તુ બાંધી રાખવા છતાં પણ કાલક્રમે તે જ બંધન શિથિલ થઈ જાય છે.' કીચકવધ પછી, સ્ત્રીવેશી અર્જુનને સૈરંધ્રીરૂપે રહેલી દ્રૌપદી કહે છે: 'તમે કન્યાઓના સંગમાં આનંદથી રહો છો, તો ત્યાં જ રહો.' સંકુલ માનવ-મનની કેવી ગહરાઈ ને ગહનતા છે.' એવી લલના-પ્રિયતામાં એનું શૌર્ય ને કોમલતા કેન્દ્રસ્થાને છે.

પ્રથમ વનવાસનાં બાર વર્ષ દરમિયાન અર્જુન જ્યારે નાગકન્યા ઉલૂપીના સંસર્ગમાં આવે છે ત્યારે નાગકન્યા કામવિહ્‌વળ બની અર્જુનને કામતૃપ્તિ માટે વિનવે છે ત્યારે અર્જુન એના બાર વર્ષ સુધીના બ્રહ્મચર્યવ્રતની વાત કરે છે ત્યારે ઉલૂપી બે દલીલ કરે છે. એની પ્રથમ દલીલ એવી છે કે તમારું એ વ્રત તો દ્રૌપદી પૂરતું સીમિત છે. બીજી દલીલ ધર્મની (?) આણ દઈને કહે છે. કામવિહ્‌વલા એવી હું અતૃપ્તિથી અપમૃત્યુ પામીશ તો તમને તેનું પાપ લાગશે ને જો હું કામતૃપ્તિ પામીશ તો એનું પુણ્ય તમારા પ્રતિજ્ઞાભંગના પાપ કરતાં વિશેષ હશે! કાયદો અને ધર્મના વ્યક્તિ સ્વાર્થમૂલક અર્થઘટનની શી બલિહારી!

મણિપુર રાજકન્યા ચિત્રાંગદાને એના પિતાએ રાજકુમાર તરીકે ઉછેરી, ધનુર્વિદ્યા અને રાજદંડ નીતિનું શિક્ષણ આપ્યું છે. લજ્જા, ભય ને અંતઃપુરવાસ ત્યજી તે યુવારાજરૂપે રાજકાજ કરે છે. બાર વર્ષના વનવાસ દરમિયાન એકવાર અર્જુન ચિત્રાંગદાને જુએ છે ને ઉલૂપીથી વિપરીત એવો વ્યવહાર કરે છે! ચિત્રાંગદા પ્રત્યે તે આકર્ષાય છે ને પ્રણય ગાંધર્વલગ્નમાં પરિણમે છે. બભ્રુવાહન નામે એક પુત્ર પણ પ્રાપ્ત થાય છે. કવિવર રવિન્દ્રનાથે 'ચિત્રાંગદા' નામે એક સુંદર પદ્ય-નાટક લખ્યું છે. એ નાટકના અન્તમાં પોતાનો સાચો પરિચય આપતાં ચિત્રાંગદા પોતાની અભિલાષાઓની અભિવ્યક્તિ આ રીતે કરે છે.

*'હું છું ચિત્રાંગદા-*
*દેવી નથી તો નથી સામાન્ય રમણી !*
*પૂજા કરી રાખો માથે એવીયે હું નથી.*
*અવહેલના કરી પાછળ ને પાછળ જ રાખી મૂકો*
*એવી યે હું નથી.*

*પડખે જો રાખો મને–*
*સંકટના પખે, દુરૂહ ચિંતાનો*
*એકાદ જો અંશ આપો*
*અનુમતિ આપો મને કઠિન વ્રતે સહાય કરવાને*
*સુખે–દુઃખે કરો મને સહચરી,*
*ત્યારે જ મારો પામી શકશો પરિચય.*
*ધારણ કર્યું છે આ ગર્ભમાં*
*જે તમારું સંતાન, એ જો પુત્ર હોય*
*આ શૈશવ વીર શિક્ષા ભણાવીને*
*દ્વિતીય અર્જુન કરી એને એક દિન*
*સોંપું એના પિતૃ પદે ત્યારે જ મને પામી શકશો.*
*પ્રિયતમ!*
*આ જ તો હું આટલું જ નિવેદન કરું ચરણમાં–*
*હું છું ચિત્રાંગદા, રાજેન્દ્રનંદિની.*
*અર્જુન : પ્રિયે! આજે તમે કર્યો મને ધન્ય!*

અર્જુન–ઉર્વશીનો પ્રણય–કિસ્સો ભિન્ન ને ઊંચી કોટિનો છે. બાર વર્ષના વનવાસ દરમિયાન અર્જુનને તે કિરાતવેશી શિવ સાથે યુદ્ધ થાય છે. એની વીરતાથી પ્રસન્ન થયેલા શિવ પાશુપતાસ્ત્ર આપે છે. ઈન્દ્રની ઈચ્છાથી તે થોડોક સમય સ્વર્ગમાં ગાળે છે. ઈન્દ્રની સાથે અર્ધાસને બેઠેલો અર્જુન ઉર્વશીનું નૃત્યગાન માણે છે. ઉર્વશી અર્જુનની અનુરાગી બને છે. ઈન્દ્ર, ચિત્રસેન દ્વારા ઉર્વશીને અર્જુનના મનોરંજનાર્થે મોકલે છે પણ અર્જુન તો તેને પુરુવંશની આદ્યજનની રૂપે પૂજનીય માને છે. શ્રી ઉમાશંકર જોષીએ, 'અર્જુન–ઉર્વશી' રૂપે લખેલ નાટક–કવિતામાં કહ્યું છે તેમ અર્જુન એના આવા પવિત્ર વ્યવહારથી 'સ્વર્ગમાં પૃથ્વીનું એક મૂલ્ય સ્થાપી આવે છે.'

*અર્જુન : દેવી !...*
*ઉર્વશી : નથી દેવી ! છું માત્ર અપ્સરા,*
*બંકિમ ભ્રૂકુટિભંગે ચિત્તહરા...*
*લે! એમાં તો ઢાંકી કાન ઊભો કેવો!*
*–ધન્ય આ ચૂકે છે જોયું દૃશ્ય દેવો–*

અર્જુન ઉર્વશીને જેવી કુંતી, જેવી માદ્રી, શચી જેવી ગણે છે–પૌરવમંડન!

'મહાભારત' (એક આધુનિક દૃષ્ટિકોણ)માં એના લેખક બુદ્ધદેવ બસુ પૃ. ૧૨૨ ઉપર આ સંબંધને આ રીતે મૂલવે છેઃ 'સિદ્ધાંતવાઝીશ સંસ્કરણની શરૂઆતમાં જ કુરુવંશની જે વંશાવળી આપવામાં આવી છે તે મુજબ પુરુરવા અને ઉર્વશીનો પૌત્ર નહુષ, નહુષનો પુત્ર યયાતિ, યયાતિ પછી ચોત્રીસ પેઢી પછી શાન્તનુ–આ શાન્તનુ મહાભારતની મૂળ કથા સાથે જોડાયેલા પહેલા કુરુરાજ છે. ઉર્વશી અને અર્જુન વચ્ચે ચાલીસ પેઢીનું અંતર છે. સમયનું અંતર તો (આ સ્વલ્પજીવી કળિયુગને હિસાબે પણ) કંઈ નહીં તોયે એક હજાર વર્ષ થાય!

અપમાનિતા ઉર્વશી અર્જુનને શાપ આપે છેઃ

*ઉર્વશી : કહું સર્વ–હારી :*
*નથી નર, વીર, માત્ર છું હું નારી*
*નારીત્વનો મારા, વ્હોર્યો છે તેં કોપ,*
*પુરુષત્વ તારું, તો, હજો અલોપ.*

અર્જુન, આ શાપની વાત ઈન્દ્રને કરે છે ત્યારે ઈન્દ્ર કહે છેઃ

*ઈન્દ્ર : મળ્યો જેમાં શાપ!*
*શાપ પોષાશે પણ પોષાશે ન પાપ.*
*તેરમું જે વર્ષ ગાળવાનું ગુપ્ત*
*છે, તેમાં છો તારું પૌરુષ હો લુપ્ત.*
*શાપ એ તારે તો થશે વરદાન.*

સાચે જ બગાસુ આવે ને મુખમાં લાડવો પડે તેમ ઉર્વશીનો આ શાપ અર્જુનને તેરમા વર્ષના અજ્ઞાતવાસમાં બૃહન્નલારૂપે ફળ્યો. વિરાટ નરેશની રાજકુમારી ઉત્તરાને ગાયન–વાદન–નૃત્યસંગીતની શિક્ષા આપતાં એ સંબંધ દૃઢમૂલ બન્યો. વિરાટ નરેશે તો અર્જુનને જ ઉત્તરાની પત્ની રૂપે 'ઓફર' કરી પણ ગુરુ–શિષ્યના સંબંધની પવિત્ર પરંપરાને ખ્યાલમાં રાખી, ઉભયની સંમતિથી ઉત્તરાકુમારીનો અર્જુને પુત્રવધૂ રૂપે સ્વીકાર કર્યો.

અર્જુન અને યુધિષ્ઠિરની તુલના કરતાં બુદ્ધદેવ બસુ અર્જુનને ભોગલિપ્સુ અને યુદ્ધિષ્ઠિરને વૈરાગ્યસાધક ગણાવે છે. 'સરળ ભાષામાં એકને પ્રાણોચ્છલ અને કર્મઠ તથા બીજાને શાન્ત અને ધ્યાન–તન્મય કહેવાય. અર્જુનના ચરિત્રમાં એક અખંડતા છે. 'યુદ્ધિષ્ઠિર અને અર્જુન' નામના બીજા લેખમાં કહે છે. 'અર્જુન જાણે કે એક હંમેશનો ચિરપ્રફુલ્લિત બાળક છે, જેને મન શત્રુ એટલે વધ્ય અને શત્રુ એટલે કોઈ હરીફ. ભોગ્ય એટલે વસુંધરા અને નારી અને કૃત્ય એટલે અધિકાર–વિસ્તાર. એના સુંદર મુખ પર ચિંતાની છાયા કદી પડતી નથી.'

અર્જુન બે અર્થમાં લલના–પ્રિય છે. લલનાઓ એને પ્રિય છે ને એ પણ એથીય વિશેષ લલનાઓને પ્રિય છે. અન્તમાં એની લલનાપ્રિય પ્રકૃતિને માટે કહી શકાયઃ

*'પામવો સુંદરી સ્નેહ*
*એ ય ઓછું ન સાહસ.'*

***

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા–૭.

**ખાસ નોંધ**

સ્થળ સંકોચને કારણે આત્મસિદ્ધિ શાસ્ત્ર આ મહિને પ્રકાશિત નથી કરી શક્યા. –તંત્રી

**ખાસ નોંધ**

સ્થળ સંકોચને કારણે મહાકવિ શ્રી રામચંદ્રનો આગળનો ભાગ મે માં પ્રકાશિત કરીશું. –તંત્રી

# જીવદયાના સમર્થનમાં ઐતિહાસિક ચુકાદો બાદશાહ અકબર થી આજ સુધી

❑ વી. આર. ઘેલાણી

આ ઐતિહાસિક ચૂકાદો આવ્યો એટલે એની પૂરી વિગત 'પ્ર. જી.'ના વાચકો સમક્ષ પ્રસ્તુત કરવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે. એ માટે એ વિષયના નિષ્ણાંતો જ આ ચૂકાદાની છણાવટ કરી શકે.

શ્રી વી. આર. ઘેલાણી પ્રખ્યાત ટેક્ષ કન્સલ્ટન્ટ અને કાયદાના સલાહકાર છે. અને વર્ષોથી શ્રી મુંબઈ જૈન યુવક સાથે સક્રિય રીતે સંકળાયેલા છે અને સંસ્થાની કારોબારી સમિતિના સભ્ય પણ છે. એઓશ્રીએ ખૂબ જ પરિશ્રમ કરી આ લેખ તૈયાર કર્યો છે. એઓશ્રીનો આભાર.

આ ચૂકાદા માટે આપણે ગુજરાત સરકારને–નરેન્દ્ર મોદીને પણ ખાસ અભિનંદન આપીએ. –તંત્રી

*જૈનોના પર્યુષણના નવ દિવસ દરમિયાન કતલખાના બંધ રાખવાનો પ્રતિબંધ ગેરવાજબી નિયંત્રણ નથી*
*–સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો*

ભારત એ ઘણી બધી સંસ્કૃતિઓનો સમન્વય ધરાવતો દેશ છે અને તેથી કોઈ પણ મુદ્દા ઉપર વધુ પડતી લાગણી દર્શાવવી ના જોઈએ. જો ધાર્મિક લાગણીને માન આપીને જૈનોના પવિત્ર પર્વ પર્યુષણ દરમિયાન નવ દિવસ કતલખાના બંધ રહેતા હોય તો તેને 'ગેરવાજબી નિયંત્રણ' ના ગણી શકાય, એવો ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ફગાવતો, ઐતિહાસિક ચુકાદો સુપ્રિમ કોર્ટની ડિવિઝન બેન્ચે હાલ ૧૪ મી માર્ચ–૨૦૦૮ના રોજ જાહેર કર્યો છે. દેશની સર્વોચ્ચ અદાલતના આ ચુકાદાથી જૈન ધર્મના અહિંસાના સિદ્ધાંતની પ્રતિષ્ઠા થઈ છે. સુપ્રિમ કોર્ટ સુધી ગયેલ આ કેસની વિગત ટૂંકમાં અહીં નીચે દર્શાવેલ છે.

(કેસ નં. અપીલ (સીવીલ) ૫૪૬૯/૨૦૦૫. હિંસા વિરોધક સંઘ–વરસીસ–મીરઝાપુર મોટી કુરેશ જમાત અને બીજાઓ)

૧. સને ૧૯૯૩માં તત્કાલીન ગુજરાત રાજ્ય સરકારની સૂચનાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને જૈનોના પર્યુષણ દરમિયાન આઠ દિવસ કતલખાના બંધ રાખવા માટે સ્ટેન્ડિંગ કમિટીમાં ઠરાવ કર્યો હતો.

૨. ત્યારબાદ સને ૧૯૯૮ તથા સને ૧૯૯૯માં શ્વેતાંબરોના પર્યુષણ દરમિયાન આઠ દિવસ અને દિગમ્બરોના પર્યુષણ દરમિયાન દસ દિવસ એમ કુલ અઢાર દિવસ મ્યુનિસિપલ કતલખાના બંધ રાખવાનો ઠરાવ પણ થયો હતો.

૩. જો કે હકીકતમાં ઉપરોક્ત ઠરાવ સંદર્ભે અમલ ફક્ત નવ દિવસ મ્યુનિસિપલ કતલખાના બંધ રાખવાનો જ થતો હતો. અને કતલખાના એ મુજબ બંધ રહેતા હતા.

૪. ગુજરાત રાજ્યની સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને પણ પાછળથી આવો ઠરાવ કર્યો હતો.

૫. સને ૧૯૯૩માં ઉપર જણાવ્યા પ્રમાણેના અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનના ઠરાવને મિરઝાપુર મોટી કુરેશ જમાતે ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

૬. આ કેસ ગુજરાત હાઈકોર્ટમાં ચાલતો હતો ત્યારે જીવદયા અને પશુરક્ષા ક્ષેત્રે કાર્યરત હિંસા વિરોધક સંઘના માનદ્ મંત્રી તથા ધારાશાસ્ત્રી અરૂણ ઓઝા તરફથી સ્પેશ્યલ લીવ પીટીશન થઈ હતી.

૭. ઉપરોક્ત કેસમાં અન્ય લગભગ સાત જૈન સંસ્થાઓ પણ પક્ષકારો તરીકે જોડાઈ હતી.

૮. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ જે. એસ. સિંઘવી અને જસ્ટિસ અનંત એસ. દવેની **ડિવિઝન બેન્ચે તા. ૨૨–૬–૦૫ના રોજ મિરઝાપુર મોટી કુરેશ જમાતની તરફેણમાં ચુકાદો આપ્યો.**

૯. ઉપરોક્ત ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું કે, પર્યુષણ દરમિયાન મ્યુનિસિપલ કતલખાના બંધ રાખવાનો ઠરાવ કસાઈઓના ધંધા–રોજગાર કરવાના, દેશના બંધારણના આર્ટિકલ ૧૯ (૧) (જી) મુજબના મૂળભૂત અધિકાર ઉપર તરાપ સમાન અને રોજીરોટી માટે અસરકર્તા છે. અને તેથી એ ઠરાવને ગેરવાજબી નિયંત્રણ ગણાવી રદ જાહેર કર્યો.

૧૦. ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદા સામે સુપ્રિમકોર્ટમાં નીચે મુજબની આઠેક સંસ્થાઓએ સ્પેશ્યલ લીવ પિટીશનો (એસ.એલ.પી.) દાખલ કરી હતી.
(૧) હિંસા વિરોધક સંઘ
(૨) આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
(૩) અમદાવાદ પાંજરાપોળ
(૪) સેટેલાઇટ મૂર્તિપૂજક જૈન સંઘ
(૫) નવરંગપુરા જૈન શ્વેતાંબર સંઘ
(૬) શાહીબાગ ગીરધરનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશન
(૭) સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન
(૮) શ્રી લક્ષ્મી વર્ધક જૈન સંઘ

૧૧. સુપ્રિમ કોર્ટમાં ૨૦૦૫માં આ બધી એસ.એલ.પી.ઓ. થઈ.

તેમાં સુપ્રિમ કોર્ટે ગુજરાત હાઈકોર્ટના ચુકાદા સામે સ્ટે આપી વચગાળાની રાહત આપી હતી. તેથી પર્યુષણ દરમિયાન મ્યુનિસિપલ કતલખાના બંધ રહેતા હતા. આ બાબત ખાસ નોંધ લેવા પાત્ર છે. આજે પણ તેનો અમલ ગુજરાત રાજ્યમાં થઈ રહેલ છે.

૧૨. ઉપરોક્ત જુદી જુદી સંસ્થાઓએ કરેલ એસ.એલ.પી.ની સુનવણી એક સાથે કરવામાં આવી. અને તે તા. ૧૧-૩-૦૮ના રોજ પુરી થયા બાદ જસ્ટિસ એસ. કે. સેમા અને જસ્ટિસ મારકન્ડે કાત્જૂની ડિવીઝન બેન્ચે તા. ૧૪-૩-૦૮ના રોજ ચુકાદો આપતા જણાવ્યું કે:-

**(૧) વર્ષોથી પર્યુષણ દરમિયાન મ્યુનિસિપલ કતલખાના બંધ રાખવાની પ્રથા ગુજરાતમાં અમલમાં છે.**

**(૨) આ પ્રથાને ગેરવાજબી નિયંત્રણ હરગીજ ગણાવી શકાય નહીં.**

**(૩) આ કેસમાં દેશના બંધારણના આર્ટિકલ ૧૪ અથવા ૧૯ (૧) (જી) અથવા ૨૧નો ભંગ થતો નથી.**

જૈન સંઘો તરફથી ખ્યાતનામ ધારાશાસ્ત્રી સોલી સોરાબજી, અશોક જૈન તથા અન્ય વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત સરકારે છેક સુધી આ કેસમાં જીવદયાનો પ્રચાર કરતી સંસ્થાઓને સાથ આપી લડત આપી હતી. સુપ્રિમ કોર્ટે પોતાનો ઉપરોક્ત ચુકાદો આપતી વખતે કેટલીક ટીપ્પણીઓ કરી છે જેનો ઉલ્લેખ અરજદારોના ધારાશાસ્ત્રીઓએ પણ પોતાની દલીલોમાં નહોતો કર્યો અને તેથી તેને સમજીને મમળાવવા જેવી છે જે ટૂંકમાં નીચે મુજબ છે.

૧. ઈ. સ. ૧૫૮૨માં અકબર બાદશાહે પોતાના રાજ્યમાં આચાર્યશ્રી વિજયહીરસૂરિજી, ભાનુચંદ્ર ઉપાધ્યાય અને આચાર્ય શ્રી વિજયસેનસૂરિજીનું સ્વાગત કર્યું હતું અને જૈન ધર્મના અહિંસાના સિદ્ધાંતની બાદશાહ અકબર ઉપર જબરદસ્ત અસર થઈ હતી. અકબરે અનેક મહિનાઓ દરમિયાન માંસાહારનો સંપૂર્ણ ત્યાગ કર્યો હતો. પોતે શિકારનો શોખ છોડી દીધો હતો અને કેદીઓ તથા પિંજરામાં પૂરેલાં પક્ષીઓને પણ મુક્ત કર્યા હતા. અને ઈ. સ. ૧૫૮૭ થી વર્ષના લગભગ અડધા દિવસો માટે પ્રાણીઓની કતલ ઉપર પ્રતિબંધ ફરમાવી દીધો હતો એવું કોર્ટે ચુકાદાના ૫૧માં પેરેગ્રાફમાં લખ્યું છે.

૨. બાદશાહ અકબરે બધી જ કોમના લોકોને એક સરખું માન આપ્યું અને તેમની નિમણૂક લાયકાત પ્રમાણે ધર્મ, જાતિ કે બીજા કોઈ પણ ભેદભાવ વિના ઉચ્ચ હોદ્દાઓ ઉપર કરી હતી. (પેરેગ્રાફ ૪૭).

૩. અકબરનો જૈન સાધુઓ સાથેનો સંપર્ક છેક ઇ. સ. ૧૫૬૮ની સાલથી શરૂ થયો હતો. જ્યારે તેણે નાગપુરી તપાગચ્છના આચાર્ય ભગવંત પદ્મસુંદરસૂરિજીને પોતાના દરબારમાં બોલાવીને તેમનું સ્વાગત કર્યું હતું. (પેરેગ્રાફ ૫૨).

૪. આચાર્ય ભગવંત વિજયહીરસૂરિજીના અહિંસાના ઉપદેશથી પ્રભાવિત થઈ અકબરે ગુજરાતમાં વર્ષના છ મહિના સુધી પ્રાણીઓની કતલ ઉપર બંધી ફરમાવી હતી. અને ધાર્મિક યાત્રા ઉપરનો તથા જજિયાવેરો ઈ. સ. ૧૫૬૩ અને ૧૫૬૪માં માફ કર્યો હતો.

૫. ઉપરોક્ત માહિતી મેળવવા માટે વિદ્વાન જજ સાહેબોએ ડૉ. ઈશ્વરીપ્રસાદે લખલા 'મોગલ એમ્પાયર' નામના પુસ્તકનો આધાર લીધેલ છે.

૬. ગુજરાતમાં જૈનોના પર્યુષણોના નવ દિવસો દરમ્યાન કતલખાનાઓ બંધ રાખવાના ઠરાવને વાજબી ઠરાવતા સુપ્રિમ કોર્ટે પોતાના ચુકાદાના પેરેગ્રાફ ૫૫માં વેધક સવાલ કર્યો છે કે, 'જો અકબર બાદશાહ ગુજરાતમાં છ મહિના માટે માંસ ખાવા ઉપર પ્રતિબંધ મૂકી શકે તો આજના અમદાવાદમાં જૈનોના પર્યુષણ દરમિયાન નવ દિવસ માટે કતલખાના બંધ રાખવાનો પ્રતિબંધ શું ગેરવાજબી છે?'

૭. અકબરની સહિષ્ણુતાની નીતિને કારણે ભારતમાં મોગલ સામ્રાજ્ય આટલું લાંબુ ટક્યું હતું. આપણા દેશમાં આટલી બધી વિવિધતા છે તો તેની એકતાને ટકાવી રાખવી હોય તો સહિષ્ણુતાની આ સમજણભરી નીતિ જ આપણને કામ આવે તેમ છે. એમ ચુકાદાના પેરેગ્રાફ ૫૮માં લખ્યું છે.

૮. આ ચુકાદામાં મુસ્લિમોના પ્રાણીઓની કતલ કરીને પોતાનો ધંધો ચલાવવાના મૂળભૂત બંધારણીય અધિકાર કરતાં પણ વિશેષ ભાર ધાર્મિક લાગણીઓની કદર કરવા ઉપર આપવામાં આવ્યો છે. કુલ ૭૪ પેરેગ્રાફનો આ ચુકાદો ખૂબ અગત્યનો છે અને તે દરેકે ઝીણવટથી વાંચીને સમજવા જેવો છે.

૯. આ ચુકાદાનો પૂરેપૂરો લાભ મેળવવા માટે દેશની તમામ નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, અને ગ્રામ પંચાયતો અમદાવાદની મ્યુનિસિપાલિટીએ જે પ્રમાણેના ઠરાવો કર્યા તે પ્રકારના ઠરાવો કરે અને રાજ્ય સરકારો પણ તેને અનુમોદન આપે તે જરૂરી છે. જીવદયા પ્રેમીઓએ પોતાના ગામમાં કે શહેરોમાં આ પ્રકારના ઠરાવો થાય તે માટે પ્રયત્નો કરવા જોઈએ.

**લેખકનું અંગત મંતવ્ય અને સૂચન:**

ઉપરોક્ત ચુકાદો અને તેમાં સુપ્રિમ કોર્ટના વિદ્વાન જજ સાહેબોએ કરેલ ખાસ ટીપ્પણીઓ વાંચ્યા પછી કોઇપણ અહિંસા પ્રેમીની છાતી ગજગજ ફૂલ્યા વિના રહે નહીં એમાં બે-મત હોય ન શકે. પરંતુ આખી વાતનો ગંભીરતાપૂર્વક વિચાર કરી તેનો કાયમી ઉપાય શોધવો જરૂરી છે. તે માટેની વિચારકણિકાઓ નીચે મુજબ છે.

૧. ફક્ત પર્યુષણના નવ દિવસો પુરતા ગુજરાતમાં મ્યુનિસિપલ

કતલખાનાઓ બંધ રહે તેથી કલતખાને આવતા ઢોરોની સંખ્યામાં ખાસ ફરક પડવાનો નથી. તેમને આ નવ દિવસ દરમિયાન ખરાબ હાલતમાં ગોંધાઈ રહેવું પડશે. હકીકતમાં સૌ પ્રથમ તો સરકારે ઘડેલ કાયદા મુજબ દરેક ઢોરને તે કતલખાને મોકલવા માટે લાયક છે એ જાતનું સર્ટિફિકેટ તેના નિષ્ણાત ડૉક્ટરો પાસેથી મેળવવાનું હોય છે. તેમાં અંધેર છે અને આડેધડ આવા સર્ટિફિકેટો ભ્રષ્ટાચારોનો સાથ લઈને મેળવવામાં આવે છે.

૨. કલતખાનામાં લવાતા જાનવરોને ઓછામાં ઓછું દુ:ખ સહન કરવું પડે તે માટે તેમને ખટારા કે અન્ય વાહનોમાં લાવવા લઈ જવા માટેના કડક નિયમો પણ છે. તેને નેવે મૂકીને નિર્ધારિત સંખ્યા કરતા વધુ સંખ્યામાં જાનવરોને એક સાથે પૂરીને લાવવા લઈ જવામાં આવે છે તેથી કોઈ તો ગુંગળાય-દબાઈને જ મરણ પામે છે.

૩. કતલખાને આવેલ દરેક જાનવરોને પોતાની કતલ થવાની છે તેની તેના વારા પ્રમાણે જાણ થતાં જ તેના ઝાડા-પેશાબ છૂટી પડે છે અને તેના શરીરના દરેક અંગોમાં રહેલ માંસ અને લોહીમાં, મોતની ભયંકર બીકના લીધે, અમુક જાતનું ઝેર ઉત્પન્ન થાય છે. કોઈ જાનવર પોતે જાતજાતના રોગોથી પીડાતું પણ હોય તેના રોગના જીવાણુંઓ પણ તેના માંસ-લોહી સાથે સ્વભાવિક રીતે જ આવે.

૪. તેથી વિજ્ઞાનિક રીતે અને મેડિકલ સાયન્સના નિયમોના આધારે એમ ચોક્કસ કહી શકાય કે આ રીતની કતલથી કલુષિત થયેલું પ્રાણીઓનું માંસ કે તેના લોહીમાંથી ખાવાની વાનગી બનાવ-વામાં આવે ત્યારે તે ખાવાથી ખાનાર વ્યક્તિને જાત-જાતના જીવલેણ રોગો થવાની શક્યતાઓ ખૂબ જ વધી જાય છે એ વાતમાં બે-મત હોય ન શકે.

૫. મેડિકલ સાયન્સના આધારે જે પ્રાણીઓ માંસાહારી છે દા. ત. વાઘ, સિંહ વગેરે, તેઓના શરીરના અંગોની રચના ભગવાને માંસાહારને અનુરૂપ જુદા જ પ્રકારની ઘડી છે. જેમકે તેમનાં તીક્ષ્ણ અણીવાળા દાંત, પંજાના નખનો પ્રકાર, જઠરમાં રહેલ પાચક રસની ગરમી તથા આંતરડાની લંબાઈ એ બધું જ બીન માંસાહારી પ્રાણીઓના શરીરની રચનાથી જુદું પડે છે. વાઘના જઠરમાં રહેલ ગરમી ગાયના જઠરમાં રહેલ ગરમીથી લગભગ વીસ ગણી વધુ જલદ હોય છે તથા વાઘનું આંતરડું ગાયના આંતરડા કરતાં ચોથા ભાગ જેટલું ટૂંકુ હોય છે. જેથી વાઘ પોતાનો માંસનો ખોરાક જઠરની જલદ ગરમીથી આસાનીથી પચાવી બચેલો કચરો-ખોરાક ટૂંકા આંતરડા વાટે બહાર કાઢી નાખે છે. જ્યારે ગાય પોતાનો ખોરાક ઘાસ-ચારો ધીમે ધીમે ચાવીને વાગોળીને જઠરની સાધારણ ગરમી તથા લાંબા આંતરડાની મદદથી પચાવે છે. આ રીતે ભગવાને કરેલી શરીરના અંગોની રચના ઉપરથી પણ માંસાહાર કોના માટે ઉચિત છે તે જાણી શકાય છે. માણસનું આંતરડું ભગવાને ગાય-ભેંસની જેમ લાંબું અને જઠર પણ સાધારણ ગરમીવાળું બનાવેલ છે. તેથી તેમાં માંસનો ખોરાક પચાવવાની ક્ષમતા નથી એ વાત ધ્યાનપૂર્વક નોંધવી ખૂબ જ જરૂરી છે.

૬. આજના નવયુવાનો કે જેઓ દેખાદેખીથી કે પરદેશીઓ સાથેના ધંધાર્થી શિષ્ટાચારના ઓઠાં નીચે મોટી મોટી હૉટલોમાં માંસાહાર કે સીફુડ, ફીશ વગેરે ખાય છે તેમને તથા પરદેશમાં વેજીટેરીયન ખોરાકની અછતના ઓઠાં નીચે જે લોકો માંસાહાર કરે છે તેવી દરેક કોમની દરેક વ્યક્તિને આ મેડિકલ-શરીરની રચનાનો નિયમ લાગુ પડતો હોવાથી તેમણે પોતાના સ્વાસ્થ્યની સુખાકારી માટે માંસાહારથી દૂર રહેવું જોઈએ એમ તેમને સમજાવવાનાં પ્રયત્નો દરેક શાળાના સ્તરેથી શિક્ષકોએ ચાલુ કરવા જોઇએ. ડૉક્ટરોએ તથા જીવપ્રેમીઓએ પણ આવા પ્રયત્નો સતત કરવા જરૂરી છે. હાલ પરદેશમાં માંસાહારી લોકોમાં આ વાતની જાગૃતિ આવી રહી છે અને તેની અસર પણ ધીમે ધીમે જણાય છે.

૭. બનવાજોગ છે કે ગુજરાત રાજ્યની જેમ અન્ય રાજ્યોની નગર-પાલિકાઓ, ગ્રામ પંચાયતો વગેરે, જરૂરી ઠરાવો પસાર કરી પર્યુષણાના નવ દિવસો દરમિયાન પોતપોતાના રાજ્યમાં મ્યુનિસિપલ કતલખાના બંધ રખાવી શકે પણ તે જીવદયા પ્રેમીઓને કાયમી સંતોષ આપી ન જ શકે તે વાત દીવા જેવી સ્પષ્ટ છે.

૮. તેથી જેમ મહાત્મા ગાંધીજીએ પરદેશી ચીજોનો બહિષ્કાર કરવાથી તેમની આયાતો આપોઆપ ઘટીને બંધ થશે એમ સલાહ આપેલ તે રીતે જો લોકો ઉપર જણાવ્યા પ્રમાણે સમજી વિચારીને અકબર બાદશાહની જેમ કે મેડિકલ રીતે બરાબર સમજી વિચારીને પોતાના મનથી પોતાના સ્વાસ્થ્યની સુખાકારી માટે માંસાહારનો કાયમી ધોરણે ત્યાગ કરે તો જ આપોઆપ કતલખાને જતા, પ્રાણીઓની સંખ્યામાં ધીમે ધીમે ઘટાડો થાય અને કતલખાના ધમધમતા રહેવાને બદલે તેની પ્રવૃત્તિ ધીમી પડે અને આખરે બંધ પણ થાય. આ તેનો સાચો અને કાયમી ઉપાય છે તેની નોંધ લઈ ઘટતું કરવા સૌ કોઈને વિનંતી. ખાસ કરીને આપણાં જૈન ધર્મના, વૈષ્ણવ ધર્મના તથા સ્વામિનારાયણ ધર્મના ધર્મગુરુઓ માંસાહાર ન કરવાનો ઉપદેશ દેશ-વિદેશના લોકોને સમજાવીને સતત આપતા રહેશે તો તેનું શુભ પરિણામ આવશે જ તે બાબત શંકાને સ્થાન નથી.

✱ ✱ ✱

ઈન્દ્રભુવન કોટેજ, ભોંયતળીયે, ૧૦૧, વાલકેશ્વર રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬. ફોન : ૨૩૬૭૪૭૧૦.

# હસ્તપ્રત લિપિ કાર્ય શિબિર

❑ ડૉ. નૂતન જાની


એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી અને મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે 'લેખનકળા, પ્રાચીન લિપિ અને હસ્તપ્રત-વિદ્યા' વિષય પર માર્ચ મહિનામાં પાંચ દિવસની કાર્ય શિબિરનું આયોજન થયું હતું.

જ્ઞાન-વિજ્ઞાનની વિવિધ શાખાઓની માહિતી અનેક માધ્યમોથી પ્રસારિત થઈ રહી છે તેવે સમયે ભારતીય હસ્તપ્રતોના અમૂલ્ય ભંડારો જ્ઞાનપિપાસુ અભ્યાસીઓની પ્રતીક્ષા કરતાં, ધૂળ ખાતાં ઊભા છે. આજે ગ્લોબલ પરિવેશમાં ભૂંસાતાં જતાં ભવ્ય અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના દસ્તાવેજોને શોધી કાઢવા, એનું મૂલ્યાંકન કરવું અતિ અનિવાર્ય બનતું જાય છે. મૂળની પરવા કર્યા વગર ફળની આશા રાખી બેઠેલા સાંપ્રત શિક્ષિતજનોની સ્થૂળ દૃષ્ટિ ખરેખર ખેદ પ્રેરે છે. માતૃભાષા ગુજરાતી હોય કે અન્ય કોઈ ભગિની ભાષાઓ હોય આ દરેક (સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, મરાઠી, વ.) ભાષાના ભાષકો, અભ્યાસીઓ માટે એક વણ-ખેડાયેલ અભ્યાસક્ષેત્રની આવશ્યક માહિતી પૂરી પાડવાના તેમ જ ભવિષ્યમાં એ ક્ષેત્રમાં આગળ કામ કરવાના શુભ આશયથી આ કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

માનવ સભ્યતાના વિકાસમાં લેખનકળાનું મહત્ત્વ રહેલું છે. લેખનકળા એ વાસ્તવમાં અવગમન માટેની અનિવાર્યતામાંથી અવતરિત કળા છે. મનુષ્યએ પરસ્પર વ્યવહાર કરી શકવા માટે લેખનકળાની શોધ કરી હતી. લિપિ એ આ અર્થમાં માનવપ્રજાના ઇતિહાસનો એક મહત્ત્વપૂર્ણ આલેખ છે. માનવ પ્રજાના ઇતિહાસ, ભિન્ન પ્રદેશો-રાષ્ટ્રો, સંસ્કૃતિઓનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટેનું એ મહત્ત્વપૂર્ણ સાધન છે. લેખનકળા અને પ્રાચીન લિપિ વિશે આ કાર્યશિબિરમાં એલ.ડી.ઇન્ડોલોજી ઈન્સ્ટીટ્યૂટ (અમદાવાદ)ના નિયામક ડૉ. જીતેન્દ્રભાઈ શાહે ઉચ્ચ સ્તરીય માહિતી આપતું વક્તવ્ય રજૂ કર્યું હતું. લેખનકળાના ઇતિહાસમાં ચાર સોપાનો મહત્ત્વનાં છે. એમણે વિગતને વર્ગીકૃત કરતાં કહ્યું, સૌ પ્રથમ ચિત્રલિપિ, ભાવસંકેત લિપિ, વર્ણ લિપિ, સંકેત લિપિ એ મહત્ત્વપૂર્ણ સ્થિત્યંતરો છે. લિપિમાં ચિરસંચિત જ્ઞાનવિજ્ઞાન ભંડારાયેલું છે. ભાષા અને લિપિ બે એક હોવા છતાં બે વચ્ચે સૂક્ષ્મ ભેદ પણ રહેલો છે. સંસ્કૃત 'લિપ' ધાતુ પરથી 'લિપિ' સંજ્ઞા બની છે. લિપ એટલે લેપન કરવું. લિપિ એટલે લેખન, પ્રતિલેખન, હસ્તપ્રત, કોઈ પણ ભાષાના વર્ણોને વ્યવસ્થિત રીતે, પરંપરાગત રીતે ભાષાને દૃશ્યરૂપમાં સ્થાયી કરનાર વર્ણવ્યવસ્થા. વાણીનું દૃશ્યરૂપ એટલે લિપિ. લિપિ એટલે અક્ષરવિન્યાસ. હસ્તલિખિત ગ્રંથોમાં જગતનું ચિરસંચિત જ્ઞાન છે. પરંતુ લિપિવિદ્દોની સંખ્યા ઘટતી જાય છે. ભાષાના અર્થ સમજાવનાર ભાષાવિદ્દો પણ ઓછા છે. ભાષામાં ધ્વનિસંકેત અને અર્થનો સંબંધ હોય છે. લિપિમાં વર્ણ+ધ્વનિ વચ્ચે અતૂટ સંબંધ હોય છે. મનુષ્યએ ભાષા પહેલાં અર્જિત કરી પછી લિપિ આવી. જો લિપિ ન હોત તો ભાષાનું મહત્ત્વ ન જળવાત. ભારતીય સંસ્કૃતિના ઇતિહાસ અને અન્વેષણમાં લિપિનું સ્થાન મહત્ત્વનું છે. લિપિ શોધાઈ તે પૂર્વે ઇશારા, હાવભાવ, હાથ-પગની મુદ્રા વગેરેનો ભાવ અને વિચાર સંક્રમણ માટે ઉપયોગ થતો. ભરતનાટ્યમ્ જેવા નૃત્યમાં હાથની વિભિન્ન મુદ્રાઓ દ્વારા અભિવ્યક્તિ થાય છે. તે જ રીતે લેખનકળા નહોતી વિકસી ત્યારે અનુભવો, ચિત્રો, સંકેતો દ્વારા અભિવ્યક્તિ કરવામાં આવતી. આજે પણ લશ્કર અને સ્કાઉટમાં ધજા વડે સંદેશાઓ મોકલવામાં આવે છે. દરિયાઈ ક્ષેત્રોમાં ખાસ સંકેત લિપિ આજે પણ વપરાય છે. ધીમે ધીમે ચિત્રલિપિનો વિકાસ તો થયો પરંતુ અર્થના અવગમનમાં સંકુલતાઓ ઊભી થતી. ચિત્ર લિપિની ગતિશીલતા પણ જોઈએ તેટલી નહોતી માટે સ્થળ અને સમય પૂરતી તે મર્યાદિત છે એવું મનુષ્યને ભાન થતું ગયું. ભ્રમણશીલ નિયતિ ધરાવતી માનવ-પ્રજાએ લેખનકળાની શરૂઆત કરી. પ્રાગૈતિહાસિક સમયમાં લિપિ નહોતી. મૌખિક પરંપરાના ગાયકો-કથકો હતા. એ સમયે મનુષ્યને લેખનની કે અન્ય કોઈ પ્રકારની નોંધ રાખવી આવશ્યક નહોતું લાગતું. સ્મૃતિને આધારે જીવન નભતું. પરંતુ સમયની સાથે વિકસિત થતી જતી મનુષ્યજાતિને લેખનકળાની આવશ્યકતા સમજાઈ અને આશરે ઈ. પૂ. ૩૫૦૦ પછી લેખનકળાની શરૂઆત થઈ હોવાના પુરાવાઓ સાંપડે છે. એ વખતે ઑસ્ટ્રેલિયન જાતિએ વિભિન્ન રંગના ઊનના દોરાઓમાં જુદા જુદા માપના અંતરે વિશિષ્ટ ગાંઠો મારીને સંકેત સંદેશાઓ બનાવેલા. આદિમ ઑસ્ટ્રેલિયન માનવ પ્રજાએ સ્મૃતિની મર્યાદા જાણી. ત્યારબાદ કાપા પાડેલી નિશાનીવાળી લાકડીઓ વડે સંક્રમણનું કામ ચલાવેલું. એ ગાંઠો કે કાપાઓ વિચારોની સંખ્યા અને ક્રમ દર્શાવતા.

ચિત્ર લિપિમાં (pictographic writing) માં પ્રાકૃતિક પદાર્થોના ચિત્રો દ્વારા વિચાર, સંદેશો કે કથાઓ વ્યક્ત કરવામાં આવતી. લેખન કળાના ઉદ્ભવની આ અતિ આદિમ અવસ્થા મનાય છે. જેમાં મનુષ્યના પગની આકૃતિ એટલે ચાલવાની ક્રિયા, માથાની બાજુએ અડકાવેલો હાથ એટલે ઊંઘવાની ક્રિયા, વગેરે અર્થો નિષ્પન્ન કરવામાં આવતા.

ભાવસંકેત લિપિમાં હાથપગની પ્રત્યક્ષ મુદ્રાઓ કરીને મનુષ્યજાતિ પોતાના વિચારો, ભાવોને અભિવ્યક્ત કરતી. આને વિચારસંકેત લિપિ પણ કહે છે. ચિત્રલિપિના વિકાસની સાથે વિચાર સંકેત લિપિનો ઉદ્ભવ થયો. વિચારસંકેત એટલે ideographs. દા. ત.




ચિનિ લિપિમાં આવા આશરે ૪૫,૦૦૦ સંકેતો છે. વિચાર સંકેત કે ભાવ સંકેત લિપિનો વિકાસ થયો ને લિપિ ધ્વન્યાત્મક બનતી ગઈ. જેને વર્ણલિપિ કહી ઓળખાવી છે. વર્ણલિપિ (Alphabets) એ લેખનની સૌથી વધુ વિકસિત પદ્ધતિ છે.

ચિત્રલિપિમાંથી કાળક્રમે પાંચ સોપાનોની પ્રક્રિયા બાદ વર્ણલિપિ મળે છે. ૧. ચિત્રો (સરળ અને સંકેત રૂપ), ૨. ચિત્રો સમય જતાં પદાર્થનાં વર્ણાત્મક નામોના પ્રતીક બન્યા, ૩. એમાંથી કેટલાક સંકેતો આખા શબ્દને બદલે એક એક વ્યંજન રૂપે મળ્યા, ૪. વ્યંજનનાં પ્રતીકો બાકી રહ્યા, અન્ય શબ્દધ્વનિ સંજ્ઞાઓ નાશ પામી, ૫. વ્યંજનોમાં સ્વરસંજ્ઞાઓ ઉમેરાઈ ને ધ્વન્યાત્મક–વર્ણાત્મક લેખન પદ્ધતિનો ઉદ્‌ભવ થયો.

હડપ્પીય, ખરોષ્ઠી અને બ્રાહ્મી મુખ્ય અર્વાચીન ભારતીય ભાષાઓની પ્રાચીન લિપિઓ છે. બ્રાહ્મી લિપિ સમગ્ર ભારતની વર્તમાન લિપિઓની પ્રાચીન લિપિ છે. બૌદ્ધ સાહિત્યના 'લલિત વિસ્તાર' ગ્રંથમાં ૬૪ લિપિઓની યાદી મળે છે. જૈન આગમગ્રંથો 'સમવાયાંગસૂત્ર' (આશરે ઈ. પૂ. ૩૦૦) અને 'પણ્ણવણા સૂત્ર' (આશરે ઈ. પૂ. ૧૬૮)માં ૧૮ લિપિઓની યાદી મળે છે. જેમાં બંભી (બ્રાહ્મી) અને ખરોઠી (ખરોષ્ઠી) લિપિનાં નામનો ઉલ્લેખ છે. આ જૈન ગ્રંથમાં લિપિના ઉદ્‌ભવના શ્લોક છે. સમ્રાટ અશોકના સમયમાં લિપિઓમાં અતિ મૂલ્યવાન દસ્તાવેજો અને સંસ્કૃતિઓ જળવાયા છે. આ સાંસ્કૃતિક પ્રવૃત્તિ મગધથી મથુરા ગઈ. તે સમયે લેખનને વેગ મળ્યો અને બ્રાહ્મી લિપિનું વિઘટન થયું. અને ઈ. સ.ના નવમા શતકના અંત ભાગમાં 'કુટિલ' લિપિમાંથી નાગરી–દેવનાગરી–નન્દિનાગરી લિપિ વિકસી. દેવનાગરી લિપિ આંતરરાષ્ટ્રીય લિપિ બની શકે તેવી ક્ષમતા ધરાવે છે. લિપિ અને લેખનકળા વિષયક મૂળભૂત માહિતી આપી ડૉ. જિતેન્દ્રભાઈ શાહે હસ્તપ્રતો અને એના પ્રકારો વિશે પણ વિગતે વાત કરી.

લેખન કળા માટે આવશ્યક લેખન સામગ્રી વિશે પણ વાત થઈ. જેના પર લખાતું તેવા પદાર્થો, લખવા માટેના સાધનો, શાહી–રંગ, વગેરે વિશે જિતેન્દ્રભાઈએ માહિતી પૂરી પાડી. તાડપત્ર, કાગળ, તામ્રપત્ર, ભોજપત્ર, કપડાં, વગેરે પર હસ્તપ્રતો લખાતી. આગમ પ્રભાકર મુશ્રી પુણ્યવિજયજી કહે છે, 'તાડનાં પાંદડાને વૃક્ષ પર જ મોટાં થવા દેવાતાં. પછી તે પરિપક્વ થાય તે પહેલાં તેમને ઉતારી લેવામાં આવતાં. પછી તેને સપાટ બનાવી દેવાતાં. ત્યાર પછી બધાં પર્ણોને એકસાથે જમીનમાં દાટી દેતા. ત્યાં તે બરાબર સૂકાઈ જતાં. આવી રીતે સુકાતાં પાંદડાંનો ભેજ તેમની અંદર જ સમાઈ જતો હોઈ તે વધારે નરમ થઈ જાય છે.' પ્રાચીનતમ તાડપત્રીય હસ્તપ્રતોમાં જૈન જ્ઞાનભંડારોમાં પ્રાપ્ત હસ્તપ્રતોમાં જૂનામાં જૂની પ્રત વિક્રમના ૧૨મા શતકની મળે છે. પાટણના સુપ્રસિદ્ધ જૈન ભંડારોમાંથી તેમને ૧૪મા શતકનો એક તાડપત્રનો ટુકડો મળી આવ્યો છે. કાગળની શોધ થયા બાદ ધીમે ધીમે તાડપત્રલેખન અટકે છે. ભોજપત્રનો ઉપયોગ મંત્ર–તંત્ર લખવા માટે થાય છે. ભૂર્જ નામના ઝાડની છાલમાંથી ભોજપત્રો તૈયાર થાય છે. શીત પ્રદેશોમાં ભૂર્જવૃક્ષ વધુ થાય છે. કાશ્મીરમાં ભોજપત્રો પર લખવાનું પ્રચલન વિશેષ રહ્યું છે.

વિભિન્ન પત્રો પર લખાયેલી હસ્તપ્રતોના વિભિન્ન પ્રકારો છે. શૂડ, દ્વિપાઠ, ત્રિપાઠ, પંચપાઠ, ચિત્રપુસ્તક, સુવર્ણરૌપ્ય હસ્તપ્રત, સ્થૂલાક્ષરી હસ્તપ્રત, ઉત્કીર્ણ (કોતરેલી) હસ્તપ્રત, વ. બરુના કે લાકડાના કિત્તા વડે લેખિની (કલમ) તૈયાર કરવામાં આવતી અને તે શાહીમાં બોળીને લખાતું. ૧૧ મી સદીમાં કુમુદચંદ્રાચાર્ય રચિત 'ભૂવલય' ગ્રંથ મળે છે. આ સૃષ્ટિ પર જે સાહિત્ય ઉપલબ્ધ છે એ બધું જ એ ગ્રંથમાં ઉપલબ્ધ છે. એ ગ્રંથનું (decoding) (ઉકેલણી) કરવું જરૂરી છે. એક શ્લોકના અનેક અર્થો મળતા હોય એવા હસ્તલિખિત ગ્રંથોને 'શતાર્થી' કહે છે. આગમ ગ્રંથની પ્રથમ ગાથા (શ્લોક)ના ૧૦૦ અર્થ મળે છે. આ શતાર્થી સાહિત્ય પણ હજી અપ્રગટ છે. સમયસુંદર કૃત હસ્તલિખિત ગ્રંથમાં એક વાક્યના ૮ લાખ અર્થ મળે છે. 'અષ્ટલક્ષાર્થી' સં. હીરાલાલ કાપડિયાનો ગ્રંથ એ સંદર્ભે વધુ માહિતી પૂરી પાડે છે. ૩૦૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા મુનિ યશોવિજયજીએ એક પણ ઓષ્ઠ્ય વર્ણ ન આવે એવું કાવ્ય રચ્યું છે. વલય કાવ્યમાં વલય એટલે કે ચક્ર બનાવી એમાં ૬૪ અક્ષરનો શ્લોક લખવામાં આવે છે. જેમાં પહેલા અક્ષરથી વાંચીએ તો પહેલો શ્લોક બને. બીજા અક્ષરથી બીજો શ્લોક, ત્રીજા અક્ષરથી ત્રીજો શ્લોક. આવી રીતે લખાયેલું રામાયણ પણ ઉપલબ્ધ છે.

હસ્તપ્રતોમાં એક અગત્યનું સાહિત્ય વહીવંચા સાહિત્ય છે. લોક સાહિત્ય પણ છે. એ ઉપરાંત વ્યક્તિગત સંગ્રહોમાં પણ અમૂલ્ય પ્રતો હોવાની સંભાવના છે. પાટણમાં મુનિશ્રી પુણ્યવિજયજીએ હસ્તપ્રતો મેળવીને સંરક્ષણનું મહત્વનું કાર્ય કર્યું છે. રાજસ્થાન પુરાતત્ત્વ સંસ્થાન, એલ.ડી ઇન્ડોલોજી, ઉચ્ચ તિબેટીયન શિક્ષણ સંસ્થાન–તિબેટ ઉપરાંત વિશ્વની ઘણી જગાએ ભારતીય હસ્તપ્રત સાહિત્ય ફેલાયેલું છે. આ પ્રાચીન લિપિમાં લિખિત, સંરક્ષિત સાહિત્યનાં સૂચિપત્રો, પ્રકાશનો, ઉકેલણી, સંપાદન, સંશોધન થવું અતિ આવશ્યક છે. હેમચંદ્રાચાર્યજી, પંડિત સુખલાલજી, બહેચરદાસ દોશી, દલસુખભાઈ માલવણિયા, જીન વિજયજી, મુનિશ્રી જંબુ વિજયજી, હરિવલ્લભ ભાયાણી, જયન્ત કોઠારી, વગેરે વિદ્વાનોએ આ ક્ષેત્રે કામ કર્યું છે. બૌદ્ધ, જૈન અને જૈનેતર પ્રતોમાં ભારતીય સાહિત્યનો અમૂલ્ય વારસો જળવાયેલો છે.

ચારણી હસ્તપ્રત પરંપરાના વિદ્વાન અને ડિંગળી ભાષાના

ઉકેલનાર આપણા સમયના માનનીય સંશોધક ડૉ. બળવંતભાઈ જાનીએ ચારણી હસ્તપ્રત પરંપરા અને જૈન હસ્તપ્રત પરંપરા વિશે વિગતપૂર્ણ માહિતી આપી. ૨૧મી સદીના આપણા સમયમાં આપણે આપણું પ્રાચીન જ્ઞાન ભૂલીને નવું જ્ઞાન મેળવવા દોડી રહ્યા છીએ. જ્ઞાન છે પણ એ મેળવવાની કળા નષ્ટ થતી જાય છે. એ જ્ઞાનની નિકટ કઈ રીતે જઈ શકાય. આ પ્રકારની માત્ર હસ્તપ્રત વિદ્યાનો પરિચય આપવા પૂરતી માત્ર પાંચ દિવસની કાર્ય શિબિરમાં આટલા બધા મુંબઈગરાઓ જોડાય, રસરુચિ દાખવી રોજ નિયમિત આવે છે અને આ અભ્યાસક્ષેત્ર માટે કામ કરવાની રુચિ દાખવે છે એ આવનારા સમય માટે બળવંતભાઇને આશાસ્પદ લાગ્યું.

હસ્તપ્રતની જાળવણી, સભાનતા, જ્ઞાન માટેની શ્રદ્ધા કેળવાય તે જરૂરી છે. મુંબઈ જૈન યુવક સંઘના આતિથ્યે એક યુનિવર્સિટી જ્યારે આવો કાર્યક્રમ કરે છે ત્યારે બંને સંસ્થાઓની આ વિષય માટેની નિસ્બત છતી થાય છે. જૈન ધર્મ અને માનવ કર્મ સાથે જોડાયેલા ૨૧મી સદીના કુબેર શ્રી દીપચંદ ગાર્ડી, મુંબઈ જૈન યુવક સંઘ અને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીએ મળીને હસ્તપ્રતવિદ્યા માટેનું સ્ટડી સેન્ટર તૈયાર કરવું જરૂરી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ચારણી હસ્તપ્રતોનું સંગ્રહાલય તૈયાર કરવામાં આવ્યું છે. ચારણી લેખન પરંપરા, ચારણી હસ્તપ્રત અને તેની માવજત વારસાગત, કૌટુંબિક બાબત હતી. ચારણી પ્રતોની ડિંગળ લિપિ છે. એને માન્યતા નથી મળી. ચારણોનું છંદશાસ્ત્ર, અક્ષરો નોખા છે. તે ભાવકને પ્રેરનારું સાહિત્ય છે. ચારણી પ્રતોમાં રાજા રજવાડાઓનો ઇતિહાસ છે. એ સાહિત્ય રાજકીય ઇતિહાસને લગતું છે. માત્ર યુદ્ધનો જ નહીં, યાત્રાઓનો, કૂવા ખોદાવ્યા હોય તેનો, પરિવારોનો તેમાં સાંસ્કૃતિક ઇતિહાસ જળવાયેલો છે. પૌરાણિક કથાઓ પણ ચારણી હસ્તપ્રતોમાં ઉપલબ્ધ છે. તેના રચયિતા જ તેના લહિયા છે. તે હસ્તપ્રતો વંશ પરંપરાગત માલિકીની હોય છે. તે ભાષા હસ્તપ્રતની લેખનની જ ભાષા બની પણ વિસી નહીં. નિશ્ચિત સર્જક અને નિશ્ચિત સમય પૂરતી તે મર્યાદિત રહી. બૌદ્ધ, જૈન અને ચારણી ઉપરાંત જૈનેતર હસ્તપ્રતોનો જ્ઞાનરાશિ વિપુલ છે. નૈતિકતાના ધોરણે તેને જાળવવું, ઉકેલવું જરૂરી છે.

હસ્તપ્રતવિદ્યા એ વાદ નથી પણ જ્ઞાનની શાખા છે. જૈન મુનિશ્રી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પ્રથમ લિપિવદ્ અને ભાષાવિદ્ છે. ભાયાણીસાહેબ, શાસ્ત્રીજી, જયન્ત કોઠારી વગેરેએ આ પ્રાચીન પ્રતોને ઉકેલવાની મહત્ત્વપૂર્ણ કામગીરી કરી જ છે પરંતુ મુંબઈના જૈન વિદ્વાન, મુંબઈ જૈન યુવક સંઘના પૂર્વ પ્રમુખ શ્રી રમણલાલ શાહના કામ તરફ લોકોએ ખાસ ધ્યાન આપ્યું જ નથી. એમણે ૨૮ હસ્તપ્રતો સંપાદિત કરી છે. એક પ્રતને સંપાદિત કરતાં ઓછામાં ઓછા ૫-૭ વર્ષ થાય, પણ રમણલાલ શાહના કામ પર કોઈનું લક્ષ્ય ગયું નથી. એમનું કામ પાયોનિયરિંગ કામ છે. અભ્યાસક્રમમાં પણ એ કૃતિઓને ખાસ સ્થાન મળ્યું નથી. જૈન પરંપરામાં એક મેરુદંડ જેવું કોઈ અન્ય નામ હોય તો તે મુનિ જિન વિજયજીનું. 'રિષ્ટ સમુચ્ચય'ની પ્રસ્તાવના મુનિ જિન વિજયજીએ લખી છે. 'સિંધી સિરીઝ'ના ગ્રંથો પર પણ લોકોનું ધ્યાન ગયું નથી.

આજે આ ભારતીય જ્ઞાનવારસાનું જ્ઞાન વિદેશીઓને છે અને જૈન મુનિઓને છે. જૈન પ્રજા પણ એ અંગે સભાન થતી જાય છે. પરંતુ શાસ્ત્રીય જ્ઞાન આપી શકે તેવી વ્યક્તિઓ ઓછી છે ત્યારે આવી કાર્ય શિબિરનું આયોજન અત્યંત મહત્ત્વની કામગીરી બની જાય છે. હસ્તપ્રતોની જાળવણી, આરાધના, ઉપાસના, રાજ્યાશ્રિત જૈન ધર્મમાં મળે છે. શબ્દની આરાધનાને ધર્મની વિધિની લગોલગ સ્થાન મળ્યું હોય તો તે જૈન અને બૌદ્ધ ધર્મમાં છે. હસ્તપ્રતલેખનને ધર્મની અંદર સ્થાન, સાચવણી અને ધર્મોપાસના સાથે જોડી દેવામાં આવ્યું એ મોટી વાત છે. જ્ઞાનસાધના પણ ધર્મકાર્ય છે એવું જૈન પ્રજાએ સ્વીકાર્યું છે. ઉપાશ્રયો સાથે જ્ઞાનભંડારો જોડાયેલા હોય જ. જૈન ધર્મ સિવાય બીજા ધર્મમાં હસ્તપ્રતલેખન અને જાળવણીને મહત્ત્વ નહોતું અપાતું. એટલે જૈનેતર સાહિત્ય પ્રમાણમાં ઓછું મળે છે. આજે વિશ્વમાં કોઈ એવું રાષ્ટ્ર નથી જ્યાં જૈન સ્ટડી વિશ્વકક્ષાએ ન પહોંચ્યું હોય. ગુજરાતી ભાષાનું વ્યાકરણ જૈન સાહિત્યને કારણે જ પ્રાપ્ત થઈ શક્યું છે. ભારતની ભાષાઓનું ઐતિહાસિક વ્યાકરણ મળતું નથી કારણ સમય સમયની ટેકસ્ટ મળતી નથી. જ્યારે જૈનમાં તો દાયકા દાયકાની પ્રતો મળે છે. જેને આધારે ભાયાણી સાહેબે ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ રચ્યું. એ જ રીતે નરસિંહ મહેતા નહીં પણ હેમચંદ્રાચાર્ય આપણી ભાષાના આદિ કવિ છે. જૂની ગુજરાતીનું સાહિત્ય તેમણે સૌપ્રથમ આપ્યું છે. અપભ્રંશ-માંથી પરિવર્તિત ગુજરાતી ભાષાનું સાહિત્ય તેઓ આપે છે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાત જૈન સાહિત્યના આપણા સમયના વરિષ્ઠ, સંનિઠ, પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ નાદુરસ્તી હોવા છતાં વચનની પ્રતિબદ્ધતા માટે કાર્યશિબિરમાં આવ્યા તે એમના પ્રત્યેના પ્રેમાદરને અનેકગણું વધારી દે છે. હસ્તપ્રત વિદ્યાની મહત્તા તેમણે દર્શાવી. તે ઉપરાંત કવિયણ કૃત બારમાસી કાવ્યનો રસાસ્વાદ તેમણે રસલક્ષી રીતે કરાવ્યો. મધ્યકાલીન અન્ય કાવ્યકૃતિ અણખીયા (અણગમો કેમ ન આવે) કાવ્યનો પણ તેમણે ઉકેલ પદ્ધતિને શામેલ કરીને નિરાળી રીતિએ રસાસ્વાદ કરાવ્યો.

મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી રસિકભાઈ અને મંત્રી શ્રી ધનવંતભાઈના માર્ગદર્શન અને નિશ્રામાં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના અધ્યક્ષ ડૉ. નૂતન જાનીએ કાર્યશિબિરનું આયોજન કર્યું હતું. ઉદ્ઘાટન બેઠકથી માંડી સમાપન બેઠક સુધીનું આ આયોજન આર્થિક સહાય માટે મુંબઈ જૈન યુવક સંઘના, પ્રતિષ્ઠિત વક્તાઓના, પ્રાચીન લિપિના ઉકેલ માટેના પ્રાત્યક્ષિક વર્ગો લેનાર ડૉ. પ્રીતિબહેન પંચોળીના સહકારથી સફળ રીતે પાર પડ્યું.

***

ડિપા. ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ એન્ડ રિસર્ચ, એસ.એન.ડી.ટી. વુમેન્સ યુનિવર્સિટી, છઠ્ઠે માળે, પાટકર હૉલની ઉપર, ૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૦. મો. : ૯૮૬૯૭૬૩૭૭૦.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

**(માર્ચ-૨૦૦૮ના અંકથી આગળ)**

(૪૩૯) અજીવ
–જીવ રહિત તત્ત્વ, નિર્જીવ તત્ત્વ
–जीव रहित तत्त्व, निर्जीव तत्त्व
–Matter, insentient categories of existence.

(૪૪૦) આચારાંગ
–પ્રથમ અંગ આગમ
–प्रथम अंग आगम
–The first anga of Jain scriptural canon.

(૪૪૧) અંગ
–અંગ, અંગ આગમ (આચારાંગાદિ ૧૨)
–अंग, अंग आगम (आचारांगादि १२)
–Designation for each of the twelve main texts of scriptural canon.

(૪૪૨) અર્ધમાગધી
–જૈન આગમોની ભાષા, પ્રાકૃતભાષા
–जैन आगमों की भाषा, प्राकृतभाषा
–Prakrit dialect in which the swetamber scriptures are composed.

(૪૪૩) આવશ્યક
–અવશ્ય કરવા યોગ્ય ક્રિયા
–अवश्य करने योग्य क्रिया ।
–Obligatory Action.

(૪૪૪) ચાતુર્માસ
–અષાઢ પૂનમથી કાર્તિક મહિનાની પૂનમ સુધીના ચાર મહિના. આ સમય દરમ્યાન સાધુ ભગવંતો એક જ સ્થળે રહી આરાધના કરે છે.
–आषाढ पूर्णिमा से लेकर कार्तिक पूर्णिमा तक के चार महिने, इस समय के दौरान साधु–साध्वी एक ही स्थल में रह कर आराधना करते है ।
–Four month ascetic monsoon retreat.

## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક વિનંતિ

સુજ્ઞશ્રી,

સાદર પ્રણામ. આપશ્રી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન/આજીવન સભ્ય અથવા સભ્ય કે શુભેચ્છક છો. આપને 'પ્રબુદ્ધ જીવન' નિયમિત મળતું હશે. આપના સહકાર માટે અમે આપના આભારી છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૬ના અંકમાં આ સામયિકના ઉજ્જવળ ઈતિહાસની ઝલક દર્શાવી હતી અને આ સામયિકને આર્થિક રીતે સક્ષમ કરવા ગ્રાહક યોજના પ્રસ્તુત કરી હતી, જે આ અંકમાં પણ પ્રગટ કરી છે.

ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન નીધિ'ના શીર્ષક નીચે કાયમી ફંડ માટે સમાજ સમક્ષ વિનંતિ પણ કરી છે.

આ જ્ઞાનયજ્ઞમાં અમે જણાવેલ કોઈ પણ યોજનામાં આપ સહભાગી થાવ એવી અમારી વિનંતિ છે.

**આ માટે, <u>આપ પાછળ છાપેલું ફોર્મ ભરી, પાના નંબર ૨ પર દર્શાવેલી</u> જે આપને યોજના અનુકૂળ લાગે એનો ઉલ્લેખ કરી આ ફોર્મ અમને પરત કરવા વિનંતિ.**

આપનો ચેક/ડ્રાફ્ટ 'SHREE MUMBAI JAIN YUVAK SANGH' ના નામે મોકલવા વિનંતિ.

કન્યા કરિયાવર આજીવન ગ્રાહક લવાજમ ભરનાર તેમજ 'પ્રબુદ્ધ જીવન નીધિ કાયમી ફંડ'માં ફાળો આપનારને આવકવેરાની કલમ 80-G અન્વયે કરમુક્ત છે, તે અંગેનું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે.

આપની શુભેચ્છા અમારી સાથે સર્વદા રહેશે જ. જે આ જ્ઞાનયાત્રા માટે અમને પ્રેરક બની રહેશે. ધન્યવાદ, આભાર.

❑ મેનેજર

(૪૪૫) ગૌતમ
–ભગવાન મહાવીર સ્વામીના પ્રથમ ગણધર.
–भगवान महावीर स्वामी के प्रथम गणधर ।
–Mahavira's principal disciple.

(૪૪૬) જિન
–વિજેતા, રાગદ્વેષને જીતનાર, તીર્થંકર
–विजेता, रागद्वेष को जीत ने वाले, तीर्थंकर
–Conqueror, epithet of the fordmakers.

(૪૪૭) સિદ્ધ
–સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે ગયેલા.
–सर्व कर्मों का क्षय कर के मोक्ष प्राप्त करने वाले ।
–Perfect souls who have reached moksha.

(૪૪૮) સંસાર
–જ્યાં જન્મ–મરણની પરંપરા સતત ચાલ્યા જ કરે છે તેવું સ્થળ.
–जहाँ जन्म–मरण की परम्परा निरन्तर चलती रहती है वैसा स्थल ।
–The cycle of birth and death, the ever-moving wheel of change.

(૪૪૯) એકત્વ
–એકપણું
–एकत्व
–Oneness, aloneness.

(૪૫૦) બહુત્વ
–બહુપણું, અનેકત્વ, વિવિધપણું
–बहुत्व, अनेकत्व, विविधत्व
–manyness, multiplicity.

(૪૫૧) તીર્થ
–જે તારે તે, જૈન સંઘ
–जो तारे वह, जैन संघ
–Ford, The Jain community.

(૪૫૨) સામાયિક
–જે દ્વારા સમતાની, સમભાવની પ્રાપ્તિ થાય તેવી ક્રિયા, ષડ્ આવશ્યકમાનું એક આવશ્યક. ૪૮ મિનિટ સુધી એક આસને સર્વ પાપ વ્યાપારનો ત્યાગ કરી આરાધના કરવી તે.
–जिस से समता की प्राप्ति होती है, षड् आवश्यक की एक आवश्यक क्रिया, ४८ मिनिट तक एक आसन पर बैठ कर करने योग्य क्रिया ।
–Equanimity, one of the six obligatory actions.

(વધુ આવતા અંકે)

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩.

પ્રતિશ્રી, તા......................

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૩, મહમ્મદી મિનાર, ૧૪ મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં,
મુંબઈ–૪૦૦૦૦૪. ફોન : ૦૨૨–૨૩૮૨૦૨૯૬.

આપનો વિનંતિ પત્ર મળ્યો.

અમોને આપના 'પ્રબુદ્ધ જીવન'ના વાર્ષિક / ત્રિવાર્ષિક / પંચવર્ષીય / દસ વર્ષીય / કન્યા કરિયાવર ગ્રાહક થવાની ઈચ્છા છે.

'પ્રબુદ્ધ જીવન નીધિ' કાયમી ફંડમાં અનુદાન આપવાની અમારી ભાવના છે.

આ સાથે ચેક/ડ્રાફ્ટ રૂા. .................................. નંબર .................................................. તારીખ ..............................

બેંક ...................................................શાખા .......................................ગામ .......................................નો સ્વીકારી નીચેના સરનામે રસીદ મોકલવા વિનંતિ. ધન્યવાદ. ચેક/ડ્રાફ્ટ 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'ના નામનો જ મોકલીએ છીએ.

નામ અને સરનામું : ..........................................................................................................

..........................................................................................................

લિ.................................

# સર્જન સ્વાગત

❑ ડૉ. કલા શાહ

(૧) પુસ્તકનું નામ : **શ્રાવક જાગરિકા સાર્થ**
**લેખક : આચાર્ય મહારાજ શ્રી વિજય-નેમિસૂરીશ્વરજીના શિષ્ય શ્રી વિજય પદ્મસૂરિશ્વર**
**પ્રકાશક : યાત્રિક મહેન્દ્રભાઈ ઝવેરી**
પ્રાપ્તિસ્થાન : ૫૨, અમૂલ્ય, ૧૯૫, વાલકેશ્વર રોડ, મુંબઈ. ફોન : (૦૨૨) ૨૩૬૧૨૩૬
મૂલ્ય : અમૂલ્ય પાના-૪૮

અમલસાડ નગરે શ્રી ચંદ્રપ્રભસ્વામી તથા અન્ય જિનબિંબોની અંજનશલાકા-પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે 'શ્રાવક ધર્મજાગરિકા સાર્થ' તેની પ્રભાવના શ્રી યાત્રિકભાઈ ઝવેરીએ કરી તે અનુમોદનીય અને અનુકરણીય છે.

ગ્રંથના રચયિતા કવિ દીવાકર શાસ્ત્ર વિશારદ પૂ. આચાર્ય વિજયપદ્મસૂરિશ્વર આગમશાસ્ત્રોના જ્ઞાતા, પ્રાકૃત તથા વ્યાકરણના વિશેષજ્ઞ અને સિદ્ધાંત પારગામી હતા. તેમની કવિત્વશક્તિ નૈસર્ગિક હતી. ગુજરાતીમાં હરિગીત છંદ અને સંસ્કૃતમાં આર્યા છંદ પરની તેમની પકડ ખૂબ સરસ હતી. 'અજિત શાન્તિ સ્તવન'ની અનુકરણરૂપે તે જ છંદ અને ઢાળમાં તેમણે 'શ્રી સિદ્ધ ચક્ર સ્તવન'ની રચના કરી. જે એક અદ્ભુત રચના ગણાય છે. તેમણે સો કરતાં પણ વધુ ગ્રંથોની રચના કરી છે. તેમણે રચેલા ગ્રંથોમાં જૈન પ્રવચન કિરણાવલી, દેશના ચિન્તામણી ભાગ-૧ થી ૬, દેશવિરતિ જીવન, સંવેગમાળા, પ્રાકૃત સ્તોત્ર પ્રકાશ, સંસ્કૃત સ્તોત્ર-ચિંતામણી, પંચકલ્યાણાદિ પૂજાઓ વગેરે છે.

પ્રસ્તુત ધર્મજાગરિકા ગ્રંથમાં શ્રાવક પ્રભાત કાળે ઊઠે ત્યારની ક્ષણથી માંડીને રાત્રે શયન કરવા જાય ત્યાં સુધીમાં તેની દિનચર્યા કેવી હોય, કેવી હોવી જોઈએ તેનો વિસ્તારપૂર્વક શાસ્ત્ર આધારિત રચયિતાએ વર્ણવ્યો છે. જિન પ્રતિમા પૂજન, જિનપૂજા, સંઘ, ગુરુ, ગુરુવંદન, વ્યાખ્યાન સત્સંગ, સામાયિક, પ્રતિક્રમણાદિ, ષડાવશ્યક, પૌષધવ્રત-નિયમ, વગેરે ક્રિયાઓનું સરળ ભાષામાં છતાં શાસ્ત્રીય શૈલીમાં આલેખન કર્યું છે.

આ ગ્રંથનું સુઘડ અને સ્વચ્છ પ્રિંટીંગ, સરળ ગુજરાતી ભાષામાં કાવ્યમય બાનીમાં ચાર ચાર પંક્તિના શ્લોકો અને સરળ ભાષામાં છતાં શાસ્ત્રના આધારે તેના સમજાવેલા અર્થો શ્રાવકને વાંચવા પ્રેરે તેવા રસપ્રદ તો છે જ પણ સાથે સાથે સાચા શ્રાવક બનવામાં સહાયરૂપ થાય તેવા છે.

આ ગ્રંથનું વાંચન કરી ભવ્ય જીવો ધર્મબીજ, બોધબીજ અને યોગબીજની વાવણી કરી આત્મહિત સાધી શકે તેવો છે.

xxx

(૨) પુસ્તકનું નામ : **શૃંગાર વૈરાગ્ય તરંગિણી**
(તત્ત્વજ્ઞાન સિરીઝ પુષ્પ ૧લું)
**લેખક : મુનિશ્રી મૃગેન્દ્રવિજય**
**પ્રકાશક : ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ. મુંબઈ-અમદાવાદ. પ્રાપ્તિસ્થાન :** મુનિશ્રી મૃગેન્દ્ર વિજય C/o. જૈન યોગ ફાઉન્ડેશન, જીતેન્દ્ર હર્ષદકુમાર એન્ડ કંપની, ૬૮૫, ગોવિંદ ચોક, એમ. જે. માર્કેટ, મુંબઈ-૨. ફોન : ૦૨૨૪૦૬૨૫૮, ૫૬૩૬૯૯૪૭. મો. : ૦૯૮૯૮૭૧૩૬૮૭. મૂલ્ય રૂા. ૫૦, પાના-૪૬, આવૃત્તિ-૧. ૨૦૦૭.

મુનિશ્રી મૃગેન્દ્રવિજયજીએ પોતાના પિતા અને ગુરુ એમ ઉભયે એવા સ્વાધ્યાયપ્રેમી આચાર્ય ચિદાનંદસૂરિજી મહારાજ સાહેબને સમર્પિત કરેલ આ કાવ્યગ્રંથ એક પ્રાચીન-સંસ્કૃત કાવ્યરચના છે. જે નવ રસોથી ભરપૂર સંસ્કૃત વાઙ્મયનો ઉત્તમ નમૂનો છે.

આ કાવ્યકૃતિના કર્તા વિ. સં. ૧૨૪૧માં વિદ્યમાન એવા શ્રી સોમપ્રભાચાર્ય છે. જેમણે પોતાની બુદ્ધિપ્રતિભા અને કાવ્યશક્તિને કારણે 'શતાર્થવૃત્તિકાર'નું બિરૂદ પ્રાપ્ત કર્યું હતું. આ કૃતિ ભર્તૃહરિકૃત 'નીતિશતક'ની યાદ અપાવે છે.

જૈનાચાર્ય સોમપ્રભસૂરિજીએ વૈરાગ્ય તરંગિણીની રચના દ્વારા શૃંગાર અને શાંત બંને પરસ્પર વિરોધી ભાવોને એક સાથે મૂકીને-સમન્વય કરીને એક અદ્ભુત ચમત્કૃતિનું સર્જન કર્યું છે. જેમાં કર્તાની કાવ્યશક્તિ, કલ્પનાશક્તિ, અર્થગાંભીર્ય, છંદવૈવિધ્ય તથા ઉત્પ્રેક્ષા વગેરેનો સુંદર પરિચય થાય છે. જૈન શ્રમણે શૃંગાર રસના સ્થાયી ભાવ 'રતિ'ને શાંત રસમાં રૂપાંતરિત કરીને જે રસાનુભૂતિ કરાવી છે તે વિસ્મયકારી તો છે જ પણ સાથે સાથે તેઓ જૈન શ્રમણ હોવા છતાં સાહિત્ય ક્ષેત્રે નીરસ ન હતા તેની વાતની પ્રતીતિ પણ કરાવે છે.

xxx

(૩) પુસ્તકનું નામ : **રોજ રોજની વાચનયાત્રા (ભાગ-૧ થી ૫)**
**સંપાદક : મહેન્દ્ર મેઘાણી**
**પ્રકાશક : લોક મિલાપ ટ્રસ્ટ**, ગોપાલ મેઘાણી, પો. બો. ૨૩, (સરદારનગર), ભાવનગર. કિંમત રૂા. ૭, (ભાગ-૧ થી ૫ સેટના રૂા. ૩૫,) (૨૦ કે વધુ સેટ રૂા. ૨૫ લેખે), પાના ૬૦ (દરેક ભાગના); આવૃત્તિ-૩. ૨૦૦૬.

'દરરોજ પાંચ મિનિટનું વાચન, ૬૦ દિવસ સુધી રોજનું એક પાનું.'

પુસ્તકના પ્રથમ પાના પર છપાયેલ આ વાક્યમાં લેખકનું ધ્યેય છુપાયેલું છે. અન્ન સેવન જેટલું જ અનિવાર્ય વાચન આપણાં સાહિત્યમાંથી મેળવવાનું છે અને તે આપણા સાહિત્યના અનેક લેખકો પાસેથી મળેલ છે. સાહિત્ય સમૃદ્ધિની સાચી ઓળખ કરવા માટે અને એ દિશામાં એક નમ્ર પ્રયત્ન રૂપે 'અરધી સદીની વાચન યાત્રા- ભાગ-૧' પુસ્તક જે ૨૦૦૩માં પ્રકાશિત કરેલું તેનાં ૬૦૦ ટૂંકા એ પાનાના લખાણોમાંથી ચૂંટેલા કેટલાંક નાના નાના લખાણોનો આ પુસ્તિકાઓમાં સમાવેશ કરેલો છે.

લેખકનું ધ્યેય છે કે સરળ, રસિક અને પ્રાસ વાચન આજના યુવાનો કરે અને ગુજરાતની શાળા-કૉલેજોના લાખો વિદ્યાર્થીઓ સુધી આ પુસ્તકો પહોંચે અને સમાજની સેવા કરતાં કરતાં આપકર્મી બને. શુભ વાચનનો ફેલાવો કરવાની સાથે પુસ્તિકા દીઠ રૂા. ૨નું સ્વમાનભરેલું મહેનતાણું મેળવે.

આ નાનકડી પુસ્તિકાઓ ભાવિ યુવાનોને સંસ્કારમય બનવાની પ્રેરણા આપે તેવી છે. દરેક પુસ્તિકાના કવર પેજ પર મહાપુરુષોના અને કવિ લેખકોનો નામો, ગ્રંથોના નામો અને તેમના ફોટાઓ સાહિત્યપ્રેમીને પોષે તેવા આકર્ષક અને પ્રેરક છે.

નાનકડી પુસ્તિકાઓ વસાવવા અને ભેટ આપવા જેવી અવશ્ય છે.

* * *

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૩

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month ● Regd. No. MH/ MR/SOUTH-146 / 2006-08



## પંથે પંથે પાથેય...

# સ્નેહનું કોઈ સરનામું હોતું નથી

❑ અનુ ગઢિયા

કુષ્ઠરોગ નિયંત્રણ ક્ષેત્રે પાંત્રીસેક વર્ષથી કાર્ય કરું છું. અનુભવનું ભાથું પાર વિનાનું છે. રક્તપિત્તના દર્દીઓના પ્રશ્નો કેવળ શારીરિક જ નહિ, મનોવૈજ્ઞાનિક અને સામાજિક પણ હોય છે, એ ડગલે ને પગલે જોયું છે, જોઈ રહી છું. મારું કાર્ય કેટલું કરુણામૂલક હશે એ તો કહી શકતી નથી, પણ એટલું ચોક્કસ કે રક્તપિત્તના દર્દીઓ સારવાર પહેલાં, સારવાર દરમિયાન, અને રોગમુક્ત થયા પછી પણ મને પ્રેમ આપતા આવ્યા છે. જીવનનું આ ભાથું અમોઘ છે, સાચે જ.

કુસુમબેનને રોગમુક્ત થયાને વર્ષો થયાં. રોજ વહેલી સવારે, ટાઢ-તડકો-વરસાદ ગમે તેટલા હોય, ભજનકિર્તન માટે મંદિરો તરફ જવા પગપાળા નીકળી પડે. લોકોના ઘરે પણ જાય. થોડી ઘણી ભિક્ષા મળે. મિલનસાર અને નિખાલસ બહેન. બપોરના બાર-સાડા બારે પાછા ફરે. એમણે એક નિયમ વર્ષોથી જાળવી રાખ્યો છે કે દર સોમવારે વળતાં છેલ્લે અમારે ઘેર અચૂક આવે. બહારનો ગેટ ખોલીને અંદર આવતાં મીઠી હલકે સાદ કરે: અ...નુ... બ...હે...ન...પછી તરત બીજો ટહુકો: ભા...ઈ...(મારા મોટાભાઈ શાંતિભાઈ). બહાર પરસાળમાં હીંચકા પર બેસે. બાજુમાં હું બેસું. અલકમલકની વાતો કરીએ.

ભિક્ષાની કમાણીમાંથી જ પતિ-પત્નીએ દીકરા અરુણને પરણાવ્યો. અરુણ મુંબઈના એક ઉપનગરમાં નોકરી કરે છે. એને પણ સંતાનો છે. આ બધું શક્ય બન્યું, એનું કારણ કુસુમબેન અને બચુભાઈની નાણાકીય બચત હતું. પૈસા ક્યાં મૂકવા તે બારામાં હું મારી સમજ પ્રમાણે સલાહ આપું. બેંકમાં ખાતું ખોલાવ્યું. પોસ્ટના એન.એસ.સી. લીધાં અને એમ વર્ષો વીતતાં પૈસા ગુણાંકનમાં વધવા લાગ્યા. અરુણે મોટરબાઈક પણ વસાવી.

૧૯૯૬માં મારા બાનું અવસાન થયું. રવિવાર હતો. હંમેશની માફક સોમવારે કુસુમબેન આવ્યા. પૂછ્યું, 'બાની તબિયત કેમ છે?' રૂંધાતા સ્વરે મેં સમાચાર આપ્યા. એમને આઘાત લાગ્યો. થોડા દિવસ પછી આવ્યા ત્યારે બહુ ઉદાસ જણાતા હતા. કંઈક કહેવા માગતા હતા, પણ અચકાતા હતા. મેં કહ્યું, 'કુસુમબેન, શું કહેવા માગો છો? દિલ ખોલીને વાત કરો.'

અનુબહેન, અરુણના પપ્પા કહે છે, મરણ પછી સાડલો બદલાવવાનો રિવાજ તમારે ત્યાંય હશે. અનુબહેન, તમને કેવી રીતે કહું? અમે તો નાના માણસ. પણ... પણ...એ કહે છે, અનુબહેન આપણે ત્યાં આવે, જમે અને સાડલો બદલાવીને જાય, તો કેવું સારું! હું એમનો ભાઈ નહિ?' કુસુમબહેન આટલું કહી નીચું જોઈ ગયા. મારી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

'જુઓ, કુસુમબેન, તમને ને બચુભાઈને મારા માટે ભાવ છે, હું સમજું છું; પણ તમે જાણો છો કે હું પરણી તો છું નહિ. અહીં ભાઇઓ સાથે જ રહું છું. આ જ મારું ઘર. સાડલો બદલાવવા મારે બીજે ક્યાંય જવાનું હોય નહિ. તમે માઠું ન લગાડશો.'

નદીનું મૂળ હશે, વૃક્ષનું મૂળ હશે, પણ સ્નેહની સરવાણી ક્યારે ક્યાંથી ફૂટશે, કહી શકાતું નથી. સ્નેહનું સરનામું હોતું નથી. બાર વર્ષના વહાણાં વહી ગયાં. આ ઘટના મારી મનોભૂમિમાં કાયમી સ્થાન લઈ ચૂકી છે. કેલેન્ડરમાં સોમવાર ઊગે છે. સાડા બારે દરવાજો ખુલે છે. કુસુમબેન પ્રવેશે છે. મધુર ગોષ્ઠિ કરતાં અમે હીંચકે ઝૂલીએ છીએ.

✱ ✱ ✱

એ-૬, ગુરુકૃપા સોસાયટી,
શ્રી મુક્તજીવન સ્વામીબાપા માર્ગ,
વડોદરા-૩૯૦૦૦૬.

## જીવનની સારરૂપ બાબત : ધીરજ

❑ મહેબૂબ દેસાઈ

*મુલ્લા નસીરૂદ્દિનનો એક કિસ્સો ધીરજના વિચારને બરાબર સાકાર કરે છે. કોઈકે મુલ્લા નસીરૂદ્દિનને પૂછ્યું,*

*'તમારા જીવનના અનુભવોનો સાર કહેશો?'*

*મુલ્લા નસીરૂદ્દિન જરા વિચાર કરી બોલ્યા,*

*'ત્રણ બાબતો મારા જીવનમાં સાર રૂપ છે.*

*પ્રથમ, યુદ્ધમાં સંહાર કરવામાં સમય, શક્તિ અને નાણાંનો વ્યય શા માટે કરવો જોઇએ. થોડી ધીરજ રાખશો તો આપો આપ વ્યક્તિઓ નાશ પામશે.*

*બીજું ઝાડ પરની ફળ તોડવાની જહેમત ન લો. ફળ પાકી જશે ત્યારે આપો આપ પડી જશે.*

*ત્રીજું, સ્ત્રીઓ પાછળ પુરુષો શા માટે ભાગે છે. થોડી ધીરજ રાખશો તો સ્ત્રીઓ પુરુષો પાછળ ભાગતી દેખાશે.'*

✱ ✱ ✱

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004, Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- તા. ૧૬ મે, ૨૦૦૮ છૂટક નકલ રૂા. ૧૦/-

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ***

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૪ વીર સંવત : ૨૫૩૪ વૈશાખ સુદ – તિથિ – ૧૨

## જિન-વચન

### આત્મા ઉપર વિજય

अप्पा चेव दमेयव्वो अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दंतो सुही होई अस्सिं लोए परत्थ य ।।

–उत्तराध्ययन–१-१५

પોતાના આત્માને જ દમવો જોઈએ, કારણ કે આત્મા જ દુર્દમ્ય છે. આત્મા ઉપર વિજય મેળવનાર જ આ લોકમાં અને પરલોકમાં સુખી થાય છે.

अपनी आत्मा का ही दमन करना चाहीए, क्योंकि आत्मा ही दुर्दम्य है । अपनी आत्मा पर विजय पानेवाला ही इस लोक और परलोक में सुखी होता है ।

The self alone should be restrained, because it is most difficult to restrain the self. He who has restrained his self becomes happy in this world as well as in the next world.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

## આચમન

### ગાંધીજીનું સ્ત્રી-હૃદય

ગાંધીજીના વખતમાં કેટલીક સ્ત્રીઓ અંગ્રેજી શીખીને (ભણીને) આગળ આવી. એમને વિશે ગાંધીજીને આદર હતો. એમની પાસેથી એમણે કામ પણ લીધું. પણ આ અંગ્રેજી શીખેલી બહેનો કનેથી એમણે બહુ મોટી અપેક્ષા રાખી ન હતી. એ કહેતા : 'મારે એક મોટો ઉઠાવ કરવો છે. એને માટે અશિક્ષિત બહેનો અને અંગ્રેજી ન જાણનાર મધ્યમ વર્ગની બહેનોને જગાડવી જોઈશે.'

આશ્રમમાં ગાંધીજી બહેનો માટે ખાસ વખત કાઢવા લાગ્યા. આનું અદ્ભુત પરિણામ આવ્યું. સ્ત્રીઓમાં એક નવી જાગૃતિ દેખાવા લાગી. દાંડીકૂચ વખતે આશ્રમના ઘણાખરા પુરુષો રણાંગણ પર ઊતરી પડ્યા, ત્યારે આશ્રમ ચલાવવાની જવાબદારી બહેનોએ સંભાળી. બધાં ખાતાં સરસ સાચવ્યાં. આશ્રમ બહારની બહેનોએ પણ જ્યાં-ત્યાં મોટાં કામ કર્યાં. દારૂબંધીના કામમાં તો એમનો ફાળો ઘણો મોટો હતો.

બાપુજીએ બહેનોને કઈ રીતે તૈયાર કરી, એ જાણવું હોય તો બાપુજીએ એમને જે પત્રો લખ્યા છે તેનો અભ્યાસ કરવો જોઈએ. ('બાપુજીના પત્રો : આશ્રમની બહેનોને' : સં. કાકા કાલેલકર)

લોકોએ શ્રીકૃષ્ણ વિશે જે લખી રાખ્યું છે તેટલા પરથી શ્રીકૃષ્ણની બરાબર કલ્પના કરી શકાતી નથી. તો પણ ગાંધીજીને સમજવા માટે શ્રીકૃષ્ણની વિભૂતિને સમજવી અત્યંત જરૂરી છે. ગાંધીજીનું હૃદય સ્ત્રી-હૃદય જ હતું. સ્ત્રીઓમાં કોમળતા હોય છે. નમ્રતાને લીધે કહો અથવા દીર્ઘદર્શિતાને લીધે, સંઘર્ષને બદલે સમજૂતી પર તેમની અધિક શ્રદ્ધા હોય છે. અભિમાની માણસ આગળ માથું નમાવી, એને બીજી રીતે હરાવવાની એક પદ્ધતિ એમની પાસે છે. પ્રેમનો દ્રોહ કર્યા વગર, કારુણ્યનો સ્રોત સૂકવ્યા વિના સ્ત્રીઓ તેજસ્વિતા દાખવી શકે છે. ગાંધીજીનો અહિંસક પ્રતિકારનો માર્ગ આ સ્વભાવ માટે અનુકૂળ હતો. બીજું કે, ગાંધીજીની આગળ સ્ત્રીઓ તદ્દન નિઃસંકોચપણે વાતો કરતી. એમની શક્તિ-અશક્તિ ગાંધીજી જાણતા. એમની અશક્તિ દૂર કરી એમની શક્તિ મજબૂત કરવાનું કામ બાપુજીએ જેવું કર્યું તેવું, શ્રીકૃષ્ણનો અપવાદ છોડીએ, તો બીજા કોઈ યુગપુરુષે કરેલું નથી.

❑ **મહેન્દ્ર મેઘાણી**

સંપાદિત 'ગાંધી ગંગા' માંથી.

*પ્રત્યેક ગુજરાતીના ઘરમાંઆ પુસ્તક અવશ્ય હોવું જોઈએ જ. ઉપયોગ થયા પછી પસ્તીમાં પધરાવાતી મોંઘી કંકોત્રી સાથે કોઈ એકાદ પુસ્તિકા પણ ભેટ મોકલાય તો લગ્નપ્રસંગ શુભેચ્છકોના જીવનમાં હૃદયંગમ બની જાય.*

## સર્જન-સૂચિ ✳✳✳


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | રોજીદાન-શ્રેષ્ઠ દાન | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | આધ્યાત્મયોગી શ્રી ચિદાનંદજીની વાણી | ડૉ. નિરંજન રાજગુરુ | ૭ |
| (૩) | મહાકવિ શ્રી રામચંદ્ર : જીવન, જીવનકાળ અને કવન | ડૉ. સુશીલા કનુભાઈ સૂચક | ૧૦ |
| (૪) | આ હિંસાને જીવન નિર્વાહનો હક કહી શકાય ? | શ્રી કાકુભાઈ મહેતા | ૧૨ |
| (૫) | સર્જનનો સ્રોત : વેદના | શ્રી શાંતિલાલ ગઢિયા | ૧૩ |
| (૬) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૪ |
| (૭) | જૈન પારિભાષિક શબ્દ કોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૬ |
| (૮) | સોજન્યનું બીજું નામ શ્રી શીવુભાઈ લાઠીયા | પ. પૂ. મુનિ શ્રી વાત્સલ્યદીપ | ૧૭ |
| (૯) | આહાર સંજ્ઞાની કથાઓ | ડૉ. ગુલાબ દેઢિયા | ૧૮ |
| (૧૦) | પંથે પંથે પાથેય : ખુદાના બંદાનો સંગ | શ્રી મનસુખલાલ ઉપાધ્યાય | ૨૦ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

| | ભારતમાં | પરદેશ |
|---|---|---|
| ૧ વર્ષનું લવાજમ | રૂા. ૧૨૫/- | U.S. $ 9-00 |
| ૩ વર્ષનું લવાજમ | રૂા. ૩૫૦/- | U.S. $ 26-00 |
| ૫ વર્ષનું લવાજમ | રૂા. ૫૫૦/- | U.S. $ 40-00 |
| ૧૦ વર્ષનું લવાજમ | રૂા. ૧૦૦૦/- | U.S. $ 75-00 |
| કન્યા કરિયાવર આજીવન લવાજમ | રૂા. ૨૦૦૦/- | U.S. $100-00 |

ક્યારેય પણ જાXખ ન લેવાની 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ હોઈ એના ગ્રાહકો અને શુભેચ્છકો તેમ જ દાતાઓ જ આ સત્ત્વશીલ સામયિકને જીવંત રાખી શકશે. (૭૭ વર્ષની અવિરત સેવા છે મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રોની) ગુજરાતી ભાષાના સામયિકો જીવશે તો જ ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કાર સંસ્કૃતિ જીવંત રહેશે.

જૈન ધર્મ અને સર્વ ધર્મના ચિંતનો આવા સામયિકોથી જ વર્તમાન અને ભવિષ્યની પેઢીના હૃદયમાં રોપાતા જશે.

પુનિત પુત્રી તો 'દુહિતા' અને 'દેહલી દીપક' છે ; એટલે બન્ને દિશા અને બન્ને ઘરને અજવાળે એવો ઘરના ઉંબરાનો એ દીપક છે. લગ્નમાં આપણે લાખો રૂા.નો ખર્ચ કરીએ છીએ, લાખોના કરિયાવર અને ઘરના સંસ્કાર સાથે પુત્રીને વિદાય આપીએ છીએ તો કરિયાવરમાં 'પ્રબુદ્ધ જીવન' ન આપી શકીએ ? પુત્રીના જીવનમાં એ સદાય જીવંત રહેશે. પથદર્શક બનશે. સુજ્ઞેષુ કિં બહુના... ?

☛ ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો. કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.

☛ **કન્યા કરિયાવર** આજીવન ગ્રાહક લવાજમ ભરનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્ત છે એવું પ્રમાણપત્ર જુદું આપવામાં આવશે

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૫ ● ● તા. ૧૬ મે, ૨૦૦૮ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## રોજીદાન — શ્રેષ્ઠ દાન

આપણા પૂર્વ રાષ્ટ્રપતિ અને પ્રખર તત્ત્વચિંતક ડૉ. રાધાકૃષ્ણન સર્વપલ્લીએ એક વખત કહ્યું હતું કે 'આપણી ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને ધર્મનું જતન ભારતનો મધ્યમ વર્ગનો માનવી જ કરે છે.' આ કથનમાં જરાય અતિશયોક્તિ નથી કે નથી અન્ય વર્ગ માટે પૂર્વગ્રહ.

મુંબઈના પરામાં ૧૦૦/૨૦૦ ફૂટની જગ્યામાં રહેતું મધ્યમ-વર્ગીય એક કુટુંબ કેટલી બધી કરકસર કરે છે! ઘરના બધાં કામો આટોપ્યાં પછી જમીન ઉપરની ચીજ વસ્તુ ઉપર ભીંતે ગોઠવી દે–પોતાના જીવની ચિંતાઓની જેમ–ચાલીમાં પાણીનું એક પીપ એના ઉપર થોડો અસબાબ, રાત્રે કેટલાંક સભ્યો બહાર ચાલીમાં સૂએ, ફાટેલાં સાડલામાંથી પડદાં બનાવાય અથવા ઊનાળે ઓઢવાની ચાદર. ફાટેલાં ટુવાલમાંથી નેપકિન બનાવાય અને ફાટેલાં ધોતિયામાંથી રૂમાલ. ઘરમાં એક નાના ડબ્બામાં ઘરના પ્રત્યેક સભ્ય રોજની દશ પૈસાની ધર્મબચત એમાં નાખતા જાય, પછી એ રકમનો ઉપયોગ કબૂતરની ચણ માટે કરાય, રોટલી વણાતી હોય ત્યારે પહેલી રોટલી ગાયને કે કાગડાને અને બટકુ રોટલો કૂતરાંને અવશ્ય સમર્પિત થાય. જૂના કપડામાંથી ક્યારેક વાસણ ખરીદે તો ક્યારેક કોઈ રાહત ફંડમાં એ કપડાં આપી દે. આમ હસતાં હસતાં કશમકશ જીવન જીવતું આ કુટુંબ, મંદિરે જાય ત્યારે દાન પેટીમાં યથાશક્તિ રકમ પધરાવે પધરાવે જ. વાતાવરણની પરવા કર્યા વગર સાંજે સાદડીમાં જઈ આશ્વાસનના શબ્દોથી મિત્ર–સગાના કુટુંબના દુ:ખના સહભાગી થાય, ઘરે મળવા આવેલ વિધવા નણંદ કે દેરાણી, જેઠાણી કે અન્ય કુટુંબના સભ્યોને ઘરેથી ખાલી હાથે જવા ન દે, એવી જ રીતે કોઈના ઘરે જાય ત્યારે એ કુટુંબના સભ્યના હાથમાં રકમ જરૂર મૂકે, અને 'ના ન હોય' એવાં પ્રેમભર્યા શબ્દોની ખેંચાતાણી થાય. લગ્ન પ્રસંગોમાં હોંશે હોંશે હાજરી પૂરે, ઘરના સભ્યો એક બીજાને હિંમત આપે, બાળકોને પ્રેરણા આપે, એક બે વરસે એક વખત જાત્રાએ જવાનો કાર્યક્રમ પણ ગોઠવી દે. 'આમ ન થાય, આમ જ થાય' એવા સંસ્કારી આગ્રહો રાખે, રીતરિવાજોમાં કોઈ સગવડિયો બાંધછોડ ન કરે. આર્થિક ભીડમાં હાથ લંબાવવાનો વિચાર માત્ર ન કરે. મનમાં મુંઝાય, મનમાં મરે અને શ્રદ્ધામાં જીવે.

આવા મધ્યમ વર્ગના માનવીમાં અખૂટ શક્તિ હોય, પુરુષાર્થની તમન્ના હોય, પ્રમાણિકતાનો ભેખ હોય. પણ પગથિયા વગર ચઢાણ થાય ખરું? ધંધો કરવાની કોઠાસૂઝ હોય પણ ધન ક્યાંથી લાવે? આપણી બેંકો તો બે રૂપિયાની સિક્યોરિટી લઈને પચ્ચીસ પૈસા આપે. પાછું બીજા જ મહિનાથી ૧૬% વ્યાજ, અને પ્રારંભમાં જ સાહેબોને ભ્રષ્ટાચારની રકમના શ્રી ગણેશ.

કોઈ ખાનગી શરાફ પાસે જાય તો વળી અપમાન સાથે મહિને ૩ ટકા એટલે બાર મહિને ૩૬% વ્યાજ, એ પણ ત્રણ મહિનાનું વ્યાજ કાપીને પછી રકમ આપી આંખમાં ઉપકાર દેખાડે! ઈસ્લામ ધર્મમાં સિદ્ધાંત છે–'વ્યાજ ન લેવું, વ્યાજ ન ખાવું.' ઉત્તમ સિદ્ધાંત છે. નમન કરીએ એવો સિદ્ધાંત છે. આ તે કેવો વ્યવહાર કે તમે એક વાર ધન કમાઈ લ્યો પછી તમે આરામથી ગાદી તકિયે બેસો અને તમારા ધનથી બીજો જે પસીનો પાડે એ તમે દૂધપાકની જેમ પીતા રહો! આવાં વ્યાજ ખાઉને 'નાક' ન હોય એટલે આવા પસીનાની ગંધ–સુગંધ ને ક્યાંથી અનુભવે?

પ્રત્યેક ધનપતિએ જોન રસ્કિનનું પુસ્તક 'અન ટુ ધ લાસ્ટ' વાંચવું જોઈએ. ગાંધીજીએ એ વાંચ્યું, એમની ઊંઘ હરામ થઈ ગઈ અને એ પુસ્તક પચાવી ગયા. જીવનભર એ વાચનમાંથી એમણે સમાજને સમાનતા અને પ્રમાણિક પુરુષાર્થનું અમૃત પીરસ્યું. જગતને અપરિગ્રહનો સિદ્ધાંત આપનાર ભગવાન મહાવીરમાં જગતે પહેલાં સમાજવાદીના દર્શન કર્યા, એ રીતે જોન રસ્કિને

કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીનો સિદ્ધાંત જગતના ધનપતિ પાસે મૂકી કહ્યું કે તમારા ધનમાંથી થોડું નબળા આર્થિક વર્ગને આપો. એ તમારી નૈતિક ફરજ તો છે જ ઉપરાંત તમારા ધનની રક્ષા માટે પણ એ જરૂરી છે. 'નથી'વાળો જ્યારે પેટનો બળશે ત્યારે એ ઉદરાગ્નિ 'છે'વાળાનું ભસ્મમાં રૂપાંતરિત કરી નાખશે. સમાજનો અમુક વર્ગ ધનથી નબળો રહે એ આખરે તો સબળ વર્ગ માટે હાનિકારક જ બનવાનું છે. દરેક વ્યક્તિએ તેની સંપત્તિનો ૧૦મો ભાગ સમાજકલ્યાણ માટે વાપરવો જ જોઈએ, એથી જેની કિંમત આંકી ન શકાય એવી આંતરિક સમૃદ્ધિ એ ધનસમૃદ્ધ વર્ગને પ્રાપ્ત થશે. આર્થિક અન્યાયના પલ્લાને સમાંતર કરવાની ફરજ સમૃદ્ધ વર્ગ નહિ બજાવે તો કુદરતી ન્યાયની દેવી તો એનું કામ કરવાની જ છે, પછી એ કોઈના દુ:ખને નહિ જુએ, કારણ કે એણે તો આંખે પાટા બાંધ્યાં છે!

આનંદની હકીકત છે કે આવા અન્યાયોને નાથવા અને આંતરિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવા કરાવવાના નિમિત્ત આપણા સમાજના કેટલાંક સજ્જનો સક્રિય બન્યાં છે. મારા મનમાં આ વિચારો ઘૂમરાતા હતા, આવી પ્રવૃત્તિ ક્યાં ક્યાં થાય છે એની શોધ કરતો હતો ત્યાં સદ્ભાગ્યે આવી બે વ્યક્તિનો પરિચય થઈ ગયો. વર્ષોથી એમને હું ઓળખતો હતો, પણ જાણતો ન હતો. એ અમારા શ્રી કે. પી. શાહ અને શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહ. જોગાનુજોગ આ બન્ને મહાનુભાવો અમારા સંઘના પૂર્વમંત્રી અને કાર્યકર.

અમે કૉલેજમાં હતા ત્યારે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અચૂક જતા, અને ત્યારે અનેક વિદ્વાન મહાનુભાવોના વ્યાખ્યાનની સાથે અન્ય સંસ્થા માટે ફંડ ઉઘરાવવા માટે પૂ. રમણભાઈની મૃદુ વિનંતિ સાથે કે. પી. શાહ અને સી. જે. શાહની ગર્જના સાંભળતા, અત્યારે જેમ અમારા રસિકભાઈ, ચંદ્રકાંતભાઈ અને અન્ય કાર્યકર્તાઓ ગર્જે છે તેમ, અને દાનનો અવિરત પ્રવાહ વહેતો. પરિણામે જૈન યુવક સંઘની વ્યાખ્યાનમાળાએ આજ સુધી ગુજરાતના પછાત પ્રદેશની ત્રેવીશ સંસ્થાઓને રૂા. ત્રણ કરોડ જેટલી રકમનું દાન પહોંચાડ્યું છે. સંઘની પોતાની આર્થિક ભીંસને અવગણીને પણ.

આ કે. પી. શાહને યુવક સંઘમાંથી નિવૃત્ત થતા કોઈ નવી સામાજિક પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થવાનો વિચાર આવ્યો. 'રોટીદાન કરતા રોજીદાન' તો બહુ ઉત્તમ. રોટીદાન તો એક વખત આપીને કદાચ વારે વારે આપવું પડે, પણ એક વખત વ્યવસ્થિત રીતે ચકાસણી કરીને 'રોજીદાન' અપાય તો એ રોજીદાન લેનારને પોતાને અને પોતાના કુટુંબને સુખી સમૃદ્ધ બનાવે જ, એ એટલે સુધી કે આવું રોજીદાન ભવિષ્યમાં અન્યને આપવા એ સમર્થ પણ બને. જેમની પાસે વ્યવસાયની કુશળતા છે પણ એ કુશળતાને મેદાનમાં ઉતારવા ધનનો સાથ નથી મળતો એટલે એવી વ્યક્તિની કુશળતા અને વ્યક્તિ પોતે ખતમ થઈ જાય છે. પરિણામે આપણા સંસ્કાર અને સંસ્કૃતિને સાચવતા આપણા મધ્યમ વર્ગને ક્યારેક એ પણ 'દાવ' પર લગાવવા પડે છે. લાચારી પૂર્વક !!

આવી વ્યક્તિઓના રોજગાર માટે વગર વ્યાજે ધનની યોજના કરવાનું કે. પી. શાહે વિચાર્યું અને એમાં સક્રિય સાથ મળ્યો શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહનો. પરંતુ ચાર હાથ અને બે હૈયાની હિંમતથી આ કાર્ય પાર પડે એટલું સહેલું ન હતું. પહોંચ્યા શ્રેષ્ઠિવર્ય દીપચંદભાઈ ગાર્ડી પાસે. હમણાં થોડા સમય પહેલા જ ભારતીય વિદ્યાભવનમાં એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં જવાનું થયું, ત્યાં પોતાના ચોરાણું વર્ષના જન્મ અભિવાદનનો પ્રત્યુત્તર આપતા ગાર્ડી સાહેબે એક સરસ વાત કરી કહે કે, 'મારે મોક્ષ નથી જોઈતો, સમાજમાં જ્યાં આટલાં બધાં દુ:ખી માણસો હોય, જેમની સાથે આપણે શ્વાસ લીધાં હોય, એ બધાંને દુ:ખમાં રાખીને મોક્ષમાં કેમ જવાય? મારે તો અહીં જ ફરી ફરી જન્મવું છે અને મારા દુ:ખી બાંધવોને ઉપયોગી થવું છે. હું કોઈ વ્રત કરતો નથી. નથી યોગ કરતો કે નથી કસરત. અભાવવાળા સમાજને ઉપયોગી થવું એજ યોગ અને એજ મોક્ષ.'

આવા દીપચંદભાઈ પાસે આવા અભાવવાળા સમાજ માટે આવી કોઈ યોજનાનો ભાવ લઈને કોઈ જાય તો દિપચંદભાઈ ના પાડે ? પોતે તો માતબર રકમ આપી અને જરૂર પ્રમાણે આપતા જાય છે. અને પછી તો 'લોગ સાથ આતે ગયે ઓર કારવાં બનતા ગયા.'

ત્યારબાદ સદ્ભાવ ફાઉન્ડેશનના સ્થાપક શ્રી સુંદરલાલ માણેકચંદ શેઠના સુપુત્રો શ્રી કિશોરભાઈ, શ્રી મહેન્દ્રભાઈ, શ્રી મધુકરભાઈ, શ્રી શશિકાંતભાઈ ઇત્યાદિ તરફથી તેમના માતા પિતાના સ્મરણાર્થે સ્વરોજગાર લોન યોજના તેમજ ઉચ્ચ શિક્ષણ લોન યોજના મળી.

માન્ચેસ્ટર સ્થિત સ્વ. શ્રી વીરચંદ મીઠાલાલ મહેતાના સુપુત્રો શ્રી વજુભાઈ, શ્રી હસમુખભાઈ, શ્રી સુરેન્દ્રભાઈ, શ્રી મહેન્દ્રભાઈ ઇત્યાદિએ તેમના પિતાશ્રીના સ્મરણાર્થે ઉચ્ચ શિક્ષણ સ્કૉલરશિપ યોજના તેમજ મેડિકલ રિલિફ યોજના આપી.

નાનો ધંધો કેવો અને કેવી રીતે કરવો, એના ગ્રાહક વર્ગને કેવી રીતે શોધવો, સસ્તી ખરીદી કેવી રીતે કરી બજારભાવ કરતા સસ્તા ભાવે વસ્તુને ગ્રાહક પાસે કેવી રીતે પહોંચાડવી આ બધી આશ્ચર્યજનક વાતો કે. પી. શાહ પાસેથી જાણી. કારણ કે કે. પી. જેવા વ્યવહારૂ સામાજિક કાર્યકર પૂરી ચકાસણી વગર તો સ્વરોજગાર માટે લોનની મંજૂરી આપે ખરા?

આ યોજનાના ઉગમની વિગત જાણ્યા પછી આ યોજનાના આજે સર્વે સર્વા અને એના પ્રાણ જેવા એવા શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહને મળવાની ઈચ્છા થઈ, મળવા ગયો. મન ભરીને મળ્યો. બધી વિગત પ્રાપ્ત કરી આપી.

મુંબઈમાં જૈન સોશિયલ ગ્રુપની મુવમેન્ટ ૧૯૬૫માં ચાલુ કરનાર જૈન સોશિયલ ગ્રુપ-બૉમ્બે મેઈને ૧૯૯૦ આસપાસ તેના તે સમયના મંત્રી શ્રી ધીરજલાલ ફૂલચંદે તેમના સાથીદારો

સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે, મનોરંજન અને ખાણી પીણી દ્વારા ભાઈચારો ભલે આપણે વધારીએ પરંતુ સમાજના મધ્યમ વર્ગના આપણા ભાઈ-બહેનોને સહાયરૂપ થવા માટે પણ આપણે થોડો સમય, શક્તિ અને સંપત્તિ ફાળવવા જોઈએ. સાથીદારોને આ વાતનો સ્વીકાર થતાં અને એમના હંમેશના સાથીદાર અને મિત્ર શ્રી કે. પી. શાહનો સાથ મળતાં જૈન સોશિયલ ગ્રુપ (બૉમ્બે) ફાઉન્ડેશનના નામનું ટ્રસ્ટ સ્થાપવામાં આવ્યું અને એક એવી યોજના ઘડવામાં આવી કે જેથી દાન લેનાર કે દેનાર તરફથી ભીખવૃત્તિ પોષાય નહીં પણ સહાય લેનારનું સ્વમાનપૂર્વક કામ થાય. આ સિદ્ધાંતને મધ્યમાં રાખી, મધ્યમ વર્ગના આપણા ભાઈ-બહેનોને તેમના વ્યવસાયના વિકાસાર્થે તેમજ સ્વ-રોજગારના પ્રોત્સાહનાર્થે વગર વ્યાજની લોન આપવાનું નક્કી કરવામાં આવ્યું. હાલ આ યોજના અંતર્ગત એક વ્યક્તિને રૂપિયા પચાસ હજાર સુધીની લોન આપવામાં આવે છે. આ યોજના હેઠળ આજ સુધીમાં ૭૯૪ વ્યક્તિઓને રૂા. ૧,૮૦,૮૨,૦૦૦ ની લોન મળી ચૂકી છે અને જેથી આ બધાં કુટુંબો સ્વમાનભેર તેમનું જીવન જીવી રહ્યાં છે.

પાંચેક વર્ષ પહેલાં મધ્યમ વર્ગની આ પરિસ્થિતિના મૂળનો વિચાર કરતાં તેઓને જણાયું કે ઉચ્ચ શિક્ષણનો અભાવ એજ આ પરિસ્થિતિનું મૂળભૂત કારણ છે અને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય આપી પ્રોત્સાહન અપાય તો શિક્ષિત વર્ગના વધવા સાથે આર્થિક ભીડ અનુભવતા નબળા વર્ગનો આંક ઘટતો જાય. આ નિષ્કર્શને અમલમાં મૂકી ઉચ્ચ શિક્ષણના અભ્યાસ માટે રૂપિયા એક લાખ સુધીની વગર વ્યાજની લોન યોજના અમલમાં મૂકવામાં આવી. આ યોજના હેઠળ આજ સુધીમાં ૧૩૮ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને રૂા. ૫૨,૭૪,૦૦૦ની લોન અપાઈ ચૂકી છે. આ ઉપરાંત વૈદ્યકીય રાહત ઇત્યાદિ કામો તો થાય જ છે.

પોતાની અનુભવી આંખોથી સામી વ્યક્તિને આરપાર પામી જાય એવી ધીરજલાલભાઈની નજર, એવી દૃષ્ટિ હોવી જ જોઈએ. કારણ કે સમાજના કરોડો રૂપિયાની વહેંચણી કરવાની છે. એમણે બનાવેલા અરજી ફોર્મને બારીકાઈથી જોતા લાગ્યું કે 'ખોટો' માણસ આ ફોર્મ ભરે તો આપોઆપ 'ખરી' પડે! પ્રત્યેક સમાજના પ્રત્યેક સોશ્યલ ગ્રુપોએ આ હકીકતમાંથી પ્રેરણા લેવી રહી. સમાજે જ સમાજને ઊંચકવો પડશે. તો જ ધર્મ ટકશે. પેટ ભરાયું હશે તો આત્માની ચર્ચામાં ગતિ થશે, અને ઘણાં કુટુંબોમાં શાંતિ અને પ્રગતિના પરોઢ ઉગશે.

આ ફાઉન્ડેશનની ઘણી બધી યોજના છે. એ બધાંની ચર્ચા અહીં શક્ય નથી. જિજ્ઞાસુ આ સંસ્થા મંદિર પાસે જઈ ઘંટ વગાડશે, તો બધી વિગતો બુદ્ધિ અને અંતરમાં ગોઠવાઈ જશે.

આ સ્વરોજગાર યોજનામાં અત્યાર સુધી માત્ર ૫% પૈસા નથી આવ્યા એ પણ સંજોગોને કારણે, દાનતને કારણે નહિ. ધર્મપરાયણ સંસ્કારી મધ્યમ વર્ગ સમજે છે કે ઋણ એ ઋણ છે. આ ભવે નહિ તો આવતે ભવે ચૂકવવું જ પડશે. કર્મના સિદ્ધાંતો એમના જીવનમાં તાણાવાણાની જેમ વણાઈ ગયાં છે, અને અંતર એ રંગોથી રંગાયું છે. મારા વિદ્વાન મિત્ર બૅંક ઑફ બરોડાના પૂર્વ અધ્યક્ષ ડૉ. એ. સી. શાહ કહેતા કે નાના માણસોની લોનને માંડવાળ કરવાના પ્રસંગો ઓછા બન્યા છે. જ્યારે ઘણાં શ્રીમંત તો લોન લઈ બેફિકર બની જાય છે.

સ્વરોજગાર માટે આ ગ્રુપ વગર વ્યાજે લોન આપે. કોઈ પણ વ્યક્તિ ૧૦% ઉપર નફાથી તો ધંધો કરે જ, એમાંથી માત્ર ૪% લોનની રકમ પેટે દર મહિને પાછા આપવાના, એટલે થોડાં વરસોમાં લોન ભરાઈ થઈ જાય અને એ વ્યક્તિ એ મૂડીનો માલિક બની જાય. એનો પસીનો સુગંધી બની જાય, કુટુંબ મ્હેંકી ઊઠે!

એક મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે જવાનું થયું ત્યારે મધ્યમ વર્ગની પરિસ્થિતિની ચર્ચા કરતા એક ભાઈએ વેદના ઠાલવતા કહ્યું કે, 'પાંચ વર્ષ સુધી કોઈ જ ધર્મસ્થાનનું નિર્માણ ન થાય અને એટલાં જ પૈસામાંથી જૈન કુટુંબો માટે રહેણાંકની અને સ્વરોજગારની તકોની યોજના ઘડાય તો આપણો ધર્મ અને ધર્મી દીપી ઊઠે!' જો કે આ વિધાન સાથે આપણે સંમત ન થવાય, કારણ કે જીવનનું ચિંતન, વ્રત, ધર્મ, ભક્તિ, વિસ્મયોનું સમાધાન અને મનની શાંતિ પણ એટલી જ જરૂરી છે. જેના માટે ધર્મસ્થાનોની આવશ્યકતા પણ એટલી જ છે. પણ એટલું ઉમેરી શકાય કે જૈન શ્રીમંતો એટલા બધાં શ્રીમંત તો છે જ કે જેટલી રકમ આ ધર્મસ્થાનોના નિર્માણ માટે ખર્ચ કરે એટલી જ રકમનો ઉપયોગ સમાંતરે આવા સમાજ ઉપયોગી કામો માટે પણ કરવો જોઈએ. આ 'શરત' જરૂરી છે. આમ થાય તો સમાજ પણ ઊજળો થાય અને ધર્મ પણ દીપી ઊઠે!

જો આવો વિચાર અમલમાં મૂકાય તો આવી સ્વરોજગારી યોજના માટેનું યાચનાપાત્ર છલકાઈ ઊઠે. છલકાશે તો છંટાશે અને છંટાશે તો સુકું લીલું બની જશે.

ક્ષમા કરજો, આ સંદર્ભમાં એક અંગત અનુભવ, જે પ્રેરણાત્મક છે એટલે આપની સમક્ષ મૂકું છું, સંકોચ સાથે.

ગાંધીવાદી વિચારશ્રેણીને જીવનમાં ઉતારનાર અમદાવાદના એક ઉદ્યોગપતિ અમારા કુટુંબના મોભી અને વહિવટકર્તા. લગભગ દર શુક્રવારે સવારે અમદાવાદથી મુંબઈ, મુંબઈ ઑફિસનો વહિવટ જોવા આવે અને શનિવારે રાત્રે અમદાવાદ તરફ પાછા ફરે. હું ચોપાટી ભવન્સ કૉલેજમાં અભ્યાસ કરું એટલે સવારે સાડા દશે કૉલેજ પૂરી થતાં મારે ચોપાટી ઓરીએન્ટ કલબ પાસે ઊભા રહેવાનું. લગભગ પોણા અગિયાર વાગે એઓ વાલકેશ્વરથી ગાડીમાં આવે અને એમની સાથે ગાડીમાં ગોઠવાઈ જાઉં. મને બસ સ્ટેન્ડ ઉપર ઊભા રહેવાની ના એટલે પાડે કે લાઈનમાં ઊભા રહેતા બીજા બધાંની ઉપસ્થિતિમાં હું એમની ગાડીમાં બેસું તો

અન્યોના મનમાં થોડો અભાવ અને ઈર્ષા જાગે! ગાડીમાં હું બેસું એટલે બેલાર્ડપિયર સુધી મારા અભ્યાસનો બધો રિપોર્ટ લઈ લે. હું ધંધે વળગવાના વિચાર રજૂ કરું તો કહે, 'ધંધો ક્યારેય ઘરડો થતો નથી; અભ્યાસની વય જતી રહે પછી જીવનભર અભ્યાસ અધૂરો જ રહે. નક્કી કર્યા પ્રમાણે પીએચ.ડી. થયા પછી જ આ વાત કરજો.' અમારા કુટુંબમાં નાનામાં નાના સભ્યને પણ એઓ 'તમે'નુંજ સંબોધન કરે. અમારી ગાડી આગળ ચાલી. ચોપાટી વટાવી થોડા આગળ વધ્યા ત્યાં આપણા જૈન મુનિ ગોચરી માટે પસાર થતાં હતાં, સંસ્કાર પ્રમાણે દૂરથી મેં એમને વંદન કર્યા. થોડું આગળ ચાલતા ડાબી તરફ એક વૃદ્ધ માણસ માથે ખાલી તેલના ડબ્બા મૂકી, ફાટેલાં ચંપલે પરસેવે રેબઝેબ ઊભો હતો. તરત જ એમણે ડ્રાયવરને સૂચના આપી કે ગાડી ઊભી રાખ અને એ પરિશ્રમી વૃદ્ધને રસ્તો ક્રોસ કરવા દે. અમારી પહેલાં ઘણી ગાડીઓ એ શ્રમિકને અવગણીને પૂરપાટ દોડી ગઈ હતી. અમારી ગાડી ઊભી રહી. એ શ્રમિકે માથા ઉપરના ભાર સાથે રસ્તો ઓળંગ્યો. આ દૃશ્ય હું જોઈ રહ્યો. મારા વડિલ મને કહે, 'તમે સાધુ મહારાજને પગે લાગ્યા એ તમારા સંસ્કાર પણ આ શ્રમિક વૃદ્ધને પહેલાં પગે લાગવું જોઈએ, આ ઉંમરે પણ એ એના પેટ અને કુટુંબ માટે કેવો પરિશ્રમ કરે છે! ત્યારથી આવા શ્રમિકોને જોવાની મારી તો દૃષ્ટિ બદલાઈ ગઈ! આજે પણ કોઈ પાટીવાળો, કોઈ હાથ ગાડીવાળો, કોઈ પરસેવે રેબઝેબ કર્મઠને હું જોઉં છું ત્યારે મારું માથું નમી પડે છે! અને શરીર પર ચાર લાખના હીરા સોનાના ઝવેરાતથી શોભતા કે સોનાનો ચેન અને હીરાની ચકચકતી વિંટીઓથી ભરેલા આંગળાવાળા કોઈ શ્રીમાન કે શ્રીમતીને કોઈ કુલી સાથે એની પાંચ-દશ રૂપિયાની મજૂરી માટે, રિક્ષા-ટેક્સીવાળા સાથે ભાડાની રકમ માટે ક્રોધ કરતા કે અન્ય માટે અપશબ્દ સુધી જતા એ વ્યક્તિઓને જોઉં છું ત્યારે થાય છે કે આ ધર્મીઓ 'કયા' આત્માના કલ્યાણની વાતો કરે છે! ભારતમાં ભાવનગર એ એક જ સ્ટેશન એવું છે કે જ્યાં સ્ત્રી મજૂરો છે. ગુજરાત એક જ એવું રાજ્ય છે ત્યાં સ્ત્રી-પુરુષ સાથે હાથલારી ખેંચે છે, અને વચ્ચેના ભાગમાં સાડલાના ઘોડિયામાં બાળક ઝૂલે છે. ડોલીવાળો ડોળી ઊંચકી આપણને ભગવાનના દર્શન કરાવે છે! આ બધાં દરિદ્રો નથી શ્રમિક ભગવાનો છે.

એક વખત પસીને તરબતર એક શ્રમિક બાઈ સાથે એરકંડીશન ગાડીમાં બેઠા બેઠા એક શેઠને મેં માત્ર પાંચ રૂપિયા માટે રકઝક કરતા જોયા. ગાડી આગળ ગઈ. એ ભાઈએ વીસ રૂપિયાની ઠંડા પાણીની બોટલ લીધી, પાણી ગટગટાવ્યું. બીજી તરફ પેલી બાઈ પસીનો લૂંછતી બડબડતી બેસી રહી, અને પેલા ભાઈએ ડ્રાઈવરને ગાડી ચલાવવાની સૂચના આપી નાદ બોલાવ્યો, 'બોલો-બોલો...ની જય!!' પ્રત્યેક પુરુષાર્થી પરમાત્માની પ્રતિમા છે, એની 'જય' બોલાવવાનું આ વર્ગને ક્યારે સુઝશે?

લગભગ સાંજે વરલી સી ફેસ ઉપર ફરવા જવાનો મારો નિયમ. ત્યાં ચાની કિટલી લઈને ચા વેચનારા, ચણા વેચનારા, ફુગ્ગાવાળા, બાળકોને ઘોડા ઉપર બેસાડનાર, આપણી ગાડી સિગ્નલ પાસે ઊભી રહે ત્યારે ગાડી ધોવાનું કપડું, પાણી, પુસ્તકો કે લીંબુ મરચાં વેચનાર, આ શ્રમિકોને આપણે મનથી, વાચાથી આદર આપી એમની કદર કરીએ તો 'આત્મા' ખીલી ઊઠશે, 'ખુલી' ઊઠશે.

આ સી. ફેસ ઉપર દશ વર્ષની એક મીઠડી સુઘડ દીકરી આવે છે. બેઉ ખભા ઉપર બે થેલીમાં નાસ્તાના પેકેટો, એક હાથમાં કેટલાંક છૂટા પેકેટો, બજારના સ્ટોલના ભાવ કરતાં એ મોંઘા નહિ. એક વખત આશ્ચર્યવત એ દીકરીને મેં પૂછ્યું બેટા તું કેમ આ ફેરી કરે છે! ભણતી નથી? એણે મને જવાબ આપ્યો, ભણું છું ને, સાતમીમાં છું, અંગ્રેજી સ્કુલમાં. મેં હિન્દીમાં પૂછ્યું એટલે એણે હિંદીમાં જવાબ આપ્યો. મેં કહ્યું તો તું આ કામ કેમ કરે છે! કહે કે મારો ખર્ચ કાઢવા. મારા વડિલ નથી. મા અહીં બંગલામાં કામ કરે છે. મને એક વખત રૂા. ૫૦૦/- મારી માએ આપ્યાં, મેં એ રૂપિયામાંથી આ પેકેટો લીધાં. રોજ અહીં બે કલાક આમ ફરું છું અને રોજના રૂા. ૫૦/- કમાઉં છું. મારો બધો ભણવાનો અને બીજો ખર્ચ આમ કમાઈ લઉં છું. અને ભણું છું! આ સ્વરોજગાર યોજના એક અભણબાઈ અને નિર્દોષ બાળકી સમજે છે તો આપણા બુદ્ધિમંત શ્રીમંતો જોન રસ્કિનને વાંચે અને જરૂર સમજશે અને આ ફાઉન્ડેશનની ઝોળી છલકતી કરી દેશે જ એવી શ્રદ્ધા છે.

મારા શબ્દોનો આ જ આશય છે.

સમાજના શ્રેષ્ઠિઓ તરફથી આ રીતે આ ફાઉન્ડેશનને આર્થિક અનુદાન તો મળ્યા જ કરે છે, પરંતુ આર્થિક સહાય આપનારના આંકડા અને આર્થિક સહાય લેનારના આંકડાની રેસમાં, લેનારનો આંકડો હંમેશાં આગળ ને આગળ રહેતો હોવાથી અને અનુદાન આપનારને સંતોષ થાય તેવી સંપૂર્ણ પારદર્શક અને ૧૦૦ ટકા સફળ અને અન્ય જગ્યાએ ઓછી જોવા મળે તેવી પ્રવૃત્તિ થતી હોવાથી સમૃદ્ધ વર્ગના શ્રેષ્ઠિઓએ પોતાના દાનનો સંપૂર્ણ સદ્ઉપયોગ થતો જોવો હોય તો શ્રી કે. પી. શાહને અને શ્રી ધીરજલાલ ફૂલચંદને પ્રોત્સાહિત કરે એવી મારી શ્રીમંતોને નત મસ્તકે વિનંતિ છે. એમનો સંપર્ક થઈ શકે છે નીચેના સરનામે,

જૈન સોશિયલ ગ્રુપ (બોમ્બે) ફાઉન્ડેશન

શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહ

૭/એ, સંભવ તીર્થ, હાજી અલી, મુંબઈ-૪૦૦ ૦૨૬.

પ્રત્યેક સમાજના સોશિયલ ગ્રુપોએ આ કાર્ય પદ્ધતિની પ્રેરણા લેવી રહી. સમાજે જ સમાજને ઊંચકવો પડશે, અને તો જ ધર્મ ટકશે અને સંસ્કાર અને ધર્મનું જતન કરનાર મધ્યમ વર્ગની આંતરડી ઠરશે. અઢળક આશીર્વાદ મળશે.

❑ ધનવંત શાહ

# અધ્યાત્મયોગી શ્રી ચિદાનંદજીની વાણી

❑ ડૉ. નિરંજન રાજગુરુ

૭૩ મા વર્ષમાં પ્રવેશેલી રાષ્ટ્રીય કક્ષાની પર્યુષણ વ્યાખ્યાન-માળામાં 'અધ્યાત્મ યોગીરાજ શ્રી ચિદાનંદજીની વાણી' વિષયે વ્યક્તવ્ય આપવાનું સૌભાગ્ય મને મળ્યું એ બદલ વ્યાખ્યાનમાળાના સંયોજકશ્રી અને પ્રમુખશ્રી ડૉ. ધનવંતભાઈ શાહ તથા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સૌ વડીલ મુરબ્બીઓ, સ્નેહીજનો અને મિત્રોનો અંતરથી આભાર વ્યક્ત કરું છું.

આ વ્યાખ્યાનમાળાને ડૉ. ધનવંતભાઈ શાહે એક અવિરત જ્ઞાનયાત્રા તરીકે ઓળખાવી છે. અને એમાં જે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના વિચારકો, તત્ત્વજ્ઞો, વિદ્વાનોએ વ્યક્તવ્યો આપ્યાં છે એની સરખામણીમાં તો હું ગામડામાં રહેનારો એક નાનકડો સંતસાહિત્ય અને સંતસાધનાના ક્ષેત્રનો વિદ્યાર્થી જ છું. છતાં આ બહુમાન મને મળ્યું છે એ મારા પૂર્વજોના પૂણ્ય, આપણા મરમી કવિશ્રી સાંઈ મકરન્દ દવે, સ્વ. પૂ. ભાયાણી સાહેબ, સ્વ. મુ. જયંતભાઈ કોઠારી અને આચાર્યશ્રી વિજય શીલચન્દ્રસૂરિજી મહારાજ સાહેબના અંતરના આશીર્વાદને કારણે મળ્યું છે એમ માનું છું.

સંતસાહિત્ય અને સંતસાધનાનું ક્ષેત્ર અતિ ગૂઢ અને રહસ્યભર્યું છે. સમગ્ર જીવતરની આત્મસાધના-અધ્યાત્મસાધનાને અંતે મળેલું આ શબ્દનવનીત સંતોએ ભવિષ્યની પેઢીના ઉત્કર્ષ અને આત્મવિકાસ માટે તારવીને સંતવાણી રૂપે પ્રસ્તુત કર્યું છે. એનું રહસ્ય-એનો મર્મ, શબ્દકોશના શબ્દોના અર્થોથી આપણે ક્યારેય ન પામી શકીએ.

ચિદાનંદજીની ઉપાસના-આરાધના-ભક્તિસાધનાનું લક્ષ્ય હતું અનુભવ, આત્માનો અનુભવ. અને અનુભવ એટલે ચેતનાનો પૂર્ણ ચેતનમાં પ્રવેશ. પરમ ચેતના સાથેના સાયુજ્યની પૂર્ણ પ્રતીતિ. 'ચિદાનંદ' એ એમનું મૂળ નામ નહીં તખલ્લુસ છે. મૂળ નામ તો કર્પૂરચન્દજી. પણ કવિનામ તરીકે એમણે સ્વીકાર્યું 'ચિદાનંદ'.

'ચિદાનંદ' શબ્દ જ 'આનંદઘનજી'ની અવધૂત પરંપરાનું સૂચન કરતો હોય એમ લાગે છે. તમામ પ્રકારના બાહ્ય ક્રિયાકાંડો અને ગચ્છ-પંથની માન્યતાઓના હઠાગ્રહો છોડીને સીધો-સરળ આત્મ સાક્ષાત્કારી યોગસાધનાનો માર્ગ પોતે પસંદ કરીને પોતે એકાકી સાધના અને આનંદમસ્તીભર્યું જીવન જીવવાનો રાહ અપનાવ્યો હશે.

*'વેદ ભણો જ્યું કિતાબ ભણો અરુ*
*દેખો જિનાગમ કું સબ જોઈ*
*દાન કરો અરુ સ્નાન કરો*
*મૌન ધરો વનવાસી જ્યું હોઈ*
*તાપ તપો અરુ જાપ જપો કોઈ*
*કાન ફિરાઈ ફિરો કૂનિ દોઈ*
*આતમ ધ્યાન અધ્યાતમ જ્ઞાન*
*સમો શિવ સાધન ઔર ન કોઈ...'*

અધ્યાત્મ યોગીરાજ શ્રી ચિદાનંદજી કે જેનું બીજું નામ શ્રી કર્પૂરચન્દ્રજી હતું. એ અર્વાચીન કાળના સંત કવિ હતા. ઈ. સ. ૧૮૫૦માં તેઓ હયાત હતા એટલે કે આજથી માત્ર એકસો સત્તાવન વર્ષ પહેલાં ભાવનગર મુકામે એમણે કેટલીક રચનાઓનું સર્જન કર્યું છે.

એમના જીવન વિશે સંપૂર્ણ પ્રમાણભૂત કહી શકાય એટલું વિગતપૂર્ણ ચરિત્ર મને નથી સાંપડ્યું. કદાચ ક્યાંક છપાયું હશે પણ મારી નજરમાં નથી આવ્યું. મુ. શ્રી ધનવંતભાઈના સૌજન્યથી મને પદ્યાવલી ભાગ-૧-૨ ગ્રંથ પ્રાપ્ત થયો. અને તેને કેન્દ્રમાં રાખીને આ મારું સગાન વક્તવ્ય આપું છું.

ભારતીય જૈન સંપ્રદાયના અનેક ફાંટાઓમાં અગણિત સાધુ કવિઓ થઈ ગયા છે. શ્રી મોહનલાલ દેસાઈના 'જૈન ગૂર્જર કવિઓ' ગ્રંથની મુ. શ્રી જયંતભાઈ કોઠારી દ્વારા સંશોધિત-સંવર્ધિત બીજી આવૃત્તિના ૧૦ ભાગોમાં **૧૪૦૦** થી વધુ જૈનકવિઓ અને તેમની **પાંચ હજાર ઉપરાંતની** સાહિત્યકૃતિઓ વિશે પ્રમાણભૂત નોંધ મળી આવે છે. આ મહાગ્રંથના છઠ્ઠા ભાગમાં પૃ. ૩૫૦ થી ૩૫૩ સુધીમાં ચિદાનંદજીની આઠ કૃતિઓ વિશે સંદર્ભ સહિત વિગતો અપાયેલી છે, તેના પરથી જાણવા મળે છે કે **૧૩૮ વર્ષ પહેલાં વિ. સં. ૧૯૨૫માં** જ ભાવનગરમાંથી શિલાછાપ પ્રેસમાં 'મુનિરાજશ્રી કર્પૂરચંદજી કૃત ગ્રંથાવલી' પ્રકાશિત થયેલી. એ પછી શ્રી કર્પૂરવિજયજી મહારાજ દ્વારા 'ચિદાનંદજી કૃત પદ્યાવલી' ભાગ-૧-૨ **સિત્તેર વર્ષ પહેલાં** જૈન ધર્મ પ્રચારક સભા ભાવનગરના સહયોગથી પ્રકાશિત થઈ. જેનું પુનઃ પ્રકાશન વિ. સં. ૨૦૫૧માં શ્રી જિનસાધન આરાધના ટ્રસ્ટ મુંબઈ દ્વારા થયું છે.

'દયા છત્રીશી', 'પ્રશ્નોત્તરમાલા', 'સ્વરોદય', 'અનુભવ વિલાસ' નામે બહોંતેરી અથવા પદ સંગ્રહ, 'પુદ્ગલ ગીતા', 'પરમાત્મ છત્રીશી', 'હિત શીલા રૂપ દોહા' અને છૂટક 'સવૈયાઓ' જેવી રચનાઓ અધ્યાત્મયોગી ચિદાનંદજીના નામે મળી આવે છે.

પરમ ચેતનાને મેળવવાની ભક્તની વ્યાકુળતા એના રોમ-રોમમાંથી પ્રગટે છે. ચિદાનંદજીની વાણીનો-શબ્દ સાધનાની

યાત્રાનો પ્રારંભ પોતાની વિરહાનુભૂતિનું શબ્દમાં અવતરણ કરવાની સાથે થાય છે. ત્યાંથી શરૂ કરીને ચિદાનંદજી આત્મસાક્ષાત્કાર અને પછી પરમાત્મ સાક્ષાત્કારની ભૂમિકાઓ સુધી કઈ રીતે પહોંચ્યા એનો સંપૂર્ણ આલેખ આપણને ચિદાનંદજીની રચનાઓમાંથી પ્રાપ્ત થાય છે.

ચિદાનંદજી સાધક છે, ભક્ત છે, અવધૂત છે, યોગી છે અને જીવન્મુક્ત સિદ્ધ પણ છે. એમના શબ્દો જ ભવિષ્યના સાધકો માટે અધ્યાત્મયાત્રાની કેડી કંડારી ગયા છે.

પરમ પ્રિયતમ–ચેતન, પ્રિયા સુમતા–સુમતિ કે સદ્વિદ્યા અને કુમતિ, કુમતા, શોક્ય–અવિદ્યા...એ ત્રણ પાત્રોને લઈને ચિદાનંદજીએ પોતાની અનુભૂતિને વાચા આપી છે.

કવિ ચિદાનંદજીનાં પદો, સ્તવનો અને અન્ય તમામ રચનાઓ તપાસતાં એમના વ્યક્તિત્વની જે લાક્ષણિકતાઓ નજરે ચડે છે તે જોઈએ તો–

(૧) સ્તવનોમાં ગહન સિદ્ધાંતબોધ, જૈન શાસ્ત્રની પરિભાષાનો પરિવેશ, માર્મિક શાસ્ત્ર દૃષ્ટિ અને ઘુંટાઈને આવતો યોગાનુભવ. પછી એ તીર્થંકરની સ્તુતિ–સ્તવન રૂપે હોય કે મુમુક્ષુઓને ઉપદેશ રૂપે...

(૨) પદોમાં ઊર્મિનો કવિત્વમય ઉછાળ, જુદા જુદા અનેક ભાવોને લાડથી ઉછાળતી–રમાડતી–વિજળીની જેમ ચમકારા કરતી અંતરમાંથી પ્રગટેલી ઉલ્લાસમયી શબ્દ સરવાણી...

(૩) પ્રેમલક્ષણા ભક્તિના ગાયક, મરમી સંત, ઊર્મિકવિ, સિદ્ધ યોગી, અવધૂત, વિદ્રોહી સાધુ, જગત પ્રત્યે બેપરવાઈ અને અભેદ દર્શન...

અવધૂત એને જ કહેવાય જેમણે બધું જ ઉડાડી દીધું હોય, આચાર-વિચાર, ક્રિયાકાંડ, વિધિ-નિષેધ... સર્વ બંધનોથી મુક્ત, સર્વતંત્ર, સ્વતંત્ર, સ્વૈર વિહારી, સ્વાધિન આત્મા, મુક્તમાનવ જે પોતાના આત્મામાં જ સ્થિર હોય અને સંસારના તમામ બાહ્ય અવરોધોને અતિક્રમી ગયો હોય. જેને સહજ સમાધિ પ્રાપ્ય હોય, મનુષ્યત્વની સાથે કાયમ અનુસંધાન છતાં મનુષ્યત્વની સીમાઓ વટાવી દીધી હોય એવું વ્યક્તિત્વ. સંસાર અને નિર્વાણ વચ્ચેના સઘળા ભેદથી પર ઉઠેલો સિદ્ધોનો રાજા એટલે અવધૂત...જે લોકાભિમુખ પણ હોય, સંસારાભિમુખ પણ હોય ને છતાં યે સદૈવ આત્માભિમુખ–અંતર્મુખ હોય...

*આપકું આપ કરે ઉપદેશ જ્યું*
*આપકું આપ સુમારગ આણે*
*આપકું આપ કરે સ્થિર ધ્યાનમેં*
*આપકું આપ સમાધિ મેં તાણે*
*આપકું આપ લખાવે સ્વરૂપ શું*
*ભોગન કી મમતા નવિ ઠાણે*
*આપકું આપ સંભારત યા વિધ*
*આપણો ભેદ તો આપ હિ જાને...'*

ચિદાનંદજીની વાણીમાં ગુરુ મહિમાનું ગાન પણ અગત્યનું સ્થાન ધરાવે છે.

*'કલ્પવૃક્ષ ચિંતામણિ, દેખહુ પરતખ જોય;*
*સદગુરુ સમ સંસારમેં, ઉપકારી નહીં કોઈ.'*

x x x

*'ચરણકમળ ગુરુદેવ કે, સુરભી પરમ સુ રંગ;*
*લુબ્ધા રહત તિહાં સદા, ચિદાનંદ મન મૃગ.'*

તીર્થંકરોના સ્તવનોમાં પણ એની કવિત્વ શક્તિ ઝળહળી ઊઠે છે. 'નેમિનાથ સ્તવનમાં એમણે ગાયું છે :

*'અખીયાં સફળ ભઈ રે! અલિ! નિરખત નેમિ જિણંદ...'*

x x x

*'નયન કમલ દલ, શુક મુખ નાસા, અધર બિંબ સુખકંદ*
*દંતપંક્તિ જ્યું કુંદકલી હે, રસનાદલ શોભા અમંદ...'*

–પણ અદ્ભુત રચનાઓ તો તેમની છે અધ્યાત્મ સાધનાની અનુભૂતિઓનું બયાન કરતી.

*સંતો! અચરિજ રૂપ તમાશા...*
*કીડી કે પગ કુંજર બાંધ્યો, જળમેં મકર પિપાસા...*
*–સંતો! અચરિજ રૂપ તમાશા...*

*કરત હલાહલ પાન રુચિધર, તજ અમૃત રસ ખાસા,*
*ચિંતામણિ તજ ધરત ચિત્તમેં, કાચ શકલકી આશા...*
*–સંતો! અચરિજ રૂપ તમાશા...*

*બિન બાદર બરસા અતિ બરસત, બિન દિગ બહત બતાસા;*
*વજ્ર ગલત હમ દેખા જલમેં, કોરા રહત પતાસા...*
*–સંતો! અચરિજ રૂપ તમાશા...*

*વેર અનાદિ પણ ઉપરથી, દેખત લગત બગાસા,*
*ચિદાનંદ સોહિ જન ઉત્તમ, કાપત યમકા પાસા...*
*–સંતો! અચરિજ રૂપ તમાસા...*

અવળવાણી પ્રકારના આ પદમાં ચિદાનંદજી કહે છે :

આશા–તૃષ્ણા જેવી સૂક્ષ્મ વાસનાઓના પગે અનંત શક્તિવાળો આત્મા બંધાઈ ગયો છે. અને આત્મજ્ઞાનરૂપી જળથી ભરેલા સંસાર સાગરમાં જીવરૂપી મગર કાયમ તરસ્યો જ રહે છે. એની તૃષા છીપાતી નથી. સત્ય, સાધના, તપ, ત્યાગના અમૃતરસનો ત્યાગ કરીને જીવ કાયમ વિષય વાસના અને અહંકારનું હળાહળ ઝેર પીતો રહે છે. રત્નચિંતામણિ રૂપી ધર્મ કે અધ્યાત્મને તજીને સાંસારિક ક્ષણિક વસ્તુઓ કે જે કાચના ફૂટેલા કટકા જેવી છે એની આશા કર્યા કરે છે, ને એને પ્રાપ્ત કરવા અનેક પ્રપંચો કરે છે. આ સૃષ્ટિની અજાયબી કેવી છે ? સાધના અનુભૂતિ થાય ત્યારે

વિના વાદળીએ વર્ષા થાય, આંખ વિના બધું જ જોઈ શકાય, એમાં અહંભાવ જેવા વજ્રકઠિન ભાવો ઓગળી જાય ને પ્રેમભાવ જેવું કોમળ પતાસું કોરું જ રહી શકે.

બગલાની જેમ ધ્યાન ધરીને સાધનાનો ખોટો દેખાવ કરનારા કરતાં જે પોતાના બંધન કાપી શકે તે ઉત્તમ.

પરંપરિત રામગરી ઢંગમાં ચિદાનંદજી ગાય છે :

*હે જી રે જોગ, જુગતિ જાણ્યા વિના,*
*કહાં નામ ધરાવે*
*રમાપતિ કહો રંકકું, ધન એને હાથ ન આવે*
*–એવી જોગ જુગતિ જાણ્યા વિના...*
*હે જી રે ભેખ ધરી, માયા કરી, સારે જગકું ભરમાવે,*
*પૂરણ પરમાનંદ કી, સૂધિ રંચ ન પાવે;*
*હે જી રે મન મુંડ્યા વિના મૂંડકું, અતિ ઘેટાં મૂંડાવે;*
*જટાજૂટ શિર ધારકે, કોઉ તો કાન ફડાવે...*
*–એવી જોગ જુગતિ જાણ્યા વિના...*
*હે જી રે ઊર્ધ્વ બાહુ કે અધોમુખે, તનડાંને તાપ તપાવે,*
*ચિદાનંદ સમજ્યા વિના, એની ગિણતી નવિ આવે...*
*–એવી જોગ જુગતિ જાણ્યા વિના...*

યોગ મુક્તિ જીણ્યા વિના કોઈ પોતાને યોગી, જતિ, સિદ્ધ, સન્યાસી, સાધુ, ફકીર એવું નામ આપીને પોતાને ઓળખાવે તેથી શું વળવાનું? કોઈ ગરીબનું નામ રમાપતિ કે લક્ષ્મીનારાયણ હોય તેથી શું? એ શ્રીમંત થઈ જાય? ઉપર ઉપરના ટીલા–ટપકાં, વેશ, કંઠી, માળા, ટોપીનું કોઈ જ મૂલ્ય નથી. પોતાના આત્માની ઓળખ થઈ હોય તે જ સાચો જતિ, સાચો મુનિ, સાચો ગુરુ–બાકી બધું જ વ્યર્થ છે. દીક્ષા લેવી હોય તો આતમદીક્ષા. બીજી તો બધી માયા છે...

**સ્વરોદય શાસ્ત્ર**

ભારતીય અધ્યાત્મવિદ્યાના ક્ષેત્રમાં સ્વરોદય શાસ્ત્રનું મહત્ત્વ યોગી સાધકો દ્વારા વારંવાર પોતાની રચનાઓના માધ્યમથી દર્શાવવામાં આવ્યું છે. હિન્દુધર્મનું શિવસ્વરોદય, આચાર્ય હેમચન્દ્રનું યોગશાસ્ત્ર, કબીર સંપ્રદાયનું જ્ઞાનસ્વરોદય અને અધ્યાત્મ યોગી જૈન કવિ ચિદાનંદજી દ્વારા રચિત 'સ્વરોદયજ્ઞાન' જેવી રચનાઓનો તુલનાત્મક અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે છે કે માનવ શરીરની મુખ્ય ત્રણ નાડીઓ–ઈડા, પિંગલા અને સુષુમ્ણા તથા પાંચ મુખ્ય વાયુ–પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન...એનાં ચોક્કસ સ્થાનો અને કાર્યો, પાંચ તત્ત્વ : પૃથ્વી, પાણી, આકાશ, તેજ અને વાયુ...ત્રણ ગુણ સત્ત્વ, તમ અને રજ. પચીસ પ્રકૃતિ...વગેરે બાબતોનું નિરુપણ સંપૂર્ણ વૈજ્ઞાનિક ઢંગથી–અતિ સૂક્ષ્મ ચર્ચારૂપે આ યોગી કવિઓએ કર્યું છે. વેદાન્તમાં પણ 'પંચીકરણ'નું આખું શાસ્ત્ર છે.

મનુષ્યનું શરીર ટકે છે પ્રાણથી–વાયુથી. આપણે શ્વાસ–ઉચ્છ્વાસની ક્રિયા કરીએ છીએ પણ જાણતા નથી કે અત્યારે કઈ નાડી ચાલે છે, કયા નસ્કોરામાંથી શ્વાસની આવન–જાવન ચાલુ છે. કયો સ્વર ચાલુ છે, એના રંગ, સ્વભાવ, પ્રકૃતિ કેવાં છે, અને એનો પ્રભાવ શરીર અને મન ઉપર કેવો પડે છે.

**(વધુ હવે પછી)**

આનંદ આશ્રમ, પો. ઘોઘાવદર, તા. ગોંડલ,
જિલ્લો રાજકોટ૩૬૦ ૩૧૧. (ગુજરાત રાજ્ય)

## અનુમોદનાનો આનંદ – ભગિની મિત્ર મંડળ પાલીતાણા

જુલાઈ–૦૭માં મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૨૦૦૭ની પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંસ્થાની પ્રવૃત્તિને વેગ આપવા આર્થિક સહાય માટે સંસ્થા વતી અપીલ કરી જેનાં દ્વારા સંસ્થાને રૂ. ૨૪ લાખ જેવી માતબર રકમ સંસ્થાને મળી.

મુંબઈ જૈન યુવક સંઘની વ્યાખ્યાનમાળા દરમિયાન સંસ્થાનું સાહિત્ય વાંચી ઝાલાવાડનાં સમાજરત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ દ્વારા સંસ્થા સાથે નામ જોડી રૂા. ૫૧ લાખ જેવી ઉદાર સખાવત કરી જે રકમમાંથી સંસ્થા દ્વારા મહિલાઓ માટેનાં વિવિધ કાર્યક્રમો ચલાવવામાં આવશે. સંસ્થાએ નૂતન મંગલ નામ તા. ૨૭–૧–૦૮ થી સમાજ રત્ન ચીનુભાઈ મંજુલા ભગિની મિત્ર મંડળ નામ ધારણ કર્યું. સંસ્થાનાં નામકરણ સમારોહમાં રૂ. ૧ કરોડ જેવું માતબર રકમનું દાન સંસ્થા દ્વારા શરુ થનાર નવાં પ્રોજેક્ટ 'દીકરીનું ઘર' યોજના માટે મળ્યું. દાનનો પ્રવાહ હજુ પણ ચાલુ છે.

સંસ્થાને મળેલ દાનમાંથી સંસ્થા 'દીકરીનું ઘર' સંકુલ શરુ કરશે. જેનાં માટે ૪૮૪૦ વાર જમીન પાલીતાણા ખાતે ખરીદ કરેલ છે. મકાનનું નિર્માણ કાર્ય તા. ૧–૫–૦૮ સુધીમાં શરુ થઈ જશે.

**એવોર્ડ :–** સંસ્થાને વર્ષ ૦૬–૦૭ માટે શ્રેષ્ઠ સામાજીક કાર્યક્રમો માટે સૌરાષ્ટ્ર ચેમ્બર્સ ઓફ કોમર્સનો 'એક્સેલ એક્સેલન્સ એવોર્ડ' મળેલ છે ઉપરાંત વર્ષ ૦૭–૦૮ માટે ફીક્કી (ફેડરેશન ઓફ ઈન્ડીયન ચેમ્બર્સ ઓફ કોમર્સ ફોર ઈન્ડસ્ટ્રીઝ) દ્વારા 'આઉટ સ્ટેન્ડીંગ ઈન્સ્ટીટ્યુટ ફોર વુમન વેલ્ફેર'નો એવોર્ડ મળેલ છે. જે બંને એવોર્ડ સંસ્થાને રાષ્ટ્ર લેવલે ગૌરવ આપેલ છે.

તા. ૧૬–૪–૦૮નાં રોજ સંસ્થા દ્વારા ઝાલાવાડના નારી રત્ન 'શ્રીમતી સુશીલાબહેન કપાસી' તથા શ્રીમતી નીતીનાબહેન કપાસીનાં આર્થિક સહયોગથી 'ઉદ્યોગ કેન્દ્ર'ની સ્થાપના કરવામાં આવશે. જેમાં મહિલાઓને વિવિધ ઉદ્યોગની ફ્રી તાલીમ આપવામાં આવશે. તાલીમ બાદ ઉત્પાદન અને વેચાણ કરવામાં આવશે.

# મહાકવિ શ્રી રામચંદ્ર : જીવન, જીવનકાળ અને કવન

❑ ડૉ સુશીલા કનુભાઈ સૂચક

(માર્ચ : ૨૦૦૮ના અંકથી આગળ)

મહાકવિ શ્રી રામચંદ્ર રસવાદી કવિ છે. પોતાની રચનાઓમાં એમણે રસ પ્રત્યે વિશેષ આગ્રહભાવ પ્રદર્શિત કર્યા છે. 'नाट्यदर्पण'માં રસકવિઓની પ્રશંસા કરતાં તેઓ લખે છે કે - એ જ કવિ વસ્તુતઃ કવિ છે જેનાં કાવ્યને વાંચીને મનુષ્ય પણ કાવ્યરસરૂપી અમૃતનું પાન કરનાર બની જાય છે અને જેની વાણી નાટકની રસલહરીમાં લહેરાતી નૃત્ય કરે છે-

स कविस्तस्य काव्येन मर्त्या अपि सुधान्धसः ।
रसोर्मिधूर्णिता नाट्ये यस्य नृत्यति भारती ।।

રસ નાટકનો પ્રાણ છે- 'रसप्राणो नाट्यविधिः' એથી એની યોજના કવિએ પ્રયત્નપૂર્વક કરવી જોઈએ. આ વિષયમાં મહાકવિની ગર્વોક્તિ છે કે નવા નવા શબ્દોનો દક્ષતાપૂર્વક વિન્યાસ કરવાથી મધુર કાવ્યોની રચના કરવાવાળા મુરારિ વિગેરે કેટલાંયે કવિઓ થઈ ગયા, પરંતુ નાટકનાં પ્રાણ સ્વરુપ રસની ચરમાનુભૂતિ કરાવવામાં રામચંદ્રથી અન્ય કોઈ નિપુણ નથી. અને એથી જ અન્ય કવિઓની કૃતિઓની રસજ્ઞતા તો ઇક્ષુની જેમ ક્રમશઃ ક્ષીણતર થતી જાય છે, કિન્તુ રામચંદ્રની બધી કૃતિઓની રસવત્તા ઉત્તરોત્તર વધતી જ જાય છે.

શ્રી રામચંદ્રે ધાર્મિક કરતાં લૌકિક સાહિત્ય વધારે સર્જ્યું છે. તેમણે પોતાનાં કેટલાંક નાટકોનું વસ્તુ પણ લોકકથાઓમાંથી લીધું છે. એ કાળમાં રામચંદ્રનાં નાટકો ભજવાતાં હશે, અને વિષયની અને ભાષાની સરળતા, રચનાની પ્રવાહિતા અને પ્રશંસાયોગ્ય રસનિષ્પત્તિ ને કારણે ઠીક ઠીક લોકપ્રિય થયાં હશે. મૂળ કથાનકનાં ચમત્કારિક પ્રસંગો લેખકે નલવિલાસમાં યુક્તિપુરઃસર જતાં કર્યા છે. એ બતાવે છે કે એ નાટક ભજવવા માટે લખાયું હોવું જોઈએ.

માત્ર હેમચંદ્રનાં શિષ્યોમાં જ નહિ, પરંતુ તેમનાં સમકાલીનોમાંયે રામચંદ્રની સાહિત્ય પ્રવૃત્તિ સૌથી વિશાળ અને વિવિધ છે. ગુજરાતમાં બાવીશ (૨૨) ઉપરાંત સંસ્કૃત નાટકો લખાયા છે તે પૈકી લગભગ અર્ધા એકલાં શ્રી રામચંદ્રનાં છે. ગુજરાતનાં અને ભારતનાં સંસ્કૃત સાહિત્યમાં શ્રી રામચંદ્રે આપેલો ફાળો જેટલો વિવિધ છે તેટલો સંગીન પણ છે.

શ્રી રામચંદ્રનો સ્વભાવ સ્વાતંત્ર્યપ્રેમી અને માની હતો, એમ તેમની કૃતિઓ પરથી અનુમાન થઈ શકે 'नाट्यदर्पण'માં રસ અને અભિનય વિશેના નૂતન વિધાનો રામચંદ્રની સ્વતંત્ર વિચારશક્તિ અને પરંપરાને જ પ્રમાણ નહિ માનવાની બુદ્ધિજન્ય મનસ્વિતાને આભારી છે. એમનાં લખાણોમાં અનેક સ્થળે જે અહંભાવ જણાય છે તે સ્વતંત્ર અને માની સ્વભાવનું પરિણામ હોઈ શકે. પોતાને માટે એમણે विद्यात्रयीचण अचुम्बितकाव्यतंद्र द्वद्वद्ध विशीर्णकाव्यनिर्माणतन्द्र એવા વિશેષણો વાપરેલા છે. અનેક જગ્યાએ આત્મપ્રશંસાની ઉક્તિઓ મૂકી છે.

(૧) कविः काव्ये रामः सरसवचसामेकवसति । (नलविलास)
(२) प्रबन्ध इक्षुवत्.................
............ स्वादु पुरः पुरः (कौमुदीमित्राणंद)

સાહિત્ય ચોરી કરનારાઓ અને પારકા વિચારો ઉછીના લેનારાઓ સામે તેમણે વખતોવખત ઉભરો ઠાલવ્યો છે. परोपनीतशब्दार्थः .......(નાટ્યદર્પણની વૃત્તિને અંતે) તથા अकवित्वं परस्तावत्.....

શ્રી રામચંદ્રની પ્રતિભા સર્વતોમુખી હતી. એમનું માનસિક ઘડતર ગંભીરતાપરાયણ નહિ, બલ્કે ઉલ્લાસમય હતું. તદ્દન સામાન્ય વસ્તુઓમાં પણ ઊંડો રસ લઈ, તેમાંનું સૌંદર્ય પિછાણવાની ઉચ્ચ સાહિત્યકારોમાં સાધારણ એવી જે શક્તિ, તે તેમના માનસમાં સભર ભરેલી હતી.

શ્રી રામચંદ્રએ ૧૧ રૂપકો રચ્યા છે. એમાં પ્રાપ્ય નાટકો (૧) સત્યહરિશ્ચંદ્ર (૨) નલવિલાસ (૩) કૌમુદીમિત્રાનંદ (૪) મલ્લિકામકરંદ (૫) નિર્ભયભીમવ્યાયોગ (૬) રઘુવિલાસ- અને એ સિવાયના જેનો માત્ર ઉલ્લેખ જ પ્રાપ્ત થાય છે એવા (૭) યાદવાભ્યુદય (૮) રાઘવાભ્યુદય (૯) યદુવિલાસ (૧૦) રોહિણી મૃગાંક (૧૧) વનમાલા.

માત્ર પ્રાપ્ત છ નાટકો જ લઈએ તો પણ સર્વ નાટ્યકારોમાં સંખ્યા અને નાટ્યપ્રકારોની વિવિધતા માત્રથી જ શિરમોર પદે લેખાવી શકાય.

વળી પોતે જે દાવો કરે છે કે અન્ય નાટ્યકારોનાં પ્રબંધો તો શેરડીની માફક ક્રમે ક્રમે રસહીન થતા જણાય છે. જ્યારે રામચંદ્રની કૃતિઓ તો ઉત્તરોત્તર વધુ ને વધુ સ્વાત્મય બનતી જાય છે - તે યથાર્થ જ લાગે છે.

प्रबन्ध इक्षुवत्प्रायो हीयमानरसाः क्रमात् ।
कृतिस्तु रामचंद्रस्य सर्वा स्वादुः पुरः पुरः ।।

શ્રી રામચંદ્રની કૃતિઓ વિશે ટીકાઓ પણ થઈ છે, પરંતુ એમના નાટકો માટે પ્રશંસાના અભિપ્રાયો પણ મળી આવે છે.

દા.ત. 'સંસ્કૃત નાટકોનો પરિચય' (લે. તપસ્વી નાન્દી)માં ગુજરાતનાં નાટ્યકારોની નાટ્યકૃતિઓનો પરિચય (પ્ર. ૨- પૃ. ૩૮૪-૩૮૫)માં સત્યહરિશ્ચંદ્ર વિશે લખતાં -

''સત્યહરિશ્ચંદ્ર એ નાટ્યદર્પણકાર શ્રી રામચંદ્રનું (૧૨રી સદી ઉત્તરાર્ધ) ૬ અંકનું નાટક છે અને હરિશ્ચંદ્રની સત્યનિષ્ઠા અને સ્વમાનને કસોટીએ ચડાવી એમાંથી એને પાર ઉતરતા નિરૂપતી કથાને સ્પર્શે છે. 'નાટ્યદર્પણ' અંગે જ્યારે આ લેખક બે શબ્દો કહે છે ત્યારે ખૂબ વિનયપૂર્વક છતાં આત્મવિશ્વાસપૂર્વક એમણે ઉમેર્યું છે કે આ નાટ્યશાસ્ત્રીય ગ્રંથના રચયિતા ફક્ત વિદ્વાન નથી પણ સ્વયં સુંદર નાટ્યકૃતિઓના રચયિતા છે. આથી કવિને નાટ્યકૃતિ કેવી હોવી જોઈએ એનો ઘણો સ્પષ્ટ ખ્યાલ છે, અને સત્યહરિશ્ચંદ્ર વાંચનારને નાટ્યકારની સિદ્ધિઓ સ્વયંસ્પષ્ટ થશે.

રામચંદ્ર બીજું કંઈ પ હતા એ જુદી વાત છે, પણ તેઓ એક સારા નાટ્યકાર છે, એ નિર્વિવાદ છે. શ્રી ડે, જ્યારે (પૃ. ૪૧૯ HSL) ઉપર એમની આ કૃતિને 'નલવિલાસ' જેવી જ અને 'નલવિલાસ'ને ચવાયેલી નવલકથા ઉપર આધારિત તથા 'નિર્ભયભીમ' વ્યાયોગનો બકાસુર વધના ભીમના પરાક્રમને આવરી લેતી કૃતિ તરીકે પરિચય આપી બંનેને, અને સત્યહરિશ્ચંદ્રને પણ 'નવવિલાસ' જેવું એટલે ત્રણેને જ કહોને ''સાયાસ કૃતિઓ, કે જેનો રચયિતા, નાટ્યશાસ્ત્રના નિયમોમાં પારંગત હતો''- એ રીતે (પૃ. ૪૬૫) અભિપ્રાય બાંધે છે. એ બરાબર નથી. કોઈ પણ સહૃદય સત્યહરિશ્ચંદ્ર વાંચી તેને સાયાસ રચના કહે એ સ્વીકારી શકા ય તેવી વાત નથી. રામચંદ્રની સર્જક તરીકે વિશેષ પ્રતિભા આ કૃતિઓ દ્વારા ઊભરે છે.

રામચંદ્રની આ કૃતિની સ્વાભાવિક્તા કેટલીક પ્રસિદ્ધ કૃતિઓની યાદ આપી જાય છે. કવિતા અને નાટ્યનું આમાં સુભગ સંયોજન જણાય છે. ગુજરાતના આ વિદ્વાન નાટ્યકારની કૃતિ સમસ્ત ભારત માટે ગૌરવ લેવા જેવી કૃતિ છે. અલબત્ત તેમાં તે સમયને સુલભ એવું અતિપ્રાકૃતિક તત્ત્વોનું નિરૂપણ છે જ, પણ કૃતિની મહત્તાતો 'તત્કાલીન' દ્વારા 'સર્વકાલીન'ના જે દર્શન થાય છે તેમાં જ છે. હરિશ્ચંદ્ર, સુતારા, રોહિતાશ્વ, કુલપતિ, સમશાનનો હરિશ્ચંદ્રનો માલિક કાલદંડ, વગેરેનાં પાત્રો એવાં તો સુરેખ રીતે ઉપસાવાયાં છે, અને શૈલી એવી તો પ્રાસાદિકી, માધુર્યવતી અને નિરાડંબરી છે કે ઉપર નોંધ્યું તેમ આપોઆપ જ આપણને ભાસ અને શુદ્રકનાં નામો સ્મરણમાં આવી જાય છે. પ્રસંગો અને પરિસ્થિતઓ સુરેખ રીતે નિરૂપાયાં છે અને કાર્યવેગ પણ ધસમસતો વહે જાય છે.

એક જ નાટ્યકારે લખેલા નાટકોની ૧૦થી પણ વધુ સંખ્યા હોય એમાં પૂર્વસૂરી 'ભાસ'નું નામ મોખરે છે. પરંતુ ઇ.સ. ૧૯૧૨ સુધી તો ભાસનું માત્ર નામ સ્વરૂપે જ અસ્તિત્વ હતું. ઇ.સ. ૧૯૧૨માં ત્રિવેન્દ્રમ મ્યુઝિયમનાં વિદ્વાન દક્ષિણ ભારતીય સંચાલક ડૉ. ટી. ગણપતિશાસ્ત્રીએ ૧૩ નાટકોનો એક સમૂહ પ્રકાશિત કર્યો અને આ નાટકો મહાકવિ ભાસના છે એમ પ્રતિપાદન કરતો લેખ લખ્યો.

આ નાટકોમાં એકેયમાં રચયિતાના નામનો ક્યાંય ઉલ્લેખ મળતો નથી. આથી નાટકો ભાસના જ છે એ વિશે વિદ્વાનોમાં વિવાદ થયો, પરંતુ મોટાભાગનાં વિદ્વાનોએ એ ભાસનાં જ નાટકો હોવાનું સ્વીકાર્યું અને આ સર્વ નાટકોનો સમૂહ 'ભાસનાટકચક્ર' તરીકે અનુવાદિત થયો અને ખ્યાતિ પામ્યો.

શ્રી રામચંદ્રનાં નાટકો પ્રાપ્ય છે. એમાં લેખક વિશે શંકાને સ્થાન જ નથી. પ્રસ્તાવનામાં અને અનેક જગ્યાએ લેખકે પોતે જ પોતાના કર્તૃત્વની સાબિતી આપી છે. અપ્રાપ્ય નાટકો જે એમનાં જ અન્ય નાટકોમાં કે 'નાટ્યદર્પણ'માં ઉધ્ધૃત થયાં છે એમાં પણ કર્તાનું નામ સ્પષ્ટપણે લખાયું છે. શ્રી રામચંદ્રનાં નાટકો અનેક વિદ્વાનોની પ્રશંસાને પાત્ર પણ બન્યા છે. તત્કાલીન સમાજમાં તો ભજવાતા હતાં અને દર્શકો દ્વારા વખણાતા હતા. તો પછી ભાસનાટકચક્રની જેમ શ્રી રામચંદ્રનાટકચક્ર કેમ ન કહી શકાય એ એક વિચારવા જેવો પ્રશ્ન છે.

શ્રી હેમચંદ્રાચાર્યના પટ્ટશિષ્ય હોવા છતાં શાસ્ત્રીયગ્રંથો, સામાજિક નાટકો, મહાભારત અને રામાયણમાંથી કથાવસ્તુ લઈને લખેલા નાટકો અને અનેક સ્તવનોનાં કર્તા હોવા છતાં યોગ્ય કીર્તિ પ્રાપ્ત ન કરી શક્યાં. એના અનેક કારણો ગણાવી શકાય. પ્રથમ તો રાજા અજયપાળના આદેશને નિર્ભયતાથી નકાર્યો, તેમને તાંબાના તપાવેલા સળિયા પર બેસવાની ફરજ પાડવામાં આવી અને ત્યાં એ જીભ કચરીને મૃત્યુને ભેટ્યા, આમ નાની વયે જ મૃત્યુ પામ્યા.

વળી જૈન મુનિ હોવા છતાં સામાજિક અને શૃંગારયુક્ત નાટકો લખ્યાં એથી કેટલાંક લોકો એમની પ્રતિભાને ઝાંખી કરવા પ્રયાસ કરતાં હતાં. એનો એમણે સુંદર પ્રત્યુત્તર આપ્યો કે-

शमस्तस्वं मुनीन्द्राणां जानते तु जगन्त्यपि ।
जन्मैव दिवि देवानां विहारो भुवनेष्यपि ।।
(मल्लिकामकरंद अंक - १ श्लो. ६)

''મુનિઓનું તત્વ શમ છે એ ત્રણે જગત જાણે છે. દેવો સ્વર્ગમાં જન્મે છે, પરંતુ તેઓ ત્રિભુવનમાં વિહાર કરતાં હોય છે''-

આમ એમના મત પ્રમાણે જેમ દેવતાઓનો ત્રિભુવન વિહાર તેમનાં દૈવત્વને અસર કરતો નથી એમ સામાજિક નાટકોનું સર્જન એમનાં જૈન મુનિત્વને અસર કરતું નથી.

શ્રી રામચંદ્રની નિર્ભયતા અને સ્વાતંત્ર્યપ્રેમ પણ એમની કૃતિઓમાં સ્પષ્ટપણે દૃશ્યમાન થાય છે. પોતાના વિચારો પોતાની વિશિષ્ટ રીતે દર્શાવવામાં કોઈનો ડર રાખતાં નથી.

स्वतन्त्रो देव भूयासं सारमेयोऽपि वर्त्मनि ।
मास्म भूवं परायत्तस्त्रिलोकस्यापि नायकः ।। (जिनस्तोत्र)

''ત્રિભુવનનાં પરતંત્ર નાયક થવા કરતાં તેઓ સ્વતંત્ર એવો રસ્તાનો શ્વાન થવું વધુ પસંદ કરે છે.''

રામચંદ્રને મહાકવિ કાલિદાસ, શુદ્રક જેવા મહાકવિની કક્ષામાં તો ન જ મૂકી શકાય, પરંતુ એમનાં સમયને સંસ્કૃત સાહિત્યમાં અવનતિકાળ તરીકે ગણીએ તો શ્રી. જી. કે. ભટ્ટનાં અભિપ્રાય સાથે આપણે સહુ સમંત થઈએ કે-

"The dramatic sense and the poetic ablity of Ramchandra place him in my opinion, much above the playwights of the decadent period of the sanskrit drama whose compositions continually slip in the unrestrained rehtoric and verbosity of their own making. For a jain writer traines in the religious and philosophical traditions this achivement in the sphere of art is worthy of praise."

શ્રી રામચંદ્ર જેવી સમર્થ સર્જક પ્રતિભાનું મૂલ્યાંકન અલ્પરૂપે થયું છે, પરંતુ સાંપ્રતમાં પણ સર્જકોના વાડાઓ થઈ ગયા છે તેમ ભૂતકાળમાં પણ શક્ય છે તેથી જ જોઈએ તેવી પ્રસિદ્ધિ તેમને મળી નથી.. અસ્તું.

***

૩, વિવેક, વિદ્યા વિનય વિવેક કૉ-ઑપ. હાઉસિંગ સોસાયટી,
૧૮૫, સ્વામી વિવેકાનંદ રોડ, વિલેપારલે, મુંબઈ-૪૦૦ ૦૫૬.

# આ હિંસાને જીવન નિર્વાહનો હક કહી શકાય ?

❑ કાકુભાઈ મહેતા

જૈનોના પવિત્ર પર્યુષણ પર્વ દરમ્યાન કતલખાના બંધ રાખવાના મુંબઈ મ્યુનિસિપલ કોરપોરેશનના ઠરાવ અંગે માંસ વેચનારા ખાટકીઓએ મ્યુનિસિપાલિટીના આ ઠરાવ વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટ સુધી જવાની તૈયારી દાખવી છે એવા સમાચાર ઈન્ડિયન એક્સપ્રેસના તા. ૧૬-૪-૦૮ના અંકમાં છપાયેલ છે. ખાટકીઓ ચાહે તો સુપ્રીમ કોર્ટમાં જઈ શકે એવો એમને અધિકાર છે. કોર્ટમાં જાય એની સામે વિરોધ હોય નહીં. જૈનો પણ કતલખાના બંધ રાખવાના મ્યુનિસિપાલિટીના ઠરાવને અનુમોદન આપશે અને સુપ્રીમ કોર્ટમાં એ ઠરાવને વ્યાજબી ગણાવવા બધું જ કરશે એ વિષે શંકાને કોઈ સ્થાન નથી. આ બાબત થોડી વધુ વિચારણા કરીએ.

આ પ્રશ્નમાં માંસાહારી અને માંસ વેચનારા એવા બે વિભાગ છે. આટલું તો સ્પષ્ટ જ છે કે માંસાહારી લોકો પણ કેવળ માંસ ખાઈને જ જીવે છે એવું નથી, સાથે શાકાહાર પણ કરે જ છે. એટલે માંસાહારી લોકો જો આ દિવસોમાં માંસ ન ખાવાનો નિર્ણય કરે તો માંસ વેચનારનો ધંધો એટલા પૂરતો બંધ થઈ જાય એ સમજી શકાય એવી વાત છે. એવા સંજોગોમાં એ કોને દોષ દેશે ? માંસાહારી લોકો માટે તો આ પ્રબંધ કે ઠરાવ એ આજીવિકાનો સવાલ નથી અને માંસાહારનો ત્યાગ કરવાથી કોઈ અસહ્ય એવી દુર્ઘટના એમના જીવનમાં બને એ પણ સંભવ નથી.

સવાલ છે માંસ વેચનારાના જીવન નિર્વાહનો. આ પ્રશ્ન થોડો વધુ ગહન અને વધુ વિચારણા માગે એવો છે.

જીવનનું સર્જન અને વિસર્જન કરવાનું કામ કુદરતનું છે. નાના નાના જીવોથી માંડીને હાથી જેવા મહાન પ્રાણીનું સર્જન કુદરત કરે છે તો એમના જીવનનિર્વાહની વ્યવસ્થા પણ કુદરત કરે છે. એ બધાના જીવન કુદરતની સર્જન પ્રવૃત્તિના હિસ્સા છે અને જ્યારે એની ઉપયોગિતા પૂરી થાય છે ત્યારે કુદરત એનું વિસર્જન પણ કરે છે. કુદરતની આ સર્જન-વિસર્જનની વ્યવસ્થાનું જ્યારે મનુષ્ય ઉલ્લંઘન કરે છે ત્યારે કુદરતનું સંતુલન જોખમાય છે અને એ સંતુલન પાછું મેળવવા માટે કુદરતને વધારે આકરૂં પગલું લેવું પડે છે. સામાન્ય રીતે કુદરત અકળ રીતે વર્તે છે અને મુશ્કેલીમાં મૂકીને જ પાઠ ભણાવે છે. આજના પર્યાવરણના પ્રશ્નમાં આ વાતનો વૈજ્ઞાનિકોએ સ્વીકાર કર્યો જ છે. તો જીવહિંસા એ પર્યાવરણનો ગંભીર પ્રશ્ન છે અને એની અવગણનાથી માંસાહારી સહિત પૂરા સમાજને નુકશાન થાય જ છે એ સમજવું રહ્યું.

કોઈ મોટા ગુનેગારને ફાંસી આપવામાં આવે કે કોઈ અસહ્ય બિમારીથી પીડિત વ્યક્તિને એના દુ:ખથી નિવારવા સ્વૈચ્છિક મૃત્યુ ચાહનારને માટે પણ એમ કહેવાય છે કે જેને આપણે જીવન આપી શકતા નથી એમને મારવાનો આપણને હક્ક નથી. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે.અબ્દુલ કલામે પણ પોતાનો આવો મત જાહેર કરેલ છે. સારાંશ એટલો જ કે જેને આપણે જીવન આપી શકતા નથી એવા કોઈપણ નાના-મોટા જીવને મારવાનો હક્ક કોઈને પણ અપાય જ નહીં, જીવનનિર્વાહ માટે પણ નહીં. પછી લાયસન્સનો તો પ્રશ્ન જ રહેતો નથી.

બર્ડ ફ્લુના નામે લાખો મરઘાંઓને મારી નાંખવામાં આવે છે ત્યારે કુદરત તો અકળ રીતે એનો બદલો લ્યે જ છે પણ એના ધંધાદારીને પણ ભોગ આપવો જ પડે છે. કોઈપણ જીવને મારીને જીવન નિર્વાહ ચલાવવો એ સામાજિક ગુનો જ ગણાય, ગણાવવો જ જોઈએ.

ભારત ખેતી પ્રધાન દેશ છે. હવા, માટી, પાણી, અગ્નિ વગેરેના સહારે આપણે ત્યાં ખેતી થાય છે એને આપણે ખેતી માનીએ છીએ. અંગ્રેજીમાં બે શબ્દો છે. Fish Farm અને Poultry Farm એને આપણે ખેતી કહેશું ખરા? પાશ્ચાત્ય સંસ્કૃતિમાં આ બંનેને ભલે ખેતીના સોહામણા નામથી સ્વીકારવામાં આવે પરંતુ એનો ઉછેર તો મારવા માટે જ થાય છે. એટલે જો પર્યાવરણને સાચવવું હોય તો કતલખાના ઉપરાંત માછલી ઉછેર કે મરઘાં ઉછેર પણ વિશ્વના હિતને ખાતર બંધ થવા જ જોઈએ.

કોઈ જીવને મારીને ધંધો ન કરી શકાય, ન તો કરવા દઈ શકાય. પરંતુ મારીને કમાવું એને પણ આજે આપણે એક ધંધો સમજીએ છીએ એ એક ગંભીર ભૂલ છે. ધારો કે કોઈ એવી શક્તિ ઉપસ્થિત થાય જેનો સામનો કરવાની આપણી શક્તિ ન હોય અને આપણે લાચાર બનીને એવા મૃત્યુને સ્વીકારશું ખરા ? નહીં તો, નિર્દોષ અબોલ જીવને મારવાનો અધિકાર માગવો એ પણ ન્યાયની દૃષ્ટિએ ગુનો જ છે.

હાલમાં કીડની કૌભાંડનો કિસ્સો બહાર આવ્યો ત્યારે ઉહાપોહ મચી ગયો. કૌભાંડ કરનાર અગર એમ કહે કે એ તો મારા જીવન નિર્વાહનો સવાલ છે તો આપણે એ સ્વીકારશું ?

બંધારણે જીવન નિર્વાહની જે બાંહેધરી આપી છે તે યોગ્યરૂપે જીવન નિર્વાહ માટે, નહીં કે કોઈને મારીને, લૂંટીને, કોઈનું શોષણ કરીને. સમાજના હિતની વિરૂદ્ધ એવા કોઈ પણ વ્યવસાયને વ્યવસાય ન જ ગણી શકાય. સામાજિક પ્રાણી તરીકે આપણી આ ફરજ છે.

એક આ વાત પણ વિચારવા જેવી છે. કુદરતે જેમને સંહારનું કામ સોંપ્યું છે તેમને ડંખમાં ઝેર, પગમાં નહોર કે મજબૂત દાંત આપ્યા છે. હિંસક પ્રાણીઓના દાંત એનો પૂરાવો છે. મનુષ્યના દાંત પશુ જેવા નથી એટલે મનુષ્યે પ્રમાણમાં નરમ ખોરાક લેવો જોઈએ જેથી પચી શકે. ડૉક્ટર ચાવી ચાવીને ખાવાનું એટલા માટે જ કહે છે. જે માંસાહાર કરે છે તેને પાચનમાં મુશ્કેલી પડે છે, ચરબી વધે છે અને ડાયાબિટીસ અને બીજા અનેક રોગો થાય છે એ વાત પણ આજે વિજ્ઞાન સ્વીકારી ચૂક્યું છે. પશ્ચિમના માંસાહારી સમાજમાં પણ આજે શાકાહારનો સ્વીકાર થઈ રહ્યો છે એટલું જ નહીં પણ શાકાહારમાંયે ફાસ્ટ ફૂડને બદલે સાદા પૌષ્ટિક ખોરાકનો પ્રચાર અને પ્રસાર પણ થઈ રહ્યો છે.

જીવહિંસા સંપૂર્ણ બંધ થાય એમાં જ સમાજનું અને પર્યાવરણનું હિત છે એટલે માંસ વેચનારાને જીવન નિર્વાહ માટે આવકના બીજા માર્ગ મળી રહે એ માટે સરકારે અને બીજા બધાએ મળીને યોગ્ય ઉપાય શોધવા જોઇએ. જીવન નિર્વાહ માટે અનેક ધંધા ઉપલબ્ધ છે જ.

✱✱✱

૧૭૦૪, ગ્રીન રીજ, ટી-૨, ૧૨૦, લિંક રોડ, ચીકુવાડી,
બોરીવલી (વે.), મુંબઈ-૪૦૦ ૦૯૨.

# સર્જનનો સ્રોત : વેદના

❑ શાંતિલાલ ગઢિયા

તન, મનને ડોલાવતા કાવ્યનું પઠન કરીએ કે હૃદયસ્પર્શી વાર્તા વાંચીએ ત્યારે દિવસો તો શું, મહિનાઓ–વર્ષો સુધી આપણા પર તેની અસર રહે છે. વિશ્વસાહિત્યની કેટલીક કૃતિઓ તો એવી છે કે સદીઓ વીતવા છતાં કાળના વિરાટ પટ પર એમનું કલાસૌંદર્ય અકબંધ રહ્યું છે. કોઈ પણ સાહિત્યકૃતિ હોય, જો તેમાં ભાષાની સરળતા અને ભાવોની ભીનાશ હશે તો તે વાચકના હૈયાનો કબજો લઈ લે છે અને એક ચિરંતન છાપ છોડી જાય છે. કદાચ કોઈ કવિ કે લેખકનું નામ ભૂલાઈ જાય, પણ એની રચનાઓ રસજ્ઞ નરનારીઓના હૃદયમાં અવિનાશી સ્થાન લઈ ચૂકી હોય છે.

સહજ પ્રશ્ન થાય છે : ઉત્તમ સર્જનનું રહસ્ય શું ? હાથમાં કાગળ–પેન લીધાં એટલે એની મેળે લખાઈ જતું હશે ? સર્જન આવી સીધીસાદી પ્રક્રિયા નથી. લાગણીઓ, ઊર્મિઓ, વિશેષત: વેદના સર્જનનો સ્રોત છે. હૃદયમાં વેદનાની આગ જેટલી પ્રજ્વલિત તેટલું સર્જન બળકટ. અંગત સાંસારિક જીવનની વિષમતાઓથી સંતપ્ત કવિ કલાપીએ અતિશય પીડા અનુભવી હતી અને તેમાંથી આપણને 'નિર્દોષ પંખીને,' 'વીણાનો મૃગ' આદિ કરુણરસપ્રધાન કાવ્યો મળ્યાં. હું પાંચ–સાત વર્ષનો હતો ત્યારે મારી મોટી બહેનો આ કાવ્યો મધુર કંઠે ગાતી. આજે ૬૦ વર્ષ પછી પણ તેઓ આ કાવ્યગાનની ઈચ્છા રોકી શકતી નથી. કેટલીક કૃતિઓ સમય જતાં સ્મૃતિશેષ થાય છે, પણ વેદનામાંથી જે રચના સ્ફુરે છે એ બલિષ્ટ હોય છે. આવું સાહિત્ય સૃષ્ટિનું સૌંદર્ય છે.

પીડા જીવનની વાસ્તવિકતા છે. જર્મન ફિલસૂફ નિત્સે (૧૮૪૪–૧૯૦૦) કહે છે, 'જીવન સુંદર છે, કારણ કે તે પીડાદાયક છે.' સામાન્ય માનવીની અને લેખક–કવિની પીડા વચ્ચે ફેર શો ? સામાન્ય માનવીનું દુ:ખ આંસુ વાટે બહાર આવી શાંત થઈ જાય છે, અથવા બીજાની સામે વાણી દ્વારા વ્યક્ત કરે છે, જ્યારે સર્જકની પીડાનું માર્ગાંતર થાય છે. પ્રત્યક્ષ રીતે એ પીડા વહી જવાને બદલે મનની અંદર ઘૂંટાય છે, ઘોળાય છે, સર્જકની આંગળી ઝાલીને એને રમણીય શબ્દોની શોધમાં દોરી જાય છે. સર્જક શબ્દો ચૂંટવાનો પ્રયત્ન કરે છે. ભારે મથામણ કરે છે. શબ્દો છટકી જાય છે. કેટલાક હાથ લાગે છે. તેમને કલ્પનાનો સંગાથ મળે છે. આવી સંકુલ ગતિવિધિ પછી આખરે તે કાગળ પર રમ્ય શબ્દાભિવ્યક્તિ સાધે છે. સર્જક પીડાની અનુભૂતિના ફળસ્વરૂપ સાહિત્યકૃતિ ઘડે છે ત્યારે તેને અકથ્ય સંતોષ થાય છે. એ હળવો ફૂલ થઈ જાય છે. મનોમન કહે છે, હવે ભાવકો મારા સહયાત્રી બનશે. હું એકલો નથી આ જગતમાં.'

વિરાટ સાગરમાં ઊછળતાં મોજાં નયનરમ્ય લાગે છે. ક્ષિતિજની પેલે પાર સૂર્યાસ્તનું દૃશ્ય એટલું જ મનોહર દીસે છે, પણ મિત્રો, સાગરે કેટલી ખારાશ પોતાની ભીતર સંગોપી રાખી હોય છે ! સર્જકની આંખોમાં છૂપાયેલાં ખારાં આંસુ આપણને મનભાવન કૃતિ આપે છે. સર્જકના અંત:સ્તલથી પ્રગટતા શબ્દોનો રસાસ્વાદ માણતાં આપણું હૃદય, એને મૂંગું મૂંગું વંદન કરે છે. ઈશ્વર પેટલીકરની વાર્તા 'લોહીની સગાઈ' એમના જ કૌટુંબિક જીવનમાં બનેલી ઘટના છે. વેદનામાં સ્ફુરતી કેવળ બે પંક્તિઓ પણ ભાવકમાં કેવી હૈયાસોંસરી ઊતરી જાય છે, તેનું એક ઉદાહરણ પ્રસ્તુત છે–

ઉર્દૂના વિખ્યાત કવિ ફાની બદાયૂનીને નિકટના મિત્ર સાથે અણબનાવ થઈ ગયો. આંતરિક રીતે સ્નેહનો પ્રવાહ અખંડિત હતો, પણ બહારનો સંબંધ કપાઈ ગયો હતો. ફાનીએ પોતાની આખરી બિમારીમાં નીચેનો શેર મિત્રને લખી મોકલ્યો :

*સુને જાતે ન થે તુમસે મેરે દિનરાત કે શિકવે*
*કફન સરકાઓ મેરી બેજુબાની દેખતે જાઓ.*

રોજની મારી ટકટક સાંભળીને તમે ત્રાસી ગયા હતા. લો, હવે હંમેશ માટે મૌન. આવો, કફન ઓઢાડો...સંદેશો મળતાં જ મિત્ર દોડી આવ્યો.

વેદનાનું પણ સૌંદર્ય હોય છે. તેથી જ એક વિચારકે કહ્યું છે, 'Our sweetest songs are those that sing our saddest thoughts.' (જેમાં દુ:ખ–સભર મનનું ગાન હોય એ જ ગીત મધુરતમ.)

નોબેલ પારિતોષિક વિજેતા અર્નેસ્ટ હેમિંગ્વેએ લેખન–આતુર યુવકને વેધક પ્રશ્ન પૂછેલો, 'તમારે કવિતા કરવી છે ? ક્યાં છે તમારા જખમો ?' વાચક સ્પષ્ટ સમજી શકે છે કે અહીં શારીરિક જખમોની નહિ, બલ્કે કદી ન રૂઝાય એવા મનના ઘાની વાત છે. વેદનાની વેલ પર સર્જનનાં સુમન ખીલે છે. વ્યક્તિ કોઈક ને કોઈક રીતે મનોયાતનામાંથી પસાર થઈ ન હોય તો સર્જક બની જ ન શકે. જે રડી નથી શકતો એ લખી શકે કેવી રીતે ? આકાશના પ્રત્યેક વાદળમાં ભીનાશ હોય છે, મુલાયમતા હોય છે. હૃદય પણ એવું જ મૃદુ અને ઋજુ હોય તો જ ઉત્તમ સર્જન સંભવે.

સર્જકની સંવેદનશીલતા એટલી વ્યાપ્ત હોય છે કે સ્વયં પીડામાંથી પસાર નહિ થવા છતાં અન્યની પીડા જોઈને એ આર્દ્ર બની જાય છે. ચિત્ત દ્રવીને ગદ્ગદ થાય છે અને અનુકંપાનાં અશ્રુ શબ્દદેહી કલાત્મક ઉન્મેષમાં રૂપાંતર પામે છે. પ્રણયક્રીડા કરતા ક્રૌંચને પારધીના બાણે વિંધી નાખ્યો. એની પાછળ ક્રૌંચી આક્રન્દ કરવા લાગી, તેનો શોક અને તરફડાટ જોઈને વાલ્મિકીના મુખમાંથી અનુષ્ટુપ છંદમાં સહુથી પહેલો શ્લોક સરી પડ્યો અને આપણને 'રામાયણ' નામનું મહાકાવ્ય મળ્યું. પંખીને ઘાયલ થતું તો આપણે ય જોઈએ છીએ, પણ એ ઈન્દ્રિયાનુભૂતિમાં સંવેદન-શીલતાનું રસાયણ ન ભળે ત્યાંસુધી સુબદ્ધ કાવ્યપદાવલિ જન્મી શકતી નથી.

ભાગ્યવંત છે એ સર્જકો જેમને પરમેશ્વરે સુખડના લેપ જેવું સ્નિગ્ધ, શીતળ, આર્દ્ર હૈયું આપ્યું ! ✱✱✱

એ–૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ,
વડોદરા–૩૯૦ ૦૦૬.

**ખાસ નોંધ**

સ્થળ સંકોચને કારણે આત્મસિદ્ધિ શાસ્ત્ર આ મહિને પ્રકાશિત નથી કરી શક્યા. –તંત્રી

# સર્જન સ્વાગત

## ❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ :
**જયભિખ્ખુ : વ્યક્તિત્વ અને વાઙ્મય**
**લેખક : ડૉ. નટુભાઈ ઠક્કર**
**પ્રકાશક : શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ**
૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
કિંમત : રૂા. ૩૦૦, પાના-૪૦૦, આવૃત્તિ-૨. નવેમ્બર-૨૦૦૭.

જયભિખ્ખુ જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે 'જયભિખ્ખુ : વ્યક્તિત્વ અને વાઙ્મય' ગ્રંથનું પ્રકાશન જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે તે યથાર્થ છે.

આ ગ્રંથના લેખક શ્રી સ્વ. નટુભાઈ ઠક્કર એક સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર એવા જીવનમૂલ્યોની માવજત કરનાર તથા સમાજ દર્શનના મર્મી એવા પ્રખર શિક્ષણ-શાસ્ત્રી હતા.

ચારસો પાનામાં નવ પ્રકરણમાં વિભાજિત આ ગ્રંથ દ્વારા જયભિખ્ખુના જીવન-કવન વિશેનો સંપૂર્ણ પરિચય વાચકને સાહિત્યિક પરિભાષામાં પ્રાપ્ત થાય છે. આ ગ્રંથ દ્વારા લેખક શ્રી નટુભાઈ ઠક્કરે મહાનિબંધ તૈયાર કર્યો છે અને તેમાં જયભિખુના વિપુલ સર્જનને પામવા પમાડવાનો જાગૃત પ્રયાસ કર્યો છે.

લોકપ્રિય લેખક જયભિખ્ખુના વિપુલ સાહિત્ય-સર્જન અને તેમની વિવિધલક્ષી સાહિત્યિક વ્યક્તિતાનું પ્રતિબિંબ અહીં ઝીલાયું છે. તે ઉપરાંત જયભિખ્ખુના લેખન કાર્યના વિવિધ સાહિત્યિક પાસાઓ-નવલકથાનું વૈવિધ્ય અને વૈશિષ્ટ્ય, વાર્તાકળાના ઉન્મેષો, નાટ્યકાર અને ચરિત્રલેખક જયભિખ્ખુની પ્રતિભાના અવનવીન પરિમાણોનો આસ્વાદ આ ગ્રંથ દ્વારા થાય છે.

તે ઉપરાંત જયભિખ્ખુની એક સમાજલક્ષી પત્રકાર તરીકેની સંવેદના છતી થાય છે અને સાથે સાથે તેમના સર્જનાત્મક ગદ્યનો અને તેમની કાવ્યમય રસાળ શૈલીનો આસ્વાદ પણ ભાવકને મળે છે.

આ ગ્રંથ સાહિત્યના સંવેદનશીલ ભાવકોએ વાંચવા અને વસાવવા જેવો છે.

xxx

પુસ્તકનું નામ :
**જીવનધર્મી સાહિત્યકાર જયભિખ્ખુ**
**લેખક : પ્રફુલ્લ રાવલ**
**પ્રકાશક : શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ**
કિંમત રૂા. ૩૦, પાના-૪૦, આવૃત્તિ-૧. ૨૦૦૮.

જયભિખ્ખુ જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે શ્રી પ્રફુલ્લ રાવલ લિખિત 'જીવનધર્મી સાહિત્યકાર જયભિખ્ખુ' પુસ્તિકા જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે.

નાનકડી એવી આ પુસ્તિકામાં સાહિત્યકાર શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ-'જયભિખ્ખુ'ના જીવનનો મર્મ, તેમનું જીવનકાર્ય-શબ્દકાર્ય, તેમનું વ્યક્તિત્વ વગેરે શબ્દસ્થ થયાં છે.

જયભિખ્ખુનું બાળપણ, કૌટુંબિક પરિસ્થિતિ, શિક્ષણ, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી સાહિત્યનું વિપુલ વાંચન, વિદેશીઓ સાથે જૈન ધર્મની ચર્ચાઓ, વિશાળ ધર્મભાવના અને આજીવન નોકરી ન કરવાનો તેમનો નિર્ણય વગેરે બાબતોમાં તેમની કર્મગતિ અને જીવન કૌવતની પ્રતીતિ થાય છે.

તે ઉપરાંત જયભિખ્ખુનો ચરિત્ર લેખક, મુક્ત પત્રકાર તરીકેનો વિસ્તૃત પરિચય થાય છે. અને ઐતિહાસિક નવલકથાકાર તરીકે જયભિખ્ખુની સર્જક તરીકેની નિષ્ઠાની પ્રતીતિ થાય છે તો વાર્તાકાર તરીકેનો પરિચય પણ મળી રહે છે.

આ પુસ્તિકામાં જયભિખ્ખુની નીડરતા, નિર્ભયતા, આત્મીયતા, પ્રસન્નતા, લોકપ્રિયતા વગેરે ગુણોનો આસ્વાદ કરવા મળે છે. અને પ્રસંગને અનુરૂપ તસ્વીરો સાથે તેમની જીવનયાત્રા અને શબ્દયાત્રાની સફર સાહિત્યના વાચકોએ કરવી જોઈએ.

xxx

પુસ્તકનું નામ : **સાહિત્યિક નિસબત**
**લેખક : કુમારપાળ દેસાઈ**
**પ્રકાશન : વિદ્યા વિકાસ ટ્રસ્ટ**, ૨૦૯, સંપદા કોમ્પ્લેક્ષ, મીઠાખળી, છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
કિંમત : રૂા. ૨૫, પાના-૯૬, આવૃત્તિ-પ્રથમ. ડિસેમ્બર-૨૦૦૭.

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ કુમારપાળ દેસાઈએ ગુજરાતી સાહિત્યની વર્તમાન ગતિવિધિને કેન્દ્રમાં રાખીને જે વિવિધ વિચારણાઓ, સાહિત્યરસિકો, પરિષદના સભ્યો સાથે કરી તેની છણાવટ આ લેખોમાં શબ્દસ્થ કરી છે.

આ નાનકડા પુસ્તકમાં સંગ્રહિત પંદર લેખોમાં લેખકે અનેક મુદ્દાઓની બૌદ્ધિક સ્તરે વિચારણા કરી છે જેમાં વર્તમાન પ્રજા જીવનમાં સાંસ્કૃતિક કટોકટી, મૂલ્યહ્રાસ, ગ્લોબલાઈ-ઝેશનમાં સાહિત્યકાર અને સાહિત્ય પરિષદની જવાબદારી, આદિવાસી સમાજના લોકોને વધુ સાહિત્ય સ્પર્શ મળે તેની વિચારણા તથા વિદેશ સ્થિત લેખકોના સહયોગથી ગુજરાતી સાહિત્યના અનુવાદો અંગ્રેજીમાં કરાવવાનો અભિગમ લેખક રાખે છે.

તે ઉપરાંત ડાયસ્પોરા સાહિત્યના મૂલ્યાંકનની આવશ્યકતા સમજાવે છે અને અંગ્રેજી ભાષાને બદલે માતૃભાષાના ઉપયોગ પર ભાર મૂકે છે. અને કહે છે,

'દીવાનખાનામાં બેસાડવાને લાયકને રસોડામાં પેસવા દેવાય નહીં.', તો સાથે સાથે પુસ્તક ખરીદીને વાંચનારની સંખ્યા ઘટતી જાય છે તે બાબતે ચિંતા વ્યક્ત કરે છે, કોશ સામગ્રીના સંશોધન-સંપાદનનું મહત્ત્વ આંકે છે અને મધ્યકાલીન સાહિત્યની બારમા શતકથી ઓગણીસમા શતક સુધીની હસ્તપ્રતોના અભ્યાસનું તથા અભ્યાસક્રમમાં તેને ઉચિત સ્થાન આપવાની હિમાયત કરે છે. 'નવી ક્ષિતિજો લેખ'માં ભારતની અન્ય ભાષાઓની પ્રવૃત્તિઓનો અને તેમના સાહિત્યિક વિવાદોનો ઉલ્લેખ કરે છે.

અંતે ૨૦૦૬ના સરવૈયા રૂપે ગુજરાતી ભાષાના વિવિધ સ્વરૂપોમાં પ્રગટ થયેલ પુસ્તકોના આંકડાઓ આપ્યા છે અને સૂચિકરણની જવાબદારી સાહિત્યિક સંસ્થાઓએ ઉપાડવાનો નિર્દેશ લેખકશ્રીએ કર્યો છે. જ્ઞાનસંચય માટે ઈન્ટરનેટ તથા વર્તમાન ટેકનોલોજીનું અને ભાષાશિક્ષણમાં અનુવાદનું મહત્ત્વ પણ આંકે છે.

આ લેખોમાં કુમારપાળ દેસાઈની સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકેના જવાબદાર લેખક તરીકેની છબી ઉપસે છે. તેમની વિશાળ સાહિત્યિક દૃષ્ટિ, સાહિત્યિક પ્રવૃત્તિઓ અને પોતાની જવાબદારીની સતત જાગૃતિક ચેતનાની અનુભૂતિ સાહિત્યપ્રેમીઓને થશે જ થશે.

xxx

**પુસ્તકનું નામ : પુરાણાં પુષ્પો**
**લેખક : સુશીલ**
**પ્રકાશન : શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા,** અમદાવાદ-૧૪. કિંમત : રૂા. ૫૦, પાના-૧૬૪, આવૃત્તિ :૨,૨૦૦૭.
**પ્રાપ્તિસ્થાન :** જિતેન્દ્રભાઈ કાપડિયા
C/o અજંતા પ્રિન્ટર્સ, ૧૪, બી સત્તર તાલુકા સોસાયટી, નવજીવન-અમદાવાદ-૧૪.
ફોન નં. : (ઓ) ૨૭૫૪૫૫૭.

જૈન સંસ્કૃતિ-શ્રમણ સંસ્કૃતિની ઈમારત ત્યાગ, તપશ્ચર્યા અને વૈરાગ્યના પાયા ઉપર ઊભી છે. સંસ્કૃતિના મૂળાક્ષરને લોકભોગ્ય બનાવવા હોય તો કથાનુયોગ-દૃષ્ટાંત કથાઓનો આધાર લેવો પડે. જૈન સાહિત્ય આ પ્રકારની દૃષ્ટાંત કથાઓથી ભરચક છે અને તેનું વિશિષ્ટ સ્થાન છે.

પૂર્વાચાર્યોએ રચેલ કથા સાહિત્યનો ભંડાર હજુ પણ અણખેડાયેલો છે. આ કથાનકોને આજના યુગની ભાષામાં રજૂ કરવામાં આવે તો આબાલ વૃદ્ધ, જૈન કે જૈનેતર સૌ કોઈ તેનો સત્કાર કરશે. આ ઉદ્દેશને લક્ષમાં રાખી અઢી હજાર વર્ષ પૂર્વે વિદ્વદ્વર્ય શ્રી ધર્મદાસ ગણિએ પોતાના પુત્રની આત્મભાવના જાગૃત કરવા ઉપદેશેલાં સંખ્યાબંધ કથાનકો 'ઉપદેશમાળા' નામથી સંગ્રહાયા છે.

'પુરાણા પુષ્પો' ગ્રંથમાં 'ઉપદેશમાળા'ના કેટલાંક લોકપ્રિય કથાનકોને વર્તમાન યુગને અનુરૂપ શૈલીથી ગૂંથીને રા. સુશીલ જેવા સિદ્ધહસ્ત લેખકની કલમ દ્વારા આપણને પ્રાપ્ત થયાં છે. લેખકશ્રીએ કથાના હાર્દને સાચવીને તેમાં રસિકતા ભરી એક એક પ્રસંગ સચોટ શૈલીમાં રજૂ કર્યા છે.

આ પ્રકારના કથાનકોનું વાચન-પ્રસાર અને પ્રચાર થવો જોઈએ.

xxx

**પુસ્તકનું નામ : જીવન સંધ્યાનું સ્વાગત**
**લેખક : મીરા ભટ્ટ**
**પ્રકાશક : પરમ પ્રકાશન**
૪૪૭/બી, શિશુવિહાર સામે, ભાવનગર-૩૬૪૦૦૧. કિંમત : રૂા. ૩૦, પાના-૮૦, આવૃત્તિ-૨-૨૦૦૫.

આ નાનકડી પુસ્તિકા 'વૃદ્ધત્વ'નો સાચો અર્થ સમજાવે છે. વૃદ્ધત્વ સાચા અર્થમાં 'વર્ધમાન' થઈ શકે એવું ચિંતન અહીં આપણને મળે છે. વય વધતાં 'ઘરડા' ન બનવું પણ જીવનના આ તબક્કાની એક એક ક્ષણને-જીંદગીને ઢસડવાને બદલે આ સમયની સમસ્યાઓને નમ્રતાપૂર્વક તથા તટસ્થતાપૂર્વક સમજવાનો પ્રયત્ન કેવી રીતે કરવો તેનું સાચું માર્ગદર્શન આ પુસ્તિકામાંથી મળી શકે એમ છે.

જીવનના અંતિમ પર્વમાં શરીર પરથી ઊઠીને જીવન જીવવાની કળા શીખવાની ઈચ્છા રાખનાર દરેક 'સિનિયર સિટિઝને' આ પુસ્તક વાંચવા વસાવવાનો અનુરોધ.

xxx

**પુસ્તકનું નામ : જીવન એક ખેલ**
**લેખક : કુન્દનિકા કાપડિયા**
**પ્રકાશન : કુસુમ પ્રકાશન**
૬૧/એ, નારાયણ સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન નં. : ૨૬૬૦૦૯૫૯.
**મૂળ પ્રકાશન : કોર્નસ્ટોન લાયબ્રેરી, અમેરિકા** (ઈ. સ. ૧૯૨૫)
મૂલ્ય : રૂા. ૧૨, પાના-૩૨, આવૃત્તિ-૨૭, માર્ચ-૨૦૦૭.

ગુજરાતી ભાષાના ખ્યાતનામ લેખિકા માનનીય કુન્દનિકા કાપડિયાની સિદ્ધહસ્ત કલમ દ્વારા ફ્લોરેન્સ સ્કોવેલ શિનના પુસ્તક 'ધ ગેમ ઓફ લાઈફ એન્ડ હાઉ ટુ પ્લે ઈટ'નો સંક્ષિપ્ત અનુવાદ એટલે જીવન : એક ખેલ.

માનવીનું મન જટિલ હોય છે. તેમાં અનેક સંસ્કારો, ઈચ્છાઓ અને સંકલ્પો ઝીલાયેલા હોય છે. માનવીનું આંતરમન જે કાંઈ ઘડતર કરે તે મોડે વહેલે બાહ્ય આકાર ધારણ કરે છે. જો તે હકારાત્મક વિચારો કરશે તો તે સફળતા પ્રાપ્ત કરશે; પણ નકારાત્મક વિચારો કરશે તો પરિણામ વિફળતામાં આવશે. લેખિકાએ આ નાનકડી પુસ્તિકામાં ૧૦ લેખોમાં પરાજય, હતાશા, વિફળતા, અકિંચનતાની પરિસ્થિતિને શ્રદ્ધાની અને શબ્દની શક્તિ વડે સંપત્તિ, આનંદ અને ભરપૂરતામાં પલટી નાંખવાનો કિમિયો આપણને આપ્યો છે.

વિખ્યાત અમેરિકી લેખક નોર્મન વિન્સેન્ટ પીલના કહેવા પ્રમાણે તેમાં રજૂ થયેલા સિદ્ધાંતોનો અભ્યાસ કરવાથી વાચકના પ્રશ્નોનો ઉકેલ તેને જડશે. મૂળ સો પાનાનાં પુસ્તકનો આ સંક્ષિપ્ત અનુવાદ છે.

xxx

**પુસ્તકનું નામ : પંચકર્મગ્રન્થ પરિશીલન**
(પંડિત સુખલાલના કર્મસિદ્ધાન્ત વિષયક પાંચ હિન્દી લેખોનો સૌ પ્રથમ ગુજરાતી અનુવાદ)
**લેખક : પંડિત સુખલાલજી**
**અનુવાદક : નગીન જી. શાહ**
**પ્રકાશક : ડૉ. જાગૃતિ દિલીપ શેઠ,** પીએચ.ડી., બી-૧૪, દેવદર્શન ફ્લેટ, નહેરુ નગર, ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
પ્રાપ્તિસ્થાન : સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦૦૦૧.
કિંમત રૂા. ૧૪૦, પાના ૧૨૦; આવૃત્તિ-૧, ૨૦૦૭.

આ પુસ્તકમાં અનુવાદક ડૉ. નગીન જી. શાહે નિર્ભીક સત્યશોધક, કુશળ ચિંતક અને પ્રતિભા સંપન્ન પંડિત સુખલાલજીના કર્મવિષયક પાંચ હિન્દી લેખોનો સૌ પ્રથમ ગુજરાતી અનુવાદ કર્યો છે.

પંડિતજીનો કર્મ સિદ્ધાંત વિષયક લેખોનો આ સંગ્રહ તર્કબદ્ધ નિરૂપણવાળો અને પ્રમાણભૂત છે.

આ પુસ્તકના ચાર પ્રકરણોમાં લેખકે કર્મવાદ, કર્મશાસ્ત્રોનો પરિચય, ઉપાધ્યાય યશોવિજયજીના જીવનનો પરિચય, ગ્રન્થ રચનાનો આશય, ગ્રન્થ રચનાનો આધાર, ગુણસ્થાનના સ્વરૂપ, ગોમ્મટ સાર સાથે તુલના, યોગસંબંધી વિચાર, યોગના ઉપાયો, યોગજન્ય વિભૂતિઓ, બૌદ્ધ મંતવ્ય, કેવળજ્ઞાનીના આહાર પર વિચારો, દૃષ્ટિવાદ, શ્વેતામ્બર, દિગમ્બરના મંતવ્યો વગેરે વિષયોની સુંદર છણાવટ કરી છે.

ભારતીય તત્ત્વજ્ઞાનના અભ્યાસુ અને જિજ્ઞાસુઓને જ્ઞાનવર્ધક, વિચારપ્રેરક અને રસપ્રદ બને તેવો આ જ્ઞાનગ્રંથ છે.

* * *

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(માર્ચ-૨૦૦૮ના અંકથી આગળ)

(૪૫૩) મૂલગુણ
–મૂળવ્રત, અહિંસા આદિ પાંચ વ્રતો ત્યાગના પ્રથમ પાયારૂપે હોવાથી તે મૂળગુણ કહેવાય છે.
–मूलव्रत, अहिंसादि पाँच व्रत त्याग की नींव होने से मूलगुण कहे जाते है ।
–Fundamental or, basic virtue, Non-violence etc serve as root or foundation-stone for world-renunciation are called mulaguna.

(૪૫૪) મૂલગુણનિર્વર્તના
–પુદ્‌ગલ દ્રવ્યની જે ઔદારિક આદિ શરીરરૂપ રચના અંતરંગ સાધન રૂપે જીવની શુભાશુભ પ્રવૃત્તિમાં ઉપયોગી થાય તે.
–पुद्‌गल द्रव्य की जो औदारिक आदि शरीररूप रचना अंतरंग साधन के रूप में जीव की शुभाशुभ प्रवृत्ति में उपयोगी होती है वह – मूलगुणनिर्वर्तना ।
–Construction which acting as an internal means proves useful to a Jiva in its good or evil acts-then we have before us what is called mulagunanirvartana.

(૪૫૫) મૂલવ્રત
–જુઓ – મૂલગુણ
–देखें–मूलगुण
–See - Mulaguna.

(૪૫૬) મેરૂ
–મેરૂ નામનો પર્વત.
મેરૂની ઊંચાઈ એક લાખ યોજનની છે. જેમાં હજાર યોજન જેટલો ભાગ જમીનમાં અર્થાત્ અદૃશ્ય છે. નવ્વાણું હજાર યોજન પ્રમાણ ભાગ જમીનની ઉપર છે. જે હજાર યોજન પ્રમાણ ભાગ જમીનમાં છે, એની લંબાઈ–પહોળાઈ દરેક જગ્યાએ દસ હજાર યોજન પ્રમાણ છે. પરંતુ બહારના ભાગનો ઉપરનો અંશ જેમાંથી મૂલિકા નીકળે છે, તે હજાર હજાર યોજન પ્રમાણ લાંબો–પહોળો છે. મેરૂના ત્રણ કાંડ છે. તે ત્રણ લોકમાં અવગાહિત થઈને રહેલો છે અને ચાર નવોથી ઘેરાયેલો છે. પહેલો કાંડ હજાર યોજન પ્રમાણ છે. જે જમીનમાં છે. બીજો ત્રેસઠ હજાર યોજન અને ત્રીજો છત્રીસ હજાર યોજન પ્રમાણ છે. પહેલા કાંડમાં શુદ્ધ પૃથ્વી તથા કાંકરા આદિ, બીજામાં ચાંદી સ્ફટિક આદિ અને ત્રીજામાં સોનું અધિક છે. ભદ્રશાલ, નંદન સૌમનસ અને પાંડુક એ ચાર વનો છે. લાખ યોજનની ઊંચાઈ પછી સૌથી ઉપર એક ચૂલિકા ચોટલી છે. જે ચાલીસ હજાર યોજન ઊંચી છે અને જે મૂળમાં બાર યોજન, વચમાં આઠ યોજન અને ઉપર ચાર યોજન પ્રમાણ લાંબી–પહોળી છે.
–मेरू पर्वत की उँचाई एक लाख योजन है । उसका एक हजार योजन भाग जमीन में अदृश्य है । निन्यानवे हजार योजन भाग जमीन में उपर है । जो एक हजार योजन जमीन में दटा हुआ है उसकी लँबाई चौडाई दश हजार योजन है । किन्तु बहारी भाग के ऊपर का अंश जिस में से चूलिका नीकलती है वह एक हजार योजन लँबा और चौडा है। मेरू के तीन काण्ड है । वह तीनों लोक में अवगाहित होकर रहा है । वह चार वनों से घीरा हुआ है । प्रथम काण्ड जमीन में हजार योजन का है । दूसरा त्रेसठ हजार योजन का और तीसरा छत्तीस हजार योजन विस्तृत है । पहले काण्ड में शुद्ध पृथ्वी एवं कंकड आदि, दूसरे में चाँदी, स्फटिक आदि और तीसरे में सुवर्ण अधिक है । भद्रशाल, नंदन, सौमनस, पाण्डुक नाम के चार वन है । लाख योजन की उँचाई के बाद एक चूलिका है जो चालीस हजार योजन उँची है । जो मूल में बारह योजन, बीच में आठ योजन, ऊपर चार योजन लँबी चौडी है ।
–The height of Meru is 1 lac yojanas, of which 10000 yojanas are invisible that is to say, they lie below the surface of the earth. As for its remaining height measuring 99,000 yojanas it lies above the surface of the earth. The 1000 yojanas thick volume lying below the surface of the earth has everywhere a length and a breadth of 10,000 yojanas. But the volume lying above the surface of the earth has in the uppermost portion, where a Culika or pinnacle just forth, a length and a breadth of 1000 yojanas. Meru has got three sub-division. It stands occupying all the three Loka-portions and is surrounded by four groves. The first sub-division is 1000 yojanas thick and lies below the surface of the earth, the second is 63,000 yojanas thick, the third 36,000 yojanas thick. In the first sub-division there is a predominance of pure earth, gravel etc., in the second that of silver, rock-crystal etc., in the third that of gold. The four groves are respectively named Bhadrasala, Nandana, Saumanasa and Panduka. After the height of 1 lac yojanas is past there is situated in the uppermost portion a Culika or pinnacle which is 40 yojanas high and has a length and a breadth of 12 yojanas at the bottom, 8 yojanas in the middle and 4 yojanas at the top.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩.

(વધુ આવતા અંકે)

# સૌજન્યનું બીજું નામ શ્રી શીવુભાઈ લાઠીયા

□ પ. પૂ. મુનિ શ્રી વાત્સલ્યદીપ

સૌજન્યના પર્યાય જેવા શ્રી શીવુભાઈ વસનજી લાઠીયાનું તા. ૧૫-૪-૨૦૦૮ના દુ:ખદ નિધન થયું. આ એક એવી વિકટ વાસ્તવિકતા છે કે જેને આપણે જીવંત અને ધબકતા નિહાળ્યા હોય છે તે, એક પળમાં, એક ફોટાની ફ્રેમમાં નિહાળવા પડે છે! જ્યારે આ જાણ્યું ત્યારે ચિત્તમાં અનેક સ્મરણ ઉપસી આવ્યા: શીવુભાઈ લાઠીયા, પહેલીવાર મળ્યા ત્યારથી અદ્યાપિ, અનેક પ્રસંગો એવા બન્યાં છે કે જે કદી ય ભૂલી ન શકાય.

વિલેપાર્લે-વેસ્ટ (મુંબઈ)ના શ્રી ઘેલાભાઈ કરમચંદ જૈન ઉપાશ્રયમાં ઈ. સ. ૧૯૮૦ના વર્ષે પ. પૂ. મારા ગુરુમહારાજ આ. ભ. શ્રી દુર્લભસાગર સૂરીશ્વરજી મ. અને અમે સૌ ચાતુર્માસ રોકાયેલા. મુંબઈમાં અમારું પ્રથમ ચાતુર્માસ હતું. ચાતુર્માસના સળંગ પ્રવચનો આપવાનો મારો એ સમયે પ્રારંભ થયેલો. તે સમયે એકદા, શ્રી શીવુભાઈ અને તેમનો પરિવાર, વંદનાર્થે આવ્યા અને તે ક્ષણથી એમના જે ભક્તિભર્યા અને ભાવભર્યા પરિચયનો પ્રારંભ થયો તે દૃઢ બની ગયો. ક્યારેક એવું લાગે છે કે કેટલાંક સંબંધના મૂળમાં પૂર્વના સંસ્કાર અને ઋણાનુબંધ પણ કંઈક પ્રદાન કરે છે! શીવુભાઈનો ભક્તિનો તંતુ મારા પ્રત્યે બંધાયો તે સદાય અક્ષુણ્ણ રહ્યો. જ્યારે પણ વંદનાર્થે આવે ત્યારે, 'ગુરુદેવ, ગુરુદેવ' કહેતા આવે. એમના પ્રત્યેક વચન અને વર્તનમાં ધર્મભાવના ઝળકે. મારા તમામ કાર્ય અને પ્રેરણામાં ઉલ્લાસથી જોડાય અને તે સમયે તેમનો આનંદ ક્યાંય ન સમાય. તન, મન, ધનથી સમર્પિત થઈ રહે. પોતે આટલા મોટા ઉદ્યોગપતિ છતાં એમની નમ્રતા ઉડીને આંખે વળગે. તે સમયે શ્રી ઘેલાભાઈ કરમચંદ ઉપાશ્રયમાં અમારી પ્રેરણાથી પ. પૂ. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ.નું વિશાળ તૈલચિત્ર મૂકાયું હતું. તેના ઉદ્ઘાટન માટે પૂર્વ પ્રધાનમંત્રી શ્રી મોરારજી દેસાઈ આવેલા. તે પ્રસંગે શીવુભાઈ સ્વયં ભક્તિપૂર્વક એવા જોડાઈ ગયા કે જાણે એક ઉદાહરણ બની રહે.

શ્રી શીવુભાઈ લાઠીયાના ધર્મપત્ની શ્રી હેમલતાબહેન તે સમયે વર્ષીતપ કરતા હતા. અક્ષયતૃતીયાના દિને તેમના પારણાનો કાર્યક્રમ જૂહુ-મુંબઈમાં એમના નિવાસસ્થાને યોજાયો. શ્રી શીવુભાઈ અને એમનું કુટુંબ, સ્થાનકવાસી પરંપરાનું અનુસરણ કરતા હોવા છતાં, પૂ. મારા ગુરુદેવશ્રી અને અમારી પ્રેરણાથી પાંચ દિનનો ભવ્ય જિનેન્દ્રભક્તિ ઉત્સવ અને ત્રિદિવસીય શ્રી અર્હન્મહાપૂજન ઇત્યાદિ તેમણે કરાવ્યા. શ્રી શીવુભાઈનું કુટુંબ, પરિવાર, તેમની લાઠીયા રબર કંપનીનો સ્ટાફ: સર્વે તદ્રુપ થઈને, તેમાં જોડાયા. એ પાંચ દિન, જિનશાસનની પ્રભાવના સ્વરૂપે અવિસ્મરણીય બની રહ્યાં. મુંબઈ, કલકત્તા, અમદાવાદના અનેક જૈન, જૈનેતર અગ્રણીઓ, શ્રાવકો, ભાવિકો પણ શ્રી શીવુભાઈની ધર્મભક્તિ, ઉદારતા, નમ્રતા નિહાળીને પ્રસન્ન થઈ ગયા હતા.

શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવની પૂર્ણાહૂતિ પછી, શ્રી શીવુભાઈની વિનંતીથી, એમના નિવાસસ્થાનેથી વિહાર કરીને કુર્લાની તેમની લાઠીયા રબર કંપનીમાં પગલાં કરવા ગયા ત્યારે એવું બન્યું કે જૂહુથી કુર્લા સુધી સ્વયં શ્રી શીવુભાઈ અમારી સાથે ચાલ્યા! તેમના સાળા શ્રી કિશોરભાઈ, કંપનીના શ્રી હરિભાઈ વગેરે પણ જોડાયા. કંપનીના પ્રાંગણમાં પૂ. મારા ગુરુદેવ, અમે સૌ પહોંચ્યા ત્યારે કંપનીનો સંપૂર્ણ સ્ટાફ હાજર હતો ને તેમણે નાનકડું પ્રવચન કર્યું કે પૂ. ગુરુદેવ પધાર્યા છે તેનો આનંદ છે. એ સમયે પ્રભાવનાની જેમ સ્ટાફમાં સૌને કવરમાં સારી રકમ મૂકીને વહેંચી! અને એ પછી, જ્યારે પણ ત્યાં જવાનું થયું ત્યારે આમ અચૂક કર્યું જ હોય!

શ્રી હેમલતા બહેનના પારણા પ્રસંગ નિમિત્તે, તેમણે મારું 'પર્યુષણ' નામનું પુસ્તક પણ પ્રગટ કર્યું હતું. એ પછી તેમણે મારું 'ગાતાં ગુલમહોર' નામનું પુસ્તક પમ પ્રગટ કરેલું.

શ્રી શીવુભાઈ લાઠીયાની સાહિત્યપ્રીતિ અનેરી હતી. ગુજરાતી ભાષાના ઉત્તમ સામયિકો, પુસ્તકો મંગાવે અને સૌને વહેંચે, જે વાંચતા ગમ્યું હોય તેની પ્રશંસા પણ કરે.

મુંબઈ અને ત્યાર પછી અમદાવાદ, જ્યાં પણ અમે હોઈએ ત્યાં અવારનવાર અચૂક આવે. એ જ ધ્વનિ, 'ગુરુદેવ, ગુરુદેવ' કરતાં સંભળાય. પત્ર નિયમિત લખે. એમના પત્રોમાં, પ્રત્યેક વાક્યમાં નમ્રતા ઝળકે અને સંબંધ સાચવવાની, ટકાવવાની, વધારવાની ચીવટ ફોરમ બનીને મહેંકે. ક્યારેક એવું લાગે કે આ માત્ર પત્ર નથી પણ પબ્લિક રીલેશનનો કોર્સ છે!

શ્રી શીવુભાઈ લાઠીયા આપબળે આગળ વધેલા પણ જ્યારે પણ કંઈક વાત નીકળે ત્યારે પોતે જે કંઈ પણ છે તેનું શ્રેય પોતાના માતા-પિતાને, મોટાભાઈને છે તેમ જરૂર કહે. તેમની કંપનીમાં જોડાયેલો મેમ્બર કાયમ માટે એમને ત્યાં જ રહી જાય તેવું જોવા મળે. એનું કારણ એ પ્રત્યેક વ્યક્તિ સાથે અંગત સંબંધ બાંધે અને તેના તમામ સુખ-દુ:ખમાં સાથે ઊભા રહે. હંમેશાં હસતા રહે.

શ્રી શીવુભાઈની ધર્મ શ્રદ્ધાદૃઢ હતી. દેવમંદિરમાં દર્શન, તીર્થયાત્રા ઇત્યાદિ અચૂક કરે. અમારી નિશ્રામાં યોજાયેલા દરેક ધર્મોત્સવમાં, મુંબઈમાં, ઉપસ્થિત રહે. એ પછી અમદાવાદ પણ નિયમિત આવતા રહ્યા. મારું લખેલું સાહિત્ય ક્યાંક પણ પ્રકટ થયું હોય તો અચૂક જૂએ અને તત્કાળ તેનો પ્રતિભાવ પણ પાઠવે. રબર ઉદ્યોગ વિશેની તેમની એક પુસ્તિકા પરિચય ટ્રસ્ટે પ્રકટ કરી હતી. મને આપીને કહે, 'આ બરાબર લખાયું હશે?' હું હસી પડ્યો, 'રબર ઈન્ડસ્ટ્રી વિશે તો તમે ઓથોરીટી ગણાઓ, પછી ચિંતા કેમ કરો છો?'

પ. પૂ. મારા ગુરુદેવ, શાંતમૂર્તિ, આચાર્ય શ્રી દુર્લભસાગરસૂરિજી મ.ને કેન્સરનો વ્યાધિ થયો અને તરત અમારે મુંબઈ જવાનું થયું. શ્રી શીવુભાઈ સતત સંપર્કમાં રહે, ગુરુદેવની સુખશાતા પૂછે, આવતા રહે.

શ્રી શીવુભાઈ લાઠીયા પોતાના કર્મક્ષેત્રમાં ખૂબ નિપુણ તો હતા જ, માનવતાના પંથે ચાલનારા હતા. પરગજુ સ્વભાવના કારણે ખૂબ લોકપ્રિય થયા. દેરાવાસી હોય કે સ્થાનકવાસી, તમામ સંતજનો અને સાધ્વીજીઓનો ધર્મસ્નેહ તેમણે જીત્યો હતો.

મારી સાથેનો એમનો ભક્તિનો તંતુ એટલો મજબૂત કે એ આવ્યા હોય ને કંઈક વાત થતી હોય કે આમ વિચાર છે, તો વિના કહ્યે તેમણે અમલ કર્યો જ હોય! ક્યારેક તો મને પોતાને ય પછી જાણ થાય!

શ્રી શીવુભાઈના દુ:ખદ નિધન પછી તેમના ધર્મપત્ની શ્રી હેમલતાબહેન, સુપુત્રો શ્રી યોગેનભાઈ, સંજીવ, આસીત તથા પુત્રવધૂ શ્રી તોરલબહેન અહીં દર્શનાર્થે આવી ગયા. શ્રી શીવુભાઈએ પોતાના પરિવારને જીવનના સુખની સાથે અંતરના સંસ્કાર પણ ઠાંસી ઠાંસીને આપ્યા છે અને આ પરિવાર પણ એમના જ પંથે ચાલીને એ સંસ્કારને સોળ કળાએ દીપાવે તેવો છે! જીવનની યાત્રામાં સ્મરણની પણ એક અનેરી સૌરભ હોય છે. જીવનના અનેક પડાવમાં મને દેશ-વિદેશના અનેક નામી-અનામી સજ્જનો મળ્યાં છે. શ્રી શીવુભાઈ લાઠીયા તેમાં શ્રેષ્ઠ સજ્જન છે! ✱ ✱ ✱

જૈન ઉપાશ્રય, ૭, રૂપમાધુરી સોસાયટી, સંઘવીના રેલ્વે
ક્રોસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

# આહાર સંજ્ઞાની કથાઓ

❑ ગુલાબ દેઢિયા

મનુષ્ય સામાજિક પ્રાણી છે તેમ તે કથાપ્રિય પ્રાણી છે. મને કથાઓ ગમે છે. મારી પ્રિય કથા છે, સંગમક ગોવાળિયાની. ગરીબ મા પાસેથી હઠ કરીને ખીર બનાવડાવે છે. ખાવા જાય છે ત્યાં ગોચરી માટે સાધુ પધારે છે. પાતળી ખીરમાં લીટી કરીને અર્ધી ખીર સાધુને વહોરવા જાય છે. બધી ખીર સાધુના પાત્રમાં ઢળી જાય છે. –મારી નજર સામે એ નિર્દોષ ગોપબાળની મુખમુદ્રા રમ્યા કરે છે. એને ખીર વહોરાવ્યાનો જરાય અફસોસ નથી. શાલિભદ્રની ભૌતિક રિદ્ધિ અને પરમ સિદ્ધિના મૂળમાં આ સંગમક ગોપબાળ છે. એક સાદો સીધો, ભોળોભાળો ગોવાળિયો ક્યાંથી ક્યાં પહોંચી ગયો. આર્જવ–સરળતા–મનની સરળતા એ કથાનો પ્રાણ છે.

જૈન કથાઓની સંખ્યા કેટલી ? કેટલી હજાર કથાઓ જૈન ધર્મ સાહિત્યે, જૈન સાધુ ભગવંતો અને સાહિત્યકારોએ આલેખી છે, આપણે કદી હિસાબ માંડ્યો છે ? માંડવા જેવો છે. વિશ્વના કથા સાહિત્યમાં જૈન કથા સાહિત્યનું સ્થાન ક્યાં છે ? એ કથાઓના કયા કયા ખાસ ગ્રંથો છે ? એક વિસ્તૃત સૂચિ મળે છે ? વર્ગીકૃત સૂચિ મળે છે ? આ કથાસાગરને અતિ સંક્ષિપ્તમાં આલેખી એક બૃહદ્ સૂચિ એક જ ગ્રંથમાં સમાવવી જોઈએ. એ સંદર્ભગ્રંથ રૂપે ખપ લાગે. એક એક રસ, એક એક વિષય, વર્ગ, પ્રાણી, પંખી, વાણિયા, બ્રાહ્મણ, વેશ્યા, રાજા, ચોર, પ્રધાન, કુંભાર કહો કોના નામે કથાઓ નથી. જે કંઈ સૃષ્ટિમાં, દેવલોકમાં છે તે બધું જ કથાઓમાં હાજરાહજૂર છે.

આહાર સંજ્ઞા વિશે કેટલી કથાઓ મળે છે ? એક શાલિભદ્રની, બીજી કુરગડુ મુનિની. ત્યાગી–તપસ્વી સાધુઓ કુરગડુ મુનિના પાત્રમાં થૂંકે છે. મનુષ્યના રાગદ્વેષ કેવા સહજ છે. એ ભાત કુરગડુ મુનિ સમતા ભાવે આરોગે છે. મને એ અમાપ સમતાનું શિખર દેખાય છે, એ ઉપાશ્રય, એ તપસ્વી સાધુઓ અને થૂંકમિશ્રિત ભાત આરોગતા કુરગડુ મુનિ. અદ્ભુત ચિત્રાત્મક કથા છે !

ત્રીજી આહારકથા કેસરિયા લાડુની છે. મમ્મણ શેઠે પૂર્વ ભવમાં ખૂબ ભાવથી સાધુને ગોચરી વહોરાવી હતી. તેના ઊંચા ભાવથી લાભાંતરાય કર્મો તૂટી ગયા હતા. ત્યાર બાદ તેને ગોચરીના લાડુનો સ્વાદ ખબર પડતાં તેણે વહોરાવેલા લાડુ સાધુ પાસેથી પાછા માગ્યા.

પાત્રમાં પડેલું અન્ન ગુરુની આજ્ઞા વિના આપી શકાય નહિ તેથી સાધુએ ભિક્ષાન્ન પાછું ન આપ્યું. તેથી મમ્મણ શેઠના જીવે પાત્રમાં પડેલા લાડુ ઝૂંટવી લઈ ધૂળમાં રગદોળી દીધા. તેથી તેને ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મનો ગાઢ બંધ પડ્યો. તેથી મમ્મણ શેઠ પાસે અમાપ સંપત્તિનો લાભ થયો પણ ભોગવવાનું પુણ્ય ન મળ્યું. કૃપણતાનો પાર ન રહ્યો.

મોદકની લાલચ સાધુત્વ પણ છોડાવી શકે છે તેની કથા અષાઢાભૂતિની છે.

અષાઢાભૂતિ મહાવિદ્વાન સાધુ હતા. વિદ્યાના બળે લબ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. એક એવી લબ્ધિ સાધ્ય હતી કે જુદાં જુદાં રૂપ લઈ શકતા હતા.

એક નટના ઘરે અષાઢાભૂતિ વહોરવા પધાર્યા. સ્વાદિષ્ટ અને સુગંધી મોદક વોહરી ઉપાશ્રયે જઈ ગોચરી વાપરતાં, મોદકનો મોહ થયો. રૂપ બદલી ફરી ગયા, જીભમાં સ્વાદ રહી ગયો. ફરી રૂપ બદલીને ગયા. નટ ચાલાક હતો. સમજી ગયો. આ એ જ સાધુ છે, જે રૂપ બદલીને આવે છે.

નટે પોતાની દીકરીઓને કહ્યું, આ સાધુને ભોળવી લો. અષાઢાભૂતિ જાળમાં ફસાઈ ગયા. ગુરુની રજા માગી, નટની પુત્રીઓ સાથે લગ્ન કર્યાં. સુંદર નાટકો કરવા લાગ્યા. ભરતેશ્વરનું નાટક ભજવતાં અનિત્ય ભાવનામાં ચઢતા ગયા. ગુરુ પાસે જઈ ફરી સાધુત્વ પામ્યા.

અન્નવાસના વિશેની એક સુંદર કથા 'ઉપમન્યુ' નાનાભાઈ ભટ્ટે આલેખી છે. ધૌમ્ય ઋષિ પોતાના પ્રિય શિષ્ય ઉપમન્યુને પૂર્ણ દિક્ષિત જાહેર નથી કરતા કારણ કે તેને અન્નવાસના નડે છે ગુરુ ઉપમન્યુને ઉપરાઉપરી ચાર દિવસ ગાયો ચરાવવા મોકલે છે. ચારે દિવસ ગુરુની આજ્ઞા વગર ઉપમન્યુ કંઈ ને કંઈ ખાઈ લે છે. મનોમન ભૂખ પર વિજય મેળવવા મથે છે. છેલ્લે થોરનાં જીંડવાં ખાઈ લે છે. થોરનું દૂધ આંખમાં પડતાં આંખે અંધાર છવાય છે. જંગલના ભાડિયા કૂવામાં પડે છે. સ્મરણ કરતાં અશ્વિનીકુમારો આવે છે. ઔષધિ આપે છે અને ખાવા માટે કહે છે. ઉપમન્યુ ગુરુઆજ્ઞા વગર ખાવાની ના પાડે છે. ગુરુ આજ્ઞા આપે છે. બધું સુખાંત બને છે.

એક વણિક જંગલમાં એક વૃક્ષ કાપવા જાય છે ત્યારે એક વ્યંતર દેવ પ્રગટ થાય છે અને કહે છે, 'અરે શ્રેષ્ઠી ! મારા રહેવાનું સ્થાન છેદીશ નહિ. તારી સર્વે મનોકામનાઓ પૂર્ણ કરીશ પણ જ્યારે તું મને કોઈ કામ આપીશ નહિ ત્યારે હું તારો છળ કરીશ.'

વણિકે વ્યંતરની વાત માની.. એની સાથે પોતાના ઘરે ગયો. વ્યંતરને હુકમ કર્યો, 'મારા માટે એક સુંદર પ્રાસાદ તૈયાર કરી આપ.' થોડી વારમાં વ્યંતરે તે કરી આપ્યું. વણિકે ધન, ધાન્ય, વસ્ત્ર, અલંકાર સુગંધી પદાર્થો જે માગ્યું તે મળતું ગયું. વ્યંતરનું એક વાક્ય યાદ રાખનાર વણિકે કંઈ કામ બાકી ન રહ્યું ત્યારે કહ્યું, 'પર્વત જેવડો ઊંચો વાંસ લઈ આવ.' વ્યંતર લઈ આવ્યો. વણિકે કહ્યું, 'જ્યારે હું કાંઈ પણ કાર્ય કરવાનું ન આપું ત્યારે તારે આ વાંસ ઉપર ચઢવા–ઊતરવાનું સતત કાર્ય કરતા રહેવું.' વ્યંતરે સ્મિત કરીને કહ્યું, 'તેં મને ખરેખરો છેતર્યો છે.' આ વાર્તાનો બોધ છે, બુદ્ધિશાળી માણસ માટે કંઈ પણ અશક્ય નથી.

આજના સંદર્ભમાં જુદો બોધ લેવા જઈએ તો, આપણાં સાધનો, ટેકનોલોજી, વિજ્ઞાન, વ્યવહારો એ વ્યંતર જેવાં છે. તેમને કામે ન લગાડીએ તો એ આપણને કામે લગાડી દે.

વાર્તાઓમાં ઉપમા અલંકાર કેવાં શોભે છે. 'કાગડાના બચ્ચાંની માફક આશ્રય વગરનો એકલો નગરમાં ભમવા લાગ્યો.' 'સોયની અણીથી છેદી શકાય તેવો ગાઢ અંધકાર હતો.' 'ખર્યું પાન જેવો વૃદ્ધ ત્યાં બેઠો હતો.'

એક–એક વિષયની વાર્તાઓ અદ્ભુત છે. પ્રાર્થના એ જ કરીએ કે એવી કથા અંતરમાં ભળી જાય કે સર્વ વ્યથા હરી લે અને પછી અન્યથા કશું ન રહે.

***

૫૯, આરામનગર નં. ૧, સાત બંગલા ગાર્ડન,
અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૧

પંથે પંથે પાથેય (પાના છેલ્લાથી ચાલુ)

મલકાવતા રહીએ. દુ:ખી, દર્દી, પીડિત જણની પડખે ઊભા રહેવામાં જીવનનું ગૌરવ છે!'

'ભાઈ, અલ્લારખા, તમે તો ખરેખર ખુદાના સાચા બંદા છો, 'સબકા માલિક એક હૈ', સાંઈબાબાના એ સૂત્રને તમે રગેરગ ઊતાર્યું છે!'

'મનુભાઈ, માણસની પડખે રહેનારો-એની વેદના દૂર કરનારો કે ખરા સમયે ટેકો દેનારો જ જણ સાચો મનુષ્ય ગણાય! કટુ વેણ બોલવામાં, ટાંટિયા ખેંચવામાં, ઈર્ષા કરવામાં પોતાના સ્વાર્થ માટે ખૂનામરકી કરનાર માનવ ખરેખર તો દાનવ કહેવાય! અમારી મુસલ-માનોની કેટલાક લોકોએ હલકા કરમ કરી કલંકિત છાપ ઊભી કરી છે. ખુદા એવાને ક્યાંથી માફ કરે! વારુ, બે અગત્યના પ્રસંગની વાત કરું?'

'એમાં પૂછવાનું હોય?'

'પાલીતાણાથી ચારેક ગાઉ દૂરના ગામડામાં એક પટલાણીને સુવાવડ થઈ ગઈ. સંતાન જન્મ્યું. પણ એ સ્ત્રીને લોહી નીકળતું જ રહ્યું, કેમે કરીને બંધ ન થાય. એમનો ધણી અને જેઠ સુરતમાં હીરા ઘસવાના કામે રહેતા. અહીં એકલા ભાભા હતા. એ મૂંઝાણા. મને ફોન કર્યો. હું મારી ટેક્સી લઈ ત્યાં પહોંચ્યો. સ્ત્રી બેભાન થઈ ગઈ હતી. એના સંતાનને પણ સાથે સાચવીને લીધું. રાતના ૧૨ કલાકનો સમય હતો. મારતી ટેક્સીએ અમે ભાવનગર મારા પરિચિત પટેલ ડૉક્ટરની હૉસ્પિટલમાં લઈ ગયા. ડૉક્ટર રાત્રે ક્યાંથી હોય? નર્સને પટલાણી અને બાળકને સોંપી, સમજાવી હું ડૉક્ટરને ઘેર ગયો. ડૉક્ટર પોતાના ક્લિનિકમાં આવ્યા. એણે સ્ત્રીની સારવાર શરૂ કરી. સાથે સાથે નવજાત શિશુને નર્સે સંભાળ્યું. પોતાની પાસે લોહીની બોટલ્સ હતી તે આપી. રૂા. ૨,૭૦૦/- આપવાના હતા. બાપા પાસે રૂા. ૧,૦૦૦/- હતા.'

'નારીની માવજત-જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતી હતી. તેને બચાવવાની તાલાવેલી. હું પરમાત્માનું સ્મરણ કરતો ઉપડ્યો મારા સાઢુ પાસે જેઓ ફળનો ધંધો કરતા. બે પાંદડે થયા હતા. ઉદાર હતા. તન-મન-ધનથી ઊભા રહેવાની એની રીત ગમતીલી હતી. એમને રાત્રે અઢી વાગ્યે જગાડ્યા. એણે મને રૂા. ૩,૦૦૦/- આપ્યા. મેં ડૉક્ટરને રકમ આપી.'

'અલ્લારખા ભાઈ, તમે તો જીવ બચાવવા માટે અનોખું કામ કર્યું.' મેં કહ્યું.

'મનુભાઈ, મને તો ભગવાન-ખુદાએ જ પ્રેરણા આપી હતી. એની મરજીથી કામ કર્યું હતું. પેલી સુવાવડીનું લોહી બંધ થઈ ગયું હતું, પણ મેં એ જ રાત્રે બાજુના ઘેરથી સૂરત એમના ધણીને અને જેઠને ફોન કર્યો. હું પણ થાકી ગયો હતો. બાપા હૉસ્પિટલમાં સૂઈ ગયા અને હું પહોંચ્યો મારા સાઢુને ઘેર નિંદર લેવા.'

'સવારે બાઈને રજા આપી?'

'ના, ભૈ ના, બે દિવસ બાપા રહ્યા પછી તો એના દીકરાઓ રહ્યા. અને ડૉક્ટર પટેલે તો પરમાત્માનું કામ કરી બાઈને નવજીવન પૂરું પાડ્યું. હું તો મનોમન ખુદાને એની રહેમ દૃષ્ટિ માટે નમાઝ પઢવા લાગ્યો. આમ બે દિવસ પછી એ બાઈને રજા મળી. અમે ટેક્સીમાં એમને ગામ પહોંચ્યા. સૌને સલામત મૂકી આવ્યો.'

'પરોપકારમાં જ ભગવાન સહાય કરે છે. સાચા દિલની સેવા ખુદાને પણ મંજુર છે.' મેં અલ્લારખા ભાઈને કહ્યું.

'મનુભાઈ, માણસે માણસને મદદ કરવી જોઈએ. આપણે પશુઓ પાળીએ છીએ અને એની સેવા કેવી કરીએ છીએ? સ્વજનથી વિશેષ!'

'તમારો બધોય ખર્ચ.'

હૉસ્પિટલમાં પહોંચાડવાનો ખર્ચ મેં ન લીધો. અલ્લાહની રહેમથી બાઈ બચી, બાળકને માતા જીવતી મળી-બસ, ખુદાની મહેરબાની જ કહેવાય ને! ઘેર સાજાનરવા પહોંચાડવાનું ભાડું લીધું. પહેલા એના ધણીએ લઈ જવાના ખર્ચ માટે, ઘણી રકઝક કરી, મારો આતમ માન્યો તે મેં કર્યું.'

'અલ્લારખા ભાઈ, બીજો પ્રસંગ?'

'પાલીતાણાથી દૂર એક ગામમાં રહેતા એક વણિકના છોકરાને ભારે દમનો રોગ. છોકરો ક્યારેક ક્યારેક રાતોની રાતો ખાટલાની ઈસ પકડી બેઠો રહે. શ્વાસ હેઠો બેસે નહિ. મને કહેવડાવ્યું. એ કુટુંબે દીકરાની માવજતમાં ક્યાંય કચાશ રાખી નહિ. હું પહોંચ્યો અને અમે ચારેક જણા બેઠા. છોકરો શ્વાસની સાથે અવાજ કરી રહ્યો હતો. મારાથી એ જોઈ શકાતું ન હતું. પણ ભગવાનને કરવાનું કે અડધે રસ્તે અમે પહોંચ્યા ને તે મૃત્યુ પામ્યો. એના પિતાની હાલત જોઈએ તો આપણને ધ્રૂજારી છૂટે. મેં એમને શાંત કર્યા અને કહ્યું. હવે હૉસ્પિટલ લઈ ન જવાય. ડૉક્ટર એના દેહને 'પોસ્ટમોર્ટમ' માટે મોકલશે. માટે ચાલો પાછા ઘેર. આપણા કુટુંબના ડૉક્ટર પાસેથી 'Death Certificate' લઈ લઈએ. અને અમે ઘેર આવ્યા. એમને મેં ઉતાર્યા. હું ટેક્સી રાખી ત્યાં જ રહ્યો. અને આખોય દિવસ એમને ખાંપણ-એ માટેની વસ્તુઓ લાવી દેવા સહાયરૂપ બન્યો. સ્મશાનમાં એનો અગ્નિદાહ દેવાયો ત્યારે કુટુંબના વડાની રજા લેવા ગયો. એણે મને ખર્ચના રૂપિયા આપવા હાથ લંબાવ્યો. એમના અંતરનો વલોપાત, ઘેર એની માતા અને સગા વહાલાની રોક્કળ મારે હૈયે વેદના જગાડતી રહી હતી. મરણ પામેલા ઈસમના લાવવા લઈ જવાના ખર્ચના પૈસા લઉં તો ખુદા મને માફ ક્યાંથી કરે?'

'ભાઈ અલ્લારખા મારે મન તો તમે ખુદાના અણમોલ બંદા છો. માનવી ભગવાનનું કાર્ય કરે તે જ સાચો ચમત્કાર કહેવાય! મારી પાસે પણ હવે શબ્દો ખૂટી ગયા છે.'

અને આમ અમે દામનગર થઈ ભૂરખિયા હનુમાનના મંદિરે દર્શન કરવા પહોંચી ગયા અને પછી મારે ગામ લાઠી બહેનને ઘેર ઉતરી ગયા.

'ખુદાના બંદાનો સવા કલાકનો સંગ
હૈયે જમાવી ગયો અવનવો રંગ!'

* * *

૧૩-એ, આશીર્વાદ, સાઈબાબા લેન, વલ્લભબાગ લેન (Extn), ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month • Regd. No. MH/ MR/SOUTH-146 / 2006-08



## પંથે પંથે પાથેય...

# ખુદાના બંદાનો સંગ

❑ મનસુખલાલ ઉપાધ્યાય

પાલીતાણામાં શત્રુંજી નદી ઉપર–તથા એના ડુંગરની તળેટી રોડ ઉપર 'ઓશવાળ યાત્રિક ગૃહ' આસ્તિકો માટે રહેવાનું સુંદર ઓરડાઓથી વિભૂષિત અને વિશાળ ચોગાનવાળું સ્થાન મનને લોભાવે તેવું છે.

એ વિશાળ ગૃહની જગ્યામાં શિખરબંધ દેરાસરની અંજનશલાકાનો એટલે નવા મંદિરમાં ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ હતો. એ ગૃહના પ્રણેતા જામનગરના મુ. શ્રી સોમચંદભાઈ ગોસરાણીના નિમંત્રણથી હું અને મારી પત્ની જ્યોતિએ હાજરી આપી હતી. એક સપ્તાહના ઉત્સવમાં ધર્મની ઊંડી ભાવનાના દર્શન અને હર્ષોલ્લાસમાં અમે બે દિવસોનો અનન્ય લ્હાવો લીધો હતો.

શનિવારે એક મહોત્સવ હતો. તેમાં લગભગ ૫૦ થી વધારે જૈન મુનિ મહારાજશ્રી અને સાધ્વીજીની નિશ્રામાં સોમચંદભાઈની જીવન– યાત્રાની કિતાબનું વિમોચન પણ થયું. એના સંકલન–લેખનની જવાબદારી મને સોંપાઈ હતી. મંડપમાં લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ ભાવિકોને રસતરબોળ કરે તેવા પ્રસંગોના ઉત્સવને અમે હૃદયપૂર્વક માણ્યો હતો.

લાઠી (કવિ કલાપીનું) ગામે મારી બહેનને મળવા જવાનું હતું. એટલે એક ટેક્સીવાળાને મેં આગલે દિવસે વાત કરેલી. બરોબર શનિવારે એ ટેક્સીવાળો અમને અમારા ઉતારે લેવા માટે આવી ચડ્યો. અમે બંને ટેક્સીમાં ગોઠવાયા. ટેક્સી વહેતી થઈ, પાલીતાણાની બજાર વિંધતી શેત્રુંજી નદીના પુલ ઉપરથી ગામની બહાર ઉબડ–ખાબડ રસ્તે વહેતી થઈ. ટેક્સી ચાલકને પૂછ્યું: 'તમારું નામ શું છે?'

'અલ્લારખા.' જવાબ મળ્યો.

'મેં તો યુસુફભાઈ સાથે શુક્રવારે રાત્રે વાત કરી હતી. એ કેમ ન આવ્યા?'

'યુસુફ મારો મોટો ભાઈ છે. એને બીજી લાંબી વરધી મળી એટલે એણે મને મોકલ્યો છે.'

'સારું.' અને પાછી શાંતિ છવાઈ ગઈ.

'લાઠી, દામનગર, ભૂરખિયા અને અમરેલી મારે વારે વારે જવાનું થાય છે. રસ્તો મારે માટે જાણીતો છે.' અલ્લારખાએ પરોક્ષ રીતે અમને ધરપત આપી.

'ટેક્સી તમારી પોતાની છે?'

'હા સાહેબ, અમારે બે ટેક્સીઓ છે. આ અમારી આવક દાતા છે.'

'તમે પાલીતાણાના વતની?'

'હા ભાઈ, તમારું નામ?'

'મનુભાઈ.'

'મનુભાઈ, અમે ચાર પેઢીથી પાલીતાણામાં રહીએ છીએ. અમે ત્રણ ભાઈઓ છીએ. નાનો ભાઈ એસ.ટી.માં કન્ડક્ટર છે. બાકી હું અને યુસુફ ટેક્સી ચલાવીએ છીએ. સૌ અલગ રહીએ છીએ. અમે ઘાંચી છીએ. પાલીતાણામાં મારો જન્મ થયો છે. આમ તો અમે મુસલમાન. પણ અમારો મોટા ભાગનો સંબંધ હિન્દુઓ ખાસ કરી બ્રાહ્મણ, વાણિયા, પટેલ, જૈન વગેરે સાથે.'

'સારું કહેવાય.'

'સાહેબ, મારા ઘરમાં મારી પત્ની–મારા બે પુત્રો અને પુત્રી. સંતાનોમાં એક ગ્રેજ્યુએટ થઈ ગયો છે. પુત્રી એસ.એસ.સી.માં છે અને દીકરો બારમા ધોરણમાં છે. સૌ સારી રીતે ભણે છે. સુખી છીએ. ખુદાની મહેર છે!'

'અલ્લારખા ભાઈ સુખદુ:ખ મનની ભાવના છે.'

'મનુભાઈ, તમારી વાત સાચી છે. પણ સારું કરમ કરીએ તો ભગવાન રાજી રહે છે. અમે મુસલમાન ખરા. મારા ઘરમાં છેલ્લા પચાસ વરસથી પરમાટી મટન, ઈંડા, માછલી કે નોન વેજ ખવાતું નથી. મારા સંતાનો પણ એવી રીતે શાકાહારી તરીકે જીવે છે. જાત–પાત–ધર્મ–રૂપ– રંગ ગમે તેન્હોય, આખરે આપણે સૌ માણસ છીએ. મારા હિંદુ મિત્રો સંગે અમે જન્માષ્ટમી, શિવરાત્રિ, તથા જૈન ધર્મના તહેવારો તથા નવરાત્રમાં જગદંબાના ગરબામાં ઉત્સાહપૂર્વક રસ લઈએ છીએ. સાથે બેસી મિજબાનીઓ માણીએ છે.'

'અલ્લારખા ભાઈ, હું મારું વતન લાઠી. લાઠીની પ્રાથમિક શાળામાં ભણતો ત્યારે મારા મોટા ભાગના મિત્રો જિકર મેમન, તાહેરઅલી વોરાજી, અહમદભાઈ મેમન હતા. તેઓ અને બધાય હનુમાન જયંતી પણ સાથે મળી ઉજવતા. મને નાત–જાતનો છોછ નથી.'

'મનુભાઈ, મારે પણ તમારી જેવું છે. આપણે જન્મ્યા ત્યારે માણસ તરીકે જ! ભારતની ધરતી ઉપર રહેનાર ભારતીય ગણાય. સૌ ખુદાના બંદા છે. રામ–રહીમના માનીતા છે! માનવ–મનુષ્ય–માણસમાં અમને રસ છે, ધર્મભેદમાં નહીં. દરેકના આતમમાં ભગવાન, ઈશ્વર પરમાત્મા કે ખુદાનો વાસ છે. સાચો ધરમ તો ઈન્સાનિયતનો, માનવતાનો, માણસાઈનો! આપણાં કરમો સાથે રહે છે. ધન–સંપત્તિ, અમલદારશાહીના તત્ત્વો કે રાજકારણીઓના બધાયના કરમો મરણ સુધી સાથ દે છે! હિન્દુ–મુસલમાનના ભાગલાં પાડી જીવવા કરતાં આપણે સૌ માનવ બની ઈન્સાનિયત–માનવતા

(વધુ માટેજૂઓ પાનું ૧૯)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-   તા. ૧૬ જુન, ૨૦૦૮   છૂટક નકલ રૂા. ૧૦/-

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ***

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૪   વીર સંવત : ૨૫૩૪   જેઠ સુદ – તિથિ – ૧૩

## જિન–વચન

### અત્યંત દુર્લભ એવી ચાર વસ્તુઓ

चत्तारि परमंगाणि दुल्लहाणीह जन्तुणो ।
माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं ।।

–उत्तराध्ययन– ३-१

આ સંસારમાં જીવને માટે ચાર પરમ વસ્તુઓ અત્યંત દુર્લભ છે : (૧) મનુષ્યજન્મ, (૨) શ્રુતિ એટલે શાસ્ત્રશ્રવણ, (૩) ધર્મમાં શ્રદ્ધા અને (૪) સંયમપાલન માટે વીર્ય એટલે આત્મબળ.

इस संसार में जीवों के लिए चार परम बातें अत्यंत दुर्लभ हैं : (१) मनुष्य जन्म, (२) श्रुति अर्थात् शास्त्र-श्रवण, (३) धर्म में श्रद्धा और (४) संयमपालन में वीर्य अर्थात् आत्म-बल।

Four great things are very rare in this world for a living being : (1) Birth as a human being, (2) Listening to scriptures, (3) Faith in religion and (4) Energy to practise self-control.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત **'जिन-वचन'**માંથી)

# આચમન

## મુક્ત થવાનો ઉપાય

હજારો વરસ પહેલાં એક નદી જ્યાં માનવ વસાહત ન હતી ત્યાં વહેતી હતી, પથ્થરો હતા, લીલ શેવાળ હતાં, બખોલોમાં અનેક નાના જીવજંતુઓ રહેતાં હતાં. તેમની મોટી વસાહતો હતી. નદીનાં પાણીમાં ઘસડાઈ ન જાય માટે એ જંતુઓ બખોલો, પથ્થરોને ચીટકીને જીવતા. ન છોડવું એવો એમનો સ્વભાવ થઈ ગયો હતો. જંતુઓની વસાહતમાં એક યુવાન જંતુ હતું. ઇતિહાસનો વિદ્યાર્થી હતું. એને ખબર હતી કે નદી વહેતી વહેતી અંતે મહાસાગરમાં ભળી જાય છે. મહાસાગર બની જાય છે. આ જંતુને સતત વિચારો આવતા કે તે પણ બખોલ છોડી નદીના વહેતા પાણીમાં જોડાઈ જાય તો તે પણ નદી સાથે વહેતો વહેતો મહાસાગર સુધી પહોંચી જાય. મહાસાગર બની જાય. એણે પોતાની બખોલ છોડવી કે નહિ તેના માટે મિત્રોની સલાહ લીધી, સગાંઓની સલાહ લીધી, વિશારદોની સલાહ લીધી. બધાએ એક અવાજે કહ્યું કે આવું આપણી બોંતેર પેઢીમાં કોઈએ વિચાર્યું નથી. આ જંતુને બધાએ મનોચિકિત્સકની ટ્રીટમેન્ટ લેવાની સલાહ આપી.

પણ એક રાત્રે વસાહત સૂતી હતી ત્યારે આ જંતુએ બખોલ છોડી અને પાણીના પ્રવાહમાં ઝંપલાવ્યું. અથડાયું, છોલાયું, ગભરાયું પણ હિંમત ટકાવી રાખી. આજુબાજુની બખોલમાં ઘૂસી ન ગયું. પાણી કોઈને નીચે અથવા વચમાં નથી રાખતું. પાણીએ આ જંતુને ઉપર લઈ લીધું અને આ જંતુ ચિંતામુક્ત બનીને પ્રવાહ સાથે વહેવા લાગ્યું. એનું પ્રયાણ મહાસાગર સુધી હતું. અનંત સુધી હતું. એ મહાસાગર બનવા, અનંત બનવા નીકળી પડ્યું હતું.

સવારે વહેણના માર્ગમાં આવતી બખોલો-માંથી જંતુઓ ઉપર ડોકિયું કરે ત્યારે તેમને જંતુ મુક્ત બનીને વહેતું જતું દેખાય. વસાહતોમાં બધાં જંતુઓ એકઠાં થઈ જાય. જંતુઓએ આવી રીતે મુક્ત બનીને વહેતા જતા જંતુની ઘટના કોઈ દિવસ જોઈ ન હોય. જંતુઓ એકી અવાજે કહે, ભગવાનનો અંશ જઈ રહ્યો છે. દંડવત્ કરે, પ્રણામ કરે, આરતી ઉતારે વગેરે. કોઈ કહે ભવ્ય મંદિર બંધાવીએ, કોઈ કહે સ્તૂપ ઊભો કરાવીએ, કોઈ કહે મહાકાવ્ય રચીએ.

વહેતુ જંતુ મોટેથી કહે આમાંનું કશું કરવાની જરૂર નથી. મેં બખોલ છોડી તેમ તમે પણ છોડો. તમે પણ મુક્ત થશો. જંતુઓ કહે એ નહિ બને. બીજું બધું કરવા તૈયાર છીએ.

માણસ પોતાના દુ:ખો, સંતાપો, પીડાઓ છોડવા માંગતો નથી. એના સહારે જ જીવવાનો આગ્રહ રાખે છે, એમાં જ સુખ માને છે.

❑ **રામદાસ ગાંધી કૃત**

પુસ્તક '**સફર સોલિસિટરની**' માંથી.

## સર્જન-સૂચિ



| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | 'જન્મભૂમિ' – 'પ્રબુદ્ધ જીવન' ભાઈ–ભાઈ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | શોકને ફોક બનાવે શ્લોક | આ. વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મ. | ૫ |
| (૩) | આધ્યાત્મયોગી શ્રી ચિદાનંદજીની વાણી | ડૉ. નિરંજન રાજગુરુ | ૬ |
| (૪) | સ્વરવિદ્યા | ડૉ. કવિન શાહ | ૯ |
| (૫) | ઉપદેશ–શૈલી | ડૉ. રણજિત પટેલ | ૧૦ |
| (૬) | સંતોષ : મનની આંખે, હૃદયની પાંખે | શ્રી પન્નાલાલ છેડા | ૧૩ |
| (૭) | મોટી સાધુવંદણાના સર્જક પૂ. જયમલજી મહારાજ | શ્રી ગુણવંત બરવાળિયા | ૧૪ |
| (૮) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૬ |
| (૯) | આત્મસિદ્ધિ શાસ્ત્ર | પ્રા. પ્રતાપકુમાર ટોલિયા | ૧૯ |
| (૧૦) | પંથે પંથે પાથેય : અદ્‌ભુત પ્રવાસ | શ્રી સાર્થક રાજીવ પરીખ<br>અનુ. પુષ્પા ચંદ્રકાંત પરીખ | ૨૦ |





## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/-**(U.S. $ 9) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/-**(U.S. $ 26) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/-**(U.S. $ 40)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/-**(U.S. $75) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**(U.S. $ 100)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહ્યું છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજિવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો. કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૬ ● ● તા. ૧૬ જૂન, ૨૦૦૮ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## 'જન્મભૂમિ' – 'પ્રબુદ્ધ જીવન' ભાઈ – ભાઈ

કેટલાંક સંબંધો એવાં હોય છે કે જેનો તાગ શોધવા જઈએ તો જલદી મળે નહિ પણ એ સંબંધોની સુવાસ જીવનભર માણતા હોઈએ છીએ. છતાં થોડાં ઊંડાં ઉતરો તો ક્યાંક ને ક્યાંક એના મેળાપની ગુંથણી મળ્યા વગર રહે નહિ જ, સ્થૂળ નહિ તો સૂક્ષ્મ. તો જ સમાંતર ભાવપ્રવાહ વહે!

'જન્મભૂમિ' અને 'પ્રબુદ્ધ જીવન'નો સંબંધ કાંઈક આવો છે. એટલે આ સંબંધને ભાઈ ભાઈ કહેવાનું મન થાય છે.

૯ જૂન સોમવારે 'જન્મભૂમિ' એ પોતાનો અમૃત મહોત્સવ દબદબાભરી રીતે મુંબઈમાં ભારતીય વિદ્યાભવનમાં ઊજવ્યો. પૂ. મોરારિ બાપૂ આશીર્વાદ આપવા પધાર્યા અને અષાઢી મેઘની જેમ વરસ્યાં. ભીખુદાન ગઢવીએ તો 'જન્મભૂમિ'ના 'કલમ અને કિતાબ'ના એ વખતના સંપાદક ઝવેરચંદ મેઘાણીને મન મૂકીને એવા તો યાદ કર્યા કે જાણે મેઘાણી સદેહે પ્રગટ થયા! પ્રેક્ષક ગૃહમાં નજર કરો તો મુંબઈ નગરીના પ્રતિષ્ઠિત મહાનુભાવો અને વિચારકોની ઉપસ્થિતિથી એક ભવ્ય સાંસ્કૃતિક માહોલ સર્જાયો હોય એવી પ્રતીતિ થઈ. ગુજરાતી પત્રકારિત્વના ઇતિહાસની આ સોનેરી ઘટના છે!

૧૯૨૯માં પ્રારંભાએલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આ મુખપત્રને ૭૯ વર્ષ થયા અને 'જન્મભૂમિ'ને ૭૫ એટલે એ હકીકતે મોટાભાઈએ નાનાભાઇને શુભેચ્છા તો આપવી જ જોઈએ. એ ધર્મ છે.

સમગ્ર ગુજરાતી જનતાએ તો 'જન્મભૂમિ'ને હૈયું ભીંસાય એટલું વ્હાલ કર્યું છે. કરતા રહેશે, કારણ કે 'જન્મભૂમિ' અને એના સંચાલકો અને કાર્યકર્તા નિષ્ઠાવાન છે, નિષ્પક્ષ છે અને જાગૃત છે. પણ 'પ્રબુદ્ધ જીવન' 'જન્મભૂમિ'ને વિશેષ વહાલ કરે એના ઘણાં કારણો છે.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ 'જન્મભૂમિ ટ્રસ્ટ'ના એક વખતના ટ્રસ્ટી, અને અમારા સંઘના પ્રમુખ તથા 'પ્રબુદ્ધ જીવન'ના એક સમયના તંત્રી. આજે જો એમની હયાતી હોત તો 'જન્મભૂમિ' અને પત્રકારિત્વ વિશે એમનો વિચારવંત લેખ આપણને પ્રાપ્ત થયો હોત જ. શ્રી ચીમનભાઈનું ગદ્ય માણ્યા પછી આપણે આપણી જાતને તપાસીએ તો જરૂર અંદર કોઈ ફેરફાર થયાની પ્રતીતિ થાય જ. શ્રી ચીમનભાઈના 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીલેખો પછી ક્યારેક 'જન્મભૂમિ'માં પ્રગટ થતા. આજે પણ એમના પુસ્તકના અંશો 'જન્મભૂમિ'માં પ્રગટ થતાં રહે છે. એવું જ ડૉ. રમણભાઈ શાહના તંત્રીલેખોનું છે. એ પણ 'જન્મભૂમિ'માં પુનઃ છપાતા.

સૌરાષ્ટ્ર ટ્રસ્ટના બીજા એક ટ્રસ્ટી શ્રી દામજીભાઈ એન્કરવાળા અને એમનો પરિવાર તો યુવક સંઘનો આપ્તજન જ, અને મારા તો એ પરમ સ્નેહી મિત્ર. ગુજરાતી ભાષાના ધ્વજને ફરકતો રાખનાર 'જન્મભૂમિ'ની પ્રવૃત્તિમાં તેઓ આટલા બધાં સક્રિય હોય તો એમની અનુમોદના કરવાની અમને હોંશ તો થાય જ.

લગભગ ૭૫ વર્ષ પહેલાં પ્રારંભાયેલી પર્યુષણ વ્યાખ્યાન-માળાનો અહેવાલ આજ સુધી 'જન્મભૂમિ'માં હોંશે હોંશે છપાય છે. એક વર્ષ પહેલાં આ વ્યાખ્યાનમાળામાં 'જન્મભૂમિ'ના વર્તમાન તંત્રી શ્રી કુંદનભાઈ પત્રકારત્વ વિશે વ્યાખ્યાન આપવા આવ્યા ત્યારે મને કહે, 'આજે હું આ મંચ ઉપરથી વ્યાખ્યાન આપું છું, પણ આ પૂર્વે ઘણાં વર્ષો પૂર્વે, અને ઘણાં વર્ષો સુધી શ્રોતાવર્ગમાં બેસી આ વ્યાખ્યાનોનું મેં રિપોર્ટીંગ કર્યું છે, અને તરત જ પ્રેસમાં જઈને બીજે દિવસે એ વિગતે છપાય એવો પરિશ્રમ કર્યો હતો, જેનો મને આનંદ આવતો અને મારા જ્ઞાનમાં વધારો થતો.'

ઉપરાંત કુંદનભાઈ મને કહે, આપણે એક દૈનિક પત્રમાં સાથે કામ કર્યું હતું એ તમને યાદ છે?' મને કશું યાદ ન હતું. કારણ કે મેં પત્રકારત્વ ક્ષેત્રમાં આવી કોઈ નોકરી કરી ન હતી. એમણે મને યાદ કરાવડાવ્યું, લેમિંગ્ટન રોડ ઉપરના સ્વસ્તિક સિનેમાના કંપાઉન્ડમાંથી પ્રકાશિત થતાં એક દૈનિક પત્ર 'લોકતંત્ર'માં હું કૉલેજમાં હતો ત્યારે સાહિત્ય વિભાગની કોલમ લખતો અને એ માટે પુસ્તકો અને લેખ અને મેટર આપવા ત્યાં જતો. ત્યારે કુંદનભાઈ એ દૈનિકમાં કામ કરતા હતા. એ દૈનિકના તંત્રી જયંત શુકલ હતા, જેમણે પાછળથી 'જન્મભૂમિ'નું તંત્રીપદ સંભાળ્યું હતું. આવી તીવ્ર યાદદાસ્ત કુંદનભાઈની! જે એક પત્રકારમાં હોવી જોઈએ જ.

કુંદનભાઈ પહેલાંના પૂર્વ તંત્રી હરીન્દ્ર દવે તો મારા મિત્ર. ચોપાટી ભવન્સમાં અમે આગળ-પાછળ અભ્યાસ કરીએ, ત્યારે હરીન્દ્રભાઈ 'જનશક્તિ'માં હતા અને ઑફિસે પહોંચવા એક પિરિયડ વહેલાં ઊઠી ચોપાટી બસ સ્ટેન્ડે પહોંચી જતા. 'જન્મભૂમિ'ના તંત્રી બન્યાં પછી એક વખત હું અને હરીન્દ્રભાઈ મુંબઈથી દિલ્હી જતા વિમાનમાં સાથે થઈ ગયા, જેવા દિલ્હી એરપોર્ટ ઉપર ઉતર્યા અને બહાર આવ્યા કે તરત જ સામે કુન્દનભાઈ ઊભા હતા. ત્યારે કુન્દનભાઈ 'જન્મભૂમિ'ના દિલ્હી ખાતેના પ્રતિનિધિ હતા. આજે એ સ્થાને કુન્દનભાઈના સુપુત્ર છે એવું સાંભળ્યું છે. એ સમયે વી. પી. સિંહની સરકાર ડગુમગુ થતી હતી, સામાન આવે એ પહેલાં કુન્દનભાઈએ હરીન્દ્રભાઈને દિલ્હીની અંદરની રાજકીય પરિસ્થિતિથીની વિગતોથી વાકેફ કરી દીધાં. આવી એમની નિષ્ઠા.

હરીન્દ્રભાઈના ગયા પછી કુન્દનભાઈએ જન્મભૂમિ પત્રોનું સુકાન સંભાળ્યું અને ગૌરવ સાથે સ્વીકારવું પડે કે સર્વસહ કાર્યકરોના સહકારથી 'જન્મભૂમિ'ના રથને ધરતી ઉપર એમણે સ્પર્શ કરવા દીધો નથી, પણ ધરતીના પ્રત્યેક પ્રશ્નોની ચર્ચા જરૂર કરી છે અને 'જન્મભૂમિ' પત્રો જનતાના રાહબર બન્યા છે.

મારી અંગત વાત કરું તો 'જન્મભૂમિ'ના સમગ્ર વાંચન અને કહેવા દો કે ખાસ કરીને કાંતિ ભટ્ટના લેખોએ મારી અંદર નાનું ઘડતર કર્યું છે. હરીન્દ્રભાઈની કોલમે રાજકીય દૃષ્ટિ આપી છે, અને વિજયગુપ્ત મૌર્યના લેખોએ મને બૌદ્ધિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિ આપી છે. 'જન્મભૂમિ' ન વાંચું તો સાંજ ફિક્કી લાગે અને 'પ્રવાસી' ન વાંચું તો રવિવાર સૂનો જાય. વરસોથી આ નિયમ, અને વ્યાપાર ન વાંચું તો જગતના આર્થિક પ્રવાહથી અળગો લાગું છું. જ્યારે કૉલેજમાં હતો ત્યારે 'સિમા' સાપ્તાહિક માટે શોખ ખાતર ચલચિત્રોના રીવ્યુ લખતો ત્યારે 'જન્મભૂમિ' તરફથી વેણીભાઈ પુરોહિત આવતા અને મારી કલાદૃષ્ટિની મારી સાથે મોકળે મને ચર્ચા કરતા અને સલાહ આપતા. ત્યારે શાંતિકુમાર દાણી 'જન્મભૂમિ'માં સંસ્કૃતિ અને નાટક સમીક્ષાની કોલમ લખતા. એમના અવલોકનની નાટકની ટિકિટ બારી ઉપર અસર થતી. મને એમણે પિતાતુલ્ય પ્રેમ આપ્યો, અને આંગળી પકડીને સંસ્કૃતિ જગતમાં મને લઈ જતા, એ 'જન્મભૂમિ'ને કારણે જ. 'જન્મભૂમિ' પરિવારના એવાં કેટકેટલાં મહાનુભાવોને યાદ કરું? પાનાં ભરાય જાય એટલું મારા ઉપર ઋણ છે એ સર્વેનું, અને 'જન્મભૂમિ'નું.

પૂજ્ય મોરારિ બાપૂએ પત્રકારને હનુમાનની ઉપમા આપી; હનુમાનની પૂંછમાં જે તાકાત છે એ પત્રકારની કલમમાં તાકાત છે, વિશેષ તો એ જીવન નૌકાના સઢ અને સુકાની જેવો છે, એની કલમ દશા અને દિશા બંન્ને બદલી શકે છે. 'જન્મભૂમિ'એ આ પત્રકાર ધર્મ નિષ્ઠાપૂર્વક બજાવ્યો છે. તકલીફમાં એ કોઈને શરણે ગયું નથી કે તોફાનો અને ઝંઝાવાતોમાં એ કોઈને શરણે થયું નથી.

એક વખત બપોરે મારે મુળજી જેઠા માર્કેટમાં કોઈ ખરીદી કરવા જવાનું થયું. અમારા પરિવારને એના માલિક એક પછી એક વસ્તુ દેખાડે, પરંતુ જેવો ફેરિયો 'જન્મભૂમિ' નાંખી ગયો કે એમનો જીવ ધંધામાંથી બહાર. તરત જ કામ આટોપી લઈને હાથમાં 'જન્મભૂમિ' પકડી લીધું. એ વાંચનમાં મગ્ન અને મસ્ત.

મારી સાથેના પરિવાર સભ્ય કહે, 'આમને સાંજે 'જન્મભૂમિ' વાંચવાનું વ્યસન લાગે છે!'

'મેં કહ્યું એ વ્યસન નથી, એ સંસ્કાર છે.'

જન્મભૂમિપત્રોએ આપણી એક નહિ, બે નહિ, ત્રણ પેઢીનું સંસ્કાર ઘડતર કર્યું છે. ચોથી પેઢીના કમનસીબ કે એ ગુજરાતી ભાષાથી દૂર થતી ગઈ છે એટલે આ લાભ એ પેઢીને નહિ મળે!?

આ સંસ્કાર જ્યોત જેમણે પ્રગટાવી એવા એના સ્થાપક અમૃતલાલ શેઠને વંદન કરીએ. આજ સુધી જે જે નિઠાવાન ટ્રસ્ટીઓ અને કાર્યકર્તાઓ એમાં ધૃત પૂરતા રહ્યા એ સર્વેને અભિનંદન આપીએ અને 'જન્મભૂમિ'ની ભૂમિને નમન કરીએ.

આ બંને પત્રો અને સંસ્થા તેમજ તંત્રીઓનો સંબંધ આવો ગહરો છે. આ શબ્દ ઋણાનુબંધ છે. બન્ને પત્રાભાઈઓનો આદર્શ એક જ, જીવન ઘડતર, જાગૃતિ અને પ્રબુદ્ધ ભાવ તરફ પ્રયાણ.

❑ **ધનવંત શાહ**

**પાણી જેમ સમુદ્ર, સરોવર, તળાવ કે ખાડામાં જ્યાં હોય પણ તે પાણી જ છે, તેમ બધા શરીરોના આકાર જુદા જુદા લાગે પણ આત્મતત્ત્વ તો પાણીની જેમ સમાન છે.**

# શોકને ફોક બનાવે શ્લોક

❑ આચાર્ય વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

આ દુનિયામાં શોકના સ્થાન હજારો છે, અને ભયનાં સ્થાન સેંકડો છે. શોક અને ભયના નિમિત્તોથી તો દુનિયા ભરેલી જ છે, એથી જો શોકગ્રસ્ત અને ભયત્રસ્ત બન્યા કરીએ, તો તો જીવવું જ કઈ રીતે શક્ય બને ? શોક અને ભયના સ્થાનો તો જીવતાં–જાગતાં જ રહેવાના ! એને દૂર હઠાવવા, એ આપણા હાથની વાત નથી, પણ એક એવું તત્ત્વ અસ્તિત્વ ધરાવે છે કે, જેને આપણે આત્મસાત્ કરી લઈએ, તો શોક અને ભયના સ્થાનોની વચ્ચે ય આપણે અશોક અને અભય રહી શકીએ ! એ તત્ત્વનું નામ છેઃ જ્ઞાન ! શોકને ફોક બનાવવાની તાકાત શ્લોક એટલે જ્ઞાનમાં છે. જો આપણી પાસે 'જ્ઞાન' હોય, તો શોક આપણી પાસે આવીને ફોક બની જાય, એમ ભય પણ વિલય પામી ગયા વિના ન રહે.

સામાન્ય જણાતું જ્ઞાન–તત્ત્વ કઈ રીતે આટલું બધું પ્રભાવશાળી બની શકે ? શોક અને ભયને મારી હઠાવવા શસ્ત્રોની જ આવશ્યકતા ગણાય, એવું આપણું ગણિત છે. જ્યારે એક સુભાષિત આવું દુષ્કર કાર્ય જ્ઞાન દ્વારા સાધ્ય ગણાવે છે; એથી જ્ઞાનને વરેલી શક્તિ બરાબર પિછાણી લેવી જ રહી !

લગભગ ઘણી બધી બાબતોમાં 'અજ્ઞાન'ના કારણે જ ભય અને શોક જાગતાં હોય છે. સાપનો ભ્રમ ઊભો કરતાં દોરડામાં એવી કોઈ જ શક્તિ નથી હોતી કે, એ માણસ જેવા માણસને શોકાતુર અને ભયભીત બનાવી શકે ! પણ આવો સાપ ભલ-ભલાને ભયભીત બનાવી મૂકતો હોય છે, એ સૌને સ્વાનુભૂત હકીકત છે. આનું કારણ શોધવા ઊંડા ઉતરીશું તો કારણ તરીકે 'અજ્ઞાન' નામનું એક તત્ત્વ હાથ લાગશે. દોરડાનું આપણને સાચું જ્ઞાન નથી. જે દોરડું જ છે, એનામાં આપણને સાપનું આભાસિક દર્શન થયું છે, આ અજ્ઞાન જ આપણા ભયનું કારણ છે. દોરડું દોરડા રૂપે જણાઈ આવતાની સાથે જ, આ જ્ઞાનના પ્રભાવે આપણે નિર્ભય બની જઈએ છીએ. જ્ઞાન અને અજ્ઞાનનો આ કેવો પ્રચંડ પ્રભાવ ! અજ્ઞાનના ઓછાયાએ આપણને ભયભીત બનાવી મૂક્યા અને જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થતા જ આપણે નિર્ભય બની ગયા !

શોકસ્થાનો અને ભયસ્થાનોને આપણે જ્ઞાનના પ્રકાશમાં નીહાળીએ, તો શોક ઊભો જ રહી ન શકે અને ભય પણ ભયભીત બનીને ભાગી જ છૂટે. પ્રિયપાત્રનું મૃત્યુ આપણને શોકગ્રસ્ત બનાવી જતું હોય, તો ત્યારે જ્ઞાનના સહારે એવી વિચારણા કરવી જોઈએ કે, સંયોગનો વિપાક વિયોગ જ છે. સંયોગને વિયોગમાં પલટાવી નાંખનારા પરિબળો ઘણા ઘણા હોવા છતાં એ સંયોગ, એ જોડાણ આજ સુધી ટકી શક્યું, એજ ઘણું કહેવાય; એટલું નહિ, એ આશ્ચર્યભૂત પણ ગણાય. જે સંયોગ જોડાણ પછીની બીજી જ પળે વિયોગમાં ફેરવાઈ શકે એવો હતો, એ આજસુધી અખંડિત રહ્યો, એ ઓછા આનંદનો વિષય ન ગણાય ! તેમજ મારી કલ્પના મુજબ જે વિયોગ મોડો પણ થવાનો જ હતો, એ વહેલો થયો, એટલું જ ! કંઈ નહિ. એથી હવે અનિત્ય–અશરણ ભાવનાથી ભાવિત થવાની મને તક સાંપડશે.

પ્રિયપાત્રના વિયોગને આપણે આ જાતની જ્ઞાનદૃષ્ટિથી નિહાળતા થઈએ, તો એ વિયોગ આપણને શોકગ્રસ્ત નહિ જ બનાવી શકે; ઉપરથી વિયોગનું એ શોકસ્થાન આપણામાં વધુ ધર્મદૃઢતા જગાવવામાં સહાયક બની જશે. આ પ્રભાવ જ્ઞાનનો છે. શોકના સાગર વચ્ચે આપણે ઘેરાઈ જઈએ, તો ય જ્ઞાનદૃષ્ટિ આપણને 'અશોક' રાખવામાં સફળ નીવડે છે. અજ્ઞાનનો અંધકાર આપણને શોકની વર્તમાન–પળમાં જ ઘાંચીના બળદની જેમ ઘૂમતો રાખવાનું કાર્ય કરે છે, જ્યારે જ્ઞાનનો પ્રકાશ એ પળની આગળ– પાછળ પથરાયેલા વિરાટમાર્ગ પર આપણને પ્રવાસ કરાવે છે. જેથી આપણે 'શોકગ્રસ્ત' ન બનતા 'અશોકમસ્ત' રહી શકીએ છીએ.

ભયોની લગભગ ઘણી બધી ભૂતાવળો તો સાવ નમાલી અને માયકાંગલી જ હોય છે. આપણને ભયભીત બનાવવાની એનામાં જરાય શક્તિ જ હોતી નથી, પણ આપણી અજ્ઞાનતા જ એનામાં ભયભીત બનાવવાની શક્તિનો સંચાર કરે છે. અને એથી જ આપણે ભયભીત બની ઉઠીએ છીએ. જો આપણી પાસે સાચું જ્ઞાન હોય, જો આપણે જ્ઞાનદૃષ્ટિના માલિક બની જઈએ, તો કોઈ જ ભય આપણી સામે ટકી ન શકે. દોરડામાં આભસિત થતો સાપ જેમ એક જ દીવાસળી પેટાવતા ભાગી જતો હોય છે, એમ જ્ઞાનદૃષ્ટિના પ્રકાશમાં ગમે તેવા ભયોની ભૂતાવળો પોતાનું અસ્તિત્વ ટકાવી શકતી નથી હોતી. ભયનું કારણ ઊભું થતાની સાથે જ એ 'કારણ'ને જ્ઞાનના પ્રકાશમાં ધારી ધારીને અવલો-કવામાં આવે, તો ભય ભાગી જાય અને આપણી નિર્ભયતામાં ઉપરથી વધારો થાય. આમ, ભૌતિક અને આધ્યાત્મિક દુનિયામાં જ્ઞાનનું મહત્ત્વ ઘણું બધું છે. આપણે સ્વભાવે અને જાતે તો અશોક અને અભય જ છીએ. પણ જ્ઞાનના પ્રકાશને બુઝવી દઈને આપણે જ અજ્ઞાનનો અંધકાર સર્જીએ અને દોરડાના સાપથી ગભરાતા રહીએ, તો એમાં દોષિત તો આપણી પોતાની જાત જ ગણાય ને ? એમાં દોરડા પર દોષનો ટોપલો ઢોળવાનો શો અર્થ ?

શોક અને ભયના ઢગલાબંધ સ્થાનોનો સરવાળો, એનું જ નામ આ સંસાર ! આવા સંસારમાં આપણે જો મૂઢ જ રહીશું, આપણે જો જ્ઞાનની આંખ મીંચેલી જ રાખીશું તો તો સામાન્ય દોરડા પણ આપણને સાપ જેવા ફૂંફાડા મારીને પળેપળે ભયથી થરથર કંપાવતા જ રહેશે, અને ભય તો આપણો કેડો મૂકવા તૈયાર જ નહિ થાય, અને આવા કાલ્પનિક ભય જ આપણને અધમૂઆ બનાવી દેશે. આવી અવદશામાંથી ઉગરવું હોય તો સુભાષિતના સંદેશ મુજબ આપણે જ્ઞાનદૃષ્ટિના સ્વામી બની જઈએ, પછી તો સાચા શોક ને ભય પણ આપણું કશું જ નહિ બગાડી શકે, તો પછી કાલ્પનિક શોક–ભયો તો આપણી આગળ ફરકી જ ક્યાંથી શકશે ?

✱ ✱ ✱

કલ્યાણ પ્રકાશન મંદિર, કૈલાસ ચેમ્બર્સ, પાટડીયા ગર્લ્સ સ્કૂલ સામે, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧. ફોન : ૨૩૭૬૨૭ (૦૨૭૫૨)

# અધ્યાત્મયોગી શ્રી ચિદાનંદજીની વાણી

❑ ડૉ. નિરંજન રાજગુરુ

(મે, ૨૦૦૮ના અંકથી આગળ)

**સ્વરોદય શાસ્ત્ર**

ભારતીય અધ્યાત્મવિદ્યાના ક્ષેત્રમાં સ્વરોદય શાસ્ત્રનું મહત્ત્વ યોગી સાધકો દ્વારા વારંવાર પોતાની રચનાઓના માધ્યમથી દર્શાવવામાં આવ્યું છે. હિન્દુધર્મનું શિવસ્વરોદય, આચાર્ય હેમચન્દ્રનું યોગશાસ્ત્ર, કબીર સંપ્રદાયનું જ્ઞાનસ્વરોદય અને અધ્યાત્મ યોગી જૈન કવિ ચિદાનંદજી દ્વારા રચિત 'સ્વરોદયજ્ઞાન' જેવી રચનાઓનો તુલનાત્મક અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે છે કે માનવ શરીરની મુખ્ય ત્રણ નાડીઓ–ઈડા, પિંગલા અને સુષુમ્ણા તથા પાંચ મુખ્ય વાયુ–પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન...એનાં ચોક્કસ સ્થાનો અને કાર્યો, પાંચ તત્ત્વ : પૃથ્વી, પાણી, આકાશ, તેજ અને વાયુ...ત્રણ ગુણ સત્ત્વ, તમ અને રજ. પચીસ પ્રકૃતિ...વગેરે બાબતોનું નિરુપણ સંપૂર્ણ વૈજ્ઞાનિક ઢંગથી–અતિ સૂક્ષ્મ ચર્ચારૂપે આ યોગી કવિઓએ કર્યું છે. વેદાન્તમાં પણ 'પંચીકરણ'નું આખું શાસ્ત્ર છે.

મનુષ્યનું શરીર ટકે છે પ્રાણથી–વાયુથી. આપણે શ્વાસ–ઉચ્છવાસની ક્રિયા કરીએ છીએ પણ જાણતા નથી કે અત્યારે કઈ નાડી ચાલે છે, કયા નસ્કોરામાંથી શ્વાસની આવન–જાવન ચાલુ છે. કયો સ્વર ચાલુ છે; એના રંગ, સ્વભાવ, પ્રકૃતિ કેવાં છે, અને એનો પ્રભાવ શરીર અને મન ઉપર કેવો પડે છે.

ચિદાનંદજીએ ૪૫૩ કડીની રચના આપી છે 'સ્વરોદય જ્ઞાન'. દોહા, છપ્પય છંદ, ચોપાઈ વગેરે છંદોમાં હિન્દી ભાષામાં રચાયેલી આ કૃતિની શરૂઆત થાય છે–

નમો આદિ અરિહંત, દેવ દેવનપતિ રાયા;
જિસ ચરણ અવલંબ, ગણાધિય ગુણ નિજ પાયા.
ધનુષ પંચશત માન, સપ્ત કર પરિમિત કાયા,
વૃષભ આદિ અરુ અંત, મૃગાધિય ચરણ સુહાયા.
આદિ અંત યુત મધ્ય, જિન ચોવીશ ઈમ ધ્યાઈએ,
ચિદાનંદ તસ ધ્યાનથી, અવિચલ લીલા પાઈએ...

ચોવીસ તીર્થંકરોના ચરણોમાં વંદના કરીને પછી વાણીની દેવી સરસ્વતીનું સ્મરણ કરીને–

'ગુરુ કિરપા કરી કહત હું, શુચિ સ્વરોદય જ્ઞાન...' એવી ભૂમિકા બાંધીને સીધા શરીરની પ્રધાન ચોવીશ નાડીઓ, એમાં મુખ્ય એવી ત્રણ ઈંગલા, પિંગલા, સુષુમ્ણા–જેને સૂર્ય, ચન્દ્ર કે મધ્યમા–સૂક્ષ્મ એવાં અપર નામો અપાયાં છે એની પૂરી ઓળખાણ આપે છે. જ્યારે ડાબા નસ્કોરામાં શ્વાસ ચાલતો હોય ત્યારે ચન્દ્ર નાડી અને જમણો શ્વાસ ચાલતો હોય ત્યારે સૂર્ય નાડી ચાલે છે એમ કહેવાય. જ્યારે બંને નસ્કોરામાં સમાન રૂપે શ્વાસ ચાલે ત્યારે સુષુમ્ણા નાડી જાગૃત થઈ એમ કહેવાય. દરેક સ્વર અઢી ઘડી ચાલે પછી બદલી જાય. એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય વચ્ચેના ૨૪ કલાકના સમયમાં મનુષ્ય એકવીશ હજાર છસો વખત શ્વાસ–ઉચ્છવાસની ક્રિયા કરે છે. જ્યારે ડાબી ચન્દ્રનાડી ચાલતી હોય ત્યારે સ્થિર, સૌમ્ય કાર્યો કરવાં જોઈએ અને સૂર્યનાડી ચાલતી હોય ત્યારે ચલિત કે ક્રુર કાર્યો કરીએ તો તે તુરત જ સિદ્ધ થાય. સુષુમ્ણા કે મધ્યમા નાડી ચાલતી હોય ત્યારે વ્યક્તિગત સ્વાર્થના કોઈ જ કામ કર્યા વિના ધ્યાન, તપ, પૂજા, દાન વગેરે કાર્યો કરવાં જોઈએ.

ચિદાનંદજીએ ગાયું છે:

*શોભિત નવિ તંપ વિણ મુનિ, જિમ તપ સુમતા ટાર,*
*તિમ સ્વરજ્ઞાન વિના ગણંક, શોભત નહિ ય લગાર.*
*સાધન વિણ સ્વરજ્ઞાન કો, લહે ન પૂરણ ભેદ,*
*ચિદાનંદ ગુરુ ગમ વિના સાધન હુ તસ ખેદ.*
*દક્ષિણ સ્વર ભોજન કરે, ડાબે પીવે નીર*
*ડાબે કર ખટ સૂવતાં હોય નિરોગી શરીર...*

સૌરાષ્ટ્રના સંત કવયિત્રી ગંગાસતી એ આ જ વાત આ રીતે કરી :

*સૂર્યમાં ખાવું ને ચન્દ્રમાં જળ પીવું*
*એમ કાયમ લેવું વ્રતમાન જી*
*એકાન્તે બેસીને અલખને આરાધવા ને*
*હરિ ગુરુ સંતનું ધરવું ધ્યાન જી...*

જ્યારે આકાશમાં સૂર્ય હોય ત્યારે આપણો ચન્દ્ર સ્વર વધુ ચાલવો જોઈએ તો શરીરમાં ગરમી ઓછી લાગે અને રાત્રીએ ચન્દ્ર પ્રકાશમાન હોય ત્યારે જો સૂર્ય નાડી ચલાવીએ તો શરદીનો રોગ કદી પણ ન થાય.

*દિન મેં તો શશિ સ્વર ચલે, નિશા ભાન પરકાશ;*
*ચિદાનંદ નિશ્ચે અતિ દીરઘ આયુ તાસ.*

શ્વાસ એ મનુષ્ય જ નહીં પ્રાણી માત્ર–જીવ માત્ર માટે અમૂલ્ય ધન છે, એનું મૂલ્ય જાણ્યા વિના આપણે સૌ એને વેડફીએ છીએ. એક એક શ્વાસનું મૂલ્ય જાણવું હોય તો પાણી બહાર કાઢેલી માછલીની તડપ આપણામાં જાગવી જોઈએ.

જો શ્વાસ સ્થિર થાય તો શરીર સ્થિર થાય, શરીર સ્થિર થાય તો મન સ્થિર થાય. અધ્યાત્મના ક્ષેત્રમાં ચાર વસ્તુઓ ખૂબ જ મહત્ત્વની છે. મન, પવન, વાણી અને શુક્ર. ચારમાંથી એક જો બંધાય તો અન્ય ત્રણે આપોઆપ બંધાઈ જાય. પ્રાણાયામ, ધ્યાન, બ્રહ્મચર્ય અને મૌન એ ચાર માર્ગે આત્મ સાક્ષાત્કારની દિશામાં આગળ વધી શકાય.

ચિદાનંદજી દ્વારા રચિત 'સ્વરોદય જ્ઞાન'માં તો શુક્લ પક્ષમાં અને કૃષ્ણ પક્ષમાં, સાતે વારમાં, પંદરે તિથિમાં, ત્રણે ઋતુમાં, બારે રાશિ કે સૂર્ય સંક્રાન્તિમાં, બારે મહિના, નક્ષત્રો અને ષડ્ ઋતુમાં મનુષ્ય પ્રાતઃકાળે જાગે તો ત્યારે કઈ નાડી ચાલતી હોય એનું સંપૂર્ણ વિજ્ઞાન પણ અપાયું છે. એ સિવાય પ્રશ્નજ્યોતિષ, આત્મસાધના, પિંડશોધનની પ્રક્રિયા, ચન્દ્રયોગ, ક્રિયાયોગ અને સંપૂર્ણ શ્વાસ-ઉચ્છ્‌વાસનું ગણિત આપવામાં આવ્યું છે. એના વિશે વિગતે વાત કરવી હોય તો-એક એક શ્લોક-કડી ઉપર જ કલાકો સુધી બોલવું પડે... પણ આપણે તો અત્યંત સંક્ષેપમાં ચિદાનંદજીની સાહિત્ય સરવાણીમાં વિહાર કરવાનો છે.

*મુસાફિર ! રેન રહી અબ થોરી...*
*જાગ જાગ તું નિંદ ત્યાગ દે,*
*હોત વસ્તુકી ચોરી...મુસાફિર !...*
*મંજિલ દૂર ભર્યો ભવ સાગર,*
*માન ઉર મતિ મોરી... મુસાફિર !...*
*ચિદાનંદ ચેતન મય મુરત,*
*દેખ હૃદય દગ જોરી...મુસાફિર !...*

ચિદાનંદજી વારંવાર અજ્ઞાન-માયામાં સૂતેલા પ્રાણીઓને જગાડવા આલબેલ પોકારે છે:

'જાગ રે બટાઉ ! ભઈ
અબ તો ભોર વેરા...જાગ રે..

x x x

*અવસર બિત જાયે, પીછે પસતાવો થાયે.*
*ચિદાનંદ નિહચે એ માન કહા મેરા...જાગ રે...'*

x x x

*'ઓ ઘટ વિણસત વાર ન લાગે*
*યા કે સંગ કહા અબ મૂરખ*
*છિન છિન અધિકો પાગે...ઓ ઘટ વિણસત...*
*કાંચા ઘડા, કાંચકી શીશી, લાગત ઠણકા ભાંગે;*
*સડણ પડણ વિધ્વંસ ધરમ જસ, તસથી નિપુણ નિરાગે...*
*-ઓ ઘટ વિણસત...*

જે જાગી જાય, જેના ઘરમાં અજવાળાં એકાકાર થઈ જાય એની દશા કેવી હોય ?

*જ્ઞાન કળા ઘટ ભાસી જાકું*
*જ્ઞાન કળા ઘટ ભાસી...*
*તન ધન નેહ રહ્યો નહીં તાકુ*
*છિન મેં ભયો ઉદાસી...*
*જ્ઞાન કળા...*
*હું અવિનાશી ભાવ જગત કે, નિશ્ચે સકલ વિનાશી;*
*એહવી ધાર ધારણા ગુરુગમ, અનુભવ મારગ પાસી...*
*-જ્ઞાન કળા...*
*મેં મેરા એ મોહજનિત જસ, એસી બુદ્ધિ પ્રકાશી;*
*તે નિઃસંગ પગ મોહ શિશ દે, નિશ્ચે શિવપુર જાસી...*
*-જ્ઞાનકળા...*
*સુમતા ભઈ સુખી ઈમ સુનકે, કુમતા ભઈ ઉદાસી;*
*ચિદાનંદ આનંદ લહ્યો ઈમ, તોર કરમકી પાસી...*
*-જ્ઞાનકળા...*

જેના પિંડમાં જ્ઞાનકલાનો ઉદય થાય છે એને શરીરનો કે સંપત્તિનો કશો જ મોહ નથી રહેતો. એક જ દિવસમાં ઉદાસી-વિરક્ત બની જાય. આ જગત ક્ષણિક છે, વિનાશી છે અને મારો આત્મા અવિનાશી છે, એવી ધારણા સદ્‌ગુરુની કૃપાથી પ્રગટે અને અનુભવમાર્ગે તે આત્માનુભવ તથા બ્રહ્માનુભવ કરતા રહે. હું ને મારું એ માયા તથા મોહનું કારણ છે. જ્યારે આત્મજ્ઞાનનો સૂર્ય ઝળહળી ઉઠે ત્યારે પોતે વિરક્ત થઈ મોહના માથા ઉપર પગ દઈને ડગલાં માંડે અને મોક્ષપુરીમાં પહોંચી જાય. કર્મના બંધનોથી મુક્ત થઈ ગયેલા અવધૂતની સુમતા, સત્‌વૃત્તિઓ આનંદિત થઈ જાય અને કુમતિ-કુષ્ટ બુદ્ધિ ઉદાસ બની જાય છે. ચિદાનંદજી કહે છે કે મેં મારા તમામ કર્મબંધનો કાપી નાંખ્યાં છે અને અવિનાશી-અહર્નિશ આનંદ પ્રાપ્ત કર્યો છે.

*અબ હમ ઐસી મન મેં જાણી,*
*પરમારથ પંથ, સમજ વિના નર*
*વેદ પુરાણ કહાણી... અબ હમ...*
*અંતર લક્ષ વિગત ઉપરથી, કષ્ટ કરત બહુ પ્રાણી;*
કોટિ યતન કર તુપ લહત નહીં, મથતાં નિશદિન પાણી...
-અબ હમ ઐસી મન મેં જાણી.
લવણ પુતળી થાહ લેણકું, સાયરમાંહી સમાણી;
તા મેં મિલ તદ્રુપ ભઈ તે, પલટ કહે કોણ વાણી...
-અબ હમ ઐસી મનમેં જાંણી...
ખટ મત મિલ માતંગ અંગ લખ, યુક્તિ બહુત વખાણી;
ચિદાનંદ સરવંગ વિલોકી, તત્ત્વારથ લ્યો તાણી...
-અબ હમ ઐસી મનમેં જાણી...

આજ મને ખાત્રી થઈ ગઈ છે કે પરમાર્થના પંથની સમજણ વિનાના નર માટે વેદ-પુરાણ-શાસ્ત્રો માત્ર વાતો જ છે. આત્મ-સ્વરૂપની ઓળખાણ ન થાય, અંતર્લક્ષી દૃષ્ટિ ન સાંપડે ત્યાં સુધી ગમે તેટલા સાધનામાર્ગો દ્વારા શરીરને કષ્ટ આપવામાં આવે પણ જેમ રાત દિવસ પાણીનું મંથન કરવા છતાં ઘી પ્રાપ્ત થતું નથી એમ બધા પ્રયત્નો નકામા જાય છે. દરેક ધર્મના દર્શનો-શાસ્ત્રો-ગ્રંથો પોતપોતાની રીતે આંધળા જેમ હાથીનું એક અંગ પકડીને હાથીને ઓળખાવવાનો પ્રયત્ન કરે એવા છે. સર્વાંગ દર્શન થાય પછી તો જેમ મીઠાની પૂતળી સાગરમાં ઓગળી જાય, એનો તાગ લઈ શકે નહીં, ભળી જાય પછી પોતાનો અનુભવ કેમ વર્ણવી શકે ? પોતાનું અસ્તિત્વ જ મટી ગયું હોય-આવો તત્ત્વાર્થ પ્રાપ્ત

કરવાની શીખ સંત કવિ આપે છે.

(પ્રભાતી)

*આજ સખી મેરે વાલમા, નિજ મંદિર આયે;*
*અતિ આનંદ હિયે ધરીને, હસી હસી કંઠ લગાયે રે...*
*–આજ સખી મેરે વાલમા...*
*સહજ સ્વભાવ જળે કરી, રુચિ ધર નવરાયે;*
*થાળ ભરી ગુણ સુખડી, નિજ હાથેથી જિમાયે રે...*
*–આજ સખી મેરે વાલમા...*
*સુરભી અનુભવ રસભરી, પાન બીડાં ખવરાયે,*
*ચિદાનંદ મીલ દંપતિ, મન વાંછિત પાયે રે...*
*–આજ સખી મેરે વાલમા...*

પોતાની અતિ રહસ્યભરી–ગોપનીય વાત કોઈપણ નારી માત્ર પોતાની સખી–સાહેલીને જ કહી શકે. ચિદાનંદજીનો નારીભાવ આ પદમાં આ રીતે વ્યક્ત થયો છે. મિલન શૃંગારનું વર્ણન અતિ સંયમિત રીતે કરતાં કવિ પરમાત્મ સાક્ષાત્કારની ક્ષણોને અધ્યાત્મની પરિભાષામાં વ્યક્ત કરે છે. હે સખી! આજે મારા પ્રીતમ મારી આંતર ચેતનાના ઘરમાં–હૃદય મંદિરમાં પધાર્યા, મારા અંતરમાં અતિ આનંદ ઉભરાયો ને મેં હસી હસીને આલિંગન આપીને એનો સત્કાર કર્યો. શુદ્ધ ભાવ રૂપી જળમાં એને પ્રેમસ્નાન કરાવ્યું. સત્ત્વગુણની સુખડી જમાડી અને અનુભવ રસના પાનબીડાં ખવરાવ્યાં. આત્મા અને પરમાત્માનું આ મિલન થતાં મનવાંછિત ફળ પ્રાપ્ત થઈ ગયું...

ચિદાનંદજીની પ્રેમલક્ષણા ભક્તિની કાવ્ય સરવાણી પણ આપણા હૈયાને ભીંજવી દે તેવી છે.

*'હો પ્રીતમજી! રે, પ્રીત કી રીત અનીત તજી ચિત્ત ધારીએ.'*

x x x

*'મત જાવો જોર વિજોર વાલમ! અબ મત જાઓ રે...*
*પિઉ પિઉ પિઉ રટત બપૈયા, ગરજત ઘન અતિ ઘોર;*
*ચમ ચમ ચમ ચમકત ચપલા, મોર કરત મિલ શોર*
*વાલમ! અબ મત જાઓ રે...'*

x x x

*'પિયા! નિજ મહેલ પધારો રે, કરી કરૂણા મહારાજ...'*

x x x

*'પિયા! પિયા! પિયા! મત બોલ ચાતક*
*પિયા! પિયા! મત બોલ...'*
*રે ચાતક તુમ શબદ સુણત મેરા,*
*વ્યાકુલ હોત રે જિયા;*
*ફૂટત નાંહી કઠીન અતિ ઘન સમ*
*નિઠુર ભયા હૈ હિયા...બોલ મત...'*

આ રચનાઓ વિશે અતિ લંબાણથી–વિસ્તારથી કલાકો સુધી વાત કરી શકાય પણ એ વિરહભાવમાં જ્યારે સૂરની, શબ્દની અને સંવેદનાની ત્રણ સરવાણીની ત્રિવેણી વહેતી હોય એમાં સ્નાન કરીને પાવન થવાનું આ સૌભાગ્ય આપણને મળ્યું એ જિનપ્રભુની અપરંપાર કૃપા.

*'અવધુ! પિયો અનુભવ રસ પ્યાલા*
*કહત પ્રેમ મતવાલા...'*
*ધન અરુ ધામ અરુ, પડ્યો હિ રહેગો નર*
*ધારકે ધરામેં તું તો ખાલી હાથ જાવેગો*
*દાન અરુ પુન્ય નિજ કરથી ન કર્યો કછુ*
*હોય કે જમાઈ કોઈ દુસરો હી ખાવેગો*
*કુડ કપટ કરી પાપ બંધ કીનો તાતેં*
*ઘોર નરકાદિ દુઃખ તેરો પ્રાણી પાવેગો*
*પુન્ય વિના દુસરો ન હોયગો સખાઈ તબ*
*હાથ મલમલ માખી જિમ પસતાવેગો...*

x x x

*માખી કરે મધ ભેરો સદા.*
*તે તો આન અચાનક ઔર હી ખાવે*
*કીડી કરે કણ કું જિમ સંચિત*
*તાસુકે કારણ પ્રાણ ગુમાવે*
*લાખ કરોર કું જોર અરે નર!*
*કાહેકુ મુરખ સૂમ કહાવે?*
*ધર્યો હિ રહેમો ઇહાં કો ઇહાં સહુ*
*અંત સમે કછુ સાથ ન આવે.*

**(સમાપ્ત)**

(તા. ૮-૯-૨૦૦૭ ના 'પર્યુષણ વ્યાખ્યાનમાળા'માં આપેલું વક્તવ્ય. આ વક્તવ્ય અને નિરંજનભાઈના સ્વરે ગાયેલી ચિદાનંદજીના પદોની સી.ડી. ઉપલબ્ધ છે.)

આનંદ આશ્રમ, પો. ઘોઘાવદર, તા. ગોંડલ,
જિલ્લો રાજકોટ૩૬૦ ૩૧૧. (ગુજરાત રાજ્ય)
મો. ૦૯૮૨૪૩૭૧૯૦૪. ફોનઃ (૦૨૮૨૫)

***

## પાણી પીવડાવો – પક્ષી બચાવો – પુણ્ય કમાવો

જે પુણ્યશાળીને સારા કામ કરવા છે એને કામ શોધવા જવાની જરૂર નથી પડતી, આપોઆપ સૂઝે છે.

અમદાવાદમાં પ્રત્યેક રવિવારે લગભગ દરેક દેરાસર પાસે એક પુણ્યશાળી તરફથી સ્વયંસેવકો હમણાં હાથમાં માટીનું પહોળું કૂંડું લઈને ઊભાં રહે છે અને પ્રત્યેક દર્શનાર્થીને આ કૂંડું આપી વિનંતિ કરે છે.

'આ કૂંડું સ્વીકારો અને રોજ આપની અગાસી પર અથવા બાલ્કનીમાં પાણી ભરીને આ કૂંડું મૂકજો. પક્ષીઓને ટાઢક મળશે. પાણી પીવડાવો, પક્ષી બચાવો, પુણ્ય કમાવો.'

જીવદયા પ્રેમીઓએ અનુસરવા જેવું આ પુણ્યકાર્ય છે.

ચબૂતરો એ આપણી ભારતીય સંસ્કૃતિનું પ્રતીક છે.

# સ્વરવિદ્યા

❑ ડૉ. કવિન શાહ

પ્રત્યેક માનવીને પોતાના જીવનમાં શું થવાનું છે તે ભવિષ્યની જાણકારી મેળવવા માટે પ્રયત્ન કરે છે. તેમાં જ્યોતિષ શાસ્ત્ર સુવિદિત છે. તેને માટે 'નિમિત્ત' શબ્દપ્રયોગ થાય છે. આ નિમિત્તની વિદ્યા આઠ પ્રકારની છે. તેને અષ્ટાંગ નિમિત્ત કહેવામાં આવે છે. અષ્ટાંગ નિમિત્તમાં સ્વરવિદ્યા એક ભાગરૂપ છે. જ્યોતિષ વિદ્યાર્થી જે જાણકારી મળે છે તેવી રીતે સ્વરવિદ્યાથી સ્વયં અનુભવથી ભવિષ્યનું જ્ઞાન મેળવી શકાય છે. આ વિદ્યા દ્વારા ભૂતકાળમાં શું બન્યું હતું? ભવિષ્યમાં શું થશે? વર્તમાનમાં શું થવાનું છે તેનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. જ્યોતિષ શાસ્ત્ર આ ત્રિવિધ પ્રશ્નોના ઉત્તર ગ્રહોને આધારે આપે છે. સ્વરવિદ્યાનું જ્ઞાન પણ આ પ્રકારની માહિતી આપવાની પૂર્ણ ક્ષમતા ધરાવે છે. સ્વરવિદ્યાનું જ્ઞાન જીવનમાં માર્ગદર્શક બને છે.

પ્રાચીનકાળમાં યોગીઓ યોગ સાધના કરતા હતા ત્યારે પોતાના જીવનનાં સુખદુઃખ વિશે જ્ઞાન મેળવીને માર્ગ કાઢતા હતા. સ્વરવિદ્યાનું જ્ઞાન અન્ય નિમિત્ત શાસ્ત્ર કરતાં ભિન્ન છે. તે જ્ઞાન વ્યક્તિ સ્વયં પોતાના અનુભવને આધારે અભ્યાસથી જાણી શકે છે. અન્ય વિદ્યાઓના અભ્યાસ સમાન સ્વરવિદ્યાનો વૈજ્ઞાનિક અભ્યાસ અને અનુભવ નિમિત્ત જાણવામાં સહાયરૂપ બને છે.

સ્વરવિદ્યાના પાયામાં (મૂળભૂત) વ્યક્તિના શ્વાસોશ્વાસની ક્રિયા મહત્ત્વની છે. તેનો અનુભવ કુદરતી રીતે જ મનુષ્ય જાતિને પ્રાપ્ત થયો છે.

આ વિદ્યા એ સાધનાનો એક પ્રકાર છે. ચિત્તને સ્થિર કરીને ઈષ્ટદેવનું સ્મરણ કર્યા પછી, એકાંત સ્થળે બેસીને સ્વરનો અનુભવ કરવો જોઈએ. આ વિદ્યા સિદ્ધ કરવા માટે ન્યાય-નીતિ, સદાચાર, પ્રામાણિકતા અને વ્યવહાર શુદ્ધિના ગુણો આવશ્યક છે. ઉપરોક્ત ગુણરહિત સ્વરવિદ્યાની સાધના વિપરિત પરિણામ આપે છે. આત્મકલ્યાણ અને ધર્મ કાર્યો કરવા માટે સ્વરવિદ્યાનું જ્ઞાન આવશ્યક ગણાય છે. તીર્થંકરો અને ગણધરો આ વિદ્યાના વિશિષ્ટ જાણકાર હતા. કળિકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, આ. જિનદત્તસૂરિ, યોગી મહાત્મા આનંદઘનજી, ઉપા. યશોવિજયજી વગેરે મહાત્માઓ સ્વરવિદ્યાના જ્ઞાતા હતા. પૂર્વકાળમાં કેટલાક મુનિ મહાત્માઓ આત્મકલ્યાણમાં ઉપયોગી નીવડે તેવા શુભ હેતુથી યોગાભ્યાસ કરીને આત્મધ્યાનમાં નિમગ્ન રહેતા હતા. યોગ સાધનાની ૧૦ ભૂમિકામાં પ્રાણાયામ પ્રથમ સ્થાન ધરાવે છે. આ પ્રાણાયામનું અભિનવ સ્વરૂપ સ્વરોદય જ્ઞાન-સ્વરવિદ્યા છે. સ્વરોદય એટલે નાક દ્વારા શ્વાસ લેવો અને તેના દ્વારા શ્વાસ બહાર કાઢવો. માનવ શરીરમાં ઘણી નાડીઓ છે. તેમાં ૨૪ મોટી નાડીઓ છે; તેમાં પણ નવ મોટી નાડીઓમાં ત્રણ મુખ્ય છે.

ઈંગલા-ચંદ્ર નાડી-ડાબા નાકને આધારે

પિંગલા-સૂર્ય નાડી-જમણા નાકને આધારે.

સુષમણા-નાડી-જમણા અને ડાબા નાકમાંથી શ્વાસ નીકળે તેને આધારે કહેવાય છે.

જમણા નાકમાંથી નીકળતા શ્વાસને સૂર્ય સ્વર-સૂર્યનાડી અને ડાબા નાકમાંથી નીકળતો શ્વાસ ચંદ્ર સ્વર-ચંદ્ર નાડી એમ સમજવું. જ્યારે બંન્ને નિસિકામાંથી એક સાથે શ્વાસ નીકળે છે ત્યારે સુષમણા નાડી કહેવાય છે. સુષમણા નાડી અડધો કલાકથી વધુ ચાલતી નથી.

કળિકાળ સર્વજ્ઞ આ. હેમચંદ્રાચાર્ય રચિત યોગ-શાટમના પાંચમા પ્રકાશમાંથી સ્વરવિદ્યા-નાડી વિશેની માહિતી પ્રાપ્ત થાય છે. શ્લોક ૬૧/૬૨માં ત્રણ નાડીના ફળ વિશે પૂ. શ્રી જણાવે છે કે શરીરના સર્વ ભાગમાં નિરંતર જાણે અમૃત વરસાવતી હોય તેમ અભીષ્ટ (મનોવાંછિત) કાર્યને સૂચવવાવાળી ડાબી નાડીને અમૃતમય માનેલી છે. તેમજ વહન થતી જમણી નાડી અનિષ્ટ સૂચન કરવાવાળી અને કાર્યનો નાશ કરવાવાળી છે, તથા સુષુમણા નાડી અષ્ટ મહાસિદ્ધિ તથા મોક્ષ ફળ પ્રાપ્તિના કારણરૂપ છે. સુષુમણા નાડી મંદ ગતિએ ચાલે છે અને આ સમયે ધ્યાન ધરવાથી એકાગ્રતા આવે છે. તેનાથી ધારણા-સંયમ અને સમાધિ પણ પ્રાપ્ત થાય છે.

નાડીના ઉદય વિશે જોઈએ તો અજવાળા પક્ષમાં એકમને દિવસે ચંદ્ર નાડીનો પ્રભાતના સમયે ઉદય અને કૃષ્ણપક્ષ (અંધારા)માં સૂર્યોદય સમયે સૂર્ય નાડીનો ઉદય શ્રેષ્ઠ ગણાય છે.

જીવનમાં પ્રગતિ અને લાભ માટે ડાબો સ્વર શુભ ગણાય છે. નૂતન જિનાલયની સ્થાપના, જિન મંદિરનો કળશ-ધ્વજાદંડા-રોપણ, પૌષધ શાળાની સ્થાપના, માળારોપણ ક્રિયા, દીક્ષા, મંત્ર સાધના, ગૃહ-નગર પ્રવેશ, વસ્ત્રાભૂષણ ધારણ કરવાં, સોનાના દાગીના બનાવવા, રાજગાદી પર બેસવું, માંદગીમાં દવા વાપરવી, યોગાભ્યાસ કરવો વગેરે ડાબા સ્વરમાં સફળતા અપાવે છે.

જમણા સ્વરમાં વિષય સેવન, યુદ્ધ, ભોજન, મંત્ર સાધના-જાપ કરવો, શાંતિજળ છાંટવું, વેપાર-ધંધો સટ્ટો કરવો, સમુદ્રની મુસાફરી, પ્રાણીઓની ખરીદી, કર્જ દેવું કરવું કે લેવું વગેરે જમણા સ્વરમાં શ્રેષ્ઠ ગણાય છે.

સ્થિર-સ્થાયી કાર્યો માટે ચંદ્ર સ્વર-નાડી શુભ ગણાય છે. ઉતાવળ કે ઝડપથી કાર્યો કરવા માટે સૂર્ય સ્વર-નાડી શુભ ગણાય છે. સુષુમણા નાડી ચાલતી હોય ત્યારે કોઈ કાર્ય કરવું નહિ પણ ઈષ્ટ દેવનું સ્મરણ કરવું. સ્વરને આધારે પ્રશ્નનો જવાબ હા કે ના

માં આપી શકાય છે. પ્રશ્ન પૂછનાર વ્યક્તિ ઉત્તર આપનાર વ્યક્તિનો જે સ્વર ચાલતો હોય તે દિશામાં પ્રશ્નકર્તા હોય તો કાર્ય સિદ્ધ થશે. તેથી વિપરીત હોય તો કાર્ય સિદ્ધિ થાય નહિ. ચંદ્ર સ્વરમાં પૂર્વ અને ઉત્તર દિશામાં પ્રયાણ કરવું નહિ. સૂર્ય સ્વરમાં પશ્ચિમ અને દક્ષિણ દિશામાં પ્રયાણ કરવું નહિ. રાત્રિના સમયમાં ડાબો સ્વર અને દિવસના સમયમાં જમણો સ્વર ચાલે તો શુભ ગણાય છે. સવારે ઉઠતી વખતે જે સ્વર ચાલતો હોય તે પગ પ્રથમ ભૂમિ પર મૂકવો અને ત્યાર પછી આગળ જવું. ગરમી વખતે સૂર્ય સ્વર બંધ કરવાથી તથા ઠંડી વખતે ચંદ્ર સ્વર બંધ કરવાથી રક્ષણ થાય છે. આખા દિવસમાં એક કલાક ચંદ્ર સ્વર ચાલવો જ જોઈએ. જે વ્યક્તિનો ત્રણ દિવસ-રાત સૂર્ય સ્વર ચાલે તો એક વર્ષમાં અવસાન થાય છે. જો એક મહિના સુધી સૂર્ય સ્વર ચાલે તો બે દિવસમાં અવસાન થાય છે.

દરેક સ્વરમાં પાંચ તત્ત્વો અનુક્રમે ચાલે છે, અગ્નિ, વાયુ, પૃથ્વી, જળ, આકાશ.

કોઈ એક સ્વર ચાલતો હોય ત્યારે કાર્ય કરવું જોઈએ.

સ્વરવિદ્યાથી જીવનમાં કાર્ય સિદ્ધિ, પ્રશ્નોત્તર, માંદગી, જીવનમાં આવતાં સુખદુઃખ, રોગ નિવારણ, શાંતિ, સમતા, સમાધિ વગેરેનો સ્વયં અનુભવ થાય છે. આ વિદ્યાનો અભ્યાસ જીવનમાં શાંતિ આપે છે અને આત્મસાધના માટે ધ્યાન-એકાગ્રતા સાધવામાં માર્ગદર્શક બને છે. માત્ર યોગીઓ, સાધુઓ માટે જ આ વિદ્યા નથી. ગૃહસ્થો પણ તેનો અભ્યાસ કરીને માનવ જન્મ સફળ કરવા માટે ઉપયોગી નીવડે છે. યોગશાસ્ત્ર પ્રકાશ-૫, ચિદાનંદજી કૃત પદ્યાવલીમાં વિષયની વિસ્તૃત માહિતી છે તેનો અભ્યાસ કરવાથી આ લેખની પ્રાથમિક ભૂમિકા સૌ કોઈને માર્ગદર્શક બને તેવી છે. સ્વરવિદ્યા એ આત્મસિદ્ધિ માટેની વિદ્યા છે એમ જાણીને તેનો અભ્યાસ કરવાથી આ કળિ કાળમાં આધ્યાત્મિક વિકાસ કરી શકાય છે. ✱✱✱

૧૦૩-સી બિલ્ડીંગ, જીવનજ્યોત એપાર્ટમેન્ટ,
વખારીયા બંદર રોડ, બીલીમોરા-૩૯૬૩૨૧.

# ઉપદેશ-શૈલી

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

શૈલી એટલે રીત (Style). શીલ તેવી શૈલી એમ કહેવાય છે. અંગ્રેજીમાં પણ Style is Man એ ઉક્તિ જાણીતી છે. સંસ્કૃતમાં એક કથન છેઃ યથા મુચ્યતિ વાક્ય બાણમ્ તથા જાતિ કુલ પ્રમાણમ્' બોલનારની ભાષા પરથી જાતિ ને કુલનું પ્રમાણ-માપ-મળી જાય. ભજનની નીચે નરસિંહ, મીરાં, અખો, દયારામ, તુલસી, કબીર, સુરદાસના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હોય તો પણ એની કથન રીતિ, પદાવલિ ને અભિવ્યક્તિની અદા પરથી એના કર્તાની જાણ થઈ જાય. સુબલક્ષ્મી, લતા, સેહગલ, પંકજ મલિક, કે.સી.ડે, રફી, મૂકેશ, તલત મહેમુદ એમના કંઠ પરથી જ પરખાઈ જાય. ભલેને એ પડદા પાછળ ગાતા હોય! ગાંધીજી, સ્વામી આનંદ ને પ્રો. બલવંતરાય ઠાકોરની ગદ્ય શૈલી જ એમના કતૃત્વની પિછાન આપી જાય. ઉપદેશકની શૈલી પણ નોખી પડી જતી હોય છે. એમની ઉપમાઓ-અલંકારો, દૃષ્ટાંતો વિશિષ્ટ પ્રકારનાં હોય છે.

જીવન-મરણની ઘટના અતિ ગૂઢ ને રહસ્યમય છે. જીવ, જગત ને માયાના ચક્રાવામાંથી કોઈપણ મુક્ત નથી. બ્રહ્મ શું, માયા શું, આત્મા શું...એ બધાનો સંબંધ શો? આ બધા પ્રશ્નો સમજાવવા ને સમજવા સહેલા નથી પણ ભારતીય ધર્મોપદેશકોએ ઉચિત દૃષ્ટાંતો દ્વારા એને હસ્તામલકવત કરી દીધા છે.

આપણા કોઈપણ સ્વજન કે સ્નેહીજનનું મૃત્યુ થાય છે એટલે આપણે સંસારની અસારતા, શરીરની નશ્વરતા ને આત્માની અમરતાની વાતો લખી આત્મીયજનને આશ્વાસન આપીએ છીએ પણ જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણે અર્જુનને ઉપદેશ આપતાં જે દૃષ્ટાંત આપ્યું છે તે સર્વજનીન ને સર્વકાલીન ને પ્રત્યેકના અનુભવને ઉજાગર કરનારું છે:-

વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહણાતિ નરોડપરાણિ'
તથા શરીરાણિ વિહાય જીર્ણાનન્યાનિ સંયાતિ નવાનિ દેહી

(અધ્યાય-૨, શ્લોક-૨૨)

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે...અગર તું શરીરના વિયોગનો શોક કરતો હોય તો તે ઉચિત નથી, કેમ જે મનુષ્યો જેમ જીર્ણ વસ્ત્રો ત્યજી દઈને નવાં ધારણ કરે છે તેમ જ આ જીવાત્મા પુરાણા શરીરનો ત્યાગ કરીને નવું શરીર ધારણ કરે છે, અને અમર આત્માને તો શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, જલ પલાળી શકતું નથી ને વાયુ સૂકવી શકતો નથી. આમ દેહ અને દેહી-બંને દૃષ્ટિએ શોક કરવો વ્યર્થ છે.

વિશ્વની ઉત્પત્તિથી તે અત્યાર સુધીના કાળમાં કોઈએ સાકારરૂપે પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો નથી પણ એની એકતા અને અનેકતાને સમજાવવા ને સ્પષ્ટ કરવા વિશ્વના વિવિધ મહાન પદાર્થોમાં એની વિભૂતિની અભિવ્યક્તિ જે સ્વરૂપે થઈ છે તેનો ખ્યાલ ઋગ્વેદસંહિતામાં આ રીતે આપ્યો છે:- 'ચન્દ્રમા મનમાંથી, સૂર્ય નેત્રમાંથી, ઈન્દ્ર-અગ્નિ મુખમાંથી, વાયુ પ્રાણમાંથી, અંતરિક્ષ નાભિમાંથી, દ્યૌ-(આકાશ) મસ્તકમાંથી, પૃથ્વી પગમાંથી ને દિશાઓ કાનમાંથી ઉત્પન્ન થયાં એવી કલ્પના કરી છે.

'પુરુષસૂક્ત'માં ચાતુર્વર્ણ્યની ઉત્પત્તિની કલ્પના આ પ્રમાણે

છેઃ 'બ્રાહ્મણ એનું (વિરાટ પુરુષનું) મુખ હતો, ક્ષત્રિય એના હાથ બનાવવામાં આવ્યા, વૈશ્ય એના ઊરૂ (જંઘા) અને પગમાંથી શુદ્ર ઉત્પન્ન થયો. પ્રત્યેક વ્યક્તિમાં આ ચારેય વર્ણો છે. બુદ્ધિથી કામ કરે (મસ્તક દ્વારા) તે બ્રાહ્મણ, બાહુ દ્વારા રક્ષણ કરે તે ક્ષત્રિય, વિત્ત ને વૈભવ ઉત્પન્ન કરે તે વૈશ્ય ને પગ દ્વારા સેવા કરે તે શુદ્ર. ઘણીવાર, ગાંધીજી જેવી વિરલ વિભૂતિમાં આ ચારેય વર્ણોનો સમન્વય ને ઉત્કર્ષ થયેલો જોવા મળે છે; પણ વિરાટ પુરુષની વિભૂતિને જે રીતે વ્યક્ત કરી છે તે સચોટ ને મૂર્ત છે. આ પ્રાચીન મનીષિઓ કેવાં કેવાં પ્રતીકો દ્વારા કામ લે છે!

જીવ-શિવનું સાયુજ્ય ને સાલોક્ય શી રીતે સમજાવી શકાય? જીવાત્મા-પરમાત્માનાં વ્યાવર્તક લક્ષણો ગમે તેટલી સૂક્ષ્મતાથી સમજાવો પણ અસ્પષ્ટ ને અમૂર્ત રહેવાનાં પણ આપણા અધ્યાત્મ-ઉપદેશક-ઋષિએ આપણી તપોવન-સંસ્કૃતિનાં બે પક્ષી-પ્રતીકો દ્વારા એ ગહન તત્ત્વને સરળતાથી સમજાવ્યું છેઃ-

'દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં પરિષસ્વજાતે।
તપોરન્યઃ પિપ્પલં સ્વાદ્વત્ત્યનશ્નન્નન્યોઽભિચાકશીતિ ।।

'બે સુંદર પક્ષી એક સાથે એક વૃક્ષ પર વાસ કરે છે. એમાંનું એક સ્વાદુ પિપ્પલનું ભક્ષણ કરે છે, બીજું ખાધા વિના એને જોઈ રહ્યું છે.' આ બંને પક્ષીઓ સુપર્ણા ને સયુજા છે, સખા પણ છે, એક જ વૃક્ષ પર, પાંખ સાથે પાંખ જોડીને બેઠાં હોવા છતાં એક (જીવાત્મા) ભોક્તા છે, જ્યારે બીજું (પરમાત્મા) સાક્ષી છે. 'એક ચંચલ, બીજું સ્તબ્ધ.' કવિવર રવીન્દ્રનાથ ટોગોર લખે છે : 'બે નાનાં પંખી કેવાં સ્પષ્ટ રૂપે ગોચર બની રહે છે, એ કેવાં સુંદર લાગે છે. એમનામાં નિત્ય પરિચયની કેવી નરી સરળતા રહી હોય છે! તેને કોઈ મોટી ઉપમા વડે આવી રીતે રજૂ કરી શકાયું ન હોત. ઉપમા ક્ષુદ્ર બની જઈને જ સત્યને બૃહત્ બનાવીને પ્રકટ કરે છે. બૃહત્ સત્યદ્રષ્ટાનું નિશ્ચિત સાહસ ક્ષુદ્ર સરલ ઉપમાથી જ યથાર્થ ભાવે વ્યક્ત થયું છે.'

આ બે પક્ષીની વાતે કેટલાં બધાં અર્થઘટનો સરજ્યાં છે! વિવેકાનંદને મતે 'એક જ વૃક્ષ ઉપર બે પક્ષીઓ બેઠાં છે. એક જરા ઊંચે છે, બીજું નીચે. ઉંચેવાળું શાંક, મૂગુ ને ભવ્ય છે...પોતાના જ મહિમામાં મગ્ન, નીચેવાળું વારાફરતી કડવાં મીઠાં ફળ ખાય છે ને શાખા ઉપર કૂદે છે. પેલું સુવર્ણના પીંછાવાળું અદ્ભુત પક્ષી કડવાં મીઠાં ફળ ખાતું નથી. સુખ-દુઃખનો અનુભવ કરતું નથી. તે આત્મસ્થ છે. આત્મા સિવાય બીજું કંઈ જોતું નથી. નીચેવાળું પક્ષી અવારનવારના પ્રયાસ પછી પેલા સુંદર પક્ષીની નજીક આવી જાય છે. ત્યારે તે પોતાના શરીર ઉપર પેલાનાં પીછાંમાંથી નીકળતો પ્રકાશ દેખે છે. પોતામાં પરિવર્તન થતું લાગે છે. સુવર્ણપંખીની એકદમ નજીક આવતાં તે અદ્ભુત પરિવર્તન સમજી શકે છે. આમાંથી સ્વામી વિવેકાનંદ બોધ તારવે છે. નીચેનું પક્ષી જાણે કે ઊંચે બેઠેલા પક્ષીનો સાચો દેખાતો પડછાયો, તેનું પ્રતિબિંબ હતું. વસ્તુતઃ તે પોતે જ બધો વખત ઉપર બેઠેલું પક્ષી જ હતું. કડવાં મીઠાં ફળ ખાતું આ નીચેનું નાનું પક્ષી વારાફરતી રડતું ને સુખી થતું તે માત્ર મિથ્યા ભ્રમણા હતી. શાંત અને સ્વસ્થ, ભવ્ય ને ગૌરવભર્યું, શોક-દુઃખથી પર. ઉપરનું પક્ષી તે ઈશ્વર,-આ જગતનો પ્રભુ છે. નીચેનું પક્ષી તે માનવ આત્મા છે કે જે દુનિયાનાં કડવાં મીઠાં ફળ ખાય છે, વારંવાર આત્મા ઉપર ભારે પ્રહાર પડે છે. થોડો વખત તે ખાતો અટકી જાય છે, એ અજ્ઞાત ઈશ્વર તરફ વળે છે. એને તેજનો પુંજ દેખાય છે.'

જીવનની અકળતાને અને મૃત્યુની ગહનતાને કોણ પામી કે તાગી શક્યું છે? મૃત્યુ પર હજ્જારો કાવ્યો, લેખો લખાયા હશે પણ એની અનિર્વચનીયતાની ભગવાન બુદ્ધે કિસા ગોતમીના કિસ્સા દ્વારા જે સર્વજન ને સર્વકાલ કાજે સમજણ આપી છે તે કેટલી બધી સાદી, સાચી, સચોટ શામક ને સર્વ સ્વીકાર્ય છે! ધર્મોપદેશકની ઉપદેશ-શૈલીનો આ અદ્ભુત નમૂનો છે. આવી જ દૃષ્ટાંત-પદ્ધતિ ભગવાન મહાવીરની છે. કર્મની વાત કરતાં તેઓ કહે છેઃ 'અજ્ઞાન જીવ પોતાના જ કર્મે કરી નીચે ને નીચે જાય છે-જેમ કૂવો ખોદનાર નીચે ઉતરતો જાય છે તેમ-અને જે જીવ શુદ્ધ અન્તઃકરણવાળો છે તે પોતાના કર્મે કરી ઊંચે ને ઊંચે જાય છે-જેમ મહેલ બાંધનાર ઊંચે ચઢતો જાય છે તેમ'. કર્મો સંબંધે મહાભારતમાં પણ આવાં દૃષ્ટાંતો આવે છે. દા. ત. : આ સંસારમાં મનુષ્યે કરેલાં કર્મો તે મનુષ્યની પાછળ પાછળ જાય છે અને જેવાં કર્મ કર્યા હોય તેવાં કર્મથી જોડાઈને એ બીજો જન્મ ગ્રહણ કરે છે. કર્મ સંબંધે દૃષ્ટાંત આપતાં અન્યત્ર કહે છેઃ 'જેમ હજ્જારો ગાયોના ધણમાં વત્સ-વાછરડું પોતાની માતાને શોધી કાઢે છે તેમ કર્મો એના કર્તારનો પીછો પકડે છે. કેટલીક વાર આવી ગહન વાતો રૂપક દ્વારા સમજાવવામાં આવે છે. દા. ત. 'શંકરાચાર્ય કૃત સ્તોત્રાદિક'માંઃ- 'શરીર એ જ કાશીક્ષેત્ર છે અને જ્ઞાનરૂપી ત્રિભુવનમાતા સર્વવ્યાપક ગંગા છે. ભક્તિ અને શ્રદ્ધા એ ગયા (તીર્થ) છે અને પોતાના ગુરુના ચરણનું ધ્યાન કરવું એ રૂપી જે યોગ તે જ પ્રયાગ છે. સ્થૂલ, સૂક્ષ્મ અને કારણદેહ, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિની અવસ્થા, ઈત્યાદિ સર્વ ત્રિપુટીઓની પર જે સર્વ પ્રાણીઓનાં અંતઃકરણનો સાક્ષી અન્તરાત્મા છે એ જ કાશી-વિશ્વેશ્વર છે. એ સઘળું મારા દેહમાં જ રહે છે તો પછી બીજું તીર્થ કયું છે? કયા હિંદુને કાશી, ગંગા, ગયા, પ્રયાગ, કાશી-વિશ્વેશ્વરની જાણ નહીં હોય? આ અભિજ્ઞાનને કારણે રૂપકશૈલી ગ્રાહ્ય ને પ્રાસાદિક બની છે.

દૃષ્ટાંત-પદ્ધતિના ઉપદેશમાં જીસસ ક્રાઈસ્ટ, ભગવાન બુદ્ધથી ઉતરે તેવા નથી. 'ધરતીની આરતી'માં સ્વામી આનંદે એમની

વિશિષ્ટ શૈલીમાં 'ઈની કૂખે પર્થમી પાકી' એ એક પતિતાને ઈંટાળી કરવાની કથા કે 'રામનો ખેડૂ' કે 'વારતા છેલ છોગાવાળાની' આનાં કેટલાંક દૃષ્ટાંત છે પણ એમની હિમ જેવી બાળી નાખતી બોધ-વાણી તો, 'ગિરિ-પ્રવચનો', (સર્મન્સ ઓન ધ માઉન્ટ) જેને સ્વામી આનંદ 'ટીંબાનો ઉપદેશ' કહે છે, ત્યાં ભરપટે જોવા મળે છે. થોડાંક અવતરણ: 'સંતો! મનકાયાથી નિરમળ રે'જો. આંખ્ય કાયાનો દીવો છે. ઈ એંઠી થાય તે દિ' ઈને ફોડજો. કાંડુ કનડે તો કલમ કરજો.' 'હે અંતરજામી! તું ઘટડે ઘટડે જાગતી જોત્ય બેઠી છે. તું અમને માંયલા વેરીના માર્યા ગોથું ખાવા દેજે માં. અમને ભીની ભોં ઉપર લપટવા દેજે માં.' 'ભાયું મારા! ઠાકરનાં નૈવેદ કૂતરાંવને નીરજો માં—ને ભૂંડના મોઢા આગળ મોતીના ચોક પૂરજો માં. એવાં ઈ તો તી પર હમચી ખૂંદશે ને સંધો ઉકરડો કરી મેલીને સામાં મારવા આવશે.' 'ભાય મારા! તારી આંખ્યમાં આડસર પડ્યું છે ઈ જોવું મેલી સામાની આંખ્યનું કણું જોવા હાલજે માં, પરથમ પેલું તારી આંખ્ય માંયલુ આડસર કાઢજે, અટલેં પછેં તારા પડોશીની આંખ્યનું કણું કાઢવાનો કીમિયો તને જડી જશે.'

'સંતો ! થોરેં કેલાં પાંકે નઈં ને બોરડીની ડાળ્યેં આંબામોર આવે નઈ, ઈ તો આંબે કેરી ને કૌવચને કૌવચી, માટ્યેં તમે ફળ દેખીને વેલો ઓળખજો.'

'સંતો ! આટલી વાત નિશ્ચે કરીને માનજો કે સોયના નાકાની માંયલી કોર્યથી સાંઢિયો હાલ્યો જાય ઈ ભલેં, પણ મારા રામધણીને દુવાર લખમીવંતાને ઊભવા મળવું દોયલું છે.'

કવચિત્ સમસ્યા-પ્રધાન પ્રશ્નોત્તરી દ્વારા ધર્મ-બોધ કરવામાં આવે છે. જૈન ધર્મના કેટલાક સામાન્ય સિદ્ધાંતો વિષે કેશીએ ગૌતમને પ્રશ્નો પૂછ્યા તેમાંનો એક આવો સમસ્યાપ્રધાન પ્રશ્ન હતો: 'હે ગૌતમ! હજારો શત્રુઓ તમારા ઉપર હલ્લો કરી રહ્યા છે. તેમને તમો શી રીત જીતો છો? ઉત્તરમાં ગૌતમ બોલ્યા: 'એકને જીત્યાથી પાંચ જીતું છું, પાંચને જીત્યાથી દશને જીતું છું અને દશને જીતવાથી સર્વને જીતું છું'... આ સમસ્યાનો સ્ફોટ કરતા જણાવ્યું: 'આત્માને જીત્યો નહીં તો એ એક શત્રુ છે. એને જીતવાથી એ આત્મા ઉપરાંત બીજા ચાર શત્રુ-ક્રોધ, માન (અભિમાન) માયા (કપટ) અને લોભ-એ ચાર કષાય (આત્માને હણનાર મલિન ભાવ) જિતાય છે. એ પાંચ જિતાયા એટલે બીજી પાંચ ઈન્દ્રિયો મળી દશે શત્રુ જિતાયા-અને એ દશ જિતાયા-એટલે સઘળા જિતાયા.'

પરમાત્મ-સ્વરૂપ અતિ સૂક્ષ્મ છે. ઉપનિષદોમાં એનું ગંભીર તત્ત્વજ્ઞાન નિરૂપાયું છે. સચરાચરમાં વ્યાપ્ત એ પરમ તત્ત્વનું, શ્વેતકેતુ-આખ્યાયિકા દ્વારા નિરૂપણ કરવામાં આવ્યું છે. એ નિરૂપણ કેટલું બધું સારું, સરળ, રોચક, સચોટ ને મૂર્ત છે! બ્રહ્મતત્ત્વ સર્વ વસ્તુઓમાં સૂક્ષ્મ સ્વરૂપે નિહિત છે તે સમજાવવા શ્વેતકેતુને એનો પિતા ઝાડ પાસે લઈ જાય છે ને મૂળિયાથી ટોચ સુધી ઘા કરી એમાં રહેલા રસ-જીવન-તત્ત્વની પ્રતીતિ કરાવે છે. એ રસ સૂકાઈ જતાં ઝાડ સૂકાઈ જાય-મરી જાય. રસ એનો આત્મા છે ને પદાર્થોમાં સૂક્ષ્મ સ્વરૂપે નિહિત છે. એ પછી પિતા વડનો ટેટો મંગાવે છે. ભાંગતાં એમાં ઝીણા દાણા દેખાય છે. એ ઝીણા દાણા ભાંગતાં એમાં કશું દેખાયું નહીં, ત્યારે શ્વેતકેતુના પિતાએ સમજાવ્યું, 'કાંઈ દેખાતું નથી એમાં જ આખું વડનું ઝાડ સમાવિષ્ટ છે. તે પ્રમાણે, સૂક્ષ્મ તત્ત્વરૂપે સર્વમાં બ્રહ્મ રહેલો છે. સર્વનો એ આત્મા છે, એ સત્ય છે, એ આત્મા તે તું પોતે છે.' આ પછી પિતા શ્વેતકેતુને મીઠાનો કકડો પાણીમાં નાખવાનું કહે છે. પુત્ર એ પ્રમાણે કરે છે એટલે પિતા એને પેલો મીઠાનો ગાંગડો લાવવાનું કહે છે. પણ એ તો પાણીમાં ઓગળી ગયો હોય છે. પિતા, ઉપરથી મધ્યથી તળિયેથી પાણી લાવી ચાખવાનું કહે છે. બધું જ પાણી ખારું હોય છે. એટલે પિતા બોધ આપે છે: 'જો, આ પાણીના બિંદુએ બિંદુમાં મીઠું ભળેલું છે, પણ તે દેખાતું નથી, છતાં છે ખારું. તે જ પ્રમાણે બ્રહ્મ સર્વ વસ્તુઓના આદિ, મધ્ય અને અન્તમાં રહેલું છે, જો કે સૂક્ષ્મ હોવાથી જણાતું નથી. આ સર્વનો એ આત્મા છે, એ સત્ય છે; એ આત્મા તે તું પોતે છે.'

લગભગ સાડા છ દાયકા પૂર્વે મેં ભક્ત કવિ દયારામભાઈનો 'રસિક વલ્લભ' ગ્રંથ વાંચેલો, જેમાં પુષ્ટિમાર્ગનું કાવ્યાત્મક પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એમાં એક દૃષ્ટાંત એવું આપવામાં આવ્યું છે કે જે પુષ્ટ જીવો પરમાત્મારૂપી ખીલડાની સમીપ રહે છે તે રક્ષાય છે, જ્યારે જે ઘંટીમાં ઓરાય છે તે પીસાઈ જાય છે. આ જ ઘંટી ખીલડાનું દૃષ્ટાંત કબીરની કવિતામાં પણ છે. આ દૃષ્ટાંતનો વ્યાપ કેટલો મોટો છે! આવું જ એક દૃષ્ટાંત, સંભવ છે કે વિનોબા ભાવેના કોઈ લેખમાં વાંચ્યાનું ઝાંખું સ્મરણ છે-જેમાં તેમણે જગતના માનવોને ત્રણ વર્ગમાં વહેંચ્યા છે. એક મીઠાની પૂતળી જેવા, બીજા વસ્ત્રસજ્જ લાકડાની પૂતળી જેવા ને ત્રીજા પથ્થરની પૂતળી જેવા. પ્રથમ ઓગળી એકરસ-સમરસ થનાર, બીજા ભીંજાઈને કોરાકટ થનાર ને ત્રીજા ન ભીંજાય કે ન ઓગળે. અધ્યાત્મની બાબતમાં પણ પ્રભુમય થનાર, ઉપર ઉપરથી ભીના થનાર અને ત્રીજા કોરા કટ!

અમૂર્ત વસ્તુને મૂર્ત કરવામાં ગહનમાં ગહન વિષયને સરલ બનાવવામાં આપણા પ્રાચીન મનીષિઓ અને ધર્મગોપ્તાઓએ આ પ્રકારની ઉપદેશ-શૈલીનો આશ્રય લઈ પ્રજાના હૃદય પર અધિકાર જમાવ્યો છે. કોઈ પણ દેશકાળમાં એનો સફળ વિનિયોગ થઈ શકે છે. મુખ્ય વસ્તુ તો જે તે વિષયનું પ્રભુત્વ છે.

✱✱✱

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૭.

# સંતોષ : મનની આંખે, હૃદયની પાંખે

❑ પન્નાલાલ છેડા

મનની પ્રતિકૂળતા અસંતોષને જન્મ આપે છે, અનુકૂળતા સંતોષને. માણસ સામાજિક સંસ્કારોની ભીડ વચ્ચે જીવે છે. પોતાની આસપાસ વસતા લોકો સુખી છે જ્યારે પોતે આ સુખથી છેટે છે એવી ભ્રાંતિ એને સતત પીડ્યા કરતી હોય છે; પરિણામે પોતાના સુખમાં ઊણપ અનુભવે છે. બીજાઓનું સુખ એને કોરી ખાય છે તેથી પોતાનું સુખ માણી શકતો નથી. પ્રાપ્ત થતી અનુકૂળતામાં ય અસંતોષની લાગણીઓ અનુભવે છે. પોતાના સંતોષ અને અસંતોષની લાગણીઓને અન્ય જનોની સ્થૂળ પ્રવૃત્તિઓ પર નિર્ભર રાખી જીવન વ્યતીત કરનાર વ્યક્તિઓ પર નકારાત્મક લાગણીઓ સવાર થતી હોય છે.

અસંતોષથી જીવનમાં સંઘર્ષ પેદા થાય છે. વાદવિવાદોથી ઘેરાયેલું મન સદાય કુંઠિત રહેતું હોય છે. આવી વ્યક્તિઓમાં સંતોષ અને સફળતાની લાગણી ક્યારેય સ્થાયીભાવ તરીકે રહેતી નથી. શોક, ક્રોધ, ભય, નિંદા આદિ અનેક વિપરીત ભાવોને કારણે તેનો સ્થાયીભાવ ખોરવાઈ જાય છે.

'સંતોષી નર સદા સુખી' એ સૂત્રની પાછળ મનનો ઊંડો ભાવ છૂપાયેલો છે. વિચાર જગત અને ભાવ જગત વચ્ચે રહેલી અસમાનતા, વ્યવહાર અને આદર્શ વચ્ચેની ગડમથલની સ્થિતિને ટાળવા બુદ્ધિ અને લાગણીને સાક્ષી ભાવમાં સ્થિર કરવી પડે, તટસ્થતા અનુભવવી પડે. જે ભાવ આપણે શબ્દો દ્વારા પ્રગટ નથી કરી શકતા, કોઈને સમજાવી નથી શકતા, માત્ર વ્યવહારની સપાટી પર ખળભળાટ અનુભવીએ છીએ, અસ્પષ્ટ તરંગો સાથે તાલમેળ અનુભવીએ છીએ એમાં વિચારોની સ્પષ્ટતાનો અને પારદર્શિતાનો અભાવ હોય છે. ઘડીભરમાં સંતોષનો મુખવટો હટી જતાં ચહેરા પર અસંતુષ્ટતાની લાગણીઓ ચાડી ખાતી હોય છે.

વિચારો એ મનની ભાષા છે, ભાવો હૃદયની. દૈનિક જીવનમાં પોતાને અનુકૂળ થાય તેવા પ્રતિસાદની અપેક્ષા સાથે વ્યવહાર કુશળ માનવી અપેક્ષિત કાર્યોને પરિપૂર્ણ કરવા હામ ભીડે છે ત્યારે પણ, તેના મનના ઊંડા ખૂણે અસંતોષની લાગણીઓ આકાર લેતી હોય છે. તેની ફરતે શંકાઓનું ગૂંચડું સળવળતું હોય છે. શ્રદ્ધાની વાટને સંકોરવાનું તેનું ગજું હોતું નથી. અને બને છે પણ તેવું જ. ચેતનાની ક્ષણોને તેનું અસ્તિત્વ સ્વીકારી શકતું નથી. અવિશ્વાસના ખભા પર બેસી જતું તેનું વ્યક્તિત્વ સંતોષ અને અસંતોષ વચ્ચેની પાતળી ભેદરેખાને પામી શકતું નથી. અંતે મનની ભીતરમાં રહેલું અસંતોષનું આગળીયું મનના કમાડને અંદરથી મુસ્કેટાટ વાસી દે છે.

શાસ્ત્રો કહે છે: 'मन एवम् मनुष्याणं कारणं बन्ध मोक्षयो ।' મન એ જ મનુષ્યોના બંધ અને મોક્ષનું કારણ છે. આપણું મન સામાજિક સંસ્કારો દ્વારા પ્રશિક્ષિત છે એટલે મન અને શરીરના સ્તરે એમાં સ્પર્ધા અને પ્રતિસ્પર્ધાનો ભાવ છૂપાયેલો હોય છે. ભાવોની કુમાશ સ્પર્શે તે પહેલા એને મનની લાગણીઓ આળી બનાવી નાખે છે. મન અને હૃદય વચ્ચે તુમુલ યુદ્ધ જામતું હોય છે. સારા કે નરસાનો ભેદ ભૂલી મન એવા કળણમાં સરી જાય છે જ્યાંથી ઊંચું ઊઠી શકવા અસંભવ બને છે. આંખ પર બાંધેલાં શંકાના પડળ ધૃતરાષ્ટ્રની આંખે જોવા પ્રેરે છે.

ધન, સંપત્તિ, પદ, પ્રભાવ અને યશની લાલસા મનુષ્યના અસંતોષનું મૂળ છે. સફળતાથી જીવનમાં સંતોષ આવવો જોઈએ, સંતોષ સફળતાનો માપદંડ બનવો જોઈએ, મન અને હૃદય વચ્ચેનો સંવાદ પારમાર્થિક બનવો જોઈએ. જેનો શિવભાવ લાગણીઓને સ્પર્શે, મનના શુભ ભાવોને ઉર્ધ્વગામી બનાવે, સત્ય અને સૌંદર્યથી લસલસતું રાખે, વિધાયકતાનું પાત્ર બને.

कस्तूरी कुंडळि बसे और मृग ढूंढे वन मांहि, માણસની સ્થિતિ પણ તેવી થઈ છે. અંદર પડેલું સુખ માણસ અનુભવી શકતો નથી, સુખને માટે ફાંફા મારે છે. બાહ્ય સુખની અપેક્ષામાં માણસ ગાંગો થઈને ફરે છે. નાની નાની સ્પૃહાઓનો ગુલામ થઈ બેઠેલી વ્યક્તિ સુખના મૃગજળ પાછળ દોડે છે. જ્યારે સંતોષી વ્યક્તિ પ્રત્યેક ક્ષણે જીવનના સાચા સામાયિકનો આવિર્ભાવ પામી પોતાના તેમજ સહયોગી વ્યક્તિઓના જીવનમાં પ્રકાશના દિવડાને ઝળહળતો રાખે છે.

સુખ અને દુ:ખ, સંતોષ અને અસંતોષ, ભાવ જગતની આ તમામ વૃત્તિઓ, લાગણીઓ પરત્વે અંતરાત્માના અવાજની ઉપેક્ષા કરનાર સંજોગોનો ગુલામ બને, વિચારોને પોતાના બીબામાં ઢાળવાને બદલે બીજાને અનુરૂપ પોતાની જાતને ઢાળનાર હંમેશાં સંતોષથી વેંત છેટે રહેશે, તણાવ અનુભવશે, જીવનમૂલ્યોથી દૂર જતો રહેશે. વૈચારિક, પ્રામાણિકતા દ્વારા જ સફળતા અને સંતોષ પોતાના બની રહે છે.

ઘણીવાર એવું બને છે; હૃદય અને બુદ્ધિ વચ્ચે ઘર્ષણ થાય ત્યારે વ્યક્તિનું ધ્યાન પોતાના પર કેન્દ્રિત થવાને બદલે અન્યો ભણી જાય છે. પોતાનાથી દૂર જવું એટલે અસંતોષની નજીક જવું. જેમ જેમ આકૃતિ સમીપ આવે તેમ તેમ મન અસંતોષથી ભરાઈ જાય. સંવેદનાઓ અને ભાવનાઓનું નિરીક્ષણ અને પરીક્ષણ બુદ્ધિના તત્ત્વથી છેટું થતું જાય. બીજાઓ પર નિર્ભર રહેતું મન જ્યાં સુધી દિશા ન બદલી શકે ત્યાં સુધી સ્વયંને ન પારખી શકે, મનની માંગણીઓ સામે ઝૂકી જાય, સમતોલપણું ચૂકી જાય ત્યાં સુધી મન આવા અસંતોષથી ભરાઈ રહેશે. એકમાત્ર તટસ્થતા જ લાગણીઓના પૂરને ખાળી શકે અને સંતોષ તરફ જવાનો માર્ગ કરી આપે.

જરૂર છે, અજવાળામાં ખુલ્લી રહેલી આંખ અંધારામાં ય શ્રદ્ધાની આંખે, વિશ્વાસની પાંખે આત્માભિમુખ બની રહે. પ્રેમની પરિપૂર્તિ અભિવ્યક્તિમાં છે, શ્રદ્ધાની પરિપૂર્તિ જાગ્રત સમર્પણમાં.

***

૪૦/૪૨, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૩.
મોબાઈલ : ૯૮૨૦૨૮૪૦૪૪

# મોટી સાધુવંદણાના સર્જક પૂ. જયમલજી મહારાજ

❑ ગુણવંત બરવાળિયા

ભારત વર્ષની પવિત્ર ભૂમિએ અનાદિકાળથી, સમયે સમયે (યુગે યુગે) અનેક મહાપુરુષોને અવતરવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

આવાં એક મહાપુરુષ, આચાર્યશ્રી જયમલજી મ. સાહેબ જૈન ઉદ્યાનરૂપ બાગની રક્ષાને માટે રાજસ્થાનના જોધપુર જિલ્લામાં આવેલ મેડતા તાલુકાના લાંબિયા ગામે કામદાર મોહનદાસ મહેતાની સહધર્મિણી (ધર્મપત્ની) મહિમાદેવીની રત્નકુક્ષિએ વિ. સં. ૧૭૬૫, ભાદરવા સુદ ૧૩ના રોજ જન્મ્યા હતા. એમના જન્મ સમયે પિતા મોહનદાસજીએ ભયંકર ડાકુદળ ઉપર ઉલ્લેખનીય વિજય મેળવ્યો હતો, તેથી એ વિજય પ્રાપ્તિના ફળસ્વરૂપે બાળકનું નામ 'જયમલ' રાખવામાં આવ્યું.

જયમલજી બચપણથી બહુમુખી વ્યક્તિત્વના સ્વામી હતા. એમનો ઉત્સાહ તથા કાર્યકુશળતા અદ્‌ભુત હતી. અત્યંત તેજસ્વી પ્રભાવશાળી એમનું વ્યક્તિત્વ કોઈના પર અમિટ છાપ પાડતું હતું. પુણ્યશાળી, મેધાવી (બુદ્ધિમાન) બાળક જયમલજી પ્રાતઃકાળના સૂર્યની જેમ સતત પોતાની બુદ્ધિ શક્તિને વિકસાવતા પ્રગતિ કરી રહ્યા હતા.

બાવીશ વર્ષની વયે, રિયાં નિવાસી કામદાર શિવકરણજી મુથાની સુપુત્રી લક્ષ્મીદેવી, સાથે લગ્ન થયા. આણા તેડવાની તિથિ ચાતુર્માસ પછી નક્કી થયેલ તેથી લક્ષ્મીદેવી પિયરમાં હતાં. જયમલજી મિત્રો સાથે, વ્યાપારના કામ માટે, કારતક સુદ ૧૪ના રોજ મેડતા ગયા હતા. મેડતાની બજારો બંધ જોઈને અને એ બંધનું કારણ, બધા વ્યાપારીઓ આચાર્યશ્રી ભુધરજી મહારાજ સાહેબનું પ્રવચન સાંભળવા ગયા હતા, તેવું જાણીને તેઓ પણ પોતાના મિત્રો સાથે પ્રવચન મંડપે પહોંચી ગયા.

પૂજ્યશ્રી ભૂધરજી મ. સા. શેઠ સુદર્શનનું જીવનવૃત્ત પ્રકાશી રહ્યા હતા. તેઓએ દર્શાવ્યું કે કેવી રીતે કપિલા અને મહારાણી અભયા, પોતાની માયાજાળથી શેઠ સુદર્શનને ભોગવાસનામાં ફસાવવાનો અથાક પ્રયત્ન કરે છે અને કેવી રીતે શેઠ સુદર્શન પોતાના વ્રતમાં અડગ રહે છે ? રાજા દધિવાહને, પરિસ્થિતિને વશ થઈ મજબૂરીથી શેઠને શૂળીની (ફાંસી) સજા કરી અને ધર્મ શીલ તેમજ બ્રહ્મચર્યના પ્રભાવથી શૂળીથી બચી જવાય છે (જાણે શૂળીનું સિંહાસન) એ ઘટનાનું વર્ણન રજૂ કરીને, આચાર્યશ્રીએ બ્રહ્મચર્યના મહત્ત્વ પર પ્રભાવશાળી ઉદ્‌બોધન કર્યું. આ સાંભળીને જયમલજીના હૃદયનું પરિવર્તન થયું. એમણે વિચાર્યું કે આજીવન પૂર્ણ બ્રહ્મચર્યવ્રત પાળવાથી તો આઠ–આઠ કર્મ શૂળીઓ સિદ્ધશિલા રૂપ સિંહાસનમાં બદલાવી શકાય છે. ભરી ધર્મસભામાં તેઓએ ઊભા થઈને, આજીવન બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યો અને એ વ્રતના સુદૃઢ પાલન માટે સંયમી જીવન જીવવાનો, દૃઢ નિશ્ચય કરી લીધો.

જયમલજીના સંયમ સ્વીકારવાના નિર્ણયને જાણીને પિતા મોહનદાસજી, માતા મહિમાદેવી, ભાઈ રિહમલ, પત્ની લક્ષ્મીદેવી તથા સાસુ–સસરા વગેરે બધાં સ્વજનો મેડતા દોડી ગયા. એમણે અનેક રીતે રોકવાના પ્રયત્ન કર્યા, આખરે તેઓ પોતાની વિલક્ષણ બુદ્ધિશક્તિથી બધાનાં વિરોધને સંમતિમાં બદલી શક્યા. હવે તો માત્ર સંયમીજીવન સ્વીકારવામાં બાધક પ્રતિક્રમણ સૂત્ર આવડતું ન હતું તે જ બાકી રહ્યું હતું. એ જાણીને તેઓએ પ્રતિજ્ઞા લીધી કે ,જ્યાં સુધી પ્રતિક્રમણ કંઠસ્થ ન કરી લઉં ત્યાં સુધી બેસીશ નહીં. એમનો આ સંકલ્પ ત્રણ કલાકના થોડા સમયમાં જ પૂરો થઈ ગયો. જેને શીખવામાં, સામાન્ય માણસને ૬–૬ મહિના લાગે છે એ આવશ્યક સૂત્ર (પ્રતિક્રમણ) ફક્ત ત્રણ કલાક (એક પહોર)માં કંઠસ્થકરી લીધું. તત્પશ્ચાત, વિ. સં. ૧૭૮૮ માગસર વદ બીજી, ગુરૂવારે, મેડતા શહેરમાં પૂ. આચાર્યશ્રી ભૂધરજી મહારાજ સાહેબ પાસે જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરી શ્રમણધર્મનું પાલન કરવા લાગ્યા.

શ્રમણ જીવનમાં પગ મૂકતાની સાથે જ તેઓએ એકાંતર (વરસીતપ)ની ઉગ્ર સાધનાની પ્રતિજ્ઞા લીધી અને ૧૬ વર્ષ સુધી એ નિયમનું પાલન કર્યું. ઉપરાંત, પારણામાં પાંચ પર્વતિથિને દિવસે પાંચેય વિગઇનો પણ ત્યાગ કરતા હતા. આ સિવાય, તેઓએ ૧૬ વર્ષ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠ, ૨ વર્ષ સુધી અઠ્ઠમના પારણે અઠ્ઠમ, ૩ વર્ષ સુધી ૫ ઉપવાસને પારણે પાંચ ઉપવાસનું તપ કર્યું. ઉપરાંત ૨૦ માસખમણ, ૧૦ બે માસખમણ, ૪૦ અઠ્ઠાઈ, ૧૦ દિવસની અભિગ્રહ સાથેની તપસ્યા, એક ચોમાસી તપ અને એક છ માસિક તપ કર્યું. વર્ધમાન આયંબિલ તપ વગેરેથી દીર્ઘકાલીન તપ કરીને, તેઓ પોતાના આત્માને તપાવીને સુવર્ણ બનાવવામાં જાગૃત રહ્યા.

એક ભવાવતારી આચાર્ય સમ્રાટ શ્રી જયમલજી મ.સા. નૈસર્ગિક પ્રતિભાના સ્વામી હતા, ઉપરાંત, પુરુષાર્થી, ઉત્સાહી, દૃઢ, ચારિત્ર્યનિષ્ઠ પણ હતા. એમણે જે વર્ષે દીક્ષા લીધી તેજ વર્ષે પહેલા ચાતુર્માસમાં જ ૧૧ આગમ ગ્રંથોને કંઠસ્થ કર્યા. એટલું જ નહીં, ફક્ત ત્રણ વર્ષમાં તેઓશ્રીએ ૩૨ આગમ ગ્રંથોની સાથે અનેક અન્ય ગ્રંથો પણ કંઠસ્થ કરી લીધા. ઉપરાંત અન્ય મતના ગ્રંથ વેદવેદાંત, શ્રુતિ, સ્મૃતિ, ન્યાય, દર્શન વગેરેનું અધ્યયન પણ પંડિત મુનિશ્રી નારાયણદાસજી પાસેથી વિનયપૂર્વક ગ્રહણ કરી લીધું.

ક્ષમાશ્રમણ પૂજ્યશ્રી ભૂધરજી મ.સા.ના દેહાવસાન સમયે આપે પ્રતિજ્ઞા કરી કે 'આજથી જીવનપર્યંત ક્યારેય લાંબા થઈને સૂઈને ઊંઘ કરીશ નહીં.' આ નિયમ ૫૦ વર્ષ સુધી, જીવનની આખરી પળ સુધી એમણે પાળ્યો ! આ પ્રત્યાખ્યાનના પ્રભાવને લીધે જ તેઓશ્રી એ ૭૦૦ ભવ્ય આત્માઓને દીક્ષાનું દાન આપ્યું. પૂજ્યશ્રીએ મોટી સાધુ વંદણા રચી જૈન ભક્તિ સાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

એકાવતારી આચાર્યસમ્રાટ શ્રી જયમલજી મ.સા. સંયમ સુમેરુ તો હતા જ સાથોસાથ તેજસ્વી કવિ, બહુશ્રુતધર, ધર્મપ્રભાવક અને સમર્થ સમાજ સુધારક પણ હતા. આપે અનેક રાજા– મહારાજાઓ, નવાબો, ઠાકુરો, જાગીરદારોને શિકાર, પરસ્ત્રી ગમન મદ્ય–માંસ સેવન વગેરે સાત વ્યસનોનો ત્યાગ કરાવ્યો હતો. સ્થળે–સ્થળે યોજાતા પશુ બલિયજ્ઞ, નરબલિયજ્ઞ અને દાસ પ્રથા, સતી પ્રથા વગેરે મિથ્યા આડંબરોને બંધ કરાવ્યા.

આચાર્ય શ્રી જયમલજી મ.સા.નો ઉપદેશ અત્યંત માર્મિક અને ભાવસભર હોય છે. જોધપુરના મહારાજા અભયસિંહજી, બીકાનેર નરેશ મહારાજ ગજસિંહજી; સિરોહી નરેશ મહારાજા માનસિંહજી, ઈન્દૌરના હોલ્કારમાં અહિલ્યાદેવી, નાગેરિના મહારાજા વખત-સિંહજી, જેસલમેરના મહારાજા શ્રી અખેરસિંહજી અને જયપુર નરેશ સવાઈ માધવસિંહજી પ્રથમ તથા દિલ્હીપતિ મોગલસમ્રાટ મુહમ્મદશાહનો શાહજાદો વગેરે તો એમના ઉપદેશામૃતનું પાન કરીને સંપૂર્ણપણે એમને સમર્પિત થઈ ગયા હતા.

વિ. સં. ૧૮૦૫, વૈશાખ સુદ ત્રીજે પૂજ્યશ્રીને આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યું હતું. એ જ દિવસે અખિલ ભારતીય જયમલ જૈન શ્રાવક સંઘની સ્થાપના કરવામાં આવી હતી. આગળ ઉપર એ પરંપરા 'જયગચ્છ' નામથી પ્રસિદ્ધ થઈ પૂજ્યશ્રીના વિહારક્ષેત્રો મુખ્યત્વે રાજસ્થાન, પંજાબ, ગુજરાત, મેવાડ, માળવા, દિલ્હી રહ્યાં છે.

જીવનના આખરી ૧૩ વર્ષ શારીરિક કારણથી નાગૌરમાં સ્થિરવાસ કર્યો હતો. વિ. સં. ૧૮૫૧માં પૂજ્યશ્રીએ વિચાર્યું કે સંઘનું આચાર્યપદ જીવનના અંતિમ વર્ષોમાં આત્મ–વિશુદ્ધિની પૂર્ણ સાધનામાં અગવડરૂપ થશે તેથી એમને લાગ્યું કે મારે આ આચાર્યપદ અને એ પદસંબંધી કાર્યોમાંથી મુક્તિ લેવી જોઈએ.

જૈન ઇતિહાસમાં આચાર્ય હોવા છતાં, યુવાચાર્ય બનાવવાની પરંપરા બધે જ છે. કેટલાય વર્ષોથી છે; પરંતુ કોઈ આચાર્ય પોતાની હયાતિ દરમિયાન પોતાનું આચાર્યપદ વોસિરાવી છોડી દઈને, યોગ્ય મુનિને પોતે જાતે જ આચાર્ય ચાદર શ્રદ્ધાપૂર્વક ઓઢાડે, તે તો સૌથી પ્રથમ તો આચાર્યશ્રી જયમલજી મહારાજ સાહેબ જેવા યુગપુરુષનું જ કાર્ય છે. પૂજ્યશ્રીએ યુવાચાર્ય શ્રી રાયચન્દ્રજી મ. સા. ને આચાર્ય જાહેર કરીને પોતે આચાર્યપદનો ત્યાગ કર્યો. ચતુર્વિધ સંઘ, નાગૌર શહેરમાં વિ. સં. ૧૮૫૧માં જેઠ સુદ બીજના શુભદિને ધર્મસભાની હાજરીમાં યુવાચાર્ય રાયચન્દ્રજી મ.સા.ને આચાર્યપદની ચાદર ઓઢાડી એમની સંઘાચાર્યની પદવી પર પ્રતિષ્ઠા કરી.

ફાગણ સુદ દસમે એ યુગપુરુષે નિયત મરણને જાતે જ વરવા માટે (ઈચ્છા મૃત્યુને ભેટવા માટે) સંથારો લેવાની અભિલાષા વ્યક્ત કરી અને સંથારા દરમિયાન ૧૧ એકાંતરા ઉપવાસ કરી, એક છઠ્ઠ કર્યો; છઠ્ઠનું પારણું કર્યું, મહાવીર જયંતીએ બીજા છઠ્ઠના પચ્ચકખાણ કર્યા પરંતુ એ છઠ્ઠનું પારણું ન કર્યું અને વિ. સં. ૧૮૫૩, ચૈત્ર સુદ પૂનમને દિવસે એ દિવ્ય પુરુષે ચતુર્વિધ સંઘની હાજરીમાં સંથારાના પચ્ચક્ખાણ કર્યા.

૪૯ સંત તથા ૨૫૦ સતીજીઓ સંથારાની સેવામાં હાજર હતા. એમાંના ૧૬ સંતોએ એકાવતારી આચાર્ય સમ્રાટ શ્રી જયમલજી મ.સા.ના સંથારાની તન–મનથી દિવસ–રાત સ્વાધ્યાય સેવા કરીને સાથ આપ્યો. દિવસ–રાત એક કરીને આ સંથારાની અવિરત સેવા કરનારા એ સોળેય સંતોએ કાલાન્તરે એક–એક માસનો સંથારો લીધો હતો.

જૈન જગતના આ યુગપુરુષને ૩૧ દિવસોના–દીર્ઘ સંથારાનો લાભ મળ્યો. જૈન ઇતિહાસમાં વીતેલા પાંચસો વર્ષમાં એવું એક પણ ઉદાહરણ નથી મળતું કે જેમાં કોઈ સંપ્રદાય કે આચાર્ય પદ પર પ્રતિષ્ઠિત મહાન આત્માનો આવો સંથારો ચાલ્યો હોય, એ મહાપુરુષની ત્રણ પાટ સુધી એક–એક માસનો સંથારો, બધા જ ૧૦ પટ્ટધર આચાર્યએ લીધો હોય.

આચાર્યસમ્રાટ પૂજ્યશ્રી જયમલજી મ.સા.નો વિ. સં. ૧૮૫૩ના વૈશાખ સુદ ૧૪ના રોજ, ૩૧ દિવસનો સંથારો પૂર્ણ થયો (સિદ્ધ થયો) આચાર્યસમ્રાટની નિર્જીવ પાર્થિવ કાયા જ બાકી રહી ગઈ. આત્મા એ શરીરનો ત્યાગ કરી દીધો. એકાવતારી આચાર્ય સમ્રાટ સમાધિ ધર્મને વર્યા વગેરે જુદા જુદા શબ્દોથી, રાષ્ટ્રભરમાં એમના દિવંગત થવાના સમાચાર માનવીય સાધનો મારફત પ્રસારિત થતા ગયા.

અંતિમદર્શન અને પાર્થિવ શરીરના અગ્નિસંસ્કારમાં સામેલ થવા માટે દેશના નજીક તથા દૂરના સ્થળેથી હજારો જૈન તેમજ જૈનેતરો શ્રદ્ધાળુ ભક્તો નાગૌર પહોંચ્યા. વિશાળ જનસમૂહની હાજરીમાં એ પાર્થિવ શરીર પંચતત્ત્વમાં વિલીન થઈ ગયું.

બાકી રહી ગયું એ આદર્શ મહાન સંત શ્રેષ્ઠનું અમરત્વ પ્રાપ્ત યશ:શરીર તેમજ ગૌરવશાળી જયગચ્છીય પરંપરા.

**એકાવતારી આચાર્ય જય જીવન પ્રકાશ :**

- એક પ્રવચન સાંભળીને જ વૈરાગ્ય જાગ્યો. ૩ કલાક (૧ પહોરમાં) ઊભા–ઊભા પ્રતિક્રમણ કંઠસ્થ કર્યું.
- ૧૬ વર્ષ સુધી એક ઉપવાસનો વરસીતપ ૧૬ વર્ષ છઠ્ઠના પારણાને છઠ્ઠ,*૨૦ માસખમણ તપ, ૪૦ અઠ્ઠાઈ તપ, ૯૦ દિવસ અભિગ્રહ સાથે તપ, એક વાર ચૌમાસી તપ, એકવાર છમાસી તપ, ૨ વર્ષ અઠ્ઠમને પારણે અઠ્ઠમ, ૩ વર્ષ પાંચ ઉપવાસને પારણે પાંચ ઉપવાસ વગેરે...તપ.
- ૫૦ વર્ષ સુધી આસન બિછાવીને (સૂઈને) ઊંઘ લીધી નથી.
- ૮ દિવસ સુધી આહાર લીધા વિના, બીકાનેરમાં ૫૦૦ યતિઓને ચર્ચામાં પરાજય આપી, હંમેશને માટે, જૈનસંતો માટે સૌથી પ્રથમ ક્ષેત્ર ખોલ્યું.
- પીપાડ, નાગૌર, જૈસલમેર, બીકાનેર, સાંચૌર, ફ્લૌદી, સિરોહી, જાલોર વગેરે અનેક ક્ષેત્રોમાં, યતિઓને ચર્ચામાં પરાજય આપી, ક્ષેત્રો ખોલ્યા.
- જોધપુર, બીકાનેર, જયપુર, નાગૌર, જૈસલમેર વગેરેના રાજા મહારાજાઓ તથા દિલ્હીના બાદશાહ મોહમ્મદશાહ તેમજ એના શાહજાદાને બોધ પમાડી સુમાર્ગે લાવ્યા.
- ૭૦૦ ભવ્ય આત્માઓને દીક્ષા આપી–૫૧ શિષ્ય, ૨૦૦ પ્રશિષ્ય ૪૪૯ સાધ્વી સમૂહ.
- વિ. સં. ૧૮૦૭માં મોટી સાધુ વંદણા રચી એ ઉપરાંત, ૨૫૦થી વધારે કાવ્યકૃતિઓનું સર્જન કર્યું.
- પોતાના જીવનકાળ દરમિયાન–૨ વર્ષ પૂર્વ (વિ. સં. ૧૮૫૧– ૧૮૫૩) આચાર્યપદ ઉત્તરાધિકારીને આપીને આત્મ સમાધિમાં લીન થયા.
- સંથારાના સોળમા દિવસે–મધ્યરાત્રીએ ઉદયમુનિ તથા કેશવમુનિએ દેવલોકથી આવીને વંદન કર્યા. પૂર્ણ પ્રકાશને જોઈને આચાર્ય શ્રી રાયચન્દ્રજી મ.સા. વગેરે સંતોએ પૂછ્યું અને સીમંધર સ્વામી પાસેથી સમાધાન મળ્યું કે પૂજ્ય શ્રી એકભવાવતારી છે. પ્રથમ કલ્પ દેવલોકથી રચવીને મહાવિદેહ ક્ષેત્રમાં જઈને મોક્ષ પ્રાપ્ત કરશે. ✳✳✳

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ, ખોખાણી લેન, ઈન્ડિયન બેન્કની ઉપર,
ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૭૭.

# સર્જન સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **નિર્ગ્રન્થ સંપ્રદાય**
જૈન તર્ક ભાષા-જ્ઞાન બિન્દુ પરિશીલન
(પંડિત સુખલાલજીના ત્રણ હિંદી લેખોનો સૌ પ્રથમ ગુજરાતી અનુવાદ)
**લેખક-પંડિત સુખલાલજી**
**અનુવાદક : નગીન જી. શાહ**
**પ્રકાશક :** ડૉ. જાગૃતિ દિલીપ શેઠ-પીએચ.ડી. બી-૧૪, દેવદર્શન, નહેરુ નગર, ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
**પ્રાપ્તિસ્થાન :** સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. કિંમત રૂા. ૧૫૦, પાના ૧૨૪; આવૃત્તિ-૧, ૨૦૦૬.

અનુવાદ ગ્રન્થમાળાના સંપાદક શ્રી નગીન જી. શાહે કરેલ ભારતીય દર્શન અને સંસ્કૃતિના ક્ષેત્રના વિશ્વવિખ્યાત ચિંતક અને સંશોધક પંડિત સુખલાલજીના વિચારપ્રેરક હિંદી લખાણોનો સૌ પ્રથમ ગુજરાતી અનુવાદ છે.

'જૈન તર્ક ભાષા' અને 'જ્ઞાનબિંદુ પરિશીલન' ઉપાધ્યાય યશોવિજયજી કૃત સંસ્કૃત ગ્રંથોની પંડિતજીએ લખેલ વિદ્વત્તાપૂર્ણ હિંદી પ્રસ્તાવનાઓનો ગુજરાતી અનુવાદ છે.

૧૨૪ પાનાના ત્રણ પ્રકરણમાં વિભાજીત આ ગ્રન્થમાં પંડિત સુખલાલજીની ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિનો પરિચય થાય છે.

પ્રથમ પ્રકરણમાં લેખક નિર્ગ્રન્થ ધર્મનો પરિચય કરાવે છે. સાથે સાથે જૈનાગમ અને બુદ્ધાગમનો સંબંધ, બુદ્ધ અને મહાવીર તથા પ્રાચીન આચાર વિચાર વિશેના કેટલાંક મુદ્દાઓ ચર્ચે છે. તે ઉપરાંત સામિષ-નિરામિષ આહાર, અહિંસા, આગમોની પ્રાચીનતા, અચેલત્વ, ચાતુર્યામ, ત્રિદણ્ડ, લેશ્યા, સર્વજ્ઞત્વ વગેરે વિષયોની છણાવટ કરે છે.

પ્રકરણ-૨ માં 'તર્કભાષા'નું પરિશીલન એ ઉપાધ્યાય યશોવિજયજી રચિત ગ્રંથની પ્રસ્તાવના રૂપે છે જેમાં ઉપાધ્યાય યશોવિજયજીએ જૈન તર્કભાષાના વિષયનું નિરૂપણ કરવામાં સટીક પ્રમાણ નય-તત્ત્વલોકનો તાત્વિક ગ્રન્થરૂપે સાક્ષાત ઉપયોગ કર્યો છે તેનો પરિચય મળે છે.

પ્રકરણ-૩ જ્ઞાનબિન્દુ પરિશીલનમાં જ્ઞાનનું લક્ષણ, અવસ્થાઓ, જ્ઞાનવરક કર્મનું સ્વરૂપ, અપૂર્ણ જ્ઞાનગત તારતમ્ય, મતિ અને શ્રુતજ્ઞાનની ભેદરેખા, અવધિ અને મન:પર્યવજ્ઞાન, કેવળજ્ઞાનના લક્ષણો, તેના ઉપાદક કારણો બ્રહ્મજ્ઞાન તથા કેવળજ્ઞાન અને કેવળદર્શનોપયોગોના ભેદાભેદની ચર્ચા વગેરે વિષયોનો સુંદર પરિચય મળે છે.

જિજ્ઞાસુઓએ અને અભ્યાસીઓને જ્ઞાનલાભ કરાવે તેવો આ ગ્રંથ છે.

xxx

પુસ્તકનું નામ : **તેજોવલય**
**લેખક : મહેન્દ્ર પુનાતર**
**પ્રકાશક : પ્રિયલ પબ્લિકેશન,** ૬૦૩, શબરી, અશોક નગર, સહકાર ગ્રામ પાછળ, કાંદિવલી (પૂર્વ), મુંબઈ-૪૦૧ ૧૦૧. કિંમત રૂા. ૧૨૫ (સુપર ડીલક્સ), પાના ૮૬; આવૃત્તિ-૧.

મુંબઈ સમાચાર સાપ્તાહિકના જાણીતા અને માનીતા લોકપ્રિય લેખક શ્રી મહેન્દ્ર પુનાતરની કોલમે 'જિન-દર્શન' લોકોમાં ભારે રસ જગાડ્યો હતો. આ પુસ્તકમાં જૈન તથા જૈનેતરોને સાત્વિક અને સંવેદનશીલ વાચન પ્રાપ્ત થાય છે.

આ પુસ્તકની વિશેષતા એ છે કે તે 'જિન-દર્શન'ની કોલમમાં પ્રગટ થયેલા હોવા છતાં આ લેખો સાંપ્રદાયિકતાથી પર છે.લેખકની શૈલીમાં લોકભોગ્યતા અને સરળતા ઊડીને આંખે વળગે તેવાં છે. એમાંય ખાસ કરીને દૃષ્ટાંતો તથા બોધકથાઓનો ઉપયોગ, ભક્ત કવિઓના કાવ્યોની પંક્તિઓ અને મહાપુરુષોના જીવન પ્રસંગો લેખકની કલમને અને કોલમને રસાળ બનાવવામાં ઉપયોગી થયાં છે.

વર્તમાન સમયમાં લોકોની ધર્મ પ્રત્યેની જાગૃતિ અને જિજ્ઞાસા બન્ને વધ્યા છે. એવા સમયમાં સરળતાથી સમજાય અને હૃદયમાં સીધાં સોંસરા ઉતરી જાય એવા લખાણો આ પુસ્તકમાં આપણને સહજતાથી પ્રાપ્ત થાય છે.

લોક માનસનું ઘડતર કરવામાં અને માનવજીવનને સમૃદ્ધ કરવામાં આ પુસ્તક સહાયકર્મી બને તેમ છે.

xxx

પુસ્તકનું નામ : **યુગદૃષ્ટા વિજય વલ્લભ**
લેખક : **આચાર્ય વિજય નિત્યાનંદ સૂરિ**
પ્રકાશક : આત્માનંદ જૈનસભા, ૨/૮૨, રૂપનગર, દિલ્હી-૧૧૦૦૦૧
કિંમત રૂા. ૩૦, પાના ૧૫૦; આવૃત્તિ-૧.
પ્રાપ્તિસ્થાન : શ્રી આત્માનંદ જૈનસભા, ૩૯/૪૧, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૩.

કાલજયી લોકોત્તર વ્યક્તિત્વ એટલે યુગદષ્ટા વિજયવલ્લભ સૂરિશ્વરજી મહારાજ, ચોપનવર્ષ પૂર્વે માવનજાતિના આ મસીહાએ પોતાના જીવનકાળ દરમ્યાન આપેલ ઉપદેશ અને સંદેશ, તેમના જીવનના અનેક પ્રેરક પ્રસંગો આ પુસ્તકમાં આલેખાયેલા છે. લગભગ ૬૭ વર્ષના સુદીર્ઘ સંયમ પર્યાયમાં દેશની ધર્મ, ક્રાન્તિ અને નવજાગરણની અદ્ભુત લહેર ચાલતી હતી. ગુરુદેવે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાખો માનવોના કલ્યાણમાં સક્રિય યોગદાન કર્યું છે. ધર્મ, સમાજ, સંઘ અને રાષ્ટ્રના ગૌરવમાં ચાર ચાંદ લગાવ્યા છે.

ઈ. ૨૦૦૪માં પ્રગટ થયેલ આ ગ્રંથમાં આચાર્ય વિજયવલ્લભ સૂરિજીની સ્વર્ગારોહણની અર્ધ શતાબ્દી નિમિત્તે રાષ્ટ્રીય સ્તર પર આયોજન થયું હતું. તે નિમિત્તે **યુગદૃષ્ટા વિજય વલ્લભ** ગ્રંથનું પ્રકાશન કરવામાં આવ્યું હતું.

આ જીવનચરિત્રમાં તેમના સદ્ગુણો, સંયમ-દૃઢતા, સાધનમાં જાગરૂકતા, મનની પવિત્રતા, વાણીની મધુરતા, પરોપકારિતા, કરુણા, સંઘ પ્રત્યેનો પ્રેમ, સમયને ઓળખવાની અને સ્વતંત્ર નિર્ણયો લેવાની ક્ષમતા, રાષ્ટ્રપ્રેમ અને દશપ્રેમની સુગંધ વગેરેની પ્રતીતિ વાચકને આ ગ્રંથ દ્વારા થાય છે. અને લાગે છે કે આ મહામાનવ સામાન્ય માટીમાંથી બન્યા હોવા છતાં અસામાન્ય હતા; સાધારણ માનવદેહમાં અસાધારણ આત્મા હતા.

આચાર્ય વિજયવલ્લભ સૂરીશ્વરજીનું જીવન અનેક ઘટનાઓથી ભરેલું છે. આ ગ્રંથમાં તેમના શિષ્ય વિજય નિત્યાનંદ સૂરિજીએ પોતાના ગુરુના આદર્શ જીવનનું આલેખન રોચક શૈલીમાં કર્યું છે. ગુરુદેવના સાગર જેવા વિશાળ જીવનને આ ગ્રંથરૂપી ગાગરમાં સમાવવાનો નમ્ર પ્રયત્ન કરી પોતાના ગુરુ પ્રત્યેનું ઋણ અદા કર્યું છે. લેખકની શૈલી દ્વારા આચાર્યશ્રીની અદ્ભુત દૂરદૃષ્ટિ, સમયસૂચકતા, પુરાણી પ્રગતિવિરોધી પરંપરાઓના મોહનો ત્યાગ કરી પ્રગતિ સાધક નિર્ણય લેવાની સ્પષ્ટતા તથા તેમના વિરાટ વ્યક્તિત્વનો પરિચય થાય છે. ✱✱✱

બી/૪૨, દયાનંદ સોસાયટી, એ/૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.

## પંથે પંથે પાથેય (અનુસંધાન છેલ્લા પાનાથી ચાલુ)

Organisation) આપણા શહેર કરતાં ચાર પાંચ ગણી ઝડપથી રીપેરીંગ કામ કરતાં જોઈને આનંદ થયો. ધન્ય છે તેમની ઝડપને. આ તો બધા યુદ્ધના ધોરણે કામ કરવાવાળાને ! બે થી અઢી કલાક રાહ જોવામાં બે ફાયદા થયા. કુદરતનું સૌંદર્ય માણવા મળ્યું તથા બીજી એક ઓળખાણ વધી. આકાશની પત્ની ગરીમા દિલ્હીથી પ્લેનમાં લેહ આવવાની હતી તેનો પરિચય થયો. લગભગ બે વાગ્યે અમે 'બરાલાચાલા'–ચાલા એટલે બોગદુ–પસાર પણ કરીલીધું. આ બોગદું ૪૮૯૨ મીટરની ઊંચાઈએ છે. બોગદામાંથી બહાર નીકળીને એક અદ્ભૂત દૃષ્ય નજરે પડ્યું. રસ્તાની આજુબાજુ કેટલાય મોટા ભાગમાં હિમાલયનો બરફ ઓગળી ઓગળીને શિવલીંગ જેવા આકારો ધારણ કરતા દેખાયા. આપણને એમ લાગે કે શિવલીંગના ખેતરો છે. સૌ પ્રથમ દૃષ્ટિએ એમ લાગે કે પક્ષીઓનું ધાડું જ પરદેશથી આવીને ભેગું ના થયું હોય ! અદ્ભૂત, અદ્ભૂત, અદ્ભૂત !

બોગદાની બહાર બેઠા હતા ત્યારે ટીપુની બાઈકનું તો પંક્ચર રીપેર કર્યું પણ એક નાળામાંથી એક બાઈકને બહાર લાવવામાં બે પ્રવાસીઓને કંઈક તકલીફ પડતી હતી, એ જોઈ મારાથી તો રહેવાયું નહીં અને ઉઘાડા પગે બરફીલા પાણીમાં ઝંપલાવી જ દીધું અને સફળતાપૂર્વક બાઈકને બહાર લાવ્યા. એક સારા કામના આનંદની લહેરખી મનમાંથી પસાર થઈ ગઈ. એ ભાઈ તો અમારા આશ્ચર્ય સાથે જાણવા મળ્યું કે ત્યાંના જ રહેવાસી હતા અને તેઓ એક કૅમ્પ સાઈટના માલિક હતા. એમનું નામ રાજેશ. રાત્રિ મુકામના વિચારને સમર્થન મળ્યું અને અમે એમની જ કૅમ્પ સાઈટ પર રાત્રિ વિતાવી. આ કૅમ્પ સાઈટ એટલે સર્ચુ. અત્રે લગભગ આખું વર્ષ સૂમસામ હોય. કૅમ્પીંગની સીઝનમાં જ પ્રવાસીઓ આવે. એક રાત્રિના એક વ્યક્તિના રૂા. ૩,૦૦૦ છે. અમારી કરેલી મદદનો ભાર હળવો કરવા અમને તેની કૅમ્પ સાઈટ પર ઘણાં સસ્તા ભાવે રહેવાનો આગ્રહ કર્યો અને અમે પણ સ્વીકાર્યો. અમારી પાસે ફક્ત રૂા. ૩૦૦ જ રહેવા–જમવા સાથે લીધા.

હવે અમારી ખરી કસોટી શરૂ થવાની હતી. જેમ ઊંચાઈ વધતી જતી હતી તેમ ઑક્સિજનની તકલીફ શ્વાસોશ્વાસ પર જણાતી હતી. વાતાવરણ બદલાવા લાગ્યું. લીલોતરી અદૃષ્ય થતી ગઈ અને બરફીલા પહાડો જ પહાડો દેખાવા લાગ્યા. ધીમે ધીમે માણસોના ચહેરાઓ પણ બદલાવા લાગ્યા. આંખો નાની અને ચોરસ થતા ચહેરાઓ દેખાવા લાગ્યા. સર્ચુ એટલે હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીર વચ્ચેની સરહદ. અમે બાઈક રીપેરીંગ શીખ્યા હતા તે અત્રે કામ આવ્યું. જીગરની બાઈકનો આખો કલચ બૉક્સ છૂટો કરી રીપેર કરી પાછો reassemble કર્યો. અગિયારેક વાગે નીકળી ૫૩ કિ.મી. બાદ 'લોચીંગલા' ૫૦૬૫ મી.ની ઊંચાઈએ અમારી સવારી પહોંચી. આ પ્રવાસમાં રસ્તા બહુ જ ખરાબ. ખરેખર તો રીતસરના રસ્તા જ નહોતા. લગભગ ૧૫ કિ.મી.વિસ્તારમાં તો ધૂળ, પથ્થર જેમ તેમ પથરાયેલા જેમાંથી આપણે જ આપણો રસ્તો શોધવાનો. થોડા ચઢાણ બાદ એકદમ સમતળ મેદાન જેવી જમીન, ૪૮ કિ.મી. X૩૦ કિ.મી.નો તદ્દન પ્લેન જમીનનો પેંચ. જેમાં વચ્ચે વચ્ચે પાણીના ઝરણાં આવે. ઑક્સિજન લેવલ ઘણું ઓછું તેથી આપણા લશ્કર તરફથી એક યુનિટ કૅમ્પ રાખેલ છે. ૪૬૩૦ ની ઊંચાઈ પર પણ રહેવા ખાવાની સગવડ મળી. તંબૂમાં ખાટલાઓ ગામડાંની સ્ટાઈલના હતા. ઠંડી સામે રક્ષણ માટે ધાબળાઓ પણ મળે.

બીજે દિવસે સવારે સિદ્ધાર્થ અને પીન્કી અમારી સાથે જોડાઈ ગયા. એમની ટેક્સીએ ૨૯૯ કિ.મી ફક્ત પંદર કલાકમાં પસાર કર્યા. અમારી reunion પાર્ટી જેમાં ફક્ત મૅગી અને બિસ્કીટ હતા તે પણ બહુ આનંદદાયક લાગી.

હવે છેલ્લો ભાગ પ્રવાસનો પાર કરવાનો હતો. જરા પણ ગતિ તો વધારાય જ નહીં. બાઈકની ચૅસીસ તૂટતા વાર જ ના લાગે. 'Pang' નું ચઢાણ બહુ કપરૂં હતું. રાત્રિના ૭ વાગ્યા. અંધકાર શરૂ થયો. ઠંડો પવન ફુંકાવા માંડ્યો તે છતાં અમે આગળ જવાનું નક્કી કર્યું. ધીમે ધીમે ૭૩૦ મીટરનો રસ્તો કાપી ૫૩૬૦ મી.ની ઊંચાઇએ તો પહોંચી ગયા. આખરે 'Tongdungla' પહોંચ્યા. પારો તો ૫ ડીગ્રી પર. અહીંની ઠંડી સહન કરવાની અમારી શક્તિ નહોતી તેથી ક્યારે આગળ જઈએ એવી ઉત્કટ ઈચ્છા ધરાવતા અમે આગળ વધ્યા. કુદરત પણ અમારી પરીક્ષા કરી રહી હતી. હવે આગળ પર થોડું ઉતરાણ આવતું. અતિ કઠીન ઉતરાણ. સરકી જવાય એવા પથ્થરો–વચ્ચે વચ્ચે બરફ જેવા ઠંડા પાણીના ઝડપથી વહેતા પાણીના વહેણ. પરાણે બાઈકને કંટ્રોલ કરવી પડે. જ્યારે પાણીમાંથી પસાર થઈએ ત્યારે તો સોયની જેમ પાણી વાગે, અંગો થીજી જાય. અમે પલળી જઈએ. બાઈક ચલાવવામાં પણ તકલીફ પડે. અતિશય કપરા પ્રવાસ બાદ બે સુંદર તંબૂઓ નજરે પડ્યા. અમે ત્યાં જ આશરો લીધો. પગ તપાવ્યા–ગરમ ગરમ ચા પીધી ત્યારે જરા સારું લાગ્યું.

ત્યાંના રહેવાસીઓ સાથે વાત કરતાં જાણવા મળ્યું કે છેલ્લા ચાર વર્ષોથી તેઓ ત્યાં કામ કરતા હતા. અત્રે જગ્યા ન મળવાથી આગળ ૪૦ કિ.મી. વધુ પ્રવાસ ખેડી 'ઉપશી' પહોંચ્યા. ઉપશી લેહની સરહદ પર જ છે. ઉપશીમાં પણ અમારા કમનસીબે રહેવાની જગ્યા ન મળી. છેવટે ટ્રક ડ્રાઈવરોની સાથે રહેવું પડ્યું. અમારા ધ્યેયને સિદ્ધ કરવા હવે ફક્ત ૫૧ કિ.મી. જ કાપવાના હતા તેથી પ્રભુને પ્રાર્થના કરી નિદ્રાધીન થયા.

બીજા દિવસની સવાર એટલે અમારી ખુશીનો પાર નહીં. સુંદર રસ્તો ! શહેરી વાતાવરણ નજરે પડવા માંડ્યું. ઉપશીથી લેહનો પ્રવાસ કરતાં મનમાં આનંદની છોળો ઉછળવા માંડી. લેહ પહોંચ્યા. ત્યાં તો જાણે અમારા સ્વાગતમાં સુંદર કમાન દેખાઈ. કમાન પર સુંદર ચિત્રકામ પણ હતું. આગળ જવા માટે District Megistrate ની ઑફિસમાંથી પરવાનગી

### જૈન તત્ત્વજ્ઞાનનો કૉર્સ

મુંબઈ યુનિવર્સિટીમાં જૈન તત્ત્વજ્ઞાનનો કૉર્સ ચાલુ કરવામાં આવેલ છે. તા. ૫ જુનથી પ્રવેશ શરૂ થયેલ છે. વધુ વિગત માટે સંપર્ક કરો.

ડૉ. બિપિન દોશી – ૯૮૨૧૦૫૨૪૧૩
ડૉ. કામિની ગોગરી – ૯૮૧૯૧૬૪૫૦૫
નીતા સાવલા – ૨૦૩૩૨૩૩૯.

મેળવી 'ખાર ડુંગલા' જે દુનિયામાં ગાડી મોટર જઈ શકે એવું ઊંચામાં ઊંચું સ્થળ છે ત્યાં જવા નીકળ્યા.

આનંદ, આનંદ, આનંદ! અમારા આનંદની અવધિ આવી ગઈ. 'ખારડુંગલા' ૧૮૩૮૦ ફીટની ઊંચાઈએ આવેલા સ્થળે છેવટે સુખરૂપ પહોંચ્યા અને અમે બધા નાચી ઊઠ્યા.આટલી ઊંચાઇએ પણ આપણા નવજુવાનો, સૈનિકોમાં ભારતીય સંસ્કૃતિ નિહાળી અમે ધન્ય થઈ ગયા. ખૂબ જ મળતાવડા. સુંદર શબ્દોમાં અમારી આગતા સ્વાગતા કરી અમને ખુશ કરી દીધા. એક સૈનિક દક્ષિણ ભારતનો હોવાથી સપના સાથે તુલુ ભાષામાં વાતચીત કરતો સાંભળવાની મઝા આવી. અત્રે ઉત્તર ભારતનો અને દક્ષિણ ભારતનો સંગમ નિહાળ્યો. એમ કહેવાય છે કે આ સ્થળે ૪૫ મિનિટ પસાર કરવી પણ કઠિન છે. જ્યારે અમારા સદ્નસીબે અમે ત્રણ કલાક અત્રે પસાર કર્યા. અત્રેની યાદગીરી તો જોઈએ ને! નાનામોટા Souveniers જેવા કે ટી શર્ટ, મગ્સ, પ્લેટ્સ વગેરે ખરીદ્યા.

મારી દૃષ્ટિએ આ સ્થળ માટે હું એટલું જ કહીશ કે આ સ્થળ જોઈને મને ભારતીય હોવાનો ગર્વ છે. આપણા તિરંગાને ફરકતો જોઈને અમારા શિર આપોઆપ ઝૂકી ગયા. આ તિરંગો આપણા બહાદૂર સૈનિકો કે જેમણે દેશને ખાતર ભોગ આપ્યો છે તેમની યાદમાં બાંધેલા સ્મારક પર લહેરાય છે. આપણાં આવા બહાદુર સૈનિકોને લીધે જ અમારા જેવા પ્રવાસીઓ આ પ્રવાસ ખેડી શકે છે એમાં કોઈ શંકા નથી. તા. ૨૪ મીએ ટોટલ ૨૨૦૦ કિ.મી.નો પ્રવાસ ખેડી કારગીલ, દ્રાસ, કાશ્મીર થઈ જમ્મુથી ટ્રેનમાં મુંબઈ પાછા ફરતાં અમારું તો ઘરે પણ સુંદર સ્વાગત થયું.

***

પુષ્પા ચંદ્રકાંત પરીખ, ૬બી, કેનવે હાઉસ, વી. એ. પટેલ માર્ગ, ગ્રાંટરોડ, મુંબઈ-૪૦૦૦૦૪


## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| પુસ્તકના નામ | ભાવ | પુસ્તકના નામ | ભાવ |
|---|---|---|---|
| આપણા તીર્થંકરો–પ્રા. તારાબહેન શાહ | રૂા. ૧૦૦.૦૦ | સાંપ્રત સહચિંતન ભાગ-૯–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૫.૦૦ |
| આર્ય વજ્રસ્વામી–પ્રા. તારાબહેન શાહ | રૂા.૦૧૦.૦૦ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૧–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૫૦.૦૦ |
| સંસ્કૃત નાટકોની કથા–પ્રા. તારાબહેન શાહ | રૂા. ૧૦૦.૦૦ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૨–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૫૦.૦૦ |
| શ્રીમદ્ રાજચંદ્ર-પુસ્તિકા | રૂા. ૪.૦૦ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૩–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૮૦.૦૦ |
| પાસપોર્ટની પાંખે ભાગ-૧–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૧૫૦-૦૦ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૫–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૮૦.૦૦ |
| પાસપોર્ટની પાંખે ભાગ-૨–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૧૫૦-૦૦ | જૈન ધર્મ (પુસ્તિકા)–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૭.૦૦ |
| પાસપોર્ટની પાંખે ભાગ-૩–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૦૦-૦૦ | ન્યૂઝીલૅન્ડ (પુસ્તિકા)–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૬.૦૦ |
| વીર પ્રભુના વચનો ભાગ-૧–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૮૦.૦૦ | ઑસ્ટ્રેલિયા (પુસ્તિકા)–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૬.૦૦ |
| શેઠ મોતીશાહ–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૩૦.૦૦ | વંદનીય હૃદયસ્પર્શ ભાગ ૧/૨–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૫૦.૦૦ |
| પ્રભાવક સ્થવીરો ભાગ-૨–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૦.૦૦ | જૈન ધર્મના સ્વાધ્યાય સુમન–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૧૦૦.૦૦ |
| પ્રભાવક સ્થવીરો ભાગ-૪–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૦.૦૦ | જૈન ધર્મના પુષ્પ ગુચ્છ–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૧૦૦.૦૦ |
| પ્રભાવક સ્થવીરો (ઓલીવ) ભાગ-૧ થી ૫ | | જિન વચન–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૫૦.૦૦ |
| –ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૧૫૦.૦૦ | જૈન ધર્મ દર્શન - ગ્રંથ-૧–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૨૦.૦૦ |
| જિન તત્ત્વ ભાગ-૧–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૦.૦૦ | જૈન આચાર દર્શન - ગ્રંથ-૨–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૪૦.૦૦ |
| જિન તત્ત્વ ભાગ-૨–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૦.૦૦ | ચરિત્ર દર્શન - ગ્રંથ-૩–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૨૦.૦૦ |
| જિન તત્ત્વ ભાગ-૪–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૦.૦૦ | સાહિત્ય દર્શન - ગ્રંથ-૪–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૩૨૦.૦૦ |
| જિન તત્ત્વ ભાગ-૫–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૦.૦૦ | પ્રવાસ દર્શન - ગ્રંથ-૫–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૬૦.૦૦ |
| સાંપ્રત સહચિંતન ભાગ-૪–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૫.૦૦ | સાંપ્રત સમાજ દર્શન - ગ્રંથ-૬–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૭૦.૦૦ |
| સાંપ્રત સહચિંતન ભાગ-૫–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૫.૦૦ | શ્રુત ઉપાસક ડૉ. રમણલાલ ચી. શાહગ્રંથ-૭ ,, | રૂા. ૩૨૦.૦૦ |
| સાંપ્રત સહચિંતન ભાગ-૬–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૫.૦૦ | પ્રભાવક સ્થવીરો ભાગ-૧થી૬ –ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૩૫૦.૦૦ |
| સાંપ્રત સહચિંતન ભાગ-૭–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૫.૦૦ | જિન તત્ત્વ ભાગ-૧ -૧ થી ૫–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૩૦૦.૦૦ |
| સાંપ્રત સહચિંતન ભાગ-૮–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૫.૦૦ | જિન તત્ત્વ ભાગ-૨- ૬ થી ૯–ડૉ. રમણલાલ ચી. શાહ | રૂા. ૨૪૦.૦૦ |

(૧) ઉપરના ૧ થી ૩૨ ક્રમાંક સુધીના પુસ્તકો ઉપર ૨૫ % ડિસ્કાઉન્ટ આપવામાં આવશે

(૨) રૂા. ૫૦૦૦ થી વધારે કિંમતના પુસ્તકો ખરીદનારને વધારાના ૧૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે

(૩) કોઈ પણ પુસ્તક પ્રભાવના અર્થે (૧૦૦ નકલથી વધારે) ખરીદનારને વધારાના ૧૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે

(૪) ક્રમાંક ૩૩ થી ૪૩ સુધીના પુસ્તકો ખરીદનારને ૨૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. આ પુસ્તકોના એકસાથે બે સેટ ખરીદનારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે (૫) ચેક / ડ્રાફ્ટ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નામે મોકલવો.

❑ મેનેજર

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

**(માર્ચ '૦૮ અંકથી આગળ)**

(૭૦)

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦

संस्कृत कदाऽपि कस्यचिन्नाशो वस्तुनो नैव केवलम् ।
चेतना नश्यति चेत् तु किंरूप: स्याद् गवेषय ? ।।७०।।

हिन्दी कभी कोई भी द्रव्य का, केवल होत न नाश ।
आत्मा पावे नाश तब, किस में मिले? तलाश ! ।।७०।।

अंग्रेजी Nothing is lost absolutely,
See water changes as the stream;
If consciousness is off totally,
Find out the ocean of soul-stream. 70

(૭૧)

(૩) શંકા-શિષ્ય ઉવાચ :
કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧

संस्कृत शंका 3 - शिष्य उवाच :
आत्मा नो कर्मण: कर्ता कर्मकर्ताऽस्ति कर्म वै ।
वा सहज: स्वभाव: स्यात् कर्मणो जीवधर्मता ।।७१।।

हिन्दी शंका - शिष्य उवाच :
कर्त्ता जीव न कर्म को, कर्म हि कर्त्ता कर्म ।
अथवा सहज स्वभाव या, कर्म जीव को धर्म।।७१।।

अंग्रेजी Doubt of disciple - 3 :
The third doubt as the pupil's plea,
The soul himself does no bondage;
Or bondage acts itself ugly,
Affixed nature, or as knowledge. 71

(૭૨)

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨

संस्कृत स्यादसंग: सदा जीवो बन्धो वा प्राकृतो भवेत् ।
वेश्वप्रेरणा तत्र ततो जीवो न बन्धक: ।।७२।।

हिन्दी आत्मा सदा असंग अरु, करे प्रकृति हि बन्ध ।
अथवा ईश्वर प्रेरणा, जातें जीव अबन्ध ।।७२।।

अंग्रेजी The soul is unalloyed for ever,
'Tis bondage that is really bound;
Or God is Goading what's soul's power ?
Therefore the soul remains unbound. 72

(૭૩)

માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્તાપણું, કાં નહિ, કાં નહિ જાય. ૭૩

संस्कृत तत: केनाऽपि हेतुना मोक्षोपायो न गम्यते ।
जीवे कर्मविधातृत्वं नास्त्यस्ति चेन्न नश्यताम् ।।७३।।

हिन्दी तातें मोक्ष उपाय को, कोइ न हेतु लखात ।
जीव कर्म-कर्तृत्व नहीं, यदि तो न नशात ।।७३।।

अंग्रेजी It's of no use to try for freedom,
The soul binds not, else binds for ever;
Thus I, see carelessness is wisdom,
Unchanged is nature whatsoever. 73 (ક્રમશઃ)

(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત 'સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી. આ પુસ્તકની કિંમત રૂા. ૩૦૦/- છે. જિજ્ઞાસુને આ પુસ્તક ૨૦% વળતરથી શ્રી મું. જૈન યુવક સંઘની ઑફિસમાંથી પ્રાપ્ત થઈ શકશે).

## દક્ષિણ ભારતમાં જૈનધર્મ

કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઇન જૈનિઝમ દ્વારા સપ્ટે.-ઑક્ટો-૨૦૦૮મા ઉપરના વિષય ઉપર ત્રણ દિવસના એક સેમિનારનું આયોજન થયું છે. આ ત્રિદિવસીય જ્ઞાનસત્રમાં ભારતમાંથી વિદ્વાનો અને સાધુ-સાધ્વીજીઓ પધારશે. આ જ્ઞાનસત્રમાં નીચેના વિષયો ઉપર વિદ્વાન મહાનુભાવોને પોતાનો નિબંધ મોકલવા વિનંતિ કરવામાં આવે છે.

(૧) જૈન ધર્મ કર્નાટકમાં.
(૨) જૈન ધર્મ મહારાષ્ટ્રમાં.
(૩) તામીલનાડૂ અને જૈન ધર્મ.
(૪) દક્ષિણ ભારતમાં જૈન કળા-શિલ્પ.
(૫) દક્ષિણ ભારતના સાહિત્યમાં જૈન ધર્મનો ફાળો.
(૬) દક્ષિણ ભારતની સંસ્કૃતિ અને સમાજ પર જૈન ધર્મની છાપ.
(૭) જૈન ધર્મની દક્ષિણ ભારતમાં મળેલી હસ્તપ્રતો.
(૮) દક્ષિણ ભારતના જૈન આચાર્યોનો દાર્શનિક સહયોગ.

જિજ્ઞાસુઓને નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતિ.

**ડૉ. ગીતા મહેતા**
કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઇન જૈનિઝમ
મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ બિલ્ડિંગ, બીજે માળે,
કેબિન નં. ૬, સોમૈયા વિદ્યાવિહાર કૅમ્પસ,

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month ● Regd. No. MH/ MR/SOUTH-146 / 2006-08



## પંથે પંથે પાથેય...

# અદ્દ્ભુત પ્રવાસ

મૂળ અંગ્રેજીમાં: **સાર્થક રાજીવ પરીખ**
અનુવાદ : **પુષ્પા ચંદ્રકાંત પરીખ**

*આ સાહસ કથા મારા પૌત્રની છે. એણે આ કથા લખી આપી અંગ્રેજીમાં અને 'પ્ર.જી.' ના વાચકો માટે એનું ગુજરાતીમાં ભાષાંતર કરતાં મને અનેરા આનંદનો અનુભવ થયો. સર્વે દાદીમાને એ પ્રેરક બનો.*

મારા મનમાં પાંચેક વર્ષો પહેલાં એક વિચાર ઝબકી ગયો અને પ્રભુનો સંદેશ રાત્રે સ્વપ્નામાં મળ્યો, 'દીકરા અમલમાં મૂક.' બીજે જ દિવસથી મારી વિચારધારા ચાલુ થઈ ગઈ. પ્લાનીંગ કેમ કરવું ? કોને પૂછવું ? ક્યાં અને કઈ કઈ જાતની તપાસ કરવી વગેરે વગેરે. મારાજ બે મિત્રોને વાત કરી અને ત્રણ મોટરબાઈક અહીંથી ટ્રેનમાં ચંદીગઢ સુધી સાથે જ ચઢાવી. ચંદીગઢથી મોટર બાઈક પર લેહ લડાખનો પ્રવાસ ખેડવા માટે મારા મિત્રોને ઊભા કર્યા. મારા મિત્રોએ પણ મને સારો સાથ આપ્યો. રોમાંચક પ્રવાસ માટેની કૉમ્પ્યુટર પર બધી જ માહિતી મેળવી લીધી. ત્યાર બાદ બાઈક મિકેનિક પાસે આખી બાઈક ખોલીને બધી જ જાતનું મીકેનિઝમ સમજી લીધું અને કઈ કઈ જાતની મુશ્કેલી આવે તો કેમ રીપેરીંગ કરવું તે પણ શીખી લીધું. આ બધી તૈયારી કરતાં લગભગ ત્રણ મહિના થશે એ અંદાજ તો હતો જ તેથી તા. ૨જી જુનના રોજ સવારે પ્રારંભ કરવાનું નક્કી કર્યું. ટિકિટો બુક થઈ ગઈ. તા. ૧લી જુનની રાત્રે ત્રણ બાઈકો પેકીંગ માટે સ્ટેશને આપી આવ્યા. જાત જાતની બેગો જેવી કે ૧. ગધેડા પર બે બાજુએ લટકે એવી એક બેગ, ૨. આગળ પેટ્રોલ ટૅન્ક પર લોહચુંબકથી બરાબર અટકી રહે તેવી બૅગ, ૩. ટુલકીટ મોટું, ૪. અમારા કપડાં અને ૫. એક તંબુ. ખાસ તો ઠંડી સામે રક્ષણ કરવા માટેના. ઘરના વડીલો તો સામાન જોઈને અને સાહસભર્યા પ્રવાસના વિચારે જ ડરતા હતા પરંતુ અમારા સારા નસીબે કોઈએ અમારા પ્રવાસ માટે નન્નો નહોતો ભણ્યો. અમે બધા મળીને પાંચ જણાં હતા. ત્રણ મિત્રો અને બે છોકરીઓ–સિદ્ધાર્થ, ડીક્સન, સપના, પીન્કી અને હું સાર્થક.

તા. ૪થી જુન-૨૦૦૭ બપોરે ૧–૩૦ ના સુમારે ચંદીગઢથી અમે બાઈક પર નીકળ્યા. થોડો ડર તો અમારા મનમાં હતો જ કારણ કે ઘણાં લોકોએ અમને ભડકાવવામાં બાકી નહોતું રાખ્યું અને તેથી મેં તો મમ્મીને એમ પણ કહ્યું હતું, 'જો હું નીચે ખીણમાં પડી જઈશ તો ત્યાંથી સીધો ઉપર જ પહોંચી જઈશ.' આજે મને વિચાર આવે છે કે મારી મમ્મીની મનની સ્થિતિ તે વખતે કેવી હશે ?

અમારા પ્રવાસનું સૌ પ્રથમ બોગદું લગભગ પાંચથી છ કિ.મી. લાંબું પસાર કરી સાંજના ૭ વાગે બિલાસપુર પહોંચ્યા. પહાડ પર આવેલું આ સુંદર રમણીય શહેર છે. અહીં એક અનુભવી ભાઈ દાનેશ મળી ગયો. ગયે વર્ષે જ તેઓ લેહ જઈ આવેલ.

તા. ૫મી જુને સાંજે સાડાચાર વાગે અમે અમારા પ્રથમ મુકામ 'પાર્વતી' ખીણ જે જરી નામે પણ ઓળખાય છે. ત્યાં પહોંચ્યા. અત્રેનું વાતાવરણ અતિ રમણીય, પ્રદૂષણ વગરનું, શાંત અને આહલાદક.

હિમાલયના પહાડ પરના વાતાવરણથી પરિચિત થવા માટે 'માનીકરામ' જ્યાં ગરમ પાણીના કુંડ નહીં પણ ઝરાં છે ત્યાં મુકામ કરવો જરૂરી છે. બે દિવસના મુકામ દરમિયાન મનાલીની આજુબાજુના રમણીય વાતાવરણવાળા સ્થાનો તથા પાર્વતી ખીણનું નિરીક્ષણ કરી અમારી જાતને સદ્ભાગી માની. આ સ્થળે પ્રથમ ગ્રાસે મક્ષિકાની જેમ મારા મિત્ર સિદ્ધાર્થને એક અકસ્માત નડ્યો, જેમાં તેના જમણા પગમાં નાનું એવું Fracture થયું. હવે કોઈ પણ સંજોગોમાં તેનાથી બાઈક ચલાવાય તેમ નહોતું. તે અને પીન્કી ત્યાં જ રોકાઈ ગયા અને ઈલાજ કરાવી પ્લાસ્ટર મરાવી પાછળથી અમારા પ્રવાસમાં જોડાઈ જાય એવી વ્યવસ્થા કરવી પડી. મારી બાઈકને નામ આપ્યું 'મુવરી' ને ડીક્સનની બાઈકને 'મેક્સીમસ.'

અમારો ખરો સાહસિક અને સેવેલા સ્વપ્નો સિદ્ધ કરી બતાવવાનો પ્રવાસ હવે શરૂ થયો. આ પ્રવાસમાં અનેક 'Pass' પસાર કરવાના આવે છે. સૌ પ્રથમ 'રોહતાન્ગ' પાસ આવ્યો. આ પાસની ઊંચાઈ ૩૯૮૦ મી. છે. આટલી ઊંચાઈએ પણ વાહનોની અવરજવર અને સહેલા-ણીઓ માટે ખાણીપીણીના સ્ટૉલો હોય છે. રોહતાન્ગથી અમે 'ખોકસન' પહોંચ્યા. અહીં અમને બીજી ત્રણ બાઈક્સ અને એક મોટર લઈને આવેલા પ્રવાસીઓનો ભેટો થઈ ગયો. હવે અમારી ટોળીમાં જીગર, અની, ટીપુ, બસી અને રામલાલ ભળ્યાં.

સૌ સાથે મળી પહેલું નાળું પસાર કરી સાંજના ૬ વાગે અમે 'તોન્ડી' પહોંચ્યા. આ સ્થાને છેલ્લો પેટ્રોલ પંપ હતો. આના પછી ૩૬૫ કિ.મી. બાદ પેટ્રોલ પંપ મળવાનો હતો તેથી અમારા સામાનમાં રસ્તા માટે પેટ્રોલ પણ સાથે લઈ જવાનું હોવાથી બોજામાં વધારો થયો. અહીં સુધી ૧૦૭ કિ.મી.નો પ્રવાસ થઈ ગયો હતો અને સાંજના ૬ વાગી ગયા હોવાથી તથા રહેવાની બીજી કોઈ સગવડ પણ ન હોવાથી છેવટે તંબુ તાણીને આ ઊંચાઇએ જ હિમાલયની સુંદર ઠંડીગાર હવા, રમણીય વાતાવરણ અને ઘેરા આકાશ તળે રાત્રિ વિતાવવાનું નક્કી કર્યું. સાથે સાથે A.M.S. એટલે acute mountain sickness નો અનુભવ આગળ પર થવાનો જ હતો તેથી થોડો અનુભવ અહીં જ કેમ ના કરવો ? ૨૫૭૩ મિ.ની ઉંચાઈએ પવનના સૂસવાટા તથા હિમાલયની શીતળતા અને પાતળી હવાની અસર અમારા ગ્રુપમાં સૌથી પહેલી સપનાને થઈ અને તેને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી. અમે બધા બે ઘડી તો ગભરાઈ જ ગયા. અમારી પાસેના સાધનોથી એનું જેટલું રક્ષણ થાય તેટલું કર્યું. રાત્રે બે વાગે કંઈક રાહત જણાઈ.

તા. ૭મીએ સવારે પાછા તાજામાજા થઈ આગળનો ૧૯૨ કિ.મી.નો પ્રવાસ ખેડવા સજ્જ થઈ ગયા. જીગરની બાઈકે થોડી આનાકાની બાદ આગળ જવાની તૈયારી બતાવી. ત્યાં વળી બીજી આફત આવી. આગળ પર એક લક્કી પુલ આવતો હતો તે તૂટી ગયાના સમાચાર મળ્યા. ચાલો, આવા પ્રવાસમાં આફતો ના આવે તો કેમ ચાલે ? અમારી પરીક્ષા ત્યારે જ થાય ને ! આ બધા સ્થળોએ B.S.O.ને (Bounder Security

(વધુ માટે જુઓ પાનું ૧૭)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/- તા. ૧૬ જુલાઈ, ૨૦૦૮ છૂટક નકલ રૂા. ૧૦/-

*** શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ***

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૪ વીર સંવત : ૨૫૩૪ અષાઢ સુદ – તિથિ

## જિન-વચન

### નિર્થક વચન

न लवेज्ज पुट्ठो सावज्जं न निरत्थं न यम्मयं ।
अप्पणट्ठा परट्ठा वा उभयस्संतरेण वा ।।

–उत्तराध्ययन–१-२५

કોઈ પૂછે ત્યારે પણ સાધુએ પોતાના સ્વાર્થ માટે, બીજાના સ્વાર્થ માટે કે બંનેના સ્વાર્થ માટે પાપવચન ન બોલવું જોઈએ, નિરર્થક વચન ન બોલવું જોઈએ કે બીજાના હૃદયના મર્મને ભેદે એવું વચન ન બોલવું જોઈએ.

किसी के पूछने पर भी साधु अपने लिए, अन्य के लिए या दोनों के लाभ के लिए भी सावद्य वचन न बोले, निरर्थक वचन न बोले और मर्मभेदी वचन न बोले ।

Even when asked by some one, a monk should not utter, for his own sake or for the sake of others or for the sake of both, sinful words, senseless words or heart-rending words.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત **'जिन-वचन'**માંથી)

# આચમન

## જિન તનુ દિયો તાહિ બિસરાયો !

૧૯૨૬ની સાલની વાત હશે. બાપુ દક્ષિણ તરફ ખાદી માટે પ્રવાસે નીકળ્યા હતા. તામિલનાડુનો પ્રવાસ પૂરો થયો હતો. આંધ્રમાં મોટર મારફતે પ્રવાસ ચાલતો હતો. અમે ચિકાકોલ પહોંચ્યા. રાતના દસેક વાગી ગયા હશે. ત્યાં પહોંચ્યા તો જોયું કે સારી સારી કાંતનારી બહેનોની હરીફાઈ રાખવામાં આવી હતી. ચિકાકોલની ઝીણી ખાદી આખા હિન્દુસ્તાનમાં જાણીતી છે. અમે રાત-દિવસની મોટરની મુસાફરીથી થાક્યા હતા. અમે વિચાર કર્યો કે બાપુને હરીફાઈમાં હાજર રહ્યા વગર છૂટકો નથી. પણ આપણે નાહક હેરાન શા સારુ થવું ? સીધા જઈને સૂઈ જ જવું સારું. મહાદેવભાઈ અને હું અમારી જગ્યાએ જઈને ઊંઘી ગયા. બાપુની પથારી કરી રાખેલી હતી. તેઓ ક્યારે આવીને સૂતા તેની ખબર ન પડી.

સવારે ચાર વાગ્યે અમે પ્રાર્થના કરવા ઊઠ્યા. હાથમોં ધોઈ પ્રાર્થના શરૂ કરીએ એ પહેલાં બાપુએ પૂછ્યું, 'રાત્રે સૂતા પહેલાં તમે પ્રાર્થના કરેલી ?' મેં કહ્યું, 'રાત્રે આવ્યો ત્યારે એટલો થાકી ગયો હતો કે પડ્યો તેવો જ ઊંઘી ગયો. પ્રાર્થનાનું યાદ જ ન આવ્યું. હમણાં આપે પૂછ્યું ત્યારે યાદ આવ્યું કે રાતની પ્રાર્થના રહી ગઈ !'

મહાદેવભાઈએ કહ્યું, 'હું પણ પ્રાર્થના કર્યા વગર જ સૂઈ ગયેલો. પણ આંખ મળે તે પહેલાં યાદ આવ્યું એટલે ઊઠીને પથારીમાં બેસીને જ પ્રાર્થના કરી લીધી. કાકાને ન જગાડ્યા.'

પછી બાપુએ પોતાની વાત કરી : 'હું કલાક દોઢ-કલાક હરીફાઈમાં બેઠો. ત્યાંથી આવ્યો ત્યારે એટલો થાકી ગયો હતો કે હું પણ પ્રાર્થના કરવાનું ભૂલી ગયો અને એમ ને એમ ઊંઘી ગયો. બે-અઢી વાગ્યે આંખ ઊઘડી એટલે યાદ આવ્યું કે સાંજની પ્રાર્થના કરી નથી. મને એવો આઘાત લાગ્યો કે આખું શરીર ધ્રૂજવા લાગ્યું. પરસેવાથી રેબઝેબ થઈ ગયો. ઊઠીને બેઠો, ઘણો પસ્તાવો કર્યો. જેની કૃપાથી હું જીવું છું, મારા જીવનની સાધના કરું છું, તે ભગવાનને જ ભૂલી ગયો ! આ કેવી ગફલત ! ભગવાનની ક્ષમા માંગી. પણ ત્યારથી ઊંઘ નથી આવી. આમ ને આમ બેસી રહ્યો છું.'

પછી બધાએ મળી સવારની પ્રાર્થના કરી. બાપુએ કહ્યું, 'મુસાફરીમાં પણ સાંજની પ્રાર્થના આપણે નિશ્ચિત સમયે જ કરવી જોઈએ. આખા દિવસનો કાર્યક્રમ પૂરો કરીને સૂતા પહેલાં પ્રાર્થના કરવાનું રાખીએ છીએ એ ભૂલ છે. હવે આજથી સાંજના સાત વાગ્યે જ્યાં હોઈએ ત્યાં પ્રાર્થના કરીશું.'

અમારી મોટરની મુસાફરી ચાલુ હતી. સાંજે સાત વાગ્યે ગમે ત્યાં હોઈએ, જંગલમાં હોઈએ કે ગામડામાં, ત્યાં ને ત્યાં જ મોટર થોભાવી અમે પ્રાર્થના કરી લેવાનું શરૂ કર્યું.

❑ મહેન્દ્ર મેઘાણી

સંપાદિત 'ગાંધી ગંગા' માંથી.

***

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | વાંચન એક 'હોબી' | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | કવિવર ટાગોર અને રાજકારણ | ડૉ. રણજિત પટેલ | ૫ |
| (૩) | હિંસા અને જીવન નિર્વાહ | શ્રી રવીન્દ્ર સાંકળિયા | ૭ |
| (૪) | 'ઉપદેશમાલા'નું એક વિશિષ્ટ કથાગુચ્છ : 'સગાં જ સગાંનો અનર્થ કરે છે' | ડૉ. કાંતિભાઈ બી. શાહ | ૯ |
| (૫) | અષ્ટમંગલ | શ્રી હર્ષદ દોશી | ૧૧ |
| (૬) | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ભેટ | — | ૧૪ |
| (૭) | ડૉ. જયંત મહેતા : સફળ તંત્રી, સરસ લેખક | પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ | ૧૬ |
| (૮) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૧૭ |
| (૮) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૮ |
| (૯) | આત્મસિદ્ધિ શાસ્ત્ર | પ્રા. પ્રતાપકુમાર ટોલિયા | ૧૯ |
| (૧૦) | પંથે પંથે પાથેય : વાંચનયજ્ઞનાં સંભારણાં | શ્રી શાંતિલાલ ગઢિયા | ૨૦ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/-**(U.S. $ 9) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/-**(U.S. $ 26) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/-**(U.S. $ 40)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/-**(U.S. $75) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**(U.S. $ 100)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજિવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬

❑ મેનેજર

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૭ ● ● તા. ૧૬ જૂલાઈ, ૨૦૦૮ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## વાંચન એક 'હોબી'?

એક નાટ્ય પુસ્તકમાં બે વ્યક્તિ વચ્ચેના સંવાદો વાંચ્યાં. બાહ્ય સંજોગોને કારણે નાયક અને નાયિકાના સંબંધો જ્યારે કટોકટીની કક્ષાએ પહોંચે છે, ત્યારે નાયક નાયિકાને કહે છે:–

'જ્ઞાન તપ બને ત્યારે જ પ્રકૃતિમાંથી વિકૃતિ જાય... હવે મા સરસ્વતી જ આપણને રસ્તો દેખાડશે...એટલે બસ વાંચ... વાંચ...જ્ઞાન આપણને બધાં દુ:ખોની સમજ આપશે ત્યારે દુ:ખને જોવાની આપણી દૃષ્ટિ જ બદલાઈ જશે...ત્યારે દુ:ખ દુ:ખ નહિ હોય, સુખ દુ:ખ બધું ભ્રમ લાગશે...બસ વાંચ...પુસ્તકો વાંચ, માનવીય સંબંધોને વાંચ, વિશ્વના કણકણને વાંચ...તારી જાતને વાંચ અને જે રીતે મેં તને વાંચી એ રીતે મને વાંચ...'

હમણાં હમણાં વ્યવહારિક કામ પ્રસંગે યુવક–યુવતીના બાયોડેટા વાંચવાનો પ્રસંગ આવ્યો. આ બધાં બાયોડેટામાં 'હોબી'ની કોલમમાં લગભગ બધાંએ લખ્યું હતું 'હોબી' : 'વાંચન'.

'હોબી' તો પ્રકૃતિ અને સંજોગો પ્રમાણે બદલાયા કરે, પણ વાંચન તો જીવનની પ્રત્યેક પળે હૃદયના ધબકારાની જેમ જીવન સાથે ધબકતું રહેવું જોઈએ. વાંચન એ શરીરનું ઘરેણું નહિ ચામડી બની જવું જોઈએ.

જીવનની કટોકટીની પળે સાચો મિત્ર તો આ વાંચન જ છે. એ માર્ગદર્શન આપે એમાં કોઈ સ્વાર્થ હોતો નથી.

એક વ્યક્તિના જીવનમાં વંટોળ આવ્યો, અને શાંતિ મેળવવા એક ધર્મ સ્થાનમાં ગયો, ત્યાં એક જ વાક્ય વાંચ્યું, 'શ્રદ્ધા રાખો, સબૂરી રાખો.' આ એક વાક્યે જ એના મનને શાંત કરી દીધું અને એ સ્વચિંતનમાં સરી પડ્યો. એણે વિચાર્યું માણસ શ્રદ્ધાથી જ તો જીવે છે. જન્મતાની સાથે જ બાળક મા ઉપર શ્રદ્ધા રાખે કે કોઈ પણ સંજોગોમાં એની મા એનું જતન કરશે. પછી જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ હરપળે આ શ્રદ્ધાની પ્રતીતિ થતી ગઈ. તો પછી હાલના કટોકટીના સંજોગોમાં સમય આવશે ત્યારે ઈશ્વર મદદ કરશે જ એવી શ્રદ્ધા રાખવામાં જ ડહાપણ છે. અને 'સબૂરી' એટલે ધીરજ. જ્યારે સમય પાકે ત્યારે જ વસ્તુ પ્રાપ્ત થાય છે. જેમ કે કૂવામાં રહેંટ ઊભો ગોળ ફરતો હોય પણ જ્યારે ડોલ નીચે આવે છે ત્યારે જ એમાં પાણી ભરાય છે અને પછી જ્યારે ફરતી ફરતી એ ડોલ ઉપર આવે ત્યારે જ પાણી પ્રાપ્ત થાય છે. ગમે તેટલો પ્રયત્ન કરો પણ પાણી પાસે પહોંચવાનો સમય પાકે નહિ ત્યાં સુધી પાણી મળે જ નહિ. અહીં પુરુષાર્થ અને ધીરજ બંનેની મહત્તા છે.

આપણા જૈન ધર્મે જીવન જીવવાની કળા અજબ રીતે જણાવી છે. જૈન ધર્મે દર્શાવેલી રોજિંદી દૈનિક ક્રિયામાં ઊંડા ઉતરીએ તો આ સત્યની પ્રતીતિ થાય જ. બે વખત પ્રતિક્રમણ, પૂજા અને ઉપાશ્રયમાં વ્યાખ્યાન. આ વ્યાખ્યાનનો નિયમ એ શ્રુત વાંચન જ છે. જે વ્યક્તિ વાંચવા અસમર્થ હોય એ આ શ્રુત વાચનનો લાભ લે, ઉપરાંત સામાયિક એ પણ સ્વાધ્યાય જ છે. લગભગ એક કલાક એકાગ્રચિત્તે શુભ વાચન થાય તો જીવનમાં ઘણી કર્મનિર્જરા થાય. ઉપાશ્રયમાં જવું શક્ય ન હોય તો પ્રત્યેક વ્યક્તિએ એક સામાયિક તો કરવું જ રહ્યું. આ વાંચન યાત્રા છે. જ્ઞાન પૂજા છે.

ચર્ચીલને પુસ્તકો ખરીદવાનો ગાંડો શોખ. જ્યારે જ્યારે જ્યાં જાય ત્યાંથી તક મળે એટલે પુસ્તકો ખરીદે અને ઘરમાં લાયબ્રેરીમાં ગોઠવી દે. પુસ્તકોના ઢગલાથી પત્ની વારે વારે તાડૂકે 'પુસ્તકો વાંચતા તો નથી, બસ શોભામાં ગોઠવી દયો છો.' ચર્ચીલ કોઈ ઉત્તર ન આપે. એ સમજદાર હતા કે દલીલ કરવાથી કાંઈ નહિ વળે. પત્નીના ગુસ્સાને સહન કરવો એવો પોતાનો સ્વભાવ ચર્ચીલે વાંચનથી જ કેળવ્યો હતો.

બીજું વિશ્વયુદ્ધ એની ચરમ કટોકટીએ હતું. બ્રિટીશ લશ્કર પીછેહઠ કરી રહ્યું હતું. લશ્કરના વડાએ ચર્ચીલને ફોન કરી પરિસ્થિતિ વર્ણવી અને આદેશ માંગ્યો, 'શરણે થઈએ?' ચર્ચીલે કહ્યું કે, 'બે મિનિટ આપો, નિર્ણય જણાવું છું.'

ચર્ચીલ ઘરમાં આંટા મારે, ચીરૂટ ફૂંકે, મંથન કરે પણ કાંઈ નિર્ણય ન કરી શક્યા. અંતે લાયબ્રેરીમાં ગયો, ત્યાં તો ઢગલા બંધ પુસ્તકો!! શું વાંચે? ચર્ચીલે હાથવગુ થાય એવું કોઈ પણ એક પુસ્તક કાઢ્યું, પુસ્તક ખોલ્યું, એક વાક્ય નજરે પડ્યું 'શસ્ત્ર કરતાં મનની તાકાત અનેકગણી પ્રબળ હોય છે... કોઈ પણ હાર છેલ્લી હાર નથી અને કોઈ પણ જિત છેલ્લી જિત નથી.' બસ આ વાક્યે એને ગજબની હિંમત આપી દીધી અને તરત જ યુદ્ધ ભૂમિમાં સૂચના આપી. 'આગળ વધો...જિત આપણી જ છે, વી ફોર

વિક્ટરી.' પુસ્તકના માત્ર એક વાક્યથી નવી ચેતના પ્રગટે છે. અને પરિણામે ઝનૂન અને શ્રદ્ધા, ધીરજ અને આશા, ઇતિહાસ બદલી શકે છે, વ્યક્તિનો અને વિશ્વનો.

એક વખત મારે એક મોટા ઉદ્યોગપતિને મળવાનું થયું. એ સફળ ઉદ્યોગપતિ પોતાની જાતને મહાપંડિત માને. એમની કેબિનમાં જાત જાતના પુસ્તકો, ઘરે પણ મોટી લાયબ્રેરી, વિદ્વદ્ વર્ગ પાસે પોતાના વાંચનનું પ્રદર્શન કરતા ફરે. પોતાનાથી કોઈ નાના ઉદ્યોગપતિની પાસે શિખામણના ઢગલા મૂકી દે. હું જ્યારે મળવા ગયો ત્યારે ફોન ઉપર કોઈ વેપારી સાથે ડીપલોમેટિક ચર્ચા કરતા જોયા. સત્ય છૂપાવ્યું, છાવર્યું અને પોતાની દલીલ બધાં દાખલાથી એવી રીતે કરી કે સામેનો વેપારી નિરૂત્તર થયો, પોતે સફળ થયા અને ખંધુ હસતા હસંતા ફોન મૂક્યો. થોડીવારમાં પ્યુન ચા લઈને આવ્યો, ચા લાવતા એને મોડું થયું હતું એટલે એને ગુસ્સામાં અપમાનિત કર્યો. એ અભણ પ્યૂન એટલું જ બોલ્યો, 'સાહેબ માફ કરો, પણ ગુસ્સો ન કરો આપની તબિયત બગડશે, આપનું બી. પી. વધી જશે.'

પુસ્તકો પ્રદર્શનના શોપીસ બની જવા ન જોઈએ! દંભનું સાધન બનવા ન જોઈએ.

લગભગ પાંચેક વરસ પહેલાં સૌરાષ્ટ્રના એક ગામડામાં જવાનું થયું. જે મિત્રનો મહેમાન બન્યો હતો, એ મિત્રે એક સાંજે મને કહ્યું, 'ચાલ મંદિરે જઈએ, ત્યાં હમણાં ચારેક મહિનાથી એક સાધુ બાબા આવ્યા છે. જ્ઞાની છે, તેજસ્વી છે, ગામ લોકોને એમના ઉપર અપાર શ્રદ્ધા છે.' મને થયું કે સમય છે તો જવામાં શો વાંધો? ક્યાં કોઈ 'પાખંડ' કાં કોઈ 'અખંડ'ના દર્શન થશે. ગુમાવવા જેવું તો કશું નથી જ. ત્યાં જતી વખતે રસ્તામાં મિત્રે પરિચયમાં કહ્યું હતું કે આ બાબા સવાર સાંજ માત્ર ખીચડી જ ખાય છે. અને એ પણ જાતે પકાવીને. ઉપરાંત કોઈ વ્યસન નથી. અમે મંદિરે પહોંચ્યા. ઓટલા ઉપર માત્ર બે ભગવા વસ્ત્ર ધારી બાબા બેઠા હતા. નીચે વીસ પચીસ માણસો બેઠા હતા. બાબા ઉપદેશની નહિ, વાતચીતની મુદ્રામાં એ બધાંને જીવન ઉપયોગી થોડાં દૃષ્ટાંતો આપી રહ્યા હતા. વાતાવરણ હળવું અને આત્મીય હતું.

હું પણ બધાં સાથે નીચે બેઠો. બાબાની વાતોમાં મને નિખાલસતા લાગી. અમે એક બીજાં સામે ધારી ધારીને જોઈએ, ધીરે ધીરે મને ચહેરો પરિચિત લાગવા માંડ્યો પણ કંઈ અનુસંધાન ન મળે. એ પણ મારી સામે ટીકી ટીકીને જૂએ અને મારી જેમ મથામણ અનુભવે છે એની મને પ્રતીતિ થઈ. થોડી વારે એના મનમાં ઉકેલ જાગ્યો અને મને મારા નામથી સંબોધ્યો. હું નજીક ગયો. ધ્યાનથી જોયું, અરે આ તો કૉલેજ મિત્ર કિરીટ! ભારે તોફાની! શ્રીમંતનો નબીરો!

મંદિરમાં અંદર એક ઓરડી હતી. અમે બન્ને અંદર ગયા. ઓરડીમાં કોઈ જ સાધનો નહિ. ઓરડી પૂરી ખાલી. ખૂણામાં સૂવાનું માત્ર એક બિછાનું અને બાજૂમાં ગીતાનું એક પુસ્તક. અમે બેઠાં. ભૂતકાળની વાતો કરી. થોડી વારે એક પછી એક ગ્રામજનો આવતા જાય, એમના પ્રશ્નો પૂછે, અને સલાહ માગે. એ બધાંને એક જ ઉત્તર આપે, 'તમારો સમય ખરાબ છે, ધીરજ રાખો, પૂર્વ ભવના કર્મનો ઉદય છે, છ મહિનામાં બધો ઉકેલ આવી જશે.'

મેં કહ્યું, કિરીટ, તું બધાંને એક જ જવાબ કેમ આપે છે? એ કહે, 'આ જ સનાતન સત્ય છે. જીવનના કોઈ એવા પ્રશ્ન નથી કે છ મહિનામાં ન ઉકલે.'

મેં કહ્યું, 'અને ન ઉકલે તો?'–ખૂબ જ સ્વસ્થતાથી એણે ઉત્તર આપ્યો, 'તો એ સંજોગોથી એ બધાં ટેવાઈ જશે'...હું આ ગામ લોકો પાસેથી કાંઈ લેતો નથી. બસ ખીચડી જ મારો ખોરાક. આ તપેલી, લોટો અને આ ગીતા એજ મારો અસબાબ. કોઈ જગ્યાએ છ મહિનાથી વધુ રોકાતો નથી. પગપાળા લગભગ અડધું ભારત ભમી ચૂક્યો છું. મસ્ત છું, મસ્તીમાં છું. ખીચડી માટે ચોખા અને મગ મળી રહેશે એવી શ્રદ્ધા છે, એ શ્રદ્ધા હજુ સુધી વાંઝણી નથી બની. નહિ બને.'

'પણ આ વેશ લેવાનું કારણ?' મેં પૂછ્યું.

'સમૃદ્ધ માતા-પિતા ઘરમાં રોજ ઝઘડે. બન્ને છૂટા થયા, અને બન્નેએ બીજા લગ્ન કર્યા! ત્યારે મને થયું આમાં 'હું' ક્યાં? તને ખ્યાલ છે, બી.એ.માં એક પેપર ગીતા ઉપર હતું, એટલે આપણી ભવન્સ કૉલેજમાં સાંજે આપણા પ્રાધ્યાપક નલિન ભટ્ટ 'ગીતા વર્ગ' ચલાવે. વિદ્યાર્થી ઉપરાંત એમાં ઘણાં બધાં જિજ્ઞાસુઓ આવે. એક દિવસ એમાં ગયો, જતા જ એક વાક્ય અસર કરી ગયું.

'સંસાર પરિવર્તનશીલ છે, કશું જ સ્થિર નથી.' બસ આ વાક્યે મને ચેતવ્યો. માતા–પિતા પણ ક્યાં સ્થિર રહ્યા? માતાએ ઘણું કહ્યું એમની સાથે જવાનું, પણ શો અર્થ? અને બસ ચાલી નીકળ્યો, પરીક્ષા પણ ન આપી.'

હું કિરીટને સાંભળી રહ્યો. જીવનમાં એક વાક્ય, એક વાંચન, માણસને ક્યાં ને ક્યાં લઈ જાય છે!

આપણે વાહનથી મુસાફરી કરીએ ત્યારે ટ્રકની પાછળ લખેલા વાક્યો વાંચ્યાં છે? આપણી મુસાફરીને આનંદિત અને ચિંતનશીલ કરી દે એવા એ વાક્યો હોય છે. એના માલિકો અને ડ્રાઈવરોને સલામ. આ આપણી ભારતીય સંસ્કૃતિ. અન્ય કોઈ દેશમાં એ જોવા નહિ મળે.

આવા વાંચનને આપણે 'હોબી' કહીશું? હવે આપણે એક બીજાને મળીએ ત્યારે ખબર અંતરમાં 'કેમ છો? મઝામાં ને?' એવું પૂછવાની સાથે એક વાક્ય વધુ ઉમેરવાની 'હોબી' કરીએ તો? એ વાક્ય છે. 'કેમ છો?'...હમણાં કયું પુસ્તક વાંચો છો?' મિત્ર ગુણવંત શાહ તો કહે છે કે, 'જે ઘરમાં પુસ્તક ન હોય એ ઘરમાં દીકરી ન દેવી.'

માત્ર દશ વર્ષમાં પાંચસો પુસ્તકોનું વાંચન કરનાર, 'કલાપીનો કેકારવ' જેવા માતબર કાવ્ય ગ્રંથનું સર્જન કરનાર આપણા લાડિલા રાજવી કવિ કલાપી, માત્ર ૨૬ વર્ષની યુવાન વયે મૃત્યુ પામ્યા. (આ વરસે ૯મી જુનેએમની ૧૦૮ એમની પુણ્યતિથિ હતી) અને આ વાચનથી એમણે મૃત્યુને પણ પારખી અને પામી લીધું અને સંસારના સંબંધોને જોઈ ઉખેળીને આ કલાપીએ કહી દીધું હતું કે:-

ભળીશ નહિ જનોથી, મિત્ર, સ્ત્રી, બાળકોથી,
જીવીશ, બની શકે તો એકલા પુસ્તકોથી.

કોઈ પરિચિત હોંશે હોંશે તમને પોતાના બંગલા કે ફ્લેટના ખૂણેખૂણાના ભવ્ય 'ઇન્ટિરિયર'ના દર્શન કરાવે ત્યારે જો એ ઘરના એક ખૂણામાં કોઈ છોડનું લીલા પાંદડાવાળું કુંડું ન હોય કે કોઈ ખૂણામાં પુસ્તકો ન હોય તો એવા કુટુંબ સાથે સંબંધ વધારતા પહેલાં તમે 'વિચાર' કરજો. એ કુટુંબ પાસે 'અંદર'નું ઇન્ટિરિયર નથી એનો એહસાસ કરજો.

❑ ધનવંત શાહ

# કવિવર ટાગોર અને રાજકારણ

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

આજથી લગભગ આઠેક દાયકા પૂર્વેની અમારી આદર્શ પ્રેરણા– મૂર્તિઓ ત્રણ હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને મહર્ષિ અરવિંદ ઘોષ; જો કે વિવેકાનંદનો જાદુ પણ કંઈ કમ નહોતો. આ બધા સાચા દેશભક્તો હતા. એક સૂર્ય શા કર્મયોગી, બીજા આજીવન કલાકાર, ત્રીજા ઉર્ધ્વલોકના યાત્રી ને ચોથા દરિદ્રનારાયણના પ્રખર ઉદ્‌ગાતા – શુદ્ધ સુવર્ણની લગડી જેવા સર્વ.

કવિવર ટાગોર અને રાજકારણનો વિચાર કરતા પહેલાં કવિવરનો એકરાર સમજી લેવો જોઈએ. જીવનના સાત દાયકા સક્રિયપણે વિતાવ્યા બાદ તેઓ આત્મનિરીક્ષણ – પરીક્ષણ કરતાં લખે છે: 'વિધાતાએ જો મારું આયુષ્ય દીર્ઘ ન કર્યું હોત અને સિત્તેરમા વર્ષને પહોંચવાનો સુયોગ ન દીધો હોત તો મારા સંબંધે સ્પષ્ટ ખ્યાલ પામવાનું પણ ન બની શક્યું હોત...મારું ચિત્ત અનેક કર્મ નિમિત્તે ઘણાંને ગોચર થયું છે, પણ એમાં મારો સમગ્ર પરિચય નથી. હું તત્ત્વજ્ઞાની, શાસ્ત્રજ્ઞાની, ગુરુ કે નેતા નથી–એક દિવસે મેં કહ્યું હતું: 'ચાહું ન થાવા નવ બંગે નવયુગનો ચાલક.' ...હું તો છું સૌનો મિત્ર, હું કવિ છું.' આ પછી તો કવિ ખાસ્સો એક દાયકો જીવ્યા અને 'સંસ્કૃતિનું સંકટ' લેખમાં કહે છે: 'આજે મને એંસી વરસ પૂરાં થયાં. મારું વિશાળ જીવનક્ષેત્ર આજે મારી સાથે વિસ્તરેલું છે. છેક પૂર્વ દિગંતમાં જે જીવનનો પ્રારંભ થયો હતો તેને આજે છેક બીજે છેડેથી અનાસક્ત દૃષ્ટિએ હું જોઈ શકું છું અને અનુભવું છું કે મારી અને સમસ્ત દેશની મનોવૃત્તિમાં મોટું પરિવર્તન થઈ ગયું છે. એ પરિવર્તનમાં ગંભીર દુઃખનું કારણ રહેલું છે.' જીવનનો સાતમો દાયકો વટાવ્યા બાદ, પશ્ચાદ્‌ દર્શન કરતાં, વીસમી સદીના ત્રીજા દાયકાને અંતે ભલે તેમણે કહ્યું હોય:

'ચાહું ન થાવા નવ બંગે નવયુગનો ચાલક'... પણ ઐતિહાસિક દૃષ્ટિએ એમાં સત્ય કેટલું? 'મહાત્મા ગાંધી' નામના એમના એક ઐતિહાસિક લેખમાં તેઓ લખે છે. 'ગામને જ આપણે જન્મભૂમિ કે માતૃભૂમિ કહેતા હતા. ભારતને માતૃભૂમિ તરીકે સ્વીકારવાનો અવકાશ મળ્યો નહોતો. પ્રાદેશિકતાની જાળમાં જકડાઈને અને દુર્બળતાનો ભોગ બનીને આપણે જ્યારે પડ્યા હતા ત્યારે રાનડે, સુરેન્દ્રનાથ, ગોખલે વગેરે મહાદાશય, પુરુષો આમજનતાને આશ્રય આપવા માટે આવ્યા હતા.' અલબત્ત આમાં બીજાં કેટલાંક નામ ઉમેરી શકાય... ખૂદ ટાગોરનું, પણ ઔચિત્યની દૃષ્ટિએ એ ટાળીને એક વિશેષ ને વિશિષ્ટ વિભૂતિની વાત કરતાં કહે છે: 'ઉપર્યુક્ત ત્રિપુટીએ આરંભેલી સાધનાને જેઓ પ્રબળ શક્તિથી અને દ્રુતવેગથી આશ્ચર્યજનક સિદ્ધિને માર્ગે લઈ ગયા છે તે પુરુષ તે મહાત્મા ગાંધી.' પ્રબળ શક્તિથી ને દ્રુતવેગથી આશ્ચર્યજનક રીતે સિદ્ધિને માર્ગે લઈ જનાર મહાત્મા ગાંધીના પુરોગામીઓ અને કેટલાક સમકાલીનોની સ્થિતિ કેવી હતી? તત્સંબંધે ટાગોર લખે છે: 'પહેલાંના જમાનામાં કોંગ્રેસીઓ સરકારી તંત્ર આગળ કોઈ વાર અરજી આજીજીની ટોપલી લઈ જતા તો કોઈ વાર વળી આંખ રાતી કરવાનો ખોટો ઢોંગ કરતા. તેઓ એમ માનતા હતા કે કોઈ વાર તીક્ષ્ણ તો કોઈ વાર સુમધુર વાક્યબાણ ફેંકીને પોતે મેઝિની–ગેરિબાલ્ડીના સમોવડિયા બની શકશે. તે ક્ષીણ અવાસ્તવ શૌર્યનું આજે અભિમાન લેવા જેવું કશું નથી.' ઐતિહાસિક દૃષ્ટિએ ટાગોરની આ વાત સાચી છે પણ વય અને કાર્યની દૃષ્ટિએ મહાત્મા ગાંધીના પુરોગામી તરીકે કવિવર ટાગોરનું પ્રદાન પણ નગણ્ય નથી જ. સને ૧૯૪૧માં ટાગોર એંશી વર્ષે ગુજરી જાય છે પણ સને ૧૯૨૦ થી ૧૯૪૦ સુધીની ગાંધીજીની કોઈપણ રાજકીય પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લઈ તેમણે જેલવાસ ભોગવ્યો નથી. ગાંધીજીની વિધેયાત્મક પ્રવૃત્તિઓને અને એમના વિરલ વ્યક્તિત્વને બિરદાવ્યા છે અને સને ૧૯૩૪ના બિહાર–ધરતીકંપ સમયના ગાંધીજીના અવૈજ્ઞાનિક નિવેદનને પડકાર્યું પણ છે. પણ એકંદરે 'ગુરુદેવ' અને 'મહાત્મા'નો સંબંધ સુમધુર અને ઉન્નત હતો.

એકરારમાં વિવેકપૂર્વક એ ભલે કહે કે પોતે તત્ત્વજ્ઞાની, શાસ્ત્રજ્ઞાની, ગુરુ કે નેતા નથી'...પણ પ્રજાએ એમને ગુરુ નહીં પણ 'ગુરુદેવ' રૂપે સ્વીકાર્યા છે ને એમનું શાસ્ત્રજ્ઞાન અને તત્ત્વજ્ઞાન ઉચ્ચ પ્રકારની કાવ્ય–સંપદામાં કલાત્મક રસાયણ દ્વારા અમર બની ગયું છે. સને ૧૯૧૩માં એમને પ્રાપ્ત થયેલો 'ગીતાંજલિ' માટેનો નોબેલ પુરસ્કાર એનો પ્રત્યક્ષ પૂરાવો છે. પ્યોર પોએટ્રીના પુરસ્કર્તાઓ ગમે તે માનતા હોય પણ કોલરિજ કહે છે તે પ્રમાણે–'No man was ever yet a great poet without being at the same time a profound philosopher.' (મતલબ કે કોઈ માણસ ગંભીર તત્ત્વચિંતક ન હોય તો કદી મહાન કવિ બની જ ન શકે.)

*'જનગણમન અધિનાયક જય હે' જેવું રાષ્ટ્રગીત–*
*'યદિ તોર ડાક શુને કેઉ ના આસે તબે એકલા ચલોરે,*
*એકલા ચલો, એકલા ચલો, એકલા ચલો રે,*
*(તારી જો હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે,*
*એકલો જાને, એકલો જાને, એકલો જાને રે...)*
એવું રાષ્ટ્રને આપેલું પ્રેરણાગીત અને
*'ચિત્ત યેથા ભયશૂન્ય, ઉચ્ચ યેથા શિર,*
*જ્ઞાન યેથા મુક્ત, યેથા ગૃહેર પ્રાચીર'...*

મતલબ કે ચિત્ત જ્યાં ભયશૂન્ય છે, શિર જ્યાં ઉન્નત રહે છે, જ્ઞાન જ્યાં મુક્ત છે, ઘર ઘરના વાડાઓએ જ્યાં રાત–દિવસ પોતાના આંગણામાં વસુધાના નાના નાના ટુકડા કરી મૂક્યા નથી....તે સ્વર્ગમાં તારે પોતાને હાથે નિર્દય આઘાત કરીને, હે પિતા! ભારતને જગાડ' ભારતને નિમિત્ત બનાવી સર્વ રાષ્ટ્રોની વિશ્વ–નીડની ભૂમા–પ્રાર્થના, રંગ, જાતિ, વર્ણ, રાષ્ટ્ર સર્વ સંકુ-ચિતતાઓને અતિક્રમી ઉપર ઊઠતી માનવતાને બિરદાવતી મહાનવલ – 'ગોરા' ને કાકા સાહેબ કાલેલકરે જેને 'રાષ્ટ્રોદ્ધારક

**રાજમાર્ગ ભલે ન બની શકો, કેડી તો બનો! સૂર્ય ભલે ન બની શકો, તારલા તો બનો! તમારો જય અને પરાજય કેટલા પ્રમાણમાં થાય છે તે મહત્ત્વનું નથી, તમારામાં જે કાંઈ છે તેમાંનું સર્વોત્તમ દર્શાવો એ મહત્ત્વનું છે.**

નવલકથા' તરીકે બિરદાવી છે તે નવલકથા 'ઘરે-બાહિરે'ના સર્જકનું રાજકારણ કેવું હોઈ શકે? 'ઘરે બાહિરે'માંનાં કેટલાંક અવતરણો ઉપરથી કવિવરની દેશભક્તિ ને રાજકારણની એમની સૂઝ-સમજનો ખ્યાલ આવશે: 'રોમ જ્યારે પોતાનાં પાપનો જવાબ દેતું હતું, ત્યારે તે કોઈ જોવા પામ્યું નહોતું. ત્યારે તેના ઐશ્વર્યનો પાર નહોતો. મોટી મોટી લૂંટારું સંસ્કૃતિઓનો પણ જવાબ દેવાનો દિવસ ક્યારે આવે છે, તે બાહ્યદૃષ્ટિએ દેખી શકાતું નથી. એ લોકો 'પોલિટિક્સ'ની ઝોળી ભરીને જૂઠાણાં, છેતરપિંડી, વિશ્વાસઘાત, ગુપ્તચરવૃત્તિ, 'પ્રેસ્ટીજ' જાળવવાને લોભે ન્યાય અને સત્યનું અપાતું બલિદાન – એ બધાં પાપનો બોજો ઉપાડી રહ્યાં છે. એ ભાર શું ઓછો છે? અને શું રોજ રોજ એમની સંસ્કૃતિના હૈયાનું લોહી શોષી લેતો નથી? **દેશ કરતાં પણ ધર્મને જેઓ ઉચ્ચ માનતા નથી, તેઓ દેશને પણ માનતા નથી.** (પૃ. ૧૭) 'મારી પણ પ્રતિજ્ઞા છે, કે કોઈ પણ એક ઉત્તેજનાનો તીખો દારૂ પીને ઉન્મત્તની માફક દેશકાર્યમાં મચી ન પડવું.' 'આજે સમસ્ત દેશના ભૈરવીચક્રમાં મદનું પાત્ર લઈને હું બેસી ગયો નથી, એટલે હું બધાંને અપ્રિય થઈ પડ્યો છું. લોકો ધારે છે કે મારે ઈલકાબ જોઈએ છે અથવા હું પોલીસથી ડરું છું. પોલીસ ધારે છે કે હું અંદરથી કંઈક કાવતરું રચી રહ્યો છું, એટલે જ ઉપરથી આવો સજ્જન દેખાઉં છું, આમ છતાં હું એ અવિશ્વાસ અને અપમાનને માર્ગે જ ચાલી રહ્યો છું, કારણ કે મને એમ લાગે છે કે દેશને સારી અને સાચી રીતે ઓળખી, માણસ ઉપર માણસ તરીકે જ શ્રદ્ધા રાખી જેઓને તેની સેવા કરવાનો ઉત્સાહ ચડતો નથી, જેઓ રાડો પાડી મા કહીને, દેવી કહીને મંત્રો ઉચ્ચારે છે, જેઓને વારે વારે કેફની જરૂર પડે છે, તેઓનો એ પ્રેમ દેશ પ્રત્યે નથી હોતો, જેટલો નશા પ્રત્યે હોય છે. કોઈ એક મોહની સત્ય કરતાં પણ ઉચ્ચ સ્થાને પ્રતિષ્ઠા કરવા ઈચ્છવું, એ આપણાં હાડમાં રહેલી ગુલામીનું લક્ષણ છે. જ્યાં સુધી સ્વાભાવિક સત્યમાં આપણને લહેજત પડતી નથી, જ્યાં સુધી આવી જાતના મોહની આપણને જરૂર પડે છે, ત્યાં સુધી આપણે સમજવું જોઈએ કે આપણામાં સ્વતંત્ર રીતે પોતાના દેશનું તંત્ર ચલાવવાની શક્તિ આવી નથી.' (પૃ. ૨૦, ૨૧) 'તમે જોયું નથી કે એને લીધે જ એ આપણી સ્વદેશીની પ્રવૃત્તિને પણ લોંગફેલોની કવિતા જેવી જ માને છે.' (પૃ. ૩૩) 'આજકાલ યુરોપ માણસની બધી જ વસ્તુઓને વિજ્ઞાનની નજરે જુએ છે. માણસ કેવળ શરીરવિદ્યા, જીવવિદ્યા, મનોવિદ્યા કે બહુ બહુ તો સમાજવિદ્યા હોય એ રીતે ત્યાં બધો અભ્યાસ ચાલી રહ્યો છે; પણ માણસ કોઈપણ વિદ્યા નથી. માણસ તો બધીય વિદ્યાને વટાવીને અસીમ પ્રત્યે પોતાને વિસ્તારી રહ્યો છે.' (પૃ. ૩૫-૩૬) 'દેશને નામે જેઓ ત્યાગ કરે તેઓ સાધુ ગણાય, પણ દેશને નામે જેઓ ઉપદ્રવ કરે તેઓ શત્રુ કહેવાય. તેઓ સ્વતંત્રતાનાં મૂળ કાપી પાંદડાંને પાણી પાવાનું કહે છે.' (પૃ. ૫૫). 'જેમણે રાજ્યોનો વિસ્તાર કર્યો છે, સામ્રાજ્યો સ્થાપ્યાં છે, સમાજ ઘડ્યા છે, ધર્મ સંપ્રદાયો સ્થાપ્યા છે, તેઓ જ તમારા જડ સત્યની અદાલતમાં છાતી ઠોકીને ખોટી સાક્ષી આપતા આવ્યા છે. જેઓ શાસન ચલાવે છે તેઓ સત્યથી ડરતા નથી; જેઓ હૂકમ માને છે તેમને માટે જ સત્યની લોખંડી જંજીરો હોય છે. તમે શું ઇતિહાસ વાંચ્યો નથી? તમને શું ખબર નથી કે પૃથ્વીનાં મોટાં મોટાં રસોડાંઓમાં જ્યાં રાષ્ટ્રયજ્ઞો માટે પોલિટિક્સ-રાજકારણની ખીચડી તૈયાર થાય છે, ત્યાં મસાલા બધા અસત્યના જ વપરાય છે.' (પૃ. ૬૩). 'વંદેમાતરમ્' મંત્રથી આજે લોઢાની તિજોરીનાં બારણાં ખૂલી જશે. તેના ભંડારની ભીંત ખૂલી જશે, અને જેઓ ધર્મને નામે એ મહાશક્તિને માનવાની ના પાડે છે. તેઓનાં હૃદય ચિરાઈ જશે.' (પૃ. ૭૨) 'દુનિયાના પોણા ભાગના માણસો પામર હોય છે. એ મોહને જીવતો રાખવાને માટે જ બધા દેશમાં દેવતાઓ ઉભા કરવામાં આવે છે. માણસ પોતાને ઓળખે છે. (પૃ. ૭૬). સત્યની સાધના કરવાની શક્તિ તમે લોકો ખોઈ બેઠા છો, એટલે જ તમે દેશને દેવતા બનાવી વરદાન મેળવવા માટે હાથ પસારીને બેસી રહ્યા છો. સાધ્યની સાધના કરવામાં તમારું મન ચોંટતું નથી.' (પૃ. ૭૭). 'આનું નામ જ હિપ્નોટિઝમ! એ શક્તિ જ પૃથ્વી ઉપર વિજય મેળવી શકે. કોઈ પણ ઉપાય કે સાધન નહિ ચાલે. સંમોહન જ જોઈએ.' કોણ કહે છે: 'સત્યમેવ જયતે! 'જય તો મોહનો થશે.' (પૃ. ૭૯). 'ગમે તેમ હોય, પણ દેશમાં આ માયારૂપી તાડીનું પીઠું સ્થાપવામાં હું લગારે મદદ નહિ કરું. જે તરુણો દેશના કામમાં રોકાવા ઈચ્છે છે, તેમને શરૂઆતથી જ નશાની ટેવ પાડવાના પ્રયાસમાં મારો જરાય હાથ ન હોય એમ હું ઈચ્છું છું. જે લોકો મંત્રથી ભોળવીને કામ કરાવી લેવા માગે છે, તેઓ કામની જ કિંમત વધુ આંકે છે. જે માણસના મનને તેઓ ભોળવે છે તે મનની કિંમત તેમને કશી જ નથી. પ્રમત્તતામાંથી જો દેશને ન બચાવી શકીએ, તો દેશની પૂજા એ દેશને વિષનું નૈવેદ્ય ધરાવવા બરોબર થશે.' (પૃ. ૧૦૬) 'ધર્મને ખસેડી મૂકી તેને સ્થાને દેશને બેસાડ્યો છે. હવે દેશનાં બધાં પાપ ઉદ્ધત બની બહાર પડશે. હવે તેને કશી શરમ નહિ રહે.' (પૃ. ૧૦૯-૧૧૦).

આમ, નવલકથાના માધ્યમ દ્વારા પરોક્ષ રીતે તેમણે કલાપૂર્વક દેશભક્તિ, રાષ્ટ્રવાદ, ધર્મ, સત્ય, માનવતાની પર્યેષણા કરી છે તો 'મહાત્મા ગાંધી' નામના લેખમાં પ્રત્યક્ષપણે રાજકારણ અને રાજકારણીઓના ઉધડાં લીધાં છે. તેઓ લખે છે: 'રાજતંત્રનાં અનેક પાપો અને દોષોમાં એક મહાન દોષ જો હોય તો તે આ સ્વાર્થપરતાનો. ભલે રાજકીય સ્વાર્થ ગમે તેવડો મોટો હોય, તો યે સ્વાર્થમાં જે ગંદકી રહેલી છે તે તેમાં આવ્યા વગર રહેતી જ નથી. **પોલિટિશ્યનોની એક જાત હોય છે. તેમના આદર્શોનો અને મહાન આદર્શોનો મેળ ખાતો નથી. તેઓ બેધડક જૂઠાણાં બોલી શકે છે.** તેઓ એટલા બધા હિંસક હોય છે કે પોતાના દેશને સ્વાતંત્ર્ય અપાવવાને બહાને બીજા દેશો કબજે કરવાનો લોભ છોડી શકતા નથી. પશ્ચિમના દેશોમાં એવું જોવામાં આવે છે કે એક તરફ તેઓ દેશને ખાતર પ્રાણ પાથરે છે, અને બીજી તરફ વળી દેશને નામે અનીતિને ઉત્તેજન આપે છે.' એ લોકો જેને પેટ્રિયોટિઝમ કહે છે તે પેટ્રિયોટિઝમ જ તેમને ગરદન મારશે. એ લોકો જ્યારે મરશે ત્યારે બેશક આપણી માફક નિર્જીવપણે નહિ મરે, ભયંકર અગ્નિ ઉત્પન્ન કરીને એક ભીષણ પ્રલયમાં મરશે.' પોલિટિશિયનો કાર્યાર્થી માણસો હોય છે. તેઓ માને છે કે કાર્ય સિદ્ધ

જેઓ અત્યંત અલ્પ જાણે છે તેઓ જ સૌથી વધુ ગર્વિષ્ટ હોય છે, પરંતુ જેઓ સૌથી વધુ જાણે છે તેઓ તો સહેજ પણ અભિમાની હોતા નથી. અભિમાન એ માનવીય છીછરાપણાનું ચિહ્ન છે અને તે મનુષ્યની પોકળતાનું પરિણામ છે.

કરવું હોય તો જૂઠની જરૂર પડે છે, પરન્તુ વિધાતાનું વિધાન એવું છે કે એ છળ અને ચાતુરી પકડાયા વગર રહેતાં નથી.' એક સુભાષિત પ્રમાણે:

અધર્મેણૈધતે તાવત્ તતો ભદ્રાણિ પશ્યતિ ।

તતઃ સપત્નાન્ જયતિ સમૂલસ્તુ વિનશ્યતિ ।।

મતલબ કે 'અધર્મથી માણસ અમુક વખત પૂરતો સંપત્તિવાન થાય છે, સુખો પામે છે, હરીફો ઉપર વિજય મેળવે છે, પણ અંતે સમૂળગો નાશ પામે છે.'

ટાગોરનો ઉછેર, શિક્ષણ, સંસ્કાર, વ્યવહાર, જીવન રીતિનીતિ જોતાં તેઓ અંગ્રેજોને 'માનવજાતિના હિતૈષી' તરીકે જોતા ને વિશ્વાસપૂર્વક તેમની ભક્તિ કરતા હતા પણ 'સંસ્કૃતિનું સંકટ'માં તેમણે કરેલા એકરાર પ્રમાણે: 'એકાંતમાં સાહિત્ય રસના સંભોગની સામગ્રીના આવરણમાંથી એક દિવસ મારે બહાર આવવું પડ્યું હતું. તે દિવસે ભારતવર્ષની આમ જનતાનું જે દારુણ દારિદ્રય મારી સામે પ્રગટ થયું, તે હૃદય વિદારક હતું. અન્ન, વસ્ત્ર, પાણી, શિક્ષણ, આરોગ્ય વગેરે મનુષ્યના શરીરને અને મનને જ કંઈ આવશ્યક છે, તેનો આવો અત્યંત અભાવ મને લાગે છે કે પૃથ્વીના આધુનિક રાજ્યતંત્રવાળા કોઈપણ દેશમાં નહિ હોય. અને આમ છતાં એ દેશ અંગ્રેજોને લાંબા સમયથી તેમનું ઐશ્વર્ય પૂરું પાડતો આવ્યો છે. જ્યારે હું સભ્ય જગતના મહિમાનું એકચિત્તે ધ્યાન ધરતો હતો ત્યારે કોઈ દિવસ હું કલ્પી પણ નહોતો શક્યો કે સભ્ય, નામધારી માનવ-આદર્શ આવું નિષ્ઠુર અને વિકૃત રૂપ ધારણ કરી શકે છે, પરન્તુ આખરે એક દિવસ એ વિકૃતિ મારફતે કરોડોની જનતા પ્રત્યે સભ્ય જાતિએ દાખવેલું અપરિસીમ અવજ્ઞાપૂર્ણ ઔદાસીન્ય હું જોઈ શક્યો.'

પ્રકૃતિએ ટાગોર રાજકારણના માણસ નહોતા. અણુએ અણુએ એ ક્રાન્તદર્શી કવિ, મૌલિક સર્જક હતા. એમણે અનેક દેશોનો પ્રવાસ ખેડેલો ને જે તે દેશોના ઉત્થાન-પતનના રાજકારણથી પરિચિત હતા, તો ભારતના રાજકારણથી અનભિજ્ઞ શી રીતે રહી શકે? 'સંસ્કૃતિનું સંકટ' નામે લેખમાં પુણ્યપ્રકોપ સાથે ક્રાન્તદર્શી કવિની અદાથી એ ભવિષ્યવાણી ભાખે છે: 'ભાગ્યચક્રના પરિવર્તન દ્વારા એક દિવસ તો અંગ્રેજોને આ ભારત-સામ્રાજ્ય છોડીને જવું જ પડશે. પરંતુ તેઓ પોતાની પાછળ કેવા શ્રીહીન કંગાલિયતના ઉકરડા સમા ભારતવર્ષને મૂકી જશે!...આજે હું સામા કિનારાનો મુસાફર છું. પાછળના ઘાટ ઉપર શું જોતો આવ્યો? શું મૂકતો આવ્યો? એક અભિમાની સંસ્કૃતિનાં ચારે કોર વેરાયેલાં ખંડિયેરો! ઇતિહાસમાં એ કેટલું તુચ્છ લેખાશે!' 'ક્વીટ ઈન્ડિયા' મૂવમેન્ટ ૧૯૪૨માં આવી, પણ સને ૧૯૪૧માં તેઓ કહે છે: 'મનુષ્યત્વના પરાભવને અંતહીન અને ઉપાયહીન માની લેવો એને હું અપરાધ સમજું છું... આજે હું એટલું કહેતો જાઉં કે પ્રબળ પ્રતાપશાળીનાં પણ સામર્થ્ય, મદમત્તતા, આત્મ-ભરિતા સલામત નથી. એ પુરવાર થવાનો દિવસ આજે સામે આવીને ઊભો છે.' છાસઠ સાલ પૂર્વેની આ ભવિષ્યવાણી છે – કાન્તદર્શી કવિની. ✱✱✱

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૭.

# હિંસા અને જીવન નિર્વાહ

❑ શ્રી રવીન્દ્ર સાંકળિયા

*'પ્ર.જી.'ના મે મહિનાના અંકમાં શ્રી કાકુભાઈ મહેતાનો લેખ 'આ હિંસાને જીવન નિર્વાહનો હક કહી શકાય?'ના સમર્થનમાં વિદ્વાન વાચક શ્રી રવીન્દ્રભાઈ સાંકળિયાના વિચારો પ્રાપ્ત થયા એ અહીં આભાર સાથે પ્રસ્તુત કરીએ છીએ.*

શ્રી કાકુભાઈ મહેતાનો 'આ હિંસાને જીવન નિર્વાહનો હક કહી શકાય?' ઉપર ઉપરથી વાંચતા એમ લાગે કે આ લેખમાં ઘણા વિવાદાસ્પદ વિધાનો છે, પણ મારા નમ્ર મત મુજબ તો આ લેખના એકેએક શબ્દ સાથે સંપૂર્ણ રીતે સંમત થવાય. હું અહીં થોડા વધારે મુદ્દા રજૂ કરવા માંગું છું:–

કતલખાના ફક્ત પર્યુષણ દરમ્યાન જ શું કામ બંધ રાખવાનાં? એ તો હંમેશ માટે-સંપૂર્ણપણે-બંધ રાખવા જોઈએ. ગોવધ પર જ પ્રતિબંધ મૂકવો જોઈએ. એમ કરવામાં આપણી સરકારને શું મુશ્કેલી આવે છે તે જ સમજાતું નથી. આમાં માંસાહારી વ્યક્તિ-ઓને અન્યાય થાય છે એમ કહેનારાઓને આપણે વિનયપૂર્વક જણાવી દેવાનું કે ભાઈ, ભારતમાં રહેવું હશે તો તમે ગાયનું માંસ નહિ ખાઈ શકો. ખરૂં જોતાં તો તમે તમારા ખોરાક માટે કોઈપણ પ્રાણીની હિંસા કરો તે સર્વથા અનુચિત જ છે, પણ કમ સે કમ અમે ગાયનો વધ તો નહિ જ કરવા દઈએ. કારણ ગાય અમારી માતા સમાન છે. બહુ પવિત્ર છે. વળી એમ પણ કહેવું જોઈએ કે ગાયનું દૂધ પીવું એમાં પણ હિંસા છે, કારણ આજકાલ દૂધના વધુ ને વધુ ઉત્પાદન માટે ગાય (કે ભેંસ) પર કૃત્રિમ રીતે ગર્ભાધાન કરાવાય છે. આ અત્યાચાર છે, નરી ક્રૂરતા છે. આથી દૂધ પણ સંપૂર્ણપણે ત્યાજ્ય ગણાવું જોઈએ. હવે તો પશ્ચિમના લોકો પણ દૂધ પીનારાઓને શાકાહારી નથી ગણતા. વૈજ્ઞાનિક રીતે પણ સિદ્ધ થઈ ચૂક્યું છે કે મનુષ્યના શરીરની રચના એવી છે કે એને દૂધની જરૂર જ નથી. બાળક ત્રણ-ચાર વર્ષનું થાય ત્યાં સુધી જ દૂધ જરૂરી છે અને તે પણ પોતાની માતાનું, નહિ કે અન્ય કોઈ પ્રાણીનું...બીજું માંસાહારી લોકોએ સમજવું જોઈએ કે સારૂં માંસ મેળવવા માટે પશુઓને હૃષ્ટપુષ્ટ રાખવા જોઈએ તે માટે તેમને માટે ઘાસચારાવાળી જમીન મુક્ત રાખવી પડે અને એટલી જમીન અનાજ ઉગાડવા માટે ઉપલબ્ધ નહિ થાય તેથી દુનિયામાં અનાજની તંગી સરજાય. માંસ ખાવાનું જ બંધ કરો તો અમેરિકા એમ નહિ કહી શકે કે ભારતીયોનો ખોરાક વધ્યો છે એટલે અનાજની તંગી થઈ છે.

માટે માંસ વેચનારાઓને કે દૂધ વેચનારાઓના જીવન નિર્વાહના પ્રશ્ન પર આપણે ચિંતા કરવાની જરૂર નથી. એવી તો ઘણી બાબતો છે કે એમાં જો આપણે લોકોના જીવન નિર્વાહની ચિંતા કરતાં બેસીએ તો કોઈ સમાજોપયોગી કામ જ નહિ થઈ શકે! ધુમ્રપાન ન કરવું જોઈએ એ લોકોના મગજ પર ઠસાવવા માટે જાતજાતની તરકીબો અજમાવાય છે તેને બદલે તમાકુની ખેતી પર જ પ્રતિબંધ મુકી દો ને! પતી ગઈ વાત. પછી તમાકુની ખેતી કરનારાઓનું શું થશે એની ચિંતા કરવાની જરૂર નથી. અરે! કંઈ નહિ તો વિદેશી સિગરેટની આયાત તો બંધ કરો! ૧૯૯૦ની સાલમાં

એમ તારણ નીકળ્યું કે અમેરિકામાં ધુમ્રપાન કરનારાઓની સંખ્યા અડધોઅડધ ઘટી ગઈ તેથી ત્યાંના તે વખતના ઉપપ્રમુખ ડેન કેઈલને ફિકર થઈ કે અમેરિકાના તમાકુ ઉદ્યોગનું શું થશે ? તેથી એમણે એક નિવેદન કર્યું જે આપણને સૌને આંચકો આપે એવું છે. એમણે કહ્યું, 'અમેરિકામાં ધુમ્રપાન બહુ જ ઘટી ગયું છે તેમ હવે આપણે સિગરેટના નિકાસ પર વધુ ધ્યાન આપવું જોઈએ. આપણી સિગરેટ બીજા દેશોમાં જાય તેને માટે વ્યવસ્થિત રીતે જોરદાર પ્રચાર કરો. આપણો તમાકુનો ઉદ્યોગ મંદ પડે તે ખોટમાં જાય તે ન ચલાવી લેવાય ! પોતાના દેશના સ્વાસ્થ્યની જાળવણી માટે બીજા દેશોનું સ્વાસ્થ્ય બગડે તો ભલે બગડે–એની પરવા એમને ન હતી ! ! પોતાના ધ્યેયમાં અમેરિકા સફળ પણ થયું અને એશિયાઈ દેશોમાં અમેરિકન સિગરેટની ખપત બહુ જં વધી ગઈ. આના પરથી ધડો લઈને આપણા દેશના આરોગ્યમંત્રીએ વિદેશી સિગરેટની આયાત પર તાબડતોબ પ્રતિબંધ મૂકવો જોઈએ અને આપણા દેશમાં તમાકુ જ નહિ પણ અન્ય નશીલા દ્રવ્યો જેવાં કે ગાંજો, ભાંગ, ચરસ બધાનાં જ ઉત્પાદન પર પ્રતિબંધ મૂકવો જોઈએ. આજે ઘણાં શ્રીમંત લોકો લગ્નપ્રસંગે લખલૂંટ ખર્ચ કરે છે ત્યારે ચારે બાજુથી ટીકા થાય છે કે પૈસાનો આટલો બધો ધૂમાડો શા માટે ! દોલતનું આવું વરવું પ્રદર્શન (વલ્ગર ડિસપ્લે ઓફ વેલ્થ) બરાબર નથી. સાવ સાચી વાત. પણ તેની સામે કોઈ એમ દલીલ કરે કે શ્રીમંત વર્ગ આવો ખર્ચ નહિ કરે તો ફૂલહાર વાળાઓ, સ્ટેજ ડેકોરેટરો, ખાણીપીણી પુરૂં પાડનાર કેટેરરો એ બધાનો ધંધો ભાંગી પડશે. આ દલીલ આપણે માન્ય કરીશું ? હરગીજ નહિ. બગાડ એ બગાડ જ છે. તે બંધ થવો જ જોઈએ. એ સમાજના હિતમાં છે.

આજે રોજની ઘરવપરાશની ચીજો શાકભાજી, ફળફળાદિ વિ. જે આપણને ફુટપાથ પરના ભૈયા પાસેથી કે લારીવાળા પાસેથી છુટક મળે છે તે હવે રીલાયન્સ અને ગોદરેજ જેવી કંપનીઓ મોટા એરકન્ડીશન્ડ સ્ટોર્સમાં એકદમ સસ્તે ભાવે વેચે છે. આને લીધે છુટક વેચનારાઓના ધંધાને જરૂર અસર થવાની અને તેની ચિંતા આપણે અવશ્ય કરવી જોઈએ. રીલાયન્સ અને ગોદરેજ જેવી કંપનીઓને આવો ધંધો કરવા લાયસન્સ જ ન આપવું જોઈએ. એમની પાસે કરોડોની મુડી છે. અસંખ્ય ધંધાઓ છે. આ ધંધો ન કરે તો ભૂખે નથી મરવાના. એમને સમજાવવું જોઈએ કે તમે જે કરી રહ્યા છો તે સમાજના હિતમાં નથી. એનાથી ગરીબી અને બેકારી વધશે. સમજીને બંધ કરે તો સારૂં નહિ તો પછી સરકારે કાયદાનો આશ્રય લેવો પડે.

જેને આપણે જીવન નથી આપી શકતા તેનો જીવ લેવાનો અધિકાર આપણને નથી, માટે કોઈ ગુનેગારને ફાંસી ન આપવી જોઈએ અને કોઈ વ્યક્તિને સ્વેચ્છામૃત્યુમાં પણ મદદ ન કરવી જોઈએ. સાચી વાત, પણ ગુનેગાર અને આતંકવાદી વચ્ચેનો ફરક સમજવો પડશે. કોઈ ગુનેગારને ફાંસી ન આપો, એ સારા રાહ પર આવે, જીવન સુધારે એને માટે તમે બધા પ્રયત્ન કરો તે બરાબર છે. પણ આતંકવાદીને ફાંસી જ થવી જોઈએ. એમને સમાજમાં છુટ્ટા મૂકાય જ નહિ. એક તો એ લોકો સુધરવા તૈયાર જ નથી. અને પોતાના કર્યાનો કંઈ પસ્તાવો પણ નથી. યુદ્ધ ન થાય તે માટે પાંડવોએ લાખ પ્રયત્ન કર્યા. ખુદ ભગવાન વિષ્ટિનો સંદેશો લઈ ગયા. છતાં કૌરવો માન્યા જ નહિ તો તો પછી એમનો સંહાર કરવો જ પડે. એ હિંસા અનિવાર્ય હતી. ધર્મની સ્થાપના અને અધર્મના નાશ માટે હતી. કૃષ્ણ ભગવાને શિશુપાળને સોળ સોળ વખત માફી આપી તો પણ એ સુધર્યો નહિ તો પછી એને માટે તો સુદર્શન ચક્ર જ હોય. અહીં વ્યક્તિનો નહિ સમષ્ટિનો વિચાર કરવાનો છે. સ્વેચ્છામૃત્યુ (યુથનેશિયા) વિશે હજી ઘણા મતભેદ છે. શાંતિથી વિચારીએ, માનવતાની દૃષ્ટિએ જોઈએ તો અસહ્ય બિમારીથી પીડાતી વ્યક્તિને સ્વેચ્છામૃત્યુનો (ધ રાઈટ ટુ ડાઈ) હક્ક હોવો જોઈએ. બીજા ક્ષુલ્લક કારણોસર દા. ત. પ્રેમભંગ કે પરીક્ષામાં નિષ્ફળતા કોઈને આપઘાત કરવા પ્રેરે તેને મૃત્યુના અધિકારમાં ન ખપાવી શકાય. આ સંદર્ભમાં આજે જ જ્યારે આ લેખ લખાય છે ત્યારે જ વર્તમાન પત્રમાં સમાચાર છે કે 'આપઘાત કરવામાં અસફળ થનાર વ્યક્તિને ગુનેગાર ગણીએ એને કંઈ શિક્ષા કરવી જોઈએ કે નહિ તે પ્રશ્ન ફરી એક વાર કાયદા મંત્રાલય (લો કમિશન) સમક્ષ આવ્યો છે. ઈન્ડિયન પેનલ કોડની કલમ ૩૦૯ મુજબ આપઘાત કરવામાં અસફળ વ્યક્તિને ગુનેગાર ગણવામાં આવે છે અને એક વર્ષની સાદી કેદ તેમજ દંડની સજા થાય છે. ૧૯૯૪માં સુપ્રિમ કોર્ટે આ કલમ ગેરબંધારણીય છે એમ કહીને રદ કરી હતી પણ ૧૯૯૬માં એ ચુકાદો પાછો ફેરવવામાં આવ્યો હતો. એટલે કલમ ૩૦૯ પછી જેમની તેમ રહી. હવે વળી પાછું એના પર ફેરવિચારણા થવાની છે. કારણ લો કમીશન એમ માને છે કે અસફળ આપઘાતના કિસ્સાઓમાં વ્યક્તિ પ્રત્યે સહાનુભૂતિ અને અનુકંપા ભરેલું વર્તન રાખવું જોઈએ. માનવતાભર્યું વર્તન કરવું જોઈએ. આ બાબતમાં લો કમીશનના નિર્ણયની રાહ જોવી રહી.

સમાપનમાં એમ કહી શકાય કે બે–ત્રણ વસ્તુનું ખાસ ધ્યાન રાખવાનું છે:

(૧) જીવનનું સર્જન અને વિસર્જન કરવાનું કામ કુદરતનું છે. માનવી એમાં હસ્તક્ષેપ કરે તો કુદરતનું સંતુલન જોખમાય છે જે પાછું મેળવવા માટે કુદરતે આકરા પગલાં લેવા પડે છે.

(૨) જે કંઈ પણ નિર્ણય લેવાય તે.

(અ) સમાજના હિતમાં છે કે નહિ. વ્યક્તિ નહિ પણ સમષ્ટિનો વિચાર કરવાનો છે.

(બ) ધર્મની સ્થાપના અને અધર્મના વિનાશ માટે છે કે નહિ.

* * *

૭, ડૉ. કે. એન. રોડ, ગામદેવી, મુંબઈ–૪૦૦ ૦૦૭.

**સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી**

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે આ વરસે ૭૪ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા બુધવાર તા. ૨૭ મી ઑગસ્ટ, ૨૦૦૮ થી ગુરુવાર તા. ૪ થી સપ્ટેમ્બર, ૨૦૦૮ સુધી નવ દિવસ માટે શ્રી પાટકર હૉલ, ન્યૂ મરીન લાઈન્સ, ચર્ચગેટ, મુંબઈ–૪૦૦ ૦૨૦ માં યોજવામાં આવી છે. રોજ બે વ્યાખ્યાનો રહેશે, સવારે ૮–૩૦ થી ૯–૧૫ અને ૯–૩૦ થી ૧૦–૧૫.

સર્વને પધારવા નિમંત્રણ છે.

–મેનેજર

# 'ઉપદેશમાલા'નું એક વિશિષ્ટ કથાગુચ્છ: 'સગાં જ સગાંનો અનર્થ કરે'

❑ ડૉ. કાન્તિભાઈ બી. શાહ

'ઉપદેશમાલા' એ શ્રી ધર્મદાસ ગણીએ પ્રાકૃત ભાષામાં ૫૪૪ ગાથામાં રચેલો ગ્રંથ છે. કહેવાય છે કે પોતાના સંસારી પુત્ર રણસિંહને પ્રતિબોધિત કરવા માટે કર્તાએ આ ગ્રંથની રચના કરી હતી. આ ધર્મદાસ ગણીના જીવનકાળ અંગે કેટલાંક મતમતાંતરો છે. કેટલાંક એમને શ્રી મહાવીર સ્વામીના હાથે દીક્ષિત થયેલા માને છે, જ્યારે ઇતિહાસવિદો એમને મહાવીર નિર્વાણ પછી (વીર સંવત ૫૨૦ લગભગ) થયાનું માને છે. ત્રીજો એક મત એવો પણ છે કે પ્રભુ મહાવીરદીક્ષિત ધર્મદાસ ગણી અને 'ઉપદેશમાલા'કાર ધર્મદાસ ગણી અલગ અલગ છે.

આ ગ્રંથ ઉપદેશપ્રધાન, વૈરાગ્યપ્રેરક અને ધર્માભિમુખ કરનારો ગ્રંથ છે. ધર્મદાસ ગણી પછીથી થયેલા ઘણાં ધર્મગ્રંથકારોએ પોતાની રચનાઓમાં આ ગ્રંથની સામગ્રીનો સાક્ષીપાઠ તરીકે આધાર લીધો છે.

વિષયની દૃષ્ટિએ જૈન પરંપરા અનુસાર આ ગ્રંથને ચરણકરણાનુયોગનો ગ્રંથ ગણવો પડે. કેમકે એમાં સાધુજીવનના આચારવિચારોની વાત મહદંશે કરવામાં આવી છે. એ રીતે આ ગ્રંથ મુખ્યત્વે સાધુજીવનની આચારસંહિતા જેવો છે.

જેમ સાધુના આચારવિચાર, એમ શ્રાવકધર્મના પાલનની વાત પણ અહીં કહેવાય છે. શ્રાવકે ત્યજવાનાં અભક્ષ્યો, આજીવિકા કે વ્યવસાયમાં જાળવવાની શુદ્ધિ, સત્સંગ, પરિગ્રહત્યાગ વ.ની વાત અહીં રજૂ થઈ છે. તે ઉપરાંત, હળુકર્મી અને ભારેકર્મી જીવો, વસ્તુનું અનિત્યપણું, મોક્ષસુખની શ્રેષ્ઠતા, કર્મોનું સ્વરૂપ, રાગદ્વેષથી સર્જાતાં અનિષ્ટો, દેવ–મનુષ્ય–તિર્યંચ–નારકીલોકનાં સ્વરૂપો, મનુષ્યભવની દુર્લભતા જેવા અનેક તાત્ત્વિક વિષયોને અનુલક્ષીને અહીં ધર્મોપદેશ કરવામાં આવ્યો છે.

આ ગ્રંથની મોટી સિદ્ધિ એ છે કે એના ઉપર અનેક ટીકાગ્રંથો રચાયા છે. સંસ્કૃત–પ્રાકૃતમાં ટીકા, વિવરણ, અવચૂરિ, વૃત્તિ, કથાઓ ઉપરાંત જૂની ગુજરાતીમાં રચાયેલા બાલાવબોધો વ.ની મોટી સંખ્યા જ આ ગ્રંથની પ્રભાવકતાનો મોટો પુરાવો છે.

'ઉપદેશમાલા' પરનો સૌથી મહત્ત્વનો ટીકાગ્રંથ 'હેયોપાદેય ટીકા' સં. ૯૭૪માં શ્રી સિદ્ધર્ષિ ગણી પાસેથી પ્રાપ્ત થાય છે. આ ટીકાગ્રંથમાં કર્તાએ મૂળ પાઠોને વ્યવસ્થિત કરી આપવા સાથે મૂળ ગાથાઓમાં જે દૃષ્ટાંતો નિર્દેશાયેલાં છે એની કથાઓને સંક્ષેપથી સંસ્કૃત ભાષામાં રજૂ કરી આપી છે. સિદ્ધર્ષિ ગણીના અનુગામી ટીકાકારો ઘણુંખરું આ 'હેયોપાદેય ટીકા'ને અનુસર્યા છે.

અનુગામીઓમાં મોટું કામ આચાર્ય વર્ધમાન સૂરિએ કર્યું છે. એમણે 'ઉપદેશમાલા' પરનો ટીકાગ્રંથ સં. ૧૦૫૫માં ખંભાતમાં રચ્યો. એમાં એમણે અગાઉના સિદ્ધર્ષિ ગણીની 'હેયોપાદેય ટીકા'નો જ પાઠ સ્વીકાર્યો; સાથે મહત્ત્વનું કામ એ કર્યું કે સિદ્ધર્ષિ ગણીનાં સંસ્કૃત ભાષી સંક્ષિપ્ત કથાનકોને સ્થાને પોતાનાં વિસ્તૃત પ્રાકૃત કથાનકો જોડ્યાં. જોકે અપવાદ રૂપે કેટલીક મૂળની જ સંસ્કૃત કથાઓ રહેવા દીધી છે તો કવચિત કથા ઉમેરી પણ છે.

પ્રાચીન ગુજરાતીમાં 'ઉપદેશમાલા' પરનો ટીકાગ્રંથ સં. ૧૪૮૫માં રચાયેલો સૌથી જૂનો બાલાવબોધ શ્રી સોમસુંદરસૂરિનો પ્રાપ્ત થાય છે. મૂળ ગ્રંથમાં ધર્મદાસ ગણીએ ગાથાઓમાં જે દૃષ્ટાંતોનો કેવળ નિર્દેશ કર્યો છે તે દૃષ્ટાંતોનું વસ્તુ લઈને સોમસુંદરસૂરિએ અહીં નાનામોટા કદની દૃષ્ટાંતકથાઓ આલેખી છે. અહીં ૬૮ કથાઓ જે–તે ગાથાના બાલાવબોધને છેડે અલગ કથારૂપે રજૂ થઈ છે, જ્યારે ૧૫ જેટલાં દૃષ્ટાંતો ગાથાવિવરણ–અંતર્ગત જ સાંકળી લેવાયાં છે. એમ અહીં ૮૩ જેટલી દૃષ્ટાંતકથાઓ પ્રાપ્ત થાય છે. એ રીતે આ ગ્રંથે એક કથાકોશની ગરજ પણ સારી છે એમ કહી શકાય.

આ દૃષ્ટાંતકથાઓનું **પાત્રાનુસારી વર્ગીકરણ** કરતાં અહીં મુખ્યત્વે નીચે પ્રમાણે કથાઓ આલેખિત થઈ છે.

(૧) **સાધુ મહાત્માઓની ચરિત્રકથાઓ** જેમાં બાહુબલિ, જે જંબૂસ્વામી, ચિલાતીપુત્ર, ઢંઢણકુમાર, પ્રસન્નચંદ્ર, રાજર્ષિ, મેતાર્ય મુનિ, મેઘકુમાર, સ્થૂલિભદ્ર વ. મહાત્માઓની લગભગ ૩૦ ઉપરાંત ચરિત્રકથાઓ. (૨) **મહાસતીઓ અને અન્ય નારીપાત્રોની કથાઓ** જેમાં મૃગાવતી, સુકુમાલિકા, ચંદનબાળા, ચેલ્લણા રાણી, ચુલણી માતા વ.ની કથાઓ. (૩) **ચક્રવર્તીઓ–રાજાઓ–મંત્રીઓની કથાઓ** જેમાં ભરતેશ્વર ચક્રવર્તી, સનત્કુમાર ચક્રવર્તી, પ્રદેશી રાજા, શ્રેણિક રાજા, ચાણક્ય મંત્રી, અભયકુમાર વ.ની કથાઓ. (૪) **શ્રેષ્ઠીઓની કથાઓ** જેમાં તામલિ શ્રેષ્ઠી, શાલિભદ્ર, પૂરણ શ્રેષ્ઠી, કામદેવ શ્રાવક વ.ની કથાઓ. (૫) **તીર્થંકર–ગણધરની કથાઓ** જેમાં મહાવીર પ્રભુનો મરીચિભવ, ઋષભદેવ, ગૌતમસ્વામીની કથાઓ. (૬) **વિદ્યાધર / દેવ / પ્રત્યેક બુદ્ધની કથાઓ** જેમાં સત્યકિ વિદ્યાધાર, દર્દુરાંક દેવ, કરકંડુ વ.ની કથાઓ. (૭) **લૌકિક પાત્રોની કથાઓ** જેમાં ભીલ, રથકાર, દ્રમક ભિખારી, માતંગ, નાપિત, ત્રિદંડી, ધૂર્ત બ્રાહ્મણ, કાલસૂરિયો ખાટકી, ખાટકીપુત્ર સુલસ વ.ની કથાઓ. (૮) **પશુપંખીઓની કથાઓ** જેમાં મૃગ, પોપટ બેલડી, માસાહસ પંખી, દર્દુર, હાથી, સસલું વ.ને લગતી કથાઓ સમાવિષ્ટ છે.

**કથાપ્રયોજન**ની દૃષ્ટિએ વિચારીએ તો આ ગ્રંથની એકેએક દૃષ્ટાંતકથા કોઈ ને કોઈ પ્રયોજનથી કહેવાઈ છે. પણ એમાંથી બેએક પ્રયોજનોવાળી કથાઓ અહીં મોટી સંખ્યામાં જોવા મળે છે.

(૧) પૂર્વભવનાં કર્મોનો વિપાક અને એનાં સારાં–માઠાં ફળ દર્શાવવાના પ્રયોજનથી કહેવાઈ છે. જેવી કે નંદિષેણ સાધુ, મેઘ-કુમાર, મેતાર્ય મુનિ, મહાવીર સ્વામીનો મરીચિભવ વિષયક કથાઓ.

(૨) નિકટનાં સગાં જ સગાંનો અનર્થ કરે–આ પ્રયોજનવાળી કથાઓનું આખું ગુચ્છ અહીં પ્રાપ્ત થાય છે. મૂળ ગ્રંથ 'ઉપદેશમાલા'ની ૧૪૫ થી ૧૫૧ ક્રમાંકોવાળી ગાથાઓમાં એ નિર્દિષ્ટ છે. જેમાં માતા પુત્રનો, પિતા પુત્રનો, ભાઈ ભાઈનો, પત્ની પતિનો, પુત્ર પિતાનો, મિત્ર મિત્રનો, સ્વજન સ્વજનનો અનર્થ કરે છે.

'ઉપદેશમાલા'ના જુદા જુદા ટીકા ગ્રંથો અને બાલાવબોધોમાં આ કથાગુચ્છ પ્રાપ્ત થાય છે એનો કથાસાર નીચે પ્રમાણે છે.

**(૧) માતા પુત્રનો અનર્થ કરે :**

કાંપીલ્યપુરમાં બ્રહ્મ નામે રાજા હતો. એની રાણીનું નામ ચુલણી. પુત્રનું નામ બ્રહ્મદત્ત. બ્રહ્મ રાજા મૃત્યુ પામતાં, બ્રહ્મનો મિત્ર અને પડોશી

રાજ્યનો રાજા દીર્ઘ બ્રહ્મના રાજ્યની સંભાળ લેવા કાંપીલ્યપુરમાં આવીને રહ્યો. આ ગાળામાં બ્રહ્મરાજાની વિધવા રાણી ચુલણી સાથે આ મિત્ર રાજાને આડો સંબંધ બંધાયો. સમય જતાં પુત્ર બ્રહ્મદત્તને આ વાતની જાણ થઈ. માતાને એ સીધો ઠપકો તો કેવી રીતે આપી શકે ? એટલે આ અનૈતિક સંબંધ પરત્વે માતાનું ધ્યાન સાંકેતિક રીતે દોરી શકાય એવી યોજના એણે બનાવી. પુત્ર બ્રહ્મદત્તે કાગ અને કોયલનો સમાગમ કરાવી પછી ખડગથી એમને મારી નાખ્યાં. અહીં આવી વસેલો દીર્ઘરાજા આનો સંકેત પામી ગયો. એટલે એણે ચુલણી રાણીને સલાહ આપી કે 'તું તારા પુત્રને મારી નાખ.' માતાએ પોતાના કામુક સંબંધ આડે પુત્રનો અંતરાય દૂર કરવા પુત્ર બ્રહ્મદત્તને લાક્ષાગૃહમાં મોકલી આપ્યો અને રાત્રે લાક્ષાગૃહને આગ લગાડી. જોકે રાજ્યના વફાદાર ધનુ મહેતાએ અગમચેતી વાપરીને એક સુરંગ બનાવી રાખી હતી. પુત્ર એ સુરંગ દ્વારા નાસી છૂટ્યો. પછી સમય જતાં દીર્ઘરાજાને હરાવી, દિગ્વિજય કરી તે ચક્રવર્તી બન્યો.

**(૨) પિતા પુત્રનો અનર્થ કરે :**

તેતલિપુર નગરમાં કનકકેતુ રાજા રાજ્ય કરતો હતો. એની રાણીને જે કોઈ પુત્ર જન્મે એનાં અંગો છેદી રાજા એને વિકલાંગ કરી મૂકતો. કારણ એની રાજ્યતૃષ્ણા. રાજાનો સત્તાલોભ એટલો તીવ્ર હતો કે એને સતત એક ભય સતાવ્યા કરતો કે રખેને પુત્ર પોતાનું રાજ્ય છીનવી લે. તેથી તે પ્રત્યેક નવજાત પુત્રને વિકલાંગ બનાવી દેતો.

હવે બન્યું એવું કે એની પદ્માવતી રાણીએ રાજાને ખબર ન પડે એમ પોતાના નવજાત પુત્રને ગુપ્ત રીતે તેતલિપુત્ર નામના મંત્રીને સોંપી દીધો. મંત્રી પણ તે જ સમયે પોતાની પોટિલા નામની પત્નીને જન્મેલી પુત્રીને લાવીને 'રાણીને પુત્રી જન્મી છે' એમ રાજા પાસે જાહેર કર્યું. સમય જતાં કનકકેતુ રાજા મૃત્યુ પામ્યો. ત્યારે ગુપ્ત રીતે ઊછરીને મોટો થયેલો પુત્ર કનકધ્વજ તેતલિપુર નગરનો રાજા બન્યો.

**(૩) ભાઈ ભાઈનો અનર્થ કરે :**

પ્રથમ તીર્થંકર ઋષભદેવ એમની સંસારી અવસ્થામાં અયોધ્યાના રાજા હતા. તેમને સુમંગલા રાણીથી ભરત અને સુનંદા રાણીથી બાહુબલિ એમ બે બળવાન પુત્રો થયા. આ સિવાય અન્ય ૯૮ પુત્રો એમને હતા. પિતાએ રાજગાદી ભરતને સોંપી સંયમ અંગીકાર કર્યો. ચક્રવર્તી થવાની મહત્ત્વાકાંક્ષાથી ભરતે દિગ્વિજય કર્યો. અન્ય ભાઈઓએ ભરતની આણ સ્વીકારી, પણ બાહુબલિએ ભરતની આણ ન સ્વીકારતાં ભરત બાહુબલિ સામે યુદ્ધે ચડ્યા. મોટું દ્વન્દ્વયુદ્ધ શરૂ કર્યું. બાહુબલિના મુષ્ટિપ્રહારથી ક્રોધે ભરાઈને ભરતે બાહુબલિને મારવા માટે ચક્ર મોકલ્યું.

જોકે પાછળથી ભરતને પશ્ચાત્તાપ થયો અને બાહુબલિએ પણ પ્રવ્રજ્યા અંગીકાર કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

**(૪) પત્ની પતિનો અનર્થ કરે :**

પ્રદેશી રાજા શ્વેતાંબિકા નગરીના રાજા હતા. તે ઘણા નાસ્તિક હતા. એમના ધર્માનુરાગી મહેતા એક દિવસ પ્રદેશી રાજાને ઘોડા ખેલાવવાના બહાને વનમાં પધારેલા કેશી ગણધર પાસે લઈ ગયા. ત્યાં ગુરુમુખે ધર્મદેશના સાંભળીને રાજા નાસ્તિક મટીને સુશ્રાવક બની ગયા. પૌષધના પારણાના દિવસે પ્રદેશી રાજાની પત્ની સૂર્યકાન્તાએ અન્ય પુરુષ પ્રત્યે કામલોલુપ બનીને પોતાના પતિને ભોજનમાં ઝેર આપીને હત્યા કરી.

**(૫) પુત્ર પિતાનો અનર્થ કરે :**

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજાને ચેલ્લણા રાણીથી થયેલો કોણિક નામે પુત્ર હતો. જ્યારે અન્ય રાણીથી થયેલા બે પુત્રો હલ્લ અને વિહલ્લ હતા. પુત્રો યુવાન બનતાં, શ્રેણિક રાજાએ હલ્લ અને વિહલ્લ એ બે પુત્રોને દેવતાઓએ આપેલ હાર, કુંડળ અને અવધિજ્ઞાની સેચનક હાથી ભેટમાં આપ્યાં. અને કોણિકને રાજ્ય આપવું એવી મનથી ઈચ્છા કરી. હલ્લ–વિહલ્લને અપાયેલી ભેટ જોઈને કોણિકના મનમાં ઈર્ષ્યા પેદા થઈ. એટલે એણે રાજ્યના બધા સામંતોને વશ કરી લીધા અને પિતાને કાષ્ઠ પિંજરમાં કેદ કરી દીધા. એટલું જ નહિ, પુત્ર પિતાને રોજ પાંચસો ફટકા મરાવવા લાગ્યો.

થોડાક સમય પછી કોણિકની પત્નીએ પુત્ર પ્રસવ્યો. એક દિવસ કોણિક પોતાના પુત્રને ખોળામાં બેસાડીને ભોજન કરતો હતો ત્યારે પુત્રે પિતાના ભાણામાં પેશાબ કર્યો. કોણિક નજીકમાં બેઠેલી માતા ચેલ્લણાને કહેવા લાગ્યો કે, 'મા ! જોયોને મારો પુત્રપ્રેમ ! મારા પુત્રે ભાણામાં પેશાબ કરવા છતાં મને જરાયે ગુસ્સો આવ્યો જ નહીં.'

માતા ચેલ્લણા રડતા સ્વરે કહેવા લાગી, 'બેટા ! તારો પુત્રપ્રેમ તો શી વિસાતમાં છે ? પુત્રપ્રેમ તો તારા પિતાનો તારા માટે હતો.' પછી માતા અતીતની ઘટનાને તાજી કરીને કહેવા લાગી, 'બેટા ! તું જ્યારે ગર્ભમાં હતો ત્યારે મને પાછલા ભવના વૈરસંબંધને કારણે પતિનાં આંતરડાં ખાવાનો દોહદ થયેલો. અભયકુમારે કૃત્રિમ આંતરડાં લાવીને એ દોહદ પૂરો કર્યો. તારો જન્મ થતાં, મને આવા દુષ્ટ દોહદ થવા બદલ તારા ઉપર તિરસ્કાર થતાં મેં તને ઉકરડે નંખાવ્યો. ત્યાં તારી એક આંગળી કૂકડાએ કરડી ખાધી. શ્રેણિક રાજાને જાણ થતાં ઉકરડેથી તને ઘેર પાછો અણાવ્યો. પરુ ઝરતી તારી કોહેલી આંગળી તારા પિતાએ મોઢામાં લઈને ચૂસી લીધી અને એ રીતે તને રડતો અટકાવ્યો હતો.'

આ વૃત્તાંત સાંભળી કોણિકનું હૃદય પીગળ્યું. કાષ્ઠ પિંજરનું બંધ દ્વાર ખોલી નાંખવા અને પિતાને મુક્ત કરવા એ ફરસી લઈને દોડ્યો. પિતા પુત્રને ફરસી સાથે આવતો જોઈને વિચાર્યું કે નક્કી મારો પુત્ર મારી હત્યા કરવા ધસી આવે છે. એટલે શ્રેણિક રાજાએ આંગળીની વીંટીએ છુપાવેલું તાલપુટ વિષ ખાઈ લઈને આત્મહત્યા કરી લીધી. જે ભવિતવ્ય હતું તે થઈને જ રહ્યું.

**(૬) મિત્ર મિત્રનો અનર્થ કરે :**

ચાણક્ય નામના બ્રાહ્મણે પર્વતક નામે રાજાને પોતાનો મિત્ર બનાવ્યો. પછી મિત્રના સહયોગમાં સેના લઈને પાટલિપુત્રના નંદરાજાને હરાવી રાજ્ય પડાવી લીધું. પર્વતક રાજાએ ચાણક્યને સહાય કરી હોઈ પાટલિપુત્રના અડધા રાજ્યનો લેણદાર બન્યો. ચાણક્યને એ ગમતી વાત નહોતી. એટલે નંદરાજાની એક પુત્રી વિષકન્યાનાં લક્ષણો ધરાવે છે એ જાણી લઈને ચાણક્યે એ કન્યાને પર્વતક સાથે પરણાવી અને એ વિષકન્યા દ્વારા મિત્ર ઉપર જ વિષોપચાર કરાવ્યો. પરિણામે પર્વતક રાજા વિષથી મૃત્યુ પામ્યો. સઘળું રાજ્ય પોતાનું કરી લીધું.

**(૭) સ્વજન સ્વજનનો અનર્થ કરે :**

ગજપુર નગરમાં અનંતવીર્ય નામે ક્ષત્રિય રાજા રાજ્ય કરતો હતો. એ રાજાની જે રાણી હતી એની બહેન રેણુકા બ્રાહ્મણકુળના જમદગ્નિ તાપસને પરણી. એક વાર આ રેણુકા પોતાની બહેનને મળવા ગજપુર આવી. ત્યાં પોતાના બનેવી અનંતવીર્ય સાથે દેહસંબંધ બાંધી બેઠી. એનાથી એને એક પુત્ર જન્મ્યો. જમદગ્નિ ઋષિ પત્ની રેણુકાને પાછી લઈ આવ્યા. જમદગ્નિના પ્રથમ પુત્ર રામને વિદ્યાધર દ્વારા પરશુવિદ્યા પ્રાપ્ત થઈ હતી. એને કારણે

રામ પરશુરામ તરીકે પ્રસિદ્ધિ પામ્યો. તેણે પોતાની કલંકિની માતા રેણુકા અને અનંતવીર્યથી જન્મેલા પુત્રની પરશુથી હત્યા કરી.

એ પછી તો 'વેરનો બદલો વેર' એ સિલસિલો અટક્યો જ નહીં. અનંતવીર્ય રાજાએ જમદગ્નિના આશ્રમને નષ્ટ કર્યો, એટલે પરશુરામે અનંતવીર્યનો શિરચ્છેદ કર્યો. અનંતવીર્યનો પુત્ર કાર્તવીર્ય હવે ગજપુરની ગાદીએ બેઠો. અને પિતાની હત્યાનો બદલા લેવા એણે પરશુરામના પિતા જમદગ્નિ ઋષિની હત્યા કરી. એટલે પરશુરામે કાર્તવીર્યની હત્યા કરીને ગજપુરનું રાજ્ય પડાવી લીધું.

મરાયેલા કાર્તવીર્યની સગર્ભા પત્ની તારાએ એક તાપસની ઝૂંપડીમાં પુત્ર પ્રસવ્યો. એનું સુભૂમ નામ પાડ્યું.

પરશુરામે સાત વાર પૃથ્વી નક્ષત્રી કરી. પછી એણે જ્યોતિષીને પૂછ્યું કે પોતાનું મરણ કોને હાથે થશે? જ્યોતિષીએ કહ્યું કે, 'ક્ષત્રીની દાઢ ભરીને થાળ મૂકજે. જેના આવવાથી થાળમાં ખીર થઈ જાય અને જે જમે તેને હાથે તારું મૃત્યુ થશે.' જ્યોતિષીના કહયા પ્રમાણે પરશુરામે થાળ મુકાવ્યો. દરમિયાન કાર્તવીર્યના હવે મોટા થયેલા અને તાપસની ઝૂંપડીમાં ઊછરલા પુત્ર સુભૂમે માતા પાસેથી સઘળું વૃત્તાંત જાણીને તે ગજપુર ગયો. ત્યાં દાઢ ભરેલો થાળ હતો તેની ખીર થઈ. સિંહાસને બેસી તે ખીર ખાવા લાગ્યો. પરશુરામ સેના સાથે આવ્યો. સુભૂમના વિદ્યાબળે પેલા થાળનું ચક્રરત્ન થયું અને એનાથી પરશુરામનું મસ્તક છેદાયું. આમ સુભૂમે એકવીસ વાર પૃથ્વી નિઃબ્રાહ્મણી કરી.

આ છે 'ઉપદેશમાલા'નું 'સગાં જ સગાંનો અનર્થ કરે' તેને આલેખતું કથાગુચ્છ. કામવશતા, મોહાંધતા, દ્રવ્યલાલસા, સત્તા લોલુપતા, સ્વાર્થપટુતા જેવા દુર્ભાવોને લઈને માતા–પિતા–ભાઈ–પત્ની–પુત્ર–મિત્ર–અન્ય સ્વજનો દ્વારા કેવા અનર્થો સર્જાઈ શકે છે તેનું ચિત્ર રજૂ કરતી આ દૃષ્ટાંતકથાઓ દ્વારા 'ઉપદેશમાલા'કાર ધર્મદાસ ગણીનો મુખ્ય પ્રતિબોધ એ છે કે આવા કલુષિતતાઓ અને વિષમતાઓથી ખરડાયેલા આ સંસાર પ્રત્યેનાં રાગ–આસક્તિથી જ મુક્ત થવું. ✱ ✱ ✱

'નિશિગન્ધા', ૭, કૃષ્ણ પાર્ક, ખાનપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧.

# અષ્ટમંગલ

❑ હર્ષદ દોશી

'ભારતમાં એક મોટું આશ્ચર્ય જોયું કે ત્યાં માણસો મધમાખીની મદદ વગર, ખેતીથી મધ પેદા કરે છે.'

આ નોંધ ભગવાન મહાવીરના ૧૭૫ વર્ષ પછી, એટલે કે આજથી ૨૪૦૦ વર્ષ પહેલા, સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં આવેલા ગ્રીક રાજદૂત મેગેસ્થેનિસે તેના પુસ્તક 'ઈન્ડિકા'માં પોતાના ભારતના અનુભવમાં લખી છે. એ સમયે યુરોપમાં ગળપણ માટે મધ વપરાતું હતું. જ્યારે ભારતમાં શેરડીમાંથી સાકર બનાવવાની આવડત વિકસી ગઈ હતી.

એલેક્ઝાન્ડરની પહેલા ભારતમાં હજારો વર્ષથી શેરડીનું વાવેતર અને સાકરનું ઉત્પાદન થતું હતું. ભગવાન ઋષભદેવ અને તેમના ઈક્ષ્વાકુ કુળનો અયોધ્યાથી હસ્તિનાપુર સુધીનો પ્રદેશ આજ પણ ભારતમાં શેરડીના ઉત્પાદન માટે જાણીતો છે. તેમના શેરડી અને સાકર સાથેના સંબંધ આજ પણ શેરડીના રસથી થતા વર્ષીતપના પારણામાં જળવાયેલા છે. ભગવાન ઋષભદેવે ગ્રામ, કૃષિ અને પશુપાલનના ક્ષેત્રમાં જે વિકાસ કર્યો હતો તે એક ક્રાંતિકારી અને મોટી હરણફાળ હતી, જે તેમના વૃષભ (બળદ)ના પ્રતીકમાં પ્રગટ થાય છે.

માનવસંસ્કૃતિની શરૂઆતમાં જે શોધો થઈ અને હુન્નર અને કસબ વિકસ્યા હતા તેના સંભારણા આજ પણ આપણા રીત–રિવાજો, ક્રિયાકાંડ, પરંપરા અને વ્યવહારમાં પ્રગટરૂપે કે પ્રતીકરૂપે જોવા મળે છે. ભૌતિક શોધ, સિદ્ધિ અને સર્જનની જેમ મનુષ્યની ભાવનાઓ, લાગણીઓ, આધ્યાત્મિક વિચાર અને ચિંતન પણ આપણી પરંપરા, સંસ્કૃતિ અને ભાષામાં અભિવ્યક્ત થયા છે.

મનુષ્યના ચિંતન અને મનનમાં જ્યારે ઊંડાણ આવ્યું ત્યારે વ્યાવહારિક, બૌદ્ધિક, નૈતિક, ધાર્મિક, આધ્યાત્મિક અને દાર્શનિક ભાવોને અનુરૂપ શબ્દની સાથે સાથે ચિત્રાત્મક સંકેત, પ્રતીક અને સંજ્ઞાઓનો પણ વિકાસ થયો. મનુષ્યની મૂળભૂત સંવેદના, મનોભાવ અને આકાશને આંબવાની તમન્ના પણ આ પ્રતીકોમાં જોવા મળે છે. આધ્યાત્મિક અને દાર્શનિક શબ્દો અને પ્રતીકોના યુગેયુગે બદલાતા અર્થ અને મૂલ્યોનો અભ્યાસ આપણી સંસ્કૃતિના અદ્ભૂત અને વિસ્મયજનક ઇતિહાસને પ્રગટ કરે છે.

માનવસંસ્કૃતિમાં પ્રકાશ અને ગતિનું પહેલેથી જ મહત્ત્વનું સ્થાન રહ્યું છે. દિવસ અને રાત, ઋતુઓના પરિવર્તન અને આકાશમાં સૂર્ય, ચંદ્ર અને તારાઓના પરિભ્રમણનું મનુષ્ય વિસ્મયતાથી નિરીક્ષણ કરતો આવ્યો છે. સૂર્યનો પ્રકાશ તો જીવનનો આધાર છે એ પણ મનુષ્યને સમજાઈ ગયું હતું. અગ્નિની શોધથી મનુષ્યને માત્ર રાંધવાના અને પ્રકાશના સાધન નથી મળ્યા, સાથેસાથે તેની વિચારશક્તિ અને અભિગમમાં પણ ક્રાંતિકારી પરિવર્તન આવ્યા. હવે તે અંધકાર અને અજ્ઞાતના ભયથી મુક્ત થયો હતો.

મનીષીઓએ ભૌતિક જગતથી આગળ વધીને દાર્શનિક અને આધ્યાત્મિક ભાવ પ્રગટ કરવા માટે પ્રકાશની ઉપમાનો છૂટથી ઉપયોગ કર્યો હતો. તેમણે અજ્ઞાન અને અશુભને 'અંધકાર'ની તેમજ જ્ઞાન અને શુભને 'પ્રકાશ'ની ઉપમા આપી. તેમણે આત્મા જેવા અમૂર્ત અને અરૂપી તત્ત્વને પ્રકાશ, જ્યોતિ અને દીપકથી વ્યક્ત કર્યા. મૃત્યુ માટે નિર્વાણ એટલે કે દીપનું બુઝાઈ જવું એવો શબ્દ આપ્યો.

સૂર એટલે પ્રકાશ અને સૂર્ય એટલે પ્રકાશપૂંજ. જ્યાં બધું જ શુભ છે અને જે વૈભવ, સામર્થ્ય, સમૃદ્ધિ અને શક્તિથી ભરપૂર છે એવા પ્રકાશમય દેદીપ્યમાન લોકને 'સૂર' અને 'ગમન'ના સંયોજનથી 'સ્વર્ગ' નામ આપ્યું. તેમાં વસનારને 'દીપ' ઉપરથી 'દેવ' કહ્યા. અંધકાર અને તમસને દુઃખ, પીડા અને યાતનાથી ભરેલી નરકના પર્યાય બનાવ્યા. આ રીતે તેમણે શુભ, મંગળ અને પ્રિયને પ્રકાશ સાથે અને અશુભ અને અપ્રિયને અંધકારની સાથે સરખાવ્યા. જ્યારે સંસ્કૃતિમાં ભય, વિસ્મય અને લૌકિક લાગણીઓથી આગળ વધીને આધ્યાત્મલક્ષી સંસ્કૃતિનો વિકાસ થયો, ચિંતન અને દર્શન વધારે ઉર્ધ્વગામી બન્યા ત્યારે ચૈતન્ય, તેના લક્ષણ જ્ઞાન અને તેના ધામ મુક્તિશીલા, એ દરેકની શુક્લ, દેદીપ્યમાન પ્રકાશથી ઓળખ આપી. લૌકિક લાભ અને સંપદાથી લઈને આધ્યાત્મિક વિકાસ અને સિદ્ધિ માટેની પ્રકાશની વિભાવના આગળ જતા વિવિધ ભાવસમૂહોના પ્રતીકરૂપે વિકાસ પામી.

ભાષામાં એક સમયે એક જ અક્ષર બોલી, વાંચી કે સાંભળી શકાય છે. ભાષામાં વિચાર એક એક અક્ષર, શબ્દ અને વાક્યથી ક્રમવાર વ્યક્ત થાય

છે. પરંતુ ચિત્ર અનેક વિચારો, ભાવ અને ઘટના એક સમયે એક સામટી રજૂ કરી શકાય છે.

પ્રતીક ચિત્રાત્મક ભાષા છે. પ્રતીક ઘણી વાત એક સાથે રજૂ કરે છે, જે શબ્દની ભાષામાં સંભવ નથી. પ્રતીક ભાવોનો સમૂહ છે. જ્યારે પ્રતીકના ઊંડાણમાંથી એક પછી એક પડ ઊઘડતા જાય છે ત્યારે ગહન વિચારો અને ભાવ સ્પષ્ટ થાય છે. એક ગ્રંથમાં ન સમાય એટલી આધ્યાત્મની ઊંડી અને અકળ વાત ગાગરમાં સાગરની જેમ એક પ્રતીકમાં સમાઈ જાય છે.

આધુનિક યુગમાં પ્રતીકના વિષય ઉપર ઘણા ઊંડાણથી સંશોધન અને વિચારણા થઈ છે અને સંસ્કૃતિના વિકાસમાં પ્રતીકોના યોગદાનની નોંધ લેવાણી છે. પ્રખ્યાત વિદ્વાન લેસ્લી વ્હાઈટના મત પ્રમાણે 'પ્રતીકોના ઉપયોગથી માનવસંસ્કૃતિને સ્થાયી સ્વરૂપ મળ્યું છે. પ્રતીકો ન વિકસ્યા હોત તો સંસ્કૃતિનો પણ વિકાસ થયો ન હોત અને મનુષ્ય આજ પણ માત્ર એક પ્રાણીની અવસ્થામાં જ હોત.' જાણીતા સમાજશાસ્ત્રી ક્લિફર્ડ જીર્ત્ઝનો પણ અભિપ્રાય છે કે 'આપણા પૂર્વજોના વિચારોના વારસાને જાળવી રાખવા માટે અને જીવન પ્રત્યેના અભિગમને વિકસાવવા માટે પ્રતીકોનું સંયોજન એક અદભુત પદ્ધતિ છે.'

જૈનદર્શનમાં પણ આધ્યાત્મિક ભાવોની અભિવ્યક્તિ માટે પ્રતીકનો મોટા પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. તેમાં પણ ધર્મમય ગૃહસ્થજીવન અને આધ્યાત્મિક ભાવના શ્રેણીબદ્ધ વિકાસને એકસાથે વ્યક્ત કરવા માટે અષ્ટમંગલના પ્રતીકો જૈન પરંપરામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. જૈન અનુષ્ઠાન, પરંપરા અને સ્થાપત્યમાં અષ્ટમંગલનું આદરભર્યું અને પૂજનીય સ્થાન છે. બૌદ્ધો પણ તેમના આઠ પ્રતીકોને મહામંગલકારી માને છે.

**વિકાસશીલ જીવનના બે તબક્કા છે :** શુભ અને શુદ્ધ. સામાન્ય ગૃહસ્થ જ્યારે અશુભ પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થઈ સરળતા, નીતિ અને ન્યાયથી જીવનનો નિર્વાહ કરે છે અને સુખી સંસારની કામના કરે છે ત્યારે અષ્ટમંગલ તેને અશુભથી દૂર રાખે છે અને શુભ પ્રવૃત્તિમાં ટકી રહેવા માટે પ્રેરણા આપે છે. જીવનનું લક્ષ્ય જ્યારે વધુ ઊંચું બને છે ત્યારે અષ્ટમંગલ તેને શુભમાંથી શુદ્ધ તરફ દોરી જાય છે. એટલે ગૃહસ્થનું નિવાસસ્થાન હોય કે ધર્મક્ષેત્ર હોય, અષ્ટમંગલ દરેક માટે પ્રકાશ પાથરે છે.

ખરા અર્થમાં મંગલ એટલે શું છે ? આપણા રોજના સાંસારિક જીવનમાં જે મંગલકર્તા છે તે મંગલ છે કે સંસારમાં અટવાઈ ગયેલા જીવાત્માને તેના અંતિમ ધ્યેય સુધી પહોંચવામાં જે સહાય કરે છે તે મંગલ છે ?

મંગલ બે પ્રકારના છે. સાંસારિક જીવનમાં જે શુભ અને લાભદાયી છે તે દ્રવ્ય મંગલ છે. દ્રવ્યમંગલ શારીરિક, આર્થિક અને ભૌતિક સુખ–શાંતિ અને સંપત્તિ, સમૃદ્ધિ, યશ અને કીર્તિના પ્રતીક છે. આધ્યાત્મિક જીવનમાં જે કલ્યાણકારી અને પ્રેરણાદાયી છે તે ભાવ મંગલ છે. અષ્ટમંગલ દ્રવ્યથી અને ભાવથી, બંને રીતે મંગલમય અને કલ્યાણકારી છે. એટલે જૈન પરંપરામાં ગૃહસ્થના આવાસ, જિનાલય અને સ્થાપત્યમાં અષ્ટમંગલને સ્થાયી સ્થાન આપ્યું છે.

સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત, સંપુટ, કુંભ (કલશ), ભદ્રાસન, મત્સ્ય યુગલ અને દર્પણ આઠ મંગલ છે. (શ્રીવત્સ, કુંભ અને મત્સ્ય યુગલ બૌદ્ધોના આઠ મંગલમાં પણ આવે છે.) આ દરેક મંગલના અર્થ, ભાવ અને રહસ્યને અહીં રજૂ કર્યા છે.

**૧. સ્વસ્તિક :**

સ્વસ્તિક પ્રાચીન કાળથી ભારતીય સંસ્કૃતિનું અંગ છે. જૈન ઉપરાંત વૈદિક અને બૌદ્ધ પરંપરામાં પણ સ્વસ્તિકનું સ્થાન મોખરે છે.

ઘરના દ્વાર ઉપર કે તેની બન્ને બાજુની દિવાલ ઉપર સ્વસ્તિક દોરવાની પરંપરા છે. દરેક લૌકિક કે સાંસારિક શુભ કાર્યમાં સ્વસ્તિક અગ્રસ્થાને હોય જ છે. સાથેસાથે સ્વસ્તિક પ્રથમ શ્રેણીનું ભાવમંગલ પણ છે. સ્વસ્તિક ચિત્તને ઊર્ધ્વ દિશામાં લઈ જતા શુભ ભાવ અને ચિંતનનું પ્રતીક છે.

ગતિશીલ વર્તુળ એટલે પૈડું, ચાક કે ચક્ર, અગ્નિ અને ચક્રની શોધ સંસ્કૃતિનું મૂળ ગણાય છે. સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસ, સમૃદ્ધિ, સુવિધા અને સગવડમાં તેમનો મોટો ફાળો છે. ગતિશીલ ચક્રની માનવમન ઉપર એટલી પ્રબળ અસર થઈ છે કે વિશ્વવિજયી સમ્રાટને ચક્રવર્તીની પદવી આપવામાં આવે છે. ચક્રવર્તી રાજાના વિશ્વવિજયના પહેલા લક્ષણ તરીકે તેના ભંડારમાં ચક્રનું હોવું આવશ્યક ગણાય છે. આગળ જતાં ચક્ર અસીમ પ્રભાવ અને પરાક્રમનું પણ પ્રતીક બન્યું છે.

ચક્રથી મનુષ્યને ગતિ મળી. ગતિ અને સમયને ગાઢ સંબંધ છે, એટલે તેમાંથી કાળચક્રની વિભાવના વિકસી. આધ્યાત્મિક અને ધાર્મિક ક્રિયા માટે દિવસ અને રાત્રિના સંધિકાળનું મહત્ત્વ વધ્યા પછી, સંધ્યા સમયના રક્તવર્ણા લાલ સૂર્ય અને ગતિશીલ ચક્રના સંયોજનથી બનેલું પ્રતીક વિકાસ પામીને આજના સ્વસ્તિકરૂપે ભારતીય સંસ્કૃતિમાં અગ્રસ્થાન મેળવે છે. 'સુ' એટલે 'સારું', 'શુભ', 'અસ્તિ' એટલે 'છે'. 'ક' એટલે 'કરનાર'. જે શુભ અને મંગલકારી છે તે સ્વસ્તિક કહેવાય છે. આ રીતે લાલ રંગનું સ્વસ્તિક ભારતીય સંસ્કૃતિમાં સૌથી પ્રાચીન, પવિત્ર, શુભ અને મંગલદાયક પ્રતીક છે. તેની સાથેસાથે લાલ રંગ પણ શુભનો પ્રતીક બની ગયો છે.

અગ્નિ અને ચક્રની શોધની જેમ ગણતરી માટે આંકડા અને સંખ્યાની પણ સંસ્કૃતિના વિકાસમાં ઊંડી અસર પડી છે. ભારતમાં પહેલેથી જ 'ચાર'ની સંખ્યાનું ઘણું જ મહત્ત્વ રહ્યું છે. ચારની સંખ્યા પરિપૂર્ણ અને યથાર્થ સંખ્યા ગણાવા લાગી હતી. ચાર યુગ, ચાર ગતિ, ચાર પુરુષાર્થ વગેરેમાં ચારની સંખ્યા આ પરિપૂર્ણતાની માન્યતાને કારણે છે. એ જ કારણથી જ્યારે ચક્રનું સ્વસ્તિકમાં રૂપાંતર થઈ રહ્યું હતું ત્યારે તેમાં ચાર પાંખિયા રાખ્યા હતા. (ચારની સંખ્યાની પૂર્ણતાની માન્યતા એટલી રૂઢ થઈ ગઈ હતી કે સોગઠાબાજી અને ચોપાટ જેવી જુગારની રમતમાં ચાર સવળા પાસા પડે તેને માટે અને સત્ યુગ માટે એક જ 'કૃતુ' શબ્દ વપરાતો હતો. કૃતુ એટલે પરિપૂર્ણ. મહાભારતમાં પાંડવો અને કૌરવો જુગારની રમત રમ્યાં હતાં તેમાં પણ ચાર સવળા પાસા માટે કૃતુ શબ્દ વપરાતો હતો.)

જૈન પરંપરામાં સ્વસ્તિકના ચાર પાંખિયા સંસારની ચાર ગતિના સૂચક છે. દરેક પાંખિયાનો જમણી તરફનો વળાંક સતત ચક્રમાન ગતિ સૂચવે છે. આ જીવ અનાદિ કાળથી સંસારની ચાર ગતિમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તે જન્મ અને મરણના ફેરામાં અટવાયેલો છે. સ્વસ્તિક આપણને સતત યાદ કરાવે છે કે આપણી દરેક પ્રવૃત્તિ આ ચાર ગતિના ચક્રમાંથી છૂટી, સનાતન અને શાશ્વત મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે હોવી જોઈએ.

જૈનો મંગલપાઠમાં અરિહંત, સિદ્ધ, સાધુ અને જૈનધર્મ, એ ચાર મંગલની આરાધના કરે છે, તેનું શરણ સ્વીકારે છે અને સકલ લોકમાં આ ચાર સર્વોત્તમ મંગલ છે તેવી શ્રદ્ધા પ્રગટ કરે છે. સ્વસ્તિક આ ચાર મહામંગલનું પ્રતીક છે.

સમય જતાં સ્વસ્તિકમાં અનેક ભાવ અને અર્થનો ઉમેરો થયો. સ્વસ્તિક જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનું પણ પ્રતીક છે. તે ઉપરાંત સ્વસ્તિક દાન, તપ, શીલ અને ભાવરૂપી ધર્મ, તેમજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર પુરુષાર્થનું પણ પ્રતીક છે. સ્વસ્તિકનો લાલ રંગ તેજોલેશ્યા અને પ્રજ્ઞાનું પ્રતીક છે. બૌદ્ધ ધર્મચક્ર અને જૈનના કાળચક્ર પણ સ્વસ્તિક આધારિત છે.

સ્વસ્તિક કાળનું પણ પ્રતીક છે. વર્ષના છ મહિના સૂર્યની ગતિ ઉત્તર તરફ હોય છે. સ્વસ્તિક આ ઉત્તરાયન કરી રહેલા સૂર્યનું પ્રતીક છે, જે અનુગામી સ્વસ્તિક કહેવાય છે અને શુભ છે. જ્યારે દક્ષિણ તરફ જઈ રહેલા સૂર્યના પ્રતીક માટે પાંખિયા ડાબી તરફ વળેલા હોય છે (anti clockwise), અને તે પ્રતિગામી સ્વસ્તિક કહેવાય છે અને અશુભ ગણાય છે. હિટલરનું રાજ્યચિહ્ન પ્રતિગામી સ્વસ્તિક હતું અને તેનું પરિણામ જગજાહેર છે.

અનેક સ્થળે સ્વસ્તિક ઉપર ૰ (ચંદ્રબિંદુ, ચંદ્રની કલા ઉપર બિંદુ) ચિહ્ન જોવા મળે છે, સ્વસ્તિક ચાર ગતિનું પ્રતીક છે. કલા મોક્ષશિલાનું અને તેની ઉપરનું બિંદુ સિદ્ધશીલા ઉપર બિરાજમાન સિદ્ધ ભગવાનનું પ્રતીક છે. એક માન્યતા પ્રમાણે સિદ્ધ ભગવાન નિરંજન, નિરાકાર અને અરૂપી હોવાથી તેમને માટે બિંદુ જેવું નાનું પ્રતીક પણ યોગ્ય નથી. પરંતુ આપણા ચિંતન મનન માટે શરૂઆતમાં અવલંબનની જરૂરત છે. સ્વસ્તિક ઉપર સિદ્ધશિલા અને સિદ્ધ ભગવંતનું પ્રીતક શ્રેણીબદ્ધ રીતે ચાર ગતિમાંથી છૂટી, આપણા અંતિમ ધ્યેય પર પહોંચાડવામાં સહાયરૂપ છે.

જર્મન ફિલોસોફર અને વિદ્વાન પ્રો. ઝિમરના મત પ્રમાણે સ્વસ્તિક ઉપરનું આ પ્રતીક ફક્ત જૈનોમાં જ જોવા મળે છે.

પુરુષાકાર ત્રણ લોકનું ચિહ્ન દરેક જૈનોને માન્ય એવું જૈન ધર્મનું પ્રતીક છે. તેના મધ્યમાં ચાર ગતિ માટે સ્વસ્તિકને સ્થાન આપ્યું છે. આ ચાર ગતિમાંથી છૂટવાના માર્ગરૂપી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના ચિહ્ન રૂપે ત્રણ બિંદુને સ્વસ્તિકની ઉપર બતાવ્યા છે. તેની ઉપર આ માર્ગનું અંતિમ લક્ષ્ય સિદ્ધ ગતિને બતાવતું ચંદ્રબિંદુ મૂક્યું છે. આ રીતે સ્વસ્તિક સમસ્ત જૈન સમાજ, જૈનધર્મ અને જૈનદર્શનનું પ્રતિનિધિ છે.

સ્વસ્તિકનો ઉદ્‌ભવ સૌથી પ્રાચીન છે એટલે દરેક મંગલ પ્રતીકોમાં તેને પ્રથમ સ્થાન તો મળે જ છે, પણ તેને શાશ્વત માનવામાં આવે છે. જૈન પરંપરામાં એવી માન્યતા છે કે પ્રથમ તીર્થંકર ઋષભદેવના જન્મસ્થાન અયોધ્યાની નીચે ધરતીમાં પ્રાકૃતિક સ્વસ્તિકનો આકાર અસ્તિત્વ ધરાવે છે. કાળચક્રના પ્રભાવમાં સર્વનાશ પછી સંસ્કૃતિ અને ધર્મના પુનરભ્યુદય વેળાએ દેવતાઓએ જ શાશ્વત સ્વસ્તિકની ધરતી ઉપર ફરીથી અયોધ્યા નગરી વસાવે છે. આ માન્યતા બતાવે છે કે સ્વસ્તિક સમાજ, સંસ્કૃતિ, સમૃદ્ધિ અને ધર્મ સાથેના તેના મંગલમય સંબંધને કારણે લોકહૃદયમાં ઊંડી શ્રદ્ધાની ભાવના સાથે એકરૂપ થઈ ગયેલ છે.

**૨ શ્રી વત્સ :**

શ્રીવત્સની આકૃતિ લાંબા ચાર કે આઠ પાંદડીના પૂર્ણ ખીલેલા અને વચ્ચે રજ પરાગથી ભરપૂર કર્ણિકા હોય તેવા કમળના ફૂલ જેવી છે. દસમા તીર્થંકર શ્રી શિતળનાથ ભગવાન, શ્રી કૃષ્ણ અને ગૌતમ બુદ્ધને શ્રીવત્સનું લાંછન (ચિહ્ન) હતું.

શ્રી વત્સની ચાર પાંદડી એ ચાર દિશા છે. તેની વચ્ચેની કર્ણિકા એ ધાન્યથી ભરપૂર ભંડાર છે. ગૃહસ્થ માટે શ્રીવત્સનું પ્રતીક ચારે તરફ લક્ષ્મી અને સમૃદ્ધિથી ભરપૂર એવું માંગલ્યમય પ્રતીક છે. આધ્યાત્મિક ભાવથી શ્રીવત્સ શાશ્વત ઐશ્વર્ય, ચૈતન્ય, પરમ જ્ઞાન અને અનંત આત્મશક્તિનું પ્રતીક છે.

વત્સ એટલે પ્રેમ. પૂરા વિશ્વના સર્વ જીવો પ્રત્યે પ્રેમ અને મૈત્રીભાવ કેળવી, વેર-ઝેર ભૂલવા માટેનું શ્રીવત્સ પ્રતીક છે.

વત્સનો એક અર્થ ગાયનું વાછરડું થાય છે. એટલે ગાય પ્રત્યે જેમને અનહદ પ્રેમ હતો તેવા ગોપાલક શ્રીકૃષ્ણનું લક્ષણ શ્રીવત્સ હોય તેમાં શી નવાઈ?

અવિકસિત કમળની બંધ પાંખડીઓ જણાવે છે કે ચાર ગતિમાં ભ્રમણ કરી રહેલા આત્માની શક્તિ અને ગુણ બંધ કે પૂરાએલા પડ્યા છે. જેમજેમ પુષ્પ ખીલતું જાય છે તેમતેમ તેની મહેક ચારે તરફ પ્રસરે છે. એ જ રીતે આત્મશક્તિના વિકાસની સાથેસાથે આત્માનો વૈભવ ક્રમશઃ ઝળહળી ઊઠે છે. ચાર ગતિના ચકરાવામાંથી આત્માને મુક્ત કરી, પરમ જ્ઞાન અને ચૈતન્યનો વૈભવ પ્રાપ્ત કરવાની પ્રેરણા શ્રીવત્સમાંથી મળે છે.

સ્વસ્તિકની જેમ શ્રીવત્સ પણ ભારતીય સંસ્કૃતિની દરેક પરંપરામાં વિવિધ અર્થ ધરાવતું મંગલ પ્રતીક છે.

**૩ નંદ્યાવર્ત :**

નંદ્યાવર્ત સ્વસ્તિકનો વિશેષ વિસ્તાર છે.

નંદ એટલે આનંદ, સુખ. પુરાણકાળમાં ગૃહ-આવાસોનું નામ નંદ્યાવર્ત રાખવામાં આવતું હતું, જેથી તેમાં રહેનારને સદા સુખ અને આનંદનો અનુભવ થાય. ગૃહ-આવાસ જ્યારે મંગલફળદાયી હોય છે ત્યારે તે સંસારયાત્રામાં વિરામસ્થાન બને છે. યાત્રાના આગલા ચરણ પણ મંગલમય બને તેવી શુભ ભાવના સાથે આવાસોના નામ નંદ્યાવર્ત રાખવામાં આવતા હતા.

નંદ્યાવર્ત એક બંધ સ્વસ્તિકનું ચિત્ર રજૂ કરે છે. તેનો આકાર ભૂલભૂલામણી જેવો છે. સામાન્ય સ્વસ્તિકની રેખાઓને ગોળ વળાંક એટલે કે આવર્તન આપવાથી નંદ્યાવર્ત બને છે. સ્વસ્તિક ચાર ગતિનું પ્રતીક છે, જ્યારે નંદ્યાવર્ત ચાર ગતિમાં અટવાયેલા આત્માને છૂટવાનો માર્ગ બતાવતું પ્રતીક છે. નંદ્યાવર્તના કેંદ્રમાંથી નીકળતી કોઈ પણ રેખાને અનુસરવાથી તે બંધ સ્વસ્તિકની બહાર લાવી મુક્ત કરે છે. મિથ્યાત્વી આત્મા સંસારમાં સુખ માને છે અને તે નંદ્યાવર્તની ભૂલભૂલામણીમાં અટવાયેલો રહે છે. જે સંસારના સુખની ક્ષણિકતા અને પશ્ચાત દુઃખને જાણે છે તે બહાર નીકળવાનો માર્ગ શોધે છે. જિનેશ્વર પ્રભુની ભક્તિમય આરાધના તેને સંસારના વર્તુળમાંથી બહાર લાવી, પરમ આનંદની અનુભૂતિ કરાવે છે. સંસારના સુખ અને સમૃદ્ધિ માટે નંદ્યાવર્ત દ્રવ્યમંગલ છે, જ્યારે સંસારની મુક્તિ માટે તે ભાવમંગલ છે.

નંદ્યાવર્તની પ્રત્યેક રેખાને નવ ખૂણા છે. નવ અક્ષય અંક છે. આ રીતે નંદ્યાવર્ત અક્ષય, શાશ્વત પરમ આનંદનું પ્રતીક છે.

**૪ સંપુટ :**

આપણી ધનરાશી અને સમૃદ્ધિ માટે સંપુટ દ્રવ્ય મંગલ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયીની પ્રાપ્તિ માટે સંપુટ ભાવમંગલ છે. અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાન કેવળજ્ઞાન અને કેવળદર્શનના ધારણહાર છે. સાધનાના માર્ગ ઉપર આગળ વધી રહેલા મુમુક્ષુ માટે સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયીના સંપુટની પ્રાપ્તિ અંતિમ ધ્યેય છે.

સંપુટના ચિત્રને બારીકાઈથી જોવાથી તેમાં બે આકૃતિ સ્પષ્ટ દેખાઈ આવે છે.

સંપુટ શબ્દનો એક પ્રાચીન અર્થ 'અંજલિરૂપે જોડાયેલા બે હાથ' એવો થાય છે. સંપુટની આકૃતિમાં નમસ્કારની મુદ્રાની જેમ બે હાથ જોડાયેલા છે. બંને હથેળીઓનો પાછલો ભાગ બહાર નીકળેલો છે, એટલે કે બંને હથેળીઓની વચ્ચે પોલાણ છે. કોઈ ભક્ત પોતાના મહામુલા રત્નોને બે હથેળીઓમાં રાખી, ત્યાગની ભાવના સાથે, અત્યંત ભક્તિભાવથી પ્રભુચરણે સમર્પિત થઈ અંજલિ અર્પણ કરી રહ્યો હોય તેવા ભાવ સંપુટના પ્રતીકમાં સમાયેલા છે. અહીં સંપુટ ભૌતિક રત્નના સંગ્રહને બદલે ભક્તિ, ત્યાગ

અને અપરિગ્રહની સાથેસાથે આધ્યાત્મિક રત્ન મેળવવાની અભિલાષાનો મંગલ સંદેશ આપે છે.

સંપુટનું બીજું ચિત્ર એક શકોરા ઉપર બીજું શકોરું ઊંધું રાખ્યું હોય તેવું દેખાય છે, જે જૈન વિશ્વના ત્રણ લોકમાંથી ઉપરના ઊર્ધ્વલોકનું રેખાચિત્ર છે.

આ બે શકોરાની નીચે જો ત્રીજું શકોરું રાખવામાં આવે તો ત્રણ લોકની આકૃતિ બને છે. સંપુટમાં નીચેનો અંધકારમય નરકનો અધોલોક બાદ રાખ્યો છે અને ઉપરનો ઉર્ધ્વલોક એટલે કે સ્વર્ગનો દિવ્યલોક બતાવ્યો છે. આ રીતે સંપુટ સમૃદ્ધિ, વૈભવ અને દૈવી શક્તિનું પ્રતીક છે.

સંપુટના આ બે ચિત્ર ભૌતિક સુખ, સમૃદ્ધિ અને વૈભવ તેમજ મોક્ષમાર્ગના આધ્યાત્મિક ભાવોનું એક સાથે નિરુપણ કરે છે. (ક્રમશઃ)

૩૨ બી, ચિત્તરંજન એવન્યુ, કોલકોતા-૭૦૦ ૦૧૨.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ભેટ

## પ્રબુદ્ધ જીવન નિધિ કાયમી ફંડ

### (તા. ૩-૪-૨૦૦૬ થી તા. ૩૦-૬-૨૦૦૮)

૫,૦૦,૦૦૦/- એક સુશ્રાવક તરફથી
૧,૦૦,૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ એ. શાહ–મુંબઈ
૧,૦૦,૦૦૦/- શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન–મુંબઈ
૫૧,૦૦૦/- શ્રી કાકુલાલ છગનલાલ મહેતા–મુંબઈ
૫૦,૦૦૦/- શ્રી મનસુખલાલ એલ. વાસા
૨૫,૦૦૦/- શ્રીમતી ચંચળબેન આણંદલાલ ત્રીભોવન સંઘવી–મુંબઈ
૧૫,૦૦૦/- શ્રીમતી ચંદ્રાબેન પીયૂષભાઈ કોઠારી–મુંબઈ
૧૧,૦૦૦/- શ્રી એસ. એલ. ભેદા–મુંબઈ
૧૧,૦૦૦/- શ્રી જે. એસ. શાહ–મુંબઈ
૧૦,૦૦૦/- શ્રીમતી કલાવતી હસમુખલાલ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ–મુંબઈ
૧૦,૦૦૦/- સ્વ. એરવડ હોરમસજી પેસ્તનજી આંટીયા અને મિસીસ દીનામાઈ હોરમસજી આંટીયા ટ્રસ્ટ હસ્તે શ્રી બી. એચ. આંટીયા–મુંબઈ
૧૦,૦૦૦/- શ્રી લીના વીરેન્દ્ર શાહ–મુંબઈ
૭,૫૦૦/- શ્રી માણેકલાલ મોરારજી સંગોઈ–મુંબઈ
૬,૦૦૦/- શ્રી કુમુદબેન એચ શેઠ–મુંબઈ
૫,૦૦૧/- શ્રી પ્રસનભાઈ એન. ટોલીયા–મુંબઈ
૫,૦૦૧/- શ્રી ભૂપેન્દ્ર હિંમતલાલ શાહ–મુંબઈ
૫,૦૦૧/- શ્રી જ્યોતિ ટ્રસ્ટ–મુંબઈ
૫,૦૦૧/- શ્રી ગંજેન્દ્ર રમણીકલાલ કપાસી–મુંબઈ
૫,૦૦૦/- શ્રી વીસનજી ન. વોરા–મુંબઈ
૫,૦૦૦/- શ્રી સુરેન્દ્રકુમાર ચીમનલાલ શાહ–મુંબઈ
૫,૦૦૦/- શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ–મુંબઈ
૫,૦૦૦/- શ્રી બાબુભાઈ સી. તોલાટ–મુંબઈ
૫,૦૦૦/- શ્રી રસિકલાલ ટી. મહેતા–મુંબઈ
૫,૦૦૦/- શ્રી રસિકલાલ એન. દોશી–મુંબઈ
૫,૦૦૦/- શ્રી રમેશ પી. દફતરી ચેરિટેબલ ટ્રસ્ટ–મુંબઈ
૫,૦૦૦/- શ્રી જયવંત એન. પારેખ ચેરિચેબલ ટ્રસ્ટ–મુંબઈ
૫,૦૦૦/- શ્રી નિતીન કાંતિલાલ સોનાવાલા–મુંબઈ
૫,૦૦૦/- શ્રી જિતેન્દ્ર ટી. મહેતા–મુંબઈ
૫,૦૦૦/- શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાલાલ જવેરી–મુંબઈ
૫,૦૦૦/- શ્રી સુહાસિની રમેશભાઈ કોઠારી–મુંબઈ
૫,૦૦૦/- શ્રી રમેશભાઈ પી. મહેતા–મુંબઈ
૫,૦૦૦/- સ્વ. અ. સૌ. જયમતી રતનચંદ પારેખના સ્મરણાર્થે હસ્તે રતનચંદ ભોગીલાલ પારેખ–મુંબઈ
૫,૦૦૦/- શ્રી ગુણવંતલાલ ઝીણાભાઈ ધીયા–મુંબઈ
૫,૦૦૦/- શ્રી સરોજ એચ. વોરા–મુંબઈ
૫,૦૦૦/- શ્રી જગદીશ એમ. સંઘવી–મુંબઈ
૩,૦૦૦/- શ્રી વર્ષાબહેન રજ્જુભાઈ શાહ–મુંબઈ
૩,૦૦૦/- શ્રી વર્ષાબહેન કે. દેશાઈ (શાહ)–મુંબઈ
૨,૫૦૦/- શ્રી જયાબેન ઈન્દુભાઈ વોરા–મુંબઈ
૨,૫૦૦/- શ્રી રસિકલાલ ચીમનલાલ ચૌધરી–મુંબઈ
૨,૫૦૦/- શ્રી વલ્લભભાઈ ભણશાલી–મુંબઈ
૨,૫૦૦/- શ્રી રસિકલાલ ગોપાલજી શાહ–મુંબઈ
૨,૫૦૦/- શ્રી હર્ષરંજન ચેરિટેબલ ટ્રસ્ટ–મુંબઈ
૨,૫૦૦/- શ્રી ડી. વી. એસ. સી. ચેરિટેબલ ટ્રસ્ટ–ધનબાદ
૨,૫૦૦/- શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ–મુંબઈ
૨,૫૦૦/- શ્રી યશોમતીબેન શાહ–મુંબઈ
૨,૫૦૦/- શ્રી દેવચંદ રાવજી ગાલા–મુંબઈ
૨,૫૦૦/- શ્રીમતી એચ. પી. કેનિયા–યુ.એસ.એ.
૨,૫૦૦/- શ્રી મહેન્દ્ર એ. સંઘવી–મુંબઈ
૨,૫૦૦/- શ્રી કે. સી. શાહ–મુંબઈ
૨,૫૦૦/- શ્રી મંજુલાબેન શાહ–મુંબઈ
૨,૫૦૦/- શ્રી જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૫૦૦/- શ્રી પીયૂષભાઈ ઈ. મજુમદાર–મુંબઈ
૨,૦૦૦/- શ્રી કે. સી. શાહ–અમદાવાદ
૨,૦૦૦/- શ્રી એમ. બી. વોરા–મુંબઈ
૨,૦૦૦/- શ્રી દામાણી દલીચંદ ભગવાનજી–મુંબઈ
૨,૦૦૦/- શ્રી દિનેશ વરજીવનદાસ શાહ–મુંબઈ
૨,૦૦૦/- શ્રી નલીનીબેન શાહ–મુંબઈ
૨,૦૦૦/- સ્વ. અરવિંદભાઈ કેશવલાલ દોશીના સ્મરણાર્થે હસ્તે મૃદુલાબેન–મુંબઈ
૨,૦૦૦/- મે. હેમંત ટુલ્સ પ્રા. લિ.
૨,૦૦૦/- ડૉ. લક્ષ્મીચંદ એમ. શાહ–મુંબઈ
૧,૮૦૦/- શ્રી પ્રમોદભાઈ એસ. શાહ–મુંબઈ
૧,૫૦૦/- ડૉ. જયંતીલાલ એલ. કામદાર–મુંબઈ
૧,૧૦૧/- શ્રી શશિકાંત મણિલાલ મહેતા–મુંબઈ
૧,૧૦૦/- શ્રી ધીરજલાલ કલ્યાણજી વોરા–મુંબઈ
૧,૧૦૦/- શ્રી જશવંત છોટાલાલ શાહ–મુંબઈ
૧,૧૦૦/- શ્રી વનલીલા નટવરલાલ મહેતા–મુંબઈ
૧,૦૦૧/- શ્રી ગણપતી સી. મહેતા–મુંબઈ
૧,૦૦૧/- શ્રી કેસરબેન ખીમજી દેઢિયા–મુંબઈ
૧,૦૦૧/- શ્રી જિતેન્દ્ર એ. શાહ–વડોદરા
૧,૦૦૧/- શ્રીમતી સુશીલાબેન ચન્દ્રકાંત મહેતા–મુંબઈ
૧,૦૦૧/- શ્રી કીર્તિકુમાર નટવરલાલ સંઘવી–મુંબઈ
૧,૦૦૧/- શ્રી કાંતિલાલ હીરાલાલ જરીવાલા–મુંબઈ
૧,૦૦૧/- શ્રી જિતેન્દ્ર એ. શાહ–વડોદરા
૧,૦૦૦/- શ્રી નેણશી રવજી વીરા–મુંબઈ

૧,૦૦૦/– શ્રી ઈલાબેન ચંપકલાલ મોદી–મુંબઈ
૧,૦૦૦/– શ્રી લાલજી દેવરાજ દેપાર ગોસરાણી ચેરિટેબલ ટ્રસ્ટ–જામનગર
૧,૦૦૦/– શ્રીમતી વીણાબહેન જવાહરભાઈ કોરડિયા
૧,૦૦૦/– શ્રી પ્રકાશ એસ. દોશી–મુંબઈ
૧,૦૦૦/– શ્રી રત્નદીપ ચેરિટેબલ ટ્રસ્ટ–મુંબઈ
૧,૦૦૦/– શ્રી રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ–ચીખોદરા હસ્તે દોશી કાકા
૧,૦૦૦/– શ્રી નરેન્દ્ર લીલાધર ગડા–મુંબઈ
૧,૦૦૦/– શ્રી સી. એચ. શાહ–મુંબઈ
૧,૦૦૦/– એક ભાઈ તરફથી–મુંબઈ
૧,૦૦૦/– શ્રી જયંતીલાલ શાહ–મુંબઈ
૧,૦૦૦/– શ્રી નલીની શાહ–મુંબઈ
૫૦૧/– શ્રી આર. જે. કાપડિયા–મુંબઈ
૫૦૧/– શ્રી એક સદ્‌ગૃહસ્થ–મુંબઈ
૫૦૦/– શ્રી શીવજી મુળજી શાહ–મુંબઈ
૫૦૦/– શ્રી એસ. કે. દેઢિયા–કલકત્તા
૫૦૦/– શ્રીમતી મીતા પી. ગાંધી–મુંબઈ
૫૦૦/– શ્રીમતી પ્રવીણા સી. ઘડિયાળી–મુંબઈ
૫૦૦/– શ્રી શાંતિલાલ સંઘવી–અમદાવાદ
૫૦૦/– ડૉ. રાજેન્દ્ર ટી વ્યાસ–મુંબઈ
૫૦૦/– શ્રીમતી કોકીલાબેન–મુંબઈ
૫૦૦/– શ્રીમતી કલાવતીબેન શાંતિલાલ મહેતા
૫૦૦/– સ્વ. લાભુભાઈ સંઘવીના સ્મરણાર્થે હસ્તે મુક્તાબેન
૨૫૧/– શ્રી હરિસિંહ સી. કાપડિયા–મુંબઈ
૨૫૧/– શ્રી રસિકલાલ ધીરજલાલ તુરખીયા–મુંબઈ
૨૫૧/– શ્રી ચંપકલાલ એમ. અજમેરા–મુંબઈ
૨૫૧/– શ્રી હસમુખલાલ ભો. શાહ–મુંબઈ

**૧૧,૦૦,૨૧૮/– કુલ સરવાળો**

## પ્રબુદ્ધ જીવન આજીવન સભ્ય

**(તા. ૧૮-૩-૨૦૦૬ થી તા. ૩૧-૫-૨૦૦૮)**

૨,૫૦૦ શ્રી હિમાંસુ જે. સંઘવી–મુંબઈ
૨,૫૦૦ શ્રી વિપુલ કલ્યાણજી દેઢિયા–મુંબઈ
૪,૫૬૩ શ્રી વિજય એફ. દોશી-યુએસએ
૨,૫૦૦ શ્રી અમિત જે. મહેતા–મુંબઈ
૨,૫૦૦ શ્રી પ્રકાશભાઈ જે. ઝવેરી–મુંબઈ
૨,૫૦૦ શ્રી હર્ષા હેમેન્દ્ર શાહ–અમરાવતી
૨,૫૦૦ શ્રી જયંતીલાલ જીવણલાલ શેઠ–મુંબઈ
૨,૫૦૦ શ્રી કે. આર. મોદી–મુંબઈ
૨,૫૦૦ શ્રી જયંતીલાલ એફ. શાહ–મુંબઈ
૨,૫૦૦ શ્રીમતી સોનલ નગરશેઠ–મુંબઈ
૨,૫૦૦ પ્રો. જશવંત શેખડીવાલા-શેખડી
૨,૫૦૦ શ્રી મુલચંદ લાલજી શાહ–મુંબઈ
૨,૫૦૦ શ્રી અરુણ પી. શેઠ–મુંબઈ (મનીષા સમીર શાહ)
૨,૫૦૦ શ્રીમતી પ્રીતિ એન. શાહ–અમદાવાદ
૨,૫૦૦ શ્રીમતી કલ્પના મનોજભાઈ શાહ–અમદાવાદ
૨,૫૦૦ શ્રીમતી તારાબેન મણિલાલ ગાલા–મુંબઈ
૨,૦૦૦ શ્રી બાબુભાઈ કે. શાહ–વલસાડ (શ્રીમતી સંગીતા કે. શાહ)
૧,૨૫,૦૦૦ શ્રી દીપચંદભાઈ ગાર્ડી–મુંબઈ
૨,૫૦૦ શ્રી માણેકલાલ મોરારજી સંગોઈ–મુંબઈ
૨,૫૦૦ શ્રી ધર્મસિંહ મોરારજી પોપટ–મુંબઈ
૨,૦૦૦ શ્રી જયેન્દ્ર વી. ગાંધી–મુંબઈ (શ્રીમતી ઇન્દુબેન ખેતાણી)
૨,૫૦૦ શ્રી શામજી વેરશી નીસર–મુંબઈ
૨,૦૦૦ શ્રી શામજી વેરશી નીસર (મિતલ મયુર કુરિયા)–મુંબઈ
૨,૫૦૦ શ્રી ભવાની નરેન્દ્રકુમાર મહેતા–મુંબઈ
૨,૫૦૦ શ્રી પ્રવિણા અશ્વિન મહેતા–મુંબઈ
૨,૫૦૦ શ્રી જયંત એમ. શાહ–મુંબઈ
૨,૫૦૦ શ્રી કુમારી રેશ્મા બિપીનચંદ્ર જૈન–મુંબઈ (આચાર્ય શ્રી લધાભાઈ ગણપત હાઈસ્કૂલ)
૨,૫૦૦ શ્રી પૃથ્વીરાજ સી. શાહ (ધારિણી સચિન ઝવેરી)–મુંબઈ
૨,૦૦૦ શ્રી ખીમજી ડી. વીરા (મનોજ્ઞા વિનોદ કેનિયા)–મુંબઈ
૨,૫૦૦ શ્રી જાદવજીભાઈ એલ. શાહ–મુંબઈ
૨,૫૦૦ શ્રી લખમશી રતનશી કારીયા–મુંબઈ
૨,૫૦૦ શ્રી રમણીક રતનશી કારીયા–મુંબઈ
૨,૫૦૦ શ્રી જીનેશ લખમશી કારીયા–મુંબઈ
૨,૫૦૦ શ્રી મણીલાલ રતનશી કારીયા–મુંબઈ
૨,૦૦૦ શ્રી લખમશી રતનશી કારીયા (રીન્કી જીજ્ઞેશ દેઢિયા)–મુંબઈ
૨,૦૦૦ શ્રી લખમશી રતનશી કારીયા (જશોમતી મધુકાંત છેડા)
૨,૦૦૦ શ્રી લખમશી રતનશી કારીયા (દિવાળી લખમશી ગાલા)
૨,૫૦૦ શ્રી વિરજી રતનશી કારીયા–મુંબઈ
૨,૫૦૦ મે. બી. સી. એમ. કોર્પોરેશન-અમદાવાદ
૨,૫૦૦ ડૉ. કવીન શાહ-બીલીમોરા
૨,૫૦૦ ડૉ. એ. સી. શાહ-મુંબઈ
૨,૫૦૦ શ્રી કિરણ પીયૂષ વોરા-મુંબઈ
૨,૫૦૦ શ્રી યોગેશ ખીમજી મારૂ-મુંબઈ
૨,૫૦૦ શ્રી ભરત ભગવાનજી ગાલા-મુંબઈ
૨,૫૦૦ શ્રી શૈલેશ એન. શાહ-મુંબઈ
૨,૫૦૦ શ્રી દિનેશ બહુવા-મુંબઈ
૨,૫૦૦ શ્રી પાર્થ જયંત ટોલિઆ-મુંબઈ
૨,૫૦૦ શ્રી નકુલ હર્ષદ શાહ-મુંબઈ
૨,૫૦૦ શ્રી ધીરજ એસ. શાહ-મુંબઈ (શાહ શાહ એન્ડ કું.)
૨,૫૦૦ શ્રી વસંત છેડા-મુંબઈ
૨,૫૦૦ શ્રી રોહિત કે. ઠક્કર-મુંબઈ
૨,૫૦૦ શ્રી વિજય ચંદુલાલ શાહ-મુંબઈ
૨,૫૦૦ શ્રી પીયૂષ ઈ મજુમદાર-મુંબઈ

**૨,૫૩,૫૬૩ કુલ રૂપિયા**

**વિનંતિ :** 'પ્રબુદ્ધ જીવન નિધિ'માં આપનો અમૂલ્ય દાન પ્રવાહ મોકલી જ્ઞાનદાનનો લાભ લેવા વિનંતિ. રૂપિયા ૨૫ લાખનું અમારું લક્ષ છે. તો જ 'પ્રબુદ્ધ જીવન'ના પાયા મજબૂત બને. 'પ્રબુદ્ધ જીવન' સંઘના સભ્યો, વિદ્વાનો, સાધુ-સાધ્વીશ્રી તેમજ સંતોને વિના મૂલ્યે પ્રત્યેક મહિને નિયમિત અર્પણ કરાય છે.

□ **પ્રમુખ**

# ડૉ. જયંત મહેતા : સફળ તંત્રી, સરસ લેખક

❑ પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ

સ્વસ્થ મન, સ્વસ્થ હૃદય, સ્વસ્થ જીવનની આગવી પ્રતિભા પ્રકટાવનાર ડૉ. જયંતભાઈ અ. મહેતા તા. ૨૩-૫-૨૦૦૮ના દિવંગત થયા. સમયનું અવિરામ સત્ર ચાલતું જ રહે છે, જીવન ક્યાંક અને ક્યારેક થંભી જાય છે. કાળની લીલાને કોણ જાણી શક્યું છે ?

સાહિત્યના ઊંડા મર્મી, ઉમદા વાચક, ઉત્તમ લેખક અને વિલક્ષણ સંપાદકીય સૂઝ ધરાવતા ડૉ. જયંત અ. મહેતાએ 'દશાશ્રીમાળી'નું તંત્રીપદ સંભાળ્યું તે સમયે, આજથી લગભગ ૨૫ વર્ષ પહેલા, મારી વાર્તાઓ 'જન્મભૂમિ'ની બુધ પૂર્તિમાં પ્રગટ થતી હતી. તેમાંથી ચૂંટીને ડૉ. જયંતભાઈએ તે વાર્તાઓ 'દશાશ્રીમાળી'માં સરસ રીતે મૂકવા માંડી. 'દશાશ્રીમાળી'ના અંકો મને ક્યાંક ક્યાંક મળે પણ મને તેમનો કશો પરિચય નહિ. અમે તે સમયે મુંબઈમાં વિચરતા હતા. એકદા, સાંજના સમયે ઘાટકોપરના જૈન ઉપાશ્રયમાં મળવા આવ્યા અને જે પરિચયનો પ્રારંભ થયો તે આજીવન અખંડ બની રહ્યો. નખશીખ સજ્જન જયંતભાઈ એ પળથી એટલી સહૃદયતાથી અને ભક્તિથી મળ્યા કે એ પરિચયમાં કદીય અજાણ્યું ન લાગ્યું.

મારી સાથેના તેમના ઊંડા સંબંધના મૂળમાં સાહિત્ય નિસ્બત મહત્ત્વની હતી. 'દશાશ્રીમાળી' નામ અને કામથી જ્ઞાતિપત્ર હતું. પણ ડૉ. જયંત અ. મહેતાની વિલક્ષણ સંપાદકીય સૂઝથી તે વિવેચકો અને વાચકોમાં ખૂબ લોકપ્રિય બની ગયું. જે ઉત્તમ તેમણે વાંચ્યું હોય તે તેમને બરાબર યાદ હોય. તે શોધીને 'દશાશ્રીમાળી'માં પ્રકટ કરે. કોનું લખેલું છે કે ક્યા ધર્મનું છે તે કરતાં તે પ્રેરક છે કે નહિ તે જૂએ. માનવમૂલ્યની માવજત કરે. જીવન ઉન્નતિ માટે છે અને સાહિત્ય તેમાં સહાયક હોવું જોઈએ. જીવનને ઉર્ધ્વગામી બનાવે તેવું સાહિત્ય જ્યાંથી પણ મળે ત્યાંથી લઈ શકાય એ દૃષ્ટિબિંદુ સાથે ડૉ. જયંતભાઈ આગળ વધતા રહ્યા.

ડૉ. જયંતભાઈનો એક પત્ર મારી પાસે છે, એ અહીં મૂકું છું, તેમાંથી તેમનું ભીતર અનેક સ્વરૂપે પ્રકટે છે :

મુંબઈ તા. ૧-૧૧-૧૯૮૯

પરમ પૂજ્ય મુનિશ્રી વાત્સલ્યદીપ,

તમારા બે પત્રો મળ્યા, પણ ઉત્તર આપવામાં વિલંબ થયો છે. ક્ષમા કરશો. હમણાં ઉપાધિમાં હતો. મારો પુત્ર અને મારા સાળાનો યુવાન પુત્ર કારમાં જતા હતા ત્યારે હાઈવે પર એમને અકસ્માત નડ્યો. એમાં મારા સાળાનો પુત્ર તત્કાળ અવસાન પામ્યો. મારા પુત્રને ઈજા થઈ બચી ગયો. એ દરમિયાન, પૌત્રના આઘાતના પરિણામે મારા સાસુએ પણ આ દુનિયાની વિદાય લીધી. આ દરમિયાન મારે દોઢેક મહિનો દહાણુમાં રહેવું પડ્યું.

'તમારા શુભાશિષ, પ્રેમ, અને પવિત્ર વાસક્ષેપ મળ્યા. મનની વેદના શાંત થઈ. તમારા ચરણે બેસવા આવવાનું બહુ મન છે. હમણાં અમે આ બે મૃત્યુની વેદનાને સહ્ય બનાવવા સમસ્ત પરિવાર – લગભગ કુટુંબના ૩૫ જણાં પંઢરપુરની યાત્રાએ જઈએ છીએ. અઠવાડિયામાં પાછા ફરીશું.

'અમદાવાદ કેટલું રોકાશો ? એ જણાવશો. ત્યાં આવવાનું નક્કી કરીશ એટલે જણાવીશ. પૂજ્ય ગુરુદેવને વંદના.

'જન્મભૂમિ'ની વાર્તાઓ કોઈ કોઈવાર વાંચવા મળે છે. તમારી મધુર ભાષા શૈલી, એ હથોટી, એ પ્રભુત્વ, પ્રસંગ અને પાત્રોનું સમુચિત અને સામાન્યજનને પણ હૃદયંગમ બની જતું આલેખન મનભર છે... ખાસ તો આપણા સાધુ–સાધ્વીઓ સાહિત્યપદાર્થને ઓછા ઓળખે છે એથી સરસ્વતીની ઉપેક્ષા થાય છે ત્યારે તમારા જેવા ગણ્યા ગાંઠ્યાં સંતજનો આપણા સાહિત્યની અને આપણા આધ્યાત્મિક વાંઙ્‌મયની સાચી મૂડી છે. પં. સુખલાલજી અને પં. બેચરદાસજી જેવા શિક્ષકોની સંખ્યા વધવી જોઈશે અને સાધુ સમાજે નવી ક્ષિતિજો તરફ દૃષ્ટિ ફેંકવી પડશે એવું લાગે છે.

આપનો સ્નેહાધીન
જયંત મહેતાના વંદન.'

પત્ર સ્વયં સ્પષ્ટ છે. ડૉ. જયંતભાઈનું તંત્રીકર્મ ભીતરની તાલીમ-શાળામાંથી ઘડાઈને આવતું હતું. જયંતભાઈ જન્મે જૈન ન હોવા છતાં, 'દશાશ્રીમાળી'ના વાચકોને તેની કદી જાણ ન થઈ એટલા જૈન સંસ્કારો તેમનામાં વણાઈ ગયા હતા.

જયંતભાઈએ સને ૧૯૪૭માં મુંબઈ યુનિવર્સિટીથી 'ટૂંકી વાર્તા' પર શોધનિબંધ લખીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી, તેમાં તેમણે ગુજરાતી સાહિત્યમાં પ્રથમ ટૂંકી વાર્તા કોણે લખી ? – એ અંગે વિશદ ચર્ચા કરી છે અને આપણી પ્રથમ ટૂંકી વાર્તા મલયાનીલ લિખિત 'ગોવાલણી' નહિ પણ અંબાલાલ દેસાઈ રચિત 'શાંતિદાસ' છે તે પુરવાર કર્યું છે ! આ શોધનિબંધ 'ટૂંકી વાર્તા એક દર્શન' અને 'ગાંધીયુગના કેટલાક નવલિકાકારો' એમ બે ભાગમાં પ્રકાશિત થયો છે.

ડૉ. જયંત અ. મહેતાનો વાર્તા સંગ્રહ 'જનમ ભોમકાનો સાદ' પ્રકટ થયો છે. હજી ઘણી વાર્તાઓ અપ્રકટ છે. આ વાર્તાઓ વાંચીએ ત્યારે સમજાય છે કે જયંત અ. મહેતા મેઘાણી, પન્નાલાલ કે મડિયાના કુળના વાર્તાકાર છે. એ વાર્તાઓમાં ધરતીની સોડમ છે, માનવતાની મહેંક છે, ઉન્નતિની અભિપ્સા છે.

'જૈનધર્મ અને ગીતાધર્મ' એ વિષય પર પ્રેમપુરી આશ્રમમાં મેં પ્રવચન કરેલું તેનું સંકલન જયંતભાઈએ કરેલું અને તે જ સંસ્થા તરફથી તે પ્રગટ થયેલું તેની વાત સંભારતા જયંતભાઈના પુત્રી તૃપ્તિબહેન કહેતા કે 'જ્યારે પપ્પા તે પ્રવચન ઉતારતા હતા ત્યારે અમે સૌ સાંભળ્યા કરતા અને ઘરમાં તેની જ વાતો થતી.'

જયંતભાઈને ત્યાં ત્રણેકવાર પગલા કરવા જવાનું થયેલું. તેઓ જ્યાં રહે છે ત્યાં બાંદ્રાની એ વિશાળ કોલોનીનું નામ છે – 'સાહિત્ય સહવાસ'. ત્યાં મોટા ભાગના હિન્દી / મરાઠી સાહિત્યકારો તથા કલાકારો વસે છે અને સરસ્વતી ઉપાસનાનો શાંત પ્રભાવ લહેરાય છે. મારું પુસ્તક 'વિશ્વવંદ્ય વિભૂતિ' તેમને ઘણું ગમ્યું હતું. કહે, 'સરસ લખાયું છે.'

ડૉ. જયંતભાઈના ધર્મપત્ની શ્રી તારાબહેન, પુત્ર સતીશ મહેતા, પુત્રવધૂ બહેનશ્રી મોનાબહેન અને પુત્રી–જમાઈઓ, શ્રી સુષમાબહેન તથા બંકિમભાઈ અને શ્રી તૃપ્તિબહેન તથા હેમંતભાઈ. દહાણુમાં રહેતા શ્રી ચંદ્રકાંતભાઈ અને તેમનો પુત્ર મિહીરભાઈ – સૌ ધર્મભાવનાશીલ, સ્નેહાળ અને પરસ્પર પ્રીતિવાળા છે. મારા પ્રત્યે ખૂબ ભક્તિભાવ ધરાવે છે.

ડૉ. જયંત અ. મહેતા (૧૯૨૫-૨૦૦૮) સરળ સ્વભાવી, ધાર્મિક અને સાહિત્યોપાસક હતા. સૌનું શ્રેય ઝંખતા અને સૌના શ્રેય માટે મથતા. આવા ભાગ્યશાળીઓનો આત્મા ઉર્ધ્વગતિ પામે જ. શ્રી જયંતભાઈ સદાય સ્મરણમાં રહેશે.

✱✱✱

જૈન ઉપાશ્રય, ૭, રૂપમાધુરી સોસાયટી, સંઘવીના રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(મે-૨૦૦૮ના અંકથી આગળ)

(૪૫૭) ભક્ત પાન સંયોગાધિકરણ : –અન્ન, જળ આદિનું સંયોજન કરવું.
भक्तपान संयोगाधिकरण : –अन्न, जल आदि का संयोजन करना ।
Bhaktapanasamyogadhikarana: –It consits in combining or prosucing foodstuffs like cered, water etc.

(૪૫૮) ભદ્રોતર (તપ) : –જૈન પરંપરામાં તપસ્વીઓ દ્વારા આચરવામાં આવતો એક તપ
भद्रोत्तर (तप) : –जैन परंपरा में प्रसिद्ध तपस्वियों द्वारा आचरण किये जानेवाला एक तप ।
Bhadrottara : –A type of penance practised by various ascetics in the jaina tradition

(૪૫૯) ભય (ભય મોહનીય) : –ભય શીલતા આણનાર એક કર્મનો પ્રકાર
भय (मोहनीय) : –भय शीलता का जनक एक मोहनीय कर्म का प्रकार है ।
Bhaya (-mohaniya) : –The Karma which brings about a fearing disposition

(૪૬૦) ભરતવર્ષ : –જંબૂદ્વીપના સાત ક્ષેત્રોમાંનું એક ક્ષેત્ર
भरतवर्ष : –जंबू द्वीप के सात क्षेत्र में से एक क्षेत्र ।
Bharatvarsa : –One of the region of Jambudvipa out of the seven regions

(૪૬૧) ભવન : –ભવનપતિ (દેવો) ને રહેવાનું સ્થાન. ભવન બહારથી ગોળ, અંદરથી સમચતુષ્ક અને તળિયે પુષ્કરકર્ણિકા જેવા હોય છે.
भवन : –भवनपति (देवों) के रहने का स्थान । भवन बाहर से गोल भीतर से समचतुष्कोण और तले में पुष्करकर्णिका जैसे होते हैं ।
Bhavana : –A type of residential quarters meant for Bhavanapatis. The bhavans are shaped like a circle on the exterior side, like a square on the interior, while their bottom is shaped like a Puskarakarnika

(૪૬૨) ભવ પ્રત્યય (અવધિજ્ઞાન) : –જે અવધિજ્ઞાન જન્મતાની સાથે જ પ્રગટ થાય છે.
भव प्रत्यय (अवधिज्ञान) : –जो अवधिज्ञान जन्म लेते ही प्रकट होता है ।
Bhavapratyaya(-awadhi) jnana : –The type of awadhijnana owing to birth

(૪૬૩) ભવ સ્થિતિ : –કોઈ પણ જન્મ પ્રાપ્ત કરી એમાં જઘન્ય અથવા ઉત્કૃષ્ટ જેટલા સમય સુધી જીવી શકાય છે તે ભવસ્થિતિ
भव स्थिति : –कोई भी जन्म पाकर उसमें जघन्य अथवा उत्कृष्ट जितने काल तक जी सकता है वह भवस्थिति है।
Bhavasthiti : –The maximum or minimum life-duration that a being can enjoy after being born in a particular species.

(૪૬૪) ભવ્યત્વ : –મુક્તિની યોગ્યતા
भव्यत्त्व : –मुक्ति की योग्यता ।
Bhavyatva : –being worthy of moksa

(૪૬૫) ભાવ : –આત્માના પર્યાયોની ભિન્ન ભિન્ન અવસ્થાઓ
भाव : –आत्मा के पर्यायों की भिन्न भिन्न अवस्थाएं ।
Bhava : –Thr different conditions possibly characters all the modes of a soul

(૪૬૬) ભાવબંધ : –રાગદ્વેષ આદિ વાસનાઓનો સંબંધ
भावबंध : –राग-द्वेष आदि वासनाओं का संबन्ध ।
Bhavabandha : –Physical type of bandage, an associated with the cravings like attachment, awerson etc.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

# સર્જન સ્વાગત

❑ ડૉ. કલા શાહ

ગ્રંથનું નામ : **અણગારનાં અજવાળા**
સંપાદક–**ગુણવંત બરવાળિયા–પ્રવિણાબેન આર. ગાંધી.** પ્રકાશક : સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ–૪૦૦ ૦૭૫.
કિંમત રૂા. ૧૨૦, પાના ૨૭૪; આવૃત્તિ–૧.
**પ્રાપ્તિસ્થાન :** પ્રવિણાબેન આર. ગાંધી, 'શૈલી' ૮, સંકેત, તક્ષશિલા એપાર્ટમેન્ટ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ–૧૫. ફોન : ૨૬૭૪૫૨૧૮.
કિરણભાઈ બી. સંઘવી–વર્ષા બિલ્ડીંગ, પ્લોટ નં. ૧, બ્લોક નં. ૧, ૫ મો જુહુ રોડ, ન્યુ જુહુ સ્કીમ, વિલેપારલે, મુંબઈ. ફોન : ૨૬૧૪૧૦૦૧.

સ્થાનકવાસી જૈન ફિરકાના સંતો સતીઓના જીવન અને કવન તથા આધ્યાત્મિક યાત્રાને ઉજાગર કરતા આ પુસ્તકમાં સંપાદકોએ ૪૧ જેટલા મહાસતીઓના અણગારની કલ્યાણમય યાત્રાને શબ્દસ્થ કરી છે.

જૈન સમાજમાં સ્ત્રીને સમાન દરજ્જો હોવાથી તે એક પ્રગતિશીલ સમાજ ગણાય છે. જૈન ધર્મમાં સાધ્વી સમાજનું જે સમાન સ્થાન છે તેવું સ્થાન અને સમાનતા અન્ય ધર્મોમાં જોવા મળતાં નથી, તેથી જ ધર્મના ક્ષેત્રે, આધ્યાત્મિક ક્ષેત્રે અનેક વિદ્વાન, મર્મજ્ઞ અને વિદૂષી સાધ્વીરત્નો સમાજને પ્રાપ્ત થયાં છે. સિંહની પેઠે દીક્ષા લેનાર સિંહબાળ પૂ. લીલાવતીબાઈ મ.સ., વિખ્યાત વ્યાખ્યાતા પૂ. વસુબાઈ મ.સ., સિદ્ધાંતોને જીવી જીવન અને મૃત્યુને મહોત્સવ બનાવનાર પૂ. તારાબાઈ મ.સ., સંપ્રદાયના સુકાની અને પ્રખ્યાત લેખિકા તથા વ્યાખ્યાતા પૂ. શારદાબાઈ મ.સ., કેન્સરની ભયંકર વેદનાને વ્હાલ કરનાર અદ્ભુત સમતાભાવી પૂ. કુસુમબાઈ મ.સ., સિદ્ધ વચની ક્ષત્રિયાણીનું તેજ ધરાવનાર ખમીરવંતા વ્યાખ્યાતા પૂ. શ્રી ધનકુંવરબાઈ મ.સ., સમગ્ર જીવન દરમ્યાન 'હું' આત્માની શોધના સંશોધક ડૉ. પૂ. તરુબાઈ મ.સ. અને મૌનને જીવી જાણનાર પૂ. શ્રી ઈન્દુમતી મ.સ. તથા અન્ય મહાસતીઓના જીવન ચરિત્રોના આલેખન વાચકને તેમના પવિત્ર તીર્થસ્વરૂપા વ્યક્તિત્વનો પરિચય આપે છે.

આવા મહાજ્ઞાની, મહાધ્યાની ઉત્તમચરિત્રનું પાલન કરતા શ્રેષ્ઠ પ્રતિભાસંપન્ન મહાસતીજીઓ વર્તમાનમાં વિચરી રહ્યાં છે તેની પ્રતીતિ આ પુસ્તક દ્વારા થાય છે.

xxx

ગ્રંથનું નામ : **પાઠશાળા ગ્રન્થ–૨**
લેખક : **પ્રદ્યુમ્ન સૂરિ**
સંપાદન–સંયોજન : **રમેશ શાહ,**
પાઠશાળા પ્રકાશન 'પાઠશાળા' દ્વિમાસિકના ૪૬ થી ૬૦ સુધીના અંકોના સમગ્ર લેખોનો સંચય.
પ્રકાશન : **પાઠશાળા પ્રકાશન,** બાપાલાલ મનસુખલાલ શાહ ટ્રસ્ટ, ૭૦૩, નૂતન નિવાસ, ભટાર માર્ગ, સુરત–૩૯૫૦૦૧. મૂલ્ય: રૂા. ૨૦૦, પાના ૨૬૮; આવૃત્તિ–૧. ૨૦૦૭.
**પ્રાપ્તિસ્થાન :** સંદીપ શાહ, ૪૦૨, જય એપાર્ટમેન્ટ, ૨૯, વસંત કુંજ સોસાયટી, શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭. ફોન : ૨૬૬૩૪૦૩૭.
વિજય દોશી, સી–૬૦૨, દત્તાણી નગર, બિલ્ડીંગ નં. ૩, વિવેકાનંદ માર્ગ, બોરીવલી (પશ્ચિમ) મુંબઈ–૪૦૦૦૯૨. ફોન : ૯૩૨૦૪૭૫૨૨૨

વર્તમાન કાળમાં ચારે તરફ દુર્વૃત્તિઓનું સામ્રાજ્ય જોવા મળે છે. પણ સહેજ ઝીણી નજર કરીએ તો સદ્વૃત્તિ, સદ્વર્તન અને પરોપકારની જ્યોત પણ ચોક્કસ પ્રદેશમાં અજવાળું પાથરતી જોવા મળે છે.

પાઠશાળા–ભાગ–૨ આવી સદ્વૃત્તિના પ્રદેશમાં અજવાળું પાથરનાર ગ્રંથ છે.

આ ગ્રંથમાં જૂની વાતોની સાથે સાથે પ્રેરણાદાયી નવી નવી વાતો સ્વ–પર સમુદાયના ભેદને વચમાં લાવ્યા સિવાય રજૂ કરવામાં આવી છે. આચાર્યશ્રીએ જૈન સાહિત્યના અગાધ સાગરમાં ડૂબકી મારીને એમાંથી અનેક રત્ન શોધી શોધીને બહાર કાઢીને, સારી રીતે મઠારીને સામાન્ય જન માટે સરળ બનાવવાનું અત્યંત મુશ્કેલ કાર્ય કર્યું છે. આ ગ્રંથમાં પૂજ્યશ્રીનું ગહન ચિંતન, ઊંડું અવગાહન અને સુસ્પષ્ટ શૈલી તથા સરળ લેખન શૈલી ઊડીને આંખે વળગે છે.

આ ગ્રંથમાં જૈન કથાઓમાં રહેલા માર્મિક રહસ્યોને પ્રગટ કરવાની સાથે સાથે કવિ કલ્પનાનો વિહાર કરાવે છે. તે ઉપરાંત પ્રચલિત કથાઓમાંથી તારવેલા રહસ્યો વાચકને નવી દૃષ્ટિ આપે છે. અહીં પૂજ્ય આચાર્યશ્રીની ધર્મ પ્રત્યેની વિધાયક દૃષ્ટિનો પરિચય થાય છે. આ પુસ્તકમાં લેખકની વિશેષતા એ છે કે પ્રાચીન ગ્રંથોમાંથી ઉદાહરણો અને સુભાષિતો તથા વાસ્તવજીવનના અનુભવોનું આલેખન છે.

ડૉ. કુમારપાળ દેસાઈના શબ્દોમાં કહીએ તો, 'પાઠશાળા'ની લેખસૃષ્ટિ એ કોઈ ફરમાયશી સર્જન નથી, લોકરૂચિની રંજકતાને લક્ષમાં રાખીને થયેલું સર્જન નથી. આ તો સ્વાન્તઃ સુખાય થયેલું સર્જન છે તેથી જ શબ્દેશબ્દમાં ભાવની સાચકલાઈ ને નિરાડંબરી પ્રસ્તુતિ જોવા મળે છે.

xxx

ગ્રંથનું નામ : **ઘટના અને સંવેદના**
લેખક : **હિંમત ઝવેરી;** સંપાદક–**દિગંત ઓઝા**
પ્રકાશક : **અશોક ધનજીભાઈ શાહ,** નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨ અને દેરાસર પાસે ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧. મૂલ્ય : રૂા. ૨૦૦, પાના ૪૨૦; આવૃત્તિ–૧. જાન્યુઆરી–૨૦૦૭.

આ દળદાર ગ્રંથમાં કટ્ટર સમાજવાદી કટાર લેખકની કલમે વંચિતો પ્રત્યેની વેદનાને વાચા આપી છે.

અહીં પ્રકટ થયેલ લેખોમાં વિષયની પસંદગી, તેની માનવજત અને વિચારપ્રેરક કથનમાં લેખકની વિશિષ્ટતા પ્રકટ થાય છે. વિષયનું વૈવિધ્ય ઊડીને આંખે વળગે છે. તેમની શૈલીની વિશેષતા એ છે કે તે વાચકને સંવેદનામાં ઘસડી જાય છે. જેવું છે તે જોવું, નોંધવું અને એ કહેવું એ તેમને જીવતરનું શસ્ત્ર છે.

લેખક વ્યક્તિચિત્રણમાં વિભૂતિઓની આગવી ઓળખ આપી જાય છે. તે ઉપરાંત તેમની કલમ દ્વારા આંતરરાજ્ય, આંતરરાષ્ટ્રના રાજકીય પ્રવાહો, આર્થિક વિષયો, શ્રમજીવીઓ, બિન-સાંપ્રદાયિકતા, ઇતિહાસલક્ષી ચર્ચા, સાહિત્ય તેમ જ નારી મુક્તિ જેવા વિષયોની રસભરી માહિતિ સભર ચર્ચાનો આસ્વાદ વાચકને મળે છે.

સમકાલીન ભારતની અને અન્ય રાષ્ટ્રોની સંવેદના શોકસભા જેવી દશામાં છે તેવા સમયે સમાજની સંવેદના જાગૃત કરવાની દિશામાં હિંમત ઝવેરીના આ કટાર લેખો માર્ગદર્શક બની રહેશે.

✱✱✱

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩

# આત્મસિદ્ધિ શાસ્ત્ર

**(જુન '૦૮ અંકથી આગળ)**

(૭૪)

સમાધાન-સદ્‌ગુરુ ઉવાચઃ
હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ;
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી મર્મ. ૭૪

समाधान-सद्‌गुरू उवाचः

संस्कृत चेतनप्रेरणा न स्यादादद्यात् कर्म कः खलु? ।
प्रेरणा जडजा नाऽस्ति वस्तुधर्मो विचार्यताम् ।।७४।।

समाधान-सद्‌गुरू उवाचः

हिन्दी होय न चेतन प्रेरणा, कौन ग्रहे तब कर्म ।
जड स्वभाव नहिं प्रेरणा, खोजो याको मर्म ।।७४।।

Solution :

अंग्रेजी In bondage if the soul not acts,
Who can accept the bondage worse?
Examine minutely the facts,
No conscious acts in lifelessness. 74

(૭૫)

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમ જ નહિ જીવધર્મ. ૭૫

संस्कृत यदि जीवक्रिया न स्यात् संग्रहो नैव कर्मण।
अतो न सहजो भावो नैव वा जीवधर्मता।।७५।।

हिन्दी जब चेतन करता नहीं, तब न होवे कर्म ।
तातें सहज स्वभाव ना, त्योंहि न आतम-धर्म ।।७५।।

अंग्रेजी In any way if soul is still,
No bondage it acquires ever;
It thus no nature's work so ill,
Nor character of soul's own Power. 75

(૭૬)

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ. ૭૬

संस्कृत यदि स्यात् केवलोऽ कथं भासेत न त्वयि।
तत्त्वतोऽसंग एवाऽस्ति किंतु तन्निजबोधने।।७६।।

हिन्दी आत्मा असंग मात्र जो, क्यों नहि भासत तोहि।
असंग है परमार्थसों, जब कि स्वदृष्टि अमाहि ।।७६।।

अंग्रेजी If soul is so bondageless quite,
To you it appears not why?
Unalloyed is soul, that's right,
To one who knows his self, else dry. 76

(૭૭)

કર્ત્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષપ્રભાવ. ૭૭

संस्कृत नेश्वरःकोऽपि कर्ताऽस्तिः स वै शुद्धस्वभावभाक्।
यदि वा प्रेरके तत्र मते दोष दोषप्रसता।।७७।।

हिन्दी कर्त्ता प्रभु भिन्न व्यक्ति ना, प्रभु निज शुद्ध स्वभाव।
भिन्न प्रभु प्रेरक गिनत, प्रभु-पद दोष लखाव।।७७।।

अंग्रेजी God does bind, nor helps creation,
Perfection (Purity) of the soul is God;
If He instigates, where's perfection?
Nothing He does, such is the Lord. 77

(૭૮)

ચેતન જો નિજ ભાનમાં, કર્ત્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજ ભાનમાં, કર્ત્તા કર્મ પ્રભાવ ૭૮

संस्कृत यदाऽऽत्मा वर्तते सौवे स्वभावे तत्करस्तदा ।
यदात्मा वर्ततेऽ सौवे स्वभावेऽ तत्करस्तदा।।७८।।

हिन्दी ज्ञाननिष्ठ जब चेतना, कर्त्ता कर्म अभाव।
भूले ज्ञायकभाव तब, कर्त्ता कर्म प्रभाव।।७८।।

अंग्रेजी If one himself really knows,
The soul behaves in only knowledge;
But binds himself in ignorance,
As childish plays in younger age. 78

(૭૯)

જીવ કર્મ કર્ત્તા કહો, પણ ભોક્તા નહિ સોય;
શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય. ૭૯

शंका ४ – शिष्य उवाचः

संस्कृत स्यादात्मा कर्मणः कर्ता किन्तु भोक्ता न युज्यते ।
किं जानाति जडं कर्म येन तत् फलंद भवेत्।।७९।।

शंका ४ – शिष्य उवाचः

हिन्दी जीव कर्म–कर्त्ता रहो, किन्तु न भोक्ता सोय।
क्या समझे जड़ कर्म जो, फल परिणामी होय? ।७९।।

Doubt of Disciple:

अंग्रेजी The soul may bind, but not receives,
The fruits thereof, who likes the worse?
No knowledge lifeless bondage has,
How can it allot the fruits as worth. 79

(ક્રમશઃ)

(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા સંપાદિત 'સપ્તભાષી આત્મસિદ્ધિ'માંથી. આ પુસ્તકની કિંમત રૂા. ૩૦૦/- છે. જિજ્ઞાસુને આ પુસ્તક ૨૦% વળતરથી શ્રી મું. જૈન યુવક સંઘની ઑફિસમાંથી પ્રાપ્ત થઈ શકશે).

Regd. With Registrar of Ne    rs for India No. R. N. I. 6067/57    Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Ch    g Office Mumbai-400 001.On 16th of every month ● Regd. No. MH/ MR/SOUTH-146 / 2006-08



## પંથે પંથે પાથેય...

# વાંચનયજ્ઞનાં સંભારણાં

❑ શાંતિલાલ ગઢિયા

*[જીવનયાત્રા દરમિયાન કેટલાંક એવાં સાત્વિક જીવનપ્રસંગો, પાત્રો અને શબ્દો મળી જાય છે કે ચિત્તમાં એ ચિરંજીવ સ્થાને બિરાજી જાય છે અને જીવન સફરમાં વારે વારે સ્મૃતિ ઉપર ઉભરવા લાગે છે. આવાં પ્રસંગો, પાત્રો અને શબ્દો આપણા જીવનનું પાથેય બની જાય છે અને જીવનની કોઈક ક્ષણે વિજળીના ઝબકારની જેવું અજવાળું પાથરી આપણી ચેતનાને જાગૃત અને ઝંકૃત કરી દે છે, અને ચિત્તવિકાસમાં એ બધાં એક મોતીની જેમ પરોવાઈ જાય છે.*

*'પ્રબુદ્ધ જીવન'ના છેલ્લા પૃષ્ટ ઉપર વિવિધ મહાનુભાવોના આવાં અનુભૂતિત સત્ત-સત્વ-તત્ત્વને પ્રત્યેક મહિને અભિવ્યક્ત કરવાનો અભિગમ છે.*

*સર્વ મહાનુભાવોને આવાં સત્વશીલ પ્રસંગો, પાત્રો, શબ્દો મોકલવાનું નિમંત્રણ.*

*–તંત્રી]*

આ જીવે લોકસંગ્રહ કે સેવા અર્થે કોઈ ગણનાપાત્ર કાર્ય કર્યું નથી. કૉલેજમાં અધ્યાપક તરીકે વ્યવસાય કર્યો છે. સારાં પુસ્તકો વાંચવાનું ગમે. એનો પ્રસાર કરવાનું પણ ગમે. આ રુચિને સિંચવાનું કામ કેટલાક વંદનીય પુરુષોએ કર્યું છે, તેમાં મહેન્દ્રભાઈ મેઘાણી અગ્રિમ હરોળમાં આવે. આમ તો મારા મોટાભાઈને એમની સાથે પ્રત્યક્ષ સંપર્ક. પત્રો દ્વારા બંનેને પરસ્પર પરિચય થયો. લોકમિલાપનાં નવાં પ્રકાશનો વિષે ભાઈ પૂછાવે અને મહેન્દ્રભાઈ વળતી ટપાલે ઉત્તર પાઠવે. દર વર્ષે સૂચિપત્રો મોકલે. ભાઈ ઑર્ડર નોંધાવે. પુસ્તકો ઘેર વસાવવા જેવા તો હોય જ, વળી ભેટ આપવા લાયક પણ હોય, એટલે એક પુસ્તકની ૫-૧૦ નકલો મગાવે.

મહેન્દ્રભાઈ વડોદરા આવવાના હોય ત્યારે હક્કથી ઇચ્છા પ્રગટ કરે કે તમારે ઘેર પણ આંટો આવીશ. આ ગાળામાં તેઓ ઘેર ઘેર કે લત્તે લત્તે વાંચનપ્રવૃત્તિ ચલાવતા. પોતાના સૂચતિ પ્રકાશનન ફાઈલ ખોલીને સંકલિત અંશો બે-ચાર પરિવારજનો વચ્ચે વાંચી સંભળાવે. અમને આ વાંચનયજ્ઞનો લાભ મળ્યો છે, એ અમારું મહદ્ ભાગ્ય છે. મહેન્દ્રભાઈ ભોંય પર અમારી સાથે જ બેસે. એક રાત્રે વાંચન બાદ સૌ જમવા બેઠા. જમીને ઊભા થયા ત્યારે અમે એમની થાળી ઉપાડીએ એ પહેલાં જ પોતે લઈને ઊભા થઈ ગયા. માત્ર એટલું જ નહિ, પાછળ મોરીમાં જઈ થાળી-વાટકો માંજી પણ નાખ્યાં! એમની સાદાઈ અને સ્વાશ્રયની ભાવના અમને સ્પર્શી ગયા.

મહેન્દ્રભાઈની આ ઉમદા પ્રવૃત્તિએ મારા મનમાં એક બીજ રોપ્યું, જે સમયાંતરે અંકુરિત થનાર હતું. અંતરમન સતત ટકોરા મારે કે હું નાના પાયે આ કામ કરું તો! વડીલ મિત્રબંધુ અરવિંદભાઈ સાઠે સાથે વર્ષોજૂનો સંબંધ. અમારા વિચારોમાં સામ્ય. સહજ મેં દરખાસ્ત મૂકી, 'ફાજલ સમયમાં હું તમારી આગળ વિનોબા ભાવેનું ચરિત્ર વંચવા માગું છું. હું વક્તા અને તમે શ્રોતા. હું જ તમારે ઘેર આવીશ. કલાકેક વાંચન કરીશ. તમને ગમશે?' અરવિંદભાઈ આનંદમાં આવી ગયા. 'આ તો દરદીને ભાવતું હતું અને વૈદે બતાવ્યું. તમે ચોક્કસ આવો.'

વર્ષાઋતુ શરૂ થઈ ન હોય તેવા ગ્રીષ્માંતની સાંજ આહ્લાદક હોય છે. અમને બંનેને આ સમય અનુકૂળ હતો. હું રોજ એમને ત્યાં જઉં. મારી બાજુમાં વિનોબાજીની તસવીર મૂકું. એમને ફૂલમાળા અર્પણ કરી અમે 'ૐ તત્ સત્ શ્રી નારાયણ તૂ' એ વિનોબારચિત પ્રાર્થના બોલીએ અને પછી હું વાંચવાનું શરૂ કરું. દસેક દિવસ આ શબ્દયાત્રા અમે સુખેથી માણી. વ્યક્તિનું સ્વગત વાંચન એના પોતાના વિચારતંત્રને ઉપકારક નીવડે જ છે, પણ વાચક સામે શ્રોતા પણ હોય ત્યારે ઉભયપક્ષે વિચારક્રિયા પલ્લવિત થાય છે. વાંચનપ્રવૃત્તિનું આ ઉજળું પાસું મારા દિલ-દિમાગને મુગ્ધ કરતું.

બીજા વર્ષે પણ આ ક્રમ ચાલ્યો. રમણલાલ સોની લિખિત 'ઉપનિષદ કથામંગલ'નું વાંચન કર્યું. બંનેનું ચિત્ત પ્રસન્નતાથી છલકી ઊઠ્યું. થોડા મહિના વીત્યા. શિયાળા બાદ વસંતઋતુનું આગમન થયું હતું. અમારા વાચનયજ્ઞના ત્રીજા ચરણની કલ્પના કરતો હતો. આ વખતે વિનોબાનું 'ગીતા પ્રવચનો' અરવિંદભાઈ સમક્ષ વાંચવું એમ મનોમન નક્કી કર્યું. જો કે વચ્ચે અમારી મુલાકાત થઈ ન હતી. તેથી મારો વિચાર એમને જણાવી શક્યો નહોતો અને... એક દિવસ સમાચાર મળ્યા કે અરવિંદભાઈ આ દુનિયામાં નથી!!

યજ્ઞપુરુષ ગયો. વાંચનયજ્ઞ સૂનો પડ્યો. મારા મનમાંથી 'ગીતા પ્રવચનો' પુસ્તક હટતું ન હતું. મિત્રને કઈ રીતે શ્રદ્ધાંજલિ આપું? અને એક માર્ગ જડ્યો. અરવિંદભાઈની મરણોત્તર વિધિ, બેસણું વગેરે સંપન્ન થયા પછી હું એમના સ્વજનોને મળ્યો. મારા મનની વાત એમને કહી, 'આપને ખબર નથી, ખુદ અરવિંદભાઈને પણ ખબર ન હતી કે હું એમની આગળ 'ગીતા પ્રવચનો' પુસ્તક વાંચવાનો હતો. જુઓને, ઇશ્વરને અમારી યોજના મંજુર નહિ હોય. કેવું બની ગયું! હવે મારી ઉમેદ છે કે એ પુસ્તકની ગુજરાતી અને મરાઠી નકલો આપને આપી જઉં. આપ્તજનો તથા સગાસંબંધીઓને વહેંચજો. ગુજરાતી આવૃત્તિ અહીં મળે છે. મરાઠી માટે પવનાર (જિ. વર્ધા)ના પ્રકાશકને લખીશ. અરવિંદભાઈનો ફોટો મારી પાસે છે. તે એન્લાર્જ કરાવીને પુસ્તકની દરેક પ્રતમાં આગળના ભાગમાં મૂકાવીશ. વ્યવસ્થિત પુસ્તકો તૈયાર કરાવીને હું આપી જઈશ. આપ સૌ સંમતિ આપશો તો મને સંતોષ થશે...' ભાવુક હૃદયે સ્વજનોએ મારી વાતને ટેકો આપ્યો.

✱ ✱ ✱

એ.૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા-૩૯૦ ૦૦૬.

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004, Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-     તા. ૧૬ ઑગસ્ટ, ૨૦૦૮     છૂટક નકલ રૂા. ૧૦/-

✶✶✶ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✶✶✶

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૪     વીર સંવત : ૨૫૩૪     શ્રાવણ સુદ – તિથિ – ૧૫

## પર્વાધિરાજ પર્યુષણ પર્વ વિશેષાંક

### જિન-વચન

#### આત્મ દમન

वरं मे अप्पा दंतो संजमेण तवेण य ।
मा हं परेहि दम्मंतो बंधणेहिं वहेहिं य ।।

–उत्तराध्ययन–१-१६

સંયમ અને તપથી હું મારા આત્માનું દમન કરું એ જ ઉત્તમ છે. બીજા લોકો બંધનમાં નાખીને કે વધ કરીને મારા આત્માને દમે તેના કરતાં આ સારું છે.

संयम और तप के द्वारा मैं अपनी आत्मा का दमन करूं यही अच्छा है । अन्य लोग बंधन और वध के द्वारा मेरा दमन करें – इस से यह अच्छा है ।

It is better that I should restrain myself by self-control and penance rather than being subdued by others with fetters and violence.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

## આચમન

## પથારી બહાર કરાવી

૧૯૨૯ની સાલમાં બાપુજી થોડો વખત હિમાલયમાં કૌસાની રહ્યા હતા. હિમાલયમાં રાતે ઠંડી અને ધુમ્મસ પારાવાર હોય છે. છતાં બાપુજી તો પોતાના નિયમ અનુસાર ત્યાં પણ રાતે ખુલ્લામાં જ સૂતા હતા.

એક રાતે વાઘનું એક બચ્ચું બાપુજીના બિછાના પાસે આવીને ફરી ગયું. નૈનિતાલથી આવેલા કેટલાક કાર્યકર્તાઓ બાપુજીના અતિથિસત્કાર માટે ત્યાં રહેતા હતા, તેમાંના એક જણે આ બચ્ચાને જોયું હતું.

બીજે દિવસે બાપુજીને એ બિના જણાવી; ખુલ્લી જગાને બદલે અંદર સૂવાનો બધાંએ આગ્રહ કર્યો. બાપુજી તો એ સાંભળીને જાણે કશું ગંભીર બન્યું જ ન હોય એમ માત્ર ખૂબ હસ્યા અને તેમણે હંમેશ મુજબ ખુલ્લામાં જ પોતાની પથારી કરાવી !

બા રોજ તો અંદર સૂતાં હતાં. પણ આ જોઈને બાએ પણ પોતાની પથારી બહાર કરાવી !

❑ **મહેન્દ્ર મેઘાણી**

સંપાદિત '**ગાંધી ગંગા**'માંથી

## 'સમણસુત્તં'

*જેવી રીતે ઈસ્લામનો ધર્મગ્રંથ કુરાન છે, ખ્રિસ્તી ધર્મનો માન્ય ગ્રંથ બાઈબલ છે, હિંદુ ધર્મનો મુખ્ય ગ્રંથ ભગવદ્‌ગીતા ગણાય છે, બૌદ્ધ ધર્મનું ધમ્મપદ છે, એવી જ રીતે જૈન ધર્મનો કોઈ એક પ્રાતિનિધિક સર્વસામાન્ય ગ્રંથ હોવો જોઈએ એવા વિચારને કેન્દ્રમાં રાખીને વિનોબા ભાવેની પ્રેરણાથી ૧૯૭૬માં 'સમણસુત્તં' શીર્ષક હેઠળ એક ગ્રંથનું પ્રકાશન યજ્ઞ પ્રકાશન સમિતિ (વડોદરા) તરફથી થયું. અનેક જૈનાચાર્યો, જૈન વિદ્વાનોએ સાથે મળીને મૂળ આગમ ગ્રંથો અને અન્ય કેટલાક પ્રાચીન સૂત્રગ્રંથોમાંથી કુલ્લે ૭૫૬ ગાથાઓ પસંદ કરીને એ 'સમણસુત્તં' ગ્રંથની રચના કરી. એમાં અર્ધમાગધી ભાષામાં મૂળ ગાથા, એ ગાથાનો સંસ્કૃત પદ્યાનુવાદ, મૂકવામાં આવ્યો છે અને સામા પાના ઉપર ગાથાનો ગુજરાતી ગદ્યાનુવાદ છે, જે શ્રી અમૃતલાલ ગોપાણીએ કર્યો છે.*

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | પધારો પર્વાધિરાજ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | પર્વોમાં મહાન પર્વ પર્યુષણ પર્વ | પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ | ૪ |
| (૩) | જૈન ધર્મના વિશેષો | ડૉ. પ્રવીણ દરજી | ૬ |
| (૪) | 'ભાવઃ' સ્વરૂપ દર્શન | ડૉ. કવિન શાહ | ૯ |
| (૫) | 'આપ્ત-મિમાંસા-દેવાગમસૂત્ર સ્વામી સમન્તભદ્ર-ગ્રંથ પરિચય | ડૉ. હંસા શાહ | ૧૨ |
| (૬) | કસ્તુરબા સેવાશ્રમ મરોલી | — | ૧૬ |
| (૭) | ચોવીસ તીર્થંકર | સંકલિત | ૧૭ |
| (૮) | કલ્પસૂત્ર | સંકલિત | ૧૭ |
| (૯) | અષ્ટમંગલ | શ્રી હર્ષદ દોશી | ૨૧ |
| (૧૦) | પિસ્તાળીસ આગમો | સંકલિત | ૨૪ |
| (૧૧) | હે જઠર દેવ ! મિચ્છામિ દુક્કડમ્ | ડૉ. મહેરવાન ભમગરા | ૨૬ |
| (૧૨) | શ્રી દેવચંદજી રચિત શ્રી સંપ્રતિ જિન સ્તવન | શ્રી સુમનભાઈ એમ. શાહ | ૨૯ |
| (૧૩) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૩૨ |
| (૧૪) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૩ |
| (૧૦) | પંથે પંથે પાથેય : મઘમઘતા સાધુચરિત ડૉ. મુકુંદરાય જોષી સાથે વાંચન યાત્રા | શ્રીમતી નીના જગદીશ સંઘવી | ૩૬ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/–**(U.S. $ 9) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/–**(U.S. $ 26) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/–**(U.S. $ 40)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/–**(U.S. $75) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/–**(U.S. $ 100)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજિવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક '**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**'ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૮ ● ● તા. ૧૬ ઑગસ્ટ, ૨૦૦૮ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## પધારો પર્વાધિરાજ

હે ! પર્વાધિરાજ પર્યુષણ ! પધારો ! પધારો અને અમારા તન, મન, ચિત્ત, બુદ્ધિ અને આત્મામાં બિરાજો. અમારી મોક્ષ પ્રાપ્તિની વાંછનાનું આપ મહાનિમિત્ત છો. તમે સાંસારિક અને ભૌતિક ઓચ્છવ ઉત્સવ નથી પણ આપ તપ, જ્ઞાન અને ભક્તિ દ્વારા થતી કર્મ નિર્જરાથી સંસારચક્રમાંથી અમને મુક્ત કરી મોક્ષ પંથે દોરી જનારા મહાન આધ્યાત્મિક પર્વ ને પુણ્ય પ્રેરક છો ! પર્યુષણ=પરિ+ઉષણ. પરિ એટલે સમગ્ર પ્રકારે અને ઉષણ એટલે આત્મ સમીપ આવીને વસવું. આ અર્થને અમારા શ્વાસોચ્છવાસમાં ભરી દેજો. માત્ર આઠ જ દિવસ માટે જ નહિ પણ આપ હવે તો અમારા અંતિમ શ્વાસ સુધી અમારામાં વિરાજી રહો એવી અમે આપને પ્રાર્થના કરીએ છીએ. તો જ મોક્ષ માર્ગના અમને દર્શન થશે. અમારા કર્મોની નિર્જરા કરવા આપ પધાર્યા છો તો અમને જીવનભર એવા શુભ કર્મ કરવાની અને અશુભ કર્મોથી દૂર રહેવાની દૃષ્ટિ આપજો. જેથી અમારું જીવન કર્મરહિત બનતું જાય. અમારી અંદર બેઠેલા ચંચળ મનને આપ નાથજો, એ અબુધ મન વારે વારે અમારા પાપ કર્મોનું નિમિત્ત બને છે. એને આપ પ્રેમથી સમજાવજો, ન સમજે તો જ્ઞાન, તપ અને ભક્તિનું મહત્ત્વ સમજાવી સત્ય દર્શન કરાવજો. આજે પોતાની સત્તા અને પોતાના સિદ્ધાંતોનું મહત્ત્વ સ્થાપિત કરવા માટે વિશ્વના બૌદ્ધિકો અને સત્તાશક્તિ સ્વામીઓએ હિંસાનું શસ્ત્ર ઉગામી અબુધ જનોને પોતાના સાધન બનાવી નિર્દોષો ઉપર નિર્દય રીતે અત્યાચાર કરી રહ્યાં છે. હે પર્વાધિરાજ ! એ સર્વને સદ્બુદ્ધિ આપજો અને ભોગ બનેલાના મનમાં દ્વેષ અને વેરને પ્રવેશવા ન દેશો અને એમના હૃદયને ક્ષમા ભાવથી શણગારજો. અહિંસા અને અપરિગ્રહ વિના જગત શાંતિ કે જગત સમૃદ્ધિ શક્ય જ નથી એ વિચાર વિશ્વના અણુ અણુમાં પ્રસરાવજો. 'હું' સાચો એ હઠાગ્રહમાંથી એ બૌદ્ધિકોને મુક્તિ અપાવો. શરીર હત્યા એ જ માત્ર હિંસા નથી, પણ કોઈના મનને દુઃખ પહોંચાડવું એ પણ મહાન હિંસા છે એનો એ અર્થનાદ વિશ્વના અણુએ અણુમાં ગૂંજતો કરી દેજો, મારા પર્વ દેવ !

હે કરુણાધારક, કરુણાધિરાજ, પર્વાધિરાજ ! પ્રત્યેક જૈનને એવી પ્રતિજ્ઞા લેવડાવો કે સવાર, સાંજ કે રાત્રે જ્યાં જ્યાં જ્યારે જ્યારે હિંસાના સમાચાર વાંચે ત્યારે એ પળે જ હિંસાનો ભોગ બનેલા જીવને માટે એક નવકારનું સ્મરણ કરીને પછી જ મોંમાં અન્નજળની પધરામણી કરે અને 'હિંસાદાતાને પરમાત્મા સદ્બુદ્ધિ આપે' એવી પરમ કૃપાળુને પ્રાર્થના કરે !

હે મહામંગળકારી પર્વાધિરાજ ! અમને એવી પ્રેરણા આપો કે બાહ્ય ક્રિયાઓથી નહિ પણ અંતર્ધ્યાનથી અમે પ્રભુ ભક્તિ કરીએ અને આત્માને પરમાત્મામાં લીન કરીએ. જીવનની કોઈ પણ અસુખ પળે અમારા મનમાં ક્રોધ પ્રગટે નહિ, કારણ કે ક્રોધ તો દિવાસળી જેવો છે, પહેલાં એ સ્વયં બળે પછી અન્યને બાળે ! અમારી ભીતર રહેલો 'અહં' અમને શોધ્યો ન જડે. નિત્ય દર્શન, પૂજા, વ્યાખ્યાન શ્રવણ, પ્રતિક્રમણ અને સામાયિક અમારા જીવનનો નિયમિત દૈનિક ક્રમ બની જાય. ૧૮ પાપ સ્થાનકોથી દૂર રહીએ અને ૧૪ ગુણસ્થાનો તરફ અમારા આત્મા અને જીવનની ગતિ થાય.

હે જ્ઞાન આરાધક પર્વાધિરાજ ! અમને એવા આશીર્વાદ આપો કે અમને પૂ. આચાર્ય ભગવંત સાધુ–સાધ્વીશ્રીઓનું સાન્નિધ્ય પ્રાપ્ત થાય જેથી અમને યત્ કિંચિત્ પણ સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચરિત્રની પ્રાપ્તિ થાય. રાગ–દ્વેષથી મુક્ત થઇએ. દાન અને ત્યાગની ઉચ્ચતમ ભાવના અમારા જીવનમાં ગુંથાઈ જાવ...અમે વાણીના નહિ, મૌનના સાધક બનીએ. અમારી જિવ્હા ઉપર વચનબદ્ધતા અને સત્ય આસનસ્થ બનો.

હે ભવ તારક મહારાજ ! જૈનોના બધાં સંપ્રદાયો, શ્વેતાંબર, મૂર્તિપૂજક, સ્થાનક-વાસી, તેરાપંથી અને દિગંબર એ સર્વના તમે પ્રિયમાં પ્રિય છો ! ક્ષમા, માર્દવ, આર્જવ, ત્યાગ, સંયમ, તપ, સત્ય, શૌચ, અકિંચનતા અને બ્રહ્મચર્ય વગેરે ગુણોથી બધાં આપનું પૂજન કરે છે, અને ક્ષમાપનાનો દિવસ તો જૈન માટે જ નહિ, પણ સમગ્ર સંસાર માટે અનન્ય છે. મિચ્છામિ દુક્કડમ્ એ જૈન ધર્મની જગતને અમૂલ્ય ભેટ છે.

હે જગત જ્ઞાનદર્શક પર્વરાજ ! તમારા ગુણ ગાવા બેસીએ તો ધરતીનો પટ નાનો પડે, સમુદ્રના નીર જેટલી શાહી પણ ઓછી પડે અને ધરતી ઉપર પ્રગટેલા કાષ્ટોની કલમ પણ અલ્પ લાગે !

હે પ્રજ્ઞાધારક પર્વાધિરાજ ! આપને અમારા કોટિ કોટિ વંદન !

❑ ધનવંત શાહ

# પર્વોમાં મહાન પર્વ પર્યુષણ પર્વ

❑ પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ

પર્વ એટલે પવિત્ર દિવસ. પર્યુષણ એટલે આત્માનું શરણ. આત્મસંનિધિના મંગળનું પર્વ એટલે પર્યુષણ.

પવિત્ર સાધનાનાં મંડાણ પવિત્ર સમયમાં જ થઈ શકે. સાનુકૂળ વાતાવરણના નિર્માણ વિના થતો નવી ક્રિયાનો પ્રારંભ બહુ લાભકારક ન નીવડે અને આત્માનું સાનિધ્ય પામવાની ઊંડી અને કલ્યાણમયી ક્રિયા કરવાની છે તેમાં તો કેટલી બધી સાનુકૂળતા અપેક્ષિત બની રહે છે?

આત્મસાધનાની શુભ શરૂઆત પર્વના સમયમાં કરવાની હોય છે. પર્યુષણમાં થનારી સાધના આત્મલક્ષી છે. સમગ્ર જૈનદર્શનનો પાયો આત્મા છે. આત્મતત્ત્વ શાશ્વત દ્રવ્ય છે. અ-મૃત અને અખંડ આત્મા, કર્મવર્ગણા છેદીને શાશ્વત સુખની સંપ્રાપ્તિ કરે એ આ સાધનાનો મંગળભાવ છે. જીવ, શાશ્વતસુખની ચરમસીમાએ પહોંચે, આધિ, વ્યાધિ કે ઉપાધિનો એને સ્પર્શ સુદ્ધાં ન થાય તે માટે પૂર્વાચાર્યોએ પર્વોની સાધનાનો માર્ગ કહ્યો છે.

કિંતુ બલિહારી એ છે કે આત્મા જેટલી અણપ્રીછ વસ્તુ માનવીને આ જગતમાં એકેય નથી! માનવીની વધુમાં વધુ નજીક આત્મા બિરાજે છે, અને એને જ એ જાણતો નથી! જીવનની સમગ્ર વેદનાનું વૃક્ષ આમાંથી સર્જાય છે.

અને આજનો માનવી એ નથી જાણતો એનાં કારણો સમજવા જેવાં છે. માણસ હંમેશાં આનંદનો અભિલાષી હોય છે. તે માટે યત્ન પણ કરે છે. પરંતુ એ યત્નમાં એક મનોવૃત્તિ સતત ઝબકતી રહે છે, 'હું સુખી થઈ જાઉં!' અને પોતીકા સુખને ખાતર થતા પ્રયત્નોમાં સારા-ખરાબનો વિવેક એ ચૂકી જાય છે. ભગવાન મહાવીરે અધોગતિ-પતનના કહેલા ચાર માર્ગો, ક્રોધ, માન, માયા અને લોભના સેવાઈ જાય છે. રોજિંદી ગડમથલમાં જિંદગીનો સાચો આનંદ અને સાચું સુખ મેળવવાનો અમૂલ્ય સમય વેડફાઈ જાય છે. નવી પ્રાપ્તિ થતી નથી. જે છે તે મણાતું નથી.!

આમાં, જેની ઓળખ અનિવાર્ય છે એ આત્મન્ સાંભરે ક્યાંથી?

જ્ઞાની પૂર્વસૂરિઓ આ જાણે છે. કર્મના મર્મને ભેદ્યા વિના આત્માનું સાંનિધ્ય સંભવ નથી એમ નિર્દેશીને તેઓ પર્યુષણની પર્વ-સાધના કરવાનું કહે છે. પૂર્વસૂરિઓએ પર્યુષણનો મહિમા આમ ગાયો છે :

पर्वाणि सन्ति प्रोंक्तानि, बहविं श्री जिनागमे ।

पर्युषणा समं नान्येत् कर्मणां मर्म भेदकृत् ।। १ ।।

[શ્રી જિનેશ્વર ભગવંતોની વાણીના આકરસમા આગમગ્રંથોમાં પર્વો તો અનેક છે, પણ કર્મોના મર્મોને ભેદનારું પર્યુષણ પર્વ સમું એકેય પર્વ નથી.]

કર્મોના અનુબંધ પંગુ બને તો આત્મતત્ત્વની સાધના સફળ બની જાય. પણ એ માટે કરવું શું? પૂર્વાચાર્યોએ તદર્થે પાંચ ધર્મતત્ત્વો કહ્યાં છેઃ

-અમારી ઘોષણા

-સાધર્મિકની ભક્તિ

-અઠ્ઠમનું તપ

-તમામ ચૈત્યોમાં જિનવંદન

-ક્ષમાપના.

આ પાંચેય ધર્મતત્ત્વો વિચારણીય છે.

અમારી ઘોષણાનો અર્થ છે અહિંસાની ઘોષણા. આજના સમયમાં અહિંસાનું ચિંતન કરી લેવું અનિવાર્ય છે. હિંસા આજે ક્યાં નથી? પ્રત્યેક પગલે હિંસા શક્ય બની ગઈ છે. દરેક પદાર્થોમાં હિંસા આવી વસી છે. મન, વચન અને કાયાથી હરક્ષણ હિંસા તીવ્ર બની રહી છે.

અને આ સઘળુંય જે થાય છે, તે સકારણ હોય જ છે, તેવું નથી. નિષ્કારણ પણ હોય છે. એક પાપના પોષણને માટે અનેકની પરંપરા ચાલતી રહે છે, એમાં ઉમેરાય છે અભિમાન અને અતૃપ્તિ. ત્યારે એ કર્મ નિકાચિત બની જાય છે!

આજનો માનવી આવશ્યક હોય છે તેના કરતાં વધુ ઝંખતો થયો છે. બીજાનું સુખ એને માટે ઈર્ષ્યાની-અદેખાઈની આગ બની રહે છે! બીજા કરતાં વધુ મેળવવા એ દોડે છે. ભાગ્યવશાત્ નથી મળતું એ સુખ, તો આક્રંદ કરે છે!

આનું મૂળ મનના ખેલ છે.

માનવી ક્યારેક વચન અને કાયાથી બચી જાય છે, એને અંકુશમાં રાખી લે છે, પણ મનને એ ટાળી શકતો નથી-વિદ્રોહ દઈ શકતો નથી. મનની ક્ષુદ્ર લાલસા એને રમાડતી રહે છે.

અહિંસા અને અપરિગ્રહ નજીકનાં ધર્મતત્ત્વો છે. સ્પૃહાના કારણે બીજાનું સ્હેજ પણ અશુભ ઈચ્છવું, તે પણ હિંસા જ છે! જો સ્પૃહાથી બચાય તો અપરિગ્રહ આવે અને માનસિક હિંસાથી બચી જવાય.

ભગવાન મહાવીરે કહ્યું છે કે જીવનના પ્રત્યેક વ્યવહારોમાં ઉપયોગ જોઈએ-જયણા જોઈએ. ઉપયોગમાં ધર્મ કહ્યો છે. આ જયણા પણ મન, વચન અને કાયા ત્રણેને સ્પર્શે છે. મનનો ઉપયોગ. વચનનો ઉપયોગ. કાયાનો ઉપયોગ. નિર્બંધ જીવનને, મુક્ત જીવનને જે ઈચ્છે છે તેને માટે આ લાલબત્તી છે. આ જીવનની કિંમત મોટી છે, એને નિરર્થક, નિરુપયોગી વિલાસમાં વેડફી દેવું, એમાં શાણપણના અંશ બહુ ઓછા છે. જીવન તો એક ગતિ છે,

તેજ તરફની. તેમાં પ્રમાદ ન પાલવે, એક ક્ષણનોય પ્રમાદ મહાભયંકર પતનની ખાઈ બની શકે! ઉપયોગશૂન્ય જીવન ક્યારેક દુઃખનું એવું ઘટક બની જાય કે એને બચાવવાનો કોઈ ઉપાય શેષ ના રહે!

મનમાં ફાવે તેવું જીવો એ જ સુખ નથી. દુઃખના સર્જનની ક્રિયા છે એ. આ બધામાંથી ઉગરવાનો સાફ માર્ગ છે—અહિંસાભર્યું આચરણ. ક્યારેય અશુભનો વિચાર, અશુભનો ઉચ્ચાર કે અશુભનો આચાર નહીં કરવાનો શુભ સંકલ્પ.

तुदन्ति पावकम्पाणि नवं कम्ममकुव्वओ ।

સૂત્રકૃતાંગનો આ ઉપદેશ એ છે કે જે ઓછામાં ઓછું નવાં કર્મો ઉપાર્જિત નથી કરતો તેનાં પૂર્વસંચિત કર્મો નષ્ટ થઈ જાય છે. જે માણસ ઉપયોગ સમગ્રતાથી કેળવે એ નવાં કર્મોથી અવશ્ય બચી જાય.

અહિંસા આવે તો હૃદયમાં દયાના ભાવ પ્રગટે. કોમળતા વિકસે. ભક્તિનો ઉલ્લાસ વધે.

બીજું ધર્મતત્ત્વ છે—સાધર્મિકની ભક્તિ.

પોતાના અને જેની સાથે સંબંધ જોડાયો છે તેના—બંનેના સ્વામી એક છે, એવા સ્વામીભક્તની ભક્તિ. ધર્મ જેનો સમાન છે એવા સાધર્મિકની ભક્તિ.

સાધર્મિકની સેવામાં મુખ્ય છે આદરની ભાવના. જે આદર આપે છે એ આદર પામે છે. આદર હોય તો ઉલ્લાસ આવે. ભાવનાની રમણાં ત્યાં ચડે. ભાવના ભવની વિનાશક છે.

સદ્ભાવના વિના સદ્ધર્મનો પ્રારંભ ક્યાંથી થાય?

ધર્મબંધુને માટે સેવાની ધર્મભાવના સ્વ—પરનું ઊભયનું હિત કરનારી છે. એમાંથી પોતે પણ આરાધક બને તેવી પ્રેરણા ખીલવે છે અને ત્યારે પોતાના માટે વ્રત જપની ભાવના પ્રગટાવે છે.

ત્રીજું ધર્મતત્ત્વ છે અઠ્ઠમ.

ત્રણ દિવસના ઉપવાસનું તપ.

શ્રી યશોવિજયજી મહારાજે તપને કર્મોનું દાહક બળ કહ્યું છે- कर्मणां तापनात् तपः। તપથી આત્મોન્નતિનું પહેલું ચરણ મંડાય છે. આત્મશ્રેયની સાથે જ આ તપ—આરાધનાનો એક હેતુ દૈહિક શુદ્ધિનો પણ બની રહે છે. આયુર્વેદમાં વ્યાધિનો ઉપદ્રવ થાય ત્યારે લાંઘણ કરાવાય છે, તે સમજવા જેવું છે.

જિહ્વાસંયમ આ તપથી કેળવી શકાય છે. જિહ્વાસંયમથી ત્યાગનો સ્પર્શ થાય. નાનો ત્યાગ પણ ક્યારેક વિરાટ બનાવવાના માર્ગે પણ દોરી જાય ને?

જિન ચૈત્યોમાં નમન એ ચોથું ધર્મતત્ત્વ છે.

આત્મહિતૈષીએ વિનયમાં પદાર્પણ કર્યું હોય તો તેને નમ્રતા સુલભ બની રહે છે. જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરતી વેળા મનમાં ભાવ જાગે છેઃ પ્રભુ આવી વિરાટ સિદ્ધિ શી રીતે મેળવી શક્યા? કયા ગુણોએ એમને મહાન બનાવ્યા? આ સમગ્ર દર્શન નેત્રો સમક્ષ તરે છે ત્યારે તેમાંથી એવા આપણેય થઈએ તેવો શુભ ભાવ જન્મે છે.

નમ્રતા સ્વયંને મહાન બનાવી દે એવું અમોઘ બળ છે.

અક્ષમાનું કારણ છે ક્રોધ.

ઉત્તરાધ્યયનસૂત્રમાં कोहविजहनं खंति जणपई—ક્રોધવિજય ક્ષમાનો જનક છે,—કહીને ક્રોધજિત બનવાનું કહ્યું છે.

અપરાધ જન્મે છે અજ્ઞાનમાંથી. સામેની વ્યક્તિ અપરાધ બાદ ક્ષમા માગી લે તો એને માફ કરી દેવો એ વીરનું ભૂષણ છે. અને, ક્ષમા ન માંગે તોયે શું? અપરાધી અને ક્રોધી બંને અજ્ઞાની કહેવાય છે. ક્ષમા વીરતાનું લક્ષણ છે, અને આંતરિક નિર્ભયતાનું પ્રતીક. જે ક્ષમાશીલ છે એ પ્રસન્નતાથી ભરેલો બની જાય છે.

આ પાંચ ધર્મતત્ત્વો પર્યુષણની સાધનાનાં છે. એની આરાધનાથી કર્મો છેદાય છે, આત્મદર્શન લભ્ય બને છે. ભાવની શુદ્ધિથી, અહંમુક્તિ મેળવીને આ સાધના કરવાની છે.

પર્યુષણ માટે કહ્યું છે કે 'મંત્રોમાં જેમ નવકાર મોટો છે, તીર્થોમાં શત્રુંજયતીર્થ વડેરું છે, દાનમાં અભયદાન ઉત્તમ છે, ધ્યાનમાં શુક્લધ્યાન શ્રેષ્ઠ છે, રત્નમાં ચિંતામણી રત્ન મહાન છે તેમ પર્વમાં પર્યુષણ પર્વ એ મહાન પર્વ છે.'

આવા મહાન પર્વની સાધનાનો અવસર એ પરમ સૌભાગ્યનું સૂચક છે. આવો, એ મહાન સાધના કરીને આપણે અનુપમ આત્મબળ સર્જીએ. ✶✶✶

જૈન ઉપાશ્રય, ૭, રૂપમાધુરી સોસાયટી, સંઘવીના રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ—૩૮૦૦૧૩.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રકાશિત**

**ડૉ. રમણલાલ ચી.શાહ લિખિત નવા ગ્રંથોનું પ્રકાશન**

૧. જિનતત્ત્વ ગ્રંથ—૧—આવૃત્તિ બીજી, જુલાઈ—૨૦૦૭, પૃષ્ટ સંખ્યા—૫૦૩, મૂલ્ય રૂા. ૩૦૦/— ૧ થી ૫ ભાગમાં વિસ્તરિત આ ગ્રંથમાં જૈનધર્મ વિષયક ૪૭ લેખો છે.

૨. જિનતત્વ-ગ્રંથ—૨, ઑગસ્ટ—૨૦૦૭, પૃષ્ટ સંખ્યા—૩૬૪, મૂલ્ય રૂા. ૨૪૦/— છ થી ભાગ ૯ સુધી વિસ્તરિત આ ગ્રંથમાં જૈન ધર્મ વિષયક બીજાં ૨૬ લેખો છે.

૩. પ્રભાવક સ્થવિરો (ભાગ—૧ થી ૬) આવૃત્તિ—બીજી માર્ચ—૨૦૦૬, પૃષ્ટ સંખ્યા—૬૧૨, મૂલ્ય—રૂા. ૩૫૦/—.

છ ભાગમાં વિસ્તરિત આ ગ્રંથમાં ૨૫ જૈન પ્રસિદ્ધ અને સિદ્ધ સાધુ ભગવંતોના ચરિત્રનું વિગતે આલેખન થયું છે.

પ્રાપ્તિ સ્થાન :

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,

૩૩, મહંમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ. બી. સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં,

મુંબઈ—૪૦૦૦૦૪. ફોન નં. : ૦૨૨—૨૩૮૨૦૨૯૬.

૬ પુસ્તકો એક સાથે ખરીદનારને ૨૫% ડિસ્કાઉન્ટ.

❑ મેનેજર

# જૈનધર્મના વિશેષો

❑ ડૉ. પ્રવીણ દરજી

માનવજાતનો વ્યાપકરૂપે વિચાર કરીએ છીએ ત્યારે આપણી સમક્ષ હુમા પક્ષી–ફીનિક્સ–Phoenix આવી રહે છે. કોઈ એક છેડા ઉપરનો તેનો વિકાસ, તેને કારણે આવેલી એકવિધતા, અસંતોષ કે નિર્વેદ અને પછી નષ્ટ થવાની પળે જ, પોતાની રાખ જેવી સ્થિતિમાંથી તેનું નવ–નિર્માણ થઈ રહે. પેલા બીજા છેડા માટેની એની તરસ વધે, ચારે તરફથી તેની તે માટેની બુભુક્ષા જાગે. નવી સિદ્ધિઓ, નવી આકાંક્ષાઓ, નવો જીવનબોધ એનું સ્વપ્ન બની રહે અને પછી તેને અવતારનાર કોઈ વ્યક્તિ આવી મળે. નૂતન આયામોનો પછી તે જન્મદાતા અને સંવાહક બની રહે. ઈસુ પૂર્વેની છઠ્ઠી સદીનો ઈતિહાસ એનો સાક્ષી છે. ઈરાનમાં જરથોસ્ત, ચીનમાં લાઓત્સે અને કન્ફ્યુશ્યસ,ગ્રીસમાં થેલિસ, પાયથાગોરસ વગેરે અને ભારતમાં મહાવીર-બુદ્ધનું ત્યારે અવતરણ થયું. વિશ્વમાં ત્યારે પાંચ ધર્મો આવિર્ભાવ પામ્યા.

‘જૈનધર્મ’ એમ જ્યારે કહીએ છીએ ત્યારે આપણા મનમાં ઋષભદેવ સમેતના ત્રેવીસ તીર્થંકરોનું તો સ્મરણ જાગે છે જ, પણ ચોવીસીમા, છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામીની પ્રતિમા તરત દૃષ્ટિ સમક્ષ આવી રહે છે. એકદમ સાદી–સહજ ભાષામાં કોઈ એમ કહે કે મહાવીરનો જીવનધર્મ એ જ જૈનધર્મ તો ભાગ્યે જ એ વિધાન સામે કોઈ વાંધો લઈ શકે. તેઓ જૈનધર્મનો આરો–ઓવારો–કિનારો છે. જ્યાંથી સંસારને પાર કરી શકાય છે, સાથે ‘જિન’ શબ્દનું તે સાકાર રૂપ છે. જૈનધર્મનો તે અખૂટ સ્રોત છે. બ્રાહ્મણ પરંપરાની સામે ‘શ્રમણ’ પરંપરાનું જે ઊર્જસ્વી રૂપ આપણી સામે આવ્યું તેમાં ભારતીય તત્ત્વવિચારના કેટલાક નવા ખૂણાઓ ઊઘડી આવ્યા. ‘જૈનધર્મ’ તત્ત્વ અને જીવનના કેટલાક નૂતન વિભાવો–વિશેષો લઈને આવે છે. જે વિશેષોએ વિશ્વભરના ધર્મઅભ્યાસીઓનું ધ્યાન ખેંચ્યું. એના મેટાફિઝિક્સે કેટલીક Reality ઉપર પ્રથમવાર આંગળી મૂકી આપી. હિન્દુધર્મને આત્મખોજ માટેની ભૂમિકા પૂરી પાડી. એના કેટલાક સિદ્ધાંત વિશેષોને કારણે જ ઐતિહાસિક દૃષ્ટિએ બ્રાહ્મણધર્મ અને બૌદ્ધધર્મ વચ્ચે તે તેનું સ્થાન નિશ્ચિત કરે છે. આજ સુધી તેનું એ સ્થાન અડોલ રહ્યું છે.

એ જાણીતું છે કે જૈનતત્ત્વ દર્શન અત્યંત સૂક્ષ્મ સાથે સંકુલ છે. તેનાં તત્ત્વવિજ્ઞાન–તર્કશાસ્ત્ર–જ્ઞાનમીમાંસા, તેનું મનોવિજ્ઞાન, નીતિશાસ્ત્ર આ સર્વના ભેદો–પ્રભેદો તેમાં આગવું મહત્ત્વ ધરાવનાર દર્શન, જ્ઞાન, ચારિત્ર્ય–ત્રિરત્ન, ચારિત્ર્યને ઘડનાર વ્રત સમિતિ, ગુપ્તિ, ભાવના, યતિધર્મો, નવતત્ત્વો વગેરે વિશે વારંવાર વિચાર થતો રહ્યો છે. તેનાં કેટલાંક અન્ય વિશિષ્ટ તત્ત્વો પણ અભ્યાસનો વિષય બનતાં રહ્યાં છે. પણ અહીં તે વિશે ચર્ચા કરવાનો કશો ઉપક્રમ રાખ્યો નથી. અહીં મહાવીર સ્વામીને, સહેજ જુદી રીતે યાદ કરીને કહું તો, તેમણે પોતે કોઈ ગ્રંથ રચ્યો નથી. કદાચ તેમનો રસ Text કરતાં Test ઉપર કેન્દ્રિત હતો–સત્યના સ્વયંના જીવનની પ્રયોગશાળામાં કરેલા પ્રયોગો–Test. જેમાં ક્યારેય કોઈને મન, કર્મ, વચનથી દુઃખ ન આપવું, સહિષ્ણુતા, સમભાવ, ક્ષમા, અહિંસા, તપસ્યા, વૈરાગ્ય, મોક્ષ, અંતઃકરણ-વૃત્તિઓનું સ્થાપન, ચારિત્ર્યશુદ્ધિ, નૈતિક મૂલ્યોની જિકર વગેરે સદ્‌ગુણો દ્વારા માનવીય ઉન્નયનનો માર્ગ પ્રકાશિત થયેલો જોવાય છે. ‘જૈનધર્મ’નો વિચારવિસ્તાર એવી કોઈ પાયાની ભૂમિકાએથી તે પછી તેમના શિષ્યો વડે વિસ્તરે છે.

અહીં એવાં કેટલાંક પાયાનાં સત્યોમાંથી કેટલાક વિશેષો બતાવવાનો પ્રયત્ન રહ્યો છે.

જૈનધર્મનું મોટું આકર્ષણ જો હોય તો તે તેની સ્વતંત્ર વિચારણા છે. કેટલાંક બુનિયાદી ગૃહીતોમાં તે તદ્દન જુદો પડી જતો ધર્મ છે. જેમકે ઈશ્વર વિશેની વિચારણા. અન્ય ધર્મોમાં સર્વ સત્તાધીશરૂપે ઈશ્વરનો સાક્ષાત્કાર થતો આવ્યો છે, અહીં ઈશ્વર નહિ, પણ ઈશ્વરત્વનો સ્વીકાર છે. કેન્દ્રમાં મનુષ્ય રહ્યો છે અને એવા મનુષ્યે પોતાનાં સત્ કાર્યો વડે ઈશ્વરત્વ અર્થાત્ તીર્થંકરત્વ પ્રાપ્ત કરવાનું કહેવાયું છે. ઈશ્વરનું નહિ મનુષ્યત્વનું પદ ઉત્કૃષ્ટ છે. કાખઘોડી રૂપ ઈશ્વરને સારાં–માઠા કર્મો માટે તેથી અહીં ઉત્તરદાયિત્વ સોંપાતું નથી. અહીં કર્તા મનુષ્ય છે તો હર્તા પણ મનુષ્ય છે. ઈશ્વરના અસ્તિત્વને સ્વીકારીએ તો પછી આ વિશ્વમાં અશુભ, અસદ્, વેદના–દુઃખ વગેરે કેવી રીતે હોઈ શકે ? વિશ્વ અનાદિ અને અનંત છે. તેનો રચયિતા કોઈ એક હોઈ શકે તે માની શકાય તેમ નથી. જગત એના નિયમોને વશવર્તી ગતિ કરી રહ્યું છે. એનો યશ કે અપયશ કોઈ ‘ઈશ્વર’ને આપી શકાય તેમ નથી. અસ્તિત્વવાદનું સ્મરણ કરાવે એ રીતે જૈનધર્મમાં મનુષ્યને અબાધિત ધાર્મિક સ્વાતંત્ર્ય મળ્યું છે. પસંદગી માણસે કરવાની છે. એના અને એની પસંદગી વચ્ચે કોઈ દલાલ–આડતિયાં નથી. કોઈ તેમાં મદદરૂપ થઈ શકે તેમ નથી, તો વિક્ષેપકર પણ બની શકે તેમ નથી. અમાપ સ્વાતંત્ર્ય છે તો તેવું જ ઉત્તરદાયિત્વ પણ છે. જીવ (Spirit) ઈચ્છા પ્રમાણે જીવી શકે છે, તેની ઈચ્છા અફર છે. પણ તે સાથે કરેલાં કર્મોની અને તેનાં જે તે પરિણામોની જવાબદારી પણ તેની જ છે. પલાયનવાદ તેમાં ચાલી શકે તેમ નથી. જીવે જ પોતાના ભવિષ્યને રચી આપવાનું છે. પછી તે ભવિષ્ય સકારાત્મક હોય કે નકારાત્મક.

આ ‘કર્મ’ જૈનધર્મમાં, હિન્દુધર્મની જેમ અદષ્ટ શક્તિ રૂપે નહિ, પણ સંપૂર્ણ સ્વતંત્ર તત્ત્વરૂપે સ્વીકાર પામ્યું છે. જીવની ઉપર જે કોઈ આવરણો ચઢે છે તે આ કર્મથી. કર્મ અને જીવ અનાદિકાળથી સંયોજિત છે તેવું અહીં મનાયું છે. જીવને સમયે સમયે નવાં નવાં કર્મો બાંધતાં રહે છે. આ પ્રવાહને અંત નથી. કર્મનું દોરડું જીવને બાંધીને દુષ્ટવૃત્તિઓ પ્રત્યે અગ્રેસર કરે છે. અને છેવટે ‘કરો તેવું ભોગવો’ એવી સ્થિતિ આવીને ઊભી રહે છે. એટલે અહીં કર્મપાશથી મુક્તિ મેળવવા, નવાં પાપ રોકવાં, વિભિન્ન રીતે જીવે પ્રયત્ન કરવાનો રહે છે. પાણી અને કાદવ ભેગાં મળે તો શુદ્ધ જલનો અનુભવ કેવી રીતે થઈ શકે? પેલાં દૂષિત કર્મોને એમ ક્ષીણ કરવાનાં હોય છે, અટકાવવાનાં હોય છે ને અંતે નામશેષ કરવાનાં રહે છે. કાદવ એમ જુદો થાય તો જ શુદ્ધ જલનો મહિમા સમજાય. તો જ લોભ–માન–માયા–ક્રોધ–કામ વગેરે ‘અગ્નિ’ જેવી દુષ્ટવૃત્તિઓને ઠેકાણે સંતોષ, શાંતિ, મૃદુતા વગેરે અનુભવી રહેવાય. ‘આસ્રવ’ પાપવૃત્તિઓથી દૂર રહેવાનું સૂચન કરે છે, તેના ઉપર વિજય મેળવવા બોધ કરે છે, ‘સંવર’ નવાં કર્મોના બંધનને અટકાવી દેવાનું ચીંધે છે તો ‘નિર્જરણ’માં ભૂતકાળનાં કર્મોનો તપ–ધ્યાનાદિથી નાશ કરી ‘જીવ’ને તંતોતંત મુક્ત કરવાની વાત છે. સર્વકર્મના ક્ષય પછી, પેલાં અંતરાય–આવરણો દૂર થયા પછી જ મોક્ષાવસ્થા આવે છે. અને છેવટે ચેતના સિદ્ધક્ષેત્રમાં ઠરી ભવ–ફેરામાંથી મુક્તિ પામે છે. કહો કે એમ ક્રમશઃ આંતરચેતનાનું ઊર્ધ્વીકરણ અને ઈશ્વરત્વની સ્થિતિ આવે છે. આમ જૈનધર્મમાં વળી વળીને મનુષ્ય અને એની વિશુદ્ધ ચેતના ઉપર ભાર મૂકાતો આવ્યો છે. કોઈ અલગ ઈશ્વર સત્તાને અહીં સ્થાન નથી. જીવે જ વીર બનવાનું છે. જૈનધર્મમાં જીવની એવી ઉત્ક્રાંતિ માટે સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર્યનો સમુચિત રીતે મહિમા કરવામાં આવ્યો છે. આ વડે મનુષ્ય એના આંતરવિકાસની એક અવસ્થાએ મંગલના માર્ગ ઉપર Well-being આવીને જીવનનું સાર્થક્ય સિદ્ધ કરી શકે છે. શ્રાવક–શ્રાવિકાની એ સ્થિતિ છે. અને તેનાથી આગળનો અંતિમ ઊર્ધ્વપડાવ મોક્ષનો–Liberation છે. ટૂંકમાં જૈનધર્મ ક્ષણેક્ષણની જાગ્રતતામાં અને જીવદ્રવ્યની એવી સદ્ક્રિયામાં માને છે. આજે સદ્કર્મ અને પછી તેનું ફળ એવું નથી. હું જીવદ્રવ્ય છું અને મારી ક્રિયા, મારું પરિણમન, મારા વસ્તુત્વ ગુણ વડે મારામાં જ થાય છે તેનું અભિજ્ઞાન હોવું જોઈએ. મનુષ્યે એમ સ્વયં ભાગ્ય નિર્માતા બનવાનું અહીં Open Secret છે.

‘અહિંસા’ (Non-Injury) જૈનધર્મની સર્વાંગીણ ઓળખ આપી રહે તેવા વિભાવોમાંનો એક પ્રમુખ વિભાવ છે. જૈનધર્મની નિષ્ઠા અને પ્રતિષ્ઠા ઉભયમાં ‘અહિંસા’ની વ્યાપક સમજ રહી છે. તેમાં અનેક તત્ત્વોનો સમાવેશ થતો જોવાય છે. વિશ્વને ‘અહિંસા’નો સંદેશ આપીને જૈનધર્મે એક નવો રાહ ચીંધ્યો છે. આ ધર્મનો તે અદ્ભુત-અમર પયગામ છે. નોર્વેજિયન વિદ્વાન ડૉ. સ્ટેનકેનોએ ‘અહિંસા’ શબ્દની ચર્ચા કરતાં તેથી કહ્યું હતું કે ‘અહિંસા’ વિશે બીજા ધર્મમાં વાત જરૂર થઈ છે પણ તીર્થંકરોના ઉપદેશમાં તેની જેટલી વિગતે અને વ્યવસ્થિત રીતે સ્પષ્ટતા થઈ છે તેટલી બીજે ક્યાંય થઈ નથી. સ્થૂળ કે રૂઢ વિભાવથી માંડીને સૂક્ષ્મરૂપ હિંસા સુધીનો આ ચર્ચામાં સમાવેશ થયો છે. બાઈબલમાં `Do not Kill'–‘ખૂન કરો નહિ’ એમ કહેવાયું છે. પણ જૈનધર્મ નાનામાં નાના જીવની હિંસા કે અન્યની લાગણીને દુભવવા સુધીની અનેક બાબતોને હિંસારૂપે ઓળખાવે છે. મહાવીરે તો કોઈપણ પ્રકારની હિંસાને વર્જ્ય ગણી છે અને સાચું જ્ઞાન પ્રાપ્ત કરવામાં હિંસા આડે આવે છે તેમ કહ્યું છે. વિવિધ જીવોના ઘાતને તેઓ તેથી બંધનરૂપ લેખે છે. અન્ય જીવોની બાબતે બેદરકાર ન રહેવું તેમ કહે છે. સર્વત્ર જુદા જુદા જીવોનું અસ્તિત્વ છે. તેવા જીવોને અભયની પ્રતીતિ કરાવવી જોઈએ. વિવિધ જીવોનું સ્વરૂપ જાણનાર જ અહિંસાનું સાચું સ્વરૂપ જાણી–પામી શકે. વિષયભોગમાં આસક્ત જનો પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ અને ત્રસ યાને જંગમ જીવોની હિંસા કરતા હોય છે. પૃથ્વીની પણ નાનાવિધ-રૂપે લોકો અજ્ઞાનને કારણે હિંસા કરતા હોય છે. પાણીમાં પણ અનેક જીવોનું અસ્તિત્વ રહ્યું છે. અગ્નિ સળગાવતાં પણ પૃથ્વી, તૃણ, પાંદડાં, છાણાં, કચરાની અંદર કે તેના આધારે રહેનાર જીવોની હિંસા થતી હોય છે. વનસ્પતિના સંદર્ભે પણ હિંસાની વાત એટલી જ સાચી છે. અંડજ, ઉદ્ભિજ્જ આદિ જંગમ–ત્રસ પ્રાણોની હિંસા પણ વ્યાકુળ લોકો કરે છે. વાયુમાં પણ અનેક પ્રાણોનું અસ્તિત્વ હોય છે. મહાવીરે તેથી ભારપૂર્વક કહ્યું કે જે માણસ વિવિધ જીવોની હિંસામાં પોતાનું અનિષ્ટ–અહિત જોઈ શકે છે અને તેને તજવા પ્રયત્ન કરે છે તે માણસ જ ‘દુઃખ’ શું છે તે પામી શકે છે. જે વ્યક્તિ પોતાનું દુઃખ જાણે છે, તે બહારનાનું દુઃખ જાણે છે અને જે બહારનાનું દુઃખ જાણે છે તે પોતાનું દુઃખ જાણે છે તે પોતાનું દુઃખ પણ જાણે છે. શાંતિને ઈચ્છનાર અન્ય જીવની હિંસા કરીને જીવવાનું યોગ્ય લેખતા નથી. પ્રમાદને, વિવિધ કર્મોને પણ મહાવીર હિંસા લેખે છે. હિંસા કરવી નહિ, કરાવવી નહિ, કોઈ કરતો હોય તો તેને અનુમતિ આપવાની નહિ તેવું તેમનું સ્પષ્ટ સૂચન છે. સકલ જીવોને જીવવાની કામના રહી છે, કોઈ મરવા ઈચ્છતું નથી. તેથી કોઈનેય મારો નહિ, કે તેનો વધ કરો નહિ, સર્વને જીવવાનો સરખો અધિકાર છે તેવું કહીને મહાવીરે જૈનધર્મની અહિંસામય પ્રકૃતિનો મજબૂત પાયો નાંખી આપ્યો છે.

અહીં હિંસા વર્જ્ય છે, પણ મન, વચન, કર્મથી ય દુઃખ કોઈને ન પહોંચે તેની સતર્કતા રાખવાની હોય છે. શ્રી સૂત કૃતાંગ સૂત્રમાં

તેથી જ્ઞાનના સાર રૂપે કહે છે કે, પ્રાણીની હિંસા કરવી નહિ, અહિંસા એ જ સાચું વિજ્ઞાન, તેનાથી ચડિયાતું કોઈ વિજ્ઞાન નથી. પ્રશ્ન વ્યાકરણસૂત્ર તો વિગતે સમજ આપતાં પ્રાણીના અંગ છેદનની પીડાને, કોઈના મનોબળને, વચનબળને કે કાયબળને હણવાનો પ્રયોગ કે કોઈનો શ્વાસોચ્છ્વાસ રુંધવાનો પ્રયત્ન કરવો કે તેના આયુષ્યનો અંત લાવવો એ સર્વને હિંસા લેખી હિંસા માટે મનાઈ ફરમાવે છે. દરેકને પોતાનું જીવન વ્હાલું છે એ રીતે અન્યોઅન્યને ઘાતક બન્યા વિના સૌના અસ્તિત્વનો સ્વીકાર કરવાની અહીં વ્યાપક સમજ રહી છે. એ રીતે 'અહિંસા'નો વિચાર જીવમાત્ર પ્રત્યે મૈત્રી, અને અવેરની ભાવના કેળવવાનો પાયો છે, વિશ્વપ્રેમનો સ્રોત છે. અહિંસાથી જ વૈરવૃત્તિ શાંત થાય છે, દુશ્મન પણ વેરભાવ તજે છે, કઠોર હૃદય પણ પીગળે છે, ક્રોધ–ક્રૂરતા નાશ પામે છે અને જગતના જીવો પ્રતિ ભ્રાતૃભાવ કેળવાય છે.

જૈનધર્મના આ 'અહિંસા'ના વિચારે ગાંધીજીને પૂરેપૂરા પ્રભાવિત કર્યા છે. ગાંધીજીનો અહિંસાવિભાવ પણ મહાવીરની જેમ પ્રત્યેક જીવના સ્વીકારમાંથી, જ્ઞાનમાંથી, સમજમાંથી આવ્યો છે. અહિંસાને તેથી તેઓ પ્રેમનો સાગર કહે છે. જગતમાં તેનું માપ નીકળી શકે તેમ નથી. પ્રેમ સાગરથી આપણે ઉભરાઈ જઈએ તો આપણામાં એવી ઉદારતા આવે કે આખા જગતને સંકેલી શકીએ. એ કઠણ છે ખરી પણ સાધ્ય છે એવી ગાંધીજીની આંતરપ્રતીતિ પાછળ જૈનધર્મનો આ મૂળ અહિંસાવિચાર જ પડેલો જોઈ શકાય છે. મન, વાણી અને કાયાનો સંયમ આવી અહિંસા માગે છે. અહિંસાના આ તત્ત્વે માત્ર હિન્દુધર્મ ઉપર જ નહિ, વિશ્વના તમામ ધર્મો ઉપર અસર કરી છે. આ ખ્યાલે સિદ્ધ કરી આપ્યું છે કે જીવહાનિ તો અટકવી જ રહે, પણ તે સાથે જીવદયા–જીવસેવા પણ તેથી વધવી જોઈએ. જૈનદર્શને વ્યક્તિગત સ્તરે પણ તેની અનિવાર્યતા લેખીને માનવસમેતની સમગ્ર જીવસૃષ્ટિના સંવાદ અને કલ્યાણની કામના પ્રગટ કરી છે. આપણી જીવનવ્યવસ્થા અને જીવનવ્યવહાર અંતર્ગત આમ 'અહિંસા'ના વિભાવને વણી આપવાનું કામ કેવળ જૈનધર્મે જ કર્યું છે. 'અહિંસા' ના આ સાગરમાં અનેક વિચાર ઝરણાં–નદીઓ એકત્રિત થઈને જૈનધર્મનો એક આગવો ચહેરો ઉપસાવી આપે છે.

જૈનધર્મનો વિશેષ કહી શકાય તેવો જાણીતો દાર્શનિક સિદ્ધાંત સ્યાદ્વાદનો છે. એક તરફ તેમાં ભારોભાર ઉદારમતનાં દર્શન થઈ રહે છે તો બીજી તરફ આ સિદ્ધાંતની કેટલીક વિલક્ષણતા પણ રહી છે. જૈનદર્શન પ્રમાણે પ્રત્યેક વસ્તુ અનેક ધર્મ દાખવે છે. વ્યક્તિ જ્યારે તેનું દર્શન કરે છે ત્યારે તે વિશેનું તેનું પૂર્ણરૂપ નજરમાં આવતું નથી. એકાદો અંશ કે એકાદી બાજુનું તેનું એ સત્ય હોય છે. પણ સામાન્યતઃ વ્યક્તિ તેને જ પૂર્ણ સત્ય કે પૂર્ણ દર્શન સમજી બેસે છે. એ જ વસ્તુ કે પદાર્થ વિશેનો બીજાનો અભિગમ તેનાથી સાવ વિપરીત હોય છે. કારણ કે તેણે કરેલું તે વસ્તુ–પદાર્થનું દર્શન એના આગવા ખૂણેથી કર્યું હોય છે. એવી વ્યક્તિ પોતાના મતને જ સાચો લેખે છે, તેના દર્શનને જ સત્યરૂપ ગણે છે. પરિણામે આવા ભિન્ન અભિપ્રાયો કે મતમતાંતરો નિરર્થક ઝઘડાનાં કારણો બને છે. દરેક પોતાનો મત સાચો તેવો હઠાગ્રહ સાચો એવો હઠાગ્રહ સેવે છે. પરિણામે વસ્તુનું સાચું દર્શન પ્રગટ થવાને બદલે એકાંગી દર્શન થઈ રહે છે. મારા મતે જે સાચું છે તે બીજાના મતે ન પણ હોય અથવા બીજાના મતે જે સત્ય છે તે મારા માટે સાચું ન પણ હોય એ એ મૂળ મુદ્દો ત્યાં વિસરી જવાય છે. એટલે દરેક જણ પોતાની રીતે આંશિક સત્ય ધરાવે છે પણ પૂર્ણ સત્ય તો દરેકથી ઘણું દૂર રહેતું હોય છે. જન્માંધ વ્યક્તિઓને કોઈ હાથીને સ્પર્શ કરીને હાથી વિશે પૂછવામાં આવે તો દરેકનું હાથી વિશેનું જ્ઞાન જૂદું જ હોવાનું. પોતે જે અંગને સ્પર્શ કર્યો છે તેને જ તે હાથી માની બેસવાનો. જેમ કે તેના પગને સ્પર્શ કરનારને હાથી થાંભલા લાગવાનો. તેના કાનને સ્પર્શ કરનારને તે સૂપડા જેવો લાગવાનો. તેના પૂંછડાંને સ્પર્શ કરનારને તે ટૂંકા દોરડારૂપ લાગવાનો, તેના દાંતને સ્પર્શનારને તે સાંબેલા રૂપ લાગવાનો અને તેના શરીરને સ્પર્શનારને તે કોઈ પહાડ રૂપ લાગવાનો. હાથી વિશેનો અહીં દરેક અંધનો ખ્યાલ ભિન્ન ભિન્ન છે. દરેક પોતાની રીતે સાચા છે છતાં એ સત્ય નથી. સત્ય તો દરેકના મતોને એક સાથે મૂકીને વિચારીએ તો જ પ્રકટ થાય છે. એટલે કે અનેકાંત મતો જ છેવટના સત્યનો દાવો કરી શકે.

જૈનદર્શન એમ સાપેક્ષતાના તત્ત્વને સ્પષ્ટ કરી આપે છે. દરેક વસ્તુ ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી જોવાની હોય છે. અને તેનું જે તારણ હોય છે તે આંશિક સત્ય જ ધરાવતું હોય છે. દરેક વસ્તુ કે પદાર્થમાં એક કરતાં વધુ શક્યતાઓ નિહિત હોય છે. એટલે તેનું મૂળ રૂપ અનેકાંતમાં રહેલું છે. એક–અંતથી તેથી કશો અંતિમ નિર્ણય ક્યારેય લઈ શકાય નહિ. જૈનતત્ત્વદર્શન સ્યાદ્વાદના સંદર્ભે તેથી ઘડાનું દૃષ્ટાંત લઈને સપ્તભંગી વડે અનેકાંતવાદનો મર્મ સમજાવે છે.

૧. સ્યાત્ અસ્તિ–અમુક વસ્તુ હોવી તે.
૨. સ્યાત્ ના સ્તિ–સંભવ છે કે તે વસ્તુ ન પણ હોય.
૩. સ્યાત્ અસ્તિ–નાસ્તિ–શક્ય છે તે હોય પણ ખરી, ન પણ હોય.
૪. સ્યાત્ અવક્તવ્ય–ઘણુંખરું તે અવક્તવ્ય છે, અર્થાત્ વચનથી વ્યક્ત કરી શકાતું નથી.
૫. સ્યાત્ અસ્તિ–અવક્તવ્ય–સંભવ છે તે હોય અથવા અવક્તવ્ય હોય.
૬. સ્યાત્ નાસ્તિ–અવક્તવ્ય–કદાચ તે ન હોય અથવા અવક્તવ્ય

હોય.

૭. સ્યાત્ અસ્તિ–નાસ્તિ–અવક્તવ્ય–કદાચ તે હોય પણ, ન પણ હોય અથવા અવક્તવ્ય હોય.

જૈનધર્મ આમ વસ્તુ, પદાર્થ કે પરમતત્ત્વ એવા કોઈ પણ વિશે અનેકાંતની માન્યતા ધરાવે છે. દરેક વસ્તુ માટે તેથી ભિન્ન ભિન્ન મતોની શક્યતા રહેવાની. દરેકનો મત તેના એકાદ રૂપનું સૂચન કરતો હોય છે. કેટલાકે આ સિદ્ધાંતને અવ્યવહારુ કહ્યો છે. શંકરાચાર્ય અને રામાનુજ જેવાઓએ પણ તેનો સ્વીકાર કર્યો નથી, અને તેને તર્કની દૃષ્ટિએ અસંગત લેખ્યો છે. હકીકતમાં આજના મતમતાંતરો અને વિતંડાવાદના જમાનામાં, અસહિષ્ણુતાના સમયમાં અને પોતાનો જ કક્કો ખરો કરવાના મિથ્યાત્વમાં રાચતા માણસોની બહુલતા રહી છે ત્યારે આપણે સ્યાદ્વાદ કે અનેકાંતવાદ ઉપર જ આવવું પડશે. આઈન્સ્ટાઇનના સાપેક્ષવાદે પણ આ દિશામાં જ સંકેત કર્યો છે. એક વ્યક્તિનું દર્શન સાપેક્ષ રહેવાનું. એકને માટે અંધકાર ભયનો વાચક છે, તો બીજાને માટે અભિસાર માટેનો શ્રેઠ સમય છે. એકને તેમાં ખુશ્બુ લાગવાની તો બીજાને તેમાં અંધકાર સિવાય કશું પ્રતીત થવાનું નહિ. ક્ષેત્ર, કાળ અને ભાવથી એ દર્શન જુદુ જુદું હોવાનું આપણી સામેની વાસ્તવિકતાનું તેમાં ચિત્ર ઊપસે છે. કેટલાકે તેને સંશયવાદ કહ્યો છે તે પણ બરાબર નથી. અહીં સંશય નથી, પોતે જોયેલી વસ્તુ એ આંશિક હકીકત છે જ, પણ તે સિવાયની શક્યતાનો પણ તેમાં નિશ્ચિતરૂપે સ્વીકાર છે જ. તેને સાપેક્ષ નિશ્ચયવાદ કહેવો જોઈએ. તેમાં મતાગ્રહ નથી, મત ઉદારતા છે, વિઘટન નથી, સમન્વય છે. પંડિત સુખલાલજી અને આનંદશંકર ધ્રુવ જેવા ધર્મમમજ્ઞોએ પણ સ્યાદ્વાદની અગત્ય પ્રમાણી છે. જૈનધર્મનો બીજો એક વિશેષ, ભેદ–અભેદનો સમન્વય, ભેદાભેદાત્મક વસ્તુ પણ અહીં સ્યાદ્વાદના જન્મનું એક નિમિત્ત છે, એ પણ સ્યાદ્વાદને અતાર્કિક કહેનારાઓએ યાદ રાખવા જેવું છે.

જૈનધર્મના આવા કેટલાક પ્રમુખ વિશેષોમાંથી તેની 'ધર્મ' તરીકેની એક આગવી છબી ઊપસી આવે છે. અહીં માનવની શ્રેષ્ઠતા કેન્દ્રમાં રહી છે. માણસને તેનાં દુઃખો, પીડાઓ, વિતથકાર્યોમાંથી મુક્તિ મળે તેના માર્ગો છે. જ્ઞાન માત્ર જ્ઞાનરૂપે વૃથા છે તેને પરિણત કરવા ઉપર અહીં ભાર મૂકાયો છે. અગાઉ જોયાં તેવાં સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર્ય જેવાં ત્રિરત્નો, અથવા જીવ, અજીવ, પાપ–પુણ્ય, આસ્રવ, સંવર, બંધ, નિર્જર કે મોક્ષ જેવાં નવતત્ત્વોની નિરાળી સમજ કે જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, અદ્ધાસમય–જેવાં છ દ્રવ્યો, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ જેવાં પાંચ વ્રતો વગેરે માનવને ઉત્તમ નીતિમય જીવન અને કર્મથી મુક્ત કરી જીવને ઉન્નત કરવા માટેના વાસ્તવિક માર્ગો છે. અહીં સૃષ્ટિના જીવ માત્ર માટે આદર છે, દરેક ભેદનો સ્વીકાર કરી સમન્વય માટેની ધખના છે, સત્મય જીવન માટેનો નિરંતરનો યત્ન છે. 'જીવો ને જીવવા દો'નો પ્રેમભર્યો કીમિયો છે. મનુષ્યને પોતાનામાંના ઈશ્વરત્વને જગાવવા માટેની સાવ સોનાની ચાવીઓ છે.

તિર્થંકરોના અનુભવમૂલક improvisation પછીની આ ધર્મપ્રત છે. જે અનુભવના આનંદને વિસ્તારી, અન્યોને એવો અનુભવ લેવા માટે નિમંત્રે છે. આજના વિશ્વની અનેક સંકુલતાઓ–સંતાપોનું શમન થઈ શકે તેવી સમૃદ્ધ વિચારદૃષ્ટિ આ ધર્મમાં પડેલી છે. ✷ ✷ ✷

(સંઘ દ્વારા યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૧૦-૯-૨૦૦૭ના આપેલું વક્તવ્ય.)

ફૂવારા પાસે, લુણાવાડા-૩૮૯૨૩૦ (ગુજરાત)

# 'ભાવ:' સ્વરૂપ દર્શન

❑ ડૉ. કવિન શાહ

તીર્થંકર પરમાત્મા સમોવસરણમાં બિરાજમાન થઈને ધર્મ તીર્થની સ્થાપના કરીને ચારમુખે દેશના આપે છે તેમાં દાન–શીલ–તપ અને ભાવ એમ ચાર પ્રકારના ધર્મની પ્રરૂપણા કરે છે. દાન–શીલ અને તપની સાથે ભાવનો સુમેળ સધાય તો આત્મા અવશ્ય મોક્ષમાર્ગમાં પ્રગતિ સાધીને અંતે સિદ્ધિ પદને પામે છે. 'ભાવ' શબ્દની વૈવિધ્યપૂર્ણ માહિતી જાણવાથી ભાવધર્મમાં નિમગ્ન થવા માટે સાચો રાહ પ્રાપ્ત થાય છે.

'ભાવ' એટલે લાગણી, રૂચિ, મનના પરિણામ, અસ્તિત્વ, પ્રકૃતિ, સ્વભાવ, પદાર્થ, પર્યાય, ઈરાદો, વૃત્તિ, તાત્પર્ય, અભિપ્રાય, ચેષ્ટા, અભિનય, હેત, પ્રીતિ, આસ્થા, કિંમત, દર, સ્થિતિ, સ્વરૂપ વગેરે અર્થો થાય છે. ભાવ શબ્દના ઉપરોક્ત અર્થ જે તે વિષયના સંદર્ભમાં સમજવાના છે. દા. ત. જગચિંતામણિ સૂત્રમાં 'જગભાવ વિઅક્ખણ' ભગવાનના વિશેષણ તરીકે પ્રયોજાયેલો છે તેનો અર્થ એ છે કે ભગવાન સર્વજ્ઞ છે. કેવળજ્ઞાની છે એટલે જગતના પદાર્થોનું સ્વરૂપ અને પર્યાયને જાણે છે. વ્યવહારમાં વસ્તુની ખરીદી માટે ભાવ શબ્દ 'દર' કિંમતના અર્થમાં છે. ધર્મની આરાધનાના સંદર્ભમાં મનના શુભાશુભ પરિણામ સાથે સંબંધ ધરાવે છે.

વ્યુત્પત્તિથી વિચારીએ તો ભાવની માહિતી નીચે પ્રમાણે છે.

ભવન ભવતીતિ વા ભાવ:। તેનો અર્થ થવું અથવા હોવું એમ

થાય છે. ચેતન અને અચેતન દ્રવ્યોને પોતાનાં લક્ષણો સ્વભાવ હોય છે તે દ્રવ્યોના ભાવ કહેવાય છે. દ્રવ્યોના ગુણ અને પર્યાય એ પણ ભાવ છે. ચેતન જીવ દ્રવ્યની અપેક્ષાએ ભાવના પાંચ પ્રકારના છે. ૧. ઔદારિક ભાવ–કર્મોના ઉદયથી પ્રગટ થતો ભાવ, ૨. કર્મના ઉપશમથી ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્ર તે ઔપશમિક ભાવ, ૩. ક્ષાયિક ભાવ : કર્મના ક્ષયથી કેવળજ્ઞાનાદિ ભાવ, ૪. કર્મોના ક્ષયોપશમથી પ્રગટ થતો ક્ષાયોપશમિક ભાવ, ૫. કર્મના ઉદયથી નિરપેક્ષ ચેતનત્વ ભાવ તે પારિણામિકભાવ, ૬. એક જીવને એક સમયમાં ભિન્નભિન્ન અવસ્થાઓને કારણે ગુણસ્થાનકોમાં યથાયોગ્ય ભાવ થાય છે. તેના સંયોગી ભેદોને સન્પિાસિક ભાવ કહેવાય છે.

ઔદાયિક ભાવ બંધ કરવાવાળો છે. ઔપશમિક ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવ મોક્ષપ્રાપ્તિના કારણરૂપ છે. પારિણામિક ભાવ બંધ–મોક્ષ નિરપેક્ષ છે. પૌદ્‌ગલિક પદાર્થોમાં સ્પર્શાદિ વગેરે ઔદાયિક ભાવ છે અને જડત્વ એ પારિણામિક એમ બે અચિત ભાવ છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળમાં એક પારિણામિક ભાવ છે તે અચિત્ત છે. સ્વાભાવિક છે. નિશ્ચયથી વિચારીએ તો શુદ્ધ ચૈતન્ય તથા પારિણામિક ભાવ શુદ્ધ છે. ભાવના પ્રકાર વિશેની આધારભૂત ભગવતી સૂત્ર શતક ૧૭ના પ્રથમ ઉદ્દેશકમાંથી પ્રાપ્ત થાય છે. તેની માહિતી નીચે મુજબ છે.

ઔદાયિક ભાવ–ઔદાયિક અને ઉદય નિષ્પન્ન એમ બે પ્રકારનો છે. જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ ઔદાયિક છે. ઉદય નિષ્પન્ન ભાવ જીવોદય નિષ્પન્ન અને અજીવોદય નિષ્પન્ન એમ બે પ્રકારનો છે. કર્મોના ઉદયથી જીવોને જે ભાવ ઉત્પન્ન થાય તે જીવોદય ભાવ છે. દા. ત. નરક–તિર્યંચ, દેવ–પૃથ્વીકાય, ત્રસકાય, મિથ્યાત્વ, લેશ્યા, પુરૂષ–સ્ત્રીવેદ વગેરેમાં જીવોદય ભાવ છે.

ક્ષાયિક ભાવ બે પ્રકારનો છે. કર્મની આઠ પ્રકૃતિનો સર્વથા નાશ થાય તે ક્ષાયિક ભાવ છે. અને ક્ષય ભાવથી ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન લબ્ધિની પ્રાપ્તિ એ 'ક્ષય' ભાવ છે.

ક્ષાયોપશમિક ભાવ બે પ્રકારનો છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં અવરોધક ચાર ઘાતી કર્મોના ક્ષયોપશમને ક્ષાયોપશમિક ભાવ કહેવાય છે. અને તેનાથી ઉત્પન્ન થયેલા ભાવ ક્ષયોપશમ નિષ્પન્ન ભાવ છે. ભાવ કુળકમાં ભાવ વિશેની માહિતી પ્રાપ્ત થાય છે. भावो धम्मस्स साहणो ભાવ એ ધર્મનું સાધન છે. भणिओ भावचियेव परमत्थो। ભાવ સાચો પરમાર્થ છે. सम्मतस्स वि वीणं। ભાવ એ સમક્તિનું બીજ છે. ભાવ ઘુંટાય છે ત્યારે ભાવના બને છે. ભાવમાં એક–બે નિશ્ચિત ભાવ છે જ્યારે ભાવના ભાવોના સમૂહની બનેલી છે. એટલે મૂળભૂત રીતે ભાવ કેન્દ્ર સ્થાને છે.

**ભાવે** જિનવર પૂજીએ, **ભાવે** દીજે દાન,
**ભાવે** ભાવના ભાવીએ, **ભાવે** કેવળજ્ઞાન.
સુણ્યા હશે, પૂજ્યા હશે, નીરખ્યા હશે, પ્રભુ કો ક્ષણે,
હે જગત બંધુ! ચિત્તમાં ધાર્યા નહીં ભક્તિપણે,
જન્મ્યો પ્રભુ તે કારણે દુઃખ પાત્ર આ સંસારમાં,
હા ભક્તિ તે ફળતી નથી જે **ભાવ** શૂન્યાગારમાં.

દાન કરવા માટે સંપત્તિ જોઈએ. શીયળમાં નિયમયુક્ત રહેવું પડે છે. તપમાં ઈચ્છાઓનો નિરોધ કરવો પડે છે.

ભાવ ધર્મમાં પૈસાની જરૂર નથી. મનના શુભ વિચારોની અવશ્યકતા છે. ભાવ ધર્મ કઠિન છે. તેમાં જો પ્રગતિ થાય તો આત્મા સિદ્ધિ પદને પામી જાય છે. ભાવનો મહિમા દર્શાવતા વિચારો જોઈએ તો મણિમંત્ર–ઔષધ–તંત્ર આદિની ઉપાસના ભાવ વગર યથાર્થ ફળ આપતી નથી. દાન–શીલ અને તપ ધર્મ ભાવ સહિત ઉત્તમ ફળ આપે છે. શુભ ભાવથી પ્રસન્નચંદ્ર રાજર્ષિ ગ્રંથીભેટ કરીને બે ઘડીમાં કેવળજ્ઞાન પામ્યા હતા. મૃગાવતી સાધ્વી પોતાના દોષની નિંદા અને ગર્હા કરીને ગુરુના ચરણોમાં રહીને કેવળજ્ઞાન પામ્યાં હતાં. કપિલ નામના બ્રાહ્મણ મુનિને જહાં લાહો તહાં લોહો, લાહા લોહો પવધ્ધઈ, એ પદનો ભાવપૂર્વક વિચાર કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. કરકંડુ મુનિને તુચ્છ તાંદુલ ભક્ષણ કરતાં ભાવથી કેવળજ્ઞાન થયું હતું. પૂર્વ ભવમાં જ્ઞાનની આશાતના કરી હતી તે મારુતુરુ મુનિ નિજ નામને મા રુસ મા તુસ–રોષ ન કર–રાગ ન કર. તેની શુભ વિચારણાથી ઘાતી કર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામ્યા હતા. જીરણ શેઠજી ભાવના ભાવે રે, મહાવીર પ્રભુ ઘેર આવે. ઉપરોક્ત દૃષ્ટાંતો દ્વારા ભાવનો મહિમા સિદ્ધ થાય છે. દરેક ધર્મ ક્રિયા–આરાધના દ્રવ્યથી થાય તેની સાથે 'ભાવ' સ્થિતિનો સંબંધ થાય તો આત્માનું કલ્યાણ થતાં વાર લાગતી નથી. એટલે ધર્મ દ્વારા ભાવ વૃદ્ધિની તાલીમ જરૂરી છે. ભાવમંગલ-પ્રભુની સ્તુતિ–સ્તવનથી ગણાય છે. ભાવ કર્મ–જીવોના રાગાદિ ભાવ સમજવા, ભાવ નિક્ષેપ–સંયુક્ત વસ્તુ તે ભાવ નિક્ષેપ છે. દા. ત. રાજ્યકર્તા પુરુષ તે રાજા કહેવાય. ચાર નિક્ષેપમાં ભાવ નિક્ષેપ છે. ભાવ નિર્જરા–ઉપશમ ભાવની શુદ્ધિ દ્વારા સકામ નિર્જરાને કારણે જીવના રાગાદિ ભાવ દૂર થાય છે. ભાવ યાત્રા–સમેત શિખર, સિદ્ધગિરિ. ભાવપાપ–ચાર ઘાતી કર્મના ઉદયમાં મોહનીય મહાધિ દેહ કર્મના પ્રભાવથી ક્રોધાદિ કષાયો ઉદ્‌ભવે.

ભાવપુણ્ય–ચાર ઘાતી કર્મના ક્ષયોપશમથી મોહનીય ઉપશમ, સમ્યક્જ્ઞાન, ક્ષમા વગેરે ગુણો હોય છે.

ભાવપૂજા–આત્માના ઉચ્ચ–શુભ પરિણામથી પ્રભુ પૂજા–ભક્તિ.

ભાવપ્રાણ–આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, આદિ ગુણોનો સમૂહ.

ભાવબંધ–જીવના કષાય–રાગ–દ્વેષ આદિ પરિણામ.

ભાવમલ–જીવના મલિન–દુષ્ટ–પરિણામો.

ભાવમોક્ષ–જીવાત્માને પ્રાપ્ત થતું કેવળજ્ઞાન.

ભાવલિંગ–સાધુતાની અંતરંગ દશા–સપ્તમ્ ગુણ સ્થાનકે રહેલો આત્મા.

ભાવલેશ્યા–કષાયના ભાવરૂપ અશુભ લેશ્યા.

ભાવશ્રુતજ્ઞાન–શાસ્ત્રના–સદ્ગુરુના બોધનું પરિણામ–ભાવ શુદ્ધિ.

ભાવસંવર–સંયમપાલન દ્વારા રાગાદિકભાવનો નિશેધ રોકવા.

भावेन लभते सर्व, भावेन देव दर्शनम् ।

भावेन परमं ज्ञानं, तस्माद् भावलम्बनम् ।।

ભાવ દ્વારા સર્વ પ્રકારના લાભ મળે છે. ભાવ દ્વારા દેવતાનાં દર્શન થાય છે. ભાવથી પરમ જ્ઞાન મળે છે. માટે ભાવનું અવલંબન લઈને કામ કરવું જોઈએ. ભરત મુનિના રચેલા નાટ્યશાસ્ત્રમાં રસનો સંદર્ભ મળે છે. રસનિષ્પત્તિ થવા માટે વિભાવ, અનુભાવ અને સંચારી ભાવ જરૂરી છે. સાહિત્ય સર્જનમાં પણ માનવ ચિત્તમાં ઉદ્ભવતા તરંગો એ ભાવ સ્વરૂપના છે. તેમાંથી કલ્પના નિષ્પન્ન થાય છે. રસ સૃષ્ટિમાં ભાવ રહેલો છે અને તેની ચિત્તમાં અનુભૂતિ થાય છે. મનોવિજ્ઞાન માનવીના મનનો અભ્યાસ કરે છે. તેમાં સ્થાયી ભાવ (sentiment) નો ઉલ્લેખ છે. સંચારી ભાવો અસ્થિર છે. આ ભાવમાંથી અંતે સ્થાયી ભાવ બને છે. ધર્મની પરિભાષામાં ભાવ એ માનવ ચિત્તની શુભાશુભ સ્થિતિ દર્શાવે છે. તેમાં શુભ ભાવ મહત્ત્વનો ગણાય છે. રસાનુભૂતિ જેવી જ ભાવાનુભૂતિ છે. ભાવ વિશેની માહિતી ભાવ વિશુદ્ધિ અને વૃદ્ધિમાં ઉપકારક બને છે અને અંતે આત્માનું કલ્યાણ થાય છે. ભાવ માટેની જીવાત્માની તાલીમ ફળદાયી નીવડે છે.

✷ ✷ ✷

૧૦૩–સી, બિલ્ડીંગ, જીવન જ્યોત એપાર્ટમેન્ટ,
વખારીયા બંદર રોડ, બીલીમોરા–૩૯૬ ૩૨૧.

# ૨૪ તીર્થંકર ભગવંતની સ્તુતિ

**૧. શ્રી ઋષભદેવ**
આદિમં પૃથ્વિનાથ–માદિમં નિષ્પરિગ્રહં ।।
આદિમં તીર્થનાથંચ, ઋષભસ્વામિનંસ્તુમઃ।।

**૨. શ્રી અજિતનાથ**
અર્હંતમજિતં વિશ્વ–કમલાકરભાસ્કરં ।।
અમ્લાનકેવલાદર્શ, સંક્રાન્તજગતં સ્તુવે ।।

**૩. શ્રી સંભવનાથ**
વિશ્વભવ્ય જનારામ–કલ્યાતુલ્યાજયંતિતાઃ।।
દેશનાસમયે વાચઃ, શ્રીસંભવજગત્પતેઃ।।

**૪. શ્રી અભિનંદન સ્વામી**
અનેકાન્તમતાંભોધિ–સમુલ્લાસનચંદ્રમાઃ।।
દધાદમંદમાનંદં, ભગવાનભિનંદનઃ।।

**૫. શ્રી સુમતિનાથ**
ધુસત્કિરીટશાણાગ્રો–તેજિતાંઘ્રિનખાવલિઃ।।
ભગવાન સુમતિસ્વામી, તનોત્વભિમતાનિ વઃ।।

**૬. શ્રી પદ્મપ્રભસ્વામી**
પદ્મપ્રભપ્રભોર્દેહ–ભાસઃ પુષ્ણાંતુ વઃ શ્રિયં ।।
અંતરંગારિમથને, કોપાટોપાદિવારૂણાઃ।।

**૭. શ્રી સુપાર્શ્વનાથ**
શ્રી સુપાર્શ્વજિનેંદ્રાય, મહેંદ્રહિતાંઘ્રયે ।।
નમશ્ચતુવર્ણ સંઘ–ગગનાભોગભાસ્વતે ।।

**૮. શ્રી ચંદ્રપ્રભસ્વામી**
ચંદ્રપ્રભપ્રભોશ્ચંદ્ર–મરીચિનિચયોજ્જવલા ।।
મૂર્તિર્મૂર્ત્તસિતધ્યાન, નિર્મિતેવ શ્રિયેઽસ્તુ વઃ।।

**૯. શ્રી સુવિધિનાથ**
કરામલકવદ્વિશ્વં, કલયન્ કેવલશ્રિયા ।।
અચિંત્યમાહાત્મ્યનિધિઃ સુવિધિર્બોધયેસ્તુ વઃ।।

**૧૦. શ્રી શીતલનાથ**
સત્વાનાં પરમાનંદ–કંદોદ્ ભેદનવાંબુદઃ।।
સ્યાદ્વાદા–મૃતનિસ્યંદી, શીતલઃ પાતુવોજિનઃ।।

**૧૧. શ્રી શ્રેયાંસનાથ**
ભવરોગાઽર્ત્ત–જંતૂના–મગદં કાર–દર્શનઃ।।
નિઃશ્રેયસશિ રમણઃ, શ્રેયાંસઃશ્રેયેઽસ્તુ વઃ।।

**૧૨. શ્રી વાસુપૂજ્યસ્વામી**
વિશ્વોપકારકીભૂતં–તીર્થ કૃત્કર્મ નિર્મિતિઃ।।
સુરાઽસુરનરૈઃ પૂજ્યો, વાસુપૂજ્યઃ પુનાતુવઃ।।

**૧૩. શ્રી વિમલનાથ**
વિમલસ્વામિનો વાચઃ, કતકક્ષોદસોદરાઃ।।
જયંતિ ત્રિજિગચ્ચેતો–જલનૈર્મલ્યહેતલઃ।।

**૧૪. શ્રી અનંતનાથ**
સ્વયંભૂરમણ–સ્પર્દ્ધિ – કરૂણારસવારિણા।।
અનંતજિદનંતાંવઃ પ્રયચ્છતુ સુખશ્રિયં।।

**૧૪. શ્રી ધર્મનાથ**
કલ્પદ્રુમસધર્માણ–મિષ્ટપ્રાપ્તૌ શરીરિણાં।।
ચતુર્દ્ધાધમ્મં દેષ્ટારં, ધર્મ નાથમુપાસ્મહે।।

**૧૬. શ્રી શાંતિનાથ**
સુધાસોદરવાગ્જ્યોત્સ્ના, નિર્મલીકૃત દિઙ્મુખઃ।।
મૃગલક્ષ્મા તમઃ શાંત્યૈ, શાન્તિનાથજિનોઽસ્તુ વઃ।।

**૧૭. શ્રી કુંથુનાથ**
શ્રી કુંથુનાથો ભગવાન્; સનાથોઽતિશયભિઃ।।
સુરાસુર–નૃનાથાના–મેકનાથોઽસ્તુ વઃ શ્રિયે।।

**૧૮. શ્રી અરનાથ**
અરનાથસ્તુ ભગવાંશ્ચતુર્થારનભોરવિઃ।।
ચતુર્થ પુરુષાર્થ શ્રીવિલાસં વિતનોતુ વઃ।।

**૧૯. શ્રી મલ્લિનાથ**
સુરાસુર નરાધીશ; મયૂર નવવારિદં;।।
કમર્મદ્રુન્મૂલનેહસ્તિ, મલ્લં મલ્લિમભિષ્ટુમઃ।।

**૨૦. શ્રી મુનિસુવ્રતસ્વામી**
જગન્મહામોહનિદ્રા, પ્રત્યૂષસમયોપમં।।
મુનિસુવ્રતનાથસ્ય, દેશનાવચનં સ્તુમઃ।।

**૨૧. શ્રી નમિનાથ**
લુઠંતો નમતાં મૂર્ધ્નિ, નિર્મલીકારકારણમ ।।
વારિપ્લવા ઇવ નમેઃ; પાંતુ પાદનખાંશવઃ।।

**૨૨. શ્રી નેમિનાથ**
યદુવંશ સમુદ્રેદુઃ, કર્મ કક્ષહુતાશનઃ।।
અરિષ્ટનેમિર્ભગવાન્, ભૂયાદ્રોઽરિષ્ટનાશનઃ।।

**૨૩. શ્રી પાર્શ્વનાથ**
કમઠે ધરણેંદ્રે ચ, સ્વોચિતં કર્મકુર્વતિ।।
પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિઃ, પાર્શ્વનાથઃ શ્રિયેઽસ્તુવઃ।।

**૨૪. શ્રી મહાવીરસ્વામી**
શ્રીમતે વીરનાથાય, સનાથાયાદ્ભુતશ્રિયા,।।
મહાનંદસરો–રાજ–મરાલાયાર્હતે નમઃ।।

# 'આપ્ત-મિમાંસા-દેવાગમસૂત્ર'-સ્વામી સમન્તભદ્ર-ગ્રંથ પરિચય

❑ ડૉ. હંસા શાહ

ભારતીય તત્ત્વજ્ઞાન ઈતિહાસમાં જૈનવાદ સિદ્ધાંતનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. 'અનેકાન્તવાદ'ને વિદ્વાનો તેની પ્રમુખ મિમાંસા માને છે. વિવિધ મતોને નયવાદથી (અનેક દૃષ્ટિબિંદુઓથી) નિરીક્ષણ કરીને તેના સચ્ચાઈ-સત્યતાના અંશોનો સમન્વય કરી પૂર્ણ સત્ય તરફ લઈ જતો સિદ્ધાંત તે જ સ્યાદ્વાદ સિદ્ધાંત.

નય એટલે સામાન્ય રીતે દૃષ્ટિ. પદાર્થ કે પરિસ્થિતિને મૂલવવાની વિભિન્ન દૃષ્ટિ એટલે જ નય. આ તમામ દૃષ્ટિઓનો સમન્વય એટલે સ્યાદ્વાદ. અનેકાન્તને સમજવા માટે પણ નય સિદ્ધાંત સમજવો આવશ્યક છે. આ જ સ્યાદ્વાદના સિદ્ધાંત પર આધારિત સ્વામી સમન્તભદ્રે 'આપ્ત મિમાંસા'-'દેવાગમ સ્તોત્ર'ની રચના કરી છે.

જૈન સંમત 'આપ્ત' કોણ છે? આના ઉત્તરમાં કહ્યું છે કે જેણે રાગદ્વેષ જીતી લીધા છે એવા તીર્થંકર-જિન સર્વજ્ઞ ભગવાન 'આપ્ત' છે. અર્થાત્ જિનોપદેશ જ જૈનાગમ છે. આપ્ત વચન જે છે તે આગમ છે. જૈનાગમ તીર્થંકર પ્રણીત જે કહેવામાં આવે છે તેનું તાત્પર્ય એ છે કે તેઓ ગ્રન્થાર્થ પ્રણેતા છે સૂત્રકાર નથી. (નંદીસૂત્ર-૪૦).

મિમાંસા એક સ્વતંત્ર શાસ્ત્ર છે. કોઈપણ શાસ્ત્ર કે ઉચ્ચકોટિના સૈદ્ધાન્તિક ગ્રંથોને મિમાંસાના ત્રાજવા પર ચડાવવામાં ન આવે તો અર્થના ઘણા અનર્થ થઈ જવાની સંભાવના છે. જૈનાગમો ક્યારેક ક્યારેક વિરોધી દેખાતા તેવા ઉત્સર્ગ અને અપવાદ ભરેલા માર્ગનું અનુસરણ કરી વિધિ-નિષેધ લાગુ કરે છે. જો શાસ્ત્રની મિમાંસા કરવામાં આવે તો આવા ઘણા વિરોધાભાસ ટળી શકે.

મિમાંસા અર્થ કરવાની એક પદ્ધતિ છે. આ પદ્ધત્તિથી શબ્દાર્થ, પરમાર્થ, ભાવાર્થ ને ગૂઢાર્થ પ્રગટ થાય છે. અને સૌથી મહત્ત્વપૂર્ણ તાત્પયાર્થ તારવી શકાય છે. શબ્દોનું તાત્પયાર્થ પ્રાપ્ત કરવું તે જ મિમાંસા છે. મિમાંસા દ્વારા શાસ્ત્રોના ભાવો અને તેના વિધેયાર્થ-નિષેધાર્થ, બાકીના મંત્રો, વર્ણનો અને સામાન્ય શબ્દોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. એટલે મિમાંસા શાસ્ત્રોને સમજવાની એક કૂંચી છે, એક ચાવી છે. આ ચાવીથી શાસ્ત્રોમાં રહેલાં ગૂઢ રહસ્યો ખૂલી જાય છે. અને શબ્દની અંદર છૂપાયેલાં અંતર્ગત (ભાવો) તત્ત્વોને પ્રગટ કરી શકાય છે. આમ સમગ્ર શાસ્ત્રમાં સામંજસ્ય સ્થાપી શકાય છે.

ઉદાહરણ તરીકે...

શિષ્ય પૂછે છે કે, 'પ્રભો! આપ સમજાવો, પાપ કેમ લાગે? અને બંધ ક્યારે થાય?' તો ગુરુ જવાબ આપે છે, 'જીવોને મારવાથી, કૂટવાથી, અશાતા ઉપજાવવાથી પાપ કર્મનો બંધ થાય છે.' અને પછી પૂછે છે કે, 'પ્રભો! શુભ કર્મ અને પુણ્યનો યોગ ક્યારે થાય છે?' તો કહે છે કે, 'ન મારવાથી, ન કૂટવાથી, કે ન ત્રાસ આપવાથી કે આવી કોઈ ક્રિયા ન કરવાથી જીવને પાપ બંધાતું નથી.' આવાં ઘણા સ્થાનો છે જ્યાં વિધિ-નિષેધનો ઉલ્લેખ કર્યા પછી પણ વચગાળાની એક અંતર્ગત ક્રિયા અધ્યાર્થે રહી જાય છે. 'મારવાથી પાપ લાગે-ન મારવાથી ધર્મ થાય.' આ બે વસ્તુ કહીને શાસ્ત્ર ચૂપ થઈ જાય છે. પરંતુ બીજા જીવોને શાતા પમાડવાથી, સેવા કરવાથી કે તેને સહાયતા કરવાથી શું ફળ મળે તે વાત પ્રગટ થતી નથી. એટલે જૈન દર્શનને અનુસરનારા 'પ્રાણીઓની સેવાથી પુણ્ય થાય છે' તેવા મતવાળા હતા અને આ સેવાથી પાપ લાગે તેવા મતવાળા હતા. એ બંનેની વચ્ચે એક ખાઈ સર્જાય છે. અને મોટા પ્રમાણમાં એક બીજાનો વિરોધ કરી, નવા સંપ્રદાય કે વાડાને જન્મ આપે છે. અહીં કહેવાનું તાત્પર્ય શું છે? એ જ કે સમગ્ર શાસ્ત્રનું દોહન કરી તે જાણી લઈને આખા સિદ્ધાંતને ક્રમશઃ સાધનાનાં ક્રમમાં ગોઠવી લીધો હોત તો વિરોધ થવાનો અવકાશ ન રહેત. 'મારવું' એ પાપ ક્રિયાનો એક છેડો અને 'ન મારવું' તે ધર્મ ક્રિયાનો અંતિમ છેડો છે. 'મારવાથી ન મારવા સુધી જવું તે અહિંસાનો ક્રમિક વિકાસ છે.' તેમાં એક બિંદુ બીજા બિંદુ સાથે અથડાય તો આખી સ્યાદ્વાદ-શૈલી ખંડિત થાય. મિમાંસા કરવાથી સ્યાદ્વાદ સિદ્ધાંતની પણ પૂરી રક્ષા થઈ શકે છે.

બીજું ઉદાહરણ:

જૈનાગમમાં સાધુઓ માટે એવી આજ્ઞા આવે છે કે 'જૈન સાધુએ કૂવાના કિનારે ઊભા ન રહેવું', તરત જ બીજી આજ્ઞા છે કે 'જૈન સાધુએ કૂવાના કિનારે બેસવું નહીં', ત્રીજી આજ્ઞા છે કે, 'કૂવાના કિનારે આહાર કરવો નહીં', અને ચોથી આજ્ઞા છે કે, 'કૂવાના કિનારે શયન કરવું નહીં.' આમ એક સાથે ચાર આજ્ઞાઓ આપવામાં આવી છે.

અહીં સહેજે તર્ક થાય કે જ્યાં ઊભા રહેવાની મનાઈ છે ત્યાં બેસવાની, સૂવાની કે આહાર કરવાની વાત ક્યાંથી સંભવે? પરંતુ મિમાંસા ન જાણનારને જ આવો પ્રશ્ન ઊભો થાય. જેણે શાસ્ત્રની મિમાંસા સમજીને તાત્પયાર્થ મેળવવાની કળા મેળવી છે તે આ બધી આજ્ઞાઓનું ક્રમશઃ સામંજસ્ય કરશે. 'ઊભા ન રહેવું' તે બરાબર છે. પરંતુ કોઈ કારણે ઊભા રહેવાનો સમય આવે તો 'બેસવાનું તો નહીં જ.' કદાચ શરીરના કારણે ત્યાં બેસવાનો અવસર આવે તો ઓછામાં ઓછો 'ત્યાં આહાર તો ન જ કરવો.' પરંતુ એ સ્થાન પર પોતાની પાસે રહેલા આહારની ક્ષેત્રમર્યાદા પૂરી થતી હોય તો આહાર કરીને તરત જ ચાલ્યા જવું પરંતુ 'સૂવાનું તો ન જ રાખે.' આમ શાસ્ત્રની ગંભીરતાનો આ વિવિધ આજ્ઞાઓથી ખ્યાલ મળી રહે છે. આ બધા અર્થઘટન મિમાંસાના આધારે થઈ

શકે છે ને બધા મતભેદોને અભેદભાવે નિહાળી શકાય છે. અર્થાત્ તેનું સમાધાન અને નિરાકરણ થઈ શકે છે–'મિમાંસા એ બગડતી બાજીને સુધારવાની ઉત્કૃષ્ટ કળા છે.'

આ કળાનો ઉપયોગ સ્વામી સમંતભદ્રે આ ગ્રંથમાં કર્યો છે. તેઓ સ્વયં પરીક્ષા પ્રધાની હતા. તેઓ હંમેશાં કહેતા કે કોઈપણ તત્ત્વ અથવા સિદ્ધાન્તને વગર પરીક્ષા કરે, કેવળ એકબીજાના કહેવાથી માની ન લેવા જોઈએ. પરંતુ સમર્થ યુક્તિઓ દ્વારા તેની બરાબર પરીક્ષા કરવી જોઈએ. તેના ગુણ–દોષો શોધવા જોઈએ પછી તેનો સ્વીકાર–અસ્વીકાર કરવો જોઈએ. આમ કદાગ્રહ તેમને બિલકુલ પસંદ નહોતો. તેમણે ભગવાનની પણ પરીક્ષા કરી છે અને પછી જ તેમને 'આપ્ત' રૂપે સ્વીકાર્યા છે.

પહેલા થોડી માહિતી તેમના જીવન વિષે કરીએ પછી આ ગ્રંથ બાબતની વિશેષ માહિતી આપીએ.

સ્વામી સમન્તભદ્રના જીવન વિષે આપણે લગભગ કંઈ જ જાણતા નથી. તેમના વિષે ઘણી દંતકથાઓ છે, પણ આપણે થોડું કંઈક ચોક્કસ રીતે કહી શકીએ. તેઓ તમિલનાડુના રહેવાસી હતા. ક્ષત્રિય કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. પ્રો. એચ. એલ. જૈન અને પ્રો. એમ. એ. ઢાંકીના મત પ્રમાણે તેઓ લગભગ ૫૫૦ એ.ડી.માં થઈ ગયા. તેઓ 'આપ્ત મિમાંસા, સ્વયંભૂસ્તોત્ર, જિનસ્તુતિસ્તોત્ર અને યુક્તાનુશાસન'ના ગ્રંથકર્તા હતા એ વિષે કોઈ જ શંકા નથી. આ બધા ભગવાનના ખાસ સ્તુતિસ્તોત્રો છે. તેથી જ હેમચંદ્રાચાર્યે તેમને 'સિદ્ધહેમશબ્દાનુશાસન'માં આદ્યસ્તુતિકરોડવ્યાહ' કહ્યા છે – એટલે કે સૌથી પ્રથમ, અથવા સૌથી શ્રેષ્ઠ સ્તુતિકાર કહ્યા છે. કહેવાય છે કે તેમણે જ સ્તુતિગ્રંથો દ્વારા સ્તુતિ વિદ્યાનો ઉદ્ધાર અને સંસ્કાર કર્યો છે. તેમના ગ્રંથો એટલા માટે ઉત્તમ નથી કે તેમાં તેમણે પરંપરાએ જિન ભક્તિ કેમ કરવી તે દર્શાવ્યું છે, પરંતુ એટલા પણ માટે શ્રેષ્ઠ છે કે તેમણે સામાન્ય માનવીને પણ સરળતાથી તત્ત્વજ્ઞાનના ગૂઢ અર્થ સમજાય તેવી સ્તોત્રની રચના કરી છે. તેઓ સ્યાદ્વાદની તુલા પર તોળીને વ્યાખ્યાન આપતા ને આ ઉપદેશ સાંભળીને લોકો મંત્રમુગ્ધ થઈ જતા.

એવું મનાય છે કે સ્વામી સમન્તભદ્ર પહેલાં જૈનધર્મની સ્યાદ્વાદ વિદ્યા ઘણી ખરી લુપ્ત થઈ ગઈ હતી. લોકો તેનાથી અજાણ હતા. તેથી તે વિદ્યાનો જનતા પર કોઈ પ્રભાવ નહોતો. તેમણે તેમની અસાધારણ પ્રતિભાથી આ વિદ્યા પુનઃ જીવિત કરી અને તેનો પ્રભાવ સર્વત્ર પડ્યો. આથી જ વિદ્યાનંદાચાર્યે તેમને 'સ્યાદ્વાદ્ માર્ગાનુગૈઃ' એટલે સ્યાદ્વાદ માર્ગના અનુગામી વિશેષણ આપ્યું. આમ 'આપ્ત મિમાંસા–દેવાગમ સ્તોત્ર' એ ખાસ અપૂર્વ ગ્રંથ છે.

**ગ્રંથ પરિચય :**

આ ગ્રંથ ૧૧૪ શ્લોક પ્રમાણ છે. તેને દશ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. ૧ થી ૮ શ્લોકમાં તેમણે ભગવાનને 'આપ્ત' તરીકે શા માટે સ્વીકાર્યા તેની વાત કરી છે. પછીના ૭૯ શ્લોકમાં તેમણે ન્યાય–વૈશેષિક, બુદ્ધ અને જિનમતની ચર્ચા સપ્તભંગી દ્વારા કરી છે. સાથે સાથે તેમણે તે તે મતના સત્યના અંશોને લઈ જૈન મતે તેનો સ્વીકાર કેવી રીતે કર્યો છે તેની ચર્ચા કરી છે. આવી જ રીતે બીજા બીજા મતોના સત્યના અંશોને લઈ જૈન મતે તેનો સ્વીકાર કેવી રીતે કર્યો છે તેની ચર્ચા કરી છે. આવી જ રીતે બીજા બીજા મતોના સત્યના અંશો લઈ, જૈન મત સાથે સમન્વય કરી, અનેકાન્તવાદના સિદ્ધાંતને કેવી રીતે સિદ્ધ કરવો તેનું માર્ગદર્શન આપ્યું છે. અને છેલ્લા ૧૪ શ્લોકોમાં તેમણે આખા ગ્રંથનો સાર આપ્યો છે. જ્યારે છેલ્લા ૧૧૪માં શ્લોકમાં તેમણે આ ગ્રંથની રચનાનો હેતુ આપ્યો છે.

પહેલાં ૧ થી ૮ શ્લોકમાં તેમણે ભગવાનની પરીક્ષા કેવી રીતે કરી છે, અને પછી જ તેમને 'આપ્ત' તરીકે પસંદ કર્યા છે તેની ચર્ચા આપણે જોઈશું.

પહેલા શ્લોકમાં કહ્યું છે કે ભગવાન તારી અલૌકિક સિદ્ધિના પ્રતાપે તારી આસપાસ સ્વર્ગીય દેવતાઓ હાજર છે. જેવા કે કેટલાક દેવતાઓ તારા (રક્ષણ) માટે તારી સાથે ચાલે છે, કેટલાક તને પંખો નાંખે છે, વગેરે વગેરે. પણ આવું તો જાદુગરો પણ કરે છે, એટલે તું મહાન છે એમ હું નથી માનતો.

બીજા શ્લોકમાં કહે છે કે તારું (અંદરથી ને બહારથી) દિવ્ય શરીર છે. (અંદરથી દિવ્ય શરીર એટલે તેને પરસેવો થતો નથી વગેરે, અને બહારથી દિવ્ય શરીર એટલે તારી ઉપર સુગંધી વર્ષા વરસે છે.) આવી નૈસર્ગિકતા તો સ્વર્ગના દેવતાઓમાં પણ હોય છે. તેથી તું મહાન છે એ હું નથી માનતો.

ત્રીજા શ્લોકમાં કહે છે કે વિવિધ ધર્મસંસ્થાપકોના ઉપદેશ વિશ્વાસ પાત્ર ન બની શકે. કારણ તેમનો ઉપદેશ અરસપરસ વિરોધી હોય છે. છતાં પણ ક્યારેક કોઈ અન્ય ધર્મસંસ્થાપક ઉચ્ચ ભાવને પાત્ર પણ બની શકે છે.

ચોથા શ્લોકમાં કહે છે કે કેટલાક લોકોની આધ્યાત્મિક ન્યૂનતા અને સારા–ખોટા કર્મોનો નાશ પણ થયો હોય છે તેનું કારણ તેમણે તેની લગતી સાધના અને સાધનોનો બરાબર ઉપયોગ કર્યો હોય છે. (એટલે તું મહાન છે એમ હું નથી માનતો).

પાંચમાં શ્લોકમાં તેઓ માને છે કે અનુમાન જ્ઞાનથી કોઈપણ સૂક્ષ્મ, ગુપ્ત અને દૂરના પદાર્થો જોઈ શકે છે. આ જ અપીલ સ્વજ્ઞ વ્યક્તિનું અસ્તિત્વ સાબીત કરી બતાવે છે. બીજી રીતે કહીએ તો કોઈપણ વ્યક્તિ સર્વજ્ઞ થવાને પાત્ર છે. (એટલે જ તું મહાન છે એમ પણ હું નથી માનતો).

છઠ્ઠા શ્લોકમાં કહે છે કે સર્વજ્ઞ વ્યક્તિ તો તમે (ભગવાન) પોતે જ છો. કારણ તમારા વચનો તર્ક કે શાસ્ત્ર સાથે વિસંવાદીપણું નથી બનતા. શાસ્ત્રને બાજુ પર રાખીએ તો તમારો તત્ત્વબોધ તર્કવિજ્ઞાનથી લખાયેલો સાબિત થાય છે એટલે કે તત્ત્વવિજ્ઞાનથી જ લખાયેલો તમારો તત્ત્વબોધ છે. તેથી જ હું તમને 'આપ્ત'

માનું છું.

સાતમા શ્લોકમાં આગળ જતાં કહે છે કે જેઓ તમારા અમૃત સમાન ઉપદેશ યા સિદ્ધાંતોથી અસંગત છે તેઓને તો સાદાસીધા અનુભવમાં પણ અથડામણમાં આવવું પડે છે. તે ટીકાકારો એવી લાગણી અનુભવે છે કે જૈન ખરેખર નિષ્પક્ષી નથી. તેથી જ તેઓ પોતાની સમાલોચનામાં માનનાર વ્યક્તિ બની જાય છે. આમ તેમનું ડંફાશપણું તેમને (જ) બલિ બને બનાવે છે. જેથી તેઓએ (અનુભવ જ્ઞાનથી) જે અનુભવ્યું હોય તેનાથી વિરૂદ્ધ જ સાબિત થાય છે.

આઠમા અને છેલ્લા શ્લોકમાં કહે છે કે હે પ્રભો! આ બધું બતાવ્યા પછી પણ ઉદ્દામ (માણસો) મતવાદીને ચીટકીને રહે છે. તેઓના વર્તનમાં પાપપુણ્ય વચ્ચેનો ભેદ નથી. અને બીજા જન્મની કોઈ શક્યતા નથી. આવા લોકો પોતાની જાતના અને બીજાના ખાસ દુશ્મનો છે. કોને પુષ્ટિ આપવી અને શેનું ખંડન કરવું તે એ લોકો જાણતા નથી એટલે કે તેમની દલીલોનું કોઈ જ મહત્ત્વ નથી.

આમ તેઓ 'જિન સ્તુતિ સ્તોત્ર' નામના તેમના બીજા ગ્રંથના છેલ્લા શ્લોકમાં કહે છે કે, 'હે ભગવાન! આપના મતમાં અને આપના વિષે મારી સુશ્રદ્ધા છે, અંધશ્રદ્ધા નથી. મારી સ્મૃતિએ પણ આપને જ મારો વિષય બનાવ્યો છે. હું પૂજન પણ આપનું જ કરું છું. મારા હાથ પણ આપને જ પ્રણામાંજલિ કરવા નિમિત્ત છે. મારા કાન પણ આપના જ ગુણગાન સાંભળવામાં લીન છે. મારી આંખો આપનું જ રૂપ દેખે છે. મને જે વ્યસન છે તે તમારી સ્તુતિ રચવામાં. મારું મસ્તક પણ આપને જ પ્રણામ કરવા તત્પર રહે છે. આ પ્રકારની મારી સેવા છે. હું નિરંતર આ રીતે જ આપની સેવા કરું છું. તેથી હે તેજઃ પતે (કેવળજ્ઞાનના સ્વામી) હું તેજસ્વી છું, સુજન છું, સુકૃતી (પુણ્યવાન) છું.'

હવે ૯મા શ્લોકથી ૭૯ શ્લોકમાં તેમણે તત્ત્વજ્ઞાનના સાત પ્રશ્નો સૂચવ્યા છે. જેવા કે :

૧. પદાર્થ કુદરતમાં અસ્તિત્વ ધરાવે છે કે અસ્તિત્વ નથી ધરાવતો?

૨. એ પદાર્થ બીજા બધા પદાર્થો સાથે અસ્તિત્વ ધરાવે છે કે તે પદાર્થોથી અલગ અસ્તિત્વ ધરાવે છે?

૩. આ પદાર્થનું અસ્તિત્વ કાયમ માટે છે કે થોડા વખત માટે છે?

૪. જુદા જુદા મૂળ તત્ત્વોનો બનેલો પદાર્થ અને તેના જુદા જુદા અવયવ (અંગ કે ઘટક), (પદાર્થ અને અવયવ) એ બંન્નેને સ્પષ્ટ જોઈ શકાય કે ન જોઈ શકાય તેવો સંબંધ છે? આમ આ ગુણધર્મોથી બનેલો પદાર્થ વિશ્વવ્યાપક છે? તથા વિશ્વમાં વિશિષ્ટતા ધરાવતો છે?

૫. પદાર્થ અને તેના અવયવો વચ્ચેનો સંબંધ એકબીજાથી સ્વતંત્ર છે કે પછી એક બીજા પર આધાર રાખતો છે?

૬. તર્ક અને શાસ્ત્રો એ પ્રમાણભૂત જ્ઞાનનો સ્રોત છે?

૭. પ્રત્યક્ષજ્ઞાન (ઈન્દ્રિય દ્વારા થતું) એ આત્મલક્ષી છે કે પછી બાહ્ય પદાર્થોનો ઉલ્લેખ જ છે?

આ સાતે સાત પ્રશ્નોને તેમણે સપ્તભંગી દ્વારા નીરિક્ષણ કરી, ન્યાય-વૈશેષિક, બુદ્ધ અને જૈન મત શું દર્શાવે છે, તેની તલસ્પર્શી ચર્ચા આ ગ્રંથમાં કરી છે અને આમ તે તે મતના સત્યના અંશો લઈ જૈનમતના અનેકાન્તવાદને સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે.

જ્યારે ૮૦ થી ૧૧૩ શ્લોકમાં સામાન્ય મનુષ્યને પણ સમજાય તેવા ત્રણ પ્રશ્નોની ચર્ચા કરી છે. સાથે સાથે છેલ્લા તેર શ્લોકમાં આખા ગ્રંથનો નીચોડ આપ્યો છે.

**૧. ૧લો પ્રશ્ન :** 'કોઈ એકની પ્રગતિનો આધાર નસીબ છે કે પુરુષાર્થ?

કેટલાક એમ માને છે કે એકની પ્રગતિનો આધાર ફક્ત નસીબ જ છે. આપણે એમ માનીએ કે વસ્તુઓ મેળવવાની ઈચ્છાનો આધાર નસીબ જ છે, તો પ્રશ્ન એ ઊભો થાય છે કે કેટલીક વખત પુરુષાર્થ જ નસીબ બનાવે છે. અને જો ખરેખર એમ જ માને કે નસીબ જ નસીબ બનાવે છે, તો પછી એ માણસ ક્યારેય મોક્ષ ન મેળવી શકે. તેના બધા જ પ્રયત્નો વ્યર્થ પૂરવાર થાય.

કેટલાક તેમની પ્રગતિનો આધાર ફક્ત પુરુષાર્થ જ માને છે. તો પ્રશ્ન એ છે કે ક્યારેક નસીબ પુરુષાર્થને બનાવે છે. અને જો નિશ્ચયપૂર્વક એમ જ માનતા હોય કે પુરુષાર્થ જ પુરુષાર્થને બનાવે છે, તો પછી બધા જ કામ મનુષ્યોના સફળ થવા જ જોઈએ.

સ્યાદ્‌વાદ તર્કની નિંદા કરનારા તે બંને વસ્તુને નિશ્ચયપૂર્વક નથી કહી શકતા કે (નસીબ સર્વશક્તિમાન છે કે પુરુષાર્થ) બંનેની ઘટના એક અને સરખી જ છે. અને જો એમ નિશ્ચયપૂર્વક કહે કે ઘટના જે ઘટી છે તે અવર્ણનીય છે. તો પછી કહી શકીએ કે જે ઘટના ત્યાં ઘટી છે (તે અવર્ણનીય છે) તો તે ભાગ રૂપે અશક્ય જ છે કે (ત્યાં નસીબ સર્વશક્તિમાન નિવડ્યું કે પુરુષાર્થ!)

આગળ જતાં સ્વામી સમન્તભદ્ર દલીલ કરે છે કે એકની સુખ કે દુઃખની પરિસ્થિતિ છે તે આગળથી જ ઘડાયેલી છે. તો પછી એ તેના નસીબમાં જ છે એમ કહી શકાય. અને પુરૂષાર્થથી જ તેણે સુખ અને દુઃખની પરિસ્થિતિ બનાવેલી છે.

આમ જોવા જાવ તો સમન્તભદ્રની ટીકા નીતિશાસ્ત્રમાં તકરાર ઊભી કરે તેવી છે. આ પ્રશ્નની ચર્ચા જાણીતી છે. અને સ્વામી સમન્તભદ્રની દલીલો સાચે જ સાદી અને સમજાય તેવી છે. પણ ભારતીય ધર્મશાસ્ત્ર-જૈનવાદ પણ એમાંનો એક, માને છે કે આત્મા પર સારા કે ખોટાં લાગેલા કર્મો જ (એકની સુખ કે દુઃખની) પરિસ્થિતિ આધારિત છે. જે કર્મોનું ફળ હજી નથી મળ્યું તે હજી પણ આત્મા પર લાગેલાં (ચોંટેલા) જ છે. અને એ જ સવાલ છે.

**૨. બીજો પ્રશ્ન :** આ પ્રશ્ન સ્વામી સમન્તભદ્રે પુણ્ય અને પાપના બંધનો ઊઠાવ્યો છે. પ્રશ્ન આ છે, 'પુણ્ય બીજાને આનંદ આપવાથી થાય છે, અને પાપ બીજાને દુઃખ આપવાથી થાય છે? તેમ જ 'પુણ્ય પોતાને દુઃખ આપવાથી થાય છે અને પાપ પોતાને સુખ

આપવાથી થાય છે?'

નિયતિવાદવાળા પ્રતિપાદિત કરે છે કે પુણ્ય અને પાપનું કારણ અનુક્રમે બીજાને આનંદ આપવાથી અને બીજાને દુઃખ આપવાથી થાય છે. જ્યારે તેમના પ્રતિપક્ષી એમ પ્રતિપાદિત કરે છે કે અનુક્રમે પુણ્ય અને પાપ પોતાને દુઃખ આપવાથી અને આનંદ આપવાથી થાય છે. જ્યારે સમન્વયવાદી (જૈન) એ પ્રતિપાદિત કરે છે કે પુણ્ય પવિત્ર મનથી કરેલા કાર્યથી જ થાય છે અને પાપ અપવિત્ર મનથી કરેલાં કાર્યથી થાય છે.

અહીંયા સ્વામી સમન્તભદ્રે એક નવો મુદ્દો ઉમેર્યો છે. જાહેરમાં ખુલ્લી રીતે જે કાર્ય થાય છે, તેની પાછળનો હેતુ શું છે, એ જ (પુણ્ય-પાપનું)કામ કરે છે. નિયતિવાદીના મતે સામાજિક જાહેરમાં થતાં કાર્ય કરવાની પાછળ જ પુણ્ય-પાપનો બંધ થાય છે. જ્યારે તેમના પ્રતિપક્ષી એમ ભારપૂર્વક કહે છે કે પાપ-પુણ્યના બંધનું મહત્ત્વ એક માણસને પોતાના મનથી ઉદય પામેલાં કાર્ય કરવાના હેતુ પાછળનું છે.

અહીં બીજો મુદ્દો સ્વામી સમન્તભદ્રે એ ઉમેર્યો કે પુણ્ય-પાપ, કાર્ય કરવા છતાં પણ ક્યારેક અસરકારક બને છે અને ક્યારેક અસરકારક નથી પણ બનતા. આમ જોવા જાવ તો જૈન મતનો આ વિશેષ વિચાર છે. પવિત્ર કે અપવિત્ર ઇચ્છાઓથી ભરેલું મન જ પુણ્ય-પાપનો બંધ કરે છે. અને તેની અસરકારકતા પૂરવાર થાય છે. (પૂનર્જન્મથી). જ્યારે મન ઈચ્છાથી મુક્ત હોય અને કાર્ય કર્યું હોય તો તે પુણ્ય-પાપનો સંગ્રહ કરે છે પણ પછી તેની આ અસરકારકતા બીજી જ પળમાં ભૂંસાઈ જાય છે. તેથી પુનર્જન્મ નથી લેવો પડતો. આમ પુણ્ય અને પાપને જૈન પરંપરા ભૌતિક પદાર્થ માને છે.

**૩. ત્રીજો પ્રશ્ન :** આ પ્રશ્ન બંધન અને મુક્તિનો છે. પ્રશ્ન આ પ્રમાણે છે-'સંસારનું બંધન થોડી અજ્ઞાનતાથી થાય છે, અને થોડા જ્ઞાનના પરિણામથી મોક્ષ મળે છે?'

જો નિશ્ચયપૂર્વક એમ કહીએ કે સંસાર-બંધન થોડી અજ્ઞાનતાનું પરિણામ છે તો પછી કોઈ મોક્ષ મેળવી જ ન શકે. કારણ હજી ઘણી વસ્તુનું જ્ઞાન મેળવવાનું બાકી છે અને જો મોક્ષ થોડા જ્ઞાનનું પરિણામ છે તો પ્રશ્ન એ ઊભો થાય છે કે તેને સંસાર બંધન લાગે કે નહિ? કારણ તેનામાં હજી ઘણી અજ્ઞાનતા રહેલી છે.

સ્યાદ્‌વાદના વિરોધી આ બંનેના ગુણ એક જ સમયે છે અને એ જ કુદરતી ઘટના છે તે વર્ણવી ન શકે. અને જો એમ કહે કે કુદરતી ઘટનાનું વર્ણન અવર્ણનીય છે, તો પછી સંસાર-બંધન કે મોક્ષ એ બંને અશક્ય જ બની જાય તે માનવું રહ્યું જ.

એક માણસના દાખલામાં અજ્ઞાનતાનું પરિણામ સંસાર બંધન છે તે બનવાનું કારણ તે મોહના ચક્કરમાં છે. અને જો અજ્ઞાનતાનું પરિણામ સંસાર-બંધન ન બને તો તેનું કારણ તે મોહથી મુક્ત છે. આવી જ રીતે થોડાં જ્ઞાને મોક્ષ મળે તો એનું કારણ તે મોહથી મુક્ત છે. અને જો મોક્ષ તેને થોડા જ્ઞાને ન પણ મળે તો તેનું કારણ તે મોહથી યુક્ત છે.

આગળ ચર્ચા કરતાં સ્વામી સમન્તભદ્ર કહે છે કે આકર્ષણનો ઉદ્‌ભવ વિવિધ જાતનો હોવાથી વિવિધ જાતના બંધ બંધાય છે. આ કર્મો લાગવાના કારણો એ છે કે આત્મા બે પ્રકારના હોય છે. આધ્યાત્મિક પવિત્ર આત્મા અને આધ્યાત્મિક અપવિત્ર આત્મા. (સ્વામીજીએ ભવ્ય-અભવ્ય શબ્દોનો ઉપયોગ નથી કર્યો). આધ્યાત્મિક પવિત્રવાળાના નશીબમાં મોક્ષ નથી જ. આગળ જતાં તેઓ આ દલીલ કરે છે કે પવિત્ર-અપવિત્ર આત્માનો આધાર આત્માની મૂળ સ્વાભાવિક શક્તિ પર છે. તેમણે ઉદાહરણ બાફેલાં અન્નના દાણા અને ન બફાયેલાં અન્નના દાણાનું આપ્યું છે. એટલે કે બાફવાં મૂકેલાં ધાનમાં કેટલુંક ધાન બફાઈ જાય છે જ્યારે કેટલાક (ધાનના દાણા) ગમે તેટલું કરો બફાતાં જ નથી. જેને આપણે કોકડું ધાન કહીએ છીએ. એવી જ રીતે આધ્યાત્મિક અપવિત્ર મૂળ આત્માની સ્વાભાવિકતા જ એવી છે કે તે આત્મા (માણસ) કેટલું પણ પુણ્ય કરે, જેવા કે મંદિરો બનાવે, દાન આપે, બીજાને મારીને તેનું લૂંટેલું ધન દાન માટે આપે વગેરે વગેરે, છતાં પણ તેને મોક્ષ તો ન જ મળે. કારણ તેની વર્તણુંકનો આધાર તેના મૂળ-સ્વાભાવિક આત્મા પર જ રહેલો છે. તેવી જ રીતે આધ્યાત્મિક પવિત્ર આત્મા કદાચ ખોટું પણ કામ કરે પણ તેની વર્તણુંક તેના મૂળ સ્વાભાવિક આત્માની શક્તિ પર જ રહેલી છે. તેથી ખોટું કામ કરીને પછી તે પસ્તાય છે અને આમ તેના ખરાબ કર્મોનો નાશ થાય છે. આમ જોવા જાવ તો આ દલીલ, તર્કની બુદ્ધિમાં સહેલાઈથી સમજાઈ વશ ન થઈ શકે.

તેમની દલીલ આગળ વધતાં એ વિચાર દર્શાવે છે કે મોક્ષ મળવાનો કે ન મળવાનો સંબંધ થોડી અજ્ઞાનતા કે બધી જ અજ્ઞાનતાના અભાવ પર આધારિત નથી. પણ તેનો (મોક્ષ મેળવવાનો આધાર) બધા જ મોહનીય કર્મની ક્ષીણતા પર છે.

હજી પણ તેમના મનમાં એક સવાલ ઊઠે છે કે જો બધી જ મોહનીય ક્ષીણતા થઈ જવા છતાં પણ એક જણને સર્વજ્ઞપણું પ્રાપ્ત નથી થઈ શકતું, તેને નવા કર્મબંધ પણ લાગતા નથી, તો શું આવા પ્રસંગે મોક્ષ મળી જ ગયો સમજવો!

છેલ્લાં ૧૧૪માં શ્લોકમાં જણાવે છે કે આ કવિની 'આપ્ત-મિમાંસા' લખવા પાછળની ઈચ્છા બધાનું ભલું કરવાની છે. એ હેતુથી કે આ સ્તોત્ર વાંચનાર દરેક જણ સાચા અને ખોટા ઉપદેશ વચ્ચેની ભેદરેખાનો ઉકેલ કેળવી શકે. છેલ્લે ૧૧૫માં શ્લોકનો વિવાદ એ છે કે તે પાછળથી લખાયેલો છે. ✷✷✷

(સંઘ દ્વારા યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૫-૯-૨૦૦૫ના આપેલું વક્તવ્ય)

૨૦૨, સોમા ટાવર, ચીકુવાડી, ગુલમહોર સોસાયટી,
બોરીવલી (પ.), મુંબઈ-૪૦૦ ૦૯૨.

# કસ્તુરબા સેવાશ્રમ મરોલી

**(આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન દાનની વિનંતિ માટે નક્કી કરેલ સંસ્થા )**

પ્રતિવર્ષ સંઘની પ્રણાલિકા મુજબ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ગુજરાત રાજ્યની કોઈ એક શૈક્ષણિક સંસ્થા કે હૉસ્પિટલ સંકુલના આર્થિક વિકાસ માટે ટહેલ નાખવામાં આવે છે. જેના જવાબમાં ખૂબ જ સારો પ્રતિસાદ છેલ્લા ૨૨ વર્ષથી મળતો આવ્યો છે. આજસુધી આશરે ત્રણ કરોડ જેવી જંગી રકમ એકત્ર કરી એ સંસ્થાઓને દાતાવતી અર્પણ કરી છે.

સંઘના નિયમોને આધિન સંસ્થા નક્કી કરતા પહેલાં સંસ્થાઓની મુલાકાતે જવું, ચકાસણી કરવી, સંતોષ ન થાય તો બીજી વખત બીજી સંસ્થાઓની મુલાકાતે જઈ ૧૦૦% ખાત્રીલાયક થાય પછી સંઘની કાર્યવાહક સમિતિમાં ભલામણ કરવામાં આવે છે. બધી સંસ્થાઓની વિગતવાર ચર્ચા કર્યા પછી ભલામણ કરવામાં આવી હોય તે સંસ્થાની માહિતી આપવામાં આવે છે અને બધાની સંમતિ મળે પછી ઠરાવ દ્વારા એના ઉપર મહોર મારવામાં આવે છે. તે મુજબ આ વર્ષે કસ્તુરબા સેવાશ્રમ મરોલીની પસંદગી કરવામાં આવી છે.

કસ્તુરબા સેવાશ્રમ મરોલીની સ્થાપના ૧૯૩૦માં થઈ. તા. ૧૨-૬-૧૯૩૧ના રોજ પૂ. ગાંધીજીના હસ્તે પાયો નંખાયો. તે વખતે સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફાર ખાન, સરદાર શ્રી વલ્લભભાઈ પટેલ, કુમારી મીરાબહેન (મિસ સ્લેડ) તેમજ મીઠુબેન પીટીટ હાજર હતા. મરોલી ગામના લોકોએ પોતે ૧૨ વીઘા જમીન ખરીદીને પૂ. કસ્તુરબા અને શ્રી મીઠુબહેન પિટીટને કાયમી આશ્રમની સ્થાપના કરવા ભેટ આપી.

૧૯૩૧ થી ખૂબ જ નાના પાયે આદિવાસી બાળકો, સ્ત્રીઓ માટે શરૂ કરેલી કસ્તુરબા સેવાશ્રમ આજે ૭૮ વર્ષે વટવૃક્ષ બની ગઈ છે. તડકા-છાંયા આવ્યા પણ તે બધામાંથી હેમખેમ બહાર નીકળી આજે પણ સમાજની સેવા કરે છે. એ માટે સંસ્થાના સંનિષ્ઠ અને ખંતીલા કાર્યકરો ધન્યવાદને પાત્ર છે. આશ્રમ ઘણા પછાત ગામોમાં ૬૦ વર્ષથી આશ્રમશાળાઓ અને છાત્રાલયો ચલાવે છે.

હાલમાં વિવિધ આશ્રમશાળા જેવી કે મરોલી, કેવડી, ચાસવડ, આંબાવાડી વગેરે ઠેકાણે આશરે ૭૩૫ બાળકોને મફત રહેવા, ખાવા અને ભણવાની સગવડ છે. સરકાર તરફથી ગ્રાંટ મળે છે, પણ તે અપૂરતી હોય છે. સંસ્થાએ પોતાનું ભંડોળ વાપરવું પડે છે.

| | |
|---|---|
| ૧. આશ્રમશાળા, મરોલી | ૧૨૫ |
| ૨. આશ્રમશાળા, કેવડી | ૧૨૬ |
| ૩. આશ્રમશાળા, આંબાવાડી | ૧૨૭ |
| ૪. આશ્રમશાળા, ચાસવડ | ૧૫૪ |
| ૫. ઉ. ગુ. આશ્રમશાળા, કેવડી | ૧૨૬ |
| ૬. કુમાર છાત્રાલય, મરોલી | ૩૭ |
| ૭. કન્યા છાત્રાલય, મરોલી | ૪૦ |

મરોલી ગામમાં સ્ટેશનની સામે કસ્તુરબા સેવાશ્રમે પદ્ધતિસરની એક માનસ રોગ-મેન્ટલ હૉસ્પિટલની ૧૯૪૨માં સ્થાપના કરી છે. ૭૦/૮૦ બેડની હૉસ્પિટલમાંથી આજે ૧૨/૧૫ દરદીઓનો સમાવેશ કરવામાં આવે છે. ચિકિત્સા ખૂબ જ સારી થાય છે. ચિકિત્સા કુદરતી ઉપચાર વડે અને માયા મમતાથી કરવામાં આવે છે. સુરતથી નામાંકિત ડૉક્ટરો આવી દરદીને સારવાર આપે છે. હૉસ્પિટલની નામના ગામે ગામે પ્રસરી છે. ગુજરાત સિવાય મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશમાંથી દરદીઓ આવે છે. હૉસ્પિટલની સફળતા ત્યારે જ કહેવાય કે કેટલા દરદીઓ સારા થાય છે. અહીં ૮૫ થી ૯૦% પરિણામ સારું આવે છે. વરસે ૧૦૦૦૦ દર્દીઓ આ હૉસ્પિટલનો લાભ લે છે. દર્દીઓ સાથે તેના સગાઓ નિઃશુલ્ક રહી શકે તેવી વ્યવસ્થા છે.

૧૯૩૧માં તેમજ ૧૯૪૨, ૧૯૫૬માં જે જમીન મળી તેના ઉપર મકાનો, આશ્રમશાળા, છાત્રાલયો બનતા ગયા. જેને આજે વર્ષો થયાં. તે મકાનો ક્રમે ક્રમે રિપેર થતાં ગયાં. જેમ જેમ ભંડોળ મળતું ગયું તેમ તે કામ થતાં ગયાં. આજે ઘણાં મકાનો ખૂબ જર્જરીત હાલતમાં થઈ ગયાં છે અને બાળકોને એમાં ભણાવી શકાય એવી સ્થિતિવાળા નથી. એનું સમારકામ મોટા પ્રમાણમાં કરવું પડે એમ છે.

બાળકોને પાયાનું શિક્ષણ સારા વાતાવરણ અને સારા મકાનોમાં મળે એ જરૂરી છે. કૉમ્પ્યુટરના યુગમાં સારા મકાનની આવશ્યકતા વધારે હોય છે. કસ્તુરબા સેવાશ્રમના વિવિધ સંકુલના બાળકોને સારું શિક્ષણ તેમ જ શિક્ષણના સ્થળને આર્થિક સહાય મળે એવી આપણે સૌ ખેવના રાખીએ અને એમને વધારેમાં વધારે સહકાર આપીએ.

સંઘના દાતાઓ, શુભેચ્છકો અને સભ્યોને અમારી નમ્ર વિનંતી છે કે આમાં સહકાર આપી આ સંસ્થા માટે દાનનો પ્રવાહ વહાવે.

**❑ પ્રમુખ, તેમજ મેનેજમેન્ટનાં સભ્યો**

## શ્રી ભગિની મિત્ર મંડળ-પાલીતાણા – યશગાથા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ૨૦૦૭ની સાલમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ઉપરની સંસ્થા માટે દાતાઓને દાનની વિનંતિ કરતાં સંઘ દ્વારા રૂા. ૨૩,૯૪,૮૧૭/- જેટલી માતબર રકમનું દાન એ સંસ્થાને માટે એકત્રિત કરેલ.

ઉપરાંત વ્યાખ્યાનમાળા દરમિયાન એ સંસ્થા માટે અન્ય યોજનાની પણ વિનંતિ કરતાં એ સંસ્થાને શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ દ્વારા રૂા. એકાવન લાખ, શ્રી કિશોરભાઈ નંદલાલ શાહ દ્વારા સંસ્થાના આઈ. ટી. સેન્ટર માટે એકવીસ લાખ અને એ ઉપરાંત એક કરોડ અગિયાર લાખ રૂપિયાનું વિવિધ દાતાઓ તરફથી એ સંસ્થાને દાન પ્રાપ્ત થયું. આ ઉપરાંત પણ દાનનો પ્રવાહ વહેતો રહે છે. શ્રી ભગિની મિત્ર મંડળે 'સમાજરત્ન ચીનુભાઈ મંજુલા ભગિની મિત્ર મંડળ' નામ ધારણ કર્યું. એ સંસ્થાએ આ માતબર દાનથી વિવિધ યોજના કાર્યરત કરી છે, જેમાં સ્વાવલંબન કેન્દ્ર, ઉદ્યોગ ભવન, આઈ. ટી. સેન્ટર, દીકરીનું ઘર-વૃદ્ધાશ્રમ, આરોગ્ય કેન્દ્ર, રોગ નિદાન કેન્દ્ર વગેરે યોજનાથી આ સંસ્થાએ પ્રગતિની હરણફાળ ભરી છે. સંસ્થાના સંનિષ્ઠ કાર્યકારી બહેનોને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અભિનંદન.

**❑ પ્રમુખ અને સંઘના સભ્યો**

# ચોવીસ તીર્થંકર

| નામ | ૧. શ્રી ઋષભદેવ | ૨. શ્રી અજિતનાથ | ૩. શ્રી સંભવનાથ | ૪.શ્રી અભિનંદન સ્વામી | ૫. શ્રી સુમતિનાથ | ૬. શ્રી પદ્મપ્રભુ |
|---|---|---|---|---|---|---|
| લાંછન | વૃષભ | હાથી | ઘોડો | કપિ | કૌંચ પક્ષી | કમળ |
| રાશિ | ધન | વૃષભ | મિથુન | મિથુન | સિંહ | કન્યા |
| ગણ | માનવ | માનવ | દેવ | દેવ | રાક્ષસ | રાક્ષસ |
| માતા | મરૂદેવા | વિજયા | સેનાદેવી | સિદ્ધાર્થ | મંગલા | સુસીમા |
| પિતા | નાભિરાજા | જિતશત્રુ | જિતારિ | સંવર | મેઘ | શ્રીધર |
| ગર્ભવાસ | ૯–૮ા। | ૮–૨૫ | ૯–૬ | ૮–૨૮ | ૯–૬ | ૯–૬ |
| દીક્ષા પર્યાય | ૧ લાખ પૂર્વ | ૧ લાખ પૂર્વમાં ૧ પૂર્વાંગ ન્યુન | ૧ લાખ પૂર્વમાં ૪ પૂર્વાંગ ઓછા | ૧ લાખ પૂર્વમાં ૮ પૂર્વાંગ ઓછા | ૧ લાખ પૂર્વમાં ૧૨ પૂર્વાંગ ઓછા | ૧ લાખ પૂર્વમાં ૧૬ પૂર્વાંગ ઓછા |
| સર્વ આયુષ્ય | ૮૪ લાખ પૂર્વ | ૭૨ લાખ પૂર્વ | ૬૦ લાખ પૂર્વ | ૫૦ લાખ પૂર્વ | ૪૦ લાખ પૂર્વ | ૩૦ લાખ પૂર્વ |
| સમ્યક્ત્વ પામ્યા પછીની ભવ સંખ્યા | ૧૩ ભવ | ૩ ભવ | ૩ ભવ | ૩ ભવ | ૩ ભવ | ૩ ભવ |
| ચ્યવન કલ્યાણક નક્ષત્ર સાથે | ઉ. અષાઢા જે. વ. ૪ | રોહિણી વૈ. સુ. ૧૩ | મૃગશીર્ષ ફા. સુ. ૮ | અભિજિત વૈ. સુ. ૪ | મઘા શ્રા. સુ. ૨ | ચિત્રા પોષ વ. ૬ |
| જન્મ કલ્યાણક નક્ષત્ર સાથે | ઉ. અષાઢા ફા. વ. ૮ | રોહિણી મહા સુ. ૮ | મૃગશીર્ષ માગ સુ. ૧૪ | અભિજિત મહા સુ. ૨ | મઘા વૈ. સુ. ૮ | ચિત્રા આસો વ. ૧૩ |
| દીક્ષા કલ્યાણક નક્ષત્ર સાથે | ઉ. અષાઢા ફા. વ. ૮ | રોહિણી મહા સુ. ૯ | મૃગશીર્ષ માગ સુ. ૧૫ | અભિજિત મહા સુ. ૧૨ | મઘા વૈ. સુ. ૯ | ચિત્રા આસો વ. ૧૨ |
| કેવળજ્ઞાન કલ્યાણક નક્ષત્ર સાથે | ઉ. અષાઢા મહા વ. ૧૧ | રોહિણી પો. સુ. ૧૧ | મૃગશીર્ષ આસો વ. ૫ | અભિજિત પોષ સુ. ૧૪ | મઘા ચૈ. સુ. ૧૧ | ચિત્ર ચૈત્ર સુ. ૧૫ |
| નિર્વાણ કલ્યાણક નક્ષત્ર સાથે | અભિજિત પોષ વ. ૧૩ | મૃગશીર્ષ ચૈ. સુ. ૫ | મૃગશીર્ષ ચૈ. સુ. ૫ | પુષ્પ વૈ. સુ. ૮ | પુનર્વસુ ચૈ. સુ. ૯ | ચિત્રા કા. વ.૧૧ |
| જન્મ નગરી | અયોધ્યા | અયોધ્યા | શ્રાવસ્તિ | અયોધ્યા | અયોધ્યા | કોશામ્બી |
| દીક્ષા નગરી | અયોધ્યા | અયોધ્યા | શ્રાવસ્તિ | અયોધ્યા | અયોધ્યા | કૌશામ્બી |
| કેવળજ્ઞાન નગરી | અયોધ્યા | અયોધ્યા | શ્રાવસ્તિ | અયોધ્યા | અયોધ્યા | કૌશામ્બી |
| નિર્વાણ ભૂમિ | અષ્ટાપદ | સમ્મેતશિખર | સમ્મેત શિખર | સમ્મેત શિખર | સમ્મેતશિખર | સમ્મેતશિખર |

# કલ્પસૂત્ર

● **કલ્પસૂત્ર ગ્રંથ** આચારપ્રધાન હોવાથી ચરણ-કરણાનુયોગ વિભાગમાં આવે છે. આ કલ્પસૂત્રનો પહેલો વિભાગ છે જિનચરિત્ર અને બીજો વિભાગ છે સ્થવિરાવલી. આ આખા કલ્પસૂત્રના અને દશાશ્રુતસ્કંધ ગ્રંથના રચયિતા છે ચતુર્દશ પૂર્વધર શ્રુતકેવળી આર્ય **ભદ્રબાહુસ્વામી.**

● વર્તમાનકાલીન ઉપલબ્ધ સમસ્ત શ્રુતસાગરમાં આ ગ્રંથનું સ્થાન શિરમોર છે. પક્ષીમાં ગરુડ, ધનુર્ધારીમાં અર્જુન, મંત્રોમાં નમસ્કાર મહામંત્ર, પર્વતોમાં મેરુપર્વત, તીર્થોમાં શત્રુંજય (પાલીતાણા–સૌરાષ્ટ્ર) શ્રેષ્ઠ છે, એમ ગ્રંથોમાં કલ્પસૂત્ર શ્રેષ્ઠ છે.

● શ્રી ભદ્રબાહુસ્વામી રચિત આ ગ્રંથના પ્રથમ વિભાગમાં સહુથી પ્રથમ વિસ્તાર સાથે ભગવાન મહાવીર સ્વામીના ચરિત્રનું વર્ણન છે.

● બીજો વિભાગ સ્થવિરાવલી નામથી પ્રસિદ્ધ છે. આ વિભાગમાં મહાવીરસ્વામીના તીર્થમાં ગૌતમસ્વામીજીથી માંડીને પહેલીવાર કલ્પસૂત્ર પુસ્તકારુઢ થયું ત્યાં સુધીમાં થયેલા મુખ્ય મુખ્ય શિષ્ય પરંપરાનો નામ અને ગોત્રની સાથે નિર્દેશ છે. સંક્ષિપ્ત અને વિસ્તૃત વાચનાના માધ્યમથી અલગ–અલગ શિષ્ય પરંપરાથી નીકળેલા કુલ, ગણ અને શાખાનો નિર્દેસ છે.

● અંતિમ (ત્રીજો) વિભાગ 'સાધુ સામાચારી' નામનો છે. એમાં વિશેષથી સાધુ – સાધ્વીને

# ચોવીસ તીર્થંકર

| નામ | ૭. સુપાર્શ્વનાથ | ૮. શ્રી ચંદ્રપ્રભ | ૯. શ્રી સુવિધિનાથ | ૧૦. શ્રી શીતલનાથ | ૧૧. શ્રી શ્રેયાંસનાથ | ૧૨ શ્રી વાસુપૂજ્ય સ્વામી |
|---|---|---|---|---|---|---|
| લાંછન | સાથિયો | ચંદ્ર | મગર | શ્રી વત્સ | ખડ્ગી | મહિષ |
| રાશિ | તુલા | વૃશ્ચિક | ધન | ધન | મકર | કુંભ |
| ગણ | રાક્ષસ | દેવ | રાક્ષસ | માનવ | દેવ | રાક્ષસ |
| માતા | પૃથ્વી | લક્ષ્મણા | રામા | નન્દા | વિષ્ણુ | જયા |
| પિતા | પ્રતિષ્ઠ | મહાસેન | સુગ્રીવ | દૃઢરથ | વિષ્ણુ રાજ | વસુ પૂજ્ય |
| ગર્ભવાસ | ૯-૧૬ | ૯-૭ | ૮-૨૬ | ૯-૬ | ૯-૬ | ૮-૨૦ |
| દીક્ષા પર્યાય | ૧ લાખ પૂર્વમાં ૨૦ પૂર્વાંગ ઓછા | ૧ લાખ પૂર્વમાં ૨૪ પૂર્વાંગ ઓછા | ૧ લાખ પૂર્વમાં ૨૮ પૂર્વાંગ ઓછા | ૨૫ હજાર પૂર્વ | ૨૧ લાખ વર્ષ | ૫૪ લાખ વર્ષ |
| સર્વ આયુષ્ય | ૨૦ લાખ પૂર્વ | ૧૦ લાખ પૂર્વ | ૨ લાખ પૂર્વ | ૧ લાખ પૂર્વ | ૮૪ લાખ વર્ષ | ૭૨ લાખ વર્ષ |
| સમ્યક્ત્વ પામ્યા પછીની ભવ સંખ્યા | ૩ ભવ | ૩ ભવ | ૩ ભવ | ૩ ભવ | ૩ ભવ | ૩ ભવ |
| ચ્યવન કલ્યાણક નક્ષત્ર સાથે | અનુરાધા શ્રા. વ. ૮ | અનુરાધા શ્રા. વ. ૮ | મૂળ મહા. વ. ૯ | પૂર્વાષાઢા ચૈ. વ. ૬ | શ્રવણ વૈ. વ. ૬ | શતભિષા જેઠ સુ. ૯ |
| જન્મ કલ્યાણક નક્ષત્ર સાથે | વિશામા જેઠ સુ. ૧૨ | અનુરાધા માગ. વ. ૧૨ | મૂળ કા. વ. ૫ | પૂર્વાષાઢા પો. વ. ૧૨ | શ્રવણ મહા વ. ૧૨ | શતભિષા મહા વ. ૧૪ |
| દીક્ષા કલ્યાણક નક્ષત્ર સાથે | અનુરાધા જેઠ સુ. ૧૩ | મૈત્રેય માગ. વ. ૧૩ | મૂળ કા. વ. ૬ | પૂર્વાષાઢા પો. વ. ૧૨ | શ્રમણ મહા વ. ૧૩ | શતભિષા મહા વ. ૦)) |
| કેવળજ્ઞાન કલ્યાણક નક્ષત્ર સાથે | વિશામા મહા વ. ૬ | અનુરાધા મહા વ. ૭ | મૂળ કા. સુ. ૩ | પૂર્વાષાઢા મા. વ. ૧૪ | શ્રમણ પોષ વ. ૦)) | શતભિષા મહા સુ. ૨ |
| નિર્વાણ કલ્યાણક નક્ષત્ર સાથે | મૂળ મહા વ. ૭ | શ્રવણ શ્રા. વ. ૭ | મૂળ ભા. સુ. ૯ | પૂર્વાષાઢા ચૈ. વ. ૨ | ઘનિષ્ઠા અષા. વ. ૩ | ઉ. ભાદ્રપદ અષા.સુ. ૧૪ |
| જન્મ નગરી | વારાણસી | ચંદ્રાનના (ચંદ્રપુરી) | કાકન્દી | ભદ્રિલપુર | સિંહપુરી | ચમ્પાપુરી |
| દીક્ષા નગરી | વારાણસી | ચંદ્રાનના (ચંદ્રપુરી) | કાકન્દી | ભદ્રિલપુર | સિંહપુરી | ચમ્પાપુરી |
| કેવળજ્ઞાન નગરી | વારાણસી | ચંદ્રાનના (ચંદ્રપુરી) | કાકન્દી | ભદ્રિલપુર | સિંહપુરી | ચમ્પાપુરી |
| નિર્વાણ ભૂમિ | સમ્મેતશિખર | સમ્મેતશિખર | સમ્મેતશિખર | સમ્મેત શિખર | સમ્મેત શિખર | ચમ્પાપુરી |

ચાતુર્માસ દરમ્યાન કઈ વિધિથી આહાર, સંયમ, તપ, વૈયાવચ્ચ આદિ પ્રવૃત્તિ કરવી જોઈએ તેનું વિવેચન છે. કુલ ૧૮ સામાચારીનું વર્ણન છે.

● સાધુવર્ગ આ કલ્પસૂત્રનું વાચન કરતા હતા. અથવા એક સાધુ વાચના કરતાં હતા અને બીજા બધા ધ્યાન આપીને શ્રવણ કરતાં હતા. પરંતુ વીર નિર્વાણ સંવત ૯૮૦ (વિક્રમ સંવત ૫૧૦) અથવા ૯૯૩ (વિક્રમ સંવત ૫૨૩)માં ધ્રુવસેનરાજાના પુત્રમરણ શોક નિવારણ માટે અને સંઘકલ્યાણ હેતુ આનંદપુર (વડનગર)માં ચૈત્યગૃહમાં પ્રથમ વાર ચતુર્વિધ સંઘની સામે જાહેરમાં વાંચન થયું. ત્યારથી આજસુધી પર્યુષણમાં અધિકારી સાધુ વાંચન કરે છે અને શ્રદ્ધાળુ સાધ્વી-શ્રાવક-શ્રાવિકા વર્ગ એકાગ્રતાથી સાંભળે છે.

● આ કલ્પસૂત્ર અર્ધમાગધી (તે સમયની એક પ્રાકૃત ભાષા)માં નિબદ્ધ છે.

● ભરતક્ષેત્ર ત્રણ મુખ્ય કલ્પવૃક્ષથી ગૌરવાન્વિત છે (૧) શ્રી શત્રુંજય મહાતીર્થ (૨) શ્રી નમસ્કાર મહામંત્ર (૩) શ્રી પર્યુષણ મહાપર્વ. અગણિત ભવ્યજીવોએ આ ત્રણને સહારે આત્મકલ્યાણનો માર્ગ મેળવી લીધો છે.

● શ્રી શત્રુંજય તીર્થની શોભા છે પ્રથમ તીર્થપતિ ઋષભદેવ ભગવાન. શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રાણ છે પંચ પરમેષ્ઠી. તેમજ શ્રી પર્યુષણ મહાપર્વનું ગૌરવ છે કલ્પસૂત્રનું વાંચન-શ્રવણ. આથી જ સકલ શાસ્ત્રોમાં કલ્પસૂત્રને શિરોમણિ માન્યો છે.

# ચોવીસ તીર્થંકર

| નામ | ૧૩. શ્રી વિમલનાથ | ૧૪. શ્રી અનંતનાથ | ૧૫. શ્રી ધર્મનાથ | ૧૬. શ્રી શાંતિનાથ | ૧૭. શ્રી કુંથુનાથ | ૧૮. શ્રી અરનાથ |
|---|---|---|---|---|---|---|
| લાંછન | સૂઅર | સિંચાણો | વજ્ર | મૃગ | બોકડો | નન્દાવર્ત |
| રાશિ | મીન | મીન | કર્ક | મેષ | વૃશ્ચિક | મીન |
| ગણ | માનવ | દેવ | દેવ | માનવ | રાક્ષસ | દેવ |
| માતા | શ્યામા | સુયશા | સુવ્રતા | અચિરા | શ્રી | દેવી |
| પિતા | કૃતવર્મા | સિંહસેન | ભાનુ | અશ્વસેન | શૂર | સુદર્શન |
| ગર્ભવાસ | ૮–૨૧ | ૯–૬ | ૮–૨૬ | ૯–૬ | ૯–૫ | ૯–૮ |
| દીક્ષા પર્યાય | ૧૫ લાખવર્ષ | ૭ ાા લાખ વર્ષ | ૨ાા લાખ વર્ષ | ૨૫ હજાર વર્ષ | ૨૩૭૫૦ વર્ષ | ૨૧૦૦૦ વર્ષ |
| સર્વ આયુષ્ય | ૬૦ લાખ વર્ષ | ૩૦ લાખ વર્ષ | ૧૦ લાખ વર્ષ | ૧ લાખ વર્ષ | ૯૫૦૦૦ વર્ષ | ૮૪૦૦૦ વર્ષ |
| સમ્યક્ત્વ પામ્યા પછીની ભવ સંખ્યા | ૩ ભવ | ૩ ભવ | ૩ ભવ | ૧૨ ભવ | ૩ ભવ | ૩ ભવ |
| ચ્યવન કલ્યાણક નક્ષત્ર સાથે | ઉ. ભાદ્રપદ વૈ. સુ. ૧૨ | રેવતી અ. વ. ૭ | પુષ્ય વૈ. સુ. ૭ | ભરણી શ્રા. વ. ૭ | કૃત્તિકા અ. વ. ૯ | રેવતી ફા. સુ. ૨ |
| જન્મ કલ્યાણક નક્ષત્ર સાથે | ઉ. ભાદ્રપદ મહા સુ. ૩ | રેવતી ચૈ. વ. ૧૩ | પુષ્ય મહા સુ. ૩ | ભરણી વૈ. વ. ૧૩ | કૃત્તિકા ચૈ. વ. ૧૪ | રેવતી માગ. સુ. ૧૦ |
| દીક્ષા કલ્યાણક નક્ષત્ર સાથે | ઉ. ભાદ્રપદ મહા સુ. ૧૪ | રેવતી ચૈ. સુ. ૧૪ | પુષ્ય પોષ સુ. ૧૩ | ભરણી વૈ વ. ૧૪ | કૃત્તિકા ચૈ. વ. ૫ | રેવતી માગ સુ. ૧૧ |
| કેવળજ્ઞાન કલ્યાણક નક્ષત્ર સાથે | ઉ. ભાદ્રપદ પો. સુ. ૧૪ | રેવતી ચૈ. વ. ૧૪ | પુષ્ય પૌષ સુ. ૧૫ | ભરણી પો. સુ. ૯ | કૃત્તિકા ચૈ. સુ. ૩ | રેવતી કા. સુ. ૧૨ |
| નિર્વાણ કલ્યાણક નક્ષત્ર સાથે | રેવતી જેઠ વ.૭ | રેવતી ચૈ. સુ. ૫ | પુષ્ય જેઠ સુ. ૫ | ભરણી વૈ. વ. ૧૩ | કૃત્તિ૧કા ચૈ. વ. ૧ | રેવતી માગ. સુ. ૧૦ |
| જન્મ નગરી | કાંપિલ્યપુર | અયોધ્યા | રત્નપુરી | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર |
| દીક્ષા નગરી | કાંપિલ્યપુર | અયોધ્યા | રત્નપુરી | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર |
| કેવળજ્ઞાન નગરી | કાંપિલ્યપુર | અયોધ્યા | રત્નપુરી | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર |
| નિર્વાણ ભૂમિ | સમ્મેતશિખર | સમ્મેત શિખર | સમ્મેત શિખર | સમ્મેત શિખર | સમ્મેત શિખર | સમ્મેત શિખર |

● આ કલ્પસૂત્ર ગ્રંથનું વાંચન શ્રવણ પ્રથમ અને અંતિમ તીર્થંકરના કાલમાં કલ્પ=આચારભૂત અને મંગલસ્વરૂપ છે. પર્યુષણ મહાપર્વના ચોથા દિવસથી પાંચ દિવસ અને નવક્ષણ (વ્યાખ્યાન)માં આ ગ્રંથનું વાંચન કરવાનું હોય છે. પ્રથમ પ્રવચનમાં મુખ્યતયા સાધુ–સાધ્વીના ૧૦ આચારની વાત આવે છે.

● ભગવાન મહાવીર સ્વામીના સત્તાવીશ ભવના અને ઇન્દ્રની આજ્ઞાથી તેમના સેનાપતિ હરિણૈગમેષી દેવ દ્વારા દેવાનંદાની કુક્ષિમાંથી ભગવાનના ગર્ભનું માતા ત્રિશલાદેવીના ગર્ભમાં સંહરણનાં વર્ણનથી રોમાંચિત કરનારું કલ્પસૂત્ર ગ્રંથનું બીજું પ્રવચન ત્રિશલામાતાએ દેખેલાં ચૌદ સ્વપ્નોમાંથી ચોથા શ્રી દેવીના સ્વપ્નના વર્ણનની સાથે સમાપ્ત થાય છે.

● ત્રીજું પ્રવચન દસ સ્વપ્નના વર્ણનની, શ્રી સિદ્ધાર્થ રાજાના વ્યાયામ અને સ્નાનની, તેમજ સ્વપ્નલક્ષણ પાઠકોને બોલાવવાની આનંદદાયક માહિતીથી સભર છે.

● સ્વપ્નના નવપ્રકાર, વિવિધ સ્વપ્નોની ફલદાયકતા, બૌંતેર સ્વપ્નોમાં અરિહંતાદિની માતા કેટલા સ્વપ્ન જુએ છે ? (અરિહંત–ચક્રવર્તીની માતા ૧૪, વાસુદેવની માતા ૭, બળદેવની માતા ૪, અને અન્ય મહાપુરુષની માતા એક ભવ્ય સ્વપ્ન જુએ છે.) ગર્ભસ્તંભન, ત્રિશલા-માતાનો વિલાપ, ભગવાનનો ગર્ભ અવસ્થામાં જ સંકલ્પ ઇત્યાદિ રોચક વિગતથી ભરેલું ચોથું પ્રવચન ભગવાનના પીડારહિત જન્મની જાહેરાત દ્વારા સંઘમાં આનંદની લહેર પેદા કરીને સમાપ્ત થાય છે.

# ચોવીસ તીર્થંકર

| નામ | ૧૯. શ્રી મલ્લિનાથ | ૨૦.શ્રી મુનિસુવ્રતસ્વામી | ૨૧. શ્રી નમિનાથ | ૨૨. શ્રી નેમિનાથ | ૨૩. શ્રી પાર્શ્વનાથ | ૨૪.શ્રી મહાવીરસ્વામી |
|---|---|---|---|---|---|---|
| લાંછન | કુંભ | કાચબો | નિલ કમલ | શંખ | સર્પ | સિંહ |
| રાશિ | મેષ | મકર | મેષ | કન્યા | તુલા | કન્યા |
| ગણ | દેવ | દેવ | દેવ | રાક્ષસ | રાક્ષસ | માનવ |
| માતા | પ્રભાવતી | પદ્માવતી | વપ્રાદેવી | શિવાદેવી | વામાદેવી | ત્રિશલાદેવી |
| પિતા | કુંભ | સુમિત્ર | વિજય | સમુદ્ર વિજય | અશ્વસેન | સિદ્ધાર્થ |
| ગર્ભવાસ | ૯–૭ | ૯–૮ | ૯–૮ | ૯–૮ | ૯–૬ | ૯–૭ાા |
| દીક્ષા પર્યાય | ૫૪૯૦૦ વર્ષ | ૭૫૦૦ વર્ષ | ૨૫૦૦ વર્ષ | ૭૦૦ વર્ષ | ૭૦ વર્ષ | ૪૨ વર્ષ |
| સર્વ આયુષ્ય | ૫૫૦૦૦ વર્ષ | ૩૦૦૦૦ વર્ષ | ૧૦૦૦૦ વર્ષ | ૧૦૦૦ વર્ષ | ૧૦૦ વર્ષ | ૭૨ વર્ષ |
| સમ્યક્ત્વ પામ્યા પછીની ભવ સંખ્યા | ૩ ભવ | ૩ ભવ | ૩ ભવ | ૯ ભવ | ૧૦ ભવ | ૨૭ (મોટા) ભવ |
| ચ્યવન કલ્યાણક નક્ષત્ર સાથે | અશ્વિની કા. સુ. ૪ | શ્રવણ શ્રા. સુ. ૧૫ | અશ્વિની આસો સુ. ૧૪ | ચિત્રા આસો વ. ૧૨ | વિશામા ફા. વ. ૪ | ઉત્તરાષાઢા અ. સુ. ૬ |
| જન્મ કલ્યાણક નક્ષત્ર સાથે | અશ્વિની માગ. સુ. ૧૧ | શ્રવણ વૈ. વ. ૮ | અશ્વિની અ. વ. ૮ | ચિત્રા શ્રા. સુ. ૫ | વિશાખા માગ. વ. ૧૦ | ઉત્તરાષાઢા ચૈ. સુ. ૧૩ |
| દીક્ષા કલ્યાણક નક્ષત્ર સાથે | અશ્વિની માગ. સુ. ૧૧ | શ્રવણ ફા. વ. ૧૨ | અશ્વિની જેઠ વ. ૯ | ચિત્રા શ્રા. સુ. ૬ | વિશાખા માગ. વ. ૧૧ | ઉત્તરાષાઢા ફા. વ. ૧૦ |
| કેવળજ્ઞાન કલ્યાણક નક્ષત્ર સાથે | અશ્વિની માગ. સુ. ૧૧ | શ્રવણ મહા વ. ૧૨ | અશ્વિની મા. સુ. ૧૧ | ચિત્રા ભા. વ.૦)) | વિશામા ફા. વ. ૪ | ઉત્તરાષાઢા વૈ. સુ. ૧૦ |
| નિર્વાણ કલ્યાણક નક્ષત્ર સાથે | અશ્વિની ફા. સુ. ૧૨ | શ્રવણ વૈ. વ. ૯ | અશ્વિની ચૈ. વ. ૧૦ | ચિત્રા અ. સુ. ૮ | વિશામા શ્રા. સુ. ૮ | સ્વાતિ આસો વ. ૦)) |
| જન્મ નગરી | મિથિલા | રાજગ્રહી | મિથિલા | સૂર્યપુર | વારાણસી | ક્ષત્રિયકુંડ |
| દીક્ષા નગરી | મિથિલા | રાજગ્રહી | મિથિલા | ગીરનાર | વારાણસી | ક્ષત્રિયકુંડ |
| કેવળજ્ઞાન નગરી | મિથિલા | રાજગ્રહી | મિથિલા | રૈવતગિરી (ગીરનાર) | વારાણસી | ઋજુવાલિકા નદી |
| નિર્વાણ ભૂમિ | સમ્મેત શિખર | સમ્મેત શિખર | સમ્મેત શિખર | ગીરનાર | સમ્મેત શિખર | પાવાપુરી |

સૌજન્ય : શ્રી માટુંગા શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન સંઘ દ્વારા પ્રકાશિત 'હૃદય નયન નિહાળે જગધણી' ભાગ-૧,૨,૩ માંથી ઋણ સ્વીકાર સહ.

● ભગવાનના જન્મમહોત્સવથી માંડી દીક્ષા મહોત્સવ સુધીની આનંદ અને આશ્ચર્યદાયક વિગત પાંચમા પ્રવચનમાં સાંભળવા મળે છે.

● છઠ્ઠું પ્રવચન ભગવાને સહેલા હૃદયદ્રાવક ઉપસર્ગ, ભગવાનની સાધના, ભગવાનનું કેવળજ્ઞાન, ગણધરવાદ, ભગવાનની શિષ્ય આદિ વિવિધ સંપદા, ભગવાનનું નિર્વાણ અને ગૌતમસ્વામીને વિલાપ કરતાં કરતાં કેવળજ્ઞાન ઇત્યાદિ અત્યંત મહત્ત્વની હૃદયસ્પર્શી માહિતીથી ભરેલું છે. આખા કલ્પસૂત્રમાં સહુથી વધારે મહત્ત્વનું આ પ્રવચન છે.

● સાતમાં પ્રવચનમાં શ્રી પાર્શ્વનાથ, શ્રી નેમનાથ અને શ્રી ઋષભદેવ ભગવાનનું ચરિત્ર અને જિનોની વચમાં આંતરાની બોધદાયક વાતો છે.

● આઠમું પ્રવચન સ્થવિરાવલીનું છે. નવમાં પ્રવચનમાં સામાચારી છે. વર્તમાનમાં સંવત્સરીના દિવસે સામાચારીના પ્રવચનની જગ્યાએ શ્રી કલ્પસૂત્ર મૂળ (બારસાસૂત્ર)નું વાંચન થાય છે.

● કલ્પસૂત્ર કલ્પવૃક્ષ સમાન છે. જેનું ફળ છે મોક્ષ, અને રસ છે આનંદ જ આનંદ. જે સૂત્રનું વર્ણન કેવળજ્ઞાનથી, હજારો જીભથી, સંપૂર્ણ આયુષ્યથી પણ કરવું શક્ય નથી, એવું પરમ પવિત્ર કલ્પસૂત્ર એકવીસવાર શ્રદ્ધાની સાથે તેમજ બીજી બધી ઉચિત ધર્મક્રિયાની સાથે સાંભળવાથી સાત–આઠ ભવમાં નિશ્ચિત મોક્ષ થાય છે.

● કલ્પસૂત્રના રચયિતા શ્રી ભદ્રબાહુસ્વામીને નમન છે. પ્રણામ છે આચાર્ય ભગવંતને, જેમણે કલ્પસૂત્રનો સંઘસમક્ષ વાચનનો આરંભ કરીને જૈનસંઘની પરંપરાને કલ્યાણભાગી બનાવી...

✶ ✶ ✶

# અષ્ટમંગલ

❑ હર્ષદ દોશી

(જુલાઈ ૨૦૦૮ ના અંકનું અધૂરું આગળ)

**કુંભ અથવા કલશ :**

કલશ કાર્યની પરિપૂર્ણતા અને સર્વોચ્ચ સિદ્ધિનું પ્રતીક છે. મંદિર કે જિનાલયના શિખર ઉપર કલશ ચડાવવામાં આવે છે. જિનેશ્વર ભગવાનની કીર્તિ ત્રણે લોકમાં કલશ સમાન છે. આપણને અંતિમ ધ્યેય પર પહોંચાડવા માટે કલશ મહામંગલકારી છે.

કલશ કે કુંભ શરીરનું પણ પ્રતીક છે. તેની અંદરનો પ્રકાશ આત્મરૂપી ચૈતન્ય છે. શ્રી સિદ્ધચક્રની યોજના પણ કુંભ આકારની છે.

આત્માને આ શરીરરૂપી ઘટમાંથી મુક્ત કરવાનો છે. આત્મા જ્યાં સુધી કર્મના પાશમાં બંધાયેલો છે ત્યાં સુધી તેનું ચૈતન્ય ઢંકાયેલું છે. એ ચૈતન્યની જ્યોતિ પ્રજ્વલિત કરવાની છે.

પુણ્યથી શુભયોગ મળે છે ત્યારે મનુષ્ય જો પોતાને મળેલા સાધનનો ઉપયોગ ધર્મ અને સાધનામાં કરે તો ક્રમશઃ તેનો આત્મવિકાસ થાય છે, કર્મની નિર્જરા થાય છે અને પુણ્યાનુબંધી પુણ્યથી ફરી ફરી શુભ યોગ મળતો રહે છે. મનુષ્ય જ્યારે પુણ્યથી મળેલા સાધનનો ઉપયોગ આત્મકલ્યાણમાં નથી કરતો ત્યારે એ પુણ્યનું ફળ વેડફાઈ જાય છે અને તે જન્મ-મરણના ચક્રમાંથી છૂટવાનો અવસર ગુમાવી દે છે. આ શરીરનો પણ એક શુભ સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે તો આત્માની ઉન્નતિ અને વિકાસનો માર્ગ સરળ થઈ જાય છે. આ શરીરનો ઉપયોગ ભોગ-વિલાસ અને ઇન્દ્રિયોના પોષણ માટે કરવામાં આવે તો મનુષ્યભવ વ્યર્થ થઈ જાય છે. આ દેહમંદિરમાં શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા બિરાજમાન છે એવી મંગલભાવનાનું કુંભ પ્રતીક છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનની પહેલી ગાથામાં જ ભગવાન મહાવીરે જણાવ્યું છે કે મનુષ્યભવ મળવો દુર્લભ છે. તે મળ્યા પછી પણ ધર્મશ્રવણ, ધર્મમાં શ્રદ્ધા અને પુરુષાર્થ ક્રમશઃ વધુ અને વધુ દુર્લભ છે. કુંભના પ્રતીકમાં બતાવેલી બે આંખ પ્રજ્ઞાની પ્રતીક છે અને તે દર્શાવે છે કે મનુષ્યભવમાં મળેલા આ દુર્લભ શરીરનો ઉપયોગ જાગૃતિ સાથે અને સમ્યક પુરુષાર્થ માટે કરવાનો છે. જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી કર્મ છે, પરંતુ કર્મમાંથી અકર્મ તરફ જવા માટે પ્રજ્ઞાચક્ષુથી દરેક ક્રિયાને સાક્ષીભાવે સ્થિતપ્રજ્ઞ થઈને જોતા રહેવાનો સંદેશ અને પ્રેરણા આપણને કુંભ આપે છે.

**ભદ્રાસન :**

ભદ્રાસન રાજ્ય અને સત્તાનું પ્રતીક છે. તેના મંગલમય પ્રભાવથી સત્તા અને સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

ભદ્રાસન સમાધિનું પણ પ્રતિક છે. યોગારૂઢ થયેલ પુરુષ ધ્યાનના અંતિમ ચરણમાં તામસિક, રાજસિક અને સાત્ત્વિક, એમ ત્રણે ગુણોને પાર કરીને નિર્ગુણ અવસ્થામાં પહોંચે છે ત્યારે સમાધિના ઉચ્ચત્તમ આસન એવા ભદ્રાસન પર બિરાજમાન થાય છે.

ભદ્રાસન સહુથી ઊંચું અને ઉત્તમ આસન છે. મુક્તિશિલા ત્રણે લોકમાં સહુથી ઊંચા સ્થાને છે અને સર્વોત્તમ સ્થાન છે. તે સ્વયં સિદ્ધ ભગવાનોનું સ્થાન છે. એટલે ભદ્રાસન મુક્તિશિલાનું પ્રતિનિધિત્વ કરે છે.

તીર્થંકરના આઠ પ્રતિહાર્યમાં ભદ્રાસન પણ છે. શુક્લ ધ્યાન અને શુક્લ લેશ્યાના ધારણહાર ભગવાનના ચરણે સમર્પિત થઈ, પરમ સમાધિની મંગલકામના અને આરાધના કરવાની પ્રેરણા ભદ્રાસન આપે છે.

**મત્સ્ય યુગ્મ :**

નર અને માદા એમ બે માછલીઓનું જોડું જૈનદર્શનની સાથેસાથે વૈદિક અને બૌદ્ધ પરંપરામાં પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

જળ અને સાગર સૃષ્ટિના સર્જનના પ્રતીક છે. દરેક જીવની ઉત્પત્તિનું આદિ સ્થાન સાગર છે. આ સંસારને પણ ભવસાગર કહે છે. જન્મ-મરણરૂપી ચાર ગતિના ચકાવામાં ભટક્યા કરવું તે ભવસાગરમાં ડૂબી ગયા બરાબર છે. જે આ ભવસાગરને પાર કરે છે તે જ તરી ગયા, મુક્ત થયા કહેવાય છે. મત્સ્ય યુગલ આ સંસારમાં પરિભ્રમણ કરી રહેલા જીવોનું પ્રતીક છે. આ પ્રતીકમાં મત્સ્ય યુગલ વર્તુળાકારે ફરતા કે મંથન કરતા દેખાય છે. એ સૂચવે છે કે ફક્ત તરતા રહેવાથી ભવસાગર પાર નથી થતો, પણ યોગ્ય દિશામાં મંથન-ચિંતન સાથે તરવાથી બેડો પાર થાય છે.

ચાર મૂળ સંજ્ઞાઓમાં મૈથુન સંજ્ઞા સંસારમાં જીવોના બંધનું કારણ છે. તેથી કામદેવ, મત્સ્ય યુગલ અને સંસાર એક બીજાના પર્યાયવાચી છે. એ કારણથી કામદેવની ધજા ઉપર પણ મત્સ્યનું પ્રતીક છે. (અનેક સ્થળે મગર પણ હોય છે.) કામદેવનું સંસારના સર્વ જીવો ઉપર શાસન છે અને તે પોતાની સત્તાની ધજા પતાકા ફેરવી રહ્યા છે. દરેક સાધકે અરિહંત દેવનું શરણ સ્વીકારી, તેમની સ્તુતિ કરી, કામદેવ પર વિજય મેળવી, સંસારમાંથી છૂટવાનું છે.

કામ, જીજીવિષા અને જન્મ-મરણ એકમેક સાથે સંકળાયેલા છે અને સંસાર ઊભો કરે છે. મત્સ્ય યુગલ સંસારસાગરનું અને તેને તરીને પાર કરવાનું એક સાથે ચિત્ર રજૂ કરે છે. આ પ્રતીક

ઊંડા ચિંતન–મનનની પ્રેરણા આપે છે. ધ્યાનમાં ચિત્તને કેંદ્રિત કરવા માટે વિવિધ અવલંબનોમાં મત્સ્ય યુગલના પ્રતીકનો પણ ઉપયોગ થાય છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના છેલ્લા અને ૩૬મા અધ્યાયમાં નિગોદમાં રહેલા જીવ અધમ અવસ્થામાંથી ઉત્તરોત્તર પ્રગતિ કરતા કરતા વિવિધ યોનિઓમાંથી પસાર થાય છે અને છેવટે મનુષ્ય જન્મમાં પ્રબળ પુરુષાર્થ કરી, કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરી, મોક્ષ પામે છે તેનું સુંદર વર્ણન છે. આ ભગવાન મહાવીરની અંતિમ દેશના છે. નિર્વાણની થોડી ક્ષણો પહેલા જ તેમણે વર્ણન કર્યું છે કે આત્મા શરીર છોડી, ઊર્ધ્વ ગતિ કરી, કેવી રીતે સિદ્ધશિલા પર પહોંચે છે.

આ વર્ણનમાં તિરછા લોકના પંચેન્દ્રીય જીવોના વર્ણનમાં જળચર – મત્સ્યનું વર્ણન પહેલા આવે છે. ત્યાર પછી જ મનુષ્ય સહિત અન્ય ઉપરની કક્ષાના પંચેન્દ્રીય જીવોનું વર્ણન આવે છે. વિજ્ઞાન પણ કહે છે કે ઉચ્ચ કક્ષાના જીવોની ઉત્ક્રાંતિ મત્સ્યમાંથી થઈ છે. વિકાસમાં મત્સ્ય પહેલું ચરણ છે. આ રીતે મત્સ્ય જીવની ઉત્ક્રાંતિ અને વિકાસનું પ્રતીક છે. મત્સ્ય યુગલ પર ધ્યાન કેંદ્રિત કરી, જીવાત્માની ઊર્ધ્વ ગતિનું ચિંતન શુભ ફળ આપે છે.

વૈદિક પરંપરા (મુખ્યત્વે સાંખ્ય દર્શન) વિશ્વમાં પુરુષ અને પ્રકૃતિ, એ બે મૂળ તત્ત્વોનો સ્વીકાર કરે છે. તે રીતે ચીનમાં પણ યીન અને યાંગની કલ્પના છે. યીન અને યાંગ નર અને માદા માછલીનું જોડું છે. એ બે માછલીઓને પાસેપાસે રાખતા પૂર્ણ વર્તુળનો આકાર બને છે. યીન અને યાંગ વિશ્વના જીવનના પ્રતીક છે. ચીનની સંસ્કૃતિમાં યીન અને યાંગ તાણાવાણાની જેમ ગુંથાઈ ગયા છે. તેઓ જીવનના દરેક દ્વંદ્વને યીન અને યાંગરૂપે જુએ છે. લાઓત્સેનો તાઓવાદ આ બધા દ્વંદ્વોમાંથી પસાર થઈને પૂર્ણતા પામવાનું દર્શન છે. શુભ અને અશુભ એક જ સિક્કાની બે બાજુ છે, બન્ને સાપેક્ષ છે. છેવટે અશુભ પછી શુભને પણ છોડીને શુદ્ધ થવાનું છે.

માનવના આદિકાળથી ચાલતા આવતા મનોભાવ અને ચિંતન સંસ્કૃતિ અને ભાષાના સીમાડા વટાવી દૂર–સુદૂર સુધી ફેલાઈ જાય છે તેની પ્રતિતી યીન અને યાંગમાં મળે છે.

**દર્પણ :**

દર્પણ આત્મા તેમજ આત્મદર્શનનું પ્રતીક છે.

વસ્તુ જેવી હોય તેવું જ પ્રતિબિંબ દર્પણમાં પડે છે. ડાઘ હોય તો તે દર્પણમાં તરત જ દેખાય છે. ચહેરા પરની મલિનતા દર્પણમાં દેખાતા જ આપણે ચહેરાને સાફ કરી લઈએ છીએ. એ જ રીતે આપણા ચારિત્રના ડાઘ, આપણા આત્માની મલિનતા કેટલી છે તે આપણે સતત દર્પણમાં જોતા રહીને આત્મશુદ્ધિ કરતા રહેવું જોઈએ. શરીરનો શૃંગાર કરવા માટે આપણે દર્પણની સામે ઊભા રહીએ છીએ અને બારીકાઈથી શણગાર સજાવીએ છીએ. તેમાં કંઈ ત્રુટિ રહી જાય તો આપણે નવેસરથી શણગાર શરૂ કરીએ છીએ. પરંતુ એ દર્પણમાં આપણને ક્યાંય આપણા આત્માનું પ્રતિબિંબ દેખાય છે ?

છ ખંડના અને નવ નિધિના અધિપતિ ભરત ચક્રવર્તી એક દર્પણના નિમિત્તથી અંતર્મુખ થઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. આત્માના ઐશ્વર્યને પ્રતિબિંબિત કરતું દર્પણ ક્રમશઃ શુક્લધ્યાન અને શુક્લ લેશ્યા તરફ લઈ જાય છે.

આત્મા શુદ્ધ ચૈતન્ય છે. ત્રણ લોક અને ત્રણ કાળનો જ્ઞાતા છે. સમસ્ત વિશ્વ આત્માની સામે છે. જેમ દર્પણની સામેની વસ્તુ તેમાં પ્રતિબિંબિત થઈને દેખાય છે તેમ હર સમયે ત્રણ કાળના અને ત્રણે લોકના જ્ઞેય પદાર્થ આત્મામાં ઝીલાય છે. દર્પણ જે પદાર્થને ઝીલે છે તેનાથી સદા અલિપ્ત–દૂર રહે છે. એ જ રીતે આત્મા જેને જાણે છે તેનાથી દૂર રહે છે. દર્પણ આત્માનું નિર્મોહીપણું, તટસ્થતા અને અનાસક્તભાવને પ્રગટ કરે છે.

જો દર્પણ સ્વયં મેલો હોય, તેની ઉપર રજકણ પથરાયેલા હોય કે તેમાં કોઈ ખામી હોય તો પ્રતિબિંબ પણ ઝાંખું, અસ્પષ્ટ કે વિકૃત દેખાય છે. તેમાં પણ જો દર્પણ કોઈ આવરણથી ઢાંકેલો હોય તો પ્રતિબિંબ પડતું જ નથી. એ રીતે કર્મરજથી મેલા કે સંપૂર્ણ આવૃત આત્મામાં જ્ઞાન ઝળકતું નથી કે તેને વિપરિત કે વિકૃત જ્ઞાન થાય છે. મેલો દર્પણ મિથ્યાત્વનું પ્રતીક છે. સ્વચ્છ, નિર્મળ અને ઊંચી ગુણવત્તાનો દર્પણ શુદ્ધ ચૈતન્યમય, કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટેલા સિદ્ધ પરમાત્માનું પ્રતીક છે.

આ સંદર્ભમાં સંસ્કૃત સુભાષિતમાં યોગ્ય જ કહ્યું છેઃ

यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् ।

लोचनाभ्यां विहिनस्य दर्पण: किं करिष्यति ।।

'જો પ્રજ્ઞા ન હોય તો શાસ્ત્ર કેવી રીતે માર્ગદર્શન આપે ? જો લોચન ન હોય તો દર્પણમાં કેવી રીતે દેખાય ?'

પ્રથમ મંગલ સ્વસ્તિક મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વ અને

## દક્ષિણ ભારતમાં જૈન ધર્મ' વિષય પર પરિસંવાદ

તા. ૧૬ જૂનના 'પ્રબુદ્ધ જીવન'માં આવેલ માહિતી મુજબ તા. ૨૦, ૨૧, ૨૨ ઑક્ટોબર ૨૦૦૮ દરમ્યાન 'દક્ષિણ ભારતમાં જૈન ધર્મ' વિષય પર કે. જે. સોમૈયા સેન્ટર ફૉર સ્ટડીઝ ઇન જૈનિઝમ–મુંબઈ દ્વારા પરિસંવાદ યોજવામાં આવ્યો છે. એમાં ચર્ચા–વિચારણા માટે સૌ જિજ્ઞાસુઓને આમંત્રણ છે પરંતુ નિબંધો માટે દક્ષિણ ભારતના નિષ્ણાત વિદ્વાનોને શોધપત્ર રજૂ કરવા આમંત્રણ મોકલ્યા છે એની નોંધ લેવા વિનંતી.

અજ્ઞાનમાંથી પ્રજ્ઞા તરફની ગતિ અને યાત્રાનો આરંભ સૂચવે છે, તો અંતિમ અને આઠમું મંગલ દર્પણ એ યાત્રાનું અંતિમ ચરણ કેવળજ્ઞાન અને કેવળદર્શનનું પ્રતીક છે. એટલે શ્રી સિદ્ધચક્ર પૂજનમાં અષ્ટમંગલની પણ પૂજા થાય છે. દરેક મંગલ શ્રી જિનેશ્વર ભગવાનના અનંત ગુણોના પ્રતીક છે. તેમના ગુણ આપણામાં આવે, સ્ફૂરે, પ્રગટે તેવી આરાધના અને સાધનામાં સહાયક એવા આ અષ્ટમંગલ છે.

સ્વસ્તિક ચાર ગતિ અને તેમાંથી છૂટવાનું પ્રતીક છે, જ્યારે ખીલેલા કમળના ફૂલ જેવું શ્રીવત્સ એ ચાર ગતિમાંથી છૂટવા માટે આત્માની શક્તિ અને સામર્થ્ય ખીલવવાનો બોધ આપે છે. નંદ્યાવર્ત જણાવે છે કે આત્માની શક્તિ ખીલવવાથી સંસારની ચાર ગતિમાંથી બહાર નીકળવાનો માર્ગ મળે છે. નંદ્યાવર્ત સંસારમાંથી છૂટીને અનંત આનંદ મેળવવાની પ્રેરણા આપે છે. સંપૂટનું પ્રતીક સૂચન આપે છે કે એ માર્ગ એટલે જિનેશ્વર પ્રભુએ બતાવેલો સમ્યગ દર્શન, જ્ઞાન અને ચારિત્રનો મહામુલ્યવાન રત્નમય માર્ગ છે. કલશ આ માર્ગ ઉપરની યાત્રાના અંતિમ ધ્યેય મોક્ષનું પ્રતીક છે. મોક્ષ પ્રાપ્ત થતાં આત્મા લોકના સર્વોચ્ચ અને સર્વોત્તમ સ્થાન મોક્ષશિલા ઉપર બિરાજમાન થાય છે. ભદ્રાસન આ સર્વોચ્ચ સ્થાનનું પ્રતીક છે. મત્સ્ય યુગલ આ સંસારમાં પરિભ્રમણ કરી રહેલા જીવરાશીનું અને તેમાંથી નીકળવા માટે, આત્મામાંથી પરમાત્મા બનવા માટે મંથન કરી રહેલા આત્માનું પ્રતીક છે. એક રીતે આ પ્રતીક સ્વસ્તિકથી ભદ્રાસન સુધીના છ પ્રતીકોના સમૂહનું પ્રતિનિધિ છે. છેલ્લે દર્પણ સંસારથી મુક્ત સિદ્ધ પરમાત્માના દર્શન કરાવે છે.

પુણ્યથી સુખ, શાંતિ, સમૃદ્ધિ અને વૈભવ મળે છે. મંગલ અને શુભયોગ પણ પુણ્યથી મળે છે. પુણ્યથી જે ભૌતિક સંપદા અને શુભયોગ મળે છે, તે પુણ્યાનુબંધી પુણ્ય અને આત્મકલ્યાણના નિમિત્ત બને છે. ભલે પુણ્ય છેવટે મુક્તિમાં સોનાની બેડી જેવું બાધારૂપ ગણાતું હોય, પરંતુ શરૂઆતમાં તો પુણ્યના પ્રતાપે જ ધર્મનો મંગલયોગ મળે છે. તીર્થંકરો પણ અસીમ પુણ્યના પુંજ ધરાવે છે. છતાં તેઓ ચાર ઘનઘાતી કર્મનો ભૂક્કો બોલાવી, આત્માનું નિર્મળ તેજ પ્રગટાવે છે. ચાર ઘનઘાતી કર્મના ક્ષય પછી જે પુણ્ય રહે છે તે શાતા વેદનીય, નામ અને ગોત્ર કર્મના શુભ ફળ આપનાર કર્મરૂપે હોય છે અને ક્યાંય પણ વિઘ્નકર્તા નથી. એટલે અષ્ટમંગલ જેમ શુભયોગ અને તેના અનુગામી સુખ અને સંપત્તિના નિમિત્ત છે તેમ અનંત આત્મિક સુખ અને સંપત્તિના પણ પૂરોગામી છે.

અષ્ટમંગલના પ્રતીકો ગહન અર્થથી સભર છે. તેની ભક્તિભરી આસ્થા અને આરાધના સાથે ચિંતન મનનથી તેના ઉંડાણમાં ઉતર્યા પછી માંગલ્યમય રત્નની પ્રાપ્તિ થાય છે.

જિનાલય અને આવાસોમાં અષ્ટમંગલની સ્થાપના થાય છે. તેમાં એ જ ભાવ છે કે આપણને પણ એ ગુણોના વિકાસમાં સહાયતા મળે. આપણી અનંત કાળથી ચાલી આવતી યાત્રામાં જિનાલય અને ઉપાશ્રય વિરામસ્થાન છે. યાત્રાના આગલા ચરણમાં માર્ગદર્શન મળે તે માટે, યાત્રાને મંગલમય બનાવવા માટે અને અંતિમ ધ્યેય સુધી પહોંચવા માટે આપણે અષ્ટમંગલની સહાય લઈએ છીએ.

યંત્ર, મંત્ર અને તંત્રની સાધનાથી અલૌકિક શક્તિની પ્રાપ્તિના ઉદાહરણ આપણા શાસ્ત્રોમાં અને સાહિત્યમાં ઉપલબ્ધ છે. તે દરેકનો અંતિમ ધ્યેય આધ્યાત્મિક ઉત્થાન સાથે અનાદિથી ચાલી રહેલી યાત્રાનું અંતિમ વિરામસ્થાન એવી પરમ સિદ્ધ ગતિની પ્રાપ્તિ છે.

ચમત્કારોનો આશ્રય લઈ, પરહાની કે પરપીડા માટે મંત્ર-શક્તિનો ઉપયોગ કરનારા આસૂરી અને તામસિક પ્રકૃતિના હોય છે. ધન, વૈભવ, સમૃદ્ધિ કે શારીરિક સુખાકારી માટે તેનો ઉપયોગ કરનારા રાજસિક પ્રકૃતિના હોય છે. કેવળ આધ્યાત્મિક લાભ માટે, શ્રદ્ધા, ભક્તિ અને સમ્યક્ત્વભાવ સહિત તેનો ઉપયોગ કરનારા સાત્ત્વિક પ્રકૃતિના અને સમ્યક માર્ગ ઉપર ચાલનારા આરાધક હોય છે.

અરિહંત, સિદ્ધ, સાધુ–સાધ્વી અને જૈનધર્મ મહામંગલ છે. પ્રથમ મંગલ છે અને શ્રેષ્ઠ મંગલ છે. તેનું શરણ જ આખરી શરણ છે. પ્રત્યેક જીવ ભાવથી સિદ્ધ ભગવાન સમાન છે. તે અંતિમ ધ્યેયને પ્રાપ્ત કરવા મંગલકારી ધર્મનું શરણ અને આચરણ અનિવાર્ય છે. તે માટે જે જે સાધન અને નિમિત્ત સહાય કરે છે તે સર્વ મંગલ છે. અષ્ટમંગલ આપણને એ મહામંગલની પ્રાપ્તિ માટે અને સંસારની યાત્રાને મંગલયાત્રામાં ફેરવવા માટે મંગલકારી છે.

✷ ✷ ✷

૩૨ બી, ચિત્તરંજન એવન્યુ, કોલકોતા-૭૦૦ ૦૧૨.

**કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઇન જૈનિઝમ**
**જૈન તત્ત્વજ્ઞાનના પ્રચારાર્થે ગુજરાતી અને અંગ્રેજીમાં અભ્યાસક્રમ**

- **ડિપ્લોમા કોર્સ જૈન ફિલોસોફી ઍન્ડ રિલીજિયન**
  ઑગષ્ટ ૨૦૦૮ થી માર્ચ ૨૦૦૯. યોગ્યતા સ્નાતક
- પોસ્ટ ડિપ્લોમા કોર્સ ઇન જૈન ફિલોસોફી, રિલીજિયન ઍન્ડ કલચરલ હિસ્ટરી

**ઑગષ્ટ ૨૦૦૮ થી માર્ચ ૨૦૦૯**
**યોગ્યતા સ્નાતક અને ડિપ્લોમા કોર્સ**
મોબાઇલ : ૯૮૨૧૬૮૪૬૧૩/૨૫૦૨૩૨૦૯.

# પિસ્તાળીસ આગમો

જૈન ધર્મના તત્ત્વજ્ઞાનને આવરી લેતા મૂળગ્રંથો આગમ સાહિત્ય તરીકે ઓળખાય છે. જૈન તીર્થંકર ભગવાન મહાવીરે આપેલ ઉપદેશ એમાં સમાવિષ્ટ છે. શ્વેતામ્બર મત પ્રમાણે આગમ સાહિત્ય મહાવીરપ્રણીત છે, અને ભગવાન મહાવીરના અગિયાર ગણધરોએ (પટ્ટ શિષ્યોએ) એને સૂત્રબદ્ધ કર્યું છે; જ્યારે દિગમ્બર મત અનુસાર આગમ સાહિત્ય મહાવીરના મુખેથી ઉચ્ચારાયેલું છે; પરંતુ હાલ જે સાહિત્ય ઉપલબ્ધ છે તે મૂળ નથી. દિગમ્બર મત અનુસાર મૂળ આગમ સાહિત્ય ઘણું બધું નાશ પામ્યું છે, આમ છતાં એમના ગ્રંથોમાં પ્રાચીન આગમોનો ઉલ્લેખ જોવા મળે છે.

આ આગમ સાહિત્ય મહાવીરના નિર્વાણ પછી સદીઓ સુધી મૌખિક પરંપરારૂપે રહ્યું. મહાવીરના નિર્વાણ પછી લગભગ ૮૦૦ વર્ષ બાદ આર્યસ્કંધિલના સાન્નિધ્યમાં મથુરામાં સંમેલન યોજાયું અને એમાં આ આગમ સાહિત્યના સંકલનનો પ્રયાસ થયો. તેવી જ રીતે લગભગ એ જ અરસામાં વલભીમાં નાગાર્જુન નામે એક શ્રુતધર હતા; તેમણે વલભીમાં એક સંમેલન યોજ્યું. એ સંમેલનમાં એકઠા થયેલ સાધુઓએ ભૂલાઈ ગયેલ સૂત્રો યાદ કરીને સંકલિત કર્યા, જેને વલભીવાચના તરીકે નામ અપાયું, અને તેનો નાગાર્જુનીય પાઠ તરીકે ઉલ્લેખ નંદીસૂત્ર અને સમવાયાંગસૂત્રમાં મળે છે. મહાવીર સ્વામીના નિર્વાણ પછી આચાર્ય ભદ્રબાહુના સમયમાં પણ એક વાચના થઈ જેનો કાળ ઈસવીસનની બીજી સદીનો ગણાય છે. આ વાચના નેપાળ દેશમાં થઈ હોવાનું કહેવાય છે. આ ઉપરાંત આવી અન્ય વાચનાઓ પણ થઈ હોવાનો સંભવ છે.

મહાવીર નિર્વાણના આશરે ૯૮૦ વર્ષ પછી (ઈ. સ. ૪૫૩–૪૬૬) વલભીમાં આચાર્ય દેવર્ધિગણિની નિશ્રામાં એક સંમેલન યોજાયું અને એમાં મૌખિક પરંપરામાં સચવાઈ રહેલ આ આગમ સાહિત્યને લેખિત સ્વરૂપ અપાયું. જર્મન વિદ્વાન ડૉ. યાકોબીના મત મુજબ વલભીમાં આગમોનો આ લેખનકાળ ઈ. સ. ૪૫૩નો છે.

શ્વેતામ્બર પરંપરામાં કુલ્લે ૪૫ આગમો માન્ય છે. પરંતુ એમાં સ્થાનકવાસી પરંપરામાં માન્ય આગમોની સંખ્યા ૩૨ ગણાય છે. કુલ્લે ૪૫ આગમોની સંક્ષિપ્ત વિગતો નીચે મુજબ છેઃ

૧. આચારાંગસૂત્ર–આ સૂત્રમાં શ્રમણ નિર્ગ્રંથોના આચારાદિનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

૨. શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર–આ સૂત્રમાં જીવ–અજીવ વિગેરે સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતનું વર્ણન છે. ક્રિયાવાદી વિગેરેના ૩૬૩ ભેદો (પાંખડિયો) વિગેરેનું વર્ણન છે. ચરણ સિત્તરીની પ્રરુપણા કરતાં સહન કરવાની વાત આદ્રકુમારાદિનાં દૃષ્ટાંતથી વિસ્તારથી સમજાવી છે.

૩. શ્રી સ્થાનાંગ સૂત્ર–એકથી દસ સુધીની સંખ્યાવાળા જીવ–અજીવ નદીઓ વિગેરે વિવિધ પ્રકારનાં પદાર્થોનું વર્ણન ક્રમસર અધ્યાપનોમાં કર્યું છે.

૪. શ્રી સમવાયાંગ સૂત્ર–આ સૂત્રમાં એકથી માંડીને સો ઉપરાંત જીવ–અજીવ વિગેરે પદાર્થોનું વર્ણન કર્યું છે અને બાર અંગનો સંક્ષિપ્ત સાર જણાવેલ છે.

૫. શ્રી ભગવતી સૂત્રમાં ચારે અનુયોગ વિગેરે પદાર્થોનું પ્રશ્નોત્તરાદિ રૂપે વર્ણન કરેલું છે.

૬. શ્રી જ્ઞાતા સૂત્ર–આ સૂત્રમાં શૈલકરાજર્ષિ, દ્રૌપદી શ્રાવિકા વિગેરેની કથાઓ દ્વારા જુદી જુદી રીતે આત્મિક બોધ આપ્યો છે.

૭. શ્રી ઉપાસક દશાંગ સૂત્ર–આ સૂત્રમાં પ્રભુશ્રી મહાવીરદેવના દસ શ્રાવકોના ચરિત્રોનું વર્ણન છે.

૮. શ્રી અંતકૃત દશાંગ સૂત્ર–આ સૂત્રમાં અનંત તીર્થંકર, ગણધર, સમલંકત પ્રસંગોનું પ્રસંગે કૃષ્ણા, ગજસુકુમાર, સોમિલ બ્રાહ્મણ વિગેરેની વાતો તથા કૃષ્ણ વાસુદેવની રાણીઓએ અને શ્રેણિકરાજા વિગેરેની રાણીઓએ દીક્ષા લઈ કરેલ વર્ધમાનતપ આદિનું વિસ્તારથી વર્ણન છે.

૯. શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર–આ સૂત્રમાં સંયમની નિર્મલ સાધના કરીને અનુત્તર વિમાનોમાં ગયેલા જાલિકુમાર, ઉગ્ર તપશ્ચર્યા કરનાર શ્રી ધન્યમુનિ વિગેરેનાં ચરિત્રો જણાવ્યા છે.

૧૦. શ્રી પ્રશ્ન વ્યાકરણસૂત્ર–આ સૂત્રમાં પાંચ આશ્રવોની અને પાંચ સંવરો વિગેરે પદાર્થોની વિગતો વિસ્તારથી દૃષ્ટાંતો સાથે કહી છે.

૧૧. શ્રી વિપાક સૂત્ર–આ સૂત્રમાં સુખદુઃખના ફળોને ભોગવનારા જીવોની કથાઓ વિગેરેનું વર્ણન છે.

૧૨. શ્રી દૃષ્ટિવાદ સૂત્ર–આ અંગ વિચ્છેદ પામ્યું છે.

૧૩. શ્રી ઔપપાતિક સૂત્ર–આ સૂત્રમાં મહેલથી મહોત્સવ–પૂર્વક પ્રભુશ્રી મહાવીરસ્વામિની પાસે જઈને કોણિક રાજાએ વિધિથી વંદના કરી, પ્રભુની દેશના સાંભળી વિગેરે બીના અને મુનિવરોનું તપ, સિદ્ધિના સુખ વિગેરે પદાર્થોનું વર્ણન કર્યું છે.

૧૪. શ્રી રાયપસેણીય સૂત્ર–આ સૂત્રમાં કેશિ ગણધર અને પ્રદેશી રાજાના પ્રશ્નોત્તરાદિનું, સૂર્યાભદેવના વર્તમાન દેવભવનું અને ભાવિ ભાવનું વર્ણન કર્યું છે.

૧૫. શ્રી જીવાભિગમ સૂત્ર–આ સૂત્રમાં જીવ–અજીવ વિગેરે પદાર્થોનું વર્ણન કર્યું છે.

૧૬. શ્રી પ્રજ્ઞાપના સૂત્ર–આ સૂત્રમાં જીવાજીવોની પ્રજ્ઞાપના, સ્થાન વિગેરે ૩૫ પદાર્થોનું વર્ણન ચોવીસ દંડકમાં ગોઠવીને કર્યું છે.

૧૭. શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર–આ સૂત્રમાં સૂર્ય વિગેરેની બાબતનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

૧૮. શ્રી ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર–આ સૂત્રમાં ચંદ્રાદિની બાબતનું

વિસ્તારથી વર્ણન કર્યું છે.

૧૯. શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર–આ સૂત્રમાં જંબુદ્વીપાદિ ક્ષેત્રોની અને શ્રી ઋષભદેવ પ્રભુ, ભરત ચક્રવર્તી આદિની હકીકતો કહી છે.

૨૦. શ્રી કલ્પિકા ઉપાંગ–આ સૂત્રમાં કોણિકે કરેલા ચેડા મહારાજની સાથે યુદ્ધમાં મરીને નરકે ગયેલા શ્રેણિક રાજાના પુત્ર કાલ વિગેરેની તથા શ્રેણિકના મરણ વિગેરેની બીનાઓ કહી છે.

૨૧. શ્રી કલ્પવંતસિકા ઉપાંગ–આ સૂત્રમાં શ્રેણિક પૌત્ર પદ્મકુમાર વિગેરે દશ જણા સંયમ સાધીને એક દેવ ભવ કરીને મોક્ષમાં જશે તેનું વર્ણન કર્યું છે.

૨૨. શ્રી પુષ્પિકા ઉપાંગ–આ સૂત્રમાં ચંદ્ર સૂર્ય વિગેરેના પૂર્વભવાદિનું વર્ણન કર્યું છે.

૨૩. શ્રી પુષ્પચૂલિકા ઉપાંગ–આ સૂત્રમાં શ્રીદેવી વિગેરે દસ દેવીઓના પાછલા ભવ વિગેરેની વિગત કહી છે.

૨૪. શ્રી વહ્નિદશા ઉપાંગ–આ સૂત્રમાં બળદેવના બાર પૂત્રોના દીક્ષાની બીના અને તેમનાં પૂર્વભવાદિની બીના કહી છે.

૨૫. થી ૨૯ છ પયન્ના (કુલ ૧૦ પયન્ના છે), ચઉશરણ પયન્ના, આતુર પ્રત્યાખ્યાન પયન્ના, ભક્તિ પરિજ્ઞા પયન્ના, સંસ્તારક પયન્ના, મહાપ્રત્યાખ્યાન પયન્ના, મરણ સમાધિ પયન્ના– આ છ પયન્નાઓમાં અંતિમ આરાધનાદિનો અધિકાર જુદા જુદા સ્વરૂપે સંક્ષેપથી કે વિસ્તારથી વર્ણવતા પ્રસંગોનું પ્રસંગે ઘણી જરૂરી બીનાઓ પણ જણાવી છે.

૩૦. શ્રી તંદુલ વેયાલિય પયન્ના–આ સૂત્રમાં ગર્ભનું કાલમાન, દેહરચના અને યુગલિક પુરુષાદિનું વર્ણન કરીને દેહની મમતા તજવાનો ઉપદેશ આપ્યો છે.

૩૧. શ્રી ગચ્છાચાર પયન્ના–આ સૂત્રમાં મુનિવરોના આચારાદિની બીના કહી છે.

૩૨. શ્રી ગણિવિજ્જા પયન્ના–આ સૂત્રમાં દિવસ બળ વિગેરે નવ બળોને અંગે જ્યોતિષની હકીકત વિગેરે બીનાઓ જણાવી છે.

૩૩. શ્રી દેવેન્દ્ર સ્તવ પયન્ના–આ સૂત્રમાં પ્રભુની સ્તુતિ કરવાના અવસરે પૂછાયેલા ઉત્તરોરૂપે ઉર્ધ્વલોકાદિની બીના જણાવી છે.

૩૪. શ્રી આવશ્યક સૂત્ર–આ સૂત્રમાં છ આવશ્યકનું વર્ણન છે.

૩૫. શ્રી દશવૈકાલિક સૂત્ર–આ સૂત્રમાં મુનિવરોના આચારનું વર્ણન છે.

૩૬. શ્રી ઔઘનિર્યુક્તિ સૂત્ર–આ સૂત્રમાં શ્રી ચતુર્વિધ સંઘને મોક્ષમાર્ગની આરાધના કરાવનાર વિનયાદિનું તથા વૈરાગ્ય, શીલ, તપશ્ચર્યા, કર્મ, જીવાદિ તત્ત્વ વિગેરે પદાર્થોનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે.

૩૭. ઉત્તરાધ્યયન સૂત્ર–આ સૂત્રમાં શ્રી ચતુર્વિધ સંઘને મોક્ષમાર્ગની આરાધના કરાવનાર વિનયાદિનું તથા વૈરાગ્ય, શીલ, તપશ્ચર્યા, કર્મ, જીવાદિ તત્ત્વ વિગેરે પદાર્થોનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે.

૩૮. શ્રી નંદી સૂત્ર–આ સૂત્રમાં પાંચ જ્ઞાન વિગેરેનું તથા અંતે બાર અંગોનું પણ ટુંકું વર્ણન કર્યું છે.

૩૯. શ્રી અનુયોગ દ્વાર સૂત્ર–આ સૂત્રમાં ઉપક્રમાદિ ચાર પ્રકારના અનુયોગ વિગેરે પદાર્થોનું સ્પષ્ટ વર્ણન કર્યું છે. ઉપક્રમે, નિક્ષેપ, અનુગમ અને નય એમ ચાર દરવાજાનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

૪૦ થી ૪૫. શ્રી છ છેદ સૂત્ર–આ સૂત્રમાં પ્રાયશ્ચિત્ત, પાંચ વ્યવહાર અને મુનિવરોના આચારાદિનું વર્ણન વિસ્તારથી કર્યું છે.

ઉપર પરિચય કરાવેલ પિસ્તાલીસ આગમ સત્ય છે. અનુત્તર છે. કેવલી શ્રી તીર્થંકર ભગવંતોએ કહેલા છે.

આગમો પ્રતિપૂર્ણ તથા ન્યાયમાર્ગને અનુસરનારા સર્વથા શુદ્ધ છે. આત્માને ત્રણ શલ્યમુક્ત બનાવનાર છે. આ આગમો મુક્તિમાર્ગને આરાધવામાં અસાધારણ કારણ છે. સર્વજ્ઞકથિત આગમોમાં ક્યાંય શંકાને સ્થાન છે જ નહીં. આગમનો સાત્ત્વિક આરાધક નિશ્ચત ત્રિવિધ દુઃખોનો નાશ કરી સિદ્ધિ પદને પામે છે. તેથી જ આગમો નિર્વાણરૂપી નગરમાં પહોંચવાના માર્ગરૂપ કહેવાય છે.

આ આગમ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખી, નિઃસંદેહ બની યથાશક્તિ જીવનમાં ઉતારી, આત્મકલ્યાણ સાધવા ઉદ્યમશીલ બનીએ.

કુલ્લે ૪૫ આગમોનું ગાથા પ્રમાણ નીચે મુજબ છેઃ

૧૧ અંગસૂત્રો ૩૬૦૫૪ ગાથાઓ, ૧૨ ઉપાંગસૂત્રો ૨૫૪૦૦ ગાથાઓ, ૬ છેદસૂત્રો ૯૯૭૦ ગાથાઓ, ૪ મૂલસૂત્રો ૨૨૬૫૬ ગાથાઓ, ૧૦ પ્રકીર્ણકો ૨૧૦૭ ગાથાઓ, ૨ ચૂલિકા સૂત્રો ૨૫૯૯ ગાથાઓ. કુલ ૪૫ આગમો અને ૯૮૭૮૬ ગાથાઓ.

આ ઉપરાંત જુદા જુદા મૂલસૂત્ર ઉપર અનેક ગ્રંથો નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા વગેરે સ્વરૂપે લખાયા છે જેનું કુલ્લે ગાથા પ્રમાણ નીચે મુજબ છેઃ

નિર્યુક્તિ ૪૯૧૮, ભાષ્ય ૮૨૬૭૯, ચૂર્ણિ ૧૪૩૮૪૭, ટીકા ૩૭૧૮૩૮. કુલ ૬૦૩૨૮૨. ૪૫ મૂલ આગમસૂત્રોની ગાથાઓ ૯૮૭૮૬. કુલ ૭૦૨૦૬૮.

આ ૪૫ આગમોના (૧) મૂળસૂત્રો, (૨) તેની નિર્યુક્તિઓ, (૩) ભાષ્યો, (૪) ચૂર્ણિઓ અને (૫) ટીકાઓ–વૃત્તિઓ એમ દરેકના પાંચ અંગો છે જે પંચાંગી કહેવાય છે, અને એ દરેક પ્રમાણભૂત ગણાય છે; આમ કુલ્લે સાત લાખ ગાથા પ્રમાણ જેટલું આ સાહિત્ય છે.

**(સંકલન)**

# હે જઠર દેવ! મિચ્છામિ દુક્કડમ્ ! (મારા દુષ્કૃત્ય માટે ક્ષમા કરો)

❑ ડૉ. મહેરવાન ભમગરા

પરમ પૂજ્ય પેટ,

ઘણા સમયથી થતું હતું કે તારા પર કરાયેલા અત્યાચારો માટે તારી માફી માંગું. પરંતુ સામાન્ય રીતે જેમ કોઈ ગુનેહગારને પોતાનો ગુનાહ દેખાય છતાં તે માટે એ માફી માગવાની હિંમત સહેલાઈથી કરી શકતો નથી, તેમ હું પણ તારી માફી માગવામાં આજ સુધી વિલંબ કરતો આવ્યો છું. હું તારી ક્ષમા આ કાગળ દ્વારા પ્રાર્થું છું.

ફિલ્મી વાર્તાઓમાં, તેમજ વાસ્તવિક જીવનમાં પણ, ક્યારેક કોઈએ નાનું મોટું કુકર્મ કર્યું હોય તેને એવું કહેતો સાંભળીએ છીએ કે, 'પાપી પેટને વાસ્તે મેં આ ભૂલ કરી.' માનવી પોતાને બદનામ કરવાને બદલે તને પાપી ગણાવે છે. પેટ દેવ! તું તો કોઈ પણ પાપ કરવાની સ્થિતિમાં છે જ નહિ; પાપ તો તારો માલિક જ કરી શકે. હું પાપ કરી શકું; તું ક્યાંથી કરે? તારી કુદરતી પાચનશક્તિની ક્ષમતાને અતિક્રમીને મેં તારા પર સતત બોજ નાખ્યા જ કર્યો, તે કૃત્યને હું પાપ ગણું છું. જિંદગીભર, રોજ 'ઓવર લોડિંગ' કરીને મેં તારે મોઢે ત્રાહિમામ પોકારાવ્યું છે! અને તે પણ રોજ એક જ વેળા નહિ, બેથી ત્રણ વેળા! અને આ મારો દુર્વ્યવહાર આજકાલનો નહિ, દાયકાઓ જૂનો છે. આ લાંબા ગાળામાં મેં તને એક દિવસનો પણ વિશ્રામ આપ્યો નથી, એનો મને ખેદ છે.

તારી નાજુક છતાં મજબૂત દિવાલોને બાળી નાખે એટલો મરચાંવાળો ખોરાક મેં ખાધો છે. માંસાહાર કરીને, તેમજ શરાબ, તંબાકુ જેવા દાહક પદાર્થો મોંમાં નાખીને મેં તને અનેક વેળા પરેશાન કર્યો છે; તને વધુ એસિડનો સ્રાવ કરવા મજબૂર કર્યો છે. પ્રમાણમાં નિર્દોષ કહેવાય એવી વાનગીઓ, દાળ, ભાત, કઢી, ખીચડીને પણ છેક વધુ પ્રમાણમાં આરોગીને મેં તારી પાચનક્રિયાને મંદ બનાવી છે.

**મંદાગ્નિથી મુક્તિ માટે યજ્ઞ :**

શાસ્ત્રોએ જઠરમાં અગ્નિ છે એમ કહ્યું છે. એ અગ્નિ તો યજ્ઞ માટે છે. એને પ્રજ્વલિત રાખવાનો છે; એ બુઝાઈ જાય એટલી હદે ખાઈપીને એને મંદ કરવાનો નથી. યજ્ઞ-હવનની કે પૂજાની વાત બાજુએ રાખી મેં ઉલટાનું તું કચરાપેટી હોય એવો વહેવાર તારી સાથે કર્યો છે. હું એકલો જ નહિ, સૌ માનવીઓ તારા પર અત્યાચાર કરે છે. કોઈને જમવા બોલાવતી વેળા, 'ચાલો પેટ પૂજા કરવા', એમ મજાકમાં જ કહેવાય છે; સાચા અર્થમાં તારી પૂજા કોઈ કરતું નથી. ફક્ત તું જ નહિ, આખું શરીર પવિત્ર છે, એમ ઉપનિષદોએ, બાઈબલે અને કબીરદાસે પણ કહ્યું છે. શરીર ઈશ્વરનું મંદિર છે, પરંતુ મારા જેવા અબજો માનવીઓ એને કચરાકુડાનું 'ડંપિંગ ગ્રાઉન્ડ' ગણીને મોં વાટે, જે તે કહેવાતો ખોરાક, 'જંક ફુડ', શરીરના એક અગત્યનાં અવયવમાં-યાને તુજમાં-પધરાવતા રહે છે. વચ્ચે, એક ચોકલેટ બનાવનાર કંપનીએ પોતાની જાહેરાતમાં ચોકલેટનાં પેકેટના ચિત્ર આગળ 'થોડી સી પેટ પૂજા' લખીને ગ્રાહકને લલચાવનારૂં આમંત્રણ છાપ્યું હતું. સાચા અર્થમાં પૂજા તો સત્ત્વતત્ત્વની, સત્ત્વતત્ત્વથી કરાય. પેટમાં ચોકલેટ, ચેવડો નાખવાથી પૂજા નથી થતી.

**ઊણોદરી :**

કૃત્રિમ ભૂખ પેદા કરીને પણ માનવીએ તો બસ ખા-ખા કરતા રહેવું છે. જૈન ધર્મે જૈનોને જ નહિ, માનવમાત્રને ઊણોદરીનું વ્રત પાળવા અનુરોધ કર્યો છે. મુનિ મહારાજોએ ઊણોદરી વ્રતને અહિંસાવ્રતનું એક અંગ ગણ્યું છે. પણ શ્રાવકો એનો અમલ ક્યાં કરે છે? એટલે જ શુદ્ધ શાકાહારી હોવા છતાં, અહિંસક કોમનાં ભાઈ-બહેનો પણ હૃદયરોગો અને કેન્સર સુદ્ધાં અનેક રોગથી પીડાય છે, જેનું એક કારણ ખાઉધરાપણું છે. ડૉ.હોરેસ ફ્લેચર નામનો એક અંગ્રેજ તબીબ એક સરળ સૂચન આપી ગયો છે, જે પાળવામાં આવે તો આપમેળે અત્યાહારથી બચાય. એ કહેતો કે જે નક્કર ખોરાક ખાવ તે બત્રીસ વેળા ચાવીને ખાવ. ઘન ખોરાક પ્રવાહી બને પછી જ એને ગળાં નીચે ઉતરવા દો. છાશ, ફળ-રસ, સૂપ વગેરે પ્રવાહી પીતા હોવ તો એને પણ થોડી માત્રામાં, ચૂસીને પીઓ, અને થોડો સમય મોમાં જીભથી એને ફેરવી-ફેરવીને થૂંકનું અમી એની સાથે મળે પછી જ એને અન્નનળીમાં ઉતરવા દો. પેટ દેવ! તને કે આંતને દાંત હોતા નથી. જે ખોરાક બરાબર ચવાય નહિ, તે ખોરાક બરાબર પચે નહિ, એ સમજાય એવી વાત છે. બરાબર ચાવીને ધીરે ધીરે ખોરાક લેવાય તો 'ઊણોદરી' આપમેળે પાળી શકાય. શાંતિથી ચાવી-ચાવીને ખાનાર વ્યક્તિ ખાઉધરો હોય જ નહિ; મિતાહારી જ હોય. પૂજ્ય પેટ! 'ખાધે-પીધે સુખી' હોવાને કારણે, તને દુઃખી કરનાર તારા માલિકો તારી અંદર જેટલો ખોરાક અહર્નિશ નાખતા રહે છે, તેનાથી અડધો જ આરોગે, તો એટલું કરવા માત્રથી જ, કદાચ એ નિરોગી થઈ જાય! કેટલાક તો એટલું બધું ઠાંસે છે, કે એનો એક-તૃતિયાંશ ભાગ, અને કેટલાક કિસ્સામાં તો એક-ચતુર્થાંશ યા ફક્ત એક-પંચમાંશ ભાગ પણ એ ખાઉધરાઓને પોષણ આપવા માટે પૂરતો થઈ પડે! ઘણાને રોજની પચ્ચીસ રોટીની નહિ, પાંચ રોટીની

જ જરૂરિયાત હોય છે.

**જાત–છેતરામણ :**

પેટોબા! તારા ઇતિહાસમાં નોંધાયેલું એક અગત્યનું નામ રાજા મહંમદ બેગડાનું છે, જે સૂતી વેળા પણ, પથારીની બન્ને બાજુ પકવાન કે મિષ્ટાનની સગવડ રાખતો, કે જેથી રાતે, અડધી ઊંઘમાં પણ, એ કાંઈ ને કાંઈ મોંમાં મૂકી શકે! દિવસનાં ભરચક ભાણાં ઝાપટી જનાર મહંમદ, રાતે ઊંઘમાં કઈ રીતે ખાઈ શકે, એ મારી તો કલ્પના બહારની વાત છે. પરંતુ રાતે જાગીને, ફ્રીજ ખોલીને આઈસ્ક્રીમ ખાનાર, મારા જ બે અમેરિકન મિત્રોને તો હું ઓળખું જ છું. એક દેશી બહેનને પણ ઓળખતો હતો. એ હતાં ડૉક્ટર, પરંતુ પોતેજ દર્દી ડાયાબિટીસનાં અને મેદવૃદ્ધિનાં! પહેલીવાર મને ક્લિનીકમાં મળ્યાં, ત્યારે મેં એમનું વજન કાંટા પર જોઈને નોંધ્યું અને એમનો સવારથી રાતનો ખોરાક બારીકાઈથી પૂછી, કેસ–પેપર પર નોંધ્યો. પછી એમને તપાસ્યાં. એમની બ્લડ–સ્યુગર તપાસી; એમના બધા રિપોર્ટ વાંચ્યા; આહારમાં સુધારો સૂચવ્યો અને કસરતો સહેલાઇથી કરી શકે એવી શીખવાડી. દશ દિવસ પછી પાછાં બોલાવ્યાં. નિર્ધારીત દિવસે એ આવ્યાં, ત્યારે એમનું વજન તપાસતાં લેશમાત્ર પણ ઘટાડો ન જણાયો. બ્લડ–સ્યુગર પણ લગભગ પહેલાં જેટલી જ જણાઈ. મારો અંદાજ હતો કે વજન ચાર કિલો તો ઘટશે જ; લોહીની સાકર ૨૮૦ પરથી ૨૦૦ પર તો આવશે જ. પરંતુ, અફસોસ! ડૉક્ટર સાહેબાના કહેવા પ્રમાણે એમણે પથ્ય પાળ્યો જ હતો, અને વ્યાયામ પણ કર્યો જ હતો; ફાયદો કેમ ન થયો એની વિમાસણમાં મેં વધુ ઝીણવટથી પૂછતાછ કરી. મેં પૂછ્યું: 'ફરમાવેલાં ખાનપાન ઉપરાંત તમે સાચે જ જરા પણ, કશું પણ, મોંમાં નાખ્યું જ નથી?' એમણે જવાબ આપ્યો. 'ના ભાઈ! હું એમ નથી કહેતી કે બીજું કાંઈ પણ મેં ખાધું જ નથી. મને રાતે ૨–૩ વાગ્યે ઊઠીને ખાખરા, ચેવડો, મીઠાઈ વગેરે જે કાંઈ બરણીઓમાં પડ્યું હોય તે ખાવાની આદત છે. પાછલા દશ દિવસમાં પણ આ બધું હું ખાતી જ હતી. સાચું કહું તો દિવસ દરમિયાન તમે આપેલી ચરી પાળવાને કારણે રાતે તો મને વધારે ભૂખ લાગતી; ત્રણ રાત તો મેં બે વેળા ખાધેલું; એક વાગ્યે અને પાછું ત્રણ વાગ્યે'. આ ગુનાહનો એકરાર સાંભળી, સખેદ આશ્ચર્યથી મેં એમને ઠપકાભાવે પૂછ્યું, 'તમને પહેલે દિવસે ખાનપાનનો તમારો ક્રમ પૂછેલો ત્યારે તમે આ મધરાત્રિ નાસ્તાઓની વાત તો કરેલી જ નહિ! ખરું ને?' આ ડાક્ટરાણીએ જે ખંધું હસીને મને જવાબ આપ્યો તે આજે પચ્ચીસ વર્ષો પછી પણ હું ભૂલ્યો નથી! એમણે કહ્યું: 'ડૉક્ટર! તમે તો મને કહેલું કે સવારથી રાતનો તમારો આહાર–ક્રમ લખાવો. તમે ક્યાં રાતથી સવારનો આહાર પૂછ્યો હતો?' આ નફ્ફટ ઉત્તરથી હું સ્તબ્ધ થઈ, એમને જોતો જ રહી ગયો. મનમાં થયું, આટલી શિક્ષિત, પોતે ખુદ ડાક્ટર, એવી બાઈને પોતાની ચાલાકી ભારે પડી રહી હતી એનો અહેસાસ નહિ થતો હોય? સાચે જ, માનવી પોતાને છેતરવામાં ઉસ્તાદોનો ઉસ્તાદ હોય છે.

વંદનીય, સહનશીલ જઠર! માનવી તારા પર જે સીતમ કરે છે, તે તું શક્ય હોય ત્યાં સુધી મૂંગેમોઢે સહન કરી લે છે. ન છુટકે જ તું કાંઈ બોલે છે, એ હું જાણું છું. ક્યારેક તારી દિવાલ સૂજી જાય છે; ક્યારેક નીચલે છેડે લાગેલી નાની આંતમાં પણ સોજો આવી જાય છે. ક્યારેક તું બળવો કરી વધારે ખવાયેલો આહાર વમન કરીને બહાર ફગાવી દે છે. 'મારાથી હવે સહન થતું નથી.' 'મને આરામ કરવા દો', એવું તું માનવ–સ્વામીને આ પ્રતિક્રિયા દ્વારા જણાવવા માગે છે. સ્વામી સમજદાર હોય તો આહારમાં જલદ પદાર્થો બંધ કરે છે, યા ઉપવાસ કરે છે. નાસમજ હોય તો'એન્ટાસીડ' ટીકડી કે પ્રવાહી લઈને, કામચલાઉ તારી બોલતી બંધ કરીને, પોતાની મનગમતી વાનગીઓ ખાતો જ રહે છે. જીભ–લોલુપને 'જીતં સર્વ, જીતે રસેંદ્રિય'નો ખ્યાલ ક્યાંથી હોય? કેટલાક રસોઈના રસિયાઓ તો એવું મનાવવા પણ પ્રયત્ન કરે, કે, 'જુઓ! ભગવાન શ્રીકૃષ્ણનું એક નામ રસેશ્વર હતું જ ને! એમની જેમ આપણે પણ ખાઈપીને લહેર કરવાની છે!' એવા નાસમજને કોણ સમજાવે કે શ્રીકૃષ્ણ તો સમગ્ર જીવનને ઉત્સવ બનાવવાની, ફક્ત જીભથી જ નહિ, બધી ઈન્દ્રિયોથી રસપાન કરવાની, વાત કરી ગયા. ખેલકૂદ નાચગાનની વાતો પણ એમણે કરી. આપણે વિચારવું એ છે કે એવો આનંદ–ઉલ્લાસ કરીને, સાચી ભૂખ પેદા કરીને પછી આપણે ભાણે બેસીએ છીએ કે શારીરિક શ્રમ વિના જ ખાઈએ છીએ? વળી શ્રીકૃષ્ણ તો પરમયોગી હતા, જેમણે મિતાહારની શીખ આપણને આપી, તે આપણે વિસરી જવાનું?

વિનોબાજી કહેતા કે પેટ અડધું ભરાય તેટલું જ ખાવ; થોડી જગ્યા પ્રવાહી ખોરાક માટે પણ રાખો, અને બાકી ખાલી છોડો. એમણે એમ પણ કહ્યું હતું કે ભોગી ખાઉધરો જ રહે તો રોગી થવાનો જ. અને રોગી, યોગીની જેમ મિતાહારી ન બને, તો રોગી જ રહેવાનો. ડૉક્ટર એડવર્ડ પ્યુરીન્ટન કહી ગયા તે પણ વૈદકીય સત્ય છે કે ફક્ત આસ્વાદ માણવા જાત–જાતની વાનગીઓ ખાઈને આનંદ મેળવતા રહેવાની કુટેવમાં ફસેલા રહેશો, તો જીભ પર અનુભવાતો આનંદ જઠરની પીડામાં પરિણમશે.

પેટ દેવ! આયુર્વેદ પણ તારી સ્વસ્થતાની દુહાઈ આપે છે; કહે છેઃ 'પેટ સાફ તો રોગ માફ'. નિસર્ગોપચાર પણ કહે છે કે માનવીનાં શરીરમાં રહેલી જીવનશક્તિનો ઘણો બધો ભાગ, વધુ પડતા ખોરાકના જથ્થાની જઠરમાંથી આંત તરફી હેરાફેરીમાં ખર્ચાઈ જાય છે. આ દુર્વ્યય અટકે, અને જીવનશક્તિનો સંચય થાય તો દરેક માનવી સુસ્તી નહિ, ચુસ્તીનો અનુભવ કરે. વળી,

જીવનશક્તિ જ એકમાત્ર રોગનિવારક શક્તિ હોવાને કારણે શરીરમાં ક્યાં પણ, કોઈપણ, રોગ હોય, તો તે આ જીવનશક્તિ કાર્યાન્વિત થવાથી દૂર થાય. દવાઓ ખાવા કે પીવાથી જે અકુદરતી પ્રતિક્રિયાઓ તારે કરવી પડે, તેમાંથી તારો છૂટકારો થાય. કેટલાય લાખો માનવશરીરમાં, ચોવીસે કલાક સતત કામ કરતું, ભાગ્યે જ આરામ મેળવતું અવયવ તું છે. હે જઠર દેવ! તારા પર દિન-પ્રતિદિન એટલો બોજ લદાતો રહે છે કે ઘણા માનવીઓમાં તારી દિવાલો પોતાની જન્મજાત સ્થિતિસ્થાપકતા ગુમાવી દે છે, અને તું લચી પડે છે. નાભિરેખાની ઉપર રહેવાને બદલે તું સ્થાનભ્રષ્ટ થઈ પેડુમાં ઉતરી જાય છે. તારી સાથે તું આંતરડાના તારી સાથે જોડાયેલા ભાગને પણ પેડુમાં ખેંચી લાવે છે. મોટું આંતરડું આ તમારા બન્નેના બોજને કારણે ભીડ અનુભવે છે. એની જગ્યામાં તમે અતિક્રમણ કરો, પછી એણે ક્યાં જવું? આખું પાચનતંત્ર અને મળવિસર્જન તંત્ર શિથિલ બને, હડતાલ પર જાય, તો તારો સ્વામી માંદો પડેજને! ખાઉધરાનો ખોરાક એને માંદો પાડે, અને છેવટે એનાં મોતનું કારણ પણ બને! બનતાં સુધી માનવીએ તો અઠવાડિયે એક આખો દિવસ ઉપવાસ કરી તને વિશ્રામ આપવો જોઈએ.

સમૃદ્ધ દેશોના ડૉક્ટરાનો મત છે, કે ભૂખમરાથી મરતા લોકો કરતાં વધુ સંખ્યામાં, ખાઉધરા મરતા હોય છે. ફ્રેંચ ડૉક્ટરો કહે છે, કે અમારા દેશના લોકો કાંટા–ચમચાથી પોતાની ઘોર ખોદે છે. નેચરોપેથો કહે છે કે ખાઉધરા માણસો પોતાને નહિ, પોતાના ડૉક્ટરોને પોષણ આપતા હોય છે! આ ચિકિત્સકો એમ પણ કહે છે કે અકરાંતિયા-પણું એ શરીર પ્રત્યે હિંસા છે, અને સમાજ વિરૂદ્ધ ગુનેહગારી છે. આ બધાં વિધાનોમાં જરા સરખી પણ અત્યુક્તિ નથી.

**ગાંધી વિચાર :**

હે પૂજ્ય પેટ દેવ! 'જ્યોં કી ત્યોં ધરદીની ચદરીઆ' ગાનાર કબીરના કથનને પોતાના જીવનમાં અમલમાં મૂકનાર, આ સદીના એક મહાન આત્મા, ગાંધીબાપુના 'આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન' પુસ્તકમાંથી એમના છેક ૧૯૦૬માં લખાયેલા વિચારો તારે ચરણે સાદર રજૂ કરું છું. અને એ વિચારોમાંથી બોધ ગ્રહણ કરીને માનવસમાજ અત્યાહારની કુટેવોમાંથી બહાર આવે એવી પ્રાર્થના કરું છું.

**ગાંધીજી કહે છે :**

*'બે કરતાં વધારે વખત ખાવાની જરૂર યુવાવસ્થા પછી તો નથી જ... હંમેશ અલ્પ આહાર જ લો. અલ્પાહાર એટલે માપી, તોલીને, જાગૃતપણે, સમજપૂર્વક ખાધેલો ખોરાક... નીતિના વિષયમાં જૂઠાણાં ઉપર, ચોરી ઉપર, વ્યભિચાર ઉપર ઘણાં સરસ પુસ્તકો રચાયાં છે. પણ સ્વાદેંદ્રિય જેને વશ નથી, તેની ઉપર પુસ્તકો નથી. તે નીતિ–અનીતિનો વિષય મનાયો જ નથી. આનું સબળ કારણ તો એ છે કે આપણે બધા, એક નાવમાં બેઠા છીએ. મહાન નરો પણ સ્વાદને તદ્દન જીતી શક્યા જોવામાં આવતા નથી. એટલે સ્વાદ કરવો એમાં દોષ જોવાયો જ નથી... આપણે બધા સ્વાદેંદ્રિયના ગુલામ હોવાથી તે ગુલામીને ગણકારતા નથી... લગ્ન પ્રસંગે જ નહિ, મરણોત્તર પણ જમણવારનું આયોજન કેટલાક કરતા હોય છે... નોતરેલાને દાબીને ન ખવડાવીએ તો આપણે કંજૂસ ગણાઈએ... રજા પડી તો ખાવાનું સરસ કરવું જ જોઈએ; રવિવાર આવ્યો તો આપણને આફરો ચડે તેટલું ખાવાની છૂટ છે એમ માનીએ છીએ. આમ જે મહાદોષ છે, તેને આપણે મહાવિવેક ઠરાવી પાડ્યો છે... પરોણા આવ્યા એટલે તેની અને આપણી કમબખ્તી!... પરોણાને ખૂબ જમાડી તેને ત્યાં ખૂબ જમવાની આશા રાખીએ છીએ.. આપણે હરગીજ વધુ ન ખાવું જોઈએ, અને જમણની તથા જમણવારોની વાત છોડી દેવી જોઈએ... ભૂલથી વધુ ખવાઈ જાય, તેના કરતાં ઓછું ખાવાની ભૂલ થઈ જાય તો થવા દેજો... આપણું પેટ આપણું પાયખાનું બન્યું છે, અને આપણે આપણી પાયખાનાની પેટી સાથે રાખીને ફરીએ છીએ... આપણા આહારનું પ્રમાણ ઘટાડવાની, તથા ભોજનની ટંકો ઓછી કરવાની જરૂર છે... મિતાહારી બનવું જરૂરી છે...'*

ગાંધીબાપુ જેવા સ્પષ્ટ વક્તા જ આવી કડવી છતાં, સત્ય વાતો, નીડરતાથી કહી શકે.

**વંદના અને વચન :**

પેટેશ્વર મહારાજ ! તને હું વંદુ છું. તું છે તો હું છું. તું છે તો મારા શરીરમાં રક્ત બને છે. તું છે તો હૃદયનો પમ્પ કામ કરે છે. રક્ત વિના તો શરીરનો કોઈ પણ કોષ, પછી તે હાડકાંનો હોય, સ્નાયુનો હોય, મગજનો કે જ્ઞાનતંતુનો હોય, કે હૃદયનો જ હોય, પોષણ ન મેળવી શકે. અને રક્ત બને તારી અંદર થતી ચયાપચયની પ્રક્રિયાઓને કારણે. મારા વિચારો, વાણી અને વર્તન, ત્રણેને તું પોષે છે. ધંધાકીય સફળતા હોય કે સામાજિક પદ પ્રતિષ્ઠા, બધું જ તારી મદદથી મને મળ્યું છે. તને કોટિ કોટિ વંદન કરું છું, પ્રભુ પેટ! અને તારી પર કોઈ અત્યાચાર હું હવે કદી ન કરું એવું વચન આપું છું. હું સાચી ભૂખે જ ખાવાનું, ભૂખ ન હોય તો ન ખાવાનું અને મિતાહારી બનવાનું તને વચન આપું છું. **'ભૂખ' શબ્દનો સાચો અર્થ મને સમજાઈ ગયો છે. 'ભૂ' એટલે ભૂમિમાંથી મળતો પદાર્થ જ હું આરોગીશ, અને 'ખ' એટલે અવકાશ, જે પેટમાં જળવાય તેનો ખ્યાલ રાખીને જ હું ખાઈશ.**

જય જઠર...! જય પેટોબા...!!

✷ ✷ ✷

૧૯ રવી સોસાયટી, રાઈવુડ, લોણાવલા–૪૧૦ ૪૦૧.

# શ્રી દેવચંદ્રજી રચિત શ્રી સંપ્રતિ જિન સ્તવન

❑ શ્રી સુમનભાઈ એમ. શાહ

અતીત ચોવીશીના છેલ્લા તીર્થંકર શ્રી સંપ્રતિ જિન સ્તવનમાં શ્રી દેવચંદ્રજીએ આધ્યાત્મિક વિકાસ કેવી સરળતાથી સાધી શકાય તેની પ્રક્રિયા મુક્તિ માર્ગના સાધકોના આત્મકલ્યાણાર્થે પ્રકાશિત કરેલી છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઈએ. (નોંધ–લગભગ દરેક ગાથામાં જિનવરપદની પ્રાપ્તિ માટે પ્રભુને વર્તતા શુદ્ધ આત્મિકગુણોનું ધ્યાન ધરવાની ભલામણ '**ભવિ ધ્યાવો રે, અને પરમપદ પાવો રે**' એ શબ્દોથી કાવ્યનો પ્રાસ જળવાઈ રહે એ હેતુથી કરેલો જણાય છે).

***સંપ્રતિ જિનવર પદ નમી ભવિ ધ્યાવો રે,***
***સાધો શુદ્ધ જિન સાધ્ય પરમ પદ પાવો રે;***
***અતીત સમય ચોવીશમા ભગવાન રે,***
***પ્રભુ સમ હો નિરુપાધ્ય પરમ પદ પાવો રે. ...૧***

શ્રી જિનવર પદને સાદર નમસ્કાર કરી, શ્રી સંપ્રતિ જિનને વર્તતા શુદ્ધ આત્મિકગુણોનું ધ્યાન ધરવાનું ભવ્યજીવોને સ્તવનકારનું આવાહ્ન છે. શ્રી જિનવર પદ અત્યંત શુદ્ધિ પામેલું છે, કારણ કે સર્વઘાતી કર્મોનો કાયમી ક્ષય થયો હોવાથી તે પદ ઉપાધિરહિત છે. એવો ત્રિકાલિક સિદ્ધાંત છે કે જે ભવ્ય જીવ જેનું ચિંતવન કરે એના જેવો ક્રમશઃ થયા કરે છે અથવા જેવું કલ્પે એવો થાય. બીજી રીતે જોઈએ તો જે પરમપદ શ્રી જિનેશ્વરને હાંસલ થયું છે, એવું જ સ્વરૂપ ધ્યાતાની સત્તામાં વિદ્યમાન છે, પરંતુ તે અપ્રગટ-દશામાં છે. આવું સત્તાગત સ્વરૂપ નિરાવરણ થઈ પ્રગટ થાય એવી સાધ્યદૃષ્ટિ નિરંતર લક્ષમાં રાખી સાધના ભાવપૂર્વક કરવાની ભલામણ ભવ્યજીવોને કરેલી છે.

***શુદ્ધ સાધ્ય જાણ્યા વિના ભવિ ધ્યાવો રે,***
***સાધ્યા સાધ્ય અનેક પરમ પદ પાવો રે;***
***આણા વિણ નિજ છંદથી ભવિ ધ્યાવો રે,***
***સુખ પામ્યો છેક પરમ પદ પાવો રે. ...૨***

જેનાથી આત્મકલ્યાણ થાય એવું શું સાધ્ય છે, તે યથાર્થપણે જાણ્યા સિવાય ઘણાં જીવો લોકવાયકાથી અનેક પ્રકારની સાધના કરવા મંડી પડેલા જણાય છે, જેમાં સફળતા નહિવત્ લાગે છે. માત્ર પોતાની મતિકલ્પનાથી અને સદ્‌ગુરુનો બોધ તથા આજ્ઞાદિ પાલન કર્યા સિવાયની થયેલી સાધના બહુધા નિષ્ફળ જાય છે, અથવા તે અલ્પ કે નાશવંત સુખસંપદા કદાચ આપી શકે. બીજી રીતે જોઈએ તો આવી સાધના અમુક પ્રમાણમાં પુણ્ય ઉપાર્જન કરી શકે, પરંતુ તેનાથી કાંઈ ભવભ્રમણ અટકે નહીં.

***સ્યાદ્‌વાદ પ્રભુ વચનથી ભવિ ધ્યાવો રે,***
***લહિ શુદ્ધાતમ સાધ્ય પરમ પદ પાવો રે;***
***શુદ્ધ સાધના સેવતો ભવિ ધ્યાવો રે,***
***નાશે સર્વ ઉપાધ પરમ પદ પાવો રે. ...૩***

બીજી ગાથામાં જણાવ્યા પ્રમાણે પરિસ્થિતિ ન સર્જાય એ હેતુથી સ્તવનકારની સાધકોને ભલામણ છે કે તેઓ તીર્થંકર પ્રભુએ પ્રરુપેલ સ્યાદ્‌વાદમય પદ્ધતિ અપનાવે, જેથી નિશ્ચય અને વ્યવહાર એ બન્ને દૃષ્ટિથી મુક્તિમાર્ગનું સેવન થાય. પોતાનું દર અસલ શુદ્ધસ્વરૂપ શું છે (સાધ્ય) અને શું નથી એની સાધકને જાણ કોઈ આત્માનુભવી સદ્‌ગુરુની સ્યાદ્‌વાદમયી વાણી કે બોધથી થઈ શકે જેથી કોઈપણ વિરોધાભાસ ન રહે. આવો સુબોધ અનુભવરૂપ થાય એ હેતુથી જ્ઞાનીઓએ સત્‌સાધનો પ્રમાણિત કરેલાં છે, જેનો સદુપયોગ સદ્‌ગુરુની નિશ્રામાં થાય તો દોષરહિત આરાધના થાય, જેથી ભવભ્રમણની પરંપરા અટકે. અથવા આવી સાધનાથી ઉપાધિરહિત પરમપદની પ્રાપ્તિ થાય.

***નિર્મલ સાધ્ય સ્વરૂપ એ ભવિ ધ્યાવો રે,***
***મુજ સત્તાગત એમ પરમ પદ પાવો રે;***
***શુદ્ધ ધ્યેય નિજ જાણીએ–ભવિ ધ્યાવો રે,***
***ધ્યાતાં શિવપદ ક્ષેમ પરમ પદ પાવો રે...૪***

જ્ઞાનીના સુબોધથી ભવ્યજીવને જાણ થાય કે જેવું સર્વજ્ઞ ભગવંતનું નિર્મલ શુદ્ધસ્વરૂપ છે, તેવું જ આત્મસ્વરૂપ પોતાની સત્તામાં અપ્રગટપણે રહેલું છે. આવા સત્તાગત સ્વરૂપનું પ્રગટીકરણ કે સ્વાનુભવ થવા માટે અથવા આવું ધ્યેય પ્રાપ્ત થાય એ માટે કર્મરૂપ આવરણો દૂર કરવાના પુરુષાર્થમાં સાધકે રત રહેવું ઘટે. આવી સમજણ સાધકને શ્રદ્ધાથી પ્રગટે તો તેનો અમલ કરવામાં તે તત્પર રહે. અથવા તેને શુદ્ધ સ્વરૂપનું એક બાજુ નિરંતર ધ્યાન રહે અને બીજી બાજુ ઉદયકર્મોથી આવતા સંજોગોનો આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થયા સિવાય સમભાવે નિકાલ કરે. આવી ધ્યેયલક્ષી પ્રવૃત્તિથી તે શિવપદ હેમખેમ હાંસલ કરે.

***એ વિણ અવર ન સાધ્ય છે, ભવિ ધ્યાવો રે,***
***સુખ કારણ જગમાંહિ પરમ પદ પાવો રે;***
***શુદ્ધ ધ્યેય નિજ સાધવા ભવિ ધ્યાવો રે,***
***સાધન શુદ્ધ ઉછાંહિ પરમ પદ પાવો રે ...૫***

બીજીથી–ચોથી ગાથામાં દર્શાવ્યા સિવાય જો હલકી કોટિના સાધનોથી સાધ્ય સાધવામાં આવે તો અવ્યાબાધ સુખ મળવું દુષ્કર

છે અથવા સુખનો આભાસ થાય તો તે પણ નાશવંત પ્રકારનું હોઈ શકે. જે ભવ્યજીવનો અંતિમ હેતુ કે ધ્યેય કાયમી સહજ–સુખાનંદનો છે, તેને સાધન શુદ્ધિ પણ હોવી ઘટે. એટલે અનુભવી જ્ઞાનીઓએ પ્રમાણિત કરેલ સત્–સાધનોનો સદુપયોગ ઉલ્લાસ-ભેર અને ભાવપૂર્વક થવો ઘટે, જેથી ધ્યેયની સિદ્ધિ સરળતાથી થઈ શકે.

*રત્નત્રયી વિણું સાધના ભવિ ધ્યાવો રે,*
*નિષ્ફલ જાણ સદાય પરમ પદ પાવો રે;*
*રત્નત્રયી શિવ સાધના ભવિ ધ્યાવો રે,*
*સાધી ભવિ શિવ પાય પરમ પદ પાવો રે ...૬*

*શુદ્ધાતમ જાણ્યા વિના ભવિ ધ્યાવો રે,*
*પરપદ મળત ઉપાય પરમ પદ પાવો રે;*
*રાગાદિ વશ જીવ એ ભવિ ધ્યાવો રે,*
*કીધા અનેક ઉપાય પરમ પદ પાવો રે...૭*

સ્તવનકારે ઉપરની બે ગાથાઓમાં 'પર' પદ ટાળી, 'સ્વ' પદની આરાધના સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ સત્–સાધનોથી કરવાની ભલામણ કરી છે, તે જોઈએ.

દરઅસલપણે પોતાનું શુદ્ધ સ્વરૂપ શું છે અને શું નથી તે ગુરુગમે યથાર્થ જાણ્યા સિવાય જે જીવો અનેક પ્રકારના ઉપાયો સાધ્યની પ્રાપ્તિ માની પોતાની મતિકલ્પનાથી કે લોકવાયકાથી કરતા હોય છે, તેઓની સાધના બહુધા નિષ્ફળ થાય છે, અથવા તેનાથી કાંઈક પુણ્યપ્રકૃતિ ઉપાર્જન થાય, પરંતુ તેનાથી ભવભ્રમણ અટકતું નથી. અથવા જે જીવો રાગદ્વેષ અને અજ્ઞાનવશ વિવિધ પ્રકારની આરાધનામાં તન્મય અને તત્પર થાય છે, તેઓ નિષ્ફ-ળતાને વરે છે. બીજી રીતે જોઈએ તો લૌકિક ક્રિયાઓ મોટાભાગે ભ્રાંતિમય સંપદાની પ્રાપ્તિ માટે કરાય છે, પણ ભવરોગ જવો કઠિન છે.

સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ ત્રિરત્નથી મુક્તિમાર્ગે પગરણ માંડી શકાય એવો જ્ઞાનીઓનો અભિપ્રાય છે. આ હેતુથી સાધકનું પ્રાથમિક ધ્યેય ત્રિરત્નનું હોવું ઘટે અને જે જિનવચન ઉપર અતૂટ શ્રદ્ધાથી કે આત્માનુભવી સદ્ગુરુના બોધથી થઈ શકે. આત્મિક વિકાસ કે મુક્તિમાર્ગના ગુણસ્થાનોનું આરોહણ સમ્યક્દર્શન પછીથી શરૂઆત થાય એવો અભિપ્રાય આત્માનુભવીઓનો છે. પોતાનું 'સ્વ'પદ શું છે અને 'પર' પદ શું છે તે જાણ્યા સિવાય જીવને શું સાધ્ય છે તેની ખબર કેવી રીતે પડી શકે? માટે જ સાધ્યદૃષ્ટિ નિરંતર લક્ષમાં રાખી વ્યવહારમાં સમ્યક્ સાધના શિવપદ આપી શકે, અન્યથા અશક્યવત્ છે.

*તુજ વાણીથી મેં લહ્યા ભવિ ધ્યાવો રે,*
*નિજ ગુણ દ્રવ્ય પ્રજાય પરમ પદ પાવો રે;*
*પર ગુણ પ્રજાયનું ભવિ ધ્યાવો રે,*
*મમત તજ સુખ થાય પરમ પદ પાવો રે. ...૮*

*જાણ્યું આતમ સ્વરૂપમેં ભવિ ધ્યાવો રે;*
*વલી કીધો નિરધાર પરમ પદ પાવો રે,*
*ચરણે નિજ ગુણ રમણમાં ભવિ ધ્યાવો રે,*
*તજી પર રમણ પ્રચાર પરમ પદ પાવો રે. ...૯*

શ્રી અરિહંત પ્રભુની ધર્મદેશના સાંભળી અથવા આત્માનુભવી જ્ઞાનીનો બોધ શ્રદ્ધાપૂર્વક બહુમાનથી સ્વીકારી સાધક નીચે મુજબનો નિર્ધાર કે નિશ્ચય ઉલ્લાસપૂર્વક વ્યક્ત કરે છે.

'હે પ્રભુ! આપના અપૂર્વ બોધથી હવે મને જાણ થઈ છે કે 'સ્વ' દ્રવ્ય, ગુણ, પર્યાય અને 'પર' દ્રવ્ય, ગુણ, પર્યાય દરઅસલપણે શું છે. ઉપરાંત 'સ્વ' દ્રવ્ય (ચેતન) અને 'પર' દ્રવ્ય (જડ) વચ્ચે શું તાત્ત્વિક ભેદ છે એ પણ જાણ્યું. અથવા મારું શું છે અને શું નથી તેના ભેદનું રહસ્ય કે મર્મ મને આપના બોધથી માલુમ પડ્યું છે. મને હવે ખાતરી થઈ છે. 'પર' દ્રવ્યની મમતા છૂટી જવાથી અથવા 'હું દેહાદિ સ્વરૂપ છું' એવી ભ્રાંતિ છૂટવાથી મને નિજ ગુણપર્યાયનું જ ધ્યાન વર્તી શકે તેમ છે. હવે મને નિર્ણય અને નિશ્ચય વર્તે છે કે 'સ્વ' દ્રવ્ય–ગુણપર્યાય જ મારું દરઅસલ શાશ્વત સ્વરૂપ છે. હે પ્રભુ! મને આપના આજ્ઞાધિનપણામાં નિજગુણોનું ધ્યાન વર્તે એવી મારી પ્રાર્થના આપની કૃપાથી સફળ થાઓ! સાથે સાથે હે પ્રભુ! મને 'પર' પુદ્ગલાદિ ભૌતિક સંપદામાં ક્યારેય પણ રમણતા ન થાય એવી કૃપા વરસાવશો.

*ધીર વીર નિજ વીર્યને ભવિ ધ્યાવો રે,*
*રાખી અચલ ગુણ ઠામ પરમ પદ પાવો રે;*
*પર સંગે ચલ નવિ કર્યું ભવિ ધ્યાવો રે,*
*નહિ પરથી નિજ કામ પરમ પદ પાવો રે. ...૧૦*

હે પ્રભુ! હું આપની સન્મુખ પ્રતિજ્ઞા લઉં છું કે ધૈર્યતાથી ચલાયમાન ન થાય (અચળ) એવી રીતે વીર્ય ગુણ ફોરવી આત્મિક ગુણસ્થાનકોનું પુરુષાર્થથી આરોહણ કરું. હું ચલાયમાન કે નાશવંત 'પર' ભાવ કે 'પર' પદાર્થોમાં કદી પણ આસક્ત કે મૂર્છિત ન થાઉં. હે પ્રભુ! આપની કૃપાથી બાલવીર્ય મને છૂટી જાય અને મારાથી પંડિતવીર્ય ફોરવાય જેથી મારો આત્મિક વિકાસ અસ્ખલિત-પણે થયા કરે.

**પુદ્ગલ ખલ સંગે કર્યું ભવિ ધ્યાવો રે,**
**આત્મવીર્ય ચલ રૂપ પરમ પદ પાવો રે;**

**જડ સંગે દુ:ખીઓ થયો ભવિ ધ્યાવો રે,**
**થઈ બેઠો જડ ભૂપ પરમ પદ પાવો રે. ...૧૧**

હે પ્રભુ! કોઈપણ હકીકત છૂપાવ્યા સિવાય નિખાલસતાથી આપની સન્મુખ નિવેદન કરું છું કે 'પર' પુદ્ગલાદિ પદાર્થો અને 'પર'ભાવના સંગે મારાથી અસંખ્ય દોષો થયા છે, જેને લીધે આત્મવીર્યને ચલાયમાન કે બાલવીર્ય કરી નાંખ્યું છે. મારી આવી આસક્તિમય પ્રવૃત્તિથી હું લગભગ જડ જેવો થઈ ગયો છું. હું સંસાર પરિભ્રમણમાં દુ:ખીદુ:ખી થઈ ગયો છું અને જડતાનું સામ્રાજ્ય મારી ઉપર છવાઈ ગયું છે.

*દર્શન જ્ઞાન ચરણ સદા ભવિ ધ્યાવો રે,*
*આરાધો ત્યજી દોષ પરમ પદ પાવો રે;*
*આતમ શુદ્ધ અભેદથી ભવિ ધ્યાવો રે,*
*લહિએ ગુણ ગણ પોષ પરમ પદ પાવો રે. ...૧૨*

દોષરહિતપણે સાધકે કેવી રીતે આરાધના કરવી ઘટે તે બારમી ગાથામાં સ્તવનકારે પ્રકાશિત કરી છે.

સ્તવનકારની ભવ્યજીવોને ભલામણ છે કે તેઓ સમ્યક્દર્શન જ્ઞાન, ચારિત્રાદિ સત્સાધનોથી મુક્તિમાર્ગનાં કારણોનું સેવન કરે. આવી ઉપાસનામાં કોઈપણ પ્રકારનો દોષ ન થાય એવી રીતે વિધિવત્ ભાવપૂર્વક આરાધના સદ્ગુરુની નિશ્રામાં કરે. અથવા સાધકને તેના મૂળભૂત સ્વરૂપનું (શુદ્ધગુણો) એકબાજુ અખંડ ધ્યાન વર્તે અને બીજી બાજુ સંસાર વ્યવહારમાં આવતા પ્રાપ્ત સંજોગોનો રાગદ્વેષ રહિતપણે સમભાવે નિકાલ કરે એવો નિશ્ચય વર્તાવે. નિશ્ચય અને વ્યવહાર એ બન્ને દૃષ્ટિથી ઉપાસના થાય તો કર્મબંધ થવાનાં અટકે અને પૂર્વકૃત કર્મો સંવરપૂર્વક નિર્જરે. આવા ધ્યેયલક્ષી પુરુષાર્થથી સાધકના આત્મિક ગુણો નિરાવરણ થાય અને શુદ્ધગુણોનું પ્રગટિકરણ થાય.

*દર્શન જ્ઞાન વિરાધના ભવિ ધ્યાવો રે,*
*તેહિ જ ભવ ભય મૂલ પરમ પદ પાવો રે;*
*નિજ શુદ્ધ ગુણ આરાધના ભવિ પદ ધ્યાવો રે,*
*એ શિવપદ અનુકૂલ પરમ પદ પાવો રે. ...૧૩*

આત્મદ્રવ્યના દર્શન અને જ્ઞાન એ મુખ્ય ગુણો છે. જેના ઉપયોગથી જીવ જોવા-જાણવાદિનું કાર્ય કરે છે. પરંતુ આ ગુણો કેટલા પ્રમાણમાં નિરાવરણ થઈ પ્રકાશિત થયા છે, તેના ઉપર કાર્યનો આધાર છે. ભવભ્રમણનું મુખ્ય કારણ આ બન્ને ગુણોની વિરાધના છે, જેનાથી જીવ દર્શનાવરણિય અને જ્ઞાનાવરણિય કર્મ બાંધે છે. આત્મિક શુદ્ધ દર્શન ગુણ પદાર્થનું મૂળભૂત સ્વરૂપ કે સત્તા દર્શાવે છે અથવા અભેદ અને નિરાકાર સ્વરૂપ પ્રકાશિત કરે છે. જ્યારે આત્મિક જ્ઞાનગુણ પદાર્થોમાં રહેલ ભેદ કે ભિન્નતાનું જાણપણું સાકાર સ્વરૂપે પ્રકાશિત કરે છે. સંયુક્તપણે આ બન્ને ગુણોના પરિણમનને (દર્શનજ્ઞાનમય) ચેતના કહેવામાં પણ આવે છે, જે જોવા-જાણવાનું કાર્ય કરે છે. આ બન્ને ગુણોની વિધિવત્ આરાધના પ્રમાણિત સત્-સાધનોથી ભાવપૂર્વક થાય તો ભવ્યજીવ શિવપદ પામવાનો અધિકારી નીવડે છે.

*શુદ્ધ સ્ફટિક સમ સાધ્ય નિજ ભવિ ધ્યાવો રે,*
*સાધે રાગ રહિત પરમ પદ પાવો રે;*
*સાધ્ય અપેક્ષા વિણુ ક્રિયા ભવિ ધ્યાવો રે,*
*કષ્ટ કર્યે નહિ હિત પરમ પદ પાવો રે. ...૧૪*

નિશ્ચય દૃષ્ટિએ મૂળભૂત આત્મિકગુણો શાશ્વત અને સ્ફટિક રત્નની માફક શુદ્ધ જ છે, પરંતુ સાંસારિક જીવોને ગુણો ઉપર કર્મરૂપ આવરણો હોવાથી તે ઢંકાઈ ગયા છે. આનો દાખલો આપતાં સ્તવનકાર જણાવે છે કે જેમ કોઈ કાળો કે લાલ પદાર્થ સ્ફટિકની પાછળ રાખેલો હોય અને એવો આભાસ થાય કે સ્ફટિક કાળું કે લાલ છે. પરંતુ આવા રંગીન પદાર્થ હટવાથી, જેમ સ્ફટિક રત્ન તેના મૂળ સ્વરૂપે ઉભરી આવે છે, એવી રીતે સાધકના ગુણો ઉપરનું કર્મમણ હટતાં, શુદ્ધ સ્વરૂપે પ્રકાશિત થાય છે. ઉપાસના થતી વખતે સાધકનો અંતર-આશય એવો હોવો ઘટે કે 'કેવળ શુદ્ધાત્મા અનુભવ સિવાય આ જગતની કોઈપણ વિનાશી ચીજ મારે જોઇતી નથી.' સ્તવનકારની આવી ભલામણનો અમલ સાધક કરે તો તેની ઉપાસનામાં કષ્ટમય ક્રિયાઓની આવશ્યકતા રહેતી નથી.

*પરમ દયાલ કૃપાલુઓ ભવિ ધ્યાવો રે,*
*દેવચંદ્ર શિવ રૂપ પરમ પદ પાવો રે;*
*શિવ કમલા મનસુખ લહે ભવિ ધ્યાવો રે,*
*શાશ્વત આત્મ સ્વરૂપ પરમ પદ પાવો રે. ... ૧૫*

તીર્થંકરના નામકર્મરૂપ પુણ્યપ્રકૃતિ જેઓને ઉદયમાન છે એવા શ્રી અરિહંત પરમાત્મા નિષ્કારણ કરુણાવંત અને દયાળુ છે. તેઓની ધર્મદેશનાથી અસંખ્ય ભવ્યજીવોનું આત્મકલ્યાણ થાય છે, કારણ કે તેઓના બોધથી ત્રિરત્નની પ્રાપ્તિ થાય છે. સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ સાધનોથી ભવ્યજીવો ઉપાસના કરે છે, ત્યારે તેઓનું ધ્યાન દેવોમાં ચંદ્રમા જેવા ઉજ્જવળ શિવપદનું હોય છે. ક્રમશઃ સાધકો ગુણસ્થાનકો આરોહણ કરતા મોક્ષલક્ષ્મી પ્રાપ્ત છેવટે કરે છે. આવું શાશ્વતું પદ ભવ્યજીવો પ્રાપ્ત કરે એવું સ્તવનકારનું આવાહ્ન.

✷ ✷ ✷

૫૬૩, આનંદવન સોસાયટી,
ન્યૂ સામા રોડ, વડોદરા-૩૯૦૦૦૮

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(જુલાઈ–૨૦૦૮ના અંકથી આગળ)

(૪૬૭) ભક્ત પાન સંયોગાધિકરણ : –અન્ન, જળ આદિનું સંયોજન કરવું.
–अन्न, जल आदि का संयोजन करना।
–It consits in combining or producing foodstuffs like cereal, water etc.

(૪૬૮) ભદ્રોતર (તપ) : –જૈન પરંપરામાં તપસ્વીઓ દ્વારા આચરવામાં આવતો એક તપ.
–जैन परंपरा में प्रसिद्ध तपस्वियों द्वारा आचरण किये जानेवाला एक तप।
–A type of penance practised by various ascetics in the Jaina tradition

(૪૬૯) ભય (ભયમોહનીય) : –ભયશીલતા આણનાર એક કર્મનો પ્રકાર.
–भय शीलता का जनक एक मोहनीय कर्म का प्रकार है।
–The Karma which brings about a fearing disposition.

(૪૭૦) ભરતવર્ષ : –જંબુદ્વીપના સાત ક્ષેત્રોમાંનું એક ક્ષેત્ર.
–जंबूद्वीप के सात क्षेत्र में से एक क्षेत्र।
–One of the region of Jambudvipa out of the seven regions.

(૪૭૧) ભવન : –ભવનપતિ (દેવો) ને રહેવાનું સ્થાન. ભવન બહારથી ગોળ, અંદરથી સમચતુષ્ક અને તળિયે પુષ્કરકર્ણિકા જેવા હોય છે.
–भवनपति (देवो) के रहने का स्थान । भवन बाहर से गोल भीतर से समचतुष्कोण और तले में पुष्करकर्णिका जैसे होते हैं।
–A type of residential quarters meant for Bhavanapatis. The bhavans are shaped like a circle on the exterior side, like a square on the interior, while their bottom is shaped like a Puskarakarnika.

(૪૭૨) ભવપ્રત્યય (અવધિજ્ઞાન) : –જે અવધિજ્ઞાન જન્મતાની સાથે જ પ્રગટ થાય છે.
–जो अवधिज्ञान जन्म लेते ही प्रकट होता है।
–The type of awadhijnana owing to birth.

(૪૭૩) ભવસ્થિતિ : –કોઈ પણ જન્મ પ્રાપ્ત કરી એમાં જઘન્ય અથવા ઉત્કૃષ્ટ જેટલા સમય સુધી જીવી શકાય છે તે ભવસ્થિતિ.
–कोई भी जन्म पाकर उसमें जघन्य अथवा उत्कृष्ट जितने काल तक जी सकता है वह भवस्थिति है।
–The maximum or minimum life-duration that a being can enjoy after being born in a particular species.

(૪૭૪) ભવ્યત્વ –મુક્તિની યોગ્યતા.
–मुक्ति की योग्यता।
–Being worthy of moksa.

(૪૭૫) ભાવ –આત્માના પર્યાયોની ભિન્ન ભિન્ન અવસ્થાઓ.
–आत्मा के पर्यायों की भिन्न भिन्न अवस्थाएँ।
–The different conditions possibly characterizing all the modes of a soul.

(૪૭૬) ભાવબંધ –રાગદ્વેષ આદિ વાસનાઓનો સંબંધ.
–राग–द्वेष आदि वासनाओं का संबन्ध ।
–Physical type of bondage, an associatedness with the cravings like attachment, aversion etc.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

# સર્જન સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

ગુજરાતી સાહિત્યકારોના વ્યક્તિત્વ અને સાહિત્યનો પરિચય કરાવતા આ પ્રકારના ગ્રંથો અન્ય લેખકો માટે પ્રેરણાદાયી છે.

xxx

પુસ્તકનું નામ : **અક્ષરના યાત્રી**
લેખક–**ડૉ. નલિની દેસાઈ**
**પ્રકાશક : કુસુમ પ્રકાશન**
૨૨૨, સર્વોદય કોમર્શિયલ સેન્ટર,
જી.પી.ઓ. પાસે, અમદાવાદ–૩૮૦૦૦૧.
ફોન નં. : ૨૫૫૦૧૮૩૨.
કિંમત રૂા. ૧૨૦/–, પાના ૧૬૦; આવૃત્તિ–૧. એપ્રિલ–૨૦૦૮.

ડૉ. કુમારપાળ દેસાઇના ગુજરાતી ભાષાના સાહિત્ય સર્જનનો સર્વાંગી પરિચય એટલે ડૉ. નલિની દેસાઈ કૃત **'અક્ષરના યાત્રી'**.

આ ગ્રંથના ૧૬૦ પાનાના અક્ષરે અક્ષરે ડૉ. કુમારપાળ દેસાઇની બહુમુખી પ્રતિભા ઝળકે છે. સાહિત્યની સાથે સાથે સાંસ્કૃતિક, સામાજિક અને માનવ કલ્યાણ કરનારી સંસ્થાઓમાં પણ તેઓ સતત કાર્યરત છે. તેનો પરિચય પણ અહીં થાય છે.

પંદર પ્રકરણમાં વિભાજિત આ ગ્રંથના પ્રથમ પાંચ પ્રકરણમાં તેમના સાહિત્યિક સર્જનમાં ચરિત્ર સાહિત્ય, સંશોધનાત્મક સાહિત્ય, વિવેચન અને ચિંતન સાહિત્યનો સુંદર પરિચય લેખિકાએ કરાવ્યો છે.

ત્યાર પછીના છ થી નવ પ્રકરણમાં કુમારપાળભાઈએ રચેલ બાળ સાહિત્ય, નવલિકા, અનુવાદ તથા સંપાદન વગેરેનો પરિચય મળે છે, તે ઉપરાંત દસ અને અગિયારમાં પ્રકરણમાં તેમના હિન્દી તથા અંગ્રેજી ભાષાના પુસ્તકોનો પરિચય કરાવવામાં આવ્યો છે. પછીના ચાર પ્રકરણોમાં તેમના પત્રકારત્વ, ક્રિકેટ વિષયક તથા પ્રકીર્ણ લેખો તથા અનેક સંસ્થાઓનો પરિચય મળે છે.

અંતે આપેલ ડૉ. કુમારપાળ દેસાઈનું પરિષદના પ્રમુખ તરીકેનું વ્યાખ્યાન તથા અન્ય વક્તવ્યનો પરિચય કરાવે છે. તેમને પ્રાપ્ત થયેલ સાહિત્યિક તથા અન્ય પારિતોષિકો તથા સાહિત્ય સર્જનની યાદીનો ચિતાર પણ આપવામાં આવ્યો છે.

ડૉ. નલિની દેસાઈની કલમે લખાયેલ આ ગ્રંથ દ્વારા ડૉ. કુમારપાળ દેસાઈના સાહિત્યકાર તથા તેમના વ્યક્તિત્વના વિવિધ પાસાઓનું શબ્દ ચિત્ર ઉપસે છે.

૧૬૦ પાનામાં સાહિત્યકાર ડૉ. કુમારપાળના 'અક્ષરની યાત્રા'નો આસ્વાદ ગુજરાતી ભાષાના સંવેદનશીલ ભાવકોએ માણવા જેવો છે.

xxx

પુસ્તકનું નામ : **સમણ સુત્તં**
**જૈન ધર્મસાર**
સરળ ગુજરાતી અનુવાદ
**અનુવાદ–મુનિશ્રી ભુવનચંદ્રજી**
**પ્રકાશક : યજ્ઞ પ્રકાશન**
ભૂમિપુત્ર હુજરાતપાગા વડોદરા–૩૯૦ ૦૦૧.
કિંમત રૂ. ૮૦/– પાના ૨૫૬, આવૃત્તિ–બીજી માર્ચ–૨૦૦૭.

ભગવાન મહાવીરની ૨૫૦૦મી જન્મ જયંતીનું આગમન, વિકસિત સમાજ ચેતના અને ધર્મ, નીતિ, પંથ આદિના ભેદોથી પર પ્રતિષ્ઠિત થયેલ વિનોબાજીની દીર્ઘકાલીન આકાંક્ષા આ ત્રણેયના યોગે આ ગ્રંથના અવતરણની ભૂમિકા રચી આપી. બ્રહ્મચારી વર્ણીજી જેવા તપસ્વી વિદ્વાને અખૂટ ધીરજ અને અથાક પરિશ્રમ દ્વારા ગ્રંથનું પ્રારંભિક સંકલન કર્યું. જે 'જૈન ધર્મસાર' નામે પ્રકાશિત કરવામાં આવ્યું.

ભારતના અર્વાચીન ઋષિ શ્રી વિનોબાજીને ભગવાન મહાવીરની અનેકાંતદૃષ્ટિ ગમી ગઈ હતી. વિવિધ ધર્મનો સાર રજૂ કરતાં 'ખ્રિસ્તી ધર્મસાર', 'કુરાનસાર', વગેરે પુસ્તકો તેમની પ્રેરણાથી તૈયાર થયાં.

'સમણસુત્તં' નામનો પ્રસ્તુત ગ્રંથ પણ તેમની પ્રેરણાથી જ અસ્તિત્વમાં આવ્યો. આ ગ્રંથનું સંકલન કરવા જૈનોના બધા ફિરકાના મુનિઓ તથા વિદ્વાનો એકઠા થયા, અને તે વિનોબાજી જેવા 'અ–જૈન' સંતની પ્રેરણાથી, એ અનેકાંત-વાદની સમન્વય શક્તિની પ્રતીતિ કરાવતી આ સદીની નોંધપાત્ર ઐતિહાસિક ઘટના ગણી શકાય.

જૈન તત્ત્વ દર્શન, જૈન ધર્મજીવન અને ભગવાન મહાવીરના ધર્મબોધનો પ્રમાણભૂત અને સારભૂત પરિચય આપતો આ ગ્રંથ અનેક રીતે વિશિષ્ટ છે.

ઉપાધ્યાય ભુવનચંદ્રજીએ કરેલ આ અનુવાદ જૈન જૈનેત્તર કોઈ પણ વાચકને સુગમ લાગે અને રસ જળવાઈ રહે તેવો પ્રેરણાદાયી બન્યો છે. શ્રમણ ભગવાન મહાવીરના પ્રબોધેલા ધર્મતત્ત્વનો શાસ્ત્રીય પરિચય મેળવવા ઇચ્છતા વિચારશીલ જનોને આ અનુવાદ સહાયક બનશે.

xxx

પુસ્તકનું નામ : **ભારતીય સંસ્કૃતિ**
**લેખક–વિનોબા**
**પ્રકાશક : પારૂલ દાંડીકર**
યજ્ઞ પ્રકાશન સમિતિ, હિંગલાજ માતાની વાડીમાં, હુજરાતપાગા, વડોદરા–૩૯૦ ૦૦૧.
ફોન નં. : (૦૨૬૫) ૨૪૩૭૫૭.
કિંમત રૂ. ૨૦/–, પાના ૬૪, આવૃત્તિ–૪. જૂન–૨૦૦૮.

હજારો વર્ષોથી આ ભારતભૂમિમાં એક માનવીય અને સાંસ્કૃતિક ચેતના ચાલી રહી છે. આ ભૂમિમાં એક આગવું પોતીકાપણું છે, એક આગવું મિશન છે. ભારતીય સંસ્કૃતિની આવી અસલ વિભાવના સંક્ષેપમાં રજૂ કરવાનો પ્રયાસ આ પુસ્તિકામાં થયો છે. વિનોબાનું વ્યક્તિત્વ ભારતીય સંસ્કૃતિના પરિશુદ્ધ પરિપાક સમાન હતું. વિનોબાની આ વિભાવનામાં આપણી સંસ્કૃતિ વિશેની સભાનતા અને ગૌરવ ભારોભાર છે અને તે માટે તથ્યાત્મક આધાર પણ તેમણે પૂરા પાડ્યા છે. આ ભૂમિમાં આપણા પૂર્વજોએ માણસને પ્રકૃતિમાંથી સંસ્કૃતિ ભણી દોરી જવા કેટકેટલી અને કેટલી મથામણ કરી, તેનો આબેહૂબ ચિતાર વિનોબાએ આપણી નજર સમક્ષ ખડો કર્યો છે.

'સમન્વય' એ ભારતીય સંસ્કૃતિનું ધ્રુવપદ રહ્યું છે. એ જ આપણું એક મુખ્ય મિશન છે. સર્વ ધર્મ–સમન્વય એ આજના જમાનામાં દુનિયાને ભારતની એક સૌથી મોટી દેણ છે. આ સમન્વયમાંથી નવો માનવધર્મ પાંગરશે. નવી માનવ–સંસ્કૃતિ પાંગરશે. આ સંદર્ભમાં ભારતને માથે બહુ મોટી જવાબદારી છે. વિવિધતામાં એકતા સાધવાનો ભારતનો હજારો વરસોનો પ્રાચીન ઇતિહાસ છે. સમન્વય એ આપણું આગવું મિશન છે.

ભારતીય સંસ્કૃતિનો આવો સમન્વય સંદેશ સંભળાવતી આ પુસ્તિકા આજના આપણી સામેના મોટા પડકારોને ઝીલવામાં સહાયરૂપ થાય તેવી છે. ✱✱✱

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૩

## પંથે પંથે પાથેય

(અનુસંધાન ૩૫ પાનાથી ચાલુ)

સુધ્ધાએ–મને એ નામથી જ સંબોધી છે. હા, મારે વાંચવા માટે એક ખાસ સીટ બાપુજીએ મુકરર કરી હતી. બીજા કોઈએ ત્યાં નહીં બેસવાનું. કોઈ બહારનું અજાણતાં ત્યાં બેસે તો બાપુજી કહી દે, એ નીન્નીઆંટીની જગ્યા છે, તમે આ બાજુ બેસો.'

વાંચકનો પ્રતિભાવ વાંચનારમાં ઉત્સાહપ્રેરક બને. હંમેશાં હુંકાર ભણાવે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ વિષે વાંચતાં ન ધરાય. ઘણીવાર એક કોઈ ખાસ પ્રસંગ કે વ્યક્તિના અનુભવ–એ વાંચનલક્ષી હોય તેવો ટાંકે. ઘણીવાર કોઈ સિચ્યુએશનને અનુરૂપ શ્લોક. સૌરાષ્ટ્રના નાના ગામોના નામ આવે તો કહે, 'અરે, અહીં તો હું ગયેલો. અહીં મેં જોબ કર્યા કે અહીં અમુક માણસોને મળવા ગયેલો. અમુક લીડરને મળવા ખાસ પેલા ગામે મને મોકલવામાં આવેલો. કેવી મુસાફરી હતી, કેવા અનુભવો હતા તેની ઝીણામાં ઝીણી વિગતો માંડી ને કહે. એમ કહો કે એ માહોલમાં ગરકી જાય. કવિ કલાપી ને ગામ લાઠી ગયેલા અને કવિ કલાપીની પ્રિયતમા શોભના ને પણ મળેલા. પાલનપુરમાં મેઘાણીની રચનાઓ ખુદ તેમના મોઢેથી સાંભળેલી, તેનો રોમાંચ હજુ અકબંધ. યાદ કરવા બેસું તો પાર ન આવે.

૧૦૩ વર્ષે અદેખાઈ આવે એવું સ્વાસ્થ્ય. શતાબ્દી સુધી રોજ ત્રણ માઈલ સવારે ચાલે. સવારે પાંચ વાગે નીકળી ૬ એ પાછા. હું છ વાગે જઉં તો મને પાછા ફરતાં મળે. મને શરમ આવે. માથે સારો એવો વાળનો જથ્થો ને નેવું ટકા તો કાળા. સો વર્ષ પછી ફરવા જવાનું એકલા બંધ કર્યું.

થોડી શિથિલતા લાગતી હતી. ખાવાના શોખીન. બધું ખાય પણ અત્યંત નિયમિત અને સંયમિત. કેરીનો રસ મૂક્યો હોય તો એક રોટલી ઓછી કરી નાંખે. ખાય પણ લિજ્જતથી. એમને મિઠાઈ ભાવે, ફરસાણ પણ ભાવે, ચાઈનીઝ પ્રિય ને પીત્ઝાની રંગત પણ માણે. પાંઉભાજી, પાણીપૂરી, ઈટાલીયન, મેક્સિકન બધું ખાય પણ પ્રમાણમાં. નવી ડીશ પ્રેમથી અજમાવે અને માર્ક પણ આપે. ભાવતી વસ્તુ યાદ કરાવીને બનાવડાવે. વિચારો એકદમ પોઝીટીવ. કોઈનું ઘસાતું બોલો તો તેમને ન ગમે. શિસ્ત, સંયમ ને સાદાઈએ એમનું જીવન ઘડ્યું હતું. નખમાંયે રોગ નહિ.

એમની એક વાત મને બહુ યાદ રહી છે. તેઓ કહેતા કે ખાવા માટે દુવિધા થાય 'ખાવું કે ન ખાવું' તો ન ખાવું પણ જવા માટે મનમાં પ્રશ્ન જાગે કે ફલાણી જગાએ જવું કે ન જવું તો હંમેશાં જવું જ. માર્ચની બાવીસમી (૨૦૦૮)એ સમાધિપૂર્ણ નિધન થયું.

આ અનુભવે આત્મસંતૃપ્તિ તો આપી જ, સાથે એક નવી દિશા પણ. ભૂખ ફક્ત અન્નની નથી હોતી. મનનો ખાલીપો ભરાય તે ખૂબ જરૂરી છે. મન પ્રફુલ્લિત થાય તેવી પ્રવૃત્તિ, પછી એ વાંચન હોય, સંગીત હોય કે માનવ સહચર્યની ઝંખના. જો આપણા સમયમાંથી એક નાનો ટૂકડો કોઈ માટે કાઢી શકીએ, કોઈ પણ રચનાત્મક, પ્રસન્નતાપ્રેરક કાર્યક્રમ ઘડી શકીએ તો એક કરમાતું મન પણ નવપલ્લવિત થઈ મઘમઘવા માંડશે અને તંદુરસ્તી પર એક સુરખી જરૂર પાથરશે.

બાપુજી માટે જે થોડો સમય ફાળવી શકી તે મારા માટે ઉત્તમ સત્સંગથી જરાય ઓછું નથી જ. ✷ ✷ ✷

જી/૫૫, વિનસ અપાર્ટમેન્ટ,
વરલી, મુંબઈ–૪૦૦ ૦૧૮.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્યોને વિનંતિ

૧૯૭૧ થી સંઘના આજીવન સભ્ય પદની પ્રથા શરૂ થઈ. એ સમયે આજીવન સભ્યપદની રકમ રૂા. ૨૫૧/– હતી, અને એ આજીવન સભ્યો તેમજ પેટ્રનોને 'પ્રબુદ્ધ જીવન' આજીવન નિયમિત રીતે મળે એવું વચન અપાયું અને એ વચન પ્રમાણે સર્વે પેટ્રન અને આજીવન સભ્યોને નિયમિત 'પ્રબુદ્ધ જીવન' અર્પણ કરાય છે અને અર્પણ કરાતું રહેશે. આજીવન સભ્યની રકમમાં સમય સંજોગો પ્રમાણે વધારો થતો રહ્યો. વર્તમાનમાં આજીવન સભ્ય પદની રકમ રૂા. ૫,૦૦૦/– છે.

પ્રારંભમાં પેટ્રન સભ્યો માટેની રકમ રૂા ૨,૫૦૦/–, ત્યારપછી રૂા. ૩,૦૦૦/– અને વર્તમાનમાં રૂા. ૨૫,૦૦૦/– છે.

**આપ સંઘના આજીવન સભ્ય છો**

આપને નિયમિત 'પ્રબુદ્ધ જીવન' મળે છે અને મળતું રહેશે. આપ કઈ રકમથી, રૂા. ૨૫૧, ૩૫૧, ૫૦૧, ૭૫૧, ૧૦૦૧, ૧૫૦૧, ૨૫૦૧, કે રૂ. ૫,૦૦૦/– ની રકમથી આજીવન સભ્ય થયા છો ?

આપને વિનંતિ કે આપના સભ્ય પદની એ રકમ રૂા. ૫,૦૦૦/– માંથી બાદ કરી બાકીની રકમ સંઘને મોકલો, જેથી 'પ્રબુદ્ધ જીવન' અને સંસ્થા આર્થિક રીતે સલામત બની શકે.

આપનાથી એ શક્ય ન હોય તો ઓછામાં ઓછા રૂા. ૨,૫૦૧/– 'પ્રબુદ્ધ જીવન'ના આજીવન સભ્ય તરીકે પણ અમને મોકલો એવી અમારી આપને વિનંતિ.

'પ્રબુદ્ધ જીવન'માં જાxખ પ્રગટ થતી નથી (એટલે જાહેરખબરની આવક નથી). આ એક સૈદ્ધાંતિક અફર નિર્ણય છે, કારણ કે 'પ્ર.જી.'નો આદર્શ એક વાચનયજ્ઞ છે જે વાચકના જીવનને પ્રબુદ્ધ ભાવ તરફ પ્રયાણ કરાવે.

સભ્યો, પેટ્રનો ઉપરાંત જૈનોના પૂજ્યશ્રી સાધુ–સાધ્વીશ્રી, ગુજરાતના સંતો, વિદ્વાનો અને બૌદ્ધિકોને પણ આ સામયિક વિના મૂલ્યે નિયમિત અર્પણ કરાય છે.

વધતી જતી મોંઘવારીને કારણે આ સામયિકને સ્થિર અને દીર્ઘજીવી કરવાની મુશ્કેલી વધતી જાય છે. આ સ્થિરતા માટે અમે 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરી અને વાચકો તેમજ શ્રેષ્ઠિઓએ અમારા તરફ દાનનો પ્રવાહ વહાવ્યો અને 'પ્ર.જી.'ના જુલાઈ–૨૦૦૮ના અંકમાં આપ જોશો કે બે વરસમાં આરકમ ૧૧ લાખ સુધી પહોંચી ગઈ છે, પરંતુ અમારો લક્ષ્યાંક રૂપિયા પચ્ચીસ લાખનો છે. આટલી રકમ સ્થાયી ફંડમાં મૂકાય તો જ 'પ્ર.જી.' આવતીકાલ માટે સલામત રહે; એટલે જ આજીવન સભ્યોને અમે વધારાની રકમ મોકલવા વિનંતિ કરીએ છીએ.

આપ વાચકશ્રીને પણ વિનંતિ કે 'પ્ર. જી. નિધિ'ના વાચનયજ્ઞમાં આપ આપનું ધનરૂપી યોગદાન આપી જ્ઞાનકર્મના પુણ્યનું ઉપાર્જન કરો. ધન્યવાદ

❑ પ્રમુખ

# પંથે પંથે પાથેય...

## મઘમઘતા સાધુચરિત્ર ડૉ. મુકુન્દરાય જોષી સાથે વાંચન યાત્રા

❑ નીના જગદીશ સંઘવી

તમે ૧૦૩ વર્ષના વ્યક્તિને ખડખડાટ હસતા, અવનવા વ્યંજનો માણતા અને સાહિત્યનું રસપાન કરતા જોયા છે ? આ અનુભવના સાક્ષી હોવું તે એક સૌભાગ્ય છે. સ્વસ્થ મન, સ્વસ્થ શરીર બક્ષે, એ સંગમ સ્વસ્થ નાગરિક ઘડે. આવા સમન્વયનું પરિમાણ એટલે ડૉક્ટર મુકુન્દરાય જોષી.

શહેરના એક જાણીતા આઈ–સર્જન. ઈમાનદારીથી એમના માટે એક પેરેગ્રાફમાં તો લખાય જ નહિ. કદાચ એક પુસ્તક પણ ઓછું પડે એટલી સામગ્રી ભરેલી છે એમના જીવનમાં. અહીં ફક્ત એક સંબંધ અને સાનિધ્યના અંશની જ રૂપરેખા આપવી છે.

જોષી પરિવાર પડોશી. ડૉક્ટરની બે પુત્રીઓ હર્ષા ને મીરાં. અમારી ગાઢ મૈત્રી. અમે બધાં એમને બાપુજી સંબોધીએ. તેમના જન્મ શતાબ્દીની ઉજવણી પછી મીરાંએ પ્રસ્તાવ મૂક્યો કે 'બાપુજી હવે ખાસ બહાર નથી જતા અને જાતે વાંચવું ફાવતું નથી. જો હું રોજ થોડું તેમને વાંચી સંભળાવું તો ? જીવનભર બાપુજીને સાત્ત્વિક વાંચનનો શોખ. વાંચન, ચિંતન, મનન, ગ્રહણ, આચરણ–આ ક્રમને બહુ જ ઓછા નિભાવી જાણે–જે બાપુજીએ નિભાવ્યો હતો. એમની રુચિથી હું પરિચિત. છેલ્લા કેટલા દાયકાઓથી પડોશી નાતે વાટકી વ્યવહારની જેમ જ પુસ્તકો, મેગેઝીન, લેખોની આપ–લે તો હતી જ. મેં પ્રસ્તાવ વધાવી લીધો. થોડા ઠાગાઠૈયા પછી તો અમારી ગાડી પુરપાટ દોડી.

મૂળ પાલિતાણા ગામના અને પાલનપુર આવી વસેલા જોષી પરિવારના મોભી ડૉક્ટર મુકુન્દરાયના પિતાશ્રી પણ ડૉક્ટર. બાપુજીએ અમદાવાદ મેડિકલ કૉલેજમાં ભણવાનું શરૂ કર્યું. ગાંધીજીના વિચારો ને ચળવળથી આકર્ષાઈ અમદાવાદમાં ગાંધીજીને મળ્યા. કૉંગ્રેસમાં જોડાવાની ઈચ્છા દર્શાવી. લગ્ન કરેલ હતા નાનપણમાં જ. ગાંધીજીએ કહ્યું વડીલની લેખિત પરવાનગી લાવો તો તમને લઈએ. ત્યાં તકલીફ હતી. પિતાશ્રી તો સાક્ષાત્ દુર્વાસા. નજીવા કારણસર પતિ–પત્નીને પહેરે કપડે ઘરની બહાર કાઢ્યા'તા. પાડોશીએ કુટુંબીજનની જેમ રાખ્યા હતા. પરવાનગી ક્યાંથી લાવવી ? છેવટે વડોદરા કૉંગ્રેસની શાખામાં જોડાયા. દંપતી સક્રિય કાર્યકર બન્યા. અવારનવાર જેલ-વાસ ભોગવ્યો. ગાંધીજીની નજદીકીથી કામ કર્યું. દેશ સ્વતંત્ર ન થાય ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળવાની શરતે. જેલોમાં પણ લીડરશીપ લઈ પ્રૌઢશિક્ષણ, અક્ષરજ્ઞાન, ગીતાજ્ઞાન તેમજ બીજા વર્ગો લેતા, કાર્યકરોનું સંગઠન તથા સમાજજાગૃતિના રચનાત્મક કાર્યો સફળતાપૂર્વક હાથ ધરતા. સ્વાતંત્ર્યતાનો સંગ્રામ થાળે પડવા આવ્યો કે પાછી કૉલેજ શરૂ કરી. મેડિકલ ડિગ્રી મેળવી ઇંગ્લેન્ડ બે વર્ષ રહીને સર્જન બન્યા. તેમના પત્નીએ પણ એમ.એ. કર્યું. ભારતમાં સ્થાયી થયા. આ દરમ્યાન ચાલીશીમાં પ્રવેશ્યા પછી બે દીકરીઓનો જન્મ થયો.

ઈંગ્લેન્ડના રહેવાશ દરમ્યાન ખાદી છુટી ગઈ. તેમના પત્ની રમાબેને આજીવન પર્યંત ખાદી પહેરી. ગાંધી વિચારોથી ઘડાયેલું જીવન. હંમેશા સેવાભાવી ઝોક જીવનમાં રહ્યો. સંતપુરુષ જો સાંસારિક હોય તો કેવા હોય ? બાપુજીને જાણો તો તમે કહો કે 'આવા જ'. શ્રી અરવિંદભાઈ મફતલાલ દ્વારા સ્થાપિત ચિત્રકુટમાં ચલાવાતો નેત્રયજ્ઞ, જેમાં બાપુજીએ વર્ષમાં એક મહિનો, એમ ૫૦ વર્ષ લાગલગાટ સેવા આપી. એકે પૈસો લીધા વિના.

એમનો વાંચનરસ વધુ આધ્યાત્મિક. વાંચનમાં ઇતિહાસ, પ્રેરક પ્રસંગો, નાની નવલિકા તેમજ માહિતીસભર નિબંધો. ગીતો અને કવિતાઓ. વાંચન ગુજરાતી અને અંગ્રેજીમાં. તેઓ ખુદ તો સંસ્કૃતમાં પારંગત. ગીતા તો પચાવી ગયા હતા.

વાંચન સામગ્રી એકત્રિત કરવા અમે બધા મહેનત કરીએ. હર્ષા સુધા મૂર્તિની અડધો ડઝન ચોપડીઓ અંગ્રેજીમાં લાવી. 'અખંડ આનંદ' લગભગ આખું વંચાતું. ધુમકેતુની નવલિકાઓ, 'ગોરસ'ની તો આખી સિરીઝ અમે ભવન્સની લાઈબ્રેરીમાંથી લાવી વાંચેલી. ટાઈમ મેગેઝીન તથા રીડર્સ ડાયજેસ્ટ મેગેઝીનમાંથી એમને સ–રસ લાગે તેવી રચનાઓ શોધી હું એકત્ર કરતી. જન્મભૂમિની રવિવારની પૂર્તિ પણ ખરી. નવનીત સમર્પણ એમના પ્રિય. તારક મહેતાના 'દુનિયાને ઉંધા ચશ્મા'નું એક ચેપ્ટર દરરોજ વાંચવાનું. અમે છેલ્લા ત્રણ વર્ષના જૂના ચિત્રલેખા ભેગા કર્યાં. તેમાંથી આ લેખો કાઢી એક ફાઈલ બનાવી. તો એ પણ છ મહિનામાં પૂરી. છેવટે મેં શ્રી તારકભાઈને પરિસ્થિતિ જણાવી તો તેમનો ફોન આવ્યો ને પુસ્તકોનો સ્રોત્ર મેળવી આપ્યો. શરૂઆત આધ્યાત્મિક લેખથી થાય. પછી બાપુજી કહે, 'જુઓ ભારે ખોરાક થોડો ખવાય, વધુ લેવાથી અપચો થાય. હવે થોડું હલ્કુફુલ્કુ લો, ઝટ હજમ થઈ જાય.' પછી અમે હાસ્યલેખકની કૃતિ જેમાં જ્યાતીન્દ્ર દવે, તારક મહેતા ને બીજાઓને વાંચીએ. પછી સુરેશ દલાલ, કાન્તિ ભટ્ટ વિગેરેની કોલમો આવે. અખંડ આનંદમાં આવતું ધરતીના ધરુ આકાશના ચરુ તેમને પ્રિય. અતિ–પ્રિય. છેલ્લે અંત આવે ગીતો–કવિતાથી. 'અમી સ્પંદન' એમનું પ્રિય પુસ્તક. ગવાય ને ગાઈએ પણ ખરા. રોજના ૪–૫ ગીતો કવિતાઓ. કવિતાઓ એમને કડકડાટ યાદ. મેઘાણીનું 'કોઈનો લાડકવાયો' ને ઈકબાલનું 'સારે જહાં સે' પ્રિય. એ પુસ્તકના કદરદાનને હંમેશા જોષી પરિવાર તરફથી 'અમી સ્પંદના' ભેટ અપાતું. મને પણ મળ્યું છે.

સાંજે સાડા ચારે શરૂ થતું વાંચન પોણા સાતે અચુક બંધ થાય. એમનામાં બિલ્ટ–ઈન ઘડિયાળ. રોજ મને કહે, 'ટાઈમ શું થયો ? જુઓ તો ! આજના માટે આટલું બસ.' એ જ્યારે પણ કહે ત્યારે અચૂક પોણા સાત જ થયા હોય. હું એમને ત્યાં પહોંચું ત્યારે રાહ જોઈને બેઠા હોય. પાંચ મિનિટ મોડું થાય તો ચિંતા કરે. શું હશે ? કેમ હજુ દેખાયા નહિ. પહોંચું એટલે પ્રેમથી આવકારે ને પૂછે આજે શું નવું લાવ્યા છો ? જમતા પહેલા મેન્યુ જોવા જેવી વાત. પછી પહેલા શું વાંચવું તે સૂચવે. એમની આતુરતા મને રોજ નવી ચોપડી શોધવા પ્રેરતી. એકવાર બધાની નજરમાં આવ્યું પછી તો મિત્રો, સગાંઓ એમના માટે ખાસ પુસ્તકો લાવતા.

એમની દૌહિત્રી ભૂમા નાનપણથી મને નીન્નીઆંટી કહે. પછી ઘરમાં બધાએ–બાપુજી

(વધુ માટેજુઓ પાનું ૩૪)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2006-08



# પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૦૮

## આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી વ્યાખ્યાનમાળા ૭૪મા વર્ષમાં પ્રવેશે છે. આ વર્ષે બુધવાર, ૨૭–૮–૨૦૦૮ થી ગુરુવાર તા. ૪–૯–૨૦૦૮ સુધી એમ નવ દિવસની વ્યાખ્યાનસભાઓ, પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦ મધ્યે યોજવામાં આવી છે. આ નવ દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. ધનવંત શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૧૫ અને ૯–૩૦ થી ૧૦–૧૫ એમ રોજ બે વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

| દિવસ | તારીખ | સમય | વ્યાખ્યાતાનું નામ | વિષય |
|---|---|---|---|---|
| બુધવાર | ૨૭–૮–૨૦૦૮ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. કુમારપાળ દેસાઈ | જૈન ધર્મનું મેઘ ધનુષ્ય |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રી વસંતભાઈ ખોખાણી | ધર્મ ચિંતનના ચાર સૂત્રો |
| ગુરુવાર | ૨૮–૮–૨૦૦૮ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રીમતી ભારતી ભગુભાઈ શાહ | ગુરુ ગૌતમ સ્વામી |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. ભૂપેન્દ્રસિંગ ભાટિયા | શ્રી ગુરુ ગ્રંથ સાહેબ |
| શુક્રવાર | ૨૯–૮–૨૦૦૮ | ૮-૩૦ થી ૯-૧૫ | પ્રા. તારાબેન ર. શાહ | પ્રતિમા પૂજન |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | પંડિત ફૂલચંદ શાસ્ત્રી | નિમિત્ત ઉપાદાન |
| શનિવાર | ૩૦–૮–૨૦૦૮ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રીમતી શૈલજા ચેતનભાઈ શાહ | સત્યની ઉપાસના |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. નરેશ વેદ | મંત્ર-યંત્ર-તંત્ર |
| રવિવાર | ૩૧–૮–૨૦૦૮ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી મનુભાઈ દોશી | અધ્યાત્મ અને વિજ્ઞાન |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. ગુણવંત શાહ | સાચો ધર્મ – કાચો ધર્મ |
| સોમવાર | ૧–૯–૨૦૦૮ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. નલિની મડગાંવકર | મૈથિલી ભાષાની ભક્તિ કવિતા |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. યોગેન્દ્ર પારેખ | મહાત્મા ગાંધી અને પંચ મહાવ્રત |
| મંગળવાર | ૨–૯–૨૦૦૮ | ૮-૩૦ થી ૯-૧૫ | કુ. નમસ્વીબેન પંડ્યા | ભક્તિ કોની કરીએ ? |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | પ.પૂ. મુનિશ્રી જયપ્રભ વિજયજી મ.સા. | આવો ધર્મને ઓળખીએ |
| બુધવાર | ૩–૯–૨૦૦૮ | ૮-૩૦ થી ૯-૧૫ | વિદુષી સાધ્વીશ્રી પૂ. સુમનશ્રીજી | क्षमा अमृत है |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રી ભાગ્યેશ જહાઁ | મિચ્છામિ દુક્કડમ્ |
| ગુરુવાર | ૪–૯–૨૦૦૮ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. ધનવંત શાહ | શ્રી જૈન મહાવીર ગીતા |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. ઇશાનંદ વેમ્પેની | ક્ષમા ધર્મ : ખ્રિસ્તી ધર્મ અને અન્ય ધર્મોમાં |

વ્યાખ્યાનની શરૂઆતમાં દરરોજ સવારે ૭–૩૦ થી ૮–૨૫ પ્રાર્થના અને ભજનો રહેશે. જેનું સંચાલન શ્રીમતી નીરૂબેન એસ. શાહ કરશે.ભજનો રજૂ કરશે અનુક્રમે (૧) કુમારી અપૂર્વા ગજાલા (૨) શ્રીમતી ઇંદિરા નાઇક (૩) શ્રીમતી વૈશાલી કેરકર (૪) કુમારી શર્મિલા શાહ (૫) કુમારી ગાયત્રી કામત (૬) કુમારી પૂજા ગાયતૂંડે (૭) શ્રીમતી સુરેખા શાહ (૮) કુમાર ગૌતમ કામત અને (૯) પ્રા. પ્રતાપકુમાર ટોલીયા.

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

| ભૂપેન્દ્ર ડી. જવેરી | ચંદ્રકાન્ત દીપચંદ શાહ | રસિકલાલ લહેરચંદ શાહ | નિરુબેન એસ. શાહ | વર્ષાબહેન રજજુભાઈ શાહ |
|---|---|---|---|---|
| કોષાધ્યક્ષ | ઉપપ્રમુખ | પ્રમુખ | **ધનવંત ટી. શાહ** | સહમંત્રી |
| | | | મંત્રીઓ | |

- પર્યુષણ પર્વ દરમ્યાન દર વર્ષે સંઘની કાર્યવાહક સમિતિએ નક્કી કરેલી સંસ્થા માટે અનુદાન કરવાની વિનંતિ કરવામાં આવે છે.
- આ વર્ષે સંઘે **શ્રી કસ્તુરબા સેવાશ્રમ, મરોલી**ને આર્થિક સહાય કરવી એમ ઠરાવ્યું છે તેના માટે ટહેલ નાખવામાં આવે છે.
- સંઘ તરફથી ૧૯૮૫ થી આ પ્રથા શરૂ કરી, ૨૨ સંસ્થાઓને આજ સુધી આશરે ત્રણ કરોડ જેવી માતબર રકમ સહાય તરીકે મેળવી આપી છે.
- દાન આપનારને આવકવેરાની કલમ 80 G અન્વયે કરમુક્તિનું પ્રમાણપત્ર આપવામા આવે છે.

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/– તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૦૮ છૂટક નકલ રૂા. ૧૦/–

✷✷✷ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✷✷✷

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૪ વીર સંવત : ૨૫૩૪ ભાદરવા વદ – તિથિ – ૧

## જિન–વચન

### સાચો ધર્મ

माणुस्सं विग्गहं लद्धुं सुई धम्मस्स दुल्लहा ।
जं सोच्च पडिवज्जंति तवं खंतिमाहिंसयं ।।

–उत्तराध्ययन–३-८

મનુષ્યદેહ પામ્યા પછી પણ સાચા ધર્મનું શ્રવણ દુર્લભ છે કે જે ધર્મને સાંભળવાથી જીવો તપ, ક્ષમા અને અહિંસાને અપનાવી શકે.

मनुष्य देह प्राप्त होने पर भी उस धर्म का श्रवण दुर्लभ है जिस को सुनकर मनुष्य तप, क्षमा और अहिंसा को अपना सके ।

Even after having been born as a human being, it is most difficult to get an opportunity to listen to true religious scriptures - listening to which makes one practise penance, forgiveness, and non-violence.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

## આચમન

# વિધવિધ ધર્મ અને અહિંસા

**જૈન ધર્મ**

અહિંસા જૈન ધર્મનો સૌથી મુખ્ય સિદ્ધાંત છે. અહિંસા જૈન ધર્મનો પ્રાણ છે. કોઈપણ જીવની હિંસા ન કરો. હિંસા કરનારના સર્વ ધર્મ-કર્મ વ્યર્થ થાય છે. સંસારમાં સૌને પોતાનો જીવ પ્યારો હોય છે. કોઈ મરવા નથી ચાહતું. એટલે કોઈપણ પ્રાણીની હિંસા ન કરો. સંપૂર્ણ જીવસૃષ્ટિ પ્રત્યે પોતાપણું, પ્રેમ અને એકબીજામાં સહિષ્ણુતા, એ જ અહિંસાનાં અંગ છે. 'જીવો અને જીવવા દો' એ જ ભગવાન મહાવીર સ્વામીજીનો સંદેશ છે.

**હિંદુ ધર્મ**

હિન્દુ ધર્મશાસ્ત્રોમાં એક મતે સૌ જીવો ઈશ્વરના અંશરૂપ છે. અહિંસા, દયા, પ્રેમ, ક્ષમા આદિને અત્યંત મહત્ત્વ અપાયું છે.

માંસાહાર કરનારો, માંસનો વ્યાપાર કરનારો, માંસ માટે જીવહત્યા કરનારો સૌ એકસરખા દોષી છે. એમને સ્વર્ગ કદી મળતું નથી. બીજાનું માંસ ખાઈ પોતાનું માંસ વધારવાની ઈચ્છા રાખનાર મનુષ્ય પાપી અને અધિક નિર્દયી ગણાય છે.

—અનુશાસન પર્વ (મહાભારત)

**ઈસાઈ ધર્મ**

ભગવાન મહાવીર સ્વામી અને ગૌતમ બુદ્ધ પછી ઈસા મસિહે પ્રેમ, અહિંસા અને જીવદયાના પ્રચાર-પ્રસારને ગતિ આપી છે. પશુવધ કરવા માટે નથી. હું દયા ચાહીશ, બલિદાન નહીં. તમે રક્ત વહાવવું છોડી દો. તમારા મુખમાં માંસ ન નાખો. ઈશ્વર બહુ દયાળુ છે. એમની આજ્ઞા છે કે મનુષ્ય પૃથ્વીમાં ઉત્પન્ન થતાં શાક, ફળ, અન્નથી પોતાનો જીવનનિર્વાહ કરે. ઈસા મસિહના બે મુખ્ય સિદ્ધાંત :

Thou shal not kill

તમે જીવહત્યા કરશો નહિ.

Love thy neighbour

તમારા પડોશીને પ્રેમ કરો.

**શિખ ધર્મ**

શિખ ધર્મના પ્રવર્તક ગુરુ નાનકે જીવો ઉપર દયા કરવાનો ઉપદેશ આપ્યો છે. દયા વિનાનો મોટો સંત પણ કસાઈ સમાન છે.

'એમનાથી પરમાત્મા ક્યારેય પ્રસન્ન નથી થતા જેઓ જીવહત્યા કરતા હોય છે.'

પોતાના શિષ્યોને ઉપદેશ આપતી વખતે માંસભક્ષણ અને મદ્યસેવનથી દૂર રહેવાનો આદેશ કર્યો હતો. માંસભક્ષી

(વધુ માટે જુઓ પાનું ૧૭મું)

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | 'ઈસ્લામ અને શાકાહાર' | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | શ્રી મુંબઈ જૈન યુવક સંઘદ્વારા પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન | દક્ષા જાની | ૧૩ |
| (૩) | 'સમ્યક્ત્વ' એટલે 'સાચા સુખની પ્રતીતિ' | ડૉ. છાયાબેન શાહ | ૧૮ |
| (૪) | શ્રી ર. વ. દેસાઈ | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૨૦ |
| (૫) | જિવ હિંસા સમાપ્તિ – જૈનોનો જન્મ-જન્માંતરનો સિદ્ધાંત | શ્રી કાકુભાઈ મહેતા | ૨૩ |
| (૬) | શાકાહારીઓનેમાંસાહાર પીરસવામાં આવે છે | અનુ. પુષ્પાબેન પરીખ | ૨૪ |
| (૭) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૨૫ |
| (૮) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૬ |
| (૯) | પંથે પંથે પાથેય : નિવાર્ય અનિષ્ટો | શ્રીમતી ઉષા શેઠ | ૨૮ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/–**(U.S. $ 9) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/–**(U.S. $ 26) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/–**(U.S. $ 40)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/–**(U.S. $75) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/–**(U.S. $ 100)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજિવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

❑ **મેનેજર**

- Website : www.mumbai_jainyuvaksangh.com
- email : info@mumbai_jainyuvaksangh.com

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૯ ● ● તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૦૮ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

*'હું કસાઈખાનાનો વિરોધ કરું છું'* – *પંડિત જવાહરલાલ નહેરુ*

## 'ઈસ્લામ અને શાકાહાર'

આપના હૃદયમાં બિરાજમાન ક્ષમા દેવને અમે સર્વે સંઘ સભ્યો વંદન કરી 'મિચ્છામિ દૂક્કડમ્' વદીએ છીએ. વર્ષ દરમિયાન અમારી કોઈ પણ પ્રકારની ભૂલ થઈ હોય અને આપના હૃદયને અમારાથી દુ:ખ પહોંચ્યું હોય તો અમને ક્ષમા કરશો.

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ડૉ. ગુણવંત શાહે પોતાનું વક્તવ્ય પ્રસ્તુત કરતાં પહેલાં સ્ટેજ ઉપર જ મને એક પુસ્તક ભેટ આપતા ક્ષણ ભર એ પુસ્તક સામે અને પછી મારી સામે દૃષ્ટિ મિલાવી મૌનમાં મને ઘણું કહી દીધું.

આ અંકના સૌજન્યદાતા

**શ્રી જિતેન્દ્ર રમણીકલાલ વોરા**

**સ્મૃતિ : માતુશ્રી સ્વ. તારાબેન રમણીકલાલ વોરા**

એજ દિવસે રાત્રે વિલેપાર્લેમાં આશા દીપ સંસ્થા દ્વારા યોજિત વ્યાખ્યાનમાળામાં પોતાના પ્રવચનમાં ડૉ. ગુણવંતભાઈએ એક વિધાન કર્યું કે ભારતમાં જૈન યુવાન પણ હવે માંસાહારી થતાં જાય છે, અને વિદેશમાં તો ખાસ. શ્રી ગુણવંતભાઈના આ વિધાન નીચે મને સહી કરવાની ઇચ્છા થાય છે.

અહિંસા પ્રેમી સમગ્ર જૈન જગત માટે આ એક આઘાતજનક વિધાન છે. માંસાહાર તરફ વળેલા યુવાનોને પાછાં શાકાહાર તરફ વાળવા માટે જૈન સમાજે એક સુઘટિત યોજના કરવાની તાત્કાલિક જરૂર છે. તપસ્વીઓની મોટી સંખ્યા યુવાનોમાં જ હોય છે, એ પણ સત્ય છે. પણ એ સિદ્ધિથી પોરસાઈને મૌન બેસી રહેશું તો આવતી કાલે એ સંખ્યામાં વધારો નહિ થાય.

ગુણવંતભાઈએ મને આપેલા એ પુસ્તકની વાત વિગતે કરતાં પહેલાં ઉપરના સંદર્ભે મારા ચિત્ત ઉપર એક સત્ય દૃશ્ય ઉપસે છે એની બે ચાર રેખા આપની સમક્ષ ઉપસાવવાનો લોભ હું જતો કરી શકતો નથી.

જૈન સાધ્વીશ્રીઓ, જેલના કેદીઓ અને કિશોરોને યોગ શીખવવાના અભિયાનને પોતાનો 'ધર્મ' બનાવનાર ગીતા દીદીની કચ્છની શિબિરમાં–ગીતા જૈન પોતે કચ્છના વતની છે–એક કિશોરે પ્રવેશ કર્યો. ત્યારે લગભગ એની ઉંમર પંદરની આસપાસ હશે. મુસલમાન ખેત મજૂરનું એ સંતાન. પિતા કુંભાર કામ કરે. એ કિશોરનું નામ રમજાન. યોગાનુયોગ અત્યારે પવિત્ર રમજાનના દિવસો છે. એ રમજાન જૈન વિદ્યાર્થીઓ સાથે શિબિરમાં જોડાયો. જૈનોના નિયમ પ્રમાણે જૈનો સાથે એક જ પંગતમાં જમવા બેસે. જૈન આહાર પદ્ધતિ એણે પોતાના જીવનમાં વણી લીધી. જૈન સાહિત્ય સમારોહ પ્રસંગે અમે કચ્છમાં ગયાં ત્યારે મોટી ખાખરમાં પૂ. ઉપાધ્યાય ભૂવનચંદ્ર વિજયજીના દર્શન કરવા અમે ગયા ત્યારે ત્યાં પૂજ્યશ્રીની જે રીતે સેવા કરતા આ રમજાનને જોયો ત્યારે અમે તો આશ્ચર્યથી સ્થિર થઈ ગયા! સાંભળ્યું છે કે આ રમજાન અત્યારે કચ્છની કોઈ કૉલેજમાં પ્રાધ્યાપક છે! ભારતમાં માત્ર ગોધરા જ નથી, ભારતના એક છેવાડાનો ધર્મનિરપેક્ષતાનો અને જૈનોના આ એક અદ્‌ભૂત ઔદાર્યનો સુંદર ચહેરો છે. આવા તો ઘણાં રમજાનોને ભારતના ધર્મોએ પોતામાં ઓગાળી લીધાં છે. એના મૂળ વ્યક્તિત્વને કાયમ રાખીને જ.

હવે વાત કરીએ ગુણવંતભાઈએ આપેલા પુસ્તકની. પુસ્તકનું નામ છે 'ઈસ્લામ અને શાકાહાર', લેખક પદ્મશ્રી મુઝફ્ફર હુસૈન.

આ પુસ્તક બે–ત્રણ બેઠકે પૂરું વાંચી ગયો, અને બુદ્ધિના ઘણાં

ઝાળાં તૂટી ગયાં, પણ મૂંગા પશુનો વધ કરતી વખતે આભને ફાટતી જે ચીસ એના મોંમાંથી નીકળે એવી ચીસ મારા હૈયામાંથી નીકળી ગઈ! આ પુસ્તકના ગદ્ય ખંડો વાંચીને આપને પણ આવી અનુકંપા થશે એની ખાત્રી–

રોજિંદા જીવનની ઘટમાળમાં વ્યસ્ત અને ત્રસ્ત આમ આદમીને પોતાનો ધર્મ અને ધર્મગ્રંથોના ઊંડાણમાં જવાનો સમય નથી. એટલે એ સાચો ધર્મ પામી શકતો નથી. પરિણામે ધર્માચાર્યો જેવા અર્થઘટનો કરે એવા અર્થઘટનો એને સ્વીકારવા પડે છે. અહીંથી આગળ વધીને ધર્માચાર્યો જ્યારે સત્તાધિશ બને છે ત્યારે તો એ બચારાને 'હુકમો' માન્યા વગર છૂટકો જ નથી, એ ત્યાં સુધી કે મનોસંમોહનની દશામાં એ કેદ થઈ જાય છે!

પ્રસ્તુત પુસ્તકના લેખક પદ્મશ્રી મુઝફ્ફર હુસૈન એક પત્રકાર અને વિદ્વાન લેખક છે. લગભગ પાંચેક વર્ષ પહેલા પર્યુષણ વ્યાખ્યાનમાળામાં એ પધારેલા અને ઈસ્લામની સાચી સમજ આપી હતી.

એઓશ્રીએ આ પુસ્તક લગભગ ૩૦ થી વધુ ગ્રંથોનો અભ્યાસ કરીને લખ્યું છે. એમાં જે આંકડા આપ્યાં છે એ પ્રમાણભૂત સંસ્થા પાસેથી પ્રાપ્ત કરીને લખ્યાં છે.

ઈસ્લામ એ હિંસાનો નહિ અહિંસાનો ધર્મ છે. પવિત્ર કુરાનમાં માંસાહારનું નહિ શાકાહારનું મહત્ત્વ છે, અને ગાયને તો કુરાને માતા ગણીને એના દૂધને અમૃત કહ્યું છે–(આ પુસ્તક એમણે પોતાના માતા–પિતાએ બેટીઓની જેમ પાળેલી ગાયને અર્પણ કર્યું છે.) બકરી ઈદનું સાચું અર્થઘટન કુરાનને સામે રાખીનેકર્યું છે. કુરાનમાં દર્શાવેલ જીવદયાના સિદ્ધાંતોને તાદૃશ કર્યા છે, ઈસ્લામી સાહિત્યમાં સર્વત્ર શાકાહારને ઉચ્ચ સ્થાન છે એવું દર્શાવીને ૨૧ મી સદી શાકાહારીની જ છે એમ કહીને એઓ જ્યારે કતલખાનાની હકીકતો રજૂ કરે છે ત્યારે તો આપણું માથું શરમથી નીચું થઈ જાય છે અને આપણે આપણા આત્મા–બુદ્ધિને પૂછીએ છીએ કે આવી સરકારને આપણે મત આપ્યો? વિદેશી મુદ્રાની લાલચે કેટલી 'ચીસો'ને આપણી સરકારે રોકડી કરી છે? આપણે કઈ સમૃદ્ધિ ઉપર બેઠા છીએ? જૈન ટ્રસ્ટોની અને જૈન શ્રેષ્ઠિઓની મૂડી બૅંકમાં છે, એ મૂડીનું ધીરાણ એ બૅંકો કતલખાનાના મશીનો માટે અને એના આધુનિકરણ માટે તેમ જ તીક્ષ્ણ છરા માટે આપે છે. અને એમાંથી વ્યાજ કમાઈને એ મુડીધારકોને વ્યાજ આપે છે એની પ્રત્યેક જૈનને ખબર છે? સતત પુરુષાર્થ કરી જૈનો સરકારને ટેક્સની માતબર રકમ આપે છે, એ રકમનો તેમના જ ધર્મ વિરુદ્ધ ઉપયોગ કરવાનો સરકારને અધિકાર છે? આ પ્રશ્નની ચર્ચા જૈન જગત નહિ કરે તો સરકાર કતલખાનાનો વધારો કરતી જ રહેવાની. પોતે જે સાંસદને સરકારમાં મોકલ્યો હોય, એ સાંસદ પાસે જવાબ માંગવાનો પ્રત્યેક મતદારને અધિકાર છે.

મિયાં મુઝફ્ફર હુસૈન! સત્ય દર્શન કરાવવા માટે અમારી સલામો સ્વીકારો. અહીં એક મુસલમાન જીવદયાની વાત મોટા ફલકથી કરે છે.

પદ્મશ્રી મુઝફ્ફર બંધુનો આભાર માની હવે આ પુસ્તકના ઘણાં બધાં ગદ્ય ખંડો આપની પાસે પ્રસ્તુત કરૂં છું. શક્ય હોય તો એ પુસ્તક પ્રાપ્ત કરીને વાંચો, એવી વિનંતિ કરું છું:

'દુનિયાનો કોઈ પણ ધર્મ હોય કે દર્શન, જો તે અહિંસાથી પ્રેરિત નહિ હોય તો ટકી ન શકે. પયગંબર હઝરત મોહમ્મદ સાહેબે ઈસ્લામનો પ્રચાર પણ અહિંસા અને સહિષ્ણુતાના આધાર પર જ કર્યો. જો એમ ન હોય તો ઈસ્લામ જગતમાં સંખ્યાની દૃષ્ટિએ બીજા નંબરનો ધર્મ ન બની શકત. પણ સત્તાધીશોએ ધર્મના નામ પર જે રીતે અન્ય ધર્મોનાં રંગ-રૂપ બદલી નાખ્યાં, એ રીતે પયગંબર સાહેબ દ્વારા પ્રચારિત ઈસ્લામ પણ એ પરિવર્તનથી બચી ન શક્યો.

•••

સત્તાધીશોએ પોતાના સંકુચિત સ્વાર્થને કારણે એની વ્યાખ્યા, એનું અર્થઘટન પોતાની મરજી મુજબનું કરી નાખ્યું. એમની એ નાદાનીને કારણે આ જ ઈસ્લામ અને મુસલમાન આતંકવાદના પિંજરામાં કેદ થયેલ છે – આ આરોપમાંથી એમને કોણ મુક્ત કરી શકશે?

•••

જનસંખ્યાની દૃષ્ટિએ ઈસ્લામ બીજા નંબરનો ધર્મ છે. એથી જો તે પૂર્ણરૂપે હિંસક હોય તો છેલ્લાં ૧૪૦૦ વર્ષથી એ ટકી શક્યો ન હોત. અરબસ્તાનમાંથી નીકળીને તે આખા જગતમાં ખૂબ ઝડપથી વિસ્તરી ગયો. એમાં ઊંડા ઊતરીને વિચારીએ તો પયગંબર હઝરત મોહંમદ સાહેબનું અહિંસક જીવન જ નજરે ચડે છે.

•••

હીરોશીમા અને નાગાસાકી પર ઍટમ અને હાઈડ્રોજન બૉમ્બ નાખવાનું પાપ ઈસુમાં માનનારાઓએ જ કર્યું છે. આજે આખી દુનિયા વિનાશકારી શસ્ત્રોના ગોદામોમાં શ્વાસ લઈ રહી છે. શી ખબર, ક્યારે શું થઈ જઈ શકે?

•••

મિસાઈલ બનાવીને તેઓ શો સંદેશ આપી રહ્યા છે એનું આજે એમને ભાન નથી પણ જ્યારે કાલે આ ખૂબસૂરત દુનિયા દારૂ-ગોળાનો ઢગલો બની જશે ત્યારે કદાચ દુનિયાને ફરીથી મહાવીર અને ગાંધીની અહિંસાની આવશ્યકતા પડશે.

•••

જૈન-દર્શન અનુસાર જે મોક્ષ સુધી લઈ જાય છે તે ધર્મ છે. ધર્મ શબ્દનો કર્તવ્યના રૂપે પણ ઉપયોગ કરવામાં આવે છે. જીવને ગતિમાં જે સહાય કરે તે પણ ધર્મ છે. પાશ્ચાત્ય-દર્શનમાં એને

'મીડિયમ ઑફ મોશન' કહેવામાં આવે છે. બધી રીતે જોતાં જે નિર્માણ કરે, પોતે પણ જીવે અને બીજાને માટે પણ જીવવા દેવાના સૂત્રનો કર્મ, વચન અને અંતઃકરણથી સ્વીકાર કરે તે ધર્મ છે. એ ત્યારે સંભવ બની શકે જ્યારે તે પોતાનાં ચિંતન અને કર્મથી અહિંસાવાદી હશે. એટલે કે ધર્મ ત્યારે કહેવાશે જ્યારે તેની પહેલી શરત અહિંસક બનવાની હશે.

•••

હઝરત મોહંમદ એક મહાન સમાધાનવાદી વ્યક્તિ હતા.

•••

ઈસ્લામ સલામતીનો ધર્મ છે એ વાત બાકી દુનિયાને ગળે ન ઉતરાવી શક્યો. જે મહાન પયગંબરે જગતને બંધુત્વનો સંદેશો આપ્યો, કુરાન જેવા પવિત્ર અને મહાન પુસ્તકના માધ્યમથી વિશ્વના રહસ્યોને ખુલ્લાં કર્યાં. મુસ્લિમે પોતાની કટ્ટરતાને કારણે એને પાંગરવાં ન દીધાં.

•••

પોતાની હિંસક પ્રવૃત્તિને કારણે ઈસ્લામ જેવા મહાન અહિંસા સમર્થક ધર્મને પોતાના પિંજરામાં ઊભો કરી દીધો.

•••

હિંસાને પોતાનો સ્વભાવ અને જીવનનું દર્શન બનાવી લેનાર મનુષ્યોને આજ બદલવાનો સમય પાકી ગયો છે. જો તેઓ નહિ બદલાય તો પછી ધરતી પરના જીવનનું પૂર્ણ વિરામ અધિક દૂર નથી જોવા મળતું. આપણી આસપાસ જે કાંઈ બની રહ્યું છે તે એ વાતનું સૂચક છે કે હિંસાના તાંડવ નૃત્યે આ ખૂબસૂરત ધરતીને ગળી જવાની તૈયારી કરી લીધી છે. જો એમ થશે તો ધર્મ, દર્શન, સંસ્કૃતિ–બધું જ સ્વાહા થઈ જવાનું છે. એથી દુનિયાનો કોઈ ધર્મ અને કોઈ ખૂણે વસતો માનવી હોય તેણે પોતાની જાતને અને સંપૂર્ણ જગતને ઉગારવા માટે હિંસાનો ત્યાગ કરવો પડશે.

•••

અબોલ પ્રાણીઓના જીવ લઈને કેટલું કમાઈ શકે છે. તે એક વિસ્તૃત વિષય છે. કાલ સુધી જાનવરોને કાપવાવાળા છરાઓ-ચાકૂ પર કોઈ ઋણ દેતું નહોતું, ન તો એને કોઈ ગીરવી રાખવાની હિંમત કરતું હતું, પણ આજે તો કત્લખાનાનાં મશીનોને માટે કરોડો રૂપિયાઓની લોન આપવામાં આવે છે, જેમાં ભારત જેવો અહિંસક દેશ પણ સામેલ છે. આપણાં કૃષિ મંત્રાલય અને પશુપાલન વિભાગને બજેટમાં ફાળવવામાં આવતી રકમ પર આપ એક વેધક નજર કરશો તો એ કડવું સત્ય સામે આવી જશે.

•••

એક એવો સમય હતો જ્યારે પશુ અને દૂધ મંત્રાલયને 'ડેરી વિકાસ'ની સંજ્ઞા આપવામાં આવતી હતી પણ હવે આપણા ભારત સરકારમાં તેને 'મટન એક્સપોર્ટ મંત્રાલય' કહેવામાં આવે છે. એથી જ્યારે હિંસા એટલી સંગઠિત, ટેક્નિકથી ભરપૂર અને જેનું વ્યાવસાયીકરણ થઈ ગયું છે ત્યારે તે જગતને ક્રૂર અને આતંકવાદી નહિ બનાવે તો શું બનાવશે?

•••

અહિંસા માટે ત્રીજું અનિવાર્ય તત્ત્વ છે અનેકાંતવાદ. અહિંસાનો સ્વીકાર કરીને આપણે જીવનનાં કેટલાં બધાં ક્ષેત્રોમાં એનો લાભ પ્રાપ્ત કરી શકીએ છીએ, તે એક વિચારવા જેવી વાત છે. અહિંસાના અસંખ્ય રૂપ અને એના અસંખ્ય વરદાન છે એથી એ સમજવું આજની તાતી જરૂરિયાત છે. જ્યારે માનવી-વસ્તી પૃથ્વી પર ઝડપભેર વધવા લાગે છે ત્યારે હિંસાનું વિરાટ રૂપ એ સંજોગોમાં વિકરાળ બની જાય છે.

•••

સુનામીના એ તોફાનમાં માણસો મર્યા છે, શું જીવજંતુઓ નથી મર્યા? આખરે એનું શું કારણ છે? મનુષ્યની હિંસાએ સમુદ્રની સાથે છેડછાડ કરી તો સમુદ્રે એના બદલામાં હલ્લો કર્યો એમાં બિચારા અબોલ જાનવરોની કોઈ ભૂમિકા નહોતી એથી કુદરતે એમને શા માટે દંડે?

•••

દિલ્હી વિશ્વ વિદ્યાલયના બે મહાન વૈજ્ઞાનિક ડૉક્ટર બજાજ અને અબ્રાહમે અંતે એ રહસ્યની જાણકારી મેળવી જ લીધી કે જ્યાં કાલ સુધી ભૂકંપ આવતા નહોતા, ત્યાં ભૂકંપ કેમ આવે છે? મૃત જ્વાળામુખીઓ ફરી કેમ સળગી રહ્યા છે? એ બંને મહાન વૈજ્ઞાનિકોની શોધ છે કે જ્યાં કલતખાનાં છે, ત્યાં મશીનોથી રોજ લાખો જાનવરો કપાય છે. એમની ચીસોથી આસપાસની ધરતીની ભીતરનું તાપમાન વધે છે, જ્યારે તે તાપમાન ખૂબ જ ઊંચું થઈ જાય છે ત્યારે ધરતીને ફાડીને બહાર આવી જાય છે, જેનાથી ધરતી ધ્રૂજે છે.

•••

લાતુરની પાસે અલકબીર, ભુજની પાસે કરાચીનું મોટું કતલખાનું છે. એનાં પરિણામો આપણે કેટલાંક વર્ષો પૂર્વે જોયાં છે. જો માંસાહારીઓની સંખ્યા વધે છે તો તે પશુઓ માટે અધિક ભોજનની વ્યવસ્થા કરવી પડે છે. એ બધાં પશુઓ શાકાહારી છે એથી એમને માટે ઘાસ અને અન્ય ચરવા યોગ્ય વસ્તુઓને ઉત્પન્ન કરવા માટે મોટાં ગોચરો ઊભાં કરવાં પડે છે. એને માટે જંગલોનો નાશ કરીને નવી જમીન પ્રાપ્ત કરવી પડે છે. એક દિવસ એવો આવશે કે આપણા જેવા માનવીઓ માટે ખેતી યોગ્ય જમીન બચશે જ નહિ. જંગલોનો નાશ કરવાથી જે પર્યાવરણ અશુદ્ધ થશે એનાથી પણ આપણા જેવા મનુષ્યો જ પ્રભાવિત થનાર છે.

•••

પ્રથમ તીર્થંકર આદિનાથને કૃષિસંસ્કૃતિના પ્રવર્તક માનવામાં

આવે છે. એમણે કૃષિ, શાહી-કાગળ, તલવાર અને ઋષિના માધ્યમથી ક્રમશઃ ઉદ્યોગ–ધંધા, શિક્ષણ, વ્યવસાય, રક્ષણ અને યોગ ધર્મની શરૂઆત કરી હતી. એમના કલા અને શિલ્પના ગહન અધ્યયને આ દુનિયાને 'સુજલામ–સુફલામ' બનાવ્યા. આપણે ભારતીય હળધરના વારસદાર છીએ એથી દુનિયા પર આવેલા આ સંકટ સાથે આપણે ઝૂઝવાનું જ નથી પરંતુ માર્ગ પણ કંડારવાનો છે.

•••

ઈસ્લામ સલામતી અને સંરક્ષણનો ધર્મ છે. શુષ્ક અને રેતાળ પ્રદેશમાં એણે સભ્યતામાં ફૂલ ખીલવ્યાં છે. પયગંબર હઝરત મોહમ્મદ સાહેબથી માંડીને ઈસ્લામના ખલીફાઓ, ઈમામો, વિદ્વાનો અને વિચારકોએ અહિંસાનો સંદેશ આપીને માણસાઈનું પોષણ કર્યું છે. પવિત્ર કુરાન અને અસંખ્ય ઈસ્લામી વિદ્વાનોએ પોતાના ગ્રંથોમાં અહિંસાનું દર્શન પ્રસ્થાપિત કર્યું છે. અહિંસા વિના ઈસ્લામ જેવો મહાન ધર્મ શી રીતે દુનિયામાં ફેલાઈ શકે? વાતાવરણ અને પર્યાવરણને કારણે એણે માંસાહારનું જો સમર્થન પણ કર્યું છે તો તે એની જરૂરિયાત અનુસાર કર્યું છે. સત્ય તો એ છે કે હિંસામાં પણ અહિંસાનો સિદ્ધાંત ક્યાંક ને ક્યાંક છૂપાયેલો છે.

•••

પવિત્ર કુરાન અને પયગંબર સાહેબના જીવનનું બહુ નિકટતાથી અધ્યયન કરવાથી તો સ્પષ્ટ થઈ જાય છે કે ઈસ્લામમાં પણ શાકાહારી બનવાની આજ્ઞા કરવામાં આવી છે. એવી ઘટનાઓ અને એવાં ઉદાહરણો મોજૂદ છે જે આ વાતનું સમર્થન કરે છે કે ઈસ્લામ શાકાહારને પ્રાથમિકતા આપે છે.

•••

ઈસ્લામ અને શાકાહાર વિષય પર અનેક પુસ્તકો લખાઈ ચૂક્યાં છે. એની ઉપર અસંખ્ય પરિસંવાદ આયોજીત કરવામાં આવ્યા છે.

•••

'સૂરા અલ અનામ'માં કહેવામાં આવ્યું છેઃ

'આ ધરતી પર ન તો કોઈ જાનવર છે, અને ન જ ઊડવાવાળા પક્ષીઓ. તેઓ બધાં યે જીવોની જેમ માનવી છે.'

•••

એક બપોરે પયગંબર સાહેબ સૂતા હતા, ત્યાં આપની પાસે આવીને એક બિલાડી યે સૂઈ ગઈ. આપ જ્યારે ઊઠ્યા ત્યારે જોયું કે બિલાડી ઘેરી ઊંઘમાં છે અને બીમાર લાગે છે. જો આપ પોતાનાં પહેરેલાં કપડાંને બિલાડીની નીચેથી ખેંચી લો તો બિલાડી જાગી જશે. એથી બિલાડી જેની ઉપર સૂતી હતી એ કપડાંને જ આપે કાપી નાંખ્યાં. શું એવો મનુષ્ય વ્યર્થમાં જ જાનવરોને મારવાનું સમર્થન કરશે? પયગંબર સાહેબે પોતાનાથી કમજોરોની પ્રત્યે દયા દેખાડવાની વારંવાર સલાહ આપી છે. (બિલકીસ અલાદીન દ્વારા લિખિત 'ધી સ્ટોરી ઓફ પ્રૉફેટ મોહમ્મદ' દિલ્હી ૧૯૭૯ - પૃષ્ઠ ૧૨-૧૩)

•••

જે મુસ્લિમ હજ યાત્રા પર જાય છે ત્યારે તેઓ સીવ્યા વિનાના કપડાંના બે ટૂકડાઓનો પોશાક ધારણ કરે છે, જેને 'અહરામ' કહેવામાં આવે છે. ઉલ્લેખેલ તે વસ્ત્ર જે અત્યંત સાધારણ હોય છે તે એ વાતનું પ્રતીક હોય છે કે મનુષ્ય દુનિયામાં આડંબર અને દંભથી દૂર થઈ જાય. જ્યારથી તે પોતાનું એ ધાર્મિક વસ્ત્ર ધારણ કરે છે ત્યારથી કોઈ જીવની હત્યા કરવાની મનાઈ છે. ન તો માખી, ન મચ્છર અને ન જ જૂ એટલે કે કોઈ જીવિત વસ્તુને મારવા પર કઠોર પ્રતિબંધ છે. જો કોઈ હાજી જમીન પર પડેલા કોઈ કીડાને જોઈ લે તો પોતાના અન્ય સાથીદારોને એનાથી દૂર ચાલવાની ચેતવણી આપે. ક્યાંક એવું ન થઈ જાય કે એના પગના તળિયા નીચે તે કીડો દબાઈ જાય!

•••

હજ યાત્રા પૂરી ન થાય ત્યાં સુધી તે બીજાં કપડાં પહેરી શકતો નથી. અને ન તો પોતાના શરીરનો કોઈ વાળ તોડી શકે છે. ન તો સુગંધ લગાવી શકે છે અને ન જ તે કોઈ કામ કરી શકે છે, જેની કડક રીતે મનાઈ ફરમાવવામાં આવી છે. જો કોઈ જીવજંતુ એને પોતાનાં કપડાં પર નજરે ચડે તો તે તેને ઉઠાવીને જમીન પર ફેંકી શકતો નથી. જ્યાં સુધી તેના શરીર પર 'અહરામ' છે તેને તે મારી નહિ શકે. જ્યારે ઈસ્લામ એક જૂ સુધી મારવાનો આદેશ નથી આપતો, તો પછી તે વિશ્વના કોઈ પણ જીવને મારવાની વકીલાત કેવી રીતે કરી શકે?

•••

અલ્લાહને ચાહતા હો અને અલ્લાહવાળા બનવા માગતા હો તો અલ્લાહની હર ચીજને પ્યાર કરો. એના બદલામાં તે તમને ચાહશે અને પ્યાર કરશે. આધ્યાત્મિક પ્રગતિનો મૂળ મંત્ર છે શાકાહાર.

•••

નાગપુરના બાબા તાજુદ્દીન ગાયો સાથે ખૂબ પ્રેમ કરતા હતા. એમની પોતાની ગૌશાળા હતી. પ્રસિદ્ધ સ્ત્રી–સંત રાબેઆએ પણ ગૌશાળા સ્થાપિત કરી હતી. સૂફીઓએ પોતાની પત્નીઓ સાથે અનેક સ્થાનો પર ગૌશાળાઓ બનાવી અને ગાયોનું પાલનપોષણ કર્યું.

•••

'ઈસ્લામી જગતમાં પ્રાણીઓનું રક્ષણ' નામના પુસ્તકમાં અલ હફીઝ મસરી લખે છે કે ધર્મના નામ પર જે રીતે પશુઓની મુસલમાન કત્લ-એ-આમ કરે છે એ ધર્મના નામ પર કલંક છે. કુરાન તેમ જ અન્ય ઈસ્લામી વિદ્વાનોનાં અનેક પુસ્તકોના સંદર્ભ આપીને તેઓ લખે છે કે ન કેવળ જાનવરને જીવથી મારવા પરંતુ અન્ય પ્રકારની યાતનાઓ દેવી એ પણ ઘોર પાપ છે. વૃક્ષોને કાપવા

પણ મહાપાપ છે. કુદરતના કારખાનામાં જે છે તે એના છે, તું કોણ છે કે જે એનો દુરુપયોગ કરીને એની સૃષ્ટિને પડકારે છે?

•••

પવિત્ર કુરાનમાં કહ્યું છેઃ 'કોઈ જો નાના પંખીને પજવશે તો એનો જવાબ પણ તારે દેવો પડશે.'

•••

બાબરે 'તુજક બાબરી'માં પોતાના પુત્ર હુમાયૂંની વસિયત કરવા કહ્યું કે ભારતની જનતા ઘણી ધર્માળુ છે, તું એમની ભાવના-ઓનું સન્માન કરજે. તેઓ ગાયની પ્રતિ અત્યંત સંવેદનશીલ છે, એથી મોગલ સામ્રાજ્યની સીમામાં એનો વધ ન થવા દેતો. જે દિવસે આ ફરમાનને મોગલ બાદશાહ ઠુકરાવી દેશે એમને અહીંની જનતાય ઠોકર મારશે. ઔરંગઝેબે એને ઠોકર મારી તો મોગલ સામ્રાજ્યને બેહાલ થતાં વાર ન લાગી.

•••

ગાયના સંરક્ષણના પક્ષધર જ્યારે ઈસ્લામમાં છે તો પછી ભારતીય મુસલમાનોને એ સવાલ જ શા માટે ઉઠાવવો જોઈએ? મુસલમાન સ્વયં ખેડૂત છે અને ગૌપાલનનો વ્યવસાય કરે છે એથી સમજદારીનો તકાજો એ છે કે આ ચર્ચાસ્પદ મુદ્દાને હંમેશા માટે સમાપ્ત કરી દે. ભારત સરકાર જો સંપૂર્ણ દેશમાં ગૌવધ પર પ્રતિબંધ જાહેર કરે તો મુસલમાન ખરેખર એનું સ્વાગત કરશે. દેશના કાયદાનો અનાદર કરવાની છૂટ ઈસ્લામ નથી આપતો.

•••

૨૮ જુલાઈ ૧૮૫૭ના ગૌવધ પર પ્રતિબંધ લગાવીને જે શાહી ફરમાન જાહેર કરવામાં આવ્યું હતું તે આ પ્રમાણે હતુંઃ

'ખલ્ક ખુદા કા, મુલ્ક બાદશાહ કા, હુકમ ફૌજ કે બડે સરદાર કા જોઈ કોઈ ઈસ મૌસમ બકરી ઈદ મેં યા ઉસ કે આગે પીછે ગાય, બૈલ યા બછડા જુકા કર યા છિપા કર અપને ઘરમેં જબહ (હલાલ) યા કુરબાન કરેગા વહ આદમી હૂઝૂર જહાંપનાહ કા દુશ્મન સમજા જાએગા ઔર ઉસે સજાએ મૌત (મૃત્યુદંડ) દી જાએંગી.'

–અને ઇતિહાસ સાક્ષી છે કે ૧ ઑગસ્ટ ૧૮૫૭ના સંપન્ન બકરી ઈદ પર એક પણ ગાય, બળદ અથવા વાછરડાની હત્યા નથી થઈ.

•••

સાંપ્રદાયિક સૌહાદ્ર બનાવી રાખવા માટે ભારતમાં ગોવધ પર પ્રતિબંધ અનિવાર્ય છે. ભિન્ન ભિન્ન ઈસ્લામી વિદ્વાનોએ અત્યાર સુધીમાં ૧૧૭ વાર ફતવાઓ જારી કરીને ગાય ન કાપવા માટે મુસ્લિમ બંધુઓને અપીલ કરી છે. જમીઅતુલ ઓલેમાના સ્વર્ગીય અધ્યક્ષ અસદ મદનીએ એન.ડી.એ સરકારના સમયમાં ઉર્દૂ સમાચાર પત્રોમાં પોતાનો અહેવાલ જારી કરીને મુસલમાનોને આગ્રહ કર્યો હતો કે તેઓ બકરી ઈદને દિવસે ગાયની કુરબાની ન કરે.

•••

નાગપુરમાં એક એવા જ મુસ્લિમ સંત અને એમની પત્ની ગૌશાલા ચલાવતા હતા. તાજુદ્દીન બાબા પ્રસિદ્ધ ગૌભક્ત હતા. અનેક ઊર્દૂ કવિઓએ ગાયના ગુણગાન ગાતી કવિતાઓ લખી છે. હિંદીમાં રસખાન આ માટે મશહૂર છે તો ઊર્દૂમાં મેરઠના સ્વર્ગીય કવિ મોહમ્મદ ઈસ્માઇલ સાહેબ પ્રખ્યાત છે. એમની એ સરલ અને મધુર કવિતાને યાદ કરીને ઉર્દૂ કક્ષાઓના વિદ્યાર્થીઓ ગૌમાતાના યશોગાન કરે છે.

•••

'અલ શફીઅ ફાર્મ' અરબસ્તાનની શુષ્ક અને વેરાન જમીન પર ૨૦ વર્ષ પૂર્વે સ્થાપિત કરવામાં આવ્યું હતું. રણપ્રદેશમાં જે મુશ્કેલીઓ હોય છે એનો સામનો કરતાં કરતાં એ ફાર્મ તૈયાર કરાયું જે આજે વિશ્વના સારા ફાર્મોમાં ગણવામાં આવે છે.

•••

'અલ શફીઅ ફાર્મ'માં આ સમયે કુલ ૩૬ હજાર ગાયો છે. એમાં ૫૦૦૦ ભારતીય વંશની છે. ભારતીય ગાયોના દૂધનું સેવન કરનારો એક વિશેષ વર્ગ છે. રિયાદમાં રહેતાં શાહી પરિવારમાં ૪૦૦ લીટર ભારતીય ગાયોનું દૂધ જાય છે. બાકીની માત્રા ઊંટનાં દૂધની હોય છે. 'અલ શફીઅ ફાર્મ'ની ગાયોનો રંગ કાં તો સફેદ હોય છે અથવા તો કાળો.

•••

હાલ 'અલ શફીઅ ફાર્મ'ની ગાયોમાંથી પ્રતિ વર્ષ ૧૬ કરોડ ૫૦ લાખ લીટર દૂધ પ્રાપ્ત કરવામાં આવે છે. અહીં દૂધ દોહવા માટે ઓરડાઓ બનાવવામાં આવ્યા છે. હર કમરામાં ૧૨૦ ગાયોનું દૂધ મશીનથી કાઢવામાં આવે છે. એક ગાયનું દૂધ કાઢવામાં દસ મિનિટનો સમય લાગે છે. હરેક ગાય સરેરાશ ૪૫ લીટર દૂધ આપે છે. જે ગાય દૂધ દેવાનું બંધ કરી દે છે એનો વિભાગ અલગ છે. એને કતલખાનામાં વેચવામાં આવતી નથી. પણ એના મૂત્ર અને છાણનો ખાતરના રૂપે ઉપયોગ કરવામાં આવે છે.

•••

કોઈ બંગલાના દરવાજે આપણે બેલ દબાવીએ છીએ તો એમાંથી એક કૂતરાના ભોંકવાનો અવાજ આવે છે. જે દિવસે ગાયના ભાંભરવાનો અવાજ આવશે તે દિવસે આપણે ગૌભક્ત કહેવડાવવાનું ગૌરવ પ્રાપ્ત કરીશું.

•••

ગાયની સેવા બંને સમાજોને ગંગા અને યમુનાની જેમ એક કરી શકે છે.

•••

કુરબાનીનો અર્થ ઘેટાં, બકરાં, અથવા તો ગાયને કત્લ કરવાનો નથી. બલકે બાબા મોહિયુદ્દીનના મત અનુસાર આપણી ભીતર જે લાખો, કરોડો પ્રકારનાં દોષ, પશુતા અને દાનવતા ભરી પડી છે તેની હત્યા કરી દઈએ.

•••

'બકરી ઈદ'ના અવસરે સરેરાશ સાડા સાત હજાર કરોડોનો વેપાર એકલું મુંબઈ કરે છે.

•••

જાફર સજ્જાદ પૂછે છે કે આ કેવી ધાર્મિક ભાવના છે કે મોંઘા પશુને કાપવાની સ્પર્ધા થાય છે અને લોકો પોતાની આબરૂ બચાવવા માટે પોતાનો જીવ દઈ બેસે છે? પાકિસ્તાનમાં ૯૫ ટકા લોકો સમાજમાં પોતાની શાખ બચાવવા માટે કોઈ પશુની કુરબાની કરવા માટે પ્રેરિત થાય છે. શું આ પ્રકારની સ્પર્ધા બકરાનો જીવ લેતાં લેતાં મનુષ્યનો જીવ નથી લઈ રહી? આ વૃત્તિની પાકિસ્તાનમાં આલોચના થઈ રહી છે, પણ જેમને માટે ધર્મ કેવળ કર્મકાંડ છે અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ છે, તેઓ ધર્મના આત્માને કચડવા સિવાય બીજું કાંઈ પણ નથી કરી રહ્યાં.

•••

શરીયત કોઈને લાચાર નથી કરતો કે તે વ્યર્થમાં એવા કામ કરે જેથી દેશનું પર્યાવરણ જોખમમાં પડે! ધર્મનું બીજું નામ છે પ્રકૃતિ-પ્રેમ અને વિવેક. જો કોઈ મનુષ્ય તે ત્યાગી દે છે તો તે ક્યારેય ધર્મ નથી કહેવાતો. બલકે બદનામ કરનાર જ કહેવાશે. યાદ રહે ઈસ્લામનું નામ સલામતી–સુરક્ષા છે.

•••

આપણી સામે બે ચિત્રો છે. એક તે જેમાં તેઓ ધર્મનું નામ લઈને કોઈ પણ પ્રાણીને સતાવે છે, એની હત્યા કરે છે અને હિંસાને પોતાના જીવનમાં સ્થાન આપે છે. બીજું ચિત્ર, કુરાન, હદીસ અને પયગંબર સાહેબના જીવનની તે ઘટનાઓ છે જે ચીસી ચીસીને કહે છે કે દુનિયામાં સૌથી મોટો ધર્મ કેવળ અહિંસા છે.

•••

ઈસ્લામી અને ખ્રિસ્તીઓ બંને એ વાતનો સ્વીકાર કરે છે કે આદમે સફરજનનો સર્વપ્રથમ સ્વાદ ચાખ્યો. કેટલાંક શાસ્ત્રોમાં ઘઉંનો પણ ઉલ્લેખ છે. ભિન્ન મત હોઈ શકે પણ એક વાત સ્પષ્ટ છે કે બંને વસ્તુઓ ધરતીની પેદાશ હતી. દુનિયાનો પહેલો આદમી શાકાહારી હતો.જેના પિતા શાકાહારી હોય તો બેટાને પણ શાકાહારી થવું જ જોઈએ.

•••

પવિત્ર કુરાનમાં કેવળ દૂધ અને મધની માત્ર પ્રશંસા જ નથી કરી બલકે સદીઓથી મનુષ્ય જેને ખાતો આવ્યો છે તે શાકભાજી અને ફળફૂલ તેમ જ પાંદડાઓનું પણ વર્ણન છે.

•••

સંત, ઋષિ-મુનિ અને પયગંબર તેઓ ચાહે છે ગમે તે ક્ષેત્રના તેઓએ અધિકતમ શાકાહારનો ઉપયોગ કરીને જ ઈશ્વરની ઉપાસના કરી છે. સાત્ત્વિક ભોજન જ અધ્યાત્મનું પ્રથમ પગથિયું છે એથી પયગંબર હઝરત મોહમ્મદ સાહેબ અને એમના ખલીફા-ઓએ સત્તૂ (જુવારનો લોટ) પસંદ કર્યા છે અને પોતાના સદાચારી જીવનમાં એને પોતાના ભોજનનું ખાસ અંગ બનાવેલ છે. સાત્ત્વિકતા જાળવી રાખવાને માટે ઉપવાસનો અંત મીઠું, દ્રાક્ષ અને ખજૂરથી કરવામાં આવે છે.

•••

સાત્ત્વિકતાની જાળવણી માટે હરેક ધર્મના મનુષ્યને શાકાહારી બનવું અનિવાર્ય થઈ જાય છે.

•••

પ્રસિદ્ધ જીવશાસ્ત્રી ડૉક્ટર અલી મેકનોફે લખ્યું છે કે મેં અમૃતનું નામ સાંભળ્યું છે પણ જોયું નથી. હું તો દૂધને જ અમૃત કહીશ. જ્યોર્જ બર્નાર્ડ શૉને કોઈએ પૂછ્યું કે આપના આટલા લાંબા આયુષ્યનું રહસ્ય શું છે તો એમણે આપ્યો કે દૂધ અને ફળ મારું ભોજન છે. માંસ તો બિલકુલ નથી ખાતો. દુનિયામાં ગાયનું દૂધ સૌથી ઉત્તમ છે કારણ કે એમાં ૮૭ પ્રતિશત પાણી, ૩.૫ પ્રતિશત પ્રોટીન હોય છે.

•••

સૂફીઓએ પોતાના ભોજનમાં સૌથી અધિક દૂધનો જ સ્વીકાર કર્યો છે.

•••

અહીં એ બધી વાતોની ચર્ચા એ માટે અનિવાર્ય છે કે માંસાહાર કરવાવાળા એ વાતને બરાબર સમજી લે કે જે ધર્મને પશુઓની હિંસા સાથે જોડે છે તે પ્રકૃતિ અને પોતાના ધર્મની સાથે ન્યાય નથી કરતા. એ દેશોમાં લખાયેલું સાહિત્ય એ બતાવે છે કે જીવન જીવવા માટે જે ખાદ્ય પદાર્થોની આવશ્યકતા છે તે વનસ્પતિ, શાકભાજી અને ફળફૂલના રૂપે મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે. એથી એનું સેવન એમને દીર્ઘ આયુષ્ય પ્રદાન કરશે અને જીવનમાં વિકાસ તથા પ્રગતિની ઊંચાઈઓએ લઈને જશે.

•••

આપણા સમાજમાં એક પ્રશ્ન વારંવાર ઊઠે છે કે જે માંસાહારી હોય છે તે શારીરિક રૂપથી મજબૂત હોય છે. પરંતુ આપણે જોઈએ છીએ કે હાથી, ઘોડા અને વાનરો એ ત્રણેય શાકાહારી છે. એમનાથી વધીને શક્તિશાળી બીજા જાનવરો નથી. આજ પણ શક્તિ માપવાનું ધોરણ હોર્સ પાવર છે. માંસાહાર ચરબી વધારી શકે છે પણ એમની તામસિકતા શરીરની ચપળતાને ક્ષીણ કરી દે

છે. એથી માંસાહારી પશુ શાકાહારી પશુઓની તુલનામાં વધુ સૂતા રહે છે. ભોજન પછી તેઓ સુસ્ત જણાય છે.

•••

લંડન વિશ્વવિદ્યાલયે પાછલા દિવસોમાં એક ચોંકાવી દે તેવું સર્વેક્ષણ પ્રસ્તુત કર્યું. જે બાળકોની બુદ્ધિમત્તાનું સ્તર ઊંચું હતું જેને અંગ્રેજીમાં 'આઈ ક્યૂ' કહેવામાં આવે છે તેઓ અધિકાંશ શાકાહારી હતા. સાઉથ-ટૈમ્પટન વિશ્વ વિદ્યાલયની એક ટીમને અધ્યયન દ્વારા જાણવા મળ્યું કે જે લોકો ૩૦ વર્ષની વયથી શાકાહારી બની ચૂક્યા છે, એ તમામના આઈ ક્યૂનું સ્તર ૧૦ વર્ષની આયુષ્યમાં સરેરાશથી પાંચ અંક અધિક હતું. શોધકર્તાઓએ કહ્યું કે એ કારણ છે કે જે લોકોનું આઈ ક્યૂનું સ્તર ઊંચું હોય છે, તેઓ અધિક સ્વસ્થ હોય છે; કારણ એ કે શાકાહારી ભોજનનો સીધો સંબંધ હૃદય રોગ અને જાડાઈને રોકવા માટે હોય છે.

•••

સુકર્ણોની પુત્રી મેઘાવતી જે ઈન્ડોનેશિયાની રાષ્ટ્રપતિ રહી ચૂકી છે તેઓ પૂર્ણ શાકાહારી હતી. ઈસ્લામી જગતમાં પ્રથમ નૉબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર ઇજિપ્તના નવલકથાકાર મેહફૂલ નજીબ શાકાહારી હતા. એથી શાકાહારી અને માંસાહારી થવાનું કારણ ધર્મ કદાપિ નથી હોતો.

•••

વિચાર કરો – દુનિયામાં જ્યાં મોટાં કતલખાનાં છે ત્યાં ભૂકંપ કેમ આવે છે? પાછળના દિવસો દરમિયાન ક્યારેક ભૂજમાં ધરતીકંપ આવ્યો તો ક્યારેક મહારાષ્ટ્રના તે ભાગમાં જે આંધ્ર સાથે જોડાયેલો છે. ભારતમાં અલકબીર નામના કતલખનાથી કોણ પરિચિત નથી જે રૂદ્રારમમાં હૈદ્રાબાદની પાસે આવેલું છે. જ્યારે એની હદમાં ભૂકંપ આવ્યો તો મહારાષ્ટ્રના ઉસ્માનાબાદ જિલ્લા સુધીના વિસ્તારને એણે હલાવી રાખી દીધા. કિલ્લરી નગરના કિલ્લોલતાં મનુષ્યની ચીસો રુદનમાં બદલાઈ ગઈ. દુનિયામાં જ્યાં મોટાં કતલખાનાં છે ત્યાં ભૂકંપ આવતા રહેવાનું શું કારણ છે? દિલ્હી ખાતે આવેલા જવાહરલાલ નહેરુ વિશ્વ વિદ્યાલયના વિજ્ઞાન વિભાગ સાથે જોડાયેલા ડૉક્ટર બજાજ અને ડૉક્ટર અબ્રાહમે સતત એની પર કામ કર્યું. એમનું અધ્યયન બતાવે છે કે પ્રતિ દિવસ લાખો જાનવર જે એ અને કતલખાનાંઓમાં કાપવામાં આવે છે એમની ચીસો ન કેવળ વાતાવરણમાં રાખતું પરંતુ ધરતીના પડળોને ચીરીને ભીતર સુધી પહોંચે છે. જ્યાં હર ક્ષણ ઊઠતા રહેતા તરંગોનું તાપમાન વધું રહે છે. એક સમય એવો આવે છે કે તે તરંગો જમીનનો સીનો ચીરીને બહાર નીકળી આવે છે. જે આપણા શબ્દોમાં ભૂકંપ છે.

•••

તુલસીદાસજીએ તો સ્પષ્ટ લખ્યું છે:

'તુલસી હાય ગરીબ કી કભી ન ખાલી જાય,
જ્યોં મુએ ઢોર કે ચર્મ સે લોહા ભસ્મ હો જાએ.'

•••

શ્રી બજાજ અને શ્રી અબ્રાહમે કેવળ તુલસીના વિચારને વિજ્ઞાનનો સ્વર આપ્યો છે, જેને દુનિયા ઘણે પહેલેથી જાણે છે.

•••

દુનિયાએ હજી સુધી બે મહાયુદ્ધ જોયાં છે. ત્રીજું મહાયુદ્ધ ક્યારે થશે એ કહેવું તો હાલ મુશ્કેલ છે. પણ વૈજ્ઞાનિકોનું કહેવું છે કે ત્રીજું મહાયુદ્ધ પાણીને માટે થશે.

•••

પાણીનો વપરાશ સૌથી અધિક કતલખાનાઓમાં થાય છે. અલકબીરમાં પ્રતિ વર્ષ ૪૮ કરોડ લીટર પેય પાણીનો ઉપયોગ કરે છે. મુંબઈનું દેવનાર ૬૪ કરોડ ૮૪ લાખ ગેલન પાણી વાપરે છે. દેશમાં ૬૦૦૦ લાયસન્સ પ્રાપ્ત કલતખાનાંઓ છે. આપણું અમૂલ્ય પાણી કલતખાનાંઓને સાફ કરવામાં, કપાયેલાં પશુઓને ધોવામાં અને એને બરફમાં પેક કરીને વિદેશ મોકલવામાં ચાલ્યું જાય છે! પાણી બચાવવાને માટે લોકો આહ્વાન કરે છે. શું આ વિષયમાં કાર્યરત સંસ્થાઓએ એ કાનૂની અને ગેરકાનૂની કતલખાનાંઓ તરફ ક્યારેય નજર સરખી નાખી છે.

•••

ભારતમાં લગાતાર માંસ ઉદ્યોગ વધી રહ્યો છે. હવે આપણે ડેરી ડેવલપમેન્ટ મંત્રાલય નથી ચલાવતા બલકે મટન ઍક્સપોર્ટ વિભાગ ચલાવીએ છીએ. આપણાં દુર્લભ પશુઓની સાથે આપણા અમૃત સમાન પાણીનો પણ આ હિંસાના ઉદ્યોગમાં ખર્ચ કરી રહ્યા છીએ.

•••

એ સિદ્ધાંત સામે આવે છે કે માંસાહાર કરવાવાળા શાકાહારી પશુપક્ષી પર નિર્ભર છે.

•••

માંસાહાર કરવાવાળાઓને યાદ રાખવું જોઈએ કે એમનો આધાર શાકાહાર છે.

•••

૨૧મી શતાબ્દી પાણીના સંકટની શતાબ્દી હશે એથી હવે સમય પાકી ગયો છે કે મનુષ્ય એ વાતનો ફેંસલો કરે કે એને જીવતા રહેવું છે કે નહિ! જીવન જોઈએ તો શાકાહાર એકમાત્ર વિકલ્પ છે અને મૃત્ય જોઈએ તો લોહીના સોદાગર બનીને આપણી સુંદર વસુંધરાને શૂળીના તખ્તા પર ચઢાવી દો.

•••

છેલ્લા દસ વર્ષમાં બે મોટી ટ્રેજડી જોવાને મળી છે. એક તો

'મેડ કાઉ'ની અને બીજી 'બર્ડ ફ્લૂ'ની. જ્યારે એ બીમારીઓની ભીતર ઝાંકીએ છીએ અને પરિસ્થિતિનું વિશ્લેષણ કરીએ છીએ ત્યારે જાણવા મળે છે કે વધુમાં વધુ ગાયનું દૂધ પ્રાપ્ત કરવા અને મોટી સંખ્યામાં મરઘાઓનો વેપાર કરવાની પ્રબળ લાલચે આ પ્રકારની ભયંકર બીમારીઓ પેદા કરી છે.

•••

આહાર પર આપણે ધર્મના કેટલાયે લપેટાઓ મારીએ પણ વાસ્તવિકતા એ છે કે શાકાહાર સ્વીકારીને અને દીર્ઘ આયુષ્ય બનીને પોતાના ધર્મની સેવા કરવી જ આ સદીનો માનવ ધર્મ બનશે.

•••

માંસાહારનાં બે રૂપ છે – એક તો એનું ભક્ષણ કરવું અને બીજું એનો વેપાર કરવો. પોતાના સ્વાદ અથવા તો ઉદરપૂર્તિ માટે એનો ઉપયોગ અત્યંત સીમિત અને અંગત વાત છે પણ જ્યારે એના વેપારનો મામલો આવે છે ત્યારે એવું લાગે છે કે દુનિયાના હર યુવાનમાંથી લોહી ટપકી રહ્યું છે! આપણી સામે ન કેવળ આપણા રૂપિયા બલકે ડૉલર, પૌંડ, દીનાર, રિયાલ અને યૂરો લોહીથી લથબથ નજર આવે છે!

•••

જે જાગરૂકતા બકરી ઈદના અવસર પર બતાવવામાં આવે છે તે વર્ષભર કેમ રહેતી નથી? દેશનાં કસાઈવાડાઓમાં હર વર્ષે લાખો પશુઓની કત્લ કરવામાં આવે છે. એમનું માંસ નિકાસ કરીને ભારે ન્યાલ બની જાય છે. એમની વિરુદ્ધ કોઈ સંગઠિત આંદોલન કેમ નથી ચલાવતું? માંસનો નિકાસ કરવાવાળી મોટી કંપનીઓ આ પ્રકારના વિરોધની ચિંતા કરતી નથી, કારણ કે એને ગભરાવાની જરૂર નથી.

•••

પહેલી જરૂરિયાત તો ભારતની જનતાને એ વ્યવસાયના સંબંધમાં જાગરૂક કરવાની છે – કેટલાં કતલખાનાં રોજ ખુલે છે, એમાં કેટલાં લાયસન્સદાર કાયદેસરનાં છે અને કેટલાં ગેર–કાનૂની એની જાણકારી ઘણા ઓછા લોકોને છે. એ કસાઈખાનાંઓમાં હર રોજ કેટલાં જાનવર કાપવામાં આવે છે? કાપવામાં આવેલાં જાનવરોની નિકાસ શી રીતે થાય છે? માંસ વેચવાવાળી કુલ કેટલી કંપની મોટી કંપનીઓ છે? હર વર્ષે તેઓ કેટલું કમાય છે? સરકારની આ સંબંધી શી નીતિ છે અને દેશનાં પર્યાવરણ અને દેશની અર્થવ્યવસ્થા પર એનો શું દુષ્પ્રભાવ પડી રહ્યો છે?

•••

દેશમાં અસંખ્ય મોરચાઓ નીકળે છે અને પ્રદર્શન આયોજીત કરવામાં આવે છે. અનેક મામલાઓમાં વિરોધી દળ સંસદને ઠપ્પ કરવા પ્રયાસો કરે છે અને કેટલાયે દિવસો સુધી ચાલવા નથી દેતાં. પણ આજ સુધી માંસના નિકાસ અને પશુઓને નિર્દયતાથી કાપવાના સંબંધમાં એવું કોઈ આંદોલન નથી ચાલ્યું. ગાંધીવાદી, ધાર્મિક નેતા અને સમાજનો બહુ નાનો બુઝુર્ગ વર્ગ આ આંદોલનમાં જોડાય છે. પણ યુવાનોની દૂર દૂર સુધી ભાળ મળતી નથી! એથી ભાવી પેઢી જ્યાં સુધી જાગરૂક નહિ થાય ત્યાં સુધી લોકતાંત્રિક સરકારમાં એનું સમાધાન મળવું મુશ્કેલ છે.

•••

જો હવે પણ આપણા પશુધન પર લોકો પોતાની ચિંતા નહિ દાખવે તો પછી ભારત ૨૦૨૧માં વિશ્વની મહાશક્તિ બનશે કે કેમ એ કહેવું મુશ્કેલ છે.

•••

ગાંધીએ ચીંધેલા માર્ગ પર ચાલીને જે દેશે આઝાદી હાંસલ કરી અને નિઃશસ્ત્રીકરણને સ્વીકારીને પંચશીલને આત્મસાત કરવાની યોજના બનાવી. એના નેતાઓને તો પહેલે જ દિવસે એ ઘોષણા કરી દેવાની હતી કે ભારતની ભૂમિ પર જેટલાં જલચર, થલચર અને નભચર છે એમનાં રક્ષણ કરવામાં આવશે. આપણી પ્રાચીન પરંપરા અનુસાર સરકાર જાનવરોનાં માંસનો વેપાર નહિ કરે. આઝાદીની લડાઈને સમયે પંડિત જવાહરલાલ નહેરુએ લાહોરમાં સ્થાપિત થનારા કસાઈવાડાનો બરાબર, જામી પડીને વિરોધ કર્યો હતો. એમણે કહ્યું હતું કે હું કસાઈખાનાનો વિરોધ કરું છું. જ્યાં કાગડાઓ, સમડીઓ અને ગીધ ચક્કર લગાવતા હોય અને જ્યાં કૂતરાઓનાં ઝૂંડ હાડકાંઓ ઝાપટતાં હોય તે દૃશ્ય હું બિલકુલ પસંદ કરતો નથી! પશુ આપણા દેશનું ધન છે કે એના હ્રાસને હું કયારેય સહન નથી કરી શકતો.

•••

અંગ્રેજોના સમયમાં મધ્ય પ્રદેશના નગર સાગરમાં એક કસાઈવાડો ખોલવાની યોજના હતી પણ એની વિરુદ્ધ જ્યારે જનતાનો મોટો સમુદાય ઊમટ્યો હતો ત્યારે બ્રિટિશ સત્તાધીશોને પણ ઝૂકવું પડ્યું હતું.

•••

આઝાદી પહેલાં જવાહરલાલજીના જે વિચાર હતા તે સત્તા આવતાં જ કોણ જાણે કેમ ક્યાં ગુમ થઈ ગયા? એમણે દેશના પ્રધાન મંત્રીના રૂપે ૧૭ વર્ષ નેતૃત્વ કર્યું. પણ પછીનું જે દૃશ્ય છે તે શરીરનાં રુંવાડાં ઊભાં કરી દેવાવાળું છે. ૧૯૪૭ થી આધુનિક કતલખાનાંઓની જે શૃંખલા શરૂ થઈ તે આજે પણ શમી નથી. ભારત સરકારની નજર વિદેશી ચલણ માટે જ્યારે દેશની મૂલ્યવાન વસ્તુઓની તરફ જવા લાગી ત્યારે સૌથી પહેલી નજર ભારતના પશુધન પર પહોંચી. તત્કાલીન સરકારોને એ પ્રશાસનમાં બેઠેલા કસાઈઓએ એક જ ઉપાય સૂઝવ્યો કે માંસનો નિકાસ કરીને સરકાર કરોડો ડોલર કમાઈ શકે છે. ત્યારથી ન તો સરકારની

નીતિ બદલી છે અને ન તો નિયત બદલી છે. માંસનો પ્રવાહ નિકાસ રૂપે જારી છે અને ડોલરોનો પ્રવાહ ભારતની ભૂમિની તરફ આવી રહ્યો છે.

•••

ખાટકીઓની સંખ્યા ૧૯૪૭માં માત્ર ૬૦ હજાર હતી પણ આજે તે વધીને પાંચ કરોડની આસપાસ પહોંચી ગઈ છે. એ પણ તે સ્થિતિમાં જ્યારે કે બધાં જ કલતખાનામાં આધુનિક મશીન લાગી ચૂકી છે અને એમાં કામ કરવાવાળાઓનું પ્રમાણ સૌથી અધિક નથી હોતું.

•••

મુંબઈ પોલીસ વિભાગની જાણકારી મુજબ ૧૯૯૫ સુધી દેશમાં ૩૬૦૦૦ કતલખાનાંઓ હતાં. પાંચ કતલખાનાં અત્યંત આધુનિક મશીનોથી સજ્જ અને ૨૪ ઍક્સપોર્ટ ઓરિયેંટેડ એકમો છે. છેલ્લા દસ વર્ષમાં આધુનિક કતલખાનાંની સંખ્યા પાંચથી વધીને ૨૫ થઈ.

•••

અલકબીર ઍક્સપોર્ટ લિમિટેડની ચર્ચા ઘણી બધી થઈ ચૂકી છે. એના નામથી એવું લાગે છે કે જાણે તે લઘુમતિ સમાજના ધન્ના શેઠોની દેણ છે. પણ એના સંચાલક બહુમતિ સમાજથી અધિક છે. એમાંના કેટલાક તો એ પંથો સાથે સંબંધિત છે જે માંસ કાપવું તો ઘણે દૂર, પણ એનું નામ લેવાથી પણ પરહેજ કરે છે.

•••

અલકબીરવાળાઓએ પોતાની નીચતા ન છોડી. ૩૦ જાન્યુઆરી ૧૯૮૯ના દિવસે આંધ્ર પ્રદેશના રૂદ્રારમ નામના ગામમાં હૈદરાબાદની પાસે મૈદક જિલ્લામાં આવેલા પરિસરમાં એક યાંત્રિક કતલખાનું સ્થાપિત કરવાને માટે અરજી કરી. આંધ્ર સરકારે માત્ર સાડાત્રણ મહિના બાદ ૪ મે,૧૯૮૯ના રોજ એ કતલખાનાને માટે પોતાની સ્વીકૃતિ પ્રદાન કરી. ૩૦ જાન્યુઆરી–મહાત્માજીની શહીદીનો દિવસ છે. શું આંધ્ર સરકારે આ પ્રકારની ઘૃણિત અને લોહીમાં ડૂબેલી શ્રદ્ધાંજલિ દઈને મજાક નથી ઉડાવી? તત્કાલીન કોંગ્રેસ સરકારનું આનાથી વધીને બીજું પાપ શું હોઈ શકે?

•••

એક વર્ષમાં એ કતલખાનું એક લાખ ૮૦ હજાર ભેંસ–પાડા અને સાત લાખ ઘેટાં–બકરાં કાપે છે. ભારતના માંસાહારીઓ માટે નહિ, બલકે અરબસ્તાનમાં બેઠેલા તેલિયા રાજાઓ માટે. જે રાત–દિવસ દીનાર અને રિયાલની વર્ષા કરે છે તથા જે અલકબીરના માલિકોની પાસે જમા થઈ જાય છે. સરકાર એમના નિકાસ પર ગર્વ કરે છે અને સારા નિકાસ કરવાવાળાને પુરસ્કાર આપીને એમની પીઠ થપથપાવે છે.

•••

ભારતીય જનતા અને અહિંસા પ્રેમીઓના લગાતાર વિરોધ કરવાથી અલકબીરનું નામ તો જાણીતું–માનીતું છે પણ આ પ્રકારના ૩૮ અન્ય એકમો ભારતીય પશુઓનાં કત્લ-એ-આમ કરીને હર વર્ષે કરોડોની કમાણી કરી રહ્યા છે. એનામાં ચંદીગઢની પાસે પટિયાળા જિલ્લાના ડેરાબકસી ગામમાં ઑસ્ટ્રેલિયન કંપનીના સહયોગથી એવું કતલખાનું સ્થાપિત થયું છે, જેમાં ૮ કલાકમાં ૨૦૦૦ પશુઓની હત્યા કરવામાં આવે છે. એ કારખાનાંઓને એ વાત પર ગર્વ છે કે એમની પ્રતિષ્ઠા અમેરિકન અને યુરોપિયન કંપનીની સમાન છે એથી ભારતમાં એમના માંસ–નિકાસનું સન્માનિત સ્થાન છે.

•••

મુંબઈના દેવનાર કતલખાનાની ચર્ચા હર પળ થતી રહે છે. એમાં હર રોજ ૧૦૦૦ બળદ, ગાય, પાડા અને ભેંસો કપાય છે. ૧૬,૯૦૦ ઘેટાં–બકરાં કપાઈને માંસના વેચાણ માટે બજારમાં પહોંચી જાય છે. દેવનારના અધિકતમ આંકડા એ બતાવે છે કે ૧૯૮૭-૧૯૮૮માં ૨૫ લાખ ઘેટાં-બકરીઓ, ૮૦ હજાર ભેંસો અને પાડાઓ, ૫૨૦૦ વાછરડાંઓ અને ૫૦ હજાર સુવ્વરો કાપવામાં આવ્યા. બાન્દ્રા ઉપનગરથી જ્યારે કતલખાનું દેવનાર લાવવામાં આવ્યું હતું એ સમયે આ વિભાગના આયુક્તે પ્રૅસ સંમેલનમાં કહ્યું હતું કે આ કતલખાનું એટલું તો આધુનિક છે કે પશુની કોઈ ચીજ નકામી નહિ જાય!

•••

ખેતીથી માંડીને જીવનની વ્યવહારિકતામાં ગાયના ઉપયોગને કોઈ પણ નકારી નથી શકતું. પણ તે ગાયના માંસનો સોદો કરીને ડોલરપતિ બનવા એવા જ જાણે કોઈ કપૂત પોતાની માનું લિલામ કરીને ધન્ના શેઠ બનવા ચાહે છે! ગાયની સાથે જોડાયેલી આપણી પ્રગતિ પર જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે જી. સી. બેનર્જી દ્વારા લિખિત એમનું પુસ્તક 'એનીમલ હસબન્ડરી' આપણી આંખોની સામે આવીને ખડું થાય છે.

•••

એમણે જે આંકડાઓ આપ્યા છે તેને વાંચીને તો એવું લાગે છે કે ૨૧મી સદીનો અંત થતાં થતાં ગાયના નામનું કોઈ પ્રાણી ભારતમાં બચશે કે નહિ!

•••

ભારતમાં જ્યારે વિદેશી મુદ્રાની કમી નજર આવે છે તો ભારત સરકાર માંસનો નિકાસ વધારી દે છે. ભારતમાં જ્યારે વૈશ્વિકરણનો દોર શરૂ નહોતો થયો તે સમય સુધી આપણે પશુઓને જ વિદેશી ચલણની ખાણ સમજી હતી.

•••

૧૮૮૯માં ભારત સરકારે 'મીટ ટૅકનોલૉજી મિશન' સ્થાપિત કર્યું હતું.

•••

એકવાર સસ્તો અને સુલભ માર્ગ મળી ગયા પછી એ રસ્તાને કોણ છોડવા ઇચ્છે ? એને આગળ વધારવા માટે સરકારે આધુનિક કતલખાનાંઓને સાડા ચાર સો કરોડ રૂપિયાની સહાય કરી. એ એટલા માટે કે વિદેશથી આધુનિકતમ યંત્ર ખરીદી માંસના ઉત્પાદનમાં વૃદ્ધિ કરી શકે. મોટા કસાઈવાડાઓને એટલા માટે સસ્તા વ્યાજ પર લોન આપવામાં આવી કે તે પશુઓને ઝડપભેર કાપીને, પેક કરી શકે તો વિદેશમાં માલ જલ્દી પહોંચી શકે.

•••

બ્રિટિશની 'ફ્રેમ એનીમલ કાઉન્સિલ' નામની સંસ્થાના અધ્યક્ષનું કહેવાનું છે કે કોઈને મારી નાખવું એ સૌથી મોટી ક્રૂરતા છે.

•••

કતલખાનાંની આ સંસ્કૃતિને કોઈ ઉચિત નહિ ઠેરવી શકે. ઈસ્લામ તો કદાપિ નહિ, જેમણે પશુપક્ષીઓને આપણા જેવા પ્રાણીઓ જ માન્યા છે. સંપૂર્ણ પુસ્તકમાં અનેક સ્થળે એનું દર્શન થાય છે. એથી મુસલમાનોને જ નહિ સંપૂર્ણ દુનિયાના લોકોને એ વાતનું આત્મમંથન કરવું જોઈએ કે શું તેઓ પોતાને બનાવનાર પરવરદિગારની દુનિયાનું રક્ષણ કરી રહ્યા છે ?

•••

હઝરતે અલીએ કહ્યું છે : 'જીવન જીવો તો મધની માખીની જેમ.'

ઈસ્લામ સહિત બધા ધર્મોમાં દૂધ દેતાં પશુના વધ કરવા અનૈતિક જ નહિ, ઘોર પાપ છે.

•••

ચિંતાની વાત એ છે કે ભારતની રાજધાની દિલ્હી સહિત આઠ રાજ્યો એવાં છે જેમની દૂધ-પ્રાપ્તિ દસ વર્ષ બાદ ઘટી છે. એનો સીધો અર્થ એ છે કે દૂધાળ પશુ કતલખાનાંઓને ભેટ ચઢી ગયાં છે. આપણાં પશુઓ કપાતાં રહે તો આ હાલત દૂધના ઉત્પાદનની બાબતમાં અન્ય પ્રદેશોની પણ થવાની છે.'

❑ **ધનવંત શાહ**

**ઈસ્લામ અને શાકાહાર :** પદ્મશ્રી મુઝફ્ફર હુસૈન-મુંબઈ.
ફોન : ૨૫૧૭૦૯૯૦
પ્રવીણ પ્રકાશન-રાજકોટ (૦૨૮૧) ૨૨૩૨ ૪૬૦

✷✷✷

## 'પ્રબુદ્ધ જીવન' સૌજન્ય યોજના

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન 'પ્રબુદ્ધ જીવન'ની આર્થિક સ્થિરતા માટે જિજ્ઞાસુ શ્રોતા સમક્ષ ઉપરોક્ત યોજના અમે પ્રસ્તુત કરી હતી.

આ યોજનામાં કોઈ પણ એક મહિના માટે કોઈ પણ વ્યક્તિ રૂા.૨૦,૦૦૦/- લખાવી એ મહિના માટે 'પ્રબુદ્ધ જીવન'ના સૌજન્યદાતા બની શકશે. સૌજન્યદાતાનું નામ અને જેમની સ્મૃતિ માટે આ દાન અપાયું છે એમનું નામ, માત્ર આ બે નામો જ પ્રથમ પૃષ્ટ ઉપર પ્રગટ થશે.

અમને જણાવતાં આનંદ થાય છે, આ જ્ઞાન કર્મનો લાભ લેવા આ આઠ દિવસ દરમિયાન અમને ૨૨ સૌજન્યદાતા પ્રાપ્ત થયા જેમના યશસ્વી નામો નીચે મુજબ છે.

**'પ્રબુદ્ધ જીવન' સૌજન્યદાતાઓ**

(૧) શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
(૨) શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
(૩) ડૉ. ધનવંતરાય તિલકરાય શાહ
(૪) શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી
(૫) શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ
(૬) શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
(૭) શ્રી નીતિનભાઈ સોનાવાલા
(૮) શ્રી ચંદ્રકાંત ધુડાભાઈ ગાંધી
(૯) શ્રી કાંતિલાલ પરીખ
(૧૦) શ્રી કાંતિલાલ પરીખ
(૧૧) શ્રી કાંતિલાલ પરીખ
(૧૩) શ્રીમતી વીણાબેન સુરેશભાઈ ચોકસી
(૧૩) શ્રી જિતેન્દ્ર રમણીકલાલ વોરા
(૧૪) શ્રી જિતેન્દ્ર રમણીકલાલ વોરા
(૧૫) શ્રીમતી ઝવેરબેન માણેકલાલ એમ. સંગોઈ
(૧૬) શ્રીમતી ભગવતીબેન પી. સોનાવાલા
(૧૭) શ્રી હર્ષરંજન દીપચંદ શાહ
(૧૮) શ્રીમતી શારદાબેન બાબુભાઈ શાહ
(૧૯) શ્રીમતી મણિબેન મણિલાલ ચુનીલાલ સોનાવાલા
(૨૦) એક શુભેચ્છક મહાશય
(૨૧) શ્રીમતી ઈલાબેન મોદી
(૨૦) ઓનવર્ડ ફાઉન્ડેશન

સૌજન્યદાતા પ્રાપ્ત થયાથી 'પ્રબુદ્ધ જીવન' વધુ વાચન લઈને આપની સમક્ષ ઉપસ્થિત થઈ શકશે, એની શરૂઆત આ અંકથી જ થઈ છે.

આપ પણ સૌજન્યદાતા બની જ્ઞાનકર્મ પુણ્ય પ્રાપ્ત કરો એવી અમારી ભાવના છે. આપ સૌજન્ય દાતાનું નામ, સ્મૃતિ નામ અને આપને ઇચ્છિત મહિનો લખી જણાવી રૂા. ૨૦,૦૦૦/- નો **ચેક શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**ના નામે મોકલવા વિનંતિ. આ દાન ૮૦ G ને પાત્ર છે. ૮૦ G સર્ટિફિકેટ આપને મોકલી શકાશે.

**પ્રમુખ**
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન

❑ દક્ષા જાની

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ૭૪મી પર્યુષણ વ્યાખ્યાન-માળા સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી જૈન ધર્મના અભ્યાસુ ડૉ. ધનવંત શાહની અધ્યક્ષતા હેઠળ નવ દિવસ સુધી ન્યૂ મરીન લાઇન્સ સ્થિત પાટકર હૉલમાં યોજાઈ હતી. ૨૭મી ઑગસ્ટથી ચોથી સપ્ટેમ્બર સુધી યોજાયેલી આ વ્યાખ્યાનમાળા શ્રાવકો માટે જ્ઞાન અને ભક્તિરસની ગંગા બની હતી. પર્વાધિરાજ પર્યુષણ દરમિયાન તીર્થંકરોની ઉપાસનાની સાથે જરૂરતમંદ સંસ્થાઓને ઉપયોગી થવાનો અનોખો સેવાયજ્ઞ સંઘે ઈ. સ. ૧૯૮૫થી શરૂ કર્યો છે. તેના ભાગરૂપે ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં સેવાપ્રવૃત્તિ ચલાવતી સંસ્થાઓ માટે દર વર્ષે નાણાં એકઠા કરી આપવામાં આવે છે. તે અનુસાર આ વર્ષે નવસારી જિલ્લામાં મરોલી સ્થિત કસ્તુરબા સેવાશ્રમને મદદરૂપ થવાની ટહેલ નાખવામાં આવી હતી. તે સંસ્થા માટે આશરે ૨૧ લાખ રૂપિયા જેટલી રકમ એકઠી કરાઈ હતી. કપડવંજ સ્થિત મંદબુદ્ધિના બાળકો માટેની શાળા માટે રમકડાં આપવાની ટહેલને પણ સારો પ્રતિસાદ મળ્યો હતો.

'સંઘ'ના પ્રમુખ રસિકભાઈ શાહ તથા ઉપપ્રમુખ ચંદ્રકાંત ડી. શાહે મરોલી સ્થિત કસ્તુરબા સેવાશ્રમ સંસ્થાને ઉદાર હાથે સહાય કરવાનો અનુરોધ કર્યો હતો. ખજાનચી ભૂપેન્દ્ર ઝવેરી અને સહમંત્રી વર્ષાબહેન શાહે દાતાઓના નામની વિગતો જાહેર કરી હતી. મંત્રી નીરુબહેન શાહે આભારવિધિ કરી હતી.

## જૈન ધર્મનું મેઘધનુષ વિશે

**ડૉ. કુમારપાળ દેસાઈ**

જૈન ધર્મની પરંપરા શબ્દસ્થ અથવા ગ્રંથસ્થ નહીં પણ હૃદયસ્થ છે. બીજી વિશેષતા પ્રાચીનતા છે. જૈન ધર્મ બૌદ્ધ ધર્મનો સમકાલીન નહીં પણ તેનાથી પુરાણો છે. ત્રીજી વિશિષ્ઠતા વાણિજ્ય છે. ટ્રસ્ટીશિપના સિદ્ધાંતની વાતો થોડા દાયકાથી સંભળાય છે પણ દાન અને સ્નેહ જૈનોના લોહીમાં છે. દુષ્કાળ સમયે જગડુશા શેઠે માત્ર ભારત નહીં પણ છેક કંદહાર સુધી ૧૧૪ દાનશાળા શરૂ કરી હતી. પોતા માટે ઓછું અને સમાજ માટે વધુ વાપરવાની જૈનોની પરંપરા છે. ત્યાગ ચોથી ખાસિયત છે. પ્રભુ મહાવીરે રાજપાટ અને પરિવારનો ત્યાગ કર્યો હતો અને વનમાં આશ્રય લીધો હતો. પાંચમી ખાસિયત બાહ્યશત્રુ કરતાં અંદરના શત્રુઓને જીતવા પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. છઠ્ઠી વિશિષ્ઠતા વૈરાગ્યની છે. રાજા કુમારપાળની વિજયયાત્રામાં ફર્યા પછી તેમના ગુરુ હેમચંદ્રાચાર્યે રાજ્યમાં અન્નવસ્ત્ર વિના જીવતા લોકોની વાત કરી હતી. રાજાના ગુરુ હોવા છતાં હેમચંદ્રાચાર્ય સાવ સામાન્ય અંગવસ્ત્ર ઓઢીને વિજયયાત્રામાં ફર્યા હતા. જૈન સાધુઓ ઓછામાં ઓછા અન્નવસ્ત્રથી જીવન વ્યતિત કરે છે. જૈન ધર્મ માત્ર મનુષ્યને નહીં પણ જીવ માત્ર અને પ્રકૃતિને પ્રેમ કરતાં શીખવે છે તે તેની સાતમી વિશિષ્ઠતા છે. જૈન ધર્મમાં માત્ર પશુઓના નહીં પણ પર્યાવરણના અધિકારોની વાત પણ છે. આ સાતેય વિશિષ્ઠતાઓ મેઘધનુષના રંગોની જેમ એકમેકથી સંકળાયેલી છે.

## ધર્મચિંતનના ચાર સૂત્રો વિશે

**વસંતભાઈ ખોખાણી**

ધર્મ સિવાય બીજું કોઈપણ કાર્ય કરવું નહીં. જે કાર્ય કરવાથી ધર્મનું આરાધન ન થાય તેનાથી અળગા રહેવું જોઈએ. બીજું, કોઈપણ સંજોગોમાં જીવમાત્રની હિંસા કરવી નહીં, જેવો મારો આત્મા છે એવો જ આત્મા બીજાનો છે એવો ભાવ રાખવો. બીજાના જીવને આદર આપવો. કોઈપણ પ્રાણી વધને યોગ્ય નથી. અહિંસા જૈન ધર્મની આગવી ઓળખ છે. અભયથી ઉત્તમ કોઈ દાન નથી. ત્રીજું, જગતમાં આત્મા શાશ્વત છે અને જીવન ક્ષણ-ભંગુર છે. આ જગત પંખીના માળા જેવું છે. રાગમાંથી ઉત્પન્ન થયેલા પ્રેમમાંથી બંધનો આવે છે. પુત્રપ્રાપ્તિની મહેચ્છા સ્નેહરાગ છે. કામરાગમાં નાણાં વડે મેળવી શકાય એવા ભૌતિક-ક્ષણિક સુખો ભોગવવાની લાલસાનો સમાવેશ થાય છે. દૃષ્ટિરાગમાં અહમ્ અને પ્રતિષ્ઠાની એષણાનો સમાવેશ થાય છે. ઇચ્છાઓ ક્યારેય પૂરી થતી નથી તે હંમેશા વધે છે. ચોથું જીવને વિવેક હોતો નથી. ઇશ્વરનો ઉપદેશ માનવો કે ડૉક્ટરની સલાહ તેમજ ગુરુની શીખામણ માનવી કે વકીલની સલાહ તેની સમજ પડતી નથી. અંતર્મુખ થઈને પ્રજ્ઞાથી પરમતત્ત્વને પામવાનો, ઓળખવાનો પ્રયત્ન કરો. તેના વડે થોડા જન્મોના ફેરામાંથી બચી શકાશે.

## ગુરુ ગૌતમ સ્વામી વિશે

**ભારતીબહેન ભગુભાઈ શાહ**

દિવાળીમાં ચોપડા પૂજન ટાણે આપણે તેમાં ગૌતમ સ્વામીની લબ્ધિ હોજો એવું લખાણ લખીએ છીએ તે ગુરુ ગૌતમ સ્વામીમાં વિદ્યા, વિનય, વિવેક, સરળતા, સમર્પણ, સમતા, ત્યાગ, તપ અને તિતિક્ષા એ નવ ગુણ હતા. ગૌતમ સ્વામીનો જન્મ ગૌતમ કુળમાં થયો હતો. તેમના પિતાનું નામ વાસુદેવ હતું. તેમનું બાળપણનું નામ ઈન્દ્રવૃતિ હતું. તેમના ભાઈઓના નામ અગ્નિવૃતિ અને વાયુવૃતિ હતાં. સ્વામીનો અર્થ સ્વમાં એટલે કે પોતાનામાં અમી ભરવું. જે પોતાના માનવ જીવનના ઘડામાં અમી ભરે છે તે સ્વામી બને છે. સૌમિલ બ્રાહ્મણ દ્વારા થતાં યજ્ઞ સમયે પ્રભુ

મહાવીરના તપનું તેજસ્વીપણું જોયા પછી તેમણે ૫૦ વર્ષની વયે ૫૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી હતી. તેઓ કહેતા કે એક ક્ષણ પણ પ્રમાદ પાલવે એમ નથી. તે સમજીને તેઓ ચાર પ્રહર અધ્યયન અને બે પ્રહર ધ્યાન કરતા હતા. શેષ બે પ્રહાર તેઓ નિદ્રા અને નિત્યક્રમ માટે ખર્ચતા હતા. તેમને પ્રભુ મહાવીર પ્રત્યે અપાર પ્રીતિ હતી. પ્રભુ મહાવીર નિર્વાણ પામ્યાના ખબર તેમને રસ્તામાં મળ્યા પછી તેમણે કરેલા વિલાપનું વર્ણન આંખોમાં આંસુ લાવી દે એવું છે. તે ખબર મળ્યા પછી ગુરુ ગૌતમ સ્વામીએ લોગસ્સ સૂત્રની રચના કરી હતી.

## શ્રી ગુરુ ગ્રંથસાહેબ વિશે

**ડૉ. ભૂપેન્દ્રસિંગ ભાટિયા**

શીખોના ધર્મગ્રંથ શ્રીગુરુ ગ્રંથ સાહેબમાં ભક્તિની અને સત્યની ઉપાસનાનો સંદેશ છે. તેમાં સત્‌ની પ્રાપ્તિ કરો, સંતોષનો વિચાર કરો અને પ્રભુના અમૃત સમાન નામનું સ્મરણ કરો એવો ઉપદેશ આપવામાં આવ્યો છે. શીખ ધર્મની સ્થાપના ગુરુ નાનકે ઑક્ટોબર, ૧૭૦૮માં કરી હતી. ગુરુ નાનકે ભારત ભ્રમણ કરીને ભક્તકવિઓની રચનાઓ એકઠી કરી હતી. તે બધી શીખોના પાંચમા ગુરુ ગુરુ અર્જુનસિંહે શ્રી ગુરુ ગ્રંથ સાહેબમાં સમાવી છે. તેમાં કબીર અને સૂફી સંતોની રચનાઓ પણ છે. શીખ ધર્મમાં તે સમયના બ્રાહ્મણવાદને નકારવામાં આવ્યો હતો. તેમાં ઊંચ કે નીચ જાતિના એવા ભેદભાવ નથી. પ્રભુ સર્વત્ર, સર્વશક્તિમાન, નિર્ભય, વેરભાવ વિહોણો, જન્મમૃત્યુથી પર, અને સમયથી પર છે. ઇશ્વર દયાળુ કે કૃપાળુ છે એવું વારંવાર બોલવાથી તેને કોઈ ફેર પડતો નથી પણ આપણે દયાળુ કે ક્ષમાશીલ થવાની જરૂર છે એવી સમજણ કેળવવી જોઈએ. શીખ ધર્મમાં શ્રી ગુરુ ગ્રંથ સાહેબના શબ્દને જ ગુરુ માનવામાં આવે છે. ગુરુ ગોવિંદસિંહના બે કિશોર વયના પુત્રોને નવાબે ચંડીગઢ પાસે સરહનમાં જીવતા દિવાલમાં ચણી દઈને મારી નાંખ્યા હતા. એટલું જ નહીં પણ તેમની અંતિમ વિધિ માટે જગ્યા આપવાનો ઇન્કાર કર્યો હતો. તે સમયે ટોડરમલ જૈન નામના જૈન ગૃહસ્થે સોનામહોર વડે તે જમીન ખરીદી હતી. તે જૈન ગૃહસ્થનું ઋણ આજે પણ શીખ કોમ પર છે.

## પ્રતિમાપૂજન વિશે

**પ્રા. તારાબહેન રમણભાઈ શાહ**

પ્રભુની પ્રતિમાનું પૂજન સરળ છે પણ તે તાત્ત્વિક દૃષ્ટિએ મહત્ત્વ સમજીને કરવાનું હોય છે. પ્રભુની પ્રતિમાનું પૂજન કરવા ભય વિના, દ્વેષ વિના અને પ્રસન્ન ચિત્તે જવું જોઈએ. પૂજન માટેની સામગ્રી નીતિની કમાણીમાંથી ખરીદેલી હોવી જોઈએ. પ્રતિમાપૂજન મંદિર જેવી પવિત્ર જગ્યાએ થાય. પ્રતિમાપૂજનમાં દ્રવ્ય, ક્ષેત્ર (જગ્યા), કાળ અને ભાવની શુદ્ધિ મહત્ત્વની છે. મંદિરમાં પ્રવેશ્યા પછી પરિવાર કે કામધંધા સંબંધી વિચારો ન કરવા. દ્રવ્યપૂજા અને ભાવપૂજા એ પ્રતિમા પૂજનના બે પ્રકાર છે. દ્રવ્યપૂજામાં અંગ પૂજા અને અગર પૂજાનો સમાવેશ થાય છે. પ્રભુની પ્રતિમાને સ્નાન એ આપણા આત્માને સ્નાન કરાવવાનું પ્રતીક છે. પ્રભુના અંગુઠાની, કરકાંડાની, ખભાની, ભાલ પ્રદેશની, હૃદયની અને નાભિકમળની પૂજાનું ખાસ મહત્ત્વ હોય છે. દેરાસર કે મંદિરના નિર્માણ માટે ફાળો આપ્યા પછી કર્તૃત્વ ભાવ રાખવો ન જોઈએ. તેમાં પોતાનું નામ સહુથી ઉપર કે મોટા અક્ષરે લખાય એવી ઇચ્છા ન રાખવી જોઈએ. ઉત્તમ શ્રાવક બનવા માટે ન્યાય–નીતિથી કમાવું જોઈએ.

## નિમિત્ત ઉપાદાન વિશે

**પંડિત ફૂલચંદ શાસ્ત્રી**

આ જગતમાં બધા કાર્ય ઉપાદાનની યોગ્યતાથી થાય છે અને નિમિત્ત તો ત્યાં માત્ર હાજર હોય છે. આત્મજ્ઞાનને કારણે જ જગતના બધા જીવો અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ અને દુઃખમાંથી સુખ તરફ જાય છે. જગતમાં જે કંઈ પરિણમન થાય છે તેનો કર્તા હું છું એમ દરેક અજ્ઞાની માને છે. તે માન્યતાનું નામ કર્તૃત્વ બુદ્ધિ છે. ગાડાની નીચે ચાલતો શ્વાન ગાડું પોતે ખેંચે છે એવી કથા જેવો ઘાટ છે. પુત્રો ભણે તો પિતા કહે છે કે મેં ભણાવ્યા અને ન ભણે તો કહેશે તેઓ ભણ્યા નહીં. નિમિત્ત પર આરોપ મૂકવો તે મિથ્યાત્વ છે. ઉપાદાનની યોગ્યતા પાકે ત્યારે નિમિત્ત સહજ રીતે પ્રાપ્ત થાય છે. લગ્નોત્સુકને પત્ની મળે એટલે સાળો આપોઆપ મળી જાય છે. સાળાને શોધવા જવું પડતું નથી. જેઓમાં ઉપાદાનની યોગ્યતા હોય એ તેને નિમિત્ત મળે જ છે. શરીર પર નિયંત્રણ છે પણ વાળ ધોળા થતાં રોકી શકાતાં નથી. હું કર્તા નહીં પણ જ્ઞાતા છું. આ જગતમાં કશું સારું કે ખરાબ નથી, કશું જૂનું કે નવું નથી અને કશું વહેલું કે મોડું નથી એ છ સૂત્રો યાદ રાખવા જેવા છે. તમે મારુતિ–૮૦૦ મોટર ખરીદો તો તે તમારા માટે સારી છે. પણ જેની પાસે તેનાથી વધુ મોંઘી મોટર હોય તેના માટે તે સારી નથી. દુકાનમાંથી બે હજારની સાડી ખરીદવી સારી લાગે પણ દુકાનદાર કહેશે કે બે વર્ષ જૂની સાડી વેચાઈ ગઈ. જગતમાં સારી કે ખરાબ વસ્તુ માત્ર કલ્પનામાં જ છે.

## સત્યની ઉપાસના વિશે

**શૈલજાબહેન ચેતનભાઈ શાહ**

વસ્તુની યથાર્થ આભિવ્યક્તિ એ સત્ય એવો અર્થ થાય. સત્યનો હ્રાસ કે ઉલ્લંઘન માનવસમાજને જખ્મી બનાવે છે. સત્ય એ જ ધર્મ, તપ, બ્રહ્મ અને પરમ યજ્ઞ છે. મન, વચન, અને કર્મ વચ્ચે એકરૂપતા સત્ય છે. દેરાસરમાં નિયમિત જવા છતાં મનમાં ઇશ્વર

પ્રત્યે ભાવ નથી તો તે અસત્ય છે. લોકો દસ પ્રકારે ખોટું બોલે છે. કેટલાક પોતાનો મોભો દેખાડવા દંભથી, છેતરવા, વસ્તુ મેળવવા કે લોભથી, વેર કે ઇર્ષ્યાથી, ઉપરી અધિકારીના ભયથી, મજાક કે હાસ્ય ઊભું કરવા, અને ખોટું દોષારોપણ કરવા ખોટું બોલે છે. હું તારા માટે આકાશમાંથી તારા તોડી લાવું એવું પ્રેમી પ્રેમિકાને કહે ત્યારે તે ખોટું બોલતો હોય છે. લગ્ન પૂર્વે કે બાદ ખોટું આચરણ કરવાથી છૂટાછેડા થઈ શકે. સત્ય સાપેક્ષ છે. દસ ડીગ્રી સેન્ટીગ્રેડ ઉષ્ણતામાન હોય ત્યારે આફ્રિકન વ્યક્તિ કહેશે કે ઘણી ઠંડી છે અને ઉત્તરધ્રુવમાં રહે તો વ્યક્તિ કહેશે કે ઘણી ગરમી છે. વાસ્તવમાં બંને સાચા છે. આ અનેકાંતવાદનો સિદ્ધાંત જૈન ધર્મએ માનવજાતિને આપેલી મહત્ત્વની ભેટ છે.

## મંત્ર-યંત્ર-તંત્ર વિશે

**ડૉ. નરેશ વેદ**

૮૪ લાખ યોનિમાં દુર્લભ મનુષ્યજન્મ માત્ર નવ વખત જ મળે છે. આગમોમાં જીવનનું સ્વરૂપ, કાર્યક્ષેત્ર, કાર્ય અને પરિણામ અર્થાત્ આખા જીવનનું આખુંય વ્યાકરણ આપવામાં આવ્યું છે. શબ્દોના બનેલા મંત્રનું મનન કરવાથી સાધકોનું રક્ષણ થાય છે. આત્માને શોધતા પહેલા મનને કાબૂમાં રાખતા શીખવું પડે છે. ચિત્તને શાંત રાખવા યોગની મદદ લેવી જોઈએ. યોગનો અર્થ જોડાણ કે સંધાણ છે. રેતીનો ઢગલો કર્યા પછી વધુ ને વધુ રેતી નાંખવાથી પડી જાય છે. પણ તેમાં સિમેન્ટ ભેળવવામાં આવે તો ઈમારત બને. જીવનની ઈમારત ઉભી કરવા યોગ ઉત્તમ વસ્તુ છે. યોગમાં મંત્ર, લય, હઠ અને રાજનો સમાવેશ થાય છે. મંત્રયોગ ચિત્તને સુરક્ષિત રાખવાની પ્રક્રિયા છે. તેના ઉપાષ્ય, ઉપાસક અને ઉપદેશતા વચ્ચે સમન્વય સધાવો જોઈએ. મંત્ર સાધના વડે ચિતવૃત્તિ શમે છે અને વાસનાનો ક્ષય થાય છે. આત્મ સાક્ષાત્કારથી આત્મસિદ્ધિ તરફ જવાય છે. મંત્રસિદ્ધિના પ્રથમ તબક્કામાં શુદ્ધ વિદ્યા સાથે, મંત્રસ્વરના તબક્કામાં ઇશ્વર સાથે અને મંત્રમહેશ્વર દ્વારા સદાશિવ સાથે સાયુજ્ય થાય છે. મંત્ર એ શસ્ત્ર છે અને ચૈતન્ય પ્રાપ્ત કરી આપે છે. સદ્ગુરુ પાસેથી મળેલા મંત્રની ઉપાસના જલ્દી સિદ્ધિ થાય છે. યંત્ર મંત્રના સૂક્ષ્મ રહસ્યોને પ્રગટ કરે છે. જ્ઞાનનો વિસ્તાર જેના થકી થાય તેને તંત્ર કહે છે.

## અધ્યાત્મ અને વિજ્ઞાન વિશે

**મનુભાઈ દોશી**

અધ્યાત્મ અને વિજ્ઞાન વચ્ચે સંબંધ છે. પર્યાવરણ અને માનસશાસ્ત્ર બંનેમાં અધ્યાત્મ અને વિજ્ઞાન છે. અધ્યાત્મ કહે છે કે મૃત શરીરમાં જડ અને ચેતન ભિન્ન હોય છે. મૃત વ્યક્તિના શરીરમાંથી ચક્ષુઓ કાઢીને બીજાના શરીરમાં બેસાડવામાં આવે તો તે દેખતો થાય છે. આ બાબત વૈજ્ઞાનિક દૃષ્ટિએ સત્ય છે. શ્રદ્ધાના હુંફાળા સ્પર્શથી વ્યક્તિ ઇચ્છીત વસ્તુ મેળવી શકે છે. આપણે અંતરમનની ચેતનાને જગાડીને તેની સાથે વાત કરવી જોઈએ. તમારા મનમાં બેસેલા સદ્ગુરુ માર્ગદર્શન આપશે. મારે જે વસ્તુ જોઈએ છે તે આપવા ઇશ્વર આતુર છે. વ્યસન, રોગ, ક્રોધ અને નિષ્ફળતાને તટસ્થતાથી જુઓ. કાલ્પનિક ભયથી ડરી જવાનું તજી દેવું જોઈએ. વ્યસન છોડવામાં અગાઉ વીસ વખત નિષ્ફળતા મળી હોય તો પણ ૨૧મી વખત સફળતા મળશે એવો વિચાર કરો. અહમ્‌ને ત્યાગીને આગળ વધવાથી સફળતા મળી શકશે. વર્તમાન પરિસ્થિતિ માટે આપણે જ જવાબદાર હોઈએ છીએ. નબળી પરિસ્થિતિ ઘણીવાર નકારાત્મક વિચારોનું ઘડતર કરે છે.

## સાચો ધર્મ-કાચો ધર્મ વિશે

**ડૉ. ગુણવંત શાહ**

આપણા મહંત, મુલ્લા અને પાદરીઓનો સંબંધ કાચા ધર્મ સાથે છે. આસારામના રૂપમાં નહીં પણ ઘણીવાર સફારી સુટમાં પણ સંત હોય છે. તેઓને ઓળખીને સન્માન નહીં કરીએ તો સમાજને નુકશાન થશે. આપણા તીર્થોમાં બાહ્યાચાર દેખાય છે. તે આચરનારાઓ સાચા ધર્મથી દૂર છે. આપણે સુદ્ધાં બાહ્યાચારમાં રમમાણ છીએ. સુરતના એક વેપારીએ મારા પુસ્તકો વાંચીને કરચોરી છોડી દીધી અને કામદારોને પૂરું વળતર આપ્યું. તેના કારણે મોટું આર્થિક નુકશાન થયું છે છતાં તેઓ પોતે નક્કી કરેલા સાચા માર્ગ પર ચાલવા મક્કમ છે. સફારી સુટમાંના સંતનું સન્માન કરતાં શીખવું પડશે. હું તેઓને 'માઈક્રો ગાંધી' કહું છું. તેઓનો આદર કરતાં શીખવું પડશે. સાચો ધર્મ આંબા જેવો છે. તેની કેરી ખવાય પણ પાંદડા અને ડાળી ન ખવાય. આપણે સત્ય, અહિંસા, કરુણા, અપરિગ્રહ અને અસ્તેય જેવા સિદ્ધાંતોની અવગણના કરીને બાહ્યાચાર તરફ વળ્યા છીએ. તેના કારણે આપણે મૂળને બદલે પાંદડાં અને ડાળને પાણી આપતાં હોઈએ એવો ઘાટ છે. આતંકવાદની નાબુદી માટે જગતમાં જૈન ધર્મનો ફેલાવો કરવો જોઈએ. કાચો ધર્મ લાઉડસ્પીકરમાં બોલે છે. સાચો ધર્મ એકાંત મંદિરમાં અને આનંદની ધજા ફરકતી હોય ત્યાં મળે છે. અભય બનો નહીં ત્યાં સુધી અહિંસા પાલન મુશ્કેલ છે.

## મૈથિલી ભાષાની ભક્તિકવિતા વિશે

**ડૉ. નલિની મડગાંવકર**

બિહારના અને નેપાળના કેટલાક જિલ્લામાં મૈથિલી ભાષા બોલાય છે. આ પ્રદેશમાં શિવ, શક્તિ અને વિષ્ણુની ઉપાસના થાય છે પણ શિવ ઉપાસકોનું પ્રમાણ વધુ છે. આ પ્રદેશમાં ભાગવતપુરાણ લોકપ્રિય ગ્રંથ છે. કૃષ્ણભક્તિમાં માનતા કવિઓએ શૃંગારરસથી પ્રચૂર પ્રણય ભક્તિના કાવ્યો રચ્યા છે.

મૈથિલી ભાષામાં મહાકાવ્ય અને ખંડકાવ્ય પણ રચાયા છે. શ્રીરામ, શ્રીકૃષ્ણ અને જગન્નાથના લગ્નપ્રસંગોને આવરી લેતા ભક્તિકાવ્યો રચાયા છે. ત્યાં બિહુલા નામી ગીતકથાનો પ્રકાર પણ જાણીતો છે. કવિ વિદ્યાપતિ રચિત ભક્તિ કાવ્યો અને ગીતો હસ્તપ્રતરૂપે આજે પણ સચવાયા છે. તેમની પ્રથમ રચના સંસ્કૃતભાષામાં હતી. બીજો ગ્રંથ પુરુષપરીક્ષા હતો. શિવભક્તિ કવિ વિદ્યાપતિને ત્યાં ભગવાન શંકર સેવકરૂપે રહેતા હોવાની વાયકા છે. તેમના રાજા શિવસિંહના પત્ની લખીમા અને વિદ્યાપતિના પુત્રવધૂ ચંદ્રકલા પણ કવિયત્રી હતા.

## મહાત્મા ગાંધી અને પંચ મહાવ્રત વિશે

### ડૉ. યોગેન્દ્ર પારેખ

જૈન ધર્મના મહત્ત્વના સિદ્ધાંતો અહિંસા અસ્તેય, અપરિગ્રહ અને અનેકાંતવાદની મહાત્મા ગાંધીજી પર ઊંડી અસર હતી. તેઓ સત્ય અંગે કહેતા કે મારું નિર્મળ અંતઃકરણ કહે તે કાલ્પનિક સત્યને દીવાદાંડી સમાન માનીને હું આગળ વધુ છું. સત્ય સાપેક્ષ છે. આજે હું જે સત્ય માનું છું તે કાલે સત્ય ન હોઈ શકે. ગાંધીજી કહેતા કે વેદોમાં અસ્પૃશ્યતાનું સમર્થન કરવામાં આવ્યું છે એવું પુરવાર થાય તો હું વેદોનો પણ ત્યાગ કરું. મહાભારતમાં યુધિષ્ઠિરે પણ અશ્વત્થામા નામનો હાથી મર્યો ત્યારે 'નરોવા કુંજરોવા' કહ્યું હતું. પણ ગાંધીજીએ સત્ય અને અહિંસા અંગે તેમનું વલણ સ્પષ્ટ રાખ્યું હતું. અસહકાર આંદોલન સમયે ૨૨ પોલીસોને બાળી મૂકવામાં આવ્યા ત્યારે તેમણે તે પાછું ખેંચી લીધું હતું. અમેરિકાના પાદરી રેવરેંડ મોટે ગાંધીજીને એકવાર પૂછ્યું હતું કે ભારતની પ્રજાની કઈ બે મહતત્વની વિશેષતા છે? ગાંધીજીએ કહ્યું હતું કે ભારતની પ્રજાના અહિંસા પરના વિશ્વાસનો મને આનંદ છે અને ભણેલા માણસોની હૃદયહીનતાથી દુઃખી છું.

## આવો ધર્મને ઓળખીએ વિશે

### મુનિશ્રી જયપ્રભ વિજયજીમહારાજ

સવારે દીવાબત્તી કરી અને માળા જપી એટલે આજનો ધર્મ પૂરો એવું ન હોવું જોઈએ. ધર્મ કરવાની નહીં પણ જીવનમાં વણી લેવાની બાબત છે. વ્યાખ્યાન સાંભળ્યા પછી જીવનમાં ચિંતનનો દોર શરૂ થવો જોઈએ. જીવનમાં જ્ઞાન મેળવવા વ્યાખ્યાન સાંભળવું જોઈએ. તેનાથી વ્યવહાર-સ્વભાવ સુધરે છે. દુનિયા જીતનારા છેવટે મૃત્યુ સામે હારી જાય છે અને ખુદને જીતનારો અરિહંત છે. પોતાના પર નિયંત્રણ મેળવવા જેવી સાધના કોઈ નથી. અહમ્ છોડવાનું અને સ્વભાવ બદલવાનું શીખવે તે ધર્મ છે. પ્રભાવ પાડતા શીખવે તે પાખંડ છે. દુનિયાને સુધારવાની ચિંતા ન કરો પોતાની જાતને સુધારો. ધર્મમાં ઊંડે ન ઉતરો. ધર્મને તમારામાં ઊંડે ઉતારો. ધર્મના ઠેકેદાર બનવાનો પ્રયત્ન ન કરો. ધર્મને નાસ્તિકોથી નહીં પણ ઠેકેદારોથી ખતરો છે. ધાર્મિક વ્યક્તિ ક્યારેય અપમાન, અપશબ્દ, ગર્વ કે અભિમાનની ભાષા બોલતો નથી.

## 'ક્ષમા અમૃત હૈ' વિશે

### વિદૂષી સાધ્વી પૂ. સુરેખાશ્રીજી

જૈન ધર્મમાં ક્ષમા આપવાનું સંવત્સરી પર્વ આખા જગતમાં બેનમૂન છે. જગતના બીજા કોઈ ધર્મમાં આ પ્રકારનું પર્વ નથી. જૈન ધર્મમાં ક્ષમાનું વિશિષ્ઠ પર્વ છે એ જૈનો માટે સૌભાગ્ય છે. આ દિવસે આપણે વર્ષ દરમિયાન કરેલી ભૂલોનો વિચાર અને સમીક્ષા કરવી જોઈએ. તે ભૂલો ફરી થાય નહીં તેનો પણ વિચાર કરવો જોઈએ. આ પર્વ દ્વારા આપણે હૃદયમાં પ્રેમ અને મૈત્રીનો અખંડ દીપ પ્રગટાવવાનો છે. આપણામાં સૂતેલી ચેતનાને જગાડવાની છે. સંવત્સરીનું પર્વ એ ધાર્મિક જીવનની વર્ષગાંઠ છે. ક્ષમા માગવાનો ગુણ આપણી અંદર આવે તો બીજા સદ્‌ગુણો પણ તેની સાથોસાથ પોતાની મેળે આવશે. હૃદયમાં હંમેશા ક્ષમા અને મૈત્રીનું ઝરણું વહેતું રાખવું જોઈએ. ક્ષમા આપવાનો અર્થ મનના અંદરની ગાંઠ ખોલી નાંખવી એવો થાય છે. ક્ષમા આપવી એ ધર્મની પરિક્રમા કરવા સમાન છે.

## 'મિચ્છામિ દુક્કડમ' વિશે

### ભાગ્યેશ જહાઁ

આપણે ક્ષમા આપીએ ત્યારે અસ્તિત્વનો ઉત્સવ આવે છે અને તેને ફૂલ ફૂટે છે. ક્ષમામાં આંતરદર્શન કરવું જોઈએ. ક્ષમા આપતી અને માંગતી વેળાએ હૃદયનું વલોણું થાય છે. તેમાંથી સદ્‌ગુણો પ્રગટે છે. હિન્દુ ધર્મમાં પણ શરીરથી, મનથી અને કાયાથી થયેલા પાપોની માફી માગવાનો શ્લોક છે. જે મારે તે વીર છે અને ક્ષમા આપે તે મહાવીર છે. ક્ષમા એ ઈશ્વર આરાધનાનું ગૌરીશિખર છે. ધર્મ વ્યક્તિને ટ્રાન્સફોર્મેશન એટલે કે બદલાવ કે પુનઃજાગૃતિ તરફ લઈ જાય છે. પૃથ્વીનો ૩૫ વાર વિનાશ કરી શકાય એટલા હાઈડ્રોજન બોમ્બ જગતમાં પડેલા છે. પણ જગતમાંના અને ભારતમાંના સંતો અને આસ્તિકોના પુણ્યના બળથી જગતનો વિનાશ થતો નથી. વર્તમાન સમયમાં લોકોમાં સંયમ ઘટતો જાય છે અને પ્રેમમાં ઉંડાણ રહ્યું નથી. યુવાવર્ગને આપણે ધર્મ અને સંસ્કૃતિ ભણી વાળવાની જરૂર છે.

## શ્રી જૈન મહાવીર ગીતા વિશે

### ડૉ. ધનવંત શાહ

શ્રી જૈન મહાવીર ગીતાની રચના કરનારા યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજનો જન્મ મહેસાણામાં કણબી ખેડૂતને ત્યાં થયો હતો. એઓશ્રીનું સંસારી નામ બહેચરદાસ હતું. તેમણે ૧૦૦ વર્ષ પૂર્વે કરેલી આગાહી મહુડી તીર્થમાં બોર્ડ પર લખવામાં આવી છે. તેમાં જણાવ્યા અનુસાર ભારતમાં પ્રભુ મહાવીરના સિદ્ધાંતો અનુસાર રાજ ચાલશે. આજે ભારતમાં અહિંસક રીતે લોકશાહી પદ્ધતિથી રાજ ચાલે છે. આ ભવિષ્યવાણી

કેવળજ્ઞાનનું પરિણામ છે. મહાવીર ગીતામાં વિવિધ પ્રશ્નોના પ્રભુ મહાવીરે આપેલા ઉત્તરો સમાવી લેવામાં આવ્યા છે. તેના શ્રદ્ધા, પ્રેમ, કર્મ, ધર્મ, નીતિ, સંસ્કાર, ગુરુભક્તિ, જ્ઞાન અને યોગ એમ ૧૬ અધ્યાયમાં ૩૦૦૦ ગાથાઓનો સમાવેશ થાય છે. માત્ર ૫૧મા વર્ષે કાળધર્મ પામ્યા તે પહેલાં સાધુ તરીકેના ૨૪ વર્ષના સમયગાળામાં તેમણે ગુજરાતી, સંસ્કૃત અને પ્રાકૃતભાષામાં ૧૪૧ ગ્રંથો લખ્યા હતા. ૨૫,૦૦૦ પુસ્તકોનું વાંચન કર્યું હતું. તેઓ નિયમિતપણે ડાયરી લખતા હતા. કાળધર્મ પામ્યા તે પૂર્વે ગીતાની હસ્તપ્રત તેમણે શિષ્યોને આપીને ૨૫ વર્ષ બાદ પ્રકાશિત કરવાનું કહ્યું હતું. પણ તેનું પ્રકાશન માત્ર ૩૫ વર્ષ પૂર્વે જ કરી શકાયું હતું. હજી ગુજરાતીમાં તેનું ભાષાંતર થયું નથી.

## ક્ષમાધર્મ : 'ખ્રિસ્તી ધર્મ અને અન્ય ધર્મોમાં' વિશે

**ડૉ. ઈશાનંદ વેમ્પની**

પરમ પિતા ઈશુ દયાળુ અને ક્ષમાશીલ છે. તેથી તેના સંતાનોએ પણ દયાળુ અને ક્ષમાશીલ હોવું જોઈએ. ખ્રિસ્તી ધર્મમાં ક્ષમાનું ખાસ મહત્ત્વ છે. આપણે ક્ષમા શા માટે આપવી જોઈએ તેના કારણો આપવામાં આવ્યા છે. પ્રથમ, ઈશુ ક્ષમા આપે છે. બીજું, તેમની ક્ષમા મેળવવાની પાત્રતા મેળવવા આપણે તેમના સંતાનોએ ક્ષમા આપવી જોઈએ. ત્રીજું, ક્ષમા વિના કુટુમ્બ જીવનમાં શાંતિ રહી શકે નહીં. ક્ષમાભાવ ન હોય એ પરિવારોમાં પ્રેમ અને ઐક્ય નહીં હોય. તેના કારણો જગતમાં ભાઈચારો ઉભો કરવામાં અવરોધ સર્જાઈ શકે છે. ઈશુએ ક્ષમાનો ઉપદેશ આપ્યો નહોતો. તેને આચરણમાં મૂક્યો હતો. હિન્દુ ધર્મમાં ક્ષમાને વિશિષ્ઠ મહત્ત્વ અપાયું છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧૬મા અધ્યાયમાં ક્ષમા એ વીરોનું આભૂષણ છે એમ કહેવાયું છે. જૈન ધર્મમાં તો ક્ષમા આપવા અને માગવા માટે ખાસ પર્વ છે. તે જૈન ધર્મની આગવી ખાસિયત છે.

આ સર્વ પ્રવચનોની સી. ડી. (એક પ્રવચન ૪૫ મિનિટનું) શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાંથી આપ પ્રાપ્ત કરી શકશો.

✷ ✷ ✷

## કસ્તુરબા સેવાશ્રમ મરોલી

આ વરસની પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન આર્થિક સહયોગ માટે ઉપરની સંસ્થા માટે દાનની વિનંતિ કરતા સંઘને દાતાઓ તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે.

અત્યાર સુધી લગભગ ૨૧ લાખથી ઉપર રકમ એકત્રિત થઈ છે. અને હજુ દાનનો પ્રવાહ ચાલુ રહ્યો છે.

'પ્રબુદ્ધ જીવન'ના ઑક્ટોબરના અંકમાં દાન-દાતાની વિગતો પ્રગટ કરીશું. ધન્યવાદ

❑ મેનેજર

## વિધવિધ ધર્મ અને અહિંસા (પૃષ્ટ બીજાનું ચાલુ)

લોકો રાક્ષસ સમાન છે. ગુરુદ્વારાઓમાં લંગરમાં અનિવાર્ય-પણે શાકાહાર બને છે.

**ઇસ્લામ ધર્મ**

ખુદાનો અર્થ રહીમ. એટલે સમસ્ત વિશ્વ પર દયા રહમ કરનારો દીપક! સૌ સૂફી સંતોએ નેક જીવન, દયા, સાદા શાકાહારી ભોજન ઉપર જોર આપ્યું છે. ઇસ્લામ ધર્મના સ્થાપક મહંમદ પયગંબર સાહેબ પોતાના અનુયાયીઓને કહેતા: 'પશુ મનુષ્યના નાનાં ભાંડુ છે.' 'અલ્લાહ પાસે પશુબલિનું ન માંસ પહોંચે છે કે ન લોહી. પહોંચે છે આપની શુદ્ધતા, પવિત્રતા.'

જો તમારે બલિ આપવી છે તો તમારા અહંભાવ અને અભિમાનની બલિ આપો.

અગર તું સદા માટે સ્વર્ગમાં નિવાસ ઈચ્છતો હોય તો ખુદાની સૃષ્ટિ સાથે દયા અને હમદર્દીથી વરત. જો કોઈ ઈન્સાન કોઈ બેગુનાહ પંખીડાને મારે છે તો એમનો એણે ખુદાને જવાબ દેવો પડશે. અને જો કોઈ પક્ષીને દવા આપી બચાવશે તો કયામતને દિવસે ખુદા તેના પર રહેમ કરશે.

**બૌદ્ધ ધર્મ**

સૌ પ્રાણી મરવાથી ડરે છે. સૌ મૃત્યુથી ભયભીત છે. એમને પોતા સમાન સમજો. એટલે ન એમને કષ્ટ આપો અને એમના ન પ્રાણ લો. બૌદ્ધ ધર્મના પંચશીલ અથવા સદાચારના પાંચ નિયમોમાં પ્રથમ અને મુખ્ય નિયમ કોઈ પ્રાણીને દુઃખ ન દેવું. અહિંસા છે પાંચમો નિયમ. શરાબ આદિ નશીલા પદાર્થો ત્યાગવાના આદેશ છે. લંકાવતાર સૂત્રના આઠમા કાંડ અનુસાર : આવાગમનના લાંબા કર્મને કારણે પ્રત્યેક જીવ કોઈ ને કોઈ જન્મમાં, કોઈ ને કોઈ રૂપમાં આપણા સંબંધી રહ્યા હશે એમ મનાયું છે. એમાં દરેક પ્રાણી સાથે પોતાનાં શિશુ સમાન પ્રેમ કરવાનો નિર્દેશ છે.

ભોજન એ જ યોગ્ય ગણ્યું છે જેમાં માંસ કે લોહી અંશ માત્ર ન હોય!

**પારસી ધર્મ**

જે દુષ્ટ મનુષ્ય પશુઓ, ઘેટાં અને અન્ય ચૌપગાંની અન્યાયપૂર્ણ રીતે હત્યા કરે છે એમનાં અંગોપાંગ તોડીને છિન્ન ભિન્ન કરાશે.

–જૈન્દ અવેસ્તા

**યહૂદી ધર્મ**

પૃથ્વીના દરેક પશુ અને ઊડનારાં પક્ષી તથા હરેક પ્રાણી જે ધરતી પર છે જેઓમાં જીવ છે. એ સૌને માટે મેં માંસને બદલે લીલાં પાંદડાં સર્જ્યાં છે. જ્યારે તમે પ્રાર્થના કરો છો તો હું સાંભળતો નથી–જો તમારા હાથ ખૂનથી રંગાયા હશે.

❑ સં. કિરણભાઈ જે. કામદાર

✷ ✷ ✷

# 'સમ્યક્ત્વ' એટલે 'સાચા સુખની પ્રતીતિ'

❑ ડૉ. છાયાબેન શાહ

સૌ પ્રથમ સુખ એટલે શું ? એ વિષે વિચારણા કરીએ તો વિવિધ મંતવ્યો આવે. એક મત પ્રણાણે સુખી એને કહેવાય કે જેને જીવનમાં સફળતા પ્રાપ્ત કરી છે. કારલોસ સ્લીમ, વોરન બફેટ, બીલ ગેટ્સ કે લક્ષ્મી મિત્તલ જેવા ધનાઢ્યો અત્યંત સુખી છે. બીજા મત પ્રમાણે જેમને કળા સાહિત્ય કે સંગીત ક્ષેત્રે વિશ્વસ્તરે યશ–પ્રતિષ્ઠા–આદર પ્રાપ્ત કર્યા છે તે ખરેખર સુખી છે. એક મત એવો પણ છે કે જેને ધન–પ્રતિષ્ઠા સાથે કોઈ લેવા–દેવા નથી. એને તો બસ આખા વિશ્વમાં એક વ્યક્તિ એને ચાહે છે એટલી સંવેદના જ પરમસુખ આપતું લાગે છે. પ્રેમની પરાકાષ્ઠા એ પ્રેમીજન માટે સુખ છે. નકારાત્મક રીતે વિચારીએ તો જગતના સંઘર્ષથી કંટાળી જઈ પોતાની જાતને વ્યસનમાં ડૂબોડી દઈ કેટલીક વ્યક્તિઓ એને સુખ માને છે.

ઉપરોક્ત સુખોને સુખ માનીએ અથવા તો એને ભોગવનારને સુખી માનીએ તે પહેલા ઉપસ્થિત થતા કેટલાંક સમીકરણોના જવાબ આપવા પડે.

પહેલો પ્રશ્ન એ થાય કે ઉપરોક્ત સુખો એને ભોગવનારને સંપૂર્ણ તૃપ્તિ આપે છે ખરા? એ સુખોની પરાકાષ્ઠા 'બસ હવે પૂરતું છે' એવી અનુભૂતિ કરાવે છે ખરા? દુનિયાનો અનુભવ એમ કહે છે કે આ સુખો તૃષ્ણા વધારે છે. એન્ડ્રુ કારનેગી, એક સફળ બીઝનેસમેન મૃત્યુના બિછાના પર કહે છે કે હું દશ અબજ ડોલર જ કમાયો. મારે તો ૧૦૦ અબજ ડોલર કમાવવા હતા. આ કહેવાતા સુખો માનસિક અસમાધિથી પીડાવે છે. કષાયોથી રીબાવે છે. ભોજન છે પણ ભૂખ નથી. પથારી છે પણ નીંદર નથી.

બીજો પ્રશ્ન એ ઉભો થાય કે શું આ સુખો ચિરંજીવી છે? એક વાર મળે પછી હંમેશ ટકી રહે છે?

જવાબ મળે છે કે કરોડપતિ રોડપતિ પણ થઈ શકે છે. પ્રતિષ્ઠા–આદર ગુમાવવા પણ પડે છે. પ્રેમગીતો કરતા વિરહગીતો વધારે છે. કવિશ્રી કાલિદાસે એમની દરેક અમર કૃતિમાં પ્રેમને પીડા ને દુઃખ આપનાર બતાવ્યો છે. એમાં જ તેનું મહત્ત્વ સ્થાપિત કર્યું છે.

ત્રીજો પ્રશ્ન એ ઉભો થાય કે આ કહેવાતું સુખ દરેક સંજોગમાં સુખ રૂપે રહે છે કે સંજોગ પ્રમાણે એની વ્યાખ્યા બદલાતી રહે છે? દૂધપાકના પહેલા ચાર વાડકા સુખ આપતા હતા એ જ દૂધપાકનો પાંચમો વાડકો ત્રાસ રૂપ લાગે છે. વધુ પડતા વિષયોથી ઉબાઈ જવાય છે.

ચોથો અને અંતિમ પ્રશ્ન ઉભો થાય છે કે જો ઉપરોક્ત સુખો જ સાચા સુખ હોય તો એવા તો અનંત સુખો જેમની પાસે હતા એવા તીર્થંકર પ્રભુએ તેનો ત્યાગ કેમ કર્યો? જેમના જન્મતાની સાથે જ સિદ્ધાર્થ રાજાને ત્યાં દરેક પ્રકારની વૃદ્ધિ થવા માંડી. તેથી તો પ્રભુનું નામ વર્ધમાન પાડ્યું. છતાંય પ્રભુ મહાવીર તેને છોડીને કેમ ચાલ્યા ગયા? પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે : ગાડી–ઘોડો–ધન–વૈભવને છોડીને શ્રમણ બનનાર તીર્થંકર પ્રભુના જે દર્શન કરે છે તે પણ ધન્ય છે.

આ પ્રશ્નો એમ સાબિત કરે છે કે આ કહેવાતા સુખો એ સાચા સુખ નથી. પરંતુ આશ્ચર્ય એ છે કે અનંતાકાળના ભવભ્રમણ પછી પણ જીવને આ પૌદ્ગલિક સુખો એ સુખ નથી એવો વિચાર સુદ્ધા નથી આવતો. મોહનીયકર્મ અને જ્ઞાનાવરણિય કર્મને કારણે જીવ ઈન્દ્રિયોના વિષયમાં જ સુખ માને છે. અનુકૂળતા જ ગમે છે. પૌદ્ગલિક સુખો પ્રાપ્ત કરવામાં જ જીવનની ક્ષણો ખરચી નાંખે છે. શાસ્ત્રો આ દૃષ્ટિને ઓઘ દૃષ્ટિ કહે છે. 'અવળી સમઝણની ગાંઠ' ગ્રંથી કહે છે. જીવ આ ગ્રંથી પકડીને એક ગતિમાંથી બીજી ગતિમાં ભવભ્રમણ કર્યા જ કરે છે.

પરંતુ કેટલાંક હળુકર્મી જીવોને એવો સંજોગ પ્રાપ્ત થાય છે, એવું નિમિત્ત પ્રાપ્ત થાય છે કે અંતે આ પૌદ્લિક સુખોથી ઉપર એક નવી દિશાના સુખની વિચારણા કરવાની સ્ફૂરણા થાય છે. અનાદિકાળની ગ્રંથીમાં તીરાડ પડે છે.

નયસારના ભવમાં પ્રભુ મહાવીરના જીવને સત્સંગનો યોગ પ્રાપ્ત થયો. જમવા બેસે છે ને વિચાર આવ્યો કે કોઈ અતિથિને પહેલા જમાડું. ઝાડ પર ચડીને જુવે છે તો કેટલાક મુનિ ભગવંતો માર્ગ શોધી રહ્યા છે. પોતે જઈને મુનિ ભગવંતોને બોલાવી લાવે છે. આહાર આપે છે ને પછી આગળ માર્ગ બતાવવા જાય છે. છૂટા પડતા મુનિ મહારાજ કહે છે, 'સંસારમાં ભૂલા પડેલા એવા અમને તેં માર્ગ બતાવ્યો. હવે સંસારમાં ભૂલા પડેલા એવા તને અમે માર્ગ બતાવીએ.' મુનિ ભગવંતે નયસારને પૌદ્ગલિક સુખોની, સંસારની ક્ષણભંગુરતા સમજાવી. અનાદિકાળની ગ્રંથીમાં તીરાડ પડી. સમ્યક્ત્વ પ્રાપ્ત થયું ને પછી આગલા ભવોમાં એવો પુરુષાર્થ કર્યો કે તીર્થંકરત્ત્વનું સુખ પ્રાપ્ત કર્યું.

યોગદૃષ્ટિ સમુચ્ચયમાં આ. હરિભદ્રસૂરિજી લખે છે કે જીવ ઓઘદૃષ્ટિમાંથી સંજોગ પ્રાપ્ત થતાં જ્યારે મિત્રા નામની પહેલી યોગદૃષ્ટિમાં પ્રવેશે છે ત્યારે તણખા જેટલો સત્યનો પ્રકાશ થાય છે. આ પ્રકાશ નહિવત્ હોવા છતાં સંપૂર્ણ જ્ઞાનનું કારણ બને છે. જીવ મિત્રા–તારા–બાલા–દિપા–અનુક્રમે સ્થિર દૃષ્ટિ સુધી પહોંચે છે ત્યારે તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

આ સમ્યક્ત્વ એટલે સત્યની પ્રતીતિ–હેય–ઉપાદેયના વિવેકની પ્રાપ્તિ–વસ્તુને તેના યથાર્થ સ્વરૂપમાં જોવાની દૃષ્ટિ. જીવ જ્યારે આ સમ્યક્ત્વને પામે છે ત્યાર પછી જ સાચું સુખ શેમાં છે તેનું તેને જ્ઞાન થાય છે. સાચા સુખની અનુભૂતિ થાય છે.

આ સાચા સુખની પ્રતીતિ કેવી રીતે થાય છે તે બતાવતા શાસ્ત્રો સમજાવે છે કે–

સમ્યક્ત્વ પામ્યા પછી મુક્તિના આનંદનું સાચું સુખ પ્રાપ્ત થાય છે. હવે જીવને પૌદ્ગલિક સુખોની ક્ષણભંગુરતા સમજાઈ ગઈ છે તેથી તેના પ્રત્યે ઉદાસીનતા પ્રગટ થાય છે. તે સુખો પામવા માટેનો પુરુષાર્થ નબળો પડે છે ને તેથી તેમાંથી ઉભી થતી તૃષ્ણામાંથી, માનસિક અસમાધિમાંથી અને કષાયોની પીડામાંથી મુક્તિ મળી જાય છે ને આ મુક્તિનો આનંદ પરમ તૃપ્તિ આપે છે. સાચા સુખની અનુભૂતિ કરાવે છે. એક શિષ્ય ગુરુ પાસેથી ભણીને ઘરે જતો હતો ત્યારે તેણે ગુરુને પૂછ્યું કે સાચું સુખ એટલે શું ? ગુરુએ જવાબ આપ્યોઃ તું ઘરે જતાં રસ્તામાં ગામ આવે છે ત્યાં રાત્રિરોકાણ કરજે. શિષ્ય સંધ્યાકાળે તે ગામમાં પહોંચ્યો ત્યારે રાજાનો પડહ વાગતો હતો કે રાત્રિના સમયે દર ત્રણ કલાકે ઢોલ વાગશે ત્યારે રાજા પાસે જેને જે જોઈએ તે માંગશે તો રાજા તેને આપશે. પેલા શિષ્યને થયું કે જેવો પહેલો ઢોલ વાગે એટલે મારે જીવનભર ચાલે એટલા અનાજ જેટલી મુદ્રા માગી લઉં. પહેલો ઢોલ વાગ્યો ત્યારે શિષ્યનું મન પલટાયું. એણે વિચાર્યું કે છેલ્લો ઢોલ વાગે એટલે રાજા પાસે જઈને રાજાનું આખું રાજ્ય જ માગી લઉં. છેલ્લો ઢોલ વાગ્યો ને શિષ્ય રાજા પાસે જઈને આખું રાજ્ય માગી લે છે. રાજા નાચવા માંડે છે. હું જેની રાહ જોતો હતો તે આવી ગયો છે. લે આ રાજ લઈ લે ને મને મુક્ત કર. શિષ્યની આંખો ખુલી ગઈ. રાજા જેનાથી મુક્તિ મેળવી સુખી થવા માંગે છે તેનાથી હું બંધાવવા તૈયાર થયો છું ? એ તુરત જ ગુરુ પાસે પાછો વળી ગયો. તેને સમજાઈ ગયું સાચું સુખ મુક્તિમાં છે.

સમ્યક્ત્વ પામ્યા પછી સ્વાધિનતાનું સાચું સુખ પ્રાપ્ત થાય છે. પૌદ્ગલિક સુખો મેળવવા બીજા પર આધાર રાખવો પડે છે. પરવશ થવું પડે છે. જ્યારે સમ્યક્ત્વ પામેલો જીવ સ્વબળે ઉત્પન્ન કરેલા સુખમાં રાચે છે. તદ્દન સ્વાધિનપણે સુખનો અનુભવ કરે છે. તે પૌદ્ગલિક સુખોની અવગણના કરી સ્વબળે ઉત્પન્ન કરેલ ત્યાગના સુખનો અનુભવ કરે છે. તપના સુખનો આસ્વાદ માણે છે. આનંદઘનજી મહારાજાને તેમના ક્રાંતિકારી વિચારોને લીધે કોઈ વહોરાવતું નથી ત્યારે જરાપણ વિચલીત થયા વગર આ મહાપુરુષ સ્વબળે ઉત્પન્ન કરેલ સમતાના સુખનો આનંદ માણે છે ને પદ બનાવે છે. 'આશા ઓરન કી ક્યા કીજે–જ્ઞાન સુધારસ પીજે.'

સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી નિર્લેપતાનું સુખ પ્રાપ્ત થાય છે. એક વિચિત્ર વાત એવી બને છે કે જેમ જેમ જીવ ઉંચા ગુણઠાણે ચડતો જાય છે તેમ તેમ અશુભ કર્મની પ્રકૃતિઓ બંધાવવાની બંધ થાય છે. શુભ પ્રકૃતિઓ જ બંધાય છે. આવી સમ્યક્ત્વ ગુણઠાણે પહોંચતા એવું પણ ક્યારેક બને છે કે પૌદ્ગલિક સુખો સામે ચાલીને ઢગલાબંધની સંખ્યામાં પ્રવેશ કરે છે. જીવને અનેક અનુકૂળતાઓ પ્રાપ્ત થાય છે. પરંતુ એ સુખોનું સ્વરૂપ જીવે સમજી લીધું છે તેથી એ સુખો મળે તો પણ પોતે નિર્લેપ બની જાય છે. ભોગવવા પડે તો પણ અનાસક્ત બનીને ભોગવે છે. સમ્યક્ત્વ પામ્યા પછી પ્રાપ્ત થતાં આ સુખો પરમ સંતોષ-તૃપ્તિ આપે છે. આ સુખો ચિરંજીવ છે અને નિત્ય પરમાનંદની વૃદ્ધિ કરનારા છે. સમ્યક્ત્વીમાં પાંચ લિંગો પ્રગટ થાય છે જે તેને સત્યની વધુ ને વધુ નજીક લઈ જાય છે. પહેલું લિંગ છે **પ્રશમ. 'પ્ર'** એટલે ઉત્કૃષ્ટ રીતેનું અને 'શમ' શમન. કષાયોમાંથી મુક્તિ મળતા દિન–પ્રતિદિન તેનામાં ઉપશાંતપણાની વૃદ્ધિ થાય છે. બીજું લિંગ 'સંવેગ' છે. ત્રીજું લિંગ **'નિર્વેદ'** છે. **'નિર્વેદ'** એટલે કે મોક્ષ પ્રત્યેની તીવ્ર આકાંક્ષા. પોતે જે સુખોનો સ્વાદ માણી રહ્યો છે એ સુખોની પરાકાષ્ઠા પામવાની તીવ્ર ઝંખના આ જીવમાં પેદા થાય છે. ત્રીજું લિંગ છે **નિર્વેદ** એટલે કે સંસાર પ્રત્યેની ઉદાસીનતા. સંસારનું દાવાનળ જેવું સ્વરૂપ નજરે દેખાય છે તેથી તેમાં કોઈ રસ રહેતો નથી. આસક્તિ ઉત્તરોત્તર ઘટતી જાય છે. ચોથું લિંગ છે **અનુકંપા.** માત્ર સ્વજનોની અનુકંપા નહીં પરંતુ કોઈપણ દુઃખીને જોઈ તેની અંદર દયા પ્રગટે છે. પોતાનાથી શક્ય હોય તે બધું તે કરી છૂટે છે. ઘાતકી જીવો પ્રત્યે પણ તે 'સવ્વે જીવા કમ્મવશ' એમ માની ભાવદયા અનુભવે છે. પાંચમું ને છેલ્લું લિંગ છે **'આસ્તિકય';** તત્ત્વને એના મૂળ સ્વરૂપે જ સમજવાનો આગ્રહ ને તેથી જે વીતરાગ છે, સર્વજ્ઞ છે તેને જ દેવ માને. એમના ઉપદેશ પ્રમાણે જીવન વિતાવે. તેને જ ગુરુ માને અને વીતરાગે ચીંધેલા માર્ગને જ ધર્મ માને. સુદેવ, સુગુરુ, સુધર્મ પ્રત્યેની શુદ્ધ શ્રદ્ધા એટલે આસ્તિક્ય.

સમ્યક્ત્વ પ્રાપ્તિમાં આ પાંચ લિંગો સમ્યક્ત્વને વધુ ને વધુ શુદ્ધ કરે છે અને સાચા સુખોની પ્રતીતિને સમૃદ્ધ કરે છે.

આવા સુખોની પ્રતીતિ થાય પછી એ આત્મા એ સુખોની પરાકાષ્ઠા પામવા પ્રયત્નશીલ બને છે. એ સુખની પરાકાષ્ઠા એટલે સિદ્ધ અવસ્થા. સિદ્ધ પરમાત્માના સુખો અનંત અવ્યાબાધ છે. એ સુખોનું પૂર્ણ વર્ણન ખુદ કેવળી ભગવંતો પણ નથી કરી શકતા. શાસ્ત્રો લખે છે કે ચારે ગતિના લોકોના ત્રણેય કાળના સુખોને એકત્ર કરવામાં આવે અને એને અનંતગણા કરવામાં આવે તો પણ એ સુખો સિદ્ધ ભગવાનના સુખોની સામે અંશ માત્ર હોય છે.

આવું સમ્યક્ત્વ પામી સાચા સુખોની પ્રતીતિ પ્રાપ્ત કરવા માટેના પુરુષાર્થ માટે મનુષ્યજન્મ શ્રેષ્ઠ તક છે. સદ્વાંચન અને સદ્ગુરુનો યોગ મેળવી આવો પુરુષાર્થ કરી શકાય છે.

સૌને શુદ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય, સાચા સુખોની પ્રતીતિ થાય એવી ભાવના વાતાવરણમાં મૂકીને વીરમું છું. ✷ ✷ ✷

પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલું વક્તવ્ય, તા. ૧૩-૮-૦૭

૯૪, લાવણ્ય સોસાયટી, નવા વિકાસ ગૃહ રોડ,
વાસણા, અમદાવાદ

# શ્રી ર. વ. દેસાઈ

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

'યુગમૂર્તિ વાર્તાકાર' શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈને મળવાનું સદ્ભાગ્ય મને એકાદ દાયકામાં પાંચેક વાર થયેલું. ગુજરાતખ્યાત વિદ્યાસંસ્થા–'સર્વ વિદ્યાલય'–કડીના એકવારના મારા અધ્યાપક શ્રી ડાહ્યાભાઈ હરગોવિંદદાસ જાની પૂનાના બી.એજી. હતા–સને ૧૯૨૦. કડી છોડ્યા બાદ તેઓ વડોદરાની કૃષિ સંસ્થા 'મોડેલ ફાર્મ'ના સુપ્રિન્ટેન્ડેન્ટ થયેલા. શ્રી દેસાઈ સાહેબ ત્યારે વડોદરા રાજ્યની નોકરીમાં ઊંચા હોદ્દા પર–નાયબ સુબા–હતા. શ્રી જાની સાહેબે 'ઋણ–મુક્તિ' નામે એક પુસ્તક લખેલું, જેની 'પ્રસ્તાવના' દેસાઈ સાહેબે લખેલી. તે જ અરસામાં, મુંબઈની 'ફાર્બસ સભા'ની એક ઈનામી નિબંધ હરીફાઇમાં પ્રથમ આવેલ મારું પુસ્તક 'ગુજરાતણોની શરીર સંપત્તિ'–જેની પ્રસ્તાવના જાની સાહેબે લખેલી ને અમદાવાદની પ્રકાશન સંસ્થા–'ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે' પ્રગટ કરેલું. 'ઋણ–મુક્તિ' અને 'ગુજરાતણોની શરીર સંપત્તિ' દેસાઈ સાહેબને ભેટ આપવા હું મારા ગુરુ શ્રી જાની સાહેબ સાથે ગયેલો તે મારી પ્રથમ મુલાકાત. મોટા રાજ્યના મોટા ઑફિસર તરીકેનો કોઈ પણ પ્રકારનો રૂ-આબ કે દોરદમામ ન મળે. માખણ જેવો મુલાયમ સ્વભાવ. સ્નેહસભર આંખો. નાગરી નજાકત. ઑફિસર તરીકે તો લોકપ્રિય ખરા જ પણ વિશેષ તો નવલકથાકાર તરીકે જાણીતા. આવા મોટા ગજાના સાહિત્યકારને મળવાનો મારો પ્રથમ અનુભવ.

એ પછી સને ૧૯૪૪માં, એમ.એ. પછી બી. ટી. કરવા હું વડોદરાની 'એજ્યુકેશન એન્ડ સાયકોલોજી' ફેકલ્ટીમાં દાખલ થયો. ૧૯૪૫ના ઑગષ્ટમાં 'સયાજી વિજય'માં જાહેર ખબર વાંચી જેમાં વડોદરા રાજ્યને આઠ ટોબેકો ઈન્સ્પેક્ટરોની આવશ્યકતા હતી. ખેતીમાં મારા પિતાજી તમાકુનું પણ ઠીકઠીક વાવેતર કતા અને દર વરસે પાક–ઉત્પાદનની આંકણીમાં રાજ્યના અધિકારી-ઓની હેરાનગતિનો કડવો અનુભવ થતો. એમની એવી ઇચ્છા ખરી કે હું શિક્ષક થવાને બદલે રાજ્યની કોઈ રેવન્યુખાતાની નોકરીમાં જોડાઉં. મેં અરજી કરી. આઠ ઈન્સ્પેક્ટરોની જગ્યા માટે ૧૨૦ અરજીઓ આવેલી. ઈન્ટરવ્યૂમાં આઠની પસંદગીમાં છ દક્ષિણી ભાઈઓ હતા ને બે ગુજરાતી. બે ગુજરાતીમાં હું એક. બીજા ભાઈ, મુંબઈની ફાર્બસ સભાના મંત્રી શ્રી અંબાલાલ બુલાખીદાસ જાનીના સગા ભત્રીજા શ્રી અતુલ કે અજય જાની (!) હતા. તેઓ એમ.એ., એલએલ.બી. હતા. ઈન્ટરવ્યૂ લેનારમાં, રેવન્યુ ખાતાના પ્રધાન શ્રી આંબેગાંવકરની સાથે નાયબ સુબા શ્રી રમણલાલ વ. દેસાઈ પણ હતા. પ્રથમ પરિચય તો હતો જ...પણ 'ઈન્ટરવ્યૂ'માં તેમણે મને એમ કહ્યું કે 'મિસ્ટર પટેલ! જુઓ આ જગ્યા તો કેવળ ગ્રેજ્યુએટ્સ માટે છે. તમારા જેવા ફર્સ્ટ કલાસ ગ્રેજ્યુએટ આ ધંધામાં આવે તેના કરતાં શિક્ષણના ક્ષેત્રમાં હોય તો ઉભયને ઉપકારક નીવડે. તમારે તો કોઈ કૉલેજમાં લેક્ચરર તરીકે જવું જોઈએ.' મેં કહ્યું: 'સાહેબ! આપણે ત્યાં કૉલેજો કેટલી? સુરતની એમ.ટી.બી., વડોદરાની વડોદરા કૉલેજ, અમદાવાદની ગુજરાત, એલ.ડી., જૂનાગઢની બાઉદ્દીન, રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, ને ભાવનગરની શામળદાસ કૉલેજ.' મારા જવાબથી એ મંદ હસ્યા ને કહે: 'જુઓ પટેલ! તમો અધીરા ન થાવ. રાહ જુઓ, કૉલેજ માટે પ્રયત્ન કરો. હવે ગુજરાતમાં પણ વધુ કૉલેજો થશે.' તત્કાળ તો મેં માંડી વાળ્યું ને બધું જ ધ્યાન બી. ટી. માટે કેન્દ્રિત કર્યું. શ્રી જાની તે વખતે લીંબડા પોળમાં હતા. જાણવા મળ્યું કે તેઓ પણ ટોબેકો ઈન્સ્પેક્ટર થવાને બદલે મુંબઈ ગયા ને સમય જતાં પબ્લિક પ્રોસિક્યુટર થયા.

આ વાતને માંડ ચારેક માસ થયા હશે ત્યાં તો એજ્યુકેશન-સાયકોલો–ફેકલ્ટીના ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી ચંપકલાલ ત્રિવેદીએ મને શુભ સમાચાર આપ્યા કે રણજિતભાઈ! સને ૧૯૪૬ના જૂનથી પેટલાદમાં, દાતાર શેઠ શ્રી રમણલાલ પરીખની ઉદાર સખાવતથી આર્ટ્સ–સાયન્સ કૉલેજો થનાર છે તેમાં તમો ખસૂસ અરજી કરો. એક મિત્રને નાતે તેમણે અંગત વાત જણાવી કે ઈન્ટરવ્યૂ લેનારાઓમાં આપણા પ્રિન્સિપાલ સાહેબ–ડીન પ્રો. ટી. કે. એન. મેનન સાહેબ પણ હશે. મેં અરજી કરી. તેરેક ઉમેદવારો હતા. સને ૧૯૪૬ના ડિસેમ્બરમાં ઈન્ટરવ્યૂ થયાં તો મારા સુખદ આશ્ચર્ય વચ્ચે મેં અર્ધો ડઝન ઈન્ટરવ્યૂ લેનાર મહાનુભાવોમાં, 'સૌમ્ય–સંસ્કાર–મૂર્તિ' શ્રી દેસાઈ સાહેબને પણ જોયાં. હું આશાવાદી બન્યો. ઈન્ટરવ્યૂ લેનારમાં શ્રી મણિભાઈ વી. દેસાઈ, જ્યોતિ લિમિટેડવાળા શ્રી ભાઈલાલભાઈ અમીન, પેટલાદના એક દાતાર શ્રી ભીમનાથ દીક્ષિત, પ્રિ. ટી. કે. એન. મેનન, અગાઉથી નિમાયેલા પ્રિ. કે. એલ. દેસાઈ (સુરતની એમ.ટી.બી.ના અંગ્રેજી ભાષા સાહિત્યના નિવૃત્ત પ્રોફેસર) વગેરે હતા. ઈન્ટરવ્યૂ એકદમ સરસ ગયો. પ્રિ. મેનન અને શ્રી રમણલાલ દેસાઈ, તો મને ઓળખતા હતા ને પ્રિ. કે. એલ. દેસાઈ મારા 'ઈન્ટરવ્યૂ'થી પ્રસન્ન હતા. આખરે શ્રી ર. વ. દેસાઈના બોલ ને આશીર્વાદ કેવળ ચાર જ માસમાં ફળ્યા. પછી પ્રિ. મેનન સાહેબ દ્વારા જાણવા મળ્યું કે મારી પસંદગીમાં દેસાઈ સાહેબનો હિસ્સો મોટો હતો. ૧૯૪૬ના જુનથી પેટલાદની કૉલેજો શરૂ થઈ ગઈ. ૧૯૪૭માં કૉલેજનો વાર્ષિકોત્સવ ઉજવવાનો હતો. પ્રિ. કે. એલ. દેસાઈએ 'ચીફ ગેસ્ટ' તરીકે કોને આમંત્રણ આપવું તેની ચર્ચા માટે મને બોલાવ્યો. મેં યુગમૂર્તિ વાર્તાકાર તરીકે પ્રતિષ્ઠા પામેલા શ્રી દેસાઈ સાહેબનું નામ સૂચવ્યું. સર્વાનુમતે એ સ્વીકારાયું...ને દેસાઈ સાહેબ ઊમળકાથી આવ્યા. ભાષણમાં એમણે વડોદરા રાજ્યનાં ચારેક નગરોનો ઉલ્લેખ કર્યો. વડોદરા, મહેસાણા, અમરેલી અને પેટલાદ. એમાંય પેટલાદની ત્રણેક મિલો, દાતાર શેઠશ્રી રમણલાલ પરીખની ઉદારતા, શ્રી મોતીભાઈ અમીનની આશ્રમ–પ્રવૃત્તિ ને

પુસ્તક પ્રચાર માટેનો લેખ, વડોદરા રાજ્યમાં વધુમાં વધુ કેળવણીનો પ્રચાર પેટલાદમાં ને સમગ્ર ગુજરાતમાં કૉલેજો શરૂ કરવામાં પેટલાદની પહેલ–ત્યાંની જુનામાં જૂની પરીખ લાયબ્રેરી રંગશાળા પેપર ફેક્ટરી, પેન્સિલ ફેક્ટરી, મેચ ફેક્ટરી, તંબાકુ કોટાનો ઉદ્યોગ, સંસ્કૃતની નારાયણ પાઠશાળા–સર્વેનો ઉલ્લેખ કરી, વિદ્યાર્થીઓને પેટલાદનું નામ રોશન કરવા ઉદ્બોધન કર્યું. ભાષણમાં એક સ્થળે એમ પણ કહ્યું કે જીવનમાં મારી મોટામાં મોટી મહેચ્છા કૉલેજના પ્રોફેસર થવાની હતી પણ એ માટેની મારી ઉપાધિઓ ઊણી ઉતરી એટલે રેવન્યૂ ખાતામાં જવું પડ્યું. મારો ઉલ્લેખ કરી કહ્યું: પ્રો અનામીને એટલા માટે તો મેં મારી લાઈનમાં આવતા રોક્યા હતાં. આભાર દર્શનમાં મેં કહ્યું: 'દેસાઈ સાહેબ ભલે પ્રોફેસર ન થઈ શક્યા પણ ડઝનેક પ્રોફેસરો પણ ન કરી શકે તેવું મહાભારત કામ એમણે કર્યું છે એ ભૂલવા જેવું નથી.'

થોડાંક વર્ષો બાદ તેઓ નાયબ સુબામાંથી સુબા થયા. વડોદરા રાજ્યમાં તે કાળે સુબા થવું એટલે અત્યારના કોઈ રાજ્યના ગવર્નર થવા જેવી ઘટના. નિવૃત્તિ પહેલાં સુબા તરીકેનું એમનું પોષ્ટીંગ અમરેલી જિલ્લામાં હતું. એમના સુચારુ વહીવટ અને માનવતા–સભર વ્યવહારથી જિલ્લાની પ્રજા એટલી બધી પ્રસન્ન–સંતુષ્ટ હતી કે જયારે તેઓ નિવૃત્ત થયા ત્યારે કેટલાક નાગરિકો તો પોક મૂકીને રીતસર રડ્યા હતા.

સને ૧૯૫૦ના મે માસમાં પેટલાદ છોડ્યું ને નડિયાદની સી. બી. પટેલ આર્ટ્સ ને જે.એન્ડ.જે. કૉલેજ ઓફ સાયન્સમાં પ્રોફેસર ને અધ્યક્ષ નિમાયો. ત્યાં જઈને પહેલું કામ મેં શ્રી ગોવર્ધન સાહિત્ય સભાની સ્થાપનાનું કર્યું ને એના આશ્રયે પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામ, અભેદમાર્ગ પ્રવાસી–શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી અને મસ્તકવિ બાલાશંકરની શતાબ્દીઓ ઉજવવાનું નક્કી કર્યું.

આનો અમલ કરવા માટે પૂર્વ ભૂમિકારૂપે મુંબઈથી તે ઠેઠ સૌરાષ્ટ્ર સુધીના મુર્ધન્ય સર્જકો, સાક્ષરો ને વિવેચકોનાં ભાષણો રાખ્યાં જેમાં શ્રી કનૈયાલાલ મુનશી, શ્રી ર. વ. દેસાઈ, શ્રી જ્યોતીન્દ્ર દવે, પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી, પ્રો. વિશ્વનાથ મગનલાલ ભટ્ટ, પ્રો. વિજયરાય કે. વૈદ્ય, પ્રો. યશવંત શુકલ, પ્રો. ભોગીલાલ સાંડેસરા, ડૉ. મંજુલાલ મજમુદાર, કવિશ્રી ઉમાશંકર જોષી, કવિ સુંદરમ્, શ્રી કિશનસિંહ ચાવડા, બેરી. યશોધર મહેતા, શ્રી શાંતિલાલ ઠાકર ને પ્રો. એસ. આર. ભટ્ટનો સમાવેશ થાય છે. શ્રી ક. મા. મુનશી, શ્રી ર. વ. દેસાઈ અને શ્રી જ્યોતિન્દ્ર દવે વખતે શ્રોતાઓની હાજરી પંદરસોથી બે હજારની રહી. સને ૧૯૫૪માં શ્રી રમણલાલ દેસાઈ સાથે હું આખો દિવસ રહ્યો. તે વખતે એમની તબિયત નરમગરમ રહયા કરતી હતી. એમને હૃદયની તકલીફ પણ હતી. એમની દીકરી ડૉ. સુધા 'ભાઈસાબ' (ઘરમાં બધાં રમણલાલને ભાઈસાબ કહેતાં)ને નડિયાદ ન જવાનું કહેતી હતી છતાંયે મારા આમંત્રણને માન આપીને આવ્યા. આવ્યા એટલું જ નહીં પણ 'જીવન અને સાહિત્ય' ઉપર કલાકેક વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું ને એમના બે પરમ આત્મીયોને ભાવપૂર્વક મળ્યા પણ ખરા.

વ્યાખ્યાનને દોઢેક કલાકની વાર હતી. મને કહે: અનામી ! મારે બે સ્નેહીઓને મળવું છે. એક તો મારા ગુરુ કવિ–ચિત્રકાર શ્રી ફુલચંદભાઈ શાહને. નડિયાદમાં બે ફુલચંદભાઈ શાહ. બંનેય પ્રખ્યાત. એક ફુલચંદભાઈ તે, નડિયાદના 'લોકમત' અઠવાડિકના તંત્રી શ્રી ચંદ્રકાન્ત શાહના પિતાજી ને બીજા, જૂની રંગભૂમિનાં શિષ્ઠ નાટકોના લેખક, ચિત્રકાર ને સંન્નિષ્ઠ શિક્ષક. દેસાઈ સાહેબના માધ્યમિક શિક્ષણ દરમિયાનના તેમના પ્રિય ને પૂજ્ય અધ્યાપક કવિ ચિત્રકાર ફુલચંદભાઈને નડિયાદમાં કોણ ન ઓળખે ? પણ સને ૧૯૫૩માં એ ખખડી ગયેલા. આંખે પણ ઓછું સૂઝે. ઉંમર પણ ૮૫ થી વધુ હશે. અમો ગયા. શાહ સાહેબને દેસાઈ સાહેબ આવ્યાની જાણ કરી...ભાવવિભોર બની લગભગ રડવા જેવા થઈ ગયા...પણ જેવા દેસાઈ સાહેબની નજીક આવ્યા ત્યાં તો ભગવાનના મંદિરમાં ભક્ત જે અદાથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે તેમ દેસાઈ સાહેબે ગુરુના ચરણકમલ પકડી લીધા. બંનેય ભાનભૂલ્યા જેવા! હું તો આ દિવ્ય–મિલનને અહોભાવ-પૂર્વક જોતો જ રહ્યો. ક્યાં એક જમાનાના શિક્ષક ને ક્યાં એક રાજ્યના સુબા! આગ્રહ કરી કરીને શાહ સાહેબે દેસાઈ સાહેબનું આતિથ્ય કર્યું. મારે માટે તો જીવનનો આ મોટો પદાર્થપાઠ હતો. કૃષ્ણ–સુદામાનું મિલન જૂના સખાઓનું હતું. રંક–રાયનું, આ હતું ગુરુ–શિષ્યનું.

આ પત્યું એટલે મને કહે: 'હવે આપણે શ્રી સેવકરામ દેસાઈને ત્યાં જવું છે.' શ્રી સેવકરામ દેસાઈને હું ઓળખતો નહોતો એટલે મને કહે: 'બાર સાલ સુધી દિલ્લીમાં રહે ને માણસ કહે: 'મેં ભાડભૂંજાની દુકાન જોઈ નથી, એવી આ વાત છે.' એ પછી કહે, 'રેલ્વેની પશ્ચિમે એમનો ધોળો મોટો બંગલો છે, તેઓ અમારી જ્ઞાતિના છે ને શાસ્ત્રીય સંગીતના સારા જ્ઞાતા છે.' નડિયાદની ઘોડા હાઈસ્કૂલના આચાર્ય શ્રી રતિલાલ મૂ. દવે મારા પરમ મિત્ર ત્યાં જ રહેતા હતા એટલે સોસાયટી મેં જોયેલી પણ સેવકરામ દેસાઈને ઓળખું નહીં. શ્રી ચંદુલાલ દલાલની મોટરમાં અમો દેસાઈ સાહેબને ત્યાં ગયા. અર્ધો કલાક સંગીતની ચર્ચા ચાલી ને વ્યાખ્યાનનો સમય થયો એટલે ટાઉન હૉલ બાજુ હંકારી ગયા. એ પછી તો વર્ષો બાદ શાસ્ત્રીય સંગીતના જ્ઞાતા આ દેસાઈના દીકરા શ્રી અરવિંદભાઈ દેસાઈ, વડોદરામાં ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ તરીકે આવ્યા ને એમની બે દીકરીઓ અમારી વિદ્યાર્થિનીઓ તરીકે ભણી.

આમ, એકાદ દાયકામાં મારે દેસાઈ સાહેબને પાંચેકવાર મળવાનું થયું. સને ૧૯૮૨માં જન્મ ને સને ૧૯૫૪માં, બાંસઠ વર્ષની વયે હૃદયરોગમાં એમનું અવસાન થયું. અવસાન વખતે એમનો એક હાથ એમની દીકરી ડૉ. સુધાના હાથમાં ને બીજો, શ્રી કિશનસિંહ ચાવડા–એમના મિત્ર, એ મિત્રના દીકરા શ્રી વિજય ચાવડાના હાથમાં.

એમની શુભેચ્છાઓ ને આશીર્વાદથી સને ૧૯૪૫ના ડિસેમ્બરમાં હું કૉલેજમાં લેક્ચરર તરીકે લેવાયો એ વાતનેય આજે તો છ દાયકા વીતી ગયા! એનીય ષષ્ઠીપૂર્તિ! પણ આજ દિન

લગી હું 'એ' મંગલમૂર્તિને ભૂલ્યો નથી. વર્ષો પૂર્વે નડિયાદની સૂરજબા મહિલા કૉલેજના મંત્રી શ્રી હીરુભાઈ પી. પટેલે કોઈ સારાં સમર્થ આચાર્યા બહેન હોય તો ભલામણ કરવા લખ્યું. દેસાઈ સાહેબની દીકરી એમ.એ., પીએચ.ડી. હતી, થોડોક અનુભવ હતો. મેં ભારપૂર્વક ડૉ. સુધા દેસાઈની ભલામણ કરી. એ પ્રિન્સિપાલ તરીકે લેવાયાં ત્યારે એના કરતાં વિશેષ આનંદ તો મને થયેલો–ઋણમુક્તિનો.

દેસાઈ સાહેબનું બધું જ નહીં તો ઘણું બધું સાહિત્ય મેં વાંચેલું. 'દિવ્યચક્ષુ' નવલ કૉલેજમાં ભણાવેલ અને કાવ્યસંગ્રહ 'નિહારિકા' પર અભ્યાસ લેખ લખેલો. જે પ્રગટ થયો છે. કોઈ સિનેમા કંપનીએ 'પૂર્ણિમા' નવલનું ચલચિત્ર ઉતારવા 'સ્ક્રીપ્ટ' તૈયાર કરવાની હરીફાઈ રાખેલી. મેં ભાગ લીધેલો. પણ પછી એનું શું થયું–ન જાને! 'ગ્રામલક્ષ્મી' આકાશવાણી પર રીલે થયેલ. એક પરિસંવાદમાં એમની 'પ્રલય' નવલકથા સંબંધે મેં અભ્યાસલેખ રજૂ કરેલો. એમાં સને ૨૦૦૬ સુધીના કાળપટમાં કથા વિસ્તરેલી છે. મને લાગે છે કે એમની બધી જ નવલોમાં કદાચ 'પ્રલય' નવલકથા શ્રેષ્ઠ હોય. ડૉ. ધીરુભાઈ ઠાકરના અભિપ્રાય પ્રમાણે 'દુનિયાભરમાં શાંતિ અને માનવજાતિના સુખને ખાતર (?)' ઘડાતું યુદ્ધખોર માનસ સમસ્ત માનવજાતિનો વિનાશ નોતરી રહ્યું છે એ બતાવવા તેમણે 'પ્રલય'માં, ઈ. સ. ૨૦૦૬ સુધીનો સમયપટ લઈને, વિજ્ઞાનધરી અને મુત્સદ્દીધરીમાં વહેંચાઈ ગયેલ દુનિયાના વિવિધ દેશોના પરસ્પર ઝઘડાને અંતે દુનિયા પરથી મનુષ્યની હસ્તી સંપૂર્ણપણે નાબૂદ થશે એવી ચેતવણી આપી છે. સંભવિતતાની મર્યાદામાં રહીને લેખકે તેમાં ઉત્તમ વૈજ્ઞાનિક, તર્કશક્તિનો ઉપયોગ કર્યો છે તે એની એક ગણનાપાત્ર સિદ્ધિ છે.' આકૃતિ પરત્વે થોડીક વિશૃંખલ લાગે તો પણ એનું સાંસ્કૃતિક મૂલ્ય ઘણું બધું છે. આજની પરિસ્થિતિમાં પણ એની સાર્થકતા ને અનિવાર્યતા છે.

શ્રી ર. વ. દેસાઈના સાહિત્યનું મૂલ્યાંકન કરવાનો મારો આશય નથી, કેવળ સંસ્મરણાત્મક છબિ આપવાનો જ ખ્યાલ છે. જ્યારે શ્રી ક. મા. મુનશી એમની સર્જકતા ને લોકપ્રિયતાની ઉચ્ચ કક્ષાએ હતા ત્યારે શ્રી દેસાઈ સાહેબે એમની સિસૃક્ષાના શ્રીગણેશ કર્યા હતા. બંનેની પ્રકૃતિ, શૈલી, દૃષ્ટિ, એકંદરે સાવ ભિન્ન, મુનશીની સર્જકતા ઐતિહાસિક નવલોમાં તો રમણલાલની સામાજિક નવલોમાં. એક ભૂતકાળના શિલ્પી તો બીજા વર્તમાનના. એકનો આશય રંજન, બીજાનો ભાવના–નિરૂપણ. રમણલાલે ગાંધીયુગના પ્રશ્નોને એમના સાહિત્યમાં કલાત્મક રીતે નિરૂપ્યા છે. તે એટલી હદે, નિષ્ઠાપૂર્વક, ભાવના ને રંજન–સમેત ને મધ્યમ વર્ગને અસર કરે તે રીતે કે આપણા મૂર્ધન્ય વિવેચક પ્રો. વિશ્વનાથ મ. ભટ્ટે તેમનું મૂલ્યાંકન કરતાં તેમને 'યુગમૂર્તિ વાર્તાકાર' તરીકે ઉમળકાપૂર્વક યોગ્ય રીતે બિરદાવ્યા છે. હા, રમણલાલ 'યુગમૂર્તિ વાર્તાકાર' જ હતા.

સને ૧૮૮૭ની ત્રણ ઘટનાઓ. પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામના 'સરસ્વતીચંદ્ર–ભાગ–૧'નું પ્રકાશન, સ્કોલર પોએટ સાક્ષર શ્રી નરસિંહરાવના પ્રથમ કાવ્યસંગ્રહ 'કુસુમમાળા'નું પ્રકાશન ને 'ઘનશ્યામ' તખલ્લુસથી નવલકથા ક્ષેત્રે ઉદિત થતો નૂતન સિતારો તે ક. મા. મુનશી. 'કુસુમમાળા'પાલગ્રેવની ગોલ્ડન ટ્રેજરીની રીતિએ નૂતન કવિતાનો આસ્વાદ કરાવી વિરમી. નવલકથાકાર તરીકે ગો. મા. ત્રિપાઠીની પ્રતિષ્ઠા જામી. મુનશીએ ઐતિહાસિક ને પૌરાણિક નવલકથાઓનો નૂતન ચીલો ચાતર્યો. તે જ અરસામાં શ્રી ર. વ. દેસાઈનો ઉદય થયો. એમ કહી શકાય કે વીસમી સદીની શરૂઆતના દ્વિતીય, તૃતીય ને ચતુર્થ દાયકામાં શ્રી ક. મા. મુનશી ને શ્રી ર. વ. દેસાઈની બોલબાલા રહી.

નાટ્યલેખનની સફળતાપૂર્વક શરૂઆત કરી નવલકથા ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર શ્રી ર. વ. દેસાઈને ગુજરાતના મધ્યમ વર્ગના સહૃદય વાંચક–ભાવકોએ એટલા બધા અપનાવ્યા હતા કે ભાગ્યે જ કોઈ શિક્ષિતે એમની કોઈ ને કોઈ કૃતિ ન માણી હોય! એક કિંવદન્તી છે. કોઈકે શ્રી ર. વ. દેસાઈને પૂછ્યુંઃ 'તમારામાં ને મુનશીમાં–બેમાંથી વધુ લોકપ્રિય કોણ?' શ્રી ર. વ. દેસાઈએ નાગરી ઠાવકાઇથી જવાબ આપ્યો કહેવાય છેઃ 'જાહેરમાં મુનશી, ખાનગીમાં હું.' મને એમના સાહિત્યે જેટલો સ્પર્શ કર્યો છે તેના કરતાં એમના સ્વભાવ–માધુર્યે અને માણસાઈ–સભર આભિજાત્યે વધુ મુગ્ધ કર્યો છે.

તા. ૨૨–૧૦–૦૫ અને તા. ૨૩–૧૦–૦૫, શનિવારના રોજ વડોદરામાં 'ગુજરાત સાહિત્ય અકાદમી'–ગાંધીનગર અને વડોદરાની 'પ્રેમાનંદ સાહિત્ય સભા'ના સંયુક્ત ઉપક્રમે, સ્વ. શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈના સાહિત્યનું પુનઃમૂલ્યાંકન હતું. તેમાં મેં સને ૧૯૪૫ થી સને ૧૯૫૪ સુધીનાં અમારા અંગત સંબંધનાં સંસ્મરણો વાગોળી અંતમાં શ્રી બ. ક. ઠાકોરને ટાંકી કહ્યુંઃ

'બંધુઓ અને બ્હેનો! મારી તમને સલાહ છે કે તમે શ્રી ન્હાનાલાલને એમના ગ્રંથોમાંની ભાવનાઓ માટે વાંચશો, શ્રી મુનશીને જોમ અને સ્ફૂર્તિ માટે, શ્રી મોહનભાઈ (પૂ. બાપુને) ને શ્રદ્ધા અને આશા માટે, શ્રી ગોવર્ધનરામને આપણી પચરંગ ધરતી અને પ્રજાની સહૃદય સમજણ માટે વાંચશો અને 'યુગમૂર્તિ વાર્તાકાર' શ્રી રમણલાલને એમના યુગના પ્રશ્નોને સમજવા માટે વાંચશો.'

અંતમાં, સહૃદય, ઋજુ પ્રકૃતિની આ મંગલમૂર્તિને આ શબ્દોમાં અંજલિ આપું છુંઃ–

'પૂર્ણિમાની પ્રભા જેવાં, શીલ–સાહિત્ય–જીવન,
મધ્યમ શિક્ષિત–વર્ગોનાં લીલયા હરિયાં મન.
ત્રણ ત્રણ દાયકા સુધી, સેવા કીધી અનુપમ;
'યુગમૂર્તિ' સમા ઓપ્યા, દીધી, સંસ્કાર–સૌરભ.
આભિજાત્યનું માધુર્ય, સો વસા, ધન્ય નાગર!
ગૂર્જર રાષ્ટ્રની જ્યોતઃ સ્વામી–સમર્થ અ–ક્ષર.

✶ ✶ ✶

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૭

# જિવ હિંસા સમાપ્તિ – જૈનોનો જન્મ–જન્માંતરનો સિદ્ધાંત

❑ કાકુભાઈ મહેતા

જૈન ધર્મને એક ધર્મ ઉપરાંત બીજી દૃષ્ટિએ નિહાળીએ તો એને 'માનવધર્મ' અથવા 'એક અલૌકિક જીવનશૈલી' એવું નામ આપી શકાય. જૈન ધર્મની ગતિવિધિ વિષે વિચારતાં એટલું સ્પષ્ટ જણાશે કે એમાં સમસ્ત જીવ–સૃષ્ટિના કલ્યાણની ભાવના સમાયેલી છે. સૃષ્ટિનું સર્જન કુદરતે કર્યું છે. નાના–નાના જીવજંતુથી માંડીને મહાકાય જીવોનું સર્જન એ જ કરે છે, અકળ રીતે ઉપયોગ કરીને એનું વિસર્જન પણ એ જ કરે છે. કુદરતની શક્તિ અમાપ છે. હવાના એક ઝપાટે મસમોટા મહેલ પણ એક પળમાં ધૂળધાણી થઈ જાય છે. વિજળીના એક ઝબકારે વનના વન બળી જાય છે. સુનામી, ધરતીકંપ, દુષ્કાળ કે અતિવૃષ્ટિ આપણને એટલું જ કહી જાય છે કે કુદરતને આધીન જીવનમાં જ આપણું કલ્યાણ છે. કુદરતનો નાશ આપણને પણ વિનાશ તરફ દોરી જાય છે. મનુષ્ય સિવાયની સજીવ કે નિર્જીવ સૃષ્ટિ કુદરતને આધારે જ જીવે છે અને નાશ પણ પામે છે. જૈન ધર્મ આપણને કુદરતને આધારે, કુદરતને સહારે જીવવાનું શીખવાડે છે અને એમાં જ વ્યક્તિનું અને વિશ્વનું કલ્યાણ રહેલું છે.

**ધર્મ નિરપેક્ષ રાજ્યવ્યવસ્થા**

આપણી રાજ્યવ્યવસ્થા ધર્મનિરપેક્ષ છે એટલે કે કોઈ પણ ધર્મને રાજ્યવ્યવસ્થામાં સ્થાન નથી. પ્રશ્ન એ ઉદ્ભવે છે કે તો પછી 'સત્યમેવ જયતે' એવો મુદ્રાલેખ કે 'અશોકચક્ર' જેવું શાંતિ અને અહિંસાનું પ્રતીક શા માટે? બીજો પ્રશ્ન એ ઉઠે છે કે તો પછી મુસલમાનોને હજ યાત્રા માટે આર્થિક સહાય શા માટે અને એ પણ જ્યારે મુસ્લિમ ધર્મના અભ્યાસી ખુદ મુસ્લિમ પણ કુરાનને ટાંકીને એમ કહે છે કે હજયાત્રા તો પોતાની બચતમાંથી જ કરવાની હોય છે, કરજ કરીને પણ નહિ. મુસ્લિમોનો કે હજયાત્રાનો વિરોધ નથી. પ્રશ્ન એ છે કે ધર્મનિરપેક્ષ સરકાર પોતે જ કાનૂનનો ભંગ શા માટે કરી રહી છે? સરકાર જ જ્યારે બેજવાબદાર બને ત્યારે શું સુપ્રિમ કોર્ટની એ જવાબદારી નથી કે એ સરકારને રોકે? લઘુમતીના નામે મદદ કરવામાં આવે છે. ફરી પ્રશ્ન એ જ છે કે રાજ્યની ૧૮ વર્ષથી ઉપરની દરેક વ્યક્તિને જ્યારે સમાન અધિકાર આપવામાં આવેલ છે, રાજ્યની ઉચ્ચ સત્તા ઉપર બેસવાની પણ તક છે અને હકિકતમાં એમ. સી. ચાગલા સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ બની શક્યા હતા, ડૉક્ટર ઝકીર હુસૈન અને એ. પી. જે. અબ્દુલ કલામ ભારતના રાષ્ટ્રપતિ બની ચૂક્યા છે અને આજે વાઈસ પ્રેસિડંટ પણ મુસ્લિમ છે ત્યારે લઘુમતિનો પ્રશ્ન જ ક્યાંથી ઉઠે છે? પાકિસ્તાન જે ધર્માધારિત રાજ્ય છે ત્યાં લઘુમતિનો પ્રશ્ન સ્વાભાવિક ગણાય. આપણું રાજ્ય તો ધર્મનિરપેક્ષ છે એટલે લઘુમતિના નામે જે થઈ રહ્યું છે તે ધર્મભેદ નહિ તો બીજું શું છે? વોટ બેંક ખરીને?

વિશ્વમાં આજે ધર્મના જે બે મુખ્ય પ્રવાહો ચાલી રહ્યા છે તે બળજબરીથી અથવા લાલચ આપીને, સ્વાર્થી મનોવૃત્તિથી, સંખ્યા-બળ વધારીને પોતાનું વર્ચસ્વ વધારવાની ચેષ્ટામાં છે. જૈન ધર્મમાં કોઈ સ્વાર્થવૃત્તિ નથી. જૈન ધર્મ કેવળ સર્વના હીતનો ચાહક છે. ધર્મના નામે જૈનોની એવી કોઈ માગણી નથી કે જેમાં પોતાનો સ્વાર્થ સમાયો હોય. જૈનો એ જરૂર ચાહે છે કે જીવહિંસા સંપૂર્ણપણે બંધ થાય કારણ કે એમાં જ સમસ્ત વિશ્વનું હીત સમાયેલું છે. આજ સુધીનો ઇતિહાસ એ વાતનો પુરાવો છે કે જેટલા યુદ્ધો થયા છે એ બધા ધર્મના નામે અથવા ન્યાયના નામે પણ હકીકતે સ્વાર્થને ખાતર થયા છે.

**જીવહિંસાની સમાપ્તિ શા માટે?**

દરેક જીવનના નિર્માણ પાછળ કુદરતની શક્તિ અને એક નિશ્ચિત આશય હોય છે જેના દ્વારા એક સંતુલન જળવાઈ રહે છે. એ સંતુલન તૂટતા પર્યાવરણને અત્યંત નુકશાન થાય છે એ બાબત વૈજ્ઞાનિકો આજે જોરશોરથી કહી રહ્યા છે અને વિશ્વને ચેતવી રહ્યા છે કે પર્યાવરણનું નુકશાન માનવજીવન માટે ખતરારૂપ બની રહ્યું છે. પશુપંખીની કેટલી જાતિ–પ્રજાતિનો નાશ થઈ ચૂક્યો છે અને થઈ રહ્યો છે. એને બચાવવાના પ્રયાસો પણ થઈ રહ્યા છે. વાઘને બચાવવા અભયારણ્ય બનાવવામાં આવે છે, એની પાછળ ખર્ચ પણ કરવામાં આવે છે અને બીજી બાજુએ કતલખાનામાં લાખો જાનવરોની કતલ થઈ રહી છે જે એવા પ્રાણી છે કે જેના આધારે આપણા ખેતીપ્રધાન દેશના ખેડૂતો જીવન નિર્વાહ ચલાવતા; પણ આજે આત્મહત્યા કરવી પડે છે. સ્વતંત્ર રહીને જે જીવનનિર્વાહ કરતા એમને નોકરી માટે શહેરની ઝુંપડપટ્ટીમાં અત્યંત દયનીય અવસ્થામાં લાચાર બનીને રહેવું પડે છે. આ રીતે ગરીબી અને બેકારી વધી રહી છે. હિંસાને ટાળીને ગરીબોને જીવન નિર્વાહનું સાધન ફરીથી ઉપલબ્ધ કરાવી શકાય છે. સ્થળાંતરથી ઉપજતા શહેરના પ્રશ્નો હલકા થઈ શકે છે.

મનુષ્ય જ્યારે મૃત્યુ પામે છે ત્યારે તેને તુરત જ બાળવામાં કે દાટવામાં આવે છે; કારણ કે મૃત્યુ થતાની સાથે જ શરીર કોહવા માંડે છે. આટલાથી જ એ સમજમાં આવી શકે છે કે માંસ કદી પણ આરોગ્યદાયક હોઈ ના શકે. માંસ તાકાત આપે છે વાત પણ બરાબર નથી કેમકે કલકત્તામાં મેં જોયું છે કે ઠેલાગાડી ચલાવનાર મજૂર ફક્ત સત્તુ ખાતો હોવા છતાં ઘણું જ વજન ખેંચી શકતો હોય છે. સત્તુ એટલે ચણાનો લોટ અને પાણી, એની સાથે મરચું અને મીઠું. નિકાસ કરીને પરદેશી નાણું કમાવા માટે એવી જાહેરાત કરવામાં આવતી હોય છે. માંસના ભક્ષણથી મેદ વધે છે, ડાયાબિટિસ અને બીજો રોગો થાય છે એ પણ આજનું આરોગ્યવિજ્ઞાન સ્વીકારે છે. તો પછી જાહેર આરોગ્યને નુકસાન કરે એવું શા માટે કરવું?

ગાય અને બળદની મદદથી ખેતી કરીને આપણો ખેડૂત હજારો વર્ષથી પોતાના કુટુંબને નિભાવતો એટલું જ નહિ પણ એમણે પકવેલા અનાજથી સમાજને પુરતો ખોરાક મળી રહેતો. ગાય– બળદ અને ભેંસના સંહારથી ભારતની આર્થિક વ્યવસ્થા એવી તૂટી ગઈ છે કે ખેડૂતને આત્મહત્યા કરવી પડે છે અને આપણે અનાજની અછત અને મોંઘવારીનો ભોગ બની રહ્યા છીએ. માંસાહારથી દેશના અર્થતંત્રને ભારે નુકશાન થઈ રહ્યું છે.

મનુષ્ય જ એક એવું પ્રાણી છે કે જેને લાગણીનો ભાવ છે અને એથી સુખ–દુઃખનો અનુભવ કરે છે. હિંસા કરવાથી મનુષ્ય લાગણીહીન બની જાય છે જે સામાજિક વ્યવસ્થાને નુકશાન પહોંચાડે છે. આતંકવાદ એ એનો પુરાવો છે. આમ હિંસાથી સામાજિક, આર્થિક, આરોગ્ય, ન્યાય, પર્યાવરણ, સંસ્કૃતિ અને વિકાસ વગેરેને જ નુકશાન પહોંચે છે.

**જવાબદાર રાજ્યતંત્ર**

જે કાંઈ બની રહ્યું છે તેની જવાબદારી રાજ્યસરકારની છે. મહાસત્તાઓના માર્ગદર્શન નીચે, એનું આંધળું અનુકરણ કરીને જે ગરીબી દૂર કરવા આઝાદીની લડત ચલાવી આપણા બાપદાદાઓએ અનેક ભોગ આપીને આઝાદી મેળવી એને ભૂલી જઈને, રાજ્યકર્તાઓ સત્તા અને સંપત્તિ અને સંભવતઃ એમાંથી ઉદ્ભવતી સૂરા અને સુંદરીની ચુંગાલમાં ફસાઈ ગયા છે એવું સર્વસામાન્ય માણસને લાગે છે એમાં નવાઈ જેવું કશું નથી. પ્રજાએ જાતે જાગૃત થઈને આ રાજ્યવ્યવસ્થાને બદલવી પડશે.

સર્વજીવોનો હિતચાહક જૈન સમાજ મુસ્લિમ કે બીજા કોઈપણનું અહિત ન જ ચાહે. પરંતુ જો રાજ્યકર્તાઓ સ્વાર્થને ખાતર લઘુમતીના નામે કોઈને પંપાળે તો એક સૌથી નાની લઘુમતી તરીકે જૈન સમાજને, કેવળ પોતાના ધર્મને ખાતર જ નહિ પણ ઉપર મુજબ સમસ્ત વિશ્વની પ્રજાના હિત ખાતર સંપૂર્ણ હિંસાબંધી માગવાનો અધિકાર છે. અહિંસા પરમો ધર્મમાં માનનાર જૈન અગર કર ભરતો હોય તો એની એ ફરજ છે કે કર ભરવાનો ઈન્કાર કરે તો એમ કરીને એ કોઈ ગુન્હો નથી કરતો. અલબત્ત જરૂર પડે તો સરકાર જોડે

સંઘર્ષમાં ઉતરવાની તૈયારી રાખવી પડે કે ભોગ આપવો પડે.

એજ રીતે જૈન સમાજ કે બીજા જે દાન કરે છે કે ટ્રસ્ટ ચલાવે છે અને એ રીતે સમાજના હિતના કાર્યો કરે છે કે જેની સંવૈધાનિક જવાબદારી સરકારની છે એ માટે કર ભરનાર વ્યક્તિને જેટલી રકમ દાનમાં આપી હોય એટલી રકમ કરની રકમમાંથી બાદ મળે એવી માંગણી કરવી એ ન્યાયપુરઃસર ગણાવું જોઈએ અને એ માટે યોગ્ય પગલાં લેવાનો કાર્યક્રમ ઘડવો જોઈએ. કરમુકિત મળે તો સેવાભાવી સંસ્થાઓને મોટા પ્રમાણમાં દાન મળી શકે અને યોગ્ય વ્યક્તિને યોગ્ય સમયે અને યોગ્ય પ્રમાણમાં મદદ પણ પહોંચી શકે.

આજે ચારે તરફ શારીરિક, માનસિક કે આર્થિક હિંસાનો જે વ્યાપ વધી રહ્યો છે તેને ખાળવા માટે અહિંસામાં શ્રદ્ધા ધરાવનાર એકજુટ બનીને આગળ આવે અને એકવીસમી સદીમાં જૈનો પોતાનું યોગદાન આપે એવી અપેક્ષા એટલા માટે રહે છે કે તો જ ભારત પાસેથી વિશ્વ જે અપેક્ષા રાખે છે અને ભારત વિશ્વમાં જે સ્થાન મેળવવા ઇચ્છે છે તે પ્રાપ્ત કરી શકાશે. અન્યથા 'ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે'–અસ્તુ. ✷✷✷

૧૭૦૪, ગ્રીન રીઝ, ટાવર–૨, ૧૨૦,ન્યુ લિંક રોડ, ચિકુવાડી,
બોરીવલી (પ.), મુંબઈ–૪૦૦ ૦૯૨.

# શાકાહારીઓને માંસાહાર પીરસવામાં આવે છે

## શાકાહારી પદાર્થોમાં ચરબી, ઈંડા, માછલીની ભેળવણી

થોડા સમય પહેલાં મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, મુંબઈ, દિલ્હી તથા અન્ય સ્થળોએ પોલીસના દરોડા તથા ફૂડ એન્ડ ડ્રગ વિભાગ મારફત સીલ કરવામાં આવેલ કારખાનાઓમાંથી આપણા હોંશકોંશ ઉડાવી દે તેવા સમાચાર પ્રાપ્ત થયા છે. લગ્ન સમારંભો, હૉટલો તથા અનેક સાર્વજનિક ઉત્સવોમાં અપાતા જમણોમાં પણ માંસાહાર પીરસવામાં આવે છે. શાકાહારી વ્યક્તિ અજાણતા માંસાહાર કરી રહ્યાના દાખલા છે. આવી બીનાઓથી જૈન સમાજમાં સનસનાટી ફેલાઈ ગઈ છે.

અહિંસાપ્રેમી તથા શાકાહારીઓની દસકા પુરાણી માગણી-ઓને માન આપી સરકારે ખાવાના પદાર્થોના પેકેટો પર લાલ તથા લીલા રંગની નિશાનીઓ કરવાનો કાયદો ઘડ્યો, પરંતુ ત્યાર બાદ નિશ્ચિંતતાને બદલે શાકાહારીઓની મુશ્કેલીઓ વધી ગઈ. ઉપર્યુક્ત કાયદાનો અમલ કરાવવામાં જવાબદાર સરકારી અધિકારીઓનો વર્ગ લાંચરૂશ્વતમાં મોટી રકમ આપીને કાયદામાં રહેલી ખામીઓ શોધી શોધીને ખાદ્ય કંપનીઓ દ્વારા નિશાનીઓ મરાવી રાષ્ટ્રની આંખોમાં ધૂળ નાંખી રહ્યો છે.

અનેક ખાદ્યપદાર્થોમાં ખાસ કરીને બેકરી ઉત્પાદીત તથા ઠંડા પીણામાં ઈમલ્સીફાયર સ્ટૅબીલાયઝર્સ, કંડીશનર્સ, રેક્યુલેટર્સ, પ્રીઝર્વેટીવ્ઝ, એન્ટીઑક્સીડન્ટ, થીકનર્સ, જીલેટીન, સ્વીટનર્સ, ખાવાના રંગો, જાતજાતની ફ્લેવર્સ, વગેરે નામો જ આપવામાં આવે છે. યુરોપમાં E નં. છાપવાના સખત કાયદા બાદ ભારતમાં પણ આવા ઉત્પાદનો પર નં. છાપવા લાગ્યા છે પરંતુ એ પણ હજુ જોઈએ તેટલા સ્પષ્ટ નથી. ઉત્પાદનકર્તાઓ આવા ઉત્પાદનમાં વપરાતા પદાર્થો ભારતમાંથી ખરીદ ન કરતાં મિશ્રણ માટે વિદેશોમાંથી સીધેસીધા જ આયાત કરે છે, તેથી તો એમ કહી શકાય કે લગભગ બધા જ શાકાહારી માંસાહારીઓ જ છે. આ રીતે લીલા રંગની નિશાનીનો સાથ લઈને કેન્દ્ર સરકારનું અન્ન પ્રક્રિયા મંત્રાલય શાકાહારીઓને માંસાહારનું સેવન કરાવવાનું ઘૃણીત કાર્ય કરાવી રહ્યું છે અને એ પૂરા દેશ માટે શરમજનક છે, જે વિશ્વ સન્મુખ આપણી આબરૂ બોળવા તથા પ્રતિભા મલિન કરવા બરાબર છે.

મત્સ્ય તેલમાંના વિટામીન 'એ', માંસ, ઈંડા વગેરેમાંથી પ્રાપ્ત ઈમલ્સીફાયર્સ, વ્હેલ માછલીના માથામાંથી પ્રાપ્ત સ્પર્મ, સુવર, ગાય, કૂતરા, તથા વાંદરાઓને મારીને પ્રાપ્ત કરેલ ચરબી આદિ પદાર્થો લીલી નિશાનીઓવાળા પદાર્થોમાં જણાવવા માંડ્યા છે. આ મામલામાં તુરંત તપાસ આદરી આવશ્યક પગલાં લઈ સાચી હકીકત બહાર પાડવી અત્યંત જરૂરી છે.

ઉદાહરણ તરીકે લઈએ તો મેંગી ફુડ પ્રોડક્ટસ, ઠંડા પીણા, બ્રિટાનિયા મિલ્ક બિસ્કીટ્સ, મેરી ગૉલ્ડ, ટાયગર, ગુડ ડે ઇત્યાદિ બિસ્કીટ્સ, ચુઈંગમ, બબલગમ, ટુથપેસ્ટ, વગેરે જેવા અનેક પદાર્થો છે જેમાં ઉપરોક્ત પ્રાણીજન્ય પદાર્થોથી બનેલા ઍડીક્ટીવ્ઝની ભેળવણી કરવામાં આવે છે.

વિશ્વસનીય સ્રોતો મારફત જાણવા મળ્યું છે અને તેથી ભૂતકાળમાં ૨૪ લોકસભા સંસદ સભ્યો મારફત ઉઠાવેલ મુદ્દાઓની ચર્ચા બાદ શું પરિણામ આવ્યું, શું કારવાહી કરી અને ભવિષ્યમાં આને માટે શું ઉપાયો લીધા કે કર્યા તેની રાષ્ટ્રીય સ્તરે ચર્ચા કરવી અતિ આવશ્યક છે. દેશી ઘી, બટર ઉત્પાદક ફેક્ટરીઓ પર ફૂડ ઍન્ડ ડ્રગ વિભાગે મારેલ દરોડામાં ઘણી વિગતો બહાર આવી છે. બટર તથા દેશી ઘીમાં ગાય અને સુવરની ચરબીની મિલાવટ થાય છે જેથી ચિકાશ વધે છે.

વનસ્પતિ ઘીમાં ગાયની ચરબી, છાસ અને સૅન્ટ નાંખી ગરમ કરવામાં આવે છે અને શુદ્ધ ઘી તરીકે વેચાય છે. આજે બજારમાં શુદ્ધ ઘી કે બટર મળતા નથી. અનેક હૉટલોમાં નાન, પરાઠા, તથા કુલચાના લોટમાં પણ ચરબી ભેળવવામાં આવે છે. ચાઈનીઝ ફૂડમાં તો ૯૦ ટકા માંસાહાર પદાર્થ ભેળવેલા હોય છે. થોડા દિવસો પહેલાં મૅકડોનાલ્ડમાં વેચાતા બર્ગર, પીત્ઝા, વડાપાંવમાં પણ ગાયની ચરબી ભેળવેલી માલમ પડતા શિવસેનાએ મેકડો-નાલ્ડના અનેક શૉરૂમો તોડી નાંખ્યા હતા.

આજે જૈન સમાજ લગ્નોત્સવ તથા અનેક શુભ અવસરોમાં તથા મ.સા.ના ચાતુર્માસ તથા અન્ય ધાર્મિક કે સામાજિક કાર્યક્રમોમાં નામાંકિત કૅટરર્સની મારફતે રેડીમેડ ગ્રેવીનો ઉપયોગ કરી આપણને માંસાહાર કરાવી રહ્યો છે. રિલાયન્સ જેવી કંપની આવા રેડીમેડ માંસાહારયુક્ત પદાર્થોના મોટા મોટા મઑલ ખોલે છે. અનેક વિદેશી કંપનીઓ મારફતે બાળકોના દૂધના પાવડરમાં ચીકન પાવડર મીક્સ કરવામાં આવે છે. ભારત સરકારે વેજ પદાર્થો પર લીલા રંગની તથા નૉનવેજ પદાર્થો પર લાલ રંગની નિશાની કરવાનો કાયદો કર્યો છે તે છતાં ખુલ્લેઆમ કાયદાનો ધજાગરો થતો જાય છે. ભ્રષ્ટ અધિકારીઓને લીધે શાકાહારીઓના પેટમાં માંસાહાર પડતો જાય છે. ઈન્ડીયા ટી.વી., ઝી ટી.વી. તથા અન્ય ચૅનલો દ્વારા આવતી જા. ખ. પોલીસ ખાતું, ફૂડ એન્ડ ડ્રગ દ્વારા પાડેલ દરોડા દ્વારા પ્રાપ્ત થયેલ જાણકારીથી રૂંવાડા ઉભા થઈ જાય છે. આના સંદર્ભમાં સુશીલ ટાંટીયાએ સરકારને ચેતવણી આપી છે. પૂનામાં પૂ. ચંદ્રજિત વિજયજી મ. સાહેબે પોતાના વ્યાખ્યાનમાં સમાજને અનેકવાર જાગ્રત કરવા પ્રયત્ન કરેલ છે. આ સંદર્ભમાં વાચકો પોતાના પ્રતિભાવ મોકલી શકે છે.

❑ **અનુવાદક : પુષ્પાબેન પરીખ**

### પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રવચનોનું શ્રવણ વેબ સાઈટ ઉપર

૨૭ ઑગસ્ટથી ૪ સપ્ટેમ્બર સુધી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના સત્તર વિદ્વતાભર્યા પ્રવચનો હવે આપ આપના કૉમ્પ્યુટર www.mumbai-jainyuvaksangh.com ઉપર ડાઉન લોડ કરી ઘેર બેઠાં સાંભળી શકશો. કુ. રેશ્મા જૈને માહિતી સભર આ આકર્ષક અને કલાત્મક વેબ સાઇટ તૈયાર કરી છે.

ડાઉન લોડ કરવા માર્ગદર્શન માટે શ્રી હિતેશ માયાણીને 9820347990 અને શ્રી ભરત મામનીઆ નં. 022-23856959 આપ સંપર્ક કરી શકશો. –મેનેજર

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

**(ઑગસ્ટ–૨૦૦૮ના અંકથી આગળ)**

(૪૭૭) ભાષા :
–જે શબ્દ આત્માના પ્રયત્નથી વ્યક્ત કે અવ્યક્ત પણે ઉત્પન્ન થાય છે.
–जो शब्द आत्मा के प्रयत्न से व्यक्त या अव्यक्त रुप से उत्पन्न होता है ।
–The sound produced through effort on the part of soul is prayogaja or vaisrasika (non-voluntary)

(૪૭૮) ભાષાસમિતિ :
–સત્ય, હિતકારી, પરિમિતિ અને સંદેહ વિનાનું બોલવું.
–सत्य, हितकारी, परिमित और संदेह रहित बोलना ।
–To speak what is truth, beneficial, measured and free from doubt.

(૪૭૯) ભિક્ષુપ્રતિમા :
–જૈન પરંપરામાં તપસ્વીઓ દ્વારા આચરવામાં આવતો એક તપ.
–जैन परंपरा में तपस्वियों द्वारा आचरण किये जानेवाला एक तप ।
–One of the penance practiced by various oscetics in the Jaina tradition.

(૪૮૦) ભીમ :
–વ્યંતરનિકાયના એક દેવનો પ્રકાર.
–व्यंतर जाति के एक देव का प्रकार ।
–One of the Indra of Raksasas a sub type of the vyantaranikaya.

(૪૮૧) ભુજગ :
–વ્યંતરનિકાયના એક દેવનો પ્રકાર.
–व्यंतरनिकाय के एक देव का प्रकार ।
–One of the sub-type of the Vyantarnikaya

(૪૮૨) ભૂત :
–વ્યંતરનિકાયના એક દેવનો પ્રકાર.
–व्यंतरनिकाय के एक देव का प्रकार ।
–One of the sub-type of Vyantarnikaya

(૪૮૩) ભૂતવાદિક :
–વ્યંતરનિકાયના એક દેવનો પ્રકાર.
–व्यंतरनिकाय के एक देव का प्रकार ।
–One of the sub-type of Vyantarnikaya

(૪૮૪) ભૂતાનંદ (ઇંદ્ર) :
–વ્યંતરનિકાયના નાગકુમાર પ્રકારના દેવોમાંના એક ઇન્દ્ર છે.
–व्यंतरनिकाय के नागकुमार प्रकार के देवो में से एक इन्द्र है ।
–One of the Indra of Nagakumaras, a sub-type of Vyantaranikaya

(૪૮૫) ભુતાનુકંપા :
–(સાતાવેદનીય કર્મના બંધ હેતુનો પ્રકાર છે.) પ્રાણીમાત્ર ઉપર અનુકંપા કરવી તે.
–(सातावेदनीय कर्म के बन्धहेतु का का प्रकार है) । प्राणि–मात्र पर अनुकम्पा रखना ।
–One of the cause of bondage of the satavedaniya karma) a feeling of compassion towards all the living beings.

(૪૮૬) ભૂતોત્તમ :
–વ્યંતર જાતિના દેવનો એક પ્રકાર.
–व्यंतर जाति के एक देव का प्रकार ।
–One of the sub-type of Vyantaranikaya.

(૪૮૭) ભેદ :
–એકત્વરૂપમાં પરિણત પુદ્ગલપિંડનો વિશ્લેષ-વિભાગ થવો.
–एकत्व रुप में परिणन पुद्नलपिण्ड का विश्लेष-विभाग होना।
–When a pudagala-body of the form of a unit or an aggregate is disjoined or dissociated.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

**(વધુ આવતા અંકે)**

# સર્જન સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **ગાંધી**
**જેવા જોયા–જાણ્યા વિનોબાએ**
**સંપાદન : કાન્તિ શાહ**
**પ્રકાશક : પારુલ દાંડીકર**
યજ્ઞ પ્રકાશન સમિતિ, હુજરત પાગા,
વડોદરા–૩૯૦ ૦૦૧. કિંમત રૂા. ૪૦/–, પાના ૧૫૦; આવૃત્તિ–ત્રીજી. માર્ચ–૨૦૦૮.

ગાંધીજી અને દીનબંધુ એન્ડ્રૂઝ સાથેની વાતચીતમાં ગાંધીજીએ વિનોબા વિશે કહેલું કે,

'આશ્રમના દુર્લભ રત્નોમાંના આ એક છે. તેઓ આશ્રમને પોતાનાં પુણ્યથી સીંચવા આવ્યા છે; પામવા નથી આવ્યા, આપવા આવ્યા છે.'

ગાંધીજીના આ આશીર્વાદ પૂર્ણપણે સાર્થક થયેલા આજે જોઈ શકાય છે. વિનોબા દેશ–દુનિયાની મોટી સેવાનું નિમિત્ત બન્યા છે. ગાંધીજીનો મહાયજ્ઞ એમણે આગળ ચલાવ્યો છે.

ચારેક દાયકા પહેલાં ગાંધી શતાબ્દી નિમિત્તે તૈયાર થયેલ આ પુસ્તકનો હિંદુસ્તાનની બધી ભાષાઓમાં તેમજ અંગ્રેજી, ઈટાલિયન અને બીજી બે–ત્રણ વિદેશી ભાષાઓમાં અનુવાદ પણ થયો છે.

નવી પેઢીના યુવાનોને ગાંધી વિશે, ગાંધીની નીતિ–રીતિ વિશે આજના સમયમાં તેની અગત્યતા વિશે જાણવા સમજવાની જીજ્ઞાસા વધી છે. ચારે તરફ પૈસા, પદ અને શસ્ત્રની બોલબાલા અને દાદાગીરી જોતી નવી પેઢી ગાંધીગીરી વિશે વિશેષ જાણવા માગે છે.

વિનોબાજીએ એકવીસ વર્ષની ભરયુવાન વયે ઘર છોડ્યું ત્યારે તેઓ ગાંધીની આ ગાંધીગીરીથી આકર્ષાઈને એમણે ગાંધીની દીક્ષા લીધેલી. જીવનભર એમણે આ ગાંધીગીરીની જ આરાધના કરેલી એટલે વિનોબાએ ગાંધીજીને કેવા જોયા, જાણ્યા–નાણ્યા–માણ્યા તેનું થોડુંક વિવરણ ગાંધીને જાણવા સમજવામાં ઉપયોગી થશે.

ગાંધી–વિનોબાને અને એમના સર્વોદય તેમજ અહિંસક સમાજ રચનાના મિશનને સમજવામાં આ પુસ્તક મદદરૂપ થાય તેમ છે.

xxx

પુસ્તકનું નામ : **ગીતા દર્શન**
**લેખક : વિનોબા**
**પ્રકાશક : પારુલ દાંડીકર**
યજ્ઞ પ્રકાશન સમિતિ, હુજરત પાગા,
વડોદરા–૩૯૦ ૦૦૧. કિંમત રૂા. ૨૫/–, પાના ૮૦; આવૃત્તિ–પ્રથમ. માર્ચ–૨૦૦૭.

ભારતીય સંસ્કૃતિ સાથે ગીતા અભિન્ન રીતે સંકળાયેલી છે. વિનોબા પણ ગીતાના અઠંગ ઉપાસક. તેઓ ગાંધીજી પાસે રહીને નવયુગને અનુરૂપ સ્વરૂપમાં જોતા–સમજતા થયા.

વિનોબાજીએ પોતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ગાંધીજીની સંગતિનો લાભ મને ન મળ્યો હોત, તો ગીતા જેવી હું આજે સમજ્યો છું, તેવી સમજી શક્યો ન હોત. ગાંધીજી થકી મને ગીતાને યથાર્થપણે સમજવાની ચાવી મળી છે.

વિનોબાએ કહ્યું છે, 'ગીતા એટલે સામ્યયોગ. ગીતામાંથી આપણે સામ્યયોગ જ શીખવાનો છે. ગીતાના આત્મૌપજયની શીખ એટલે જ સરળ લૌકિક ભાષામાં–સર્વોદય. આપણે સામ્યયોગના આધારે સર્વોદય સમાજનું, અહિંસક સમાજનું નિર્માણ કરવાનું છે.' ગાંધી વિનોબાનું આ ગીતા–દર્શન સર્વોદય વિચારધારાનું આધ્યાત્મિક અધિષ્ઠાન છે.

વિનોબાનું આ ગાંધી પ્રણીત 'ગીતા–દર્શન' આ પુસ્તકમાં સંક્ષેપમાં છતાં સાંગોપાંગ સ્વરૂપમાં આલેખાયું છે જે વાચકને માટે રસપ્રદ બની રહે છે.

xxx

પુસ્તકનું નામ : **મહર્ષિ વિનોબા**
**લેખક : અમૃત મોદી**
**પ્રકાશક : પારુલ દાંડીકર**
યજ્ઞ પ્રકાશન સમિતિ, હુજરત પાગા,
વડોદરા–૩૯૦ ૦૦૧. કિંમત રૂા. ૧૫/–, પાના ૮૦; આવૃત્તિ–ત્રીજી. નવેમ્બર–૨૦૦૭.

વિનોબા ભાવે એક મહાન સંત થઈ ગયા. તેઓ સાચા અર્થમાં મહાત્મા ગાંધીજીના રચનાત્મક અને આધ્યાત્મિક વારસદાર હતા. તેમણે ભારતનો સાંસ્કૃતિક વારસો જાળવી રાખી ધાર્મિક એકતા જાળવવા તમામ ધર્મોનો અને બધી ભાષાઓના સંત સાહિત્યનો તે ભાષા શીખી ઊંડાણથી અભ્યાસ કરી ભાગવત ધર્મસાર, કુરાનસાર, ખ્રિસ્તિ–ધર્મસાર, જપુજી, ધમ્મપદ, સમણસુત્તમ્, નામઘોષ સાર જેવા ગ્રંથો તૈયાર કર્યા છે. ગીતા પ્રવચનોનું પુસ્તક ભારતની તમામ અને પરદેશની અનેક ભાષામાં અનુવાદિત થયું છે.

વિનોબાજીએ સ્વચ્છતા અભિયાન, અશ્લિલ પોસ્ટરો હઠાવો ઝુંબેશ, બહારવટિયાઓનાં હૃદયપરિવર્તન, ગોવંશ–વધબંધી, નાગરી લિપી પ્રચાર, બ્રહ્મવિદ્યા સ્ત્રીશક્તિ જાગૃતિ, હરિજન–સેવા, ખાદી–ગ્રામોદ્યોગને ઉત્તેજન, કાંચનમુક્તિ પ્રયોગ જેવાં અનેકવિધ કાર્યો કર્યા. દેશની આઝાદી માટેના ગાંધીજીના તમામ સત્યાગ્રહોમાં ભાગ લઈ જેલવાસ ભોગવ્યો. ગાંધીજીના આશ્રમકાર્યો રસોઈ, સફાઈથી લઈને કાંતણ, વણાટ, ખેતી જેવા અનેકવિધ કામો જાતે કરી શ્રમની પ્રતિષ્ઠા વધારી. તેમણે જીવનભર જ્ઞાન, કર્મ અને ભક્તિની ત્રિવેણી દ્વારા સામ્યયોગની સાધના કરી.

વિનોબાજીની જીવનઝાંખી દર્શાવતું, કિશોરો અને વિદ્યાર્થીઓ માટે સરળ ભાષામાં તેમના જીવન–પ્રસંગો દ્વારા જીવનકથા ગૂંથી લેતું 'મહર્ષિ વિનોબા'ની આ નવી આવૃત્તિમાં નવા પ્રકરણો તથા ફોટાઓનું ઉમેરણ કર્યું છે. જે વિદ્યાર્થીઓ અને અન્ય વાંચકોને પ્રેરિત કરે તેવા છે.

શિષ્ટ સાહિત્યના પ્રચાર–પ્રસાર માટે વિનોબાજીના જીવન–પ્રસંગો દ્વારા જીવનકથા ગૂંથવાનો પ્રયાસ વાચકોને ગમે તેવો છે.

xxx

**પુસ્તકનું નામ : કાપ્રા કહે છે**
**ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ**
**રજૂઆત : કાન્તિ શાહ**
**પ્રકાશન : પારુલ દાંડીકર**
યજ્ઞ પ્રકાશન સમિતિ, હુજરત પાગા,
વડોદરા–૩૯૦ ૦૦૧. કિંમત રૂા. ૨૫/–, પાના ૭૨; આવૃત્તિ–બીજી. પુનર્મુદ્રણ એપ્રિલ–૨૦૦૮.

વીસમી સદીના અંત સમયમાં માનવીની આશાઓના ચૂરેચૂરા થઈ ગયા. અણુશસ્ત્રો પાછળની દોટ, યંત્રીકરણ, ઉદ્યોગીકરણ, પ્રદૂષણ અને પર્યાવરણની સમસ્યાઓ વગેરેએ માનવ-જાતને નવેસરથી વિચારવા પ્રેરી છે. વીસમી સદીનો ઉત્તરાર્ધ ફેર–વિચારણાનો સમય બની રહ્યો છે. વિચારકોને લાગે છે કે હવે નવેસરથી બધું ગોઠવવું પડશે. મૂલ્યો અને માપદંડો, વલણો અને વિચારો, માન્યતાઓ અને જીવનપદ્ધતિ બધું જ ધરમૂળથી બદલવું પડશે.

આ સંદર્ભે, **ફિટજોફ કાપ્રાનું** પુસ્તક `The Turning Point' -એક સીમીચિહ્ન રૂપ છે. ૧૯૮૨માં પ્રગટ થયેલ આ પુસ્તકમાં લેખક કહે છે કે માનવજાત આજે એક ઐતિહાસિક વળાંક–બિંદુએ આવીને ઊભી છે.

આ પુસ્તકમાં કાપ્રા વર્તમાન વ્યવસ્થાની વેધક સમીક્ષાની સાથે સાથે નવી વ્યવસ્થાની રૂપરેખા પણ દોરી આપે છે. પદાર્થ વિજ્ઞાન અને અધ્યાત્મ વિજ્ઞાનના સમન્વયરૂપ એક નવું સમગ્ર જીવન દર્શન અને વિશ્વદર્શન આજે પાંગરી રહ્યું છે, તેની વાત આ પુસ્તકમાં છે. કાપ્રાને થયેલ એક વિશેષ અનુભૂતિનું વર્ણન આ પુસ્તકના આરંભમાં છે. આ પુસ્તક એટલે અનિવર્ચનીય અનુભૂતિનું અછડતું આલેખન. ✷✷✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩

**પંથે પંથે પાથેય : નિવાર્ય અનિષ્ટો (અનુ. પૃષ્ટ છેલ્લાથી ચાલુ)**

જરૂરિયાત નહિ પરંતુ એક શોખની વસ્તુ છે અને એના ઉત્પાદનમાં તો અનેક સ્તરે, અનેક જીવોની હિંસા થતી હોય છે, છતાં, આપણાથી એનો મોહ છૂટતો નથી. ઝવેરાતના વેપાર, વપરાશમાં જૈનોનો ફાળો ગણનીય છે.

જ્યારે કીડીને પણ ન મારનાર માણસો અન્ય મનુષ્યોનાં દુઃખ દર્દ તથા શોષણ પ્રત્યે ઉદાસીનતા સેવે ત્યારે નવાઈ લાગે છે.

**મકાન :** આપણી ત્રીજી જરૂરિયાત એટલે ઘર. ટાઢ, તડકો, વરસાદ તથા હિંસક પશુઓથી બચવા આદિ માનવ ગુફાઓમાં રહેતો. ધીમે ધીમે ઝૂંપડા, કુટિરો અને હવે તો અદ્યતન ગગનચુંબી મકાનો બંધાવા માંડ્યા. અગાઉ ઘર, હુંફ અને રક્ષણાર્થે બંધાતા, ધીમે ધીમે એમાં સગવડો ઉમેરાતી ગઈ અને પછી એમાં પણ શરૂ થઈ દેખાદેખી. ઘરનાં રૂપરંગ બદલાવવાનો એક ચીલો શરૂ થયો. ભીંતો તોડી બે ખંડમાંથી એક મોટો બેઠક ખંડ બનાવવાનો અને એક મોટા ખંડમાં ભીંત ચણી બે નાના ખંડ બનાવવાના. લાદીઓ અને બારી બારણાં બદલવાનાં, રસોડાના ઓટલાના સ્થળાંતર કરવાના. ભાંગફોડ દરમિયાન, પોસાતું હોય તે બીજે રહેવા જાય અને પાડોશીઓ તોડફોડના, લાદી ગ્રેનાઈટ કાપવાનાં કર્કશ અવાજોથી પીડા ભોગવતા રહે.

સૌથી વધુ હિંસા કદાચ મકાન પાછળ થતી હશે. સિમેન્ટ એટલે વાતાવરણને પ્રદુષિત કરનાર પદાર્થોમાં અગ્રેસર. એક ટન સિમેન્ટનું ઉત્પાદન કરવા માટે એક ટનથી સહેજ જ ઓછો (એટલે કે ૦.૯૦ ટન) કાર્બન ડાયોક્સાઈડ વાયુ હવામાં છોડાય છે. મકાનો પાડવામાં આવે કે ભીંતો તોડવામાં આવે ત્યારે ટ્રકો ભરાઈને થતો સિમેન્ટનો ભંગાર પ્રદુષણમાં વધારો કરે છે. કારણ કે એ ભંગાર નથી માટીમાં એકરૂપ થઈ શકતો કે નથી પાણીમાં ભળી જતો. આ ઉપરાંત મકાન જમીનદોસ્ત કરવામાં આવે ત્યારે, ભીંતમાં, છતમાં, પાયામાં વસતા અસંખ્ય નાના મોટા જીવોની હિંસા થાય તે વધારાની.

બે માળના મકાન પર અમારો ત્રીજો માળ પિસ્તાળિસ વર્ષ પહેલાં ચણાયેલો. એક ખંડની લાદીઓમાં કેટલીક નીચે ઉતરી ગઈ હતી. એના પર ચાલતી વખતે ઠોકર વાગતી. લાદીઓ ફરીવાર બેસાડવી જરૂરી હતી. મારા પતિ અને પુત્રી બન્ને ઍન્જિનિયર. એમણે જૂની લાદી પર જ નવી લાદી બેસાડવી એવું નક્કી કર્યું. અદ્યતન મકાનોમાં બેસાડાય છે એવી ૨'x ૨' ની લાદી. લિફ્ટ વગરના મકાનમાં ત્રણ માળ પર લાદીઓ તથા એને ચોંટાડવા માટેના રસાયણના કોથળા ચઢાવવા કોન્ટ્રેક્ટર પાસે એક જ માણસ હતો. એ મજૂરે ચાળીસ કિલો વજન ઉંચકી વીસ ફેરા કર્યાં; બરાબર દોઢ કલાકની તનતોડ મજૂરી. મારાથી આ સહન નહોતું થતું. મેં કોન્ટ્રેક્ટરને બીજા મજૂરો લાવવા કહ્યું. 'વધારાની મજૂરી અમે ચૂકવશું.'

'તમે નાહકના અકળાઓ છો. તમારા તો ત્રણ જ માળ છે. આ લોકો તો સાત સાત માળ સુધી માલ ચઢાવવાને ટેવાયેલા છે.' આમ કહી એ ભાઈ તો જતા રહ્યા. દસ આંટા બાદ એ મજૂર હાંફતો હતો એના પગ ધ્રૂજતા હતા. મેં એને થોડો વિસામો લેવા કહ્યું અને ચહા-નાસ્તો તથા કેળાં આપ્યા. પણ મારા મનનો ઉદ્વેગ જરાય શમ્યો ન હતો. બાપ-દીકરી ઑફિસેથી આવ્યા ત્યારે પણ હું ઉદાસ હતી. દીકરીએ તો કહેવા માંડ્યું, 'આખા ઘરની ફરસ પર આવી લાદી જડાવી દે. ઘર એકદમ નવું લાગશે...'

'મારે આથી વધુ કર્મ નથી બાંધવા' અને મેં મારી વ્યથા કહી ઉમેર્યું, 'તમે બેઉ તો આ ક્ષેત્રમાં કામ કરનારા. તમે વધારે મજૂરો મોકલવાનો આગ્રહ કેમ ન રાખ્યો. આ તો માણસનું નર્યું શોષણ કહેવાય.'

'આવા બધાં વિચારો કરીશ તો, તારે તો ખાવાનું પણ છોડી દેવું પડશે. સાકરના કારખાનામાં મજૂરો એની પીઠ પર સો કિલોની ગુણો ઉંચકે છે. ચોખાની ગુણો પણ સો કિલોની હોય છે.' એમણે કહ્યું.

ખાવાનું છોડી તો ન શકાય, પરંતુ વસ્તુઓનો ખપ પૂરતો જ વપરાશ અને અપરિગ્રહ એ બે નિયમો તો પાળી શકાય.

એક બહેનપણી કહે 'એમ તો આપણાં તીર્થધામ સમા દેરાસરો, દેલવાડા, રાણકપુર, સમેતશીખર ડુંગર ઉપર છે એ બાંધવા માટે તો કેટલા મોટા વજનદાર આરસપહાણને એટલી ઊંચાઈ પર લઈ જવા પડ્યા હશે'.

સદીઓ પહેલાંની એ વાત છે. ત્યારે શા માટે અને કેવી રીતે આ બધાં અદ્ભુત કલાના નમૂના જેવા દેરાસરો બંધાયા હશે એની મને ખબર નથી. વળી, જૈનોમાં મૂર્તિપૂજામાં ન માનનાર સ્થાનકવાસીઓ પણ છે જ ને! વર્તમાનકાળમાં, આજની પરિસ્થિતિમાં આપણે સંસારી જીવ ઓછામાં ઓછી હિંસા આચરીને અને ખાસ તો આપણા જેવાં જ તન-મન ધરાવતા મનુષ્યનું શોષણ કર્યા વગર કેવી રીતે જીવી શકીએ એ વિચારવાનું.

અગાસીની નીચે અમારો ફ્લેટ. ચોમાસામાં માથા પર પાણી ટપકે. એ બંધ કરવા અગાસીમાં સમારકામ કરવાનું હતું. ફરી પાછો સામાન-ઈંટ, રેતી ને રસાયણો અગાસી સુધી ચઢાવવાના, પરંતુ આ વખતના કૉન્ટ્રેક્ટરમાં માનવતા હતી. એણે માલ નીચેથી ઉપર પસાર કરવા દરેક માળ પર એક મજૂર ઊભો રાખ્યો હતો. આથી દરેક મજૂરને માલ સહિત એક જ માળ ચઢવો ઊતરવો પડતો. મહેનત તો સૌએ કરવી જ રહી. તે વગર રોટલો રળાય નહિ ને પચાવાય નહિ. માલ ચઢાવવાની આ વ્યવસ્થા જોઈને શોષણ અને શ્રમ વચ્ચેનો તફાવત જાણવા મળ્યો.

માણસ, માણસ બનીને રહે, એને મળેલી દિલ-દિમાગની અનોખી બક્ષિસનો સદુપયોગ કરે એ જ અભ્યર્થના. ✷ ✷ ✷

૫૧૧, એડનવાલા રોડ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month ● Regd. No. MH/ MR/SOUTH-146 / 2006-08



## પંથે પંથે પાથેય...

# નિવાર્ય અનિષ્ટો

❑ ઉષા શેઠ

જૈન ધર્મમાં અહિંસાનું અગ્રસ્થાન છે. જાણતા–અજાણતા, એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય જીવ પ્રતિ આચરવામાં આવતી હિંસાની બારીકાઈથી, ચીવટપૂર્વક નોંધ કરવામાં આવી છે. માનસિક રિબામણને શારીરિક ત્રાસ જેટલી જ હિંસા લેખવામાં આવી છે. મનમાં કોઈનું અનિષ્ટ ઈચ્છવું, વાગ્બાણ વડે કોઈ પર પ્રહાર કરવા કે શારીરિક ઈજા પહોંચાડવી, અર્થાત્ મન, વચન કે કાયાથી કોઈના પર ત્રાસ ગુજારવો, એને પણ એક પ્રકારની હિંસા ગણવામાં આવે છે. આટલી બધી સૂક્ષ્મતાથી જ્યારે અહિંસા આચરવાની હોય ત્યારે ખપ પૂરતો ઉપભોગ અને અપરિગ્રહ આવશ્યક બને છે. આપણે આમાંનું કેટલું અનુસરીએ છીએ એનો વિચાર કરીએ. મનુષ્ય એક જ એવું પ્રાણી છે જેની પાસે વિચાર-શક્તિ ને વિવેકબુદ્ધિ છે. આ શક્તિનો આપણે સરખો ઉપયોગ કરીએ તો માનવતા કેળવી શકીએ અને સાચા અર્થમાં માણસ બની શકીએ. બાકી તો 'કથા સુણી સુણી ફૂટ્યા કાન, તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન' એવો ખેલ થાય. અને ગાડરની માફક લોકો પ્રવાહમાં તણાયે રાખે. સહેલાઈથી નિવારી શકાય, એવા અનિષ્ટોનો આપણે વિચાર કરીએ.

રોટી, કપડા અને મકાન એ મનુષ્યની જરૂરિયાત છે. આ મેળવવામાં, સહેલાઈથી નિવારી શકાય એવી હિંસા વિશે વિચારીએ.

**રોટી :** આનો વિચાર કરીએ એટલે સૌ પ્રથમ ધાન્ય અને એ ઉગાડનાર ખેડૂત યાદ આવે. ટાઢ, તડકો, વરસાદ સહી ખેડૂત અથાક મજૂરી કરે, ખેતર ખેડવા સમયે બળદ ન હોય તો એની જગ્યાએ પોતે પણ જોતરાય ત્યારે અનાજ પાકે. રોટલો આપણાં ભાણામાં પડે ત્યાં સુધીમાં તો આવા કેટલાંયે શ્રમિકોએ પરસેવો પાડ્યો હોય, જેવા કે લોઢી ચિપિયો, સાણસી બનાવનાર લુહાર, ઈંધણ માટે કોલસાના ખાણિયા, સિલિન્ડર ઊંચકનારા અને અંતમાં રોટલાના ઘડનારા. અગાઉ તો ઘણાં જૈનો જમ્યા બાદ થાળી ધોઈને પીતા. આજનાં બાળકોને તો આ પ્રથાની ખબર પણ નહિ હોય, કારણ કે આજે 'જીવવા માટે ખાવાનું' ને બદલે 'ખાવા માટે જીવવાનું' એ નિયમ વધુ પ્રચલિત છે. જન્મ, મરણ, સગાઈ, લગ્ન, ધાર્મિક તપસ્યા, પરીક્ષામાં ઉત્તીર્ણ થવું–ઉજવણીઓ માટે કોઈપણ કારણ જોઈએ. અને એમાંયે પાછી ચડસાચડસી. ઓલાએ જમણ-વારમાં ત્રીસ વાનગી રાખેલી અને પેલાએ પચાસ. આપણાથી કેમ પાછળ રહેવાય? આપણે રાખો સાઠ વાનગીઓ. આપણી વાહ વાહ થવી જ જોઈએ. પરિણામે, બગાડ, એઠવાડ, પાણીનો વ્યય, પર્યાવરણને હાનિકારક એવા પ્લાસ્ટિકના પ્યાલા, વાટકીઓ, ચમચીઓના ઉકરડા. જૈનોમાં તો કરવું, કરાવવું અને અનુમોદન કરવું એને સરખો અપરાધ ગણાય છે. એટલે આવા જમણવારો કરનાર, એમાં ભાગ લેનાર, તથા એની વાહવાહ કરનાર સરખા દોષી લેખાય.

હદ ઉપરાંતનું ખાવું, માંદા પડવું, બીજા પાસે ચાકરી કરાવવી, જૈનોને તાજ્ય એવા પદાર્થોની દવાઓ ખાવી. મેદસ્વી શરીરને કારણે જીવતા હોઈએ ત્યારે પોતાનું વજન પોતાને ભારરૂપ લાગે અને મૃત્યુ બાદ ઠાઠડી ઊંચકનારને. વળી શબને બાળવા વધુ લાકડા જોઈએ. એટલે કે વધારે વૃક્ષોનું નિકંદન અને પર્યાય તરીકે વીજ હોય તો તે પણ વધારે જ વાપરવી પડે. સંયમ કેળવીએ અને કાળજી રાખીએ તો આમાનાં કેટલાંક અનિષ્ટો નિવારી શકાય. પર્યુષણ સમયે શાકભાજીનાં ભાવ ઘટી જાય છે, ઉપહારગૃહોમાં સહેલાઈથી જગ્યા મળે છે–આ બતાવે છે કે વસ્તીના પ્રમાણમાં જૈનોનો ઉપભોગ વધારે હોય છે.

**કપડાં :** જેટલી અધિક ઉજવણીઓ એટલાં અધિક પરિધાન. મરણ પ્રસંગ માટે એટલે કે પ્રાર્થનાસભા માટે પણ ખાસ વસ્ત્રો ખરીદવામાં આવે છે. કપડાં બાબત તો ગજબની દેખાદેખી. એકના એક વર્તુળમાં એકનો એક પોષાક કેવી રીતે પહેરાય? આપણી કિંમત ઘટી જાય ને! વધારે કપડાં ભરવા વધારે કબાટો ને વધારે લાકડાંનો વ્યય. આમ પરિગ્રહ વધતો રહે અને હિંસા પણ. રેશમી કાપડ બનાવવા માટે રેશમના કીડાની હત્યા કરવામાં આવે છે. એ દેખીતી હિંસા જોઈને કેટલાંક લોકો રેશમી કાપડ વાપરવાનું છોડી દે છે જે સારી વાત છે. પરંતુ, અન્ય કાપડ ઉત્પાદનમાં આપણાં જ જેવા મનુષ્ય–જીવને થતી હાનિ અને એને પરિણામે થતાં અકાળ મૃત્યુ વિશે આપણે ભાગ્યે જ વિચારીએ છીએ. નાયલોન, રેયોન, ટેરિન જેવા અકુદરતી કાપડના રેસા, છુંછા તથા રસાયણિક રંગોને લીધે શ્વાસ તથા ફેફસાનાં જીવલેણ રોગો થતા હોય છે. તેથી જ ખપ પૂરતો વપરાશ એ ઉત્તમ નિયમ છે. અંગ્રેજી ચલચિત્ર 'બ્લડ ડાયમન્ડ'માં હીરાના ખાણિયાનું થતું શોષણ અને અત્યાચારો જોઈને કેટલાંકને હીરા પ્રત્યે સ્મશાન વૈરાગ્ય આવી ગયો હતો ખરો. આભૂષણો

(વધુ માટે જુઓ પાનું ૨૭)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/– તા. ૧૬ ઑક્ટોબર, ૨૦૦૮ છૂટક નકલ રૂા. ૧૦/–

✶✶✶ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✶✶✶

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૪ વીર સંવત : ૨૫૩૪ આસો વદ – તિથિ – ૨

## જિન-વચન

### સાચું સુખ

अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ ।
अप्पाणमेव अप्पाणं जइत्ता सुहमेहए ।।

–उत्तराध्ययन–९-३५

શા માટે બહારના શત્રુઓ સાથે યુદ્ધ કરો છો ? પોતાના આત્માની સાથે જ યુદ્ધ કરો. જે આત્મા વડે આત્માને જીતે છે તે સાચું સુખ પામે છે.

आत्मा के साथ ही युद्ध करो । बाहरी शत्रुओं से युद्ध करने से क्या लाभ ? आत्मा को आत्मा के द्वारा जीतनेवाला मनुष्य सुख पाता है ।

Why are you fighting with external enemies ? Fight with your own self. One who conquers one's own self enjoys true happiness.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

## આચમન

# ૐના જાપનો ચમત્કાર

## દર્દીઓને દર્દના બંધનમાંથી છૂટકારો

***બ્રિટિશ ચિકિત્સક વિજ્ઞાનીઓએ પાંચ હજાર વ્યક્તિઓ પરથી કરેલી શોધ***

હિન્દુ ધર્મશાસ્ત્રો પ્રમાણે પૃથ્વીની ઉત્પત્તિ સમયે સૌ પ્રથમ ધ્વનિ ઉત્પન્ન થયો તે ૐ. આ ધ્વનિએ આકાશ, પાતાળ, ધરતી સાથે સમસ્ત જગતમાં એક અદ્ભુત ગુંજારવ ફેલાવી દીધો. આ પવિત્ર ધ્વનિના મહિમા તથા પ્રભાવને આજે સમસ્ત દુનિયા માની રહી છે. અમેરિકા, બ્રિટન અને ઑસ્ટ્રેલિયા જેવા દેશોમાં ૐના માધ્યમ દ્વારા શારીરિક બિમારીઓ દૂર કરવામાં તથા નશામાં ચકચૂર ડૂબેલા યુવાનોને સાચી રાહ પર લાવવા માટે પ્રયોગો કરાય છે.

થોડા સમય પહેલાં જ બ્રિટનના એક સાયન્સ જર્નલના રિપોર્ટમાં સ્પષ્ટ રીતે ૐની મહત્તા સ્વીકારાઈ છે. ચિકિત્સકોએ દાવા સાથે જણાવ્યું છે કે એલોપથી ડૉક્ટરોએ જ્યાં શારીરિક બિમારીઓના ઈલાજ માટે હાથ ધોઈ નાંખ્યા હતા ત્યાં ૐના સતત જાપ દ્વારા આશ્ચર્યજનક સુધારો જણાયો હતો. ખાસ કરીને પેટની બિમારીઓ, મગજ તથા હૃદયની બિમારીઓ પર જાપ તો રામબાણ ઔષધ જેવું કાર્ય કરે છે.

**પરીક્ષણની રીત :**

'રિસર્ચ એન્ડ એક્સપરીમેંટ ઈન્સ્ટીટ્યૂટ ઑફ ન્યૂરો સાયન્સ'ના પ્રમુખ પ્રો. જે. મોર્ગન તથા તેમના સાથીદારોએ સાત સાત વર્ષો સુધી હિન્દુ ધર્મના પ્રતીક ૐનો અભ્યાસ કર્યો. આ દરમિયાન તેઓએ મગજ તથા હૃદયના ભિન્નભિન્ન રોગો વાળા ૨૫૦૦ પુરુષો અને ૨૦૦૦ મહિલાઓને તપાસ્યા હતા. આ સર્વે દર્દીઓને અત્યંત જરૂરી એવી જ દવાઓ ચાલુ રખાવી બીજી બધી દવાઓ બંધ કરાવી હતી. રોજ સવારે ૧ કલાક, ૬ થી ૭ વાગ્યા સુધી શુદ્ધ, સ્વચ્છ અને ખુલ્લા વાતાવરણમાં યોગ્ય શિક્ષકો દ્વારા ૐના જાપ જ કરાવ્યા. આ જાપ વિભિન્ન ધ્વનિઓ તથા લયમાં કરવાનું શીખવવામાં આવ્યું.

દર ત્રણ મહિને મગજ, હૃદય તથા પૂરા શરીરનું સ્કેનીંગ કરાવ્યું. આ રીતે ચાર વર્ષો સુધી લગાતાર આ પ્રયોગ કરાવ્યા બાદનો રિપોર્ટ અતિ ઉત્તમ હતો. લગભગ ૭૦ ટકા પુરુષો તથા ૮૨ ટકા મહિલાઓમાં ૐના જાપ શરૂ કરતાં પહેલાંની દર્દની તીવ્રતામાં ૯૦ ટકા જેટલો સુધારો જણાયો હતો. ૐના જાપની બહુ થોડા લોકો પર માત્ર ૧૦ ટકા જ અસર થઈ

(વધુ માટે જુઓ પાનું ૨૭મું)

## સર્જન-સૂચિ



| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | શ્રી જૈન મહાવીર ગીતા | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | સંપાદક – સંશોધક ડૉ. રમણલાલ સી. શાહ | ડૉ. ગુલાબ દેઢિયા | ૬ |
| (૩) | પ્રાણ આધારિત વિભિન્ન સાધના-પદ્ધતિ | પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ. | ૯ |
| (૪) | પ્રૉ. યશવંતભાઈ શુક્લ | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૩ |
| (૫) | દિવાળી કાર્ડભગવાન શ્રી તરફથી | શ્રી મલુકચંદ રતિલાલ શાહ (કામદાર) | ૧૭ |
| (૬) | વાણી : અણમોલ વરદાન | શ્રી શાંતિલાલ ગઢિયા | ૧૮ |
| (૭) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૦ |
| (૭) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૨૨ |
| (૮) | આર્થિક સહાય માટે નોંધાયેલ રકમની યાદી | — | ૨૩ |
| (૯) | સંઘને પ્રાપ્ત આર્થિક સહાયની યાદી | — | ૨૬ |
| (૯) | પંથે પંથે પાથેય : બાપુજી ખાદીમાં લપેટાયેલું અનોખું વ્યક્તિત્વ | ડૉ. મહેબૂબ દેસાઈ | ૨૮ |
| (૧૦) | આચમન | અનુ. પુષ્પાબેન પરીખ | ૦૨ |





## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/–**(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/–**(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/–**(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/–**(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/–**(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

❑ **મેનેજર**

- Website : www.mumbai_jainyuvaksangh.com
- email : info@mumbai_jainyuvaksangh.com

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૧૦ ● ● તા. ૧૬ ઑક્ટોબર, ૨૦૦૮ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## શ્રી જૈન મહાવીર ગીતા

રાજગૃહી નગરી છે, એ નગરમાં એક રળિયામણું ઉદ્યાન છે, ભક્તિશીલ દેવોએ સમવસરણની રચના કરી છે, ગણધર શ્રી ગૌતમ સ્વામી તેમજ અનેક પૂજ્ય મહામુનિ ભગવંતો બિરાજમાન છે. મગધ સમ્રાટ શ્રી શ્રેણિક મહારાજ પોતાના રાજન્ય વર્ગ અને પરિવાર સાથે પધાર્યા છે, સર્વ જિજ્ઞાસુ નગરજનો ઉપસ્થિત છે, અનેક વ્યંતર ભૂવનપતિઓ, જ્યોતિષ તેમજ વૈમાનિક દેવો અને દેવીઓ અને તિર્યંચો પણ ઉપસ્થિત છે. આ સર્વે જીવો બે હાથ જોડી ભગવાન શ્રી મહાવીરને દેશના સંભળાવવા વિનંતી કરી રહ્યાં છે. આત્માના ઉત્થાન વિશે નૈશ્ચયિક અને વ્યવહારિક કક્ષાના પ્રશ્નો પૂછાઈ રહ્યાં છે અને ભગવાન મહાવીરની વાણી અવિરત વહી રહી છે.

આ અંકના સૌજન્યદાતા

**શ્રીમતી ઝવેરબેન માણેકલાલ એમ. સંગોઈ**

**સ્મૃતિ: પૂ. પિતાશ્રી મગનલાલ હીરજી સંગોઈ**

**પૂ. માતુશ્રી રાજબાઈ ટોકરશી વીરા**

'जिनोऽहं सर्वजैनेषु, बुद्धोऽहं बौद्धधर्मिषु ।

वैष्णवानमहं विष्णु:, शिव: शैवेषु वस्तुत: ।। १५ ।।

कृष्णोऽहं वासुदेवोऽहं, महेशोऽहं सदाशिव: ।

सर्वगुरुस्वरूपोऽहं, श्रद्धावान् मां प्रपद्यते ।। १६ ।।

सागरोऽहं समुद्रेषु, गङ्गाऽहं स्यन्दिनीषु, च ।

–મહાવીર ગીતા – અધ્યાય–૧, શ્લોક ૧૫–૧૬–૧૭

'સર્વે જૈનોમાં હું જિન છું, બૌદ્ધ ધર્મોમાં હું બુદ્ધ છું, વૈષ્ણવોમાં હું વિષ્ણુ છું, શૈવોમાં હું શિવ છું, હું કૃષ્ણ છું, હું વાસુદેવ છું, હું મહેશ છું, હું સદાશિવ છું, સર્વે ગુરુ સ્વરૂપ હું છું. શ્રદ્ધાવાન મને મેળવી શકે છે. સમુદ્રોમાં હું સાગર છું. નદીઓમાં હું ગંગા છું.'

१. नाहं स्वर्गे च पाताळे, भक्तयां वासोऽस्ति मे सदा ।

मद्भक्ता यत्र तत्राऽहमानन्दाद्वैतरूपत: ।। १ ।।

મ. ગી. અ. ૨–૧.

'હું સ્વર્ગમાં નથી, હું પાતાળમાં નથી, મારો વાસ સદા ભક્તિમાં છે. જ્યાં મારા ભક્તો હોય છે, ત્યાં આનંદ દ્વૈત રૂપે હું પણ વિદ્યમાન છું.'

'આત્મન! તું પરમાત્મા છે, તું જ પરમાત્મા છે. તું શુદ્ધ છે, તું બુદ્ધ છે, તું નિરંજન છે, તું જ સ્વયં મહાવીર છે...તું મહાવીરનો એક વાર બની જા. તો તું પોતે જ તને મહાવીર બનેલો જોઈશ...

તું સ્વ વિનાની પંચાત મૂકી દે...

સ્વમાં આનંદ વ્હેણ છે. પરમાં દુઃખના ખારા દરિયા છે....'

તારા આત્મામાં નિર્મળતા ભરી છે...સોનામાં માટી ભળે અને સ-મળ બને એમ તારા આત્મામાં કર્મોએ કચરો ભરી મૂક્યો છે, એટલે નિર્મળ આત્મા સ–મળ બની ગયો છે...ઓ આત્મન્! તું જાગ, તું ઊભો થા. તું તારા આત્માને ઓળખ...સ-મળ માંથી નિર્મળ બન...તારી અવસ્થા ત્રિગુણાતીત અને જ્ઞાનાદિ ગુણ સહિત છે...તું જાગ અને તને ઓળખ....તારો સ્વભાવ સચ્ચિદાનંદમય છે. તું પોતે પરં જ્યોતિ છે...મહાજ્યોતિ છે...આનંદનો ઉદધિ તારામાં છલકાય છે...તું એનો આસ્વાદ કર....બીજે બધે અજ્ઞાન છે. અવિદ્યા છે...દુઃખ અંધકાર છે...એ બેસ્વાદ છે...'

'वादानां प्रतिवादानां, नात्र किंश्चित् प्रयोजनम् ।'

[म. गी. अ. २, श्लो. २२]

'ભક્તિ અને શ્રદ્ધામાં વાદોનું કે પ્રતિવાદોનું જરાય પ્રયોજન હોતું નથી.'

વાદ અને પ્રતિવાદ કરનારાઓ ઘાણીના બળદની જેમ તત્ત્વના પરમાર્થને પ્રાપ્ત કરી શકતા નથી.'

(ઉપાધ્યાય યશોવિજયજી)

'વાદો નાવલમય!'

(નારદ ભક્તિસૂત્ર)

(ભક્તે) વાદ વિવાદમાં ઉતરવું નહિ.

'आत्माऽऽत्मनाऽऽत्मनिर्मग्नः, सर्वत्र ब्रह्म पश्यति ।'

[म. गी. अ. २, श्लो. १५]

'આત્મા આત્મા દ્વારા આત્મ નિમગ્ન બનીને સર્વત્ર બ્રહ્મદર્શન કરે છે.'

'कलौ मन्नाममन्त्रेषु, वेदाः सर्वे समागताः ।
सर्वतीर्थस्य यात्रायाः, फलं मन्नामजापतः ।।'

[म. गी. अ. २, श्लो. ३४०]

'कलौ मन्नामजापेन, तरिष्यन्ति जनाः क्षणात् ।'

[म. गी. अ. ५, श्लो. ४२२]

કલિકાળમાં મારા નામમાં સર્વ વેદો આવી જાય છે. મારા નામના જાપથી સર્વ તીર્થોની યાત્રાનું ફળ મળે છે.

કળિયુગમાં મારા નામના જાપથી ક્ષણવારમાં મનુષ્યો તરી જશે.

(મ.ગી. અ.૫-૪૨૨ )

'अन्तकाले भजन्ते ये, भक्ता मां भक्तिभावतः।
तेपामुद्धारकर्ताऽहं, पश्चात्तापविधायिनाम् ।।'

[म. गी. अ. ५, श्लो. ४१३]

'અંતિમ સમયે જે ભક્તો ભક્તિ ભાવથી મને ભજે છે, (પાપોનો) પશ્ચાતાપ કરનારા તેઓનો ઉદ્ધાર કરું છું.'

'साधूनां यत्र–सत्कारो, दानमानादिभिः शुभः ।
तत्र देशे समाजे च, श्री–धृति–कीर्ति–कान्तयः ।। ७६.
यत्र देशे सदाचाराः, सद्विचाराश्च देहिनाम् ।
तत्र वृष्टयादिभिः शान्तिः, योगक्षेमसुखादयः ।। ७७.

[नीतियोग] મહાવીર ગીતા

'જે દેશમાં દાન સન્માન વગેરે દ્વારા સાધુ–પૂજ્ય પુરુષોનો સત્કાર થાય છે, તે દેશમાં અને તે સમાજમાં લક્ષ્મી, ધૈર્ય, યશ, ઓજસ વગરે હોય છે, જે દેશમાં માનવો સદાચારી અને સદ્-વિચારશીલ હોય છે ત્યાં સારો વરસાદ વગેરે થાય છે અને શાંતિ, યોગક્ષેમ, સુખ વગેરે સહજ આવી મળે છે.

धर्मा आर्या अनार्याश्च, देशभेदेन विश्रुताः।
विद्यमानाश्च सर्वेऽपि, मयि सापेक्षतः स्थिताः ।।

[म. गी. अ. ५-७]

'આર્ય, અનાર્ય ધર્મો દેશભેદથી પ્રસિદ્ધ છે. તે બધા સાપેક્ષ રીતે મારામાં રહેલા છે.'

રાજગૃહી નગરીના એ રમણિય ઉદ્યાનમાં દિવસો સુધી ભગવાન મહાવીરની ૧૬ અધ્યાય અને છ પ્રકરણોમાં સમાયેલી ત્રણ હજાર ગાથાઓની અસ્ખલિત વાણી વહેતી રહી. શ્રદ્ધા, પ્રેમ, કર્મ, ધર્મ, નીતિ, સંસ્કાર, શિક્ષા, શક્તિ, દાન, બ્રહ્મચર્યા તપ, ત્યાગ, સત્સંગ, ગુરુભક્તિ, જ્ઞાન અને યોગોપસંહાર, આમ સોળ અધ્યાય અને ઉપરાંત ગૌતમ સ્તુતિ, શ્રેણિક આદિ સ્તુતિ, ચેટક સ્તુતિ, શક્તિ યોગાનુમોદના અને ઈન્દ્ર સ્તુતિ આ નામથી જુદા છ પદ્ય ખંડો સમાવતી આ 'મહાવીર ગીતા'નું સર્જન ક્યારે થયું ? કોણે કર્યું ?

આપણે જૈન મહાભારત અને જૈન રામાયણથી પરિચિત છીએ, પણ આ જૈન મહાવીર ગીતાથી એટલાં બધાં પરિચિત નથી.

ભગવદ્ગીતા પછી અષ્ટાવક્ર ગીતા, કપિલ ગીતા, અવધૂત ગીતા, અર્જૂન ગીતા, અખે ગીતા, કૌવલ્ય ગીતા વગેરે અન્ય લગભગ વીસ ગીતા હિંદુ ધર્મ પાસે છે, પણ જૈનો પાસે મહાવીર ગીતા છે એ પણ એક હકીકત છે.

આ મહાવીર ગીતાનું આકાર સ્વરૂપ ભગવદ્ ગીતા જેવું છે. ભગવદ્ ગીતામાં ૧૮ અધ્યાય છે અને એ સંસ્કૃત પદ્યમાં છે. મહાવીર ગીતામાં ૧૬ અધ્યાય છે. અને એ પણ સંસ્કૃત પદ્યમાં છે. ભગવદ્ ગીતા ભગવાન કૃષ્ણની વાણી છે. મહાવીર ગીતા ભગવાન મહાવીરની વાણી છે. અનેક વિષયો તેમજ જ્ઞાન, ભક્તિ અને આત્માની ચર્ચા બન્નેમાં છે. બન્નેનું સ્વરૂપ લગભગ સરખું છે.

પરંતુ બન્ને ગીતાની વાણીનું પ્રાગટ્ય સ્થાન અલગ અલગ જગ્યાએ છે. એકનું યુદ્ધિ ભૂમિ ઉપર, બીજાનું રાજગૃહીના એક રળિયામણા ઉદ્યાનમાં. એક સ્થાને એ વાણીને શ્રવણ કરનાર માત્ર એક અર્જુન છે. બીજા સ્થાને આ વાણીનું શ્રવણ કરનાર અનેક જિજ્ઞાસુ ભવ્ય આત્મા છે. યુદ્ધિ ભૂમિ ઉપર પોતાના સગા-સંબંધીની હિંસા કરવાની અર્જુનને જરાય ઈચ્છા નથી, ત્યારે કૃષ્ણ એ અર્જુનને પોતાનું કર્તવ્ય સમજાવી ઉત્સાહિત કરી હિંસા માટે પ્રેરે છે. અને પરિણામે એક જ કુટુંબના ન્યાય માટે આશ્રિત એવા અનેક નિર્દોષ સૈનિકોની હિંસા થાય છે. કૃષ્ણ પછી હજારો વર્ષો પછી આ ધરતી ઉપર વિચરેલ ભગવાન મહાવીર જગતના જીવોને પ્રેમ, શ્રદ્ધા, નીતિ, કર્મ, દાન, બ્રહ્મચર્ય અને જ્ઞાનની સમજ આપી શરીરની પ્રકૃતિના શત્રુઓને હણી અરિહંત અવસ્થા કેમ પ્રાપ્ત કરવી અને જેમ બરફનો ચોસલો ઓગળે એમ જ્ઞાન, તપ, ભક્તિના શુભ કર્મથી અશુભ કર્મને ઓગાળી જેવી રીતે બરફ અદૃશ્ય થઈ જાય તેમ આત્મા ઉપર ચોંટેલા સ–મળ કર્મને દૂર કરી, આત્માને નિર્મળ કરી એ આત્માને મોક્ષ તરફ કેમ ગતિ કરાવવી અને પ્રત્યેક જીવ આ ધરતી ઉપર જીવવા હકદાર છે એવો ઉપદેશ આપી પ્રત્યેક જીવને પોતાનો ધર્મ બતાવે છે અને અંતે તો કહે છે કેઃ–

'હું કહું છું તે તમે પરંપરાથી સાંભળતા આવ્યા છો માટે

સ્વીકારતા નહિ, જે આપણા ધર્મ ગ્રંથોમાં છે એટલે સ્વીકારશો નહિ. પણ તમે જાતે જે અનુભવ કરો, પછી જે સાચું લાગે તે જ સ્વીકારો.'

જૈન દર્શન ભોગ પ્રધાન નથી ત્યાગ પ્રધાન છે.

જૈન દર્શનમાં સર્વે વાદોનો સમાવેશ છે, અન્ય દર્શનોમાં જૈન દર્શનનો સમાવેશ શક્ય ન હોય. નદીઓ સમુદ્રમાં સમાઈ શકે પણ સમુદ્ર નદીઓમાં ન સમાઈ શકે, એમ જૈન દર્શન સાગર સમો છે, જૈન દર્શનની ખંડનાત્મક નહિ, મંડનાત્મક નીતિ છે એટલે જ સાપેક્ષવાદ– અનેકાંતવાદ એનો આત્મા છે એમ સિદ્ધ થાય છે.

મહાભારતની ઘટનાનું આપણી પાસે ઈતિહાસ પ્રમાણ નથી, એટલે મહાભારતમાં પ્રગટેલી ભગવદ્ ગીતાને મહર્ષિ વ્યાસની કલ્પનાની પ્રજ્ઞા વાણી માનીએ તો આ મહાવીર ગીતાની મહાવીર વાણીનું સ્થળ પણ વાસ્તવિક નહિ પણ કલ્પનાનું સ્થળ જ છે, અને એમાં વહી રહેલી વાણી પણ કલ્પના છે, પણ બન્ને કલ્પના ભવ્ય છે અને જીવન ઉદ્ધારક અને આત્મ ઉદ્ધારક છે જ.

આ મહાવીર ગીતાનું સર્જન ભગવદ્ ગીતાની જેમ યુગો પહેલાં નથી થયું પરંતુ આ યુગમાં જ લગભગ સો વર્ષ પહેલાં જ થયું છે!

એના સર્જક કોણ?

આજથી લગભગ ૧૩૪ વર્ષ પહેલાં ગુજરાતના વિજાપુરમાં એક ખેડૂત કણબી કુટુંબમાં બહેચરદાસના નામે જન્મેલા અને માત્ર ૨૪ વર્ષના સાધુ જીવનમાં, ૨૫,૦૦૦ ગ્રંથોનું વાંચન કરી, સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીમાં ૧૪૧ જેટલાં અદ્ભુત ગ્રંથોનું સર્જન કરનાર, આજથી લગભગ ૮૯ વર્ષ પહેલાં હાજરા હજૂર શાસનદેવ શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવની મહુડીમાં સ્થાપના કરનાર, ભવિષ્યવેત્તા અને માત્ર એકાવન વર્ષની ઉંમરે અરિહંત શરણ થનાર પરમ પૂજ્ય અધ્યાત્મ જ્ઞાન દિવાકર, બાલ બ્રહ્મચારી, યોગનિષ્ઠ, ગચ્છાધિપતિ આચાર્ય બુદ્ધિસાગર સૂરિશ્વરજી મહારાજ, આ 'શ્રી જૈન મહાવીર ગીતા'ના સર્જક છે.

આ શ્રી જૈન મહાવીર ગીતાની હસ્તપ્રત પૂજ્યશ્રીએ પોતાના અંતેવાસી કવિ પાદરાકરને સોંપીને કહ્યું કે 'મારા મૃત્યુ પછી એક પચીશી વીતે પછી આ મહાવીર ગીતા પ્રગટ કરજો.'

ત્યાર પછી લગભગ ૪૦ વર્ષ પછી આ હસ્તપ્રત શ્રીમદ્ બુદ્ધિ સાગરજીના શિષ્ય પૂજ્ય આચાર્યશ્રી દુર્લભ સાગરજીના હાથમાં આવી અને એઓશ્રીએ આ મહાવીર ગીતાનું વિ. સં. ૨૦૨૫માં એટલે આજથી ૩૯ વર્ષ પહેલાં પ્રકાશન કર્યું. આ મહાવીર ગીતા હજી સંસ્કૃતમાં જ ઉપલબ્ધ છે અને આ દીર્ઘ કાવ્યનું ગુજરાતીમાં હજુ સુધી ભાષાંતર થયું નથી.

થોડાં સમય પહેલાં મારે અમદાવાદ જવાનું થયું ત્યારે પૂ. આચાર્ય દુર્લભ સાગરજીના શિષ્ય પૂ. મુનિશ્રી વાત્સલ્ય-દીપને વંદન કરવા ગયો, ત્યારે પૂ. વાત્સલ્યદીપે ઉપરની વિગત મને વિસ્તૃત રીતે કહી સંભળાવી. આ મ.ગી.ની ઝેરોક્સ નકલ મેં પૂ. શ્રી પાસેથી પ્રાપ્ત કરી. મારા ઉપર આવો અનુગ્રહ કર્યો એ માટે હું એઓશ્રીનો ઋણી બન્યો છું.

'પ્રબુદ્ધ જીવન'ના વાચકો વતી મેં પૂજ્ય શ્રી વાત્સલ્યદીપને આ 'મહાવીર ગીતા'ના અધ્યાયોનું આચમન કરાવવા વિનંતિ કરી. હવેથી દર મહિને આ મહાવીર ગીતાના એક એક અધ્યાય વિશે સ્વાધ્યાયના ચિંતન લેખ આપણને ૧૬ કે તેથી વધુ મહિના સુધી એઓશ્રીની કલમેથી પ્રાપ્ત થશે, આપણા સર્વેનું એ સદ્ભાગ્ય. ૐ અર્હં મહાવીર.

❑ **ધનવંત શાહ**

(તા. ૪–૯–૨૦૦૮ના પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલા વ્યાખ્યાનનો અંશ)

✷✷✷

## પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇને આચાર્ય તુલસી અનેકાંત એવોર્ડ

જૈન વિશ્વભારતીનો પ્રતિષ્ઠિત પુરસ્કાર આચાર્ય તુલસી અનેકાન્ત એવોર્ડ આ વર્ષે જાણીતા સાહિત્યકાર અને જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય વિદ્વાન ડૉ. કુમારપાળ દેસાઇને એનાયત કરવામાં આવશે. જૈન વિશ્વભારતીના અધ્યક્ષ શ્રી સુરેન્દ્રકુમાર ચૌરડિયાએ જયપુરમાં આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીના સાનિધ્યમાં એની જાહેરાત કરી. આ એવોર્ડમાં પ્રશસ્તિપત્ર, સ્મૃતિચિહ્ન અને એક લાખ રૂપિયાની રાશિ પ્રદાન કરવામાં આવશે. એમ. જી. સરાવજી ફાઉન્ડેશનના સૌજન્યથી અપાતો આ એવોર્ડ જૈનદર્શનના મૌલિક સિદ્ધાંતોને વ્યાપક બનાવવા માટે સમર્પિત ભાવથી વૈશ્વિક કાર્ય કરનાર વ્યક્તિને આપવામાં આવે છે.

પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ દ્વારા 'પદ્મશ્રી' અને પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપેયીના હસ્તે 'જૈન રત્ન'નો એવોર્ડ મેળવનાર ડૉ. કુમારપાળ દેસાઇએ જૈનદર્શન વિશે ગુજરાતી, અંગ્રેજી અને હિંદીમાં ૫૪ ગ્રંથોની રચના કરી છે, છેલ્લા ચાર દાયકાથી અખબારો અને સામયિકો દ્વારા ધર્મસિદ્ધાંતો વિશે જાગૃતિ લાવવા માટે પ્રયાસ કર્યો છે, તેમજ વિશ્વના અનેક દેશોમાં જૈનદર્શન વિશે વક્તવ્ય આપવા ઉપરાંત વિશ્વધર્મ પરિષદ તથા આંતરરાષ્ટ્રીય પરિષદોમાં જૈન ધર્મના વ્યાપક સિદ્ધાંતોની પ્રસ્તુતિ કરી છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી અને અન્ય સંસ્થાઓમાં તેમની સક્રિય ભૂમિકા રહી છે. પ્રેક્ષા વિશ્વભારતીના ટ્રસ્ટી અને જૈન વિશ્વભારતીના સંચાલન સમિતિના સભ્ય શ્રી બાબુલાલ શેખાણીએ જણાવ્યું કે આ એવોર્ડ આ પૂર્વે પંડિત દલસુખભાઈ માલવણિયા, સુપ્રસિદ્ધ બંધારણવિદ્ ડૉ. લક્ષ્મીમલ સિંઘવી જેવી વ્યક્તિઓને આપવામાં આવ્યો છે.

# સંપાદક – સંશોધક ડૉ. રમણલાલ ચી. શાહ

❑ **ડૉ. ગુલાબ દેઢિયા**

*(ડૉ. રમણલાલ ચી. શાહ,–અમારા સાહેબના દેહવિલયને તા. ૨૪ ઑક્ટો.–૨૦૦૮ના ત્રણ વર્ષ પૂરાં થશે. પૂ. સાહેબની સ્મૃતિ હરપળે અમારા હૃદયમાં ગુંજન કરતી રહી છે અને રહેશે જ. આ સંસ્થાની સર્વે પ્રવૃત્તિ ઉપર એઓશ્રીના સતત આશીર્વાદ અને માર્ગદર્શન અમને મળતા રહ્યાં છે એની પ્રતીતિ અમને હર પળે થયા કરે જ છે, જેના પરિણામે આ સંસ્થા નિર્ધારિત ક્ષેત્રમાં પ્રગતિ કરતી જ રહી છે એવો સર્વેનો અનુભવ છે. પૂ. સાહેબને અમે શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.*

*જૈન સાહિત્ય અને ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ડૉ. રમણલાલ ચી. શાહનું યોગદાન અનન્ય છે. જૈન સાહિત્ય ક્ષેત્રે ખાસ કરીને સાહિત્ય સંશોધન ક્ષેત્રે. એઓશ્રીના પૂર્વસૂરિઓ પૂ. જિન વિજયજી, પૂ. પૂણ્યવિજયજી, પંડિત સુખલાલજી, પંડિત દલસુખભાઈ માલવણિયા, ડૉ. ભાયાણી સાહેબ, ઉપરાંત એ સમયના ઘણાં પ્રકાંડ પંડિતોની કક્ષાનું એમનું સર્જન છે.*

*એમના વિદ્યાર્થી ડૉ. ગુલાબ દેઢિયાનો આ લેખ અમારા સૌના તરફથી પૂ. સાહેબને શ્રદ્ધાંજલિ સ્વરૂપે પ્રસ્તુત કરતા અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.–***ધ.***)*

પ્રા. ડૉ. રમણલાલ ચી.મનલાલ શાહનો જન્મ વડોદરા જિલ્લાના પાદરા ગામમાં થયો હતો. (૩.–૧૨–૧૯૨૬). એમણે મુંબઇની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી બી.એ. અને એમ.એ.ની ડિગ્રી ગુજરાતી અને સંસ્કૃત સાથે મેળવી હતી. એમ.એ.માં યુનિવર્સિટીમાં ગુજરાતીમાં સૌથી વધુ માર્ક્સ મેળવ્યા હતા.

મુંબઈની બાબુ પન્નાલાલ શાળામાં એમના શિક્ષક અમીદાસ કાણકિયા અને ઈન્દ્રજિત મોગલ હતા. કૉલેજમાં મનસુખલાલ ઝવેરી ગુજરાતીના અને ગૌરીપ્રસાદ ઝાલા સંસ્કૃતના પ્રાધ્યાપક હતા. 'નળ દમયંતીની કથાનો વિકાસ' વિષય પર રમણભાઈએ પ્રા. મનસુખલાલ ઝવેરીના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી હતી. રમણભાઈએ મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે કાર્ય કર્યું હતું.

રમણભાઈએ એંસી જેટલાં પુસ્તકોનું લેખન–સંપાદન કર્યું છે. જેમાં જીવનચરિત્ર, સંસ્મરણ, પ્રવાસ, નિબંધ, ધર્મ–તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો મુખ્ય છે.

એમણે તેર મધ્યકાલીન કૃતિઓનું સંશોધન સંપાદન કર્યું છે. જેમાં સમયસુંદર કૃત 'નલ–દવદંતી રાસ', યશોવિજય કૃત 'જંબૂસ્વામી રાસ', ઉદ્યોતનસૂરિ કૃત 'કુવલયમાળા', સમયસુંદર કૃત 'મૃગાવતી ચરિત્ર', ગુણવિનય કૃત 'નલ–દવદંતી પ્રબંધ', સમયસુંદર કૃત 'થાવચ્ચાસુત રિષિ ચોપાઈ', ઋષિવર્ધનસૂરિ કૃત 'નલરાય–દવદંતી ચરિત્ર', ગુણવિનય કૃત 'ધન્ના–શાલિભદ્ર ચોપાઈ', અને વિજયશેખર કૃત 'નલ–દવદંતી પ્રબંધ' મુખ્ય છે.

'નરસિંહ પૂર્વેનું ગુજરાતી સાહિત્ય', 'નળ–દમયંતી કથાનો વિકાસ', 'સમયસુંદર' અને 'ગૂર્જર ફાગુ સાહિત્ય' એમની અન્ય મધ્યકાલીન સાહિત્યને લગતી મહત્ત્વની કૃતિઓ છે.

'નળ–દમયંતી'ની કથા એમના અભ્યાસનો મુખ્ય વિષય રહ્યો. એ કથા ઋગ્વેદના સમયથી ક્યાંથી કઈ કઈ રીતે આવી, કેવા ફેરફાર થયા તે બધું તેઓ ચિવટપૂર્વક નોંધે છે. સમયસુંદર એમના પ્રિય કવિ રહ્યા છે. સમયસુંદરકૃત 'નળદમયંતી રાસ' એમણે હસ્તપ્રતો ચકાસીને તૈયાર કર્યો છે. સત્તરમા શતકના મહત્ત્વના કવિ સમયસુંદરનો એ રીતે આપણને પરિચય મળે છે.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત 'જંબૂસ્વામી રાસ' રમણભાઈનું એક આદર્શ અને નોંધપાત્ર સંપાદન છે.

કોઈ પણ મધ્યકાલીન કૃતિનું સંપાદન અને સંશોધન કેટલી ચીવટ અને કેટલો અભ્યાસ માગે છે તે અહીં જોઈ શકાય છે. કર્તાનો વિસ્તૃત પરિચય, રાસ છાપ્યા બાદ દરેક ઢાળ પ્રમાણે અઘરા શબ્દોના અર્થ, વિશેષ પંક્તિઓની સમજૂતી, જંબૂસ્વામીની કથાનો વિકાસ દર્શાવી આ રાસ વિશે અભ્યાસલેખ પણ સાથે મૂક્યો છે. વિદ્વાન, વિદ્યાર્થી કે સામાન્ય રસજ્ઞ વાચકને સરળ થાય એ રીતનું આ સંપાદન છે. સાથોસાથ એ પણ જોવા મળે છે કે મધ્યકાલીન કૃતિનું સંપાદન આદર્શ રીતે કરવું હોય તો આ રીતે થઈ શકે. રસકવિ પ્રેમાનંદના સમકાલીન યશોવિજયજીની પોતાના હાથની લખેલી કૃતિ મળતી હોવાથી એમાં એ સમયની ભાષાનું વાસ્તવિક અને પ્રમાણભૂત સ્વરૂપ પણ જોઈ શકાય છે.

જંબૂસ્વામી ધર્મ બતાવતાં કહે છેઃ

'પડતો રાખઈ તાત પરિ, અખઈ મિત્ર પરિ મગ્ગ;
પોષઈ નિજ માતા પરિ, ધર્મ તે અચલ અભગ્ગ.

રમણભાઈ ટિપ્પણમાં અઘરા શબ્દોના અર્થ આપે છે. અખઈનું મૂળ સંસ્કૃત 'આખ્યાતિ' જણાવે છે તેનો અર્થ 'બતાવે' એમ જણાવે છે. પછી સમજાવે છે. 'ધર્મ પિતાની જેમ આપણને પડતાં બચાવે છે, મિત્રની જેમ માર્ગ બતાવે છે અને માતાની જેમ આપણું પોષણ કરે છે. ધર્મ આવો અવિચળ અભગ્ન છે.' જૂની ગુજરાતી શીખવા, તેનો અભ્યાસ કરવા, વ્યાકરણ સમજવા કામ લાગે એવું આ સંપાદન છે.

વિક્રમ સંવત ૮૩૫માં ઉદ્યોતન સૂરિએ ૧૩,૦૦૦ શ્લોકમાં 'કુવલયમાલા' નામના ગ્રંથની પ્રાકૃત ભાષામાં રચના કરી હતી.

રમણભાઈએ એના ગુજરાતી અનુવાદનું સંપાદન કર્યું છે. અને સાથોસાથ વિસ્તૃત અભ્યાસ લેખ આપી કૃતિને જુદા જુદા દૃષ્ટિકોણથી સમજવામાં સહાય કરી છે. કૃતિની ભાષા અને રસકેન્દ્રોનો નિર્દેશ કર્યો છે અને એવો અભિપ્રાય આપ્યો છે કે 'કુવલયમાલા' એ માત્ર પ્રાકૃત ભાષાનું જ અનેરું આભૂષણ નથી, જગતના તમામ સાહિત્યમાં ગૌરવભર્યું સ્થાન પામી શકે એવું અણમોલ રત્ન છે.'

'જૈન સાહિત્ય' (ઈ. સ. ૧૪૫૦-૧૬૦૦) અને 'નરસિંહ પૂર્વેનું ગુજરાતી સાહિત્ય' નામના બે વિસ્તૃત લેખમાં મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપો 'સજ્ઝાય', 'સ્નાત્રપૂજા', રાસ, ફાગુ, બારમાસી વગેરેની વ્યાખ્યા આપી છે અને એ સ્વરૂપની જાણીતી કૃતિઓની વાત કરી છે. આ લેખોમાં જાણીતા અને ઓછા જાણીતા મધ્યકાલીન કવિઓ હરસેવક, શાલિસૂરિ, દેપાળ, ઋષિવર્ધન, બ્રહ્મજિનદાસ, વચ્છ ભંડારી, લાવણ્યસમય, જ્ઞાનચંદ્ર, સહજસુંદર, લાવણ્યરત્ન, પાર્શ્વચંદ્રસૂરિ, વિનયદેવસૂરિ, દોલતવિજય, સોમવિમલસૂરિ, જયવંતસૂરિ, હેમરત્નસૂરિ, હીરકલશ, નયસુંદર, મંગલમાણિક્ય, સકલચંદ્ર ઉપાધ્યાય, સાધ્વી હેમશ્રી, માલદેવ, પદ્મસુંદર, ગુણવિનય વગેરેના પ્રદાનની સંક્ષિપ્તમાં મૂલવણી કરી છે. આ નિબંધોમાં એ સમય ગાળાની મહત્ત્વની કૃતિઓનો અને ખાસ અપ્રકાશિત કૃતિઓનો નામોલ્લેખ કર્યો છે. મધ્યકાલીન સાહિત્યમાં કામ કરનારને સહાયક થાય એવી ઘણી સામગ્રી આ બે નિબંધોમાં છે.

પ્રકાંડ વિદ્વાન કે. કા. શાસ્ત્રીએ નોંધ્યું છે કે, 'રાસ, ફાગુ, બાલાવબોધની મધ્યકાલીન ગુજરાતી ભાષાના રમણભાઈ આરૂઢ વિદ્વાન હતા.' રમણભાઈ સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતી અને અંગ્રેજી ભાષના ઊંડા જાણકાર હતા. મધ્યકાલીન સાહિત્યનું સંપાદન સંશોધન એમના રસ, વ્યવસાયના ભાગ રૂપ અને ધર્મને અનુસંગે ત્રિવિધ રૂપે હતું. જૈન પરંપરા, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય અને સાધુ સમાગમને લીધે મધ્યકાલીન ગુજરાતી કૃતિઓને સુપેરે સમજવા-સમજાવવાનું એમને માટે સહજ હતું.

રમણભાઈના સંપાદન-સંશોધન માટે ડૉ. બળવંત જાની લખે છેઃ ' તેઓ આજીવન સંશોધક રહ્યા. છેલ્લે-છેલ્લે તો તદ્દન નિવૃત્તિ પછી પણ 'જૈન ગુર્જર ફાગુસાહિત્ય' વિષયનું સંશોધન અવિતરપણે ચાલુ રાખ્યું. ૧૩૨ જેટલા ગુજરાતી ફાગુઓના તેમના સ્વાધ્યાયના સુફળ રૂપે પ્રાપ્ત ગ્રંથ તેમની શોધનિષ્ઠાનો ખરો પરિચય કરાવે છે. તેમણે પ્રારંભે ફાગુના સ્વરૂપ અને વિકાસરેખાનો પરિચય કરાવીને પછી નેમિનાથ વિષયક પચાસ ફાગુઓનું વિવેચન મૂલ્યાંકન કર્યું છે. એ પછી સ્થૂલિભદ્ર વિષયક ફાગુઓ અને એ પછી વસંત, શૃંગાર, તીર્થ, તીર્થંકરો, ગુરુ ભગવંતો અને વ્યક્તિ-વિભૂતિ વિષયક ફાગુ રચનાઓનો પરિચય મૂક્યો છે. ઉપરાંત અધ્યાત્મના વિવિધ વિષયોના, વૈષ્ણવ પરંપરાના, લોકકથાના અને સંસ્કૃતમાં તથા પ્રકીર્ણ રૂપે પ્રાપ્ત ફાગુઓનો પરિચય પણ મૂક્યો છે.

આમ, વિષયનું સૂઝપૂર્વકનું વિભાજન અને મૂલ્યાંકન આ ફાગુ વિષયક બૃહદ્ ગ્રંથની વિશિષ્ટતા છે માત્ર ને માત્ર નરી સંશોધન પ્રકૃતિનો ખરો પરિચય કરાવતો 'જૈન ગૂર્જર ફાગુસાહિત્ય' ગ્રંથ ગુજરાતી સંશોધન સાહિત્યમાં આગવું સ્થાન પ્રાપ્ત કરશે.'

પોતાના વ્યવસાય જીવનનો આરંભ એક પત્રકાર તરીકે કરનાર રમણભાઈને સંપાદન અને લેખનમાં પત્રકારત્વ સહાયરૂપ થયું. ચાર દાયકા અધ્યાપનના અને એક દાયકો નિવૃત્તિકાળનો સંશોધન, લેખન, સંપાદનમાં એમણે ઊજળો હિસાબ આપ્યો. એન.સી.સી.માં મેજર અને બેટેલિયન કમાન્ડરના હોદ્દે પહોંચેલા રમણભાઈ સમયમિત્ર હતા. સમયનો ક્યારેય દુર્વ્યય ન કર્યો. સ્વાધ્યાયમાં કદી પ્રમાદ ન કર્યો. પોતાને પ્રાપ્ત થયેલી અનુકૂળતાઓને અભ્યાસમાં પ્રયોજી. આજીવન વિદ્યાર્થી બનીને ભણતા રહ્યા. પીએચ.ડી.ના અઢાર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતી વખતે પોતે એ વિષયની સજ્જતા વધારતા રહ્યા. જીવનના આરંભકાળે પ્રા. મનસુખલાલ ઝવેરી, પ્રા. ગૌરીપ્રસાદ ઝાલા, આગમ દિવાકર પુણ્યવિજયજી મહારાજ, પંડિત સુખલાલજી, અગરચંદજી નહાટા, ભૃગુરાય અંજારિયા વગેરે ગુરુજનો, વિદ્વાનોનો સંગ પ્રાપ્ત થયો.

રમણભાઈએ 'પ્રેમાનંદના નળાખ્યાનનું કથાવસ્તુ' નામે એક સંશોધનાત્મક વિસ્તૃત લેખ લખ્યો છે. તુલનાત્મક અભ્યાસનો સારો નમૂનો છે. પ્રેમાનંદનું 'નળાખ્યાન' અન્ય કર્તાઓ કરતાં શ્રેષ્ઠ પુરવાર થયું છે. પ્રેમાનંદે મહાભારતની મૂળ કથા, ભાલણ અને નાકરની નવલકથામાંથી સ્વીકારેલ અમુક પ્રસંગો, શ્રી હર્ષના સંસ્કૃત 'નૈષધીય ચરિત'ની ઝીલેલી કેટલીક અસર અને પોતાની મૌલિક કલ્પના-બધું જ અહીં વિગતે સમજાવવામાં આવ્યું છે. પ્રેમાનંદે ક્યાંથી શું લીધું, ક્યાં પોતાનું ઉમેર્યું, કેટલું દીપી ઊઠ્યું અને કેટલું ઊણું ઊતર્યું તે બધું જ આ સંશોધકે તુલનાત્મક અભ્યાસ કરીને નોંધ્યું છે. એક જાણીતી કૃતિને અભ્યાસી કઈ રીતે તપાસે છે તે અહીં જોવા મળે છે.

'હંસ વિલાપ'ની વાત પ્રેમાનંદે નયસુંદરના 'નળ દમયંતી રાસ'માંથી એ કલ્પના લીધી હોય એમ રમણભાઈ માને છે.

હંસ નળને એની રાણી વિશે પૂછે છે એ પ્રસંગે 'ભાભી' શબ્દ મૂકી, પ્રેમાનંદે પંખી અને માનવની કૌટુમ્બિક નિકટતા અને આત્મીયતાનું હૃદયંગમ ચિત્ર ખડું કર્યું છે. કવિનું ગુજરાતીકરણ પણ ધ્યાન ખેંચે છે.

નિબંધકારે નોંધ્યું છે કે સ્વયંવર માટે નળ જાય છે ત્યારે સવત્સી

ગાય અને કુરંગ–કુરંગીના શુકન એને થાય છે એમ પ્રેમાનંદે આલેખ્યું છે. જે એની મૌલિક કલ્પના અને તત્કાલીન ગુજરાતી વાતાવરણનું પ્રતિબિંબ છે. અન્ય નળકથાઓનો લેખકનો અભ્યાસ સઘન હોવાથી આવી બાબતો તારવવી શક્ય બની છે. લેખકે પ્રેમાનંદની મૌલિકતા, અન્યની અસર, કૃતિને થતા લાભ અને હાનિની ચર્ચા કરી છે. માણિક્યદેવસૂરિ કૃત 'નલાયન' અને તે પરથી રચાયેલ નયસુંદર કૃત 'નળદમયંતી–રાસ'ની અસર પ્રેમાનંદે ઠીક ઠીક ઝીલી છે અને પોતાની ઉચ્ચ કાવ્યપ્રતિભાથી 'નળાખ્યાન' નું ઉત્તમ આખ્યાન કૃતિ તરીકે સર્જન કર્યું તેની વિગતે ચર્ચા કરવામાં આવી છે. સંશોધકને શોભે એવી આ કથાવસ્તુની તપાસ છે. તેનાથી સર્જનકળાનાં સગડ પણ મળે છે.

'જંબૂસ્વામી રાસ'ના સંપાદની જેમ 'ગૂર્જર ફાગુસાહિત્ય' રમણભાઈના સંપાદન–સંશોધન કાર્યનો વિશેષ નોંધપાત્ર ગ્રંથ છે. ગ્રંથના આરંભ 'ફાગુનો કાવ્યપ્રકાર' લેખમાં ફાગુના સ્વરૂપ વિશે મહત્ત્વની ચર્ચા છે. ત્યાર બાદ 'ફાગુ કાવ્યની વિકાસરેખા' લેખમાં કયા કયા વિષયવસ્તુને ફાગુ કાવ્યમાં આવરવામાં આવેલ છે તેની માહિતી છે. ત્યારબાદ વિવિધ કવિઓએ રચેલ નેમિનાથ વિશેના પચાસ ફાગુકાવ્યો, સ્થૂલિભદ્ર વિશેના ચાર ફાગુકાવ્યો, વસંત–શૃંગારનાં સાત ફાગુકાવ્યો, તીર્થ વિશેનાં તેર ફાગુકાવ્યો, તીર્થંકર, ગુરુ ભગવંત, વ્યક્તિ વિષયક, આધ્યાત્મિક વિષયનાં, લોકકથા વિષયનાં, વૈષ્ણવ ફાગુકાવ્યો અને સંસ્કૃતમાં ફાગુકાવ્યો વિશે નાની મોટી કવિ, કાવ્યવિષય, કાવ્યભાષા અને મહત્ત્વની પંક્તિઓની નોંધ સાથે ૩૫૦ પાનાંનો આ ગ્રંથ મધ્યકાલીન પ્રગટ–અપ્રગટ ૧૪૧ જેટલાં ફાગુકાવ્ય કૃતિઓની નોંધ અને સમાલોચનાને સમાવે છે. એક ગ્રંથમાં એક વિષયની મહત્ત્વની બધી વિગતો મળી રહે એ વાચક–અભ્યાસીઓ માટે ઉત્તમ સુવિધા છે. અન્ય વિષયો પર આ પ્રકારનું કામ કરનારને માર્ગદર્શક થાય એવું માતબર કામ થયું છે.

મધ્યકાલીન ઊર્મિકવિ દયારામ એમની ગરબીઓ માટે જાણીતા છે. એમણે બાર જેટલાં આખ્યાન લખ્યાં છે, તે વિશે રમણભાઈએ 'દયારામનાં આખ્યાન' લેખમાં વિસ્તૃત ચર્ચા કરી છે અને એવું તારણ આપ્યું છે કે આખ્યાનકાર તરીકે દયારામ પોતાના પુરોગામી કવિઓ કરતાં સવિશેષ સિદ્ધિ દાખવતા નથી. આખ્યાન જેવો પરલક્ષી કાવ્ય પ્રકાર દયારામની આત્મલક્ષી પ્રતિભાને વિશેષ અનુકૂળ કેમ નથી આવતો તેની તાર્કિક ચર્ચા કરી છે.

દયારામે કેટલાંક આખ્યાનોમાં 'કડવું' ને બદલે 'મીઠું' શબ્દ પ્રયોજયો છે. આખ્યાનમાં 'કડવું' શબ્દ 'કડવડ' પરથી આવ્યો છે. રમણભાઈએ 'કડવું' અને 'મીઠું' બન્ને શબ્દોની તપાસ અને ચર્ચા કરી છે. દયારામના 'અજામિલ આખ્યાન'ને રમણભાઈ કવિની નોંધપાત્ર કૃતિ ગણે છે. અન્ય કૃતિઓમાં આખ્યાન કવિતા સિદ્ધ થતી નથી લાગી.

કવિ સમયસુંદર કૃત થાવચ્ચાસુત રિષિ ચોપાઈનું સંપાદન રમણભાઈએ કર્યું છે. જેમાં પ્રથમ કવિપરિચય, થાવચ્ચાસુત રિષિ ચોપાઇની સમાલોચના, પછી મૂળ ચોપાઈ અને છેલ્લે ટિપ્પણ આપી કૃતિને વાંચવા સમજવામાં સરળ થાય, અભ્યાસીને ઉપયોગી થાય એવું સંપાદન કર્યું છે. કવિ સમયસુંદરે એક સાથે ઘણી બધી ઉપમાઓ આપીને માલોપમા અલંકાર પ્રયોજ્યો છે. સમયસુંદરના કવિત્વને ઉઠાવ આપે એવી એ સુંદર પંક્તિ છેઃ

અથિર કાન હાથી તણઉ રે, અથિર કાપુરુષની બાંહ,
અથિર માણસનઉ આઉખઉ રે, અથિર માણસ સાથ,
અથિર મુંછ ઉંદિર તણી રે હાં, અથિર પારધીના હાથ,
અથિર નાદ ઘંટા તણઉ રે હાં, અથિર વેશ્યાની પ્રીતિ,
અથિર દંડ ઉપરિ ધજા રે હાં, અથિર પાણી છાસિ મેલ,
અથિર વાત હત પાનડા રે હાં, અથિર સીતાતુર દંત.

કવિએ અસ્થિર વસ્તુઓ વિશેના જુદા જુદા નિરીક્ષણો આપ્યાં છે. રમણભાઈએ આવાં રસકેન્દ્રોનો નિર્દેશ કર્યો છે.

રમણભાઈના સમગ્ર સંપાદન–સંશોધનના કાર્યને જોતાં તે પરિચયાત્મક વધુ છે. નળ–દમયંતીની કથામાં વિગતોની વિવિધતાની વાત મુખ્ય બની રહે છે. વિષય પોતે જ એકવિધતા-વાળો છે.

રમણભાઈએ મધ્યકાલીન સાહિત્યસર્જકો સમયસુંદર, યશોવિજયજી, ઉદયરત્નજી, વીર વિજયજી, હેમચંદ્રાચાર્ય વગેરે વિશે જે ચરિત્રલેખ લખ્યા છે, તે કવિ અને કૃતિ સુધી પહોંચવામાં સહાયક બને એવાં છે. એમણે સંશોધક અને સંપાદક તરીકે, બની શકે એટલી બધી જ વિગતો તપાસવામાં, સરખાવવામાં, અને મૂલવવામાં ચિવટ રાખી છે. રમણભાઈના લેખનમાં સરળતાનો ગુણ મુખ્ય છે. અલ્પવિરામ કે પૂર્ણવિરામ આવે પણ ઉદ્ગાર ચિહ્ન એમનાં વાક્યોમાં ન મળે. એમના જીવન જેવી જ એમની શૈલી સમભાવપૂર્ણ રહી છે.

આજે ગુજરાતી સાહિત્ય પરિષદની આ અક્ષરભૂમિ પર મારા ગુરુજી પૂ. રમણભાઈનું સ્મરણ કરવાની મને તક મળી છે તે માટે હું મારી જાતને બડભાગી માનું છું.

મધ્યકાલીન સાહિત્ય પાસે જનારને રમણભાઈના સંપાદન–સંશોધનમાંથી જરૂર માર્ગદર્શન મળશે એવું એમનું યોગદાન છે.

✷ ✷ ✷

(ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધકો–સંપાદકો' પરિસંવાદમાં વંચાએલો નિબંધ)

૧૭/૨૨, આકાશગંગા, મનીષ નગર, ચાર બંગલા, અંધેરી (વેસ્ટ), મુબઈ–૪૦૦ ૦૫૩. મો. ૯૮૨૦૬૧૧૮૫૨.

# પ્રાણ આધારિત વિભિન્ન સાધના-પદ્ધતિ

❑ પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ.

**(૧) શ્વાસ-વિજ્ઞાન**

**(The Science of Breathing)**

આપણે જે શ્વાસ લઈએ છીએ તેનો પ્રાણશક્તિ સાથે ઘનિષ્ઠ સંબંધ છે. જેને (Vital Energy-જીવનશક્તિ) કહી શકાય. પ્રાણનું કામ શ્વસનતંત્રનું સંચાલન કરવાનું છે. હૃદયના સ્થાને આવેલ અનાહત ચક્ર એ પ્રાણનું કેન્દ્રબિન્દુ છે.

પાતંજલ યોગસૂત્રમાં પ્રાણનું પાંચ પ્રકારે પૃથક્કરણ કરેલ છે-પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન. તદુપરાંત બીજા પણ પાંચ ઉપ-પ્રાણ છે. જે સૂક્ષ્મવાયુ રૂપે છે. નાગ, કૂર્મ, કૃકલ, ધનંજય અને દેવદત્ત.

પ્રાણ મૂલતઃ એક હોવા છતાં કાર્યભેદથી એના પાંચ વિભાગ પડે છે. શરીરસ્થ સૂક્ષ્મ સાત ચક્રોમાં તેનો વાસ છે. પ્રાણવાયુ સૌમાં મુખ્ય છે. તેનું સ્થાન હૃદય એટલે કે અનાહત ચક્ર છે-જે જીવનશક્તિ બક્ષે છે.

અપાન વાયુ નાભિથી નિમ્ન પ્રદેશમાં-સ્વાધિષ્ઠાન અને મૂલાધાર ચક્રમાં છે. તેનું કાર્ય ઉત્સર્ગ કરવાનું છે.

સમાન વાયુ નાભિમાં - મણિપુરચક્રમાં છે તેનું કાર્ય પાચન-પોષણ કરવાનું છે.

ઉદાન વાયુ કંઠમાં-વિશુદ્ધિચક્ર, આજ્ઞાચક્ર અને સહસ્રાર ચક્રમાં છે-ઉન્નયન તેનું કાર્ય છે.

વ્યાન વાયુ સંપૂર્ણ શરીરમાં વ્યાપ્ત છે પરિનયન તેનું કાર્ય છે.

પંચ કોશમાં પ્રાણમય કોશ (શરીર)નો સમાવેશ કરવામાં આવ્યો છે.

જૈન યોગી શ્રી ચિદાનંદજીએ પણ 'સ્વરોદયજ્ઞાનમાં ઉપર્યુક્ત પ્રાણના પ્રકારો બતાવ્યા છે. (પદ્ય ક્રમાંક-૪૪૨-૪૪૩).

જૈન દર્શનની દૃષ્ટિએ ૧૦ પ્રાણ છે-જે દ્રવ્યપ્રાણ રૂપ છે. પાંચ ઈન્દ્રિય, ત્રણ (મન, વચન, કાયા) બલ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય. તે પૈકી શ્વાસોશ્વાસની સ્પષ્ટ રીતે સ્વતંત્ર ગણતરી કરી છે. અને જીવસૃષ્ટિમાં કોને કેટલા પ્રાણ હોય છે તે નવતત્ત્વની ૭ મી ગાથામાં તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, (આનપાન) ભાષા અને મન આ ૬ પર્યાપ્તિ એક શક્તિવિશેષ છે.

યોગદર્શન અને જૈનદર્શનમાં જે રીતે પ્રાણનો પરિચય મળે છે તે મૌલિક છે. પ્રાણાયામની સાધના સંપૂર્ણપણે અને સ્વતંત્ર રીતે અધ્યાત્મલક્ષી હોવા છતાં વૈદિક શ્રુતિઓમાં (ઋચામાં) તેને દેવતાનું રૂપક આપીને પ્રાર્થના કરવામાં આવી છે. - 'नमस्ते वायो, त्वमेव प्रत्यक्षं ब्रह्मासि' આમ પંચતત્ત્વોમાં અગ્નિ, વરૂણ, પૃથ્વીની જેમ વાયુ (પ્રાણ)માં પણ દૈવત્વ આરોપિત કરીને તેની ઉપાસના કરવા દ્વારા પ્રાણશક્તિ-ઉર્જાનું કેમ ઉર્ધ્વીકરણ કરવું એ ઉદ્દેશ રહ્યો છે.

આરોગ્યનું ક્ષેત્ર હોય કે અધ્યાત્મનું-

શરીર શુદ્ધિ અને ચિત્ત શુદ્ધિ દ્વારા સ્વાસ્થ્ય કેમ પ્રાપ્ત કરવું એ જ ઉદ્દેશ છે. અહિં આપણે પ્રાણ આધારિત કેટલીક પ્રાચીન અને અર્વાચીન બંને સાધના-પદ્ધતિનો પરિચય કરવા સાથે તે જીવનમાં કેટલી ઉપયોગી છે તે જોઈએ-

૧. પાતંજલ યોગદર્શન અનુસાર અષ્ટાંગ યોગ પૈકી પ્રાણાયામ (રેચક, પૂરક, કુંભક), અનુલોમ-વિલોમ, કપાલ-ભાતિ, ભસ્રિકા, ઉડ્ડીયાનબંધ વગેરે.

૨. વિપશ્યના,૩. પ્રેક્ષાધ્યાન, ૪. સ્વરોદયજ્ઞાન, ૫. Pranic Healing તથા રેકી, ૬. સુદર્શન ક્રિયા, ૭. Levitation.

હવે આપણે ક્રમશઃ વિચાર કરીશું :-

પાતંજલ યોગ સૂત્રમાં પ્રાણાયામનો પરિચય આપતું સૂત્ર છે-

बाह्याभ्यन्तरस्तम्भ वृत्ति र्देश-काल-संख्याभिः परिदृष्टो दीर्घसूक्ष्मः।। ૨/૫૦

બાહ્યવૃત્તિ, આભ્યંતરવૃત્તિ અને સ્તંભવૃત્તિ એટલે કે રેચક, પૂરક અને કુંભક-એ ત્રિવિધ પ્રાણાયામ દેશ, કાલ અને સંખ્યાથી નિયમિત થાય છે અને અભ્યાસથી દીર્ઘ તથા સૂક્ષ્મ બને છે.

સાધારણ રીતે એક સ્વસ્થ-તંદુરસ્ત વ્યક્તિનો શ્વાસોશ્વાસનો સમય તેને માત્રા કહેવાય છે.

એવી ૧૬ માત્રાથી (પરિમાણ) પૂરક, ૩૨ માત્રાથી રેચક અને ૬૪ માત્રાથી કુંભક પ્રાણાયામ પરિપૂર્ણ થાય છે.

શ્વાસ લેવાની સૌથી શ્રેષ્ઠ ચાવી-Key-પદ્ધતિ એ છે કે-શ્વાસ લેતી વખતે પેટ-ઉદર ફુલવું જોઈએ અને શ્વાસ છોડતી વખતે પેટ અંદર જવું જોઈએ, Correct breathing is to inhale till the stomach expands and exhale to contract it.

આપણે નોર્મલ રીતે એક મિનિટમાં ૧૫ થી ૧૮ વાર શ્વાસ લઈએ છીએ એ પ્રમાણે ગણીએ તો એક કલાકમાં ૬૦x૧૫= ૯૦૦ વાર અને ૨૪ કલાકમાં ૯૦૦x૨૪=૨૧,૬૦૦ વાર શ્વાસ લઈએ છીએ. પ્રાણાયામના અભ્યાસથી શ્વાસ શુદ્ધ અને સંયમિત થાય છે અને પરિણામે શ્વાસોશ્વાસની ગતિને લંબાવી શકાય છે.

આ સંદર્ભમાં યોગી શ્રી ચિદાનંદજી 'સ્વરોદયજ્ઞાન'માં કહે છે કે-આ કાળમાં મનુષ્યના આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૧૬ વર્ષની છે તે મુજબ ૧૦૦ વર્ષમાં ૪,૦૭,૪૮,૪૦,૦૦૦ ચાર અબજ, સાત કરોડ, અડતાલીસ લાખ અને ચાલીસ હજાર શ્વાસોશ્વાસ ભોગવાય છે.

(પદ્ય ૪૦૪ થી ૪૦૭)

શ્વાસને આપણા મનોગત ભાવ, વિચાર, આવેશ, લાગણી સાથે પણ ઘનિષ્ઠ સંબંધ છે. There is a deep relationship between our breath and our emotions. As soon as

we get excited our breath gets short and shallow, when we calm down our breath gets longer and deeper. Breathing and our inner being is closely related.

શ્વાસ મન સાથે સંબંધિત છે તો મનનો સંબંધ વાયુ સાથે છે. मनो यत्र मरूत् तत्र। એમ મહર્ષિઓ કહે છે એટલે આ એક ચેનલ છે. જ્યારે જ્યારે આપણે ભાવાવેશમાં આવીએ છીએ ત્યારે આપણા શ્વાસનો ગ્રાફ પણ up-down થાય છે. થર્મોમીટરમાં જેમ પારો ઉપર–નીચે જાય છે તેમ અહીં પણ સમજવું.

આનું એક ગણિત આ પ્રમાણે છે. શ્વાસની ગતિ પ્રતિ મિનિટ ૧૨ થી ૧૫ ગણીએ તો તે નોર્મલ છે પણ જુદી જુદી ક્રિયાઓમાં તેમાં વધારો કે ન્યૂનતા જોવા મળે છે :–

ગાતી વખતે–Singing–૧૬ શ્વાસોશ્વાસ

ખાતી વખતે–Eating–૨૦ શ્વાસોશ્વાસ

ચાલતી વખતે–Walking–૨૪ શ્વાસોશ્વાસ

સૂતી વખતે–Sleeping–૩૦ શ્વાસોશ્વાસ

કામ વાસના–Sex–૩૬ શ્વાસોશ્વાસ

ક્રોધ સમયે–Exciting–૩૭ શ્વાસોશ્વાસ

હવે આપણે ધાર્મિક ક્ષેત્રમાં દૃષ્ટિપાત કરીશું તો જૈનદર્શનમાં પ્રતિક્રમણની વિધિમાં પણ આ શ્વાસોશ્વાસની પ્રક્રિયાને સાંકળી લેવામાં આવી છે. પ્રતિક્રમણના ષડાવશ્યકમાં–કાયોત્સર્ગ વખતે નવકારમંત્ર અથવા લોગસ્સસૂત્ર ગણવાનું વિધાન છે. તેની સમય મર્યાદા માટે કહ્યું છે કે–એક લોગસ્સસૂત્ર ગણતાં ૨૫ થી ૨૮ શ્વાસોશ્વાસ થાય છે જ્યારે એક નવકારમંત્રના આઠ શ્વાસોશ્વાસ ગણતા ચાર વાર નવકાર ગણવાથી ૩૨ શ્વાસોશ્વાસ થાય છે.

ધ્યાન, સાધના, મંત્ર–જાપ, કાઉસગ્ગ વગેરેમાં શ્વાસોશ્વાસનું લક્ષ્ય ઉપયોગી એટલા માટે છે કે તે સહજ છે, સ્વાભાવિક છે.

**(૨) વિપશ્યના**

વિપશ્યના એ બૌદ્ધ પરંપરાની એક સાધના પદ્ધતિ છે. તેને 'આનાપાન સતિ' પણ કહેવામાં આવે છે. 'આનાપાન' એટલે શ્વાસોશ્વાસ. સતિ એટલે એના પ્રતિ જાગૃતિપૂર્વકનું તટસ્થ રીતે નિરીક્ષણ કરવું. સ્મૃતિનું પાલિ ભાષામાં 'સતિ' થયું.

वि+दृश (पश्य) એટલે વિશેષ રીતે–બારીકાઈથી જોવું–અર્થાત્ આપણાં ભીતરમાં શ્વાસોશ્વાસને જોવો.

શ્વાસોશ્વાસનું માધ્યમ સૌને સર્વત્ર સદા, સુલભ હોય છે એટલે સાધના પદ્ધતિમાં તેને અગ્રસ્થાન આપ્યું છે. બીજું કારણ એ પણ છે કે–આપણા શ્વાસનો આપણા મનોગત વિકારો સાથે ગાઢ સંબંધ છે. જ્યારે મનમાં ક્રોધ જાગે, વાસના જાગે, ભય જન્મે ત્યારે શ્વાસની ગતિ (Frequency) તેજ થઈ જશે એ આપણો અનુભવ છે. અને શાંત થતાં નોર્મલ–સાધારણ બની જશે.

શ્વાસોશ્વાસ, એકદમ વર્તમાનની At Present ની ઘટના છે. આથી તે તરફ મનને લઈ જવાથી વિકારો શાંત થાય છે. પરિણામે નષ્ટ થાય છે, કારણ કે ત્યારે ભૂતકાળનું કોઈ સ્વપ્ન નથી અને ભવિષ્યની કોઈ કલ્પના નથી. માત્ર આપણે આપણા જ શ્વાસના સાક્ષી–દૃષ્ટા બનવાનું છે.

જેમ પાતંજલ યોગદર્શનમાં અષ્ટાંગ યોગ છે તેમ બૌદ્ધદર્શનમાં અષ્ટાંગ 'अट्ठंगिको मग्गो' અષ્ટાંગ માર્ગ (પથ) છે તેના નામ–શીલ, સમાધિ, પ્રજ્ઞા, સમ્યગ્ વાણી, સમ્યગ્ કર્મ, સમ્યગ્ આજીવિકા, સમ્યગ્ વ્યાયામ, સમ્યગ્ સ્મૃતિ છે.

શ્રી સત્યનારાયણ ગોયન્કાજીએ વિપશ્યનાને દેશ–વિદેશમાં વિકસાવી છે. અનેક ધ્યાન–કેન્દ્રો સ્થાપિત થયા છે. સાધકો તેનો લાભ લે છે.

**(૩) પ્રેક્ષાધ્યાન**

વિપશ્યના અને પ્રેક્ષામાં માત્ર શાબ્દિક અંતર છે. તેના ભાવાર્થમાં કોઈ ભેદ–તફાવત નથી. वि+दृश (पश्य) જે અર્થ બતાવે છે તે જ અર્થ प्र+ईक्ष् ધાતુ બતાવે છે. તેનો અર્થ છે–પ્રકૃષ્ટ રૂપે જોવું તે–પ્રેક્ષા.

તેરાપંથી જૈનાચાર્યશ્રી તુલસીજીએ અને તેમના અનુગામી યુવાચાર્ય શ્રી મહાપ્રજ્ઞજીએ આ પદ્ધતિનો સૂત્રપાત કર્યો છે. આ સાધના પદ્ધતિનું મૂળ સ્રોત (Base) તો જૈનદર્શનના તત્ત્વો જ છે.

જૈનાગમોમાં એક વાક્ય છે–

'संपिक्खए अप्पगमप्पएणं' અર્થાત્ હે આત્મન્ ? તું તારી જાતને જો. એટલે કે સ્વયં જો. આત્માને જો, તેનો સાક્ષાત્કાર–દર્શન કર.

અહીં આ પ્રેક્ષાધ્યાનના અંતર્ગત મુખ્યત્વે શ્વાસપ્રેક્ષા આવે છે. તે ઉપરાંત શરીરપ્રેક્ષા, દીર્ઘશ્વાસપ્રેક્ષા, ચૈતન્યકેન્દ્રપ્રેક્ષા, સમવૃત્તિ, લેશ્યાધ્યાન (Aura), કાયોત્સર્ગ વગેરેનો પણ સમાવેશ થાય છે.

સ્વરોદયનું શાસ્ત્ર પણ શ્વાસથી જોડાયેલું છે–તેનો વિચાર આપણે અલગથી કરીશું.

પ્રેક્ષાધ્યાનની સમીક્ષામાં એ વિચારણીય છે કે–ઉપર્યુક્ત આગમ વાક્યનો અભિપ્રાય જો માત્ર આત્મા, ચૈતન્ય પરત્વે જ હોય તો તેનાથી સંલગ્ન પ્રાણ, શ્વાસોશ્વાસ, શરીર કે લેશ્યા વગેરે તેની મર્યાદાની બહાર છે–એટલે તેનો સમાવેશ કરી શકાય નહિ. અને ચૈતન્ય ગુણોથી સંબંધિત આત્માના અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, વીર્ય, ઉપયોગ, અબાધિત સુખ એવા ભાવપ્રાણને જ પ્રાધાન્યતા આપવી ઘટે. અલબત્ત, આ કક્ષાએ પહોંચવા માટે પ્રેક્ષાધ્યાન જરૂર પગથિયું બની શકે છે.

**(૪) સ્વરોદય જ્ઞાન**

યોગના ક્ષેત્રમાં જૈનાચાર્યોનું બહુ જ મોટું પ્રદાન છે. અત્રે સંક્ષિપ્તમાં જોઈએ–

પાતંજલ યોગદર્શનનો અષ્ટાંગયોગ પ્રસિદ્ધ છે. બૌદ્ધ પરંપરામાં અષ્ટાંગમાર્ગ છે. તેમ જૈનદર્શનમાં યોગની આઠ દૃષ્ટિ છે. તે આ પ્રમાણે છે–

મિત્રા, તારા, બલા, દીપા,

સ્થિરા, કાન્તા, પ્રભા અને પરા.

આ પાયા ઉપર યોગ યાત્રા આગળ વધે છે. ૧૪ પૂર્વધારી,

શ્રુતકેવલી ભગવાન ભદ્રબાહુ સ્વામીજીએ નેપાલમાં મહા-પ્રાણાયામ ધ્યાનની સાધના કરી હતી એવો ઉલ્લેખ મળે છે.

વિક્રમની આઠમી શતાબ્દીમાં આચાર્યશ્રી–હરિભદ્રસૂરિજીએ યોગશતક વગેરે અનેક ગ્રંથોની રચના કરી. તે પછી કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યશ્રીના યોગશાસ્ત્રના અષ્ટમ પ્રકાશમાં યોગનું વિશદ વિવેચન મળે છે. જેમાં ધ્યાન–સાધનાનો અનુભવ પણ સમાવિષ્ટ છે.

દિગંબર જૈનાચાર્યશ્રી શુભચંદ્રાચાર્ય કૃત 'જ્ઞાનાર્ણવ'માં પ્રાણાયામ તથા સ્વરોદય વિજ્ઞાન વિશે ઘણી જ્ઞાતવ્ય માહિતી છે. આ જ ક્રમમાં આગળ વધતાં યોગીરાજશ્રી ચિદાનંદજી કૃત 'સ્વરોદય જ્ઞાન'ની પદ્યમય વિવિધ છંદોમાં હિન્દી રચના મળે છે. જે ગતશતકની જ કૃતિ છે. કુલે ૪૫૩ પદ્યોની રચના છે. તેની પ્રશસ્તિમાં જણાવ્યા મુજબ તેનો રચનાકાળ વિ. સં. ૧૯૦૫ દર્શાવાયો છે. 'સ્વરોદયજ્ઞાન' એ શ્રી ચિદાનંદજીની ખાસ સ્વતંત્ર રચના છે. તેની સમકક્ષ 'શિવ સ્વરોદય' તથા 'નાથ સ્વરોદય' જેવી અજૈન કૃતિઓ પણ છે. યોગીરાજશ્રી ચિદાનંદજી કૃત 'સ્વરોદય જ્ઞાન'માંથી કેટલાંક પદ્યો અહીં પ્રસ્તુત છે.

પ્રથમ 'સ્વરોદય'નો શબ્દાર્થ વિચારીએ તો 'સ્વર' એટલે પ્રાણશક્તિ (ઉર્જા), તેનો ઉદય એટલે ઉદ્‌ભવ. પ્રાણતત્ત્વનું શ્વાસમાં અનુસરણ–રૂપાંતરણ થતું હોવાથી શ્વાસરૂપી ક્રિયામાં જે પ્રકાશ પામે છે તે 'સ્વર' છે. હકીકતમાં પ્રાણ અને સ્વર અલગ નથી પણ એક જ છે.

'સ્વરોદય'નો શબ્દાર્થ જ નાસિકા વાટે શ્વાસનું બહાર નીકળવું થાય છે. એટલે પ્રથમ શ્વાસનો પરિચય–ઓળખાણ અને પછી જ તેનું નિયંત્રણ સંભવિત છે. સ્વર (શ્વાસ) સાથે પાંચ તત્ત્વોનો પણ ઘનિષ્ઠ સંબંધ છે. ભવિષ્યની આગાહી–Forecast પણ કરી શકાય છે.

આ ભાવ નીચેના પદ્યોમાં જોવા–જાણવા મળે છે–

પ્રાણાયામ ભૂમિ દશ જાણો
    પ્રથમ સ્વરોદય તિહાં પિછાણો,
સ્વર પરકાશ પ્રથમ જે જાણે
    પંચ તત્ત્વ કુનિ તિહાં પિછાણે. (પદ્ય–૧૦૬)

આ મુજબ પ્રાણાયામની દશ ભૂમિકા છે – તેમાંની પ્રથમ ભૂમિકા તે 'સ્વરોદય' છે.

**પદ્ય–૫૭ થી ૬૦** માં પ્રાણાયામના રેચક, પૂરક, કુંભક, શાંતિક, સમતા, એકતા, લીનભાવ એમ સાત પ્રકારોનું સુંદર નિરૂપણ છે.

**પદ્ય–૧૧** માં–આપણા દેહતંત્રમાં ૭૨,૦૦૦ નાડીઓ છે તેમાં ૨૪ નાડી મુખ્ય છે. તેમાં પણ ૧૦ નાડીની પ્રધાનતા છે–અને તેમાં પણ ત્રણ નાડી વિશેષ પ્રધાન છે.

**પદ્ય–૧૪** માં–જણાવ્યા મુજબ તેના નામ છે–ઈડા, પિંગલા અને સુષુમ્ણા.

જમણી બાજુની નાડીને પિંગલા અથવા સૂર્યસ્વર કહે છે. જ્યારે ડાબી–વામ બાજુની નાડીને ઈડા અથવા ચંદ્રસ્વર કહે છે.

**પદ્ય–૧૫** માં–કહ્યું છે કે – ઊક્ત બંનેની મધ્યમાં સુષુમ્ણા છે – તે વખતે નાસિકાના બંને – ડાબા તથા જમણા છિદ્રમાંથી સ્વર – શ્વાસ ચાલતો હોય છે.

**પદ્ય–૯૭** માં યોગીરાજ કહે છે કે–

*પ્રાણાયામ ધ્યાન જે કહીએ*
    *તે પિંડસ્થ ભેદ ભવિ લહીયે,*
*મન અરૂ પવન સમાગમ જાણો,*
    *પવન સાધ, મન નિજ ઘર આણો.*

અહીં યોગિરાજે મન અને પવનના મિલનની વાત કરી છે. એ બંનેના સુયોગમાં પ્રાણાયામ ધ્યાન કેવી રીતે ઉપયોગી શકે તે દર્શાવ્યું છે. આ રીતે યોગિરાજશ્રી ચિદાનંદજીએ સ્વરોદયને પ્રાણાયામની પ્રથમ ભૂમિકા તરીકે બતાવીને દેહ અને આત્માનું ભેદજ્ઞાન કરવા માટેની શ્રેષ્ઠ પ્રક્રિયા બતાવીને, જીવ અને શિવના મિલનમાં તે ચરિતાર્થ કરી છે.

મોટરકાર જેવા યાંત્રિક સાધનોમાં જે રીતે બ્રેક તથા એક્સે-લેટરની જરૂર રહે છે તેમ આપણા આ દેહતંત્રની ગતિ અને સુરક્ષા માટે શ્વાસનું સંતુલન પણ એટલું જ આવશ્યક અને અનિવાર્ય બની રહે છે.

**(૫) (Pranic Healing) તથા રેકી**

પ્રાણિક હીલીંગ એક અર્વાચીન થેરાપી છે જેના પ્રણેતા ચાઈનીઝ માસ્ટર CHOA-KOK-SUI છે.

યોગ દર્શનમાં મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધિ, આજ્ઞાચક્ર, સહસ્રાર એમ સાત ચક્રોનું નિરૂપણ છે તેમ આ થેરાપીમાં ૧૧ ઉર્જાકેન્દ્રો (ચક્રો)ની ગણતરી કરવામાં આવી છે. તેના દ્વારા શરીરમાં પ્રાણશક્તિ પહોંચે છે. તે આ પ્રમાણે છે–

૧. બેઝીક ચક્ર (મૂલાધાર) યોનિસ્થાન
૨. Sex ચક્ર (કામ ચક્ર) મેઢ્ર
૩. મેંગમેન ચક્ર (કટી ચક્ર)
૪. નેવલ ચક્ર (નાભિ ચક્ર) ડૂંટી
૫. સ્પ્લીન ચક્ર (પ્લિહા ચક્ર)
૬. સોલાર ચક્ર (સૌર નાલિકા ચક્ર)
૭. હૃદય ચક્ર (હૃદય ચક્ર)
૮. થ્રોટ ચક્ર (કંઠ ચક્ર)
૯. આજ્ઞા ચક્ર (ભૃકુટી ચક્ર) ભ્રૂમધ્ય.
૧૦. ફોરહેડ ચક્ર (લલાટ ચક્ર)
૧૧. ક્રાઉન ચક્ર (બ્રહ્મ ચક્ર) મસ્તક

To Healing નો અર્થ છે રોગને મટાડવું. પ્રાણિક હીલીંગ કરનાર વ્યક્તિ રોગીને તેના શરીરના અંગોમાંથી રોગગ્રસ્ત ઉર્જાને બહાર કાઢે છે. અને નવી પ્રાણશક્તિના સંપ્રેક્ષણ દ્વારા ઉપચાર કરે છે.

**રેકી**

આ એક જાપાનીઝ ઉપચાર પદ્ધતિ છે. 'કી' એટલે પ્રાણશક્તિ,

જીવનશક્તિ.

રેકીના પ્રયોગથી દવાઓની આડઅસરથી બચી જવાય છે. આપણી શક્તિનું સંતુલન રહે છે. તણાવમુક્તિનો અનુભવ થાય છે. વગેરે અનેક લાભો મળે છે.

રેકીના મુખ્ય પાંચ સિદ્ધાંતો આ મુજબ છે–

૧. ફકત આજે હું કૃતજ્ઞતાથી જીવીશ.

૨. ફક્ત આજે હું ચિંતા કરીશ નહિ.

૩. ફક્ત આજે હું ક્રોધ કરીશ નહિ.

૪. ફક્ત આજે હું મારું કામ નિષ્ઠાથી કરીશ.

૫. ફક્ત આજે હું સમગ્ર વિશ્વ માટે પ્રેમ અને આદર દાખવીશ.

**૬. સુદર્શન ક્રિયા**

શ્રી શ્રીરવિશંકરજીએ સ્થાપેલી સંસ્થા આર્ટ ઓફ લિવીંગના એક ભાગરૂપે આ સુદર્શન ક્રિયા છે.

સુદર્શન ક્રિયા ૧૦૦/૧૦૦ શ્વાસોશ્વાસની સંપૂર્ણ વૈજ્ઞાનિક, વિશિષ્ટ અને શક્તિશાળી પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં પ્રાણવાયુ શરીરના દરેક સૂક્ષ્મ કોશો સુધી પહોંચે છે. પરિણામે માણસના મનમાંથી હિંસાત્મક ભાવ, વૈરવૃત્તિ, પ્રતિશોધની ભાવના, નકારાત્મકભાવ, તેમજ લોહીમાંથી ઝેરી–દૂષિત તત્ત્વો નષ્ટ થાય છે. તે ઉપરાંત રોગપ્રતિકારક શક્તિમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળે છે.

સોऽહં ના નાદ–ધ્વનિ–ઉચ્ચારણ–Chanting દ્વારા સાધકોને સુદર્શન ક્રિયા કરાવવામાં આવે છે, તે આપણા શ્વાસ અને શરીર તંત્રને સારી રીતે Effect કરે છે.

**૭. Levitation**

To Levitateનો અર્થ ડીક્શનરીમાં હવામાં ઊંચે ચડવું એવો કર્યો છે. એટલે કે–હવામાં અદ્ધર રહેવું તેવો થાય છે.

સ્વ. મહર્ષિ યોગીએ લેવીટેશનના પ્રયોગ દ્વારા આ સાધના-પદ્ધતિ વિકસાવી છે. આના મૂળમાં તો શ્વાસોશ્વાસની જ વાત છે. કુંભક પ્રાણાયામથી આ શક્ય છે.

જૈન ગ્રંથોમાં ૨૮ લબ્ધિઓ અને ૮ મહાસિદ્ધિઓનું વર્ણન મળે છે. તે આ મુજબ છે અણિમા–મહિમા, લઘિમા, ગરિમા. વશિતા, પ્રાકામ્ય, ઈશિતા અને પ્રાપ્તિ, તેના અંદર લઘિમાનો ઉલ્લેખ છે. લઘિમાનો શબ્દાર્થ છે–હળવું–ભાર વગરનું થવું. તુંબડું પાણીની સપાટી ઉપર તરે છે. ડૂબતું નથી કારણ લાઘવતા તેનો સ્વભાવ છે. આજના વૈજ્ઞાનિક યુગમાં આ સિદ્ધાંતને સમજવો સરળ છે.

લેખના અંતે હું એટલું જ કહીશ કે–પ્રાણઆધારિત કેટલીક પ્રાચીન/અર્વાચીન સાધના પદ્ધતિનો અહીં સંક્ષિપ્ત પરિચય આપવા દ્વારા આપણે તેના અભ્યાસથી જીવનને સ્વસ્થ, સશક્ત અને ગતિશીલ–(Dynamic) બનાવીએ એ જ એકમાત્ર અભિલાષા છે. ✷✷✷

યોગ્ય સૂચન અને પ્રતિભાવ માટે સંપર્ક–

મોબા. નં. : 09898713687 / 09920372156.

C/o. જૈન યોગ ફાઉન્ડેશન, જિતેન્દ્ર હર્ષદકુમાર એન્ડ કુંપની, ૬૮૫, ગોવિંદ ચોક, એમ.જે. માર્કેટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્યોને કરેલી વિનંતિનો ઉષ્માભર્યો પ્રતિભાવ

'પ્રબુદ્ધ જીવન'ના ઑગસ્ટ અંકમાં ૩૪ મે પાને વર્તમાનમાં આજીવન સભ્યપદની ફી રૂા. ૫,૦૦૦/– છે અને વર્ષો પહેલાં થયેલા સભ્યોને વર્તમાન પ્રમાણે પૂરક રકમ મોકલવા અમે વિનંતિ કરી હતી, એનો અમને ઉષ્માભર્યો પ્રતિભાવ મળ્યો છે અને પરિણામે નીચે મુજબના માનવંતા સભ્યોએ અમને પૂરક રકમ મોકલી આપી છે એ સર્વેનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

| નામ | રૂપિયા |
|---|---|
| તરૂલતાબેન બિપિનભાઈ શાહ | ૨૫૦૦ |
| અનંતભાઈ ખેતાણી | ૨૫૦૧ |
| ભરતકુમાર મેઘજીભાઈ મામણિયા | ૨૫૦૦ |
| હંસાબેન ડી. શાહ | ૨૫૦૦ |
| નેમચંદ હીરજી છેડા | ૫૦૦૦ |
| મીતાબેન ગાંધી | ૨૫૦૧ |
| મનસુખલાલ કે. કામદાર | ૨૫૦૦ |
| પરાગ બી. ઝવેરી | ૫૦૦૧ |
| પ્રકાશ ડી. શાહ | ૨૫૦૦ |
| ભરત કાંતિલાલ શાહ | ૫૦૦૦ |
| પ્રવિણાબેન અશ્વિન મહેતા | ૨૫૦૦ |
| હસમુખ એમ. શાહ | ૨૫૦૦ |
| યતિન કે. ઝવેરી | ૪૫૦૦ |
| ધીરજલાલ કે. કાપડિયા | ૨૫૦૦ |
| ડૉ. સ્નેહલ સંઘવી | ૨૧૦૦ |
| અશોક ડી. દોશી | ૪૭૫૦ |
| સુરેખાબેન એમ. શાહ | ૨૫૦૧ |
| ભારતી ઉપેન્દ્ર શાહ | ૫૦૦ |
| ખીમજી શીવજી શાહ | ૪૨૫૦ |
| કચરાલાલ ચુનીલાલ શાહ (કે. સી. શાહ) | ૨૫૦૦ |
| | ૬૫૬૦૪ |

જે મહાનુભાવ સભ્યોએ હજી સુધી પૂરક રકમ ન મોકલી હોય એ સર્વેને અમે પૂરક રકમ મોકલવા વિનંતિ કરીએ છીએ. શક્ય છે કે આપ ક્યારે આજીવન સભ્ય બન્યા હતા એની વિગત આપની પાસે ન હોય તો આપ સંઘની ઑફિસમાં ફોન (ફોન નંબર–૨૩૮૨૦૨૯૬) કરી આપનું નામ વગેરે જણાવી અમારા રોકોર્ડમાંથી વિગત પ્રાપ્ત કરી શકશો.

પ્રત્યેક મહિને 'પ્રબુદ્ધ જીવન' આપને અર્પણ થતું રહેશે જ. આપની જ્ઞાન જિજ્ઞાસા અને અનુમોદનાને અમારા અભિનંદન.

–મેનેજર

# પ્રૉ. યશવંતભાઈ શુક્લ

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

કારમી ગરીબાઈ પણ તેજસ્વી વિદ્યાર્થી હોવાને કારણે અમદાવાદની શેઠ શ્રી અચરતલાલ ગિરધરલાલ ચેરીટીઝની બોર્ડિંગમાં રહીને યશવંતભાઈ શુક્લ સને ૧૯૩૬માં બી.એ. થયા. બી.એ. પછી શું ? એમ. એ. કે નોકરી? એ દ્વિધામાં હતા ત્યાં એમના વતન ઉમરેઠમાં ઉમરેઠના વતની અને એમના જ જ્ઞાતિબંધુ પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી સાહેબનો ભેટો થયો. વર્ષોથી પ્રૉ. ત્રિવેદી સાહેબ, સુરતની એમ.ટી.બી. કૉલેજમાં શરૂનાં પંદરેક વર્ષ અંગ્રેજીના ને પછી ગુજરાતી ભાષા–સાહિત્યના પ્રૉફેસર હતા. પ્રો. ત્રિવેદી સાહેબની હૂંફથી યશવંતભાઈ એમ.એ. કરવા સુરત ગયા ને સને ૧૯૩૮માં તાજા એમ.એ. થઈ અમદાવાદમાં આવ્યા અને 'ગુજરાત સમાચાર' દૈનિક અને 'પ્રજાબંધુ' નામના અઠવાડિકના તંત્રી મંડળમાં જોડાયા.

યશવંતભાઈ એ. જી. ચેરીટીઝની બોર્ડિંગમાં રહી બી.એ.નો અભ્યાસ કરતા હતા એ દરમિયાન એમને એ વિસ્તારમાં આવેલા એક પુસ્તકાલયમાં શ્રી ભોગીલાલ સાંડેસરાનો ભેટો થઈ ગયો. સાંડેસરાનું ઘર એ. જી. ચેરીટીઝ સંસ્થાની નજીક જ હતું ને જ્યારે શુક્લ સાહેબ, સાંડેસરાને પ્રથમવાર પુસ્તકાલયમાં મળ્યા ત્યારે સાંડેસરા ગુજરાતના એક શિષ્ટ સામયિક 'કૌમુદી'માં પોતાનો જ લેખ વાંચી રહ્યા હતા. શુકલ સાહેબે સાંડેસરાને પૂછ્યું કે હાલ શું કરો છો ? તો કહેઃ 'મેટ્રીકની પરીક્ષામાં છ વાર નાપાસ થયો છું...તે ય ગણિતમાં. હવે ભણવાનો વિચાર નથી.' શુક્લ સાહેબે સાંડેસરાને ગણિતશાસ્ત્રમાં માર્ગદર્શન આપવાનું સ્વીકાર્યું ને સાતમી વાર મેટ્રીકની પરીક્ષા આપી પણ દોઢસોમાંથી ૪૬ ગુણ આવ્યા. ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા બાવન ગુણ જોઈએ. હવે બન્યું એવું કે એલજીબ્રાના પેપરમાં એક પેપર સેટરે છ માર્કનો ખોટો પ્રશ્ન પૂછેલો...હો હા થઈ એટલે દરેક પરીક્ષાર્થીને છ માર્ક આપવાનું નક્કી થયું. એમ સાતમા પ્રયત્ને પેપર સેટરની ભૂલને કારણે શ્રી ભોગીભાઈ સાંડેસરા, મેટ્રીકનો મહાસાગર પાર કરી ગયા!

મેટ્રીકની પરીક્ષા આપતા હતા એ દરમિયાન તેઓ 'ગુજરાત સમાચાર' ને 'પ્રજાબંધુ'માં નોકરી કરતા હતા. હવે એક મેટ્રીક પાસ ને બીજા એમ.એ.નો સમાગમ એક જ ઑફિસ ને એક જ ટેબલ પર થયો. મેં પણ સને ૧૯૩૭ના ઑગષ્ટમાં કલકત્તા છોડ્યું ને શ્રી બલ્લુભાઈ ઠાકોરને કારણે સને ૧૯૩૭ના સપ્ટેમ્બરમાં એ બેઉ મિત્રોનો સહકાર્યકર્તા બન્યો ને અમારો ત્રણેયનો સ્નેહ-સંબંધ જીવનના અંત સુધી પ્રગાઢ મધુર રહ્યો.

અમારી ત્રિપુટી જ્યારે દૈનિક–અઠવાડિકમાં નોકરી કરતી હતી ત્યારે, 'ગુજરાત સમાચાર' દૈનિકના તંત્રી શ્રી ઈન્દ્રવદન બલ્લુભાઈ ઠાકોર હતા, સહતંત્રી કપિલભાઈ અને 'પ્રજાબંધુ' અઠવાડિકના તંત્રી હતા શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ ('સાહિત્ય–પ્રિય'). શરૂમાં શ્રી ઈન્દ્રવદન ઠાકોરે યશવંતભાઈને 'ગુજરાત સમાચાર'ના અગ્રલેખ લખવાનું કાર્ય સોંપ્યું. તંત્રી–સહતંત્રી સાથે અગ્રલેખના વિષયની ચર્ચા કરે, લેખ લખાય પણ છપાય નહીં. આવું આઠ–દશ દિવસ ચાલ્યું એટલે એક દિવસ તંત્રીશ્રીની ઑફિસમાં જઈ શુક્લ સાહેબે વિનયપૂર્વક સંભળાવી દીધું : 'આપને મારી જરૂર ન હોય તો મને છૂટો કરો. તંત્રી–સહતંત્રી નખશિખ સજ્જન. શ્રી ઈન્દ્રવદનભાઈએ પૂર્ણ વિનય સાથે કહ્યું: 'યશવંતભાઈ, તમારા અગ્રલેખ તો સાદ્યંત સુંદર હોય છે. વિચારો ને ભાષા સંબંધે મારે કશું જ કહેવાનું નથી. વાંધો માત્ર એક જ વાતનો છે. તમારા લખાણમાં એટલા બધા તત્સમ શબ્દો આવે છે કે 'ગુજરાત સમાચાર'ના પચાસ ટકા વાંચકો તો સમજી પણ ન શકે.' તત્સમ શબ્દો, જ્યાં અનિવાર્ય ન હોય ત્યાં ભલે આવે પણ તદ્ભવ–દેશ્ય–તળપદા શબ્દોવાળી ભાષા લખાય તો મોટી સંખ્યાના વાંચકો સમજી શકે.' તંત્રીની આ સૂચના પ્રમાણે શુક્લ સાહેબે અગ્રલેખો લખવા શરૂ કર્યા ને ખૂબ ખૂબ આવકાર પણ પામ્યા.

'ગુજરાત સમાચાર' છોડ્યા બાદ, શુક્લ સાહેબ, અમદાવાદની ગુજરાત કૉલેજમાં, ગુજરાતી ભાષા–સાહિત્યના પાર્ટ–ટાઈમ જુનિયર લેક્ચરર નિમાયા ને એ પછી વ્યાખ્યાનો તેમજ લખાણોમાં સંસ્કૃત–પ્રચુર ભાષા પુનઃ જીવિત થઈ તે ઠેઠ સુધી રહી. અહીં મારે જણાવવું જોઈએ કે શ્રી ભોગીલાલ સાંડેસરા અને મને કૉલેજમાં આગળ અભ્યાસ કરવાની પ્રેરણા આપનાર પ્રાધ્યાપક શ્રી યશવંતભાઈ શુક્લ હતા. એ પછી તો અમો ત્રણેય મિત્રો કૉલેજ–યુનિવર્સિટીમાં પ્રાધ્યાપકો બન્યા. યશવંતભાઈ ગુજરાત કૉલેજમાં રહ્યા એ દરમિયાન સાંડેસરા ને હું બંનેય એમના 'વડા વિદ્યાર્થીઓ'. વડા એ અર્થમાં કે સાંડેસરાએ ખાસ્સાં ત્રણ વર્ષ નપાસ થવામાં ગાળ્યાં ને મેં નોકરીમાં...એટલે વયમાં 'વડા'. અને કૉલેજકાળ દરમિયાન શ્રી ભોગીભાઈ ને હું અક્કેક સંતાનના પિતા પણ ખરા. એકી સાથે બે આશ્રમ! શુક્લ સાહેબ અમને બી.એ.માં પ્રો. બ. ક. ઠાકોરનાં 'મ્હારાં સોનેટ' શીખવતા. દેહયષ્ટિમાં પ્રૉ. ઠાકોર અને પ્રૉ. શુક્લ સાહેબને થોડુંક સામ્યેય ખરું. ભવિષ્યમાં કો'ક નાટકમાં એમણે પ્રૉ. ઠાકોરનો રોલ પણ ભજવેલો–સફળ રીતે.

ગુજરાત કૉલેજમાં, લેક્ચરર તરીકેનો તેમનો આ તાજો જ અનુભવ હતો. સુરતમાં એમ.એ.નું ભણતા હતા ત્યારનો એમના ગુરુ પ્રૉ. વિ. ર. ત્રિવેદી સાહબનો તેમને આ પ્રકારનો અનુભવ હતો...એમના જ શબ્દોમાં : 'હું સુરત ગયો. એમ.એ.માં ગુજરાતી મુખ્ય વિષય લઈને વિષ્ણુભાઈનો વિદ્યાર્થી બન્યો...વર્ગ લેવાય

ત્યારે પણ તેઓ ધીમે ધીમે બોલતા, સ્વાધ્યાયમાંથી જે કંડિકાઓ પસંદ કરી હોય તે વિદ્યાર્થીઓ પાસે વંચાવતા અથવા ઉતરાવતા અને જૂજ સ્થાનોએ વચમાં અટકાવીને પોતાને જે કહેવાનું હોય તે કહેતા.' આ એમનો એમ.એ. વખતનો અનુભવ...જ્યારે યશવંતભાઈ અમને બી.એ.માં 'મ્હારાં સોનેટ' ભણાવતા ત્યારે ફુલ ફોર્મમાં હોય, વર્ગમાં છેલ્લો વિદ્યાર્થી પણ જો 'બહેરામખાન' હોય તો પણ ટટ્ટાર બની જાય...કલેડામાં ધાણી ફૂટે તેમ વિચારો સ્ફુરે ને અસ્ખલિત સંસ્કૃત–પ્રચુર ભાષામાં આપણને તાણી જાય! 'મ્હારાં સોનેટ'માંનાં પ્રેમ–વિષયક કાવ્યો પર જનરલ બોલી, પ્રત્યેક સોનેટનો ભાવાર્થ કહી જઈ વિવરણમાં પોતાનો પ્રતિભાવ એવો દર્શાવે કે આપણને કૈંક નવીન–મૌલિક પામ્યાનો અહેસાસ થાય. શ્રી ભોગીભાઈ સાંડેસરા વિચાર અને મુદ્દાની નોટ્સ લે જ્યારે ભાઈ શ્રી ઉપેન્દ્ર પંડ્યા તો લગભગ અક્ષરશઃ શુક્લ સાહેબનું વ્યાખ્યાન નોટ્સ રૂપે પામે. હું તો સાંભળવામાં જ નોટ્સ લેવાનું ભૂલી જાઉં. સાંભળેલું, લગભગ મોટા ભાગનું સ્મૃતિમાં સચવાય. 'મ્હારા' સોનેટનાં પ્રણય–વિષયક કાવ્યોના સ્વાધ્યાય બાદ ભવિષ્યમાં મારાં 'ચક્રવાક' ને 'સ્નેહશતક' પ્રગટ થયાં તેમાં પ્રો. શુક્લ સાહેબની પ્રધ્યાપકીય પ્રેરણા પણ ખરી.

પ્રો. શુક્લ સાહેબની દેહયષ્ટિ પ્રભાવક ને ખડતલ પણ આંખો એકદમ નબળી. આંખોની તકલીફે એમને આખી જિંદગી પજવ્યા. High Myopia – ટૂંકી નજર, ભારે માઈનસ નંબર – મોતિયો આવતાં વંચાય જ નહીં. 'ફીઝીકલ ફીટનેસ'માં એ ઊણા ઉતર્યા એટલે સરકારી નોકરી એમને ફરજિયાત છોડવી પડી...અને છતાંયે જિંદગીભર ઠીક ઠીક વાંચ્યું. વાંચ્યા વિના એમનાથી રહેવાય જ નહીં. અમદાવાદ છોડી તેઓ મુંબઈમાં શ્રી કનૈયાલાલ મુનશીની 'ભારતીય વિદ્યા ભવન' સંસ્થામાં જોડાયા.

એમ.એ. થયા બાદ તેઓ 'ગુજરાત સમાચાર'ને 'પ્રજાબંધુ'માં જોડાયા તે વખતની બે બાબતોનો અહીં નિર્દેશ કરવો જોઈએ, જેથી એમની વિકસતી વિવેચનશક્તિનો પણ ખ્યાલ આવે. સને ૧૯૩૬માં જ્યારે તેઓ અમદાવાદની ગુજરાત કૉલેજમાં ભણતા હતા ત્યારે તેમને, જી.એસ. ટ્રેવેલિયનનું, ઈતિહાસ વિદ્યાની ચર્ચા કરનારું પુસ્તક–'ક્લીઓ, એમ્યૂઝ એન્ડ અધર એસેઝ'–ભણવામાં હતું. બે સાલ બાદ, એમને શ્રી ચુનીભાઈ વર્ધમાન શાહ (સાહિત્ય પ્રિય)ની નવલકથા–'કર્મયોગી રાજેશ્વર' નામની ઐતિહાસિક નવલકથાનું અવલોકન કરવાનું આવ્યું ત્યારે, ઐતિહાસિક નવલકથાઓ કેવી હોવી જોઈએ ને 'કર્મયોગી રાજેશ્વર' માં કઈ કઈ ત્રૂટિઓ છે તે તેમણે નિર્ભયપણે દર્શાવીને અવલોકન 'બુદ્ધિપ્રકાશ'માં મોકલ્યું ને પ્રગટ પણ થયું. શીર્ષક રાખ્યું હતું : 'ગુજરાત : નવસો વર્ષ પહેલાં'. એક બે મતભેદ સિવાય 'સાહિત્ય પ્રિયે' એમના અવલોકનને સ્વીકારેલું, આવકારેલું. બીજી એક ઘટનાનો પણ હું સાક્ષી છું. એ જ અરસામાં હીરાબહેન પાઠકનું વિવેચન–વિષયક એક પુસ્તક પ્રગટ થયેલું. 'પ્રજાબંધુ'માં એની સમીક્ષા કરતાં યશવંતભાઈએ એવો અભિપ્રાય પ્રગટ કરેલો કે આ પુસ્તકમાં તો જ્યાં ત્યાં પ્રો. રા. વિ. પાઠકના જ વિચારોના પડઘા પડતા સંભળાય છે.' હીરાબહેને એમની 'નોટ્સ'ની વાત કરી તો યશવંતભાઈએ કહ્યું કે એ તો 'ડીટેક્શન' પણ હોઈ શકે! આ બે ઘટનાઓ બન્યા બાદ પણ, ત્યારે ને ભવિષ્યમાં એમના સંબંધો, 'સાહિત્યપ્રિય' અને શ્રીમતી હીરાબહેન પાઠક સાથે મધુર રહેલાં, બલકે વધુ પ્રગાઢ થયેલા.

અમદાવાદ છોડી યશવંતભાઈ મુંબઈની 'ભારતીય વિદ્યા ભવન'માં ગયા. સાંડેસરા એમ.એ.માં ફર્સ્ટ કલાસ આવતાં અમદાવાદની 'વિદ્યાસભા' માં પ્રૉ. રસિકલાલ પરીખ, પ્રૉ. કે. કા. શાસ્ત્રી ને પ્રૉ. ઉમાશંકર જોષી સાથે અધ્યાપક તરીકે જોડાયા ને હું પીલવાઇની શેઠશ્રી ગિરધરલાલ ચુનીલાલ હાઈસ્કૂલમાં ઉપાચાર્ય તરીકે નિમાયો...ને આમ અમારી ત્રિપુટી છૂટી પડી. યશવંતભાઈ ભારતીય વિદ્યાભવનમાં હતા ત્યારે ત્યાં મારા કેટલાક મિત્રો એમ.એ.ના વિદ્યાર્થી તરીકે ને અધ્યાપક તરીકે પણ હતા. ડૉ. હરિવલ્લભ ભાયાણી, શ્રી ઉપેન્દ્ર સી. પંડ્યા જેઓ સને ૧૯૪૩માં એમ.એ.માં ફર્સ્ટ કલાસ આવ્યા બાદ ભારતીય વિદ્યા ભવનમાં જોડાયેલા ને શ્રી મહેન્દ્ર પંડ્યા–જેઓ એમ.એ.નો અભ્યાસ કરતા હતા–એ સર્વેની પાસેથી મને યશવંતભાઈના અવારનવાર સમાચાર મળતા રહેતા. અમદાવાદમાં એમને જેટલું આત્મીય લાગતું હતું તેટલું મુંબઈમાં લાગતું નહોતું. યશવંત-ભાઈના કહેવા પ્રમાણે એમને અન્ય કરતાં રૂપિયા પચાસ પગારમાં વધારે મળતા હતા. આના સંદર્ભમાં એકવાર તેમણે મારી ને પ્રો. સાંડેસરાની ઉપસ્થિતિમાં ખૂબ જ હળવાશથી પણ ઘવાયેલા હૃદયે મુનશી સાથેનો એક કિસ્સો કહેલો. મુનશી સાથે કોઈ મુદ્દે મતભેદ થતાં અધિકારીની અદાથી યશવંતભાઈને ધમકાવી તો નાખ્યા પછી વાતને વાળી લેતાં હળવાશથી મુનશીએ યશવંતભાઈને અંગ્રેજીમાં કહ્યું: `Mr. Shukla' Do you know, why I pay you fifty rupees more? to threaten you.' પણ યશવંતભાઈનું ખમીર એક સ્વતંત્ર વિધાનનું હતું. તક મળતાં જ તેઓ એમના આત્મીયો વચ્ચે અમદાવાદમાં આવી ગયા.

જે લોકો પ્રૉફેસર તરીકે સને ૧૯૮૦ પહેલાં નિવૃત્ત થયા તેમના પગાર આજની તુલનાએ નગણ્ય ગણાય. પ્રૉફેસરનો સ્કેલ હતો રૂા. ૧૫૦૦–૧૦૦–૨૫૦૦. ડૉ. સાંડેસરા, પ્રૉ. શુક્લ સાહેબ ને મારી વચ્ચે વયનો એક બે સાલનો જ ફેર. ડૉ. સાંડેસરા મ. સ. યુનિવર્સિટીમાંથી પચીસ સાલની નોકરી બાદ (૧૯૫૦–૧૯૭૫) ગુજરાતી ભાષા–સાહિત્યના અધ્યક્ષ અને પ્રાચ્ય વિદ્યા મંદિર (ઑરિએન્ટલ ઈન્સ્ટીટ્યૂટ)ના ડાયરેક્ટર તરીકે નિવૃત્ત થયા ત્યારે એમનો પગાર હતો રૂા. ૨૧૦૦/– ને હું ઓગણીસ સાલની નોકરી બાદ, પ્રોફેસર–અધ્યક્ષ તરીકે સને ૧૯૭૭માં નિવૃત્ત થયો

ત્યારે મારો પગાર રૂા. ૧૬૮૦ હતો. શુક્લ સાહેબને મેં ક્યારેય પગાર સંબંધે પૂછ્યું નથી પણ ડૉ. સાંડેસરા કરતાં ઓછો ને મારા કરતાં વધારે હોવો જોઈએ. પણ જ્યારે પેન્શનનો પ્રશ્ન ઊભો થયો ત્યારે અમદાવાદમાં પ્રૉ. આર. યુ. જાનીએ, પ્રૉફેસરોનું એક યુનિયન ઉભું કરેલું જેમાં નિવૃત્ત પ્રોફેસરોના પેન્શનના ભાત ભાતના પ્રશ્નોને હલ કરવામાં માર્ગદર્શન આપવામાં આવતું ને જરૂર જણાતાં કાયદાનો આશ્રય પણ લેવામાં આવતો. સભ્ય ફી હતી રૂપિયા પાંચસો. શરૂમાં પ્રૉ. શુક્લને સભ્ય બનાવવાનો પ્રયત્ન કર્યો પણ એમણે પોતાના પ્રશ્નો સ્વતંત્ર રીતે હલ કરવાની ઈચ્છા દર્શાવી, સભ્ય ન થયા, પણ જ્યારે પેન્શનનો પ્રશ્ન ગૂંચવાયો ત્યારે સામેથી પ્રૉ. જાનીને ફોન કરી સભ્ય બનવાની ઈચ્છા દર્શાવી પણ સભ્ય-ફીના રૂપિયા પાંચસો કકડે કકડે આપે તો ચાલે કે કેમ?...એવો પ્રશ્ન પૂછ્યો. ડૉ. સાંડેસરા અને શુક્લ સાહેબે વિદ્યાસભામાં સાત આઠ સાલ નોકરી કરી પણ ત્યાં પ્રોવિડન્ટ ફંડની સુવિધા નહોતી, એટલે પેન્શનની ગણતરીમાંથી એ વર્ષો બાદ થઈ ગયાં. મેં પણ નડિયાદની કૉલેજમાં આઠ વર્ષ નોકરી કરી. ત્યાં પ્રોવિડન્ટ ફંડની વ્યવસ્થા તો હતી પણ નિયમ એવો હતો કે દશ સાલ નોકરી કરે તેને જ પ્રોવિડંડ ફંડનો પૂરો લાભ મળે. મારે બે વર્ષ ખૂટતાં હતાં એટલે કાપ વેઠવો પડ્યો. મારો કહેવાનો આશય એ છે કે આઠમા દાયકા સુધીના નિવૃત્ત પ્રૉફેસરોને સભ્ય-ફી પેટે રૂપિયા પાંચસો આપવામાં પણ તકલીફ પડતી હતી જેનું પ્રત્યક્ષ પ્રમાણ પ્રો. શુક્લ સાહેબ હતા.

યશવંતભાઈને ગુંજન-ગાયનનો આગવો શોખ હતો. રાગના ઘરમાં રહીને એ મધુર કંઠે અસરકારક રીતે ગાઈ શકતા હતા. કવિતાનું પઠન ભાવપૂર્ણ ને અર્થદ્યોતક રહેતું. એમને કંઠથી મેં જે ત્રણેક કાવ્યો સાંભળ્યાં છે તેની સ્મૃતિ અદ્યાપિ જીવન્ત છે. સુંદરમ્‌ના 'ઘણ ઉઠાવ, મારી ભૂજા'નું કાવ્ય-પઠન એવી રીતે કરતા કે જાણે ઉઠાવેલા ઘણે બધું જ જીર્ણ-શીર્ણ-ભાંગવા યોગ્ય ભાંગીને ભૂક્કો કરી દીધું છે. પછી કહેઃ 'સુંદરમે' આ સોનેટમાં એમની જ્ઞાતિના ખમીરને પ્રકૃતિદત્ત પ્રતીક દ્વારા મૂર્ત કર્યું છે, જીવંત કર્યું છે. એમને કંઠેથી હૃદયસ્પર્શી રીતે ગવાયેલાં બીજાં બે ગીતો તે-એક કવિ ઉમાશંકરનું, 'સૂરજ ઢૂંઢે ને ઢૂંઢે ચાંદાની આંખડી, નવલખ તારાનાં ટોળાં ટળવળે હો જી' અને બીજું, કવિવર ન્હાનાલાલનું 'પરમ ધન લેજો પ્રભુમાં લોક'-આ બે ભક્તિગીતો. ઉમાશંકરના 'ઝંખના' ભક્તિકાવ્ય માટે કહેઃ 'કવિનું આ ઉત્તમમાં ઉત્તમ ભક્તિકાવ્ય છે, જો કે પરંપરા અને પુરોગામીઓની અસર ઝીલી છે પણ એને એવી રીતે આત્મસાત્ કરી છે કે કશે વરતાય જ નહીં. આ બે કડીઓ ગાતાં તેઓ ભાવ-વિભોર બની જતાઃ

*'બ્રહ્માંડ ભરીને પોઢ્યા, કીકીમાં માશો શેણે?*
*જોયા તો યે લોચનિયાં ઘેલાં રડે હો જી,*
*ગગન ઘેરીને આજ દર્શન વરસો રે વ્હાલા?*
*ઉરે ઝૂરે મારો પ્રાણ-બપૈયો હો જી.'*

આની સાથે શુક્લ સાહેબ, કવિવર ન્હાનાલાલનું 'મારાં નયણાંની આળસ રે, ન નિરખ્યા હરિને જરી' યાદ કરતા અને 'પરમધન પ્રભુનાં લેજો લોક' ગાઈ, કવિનાં આ બે ભક્તિ ગીતોને ખૂબ ખૂબ બિરદાવતા. કવિતા માટેનો એમનો લગાવ અદ્‌ભુત હતો. 'બ્રેસ્ટ ફીડીંગ કવિતા' ને 'બોટલ ફીડીંગ કવિતા'નો ભેદ એ તરત જ પરખી જતા.

સને ૧૯૫૦ થી ૧૯૫૮ સુધી હું નડિયાદની સી. બી. પટેલ આટ્ર્સ કૉલેજમાં ગુજરાતી ભાષા સાહિત્યનો પ્રોફેસર ને અધ્યક્ષ હતો. સને ૧૯૫૩માં જ્યારે ગુજરાતખ્યાત આચાર્ય ડૉ. કે. જી. નાયક પ્રિન્સિપાલ હતા ત્યારે હું વાઈસ પ્રિન્સિપાલ હતો. તે કાળે, ચરોતરની અન્ય કૉલેજો કરતાં અમારી કૉલેજના પ્રૉફેસરો પ્રમાણમાં વધુ લાયકાત ધરાવનાર હતા. ચારેક તો તે કાળે પીએચ.ડી. હતા. અંગ્રેજીના પ્રૉફેસર-અધ્યક્ષ ડૉ. લક્ષ્મણ એચ. ટેંગશે અને પોલિટીકલ સાયન્સના પ્રૉફેસર-અધ્યક્ષ એમ. જી. પારેખ સાથે ડૉ. કે. જી. નાયકને બને નહીં. નહીં બનવામાં આ બે વિદ્વાન, સંન્નિષ્ઠ પ્રૉફેસરો દોષિત નહોતા પણ પ્રિન્સિપાલ નાયકની વહાલાં-દવલાંની નીતિ અને 'ડીવાઇડ એન્ડ રૂલ' કરવાની ખોટી પદ્ધતિ જ જવાબદાર હતી. ડૉ. ટેંગશે ને પ્રો. પારેખ તો સંસ્થાના, અરે કોઈપણ યુનિવર્સિટીના ભૂષણરૂપ હતા ને વિદ્યાર્થી જગતમાં પણ અતિશય લોકપ્રિય હતા. કોઈ પણ નિમિત્તે પ્રિ. નાયક તેમને કાઢવા માગતા હતા, એટલે કોઈપણ વર્તમાનપત્રમાં એ બે વિષયોની જાહેરાત આવે એટલે પ્રિ. ડૉ. નાયક, એ જાહેરાત નીચે લાલ લીટી દોરી જે તે પ્રોફેસરને મોકલી આપે. આવી, 'યુ આર અનવોન્ટેડ' નીતિથી વાજ આવી ગયેલા આ બે પ્રોફેસરોએ મને વાત કરી. મેં એ બંનેના બાયોડેટા સાથે અમદાવાદની એચ.કે. આટ્ર્સ કૉલેજના આચાર્ય શ્રી યશવંતભાઈ શુક્લ જે મારા પરમ મિત્ર હતા, તેમને આગ્રહપૂર્વક ભલામણ કરી. તાકડે એમને આ બે વિષયોના પ્રોફેસરોની આવશ્યકતા પણ હતી, એટલે 'ઈન્ટરવ્યૂ' લેવાયાં ને બંનેય માન ને ગૌરવપૂર્વક વધારે પગારે નિમાયા. આ બે પ્રૉફેસરોએ એ કૉલેજનું નામ રોશન કરવામાં મોટો ભાગ ભજવેલો. ડૉ. ટેંગશેનો 'આર્ટ ઓફ ટાગોર' શોધ-પ્રબંધ તો પ્રગટ થઈ ગયેલો ને પ્રૉ. પારેખ, ડૉ. રાધાકૃષ્ણનના તેજસ્વી વિદ્યાર્થી હતા. શ્રી નગીનદાસ પારેખની પ્રેરણાથી તેઓ ગુજરાતીમાં લખતા થયેલા. પ્રિ. શુક્લનો આ મારા ઉપર ખૂબ ખૂબ મોટો ઉપકાર હતો. એકવાર પ્રૉફેસરોની મિટીંગમાં મને ઉદ્દેશીને પ્રિ. ડૉ. નાયક બોલેલાઃ 'મારો વિચાર તો એ બેઉને નડિયાદની શેરીઓમાં ભીખ માંગતા કરવાનો હતો પણ વચ્ચે આ (હું) દાનેશ્વરી કર્ણ આવી ગયો ને યશવંત શુક્લના અનુગ્રહથી

મારી મનની મનમાં જ રહી ગઈ! આજથી અર્ધી સદી પૂર્વેનો શૈક્ષણિક–વિશ્વનો આ કિસ્સો બંને આચાર્યોનાં વ્યાવર્તક લક્ષણો ને બધી જ રીતે લાયક પ્રૉફેસરોની લાચારીનો દ્યોતક છે.

આંખોની તકલીફે યશવંતભાઈને આખી જિંદગી પજવ્યા. High Myopia – ટૂંકી નજર, ભારે માઈનસ નંબર, મોતિયો આવતાં વંચાય જ નહીં. ગુજરાત કૉલેજની સરકારી નોકરી પણ આ આંખોની તકલીફે જ છોડાવી અને છતાંયે જિંદગીભર ઠીક ઠીક વાંચ્યું, લખ્યું, વાંચ્યા–લખ્યા વિના એમનાથી રહેવાય જ નહીં. ઘણીવાર તો આર્થિક લાચારીને કારણે એ કરવું પડ્યું.

મેં એમનાં અનેક જાહેર વ્યાખ્યાનો સાંભળ્યાં હશે. ભાષા, સ્વરાઘાત, ઉચ્ચાર, અભિવ્યક્તિ સાધીને એકદમ સચોટ, સંસ્કૃતિ ને સંસ્કારથી ઓપતું એમનું આગવું વ્યક્તિત્વ. બોલાતું ગદ્ય કેવું હોવું જોઈએ એ શુક્લ સાહેબને સાંભળતાં સુપેરે સમજાય, અને જેટલી આંખો નબળી એથી વિશેષ સુંદર એમના સુવાચ્ય, મરોડદાર, મોતી જેવા અક્ષરો.

સને ૧૯૮૨માં એકવાર મુરબ્બી શ્રી યશવંતભાઈ એક રાત મારે ત્યાં રોકાયા. ત્યારે વાતવાતમાં એમણે કહ્યું: 'અનામી'! નિવૃત્તિમાં બે કામ કરો. એક તો તમારાં પ્રગટ અ–પ્રગટ અનેક કાવ્યોમાંથી વરણી કરીને એક કાવ્યસંગ્રહ તૈયાર કરો ને બીજું, દીકરાને, ત્યાં અમેરિકાનો એકાદ આંટો મારી આવો ને તમારું અલ્સર મટાડો.' આંગળી ચીંધ્યાનું એક પુણ્ય તો ફળ્યું જ્યારે મારો સાતમો કાવ્યસંગ્રહ નામે 'રટણા' સને ૧૯૮૩માં પ્રગટ થયો પણ પુરાણી–પ્રીતને કારણે હોઝરી-અલ્સરે મારો સાથ હજી સુધી તો છોડ્યો નથી! લાગે છે કે પ્રાણ સાથે એ ય પ્રયાણ કરવાનું.

એક સમય એવો પણ હતો જ્યારે હું જે તે ગુજરાતી દૈનિકોમાં આવતી ધારાવાહી નવલકથાઓ નિયમિત વાંચતો. એકવાર મેં ચન્દ્રકાન્ત બક્ષી અને શિવકુમાર જોષીની નવલકથાઓમાં યશવંતભાઈના વ્યક્તિત્વના કેટલાક અણસાર જોયા ને તત્સંબંધે એમને તા. ૩–૧૧–૧૯૭૮ના રોજ પત્ર લખ્યો તો એમનો તા. ૬–૧૧–૧૯૭૮નો પત્ર આ પ્રમાણેનો હતો:

પ્રિયભાઈ અનામી,

તમારા તા. ૩–૧૧–૭૮ના પત્રથી મારું કુતૂહલ ઉત્તેજિત થયું. 'સંદેશ' તો રોજ ઘેર આવે છે પણ હપતે હપતે પ્રસિદ્ધ થતી વાર્તા હું વાંચી શકતો નથી. એકાદ હપ્તા ઉપર અમસ્તી નજર પડતી અને તેમાં યશવંતભાઈ આંખે ચડેલા, પણ હું એમનામાં મને ભાળી ન શક્યો. બક્ષી મારું અંતરંગ પકડી શકે એટલા નજીક આવી શક્યા નથી, જો કે મારા ઉપર હંમેશાં તેમણે સ્નેહ વરસાવ્યો છે. તમે નિયમિત વાંચો છો તેથી નામ સાદૃશ્યની પાર વ્યક્તિત્વ–સાદૃશ્યના અણસાર તમને પરખાયા હોય, પણ શા મેળમાં પરખાયા? મને લખશો તો કૃતિની અખંડ પ્રસિદ્ધિ પછી હું વાંચી જઈશ. ભાઈ શિવકુમાર જોષીએ 'ચિરાગ' નામની નવલકથા લખેલી–તેમાં નાયક હું હોઉં એવું ઘણાં મિત્રોએ મારું ધ્યાન દોરેલું. પ્રૉ. ઈશ્વરલાલ દવેએ તો છાતી ઠોકીને કહેલું. મેં, શિવકુમારને એ બાબતમાં પૂછી જોયું તો એમણે પણ મારા વ્યક્તિત્વના અંશો અને જીવન પ્રસંગોમાં પોતાની કલ્પના ભેળવીને મારો આકાર રચવાનું કબૂલેલું. પછી તો એ કૃતિ મને અર્પણ કરેલી.' ખેર, છેલ્લા બે માસમાં બે વાર આપણે અલપ–ઝલપ મળ્યા તેનો આનંદ મનમાં ઘૂંટું છું. યશવંતના પ્રણામ.

મારો આ લેખ તો કેવળ સંસ્મરણાત્મક જ છે. વિવેચક તરીકે મૂલવવા તો સ્વતંત્ર લેખ લખવો પડે. મેં તો એમને જાણ્યા–માણ્યા છે. એક અભ્યાસનિષ્ઠ અધ્યાપક તરીકે, સાંપ્રત સમયની સમસ્યાઓના ચિંતક અને લોકધર્મી પત્રકાર તરીકે, પ્રભાવક વક્તા તરીકે અને સામાજિક સંબંધોની માવજત કરનાર સજ્જન તરીકે અંતમાં આ કાવ્યાત્મક અંજલિ.

**યશવંત શુક્લને–**

ગુરુ–મિત્ર ચ માર્ગદર્શક
વ્યવહારે અતિ સ્નેહવર્ધક,
યશ–વન્ત હતા, ગયા તમે
સ્મરવાની ગુણ–સંપદા હવે.
શી ખુમારી હતી અવાજમાં!
પરિસંવાદ વિષેય તર્કમાં–
અભિવ્યક્તિની આગવી અદા,
સ્મરણે અંકિત, માણવી સદા.
ક્ષણને કરતા શું સાર્થક!
પ્રવૃત્તિ–અશ્વ ઘણા પલાણતા,
કંઈ કંઈ કરવાની કામના
ક્ષમતા, ધૃતિ, કશી મહા મના !
વિકૃતિ ટળી, પ્રકૃતિ સહી
સ્મરણે જીવન–નિયતિ રહી.

(તા. ૨૪–૧૦–૧૯૯૯) ✱✱✱

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૭
ફૉન : (૦૨૬૫) ૬૬૨૧૦૨૪

**વરસ ૨૦૦૭–૦૮ માં પ્રવેશ થયેલા નવા લાઈફ મેમ્બર્સ**

| | | |
|---|---|---|
| મનિષ મહેતા– | ૫૦૦૦ | ૧૨–૯–૦૭ |
| બિપિન નેમચંદ શાહ– | ૫૦૦૦ | ૧૩–૯–૦૭ |
| હીના એસ. શાહ– | ૫૦૦૦ | ૧૫–૯–૦૭ |
| નવિનચંદ્ર રતિલાલ શાહ– | ૫૦૦૦ | ૨૮–૯–૦૭ |
| મહેશ કાંતિલાલ શાહ– | ૫૦૦૦ | ૨૮–૯–૦૭ |
| રેશ્માબેન બિપિનચંદ્ર જૈન– | ૫૦૦૦ | ૨૭–૧૦–૦૭ |
| મનિષ ધીરજલાલ અજમેરા– | ૫૦૦૦ | ૩–૯–૦૮ |
| વિજયભાઈ ડી. અજમેરા– | ૫૦૦૦ | ૩–૯–૦૮ |

**મેનેજર**

# દિવાળી કાર્ડ ભગવાન શ્રી તરફથી!

❑ મલૂકચંદ રતિલાલ શાહ (કામદાર)

દિવાળીના તહેવાર હમણાં ઉજવાઈ રહ્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ દિપાવલીની શુભેચ્છા અને નૂતન વર્ષાભિનંદનની અનેક ટપાલ મળી છે. એમાં જુદા જુદા પ્રકારની શુભેચ્છાઓ છે. કોઈએ લખ્યું છે કે નવા વર્ષે તમારા બિઝનેસમાં વધુ પ્રગતિ થાઓ, યશ અને રિદ્ધિસિદ્ધિમાં વૃદ્ધિ થાઓ તો બીજા પત્રમાં, 'આરોગ્યપૂર્ણ દીર્ઘ જીવન પ્રાપ્ત થાઓ, પારિવારિક જીવનમાં સુખશાંતિ વધો તો ત્રીજા પત્રમાં લખ્યું છે કે તમારા જીવનમાં નવા વર્ષે વધુમાં વધુ ધન, યશ અને સર્વ સાંસારિક સુખની પ્રાપ્તિ સાથે આધ્યાત્મિક સાધનામાં વેગ આવીને તમને પ્રભુપદની પ્રાપ્તિ થાઓ એમ લખ્યું છે. તો કોઈએ એવું પણ લખ્યું છે કે 'નવા વર્ષે તમને જે જોઈતું હોય તે બધું જ પરમ કૃપાળુ પરમાત્મા મેળવી આપો'–એવી અમારી પ્રાર્થના છે.

આ બધું વાંચીને હું વિચારમાં પડી ગયો કે નવા વર્ષે મારે ખરેખર શું જોઈએ છે એમ મનને વિચારોમાં જોડતા ખ્યાલ આવ્યો કે આ જીવને શું જોઈએ છીએ એમ નહિ પરંતુ શું નથી જોઈતું એજ પ્રશ્ન છે. આ જીવને આ અને તે બધું જ જોઈતું હોય છે. ટપાલ લખનારને આવી વૃત્તિનો ખ્યાલ છે જ એટલે તો આપણને પૂછ્યા વિનાય, તેઓ નિરાંતે ભૂલ વિના લખી શકે છે કે તમને આ મળો અને તે મળો.

'પ્રાપ્તમાં અસંતોષ અને અપ્રાપ્તની ઝંખના'–એવી સાધારણ માનવ માત્રની પ્રકૃતિ રહેલી છે એવી ટપાલલેખકને ખબર છે જ એટલે તેઓ તો લખે કે તમને આ કે તે મળો. એવા પત્રોના પ્રથમવાંચનમાં મારા જેવાને એ શુભેચ્છાઓ ગમી પણ જાય. મનમાં થાય કે મિત્રોના લેખન મુજબ જે મળી જાય તે ચાલશે અને ગમશે! પરંતુ અધ્યાત્મની સાધનાનો દાવો કરતો મારા વ્યક્તિત્વનો બીજો એક ભાગ, ઉપરના વિચારોને રોકીને હૃદયમાં ઊંડો પ્રશ્ન પેદા કરે છે કે–નવા વર્ષે હું શું ઈચ્છું છું અને ખરેખર મારે શું ઈચ્છવું જોઈએ?

આવા વિચારોની છાયામાં રાત્રે હું નિંદ્રાધિન થઈ ગયો. સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં **'ભગવાનશ્રી'**–એવી સહીવાળું દિવાળી કાર્ડ ટપાલમાં મળ્યું! તેમાં લખ્યું હતુંઃ 'આત્મપ્રિય, નવા વર્ષના હાર્દિક અભિનંદન! આજના મંગળદિને નીચેની બે પૈકી તું જે નક્કી કરે તે કોઈ એક બાબત આ નવા વર્ષે તને અવશ્ય પ્રાપ્ત થાઓ એવું મારું શુભેચ્છા વચન છેઃ

(૧) નવા વર્ષે **હું પરમાત્મા** જેવો છું તેવો સર્વાંશે તને પ્રાપ્ત થાઉં, તને મળું.

(૨) આ દુનિયાના તમામ દુન્યવી સુખો, ઈન્દ્રિય ભોગો, કુટુંબસુખ, સૈન્ય, શસ્ત્ર, ધન, યશ, આરોગ્ય, વૈભવ વગેરે, બીજા બધાં કરતા તને વધારેમાં વધારે પ્રાપ્ત થાઓ.

ઉપરના બેમાંથી કોઈ એક માગી લે, તને મળશે જ.

**લિ. ભગવાનશ્રી**

સ્વપ્ન તો ઉડી ગયું. પરંતુ પ્રશ્ન મૂકી ગયું. ખૂદ ભગવાનનું વચન–એમ બનવાનું જ તો શું માગું? આવો અણમોલ અવસર તો ભાગ્યે જ મળે. એટલે વિચાર આવ્યો કે માગવાનું મન થાય એ નહિ પરંતુ શ્રેયાર્થીએ ખરેખર જે માગવાનું ઉચિત ગણાય એ જ હું માંગું. શું માંગું? આ પ્રશ્નનો જવાબ જડી ગયો. ધર્મશાસ્ત્રનો પેલો પ્રસંગ સ્મૃતિમાં ચડી આવીને શું માંગવું તેનું માર્ગદર્શન આપી ગયો. આ રહ્યો મહાભારતમાંનો તે પ્રસંગ.

પાંડવ અને કૌરવો વચ્ચે સમાધાન શક્ય નહિ બનતાં બન્ને પક્ષે યુદ્ધની તૈયારી આરંભાઈ રહી છે. તેવા સમયે એક દિવસ બપોર ભગવાન શ્રીકૃષ્ણ જમીને પલંગમાં આરામ કરી રહ્યા હતા ત્યારે યુદ્ધમાં વિજયી થવા, દુર્યોધન શ્રીકૃષ્ણની મદદ મેળવવા તેમના નિવાસે આવી પહોંચે છે. ભગવાનને નિદ્રાધિન જોઈને, પલંગ પર તેમના માથા પાસે બેસી જાય છે. થોડી વાર પછી અર્જુન પણ તે જ હેતુથી ત્યાં આવે છે. ભગવાનને સૂતેલા જોઈને, ભગવાનના ચરણ પાસે આસન લે છે. થોડીવારમાં ભગવાનના ચક્ષુ ખૂલતા પ્રથમ અર્જુન નજરે ચડે છે પછી દુર્યોધન. પહેલા અર્જુનને જોયો તેથી પ્રભુ પ્રથમ તેની વાત સાંભળે છે અને પછી દુર્યોધનની. બન્નેના આગમનનો હેતુ જાણીને શ્રીકૃષ્ણ એક દરખાસ્ત મૂકે છે કે નીચેની બે બાબતો પૈકી કોઈ એક પ્રથમ અર્જુન પસંદ કરી લે અને પછી દુર્યોધન.

શ્રી ભગવાન કહે છેઃ– (૧) યુદ્ધમાં એક પક્ષે હું એકલો નિઃશસ્ત્ર રહીને સાથ આપું, અથવા (૨) બીજા પક્ષે મારું સર્વ ધન, સૈન્ય, શસ્ત્રાદિ મળી શકશે. બોલ, 'અર્જુન, આ બેમાંથી તું એક માગી લે.' ચિંતન કે ક્ષોભમાં જરાય સમય ગુમાવ્યા સિવાય, અર્જુન કહે છે કે 'પ્રભુ, મારે તો આપ જ જોઈએ. જેવા છો તેવા આપના વિના મારી બીજી ગતિ નથી. શસ્ત્ર, સૈન્ય ભલે દુર્યોધનને મળે.' ભગવાને તથાસ્તુ કહી અર્જુનની માંગ સ્વીકારી લીધી. દુર્યોધન તો અર્જુનની માંગ સાંભળીને રાજી રાજી થઈ ગયો કે મૂરખનો જામ છે ને કે સૈન્ય, શસ્ત્રો, ધનાદિને છોડીને એકલા કાળિયાને (શ્રીકૃષ્ણ)ને માગી લીધો! અર્જુનને પ્રથમ માંગનો ચાન્સ ભલે મળ્યો પરંતુ કામ તો મારું થઈ ગયું છે.

અને કથાનકની આગળની વાત તો આપણે જાણીએ જ છીએ કે યુદ્ધમાં–જીવન સંગ્રામમાં–વિજય તો અર્જુનનો જ થયો. જે

પક્ષે પ્રભુ હોય છે ત્યાં જ વિજયશ્રી, સર્વસુખ અને મંગલ પ્રવર્તે છે. ધન, સત્તા, સૈન્ય, દુન્યવી સુખોની ઈચ્છાવાળો દુર્યોધન તો સર્વનાશ પામ્યો.

આમ આ કથાનકમાંથી ભગવાનશ્રીની ટપાલ અંગે જીવનમાં શું માંગવા જેવું છે તેનો જવાબ મળી ગયો. કથાનક પ્રમાણે તો અર્જુન સામે આવી પસંદગીનો પ્રશ્ન જીવનમાં એક જ વાર આવ્યો છે. પરંતુ આપણો અંતરાત્મા તો પ્રત્યેક પ્રભાતે આપણને પ્રશ્ન કરે છે કે તારે પ્રમાણિકતા – પરમાત્મા જોઈએ છીએ કે અપ્રમાણિકતા (લાંચ, રૂશ્વત, છેતરપિંડી, શોષણ વગેરેથી મળતી ધનસંપત્તિ, સત્તા વ.)? શું થવું છે? દુર્યોધન કે અર્જુન? આવી પસંદગી કરવાનું સદ્ભાગ્ય પણ સહુ કોઈને પ્રાપ્ત થતું નથી. એવું સદ્ભાગ્ય તો અર્જુનને જ છે એટલે કે પરમાત્માના ચરણ પાસે બેસનારને જ, એવા નિરાહંકારી નમ્ર જીવાત્માને જ અને જેના પર પરમાત્માની પ્રથમ અમીદૃષ્ટિ પડે તેવાને જ એવી સુવર્ણ તક સાંપડે છે. પરમાત્માને માથે બેસનાર દુર્યોધનને–અહંકારીને એવી તક મળી શકે નહિ.

બડભાગી કહેવાય એ શ્રેયાર્થી જીવો કે જેમને નિત્યજીવનમાં કે નૂતનવર્ષે એવો પ્રશ્ન, એવું મંથન જાગે છે કે જીવનમાં શું મેળવવા યોગ્ય છે? શ્રેય કે પ્રેય? પરમાત્મા કે ધનસંપત્તિ?

આપણે એવા શ્રેષ્ઠ ભાગ્યની પ્રતીક્ષા કરીએ કે સ્વપ્નમાં નહિ, પરંતુ પ્રત્યક્ષમાં ભગવાનશ્રી તરફથી આવી પસંદગીના પ્રશ્નની ટપાલ મળે અને અર્જુનથી પણ વિશેષ ચીલઝડપે આપણે પરમાત્માને માગી લઈએ અને પ્રભુ તે જ પળે આપણો તેમના હૃદયકમળમાં સ્વીકાર કરે – એ દિવસ ખરેખર ધન્ય હશે.

ભગવાનશ્રીના દિવાળી કાર્ડનો આજ છે તો મર્મ. ✷✷✷

'નિર્વિચાર', બી/૮, વર્ધમાન કૃપા સોસાયટી,
સત્તાધર પાસે, સોલા રોડ, અમદાવાદ–૩૮૦૦૬૧
ફૉન : (૦૭૯) ૨૭૪૮ ૦૬૦૧

# વાણી : અણમોલ વરદાન

❑ શાંતિલાલ ગઢિયા

સમગ્ર વિશ્વમાં ફક્ત ભારતીય સંસ્કૃતિ એવી છે, જે જડચેતન સૃષ્ટિનાં વિભિન્ન તત્ત્વોમાં દિવ્યતાનું નિરૂપણ કરે છે. ભૂમિ, જળ, અન્ન, અગ્નિ, ઋતુચક્ર આદિ પદાર્થો અને ઘટનાઓને દેવી–દેવતાના રૂપમાં જોવામાં આવે છે. માનવદેહનાં પ્રવર્તનો પણ તેમાંથી બાકાત નથી. વાણી તેનું એક ઉદાહરણ છે.

વાણી એટલે વાગીશ્વરી, અર્થાત્ સરસ્વતી. વાગ્દાન, વાગ્દેવી, વાગ્યજ્ઞ વગેરે વિભાવનાઓ વાણી સાથે સંકળાયેલી છે. વાણી શબ્દ વિના સંભવે નહિ અને શબ્દને 'બ્રહ્મ' કહ્યો છે. કેવી રમ્ય ને ભવ્ય કલ્પના છે!

પચાસ વર્ષ પહેલાના કાળખંડમાં મારું મન જઈ પહોંચે છે. અતીતની પેલે પાર સ્મૃતિનું ફૂલ લહેરાય છે. અમારા ઘર નજીક નાનું શું ચોગાન હતું. રાતના નવ પછી વાહનોની અવરજવર અને લોકોની ચહલપહલ ઓછી થઈ જતી. ત્યારે પરપ્રાંતના એક સાધ્વી સન્નારી રામાયણની કથા શરૂ કરતા. સામાન્યતઃ કથામાં વયસ્ક વડીલો ઉપસ્થિત હોય, પણ આ મહિલાનું કથામૃત ઝીલવા આબાલવૃદ્ધ તમામ લોકો આવતા. કારણ હતું એમનો મધુર અવાજ. 'રામાયણી શકુંતલાદેવી' નામથી તેઓ ઓળખાતા. ઝાંઝરની ઘૂઘરીઓના રણકતા અવાજ જેવો એમનો મૃદુ મીઠો કંઠ. શ્રોતાઓ શરૂઆતમાં ઘોંઘાટ કરતા હોય, પણ જેવા શકુંતલાદેવી વ્યાસપીઠ પર સ્થાન ગ્રહણ કરે અને ભગવદ્નામથી એમની વાગ્ધારા શરૂ થાય કે તરત ટાંકણી–શ્રવણ શાંતિ પથરાઈ જાય. જાણે કોઈ ઈલમીએ બધાના માથા પર જાદુઈ લાકડી ફેરવી હોય! વક્તાની ભાષા અને વાણી કેવું ગજબનું સંમોહન ઊભું કરે છે એનો આ પુરાવો છે.

ગ્રીક દાર્શનિક અને નીતિકથાઓના લેખક ઈસપને કોઈકે પૂછ્યું, 'આ વિશ્વની કડવામાં કડવી વસ્તુ કઈ?' 'જીભ', ઈસપે જવાબ આપ્યો. 'જીભ અનેકનાં જીવતર કડવાં ઝેર કરી નાંખે છે.'

'અને જગતમાં મીઠામાં મીઠું શું?' 'જીભ જ . એ જ તો અમૃત છે. કોઈની કરૂણાભરી મધુર વાણી અન્યના હૃદયને સુખશાંતિ બક્ષે છે.'

આપણા થકી બોલાતો પ્રત્યેક શબ્દ એ ધાતુના પાત્રમાં ખખડતો કંકર નથી, બલ્કે બ્રહ્મનો જ અંશ છે, એવી સભાનતાથી વાણી ઉચ્ચારવી જોઈએ. આપણો કંઠ અમીનું ઝરણું છે. એમાંથી અમી વહેવું જોઈએ, નહિ કે વિષ. દંતાવલિની પાછળ બેઠેલી લૂલીબાઈ ભારે ચંચળ છે. એક વાર શબ્દનું તીર છૂટી જાય પછી આપણા હાથની વાત રહેતી નથી. નહિ બોલાયેલા શબ્દના આપણે માલિક છીએ, બોલાઈ ગયેલાના નહિ.

બહુધા માનવ–માનવ વચ્ચેના સંઘર્ષનું કારણ અપ્રિય વાણી હોય છે. સત્યમ્ બ્રૂયાત્ પ્રિયમ્ બ્રૂયાત્ શાસ્ત્રવચન પોથીમાં સંગોપિત રહે છે. કાણાને 'કાણો' કહેવાથી એને મનદુઃખ થાય છે. પરિણામે ઉભય પક્ષે વિસંવાદિતા ઊભી થાય છે. તેથી શ્રેયસ્કર એ છે કે આપણે ભાવથી પૂછીએ, 'ભાઈ, તમારી આંખને કઈ રીતે ક્ષતિ પહોંચી?

કબીરનો માર્મિક દોહો આનું જ ઇંગિત છે–

*ઐસી બાની બોલિયે મનકા આપા ખોય*
*ઔરન કો સીતલ કરે આપહુ સીતલ હોય.*

આપણે દોષદર્શી વધારે છીએ, ગુણદર્શી ઓછા. સામી વ્યક્તિના દોષ ઝટ પકડી લઈએ છીએ અને મર્મભેદી વચનો કહી એનું દિલ દુભવીએ છીએ. તેથી પરસ્પરના વ્યવહારમાં કડવાશ ઊભી થાય છે. આમાંથી બચવાનો રસ્તો છે વ્યક્તિનું ગુણદર્શન કરવું અને બે મીઠા બોલ બોલવા તે. વાણીમાં પ્રેમ, મધુરતા અને સૌહાર્દ લાવવાનું કઠિન નથી. બંગ ભાષાના કવિએ ભારત માતા માટે 'સુમધુર ભાષિણી' શબ્દપ્રયોગ કર્યો છે. કહે છે–મીઠી ભાષા બોલતી ભારતમાતાને વંદન! સૌ માટે વંદનીય વ્યક્તિ બનવાનો આ જ એક રાજમાર્ગ છે. સંબંધોની દુનિયા વિરાટ છે. જિંદગી ટૂંકી છે. તો બે ઘડી ભાવસંપન્ન વાણીથી સામી વ્યક્તિના આંતરમનને અજવાળી લઈએ.

વાણી મનનું દર્પણ છે. મનુષ્યના શીલ અને સંસ્કાર વાણીમાં પ્રતિબિંબીત થાય છે. પરંતુ માનવ ગજબનું ચાલાક પ્રાણી છે. વાણી પરથી એના મનને પૂરેપૂરું કળવું ક્યારેક મુશ્કેલ બને છે. જીભેથી મધ ઝરતું હોય, પણ હૃદયમાં હળાહળ ઝેર ભર્યું હોય. આવા દંભી માણસને ઓળખવાનું બેરોમિટર શોધાયું હોત તો કેવું સારું હતું!

મન, વાણી અને કાયા દ્વારા થતા કર્મમાં એકવાક્યતા હોવી જોઈએ. વ્યક્તિની વાણીમાં કંઈક હોય અને મનની ગતિવિધિ તેથી વિપરીત હોય તો તે પોતે સુખથી વંચિત રહે છે. એક જિજ્ઞાસુએ સંતને પૂછ્યું, 'મહારાજ, દિનરાત માળા ફેરવું છું, નામસ્મરણ કરું છું, પણ મનને શાંતિ કેમ મળતી નથી?' સંતે જવાબ આપ્યો, 'માળા ફરે છે, જીભ ફરે છે, પણ તકલીફ એ છે કે મન દશે દિશામાં ફરે છે.'

ભલે આપણી વાણી કોઈનું હિત ન કરે, પણ એ નિંદા તરફ તો ન જ વળવી જોઈએ. શેખ સાદીના બાલ્યકાળની વાત છે. પિતા સાથે મક્કા જતા હતા. એમના કાફલાની ખાસિયત એ હતી કે પિતા મધરાતે પણ નમાઝ પઢવાની ઈચ્છા કરે તો બધા તેમને અનુસરતા. એક દિવસ પિતાપુત્ર નમાઝ પઢતા હતા. બીજા બધા સૂતા હતા. પુત્ર કહે, 'આ લોકો કેવા એદી–આળસુ છે! નમાઝ પઢતા નથી.'

'તું પણ ના ઊઠ્યો હોત તો સારું થાત. વહેલા ઊઠીને આ લોકોની નિંદા કરવાના પાપમાંથી ઊગરી ગયો હોત,' પિતાએ કહ્યું.

ઉપરકથિત વક્તાનાં કેટલાક કર્તવ્યો છે, તો સામે પક્ષે શ્રોતાનાં પણ કર્તવ્યો છે. શ્રોતા બોલનારના શબ્દનો વાચ્યાર્થ (સીધો–દેખીતો–અર્થ) પકડી લે છે, પણ વક્તાને કંઈક બીજું જ અભિપ્રેત હોય છે. અહીં શબ્દની વ્યંજના (અંતર્નિહિત ગૂઢ અર્થ) મહત્ત્વની હોય છે. શ્રોતાએ ધૈર્યપૂર્વક એને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. ધારો કે વક્તાની વાણીમાં ક્યારેક કઠોરતા પ્રવેશે, તો પણ શ્રોતાએ વાગ્યુદ્ધમાં ખેંચાવું જોઈએ નહિ. બાલાશંકર કંથારિયાની શીખ કાને ધરવા જેવી છે–

*કટુ વાણી સુણે જો કોઈની, વાણી મીઠી કહેજે*
*પરાઈ મૂર્ખતા કાજે, મુખે ના ઝેર તું લેજે.*

સામી વ્યક્તિનું બોલવાનું આપણને રુચે નહિ અથવા આપણે એની સાથે સંમત ન થતા હોઈએ એવું બની શકે, પણ એને બોલતી બંધ કરી દેવી એ અસત્યતા છે. બોલવાનો એને અધિકાર છે એવી આપણા તરફથી એને પ્રતીતિ થવી જોઈએ.

કવચિત્ તમારી વાણીની મોહિની શ્રોતાગણને એવો આંજી દે છે કે તેઓ તમને હર્ષનાદથી વધાવી લે છે. ત્યારે અહંકારથી ફૂલાશો નહિ. બલ્કે એવું માનજો કે તમારી ભીતરનો ઈશ્વર તમારા મુખને માધ્યમ બનાવીને બોલી રહ્યો છે. પર્યુષણ પર્વમાં એક જ્ઞાની શ્રમણ પ્રવચન કરતા હતા. પ્રવચન પૂરું થયા બાદ તેમણે એક શ્રોતાને પૂછ્યું, 'કેટલા હતા શ્રોતાઓ?' 'અમે દસ હતા, મહારાજ,' જવાબ મળ્યો. 'અને એક હું, એટલે અગિયાર શ્રોતા થયા.' પેલાને આશ્ચર્ય થયું, પણ શ્રમણના મુખ પરની આભા જોઈ દૃષ્ટિ ઢાળી દીધી. પછી શ્રમણે સ્પષ્ટતા કરી, 'હું વાણીનો શારીરિક આધાર હતો, પણ સૂક્ષ્મ સ્વરૂપે ભગવાન મહાવીર સ્વયં બોલી રહ્યા હતા. બોલતી વખતે મને પોતાને લાગતું હતું કે હું કોઈકને સાંભળી રહ્યો છું.'

અંતે એક વાત–

ક્યારેક સ્થૂળ શબ્દો કરતાં મૌન પોતે અનાહત ધ્વનિ બની રહે છે. શબ્દો કરતાં મૌનની અસર પ્રભાવક હોય છે. ✷ ✷ ✷

એ.૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા-૩૯૦ ૦૦૬. ફૉન : (૦૨૬૫) ૨૪૮૧૬૮૦.

## પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રવચનોનું શ્રવણ વેબ સાઈટ ઉપર

૨૭ ઑગસ્ટથી ૪ સપ્ટેમ્બર સુધી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના સત્તર વિદ્વતાભર્યા પ્રવચનો હવે આપ આપના કૉમ્પ્યુટર www.mumbai-jainyuvaksangh.com ઉપર ડાઉન લોડ કરી ઘેર બેઠાં સાંભળી શકશો. કુ. રેશ્મા જૈને માહિતી સભર આ આકર્ષક અને કલાત્મક વેબ સાઇટ તૈયાર કરી છે.

ડાઉન લોડ કરવા માર્ગદર્શન માટે શ્રી હિતેશ માયાણીને 9820347990 અને શ્રી ભરત મામનીઆ નં. 022-23856959 આપ સંપર્ક કરી શકશો.

આ પ્રત્યેક પ્રવચનોની સી. ડી. પણ પ્રગટ થઈ છે, એ મેળવવા સંઘની ઑફિસનો સંપર્ક કરવા વિનંતી.

❑ મેનેજર

# સર્જન સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

જે કાંઈ બીનાઓ બની રહી છે તે જોતાં તીવ્ર મનોમંથન ઘડી આવી ગઈ લાગે છે. કોમ–કોમ વચ્ચે અને ધર્મ–ધર્મ વચ્ચે આટલું વૈમનસ્ય ઘૂંટાયા કરશે તો અનેક ધર્મ–ભાષા અને જાતિ વગેરેના સંગમ તીર્થ એવા ભાતીગળ દેશની વિવિધતામાં એકતાની ઉજ્જવળ પરંપરા છિન્નભિન્ન થઈ જશે.

આવા સંજોગોમાં ધર્મ વિશેની વિનોબાની આ ઊંડી અને વિશદ મર્મગ્રાહી છણાવટ ઘણી ઉપયોગી થઈ પડશે. આ નાનકડા પુસ્તકમાં શરૂમાં મુખ્ય છ ધર્મોનો પરિચય ભારોભાર સમભાવ-પૂર્વક અને મમભાવપૂર્વક કરાવ્યો છે. 'સેક્યુ-લારીઝમ' એટલે ધર્મહીનતા નહીં પણ પરીશુદ્ધ ધર્મભાવના. ઝઘડો કદાપી બે ધર્મો વચ્ચે થતો જ નથી, જે ઝઘડો થાય છે તે બે અધર્મો વચ્ચે થાય છે.

ધર્મનિષ્ઠ શાણા સમજદાર વાચકો આ પુસ્તિકા વાંચે અને સાચી ધર્મસમજ કેળવે એ જ અભ્યર્થના.

(૧) પુસ્તકનું નામ : **વેદ પરિચય**
**(ઋગ્વેદ, સામવેદ, અથર્વેદનો સંક્ષિપ્ત પરિચય)**
**લેખક : જગદીશ શાહ** (M.A.LL.B. **ઍડવોકેટ)**
**પ્રકાશક : એન.એમ. ઠક્કરની કંપની,**
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨.
મૂલ્ય રૂ. ૭૫, પાના ૧૦૮, આવૃત્તિ–બીજી. નવેમ્બર–૨૦૦૬.

ભારતીય સંસ્કૃતિ તથા સંસ્કૃતિ તથા સંસારોનું શાશ્વત મૂળ તે આપણું વૈદિક દર્શન છે. અનન્ત એવા આ વેદ સાહિત્યનો સારસ્પર્શી સંક્ષિપ્ત પરિચય આપવાનો લેખક જગદીશ શાહનો નમ્ર પ્રયાસ પ્રશંસનીય અને આવકારદાયક છે.

આપણાં અમૂલ્ય વારસાનો પરિચય કરાવતું આ પુસ્તક 'વેદ–પરિચય' દરેક ભારતીએ વાંચવું ઘટે. સંસ્કારનિષ્ઠ, સારસ્વત શ્રી જગદીશભાઈએ ભારતીય સંસ્કૃતિના પ્રચાર, પ્રસાર અને સંવર્ધન માટે સ્થપાયેલી તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠમાં પાંચ વર્ષ સુધી પાયાના પત્થર તરીકે અધ્યાપન કાર્ય કર્યું છે. તેથી ભારતીય મૂલ્યોને જીવનમાં ઉતાર્યા છે, ઉગાડ્યા છે. આ પુસ્તકમાં તેઓ ભીતરના વૈભવ તરફ અંગૂલિનિર્દેશ કરી, અધ્યયનની દિશા ચીંધવાનું મિત્ર કાર્ય પણ કરે છે.

ગુજરાતી ભાષામાં આપણાં ચાર વેદો ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ વિશે સરળ ભાષામાં માહિતી આપતા ખૂબ ઓછાં પુસ્તકો ઉપલબ્ધ છે. ત્યારે 'વેદ–પરિચય'માં ચારે વેદો વિશે સંક્ષિપ્ત અને શાસ્ત્રોક્ત માહિતી જગદીશભાઈએ રજૂ કરી છે માટે સૌ સંસ્કૃતિ પ્રેમીઓ અને પુસ્તકપ્રેમીઓ આ અનોખી ભાતના પુસ્તકો આવકારશે અને ભારતીય સંસ્કૃતિના ગૌરવના ગાયકો ગણેશ સ્તવનસમા આ પુસ્તકને સ્વીકારશે.

x x x

(૨) પુસ્તકનું નામ : **ગર્વથી કહું છું હું હિંદુ છું, મુસલમાન છું, ખ્રિસ્તી છું, બૌદ્ધ, શીખ, જૈન છું.**
**લેખક : વિનોબા**
**પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર,**
હુજરાત પાગા, વડોદરા–૩૯૦૦૦૧.
મૂલ્ય રૂ. ૧૦, પાના ૬૪, આવૃત્તિ–પ્રથમ, પુનર્મુદ્રણ–છઠ્ઠું, ઑક્ટોબર–૨૦૦૭.

વર્તમાન સમયમાં ભારતના રાજકારણમાં

x x x

(૩) પુસ્તકનું નામ : **કીર્તિકળશ**
**લેખક : પૂજ્ય મુનિશ્રી વાત્સલ્યદીપ**
**પ્રકાશક : ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય,**
રતન પોળ નાકા સામે, અમદાવાદ.
મૂલ્ય રૂા. ૫૦, પાના ૮૪, આવૃત્તિ–પ્રથમ. ૨૦૦૭.

જૈન શાસનના પ્રતિષ્ઠિત વિદ્વાન, તેજસ્વી ચિંતક, પ્રભાવકના અને ઉત્તમ સાહિત્યકાર તરીકે જાણીતા મુનિશ્રી વાત્સલ્યદીપનું સ્થાન વર્તમાન જૈન સાહિત્યક્ષેત્રે અતિ મહત્ત્વનું છે. તેમનું સાહિત્ય સર્જન દેશ–વિદેશ સર્વત્ર, તેમની રસમય શૈલીને કારણે લોકપ્રિય રહ્યું છે.

'કીર્તિકળશ'માં જૈન કથાઓના કુલ ૫૧ પ્રસંગોને અતિ સંક્ષિપ્તમાં હૃદયસ્પર્શી બાનીમાં મુનિશ્રીએ આલેખ્યા છે, જેમાં પ્રભુ મહાવીર અને ગૌતમસ્વામી, સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા માતા, ભીમદેવ અને મંત્રી વિમળશા, મૃગાવતી અને ચન્દન, કમઠ અને પાર્શ્વકુમાર, બુદ્ધિ-સાગરજી મહારાજ તથા ભક્ત સુરદાસ વગેરે જીવન પ્રસંગો મુનિશ્રીની કલમે વાંચીએ ત્યારે તે માત્ર વાર્તા કે ઘટના ન બની રહેતા જીવનને પ્રેરતી અંતરને સન્માર્ગે દોરતી કલાકૃતિઓ બને છે જેમાંથી ઈતિહાસ, મૂલ્યબોધ અને ધર્મધારાનું રસપાન થાય છે.

x x x

(૪) પુસ્તકનું નામ : **હિરદે મેં પ્રભુ આપ**
**(પરમશ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજીનું જીવનચરિત્ર)**
**લેખક : પ્રા. જયંત મોઢ.**
**પ્રકાશક : શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર,**
શ્રી સત્શ્રુત સેવા સાધના કેન્દ્ર સંચાલિત
કોબા–૩૮૨૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
મૂલ્ય રૂ. ૧૦૦, પાના ૧૯૮, આવૃત્તિ–પ્રથમ. ૨૦૦૬.

હિરદે મેં પ્રભુ આપ'–આ એક જીવનકથા ન બની રહેતા જીવન યાત્રા છે, જીવન યાત્રાનો આલેખ છે, જેમાં બાહ્ય ઘટનાઓ દ્વારા વાચકે જીવનની દિવ્ય અને આંતરિક શુદ્ધની પ્રક્રિયાની ખોજ કરવાની છે.

આ ગ્રંથમાં અશુદ્ધિમાંથી શુદ્ધિ તરફનો ઝોક છે.

વ્યક્તિમાંથી અવ્યક્તતાની શોધ છે.

સ્થૂળમાંથી સૂક્ષ્મ તરફની ગતિ છે.

અંતરયાત્રા એકલાની હોય છે. આ જીવનકથામાં જીવન યાત્રા-બાહ્ય યાત્રાના અનુભવની સાથે સાથે માનવ હૃદયમાં ચાલતી અને ચિત્તને સમૃદ્ધ કરતી માનસયાત્રાનો અનુભવ પણ થાય છે.

પૂ. સંતશ્રી આત્માનંદજીનું જીવન સંદેશરૂપ છે. આ આત્મચરિત્ર–જીવનચરિત્ર આત્માની ઉર્ધ્વયાત્રા છે. હૃદયમાં પ્રભુભક્તિ હોય તો જીવન કેવો આકાર પામે તેનો આલેખ છે.

પ્રેરક, રસપ્રદ, માહિતીસભર અને માર્ગદર્શક પુરવાર થાય તેવા આ ચરિત્ર ગ્રંથમાં મુમુક્ષુઓને પ્રેરણાના પીયૂષ પ્રાપ્ત થશે.

x x x

(૫) પુસ્તકનું નામ : **પ્રભો અંતર્યામી**
**લેખક : રવીન્દ્ર સાંકળિયા**
**પ્રકાશક : એન.એમ. ઠક્કરની કંપની,**
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨.
મૂલ્ય રૂા. ૪૫, પાના ૪૮, આવૃત્તિ–પ્રથમ. ૨૦૦૮.

શ્રી રવીન્દ્ર સાંઝિયાએ લખેલ આ નાનકડા પુસ્તકમાં ભગવદ્ગીતા અને ઉપનિષદનું ચિંતન રસાળ શૈલીમાં રજૂ કર્યું છે. શ્રી કૃષ્ણે અર્જુનને સ્થિતપ્રજ્ઞના લક્ષણો વર્ણવ્યા હતા તેનો તાદૃશ્ય અનુભવ અહીં થાય છે તો સાથે લેખકે વિનોબાજીને આત્મસાત કર્યા છે તેની અનુભૂતિ પણ થાય છે.

લેખોમાં વૈવિધ્ય છે. જ્ઞાન, ભક્તિ અને નિષ્કામ કર્મના મહિમાનો ત્રવેણી સંગમ જોવા મળે છે. આ ચિંતનાત્મક સરળ ગદ્ય ખંડોમાં પ્રતીતિ થાય છે કે રવીન્દ્રભાઈએ ભજન અને ગીતોના શબ્દોને મમભાવે, સમભાવે ઓળખ્યા છે, ભજનના મર્મને પામ્યા છે. રોજબરોજના જીવનમાં ઉપયોગી થઈ પડે એવું આ સરળ પુસ્તક છે.

x x x

(૬) પુસ્તકનું નામ : **ધર્મ સાહિત્યની આરાધના**
**લેખક : ચારુલતા મોદી**
**પ્રકાશક : એન.એમ. ઠક્કરની કંપની,**
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨.
મૂલ્ય રૂા. ૧૦૦, પાના ૮૦, આવૃત્તિ–૧

ધર્મ અને સાહિત્યની જીવનભર આરાધના કરનાર વિદુષી લેખિકા શ્રીમતી ચારુલતાબેને 'ધર્મ સાહિત્યની આરાધના' પુસ્તક દ્વારા સાહિત્યમાં પ્રેમધર્મ, માનવતા, અધ્યાત્મ તેમજ ભાષાની નવપલ્લવિતતા પ્રકટ કરી છે.

બે ખંડમાં – ગદ્ય અને પદ્યમાં વિભાજીત આ પુસ્તકમાં ૨૨ લેખો અને પંદર સ્વરચિત કાવ્યો છે; જેમાં ભગવદ્ગીતાનું તત્ત્વજ્ઞાન, સંસ્કૃત સાહિત્ય પ્રત્યેની અભિરૂચિ, ધર્મ, કર્મ, તપ વગેરેની ભાવાભિવ્યક્તિની અનુભતિ થાય છે. કાવ્યોમાં નારી હૃદયની ઉર્મિઓનું ભાવપૂર્ણ નિરૂપણ થયું છે.

ભાષાની સરળતા ઊડીને આંખે વળગે છે. સાહિત્યપ્રેમીઓને આ પુસ્તકના વાંચનમાં રસ પડશે.

x x x

(૭) પુસ્તકનું નામ :**પત્રમાં તત્વજ્ઞાન**
**(ઉપાધ્યાય યશોવિજયજી મહારાજના બે પત્રોનું વિવરણ)**
**વિવરણકાર : મુનિશ્રી ધુરન્ધર વિજયજી**
**પ્રકાશક : શ્રુત જ્ઞાન પ્રસારક** સભા, અમદાવાદ, મૂલ્ય રૂા. ૨૫, પાના ૮૦, આવૃત્તિ–૧–૨૦૦૭.

વર્ષો પહેલાં ભાવનગરથી પ્રકાશિત 'જૈન ધર્મ પ્રકાશ' નામના માસિક પત્રમાં ક્રમશઃ દશ હપ્તા રૂપે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે લખેલા બે પત્રોનું વિવરણ પૂ. મુનિરાજ ધુરન્ધરવિજયજી મહારાજ સાહેબે લખેલ તેનું આ પુસ્તક રૂપ છે. પ્રસ્તુત બંને પત્રો તે શ્રાવકોના આવેલા કાગળોના જવાબરૂપે લખાયેલા છે. શ્રાવકોએ પૂ. ઉપાધ્યાયજી મહારાજશ્રીને લખેલ પત્ર કેવા કેવા પ્રકારે લખેલ તે ઉપલબ્ધ નથી; પરંતુ આ પત્રો ઉપરથી તેમના પૂછેલા પ્રશ્નોનો પરિચય થાય છે.

પત્રોની કેટલીક વિશેષતાઓ નોંધપાત્ર છે. જેમાં પત્રના પ્રારંભમાં ઈષ્ટદેવને નમસ્કાર, જે ગામથી પત્ર લખાયો હોય તેનું નામ, જેને પત્ર લખવાનો હોય તેમના ગામનું નામ, પત્ર લખનારનું તથા પત્રમાં વાપરેલ શ્રાવકો માટેના આઠ વિશેષણો.

આ પત્રો દ્વારા બંને શ્રાવકો માટે પૂ. ઉપાધ્યાયજી મહારાજના હૃદયમાં કેવો સદ્ભાવ હતો તે વ્યક્ત થાય છે.

x x x

(૮) પુસ્તકનું નામ : **અખા ભગતના છપ્પા**
**સંપાદકો : પ્રા. ભૂપેન્દ્ર ત્રિવેદી, ડૉ. અનસૂયા ભૂપેન્દ્ર ત્રિવેદી**
**પ્રકાશક : હેમંત એન. ઠક્કર, એન.એમ. ઠક્કરની કંપની,** ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦૦૦૨.
મૂલ્ય રૂા. ૧૫૦, પાના ૧૬૦, આવૃત્તિ–બીજી.

ગુજરાતી સાહિત્યમાં વેદાન્તી કવિ અખો ભગત શ્રેષ્ઠ તો છે જ સાથે લોકપ્રિય પણ છે.એનું સર્જન વિપુલ છે. અખાએ બહુજન સમાજને પોતાની કાવ્ય કૃતિઓ દ્વારા વેદાન્ત દર્શન કરાવ્યું છે.

આ પુસ્તકમાં અખાએ રચેલા છપ્પામાંથી ૧ થી ૨૬૪ છપ્પાઓ, પ્રસ્તાવના, વિસ્તૃત ભાવાર્થ, શબ્દાર્થ, ટિપ્પણ આદિ સહિત આપવામાં આવ્યાં છે.

જ્ઞાન–ભક્તિ–વૈરાગ્યની ત્રિવેણીમાં સ્નાન કરીને હરિરૂપ બની જવાનો કીમિયો અખાએ તેની કૃતિઓમાં દર્શાવ્યો છે. જેમાં તેનું ભાષા પ્રભુત્વ, વાક્છટા અને કવિત્વશક્તિ સહજભાવે વ્યક્ત થયાં છે. વેદાંતના ગહન સિદ્ધાંતોને ગુજરાતીમાં અદ્ભુત સામર્થ્યથી રજૂ કરતો જ્ઞાની કવિ અખો આપણા 'ગુજરાતનો કબીર' એમ કહીએ તો કશું ખોટું નથી.

અખો સંત તો છે જ પણ અસાધારણ કોટિનો કવિ છે. પંડિતનું પાંડિત્ય અને શાસ્ત્રજ્ઞાન તેમ જ સમર્થ કવિનો કલ્પનાવૈભવ અને વાણીની અનોખી ચમત્કૃતિ 'અખા ભગતના છપ્પા'માં દૃષ્ટિગોચર થાય છે.

ગુજરાતી સાહિત્યના રસિકજનો ખાસ કરીને શિક્ષકો, પ્રાધ્યાપકો અને વિદ્વાનોને સહાયરૂપ થાય તેવું આ પુસ્તક છે.

x x x

પુસ્તકનું નામ : **પારુલ પ્રસૂન (પારુલ કૃતિ)**
**લેખક : સ્વ. કુ. પારુલ ટોલિયા**
**પ્રકાશન : જિનભારતી–વર્ધમાન ભારતી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન,**
પ્રભાત કોમ્પ્લેક્સ, કે.જી.રોડ, બેંગલોર–૫૬૦૦૦૯
પારુલ, ૧૫૮૦, કુમારસ્વામી લે આઉટ, બેંગલોર–૫૬૦૦૭૮.
મૂલ્ય રૂ. ૨૫/– પાના ૨૪ આવૃત્તિ–૧, ૨૦૦૭

જાણીતા સંગીતકાર અને સ્કોલર પ્રતાપ-કુમાર ટોલિયાની પુત્રી નાની વયે અકસ્માતમાં મૃત્યુ પામેલ સ્વ. પારુલ રચિત આ કાવ્યસંગ્રહમાં તેની આંતર સંવેદનાની અભિવ્યક્તિ અનુભવાય છે. પારુલ પોતાની આજુબાજુની સમગ્ર સૃષ્ટિને સાત્ત્વિક સ્નેહના આશ્લેષમાં બાંધી લેતી, તે માત્ર મનુષ્યો જ પ્રત્યે જ નહિ પણ પશુ–પંખી સમેત સમગ્ર સૃષ્ટિ પ્રત્યે એનો સમભાવ અને પ્રેમ વિસ્તર્યા હતા તેની પ્રતીતિ તેના કાવ્યો દ્વારા થાય છે.

સમગ્ર પુસ્તકમાંથી પારુલના આત્માની છબી ઉપસે છે. નીચેની પંક્તિઓ હૃદયને સ્પર્શી જાય છે.

'સમય ! તું થંભી જા,
થોડીવાર માટે પણ !
કેટલીક વિખરાયેલી ક્ષણો પુનઃ સમેટી લઉં,
ઉતારી લઉં દિલના ઊંડાણમાં સદાને માટે,
ફરીને મને છોડીને ચાલી ન જાય...'

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફૉન : (૦૨૨) ૨૨૯૨૩૭૫૪.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

**(સપ્ટેમ્બર–૨૦૦૮ના અંકથી આગળ)**

(૪૮૮) ભોગશાલી : –વ્યંતરનિકાયના દેવનો એક પ્રકાર.
–व्यंतर जाति के एक देव का प्रकार ।
–One of the sub-type of Vyantara - nikaya.

(૪૮૯) ભોગાંતરાય : –અંતરાય કર્મની એક પ્રકૃતિ છે. જે કર્મ કાંઈ પણ ભોગવવામાં અંતરાય ઊભા કરે.
–अंतराय कर्म की एक प्रकृति है। जो कर्म कुछ भी एक बार भोगने में अन्तराय–विघ्न खडा कर देता है।
–Subtype of the Antaraya-Karma. The Karmas which place obstacle in a once for all consumption of something.

(૪૯૦) ભોગોપભોગવ્રત : –શિક્ષાવ્રતનો એક પ્રકાર છે. જેમાં બહુ જ અધર્મનો સંભવ હોય તેવાં ખાનપાન, ઘરેણાં, કપડાં, વાસણકૂસણ વગેરેનો ત્યાગ કરી, ઓછા અધર્મવાળી વસ્તુઓનું પણ ભોગ માટે પરિમાણ બાંધવું તે.
–शिक्षाव्रत का एक प्रकार है । जिसमें अधिक अधर्म संभव हो - ऐसे खान-पान, गहना, कपडा, बर्तन आदि का त्याग करके अल्प अधर्मवाली वस्तुओं का भोग के लिए परिमाण बांधना ।
–One of the sub-type of Shikshavrat . To refrain from such a use of food and drink, ornaments, clothing. utencils etc. as involves much un-virtue and to fix a limit even for such a use of these things as involves littleunvirtue.

(૪૯૧) બકુશ : –જેઓ શરીર અને ઉપકરણના સંસ્કારોને અનુસરતા હોય, ઋદ્ધિ અને કીર્તિ ચાહતા હોય, સુખશીલ હોય, અવિવિક્ત સસંગપરિવારવાલા હોય અને છેદ તથા શબલ (અતિચાર) દોષથી યુક્ત હોય તે.
–जो शरीर और उपकरण के संस्कारो का अनुसरण करता हो, सिद्धि तथा कीर्ति चाहता हो, सुखशील हो, अविविक्त-ससंग परिवार वाला और छेद – चरित्र पर्याय की हानि तथा शबल अतिचार दोनों से युक्त हो।
–He who indulges in decorating his body and his implements, who desires miraculous powers and fame, who is case-loving, who while not leading of lonely life keeps the company of on encourag, who suffers from the moral defects designated cheda-that is degradation of conduct and sabala that failure of conduct.

(૪૯૨) બંધ : –કષાયના સંબંધથી જીવ દ્વારા ગ્રહણ થતાં કર્મપુદ્‌ગલો.
–कषाय के सम्बन्ध से जीव कर्म के योग्य पुद्‌गलों का ग्रहण करता है ।
–It is the karmic matter adjoined to a soul.

(૪૯૩) બંધચ્છેદ : –કર્મ પુદ્‌ગલોનો સંગ તૂટવો.
–कर्म पुद्‌गल के संग का अभाव ।
–The breaking down of a karmic bondage.

(૪૯૪) બંધતત્ત્વ : –જૈન દર્શનમાં પ્રસિદ્ધ નવ તત્ત્વ અંતર્ગત એક તત્ત્વ છે.
–जैन दर्शन में प्रसिद्ध नव तत्त्व अंतर्गत एक तत्त्व है ।
–One of the tattva among the nine tattvas mentioned in jain-darshan.

(૪૯૫) બંધન (નામકર્મ) –ગ્રહણ કરેલ ઔદારિક આદિ પુદ્‌ગલોસાથે નવાં ગ્રહણ કરાતાં તેવા પુદ્‌ગલોનો સંબંધ કરી આપનાર કર્મ.
–प्रथम गृहीत औदारिक आदि पुद्गलों के साथ नवीन ग्रहण किये जानेवाले पुद्गलों का जो कर्म संबंध करता है।
–The Karma which causes the newly received physical particles to be associated with the earlier received similar particles audarika etc.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩. મોબાઈલ : ૦૯૮૨૫૮૦૦૧૨૬

(વધુ આવતા અંકે)

# શ્રી કસ્તુરબા સેવાશ્રમ, મરોલી, જિ. નવસારી

## (આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

*સંઘના ઉપક્રમે ૨૦૦૮ની ૭૪ની પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રી ક્સુતરબા સેવાશ્રમ, મરોલીને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં આનંદ થાય છે કે આશરે રૂપિયા તેવીસ લાખ થી વધારે જેવી માતબર રકમ નોંધાઈ છે. એ માટે દાતાઓના અમે ખૂબ ઋણી છીએ. યાદી નીચે મુજબ છે.*

| રૂપિયા | નામ |
|---|---|
| ૧,૨૫,૦૦૦ | શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન ચેરિટેબલટ્રસ્ટ (નાનીખાખર–કચ્છ) |
| ૧,૦૮,૦૦૦ | શ્રી પ્રમોદચંદ સોમચંદ શાહ પરિવાર |
| ૧,૦૦,૦૦૦ | શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી |
| ૧,૦૦,૦૦૦ | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી કાંતિલાલ નારણદાસ શાહ તળાજાવાળા (કે. એન. શાહ ચેરિ. ટ્રસ્ટ) |
| ૧,૦૦,૦૦૦ | શ્રી કાકુલાલ છગનલાલ મહેતા |
| ૫૧,૦૦૦ | શ્રી પ્રવિણભાઈ શાંતિલાલ કોઠારી |
| ૫૧,૦૦૦ | માતુશ્રી રતનબાઈ ચેરિટિ ટ્રસ્ટ. હસ્તેઃશ્રી મુલચંદ લખમશી સાવલા |
| ૫૧,૦૦૦ | શ્રી અમીચંદ આર. શાહ |
| ૫૧,૦૦૦ | શ્રી બિપિનભાઈ વી. ઝવેરી |
| ૫૧,૦૦૦ | મે. એક્ષેલેન્ટ એન્જીનીયરીંગ કોર્પોરેશન હસ્તેઃ રમેશભાઈ અજમેરા |
| ૫૧,૦૦૦ | શ્રી રમણિકલાલ ઉમેદચંદ શાહ પરિવાર |
| ૫૧,૦૦૦ | શ્રી કાંતિલાલ પારેખ |
| ૫૧,૦૦૦ | શ્રી કોન્વેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૪૦,૦૦૦ | શ્રી ઓનવર્ડ ફાઉન્ડેશન, હસ્તેઃ શ્રી હરીશભાઈ શાંતિલાલ મહેતા |
| ૨૫,૦૦૦ | એક ભાઈ તરફથી હસ્તેઃ શ્રી પંકજ વિસરિયા |
| ૨૫,૦૦૦ | શ્રી વિક્ટર ફર્નાન્ડિસ |
| ૨૫,૦૦૦ | શ્રીમતી દયાબહેન ગિરજા શંકર શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨૫,૦૦૦ | મે. ભણશાલી એન્ડ કું. હસ્તેઃશ્રી જીતેન્દ્ર કે. ભણશાલી |
| ૨૧,૦૦૦ | શ્રી એક બહેન તરફથી |
| ૧૫,૦૦૦ | શ્રી સુશીલા દલપતલાલ પરીખ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૫,૦૦૦ | શ્રી અનિલા શશિકાંત મહેતા |
| ૧૫,૦૦૦ | શ્રી શામજીભાઈ ટી. વોરા (અમરસન્સ) ફાઉન્ડેશન |
| ૧૫,૦૦૦ | શ્રી એન્કરવાલા પરિવાર હસ્તેઃશ્રી દામજીભાઈ-જાધવજીભાઈ |
| ૧૫,૦૦૦ | શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ |
| ૧૫,૦૦૦ | મે. પુષ્પમન ફોરજીંગ |
| ૧૨,૦૦૦ | શ્રી શર્મીબહેન પ્રવિણભાઈ ભણશાલી |
| ૧૨,૦૦૦ | શ્રી દિપાલી સંજય મહેતા |
| ૧૧,૧૧૧ | સ્વ. રાકેશ ખુશાલદાસ સોજપાર ગડાના સ્મરણાર્થે. હસ્તેઃ શ્રી ખુશાલદાસ સોજપાર ગડા |
| ૧૧,૦૦૦ | શ્રી પ્રતાપભાઈ ભોગીલાલ |
| ૧૧,૦૦૦ | શ્રી રંજનબહેન હર્ષદભાઈ શાહ |
| ૧૧,૦૦૦ | શ્રી પ્રકાશ એન. કોઠારી |
| ૧૧,૦૦૦ | શ્રી સરોજરાણી શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૧,૦૦૦ | શ્રી પિયુષ સી. શાહ પ્રોપાઈટર, મે. પિયુષભાઈ એન્ડ કંપની |
| ૧૧,૦૦૦ | શ્રી ભાનુ ચેરિટી ટ્રસ્ટ, હસ્તેઃ પ્રવિણભાઈ શાહ |
| ૧૧,૦૦૦ | શ્રી વર્ષાબહેન રજ્જુભાઈ શાહ |
| ૧૧,૦૦૦ | શ્રી જ્યોતિ ટ્રસ્ટ હસ્તેઃ ઈન્દુબહેન ઉમેદભાઈ દોશી |
| ૧૦,૦૦૦ | શ્રી અશ્વિન લિલાધર મહેતા |
| ૧૦,૦૦૦ | શ્રી મિનાક્ષીબહેન સુધીરકુમાર ઓઝા |
| ૯,૦૦૦ | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ૯,૦૦૦ | શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ |
| ૯,૦૦૦ | શ્રી નિરૂબહેન સુબોધભાઈ શાહ |
| ૯,૦૦૦ | સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે હસ્તેઃ શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી |
| ૯,૦૦૦ | પ્રા. તારાબહેન રમણલાલ શાહ |
| ૯,૦૦૦ | શ્રી ચંદ્રકાંત ધુડાભાઈ ગાંધી |
| ૯,૦૦૦ | શ્રી દિલિપભાઈ મહેન્દ્રભાઈ શાહ |
| ૯,૦૦૦ | શ્રી યશોમતીબહેન શાહ |
| ૯,૦૦૦ | શ્રી રમણિકલાલ ભોગીલાલ શાહ |
| ૯,૦૦૦ | શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ |
| ૯,૦૦૦ | શ્રી દિપ્તિ નિતિન સોનાવાલા |
| ૯,૦૦૦ | શ્રી રમાબહેન જયસુખલાલ વોરા |
| ૯,૦૦૦ | શ્રી શાંતિલાલ ઉજમશી એન્ડ સન્સ ચેરિટી ટ્રસ્ટ |
| ૯,૦૦૦ | શ્રી મહેન્દ્ર બી. વોરા |
| ૯,૦૦૦ | શ્રી આશના કેતન શાહ |
| ૯,૦૦૦ | શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૯,૦૦૦ | શ્રી શાંતિભાઈ મંગળજી મહેતા અને શ્રી શમિષ્ઠા શાંતિલાલ મહેતા |
| ૯,૦૦૦ | શ્રી મફતલાલ ભિખાચંદ ફાઉન્ડેશન |
| ૯,૦૦૦ | શ્રી ગુલાબચંદ તલકચંદ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૯,૦૦૦ | શ્રી ઈશ્વર વિજય ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૭,૫૦૦ | શ્રી મુક્તાબહેન લાભુભાઈ સંઘવી |
| ૬,૦૦૦ | ડૉ. ધનવંતરાય તિલકરાય શાહ |
| ૬,૦૦૦ | શ્રી ભાનુ ચેરિટી ટ્રસ્ટ હસ્તેઃ ઉષાબહેન શાહ |
| ૬,૦૦૦ | શ્રી દિલીપભાઈ કાકાબળિયા |
| ૬,૦૦૦ | શ્રી રશ્મિભાઈ ભગવાનદાસ શાહ |
| ૬,૦૦૦ | શ્રી ગાંગજી પોપટલાલ શેઠિયા ફેમિલી ટ્રસ્ટ |
| ૬,૦૦૦ | શ્રી નલિનીબહેન મહેતા |
| ૬,૦૦૦ | શ્રી મણિલાલ ટી. શાહ |
| ૬,૦૦૦ | શ્રી અરુણા અજિત ચોકસી |
| ૬,૦૦૦ | શ્રી ડોલરબહેન મગનલાલ શેઠ |
| ૬,૦૦૦ | સ્વ. નર્મદાબહેન મગનલાલ શેઠના સ્મરણાર્થે હસ્તેઃ શેઠ બ્રધર્સ |
| ૬,૦૦૦ | શ્રી રતિલાલ ઓધવજી ગોહીલ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૬,૦૦૦ | શ્રી હીરાબાઈ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૬,૦૦૦ | શ્રી હસમુખલાલ ગુલાબચંદ શાહ |
| ૬,૦૦૦ | શ્રી ભૂપેન્દ્ર રસિકલાલ શાહ |
| ૬,૦૦૦ | શ્રી પ્રકાશ ડી. શાહ |
| ૬,૦૦૦ | શ્રી પુષ્પાબહેન ભણશાલી |
| ૬,૦૦૦ | શ્રી હર્ષા વી. શાહ |
| ૬,૦૦૦ | ડૉ. સ્નેહલ સંઘવી |
| ૬,૦૦૦ | શ્રી અંજન ડાંગરવાલા |

| રૂપિયા | નામ |
|---|---|
| ૬,૦૦૦ | મે. આકાર આર્ટસ |
| ૬,૦૦૦ | શ્રી એક બહેન તરફથી |
| ૬,૦૦૦ | શ્રી એક બહેન તરફથી |
| ૬,૦૦૦ | શ્રી રેખા ધનેશભાઈ શાહ |
| ૬,૦૦૦ | મે. પ્રિન્સ પાઈપ્સ એન્ડ ફીટીંગ્સ પ્રા. લી. |
| ૬,૦૦૦ | મે. અલકા પી. ખારા |
| ૫,૦૦૦ | શ્રી ઘેલાણી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫,૫૦૦ | શ્રી અપૂર્વ લાભુભાઈ સંઘવી |
| ૫,૦૦૦ | શ્રી વાડીલાલ એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | શ્રી દેવાંગ મુકુલ નગરશેઠ |
| ૫,૦૦૦ | શ્રી રસિલા મહેન્દ્ર ઝવેરી |
| ૫,૦૦૦ | મે. વોરા બ્રધર્સ એન્ડ કંપની |
| ૫,૦૦૦ | ડૉ. ધિરુભાઈ વી. શાહ |
| ૫,૦૦૦ | શ્રી રસિકા વી. શાહ |
| ૫,૦૦૦ | શ્રી વિનોદ જે. મહેતા |
| ૫,૦૦૦ | મે. જે. કે. ફાઉન્ડેશન |
| ૫,૦૦૦ | શ્રી સંજય સુરેશ મહેતા |
| ૫,૦૦૦ | શ્રી જયંતીલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી દિપીકાબહેન પંકજ દોશી |
| ૫,૦૦૦ | ડૉ. જશવંતરાય આર. શાહના |
| | સ્મરણાર્થે હસ્તેઃ ડૉ. અતુલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી એક ભાઈ તરફથી |
| ૫,૦૦૦ | શ્રી ડીકેસી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | શ્રી વનિતા બહેન શાહ |
| ૫,૦૦૦ | શ્રી જી. આર. કપાસી એચ. યુ. એફ. |
| ૫,૦૦૦ | શ્રી સુરેશભાઈ પી. મહેતા |
| ૫,૦૦૦ | સ્વ. ઉષાબહેન નાથાલાલ પરીખના |
| | સ્મરણાર્થે હસ્તેઃ ગીતા પરીખ |
| ૫,૦૦૦ | શ્રી નલીનીબહેન શાહ |
| ૫,૦૦૦ | શ્રી શાહ પબ્લિક વેલ્ફેર ટ્રસ્ટ |
| | સ્વ. ડૉ. જયંત એસ. શાહના સ્મરણાર્થે |
| | હસ્તેઃ ડૉ. જ્યોતિબહેન શાહ |
| ૫,૦૦૦ | શ્રી એક ભાઈ તરફથી |
| ૪,૦૦૦ | શ્રી સુચિત અશ્વિન દોશી |
| ૩,૫૦૦ | શ્રી શિલ્પા જે. મહેતા ફાઉન્ડેશન |
| ૩,૫૦૦ | શ્રી ભાઈચંદ એમ. મહેતા ચેરિટેબલ |
| | ફાઉન્ડેશન |
| ૩,૩૩૩ | શ્રી ચંદુલાલ ગાંગજી ફ્રેમવાલા |
| ૩,૦૦૦ | શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાલી |
| ૩,૦૦૦ | શ્રી તારાબહેન મોહનલાલ શાહ |
| | ચેરિટેબલ ટ્રસ્ટ |
| | હસ્તેઃ પુષ્પાબહેન સી. પરીખ |
| ૩,૦૦૦ | શ્રી કલાવતી શાંતીલાલ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી વીરમતી ખેતશી શાહ |

| રૂપિયા | નામ |
|---|---|
| ૩,૦૦૦ | શ્રી આર. પી. ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી જયવંતીબહેન મહેતા |
| ૩,૦૦૦ | શ્રી મનિષા ધીરેન ભણશાલી |
| ૩,૦૦૦ | શ્રી આનંદલાલ ત્રિભુવન સંઘવી |
| ૩,૦૦૦ | શ્રી ચંદ્રકાંત ખંડેરીયા |
| ૩,૦૦૦ | શ્રી ઉષાબહેન પરીખ હસ્તેઃ કુસુમબહેન |
| ૩,૦૦૦ | શ્રી રુપાબહેન મહેતા |
| ૩,૦૦૦ | શ્રી હેતલ એચ. વોરા |
| | હસ્તેઃ સરોજબહેન એચ. વોરા |
| ૩,૦૦૦ | શ્રી નીલા ચંદ્રકાંત શાહ |
| ૩,૦૦૦ | શ્રી ભગવતીબહેન સોનાવાલા |
| ૩,૦૦૦ | શ્રી માયાબહેન રમણીકલાલ ગોસલીયા |
| ૩,૦૦૦ | શ્રી રમણિકલાલ ગોસલિયા |
| ૩,૦૦૦ | શ્રી મીનાબહેન ગાંધી |
| ૩,૦૦૦ | શ્રી આર. એન. દોશી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી અનીશ શૈલેશ કોઠારી |
| ૩,૦૦૦ | શ્રી ગુણવંતીબહેન પ્રવિણચન્દ્ર શાહ |
| ૩,૦૦૦ | શ્રી વસંતબહેન રસિકલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી લતાબહેન દોશી |
| ૩,૦૦૦ | શ્રી શશિન કે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી શમિક કે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી જિતેન્દ્ર રમણિકલાલ વોરા |
| ૩,૦૦૦ | શ્રી દિનાબહેન જિતેન્દ્ર વોરા |
| ૩,૦૦૦ | શ્રી નયન જિતેન્દ્ર વોરા |
| ૩,૦૦૦ | શ્રી નીલમબહેન નયન વોરા |
| ૩,૦૦૦ | શ્રી દેવાંસ નયન વોરા |
| ૩,૦૦૦ | સ્વ. કાંતિલાલ હિરાચંદ ગોસલીયાના |
| | સ્મરણાર્થે હસ્તેઃ દિનાબહેન જે. વોરા |
| ૩,૦૦૦ | સ્વ. શાંતાબહેન કાંતિલાલ ગોસલીયાના |
| | સ્મરણાર્થે હસ્તેઃ દિનાબહેન જે. વોરા |
| ૩,૦૦૦ | સ્વ. ભાનુમતી મહેન્દ્ર સંઘવી |
| | હસ્તેઃ વેન્ગાર્ડ સ્ટુડીઓ |
| ૩,૦૦૦ | મે. વી. આર. ટ્રેડર્સ |
| ૩,૦૦૦ | બેરિસ્ટર વિપુલભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી અતુલભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી દેવકુંવરબહેન જેસંગ રાંભિયા |
| ૩,૦૦૦ | શ્રી એક ભાઈ તરફથી |
| ૩,૦૦૦ | શ્રી રતનશી રામજી રાંભિયા |
| ૩,૦૦૦ | મે. લાઠિયા ઇન્ડસ્ટ્રીઅલ રોલર પ્રા. લી. |
| ૩,૦૦૦ | શ્રી રોહન સી. નિર્મલ |
| ૩,૦૦૦ | શ્રી તૃપ્તિ સી. નિર્મલ |
| ૩,૦૦૦ | શ્રી અલકા પી. ખારા |
| | હસ્તેઃ શ્રી વિરાગ પી. ખારા |
| ૩,૦૦૦ | શ્રી અંબાલાલ એચ. જૈન |

| રૂપિયા | નામ |
|---|---|
| ૩,૦૦૦ | શ્રી જિતેન્દ્ર આર. હંસોંદી |
| ૩,૦૦૦ | શ્રી પ્રતીમા ચક્રવતી |
| ૩,૦૦૦ | મે. પોલીથીન પ્રિન્ટીંગ એન્ડ સિલીંગ વર્કસ |
| ૩,૦૦૦ | શ્રી હર્ષદભાઈ જે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી ઉર્મિશ એ. શાહ |
| ૩,૦૦૦ | શ્રી રેશમા યુ. શાહ |
| ૩,૦૦૦ | શ્રી વિનયચંદ્ર ઉમેદચંદ્ર શાહ |
| ૩,૦૦૦ | શ્રી રાજુલ વિનયચંદ શાહ |
| ૩,૦૦૦ | શ્રી કેશવલાલ કીલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી રિતેશ મણિલાલ પોલડિયા |
| ૩,૦૦૦ | શ્રી મણિલાલ કાનજી પોલડિયા |
| ૩,૦૦૦ | શ્રી કુસુમ મણિલાલ પોલડિયા |
| ૩,૦૦૦ | સ્વ. જશુમતી એચ. કુવાડિયાના સ્મરણાર્થે |
| | હસ્તેઃ ડૉ. હેમંત એચ. કુવાડિયા |
| ૩,૦૦૦ | ડૉ. હેમંત એચ. કુવાડિયા |
| ૩,૦૦૦ | શ્રી રક્ષાબહેન હેમંત કુવાડિયા |
| ૩,૦૦૦ | ડૉ. હસમુખલાલ સી. કુવાડિયા |
| ૩,૦૦૦ | શ્રી કાંતિલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી પારૂલ ઝવેરી |
| ૩,૦૦૦ | ડૉ. માણેકલાલ મોરારજી સંગોઈ |
| ૩,૦૦૦ | શ્રી એક બહેન તરફથી |
| ૩,૦૦૦ | શ્રી એક બહેન તરફથી |
| ૩,૦૦૦ | શ્રી માયેસા હસ્તેઃ યશોમતીબહેન |
| ૩,૦૦૦ | શ્રી કલ્પના સી. જવેરી |
| ૩,૦૦૦ | શ્રી રમાબહેન દેસાઈ |
| ૩,૦૦૦ | શ્રી મીનાબહેન એમ. શાહ |
| ૩,૦૦૦ | શ્રી રેખાબહેન હર્ષ કાપડિયા |
| ૩,૦૦૦ | શ્રી કેશરીચંદ જેસંગલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી ઈલાબહેન મોદી |
| ૩,૦૦૦ | શ્રી એ. આર. ચોકસી |
| ૩,૦૦૦ | શ્રી લીના વી. શાહ |
| ૩,૦૦૦ | શ્રી નિરંજન આર. ધીલ્લા |
| ૩,૦૦૦ | શ્રી સુનંદાબહેન રવિન્દ્રભાઈ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી બોનાન્ઝા ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ પ્રા. |
| | લિ. હસ્તેઃ હેમંતભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી જશવંતીબહેન પ્રવિણચંદ્ર વોરા |
| | ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | મે. ફ્રેન્ડલી પ્રિન્ટર્સ |
| | હસ્તેઃ ભરતભાઈ મામણીયા |
| ૩,૦૦૦ | શ્રી વિજય કરસનદાસ શાહ |
| ૩,૦૦૦ | ડૉ. કે. કે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી વિજપાર સામત નીશાર |
| ૩,૦૦૦ | શ્રી મણીબહેન વિજપાર નીશાર |
| ૩,૦૦૦ | શ્રી ભારતી દિલીપ શાહ |

| રૂપિયા | નામ |
|---|---|
| ૩,૦૦૦ | શ્રી રમેશ પી. દફતરી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી જયેશ દલીચંદભાઈ ગાંધી |
| ૩,૦૦૦ | શ્રી સંતોકબા જેઠાલાલ દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી પુષ્પાબહેન સુરેશ ભણશાલી |
| ૩,૦૦૦ | માતુશ્રી મંજુલા નેમચંદ છેડા |
| ૩,૦૦૦ | શ્રી પ્રવિણભાઈ જમનાદાસ શાહ |
| ૩,૦૦૦ | મે. એચ. ડી. ઇન્ડસ્ટ્રીઝ |
| ૩,૦૦૦ | શ્રી સાધના ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી હર્ષદરાય કે. દોશી |
| ૩,૦૦૦ | શ્રી હરીશભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી કનુભાઈ આર. શાહ |
| ૩,૦૦૦ | શ્રી વસંતલાલ એન. સંઘવી |
| ૩,૦૦૦ | મે. અવની એન્ટર પ્રાઇજ |
| ૩,૦૦૦ | શ્રી તરૂણાબહેન વિપિનભાઈ શાહ |
| ૩,૦૦૦ | માતુશ્રી જે. ડી. સ્મૃતિ પ્રતિષ્ઠાન |
| ૩,૦૦૦ | શ્રી શારદાબેન બાબુભાઈ શાહ |
| ૩,૦૦૦ | મે. પ્રૉટોન એન્ટરપ્રાઇઝ |
| ૩,૦૦૦ | શ્રી સુમનબહેન શાંતિલાલ પરીખ |
| ૩,૦૦૦ | મે. લક્ષ્મી મસાલા |
| ૩,૦૦૦ | શ્રી નિર્મલા જે. શેઠ |
| ૩,૦૦૦ | શ્રી કિરણ એચ. શાહ |
| ૩,૦૦૦ | શ્રી સુવર્ણાબહેન દલાલ |
| ૩,૦૦૦ | શ્રી ચંપાબહેન જયંતીલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી અંજનાબહેન ઘનેશભાઈ ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી સૂર્યાબહેન અશ્વિન પ્રતાપ |
| ૩,૦૦૦ | શ્રી વિક્રમ આર. શાહ |
| ૩,૦૦૦ | શ્રી ઈન્દુમતી અને હરકિશન ઉદાણી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી એક બહેન તરફથી |
| ૩,૦૦૦ | શ્રી મહેન્દ્ર વિરચંદ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી રમેશ એસ. શાહ |
| ૩,૦૦૦ | શ્રી મહેન્દ્ર અમૃતલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી સુરેશ ચીમનલાલ ચોકસી |
| ૩,૦૦૦ | શ્રી રસિકલાલ છોટાલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી સરસ્વતીબહેન રસિકલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી ભોગીલાલ સુખલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી બાબુલાલ છોટાલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી શાંતિલાલ કાલીદાસ દોશીના સ્મરણાર્થે હસ્તેઃ પ્રકાશ શાંતિલાલ દોશી |
| ૩,૦૦૦ | શ્રી સરલાબહેન શાંતિલાલ દોશીના સ્મરણાર્થે હસ્તેઃ પ્રકાશ શાંતિલાલ દોશી |
| ૩,૦૦૦ | શ્રી મિનાક્ષીબહેન વિજય મહેતા |

| રૂપિયા | નામ |
|---|---|
| ૩,૦૦૦ | સ્વ. રમણિકભાઈ પુંજાભાઈ પરીખના સ્મરણાર્થે હસ્તેઃ વિમલાબહેન |
| ૩,૦૦૦ | શ્રી અતુલ અને નીતિન પરીખ |
| ૩,૦૦૦ | શ્રી ભારતીબહેન હેમંત મઝમુદાર |
| ૩,૦૦૦ | મે. નંદુ ડ્રેપર્સ હસ્તેઃ થાવરભાઈ |
| ૩,૦૦૦ | મે. ટેકનો શેર્સ એન્ડ સ્ટોક્સ લિ. |
| ૩,૦૦૦ | શ્રી રસિકલાલ ટી. શાહ |
| ૩,૦૦૦ | શ્રી રમેશ પી. મહેતા |
| ૩,૦૦૦ | શ્રી દેવચંદ જી. શાહ |
| ૩,૦૦૦ | શ્રી શશિકાંત સી. શેઠ એચ.યુ.એફ. |
| ૩,૦૦૦ | ડૉ. અતુલ ન. શાહ |
| ૩,૦૦૦ | સ્વ. કાંતિલાલ ઝવેરચંદ–વાપી |
| ૩,૦૦૦ | શ્રી રાજેશ પુંજાલાલ ચોકસી |
| ૩,૦૦૦ | શ્રી પૂર્વીબહેન બાબુભાઈ ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી હસમુખલાલ વી. માટલીઆ |
| ૩,૦૦૦ | મે. પોપટલાલ જેસીંગભાઈ એન્ડ કંપની |
| ૩,૦૦૦ | શ્રી હંસાબહેન કે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી વનલીલા નટવરલાલ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી કે. પી. શાહ |
| ૩,૦૦૦ | મે. ગુલાબદાસ એન્ડ કંપની હસ્તેઃ હસમુખભાઈ |
| ૩,૦૦૦ | શ્રી વનલીલા મુકુંદભાઈ વોરા |
| ૨,૫૦૧ | શ્રી આર. એ. સંઘવી |
| ૨,૪૦૦ | શ્રી રમીલાબહેન મહાસુખલાલ શાહ |
| ૨,૦૦૦ | શ્રી શશિકાંત મણીલાલ મહેતા |
| ૨,૦૦૦ | શ્રી મીનાબહેન શાહ |
| ૧,૫૦૦ | શ્રી રામજી વેલજી વીરા |
| ૧,૫૦૦ | શ્રી લલિતકુમાર પ્રાણલાલ લાઘાણી |
| ૧,૧૧૧ | શ્રી માલા દીપક વારીયા |
| ૧,૦૦૧ | શ્રી પ્રભાબહેનના સ્મરણાર્થે |
| ૧,૦૦૧ | શ્રી ગુણવંતીબહેન ચોકસી |
| ૧,૦૦૦ | શ્રી સંયુક્તા પ્રવીણ મહેતા |
| ૧,૦૦૦ | શ્રી કાંતાબહેન જે. શાહ |
| ૧,૦૦૦ | શ્રી એક ભાઈ તરફથી |
| ૧,૦૦૦ | શ્રી ઉષાબહેન આર. ઝવેરી |
| ૧,૦૦૦ | શ્રી એક બહેન તરફથી |
| ૧,૦૦૦ | શ્રી મંજુલા મહેતા |
| ૧,૦૦૦ | શ્રી નેણસી રવજી વીરા |
| ૧,૦૦૦ | શ્રી એક બહેન તરફથી |
| ૧,૫૦૦ | એક હજારની ઓછાનો સરવાળો |
| ૨૩,૫૨,૯૫૮ | |

✶ ✶ ✶

## હવે પૂણ્ય સ્મરણમાં..

## ડૉ. મહેરવાન ભમગરા અને મહાનુભાવ શ્રી ઉમેદભાઈ દોશી

ઑગસ્ટ–સપ્ટેમ્બરમાં આ સંસ્થાના આ બે ઉમદા મહાનુભાવો દેહથી આ જગતથી વિખુટા પડી ગયા.

પોતાના વિષયના અનેક પુસ્તકોના સર્જક ડૉ. ભમગરા તો સવાયા જૈન હતા. કપરી બિમારીમાં પણ આ કુદરતી ઉપચારના તપસ્વી પ્રચારકે હિંસક ઔષધનો ઉપયોગ ન કર્યો. એમના ગુણોની તો ગાથાઓ લખી શકાય.

પૂણ્ય સ્મરણ ઉમેદભાઈ તો શ્રી, સરસ્વતી અને સેવાના ત્રિવેણી સંગમના પ્રયાગ સ્વરૂપ હતા. એઓશ્રીએ જીવનભર આ ત્રણે ઉમદા ભાવોને આત્મસાત કર્યા. શ્રેષ્ઠિઓ, સારસ્વતો અને સામાજિક કાર્યકરો માટે એઓશ્રીનું જીવન પ્રેરણા રૂપ હતું. જીવનના અંતિમ પડાવે જ્યારે એમને એમના જીવલણ વ્યાધિની જાણ થઈ ત્યારે એક ઉત્તમ તપસ્વી શ્રાવક તરીકે એઓશ્રીએ ગજબની સમતાપૂર્વક પોતાના પૂર્વ જન્મના કર્મો ખપાવ્યા, આ વંદનીય ઘટના છે.

આ બન્ને મહાનુભાવોના જીવન ચરિત્ર લખાવવા જ જોઈએ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પણ એમનો પરિવાર છે. એટલે કોણ કોને આશ્વાસન આપે ?

આ બન્ને આત્મા જે અંતરિક્ષમાં હશે ત્યાં શાંત હશે જ, એવા એમના પૂણ્ય કર્મો હતા... ૐ શાંતિ !!

**–શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવાર**

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે નોંધાયેલી રકમની યાદી

*૨૦૦૮ ની ૭૪મી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન દાતાઓને અપીલ કરવામાં આવી. તેનો સારો પ્રતિસાદ મળ્યો છે. એ માટે સર્વે દાતાઓના અમે ઋણી છીએ. સંઘને વિવિધ ખાતાઓમાં ભેટ મળી તેની યાદી નીચે મુજબ છે.*

| રૂપિયા | નામ |
|---|---|
| ૪૦,૦૦૦ | મે. ઑનવર્ડ ફાઉન્ડેશન હસ્તેઃ હરેશભાઈ શાંતીલાલ મહેતા |
| ૨૭,૦૦૦ | શ્રી રસિલા મનસુખલાલ ગોવિંદજી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૬,૦૦૦ | શ્રી ચંદ્રાબહેન પિયુષભાઈ કોઠારી |
| ૬,૦૦૦ | શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ |
| ૫,૫૦૦ | શ્રી અપુર્વ લાભુભાઈ સંઘવી |
| ૫,૦૦૦ | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ૫,૦૦૦ | શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ |
| ૫,૦૦૦ | શ્રી નિરૂબહેન સુબોધભાઈ શાહ |
| ૫,૦૦૦ | શ્રી ધનવંતભાઈ તિલકરાય શાહ |
| ૫,૦૦૦ | સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે હસ્તેઃશ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી |
| ૫,૦૦૦ | પ્રૉ. તારાબહેન રમણલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી ચંદ્રકાંત ધુડાભાઈ ગાંધી |
| ૫,૦૦૦ | શ્રી દિલીપભાઈ એમ. શાહ |
| ૫,૦૦૦ | શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા |
| ૫,૦૦૦ | શ્રી યશોમતીબહેન શાહ |
| ૫,૦૦૦ | શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી વિનોદ જે. શાહ |
| ૫,૦૦૦ | શ્રી દિલીપભાઈ કાકાબળીયા |
| ૫,૦૦૦ | શ્રી ગાંગજી પોપટલાલ શેઠીયા ફૅમિલી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | શ્રી રશ્મીભાઈ ભગવાનદાસ શાહ |
| ૫,૦૦૦ | શ્રી નિતીનભાઈ સોનાવાલા |
| ૫,૦૦૦ | શ્રી ભાનુ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તેઃ ઉષાબહેન પ્રવિણભાઈ શાહ |
| ૫,૦૦૦ | મે. જે. કે. ફાઉન્ડેશન |
| ૫,૦૦૦ | શ્રી અમીચંદ આર. શાહ |
| ૫,૦૦૦ | શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી શાંતિલાલ મંગળજી મહેતા |
| ૫,૦૦૧ | સ્વ. વિજયાબહેન અને સ્વ. દુર્લભજી-ભાઈ પરીખના સ્મરણાર્થે હસ્તેઃ રમેશભાઈ પરીખ |
| ૫,૦૦૦ | શ્રી એક બહેન તરફથી |
| ૫,૦૦૦ | શ્રી મીનાબહેન અશ્વિન કોઠારી |
| ૫,૦૦૦ | શ્રી કિન્નર કેશવલાલ શાહ |
| ૩,૫૦૦ | શ્રી સિદ્ધાર્થ લાભુભાઈ સંઘવી |
| ૩,૦૦૦ | શ્રી પ્રકાશ ડી. શાહ |
| ૩,૦૦૦ | ડૉ. હેમંત એચ. કુવાડિયા |
| ૨,૫૦૦ | મે. ફ્રેન્ડલી પ્રિન્ટર્સ હસ્તેઃ ભરતભાઈ મામણીયા |
| ૨,૫૦૦ | શ્રી શર્મીબહેન પ્રવિણભાઈ ભણસાલી |
| ૨,૫૦૦ | શ્રી એક બહેન |
| ૨,૫૦૦ | શ્રી અરૂણા અજીત ચોકસી |
| ૨,૫૦૦ | શ્રી એ. આર. ચોકસી |
| ૨,૫૦૦ | શ્રી કેશવલાલ કિલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨,૦૦૦ | શ્રી તારાબહેન મોહનલાલ શાહ ચેરિ-ટેબલ ટ્રસ્ટ હસ્તેઃ પુષ્પાબહેન સી. પરીખ |
| ૨,૦૦૦ | શ્રીમતી કલાવતી શાંતિલાલ મહેતા |
| ૨,૦૦૦ | શ્રી વસુબહેન ચંદુભાઈ ભણશાલી |
| ૨,૦૦૦ | શ્રી મીનાબહેન ગાંધી |
| ૨,૦૦૦ | શ્રી વિનોદચંદ્ર હરીલાલ મહેતા |
| ૨,૦૦૦ | ડૉ. ધિરૂભાઈ વી. શાહ |
| ૨,૦૦૦ | શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨,૦૦૦ | શ્રી અલકા પી. ખારા |
| ૨,૦૦૦ | મે. પોપટલાલ જેસીંગભાઈ એન્ડ કંપની |
| ૧,૫૦૦ | શ્રી જયંતીલાલ શાહ |
| ૧,૦૦૧ | શ્રી ગુણવંતીબહેન ચોકસી |
| ૧,૦૦૦ | શ્રી એક ભાઈ તરફથી |
| ૧,૦૦૦ | શ્રી શારદાબહેન બાબુભાઈ શાહ |
| ૧,૦૦૦ | શ્રી ચંદ્રકાંત બસંતલાલ નરસિંગપુરા |
| ૧,૦૦૦ | શ્રી સુચિત અશ્વિન જોશી |
| ૧,૦૦૧ | શ્રી શિલ્પા જે. મહેતા ફાઉન્ડેશન |
| ૧,૦૦૦ | શ્રી પ્રતિમા ચક્રર્તી |
| ૫૦૦ | શ્રીમતી ચંદ્રીકાબહેન કુંભાઈ |
| ૫૦૦ | શ્રી અતુલ શાહ |
| ૫૦૦ | શ્રી શૈલેષભાઈ કાજી |
| ૫૦૦ | શ્રી કાંતિલાલ જે. શાહ |
| ૨,૭૨,૫૦૩ | કુલ સરવાળો |

## શ્રી પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૧,૦૦૨૧૮ | ૩૦-૬-૦૮ સુધીનો સરવાળો |
| ૧૦,૦૦૦ | શ્રી અરૂણભાઈ યુ. સંઘવી |
| ૧૦,૦૦૦ | એક ભાઈ |
| ૭,૦૦૦ | શ્રી લીના વી. શાહ |
| ૫,૪૦૦ | શ્રી પ્રમોદચંદ સોમચંદ શાહ |
| ૫,૪૦૦ | શ્રી શ્રીકાંત પ્રમોદચંદ શાહ |
| ૫,૪૦૦ | શ્રી બિન્દુબહેન શ્રીકાંત શાહ |
| ૫,૪૦૦ | શ્રી પ્રમોદચંદ સોમચંદ શાહ- એચ.યુ.એફ. |
| ૫,૦૦૦ | શ્રી ડી.કે.સી. ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી વર્ષાબહેન રજુભાઈ શાહ |
| ૨,૫૦૦ | શ્રી મહેન્દ્ર બી. વોરા |
| ૨,૫૦૦ | સ્વ. અ. સૌ. કંચનબેન હસમુખલાલના સ્મરણાર્થે હસ્તેઃ હસમુખલાલ એચ. દોધીવાલા |
| ૨,૫૦૧ | શ્રી ભરતકુમાર એમ. શાહ |
| ૨,૦૦૦ | એક ભાઈ |
| ૨,૦૦૦ | શ્રી મહેન્દ્ર આર. શાહ |
| ૨,૦૦૦ | શ્રી હરીશભાઈ શાહ |
| ૧,૦૦૦ | શ્રી કલાવતીબેન શાંતિલાલ મહેતા |
| ૧,૦૦૦ | શ્રી ધનેશભાઈ બી. ઝવેરી |
| ૧,૦૦૦ | શ્રી ચંદ્રકાંત મગનલાલ શાહ- મુંબઈ |
| ૫૦૦ | શ્રી અશોક એસ. મહેતા |
| ૫૦૧ | શ્રી ભારતી કોઠારી |
| ૨૫૦ | શ્રી ધનસુખભાઈ છાજડ |
| **૧૧,૭૪,૫૭૦** | **કુલ સરવાળો** |

## શ્રી કિશોર ટિંબડિયા કેળવણી ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫,૦૦૦ | શ્રી મનહરલાલ અમરીતલાલ પુંજાણી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | સ્વ. પ્રવિણચંદ્ર મગનલાલ હસ્તેઃ મીના સુર્યવદન ઝવેરી |
| ૩૦,૦૦૦ | કુલ સરવાળો |

## શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૦,૦૦૦ | શ્રી ઉષા ઝવેરી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૫,૦૦૦ | શ્રી તારાબહેન ડાહ્યાલાલ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૫,૦૦૦ | કુલ સરવાળો |

## શ્રી પ્રેમળ જ્યોતિ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૫,૦૦૦ | શ્રી ચંદ્રાબહેન પીયૂષભાઈ કોઠારી |
| ૧,૦૦૦ | શ્રી રસિકલાલ એન. વોરા |
| ૧,૦૦૦ | શ્રી સુરેખાબહેન શાહ |
| ૧૭,૦૦૦ | કુલ સરવાળો |

✷ ✷ ✷

## ૐના જાપનો ચમત્કાર

(અનુસંધાન પૃષ્ટ બીજાનું ચાલુ)

હતી. પ્રો. મૉર્ગનના મત પ્રમાણે જેઓને બહુ ફાયદો નહોતો થયો તેમના દરદની તીવ્રતા વધુ હતી. તદ્ઉપરાંત બીજો પ્રશ્ન એક એ હતો કે અમુક વ્યક્તિઓએ નશામાંથી મુક્તિ મેળવવા માટે પ્રયોગ કરેલો અને તેઓએ પહેલાં આ પ્રયોગ કરી લીધેલો હતો. પ્રો. મોર્ગનના મત મુજબ સ્વસ્થ માનવી પણ ૐના જાપથી મોટી ઉંમર સુધી બીમારી-ઓને દૂર રાખી શકે છે.

**જાપની અસર કેવી રીતે થઈ**

પ્રો. મૉર્ગનનું કહેવું છે કે જુદી જુદી લય અને ધ્વનિના ઉતાર ચઢાવથી ઉત્પન્ન થતા કંપનો મૃત કોષો (Cells)ને પુનઃ જીવિત કરે છે અને નવા કોષોનું નિર્માણ કરે છે. ૐના જાપથી મસ્તકથી લઈને નાક, ગળું, હૃદય તથા પેટમાં તીવ્ર તરંગોનો સંચાર થાય છે. આને લીધે સમસ્ત શરીરમાં લોહીનું ભ્રમણ સુવ્યવસ્થિત થાય છે. આપણા શરીરના મોટા ભાગના દર્દો રક્તદોષને લીધે થતા હોય છે તેથી ૐના જાપ રક્તવિકાર દૂર કરી શરીરમાં સ્ફૂર્તિ જાળવી રાખે છે. ✷✷✷

(સંકલિત) ❑ **પુષ્પાબેન પરીખ**

## શ્રી નમસ્કાર મંત્રનાં ચાર નામો

(૧) આગમિક નામ : શ્રી પંચ મંગલ મહાશ્રુત સ્કંધ
(૨) સૈદ્ધાન્તિક નામ : શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર
(૩) વ્યવહારિક નામ : શ્રી નમસ્કાર મહામંત્ર
(૪) રૂઢિગત નામ : શ્રી નવકાર મંત્ર

**પિંગળશાસ્ત્રની દૃષ્ટિએ નવકારમંત્રમાં હ્રસ્વ અને દીર્ઘ સ્વર**

| | હ્રસ્વ | | દીર્ઘ | |
|---|---|---|---|---|
| १. नमो अरिहंताणं | न, अ, रि | ३ | मो, हं, ता, णं | ४ |
| २. नमो सिद्धाणं | न | १ | मो, सि, द्धा, णं | ४ |
| ३. नमो आयरियाणं | न, य, रि | ३ | मो, आ, या, णं | ४ |
| ४. नमो उवज्झायाणं | न, उ | २ | मो, व, ज्झा या, णं | ५ |
| ५. नमो लोए सव्वसाहुणं | न, व्व | २ | मो, लो, ए, स, सा, हु, णं | ७ |
| ६. एसो पंचनमुक्कारो, | च, न | २ | ए, सो, पं. मु. क्का, रो | ६ |
| ७. सव्वपावप्पणासणो | व्व, प्प, स | ३ | स (पहेलो अक्षर) पा, व, णा, णो | ५ |
| ८. मंगलाणं च सव्वेसिं | ग, च | २ | मं, ला, णं, स, व्वे, सिं | ६ |
| ९. पढमं हवई मंगलं | प, ढ, ह, व, इ, ग | ६ | मं, मं, लं | ३ |
| | | २४ | | ४४ |

ચોવીસ હ્રસ્વ સ્વર ચોવીસ તીર્થંકરના પ્રતિકરૂપ બની રહે છે, અને ૪૪ દીર્ઘ સ્વર ચોવીસ તીર્થંકર તથા વીસ વિહરમાન જિનેશ્વર એમ મળીને ૪૪ અરિહંત પરમાત્માના પ્રતિકરૂપ બની રહે છે.

નવકારમંત્રમાં ખ, ઘ, છ, ટ, ઠ, ડ, ફ, બ, ભ, શ, ષ જેવા વ્યંજનો વપરાયા નથી. નવકારમંત્ર અર્ધમાગધીમાં હોવાથી તેમાં શ, ષ જેવા વ્યંજનોને અવકાશ નથી.

❑ **શ્રી રજનીભાઈ ચુનીલાલ શાહ** (U.S.A.) કૃત 'શ્રુત સરિતા'માંથી

## પંથે પંથે પાથેય : બાપુજી : ખાદીમાં લપેટાયેલું અનોખું વ્યક્તિત્વ

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાથી ચાલુ)

બાપુજી અને ચેકને હતપ્રભ નજરે તાકી રહ્યા. પણ બાપુજી તો,

'પૈસાના વાંકે છોકરાઓને હવે પછી આવી સજા ક્યારેય ન કરશો.'

એમ કહી લાંબા ડગલા ભરતા હવામાં ઓગળી ગયા.

આવી ઘટનાઓની બાપુજીના જીવનમાં નવાઈ ન હતી, પણ તેને યાદ કરવાનું તેઓ ક્યારેય પસંદ ન કરતા. બાપુજી હજયાત્રાએ ગયા. આમ તો હજયાત્રાએ જનાર પોતાનું તમામ દેવું, કરજ ચૂકતે કરીને જતા હોય છે. પણ બાપુજીના કેસમાં આથી ઉલટું થયું. હજયાત્રા દરમ્યાન કાબાશરીફની પરિક્રમા કરતા કરતા બાપુજીના મનમાં વિચાર ઝબક્યો,

'૨૦ લાખ રૂપિયા જુદા જુદા માણસો પાસેથી લેવાના નીકળે છે. એ તમામને તાણમાં રાખી હું તો નિરાંતે હજ પઢી રહ્યો છું. મારે તે લેણું માફ કરીને આવવું જોઈતું હતું.'

અને કાબા શરીફની પરિક્રમા પછી બાપુજીએ એ વિચારને અમલમાં મૂક્યો. કાબાશરીફ સામે ઊભા રહી તેમણે અલ્લાહના નામે તે તમામ લેણું માફ કરી દીધું. હજયાત્રા-એથી પરત આવ્યા પછી એક દિવસ એક હિન્દુસ્વજન પ્લાસ્ટીકની થેલીમાં રૂપિયાના થોકડીઓ લઈને આવ્યો અને બાપુજીની સામે મૂકતા બોલ્યો,

'બાપુજી, આ આપની અમાનત રૂા. પાંચ લાખ. આપની પાસેથી ઉછીના લીધા હતા, પણ હવે મારે તેની જરૂર નથી. એટલે પરત કરવા આવ્યો છું.'

બાપુજીએ એક નજર એ વ્યક્તિ અને પ્લાસ્ટીકની થેલી પર નાખી. પછી ગોરા ચહેરા પર સ્મિત પાથરતા કહ્યું,

'હરિભાઈ, મેં તો ખુદાના દરબારમાં આ રકમ માફ કરી દીધી છે એટલે તે મારાથી ન લેવાય. તમારે ખુદાની રાહમાં જ્યાં તેને ખર્ચવી હોય, ત્યાં તે ખર્ચી શકો છો.'

અને ૭૨ વર્ષના બાપુજી લાંબા ડગલા માંડતા હવામાં ઓગળી ગયા. ત્યારે તેમના જીવનઆદર્શનું પેલું સૂત્ર હવામાં ચોમેર સુગંધ પ્રસરાવી રહ્યું હતું,

'સ્વ માટે તો સૌ જીવે પણ સૌ માટે પણ જીવે તે સાચું જીવન.' ✷✷✷

'સુકુન',
૪૦૫, પ્રભુદાસ તળાવ સર્કલ,
ભાવનગર- ૩૬૪૦૦૧.
ફોન : ૦૯૮૨૫૧૧૪૮૪૮

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month ● Regd. No. MH/ MR/SOUTH-146 / 2006-08



## પંથે પંથે પાથેય...

# બાપુજી : ખાદીમાં લપેટાયેલું અનોખું વ્યક્તિત્વ

❑ ડૉ. મહેબૂબ દેસાઈ

૧૯૫૪ની સાલ હતી. ગાંધીજીની વિદાય છતાં ભારતની હવામાં હજુ ગાંધીવિચારો ધબકતા હતા. યુવાનોમાં ગાંધીઘેલછા પ્રસરેલી હતી. એવા યુગમાં એક યુવાનની શાદીની શહેનાઈ ધામધૂમથી વગાડવાની તેની માની મનોકામના અધૂર રહી ગઈ. નવ વર્ષની વયે યુવાનના પિતાનું અવસાન થયું હતું. માએ કષ્ટો વેઠીને પુત્રને ઉછેર્યો હતો. એટલે પુત્રના નિકાહ ધામધૂમથી કરવા મા ઉત્સુક હતી. પણ યુવાન ગાંધી રંગે રંગાએલો હતો. શ્રી મનુભાઈ પંચોળી, શ્રી વજુભાઈ શાહ અને શ્રી લલ્લુભાઈ શેઠ જેવા ગાંધીજનોના સંગમાં તાલીમ પામેલો હતો. તે હંમેશા કહેતો,

'સ્વ માટે તો સૌ જીવે, પણ સૌ માટે જે જીવે તે સાચું જીવન.'

અને એટલે જ યુવાને પોતાની માને કહી દીધું હતું, 'મા, મારી શાદીમાં ખોટા ખર્ચા ન કરશો. શાદીની ઉજવણી પાછળ થનાર ખર્ચ જરૂરતમંદોમાં વહેંચી દેજો.'

માએ કમને પુત્રની ઈચ્છા સ્વીકારી અને મનને એમ કહી મનાવી લીધું કે, 'ભલે બેટા, ધામધૂમ નહિ કરીએ, પણ નવા કપડાં અને તાજા ગુલાબના ફૂલોનો શહેરો તને પહેરાવી શાદીનો આનંદ માણીશું.'

યુવકે તેનો પણ સઆદર અસ્વીકાર કર્યો અને કહ્યું, 'ગુલાબનો શહેરો નહિ પહેરું. નવાં કપડાં પણ નહિ પહેરું. માત્ર ખાદીનો કફની લેંઘો, ચંપલ અને ગળામાં સૂતરની આંટી પહેરીને જ નિકાહ પઢવા જઈશ.'

નાનકડા ગામ વંડામાં વાત પ્રસરી ગઈ. ગફાર તો ખાદીની કફની-લેંઘો અને સૂતરની આંટી પહેરી ચાલતો નિકાહ પઢવા જવાનો છે. ગામમાં જોણું થયું. ગફારનો નવી તરહનો વરઘોડો જોવા ગામ આખું ભેગું થયું, પણ ગફારને તેની જરા પણ પડી ન હતી. ગોરોવાન, દૂબળો-પાતળો, ઊંચો બાંધો, આદર્શોમાં રાચતી આંખો, સફેદ ખાદીની કફની, એડીથી ઊંચો પહોળો લેંઘો, પગમાં ચંપલ અને ગળામાં સૂતરની આંટી ધારણ કરી લાંબા ડગલાઓ ભરતો ગફાર વટથી નિકાહ પઢવા નીકળ્યો અને નિકાહ સંપન્ન થયા.

દસકાઓ વિત્યા. યુગ બદલાયો. નવા વિચારો પ્રસર્યા. જિંદગીની ઉતાર ચડાવમાં ગફારે ઘણા અનુભવો મેળવ્યા. ચહેરા પર પ્રૌઢ રેખાઓ ઉપસી આવી. સંઘર્ષોએ ગફારભાઈને યારી આપી. તંગીના દિવસો બદલાયા. નાણાંની ભરતીથી ગફારભાઈને ખુદાએ નવાઝ્યા, છતાં ગફારભાઈ ન બદલાયા. સાદગી, સદ્‌ભાવ અને સૌને માટે જીવવાની ભાવના અકબંધ રહી. એ જ સફેદ ખાદીની કફની, એડીથી ઊંચો પહોળો લેંઘો, પગમાં ચંપલ, પ્રૌઢ ચહેરા પર મીઠી મુસ્કાન અને મધુરવાણી ગફારભાઈની પહેચાન બની ગયા. જો કે હવે સૌ ગફારભાઈને 'બાપુજી' કહેવા લાગ્યા હતા.

એક દિવસ બાપુજી એક કાર્યક્રમમાં હાજરી આપવા જતા હતા. પોતાની કારમાં શેઠની જેમ પાછળ બેસવા કરતા ડ્રાઇવરની બાજુમાં બેસવાનું બાપુજીને ગમતું. કારણ કે છેલ્લાં વીસ વર્ષથી ડ્રાઇવર તરીકે કાર્ય કરતો અનિલ તેમના સ્વજન જેવો બની ગયો હતો. કાર પૂરપાટ દોડી રહી હતી ત્યાં જ તેમની નજર ૩૦-૩૫ ગણવેશધારી શાળાના વિદ્યાર્થીઓ પર પડી. ભરબપોરે ઓશીયાળા ચહેરે બાળકોને ઉભેલા જોઈ બાપુજીએ કાર ઊભી રાખી. કારમાંથી બહાર આવી તેઓ વિદ્યાર્થીઓ પાસે આવ્યા. એક બાળકના માથે હાથ ફેરવતા બાપુજીએ પૂછ્યું,

'દીકરાઓ, આવા ભરતડકામાં અહીંયા કેમ ઊભા છો?'

'દાદા, સામે જ અમારી શાળા છે. અમે ફી નથી ભરી એટલે અમને સ્કૂલમાંથી કાઢી મૂક્યા છે.'

'ફી નથી ભરી તો મા-બાપને સજા કરવી જોઈએ. તમારા જેવા માસૂમ ભૂલકાંઓને થોડી સજા કરાય?'

આટલું બોલતા તો બાપુજીનો અવાજ ભીનો થઈ ગયો. વ્યથિત હૃદયે લાંબા ડગલાં ભરતાં તેઓ સ્કૂલમાં પ્રવેશ્યા.

'ક્યાં છે આ શાળાના આચાર્ય?'

ખાદીના સફેદ કફની લેંઘાધારી વૃદ્ધને જોઈ આચાર્ય દોડી આવ્યા.

'વડીલ, હું આચાર્ય છું. આવો, મારી રૂમમાં બેસી શાંતિથી વાત કરીએ.'

'આચાર્યસાહેબ, આપની ચેમ્બરમાં જરૂર બેસીશું, પણ ફી ન ભરનાર મા-બાપને સજા કરવાને બદલે તમે આવા માસૂમ બાળકોને શા માટે સજા કરો છો? સૌ પ્રથમ તમે એ બાળકોને ક્લાસમાં બેસાડો પછી આપણે તમારી ચેમ્બરમાં બેસીએ.'

ખાદીધારી વૃદ્ધની વિનંતીને સ્વીકારી આચાર્ય થોડા શરમાયા. બાળકોને તુરત વર્ગમાં બેસાડવા સૂચના આપી, પછી પોતાની રૂમ તરફ બાપુજીને દોરી જતા બોલ્યા,

'વડીલ, ૩૫ વિદ્યાર્થીઓના ફીના લગભગ ૩૫ હજાર બાકી છે. અમારે પણ શાળા ચલાવવા પૈસાની જરૂર તો પડે જ ને. એટલે બાળકો પર જરા સખતી કરવી પડી છે.'

આચાર્યની ચેમ્બરમાં ખુરશી પર સ્થાન લેતા બાપુજીના ચહેરા પર આછું સ્મિત પથરાઈ ગયું અને મનોમન તેઓ બોલી ઉઠ્યા,

'આટલી રકમ માટે માસૂમ બાળકોના લાખ લાખ રૂપિયાના ચહેરાને તડકામાં રતુમડા કરાતા હશે?'

અને બાજુમાં ઉભેલા ડ્રાઇવર અનિલને કહ્યું, 'અનિલ, જરા વિદ્યાર્થીઓની ફીના રૂા. પાંત્રીસ હજાર ભરવાની વ્યવસ્થા કરશો?'

અનિલે તુરત મોબાઇલ પર સંદેશો આપ્યો અને એકાદ કલાકમાં પાંત્રીસ હજારનો ચેક આચાર્યના ટેબલ પર આવી ચઢ્યો. ત્યારે આચાર્ય

(વધુ માટે જુઓ પાનું ૨૭)

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/–     તા. ૧૬ નવેમ્બર, ૨૦૦૮     છૂટક નકલ રૂા. ૧૦/–

✶✶✶ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✶✶✶

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૫     વીર સંવત : ૨૫૩૫     કારતક વદ – તિથિ – ૨

## જિન-વચન

### પરમ વિજય

जो सहस्सं सहस्साणं संगामे दुज्जए जिणे ।
एगं जिणेज्ज अप्पाणं एस मे परमो जओ ।।

–उत्तराध्ययन–९-३४

દુર્જય સંગ્રામમાં દસ લાખ શત્રુઓને માણસ હરાવે તેના કરતાં પોતાના આત્મા ઉપર વિજય મેળવે એ જ પરમ વિજય છે.

जो मनुष्य दुर्जेय संग्राम में दस लाख योद्धाओं को पराजित करे, इस की अपेक्षा कोई अपने आप को जीते यही परम विजय है ।

In war a man may defeat a million invincible enemies but conquering one's own self is the greatest victory.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

## આચમન

### વિશ્વનો મહાન કોશ ગ્રંથાધિરાજ ‘અભિધાન–રાજેન્દ્ર’ હવે ઈન્ટરનેટ પર

સંસ્કૃત તથા પ્રાકૃતમાં ૬૦,૦૦૦ શબ્દોના જ્ઞાનભંડારનો અમૂલ્ય ખજાનો એવો ગ્રંથાધિરાજ ‘અભિધાન–રાજેન્દ્ર’ હવે ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે. કલિકાલ કલ્પતરૂ વિશ્વપૂજ્ય જૈનાચાર્ય શ્રીમદ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજીએ ૭૩ વર્ષની ઉંમરે લખવાની શરૂઆત કરી પૂરા ચૌદ વર્ષોની આકરી જહેમત બાદ આ ગ્રંથ પૂર્ણ કર્યો હતો. ૧૦,૫૬૦ના પૃષ્ઠોવાળા આ કોશમાં લગભગ ૪થી ૫ લાખ શ્લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથાધિરાજના સાત ભાગ છે અને તેનું કુલ વજન લગભગ ૩૫થી ૪૦ કિલો છે. રાષ્ટ્રસંત જૈનાચાર્ય શ્રીમદ્ વિજય–જયંત સેનસૂરીશ્વરજીના આશીર્વાદથી તેમના શિષ્ય મુનિરાજશ્રી વૈભવરત્નવિજયજીની પ્રેરણાથી ભારતમાં સંચાલક ભાવુક ડી. દોશી, આકાશ એમ. અદાણી, ગુરુ જે. દોશી, અભિષેક બી. જૈન તથા વિદેશમાં શ્રી મહેન્દ્ર સી. વોરા (યુએસએ), હેમીન એમ. સંઘવી (લંડન), દર્શીલ ડી. દોશી (બેંગકોક)ના સતત પરિશ્રમથી આટલા વિશાળ ગ્રંથની www.rajendrasurinet.com નામની વેબસાઈટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શોધકર્તાઓ, સાહિત્યકારો તથા વિદ્વાનોને માટે તો આ અત્યોત્તમ અને ઉપયોગી કાર્ય થયું છે. વેબસાઈટમાં આ મહાનગ્રંથના કર્તા જૈનાચાર્ય શ્રીમદ્ રાજેન્દ્રસૂરીજીનું જીવનચરિત્ર પણ હિન્દી, અંગ્રેજી તથા ગુજરાતીમાં વાંચવા મળે છે.

❑ **પુષ્પાબેન પરીખ**

## સર્જન–સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : એક યશગાથા | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | ‘ધર્મ ચિંતનના ચાર સૂત્રો’ | શ્રી વસંતભાઈ ખોખાણી | ૬ |
| (૩) | બળાપો | ડૉ. રણજિત પટેલ | ૯ |
| (૪) | બુદ્ધિના પગલાથી પ્રારંભાતી સુખ–યાત્રા | આ. વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મ. | ૧૦ |
| (૫) | આવું કેમ? | ડૉ. પ્રવિણભાઈ સી. શાહ | ૧૧ |
| (૬) | પ્રાચીન નગર બજરંગગઢ | ગીતા જૈન | ૧૫ |
| (૭) | શ્રી જૈન-શ્રદ્ધા યોગ-મહાવીર ગીતા : એક દર્શન | પ. પૂ. મુનિ શ્રી વાત્સલ્યદીપ | ૧૭ |
| (૮) | ચાલો! દાદાના દિવ્ય ધામને ઓળખીએ | ડૉ. અભય આઈ. દોશી | ૨૨ |
| (૯) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૫ |
| (૧૦) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૬ |
| (૧૧) | પંથે પંથે પાથેયઃ ખુમારીનો ખોંખારો | પ. પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ.સા. | ૨૮ |
| (૧૨) | આચમન : ‘અભિધાન–રાજેન્દ્ર’ | પુષ્પાબેન પરીખ | ૨ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/–(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/–(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/–(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/–(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/–(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર ‘પ્રબુદ્ધ જીવન’ પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને ‘પ્રબુદ્ધ જીવન’ વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ ‘પ્રબુદ્ધ જીવન’ને સદ્ધર કરવા ‘પ્રબુદ્ધ જીવન નિધિ’ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- ‘પ્રબુદ્ધ જીવન નિધિ’ અને ‘કન્યા કરિયાવર આજીવન લવાજમ’ આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **‘શ્રી મુંબઈ જૈન યુવક સંઘ’**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

❑ **મેનેજર**

- Website : www.mumbai_jainyuvaksangh.com
- email : info@mumbai_jainyuvaksangh.com

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૧૧ ● ● તા. ૧૬ નવેમ્બર, ૨૦૦૮ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : એક યશગાથા

મુંબઈની ધનજી સ્ટ્રીટના એક ઓરડામાં સમાન વિચારધારાની બે-ત્રણ વ્યક્તિ એકત્રિત થઈ અને જૈન ધર્મમાં તેમજ સમગ્ર સમાજ અને વિશેષતઃ જૈન ધર્મના કેટલાંક કાર્યો અને રિવાજોથી અસંતુષ્ટ એવા એ વિચારવંત મહાનુભાવોએ પોતાના એ નવા વિચાર વહેણને સમાજમાં ઉમેરવા એક સંગઠનની સ્થાપના કરી, અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો જન્મ થયો, એ દિવસ હતો તા. ૩-૨-૧૯૨૯નો.

રોટરી અને લાયન્સ કલબ જેવી અન્ય સામાજિક સંસ્થાઓનો જન્મ આ રીતે થયો હતો અને વર્તમાનમાં એ બધી સંસ્થાઓ વિશાળ વટવૃક્ષ બની પોતાના ક્ષેત્રે કેવા ભવ્ય કામો કરીને વિશ્વના સમસ્ત માનવ જીવનને કેટલી બધી ઉપયોગી થઈ રહી છે એનો આજે સમાજ સાક્ષી છે.

આજે ૭૯ વર્ષની ઉંમરે પણ આ સંઘ એની અનેકવિધ પ્રવૃત્તિઓથી યુવાન છે.

વિચારક પરમાણંદ કુંવરજી કાપડિયા એના મુખ્ય સુત્રધાર, અને પછી તો કારવાં બનતા ગયા! કેટલાં બધાં મહાનુભાવો! પ્રકાંડ પંડિત સુખલાલજી, કાકા સાહેબ કાલેલકર, જમનાદાસ અમરચંદ ગાંધી, ડૉ. વૃજલાલ મેઘાણી, ચંદ્રકાંત સુતરિયા, તારાચંદ કોઠારી, મણિલાલ મોકમચંદ શાહ, ચીમનલાલ ચકુભાઈ શાહ અને ડૉ. રમણલાલ શાહ.

**સંસ્થાનું મુખપત્ર :**

એ સમયે પોતાના વિચારોને સમાજ સમક્ષ રજૂ કરવા સંસ્થાને પોતાના એક મુખપત્રનું પ્રકાશન કરવાની ઈચ્છા થઈ, અને સ્થાપના પછી તરત જ છ મહિના બાદ તા. ૩૧-૮-૧૯૨૯ના મુખપત્રનું પ્રકાશન શરૂ થયું. પ્રારંભમાં 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા' એવું નામાભિધાન રાખ્યું. તા. ૩૧-૮-૨૯ થી તા. ૨૨-૧૦-૩૨. પછી 'પ્રબુદ્ધ જૈન' (તા. ૨૯-૧૦-૧૯૩૨ થી તા. ૯-૯-૧૯૩૩). પ્ર.જી.ના અમર અરવિંદ ઉપરના એક લેખ ઉપર બ્રિટિશ સરકારની લાલ આંખ થઈ, પણ 'પ્રબુદ્ધ જૈન' ઝુક્યું નહિ અને 'તરુણ જૈન' નામ ધારણ કર્યું. તા. ૧-૧-૧૯૩૪ થી તા. ૧-૮-૧૯૩૭ સુધી. ફરી પાછું, તા. ૧-૫- ૧૯૩૯ થી 'પ્રબુદ્ધ જૈન' નામાભિધાન ધારણ કર્યું. પરંતુ હવે 'પ્રબુદ્ધ જૈન' માત્ર એક વર્ગનું જ ન રહેતા સમગ્ર ગુજરાતનું બની ગયું હતું. એની બેઠક 'નવજીવન' અને 'હરિજન બંધુ'ની નજીક હતી. કાકા સાહેબ કાલેલકરનું એ લાડકું અને પં. સુખલાલજી જેવા અન્ય ચિંતકો તેમજ સાહિત્યકારોનું એ માનીતું બન્યું એટલે અન્ય બૌદ્ધિક ઋષિઓએ 'પ્રબુદ્ધ જૈન'ને વિસ્તારવાની સલાહ આપી અને તા. ૧-૫-૧૯૫૩ થી 'પ્રબુદ્ધ જૈન' 'પ્રબુદ્ધ જીવન' બન્યું, જે વર્ષોથી આપના કરકમળમાં આવી રહ્યું છે.

આમ આ મુખપત્રને પણ ૭૯ વર્ષ થયા. ગુજરાતના બૌદ્ધિક ઋષિઓએ એને હુંફ આપી છે અને આ જ્ઞાન જ્યોતને પ્રવજ્વલિત રાખવા શ્રીમંતોએ ઉદાર હાથે દાનનો પ્રવાહ વહેતો કર્યો છે. આ એક વિરલ ઘટના છે એટલું જ નહિ, એ વર્ગની સાહિત્ય અને સમાજ પ્રત્યેની જાગૃતિની સાબિતી છે.

આ મુખપત્ર, તરુણ જૈન, પ્રબુદ્ધ જૈન-જીવનને જે પ્રારંભમાં સાપ્તાહિક, પાક્ષિક અને હવે માસિક છે એનું જમનાદાસ ગાંધી, ચંદ્રકાંત સુતરિયા, રતિલાલ કોઠારી, મણિલાલ મોકમચંદ શાહ, તારાચંદ કોઠારી, પરમાનંદ કુંવરજી કાપડિયા, ચીમનલાલ ચકુભાઈ શાહ અને ડૉ. રમણલાલ ચી. શાહે તંત્રીસ્થાન શોભાવ્યું; એમાંય

આ અંકના સૌજન્યદાતા

**શ્રી કાન્તિલાલ રમણલાલ પરીખ-દિલ્હીવાળા**

**સ્મૃતિઃ સ્વ. શ્રીમતી કંચનબેન કાન્તિલાલ પરીખ**

ડૉ. રમણલાલ શાહની તંત્રીસ્થાને સેવા તો અવિરત લગભગ ૨૪ વર્ષની.

આ મુખપત્રને ગુજરાતના સર્વે સમર્થ ચિંતકો અને સાહિત્યકારોની કલમનો લાભ મળ્યો, મળતો રહ્યો છે, અને એ કલમે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને પોતાના જીવનને પ્રબુદ્ધ ભાવ તરફ ગતિ કરવાની પ્રેરણા આપી છે. કેટકેટલા સંતો, ચિંતકો અને સાહિત્યકારોના નામનો ઉલ્લેખ કરું? સર્વેને નત મસ્તકે અમારા વંદન.

આ 'પ્રબુદ્ધ જીવન' સંઘના આજીવન સભ્યો તેમજ ગુજરાતના ચિંતકો, સર્જકો અને સાહિત્યકારોને વિના મૂલ્યે દર મહિને અર્પણ કરાય છે, ઉપરાંત આર્થિક સહાય માટે જાXખ ન લેવાનો સંસ્થાનો અફર નીતિનિયમ રહ્યો છે. એટલે સ્વાભાવિક છે કે 'પ્રબુદ્ધ જીવન'ને આર્થિક ખોટ સહન કરવી પડે અને એથી કદાચ એની સ્થિરતા પણ જોખમાય. આ કારણે 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરી અને કાયમી ભંડોળ માટે સમાજને વિનંતિ કરી. તેમજ આજીવન સભ્યોને પૂરક રકમ મોકલવાની વિનંતિ કરી; સાથોસાથ પ્રત્યેક અંક માટે સૌજન્ય યોજના પણ પ્રસ્તુત કરી. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોએ આ યોજનાઓ વધાવીને ઉત્સાહપ્રેરક સાથ સંઘને આપ્યો. સંસ્કારીજનો કેટલાં બધાં કદરદાન છે એની આ ઉત્તમ પ્રતીતિ.

**પર્યુષણ વ્યાખ્યાનમાળા :**

જે રીતે નવા વિચારોને સમાજ તરફ વહાવવા મુખપત્રનો પ્રારંભ કર્યો. એ જ રીતે ૧૯૩૧માં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ પર્યુષણના આઠ દિવસ દરમિયાન પર્યુષણ વ્યાખ્યાનમાળાની પરિકલ્પના સંઘ સમક્ષ મૂકી. આવી વ્યાખ્યાનમાળાનો પ્રારંભ એક વર્ષ પહેલાં અમદાવાદમાં થઈ ચૂક્યો હતો, જે હજી આજે ૭૭-૭૮ વર્ષથી ચાલે જ છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યકરોએ પૂ. સુખલાલના આ સૂચનને વધાવી લીધું અને મુંબઈના સી. પી. ટેન્કના હીરા બાગમાં-૧૯૩૧માં આ વ્યાખ્યાનમાળાનો પ્રારંભ થયો. આ વ્યાખ્યાનમાળાને પણ આજે ૭૭ વર્ષ પૂરા થયાં, પરંતુ વચ્ચે ૧૯૩૩, ૩૪, ૩૫ માં કોઈ કારણોસર આ વ્યાખ્યાનમાળાનું આયોજન ન થઈ શક્યું એટલે વ્યાખ્યાન મણકાની દૃષ્ટિએ ૭૪ મણકા પૂરા થયા અને **હવે ૨૦૦૯ માં આ વ્યાખ્યાનમાળા ૭૫ મા મણકામાં પ્રવેશ કરશે.**

આ વ્યાખ્યાનમાળાએ જિજ્ઞાસુ શ્રોતાઓના આંતર જીવનને ઘડ્યું છે. અત્યાર સુધી સેંકડો વિદ્વાન વક્તાઓ અને હજારોની સંખ્યામાં શ્રોતાઓએ એના શ્રવણ-મનનથી પોતાના જીવનને લાભાન્વિત કર્યું છે, અને આવી વ્યાખ્યાનમાળા અનેક સ્થળે યોજાય એવી પ્રેરણા આપી છે. આજે સર્વત્ર એ આકાર પામી છે.

પંડિત સુખલાલજીએ ૩૦ વર્ષ, પ્રા. ગૌરીપ્રસાદ ઝાલાએ ૧૦ વર્ષ અને ડૉ. રમણલાલ શાહે સતત ૩૩ વર્ષ આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શોભાવ્યું અને પ્રતિ વર્ષે આ વ્યાખ્યાનમાળા ઉચ્ચ શિખરે બિરાજતી રહી.

ઓશો રજનીશ જ્યારે આચાર્ય રજનીશ હતા ત્યારે મુંબઈમાં સૌ પ્રથમ એઓશ્રીનું વક્તવ્ય આ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રસ્તુત થયું હતું. આવા તો અનેક મહાનુભાવો આ વ્યાખ્યાનમાળામાં પધાર્યા છે. કેટકેટલાના નામ યાદ કરીએ? હવે તો આ વ્યાખ્યાનમાળાના વક્તવ્યો સી.ડી. ઉપરાંત વેબ સાઇટ ઉપર પણ બીજે જ દિવસે સાંભળી શકાય છે.

આ વ્યાખ્યાનમાળા જેમ જેમ હરણફાળ ભરતી ગઈ અને એની યશોગાથા ગુંજતી ગઈ એમ એને સ્થિરતા આપવાની જવાબદારી પણ ઉપસ્થિત થઈ. હૉલના ભાડા, વિદ્વાન વક્તાઓને પુરસ્કાર, પ્રવાસ ખર્ચ અને અન્ય વહિવટી ખર્ચ, તેમજ પ્રત્યેક વર્ષે મોંઘવારી! પરંતુ શુભ કામનો સાદ સૌ સજ્જનો સાંભળે એમ સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટે આ વ્યાખ્યાનમાળા માટે કાયમી ભંડોળ આપ્યું અને એ વ્યાજની રકમ ઓછી પડી ત્યારે ફરી કાયમી રકમ વધારી, એટલું જ નહિ હજી પણ દર વરસે ખૂટતી રકમ સંઘને એ ટ્રસ્ટ તરફથી મળતી રહે છે.

૧૯૮૫માં વ્યાખ્યાનમાળાના એ વખતના પ્રમુખ ડૉ. રમણભાઈને એક ઉમદા વિચાર આવ્યો કે પર્યુષણ પર્વના ઉત્તમ દિવસો દરમિયાન શ્રોતાઓને માત્ર વાણી શ્રવણનો જ નહિ, અન્ય દાનનો પણ લાભ આપવો જોઈએ એટલે ગુજરાતના પછાત વિસ્તારમાં સામાજિક, કેળવણી, વૈદકિય તેમજ અન્ય ક્ષેત્રે કામ કરતી જરૂરતમંદ સંસ્થાઓ માટે દાન ઉઘરાવી એ સંસ્થાને પહોંચતું કરાય તો મુંબઈમાં રહેતો નાનો દાની પણ મોટા દાનનો લાભ લઈ શકે અને એ સંસ્થા પણ સ્થિર થાય અને પોતાના સેવા ક્ષેત્રમાં પ્રગતિ કરી શકે એવો વિચાર સંઘ સમક્ષ મૂક્યો. સંસ્થાના કાર્યકરો એવી જરૂરતમંદ સંસ્થાઓની મુલાકાત લઈ આવે, સંસ્થા નક્કી કરે અને આઠ દિવસ દરમિયાન એ સંસ્થા માટે દાનની વિનંતિ કરવામાં આવે, પરિણામે ૧૯૮૫ થી આજ ૨૦૦૮ સુધી કુલ **૨૪ સંસ્થાઓ** માટે દાનની વિનંતિ કરી અને લગભગ **ત્રણ કરોડ** રૂપિયા સંઘે એ સંસ્થાઓને પહોંચાડ્યા છે.

આ રીતે પર્યુષણ વ્યાખ્યાનમાળા માત્ર એક જ્ઞાન જિજ્ઞાસુ સાંસ્કૃતિક ઘટના જ ન બની રહેતા સમાજના નવ ઉત્થાન માટે તપ કરતી સંસ્થાઓને આર્થિક રીતે ઉપયોગી થવાનો પોતાનો ધર્મ બજાવી રહી છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને આજે જ્યારે પોતાને માટે જ સ્થાઈ ભંડોળ એકત્ર કરવાનો સમય આવ્યો છે ત્યારે અમને એવા સૂચનો આવ્યા કે એક પર્યુષણ વ્યાખ્યાનમાળામાં બહારની સંસ્થા માટે આવો પ્રોજેક્ટ ન લેતા સંસ્થા પોતાના ભંડોળ માટે વિનંતિ કરે. પરંતુ એ સર્વે સૂચનો સ્વીકારીએ તો સંઘને રકમ મળે તો ખરી જ, પરંતુ કોઈ એક જરૂરતમંદ સંસ્થાને ભોગે? અમારે અમારા ધર્મમાંથી ચ્યૂત થવું? કોઈ સંસ્થાને મળતા દાનનું નિમિત્ત બનવાને

બદલે અંતરાય રૂપ બનાવું? સંઘ માટે તો સમાજ પાસે ખાસ નિમિત્ત લઈને જઈશું. અને **અમે આજે આપની પાસે ટહેલ લઈને આવ્યા છીએ.** શ્રદ્ધા છે કે દાનીજનો સંઘને નિરાશ નહિ જ કરે.

વટવૃક્ષ જેવા સંઘની પ્રવૃત્તિઓની તો અનેક શાખા-ડાળીઓ છે. પ્રત્યેક સેવા પ્રવૃત્તિની વિગતો લખવા બેસીએ તો પાના ભરાય એટલો એ પ્રવૃત્તિઓનો ઈતિહાસ છે.

સંઘની પોતાની ૨૫૦૦ સ્કે. ફૂટની જગ્યા મુંબઈના કેન્દ્ર સમા વી. પી. રોડ ઉપર છે જે આજે નવનિર્માણને પંથે છે. લગભગ ચાર પાંચ વર્ષમાં એ જગ્યા સંઘને પુનઃ પ્રાપ્ત થશે. એ જગ્યા ઉપર પુસ્તકાલય, રમકડાં ઘર, ચશ્મા બેંક, અસ્થિ સારવાર શિબિર, ભક્તિ સંગીત, ચર્ચા પ્રવચનો વગેરે પ્રવૃત્તિ નિયમિત થતી રહેતી હતી, જે પુનઃ શરૂ થશે. વર્તમાનમાં જે શુભેચ્છકે વહિવટી કામ માટે સેવા ભાવથી જગ્યા આપી છે, ત્યાંથી પાંચેક કર્મચારી દ્વારા વર્તમાન પ્રવૃત્તિનો વહિવટ થઈ રહ્યો છે.

શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાત-વાળા પ્રેરિત, પ્રેમળ જ્યોતિ શીર્ષક દ્વારા જરૂરિયાતમંદ વ્યક્તિઓને દવા, શાળા યુનિફોર્મ, કપડાં, સ્કૂલ ફી નિયમિત અપાય છે. શ્રી દીપચંદ ત્રિભોવનદાસ પુસ્તક પ્રકાશન ટ્રસ્ટમાંથી નિયમિત જૈન ધર્મના ગ્રંથોનું પ્રકાશન થાય છે. શ્રી જમનાદાસ મહેતા અનાજ રાહત ફંડમાંથી જરૂરિયાતમંદ કુટુંબને નિયમિત અનાજ પહોંચાડાય છે. કિશોર ટિંબડિયા કેળવણી ફંડમાંથી શાળા-કૉલેજના વિદ્યાર્થીઓને ફીની રકમ અપાય છે, ઉપરાંત ભક્તિ સંગીતના વર્ગો પણ નિયમિત યોજાય છે.

૭૯ વર્ષથી પ્રવૃત્તિથી ધમધમી અને મઘમઘી રહેલા આ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની આજની આપણી ચોથી પેઢીના હાથમાં એનું સુકાન છે. દરેક પેઢીએ પોતાની પેઢીને પૈસા અને પ્રવૃત્તિઓથી સદ્ધર કરી બીજી પેઢીના હાથમાં એનું સુકાન સોંપ્યું છે અને એ પેઢીએ સવાઈ સેવા પ્રગતિ કરી છે. એ હકિકતોથી સમાજ વિદિત છે.

આજથી લગભગ ૩૪ વર્ષ પહેલા તા. ૧૬-૩-૧૯૭૪ના સંઘને ભંડોળની જરૂર પડી ત્યારે એક ચેરિટી શોનું આયોજન કર્યું હતું અને દાનવીરોએ હુંફાળો પ્રતિસાદ આપી સંઘની ઝોળી ભરી દીધી હતી.

હવે આજે ૩૪ વર્ષ પછી સંઘ ફરી આપના હૈયા પાસે આવી ટકોરા મારે છે. આ સંસ્થાને સદ્ધર કરી આવતી પેઢીના હાથમાં એનું સુકાન સોંપીએ એ આપણો સેવા ધર્મ છે, જે આપણે બજાવવો જ રહ્યો, જે રીતે આપણા પૂર્વજોએ એ ધર્મ બજાવ્યો હતો એ રીતે.

**FUND RAISING COMMITTEE**

| ક્રમાંક | નામ | ટેલીફોન નંબર | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રકાન્ત ડી. ગાંધી | ૬૬૩૬૧૩૩૩ | ૯૮૧૯૫૯૦૦૦૨ |
| ૨. | શ્રી લલિતભાઈ પી. શાહ | ૬૬૨૨૭૫૭૫ | ૯૮૨૧૦૫૩૧૩૩ |
| ૩. | શ્રી દિલીપભાઈ એમ. શાહ | ૨૨૬૨૪૭૩૫ | ૯૮૨૧૦૯૫૯૬૮ |
| ૪. | શ્રી રસિકલાલ એલ. શાહ | ૨૩૬૪૧૦૩૭ | – |
| ૫. | શ્રી ચંદ્રકાન્ત ડી. શાહ | ૨૩૮૨૧૭૧૯ | ૯૮૨૦૬૪૬૪૬૪ |
| ૬. | શ્રી ધનવંત ટી. શાહ | ૨૪૯૯૯૬૦૦ | ૯૮૨૦૦૦૨૩૪૧ |
| ૭. | શ્રી ભૂપેન્દ્ર ડી. જવેરી | ૬૫૨૧૧૨૦૫ | ૯૮૨૦૦૩૧૪૮૦ |
| ૮. | પ્રા. તારાબહેન ર. શાહ | ૨૫૯૨૨૬૭૩ | – |
| ૯. | શ્રીમતી ઉષાબહેન પી. શાહ | ૨૩૬૪૬૩૭૫ | ૯૮૧૯૭૮૨૧૯૭ |
| ૧૦. | શ્રી રમણીકલાલ બી. શાહ | ૨૩૮૮૫૫૮૯ | ૯૮૯૨૭૨૭૭૦૯ |
| ૧૧. | શ્રી ચંદ્રકાન્ત કે. પરીખ | ૨૩૮૭૩૬૧૧ | ૯૯૨૦૨૭૬૮૮૧ |
| ૧૨. | શ્રી નીતિનભાઈ સોનાવાલા | ૨૩૫૨૦૧૩૬ | ૯૮૨૦૦૬૨૧૫૯ |
| ૧૩. | શ્રી નિરૂબહેન એસ. શાહ | ૨૩૬૩૧૨૮૫<br>૨૩૬૮૨૨૭૦ | |

આપણા સંતાનોને સંસ્કાર, સ્થિરતા અને સમૃદ્ધિ આપી જવી એ જેમ આપણી ફરજ છે એમ આવી એક તપનિષ્ઠ સંસ્થાને પણ એવી સ્થિરતા આપી એને દીર્ઘ આયુષ્ય બક્ષવું એ પણ આપણો સામાજિક ધર્મ છે.

પૂ. ડૉ. રાકેશભાઈ ઝવેરીના પ્રમુખસ્થાને તા. ૧૦-૧-૨૦૦૯-ના શનિવારે મુંબઈના રવીન્દ્ર નાટ્ય મંદિરમાં એક 'ભક્તિ યાત્રા'નો કાર્યક્રમ રાખેલ છે, જેની વિશેષ વિગતો હવે પછી પ્રસ્તુત કરીશું.

ફંડ એકત્રિત કરવા માટે એક ફંડ રેઝિંગની કમિટીની રચના કરી છે જેની વિગત અહીં રજૂ કરી છે.

આ સંસ્થાને જ્યારે ૧૦૦ વર્ષ પૂરાં થશે ત્યારે એની સેવા ગાથાનો ગ્રંથ તો લખાશે જ, આ ૭૯ વર્ષની સફરે તો માત્ર આ થોડાં પરિચ્છેદ જ.

ધર્મ, સમાજ, અર્થ, કરુણા અને વિચાર એમ અનેક ક્ષેત્રોને આવરી લેતી આવી સંસ્થાઓની સંખ્યા શોધવા જઈએ તો અલ્પ સંખ્યામાં પણ ભાગ્યે જ મળે, એ રીતે આ સંસ્થા અદ્વિતીય છે જ, અને આટલા વરસોથી એના કાર્યમાં સત્ય-તત્ત્વ હોય, એના પૂર્વ કાર્યકરોની સેવામાં 'તપ' અને 'નિઠા'નો ભાવ ભળ્યો હોય તો જ એ આટલી લાંબી સેવા યાત્રા કરી શકે.

એ રીતે આ સંસ્થા એક 'સેવારથ' છે અને એની દોર સમાજના સર્વે જનોએ પકડવાની છે અને એ રથને સેવાભાવ તરફ ગતિ કરાવવાનો છે. એમાં જ આપણી સંસ્કારિતા છે. એ જ એ પૂર્વ તપસ્વીઓ પ્રત્યેની આપણી સાચી શ્રદ્ધાંજલિ અને તર્પણ છે અને આ રીતે જ આપણી ભવિષ્યની પેઢી માટેનો આપણો પ્રેમ કેન્દ્રિત

# 'ધર્મચિંતનના ચાર સૂત્રો'

❑ **શ્રી વસંતભાઈ ખોખાણી**

*(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત ૭૪ મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પાટકર હૉલ-મુંબઈ ખાતે તા. ૨૭ ઑગસ્ટ-૨૦૦૮ બુધવારના રોજ રાજકોટના પ્રખર તત્ત્વચિંતક અને પ્રભાવી વક્તા શ્રી વસંતભાઈ ખોખાણીએ આપેલ વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ.)*

પૂર્વાચાર્ય વિરચિત શ્રી ગૌતમ કુલકની ગાથા ૧૨માં જ્ઞાની ભગવંત ફરમાવે છે કે-

ન ધમ્મકજ્જા પરમત્થિ કજ્જં, ન પાણિહિંસા પરમં અકજ્જં ।
ન પ્રેમરાગા પરમત્થિ બંધો, ન બોહિલાભા પરમત્થિ લાભો।।

ધર્મકાર્યો સમાન ઉત્કૃષ્ટ બીજું કોઈ કાર્ય નથી, જીવહિંસા સમાન નિકૃષ્ટ-જઘન્ય કોઈ અકાર્ય નથી. પ્રેમરાગના બંધન સમાન કોઈ બીજું ઉત્કૃષ્ટ બંધન નથી અને બોધિલાભ સમાન ઉત્કૃષ્ટ બીજો કોઈ લાભ નથી.

**(૧) ધમ્મકજ્જા પરમત્થિ કજ્જં ।**

ધર્મ એ જીવને ધારણ કરે છે. ધર્મ જીવને અધોગતિમાં જતા અટકાવે છે. ધર્મ એ જ કે જેથી આત્માને નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય. એ જ ધર્મ ઉત્કૃષ્ટ અને બળવાન છે કે જે ધર્મ જીવને સંસાર પરિક્ષીણ કરવામાં ઉત્તમ હોય અને જીવને નિજસ્વભાવમાં સ્થિતિ કરાવવાને બળવાન હોય.

ધર્મનો મહિમા વર્ણવતા જ્ઞાની ભગવંત કહે છે કે સર્વ કળાઓને એક ધર્મકળા જીતે છે. સર્વ કથાઓને એક ધર્મની કથા જીતે છે. સર્વબળોને એક ધર્મનું બળ જીતનારૂં છે અને સર્વ પ્રકારના સુખોને ધર્મનું (સમતાનું) સુખ જીતે છે. વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે તો આત્માનો સ્વભાવ સમતા છે માટે સમતા એ ધર્મ છે.

કહ્યું છે કે 'ધર્માત્ શ્રેષ્ઠ પરં નાસ્તિ'. ધર્મથી ઉત્તમ કે ચડિયાતું અન્ય કશું જ નથી એમ વિચારીને સર્વ જીવોએ શીઘ્રાતિશીઘ્ર ધર્મની આરાધના કરવી જોઈએ. ધર્મની આરાધના માટે માનવદેહથી ઉત્તમ અને ઉત્કૃષ્ટ બીજો કોઈ દેહ કે ભવ નથી. આથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે જ્યાં સુધી ઈન્દ્રિયો શિથિલ થઈ નથી, વૃદ્ધાવસ્થા આવી નથી, રોગ અને વ્યાધિના વિકારો શરીરમાં જાગ્યા નથી, મૃત્યુ હજુ સમીપ આવ્યું નથી ત્યાં સુધીમાં હે! જીવ તું શાસ્ત્રોવિહિત ધર્મકાર્યો દ્વારા ધર્મનું આરાધન કરી લે.

'ધર્માત્ સુખં' - ધર્મથી જ સર્વ સુખો પ્રાપ્ત થાય છે. મનુષ્યો, રાજાઓ કે દેવોને જે કંઈ સર્વોત્તમ સુખો મળે છે તે ધર્મકરણીના જ પરિણામો છે. બીજ વાવ્યા વિના માત્ર પાણી પાઈને કોઈએ ખેતરમાં અનાજ પકવ્યું હોય તેવું સાંભળ્યું છે? તો પછી ધર્મ વિના સુખપ્રાપ્તિ થાય એ કંઈ રીતે શક્ય બને. આમ ધર્મ જ સર્વસુખોનું બીજ છે.

શાસ્ત્રોમાં ધર્મકાર્યોનું સ્વરૂપ આ પ્રમાણે છે.

૧. પ્રાણઘાતા નિવૃત્તિઃ। - પ્રાણાતિપાત અથવા હિંસાથી નિવૃત્ત થવું.
૨. પરધન હરણે સંયમ। - અચૌર્ય. પરધન કદી ન કરવું.
૩. સત્ય વાક્યમ્। - સત્યવાણી ઉચ્ચારવી.
૪. કાલે શક્ત્યાં પ્રદાનં। - યથાકાળે યથાશક્તિ દાન કરવું.
૫. પરસ્ત્રીકથા મૂકભાવ। - પરસ્ત્રી સંબંધી વાતોમાં મૌનભાવ -ઉદાસીન રહેવું.
૬. તૃષ્ણા સ્ત્રોતો વિભંગો। - તૃષ્ણાના મૂળને છેદવું.
૭. ગુરુષુ ગુણીજન ચ વિનયઃ। - ગુરુજન, ગુણીજન પ્રતિ વિનયવંત થવું.
૮. સર્વભૂતાનુકંપા। - પ્રાણીમાત્ર પ્રતિ અનુકંપા રાખવી.

'શ્રેયષામ એષઃ પન્થાઃ'। ધર્મકાર્યના શ્રેયનો આ જ માર્ગ છે. સર્વ જીવોના કલ્યાણ, હિત અને મંગલનો આ ધર્મ-આચાર સામાન્યતઃ સર્વશાસ્ત્રોમાં ઉપદેશ્યો છે.

જે ધર્મમાં વિષયોથી વિરાગ, કષાયોનો ત્યાગ, ગુણોમાં પ્રીતિ (પ્રમોદભાવ) અને ક્રિયાઓમાં અપ્રમાદીપણું એટલે કે અપ્રમત્તતા હોય તે ધર્મ જ જગતમાં જીવોને મોક્ષસુખ આપવાવાળો બની શકે છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે આધિ, વ્યાધિ અને ઉપાધિના સર્વ પ્રકારના તાપ, ઉત્તાપ અને સંતાપરૂપ આ કલેશમય સંસારમાં કેવળ ધર્મ જ જીવોને શરણભૂત છે.

'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય, આરાધ્ય પ્રભાવ આણી
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્યસ્હાશે.'

જગતજીવોનું જિવિતવ્ય અશાશ્વત અર્થાત્ કાલવર્તી, અનિયત કાલિક અને ક્ષણભંગુર કહ્યું છે. તેથી હે ભવ્યો જિનેશ્વર ભગવાને ઉપદેશેલા સુંદર અને હિતકારી ધર્મમાં જ પ્રવર્તો. સર્વજ્ઞ જિન કથિત ધર્મ જ રક્ષણ કરનાર, શરણભૂત અને સદ્ગતિને આપનારો છે તેને જ આરાધો. આમ 'ન ધમ્મકજ્જા પરમત્થિ કજ્જં'। ધર્મસમાન ઉત્કૃષ્ટ બીજું કોઈ કાર્ય નથી.

**(૨) ન પાણિહિંસા પરમં અકજ્જં ।**

જીવહિંસા જેવું નિકૃષ્ટ - જઘન્ય બીજું કોઈ અકાર્ય એટલે કે પાપ નથી.

શાસ્ત્ર ફરમાવે છે કે સવ્વે પાણા ણ હંતવ્વા। પ્રાણીમાત્ર સર્વે અવધ્ય છે. સવ્વેસિ જિવિયં પીયં। સર્વ જીવોને જીવવું પ્રિય છે, મરવું કોઈને ગમતું નથી.

પાંચ ઈન્દ્રિય, ત્રણ બલ (મન, વચન, કાયા) એક શ્વાસ તથા એક આયુ એમ દશ પ્રકારના પ્રાણ ધારણ કરીને પ્રાણીઓ જીવન જીવે છે જેમાં ઓછામાં ઓછા ચાર તથા વધુમાં વધુ દશ પ્રાણથી જિવિતવ્ય હોય છે.

પાણિહિંસા એટલે કે પ્રાણાતિપાત, વધ કે ઘાતનું સ્વરૂપ આ

પ્રકારે કહી શકાય.

(૧) પ્રાણીના પ્રાણોનો અતિપાત કરવો.

(૨) જીવોને પ્રાણથી પૃથક કરવા.

(૩) જીવોનું જિવિતવ્ય સમાપ્ત કરવું.

(૪) જીવોને પ્રાણઘાત દ્વારા કદર્થના, કષ્ટ કે પીડા ઉપજાવવી.

સવ્વે અક્કન્ત દુઃખાય। – પ્રાણઘાતના દુઃખ અને પીડાથી સર્વ જીવો આક્રાંત થાય છે.

અક્કંત દુઃખા તસ થાવરો । જીવ ત્રસ કે સ્થાવર સર્વને દુઃખ અપ્રિય છે.

સવ્વે પાણિહિંસા અકરણં – ઘોરં પાપ। બધા જ પ્રકારની પ્રાણહિંસા અકાર્ય એટલે કે અકરણીય છે, ઘોર પાપ છે.

જીવ સૌને વહાલો છે. જીવન સૌને પ્યારું છે. જીવદ્રવ્યની અપેક્ષાએ સર્વ જીવો સમાન છે. જિનાગમમાં કહ્યું છે કે 'આયાતુલે પયાસુ'। એટલે સર્વને પોતા સમાન જાણો. આત્મવત્ સર્વ ભૂતેષુ। એ ભારતીય સંસ્કૃતિનો મહામંત્ર છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ 'અમૂલ્ય તત્ત્વવિચાર'ના શીર્ષક હેઠળ મોક્ષમાળામાં તેમની સુપ્રસિદ્ધ કાવ્ય રચનામાં પણ તેઓએ જણાવેલ છે કે 'સર્વાત્મમા સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.'

હિંદુ ધર્મના મહાન પ્રભાવી ઉદ્‌ઘોષક સ્વામી વિવેકાનંદજીએ પણ શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં ઘોષણા કરી હતી કે `EACH SOUL IS POTENTIALLY DIVINE'. પ્રત્યેક જીવ એક દિવ્યાત્મા છે. પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ કે પશુ, પક્ષી, પ્રાણી, દેવ, દાનવ કે માનવ કોઈપણ રૂપમાં રહેલ આત્મા એ દિવ્યાત્મા છે. માનવના ભોગ, ઉપભોગ, આહાર કે ઔષધ કોઈપણ હેતુ માટે જીવોની હિંસા ન્યાયોચિત કે ક્ષમ્ય નથી પણ સૃષ્ટિ અને પ્રકૃતિ પ્રત્યે જઘન્ય અપરાધ છે. DIVINITY IS GREATER THAN HUMANITY. માનવતા કરતાં દિવ્યતા – પ્રાણી ચેતના મહાન છે. વાસ્તવમાં તો પ્રાણીહિંસા જ જીવસૃષ્ટિ અને માનવજાતિની દુર્ગતિ અને અધોગતિનું પ્રમુખ કારણ છે.

જીવમાત્રને તેને તેના પ્રાણથી પીડિત કરવો કે તેના પ્રાણોનો ઘાત કરવો તે હિંસા એટલે કે ઘોર પાપકર્મ છે. પ્રાણઘાતથી પીડિત પ્રાણીઓના પીડાના મોજાં વાતાવરણમાં ઉત્પન્ન થાય છે તે પૃથ્વીના ગુરૂત્વાકર્ષણના મોજાંઓ સાથે વિસંવાદિતા અને અસંતુલન ઊભું કરે છે જે ભૂકંપમાં પરિણમે છે. વૈજ્ઞાનિક પ્રયોગ અને સંશોધનના નામે પ્રતિદિન જે અસંખ્યાત જીવોની નૃશંસ, નિર્ધ્વંસ અને નિર્ઘૃણપણે જે કત્લેઆમ થાય છે તેના કારણે ઉત્પન્ન થયેલ અમર્યાદ પીડાના મોજાંઓનું વિભાજન અને તેની અસરોનું વૈજ્ઞાનિક પૃથ્થકરણ અને અન્વેષણ કરતાં એવા ચોંકાવનારા પરિણામો જાણવા મળે છે કે છેલ્લા સૈકાઓમાં વિશ્વમાં થયેલ ભયાનક ભૂકંપો જેમાં અસંખ્યાત જીવોની જાનહાનિ તેમજ માલમિલ્કતોની અગણિત નુકસાની પાછળ આ અમાપ, અગણિત અને અમર્યાદ પ્રાણીહિંસાના પરિબળો જવાબદાર છે.

આથી પ્રત્યેક જીવ પ્રત્યે સમાદર રાખવો, કોઈ પ્રાણીની હિંસા નહીં કરવી. જીવનથી અધિક પ્રિય કોઈ વસ્તુ નથી. અભયદાન અને પ્રાણીરક્ષા જેવું ઉત્તમ કાર્ય નથી અને પ્રાણી હિંસા જેવું કોઈ અકાર્ય – દુષ્કૃત્ય કે પાપ નથી.

આમ ન પાણિહિંસા પરમં અકજ્જં ।

જીવહિંસા જેવું નિકૃષ્ટ – જઘન્ય બીજું કોઈ પાપ નથી.

**(૩) ન પ્રેમરાગા પરમત્થિ બંધો ।**

પ્રેમરાગના બંધન સમાન મોટું કોઈ બંધન નથી. શ્રીમદ્ રાજચંદ્રે જણાવ્યું છે કે રાગ વિના સંસાર નથી અને સંસાર વિના રાગ નથી.

જન્મ–મૃત્યુ, ગતિ–આગતિ, ભવપરિભ્રમણ આ બધા જીવને બંધનના લક્ષણો છે. જેના કારણમાં અજ્ઞાન અને મોહ છે. વિવિધ બંધન એ રાગ–દ્વેષ અને મોહના પરિણામ છે. પ્રેમરાગ એ રાગજન્ય મોહ છે. આ સંસારી પ્રેમનો પ્રકાર છે જેમાં સ્વાર્થ, મતલબ અને મમત્વ મુખ્ય હોય છે. આસક્તિ એ આવા પ્રેમરાગ કે સંસારીપ્રેમનું સ્વરૂપ છે. રાગમાત્ર બંધનું કારણ છે.

આવા પ્રેમરાગના મુખ્યત્વે ત્રણ પ્રકારો કહી શકાય (૧) સ્નેહરાગ (૨) કામરાગ અને (૩) દૃષ્ટિરાગ.

૧. **સ્નેહરાગ :** સંબંધોના જગતમાં જીવતા જીવો માટે સંસારના વિવિધ પ્રકારના સંબંધો જેવા કે માતા, પિતા, ભાઈ, બહેન, કાકા, મામા, પુત્ર–પુત્રી આદિ સંબંધો આ સ્નેહરાગનું સ્વરૂપ છે. જેમાં પોતાના સ્વજન–પરિજન પ્રત્યે મારાપણાનો ભાવ, મમત્વ, મમતા, આસક્તિ, પ્રીતિ, અતિસ્નેહ આદિ પ્રમુખ છે. આ બધા સંબંધો દેહાદિક પર્યાય આધારિત હોઈ અનિત્ય અને વિનાશી છે. તેમાં મિથ્યા મમત્વ અને ગાઢ પ્રીતિ–આસક્તિ થવી એ જીવના મોહપરિણામ હોય કેવળ બંધનું કારણ છે.

૨. **કામરાગ :**– સંસારી સંબંધોમાં કામભોગની ઈચ્છાથી, વિષય-વાસનાપૂર્વકની ભોગેચ્છાથી અન્ય જીવ પ્રત્યે જે વિષયાસક્ત પ્રીતિ થવી તે કામરાગ છે. આ કામજન્ય રાગ તીવ્ર કામાસક્તિનું પરિણામ છે અને તે જીવને મહાબંધનું કારણ છે. ઇન્દ્રિયના વિષયોના ભોગઉપભોગ કિંપાકફળ સમાન છે જે પ્રારંભમાં આકર્ષક અને મીઠા હોય છે કિંતુ પરિણામે દારુણ સ્વભાવ-વાળા એટલે કે મૃત્યુ નિપજાવનારા હોય છે. કહ્યું છે કે 'સર્વેન્દ્રિય પ્રીતિઃ કામ'। સમસ્ત ઇન્દ્રિયોને જે આહ્‌લાદિત કરે છે તે 'કામ' છે. ઈન્દ્રિયના વિષયભોગનું ચિંતન કરવાથી તે ઉત્પન્ન થાય છે. વિષયોનું ચિંતન એ સંક્રામક રોગ છે જે ખસરોગની ખંજવાળ માફક વૃદ્ધિગત થતો જ રહે છે અને આવા વિષયોના વિષચક્રના બંધનમાં જીવ ફસાતો જ રહે છે. કામરાગના આ બંધનમાંથી છુટવાનું જીવને દુષ્કર બની રહે છે.

૩. **દૃષ્ટિરાગ :** જીવના સંબંધોની દુનિયામાં કોઈ વ્યક્તિવિશેષ, સંપ્રદાયવિશેષ, ગ્રંથવિશેષ કે મતમાન્યતા વિશેષ પ્રત્યે જીવને વિવેકહીન, અંધભક્તિયુક્ત અનુરાગ કે અભિનિવેષના પરિણામ તે દૃષ્ટિરાગ છે. દૃષ્ટિરાગના પરિણામમાં જીવની મોહજન્યમૂઢતા અને મૂર્છાજન્ય પ્રતિબંધ મુખ્ય કારણભૂત છે.

જેથી જીવ સત્યપ્રતિ સન્મુખ થઈ શકતો નથી. જીવની દૃષ્ટિ એકાંત, એકાંગી અને સંકીર્ણ થયેલ હોય તે વસ્તુ અને પદાર્થના અનેકાંત અને અનેકવિધ યથાર્થ સ્વરુપને જોઈ શકતો નથી. કોશેટાના કીડાની માફક પોતાના જ દૃષ્ટિરાગથી નિર્મિત પ્રતિબંધ એ જ તેના અવિરત દુઃખો અને બંધનનું કારણ બની રહે છે.

બીજી દૃષ્ટિએ પુત્રેષણા, વિત્તેષણા અને લોકેષણા એ પણ આ પ્રેમરાગના જ પ્રકારો છે. કોઈને પુત્ર-સંતાન પ્રત્યે મોહ, કોઈને ધન-સમૃદ્ધિનો મોહ, કોઈને પદ-પ્રતિષ્ઠા તો કોઈને યશ-કીર્તિના મોહ જોવા મળે છે. આ બધા બંધનના સ્વરૂપ છે. કારણ કે સંતાન, સંપત્તિ, પ્રસિદ્ધિ કે પ્રતિષ્ઠા એ ભરતી-ઓટ કે તડકા-છાંયા જેવા ચડતી-પડતીરૂપ સંયોગો છે. અનુકુળતાએ સુખકારી અને પ્રતિકુળતાએ સંતાપકારી હોય છે. આ બધા રાગજન્ય પ્રેમ અંતે તો જીવને બંધનમાં જ પરિણમે છે.

જ્ઞાનીઓ ફરમાવે છે કે પંખીના મેળા તેમજ વટેમાર્ગુના સંગમ જેવા સ્વજન – પરિજનોના સંયોગ અસ્થાયી, અનિત્ય અને ક્ષણિક છે. સત્તા, સંપત્તિ કે કીર્તિ પણ પતંગના રંગ જેવી છે, ક્ષણજીવી છે. આવા પ્રેમરાગમાં રાચવા જેવું નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે કિજ્જઈ ન રાગદોસો, છિન્નજઈ તેણ સંસારો.' રાગદ્વેષ ન કરવા. આમ કરવાથી જ સંસારના બંધનોનો ઉચ્છેદ થઈ શકે છે. પ્રેમરાગના દૃષ્ટિમોહથી દર્શન વિકૃત થાય છે અને જ્ઞાન અસમ્યક્ બને છે જે પરિણામમાં અધોગતિ અને દુર્ગતિના બંધનો હેતુ થાય છે.

આમ ન પ્રેમરાગા પરમત્થિ બંધો।

પ્રેમરાગના બંધન સમાન મોટું કોઈ બંધન નથી.

૪. **ન બોહિલાભા પરમત્થિ લાભો ।**

બોધિલાભ સમાન ઉત્કૃષ્ટ બીજો કોઈ લાભ નથી. બોધિલાભ એટલે સ્વરૂપજ્ઞાન, બીજજ્ઞાન, સમ્યક્ત્વ. જ્ઞાની ભગવંત ફરમાવે છે કે વધારે કહેવાથી શું? હે મહાસત્ત્વશાળી ભાગ્યશાળી ભવ્યો- તમોને તત્ત્વવચન કહું છું તે સાંભળો – મોક્ષના પરમસુખના બીજરૂપ આત્મજ્ઞાન-બોધિલાભ જ જીવોને સુખકારી છે અર્થાત્ બોધિલાભના યોગે જ જીવો પરમશાંતિરૂપ મોક્ષને મેળવી શકે છે.

મોક્ષમાર્ગના હેતુરૂપ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્-ચારિત્રરૂપી રત્નત્રયધર્મની પ્રાપ્તિ એ બોધિલાભનું ફળ છે. બાર ભાવનામાં આ બોધિદુર્લભ ભાવના માટે કહ્યું છે કે અનાદિકાળથી સંસારમાં ભમતા આત્માને સમ્યક્જ્ઞાન-દર્શનની પ્રાપ્તિ થવી દુર્લભ છે; વા સમ્યક્જ્ઞાન – દર્શન પામ્યો તો ચારિત્ર અર્થાત્ સર્વવિરતિ પરિણામરૂપ ધર્મ પામવો દુર્લભ છે.

લોગસ્સ સૂત્રમાં પણ માગણી છે કે લોકમાં ઉત્તમ સિદ્ધ થયા છે એવા ચોવીશે જિનેશ્વર શ્રી તીર્થંકરપ્રભુ મને (ભાવ) આરોગ્ય, બોધિલાભ (સમકિત) અને ઉત્તમ સમાધિ આપો. એ જ રીતે પ્રાર્થનાસૂત્ર એવા જયવીરાય સ્તોત્રમાં પણ યાચના છે કે હે નાથ તમોને પ્રણામ કરવાથી મને દુઃખ અને કર્મનો ક્ષય તથા સમાધિમરણ અને બોધિલાભની પ્રાપ્તિ થાઓ.

બોધિલાભની દુર્લભતા દર્શાવતા જ્ઞાની ભગવંત કહે છે કે ધર્મશ્રવણ કરતાં છતાં તે ધર્મતત્ત્વને ધારણ કરવું અર્થાત્ આત્મપરિણામી કરવું દુર્લભ છે. શ્રદ્ધા થવા છતાં તેના પ્રવર્તનરૂપ સંયમ પરિણતિ તો એથી પણ દુર્લભ છે.

ઉત્તરાધ્યયનસૂત્રના ત્રીજા અધ્યાયમાં તીર્થંકર ભગવાન શ્રી મહાવીરદેવે ફરમાવ્યું છે કે (૧) મનુષ્યપણું (૨) સદ્બોધશ્રવણ (૩) તેની પ્રતીતિ-શ્રદ્ધા અને (૪) સંયમ ધર્મમાં પ્રવર્તન-ધર્મના આ ચાર અંગો જીવને પ્રાપ્ત થવા ઉત્તરોત્તર દુર્લભ છે.

બોધિ એ આત્માની ઓળખની ઉપલબ્ધિ છે. બોધિથી જ જીવ સંબોધિ એટલે મુક્તિને પ્રાપ્ત કરે છે. સંબોધિ એટલે સ્વયંને ઓળખી સ્વયંમાં સ્થિત થવું – બુઝવું.

શ્રી સૂયગડાંગ સૂત્રમાં જણાવ્યું છે કે,

શ્રી તીર્થંકર વારંવાર ઉપદેશ કરતા હતા કે 'જીવો! તમે બૂઝો, સમ્યક્ પ્રકારે બૂઝો, મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે.' મહાવીરે ચંડકૌશિકને દૃષ્ટિબોધ કર્યો કે 'બૂજ્ઝ, બૂજ્ઝ ચંડકૌશિક, 'સંબૂજ્ઝહ કિં ન બૂજ્ઝઈ.' હે ચંડકૌશિક તું બૂઝ, સમ્યક્ પ્રકારે બૂજ્ઝ. કેમ નથી બૂઝતો? 'સંબોહિ ખલુ પેચ્ચ દુલ્લહા' – બોધિ પામવી દુર્લભ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણેય બોધિ છે અને ત્રણેયનું આત્મારૂપ એકત્વ અને અવિરોધ પરિણામ એ રત્નત્રયરૂપ સંબોધિ છે, આત્માની મુક્તિનાં અચૂક ઉપાયરૂપ અમોઘ મોક્ષમાર્ગ છે.

પરમાર્થ માર્ગની સઘળી સાધનાનું લક્ષ બોધિ એટલે કે સમ્યક્ત્વની પ્રાપ્તિ છે. બોધિના અભાવમાં કોઈપણ પ્રકારની સાધના કારગત થતી નથી કે સંસારપ્રવાહ પ્રક્ષીણ થતો નથી. વાસ્તવમાં તો સાધકને બોધિનું ન મળવું એ જ સાધનાની દરિદ્રતા છે. આ આંતર્બોધ થયા પછી સાધકને તીવ્રબંધન નથી, અનંત સંસાર નથી, અંતરંગ મોહિની કે અભ્યંતર દુઃખ નથી. બોધિ-પ્રાપ્તિની આ બલિહારી છે!

જેની દૃષ્ટિ સમ્યક્ નથી, જેની દશા સમ્યક્ નથી, જેના વિચારો પવિત્ર નથી, જેના આચારો સંયત નથી, જેનું અંતઃકરણ શુક્લ નથી તેને બોધિની પ્રાપ્તિ દુર્લભ છે.

પરંતુ જેની દૃષ્ટિ અંતર્મુખ છે, જે સઘળા બાહ્ય સુખોમાં વિરક્ત છે, જેનું હૃદય અંતર્ભેદને પામ્યું છે, જેની વૃત્તિ પરમ અહિંસક છે, જેની પ્રવૃત્તિ તીવ્ર જિજ્ઞાસા સાથે સ્વયંની શોધમાં છે તેને બોધિની પ્રાપ્તિ સુલભ છે.

જેને બોધિ સુલભ છે તેને સંબોધિ પણ સુલભ છે અને જેને સંબોધિ સુલભ છે તેને આત્માની મુક્તિ અર્થાત્ મોક્ષ સહજ છે.

આમ ન બોહિલાભો પરમત્થિ લાભો ।

બોધિલાભ સમાન ઉત્કૃષ્ટ બીજો કોઈ લાભ નથી.

અસ્તુ...જય જિનેન્દ્ર. ✶✶✶

૨, ગુલાબનગર, 'ઓજસ', રૈયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭.

# બળાપો

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

મારા ત્રણચાર મિત્રો વર્ષોથી મારે ઘરે આવે છે, ને સુખદુઃખની વાતો નિખાલસપણે કરે છે. એ વાતોમાં મોટેભાગે અંતરનો બળાપો હોય છે. એ બળાપાનાં બેત્રણ દૃષ્ટાંત મેં જુદાં તારવ્યાં છે ને મને એમનો બળાપો યોગ્ય લાગ્યો છે.

લગભગ બધા જ મિત્રોને જૂની અને નવી પેઢીની ખાસિયતોનો ખ્યાલ છે. રસોઈની જ વાત લઈએ. એમનું કહેવું છે કે એમના જમાનામાં રસોઈ ઘરે જ થતી ને હોટેલ-વીશી-રેસ્ટોરન્ટમાં તો ભાગ્યે જ જવાનું થતું. ઘરમાં જમનાર ડઝન હોય તો પણ બે કે ત્રણ વસ્તુથી ચલાવી લેવાતું. એ જે બે કે ત્રણ વસ્તુઓ ભોજનમાં હોય તે શુદ્ધ ને આહારશાસ્ત્રની દૃષ્ટિએ પૌષ્ટિક હતી. આર્થિક રીતે કુટુંબને પોષાય તેવી હતી. જ્યારે આજે અઠવાડિયામાં કેટલાક કુટુંબો તો બે દિવસ હોટેલનું ખાવાનું જ પસંદ કરે છે. એમાં વેરાયટી ઘણી હોય છે પણ શુદ્ધિ અને પોષણની દૃષ્ટિએ હિતાવહ નથી. અને પાંચેક જણ જમનારા હોય તો પાંચસો રૂપિયા તો બીલ આવે જ. ઘરે રસોઈ કરે તો પ્રમાણમાં એ ખર્ચ ઓછું જ આવે. માંદગી, સમયનો અભાવ કે એવાં અન્ય વ્યાજબી કારણો હોય તો સમજી શકાય પણ આ તો એક 'ટેવ' જ પડી ગઈ છે. કિશોર કિશોરીઓને આનો સાચો ખ્યાલ ન આવે પણ વડીલોએ સમજવું જોઈએ. જૂના સમયમાં કેટલીક જ્ઞાતિઓ તો એવી પણ હતી કે હોટેલ-વીશીમાં જવામાં નાનમ સમજતી હતી. મરજાદીઓની વાત જુદી છે. 'અન્ન તેવા ઓડકાર' એટલું જ નહીં પણ અન્ન તેવા આચારવિચાર પણ! વેજ–નોનવેજનો પણ વિવેક રહ્યો નથી. ખાદ્યાખાદ્ય–વિવેકનો અભાવ વધતો જાય છે. કેલરી, વિટામિન્સની વાતો જાણે છે પણ વ્યવહારમાં પોથીમાંના રીંગણાં. આ જમાનામાં માંદા પડવું એ પાપ છે, ને ડોક્ટરોને શરણે જવું એ ગુનો છે...છતાંયે આ પાપ ને ગુનાની વૃદ્ધિ ઉત્તરોત્તર વધતી જ જાય છે. હોજરીમાં દાંત હોતા નથી...એટલે જીભને પૂછીને નહીં પણ હોજરીને પૂછીને જમવું જોઈએ. આપણા ઘણા રોગ છે પ્રજ્ઞાપરાધને કારણે થતા હોય છે. આપણો પ્રમાદ ઘણા રોગોને આમંત્રણ પાઠવે છે.

મારી વાતમાં સુધારો સૂચવતાં એક મિત્રે કહ્યું, 'આજકાલ પરદેશ જનારાની સંખ્યા વધી છે. પરદેશમાં એમને અહીંના જેવું ચટાકેદાર ભોજન મળે નહીં એટલે જ્યારે દેશમાં આવવાનું બને છે ત્યારે ચટાકેદાર ભોજનનો 'ટેશડો' કરી લેતાં હોય છે. એમને કારણે કુટુંબના અન્ય સભ્યોને પણ ટેવ પડી જતી હોય છે. વાતમાં અતિશયોક્તિ હોય તો પણ સાવ પાયા વિનાની વાત તો નથી જ.'

બીજા સભ્યે બળાપો વ્યક્ત કરતાં આક્રોશ ને પુણ્યપ્રકોપ સાથે કહ્યું : 'આજકાલનાં કેટલાક વર્તમાનપત્રો ને સામયિકોમાં જાતીય પ્રશ્નોની પ્રશ્નોત્તરી કે લેખો આવતા હોય છે. એમાંના કેટલાક પ્રશ્નો તો બનાવટી લાગતા હોય છે. ને ઉત્તર આપનારનાં નામ અંગે પણ શંકા જાગે છે. સ્વપ્નદોષ ને હસ્તમૈથુનથી થતા વીર્યપાતને ખૂબ જ હળવાશથી લેવામાં આવે છે. જાતીયતાના પ્રશ્નને વિવિધ રીતે ગલગલિયાં થાય તે રીતે ચગાવવામાં આવે છે ને સેક્સોલોજીસ્ટનો હવાલો આપી વીર્યપાતને ઓવરફ્લો ગણાવે છે ને અર્જ આવતાં હસ્તમૈથુન કરવાની સલાહ પણ આપવામાં આવે છે. વીર્યરક્ષણ અને બ્રહ્મચર્યને ખૂબ હળવાશથી લેવામાં આવે છે. એનાથી શરીર સ્વાસ્થ્ય, સ્મૃતિ, કાન્તિ, બુદ્ધિશક્તિ ઉપર કશી જ અસર થતી નથી એવું ઠોકી ઠોકીને કહેવામાં આવે છે. 'વીર્યના એક બિંદુના રક્ષણમાં જીવન છે ને પતનમાં મરણ છે' એવા પ્રાચીન અભિપ્રાયની ઠેકડી ઉડાડે છે. આજની યુવાન પેઢીનાં મુખકમલ નિહાળજો. એમની કાર્યક્ષમતા ને કાર્યદક્ષતાનો અંદાઝ કાઢજો...અરે બની બેઠેલા સાધુઓને ધારીને જોશો, વીર્યરક્ષણ ને બ્રહ્મચર્ય પાલન નહીં કરનારા 'દકન' કેવાં મ્લાન હોય છે ને એમના જીવનમાં કેવો પ્રમાદ હોય છે! યુવાન જીવન્મૃતો ઓવર સેક્સની બાયપ્રોડક્ટ લાગશે. આના સમર્થનમાં, જે. કૃષ્ણમૂર્તિનો જાતીયવૃત્તિ અંગેનો અભિપ્રાય ટાંકતા સભ્યે કહ્યું, 'ખાવું એ તમને પ્રશ્નરૂપ નથી તેમ જાતીયભોગની ક્રિયાએ તમને પ્રશ્નરૂપ નથી'... સિનેમા, માસિકો, વાર્તાઓ, પોષાક પહેરવાની સ્ત્રીઓની રીત-સઘળું તમારા જાતીય ભોગના વિચારોને પુષ્ટિ આપી રહ્યું છે. સિનેમામાં જવું અને પડદા પર સ્ત્રીઓને નીરખવી, વિષયી વિચારને ઉત્તેજિત કરે એવાં પુસ્તકો કે અર્ધનગ્ન ચિત્રોવાળાં માસિકો વાંચવા, સ્ત્રીઓ તરફ દૃષ્ટિ કરવાની તમારી રીત, અરસપરસનાં કપટી નયનો– આ સઘળું અહમ્‌ને પ્રબળ બનાવવામાં મનને ખોટી રીતે ઉત્તેજન આપી રહ્યું છે. જાતીય ભોગની ક્રિયા પ્રશ્નરૂપ નથી, પણ મન પ્રશ્નરૂપ છે!

કેટલાક વર્તમાનપત્રો સ્વદેશી–વિદેશી અભિનેત્રીઓના 'પોઝ' આપતાં હોય છે, જે લગભગ અર્ધનગ્ન જેવા હોય છે. એવા પોઝ ન અપાય તો કંઈ આકાશ તૂટી પડવાનું નથી, હા એમના થોડાક ગ્રાહકો પર અસર પડે. એ લગભગ અર્ધનગ્ન અભિનેત્રીઓના ફોટા નીચે સુંદર, મોહક પોઝને બદલે આમંત્રણ

આપતી નફ્ફટ સ્ત્રી લખ્યું હોય તો પણ ચાલે.

ત્રીજા સભ્યે કહ્યું : આપણી સંયુક્ત કુટુંબ સંસ્થાની જેમ આપણી લગ્નસંસ્થાને પણ દિનપ્રતિદિન લૂણો લાગતો જણાય છે. કેટલાંક લગ્નો તો વર્ણસંકર કોટિનાં હોય છે. મારી જાણમાં એવા કેટલાક વિચિત્ર દાખલા છે કે જાણીને કોઈને પણ આઘાત લાગે. બાલિકાભ્રૂણ હત્યા, સ્નેહલગ્નો અને છૂટાછેડાની સંખ્યા પણ વધતી જાય છે. વિચિત્ર લગ્નની વાત કરું એ પહેલાં એની પૂર્વ ભૂમિકારૂપે એક સત્ય સંવાદ રજૂ કરું છું. અમારા ખેતરમાં કામ કરનાર એક હરિજન મહિલા હતી. ખૂબ બોલકી ને હાજરજવાબી. લગભગ-સાડાછ દાયકા પૂર્વેની વાત છે. વાતવાતમાં એ બહેનને મેં કહ્યું : જુઓ પશીબહેન! હવે તો ઉચ્ચ કોમનો હોય યુવક હરિજન કન્યા સાથે લગ્ન કરે તો સરકાર અમુક રકમ (પાંચ-છ હજાર) આપે છે. તરત જ મારા વિધાનનો વિરોધ કરતાં કહેઃ ના ભા! અમારે એવા રૂપિયા જોઈતા નથી. અમારી કન્યાઓ ઉચ્ચ વર્ગમાં પરણે એટલે અમારી જ્ઞાતિના છોકરાઓ વાંઢા રહે. વાણિયા-બ્રાહ્મણ-પટેલની કોઈ કન્યા અમારે ત્યાં આવવાની છે? આજે પરિસ્થિતિ બદલાઈ છે. ઉચ્ચ વર્ણના ઘણા નબીરાઓએ હરિજન કે આદિવાસીની કન્યાઓ સાથે લગ્ન કર્યા છે. પરદેશમાં પટેલ-લવાણા (ઠક્કર) સાથેનો લગ્નવ્યવહાર તો સામાન્ય થઈ પડ્યો છે. હિંદુ-મુસ્લિમનાં લગ્ન વિરલ છે પણ નથી જ થતાં એમ નથી. આંતરજ્ઞાતિય, આંતરપ્રાંતીય અને આંતરદેશીય લગ્નો પણ વિરલ રહ્યાં નથી.

મારા એક સ્નેહી મિત્રના લગભગ પાંત્રીસ વર્ષના પૌત્રે ચચ્ચારવાર લગ્ન કર્યા છે, છતાંયે પ્રસન્ન દામ્પત્ય-સુખના અનુભવનો અભાવ છે. મારા બીજા એક પ્રોફેસર-મિત્રની કૉલેજકન્યાએ એક વિદેશી છોકરા સાથે લગ્ન કર્યા. લગ્ન કર્યા બાદ ખબર પડી કે એને ચાર સાસુઓ હતી. ને સસરો પુત્ર અને પુત્રવધૂને ઘરમાં રાખવાનું માસિક બારસો રૂપિયા ભાડું લેતો હતો. હાઈસ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે રહી ચૂકેલાં એક બહેને રડતાં રડતાં આપવીતી જણાવી કે એમના સપૂતે એમના ભાઈની દીકરી સાથે લગ્ન કર્યા છે. અમુક જ્ઞાતિઓમાં એ ચાલે છે પણ આ બહેનની જ્ઞાતિ એમાં આવતી નથી. બીજાં એક વિદૂષી, અતિ શિક્ષિત બહેને એમના બંને સપૂતોએ પ્રેમલગ્ન કર્યા. બાદ કશા પણ છોછ કે દોષભાવ વિના અસરપરસ એવા સંબંધો કેળવ્યા છે કે-એમની જ ભાષામાં કહું તો સીતા દીયર લક્ષ્મણને પ્રેમ કરે છે ને ઉર્મિલા જેઠ રામના પ્રેમમાં છે. એ ચારેય પાત્રો કાંઈ ખોટું કરી રહ્યાં છે એવું જાગૃત અવસ્થામાં તો ઠીક પણ સ્વપ્નેય લાગતું નથી. બળાપો ન થાય તો બીજું શું થાય?

✷ ✷ ✷

૨૨/૨, અરુણોદય સોસાયટી,
અલકાપુરી, વડોદરા-૭
ફોન નં. : (૦૨૬૫) ૬૬૨૧૦૨૪

# બુદ્ધિના પગલાથી પ્રારંભાતી સુખ-યાત્રા

❑ આચાર્ય વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

આ સંસારમાં સુખને તો કોણ નથી ઇચ્છતું? ભોગ અને ઉપભોગથી ભાગી છૂટેલા યોગી હોય કે ભોગી હોય, આ બંનેનું ધ્યેય તો સુખ જ છે. જેને સુખની અઢળક સામગ્રી મળી હોય, એ શ્રીમંતની આંતરેચ્છાય સુખ જ છે. ઝૂંપડીમાં દિવસો ખેંચતા ગરીબનું સ્વપ્ન પણ સુખ જ છે અને જંગલની વાટે ચાલી નીકળેલા સંતનું ધ્યેય પણ સુખ જ છે. આ બધાની સુખની કલ્પના જુદી જુદી છે, એ વાત હાલ બાજુ પર રાખીએ અને સામાન્ય રીતે સુખની પ્રાપ્તિનો માર્ગ વિચારીએ, તો સૌ પ્રથમ એક સુભાષિતને બરાબર સમજવું જ પડે, સુખને પામવાના માર્ગોની શૃંખલા દર્શાવતું એ સુભાષિત કહે છેઃ

અભ્યાસની લગન વિના બુદ્ધિ ન મળે, અબુદ્ધ ભાવના ભાવનાનો અધિકારી નથી, ભાવના વિના શાંતિની પ્રાપ્તિ શક્ય નથી. અને અશાંતને તો સુખ ક્યાંથી મળી શકે? માટે સામાન્ય રીતે સુખાનુભૂતિ કરવા શાંત બનવું જોઈએ. અનિત્ય આદિ ભાવનાઓના ભાવનથી જ શાંતિ પ્રાપ્ત થાય છે. બુદ્ધિશાળી જ આવી ભાવનાઓ ભાવી શકે છે અને બુદ્ધિની શુદ્ધિ-વૃદ્ધિ તો અભ્યાસ દ્વારા જ મેળવી શકાય છે.

બુદ્ધિથી સુખ સુધીના આ માર્ગને બરાબર પીછાણી લેવા જેવો છે. આ માર્ગના મુસાફર બન્યા વિના કોઈ સુખી બન્યું નથી, બનતું નથી અને બનશે ય નહિ! માટે આ માર્ગદર્શન પર ખૂબ જ ચિંતન-મનન કરવું રહ્યું.

સાચી-ખોટી ચીજની જાણકારી માટે બુદ્ધિ આવશ્યક છે. આમાં જ્ઞાનને આવરનારા કર્મોનો ક્ષયોપશમ તો મુખ્યત્ત્વે આવશ્યક છે જ. પણ આ પછી મહત્ત્વની કોઈ અગત્યતા હોય તો તે અભ્યાસની લગનની છે. આ અભ્યાસમાં એવી તાકાત છે કે એથી બુદ્ધિનું જાગરણ થાય, અથવા જાગેલી બુદ્ધિ વધુ ને વધુ શુદ્ધિ-વૃદ્ધિ પામે.

આવી બુદ્ધિના બળે જે બુદ્ધ-જ્ઞાની બને, એનામાં જ અનિત્યાદિ બાર અને મૈત્રી આદિ ચાર ભાવનાઓ ભાવવાની યોગ્યતા પ્રગટ થાય. બુદ્ધિનું ફળ જ ખરી રીતે આ ભાવનાઓનું ભાવન છે. એથી શુદ્ધિ પામેલી બુદ્ધિ તો આ ભાવનાઓના સરોવરમાં જ સતત

સહેલગાહ માણતી રહે.

બાર અને ચાર ભાવનાઓથી જે ભાવિત બને, એના જીવનમાં શાંતિનું એકછત્રી સામ્રાજ્ય સ્થપાઈ ચૂક્યા વિના ન જ રહે! કેમ કે અનિત્ય, અશરણ, સંસાર, એકત્ત્વ, અન્યત્ત્વ, અશુચિ; આ છ ભાવનાઓના ચિંતન-મનનથી એ બુદ્ધ સંસાર ઉપર વિરાગ કેળવી ચૂક્યો હોય. અને આશ્રવ, સંવર, નિર્જરા, ધર્મ, લોકસ્વરૂપ, બોધિદુર્લભ : આ છ ભાવનાઓના ભાવનથી એનો મોક્ષરાગ દૃઢ બની ચૂક્યો હોય. તેમજ મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય માધ્યસ્થ : આ ચાર ભાવનાના બળથી ભવ-વિરાગ અને શિવ-રાગ સ્વરૂપ ધર્મધ્યાનને દૃઢાતિદૃઢ બનાવવા એ સમર્થ બની ચૂક્યો હોય. ભાવનાનો આવો પ્રભાવ એના જીવનને શાંત-પ્રશાંત-ઉપશાંત બનાવી દે, એમાં કોઈ આશ્ચર્ય નથી. પછી એ આગ જેવા વાતાવરણ વચ્ચે ય શાંત રહી શકે, કેમ કે ભાવનાનો માર્ગ જ શાંતિ સુધી પહોંચાડનારો છે.

જેના જીવનમાં આવી સ્વયંભૂ શાંતિ પથરાય એ તો પછી સુખી જ હોય ને? એનું સુખ તો અનુપમ કોટિનું હોય! શ્રીમંતાઈ કે ગરીબાઈ એમાં બાધા રૂપ ન બની શકે. કહેવાતી સુખદુઃખની સામગ્રી એ સુખાનુભૂતિના સૂર્યોદયને ઢાંકી ન શકે. આમ, આવી બુદ્ધિના પગલેથી પ્રારંભાયેલી સુખયાત્રા જ મંઝિલ કે મુકામને આંબી શકવા સમર્થ બની શકે.

આજે બુદ્ધિના બાદશાહ ગણાતા, ભાવનાના ભંડાર લેખાતા, શાંતિના શિલ્પી મનાતા અને સુખના સાગરસમા દેખાતા પણ જો સાચી સુખાનુભૂતિ પામવામાં પાંગળા સાબિત થતા જોવામાં આવતા હોય, તો ચોક્કસ સમજી લેવું જ રહ્યું કે, અભ્યાસપૂર્વક એમણે બુદ્ધિ મેળવી નથી. પ્રાપ્તબુદ્ધિને એમણે ભાવનાઓથી ભાવિત બનાવી નથી, અને ભાવનાના ભાવનથી પેદા થતી શાંતિનું સામ્રાજ્ય એમણે હાંસલ કર્યું નથી. માટે જ 'જલ બીચ મીન પિયાસી' જેવો ઘાટ ઘડાયો છે અને સુખાનુભૂતિથી એ વંચિત રહ્યા છે.

સુખ-દુઃખ, ઉનાળો-શિયાળો, આ અને આવા અનેક દ્વન્દ્વોના દરિયા વચ્ચેના વસમા વસવાટની પળે ય જો સુખાનુભૂતિને અતૂટ-અખૂટ રાખવી હોય, તો સૌ પ્રથમ અભ્યાસ દ્વારા બુદ્ધિ મેળવીએ અને મળેલી બુદ્ધિને ભાવનાના ભવનમાં એકાગ્ર બનાવી દઈને શાંતિનું સામ્રાજ્ય હાંસલ કરીએ! પછી આ શાંતિ-સામ્રાજ્યમાં તો સુખાનુભૂતિ સિવાય કોઈનું અસ્તિત્વ શોધ્યું જડે એમ જ ક્યાં છે?

✱ ✱ ✱

કલ્યાણ પ્રકાશન મંદિર, કૈલાસ ચેમ્બર્સ, પાટડીયા ગર્લ્સ સ્કૂલ સામે, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧.
ફોનઃ (૦૨૭૫૨૨૩૭૬૨૭)

# આવું કેમ?

❑ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

કોઈપણ બાબતને છૂપાવ્યા વિના ગમે તેવા મહાપુરુષોના જીવનની ઘટનાનો સાચો વૃત્તાંત રજૂ કરવામાં જૈનદર્શન હંમેશ પ્રતીતિ કરાવે છે કે આ સર્વજ્ઞનું નિપક્ષપાતતાથી ભરેલું સત્ય દર્શન છે. જ્યાં જ્યાં કુદરતના સિધ્ધાંતોનો ભંગ થયેલો દેખાય, તેના જે પરિણામો આવતા દેખાય, કર્મસત્તાએ જ્યાં જ્યાં પોતાનું જોર અજમાવી વિચિત્ર ઘટનાઓને સાકાર બનાવી હોય તે તમામ માહિતી કોઈપણ જાતના ફેરફાર કે પક્ષપાત કર્યા વિના શાસ્ત્રોમાં રજૂ થયેલી છે. અસંખ્ય દૃષ્ટાંતોથી ભરેલા કથા સાહિત્યમાં આવતી અનેક ઘટનાઓનું વર્ણન વાંચતા સાંભળતા વિચારતાં પ્રશ્ન થાય કે આવું કેમ બન્યું? ન માની શકાય, ન વિચારી શકાય, ન કલ્પી શકાય, ન ધારી હોય એવી ઘટના આકાર લે એટલે પ્રશ્ન થાય કે આમ કેમ?

બસ આ પ્રશ્નમાંથી જૈન દર્શનની સાચી સમજ, કર્મના સિદ્ધાંતો, પૂર્વાપરના સંબંધો, અનેક ભવોના સંબંધોની સાંકળ વગેરે ઉપર ચિંતન કરવાનું માર્ગદર્શન મળે છે. આપણા જીવનના વિચાર-વાણી-વર્તન સુધારવાની પ્રેરણા મળે છે અને આપણા જીવનનું નિરીક્ષણ કરતાં ચોંકી જવાય છે, ચેતી જવાય છે અને પ્રશ્ન થાય છે કે હું કેવો છું? બસ આ પ્રશ્ન ઉદ્‌ભવે અને ચેતી જવાય તો આ લેખ વાંચ્યાનો આ લેખ લખ્યાનું કાર્ય સાર્થક થાય.

આ લેખમાં કથાના વિસ્તૃત વર્ણન આપવાનો આશય નથી પણ વિચિત્ર દેખાય એવા કથા પ્રસંગોનો ઉલ્લેખ કરી ચોંકી જવાય અને જાતને પરિવર્તન કરવાની વિચારણા ઉઠે એવા રહસ્યો સમજાવી જૈનધર્મની-વિતરાગ સર્વજ્ઞ પ્રભુના ઉપદેશની સાચી સમજ મેળવવાની છે અને જાત સુધારણા માટે આત્મકલ્યાણનો માર્ગ નક્કી કરવાનો છે. કથામાં આવું કેમ? ના રહસ્યને જાણવા સૌ પ્રથમ આપણા મનને ઓળખીએ.

યાદ રહે દુનિયાનું સૂત્ર છે કરે તેવું પામે, વાવે તેવું લણે. જૈન દર્શનકારો કહે છે કે કરે કે ન કરે, વાવે કે ન વાવે પણ વરે તેવું પામે. તમે જેની સાથે મન-વચન કાયાથી વરેલા છો, બંધાયેલા છો, સંકળાયેલા છો, પ્રત્યક્ષ કે પરોક્ષ, તમારો કર્મબંધ ચાલુ જ રહેવાનો. કારણ કે તમે મનથી વિરામ પામ્યા નથી, છેડો ફાડ્યો નથી, સંબંધ તોડ્યો નથી. આ માટે મનના અધ્યવસાયની ફિલસૂફી

સમજવી પડે.

સૌથી પ્રથમ અધ્યવસાય શું છે? મન એટલે શું? તે સમજીએ. દુનિયા જેને મન માને છે તે દ્રવ્યમનની વાતો છે. જેનું મહત્ત્વ અધ્યાત્મના વિકાસમાં માત્ર ૧ ટકા છે. જ્યારે બાકી ૯૯ ટકા જેટલો આધાર ભાવમન ઉપર છે. અધ્યવસાયનો શબ્દાર્થ કરીએ તો અધિ+અ+વસાય. વસ્તુનું ચારે બાજુથી પરિજ્ઞાન જેના દ્વારા થાય તે ચૈતન્યનું પરિણામ તેને અધ્યવસાય કહે છે. પ્રતિક્ષણ પરાવર્તનશીલ આપણું જે ભાવમન છે તેને અધ્યવસાય કહેવાય.

મનના બે ભેદ છે. (૧) દ્રવ્યમન (૨) ભાવમન. દ્રવ્યમન એ જડ રચના છે. આમાં શરીરમાં ફેલાયેલી નર્વસ સિસ્ટમ છે. મગજનું સેન્ટર ખોપરીમાં છે. આ રચનાને જૈન પરિભાષામાં મન પર્યાપ્તિ કહે છે. આત્મા પોતાની આસપાસના વાતાવરણમાંથી મનોવર્ગણા ગ્રહણ કરી દ્રવ્ય મનની રચના કરે છે. જે વિચાર કરવાનું સાધન બને છે. જેમ આંખ એ જોવાનું સાધન છે, આત્મા આંખ દ્વારા જુએ છે, આંખ પોતે જોતી નથી તેમ આત્માએ ગ્રહણ કરેલા મનોવર્ગણામાંથી બનેલા મન દ્વારા આત્મા વિચારી શકે છે. આમ દુનિયાએ જે મનની વિચારણા કરી છે તે આ દ્રવ્યમન દ્વારા થતા વિચાર અંગેની છે. પણ હકીકતમાં જીવના તમામ શુભ–અશુભ કર્મબંધમાં આ વિચારની અસરકારકતા નહિવત્ જેવી છે. મગજ કે મન વિચારતું નથી પણ આત્મા વિચારે છે. જ્ઞાનતંતુઓનું કેન્દ્ર મગજ અને મગજ કરતાં મન સૂક્ષ્મ છે.

મનનો બીજો પ્રકાર ભાવમન છે. ભાવમન એ પરિણાત્મક–સંવેદનાત્મક મન છે. ભાવમન એ આત્માનું પરિણાત્મક ચૈતન્યમય પરિણામ છે.

ભાવમનના બે પ્રકાર છે. (૧) ઉપયોગ મન–જાગૃત મન Concious (૨) લબ્ધિ મન–અજાગૃત મન Subconcious.

ઉપયોગ મનમાં ૨૪ કલાક મનનું કામકાજ ચાલુ છે. ઉંઘમાં પણ ભાવાત્મક લાગણીઓ થાય છે. સુખની સંવેદના, દુઃખની લાગણીઓ અજાગૃત રીતે થાય છે. આ લાગણીઓ બધી સ્મૃતિપટ ઉપર રહેતી નથી. આ સંવેદનામાં ભળેલા ભાવો રાગ-દ્વેષ-કષાયો વગેરેથી અજાણપણે કર્મબંધ સતત ચાલુ જ હોય છે.

વિચારો ગમે તેવા હોય પણ જીવને ચોવીસ કલાક અવિરતિનું પાપ લાગતું હોય છે. દ્રવ્યમન જડ છે પણ કર્મબંધનું કારણ ભાવનમન એટલે જીવના અધ્યવસાયો છે.

આ રીતે જોતાં ઉપયોગ મન કે વિચારની વિશુદ્ધિ એ સંપૂર્ણ શુદ્ધિ નથી પણ ભાવાત્મક મનની વિશુદ્ધિ એ સાચી વિશુદ્ધિ છે અને ત્યારે જ મનના માલિક બની શકાય. વિચાર, વૃત્તિ, પ્રકૃત્તિ, કષાયની પરિણિતિઓ વગેરે જાણવાથી ભાવમન જાણી શકાય. ઉપયોગ મન કે વિચારો કોઈપણ વસ્તુ સમજવા માટે ઉત્તમ સાધન છે.

મનની સપાટી ઉપર આવતા વિચારો એ પૂર્ણપણે મન નથી. જેમ કોમ્પ્યુટરની મેમરીમાં લાખો અક્ષરો પ્રમાણે ડેટા હોય છે પણ સ્ક્રીન પર તો થોડા પ્રમાણમાં જ ડેટા જોઈ શકાય છે. જે પડદા પર દેખાય છે તેટલી જ માહિતી નથી, પણ તેનાથી કરોડ ગણી માહિતી કોમ્પ્યુટરની મેમરીમાં સંગ્રાહેલી છે અને જ્યારે જોવી હોય ત્યારે પડદા દ્વારા જોઈ શકાય છે એમ દ્રવ્ય મન દ્વારા જેટલા વિચારો કરીએ છીએ એટલો જ મનનો વ્યાપાર નથી પણ તેનાથી અનંતગણો અધ્યવસાય ભાવ મનમાં ધરબાયેલો રહેલો છે.

ઉપયોગાત્મક મનમાં જે ગુસ્સો આવે છે તે ખરેખર તો બાહ્ય નિમિત્તોથી આંતરિક લબ્ધિમનમાં ભરાયેલા અસંખ્ય ભાવોમાંથી ગુસ્સાનો ભાવ મનની સપાટી ઉપર આવે છે. નિમિત્તને અનુરુપ લાગણીઓ અંદરના મોટા કોઠારમાં ભરેલા સંગ્રહમાંથી બહાર આવે છે. ક્રોધ, લોભ, અભિમાન વગેરે દોષોના નિમિત્તો મળવાથી તે તે પ્રકારના ભાવો મનની સપાટી ઉપર તરવરે છે. આ ભાવો અંદર પડેલા હતા તેથી ઉલેચાઈને બહાર આવે છે. અંદર રહીને આત્માને સતત કર્મબંધ કરાવે છે. કર્મની લીલા સમજવી અઘરી નથી.

દિવાળીમાં સાપોલિયાના ફટાકડા આંગળીના વેઢા જેવા હોય છે. પણ સળગાવતાં લાંબા લાંબા તાર નીકળે છે. તારામંડળની ટોચ સળગાવો ચારે બાજુ અસંખ્ય તણખા જોવા મળે છે. એટમબોમ્બની દિવેટ સળગાવતાં ભયંકર તારાજી સર્જાય છે એમ ભાવમનમાં એક કુસંસ્કારનું બીજ વાવ્યું ભલે ઘટના થોડા સમયની દેખાય પણ એ આત્મામાં બીજરુપે પડેલી વિકૃત્તિ આત્માને કર્મરાજા ભવોના ભવ સુધી પોતાનો પરચો બતાવે છે.

સાચી સમજણ એ છે કે બીજ વાવવું નહિ અને વાવ્યું હોય તો જાગ્રત રહી પશ્ચાત્તાપ, તપસ્યા જેવા યોગ્ય ઉપાયો લઈ જડ મૂળથી ઉખાડી નાશ કરી દેવો જેથી થોડા પાપબંધના ફળ ભોગવી આત્મા વિશુદ્ધિ બની જાય.

હા, સારા સંસ્કારોના બીજ નિરંતર વાવવા, ઉછેરવા, મુનિને ખીર વહોરાવવાના શાલીભદ્રની જેમ સુપાત્ર દાનના સંસ્કાર વગેરે રોપવા જેના મોટા બનેલા વૃક્ષો છેક મોક્ષ સુધી જવાના ગુણોના ફળો જીવને આપ્યા કરે છે. ભવોની પરંપરા તોડવાનો આજ રસ્તો શ્રેષ્ઠ છે. આ વાત સમજવા શાસ્ત્રમાં આપેલા કેટલાક દ્રષ્ટાંતો તપાસીએ.

**(૧) પ્રભુ મહાવીરસ્વામીના જીવન પ્રસંગો :**

ઋષભદેવ પ્રભુનો ભરી સભામાં ભરત ચક્રવર્તિના પ્રશ્નનો જવાબ આ સભામાં સૌથી શ્રેષ્ઠ પુણ્યવાન તારો પુત્ર મરિચિ છે જેના ભાગ્યમાં ચક્રવર્તિપણું, વાસુદેવપણું અને છેલ્લે તીર્થંકર થવાનું શ્રેષ્ઠ પુણ્ય લખાયેલું છે. આ સાંભળી ભરત ચક્રવર્તિ ભાવિ

તીર્થંકર તરીકે ભર સભામાં મરિચિને વંદન કરે છે. આ સાંભળી મરિચિએ કુળમદ કરી નીચ ગોત્રનો કર્મ બંધ કર્યો અને અસંખ્ય ભવો સુધી આ કર્મને તોડતા તોડતા છેક ચોવીશમાં ભવમાં મહાવીરસ્વામી તરીકે ૮૨ દિવસ દેવાનંદની બ્રાહ્મણીની કુક્ષીમાં નીચગોત્રમાં રહેવું પડ્યું. અહીં પ્રશ્ન થાય આટલી નાની પણ સાચી વાતમાં કુળમદની આવી ભયંકર સજા? આવું શા માટે?

જૈનદર્શનકારો પાપના અનુબંધની વાત વિસ્તારથી સમજાવે છે. પાપનો વિચાર કે ભાષણ કે વર્તન થોડા સમય માટે હોય છે પણ એવા પાપની લાલસા–રુચિ–સંસ્કાર–આનંદ–અનુમોદના જેટલા સમય સુધી આત્મામાં રહેલી હોય તે જ્યાં સુધી પ્રાયશ્ચિત્ત કરી કાઢી નાખવામાં ન આવે ત્યાં સુધી અસંખ્ય ભવોના અને અસંખ્ય ભવો સુધી પાપના પોટલા આત્માને વળગી રહે છે.

મરિચિનો ઈગો કુળમદનું અભિમાન અસંખ્ય ભવો સુધી એમની સાથે રહી રહીને કર્મની જડ રોપવાનો અભિમાન કષાય એમની અસંખ્ય ભવોની રઝળપટ્ટીનું કારણ બન્યો.

હવે આપણી વાતઃ

આવા જુદા જુદા વિષયના અભિમાનો, ઈગો, I am something 'એ શું સમજે છે?' 'મારી આગળ ના ચાલે?' 'હું કંઈ કમ નથી?' આવા ભાવો જીવનભર પોષનારાનું શું થશે? જે બાબત કે પ્રસંગથી આવા ભાવો આવે છે તે થોડા કલાક માટે હોય છે પણ બૅંકની એફડીઆરના વધતા વ્યાજની જેમ આત્મા સાથેના કુસંસ્કારના ગુણાકારના અશુભ ભાવો જે વળગે છે તેનાથી આત્માની ભયંકર દુર્દશા થાય છે તે તરફ ધ્યાન દોરવાની જરૂર છે. સહજ નબળાઈથી આવા ભાવો વ્યક્તિ પ્રત્યે કે સમય સંજોગ પ્રમાણે આવે પણ એ ભાવ અશુભ છે એમ સ્વીકારી ચોવીસ કલાકમાં એના તરફ નફરત કરી એવા ભાવો કાઢી નાંખો, ફરી ન આવે એનાથી સાવચેત રહી એવા કુનિમિત્તોથી દૂર રહો. આ સમજ નહિ આવે તો જૈનશાસન સાચી રીતે સમજ્યા નથી, અને ભવોની પરંપરામાં રઝળવાની વૃદ્ધિ થવાની એ વાત નક્કી સમજવી.

(૨) પ્રભુ ઋષભદેવ પાસે દીક્ષા લઈ મરિચિએ ત્રિદંડી વેશ ધારણ કરીને શિષ્યના મોહમાં કપિલને કહ્યું કે ઈથ્થંપિ ધમ્મં તહિયંપિ ધમ્મં અહીં મારા વેશમાં પણ ધર્મ છે અને ત્યાં પ્રભુ ઋષભદેવ પાસે પણ ધર્મ છે. જૈન દર્શનકારો કહે છે કે આ ઉત્સૂત્ર ભાષણથી મરિચિએ અસંખ્ય ભવોની રખડપટ્ટીનો સંસાર વધાર્યો અને જૈન સાધુપણું ૧૬-૧૬ મોટા ભવો સુધી ગુમાવ્યું.

ફરીથી એ જ પ્રશ્ન થાય છે કે આટલા અમથા વાક્યથી કરોડો પલ્યોપમ સુધી ભવભ્રમણા કરવાની સજા?

શિષ્યનો મોહ થયો કારણ શરીરનો રાગ અને શરીરની સુશ્રુષા, દેહાધ્યાસભાવ અને ત્રિદંડી વેશમાં ધર્મ એટલે આત્માને મોક્ષમાં પહોંચાડનારા મોક્ષ માર્ગ વિરુદ્ધનો ઉપદેશ, સંસારમાં ભટકાવી આત્માનું અહિત કરનારો ધર્મ આ દેહાધ્યાસનો રાગ અને મોક્ષમાર્ગના ધર્મ પ્રત્યે દ્વેષ–સંસારવૃદ્ધિના બે ભયંકર કારણો રાગ-દ્વેષ એના સંસ્કાર જડબેસલાક મરિચિના જીવનમાં વ્યાપી ગયા. જ્યાં સુધી આ વિધર્મના વિચારોથી પાછો ના હઠે ત્યાં સુધી આ કુસંસ્કાર ભવોના ભવો સુધી સંસાર રખડપટ્ટીની ભેટ આપ્યા કરે. છેક અસંખ્ય ભવોની રઝળપાટ પછી ૧૬મા ભવથી ગાડી પાટા ઉપર આવી અને ૨૦મા ભવે છૂટકારો થયો.

**(૩) ચંડકૌશિકનો પ્રસંગ :**

જેણે જીવનભર દૃષ્ટિ વિષથી જંગલના તમામ જીવોને હણી સન્નાટો ફેલાવ્યો, આખા પ્રદેશમાં વેરાન સામ્રાજ્ય ફેલાવ્યું, ત્રણ ત્રણ ભવોથી ક્રોધની આગ ઝરતી લેશ્યા લઈ ફરતો અરે પ્રભુ મહાવીરને ડંખ મારી મારીને જીવતા પછાડવાનો, મોતને શરણે મોકલવાનો અતિ ઉત્કૃષ્ટ ક્રોધભર્યા વિષની જ્વાળા ફેંકી એ ચંડકૌશિક એક તિર્યંચના કાને શબ્દ પડ્યા બુઝ બુઝ ચંડકૌશિયા બુઝ આટલા શબ્દોના શ્રવણ માત્રથી નરકે જનારો ચંડકૌશિક દેવલોકમાં ગયો આવું કેમ?

જેમ ઉપરના કુસંસ્કારોના બીજમાંથી ઊભા થયેલા વૃક્ષના કડવા ફળ જેમ અસંખ્ય ભવો સુધી રખડાવે તેમ પશ્ચત્તાપના શુભ સંસ્કારના બીજ અનેક ભવોના પાપકર્મો બાળી નાંખે છે.

પ્રભુના શબ્દો સાંભળી, જાતી સ્મરણ જ્ઞાનથી પોતાના પૂર્વના ભવોની ભયંકર ભૂલો યાદ આવી, ઉત્તરોત્તર હલકા ભવમાં જન્મવાની દુર્દશાનો ઇતિહાસ સમજાયો અને એટલે ચંડકૌશિકે દરમાં પોતાનું મોઢું રાખી ચાળણી જેવું શરીર થઈ ગયું ત્યાં સુધી સમતા ધારી, જીવોની ઉત્કૃષ્ટ દયા ચિંતવી જયણા પાળી અને ખોટા માર્ગે જતી લેશ્યાને મૂળમાંથી ફેરવી નાંખી. ચાર શબ્દો સાંભળ્યા, પશ્ચાત્તાપ કર્યા એ ઘટના થોડા જ સમય માટેની હતી પણ ક્રોધના ભયંકર બીજને જડમૂળથી ઉખાડી નાંખ્યો, સમતાનો ઉત્કૃષ્ટ ભાવ જાગ્યો, પ્રબળ શુભ અધ્યવસાયનો પ્રચંડ ધોધ જાગ્યો તેણે અસંખ્ય ભવોના પાપો અશુભ ભાવોના બીજ સળગાવી નાંખ્યા. પરિણામ? દેવલોક.

આપણે એ જ વાત સમજવાની છે કે વ્રત–નિયમ–પચ્ચકખાણ –અનુષ્ઠાન–આરાધના વગેરે શુભ સંસ્કારોના બીજ આત્મસાત કર્યા હોય તો તેનાથી વિરુદ્ધ અશુભ ભાવો ઉઠવા જ ન જોઈએ, એકવાર ચંડકૌશિક પશ્ચાત્તાપમાં આવ્યો પછી તમામ પ્રકારની શરીરની ભયંકર વેદના સહન કરવામાં ઉત્કૃષ્ટ સમતા ભાવ, ક્ષમા ભાવ કેળવ્યો.

પ્રશ્ન એ છે કે આપણા શુભ ભાવ, શુભ આચરણ તકલાદી છે જેથી એની વિરુદ્ધના અશુભભાવના નિમિત્તોમાં આપણા શુભભાવના બીજ ઉખડી જાય છે અને અનેક પ્રકારના મન–વચન–

કાયાના પાપ બંધાતા જાય છે. પરિણામ? અસંખ્ય ભાવોની રખડપટ્ટી સાથે અશુભ ભાવોના મૂળિયા ઊંડા કરી મોટા મોટા વૃક્ષો બનાવી વધુ ને વધુ હલકા ભવોમાં રઝળવાનું.

એકવાર આ જન્મ ગુમાવ્યો પછી ઉંચે આવવાનો ભવ ક્યારે મળશે?

ચંડકૌશિક નસીબદાર કે ગામ લોકોએ ના પાડી છતાં કરુણાસાગર પ્રભુ મહાવીર ચંડકૌશિકના ઉધ્ધાર માટે ત્યાં પધાર્યા અને ચંડકૌશિકને ટર્નિંગ પોઈન્ટ મળ્યો.

ભૂતકાળના અસંખ્ય ભવોના કુસંસ્કારો પ્રમાણે આપણી મન–વચન–કાયાની અશુભ પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહીને વીતરાગ સર્વજ્ઞનો ધર્મ જાણ્યા પછી ટર્નિંગ પોઈન્ટ ન આવે તો સમજો હલકી ગતિઓની રઝળપાટ નક્કી.

ખુદ પ્રભુ મહાવીરને ૧૬-૧૬ ભવ સુધી જૈનશાસનનો મર્મ ન મળ્યો. ૨૭ ભવ સુધી નીચગોત્ર કર્મનો પ્રવાહ ચાલ્યો. ચંડકૌશિકને સાધુપણું ગુમાવી તાપસ ધર્મમાં આવવું પડ્યું. ત્યાંથી મનુષ્યપણું ગુમાવી તિર્યંચમાં જન્મ લેવો પડ્યો અને પછી શું થાત? નરકની ગતિઓ તૈયાર કરીને બેઠેલો પણ બચી ગયો. ટર્નિંગ પોઇન્ટ મળી ગયો.

આપણે ક્યારે ટર્નિંગ પોઇન્ટ મેળવીશું?

જૈન દર્શનની થિયરી પ્રમાણે જ્યારથી જીવને શુદ્ધ પરિણામની આંશિક અનુભૂતિની ઈચ્છા પેદા શરૂ થાય ત્યારથી પુણ્યાનુંબંધી પુણ્યનો બંધ પેદા થતો જાય છે અને એ પુણ્યાનુબંધી પુણ્યનો બંધ એક અંતમુર્હૂતમાં તરત જ ઉદયમાં આવે છે અને એ ઉદયમાં આવતાં પુણ્યથી મળેલા પદાર્થો તુચ્છ રુપે લાગતાં લાગતાં એ પદાર્થોનું સુખ મારે જે સુખ જોઈએ છે એ સુખને આપનાર નથી પણ એ સુખને નાશ કરવામાં સહાયભૂત થનાર છે આવી વિચારણા અંતરમાં પેદા થતી જાય છે. આને આંશિક જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. આવા જીવો પુણ્યથી મળેલા સુખના પદાર્થોને સુખરૂપે ભોગવીને તરત જ છોડી દે છે. તેમાં રાગ, દ્વેષ ન થઈ જાય, મમત્વ બુદ્ધિ પેદા ન થઈ જાય એની કાળજી રાખીને એ પદાર્થોનો ભોગવટો કરવાની શક્તિ પેદા થતી જાય છે અને એ રીતે ભોગવટો કરતાં કરતાં સાથે સાથે પુણ્યાનુબંધી પુણ્ય બાંધતા બાંધતા ભોગાવલી કર્મોને ભોગવીને નાશ કરતો જાય છે. આ રીતે જ્યારે રાગ-દ્વેષ પેદા થવા દે નહિ અને એનો જેટલે અંશે સંયમ પેદા થતો જાય એને જ જ્ઞાની ભગવંતોએ ઈચ્છાનિરોધ રુપે જે સુખની આંશિક અનુભૂતિ એ જ મોક્ષના સુખની આંશિક અનુભૂતિ કહેલી છે. પહેલા ગુણસ્થાનકમાં રહેલા જીવો આ રીતે મિથ્યાત્વની મંદતા કરતાં કરતાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યભાવ પેદા કરતાં કરતાં મિથ્યાત્વના ઉદયકાળમાં સુખ આપનારા માને છે અને દુઃખની પરંપરા વધારનાર આ જ છે આવી માન્યતા અંતરમાં દૃઢ થતી જાય છે. ચોથા ગુણસ્થાનકમાં રહેલા જીવોને સુખ આપનારા પદાર્થો છોડવાલાયક જ છે એવી બુદ્ધિ પેદા કરાવે છે. અને એવી માન્યતા અંતરમાં દૃઢ થતી જાય છે. આવા જીવોને એ પદાર્થોનો ત્યાગ કરવો એ સરળ થતું જાય છે. એટલે કોઈ જ્ઞાની ભગવંત મળે અને એને સાચી સમજણ પ્રાપ્ત કરાવે તો આ પદાર્થોને છોડવા એને માટે સહજ બને છે. આથી જ્ઞાની ભગવંતો કહે છે કે દુનિયાના પદાર્થોને સાચા અર્થમાં સુખરુપે વૈરાગી જીવો જ ભોગવી શકે છે. રાગી જીવો એ પદાર્થોને સુખરુપે ભોગવી શકતા જ નથી. કારણ કે વૈરાગીજીવોને એ પદાર્થનો ભોગવટો કરતાં બીજા પદાર્થોની ઈચ્છા પેદા થતી નથી. જ્યારે રાગી જીવોને એ પદાર્થના સુખને ભોગવતાં બીજા પદાર્થોની ઈચ્છાઓનો પાર રહેતો નથી. માટે વૈરાગી જીવ એ પદાર્થોના ભોગવતાં તીવ્રકર્મબંધ કરે છે. આને જૈનશાસનની ખરેખરી જડ કહેવાય છે. જો આ ચાવી આપણા હાથમાં પેદા થઈ જાય અને જો બરોબર આત્મામાં સ્થિર બની જાય તો સંસારના પદાર્થોને ભોગવવા છતાં પણ નરકગતિનો બંધ અને તિર્યંચગતિનો બંધ જ્યાં સુધી એ પરિણામ ટક્યો રહે ત્યાં સુધી એ બંધ થતો અટકી જાય છે. એટલે કે એ જીવો દુર્ગતિનો બંધ કરતાં જ નથી અને સદ્ગતિનો બંધ કર્યા જ કરે છે. આ વાત અંતરમાં બરોબર જો સમજાઈ જાય તો દુનિયાના કોઈ પદાર્થમાં તાકાત નથી કે આપણને રાજીપો પેદા કરાવીને રાગ પેદા કરાવી શકે. અત્યાર સુધી આરાધના કરતાં કરતાં આવી સ્થિતિ પ્રાપ્ત થઈ છે ખરી! આવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે હું આ આરાધના કરી રહેલો છું એવી વિચારણા પણ અંતરમાં છે ખરી! સુંદરમાં સુંદર રીતે આરાધના કરવા છતાં પણ ભગવાનની ભક્તિ સ્વદ્રવ્યથી કરવા છતાં પણ ઊંચી કોટીના દ્રવ્યો લાવીને ભક્તિ કરવા છતાં પણ સારા ભાવથી ભગવાનની સ્તુતિ કરવા છતાં પણ તેમ જ સારા ભાવથી ભગવાનના ગુણગાન ગાવા છતાં પણ અને ચૈતવંદન અને સ્તવન પણ સારા ભાવથી બોલવા છતાં પણ તેમ જ જ્ઞાનનો ઉપયોગ ખરાબ પરિણામ પેદા ન થઈ જાય, અશુભ વિચારો પેદા ન થાય એની કાળજી રાખીને જીવન જીવવા છતાં પણ જો વૈરાગ્યભાવ પેદા કરવાની ઈચ્છા ન હોય તો અને ભક્તિ કર્યા પછી અનુકૂળ પદાર્થોમાં ભોગવટો કરતાં કરતાં એને સાચવતાં એને મેળવતાં, એ ચાલ્યા ન જાય એની કાળજી રાખતાં અંતરમાં જો રાજીપો પેદા ન થાય એની કાળજી રાખીને જો સાચવવામાં આવે તો સમજવું કે મિથ્યાત્વ મંદ પડેલું છે. પણ જો ભક્તિ કર્યા પછી બાકીના ટાઈમમાં પુણ્યનો ભોગવટો કરતાં કરતાં રાજીપો પેદા થતો જાય, મેળવવામાં આનંદ પેદા થતો જાય, સાચવવામાં અને એ પદાર્થોને ટકાવવામાં રાજીપો અને આનંદ પેદા થતો જાય તો સમજવું કે આટલા વર્ષોથી આરાધના કરવા છતાં પણ

મિથ્યાત્વની મંદતા થયેલી નથી, એટલે કે મારું મિથ્યાત્વ મંદ થયેલું નથી. જૈનશાસનમાં પ્રવેશ કરવાની એટલે ધર્મદ્વારમાં પ્રવેશ કરવાની ખરેખરી ચાવી જ આ છે.

કોઈપણ શુભ ભાવ આત્મા સાથે જડબેસલાક કરવો હોય તો તેના વિરુદ્ધનો અશુભ ભાવ કાયમ માટે છોડવો પડે. કોઈપણ સંજોગોમાં એ અશુભ ભાવ જાગવો જોઈએ નહિ. તપસ્યા કરનાર જીવ આહાર સંજ્ઞાના ત્યાગનો અભ્યાસ જડબેસલાક બનાવવા વ્રત પચ્ચાખણ વિના પણ ખાણી પીણીનો આનંદ કે લોલુપતા બતાવી શકે નહિ. અને અણહારી પદ મેળવવાના ધ્યાનમાં ખાવું એને સજા જેવું લાગે. આ પ્રમાણેની આત્મદશા કોઈપણ શુભભાવ કે આત્મગુણ માટે આજીવનમાં જો કાયમની થાય તો શ્રાવક જીવન સફળ થયું ગણાય. આના માટે જૈનદર્શનમાં બતાવેલી ૧૨ ભાવના કે મન્હ જિણાંણં સજઝાયમાં આપેલા શ્રાવકના ૨૬ કર્તવ્યોમાંથી કોઈપણ એક ગુણ આત્મસાત કરવો જોઈએ.

બાકી રહેલી જીંદગીમાં બધામાં મહેનત કરવાને બદલે કોઈપણ એક ગુણ આત્મસાત કરવા માટે આપણા જીવનનો ટર્નિંગ પોઈન્ટ ક્યારે આવશે એ જ વિચારવું જોઈએ.

વિતરાગની આજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડડમ્.

✷ ✷ ✷

૯૪, લાવણ્યા સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોનઃ (૦૭૯) ૨૬૬૦૪૫૯૦

**શ્રી ચંદ્રકાંતભાઈ પરીખ**
**હવે સ્મૃતિ શેષ...!**

ઊગે ને આથમે વર્ષો ઓટ ને ભરતી ભર્યા.
સ્નેહથી સંચર્યા સાથે દેવી ! તે દમ્પતી તર્યા.

શ્રી ચંદ્રકાંતભાઈ કેશવલાલ પરીખ અને એઓશ્રીના કુલવધૂ શ્રીમતી પુષ્પાબહેન પરીખ દાયકાઓથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંનિષ્ઠ કાર્યકરો અને યુવક સંઘની પ્રત્યેક પ્રવૃત્તિમાં તન-મન-ધનથી પ્રેરક બળ. આ યુગલનું જીવન એટલે એક આદર્શ અને ઉત્તમ દામ્પત્ય જીવન.

તા. ૨૮-૧૦-૨૦૦૮ના રોજ રાજસ્થાનના ઉદયપુરમાં આ દામ્પત્ય દેહથી ખંડિત થયું. શ્રી ચંદ્રકાંતભાઈ આ ધરતીથી એકાએક વિખુટા પડી ગયા!

શ્રી ચંદ્રકાંતભાઇએ પોતાનું જીવન પોતે ઘડ્યું અને અન્યોને પ્રેરણા આપી. શ્રી ચંદ્રકાંતભાઈ કુટુંબપ્રેમી, કુશળ વેપારી, સામાજિક કાર્યકર અને વિશેષ તો બહુશ્રૂત વિદ્વાન હતા. વિવિધ ભાષાના અનેક ગ્રંથોનું એઓશ્રીએ અધ્યયન કર્યું હતું, અમારા માટે એઓ પૂછવાનું એક સ્થાન હતા. એઓશ્રીના દેહ વિદાયથી માત્ર એમના કુટુંબને જ નહિ પણ સમાજ અને આ સંસ્થાને ન પૂરાય એવી ખોટ પડી છે.

એ બહુશ્રત આત્મા જ્યાં હશે ત્યાં શાંતિમાં જ હશે. અમારી શ્રદ્ધાંજલિ!

પ્રમુખઃ
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

# પ્રાચીન નગર બજરંગગઢ

❑ ગીતા જૈન

મોહનખેડા તીર્થથી અમે શિવપુરીનો પ્રવાસ આરંભ કર્યો-પણ વરસાદે અમારા પ્રવાસની દિશા બદલી નાંખી. આગળ જઈ શકાય એમ ન હોઈ અમે ગુનામાં વિશ્રામ અને રાત્રિરોકાણ માટે જગ્યાની શોધમાં લાગ્યા. એમાં નિષ્ફળતા મળી, પણ એક અનોખા તીર્થમાં જવાનો માર્ગ ખુલ્યો. જિલ્લા મુખ્યાલય ગુનાથી માત્ર ૭ કિ.મી. દૂર દક્ષિણ દિશામાં ગુના-આરોન-સિરોંજ માર્ગ પર સ્થિત બજરંગગઢમાં રાતવાસો કરવાની સગવડ મળી રહેશે જાણી અમે હંકારી મૂક્યું!

ચૌપૈટ નદીના કિનારે વસેલું બજરંગગઢ ગામ નવેમ્બર ૧૯૯૨ સુધી જિલ્લાનું મુખ્યાલય હતું. અહીં આજે પણ સેંકડો વર્ષ પહેલાંનો વિશાળ કિલ્લો આ ગામની ભવ્યતાના દર્શન કરાવવાની સાથે પોતાનું ઐતિહાસિક ગૌરવ સ્વયં પ્રસ્તુત કરે છે. કિલ્લામાં પ્રસિદ્ધ હનુમાન મંદિર પણ છે. કિલ્લાની અંદર સ્થિત મોતીમહલ તત્કાલીન મહારાજાનું વિચારવિમર્શ સ્થળ પ્રતીત થાય છે. અહીં બેસીને ગામના પ્રત્યેક ખૂણેખૂણા પર નજર રાખી શકાય એવી એની રચના છે. મોતીમહલના પાંચમા માળે બેસીને ચૌપૈટ નદીના કલકલ નિનાદથી અને ઠંડી હવાની લહેરખીઓથી કોઈપણ પ્રવાસી પોતાના સંપૂર્ણ થાકને ભૂલી શકે છે. આની સામે રાણીવાસ આવેલો છે. આ મહેલની સામે બનેલા ચાર કુંડોમાં હોળીના દિવસે રંગોત્સવ મનાવવામાં આવતો હતો. દરેક કુંડ ૨૦ ફૂટ લાંબો અને ૬ ફૂટ પહોળો છે. આ જોતાં જ ધુળેટીનો આનંદ આપણા મનમાં પણ છવાઈ જાય છે.

સંવત ૧૮૭૨ની ચૈત્રવદી એકમે જ્યારે ફ્રાંસના સેનાપતિ સર જોન બૈપ્ટિસે આ કિલ્લા પર રાત્રિના સમયે ચઢાઈ કરી ત્યારે તત્કાલીન મહારાજા જયસિંહ સાથે એનું ધમસાણ યુદ્ધ થયું હતું. પોતાની હારને પામી ગયેલા મહારાજાએ પોતાની રાણીઓના સતીત્વની રક્ષા માટે, એમને આ રાણીવાસની પાછળની બાજુએ જીવતી દિવાલમાં ચણી દીધી હતી.

કિલ્લાની અંદર રાખવામાં આવેલ 'રામબાણ તોપ' પોતાના વૈભવની ગાથા પોતે જ કહે છે. એની પર લખેલ લેખથી પ્રગટ થાય છે કે એની પ્રતિષ્ઠા 'માઘ સુદી ૧ બૃહસ્પતિવાર સંવત ૧૭૭૫'માં કરવામાં આવેલ તથા જાણકારી મળે છે કે એને બનાવવામાં એ સમયે ૩૨,૦૦૦ રૂા.નો ખર્ચ થયો હતો. આ તોપ બાર ફૂટ લાંબી છે. કિલ્લાની અંદર આઠ ધાતુથી નિર્મિત

અનેક તોપ વિખરાયેલી પડી છે. આજે પણ કિલ્લામાં અનેક વાવ અને કુવા મૌજુદ છે જે પુરાતન હોવા છતાં નવનિર્મિત જેવા લાગે છે.

કાળની લપેટમાં અને પર્યાપ્ત સંરક્ષણ વગર નિરંતર ધ્વસ્ત થઈ રહેલા આ કિલ્લાની મરમ્મત કરતા રહીને આપણા ઐતિહાસીક ગૌરવને જાળવવાનો પ્રયાસ કરવો જોઈએ.

બજરંગગઢમાં પ્રવેશદ્વારની સમીપ જ એક વિશાળ તળાવ છે. આ 'સૂબા સાહબવાલા તળાવ' કહેવાય છે. આ તળાવની વચ્ચે એક મોટો કૂવો છે. ઉનાળામાં તળાવનું પાણી ખલાસ થઈ જવા છતાં આ કૂવામાં બારેમાસ પાણી રહે છે.

અહીં એક સુરમ્ય પહાડી પર શ્રી બીસ ભૂજા દેવીનું મંદિર છે. મૂર્તિ પર રંગ બંગાળી વેશભૂષા પ્રમાણે કરવામાં આવે છે. પાસે જ શ્રી મંશાપૂરણ હનુમાનજીનું મંદિર પણ સ્થિત છે. બજરંગગઢમાં ક્યારેક ૧૦૮ મંદિર હતા એમ અહીંના લોકો કહે છે. આજે પણ થોડા થોડા અંતરે દેખાતા મંદિરોની જે સંખ્યા મળે છે, તે ૧૦૮ના આંકડાની પ્રામાણિકતાને સ્વંય પ્રકટ કરે છે. બજરંગગઢ ગામની વચ્ચે એક સાત માળનું વિશાળ ભવન છે. આ ભવનના નીચેના ત્રણ માળ જમીનની અંદર ઘુસી ગયા છે.

બજરંગગઢમાં આઠસો વર્ષ પ્રાચીન ભવ્ય જૈન મંદિર આવેલું છે. આ મંદિરની પ્રતિષ્ઠા સંવત ૧૨૩૬માં શ્રી પાડાશાહે કરાવી હતી. આ જિનાલયની ગુફામાં ભગવાન શ્રી શાંતિનાથજીની ૧૮ ફુટ ઊંચી અને ૧૭-૧૭ ફુટ ઊંચી શ્રી કુંથુનાથજીની તેમ જ શ્રી અરનાથજીની ખડગાસન પ્રતિમાઓ દર્શનાર્થીને આકર્ષે છે. જે ભક્તજનોને વીતરાગતાનો અનુપમ ઉપદેશ આપે છે. આ વિહંગમ પ્રતિમાઓ લાલ પાષાણથી નિર્મિત છે અને ધ્યાનસ્થ મુદ્રામાં છે. ગુફામાં સ્થિત આ પ્રતિમાઓ મનને ભક્તિરસમાં ઓતપ્રોત કરી અસીમ શાંતિનો અનુભવ કરાવે છે. આ જિનાલયમાં મનોરમ્ય સમવસરણની રચના કરવામાં આવેલ છે. જમીનથી શિખર સુધી ૯૦ ફુટની ઊંચાઈ ધરાવતા આ જિનાલયની ભીતરની દિવાલો પર ભવ્ય ચિત્રકારી અંકિત છે. મંદિરની ચોતરફ ભીંતોમાં સ્થાપિત અનેક પ્રાચીન પ્રતિમાઓ વાસ્તુકલાના અનુપમ ઉદાહરણ છે. એ ઉપરાંત શિલાલેખ, ભીંતચિત્ર પણ કળાના સુંદર નમૂના છે. કલા અને અધ્યાત્મનો આ દુર્લભ સંયોગ છે. પૌરાણિક કથાનકો પર આધારિત આ ચિત્રો પોતાની નિર્મિતિમાં પૂર્ણતઃ મૌલિક અને અદ્વિતીય છે. પ્રસિદ્ધ ઈતિહાસવિદ ડો. વાકણકરના મતાનુસાર આ ચિત્રો 'અજંતા-ઈલોરા શૈલી'ના છે.

અહીંઆ ચારસો વર્ષ પ્રાચીન બે અન્ય જૈન મંદિર પણ છે. એક–મુખ્ય બજારમાં શ્રી ઝીતુશાહ દ્વારા નિર્મિત શ્રી પાર્શ્વનાથ જિનાલય છે. તથા બીજું–શ્રી ચન્દ્રાપ્રભુ જિનાલય–જેનું નિર્માણ શ્રી હરિશચન્દ્ર ટરકાએ કરાવેલ. ત્રણે જિનાલયની વંદના એક પરિક્રમા દ્વારા પૂર્ણ થાય છે.

પ્રાકૃતિક સૌંદર્યથી પરિપૂર્ણ આ સુરમ્ય ટેકરીઓની ગોદમાં વસેલી આ ઐતિહાસિક નગરી બજરંગગઢ આજે દિગમ્બર જૈન અતિશય ક્ષેત્રના રૂપે પ્રખ્યાત છે. પ્રદુષણ અને કોલાહલથી દૂર, પલાશ અને અન્ય ઘટાદાર વૃક્ષોની છાયાથી ઘેરાયેલ તથા આજે સંપૂર્ણ રીતે ખંડેરોનું ગામ બની ગયેલ બજરંગગઢની ગૌરવગાથા આ અતિશય ક્ષેત્રના કારણે જ જનમાનસને પોતાની તરફ આકર્ષિત કરી રહી હોય એવું લાગે છે.

શ્રી પાડાશાહ દ્વારા બજરંગગઢમાં શ્રી શાંતિનાથ દિગમ્બર જૈન મંદિરના નિર્માણ અને પ્રતિમાઓની સ્થાપના સિવાય થુબોનજી, ચંદેરી, પપૌરાજી (મ.પ્ર.) તથા રાજસ્થાનમાં ચાંદખેડીમાં પણ અનેક જિનાલયોનું નિર્માણ કરવામાં આવેલ.

ઈતિહાસમાં એવો ઉલ્લેખ મળે છે કે શ્રી પાડાશાહના પાડા આ ક્ષેત્રમાં રાતના રોકાયા હતા અને એક પાડાની લોખંડની સાકળ સોનાની થઈ ગઈ હતી. શોધ કરવાથી એમને એ સ્થાન પર પારસ પથ્થરની પ્રાપ્તિ થઈ. એનાથી પ્રભાવિત થઈ એમણે ત્યાં જ એક ભવ્ય જૈન મંદિર બનાવવાની પ્રતિજ્ઞા લીધી. આ તીર્થ ક્ષેત્ર પાડાશાહની ઉદારતા, નિષ્ઠા અને શિલ્પકારોની કાર્ય-કુશળતાનું અદ્ભુત પ્રમાણ છે.

ચારે તરફથી પર્વતમાળાઓથી ઘેરાયેલા આ રમણીય બજરંગગઢમાં અનેક રાજાઓએ પોતાના શૌર્યનું પ્રદર્શન કર્યું છે. આ કારણે આ નગરનાં નામ બદલાતા રહ્યા. એક હજાર વર્ષ પહેલાં આ નગરનું નામ મૂસાગઢ હતું. કિલ્લા પર ઝિરવાર રઘુવંશીઓનું રાજ્ય સ્થપાતાં આ નગરનું નામ ઝરખોસ રાખવામાં આવેલ. રાજા જયસિંહે કિલ્લાના નીચેના હિસ્સાનું નામ જૈનાનગર રાખ્યું હતું. એ વખતે આ નગરમાં ૨૦૦ ઘર જૈનોના હતા પણ પાછળથી કિલ્લાની અંદર સ્થાપિત બજરંગ મંદિરના નામ પર આનું નામકરણ બજરંગગઢ થયું.

આગ્રા–બોમ્બે રોડ ઉપર આવેલા ગુના માટે ગ્વાલિયર, ઈન્દોર, ઉજ્જૈન તથા ભોપાલથી પ્રત્યેક સમયે બસ મળી રહે છે. બજરંગગઢ પહોંચવા માટે ગુના, સિરોંજ તથા આરોનથી બસ, જીપ તથા રિક્ષા મળી રહે છે.

ગુના–મધ્ય રેલવેના બીના–કોટા–મકસી રેલવે લાઈન પર આવેલું છે. અહીં આવવા માટે બીના, ઉજ્જૈન, કોટા તથા સાબરમતી એક્સપ્રેસ દ્વારા અમદાવાદથી પણ આવી શકાય છે.

અહીં બે વિશાળ ધર્મશાળાઓ છે જેમાં એક શ્રી શાંતિનાથ અતિશય ક્ષેત્રમાં છે. જેમાં લગ્ન, ધાર્મિક અને અન્ય સામાજિક આયોજનો માટે પૂર્ણ સુવિધાઓ ઉપલબ્ધ છે. બહારથી આવનારા યાત્રીઓ માટે રહેવાની યોગ્ય વ્યવસ્થા છે. આ ધર્મશાળામાં રૂમ, ઓસરી અને સભાકક્ષ છે. ભોજન બનાવવાની વ્યવસ્થા પણ છે.

આવી સુંદર–પવિત્ર જગ્યાએ રાત્રિમુકામ કરવાની અણમોલ તક સાંપડતાં પ્રવાસનો સઘળો થાક દૂર થઈ ગયો. બીજે દિવસે સવારે દર્શનાદિ કરી અમે શિવપુરી તરફ નીકળી પડ્યા.

✶ ✶ ✶

૧૨, હીરાભુવન, કુણાલ જૈન ચોક, મુલુંડ (પશ્ચિમ),
મુંબઈ–૪૦૦ ૦૮૦. (૦૨૨) ૨૫૬૪૯૩૫૨

# શ્રી જૈન-શ્રદ્ધા યોગ-મહાવીર ગીતા : એક દર્શન

❑ પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ

**પ્રથમ અધ્યાય : શ્રદ્ધા યોગ**

(૧)

('પ્રબુદ્ધ જીવન'ના ઑક્ટોબર અંકમાં 'શ્રી મહાવીર ગીતા' વિશે પ્રાસ્તાવિક વિગત પ્રસ્તુત કરી હતી અને ગ્રંથના વિવિધ અધ્યાયનો પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ આપણને સ્વાધ્યાય કરાવશે એવું જણાવેલ, એ મુજબ અત્રે પ્રથમ અધ્યાયનો સ્વાધ્યાય પ્રસ્તુત કરીએ છીએ. હવેથી પ્રત્યેક મહિને એક-એક અધ્યાયના સ્વાધ્યાયનો આપણને લાભ મળશે.

યોગાનુયોગ પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપને ૧૮ નવેમ્બરના અમદાવાદમાં પરમ પૂજ્ય આચાર્યશ્રી કીર્તિસેનસૂરિજીના વરદ્ હસ્તે આચાર્ય પ્રદ પ્રદાન થઈ રહ્યું છે. પંચ પરમેષ્ટિના ત્રીજા પદે આચાર્ય સ્થાન વિરાજમાન છે.

પ. પૂ. યોગનિષ્ઠ આચાર્યશ્રી શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી સમુદાયના પ. પૂ. આચાર્યશ્રી દુર્લભસાગર સૂરીશ્વરજી મ.સા. પાસે પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપે એઓશ્રીની અગિયાર વર્ષની બાળ વયે દીક્ષા ગ્રહણ કરી હતી. -ધનવંત શાહ)

વિ.સં. ૧૯૫૭થી વિ.સં. ૧૯૮૧ સમયકાળમાં પરમપૂજ્ય યોગનિષ્ઠ, જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ નિત્ય, નિયમિત લખ્યું છે. દીક્ષાજીવનનું પ્રથમ ચાતુર્માસ સૂરતમાં થયું તે સમયે જયમલ પદ્મીંગ નામના ખ્રિસ્તીએ પ્રવચનો કરીને જૈનધર્મ પર પ્રહાર કર્યો. જૈન શાસનને પોતાના જીવનના પ્રત્યેક અણુમાં રમમાણ કરી ચૂકેલા અને જૈનધર્મના સત્યને પામી ચૂકેલા શ્રી બુદ્ધિસાગરજી મહારાજે મા શારદાનું સ્મરણ કરીને કાગળ તથા પેન્સિલ હાથમાં લીધાં ને તત્કાળ એક ગ્રંથ સર્જ્યો ને પ્રકટ કરાવ્યો: 'જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો.'

એ ગ્રંથ પ્રગટ થતાં જ જયમલ પદ્મીંગ સૂરતમાંથી નાસી ગયો. એ મૂળ જૈન સાધુ હતો. શ્રી મોહનલાલજી મહારાજનો શિષ્ય, જિતમુનિ તેનું નામ. પછી ખ્રિસ્તી થઈને તેનો પ્રચારક થયો. પણ કહે છે કે ત્યાર પછી તે કદી સૂરતમાં ન આવ્યો!

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીને જીવનના પ્રથમ પગથિયે મળેલો ધર્મયુદ્ધ માટેનો પ્રથમ વિજય અપ્રતિમ પ્રતિભાશાળી પુરવાર કરનાર નીવડ્યો.

દીક્ષાજીવનનાં ૨૪ વર્ષમાં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ અખંડ લખ્યું છે. તેમનાં લગભગ ૧૪૦ પુસ્તકોમાં વૈવિધ્ય અને વિદ્વત્તા બંનેનો છંટકાવ પ્રકટે છે. તેમનાં ગ્રંથરત્નોમાં 'કર્મયોગ', 'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર' વગેરે મુખ્ય છે. તેમણે ત્રણ ઉપનિષદ લખ્યાં છે: ૧. જૈનોપનિષદ, ૨ શિષ્યોપનિષદ. ૩ જૈન દૃષ્ટિએ ઈશાવાસ્યોપનિષદ. તેમણે સાત ગીતાઓ આલેખી છે: ૧. આત્મદર્શન ગીતા, ૨. પ્રેમગીતા, ૩. ગુરુગીતા, ૪. જૈન ગીતા, ૫. અધ્યાત્મ ગીતા, ૬. શ્રી જૈન મહાવીર ગીતા, ૭. કૃષ્ણગીતા. 'કર્મયોગ' નામના ગ્રંથને આવકારતા લોકમાન્ય બા.ગં. ટિળકે માંડલે જેલમાંથી લખેલું કે 'જો મને પહેલેથી ખબર હોત કે તમે આ કર્મયોગ લખી રહ્યા છો તો હું મારો કર્મયોગ કદી ન લખત. આ ગ્રંથ વાંચી હું પ્રભાવિત થયો છું.'

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ ગદ્ય અને પદ્યમાં સમાન ખેડાણ કર્યું છે. તેમના અનેક કાવ્યગ્રંથો પણ છે. તેમણે કાવ્યો, ગઝલો, ભજનો, પદો, સ્તવન, ગહુલી વગેરે લખ્યાં છે તો પૂજાઓ પણ અનેક સર્જી છે. તેમનાં ભજનોના ૧૧ સંગ્રહો પ્રકટ થયાં છે. ભજનપદસંગ્રહ-૧ની તો છ છ આવૃત્તિઓ તે સમયે પ્રકટ થઈ હતી. ઘણાં ગ્રંથોની અનેક આવૃત્તિઓ થઈ. તેમણે પોતાના ભક્તો તથા શિષ્યોને સંબોધીને અનેક પ્રેરક પત્રો લખ્યા છે. તેના ૩ ભાગ પ્રકટ થયા છે. શ્રીમદ્જી પ્રતિદિન ડાયરી લખતા. એ અનેક ડાયરીઓ પ્રકટ થઈ છે. હજી થોડી બાકી પણ છે. તેમણે જીવનચરિત્રો, પદોના ભાવાર્થ, પ્રતિમાજીના શિલાલેખો વગેરે અનેક ગ્રંથો સર્જ્યાં છે. આમ, તેમની લેખનદિશા વિવિધતાપૂર્ણ અને વિશદ રહી છે. તેમનાં પ્રવચનો 'અધ્યાત્મ વ્યાખ્યાનમાળા'ના નામે મળે છે.

આજથી ૩૭૫ વર્ષ પૂર્વે થયેલા ઉપાધ્યાય યશોવિજયજી પછી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વજી જેવું વિપુલ ઉપદેશાત્મક સાહિત્ય અન્ય કોઈએ લખ્યું નથી.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનાં અંતિમ બે ગ્રંથરત્નો તેમની હયાતી પછી પ્રકટ થયાં છે ને તેણે પણ ઇતિહાસ સર્જ્યો છે. જીવનના અંતિમ સમયે તેમણે પોતાના અંતેવાસી અને ગુરુભક્ત કવિ મ.મો. પાદરાકરને 'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર' અને 'શ્રી જૈન મહાવીર ગીતા'ની હસ્તપ્રત સોંપી અને કહ્યું કે 'મારા મૃત્યુ પછી એક પચીસી વીતે પ્રકટ કરજો.'

ભગવાન મહાવીરને અધ્યાત્મ દૃષ્ટિએ નિહાળવાની એ ગ્રંથોમાં કોશિશ થઈ છે. કિંતુ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સમજ્યા કે હજી

તેનો અંતરધ્વનિ સમજવાની દૃષ્ટિ સમાજમાં પ્રકટ થઈ નથી, તો વિવાદ પ્રકટ ન કરતાં એ ગ્રંથો થોડાં વર્ષો પછી ભલે પ્રકટ થાય.

કિંતુ એમ થયું નહિ. લગભગ ૪૦ વર્ષ પછી ગ્રંથોની હસ્તપ્રત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીના પટ્ટપરંપક શિષ્ય પરમપૂજ્ય શાંતમૂર્તિ, આચાર્યશ્રી દુર્લભસાગરસૂરિજી મહારાજના હાથમાં આવી. તેમણે પ્રકાશનકાર્ય પ્રારંભ્યું ત્યારે પ્રચંડ વિરોધ ઊઠ્યો. અનેક મુશ્કેલીઓ આવી. પરંતુ આ. શ્રી દુર્લભસાગરસૂરિજી મહારાજની પ્રચંડ આત્મશ્રદ્ધા અને અવર્ણ્ય ગુરુભક્તિથી એ ગ્રંથો છેવટે વિ.સં. ૨૦૨૫માં પ્રકટ થયા! શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ પૂ. શ્રી. દુર્લભસાગરસૂરિજીની ગુરુભક્તિ અને ગ્રંથપ્રકાશનને જૈન સંઘની મહત્ત્વપૂર્ણ ઘટના કહી છે.

'શ્રી જૈન મહાવીર ગીતા' યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વજી મહારાજની વિલક્ષણ કૃતિ છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વજી પ્રયોગશીલ સર્જક રહ્યા છે. જૈન પરંપરામાં ઉપનિષદ કે ગીતા અથવા કાવ્યકૃતિઓમાં ભજન કે ગઝલ જોવા મળતાં નથી. આ પ્રારંભ તેમણે કર્યો અને વિદ્વાનો તથા ભાવકોને તેમણે આકર્ષિત કર્યા. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની કૃતિઓમાં ઊંડાણ ઘણું છે. એમના કથનનો મર્મ સમજવા માટે ગહન ચિંતન અને અભ્યાસ અનિવાર્ય છે. એમણે સ્વયં લખ્યું છે :

મુ. વિજાપુર,
સં. ૧૯૭૮, ચૈત્ર સુદ સાતમ

'મારા લખેલા લેખો, ગ્રંથો વગેરે સર્વે સાત નયોની સાપેક્ષ દૃષ્ટિ અનુભવવા,

જેઓએ-

જૈન ધર્મ શાસ્ત્રોનો આધ્યાત્મિક અને વ્યવહાર દૃષ્ટિએ તેમજ સાત નયોની દૃષ્ટિએ અભ્યાસ કર્યો હોય

જેઓએ-

યોગશાસ્ત્રનો અભ્યાસ કરી તેનો અનુભવ કર્યો હોય,

જેઓએ-

ચાર વેદ, એકસોઆઠ ઉપનિષદો, ગીતાઓ, વૈદાંતિક અધ્યાત્મિક ગ્રંથો તેમ જ જૈન અધ્યાત્મિક ગ્રંથોનો અભ્યાસ કર્યો હોય,

જેઓએ-

શ્વેતાંબર, દિગંબર તત્ત્વાદિક ગ્રંથોનો અભ્યાસ તેમ જ અનુભવ કર્યો હોય-

તેઓ ગીતાર્થ જ્ઞાનીઓ બનેલા હોય છે, તેઓની પાસે રહીને તેમની સેવા ભક્તિ કરીને મારા ગ્રંથોને ગુરુગમ ગ્રહી વિચારે છે તેઓને કોઈપણ જાતની શંકા રહેતી નથી અને તેઓ આત્માને પરમાત્મા બનાવવાની આધ્યાત્મિક દૃષ્ટિ પરિણતિને પ્રાપ્ત કરે છે.

મારા ગ્રંથોનો અભ્યાસ કરવામાં ગુરુગમની તથા અપેક્ષા દૃષ્ટિ જરૂર છે.

ઉપર્યુક્ત જ્ઞાનીઓ મારા લખેલા આશયોને સમજાવી શકે છે માટે–

વર્તમાનમાં વર્તનારા તથા ભવિષ્યમાં મારા આશયોને અપેક્ષાએ સત્ય જાણનારા જ્ઞાનીઓની સેવા-ભક્તિમાં અર્પાઈ જવું.'

(પત્ર સદ્દુપદેશ, ભાગ બીજો, પાન નં. ૨૧૦)

'શ્રી જૈન મહાવીર ગીતા'નું અધ્યયન કરનારે આ દૃષ્ટિબિંદુ સાથે રાખીને ચાલવું પડે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વજીના તમામ સર્જનમાં અને આ ગ્રંથમાં મુખ્યત્વે 'આત્મા' જ કેન્દ્રમાં છે. આત્મા શુધ્ધ છે, બુદ્ધ છે, નિરંજન નિરાકાર છે, પરમાત્મા છે- આ ધ્વનિ સતત ગુંજતો રહે છે. આત્મા અને આત્મકલ્યાણ સિવાય કોઈ વાતનો સ્પર્શ ક્યાંય જોવા મળતો નથી પણ 'આત્મા' અને તેના કલ્યાણ માટે શું કરવું જોઈએ, કોનું ધ્યાન કરવું જોઈએ, જૈન ધર્મ ક્યાં સહાયક છે, જિનેન્દ્ર ભગવાન જ ઉપકારી છે, જિનતત્ત્વના આશ્રય વિના નહિ જ ચાલે તે સતત સમજાવવા લેખક પ્રયત્નશીલ છેઃ આમ કરવામાં તેઓ જે લખે છે તેમાં નિશ્ચય નય અને વ્યવહાર નયને સમજ્યા વિના તેઓના કથનનો મર્મ પારખી શકાતો નથી. માત્ર સૂક્ષ્મ નહિ, પણ સુસૂક્ષ્મ બુદ્ધિથી નયસાપેક્ષ બુદ્ધિ રાખીએ તો જ 'શ્રી જૈન મહાવીર ગીતા'નું યથાતથ જ્ઞાન થઈ શકશે. નયસાપેક્ષદૃષ્ટિ રાખવામાં ન આવે તો અર્થનો અનર્થ થતાં કે વિપરીત અર્થઘટન થતાં વાર લાગે તેવું નથી. 'શ્રી જૈન મહાવીર ગીતા'નું હાર્દ પામવા માટે નયવિવેક જોઈએ.

**પીઠિકા**

'શ્રી જૈન મહાવીર ગીતા'ની રચનામાં 'શ્રી ભગવદ ગીતા'ની પદ્ધતિનું દર્શન થાય છે, નામાભિધાનમાં પણ ઘણું સામ્ય છે. પરંતુ બંનેના મંડાણના ક્ષેત્ર ભિન્ન છે. બંનેમાં બોધ છે, ઉપદેશ છે, કર્તવ્ય સમજાવવાની ભાવના છે પણ બંને ગ્રંથરત્નોની સમાનતા આટલા પૂરતી જ છે. 'શ્રી ભગવદ્ ગીતા'નું પ્રાક્ટય યુદ્ધભૂમિમાં થયું છે. શ્રી કૃષ્ણ અર્જુનને યુદ્ધની, કર્તવ્યની, હિંસાની પ્રેરણા આપે છે. અર્જુનને ધનુષ-બાણ ઉઠાવવા શ્રી કૃષ્ણ કહે છે.

'શ્રી ભગવદ્ ગીતા'ના પ્રથમ અધ્યાયમાં અર્જુનની મથામણ સમજાય છે. તે કહે છે, 'હે શ્રીકૃષ્ણ! યુદ્ધ માટે મારી સામે ઊભેલા

મારા સ્વજનોને જોઈ મારા ગાત્રો ગળી રહ્યા છે, મુખ શોષાઈ રહ્યું છે, શરીર ધ્રુજી રહ્યું છે, રોમ ખડાં થઈ રહ્યાં છે, ગાંડીવ મારા હાથમાંથી પડી જાય છે, મારું મન ભમી રહ્યું છે, મારાંથી અહીં ઉભા રહેવાશે નહિ. હે ગોવિંદ! મને વિજયની ઈચ્છા નથી, મને રાજ્યસુખો જોઈતા નથી, હે સ્વામી! મારે ચાલ્યા જવું છે. અહીં યુદ્ધમાં જે મારી સામે ઉભા છે તે મારા વિદ્યાગુરુજનો છે, કાકાઓ છે, પિતામહો, પુત્રો, પૌત્રો, મામાઓ, સસરાઓ, સાળાઓ અને સ્નેહીઓ છે. હું રાજ માટે, સુખ માટે હથિયાર ઉઠાવું? કૌરવોને મારવાથી શું વળશે? મારે યુદ્ધ નથી કરવું.'

અહીં શ્રીકૃષ્ણ સમજ્યા કે અર્જુન જો પાછો વળે તો આખી પાંડવસેના હારી જાય. આ ભૂમિકામાંથી શ્રી ભગવદ્ ગીતાનો પ્રારંભ થાય છે. 'શ્રી ભગવદ્ ગીતા' અર્જુનને કુટુંબ માટે, કર્તવ્ય માટે, ન્યાય માટે ઉત્તેજિત કરે છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'ની ભૂમિકા Style સાવ જુદી છે.

રાજગૃહી નગરી છે. દેવસર્જિત સમવસરણ છે. ગણધર શ્રેષ્ઠ ગૌતમ અને મુનિઓ, સાધ્વી શ્રેષ્ઠા ચંદનબાળા અને સાધ્વીગણ, મહારાજા શ્રેણિક અને મગધજનો, ઇન્દ્રાદિક દેવતાઓ, દેવીઓ, નર-નારીઓ, તીર્યંચ પશુ-પંખીઓ, સર્વે દેશના સાંભળવા ઉત્સુક છે. પ્રભુશ્રી મહાવીર સ્વામી ચતુર્મુખ દેશના કરે છે. જ્ઞાની ગૌતમસ્વામી, રાજા શ્રેણિક ઇત્યાદિ આત્માના કલ્યાણ અર્થે પ્રશ્નો કરે છે, પ્રભુ નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિથી અનેક ઉત્તરથી સમાધાન કરે છે, સૌની જિજ્ઞાસા તૃપ્ત થાય છે. એ સમાધાનસાર એટલે જૈન મહાવીર ગીતા.

'શ્રી જૈન મહાવીર ગીતા'ની ભૂમિકા આ છે.

(૨)

'શ્રી જૈન મહાવીર ગીતા'ના કુલ ૨૯૫૨ શ્લોક છે. તેમાં પ્રારંભના ૧૬ અધ્યાય છે. તેના ૨૨૫૫ શ્લોક છે. તે આ પ્રમાણે છે. ૧. શ્રદ્ધાયોગ. ૨. પ્રેમયોગ. ૩. કર્મયોગ. ૪. ધર્મયોગ. ૫. નીતિયોગ. ૬. સંસ્કારયોગ. ૭. શિક્ષાયોગ. ૮. શક્તિયોગ. ૯. દાનયોગ. ૧૦. બ્રહ્મચર્યયોગ. ૧૧. તપોયોગ. ૧૨. ત્યાગયોગ. ૧૩. સત્સંગયોગ. ૧૪. ગુરુભક્તિયોગ. ૧૫. જ્ઞાનયોગ. ૧૬. યોગોપસંહારયોગ. અહીં સુધીના ૨૨૫૫ શ્લોક છે. મંત્રયોગનું પ્રકરણ તે પછી છે. તેને કર્તા સ્વતંત્ર મૂકે છે. તેના ૧૪૧ શ્લોક છે. તે પછી અનુક્રમે છે, ગૌતમસ્તુતિ શ્લોકઃ ૪૧, શ્રેણિકાદિસ્તુતિ, શ્લોકઃ ૧૭, ચેટકાદિ સ્તુતિ, શ્લોકઃ ૩૬૩, શક્તિયોગ અનુમોદના, શ્લોકઃ ૨૩, ઈન્દ્રાદિ સ્તુતિ, શ્લોકઃ ૧૦૯, મંગલમ, શ્લોકઃ ૩, આમ 'જૈન મહાવીર ગીતા' સંસ્કૃતમાં ૨૯૫૨ શ્લોક પ્રમાણ ગ્રંથ છે.

સરળ રચનાશૈલી, અનુષ્ટુપછંદ અને નિતાંત જિનભક્તિ તથા આત્મકલ્યાણની ભાવના સાથે ખળખળ ઝરણાની જેમ વહેતા આ ગ્રંથમાં ડૂબકી મારીએ છીએ ત્યારે આપણને એક અવર્ણ્ય આનંદદાયક અનુભવ સંપ્રાપ્ત થાય છે. પૂર્વસૂરિઓની જેમ, શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની આ કૃતિમાં તત્ત્વબોધ તો છે જ, કર્તવ્યભાવનાની પ્રેરણા સવિશેષ ઝળકે છે. આત્મકલ્યાણ એ પ્રત્યેક મુમુક્ષુનું અંતિમ લક્ષ્ય છે પણ જે જીવનમાં તે જીવે છે તેના દ્વારા જ અભ્યુદય પ્રાપ્ત થશે માટે તે જીવન પણ માનસરોવરના નિર્મળ જળ જેવું ઉત્તમ અને નવપલ્લવિત પુષ્પ જેવું મનોહર જોઈએ તે પ્રેરણા પણ અહીં સંપ્રાપ્ત થાય છે. મધુર ભાષા, અવિરામ વિચારધારા, જે કહેવું છે તે સ્પષ્ટ અને સ્વચ્છ દૃષ્ટિ સાથે 'જૈન મહાવીર ગીતા' પરંપરાગત જૈન ગ્રંથોથી ભિન્ન છે, પણ તેજ તેનું આકર્ષણ છે. 'જૈન મહાવીર ગીતા'નું આ સાવ જુદી તરી આવતું રચનાસ્વરૂપ જ, સૂક્ષ્મ નયદૃષ્ટિથી અવલોકવું અનિવાર્ય છે તેની સૂચના કરે છે. જૈનાગમોમાં પ્રશ્ન અને ઉત્તર જોવા મળે છે પણ ત્યાં જ અટકી જાય છે. અહીં 'જૈન મહાવીર ગીતા'માં પ્રશ્ન અને ઉત્તર છે અને ઉત્તરમાં પ્રભુ સ્વયં જોડાઈ જાય છે અને 'આત્મા' કેન્દ્રમાં આવી જાય છે. 'જૈન મહાવીર ગીતા' સમજવા માટે અન્ય ગ્રંથોનો અભ્યાસ, ચિંતન અનિવાર્ય છે કેમ કે સમન્વયાત્મક દૃષ્ટિકોણથી જ આ ગ્રંથ આત્મસાત્ થઈ શકે.

(૩)

'શ્રી જૈન મહાવીર ગીતા'માં પહેલો અધ્યાય શ્રદ્ધાયોગ છે. તેના ૬૪ શ્લોક છે.

શ્રીમદ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સૌ પ્રથમ અધ્યાય શ્રધ્ધા વિશે આલેખે છે તે સકારણ છે. જૈન ધર્મનો પાયો જ શ્રદ્ધા છે. તત્વાર્થસૂત્રમાં સમ્યગ્ દર્શનનું મહત્ત્વ પ્રથમ મૂકાયું છે તેનો હેતુ આ છે. શ્રદ્ધાથી જ મોક્ષ મળે. આ જૈનદર્શનનો સાર છે. તત્ત્વ પર શ્રદ્ધા અવિચળ જોઈએ. તત્ત્વની શ્રદ્ધા એ જ સમ્યગ દર્શન. કિંતુ શ્રદ્ધા મુશ્કેલ છે, દુર્લભ છે. જૈનાગમોમાં શ્રદ્ધા પરમ દુર્લભ કહી છે. જેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તે જ મોક્ષમાં થાય. તે જ કર્મથી, સંસારથી, ભવભ્રમણથી મુક્ત બને. શ્રદ્ધા જોઈએ. દેવ, ગુરુ, ધર્મ પર અવિચળ શ્રદ્ધા જોઈએ. જીવનની મામૂલી વાતમાં પણ વિશ્વાસ સિવાય ચાલતું નથી, તો જેનાથી સંપૂર્ણ સુખની પ્રાપ્તિ મળવાની આશા છે તે ધર્મમાં અખંડ શ્રદ્ધા ન જોઈએ? શ્રદ્ધાનું મહત્ત્વ ઘણું છે. જૈનધર્મ, શ્રદ્ધાને સમ્યક્ દર્શનના સ્વરૂપે ઓળખાવે છે. સમકિતી જીવ તરી જાય છે. એટલે શ્રદ્ધાનું બળ અચિંત્ય છે.

'જૈન મહાવીર ગીતા'માં શ્રદ્ધાયોગ પ્રથમ છે તેનું કારણ શ્રદ્ધા જ ધર્મનું પહેલું પગથિયું છે. આ પગથિયા પર પ્રથમ ચરણ મૂકીને ક્રમશઃ આગળ વધતાં જવાનું છે.

'શ્રદ્ધાયોગ'માં મંગલાચરણ આમ છેઃ

प्रणम्य श्री महावीरं, गणेशा गौतमादयः ।

भूपाला श्रेणिकाद्याश्च, प्रपच्छु प्रेम भक्तितः ।।१।।

'પરમાત્મા શ્રી મહાવીરને વંદન કરીને શ્રી ગૌતમ ગણધર અને શ્રી શ્રેણિક વગેરે રાજાઓએ પ્રેમ ભક્તિપૂર્વક પૂછ્યું.'

જૈન પૂર્વસૂરિઓની પરંપરાનુસાર શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વજી પોતાના તમામ ધર્મ ગ્રંથના પ્રારંભે ૐ अर्हम् લખ્યાં પછી પ્રથમ શ્લોકમાં જિનેશ્વર ભગવાનને વંદન કરીને પ્રારંભ કરે છે. બીજા, ત્રીજા, ચોથા શ્લોકમાં ગૌતમ ગણધરાદિની વિજ્ઞપ્તિ સાંભળીને પ્રભુ મહાવીર કહે છેઃ

ममऽनन्य परो भक्तो, मत्स्वरूपो न चान्यथा ।

मच्छ्रध्धा धर्म योगेने, मुच्यते सर्व कर्मतः ।।५।।

'મારો અનન્ય ભક્ત, મારા સ્વરૂપને જાણે છે અને મારા પરની શ્રદ્ધાના ધર્મયોગથી સર્વ કર્મોથી મુક્ત બને છે.'

श्रद्धायां मम वासोऽस्ति, श्रद्धावाँल्लभते शिवम् ।

मच्छ्रध्धा भ्रष्ट जीवानां, दुर्गति र्नैव संशयः ।।६।।

'શ્રદ્ધામાં જ મારો વાસ છે, શ્રદ્ધાવાન કલ્યાણને પ્રાપ્ત કરે છે, (મેળવે છે) મારી શ્રદ્ધાથી ભ્રષ્ટ થયેલા જીવની દુર્ગતિ થાય છે તેમાં શંકા નથી.'

सर्वनाम स्वरुपादियोगैः सर्वत्र सर्वथा ।

अर्हन् रामादि सच्छब्दै र्भक्ता गायन्तिमां सदा ।।७।।

'સર્વત્ર અને સર્વથા નામ અને સ્વરૂપના યોગથી 'અરિહંત' ઇત્યાદિ પવિત્ર શબ્દો વડે ભક્તો હંમેશાં મારાં ગુણગાન કરે છે.'

'શ્રી ભગવદ ગીતા'માં જેમ શ્રીકૃષ્ણની વાણી છે, તેમ અહીં 'જૈન મહાવીર ગીતા'માં શ્રી મહાવીર વાણી છેઃ 'શ્રદ્ધાયોગ'માં શ્રી મહાવીર સ્વામી પ્રત્યેક શ્લોકમાં, પ્રત્યેક શબ્દમાં ભક્તની શ્રદ્ધાને મજબૂત કરે છે, શ્રદ્ધાને દ્રઢ બનાવે છે. 'શ્રદ્ધાયોગ'માં શ્રદ્ધાનો મહિમા વર્ણવાયો છે અને તે જિનસ્વરૂપના મહિમાગાન વડે વર્ણવાયો છે. શ્રી અરિહંત પરમાત્મા અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર્યના પ્રકટ સ્વરૂપને પામેલા હોય છે અને તેમના પર ભક્તની અખૂટ શ્રદ્ધા હોય છે. આ અનંત સામર્થ્યવાન સ્વરૂપને ભગવાન સ્વયં અહીં કહે છે કે 'હું આમ છું,' અને તેમ કહીને ભક્તને અધિકાધિક શ્રદ્ધાવાન, કર્મમુક્ત, મોક્ષગામી બનાવે છે. શૈલીની ભિન્નતાનું જેમ અહીં આ ગ્રંથમાં આકર્ષણ મુખ્ય છે તેમ, ચૌદ રાજલોકમાં ઘૂમી વળતી અને ભક્તને અંતરથી, અંદરથી ઢંઢોળી નાંખતી મહાવીરવાણીની પ્રભાવક્તા આપણને સતત સ્પર્શે છે અને તે પણ ઓછું રોમાંચકારી નથી. વળી, આ રચનાશૈલીની નવિનતામાં ક્યાંય જિનતત્ત્વનું કે પરંપરાનું અનુસંધાન ખંડિત થતું નથી.

'શ્રદ્ધાયોગ'ના થોડાંક શ્લોકાર્થ જોઈએઃ

'પોતાની શક્તિથી હું સર્વ વ્યાપક છું અને પૂર્ણ શ્રદ્ધાથી જ્ઞાનાદિ અનંત સ્વરૂપ ઉત્પન્ન થાય છે.' (ગાથા ૯)

• • •

'પૂર્ણ શ્રદ્ધાના પ્રવાહથી હું બહાર અને અંદર (અંતરમાં) વસું છું. મારા સ્વરૂપને શ્રદ્ધાવાન જાણે છે પણ નાસ્તિક જાણતો નથી.' (ગાથા ૧૦)

• • •

'સેંકડો શાસ્ત્રોને ત્યજીને શ્રદ્ધાપૂર્વક મને જ ભજો. હું તમને બધા જ દોષોમાંથી ભાવપૂર્વક છોડાવીશ.' (ગાથા ૧૨)

• • •

'મહાન પાપી માણસો પણ મારી ભક્તિથી તરત જ સ્વર્ગે જનારા બને છે. મારા ભક્તો શુભ ભાવથી મુક્તિને મેળવે છે.' (ગાથા ૧૮)

• • •

'ત્રણે ભુવનમાં એવા કોઈ સર્વજ્ઞ અને શક્તિમાન નથી જે વાણી દ્વારા પૂર્ણપણે શ્રદ્ધાના ઉત્તમ મહિમાને વર્ણવી શકે.' (ગાથા ૧૯)

• • •

'અપૂર્વ એવી મારી શ્રદ્ધાને નાસ્તિક (માણસો) કેવી રીતે મેળવી શકે ? (કારણ કે) બાહ્ય બુદ્ધિ અને સેંકડો તર્કથી હું મેળવી શકાતો નથી.' (ગાથા ૨૦)

• • •

'શ્રધ્ધાળુ મનુષ્યોમાં જેવી શક્તિ છે તેવી શક્તિ નાસ્તિકમાં હોતી નથી. અનંત શક્તિસ્વરૂપે બધા જ પ્રાણીઓમાં મારો વાસ છે.' (ગાથા ૪૮)

• • •

'શ્રધ્ધાના લીધે જ શ્રદ્ધાવાનોમાં શક્તિ પ્રકાશે છે. આ પૃથ્વી પર મારા પરની શ્રદ્ધાને કારણે જ જીવ પ્રભુ સમાન જણાય છે.' (ગાથા ૪૯)

• • •

'સર્વ પ્રાણીઓમાં ધર્મના આચરણનો પ્રવર્તક વિશ્વાસ છે.

આત્મવિશ્વાસના નાશથી માણસોની શક્તિનો નાશ થાય છે.' (ગાથા ૫૧)

● ● ●

'દેવ ગુરૂ ધર્મ પરની શ્રદ્ધા અનેક રૂપે શુભ કરનારી છે. તે શ્રદ્ધા મારું જ સ્વરૂપ જાણીને (આત્મામાં જાણીને) મને ભજો' (ગાથા ૫૪)

● ● ●

'મારામાં શ્રદ્ધાવાળા દેહધારીઓ (મનુષ્યો) જન્મ, મૃત્યુ અને ઘડપણથી પર છે. તેઓ કાળને જીતનારા, મુક્તિધામને પામનારા છે.' (ગાથા ૫૯)

● ● ●

'કુતર્કો અને બધી શંકાઓને ત્યજીને (જે) આત્મામાં મને ભજે છે, તે શ્રદ્ધાવાળાઓનો સંપૂર્ણ ઉદ્ધાર કરીને હું મારા સ્વરૂપવાળા બનાવું છું.' (ગાથા ૬૨)

● ● ●

'વિપત્તિઓમાં પણ મારામાં શ્રદ્ધા રાખનારા ભક્તો મને પ્રિય છે અને જે ભક્તોમાં શ્રદ્ધા છે તેઓના હૃદયમાં હું વસું છું.' (ગાથા ૨૩)

● ● ●

'શ્રદ્ધા એ પરમ બ્રહ્મ છે, શ્રદ્ધા એ જ બળ છે, શ્રદ્ધા જ્યોતિઓની પણ જ્યોતિ છે, શ્રદ્ધાથી જ બધી સંપત્તિ પ્રાપ્ત થાય છે.' (ગાથા ૩૫)

● ● ●

'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'શ્રદ્ધાયોગ'ના કેટલાક શ્લોકના અર્થ ઉપર મૂક્યાં છે, તેમાંથી શ્રદ્ધાનો અપૂર્વ પ્રભાવ, વિસ્તાર, શક્તિ, સામર્થ્ય સમજાય છે. આ વાત છેવટ તો આત્માના જ અનુસંધાનમાં છે. શ્રદ્ધા જેટલી ગહન, તેટલી આત્માની શક્તિ મહાન છે તેમ સમજવાનું છે. કેટલાક શ્લોક જોઈએઃ

जिनोऽहं सर्व जैनषु, बुद्धोऽहं बौद्धधर्मिषु ।
वैष्णवानामहं विष्णु: शिव: शैवेषु वस्तुत: ।।१५।।
कृष्णोऽहं वासुदेवोऽहं, महेशोऽहं सदाशिव: ।
सर्वगुरु स्वरुपोऽहं, श्रद्धावान्यां प्रपद्यते ।।१६।।
सागराऽहं समुद्रेषु, गडगाहं स्यान्दिषु च ।
सर्व शक्तिषु शक्तोऽहं, भक्तानां भक्तिकारक: ।।१७।।

સર્વ જૈનોમાં હું જિન છું. બૌદ્ધધર્મીઓમાં હું બુદ્ધ છું. વૈષ્ણોમાં હું વિષ્ણુ છું. શૈવોમાં હું શિવ છું, હું કૃષ્ણ છું, હું વાસુદેવ છું. હું મહેશ છું. હું સદાશિવ છું. સર્વગુરુસ્વરૂપ હું છું. શ્રદ્ધાવાન મને મેળવી શકે છે. સમુદ્રોમાં હું સાગર છું. નદીઓમાં હું ગંગા છું. સર્વશક્તિઓમાં શક્તિ હું છું, ભક્તોની ભક્તિનું કારણ હું છું.

આનો અર્થ એ થયો કે આત્મા સર્વ વ્યાપક છે, ઈશ્વર સર્વ વ્યાપક છે. શ્રદ્ધા સર્વ વ્યાપક છે. અર્થાત્ સકલ વિશ્વ જિનસ્વરૂપ છે. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિનું વચન જુઓઃ

जिनो दाता जिनो भोक्ता, जिन: सर्वमिदं जगत् ।
जिनो जयति सर्वत्र, यो: जिन: सोऽहमेव च ।।

(शुक्रस्तव)

અર્થાત 'જિન પોતે જ દાતા છે, જિન પોતે જ ભોક્તા છે, આ પૂર્ણ વિશ્વ પણ જિન છે, જિન સર્વત્ર જયવંત છે, જે જિન છે તે જ હું પોતે છું.'

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી શ્રદ્ધાને શક્તિસ્વરૂપ વર્ણવીને સુખદાયક, મોક્ષપ્રદાયક કહે છે તે સત્ય છે. શ્રદ્ધા સૂર્ય સમાન છે, જેનો પ્રકાશ જ્યાં પણ પડે છે ત્યાં ઉજાસ પ્રકટે છે, ચેતન ધબકે છે, અખૂટ સુખ પથરાય છે.

**(ક્રમશઃ)**

જૈન ઉપાશ્રય, ૭, રૂપમાધુરી સોસાયટી, સંઘવીના રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩.

## યાત્રાસંઘોનું વિશુદ્ધ વિશેષણ ક્યું? છ 'રી પાલિત કે ૬ 'રી' પાલક?

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાથી ચાલુ)

'પાલક' શબ્દમાં કર્તૃવાચક अक પ્રત્યય હોવાથી તેનો અર્થ 'પાલન કરનાર'એવો થાય છે.

ભવસમુદ્રથી તારે તેને તીર્થ કહેવાય અને ભવસમુદ્રથી તરવાની ભાવનાવાળો હોય તેને યાત્રિક કહેવાય.

તીર્થયાત્રા દરમિયાન યાત્રિકે પાળવાના આચારોઃ

૧. હૃદયમાં સમ્યક્ત્વ ધારણ કરવું. ૨. પગ વડે ચાલવું. ૩. એકાસણું કરવું. ૪. સચિત્ત આહારનો ત્યાગ કરવો. ૫. બ્રહ્મચર્ય પાળવું, ૬. સંથારે શયન કરવું.

આ ૬ આચારો પાળનારને- સમ્યક્ત્વધારી, પાદચારી, એકાશનકારી, સંચિત્તપરિહારિ, બ્રહ્મચારી અને ભૂમિસંસ્તારકારી કહેવાય છે.

આ છએ શબ્દોને અંતે 'રી' અક્ષર આવતો હોવાથી ટૂંકમાં તેને ૬ 'રી' કહે છે. આ ૬ પ્રકારે 'રી'વાળા યાત્રિકો જે યાત્રાસંઘમાં હોય તેને ૬ 'રી' પાલક યાત્રાસંઘ કહે છે.

૬ 'રી' પાલક યાત્રાસંઘ એટલે ૬ 'રી'નું પાલન કરનાર યાત્રિકોવાળો (યાત્રા) સંઘ.

'૬ 'રી' પાલક સંઘ' અર્થની દૃષ્ટિએ સુસંગત હોવાથી એમ જ લખવું અને પ્રચારવું યોગ્ય છે. ✶ ✶ ✶

# ચાલો ! દાદાના દિવ્ય ધામને ઓળખીએ

❑ ડૉ. અભય આઈ. દોશી

શ્રી તીર્થંકર ભગવંતોની પ્રતિમાથી યુક્ત કોઈ પણ સ્થળ એ પરમાત્માનું પવિત્ર ધામ જ છે, પરંતુ એ પ્રતિમા જ્યારે પ્રાચીન-પ્રભાવક હોય ત્યારે એ સ્થળને તીર્થનું ગૌરવ પ્રાપ્ત થતું હોય છે. તેમાં પણ જ્યાં 'ભાવનિક્ષેપ' એવા જિનેશ્વરદેવોએ વિચરણ કર્યું હોય અથવા તેમની કલ્યાણકભૂમિ હોય એવા તીર્થનો મહિમા તો વિશેષ હોય છે. પરંતુ આ સર્વ તીર્થોમાં 'તીર્થાધિરાજ'નું અપૂર્વ પદ તો શત્રુંજય ગિરિરાજને જ પ્રાપ્ત થયું છે.

આ ગિરિરાજની આવી અપૂર્વ મહિમામયતાનું કારણ આ ક્ષેત્રમાં રહેલું અપૂર્વ સિદ્ધિગતિ દેનારૂં બળ છે. અનંત અવસર્પિણી અને ઉત્સર્પિણીના સમયમાં અનંત જીવોએ આ ગિરિવરનું શરણ સ્વીકારી સિદ્ધિગતિને પ્રાપ્ત કરી છે. એથી જ આ ચોવીશીના પ્રારંભે યુગાદિદેવ શ્રી ઋષભદેવ પ્રભુ નવ્વાણું પૂર્વ વાર આ ગિરિ પધાર્યા હતા, તેમ જ શ્રી નેમિનાથ પ્રભુ સિવાયના બીજા બાવીસ તીર્થંકરો પણ આ ગિરિવર પર પધાર્યા હતા.

આમ તો, આ ગિરિવરનું ક્ષેત્ર જ મહા મહિમાશાળી છે, પરંતુ ભવ્યજીવોને આલંબન મળે એ માટે શ્રી ભરતચક્રવર્તીએ આ તીર્થ પર શ્રી ઋષભદેવ પ્રભુની ભવ્ય પ્રતિમા અને ભવ્ય જિનમંદિરોની પ્રતિષ્ઠા કરાવી હતી. વિવિધ સમયે કાળના અંતરે અંતરે અહીં જિનમંદિરોનો જીર્ણોધ્ધાર થતો રહ્યો છે. અત્યારે સંઘવી શ્રી કર્માશાએ કરાવેલા ઉદ્ધાર સમયના પરમપ્રભાવશાળી શ્રી આદિનાથદાદા ગિરિરાજની મુખ્ય ટૂંકના મૂળનાયકરૂપે બિરાજમાન છે.

તીર્થાધિરાજ શ્રી આદિનાથપ્રભુનો મહિમા અપરંપાર છે. પંડિત શ્રી વીરવિજયજી મહારાજે નવ્વાણુપ્રકારી પૂજામાં દાદાનો મહિમા ગાતા કહ્યું છેઃ

**'સિધ્ધાલય શિખરે દીવો રે, આદીશ્વર અલબેલો છે.'**

આ અલબેલા આદીશ્વર દાદાનો પરિવાર પણ રાજાધિરાજને શોભે એવો છે. મુખ્ય શિખર પર અનેક જિનમંદિરો શોભી રહ્યા છે. કવિ કહે છે કે, સિધ્ધગિરિ સિદ્ધશિલાની સંકિર્ણતા (ખીચોખીચપણા) અને છતાં સર્વને સમાવવાની વિશાળતા ધરાવે છે. તો અન્ય શિખર પર મુખ્યરૂપે અમદાવાદ તેમ જ મુંબઈના પંદરમા–સોળમા શતકથી ઓગણીસમા શતક સુધીના પરમાત્મભક્ત એવા શ્રેષ્ઠિવર્યોની અનુપમ પરમાત્મભક્તિથી પ્રેરિત થયેલી નવટૂંકો શોભી રહી છે. આ નવ ટૂંકોમાં સંપ્રતિરાજા આદિના પ્રાચીન દેરાસરો તેમજ અદબદજી, અજીત-શાંતિની દેરી આદિ પણ સમાવેશ પામ્યા છે. ગિરિરાજ પર બિરાજમાન મનોહર જિનમંદિરોની શ્રેણી જોઈ ઉપાધ્યાય યશોવિજયજીએ પોતાના સ્તવનમાં ગાયું,

**'ઉજ્જવલ જિનગૃહમંડળી, તિહાં દીપે ઉત્તંગા,**
**માનું હિમગિરિ વિભ્રમે, આઈ અંભગ ગંગા.'**

આ શત્રુજ્યં પર્વત પર ભવ્ય જિનમંદિરોની મંડળી શોભી રહી છે. જાણે હિમાલયના ભ્રમથી સ્વર્ગગંગા અહીં આવી ઊતરી હોય એવો આ ભવ્ય-રમ્ય દેખાવ શોભી રહ્યો છે.

સિધ્ધાચલ ગિરિ પર બિરાજમાન આ જિનમંદિરોની શોભા ભક્તહૃદયને સદા આકર્ષે છે, એટલું જ નહિ, પર્વત પર બિરાજમાન મંદિરોની નગરી તરીકે અનોખો કીર્તિમાન ધરાવે છે.

જૂના સમયમાં તીર્થયાત્રા કરનારા સાધુ ભગવંતો 'ચૈત્યપરિપાટી'ની રચના કરતા 'ચૈત્ય' એટલે મંદિર,'પરિ' એટલે ચારે બાજુથી 'પાટી' તેની ગણતરી, સ્પર્શના આદિ. આવી રચનામાં તે તીર્થનો મહિમા, તીર્થના મૂળનાયક, અન્ય જિનબિંબોની સંખ્યા, યાત્રા સંઘ સાથે કરી કે એકલા આદિ અનેક વિગતોનો સમાવેશ રહેતો. આવી 'ચૈત્યપરિપાટી' અથવા 'તીર્થમાળા'નું ઐતિહાસિક દૃષ્ટિએ પણ ઘણું મહત્ત્વ છે. આ તીર્થમાળાઓ તીર્થોની તે સમયની પરિસ્થિતિનો ઈતિહાસ માટે મહત્ત્વનો દસ્તાવેજ બની રહે છે. આપણને જૈન સાહિત્યમાં સંસ્કૃત, પ્રાકૃત, પ્રાચીન ગુજરાતીમાં અનેક ચૈત્યપરિપાટીઓ પ્રાપ્ત થાય છે.

શત્રુંજ્ય પર્વત સમીપે આવેલા ભાવનગરમાં મુખ્યરૂપે સ્થાયી થયેલી અચલગચ્છના પૂ.આ.શ્રી કલ્યાણસાગરસૂરિની પરંપરામાં વખસાગરજીના શિષ્ય ભાવસાગરજીના શિષ્ય ઝવેરસાગરજીએ શત્રુંજ્ય તીર્થની વારંવાર યાત્રા કરી હતી. વળી તેમના હૃદયમાં વિમલાચલ ગિરિ પ્રત્યે અપરંપાર ભક્તિભાવ રહ્યો હતો. તેમણે શેઠ હેમાભાઈની ભાવનગર પેઢીના મુનિમના સુપુત્ર શ્રી લલ્લુભાઈની પ્રેમપૂર્ણ વિનંતી ધ્યાનમાં રાખી શત્રુંજ્ય ગિરિ પરની વિવિધ ટૂંકોમાં રહેલ જિનેશ્વરદેવોની સંખ્યા વર્ણવતી આ ચૈત્ય પરિપાટી અથવા તીર્થમાળા રચી છે.

આ તીર્થમાળા કેવળ સંખ્યા વર્ણવી દેતી હોત, તો તેનું

ઐતિહાસિક મૂલ્ય તો અવશ્ય હોત, પરંતુ અહીં કવિહૃદયનો ભક્તિભાવ ભળતાં આ સમગ્ર તીર્થમાળા નવ ટૂંકો માટેની મનોહર ભક્તિભાવભરી સ્તવનમાળા પણ બની છે. એ અર્થમાં આ તીર્થમાળા અથવા ચૈત્યપરિપાટી કાવ્યાત્મક, ભક્તિસભર અને વિલક્ષણ બની છે.

સર્વ ટૂંકોમાં મૂળ એવી શ્રી દાદાની ટૂંક–વિમલવસહીમાં શ્રી આદીશ્વર દાદાના મંદિરને વર્ણવતા બીજી ઢાળમાં કવિ કહે છે;

'મૂલનાયક જિનરાજનું મનમોહનજી, મહા ચૈત્ય ઉત્તંગ આકાશ મનડું,
માનું એ મેરૂ બીજો હશે મનમોહનજી આવે ચોસઠ ઈન્દ્ર ઉલ્લાસ મનડું,
શુધ્ધ ચેતના રાણી તણો મનમોહનજી માનું મંડપ એ કલાકાર મનડું,
મંડપ આદીશ્વરા મનમોહનજી મૂલનાયક પ્રતિમા સાર મનડું.'

'પ્રેમવાસી' નામ પર શ્લેષ કરતાં કવિ કહે છેઃ

'પ્રેમ જનિત શ્રધ્ધા જિહાં, ઝળકે આતમ ઉદ્યોત,
પ્રેમાવસી ટૂંક પાંચમી, અનુભવ ભાવો દ્યોત.'

કવિ હેમાભાઈ, પ્રેમાભાઈ, મોતીશા શેઠ, દીપચંદ શેઠ, સાકરચંદ શેઠ આદિની ઉદારતા અને ધર્મપ્રિયતાનું વિગતસભર બયાન વિવિધ ઢાળોમાં આલેખે છે.

કવિ ઝવેરસાગરજીએ પોતાની 'શ્રી શત્રુંજ્ય તીર્થમાળા' રચનામાં આ નવ ટૂંકોને પરમાત્મગુણોના નવનિધિસમાન ઓળખાવી છે. કવિએ આ ટૂંકોના નામ પર મનોહર શ્લેષ કર્યો છે. હેમા–હેમ–સુવર્ણ, મોતી, દીપ-જ્યોતિર્મય, છીપ-મોતીનું ઉત્પત્તિસ્થાન આદિ નોંધપાત્ર છે. કવિએ ઢાળને પ્રારંભે ટૂંકના મૂળનાયક જિનેશ્વરદેવોની અત્યંત ભાવભરી સ્તવના કરી છે. ચૌમુખ ટૂંકના મૂળનાયક શ્રી ચર્તુમુખ આદિનાથ ભગવાન બ્રહ્મા સાથે સરખાવે છે, તેમ જ તેમની સહજ સમાધિનું ભાવપૂર્ણ વર્ણન કરે છે. છીપાવસહીના મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુને સંસારસાગરમાં ભટકતાં જીવો માટે પરમશાતાદાયક તરીકે ઓળખાવે છે, તો સાકરવસહીના મૂળનાયક શ્રી પાર્શ્વનાથ સ્વામીને આત્મારૂપી લોઢાને શુદ્ધ પારસરૂપ આપનાર વિશિષ્ટ પારસમણિ કહી કવિ તેમનો મહિમા ગાય છે. તો શ્રી મોતીશાના મૂળનાયક શ્રી આદિનાથ નિમિત્તે વિશ્વ ઉત્પત્તિનો આધાર પ્રથમ 'અ' સ્વરનો મહિમા ગાય છે.

કવિએ આ સોળ ઢાળો માટે પૂજા આદિમાં પ્રચલિત મનોહર દેશીઓને સુંદર રીતે પ્રયોજ્યા છે.

ચૌમુખ બ્રહ્મ મળ્યા રે વાલાજી (આવ્યો છું આશાભર્યા) પાંડવ ટૂંક ત્રીજી ભલી મારા વાલાજી (મારા વાલાજી રે) શ્રી શાંતિનાથ ભૂપાલ એવી ચોથી તે ટૂંક રસાલ (હવે શક્ર સુઘોષા બજાવે) મનુષ્ય જન્મ લાહો લીજે રે હેમાવસી વંદન કીજે (શ્રાવક વ્રતતરૂ ફલિયો) અમે મોતીવસીને હવે વંદિયે (વ્રત સાતમે વિરતિ આદરૂં રે લોલ).

આમ, આ યાદી બતાવે છે કે, કવિએ પંડિત શ્રી વીરવિજયજી આદિની વિવિધ પ્રચલિત પૂજાઓની દેશીઓને પોતાની તીર્થમાળામાં પ્રયોજી છે, જેને લીધે આ રચનાની ગેયતા, મધુરતા અને સરળતા આપણા હૃદયને તત્કાળ સ્પર્શે છે. કવિની આ રચના રીતિને કારણે આ તીર્થમાળામાં પ્રત્યેક ટૂંકની સંખ્યા ગણતરીએ મુખ્ય લક્ષ હોવા છતાં, સમગ્ર રચના કવિના આંતરિક ભક્તિભાવનો પરિચય કરાવે છે, અને આપણા હૃદયમાં તીર્થપ્રતિ ભક્તિભાવ જાગૃત કરે છે.

કવિ પરમાત્માને પરમ ઉપાસ્ય અને આદરણીય ગણે છે. આત્માના શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ એ સાધકનું પરમ લક્ષ્ય છે અને આ લક્ષ્ય જેનું સિદ્ધ થઈ ચૂક્યું છે એવા પરમાત્માની સાચા હૃદયની શરણાગતિ જ સાધકમાં પ્રછન્ન રહેલા શુદ્ધસ્વભાવને પ્રગટ કરવામાં સહાયભૂત બને છે. આ સત્ય કવિહૃદયમાં બરાબર અનુભવાયું છે. આથી જ કવિ બાલાવસીની ઢાળમાં કહે છે,

*'આજ સનાથ થયો હું સ્વામી, મોહ વિડારણ રસિયો રે;*
*અલબેલો આદીશ્વર પામી, આનંદવન ગુણ વસિયો.'*

તો નંદીશ્વર દ્વીપની ઢાળનો પ્રારંભે પણ કહે છે,

*'ચાલ ચાલ સખી આજ નંદીશ્વર, ભાવન ચોમુખ ભાળી,*
*અતિ શુદ્ધ થાવાં આતમસત્તા, જ્ઞાનગુણે અજુઆળી.'*

કવિએ આમ વિવિધ ઢાળોમાં પ્રભુ પ્રત્યેના ભક્તિભાવની અભિવ્યક્તિ કરી છે.

કવિ ભક્ત તો છે જ, પરંતુ જૈન તત્ત્વજ્ઞાન અને અન્ય દર્શનના પણ સારા અભ્યાસી છે. કવિએ મોતીશા ટૂંકની ઢાળમાં પોતાના દર્શનશાસ્ત્રના જ્ઞાનનો સુંદર પરિચય આપ્યો છે. તો પાંડવટૂંકમાં પાડંવો, કુંતામાતા અને દ્રૌપદીને વર્ણવતાં રૂપકાત્મક રીતિનો આશ્રય લઈ કવિ પાંચ પાંડવોને પાંચ મહાવ્રત સમાન અને કુંતામાતાને વ્રતોની માતા શ્રદ્ધા સમાન અને દ્રૌપદીને વ્રતોની પરિણતિ સમતાના રૂપકથી ઓળખાવે છે. એ જ રીતે છીપાવસહીના ત્રણ મંદિરોને રત્નત્રયી–દર્શન–જ્ઞાન–ચરિત્ર અને દેરીઓને દશવિધ યતિધર્મ તરીકે ઓળખાવે છે. આ સૌ કવિની ભક્તિ અને વિદ્વત્તાનો પરિચય કરાવે છે. કવિએ પ્રત્યેક ઢાળને અંતે પોતાના ત્રણ ગુરુઓનું સ્મરણ કર્યું છે, તે કવિના અંતઃકરણના પ્રગટેલા અપૂર્વ વિનયગુણનો પરિચય કરાવે છે. કવિ પોતાના અચલગચ્છીય–દીક્ષા ગુરુ ભાવસાગરજી, તપાગચ્છીય વિદ્યાગુરુ અમરવિજયજી અને આધ્યાત્મિક પદ રચનાર

ચિદાનંદજી (ધર્મગુરુ) એમ ત્રણે ગુરુઓને પ્રત્યેક ઢાળને અંતે ભાવપૂર્વક સ્મરે છે. કવિ અચલગચ્છીય હોવા છતાં તપાગચ્છીય ગુરુઓ પાસેથી વિદ્યા પ્રાપ્ત કરી, તેમાં તે–તે ગુરુઓની વિશાળતા અને કવિ રત્નપરીક્ષકની વિદ્યાપ્રીતિના પણ દર્શન થાય છે.

કવિએ અન્ય ગચ્છોના ગુરુજનોનો ભાવપૂર્વક સ્વીકાર કર્યો હોવાથી કવિનું માનસ વિશાળ બન્યું છે, આથી જ કવિ ટૂંકની પ્રતિષ્ઠા કરનાર શ્રાવકો તેમ જ કરાવનાર આચાર્ય ભગવંતોનો પરિચય આપતા તેમના ગચ્છોનો આદરપૂર્વક ઉલ્લેખ કર્યો છે.

ઝવેરસાગરજી 'રત્નપરીક્ષક' ભાવનગરમાં મુખ્યત્વે સ્થિરતા કરી રહેલા ભાવસાગરજીના શિષ્ય હતા. કવિ તે સમયની દ્રવ્યાદિક ધારણ કરનાર યતિ પરંપરામાં દિક્ષિત થયા હોય એ વિશેષ સંભવિત છે. પોતે ચિદાનંદજી સમાન નિઃસ્પૃહ–યોગીજનોના પરિચયમાં આવ્યા પછી શુદ્ધ સાધુત્વનો બોધ પ્રાપ્ત કર્યો હશે, પરંતુ પરંપરા તેમ જ મનમાં રહેલા મોહ પર સંપૂર્ણ વિજય મેળવવા અસમર્થ રહ્યા હોય, એવું તેમની રચના પરથી જણાય છે. માટે જ કવિ 'રત્નાકર પચ્ચીસી'ની યાદ અપાવે એવા અંતરતમના પશ્ચાતાપના ઉદ્‌ગારોની અભિવ્યક્તિ કરે છે.

'ત્રિકરણ જોગે સિદ્ધગિરિમાં, માગું એક પસાયો
ઇણ ભવમાં યતિવેશ ધરીને, ભ્રષ્ટ સે અધિક ગણાયો રે,
કંચન કામિની નેહ રમે હજી, મન ધીરજ નહીં છાયો,
ગુરુ કૃપા શ્રદ્ધા કછુ ભાસે, શુદ્ધ ક્રિયા ઘર નાયો રે,
જ્ઞાન ક્રિયા સંપૂરણ પ્રગટે, સંવર ભાવ દીપાયો.
આતમ અંગ અબંધ પ્રકાશે, દીજ્યે એ વિનંતી સુણાયો રે.'

કવિનું આ નિખાલસ આત્મકથન અને ઉર્ધ્વગમન માટેની પ્રાર્થના આપણા અંતરને સ્પર્શે છે.

કવિએ તીર્થોની જિનપ્રતિમા સંખ્યાની તો ગણતરી કરી જ છે, પરંતુ આ તીર્થધિરાજના પ્રત્યેક અંગ આદરણીય છે, પાવન છે, એથી કવિ ત્યાં રહેલ મુનિમૂર્તિઓ, શેઠ-શેઠાણી, મરૂદેવામાતા, અન્યદૃષ્ટિઓની મૂર્તિઓ, માર્ગમાંના વૃક્ષો આદીની ગણતરી પણ મૂકી છે. કવિએ પ્રસ્તુત કરેલી વૃક્ષસંખ્યાને આધારે વર્તમાનકાળમાં ગિરિરાજ પર પુનઃ વૃક્ષ સ્થાપનાના કાર્યને વેગ મળ્યો છે.

ચૌદમી ઢાળમાં પાલીતાણા નગરમાં તે સમયના બે દેરાસરોથી માંડી શ્રી શત્રુંજ્ય પર્વત પરના સર્વ પગલાં આદિ વર્ણવ્યા છે. બે દેરાસરોનો ઉલ્લેખ પણ ઇતિહાસ દૃષ્ટિએ મહત્ત્વનો છે.

સમગ્ર તીર્થમાળાનું ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વ નિઃસંશય છે જ, પરંતુ તેમાં પણ શ્રી જિનેશ્વરસૂરિની ટૂંકની પ્રતિષ્ઠાનું વર્ણન સમકાલીન લેખક દ્વારા લખાયેલું હોવાથી વિશેષ મહત્ત્વનું બની રહે છે. આ ટૂંકની પ્રતિષ્ઠા તપાગચ્છના અંતિમ શ્રીપૂજ્યોમાંના એક શ્રી દેવેન્દ્રસૂરિએ કરાવી, તેમ જ ત્યાં બિરાજમાન ગુરુપાદુકાઓમાં જિનેન્દ્રસૂરિ અને કવિના વિદ્યાગુરુ અમરવિજયજીના પાદુકા પણ છે. તે વિગત વિશેષ નોંધપાત્ર છે. એ જ રીતે રાયણપગલાંનો જીર્ણોદ્ધાર પ્રેમાભાઈ શેઠના ભાવનગર પેઢીના મુનિમ જયચંદના પુત્ર ખેમચંદે કરાવેલા જીર્ણોદ્ધારની વિગત મળે છે તે નોંધપાત્ર છે. પ્રસ્તુત રચના 'શ્રી અચલગચ્છીય રાસસંગ્રહ'નું અવલોકન કરતા મારી નજરે ચઢી, અને પૂ. મુનિશ્રી સર્વોદયસાગરજી મ. પાસે તેની પર સંક્ષિપ્ત વિવરણ સાથે આ તીર્થમાળા સ્વતંત્રરૂપે પ્રગટ થાય એવી ભાવના મેં દર્શાવી. પૂ. મુનિશ્રીએ સંક્ષિપ્ત વિવરણ લખવાની જવાબદારી મારા પર છોડી. મોતીશા શેઠના પુત્રને અંગ્રેજમંડળી સલામ ભરતી. પ્રેમાભાઈએ ઘડિયાળ સ્થપાવી વગેરે યુગ પરિવર્તનની સૂચક વિગતો પણ સમાવેશ પામી છે. આ રીતે મને સિધ્ધગિરિરાજની ભક્તિ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે, તેને હું મારું સદ્‌ભાગ્ય માનું છું.

શ્રી શત્રુંજ્ય તીર્થની યાત્રાનો મહિમા તો અપાર છે જ, પરંતુ તેના ધ્યાનનો મહિમા પણ અનોખો છે.

પંડિત વીરવિજયજી ૨૧ ખમાસણના દુહામાં કહે છે.

*'વિમલાચલ પરમેષ્ટિનું ધ્યાન ધરે ષટ્‌માસ*
*તેજ અપૂરવ વિસ્તરે, ધૂમે સઘલી આસ.'*

તો અન્ય કવિએ પણ કહ્યું છે,

*'વિમલગિરિ ધ્યાવો રે ભવિકા, વિમલગિરિ ધ્યાવો,*
*ઘેર બેઠા પણ બહુ ફળ પાવો.'*

કવિ ઝવેરસાગરજી પણ પ્રારંભિક દુહામાં કહે છે,

'સમરે નિત્ય સવારમાં, નિજ ઘર બેઠા જેહ
તીરથ જાત્રા ફળ લિયે, જે ભવિ ભણશે એક.'

આમ, આ તીર્થમાળા (મુનિ સર્વોદયસાગરજી દ્વારા મઠારાયેલી મંત્રોચ્ચારયુક્ત કરાયેલી પૂજા) ભવ્ય જીવોને શ્રી સિદ્ધગિરિની નવટૂંકયુક્ત ભાવયાત્રા કરવામાં સહાયક બને, તેમ જ શ્રી ગિરિરાજની યાત્રા કરનારને નવટૂંકની યાત્રા વિશેષ ભાવભક્તિપૂર્ણ બની રહે અને સૌ આત્માઓ વિમલગિરિવરના ધ્યાને નિજ આત્માની વિમલતા પ્રગટાવી સિધ્ધગિરિના આલંબને સિદ્ધપદને પ્રાપ્ત કરનારા થાઓ એ શુભેચ્છા.

સરનામું : એ/૩૧, ગ્લેડહર્સ્ટ, ફિરોઝ શાહ રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૪.
ફોન નં. : ૨૬૧૦૦૨૩૫ / ૯૮૯૨૬-૭૮૨૭૮

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ઑક્ટોબર–૨૦૦૮ના અંકથી આગળ)

(૪૯૬) બંધહેતુ : –કર્મ બંધનું મુખ્ય કારણ.
–कर्मबन्ध का मुख्य कारण ।
–Cause of Karmic bondage.

(૪૯૭) બલિ (ઇંદ્ર) : –ભવનપતિનિકાયના અસુરકુમાર પ્રકારના દેવોમાંના એક ઇન્દ્રનું નામ.
–भवनपतिनिकाय के असुरकुमार प्रकार के देवों मे से एक इन्द्र का नाम है ।
–One of the indra of Asurkumar as a sub type of Vyantara-nikaya.

(૪૯૮) બહુ (અવગ્રહ) : –અનેક (વ્યક્તિની સંખ્યા સમજવી). પાંચ ઈન્દ્રિય અને એક મન દ્વારા થતા અનેક મતિજ્ઞાનનો અવગ્રહ.
–अनेक (व्यक्ति की संख्या समजनेकी) पाँच इन्द्रियाँ और एक मन इन छह साधनों से होनेवाले मतिज्ञान का अवग्रह ।
–many (here consider the number of people) The different mati-jnana avagraha originated by the five indriyas manas.

(૪૯૯) બહુવિધ : –અનેક પ્રકાર, કિસમ અથવા જાતિની સંખ્યા સમજવી.
–अनेक प्रकार, किस्म या जाति की संख्या से है ।
–That possessed of many forms.

(૫૦૦) બહુશ્રુત ભક્તિ : –બહુશ્રુતમાં શુદ્ધ નિષ્ઠાથી અનુરાગ રાખવો, તીર્થંકર નામકર્મ ના બંધહેતુ રૂપ છે.
–बहुश्रुत भक्ति में शुद्ध निष्ठापूर्वक अनुराग रखना, तीर्थंकर नामकर्म के बंधहेतु रूप है ।
–feeling of devotedness towards a tirthankara, a highly learned person age, a preceptor.

(૫૦૧) બાદર (નામકર્મ) : –જેના ઉદયથી જીવોનાં ચર્મચક્ષુને ગોચર એવા બાદર શરીરની પ્રાપ્તિ થાય, તે બાદર નામ.
–जिस कर्म के उदय से जीवों को चर्मचक्षु गोचर स्थुल शरीर की प्राप्ति होती है उसे बादर नाम कर्म कहते है ।
–The Karma whose manifestation causes the possession of such a gross body as is observable to ordinary eyes.

(૫૦૨) બાદરસંપરાય : –નવમા ગુણસ્થાનકનું નામ છે. જેમાં સંપરાય–કષાયનો બાદર એટલે વિશેષપણે સંભવ હોય તે બાદર–સંપરાય.
–नौवें गुणस्थानक का नाम है । जिस में संपराय – कषाय का बादर अर्थात् विशेष रुप में संभव हो ।
–The ninth gunasthana, so designated because Samparays or Kasaya is present in it in a particularly maifest form.

(૫૦૩) બાલતપ : –યથાર્થ જ્ઞાન વિનાના મિથ્યાદૃષ્ટિવાળાઓનું જે અગ્નિપ્રવેશ, જળપતન, છાણભક્ષણ, અનશન વગેરે તપ.
–यथार्थ ज्ञान से शून्य मिथ्यादृष्टि वालों का अग्निप्रवेश, जलपतन, गोबर आदि का भक्षण, अनशन आदि तप ।
–An act of penance like entry into fire, diving into water, eating cowdung etc, that is mithyyadrsti devoid of genuine knowledge.

(૫૦૪) બાહ્યતપ : –જેમાં શારીરિક ક્રિયાની પ્રધાનતા હોય અને જે બાહ્ય દ્રવ્યની અપેક્ષાવાળું હોવાથી બીજાઓ વડે દેખી શકાય.
–जिस में शारीरिक क्रिया की प्रधानता होती है, तथा जो बाह्य द्रव्यों की अपेक्षा युक्त होने से दूसरों को प्रत्यक्ष हो उसे बाह्यतप कहते है ।
–Penance in which there is predomince of bodily activity and which being dependent on things external, is capable of being seen by others.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩. મોબાઈલ : ૦૯૮૨૫૮૦૦૧૨૬

# સર્જન સ્વાગત

❑ ડૉ. કલા શાહ

(૧) પુસ્તિકાનું નામ : **ચિંતન**
**પ્રકાશક : ચિંતન ફાઉન્ડેશન, ભૂપેન્દ્ર એલ. દોશી**
૩, ગાંધી ટેરેસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૮૬. ફોન : ૨૫૧૩૬૧૬૭. મોબાઈલ : ૯૩૨૪૧૯૬૧૬૭.
મૂલ્ય રૂા. ૧૦, (જ્ઞાન પ્રચાર અર્થે) પાના ૩૨, આવૃત્તિ–૧. જૂન–૨૦૦૭.

જ્ઞાન યજ્ઞનો વ્યાપ વધે અને બાળકો તથા યુવાન વર્ગમાં તેનું નિયમિત વાંચન કરી શકે તેવા હેતુથી પ્રેરણાદાયક સુવિચારોને 'ચિંતન' પોકેટ બુક દ્વારા પ્રસિદ્ધ કરેલ છે.

આજના પ્રદૂષિત વાતાવરણમાં 'ચિંતન'નું સાત્વિક વાંચન ખોટા વિચારોના વમળમાંથી જડતાને કાઢી નાખશે અને ચૈતન્ય પ્રકટાવી જીવનની વાસ્તવિકતા સમજાવશે.

આવી પ્રેરણાદાયી પુસ્તિકાની પ્રભાવના થવી જોઈએ.

x x x

(૨) પુસ્તકનું નામ : **વૉલ્ટ ડિઝની**
**લેખક : ગુલાબભાઈ જાની–ઉષાબહેન જાની**
**પ્રકાશક : સિસ્ટર નિવેદિતા પબ્લિકેશન,**
C/o સિસ્ટર નિવેદિતા ચેરિટેબલ ટ્રસ્ટ, યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦૦૭. ફોન નં. :(૦૨૮૧) ૨૫૭૫૦૬૧, ૨૫૭૩૮૫૭.
મૂલ્ય રૂા. ૧૫, પાના ૩૨, આવૃત્તિ–બીજી, ડિસેમ્બર–૨૦૦૬.

અમેરિકા જનાર દરેક જણ લગભગ ડિઝની વર્લ્ડની મુલાકાત લે તે સ્વાભાવિક છે. ડિઝની વર્લ્ડ એટલે જાદુઈ નગરી–અદ્‌ભુત આબાલવૃદ્ધ સૌને આનંદ આપતી આ નગરીનો આનંદ લેખકે માણ્યો અને જાણ્યો, અને તેના સર્જકનું જીવન સંક્ષિપ્તમાં આ પુસ્તિકામાં લેખકે કર્યું છે.

વૉલ્ટ ડિઝનીએ સર્જેલ 'મીકી–માઉસ'ના પાત્રે અસાધારણ લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. આવા સ્વપ્નીલ, બાળપ્રેમી, કર્મઠ અને સાહસિક વૉલ્ટ ડિઝનીના જીવનનો પરિચય આ પુસ્તકમાં મળે છે. વૉલ્ટ ડિઝનીના ચારિત્ર્યની ઘણી બધી ઉત્તમ લાક્ષણિકતાઓ સરસ, સુવાચ્ય અને સંક્ષિપ્ત રીતે આ પુસ્તકમાં લેખકે નિરૂપી છે.

x x x

(૩) પુસ્તકનું નામ : **આશાની ક્રાંતિ (માનવીય ટેકનૉલૉજી ભણી)**
**લેખક : એરિક ફ્રોમ**
**પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાત પાગા,**વડોદરા–૩૯૦૦૧.

મૂલ્ય રૂા. ૩૦, પાના ૧૨૪, આવૃત્તિ–પ્રથમ. પુનર્મુદ્રણ–૨૦૦૬.

વિજ્ઞાન, ટેકલૉનૉજી અન વિકાસ વગેરેની નીચે માણસ દબાઈ ન જાય, તેની સામે નીમાણો ન બની જાય પરંતુ એ બધાંને પોતાના તેમ જ સૃષ્ટિના કલ્યાણ માટે પ્રયોજી શકે એવું આપણે કરવું ઘટે છે. એ માટે માણસને કેન્દ્રમાં રાખીને બધું વિચારવાનું છે, બધું નવેસરથી ગોઠવવાનું છે, આ જ ખરી ક્રાંતિ છે. આવી આશાભરી ક્રાંતિનો વિચાર તેમ જ તેની આછીપાતળી રૂપરેખા એરિક ફ્રોમ આ પુસ્તકમાં આપી જાય છે.

૧૯૬૮ના વરસમાં આજે અમેરિકા જે પરિસ્થિતિમાં છે તેના સંદર્ભમાં આ પુસ્તક લખાયું છે. આજે આપણે એક ત્રિભેટે આવીને ઊભા છીએ. એક રસ્તો આપણને અણુયુદ્ધ ભણી અને તેને લીધે સર્જાતા સર્વનાશ ભણી લઈ જાય છે. બીજો રસ્તો માનવતાવાદ તેમ જ આશાના પુનરુત્થાન ભણી લઈ જાય છે. બેમાંથી કયા માર્ગે જવું તેની પસંદગી કરવાની ઘડી પાકી ચૂકી છે. સહુના મનમાં આ પ્રશ્નની સ્પષ્ટતા થાય તે આ પુસ્તકનો ઉદ્દેશ છે.

પશ્ચિમના વિચારકોમાં એરિક ફ્રોમ અગ્રસ્થાને છે. તેમણે લખેલ આ મૂળ અંગ્રેજી ઉપરથી શ્રી કાન્તિ શાહે ગુજરાતીમાં ઉતાર્યું છે. આજના વિધિ પરિબળો વિશે સ્વસ્થ સમજ મેળવવા ઇચ્છતા વાચકો આ પુસ્તકો નક્કી આવકારશો.

x x x

(૪) પુસ્તકનું નામ : **શિક્ષણ વિચાર**
**લેખક : વિનોબા**
**પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાત પાગા,** વડોદરા–૩૯૦ ૦૦૧.
મૂલ્ય રૂા. ૨૫, પાના ૧૧૨, આવૃત્તિ–પ્રથમ પુનર્મુદ્રણ–મે ૨૦૦૫, ૨૦૦૬, ૨૦૦૭.

'ગાંધીજીને એકવાર કોર્ટમાં પૂછવામાં આવેલું કે 'તમારો ધંધો શો છે?' તો એમણે કહી દીધેલું કે 'કાંતવાનો અને વણવાનો' વિનોબા કહે 'મને જો પૂછવામાં આવે, તો હું કહું કે મારો ધંધો શિક્ષકનો છે.'

વિનોબાના શિક્ષણ અંગેના વિચારોનું સંકલન આ નાનકડા પુસ્તકમાં સંગ્રહિત છે, એમણે આપેલાં અનેક પ્રવચનો, વક્તવ્યો અને લેખોનું સંકલન અને સંપાદન કરી આ પુસ્તક તૈયાર કર્યું છે.

વિનોબા લખે છે, 'શિક્ષણ એટલે યોગ–ઉદ્યોગ–સહયોગની કેળવણી. શિક્ષણ દ્વારા સાક્ષરતા જ નહીં, જીવનની સાર્થકતા સાધવી છે, માણસના સર્વ ગુણોનો વિકાસ કરવો છે, મૂલ્યો બદલીને સમાજને બદલવો છે. સહુને ઉદ્યોગશીલ ને વિચારશીલ બનાવવા છે. અર્થસૂચિ ને સામ્યયોગના સંસ્કાર આપવા છે.'

આવી શૈક્ષણિક ક્રાંતિ માટેનું અણમોલ ચિંતન–મનન વિચારભાથું તેમ જ અનુભવભાથું આ પુસ્તક પૂરું પાડે છે.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૩.
ફૉન : (૦૨૨) ૨૨૯૨૩૭૫૪.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રકાશિત**
**ડૉ. રમણલાલ ચી.શાહ લિખિત નવા ગ્રંથોનું પ્રકાશન**
૧. જિનતત્ત્વ ગ્રંથ–૧–આવૃત્તિ બીજી, જુલાઈ–૨૦૦૭, પૃષ્ટ સંખ્યા–૫૦૩, મૂલ્ય રૂા. ૩૦૦/– ૧ થી ૫ ભાગમાં વિસ્તરિત આ ગ્રંથમાં જૈનધર્મ વિષયક ૪૭ લેખો છે.
૨. જિનતત્ત્વ-ગ્રંથ–૨, ઑગસ્ટ–૨૦૦૭, પૃષ્ટ સંખ્યા–૩૬૪, મૂલ્ય રૂા. ૨૪૦/– છ થી ભાગ ૯ સુધી વિસ્તરિત આ ગ્રંથમાં જૈન ધર્મ વિષયક બીજાં ૨૬ લેખો છે.
૩. પ્રભાવક સ્થવિરો (ભાગ–૧ થી ૬) આવૃત્તિ–બીજી માર્ચ–૨૦૦૬, પૃષ્ટ સંખ્યા–૬૧૨, મૂલ્ય–રૂા. ૩૫૦/–.
છ ભાગમાં વિસ્તરિત આ ગ્રંથમાં ૨૫ જૈન પ્રસિદ્ધ અને સિદ્ધ સાધુ ભગવંતોના ચરિત્રનું વિગતે આલેખન થયું છે.
**૬ પુસ્તકો એક સાથે ખરીદનારને ૨૫% ડિસ્કાઉન્ટ.**
❑ **મેનેજર**

# યાત્રાસંઘોનું વિશુદ્ધ વિશેષણ ક્યું? છ 'રી' પાલિત કે ૬ 'રી' પાલક?

પ્રશ્ન–૧. છ 'રી' પાલિત સંઘ ૨. ૬ 'રી' પાલક સંઘ ૩. ૬ 'રી' પાળતો સંઘ.

ઉપરના ત્રણ શબ્દસમૂહોમાંથી વ્યાકરણશાસ્ત્રદૃષ્ટિએ ક્યો શબ્દસમૂહ યર્થાથ ગણી શકાય?

ઉત્તર–૧ છ 'રી' પાલિત સંઘ. આ શબ્દપ્રયોગમાં છ 'રી' અને 'પાલિત' આ બે અંશોની વિચારણા કરવાની છે.

તેમાં પ્રથમ અંશ છ 'રી' અંગે વિચારણા કરતાં એમ લાગે છે કે 'છ' અને 'રી' સાથે વાંચતાં શાક સમારવાની 'છરી'નો ભ્રમ થવાની શક્યતા છે. તેથી આવા પ્રયોગમાં શબ્દને બદલે સંખ્યાંક (આંકડા)નો ઉપયોગ વધુ ઉપાદેય છે. અર્થાત્ છ 'રી' નહિ, પણ ૬ 'રી' લખવું વધુ સારું છે.

બીજા 'પાલિત' અંશની વિચારણા કરતાં 'પાલિત સંઘ' એવો શબ્દપ્રયોગ વ્યાકરણ-શાસ્ત્રની દૃષ્ટિએ યોગ્ય જણાતો નથી.

'પાલિત' એ સંસ્કૃતમાં ૧૦મા ગણના પાલ (પાલયતિ) ધાતુનું કર્મણિ– ભૂતકૃદન્તનું રૂપ છે. તેનો અર્થ 'થી-વડે પળાયેલો-રક્ષાયેલા' એવો થાય છે, જે વધુ અભિપ્રેત નથી,.

૨. ૬ 'રી' પાલક સંઘ અને ૩. ૬ 'રી' પાળતો સંઘ–આ બંને પ્રયોગો શુદ્ધ અને અભિપ્રેત છે. 'પાલક' શબ્દ સંસ્કૃત ભાષાનો છે અને 'પાળતા' શબ્દ ગુજરાતી ભાષાનો છે.

(વધુ માટે જુઓ પાનું ૨૧મું)

## પરમ શ્રી મહાપ્રભાવિક નવસ્મરણ કર્તા

| નં. સ્મરણ | સ્તુત્યપ્રભુ | ગાથા | કર્તા | સમય | ભાષા | વિશેષતા |
|---|---|---|---|---|---|---|
| ૧ શ્રી નમસ્કાર મહામંત્ર | પંચ પરમેષ્ઠિ | ૯ | અનાદિ | અનાદિ | અર્ધમાગધી | પંચમંગલ મહાશ્રુત સ્કંધ |
| ૨ ઉવસગ્ગહરં | શ્રી પાર્શ્વનાથ | ૫ | અંતિમ ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામિ | વીર સંવત ૧૭૦ | અર્ધમાગધી | ઉપસર્ગો–ઉપદ્રવો-વિઘ્નોને હરનાર-વિસહરફુલિંગ મન્ત્ર વડે વિભૂષિત |
| ૩ સંતિકરં | શ્રી શાન્તિનાથ | ૧૪ | સહસ્ત્રાવધાની શ્રી મુનિસુંદર સૂરિજી | સ્વર્ગમન વિક્રમ સંવત ૧૫૦૩ | અર્ધમાગધી | શાન્તિને કરનાર-ઉત્કૃષ્ટ સુખ સંપત્તિદાતા બે મન્ત્રો સૂરિમન્ત્ર માંથી ઉદ્ધરેલા |
| ૪ તિજયપહુત્તં | ૧૭૦ તીર્થંકર શ્રી અજિતનાથ પ્રભુ સમય | ૧૪ | શ્રીમાનદેવ સૂરિજી | ગિરનારથી સ્વર્ગગમન વિક્રમ સં. ૪૦૧ | અર્ધમાગધી | પાપનાશક, ઉપસર્ગહર, ભય-નિવારક, દેહરક્ષક-પંચમહાભૂત બીજના સંપુટ વડે મંત્રોક્ત યંત્ર |
| ૫ નમિઉણ | શ્રી પાર્શ્વનાથ | ૨૪ | શ્રીમાનતુંગ સૂરિજી (બીજા) | વિક્રમ સંવત ૭૩૧ | અર્ધમાગધી | ભયહર–અઢાર અક્ષરના વિષહર સિદ્ધ મન્ત્ર વડે સમાપિત |
| ૬ અજિતશાન્તિ | શ્રી અજિતનાથ શ્રી શાન્તિનાથ | ૪૦ | શ્રી નંદિષેણ મુનિ | અર્ધમાગધી શ્રી મહાવીર નેમીનાથ સમય | અર્ધમાગધી | ઉપસર્ગહર, રોગહર, પાપહર, જયકર, શાંતિકર, ૨૮ છંદોની રચના |
| ૭ ભક્તામર | શ્રી ઋષભદેવ | ૪૪ | શ્રીમાનતુંગ સૂરિજી (બીજા) | વિક્રમ સંવત ૭૩૧ | સંસ્કૃત | વસંતતિલકા છંદ-ભરતક્ષેત્રના ૨૪+૨૦ વિહરમાન=૪૪ તીર્થંકર દરેક શ્લોકમાં ગર્ભિત મન્ત્ર-ઋદ્ધિ-લબ્ધિનો સમાવેશ |
| ૮ કલ્યાણ મંદિર | શ્રી પાર્શ્વનાથ | ૪૪ | શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજી | પ્રથમ સદી | સંસ્કૃત | વસંતતિલકા છંદ-૨૪+૨૦=૪૪ તીર્થંકરો ઉજ્જૈન નગરીમાં ઉત્પત્તિ –મંત્રામ્નાયો વડે સંપુટિત |
| ૯ બૃહદ્ શાંતિ | મુખ્યત્વે શાન્તિનાથ પ્રભુ-દેવ-દેવી-ગ્રહ રક્ષક દેવો | – | શ્રી નેમિનાથ પ્રભુના માતાજી | શ્રી નેમિનાથ પ્રભુનો સમય | સંસ્કૃત | દ્વારિકાનગરી દહન વેળાએ ઉત્પત્તિ-સ્નાત્ર-પ્રતિષ્ઠા મહોત્સવની શાન્તિ અર્થે ઉચ્ચારણ-પાક્ષિક, ચૌમાસિક, અને સાંવત્સરિક, પ્રતિક્રમણના અંત ભાગમાં ઉચ્ચારણ-સઘળા સહાયક દેવદેવીઓને પ્રાર્થના. |

શ્રી રજનીભાઈ ચુનીલાલ શાહ, (U.S.A.) કૃત 'શ્રુત સરિતા'માંથી

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month ● Regd. No. MH/ MR/SOUTH-146 / 2006-08



પંથે પંથે પાથેય...

# ખુમારીનો ખોંખારો

❑ પ. પૂ.આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ.સા.

મૂળ નામ કરસન. પછી રોજીંદા વ્યવસાયના કારણો તે ઓપદાર કહેવાયો. મેં તેને જોયો નથી પણ દેવજી માળી પાસેથી જાણ્યું. જ્યારથી જાણ્યું ત્યારથી તેની ખુમારી અને ખમીર યાદ રહી ગયા. આવું ખમીર આપણામાંય આવે તેવી ઈચ્છા પ્રબળતા ધારણ કરે છે.

છ ફુટ લાંબો સીધા સોટા જેવા કરસન રોજ ગિરિરાજ (ડુંગર) ચઢે. વ્હેલો ચઢે અને દાદા આદેશ્વરનો ગભારો ખુલે તે સાથે જ છડી બોલે. આ તેનું મુખ્ય કાર્ય. છડીમાં એવું તો દિલ પરોવે કે છડીના શબ્દોમાં દિલનો ધબકાર સંભળાય.

વળી દાદાનો પ્રક્ષાલ શરૂ થાય તે પહેલાં છડી બોલે. છડી બોલતાં પહેલાં ખોંખારો ખાય. તે પહેલાં કરસન ન્હાઈ ધોઈ પીળો ખેસ અને લાલ ધોતીયું પહેરી મુખકોશ બાંધી દાદાની અદબ જાળવીને લળી લળીને પ્રણામ કરીને એ હાથમાં હાથ મૂકે કે રાણી છાપ રૂપિયો રોકડો હાથમાં આવે. કરસનની વફાદારી અને નિષ્ઠા દ્દષ્ટાંતરૂપ હતી.

એક વાર એવું બન્યું કે કરસનની છડીના પડઘા છેક દરબારગઢ પહોંચ્યા. બહાદુરસિંહજી ઠાકોરને ઈચ્છા થઈ, સાંભળીએ તો ખરા કરસનની છડી. આટલી બધી વખણાય છે તો કેવી છે!

ઠાકોર સમયસર આવ્યા અને કરસને છડી પોકારી. એનો લલકાર ઠાકોરના મનમાં વસી ગયો. ખુશાલીથી મન ભરાઈ ગયું. પ્રસન્ન મન કાંઈપણ ન્યોછાવર કરવા તૈયાર થઈ જાય છે.

પગમાં એક સવા શેર સોનાનો તોડો હતો તે આપવા મન કર્યું. સાથેના સેવકને કહી પગમાંથી તોડો હાથમાં લીધો. કરસનને આપવા માંડ્યો. કરસને લેવા માટે ડાબો હાથ ધર્યો. ઠાકોરની ઝીણી નજરે તુરત નોંધ લીધી. કહ્યું કરસન! જમણા હાથે લેવાય. જમણો હાથ ધર. કરસન કહે કે જમણો હાથ દાદા આદીશ્વરને દેવાઈ ચૂક્યો છે. બાકી બચ્યો તે આ ડાબો હાથ છે.

ના, મ્હારે તો જમણા હાથે લે તો જ આપવો છે.

આખરે તોડો પાછો પગમાં પહેરાવાઈ ગયો. પછી તો પૂજારી વગેરેએ સમજાવ્યો કે તોડો લઈ લીધો હોત તો લીલા લહેર થઈ જાત!

દિવસ હતો વિજયાદશમીનો.

બહાદુરસિંહજીની સવારી નીકળેલી. આજે જ્યાં પાકા બંગલા છે ત્યાં એક ખીજડાનું ઝાડ હતું અને નીચે એક ઓટલો હતો ત્યાં મિત્રો સાથે કરસન બેઠો હતો.

સવારીમાં હાથીના હોદ્દે બહાદુરસિંહજી હતા. કોકે કહ્યું કે ઓલો કરસન છડીવાળો આ સામે બેઠો.

બહાદુરસિંહજીએ કરસનને કહ્યું કે અલ્યા પેલી છડી બોલ. કરસન કહે કે છડી દાદા પાસે જ બોલાય. બહાદુરસિંહજી કહે કે તને ઘેટી ગામ આપું. કરસન કહે કે ઘેટી ગામ શું આખી દુનિયા મહારાજ આપો તોય છડી તો દાદા પાસે જ બોલાશે. ઘણાંયે સમજાવ્યો. તારું ઘર નવું થઈ જાશે. દીકરીના લગ્ન લેવાશે.

પણ કરસને વાત પકડી રાખી. આવી વફાદારી અને ખુમારી આપણા બને તો કેવું સારું!

પૈસાને, સત્તાને, સંપત્તિને સાવ ગૌણ ગણવી અને તેની દાદા પ્રત્યેની આસ્થા કેવી ભવ્ય! અને મન કેવું વિશાળ?

વર્ષોની ધૂળ એને ઢાંકી નહીં શકે!

કાળ એને અડી નહીં શકે!

✶ ✶ ✶

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/– તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૦૮ છૂટક નકલ રૂા. ૧૦/–

✱✱✱ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ✱✱✱

# પ્રબુદ્ધ જીવન

વિક્રમ સંવત : ૨૦૬૫ વીર સંવત : ૨૫૩૫ માગસર વદ – તિથિ – ૫

## જિન-વચન

### શ્રદ્ધા અને પુરુષાર્થ

सुइं च लद्धुं सुद्धं च वीरियं पुण दुल्लहं ।
बहवे रोयमाणा वि नो य णं पडिवज्जई ।।

–उत्तराध्ययन– ३-१०

ધર્મશ્રવણની તક મળ્યા પછી અને એમાં શ્રદ્ધા થયા પછી પણ સંયમના આચરણ માટેનો પુરુષાર્થ તો દુર્લભ જ છે. ઘણા જીવો ધર્મમાં રુચિ ધરાવતા હોવા છતાં તેને આચરી શકતા નથી.

धर्मश्रवण करने पर और उस में श्रद्धा प्राप्त होने पर भी संयमपालन में पुरुषार्थ होना अत्यंत दुर्लभ है । धर्म में रुचि रखते हुए भी कई लोग उस के अनुसार आचरण नहीं करते ।

Even after hearing the sacred scriptures and having firm faith in them, it is very difficult to have enough strength to practise self-control. There are many who are interested in it, but are not able to do so for want of strength.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

## આચમન

### તક

દરેકના જીવનમાં કોઈ ને કોઈવાર તક આવતી હોય છે. જો આ તક ઝડપી લેવામાં આવે તો સહેલાઈથી જિંદગી બની જાય. પણ મોટાભાગના લોકો તક ઝડપવાનો પરિશ્રમ કરતા નથી. તક તેમના દ્વારે આવીને ચાલી જાય, તો પણ તેમને અફસોસ થતો નથી. જોકે પાછળથી જ્યારે તેઓ તેમના મિત્રો અને સંબંધીઓને આગળ નીકળી જતાં જુએ છે ત્યારે પસ્તાય છે. ઉત્તમ તક વારંવાર નથી મળતી. તેથી તકની કીંમત જાણવી જોઇએ. વ્યવસાયમાં તો આ બાબત ઘણી લાગુ પડે છે. જો સોદો પતી જતો હોય અને ફાયદો થતો હોય તો, વાર ન લગાડવી જોઈએ. બેદરકારી કે આળસ ન કરવાં જોઈએ. કહેવાય છે કે તકને પાંખો હોય છે અને તે તરત ઊડી જાય છે. એવું નથી કે તક આપણને ઈશારો નથી કરતી. તે આપણને તેની હાજરીની ખબર આપે જ છે. પણ આપણે તેની નોંધ લેતા નથી અને પછી પસ્તાવો કર્યા કરીએ છીએ.

ડોગ લારસને સાચું જ કહ્યું છેઃ `The oppertunity knocks, but most of the time we are sleeping.'

મારા માટે ચોક્કસ જીવનપદ્ધતિ નક્કી કરીશ.

મારા જીવનનો માર્ગ નક્કી કરીને તે માર્ગે જ આગળ વધીશ.

મારા મનને અસ્થિત બનાવનારી અનેક બાબતો માર્ગમાં આડી આવશે, કે પ્રલોભનો આવશે પણ હું એકવાર નક્કી કરેલા માર્ગ ઉપર જ આગળ વધતો વધતો મારા ધ્યેયને પહોંચીશ.

✷ ✷ ✷

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | મેરા ભારત મહાન | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | આત્મદર્શી વિરલ વિભૂતિ ડૉ. રાકેશભાઈ ઝવેરી | પ્રા. તારાબેન રમણલાલ શાહ | ૫ |
| (૩) | જયભિખ્ખુ જીવનધારા | ડૉ. કુમારપાળ દેસાઈ | ૯ |
| (૪) | છિન્ન ભિન્ન રાષ્ટ્રનું વ્યાકરણ | ડૉ. રણજિત પટેલ | ૧૨ |
| (૫) | ગુરૂ ગૌતમસ્વામી | શ્રીમતી ભારતી ભગુભાઈ શાહ | ૧૪ |
| (૬) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૨ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૦ |
| (૭) | નેશનલ સેમિનાર 'સ્પેક્ટ્રમ ઓફ જૈનિઝમ ઈન સધર્ન ઈન્ડિયા' | ડૉ. રેણુકા પોરવાલ | ૨૪ |
| (૮) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૬ |
| (૯) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૭ |
| (૧૦) | પંથે પંથે પાથેયઃ આંસુની પ્રચંડ તાકાત | શ્રી શાંતિલાલ ગઢિયા | ૨૮ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/-**(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/-**(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/-**(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/-**(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

❑ **મેનેજર**

- Website : www.mumbai_jainyuvaksangh.com
- email : info@mumbai_jainyuvaksangh.com

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૮ ● ● અંક : ૧૨ ● ● તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૦૮ ● ● ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## મેરા ભારત મહાન...?

મેરા ભારત મહાન અને આજે દરેક ભારતવાસી અંદર–બહારના આતંકવાદીથી છે પરેશાન!!

માત્ર દશ આતંકવાદીઓએ આપણા 'મહાન' ભારતને હાંફતું કરી દીધું!! સામી છાતીએ અનેકો આવ્યા હોત તો આપણાં સૈન્યે એની શી દશા કરી હોત? ત્યારે ભારત 'મહાન'ના નગારા વાગત જ. નજીકના ભૂતકાળ પાસે જાવ, આપણા સૈનિકો આ ભારતને મહાન સાબિત કરી ચૂક્યાં છે. ભારત સર્વ ક્ષેત્રે મહાન જ છે, મહાન રહેવાનું જ છે, એની મહાનતાનો 'તાજ' કોઈ છીનવી શકશે નહીં. કારણ કે આ ભારતના બહુસંખ્ય નાગરિકના જીવનમાં સતત પુરુષાર્થ છે, હિંમત છે, જીંદાદિલી છે, નિડરતા છે, બુદ્ધિ કૌશલ્ય છે, સહિષ્ણુતા છે અને ચિંતન છે.

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રીમતી ઈલાબેન મોદી**
**સ્મૃતિ : ચંપકલાલ મોદી**

પરંતુ આ મહાનતા ટકાવવા માટે આ ગુણોની સાથે 'જાગૃતિ'ની પણ એટલી જ જરૂરત છે. જેવો જન આક્રોશ અને જાગૃતિ તા ૨૬ નવેમ્બરની ઘટના પછી ઉમટ્યો હતો, એ ટકી રહેવો જોઈએ જ. નિર્માલ્ય અને બેજવાબદાર રાજકીય આગેવાનોને પ્રત્યેક ચૂંટણી સમયે ચૂંટી ચૂંટીને એમના ઘર ભેગા કરવા પડશે. આ તે કેવી લોકશાહી? નિર્દોષ નાગરિકો અને વફાદાર સિપાઈઓના જીવન હણાયા હોય, પ્રજા અસુરક્ષિતતાના ભયમાં તડપતી હોય, આક્રંદ અને આક્રોશ હોય ત્યારે 'રાજીનામું' આપી ઘર ભેગા થઈ જવાનું? કપડાં ખંખેરીને ભાગી જવાનું? આવા રાજકીય નેતાઓને તો અદાલતમાં ખડા કરી એમનો 'હિસાબ' માગવો જોઈએ. જનતાને પૈસે 'જલસા' કરવાવાળા અને લાખોના ખર્ચથી સુરક્ષા કવચ સાથે ફરનારા એ બધાં રાજનેતા અને સનદી અધિકારીઓને એમની જવાબદારીની નિષ્ફળતા માટે કડકમાં કડક શિક્ષા થવી જોઈએ, લોક અદાલતમાં ખડા કરવા જોઈએ.

૨૬ મીની ઘટનાથી પ્રત્યેક નાગરિકનું મન ક્ષુબ્ધ બની ગયું છે. લોહી ઉકળી ઊઠ્યું છે. જેમણે અકારણ જીવન ગુમાવ્યા છે–અને એ થકી જે જે કુટુંબો અને બાળકો છિન્ન ભિન્ન થયા છે એ ઘટના માટે કોઈ ધર્મ ચિંતનનો તાળો બેસતો નથી! દશ આતંકવાદીઓ કે એમની પાછળ રહેલાં એમના આગેવાનોનું આ બધાએ આ જન્મમાં તો કાંઈ બગાડ્યું નથી જ. તો? પૂર્વ જન્મમાં આ બધાંએ એ આતંકવાદીઓનું કાંઈ બગાડ્યું હશે? એ પણ સમૂહમાં ! કયો કર્મનો સિદ્ધાંત અહીં 'કામ' લાગે છે? શૂન્યમનસ્ક થઈ જવાય છે!! બધાં ગ્રંથો થોથાં જેવા લાગવા માંડે છે. કદાચ આપણા જ્ઞાનની મર્યાદા હશે!!

નક્કી આ ઘટના ધર્મ ઝનૂનનું જ પરિણામ છે. જેને કાર્લ માર્કસે 'અફિણ' કહ્યું છે. બાળપણથી આવા 'અફિણો' પાવાવાળી શાળા વહેલી તકે જગતના સર્વે સ્થળે બંધ થવી જોઈએ. માનવ જે ધર્મમાં જન્મ્યો હોય કે પછી પાછળથી એણે જે ધર્મ અપનાવ્યો હોય, તો એને પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે એ અનુભવવાનો હક છે, પણ 'મારો જ ધર્મ સર્વ શ્રેષ્ઠ છે, સર્વથી શ્રેષ્ઠ છે' એવું કહેવાનો એને કોઈ અધિકાર નથી જ. એ માત્ર બાલિશતા જ છે. મૂળમાં આ 'કેફ' છે અને આ 'કેફ'માંથી જ બધાં વિનાશ ઊભા થાય છે. જેણે 'જન્નત' જોયું નથી, જેના અસ્તિત્વના કોઈ પૂરાવા નથી, એને પમાડવાનો 'પાનો' અને શુરાતન ચડાવાય છે, અને ગુલાબનાં ફૂલોને ધતૂરાના ફૂલો બનાવી દેવાય છે.

મહાવીરે એટલે જ 'અનેકાંત'વાદનો સિદ્ધાંત જગતને આપ્યો. માત્ર આ એક સિદ્ધાંતનો પ્રચાર થાય તો જગત વિશ્વશાંતિના

હિંચકે હિંચોળશે એની ખાત્રી.

ઈસ્લામ જેવા ઉચ્ચ કોટિના ધર્મને એના જ બંદાઓ અપમાનિત કરી રહ્યાં છે. સાચો ધર્મ સમજ્યા નથી, એટલે એમાંના 'સાચ'ને સમજાવવાની પાત્રતા એ ધર્મધૂરંધરોમાં નથી. અને 'કાચા' યુવાનોમાં 'કાચા'નું આરોપણ થાય છે. ભારતના મુસ્લિમ બંધુઓ ભારતમાં દુઃખી નથી જ. સરકારે એમને ખોબલે ખોબલે આપ્યું છે, એ બધાં અહીં સુરક્ષિત છે. એટલે હવે એ બધાંએ જ જગતના આતંકવાદીઓને પોતાનો સંદેશો પહોંચાડવો પડશે. જે પોતાના ધર્મને સાચી રીતે સમજ્યા છે એમણે આ સંદેશો જગતને પહોંચાડવાનો છે. આ એમનો 'ધર્મ' છે. જો એ બધાં આ સંદેશાની 'બાંગ' નહિ પોકારે તો એમની બધી બાંગમાં શબ્દો હશે, પણ ખુદાને પામવાનો અને એ પરવરદિગાર પાસે પહોંચવાનો ધ્વનિ નહિ હોય.

૨૬ મીની ઘટના વિશે ઘણું લખાયું. ઘણાં આક્રોશ થયા.

*ભીખ્યા ભટક્યા, વિષ્ટિ, વિનવણી,*
*કીધાં સુજનનાં કર્મ,*
*આર્ય સુજનતા દૈન્ય ગણી તો*
*યુદ્ધ એ જ યુગ ધર્મ,*
*પાર્થને કહો ચ્હડાવે બાણ,*
*હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.*

–કવિ ન્હાનાલાલ

જ્યારે જ્યારે આવી કોઈ કટોકટી આવે છે ત્યારે આપણને કવિ ન્હાનાલાલે એમના મહાકાવ્ય 'કુરુક્ષેત્ર'માં કૃષ્ણવિષ્ટિ સંદર્ભે લખેલી ઉપરની પંક્તિ યાદ આવી જાય છે. અને આપણે 'યુદ્ધ એ જ કલ્યાણ' એવા અંતિમ પોકારો પણ કરીએ છીએ. પરંતુ યુદ્ધ એ ક્યારેય કલ્યાણ નથી. એ માત્ર શક્તિ અને અહંનું પ્રદર્શન છે. એ જો 'કલ્યાણ' હોત તો કુરુક્ષેત્રની અગણિત હિંસાનો આક્રંદ ન ઉઠત અને ઘણું અને ઘણાંને ગુમાવીને બધું મેળવ્યા પછી પણ બધું મૂકીને પાંડવોને હિમાલય જવું ન પડત.

'તમે આમ કર્યું એટલે હવે અમે આમ કરીશું, અમે પણ શક્તિશાળી છીએ' એવા પોકારો બૌદ્ધિક કે સંસ્કારી અભિગમ નથી. એ આક્રોશથી તો આવી ઘટનાના ગુણાકાર જ થવાના, પરંતુ 'એવું' અને 'આવું' ન બને એ માટે એના મૂળનો તલસ્પર્શી અભ્યાસ કરવો જરૂરી છે.

નિર્દોષ અને વફાદારોની આ શહિદી માટે મહારાષ્ટ્ર કે રાષ્ટ્રના પ્રધાન મંડળે સામૂહિક પ્રાર્થના કરી? એ બધાં તો નવા નેતા ચૂંટવાની સ્વાર્થી કસરત કરવામાં વ્યસ્ત હતા!! આપણો દેશ અને આપણી જાત જેમને આપણે સોંપી છે એમની આ સંસ્કારિતા!! એમના કરતાં તો શહિદ થયેલા અધિકારીઓના કુટુંબીજનોને સલામ કે જેમણે કોઈ આર્થિક મદદ લેવાની વિનયપૂર્વક ના પાડી. આવા સમયે એક કરોડની કે લાખોની મદદની અને પોતાના હમદર્દી સ્વભાવની પબ્લિસિટીની તક કયા રાજકારણી જતી કરે? કોણ જતી કરે? આવા છે આપણા મહાનુભાવો! ભાષાના નામે દેશના બાંધવોના ભાઈચારાને ભયમાં મૂકનાર બધી 'સેના' આ દિવસે કયા પાટિયા શણગારવા ગઈ હતી?

હજુ ઊંડા ઉતરીએ તો જણાશે કે આપણા સાંસદ સભ્યો અને પ્રધાનો આપણા સનદી અધિકારીઓના કેટલા બધાં ગુલામ છે એ આપણને ખબર છે? આ પીઢ અને રૂક્ષ ત્વચાના અધિકારીઓ આપણે ચૂંટેલા પ્રતિનિધિને સ્પષ્ટ સંભળાવી દે છે કે 'તમે તો ત્રણ કે પાંચ વરસ માટે છો પછી તો તમારે તમારા કામ કરાવવા અમારી પાસે જ આવવું પડશે!!' એટલે દેશ ઉપર રાજ તો અમાપ સત્તાધારી આ સનદી અધિકારીઓ જ કરે છે!! એ બધામાં કેટલા ભ્રષ્ટાચારી છે એ પ્રજા જાણે જ છે. અંગ્રેજોએ આપેલી આ 'સિસ્ટમ'ને મૂળમાંથી બદલવાની જરૂર છે. આ અધિકારીઓ પોતાની ફરજમાં ક્યાં ગાફેલ રહ્યાં એની તપાસ શરૂ થઈ? ભ્રષ્ટાચારની નોટોના બંડલો સરકારી અધિકારીઓના ઘરમાંથી મળ્યા છે એ હકીકત પૂરવાર થઈ ચૂકી છે.

હવે તો પ્રત્યેક દેશવાસીઓએ પોતાનું રક્ષણ કરવા પોતે જ સક્ષમ થવું પડશે.

હવે હર પળ સર્વેએ એક જ પ્રાર્થના કરવાની કે આ સર્વ આતંકવાદીઓ પોતાના ધર્મને (આતંક ધર્મને નહિ) 'સાચી' રીતે સમજે. એ 'સાચી' રીતે સમજશે ત્યારે એ સર્વેને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થશે. એવી સદ્‌બુદ્ધિ એમને પ્રાપ્ત થાવ એવી પ્રાર્થના પ્રત્યક જીવ કરે અને આવી ઘટનાઓથી કોઈના પણ મનમાં નફરતના બીજનું રોપણ ન થાવ!!

ક્ષમા, પ્રેમ, કરુણા અને સદ્‌બુદ્ધિ માટે પ્રાર્થના એ જ સાચા અને સુખના માર્ગો છે. આ ચિંતનમાં જ ભારતની મહાનતા છે. અને એટલે જ જગતે ભારતને મહાન કહ્યો છે.

જે જે નિર્દોષ માનવ જીવોની હત્યા થઈ છે એ સર્વેના આત્માને પ્રભુ શાંતિ અર્પો. એ સર્વના કુટુંબીજનોને અને મિત્રોને આ દુઃખ સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ અર્પો. આપણે બધાં યત્‌કિંચિત રૂપે એ સર્વેને ઉપયોગી થઈએ. વ્યથિત હૃદયે મુંબઈ જૈન યુવક સંઘ પરિવારની આ શ્રદ્ધાંજલિ!

અને ફરી નિષ્ક્રિય રાજનેતાઓ અને ભ્રષ્ટ અધિકારીઓ આપણાથી ચૂંટાઈ ન જાય એના માટે સજાગ અને સતર્ક રહીએ. મતદાનના દિવસે રજા ગાળવા બહારગામ જવું અને મત આપવા ન જવું એ રાષ્ટ્રીય અપરાધ છે. આપણે સજાગ નહિ રહીએ તો પછી આવી ઘટના વારે વારે થવાની જ.

લોકશાહીમાં ફેરફાર કરવાનો તેમજ યૌવન લોહી જેમનામાં થનગનતું હોય, જેમનામાં સર્જનાત્મકતા અને દેશને સર્વ રીતે અર્પણ કરવાની ભાવના હોય એવી નિષ્ઠાવાન વ્યક્તિઓને રાજકારણમાં પ્રવેશવાનો અને એવા નવા પક્ષના ઉદયનો સમય પાક્યો હોય એવું લાગ છે.

ૐ શાંતિ... ૐ શાંતિ...

❑ **ધનવંત શાહ**

# આત્મદર્શી વિરલ વિભૂતિ ડૉ. રાકેશભાઈ ઝવેરી

**પ્રા. તારાબેન રમણલાલ શાહ**

વર્તમાન સમયમાં માણસ જેટલો કુદરત નિર્મૃત આપત્તિથી દુઃખી છે તેના કરતાં માનવસર્જિત આપત્તિથી વધુ દુઃખી છે. આ દુઃખમાંથી માનવને બચાવવો તે દુનિયા સામે મોટો પડકાર છે. આ પડકાર ઝીલવાની શક્તિ કેવળ ધર્મમાં છે. આવી શક્તિ ધર્મને જાણનાર, જીવનાર અને લોકોને તેના માટે માર્ગદર્શન આપનાર ધર્મ-પુરુષોમાં છે. વર્તમાન સમયમાં આવી વ્યક્તિઓમાં જેમનું નામ આદરપૂર્વક, પ્રેમપૂર્વક લેવાય છે તેવી એક વ્યક્તિ ડૉ. રાકેશભાઈ ઝવેરી છે.

મુંબઈમાં તા. ૨૬-૯-૬૬ના શુભદિને સુરતના વતની માતા રેખાબહેન અને પિતાશ્રી દિલીપભાઈ ઝવેરીને ત્યાં રાકેશભાઈનો જન્મ થયો. બાળપણથી જ તેમનામાં ઉચ્ચ કોટીના ધર્મસંસ્કારોનું સિંચન થયું હતું. ચાર વર્ષની વયે તેઓ પ્રભુભક્તિ, ધ્યાન સામાયિક આદિ ધર્મઆરાધના કરતા થઈ ગયા. તેમની આઠ વર્ષની વયે તેમના અસીમ પુણ્યોદયે તેમને કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રના ચિત્રપટના દર્શન થતાંની સાથે 'આ મારા ગુરુ છે' એવી આત્મસ્ફૂરણા થઈ. પૂર્વે તેમણે કરેલી આરાધનાનું તેમને અનુસંધાન થયું. અપાર હર્ષ, અદ્વિતીય પુરુષાર્થ અને અનન્ય ભક્તિભાવથી તેમની અધ્યાત્મ સાધના શરૂ થઈ. ઉત્તરોત્તર વેગીલી બની, સિદ્ધિના સોપાન સર કરતી ગઈ. સાધના કરતાં નાની વયમાં જ તેમને સંસાર ત્યાગની ભાવના જાગી પરંતુ તેમના માતાપિતાએ તેમને સંસારત્યાગ કરતાં પહેલાં અધ્યાત્મના કોઈ વિષય પર Ph.D. ડિગ્રી માટે શોધનિબંધ લખવા માટેની ઈચ્છા દર્શાવી જે તેમણે ખૂબ આદરપૂર્વક માન્ય રાખી.

વિદ્યાર્થી તરીકેની તેમની કારકિર્દી અતિ તેજસ્વી હતી. ૧૯૮૩માં I.C.S.E. ની પરીક્ષા આપી. હેતુપૂર્વક અભ્યાસ છોડ્યો પરંતુ Ph.D. માટે M.A.ની ડિગ્રીની જરૂર હતી. તેથી ઓસ્માનિયા યુનિવર્સિટીમાંથી ૧૯૮૮માં બી.એ.ની, ૧૯૮૯માં તત્ત્વજ્ઞાનના વિષય સાથે M.A.ની ડિગ્રી સુવર્ણચંદ્રક સાથે મેળવી. ૧૯૮૫થી ૧૯૯૧ સુધીમાં તેમણે ષડ્દર્શન, જૈન શ્વેતાંબર અને દિગંબર શાસ્ત્રોના, ન્યાય અને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો. પીએચ.ડી. માટે હવે તેમનો માર્ગ મોકળો થયો. તેમનું વાંચન વિશાળ છે. ગ્રહણશક્તિ, ધારણશક્તિ અને સ્મરણશક્તિ આશ્ચર્યજનક છે. ઝડપથી વાંચે, વિચારે, સમય પ્રમાણે ઉપયોગ કરે.

પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના સર્વશ્રેષ્ઠ સાહિત્યસર્જન 'આત્મસિદ્ધિશાસ્ત્ર'નો તેમના જીવન પર ઘણો મોટો પ્રભાવ છે. આત્મસિદ્ધિ શાસ્ત્રમાં મોક્ષમાર્ગની સરળતમ વિધિનું દિગ્દર્શન થયું છે. આ અદ્ભુત શાસ્ત્રનો મહિમા કરવા અને જિજ્ઞાસુઓ તેને વાંચી, વિચારી કલ્યાણમાર્ગે વળે એ હેતુથી Ph.D.ના મહાનિબંધના વિષય તરીકે તેમણે તેને પસંદ કર્યો.

આત્મસિદ્ધિશાસ્ત્રની ભાષા સરળ છે પણ તેમાં નિરૂપાયેલા ભાવ અતિ ગંભીર છે. આવા ગંભીર વિષય માટે મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ, જૈન દર્શનના પ્રખર અભ્યાસી ડૉ. રમણલાલ સી. શાહને તેમણે માર્ગદર્શક તરીકે પસંદ કર્યા. ખૂબ મહેનત કરી શોધપ્રબંધ લખ્યો.

આ નિબંધમાં અધ્યાત્મપથના અભ્યાસીને જરૂરી સામગ્રી મળે છે. વળી સાધના સંબંધી અનેક પ્રશ્નોના ખુલાસા ઉચિત રીતે તેમણે તેમાં સમાવી લીધા છે. પ્રત્યેક ગાથામાં રહેલા ગૂઢ રહસ્યને સમર્થ રીતે તેમણે સમજાવ્યું છે. ગાથાના વિવરણને વાંચતા તેમાં આત્મસાધના, આત્મશુદ્ધિ અને આત્મસિદ્ધિની પ્રક્રિયાનો પરિચય થાય છે. તેમાં વૈરાગ્ય, ગુરુભક્તિ અને સ્વરૂપજ્ઞાન એ ત્રણેનો બોધ છે. સહજ, સરળ અને વિષયને ઉચિત ભાષામાં લખાયેલા આ પ્રબંધમાં સંક્ષિપ્તમાં મોક્ષમાર્ગને સંપૂર્ણપણે દર્શાવ્યો છે.

શ્રી રાકેશભાઈએ ખૂબ પરિશ્રમ લઈ આત્મસિદ્ધિ શાસ્ત્રના શતાબ્દી વર્ષ ૨૦૫૨માં તા. ૨૭-૧૦-૯૬ના દિવસે ૨૦૫૨ પાનાનું લખાણ શ્રીમદ્ રાજચંદ્રજીના ચરણકમળમાં અર્પણ કર્યું. તા. ૨-૧૨-૯૮ના દિને આ શોધપ્રબંધ માટે મુંબઈ યુનિવર્સિટી તરફથી શ્રી રાકેશભાઇને Ph.D.ની ડિગ્રી મળી. આત્મસિદ્ધિ શાસ્ત્રનું આવું ગહન વિવેચન એ શ્રી રાકેશભાઈની અભ્યાસનિષ્ઠા અને આત્મસાધનાનું ઉજ્જવળ પરિણામ છે.

શ્રીમદ્ રાજચંદ્રજીના આ પરમ ઐશ્વર્યસભર વારસાની, ગહન તત્ત્વજ્ઞાનની લોકોમાં પ્રભાવના થાય, લોકોને તેનો સર્વાંગી પરિચય થાય એ હેતુથી આ વિસ્તૃત લખાણવાળા ગ્રંથને 'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્રે' ચાર ભાગમાં છપાવ્યા છે.

મુમુક્ષુઓ ઊંડાણથી અભ્યાસ કરે એ માટે દરેક ગાથા પર પ્રશ્નપત્રો તૈયાર કરવામાં આવતા અને મુમુક્ષુઓ હોંશભેર તેની લેખિત પરીક્ષા આપતા. આમ આ લખાણ અનેક મુમુક્ષુઓના આત્મસાધના માટે પ્રેરણારૂપ બન્યું છે.

ગુજરાતી ભાષામાં લખાયેલા શોધપ્રબંધોમાં આટલો દીર્ઘ શોધપ્રબંધ આ પહેલો જ હશે. ડૉ. રમણભાઈ શાહ ગ્રંથને બિરદાવતાં તેમના આવકારવચનમાં લખે છે-શકવર્તી બનવાને સર્જાયેલા તેમના Ph.D. ગ્રંથનું વાંચન અધ્યયન, પરિશીલન, મનન અનેક મુમુક્ષુઓના કલ્યાણનું નિમિત્ત બની શકે છે.

શ્રી રાકેશભાઈની જિનેશ્વરભક્તિ પ્રશસ્ય છે, તે તેમને વારસામાં મળી છે. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરમાં નાનું પણ અતિ રમણીય દેરાસર બંધાયું છે તે ઋષભદેવ, શંખેશ્વર પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીની સુંદર પ્રતિમાઓથી શોભાયમાન

છે. ભગવાનનું પૂજન, અર્ચન, ભક્તિ, આરતી, મંગળદીવો આશ્રમવાસી સારી સંખ્યામાં ઉપસ્થિત રહી નિયમિત રીતે કરે છે. પૂજા વગેરે શુદ્ધ રીતે થાય તે માટે વિધિ સમજાવતું સાહિત્ય પૂરું પાડવામાં આવે છે. રાકેશભાઇની જિનભક્તિ ખૂબ સમજપૂર્વકની છે. દરેક વર્ષે જુદા જુદા તીર્થોની યાત્રા ભારતના અને પરદેશના યાત્રીઓને સમૂહમાં કરાવવી, બધા તીર્થંકરોની પંચકલ્યાણક ભૂમિની ભાવપૂર્વક સ્પર્શના કરવી, તીર્થંકરના જીવનનો મહિમા સમજવો, સમજાવવો તે તેમની પ્રિય પ્રવૃત્તિ છે. રાકેશભાઈ મહાન સાધુપુરુષો, ભક્તો દ્વારા લખાયેલા ધર્મવિષયક ગ્રંથો, ચરિત્રો, સ્તવનો કોઈ પણ જાતના પંથ, ગચ્છ, ફિરકા કે સંપ્રદાયના ભેદ વિના વાંચે છે. આનંદઘનજી,યશોવિજયજી, દેવચંદ્રજી, મોહનવિજયજીની ચોવીશી એટલે કે ચોવીસ ભગવાનના સ્તવનોના બાળપણથી અભ્યાસી છે. આનંદઘનજીની ચોવીશીના દરેક સ્તવનોમાં દરેક તીર્થંકર ભગવાનના જીવનનો મહિમા તેમણે વિગતે સમજાવ્યો છે. સ્તવનોનું તેમનું વિવેચન અર્થભર, મર્મગ્રાહી અને ભગવદ્ ભક્તિમાં વૃદ્ધિ કરનારું બને છે.

પર્યુષણ દરમિયાન જેમનો સ્વાધ્યાય કરાવ્યો છે તે ગ્રંથો છ ઢાળા, સમાધિ તંત્ર, અનુભવપ્રકાશ, યોગસાર, તત્ત્વજ્ઞાન તરંગિણી, ભક્તામર સ્તોત્ર, ઈષ્ટોપદેશ, આત્મશાસન વગેરે છે. ઉપાધ્યાય યશોવિજયજી કૃત 'જ્ઞાનસાર' જેવા કઠિન ગ્રંથના જુદાં જુદાં અષ્ટકો તેમણે ભારતના મહત્વના શહેરોમાં અને પરદેશમાં યુ.કે., અમેરિકા, કેનેડા, શ્રીલંકા જેવા સ્થળે જઈ લોકોને સમજાવ્યા જેથી ભક્તોમાં જૈનધર્મ પ્રત્યે ભક્તિભાવ જાગે. ધર્મ વિશેની તેમની સમજ ઊંડી, વ્યાપક અને અથાગ છે. તેઓ ધર્મને માત્ર ગતાનુગતિકતાથી નથી સ્વીકારતા પરંતુ તર્ક, બુદ્ધિ અને અંતરની ઊંડી અનુભૂતિથી, જાગૃતિથી સ્વીકારે છે. ધર્મતત્ત્વનો વિશાળ અર્થમાં વિચાર કરે છે. જૈન, જૈનેતર, ભારતના અને ભારતની બહારના ધર્મોને સમજવા તત્પર રહે છે, તેના શુભ અંશોને આવકારે છે.

આં નો ભદ્રા: क्रतवो यन्तु विश्वतः ।

ચારે દિશાએથી ઉત્તમ કલ્યાણકારી વિચારો પ્રાપ્ત થાવ. ઋગ્વેદનું આ વાક્ય તેમના જીવનમાં ચરિતાર્થ થયેલું જોવા મળે છે.

ધર્મના મર્મને સમજી ઉચિત દૃષ્ટાંતો દ્વારા સમજાવે છે એ રીતે મુમુક્ષુની વિચારની ક્ષિતિજોને વિસ્તારે છે. આશ્રમમાં જૈન ધર્મના સાધુ–સાધ્વી મહારાજ, આચાર્ય ફુલચંદ્રજી, આગમઉદ્ધારક જંબુવિજયજી, આચાર્ય જનકવિજયજી, ભાનુવિજયજી, મહાસતી લલિતાબાઈ, ડૉ. તરૂલતાબાઈ અને અન્ય ધર્મના સંતો મોરારી-બાપુ, શ્રી શ્રી રવિશંકર, ગુરુ માઁ આનંદમૂર્તિ વગેરેને આમંત્રે, સન્માન કરે અને તેમનાં વક્તવ્યો ગોઠવે, અન્ય સ્થળે જાય ત્યારે બૌદ્ધ ભિખ્ખુઓ, મૌલવીઓ, પાદરીઓને મળે. તેમને સન્માન આપે. આ સહુ પાસેથી રાકેશભાઈ પણ પ્રેમ, વાત્સલ્ય અને આદર પામે છે. અન્ય ધર્મના મૂલ્યવાન વિચારોને, અન્ય સાહિત્યના આદરણીય પાત્રોની વિશેષતા શ્રોતાને રસ પડે તે રીતે મૂલવે, રજૂ કરે. અન્ય ધર્મની ઊજળી બાજુ રજૂ કરે પણ કદીએ તેઓ આકરી ટીકા કરતાં નથી તે તેમની વિશેષતા છે.

કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યેની ભક્તિ અને સર્વ સમર્પણભાવ અદ્ભુત છે. જાણે કે તેમના શ્વાસે શ્વાસે તેમાં કૃપાળુદેવ વણાઈ ગયા છે. હૃદયના પ્રત્યેક ધબકારમાં તેમને ઝીલી રહ્યા છે. તેમના દરેક કાર્યમાં કૃપાળુદેવ પ્રત્યેનો પૂજ્યભાવ વ્યક્ત થાય છે. Ph.D. ના વિષયની પસંદગીમાં વળી સંસ્થા, આશ્રમ, હૉસ્પિટલ, દરેક ટ્રસ્ટ દરેકને તેમણે પોતાના ગુરુ રાજચંદ્રજીનું નામ આપ્યું છે. દરેક પખવાડિયે દાદરના યોગી સભાગૃહમાં યોજાતા પરમ સત્સંગમાં શ્રીમદ્ રાજચંદ્રજીના 'વચનામૃત'માંથી કોઈ પત્ર કે પત્રમાંનો ગદ્યખંડ લઈ તેના આધારે ઉચિત દૃષ્ટાંતો સાથે સત્સંગ કરાવે છે. દરેક પત્ર વિશેના રાકેશભાઈના વિશદ વિશ્લેષણ પછી શ્રોતાઓને પત્રનું હાર્દ સમજાય છે, સ્પષ્ટ થાય છે અને કૃપાળુદેવ પ્રતિ અથાગ પ્રીતિ–ભક્તિ જાગે છે. આત્મસિદ્ધિ શાસ્ત્ર સવારે પ્રાર્થનામાં અને સાંજે ગુરુમંદિરમાં નિયમિત ગવાય છે. શ્રી રાકેશભાઈના મતે કૃપાળુદેવનું એક એક વચન કોહિનૂર જેવું છે અને તેમનો એક એક પત્ર હીરાની ખાણ જેવો છે. કૃપાળુદેવના સર્વ સાહિત્યને વાંચે, વિચારે, સમજે, જીવનમાં ઉતારે તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. આમ, આશ્રમ અને તેની માનવ હિતલક્ષી વિવિધ યોજનાઓ જોતાં કૃપાળુદેવને અતિ નીકટતાથી સમજવાનો, કૃપાળુદેવની સન્મુખ થઈ શકીએ એવો 'અપૂર્વ અવસર' રાકશભાઈએ આપણને આપ્યો છે. કૃપાળુદેવના સાચા ભક્ત કેવા હોય તેના દર્શન આપણને તેમનામાં થાય છે.

શ્રી રાકેશભાઈનું મહત્ત્વનું યોગદાન તે યુવાવર્ગને તેમણે નવી દિશા બતાવી. યુવાવર્ગ વિપુલ પ્રમાણમાં તેમના પ્રતિભાશાળી તેજસ્વી વ્યક્તિત્વ, અસાધારણ જ્ઞાન અને ગુણસંપદા, અપ્રતિમ પુરુષાર્થ, અદ્ભુત શિસ્તપાલન અને ક્રાંતિકારી વિચારોને કારણે તેમના તરફ આકર્ષાયો. સમાજનો શિક્ષિત વર્ગ, ડૉક્ટર, એન્જિનિયર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, અધ્યાપક વગેરે જૈન અને જૈનેતર, ભારતના અને ભારત બહારનો યુવાવર્ગ મોટી સંખ્યામાં આ સંસ્થા સાથે જોડાયો છે. યુવાનોમાં શક્તિ અને સદ્ગુણ પ્રગટે, યુવાશક્તિ વિધેયાત્મક કલ્યાણકારી માર્ગે વળે, પોતાનું અને વિશાળ સમાજનું હિત કરે એવી વિવિધ યોજનાઓ આશ્રમમાં થાય છે.

તેમના વ્યક્તિત્વના વિકાસ માટે શ્રીમદ્ રાજચંદ્ર યુથ વીંગનું નિર્માણ થયું. યુવાનોને વિવિધ પ્રકારની જવાબદારી સોંપાઈ. રસોડાથી માંડી ફોટોગ્રાફી, ઓડિયો–વીડિયો સંચાલન, લેખન–છાપકામ, સંસ્થામાં જુદાં જુદાં ટ્રસ્ટોનો વહીવટ તેમને સોંપાય છે. નાની ઉંમરના પણ ઉત્સાહપૂર્વક, કુનેહપૂર્વક, નિઃસ્વાર્થપણે જવાબદારી ઉપાડતા યુવાન ટ્રસ્ટીઓ આ આશ્રમમાં જોવા મળે છે.

યુવાનોનો સર્વાંગીણ વિકાસ થાય તે માટે વિવિધ પ્રકારના

ધ્યાન, યોગ, ભક્તિ સંગીત, નાટક, નૃત્ય, ભાષાઓનો અભ્યાસ, પર્યટન, વક્તૃત્વ, સ્વરક્ષણની તાલીમ માટે માત્ર ગુજરાતના જ નહિ પરંતુ પર પ્રાંતીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની વ્યક્તિઓની મદદ પણ લેવાય છે.

તેમના અનુયાયીઓ રાકેશભાઈને અનન્ય શ્રદ્ધાથી, ભક્તિભાવથી અને છલકાતા પ્રેમથી ચાહે છે. તેમને 'ગુરુદેવ', 'સાહેબ' કે 'બાપા'ના નામે સંબોધે છે. પોતાના અનુયાયીને સોંપેલી જવાબદારીને તેમણે 'સેવા' નામ આપી 'સેવા' કાર્યનું અને શબ્દનું ગૌરવ કર્યું છે. તેને નવું પરિમાણ આપ્યું છે. જેને 'સેવા' કરવાની મળે તે પોતાની જાતને ધન્ય માને. સેવાનું કામ અત્યંત ચીવટપૂર્વક, વફાદારીથી, ઉત્સાહથી કરે. ભૂલ થાય તો પ્રાયશ્ચિત લે. આવા યુવાન વર્ગને લીધે આશ્રમમાં ચારે બાજુ અનોખા ઉત્સાહનું, જીવંતપણાનું, વિનયનું, સહકારનું, સમર્પણનું વાતાવરણ જોવા મળે. આવા તેજેમઢ્યા, આનંદથી છલકાતા યુવાન ચહેરાનું દર્શન તે આશ્રમની વિશેષતા છે. ત્યાંના પ્રૌઢો અને વૃદ્ધો પણ હોંશથી 'સેવા' કરે છે. રાકેશભાઈના મતે સેવા તે બેડી નથી પણ રૂમઝૂમતું ઝાંઝર છે, એમ સમજીને કરીએ તો એ કાર્ય શોભા અને ગૌરવનું પ્રતીક બની રહે.

ભક્તો માટે એક કાયમી વ્યવસ્થાની જરૂર હતી. ૨૦૦૧માં મહાવીર જયંતીના મંગળ દિને ગુજરાતમાં વલસાડ જિલ્લામાં ધરમપુર નજીક મોહનગઢ ટેકરી પર 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ'ની સ્થાપના થઈ. આ સ્થળની પસંદગી પાછળ એક મહત્ત્વનું કારણ છે. વિ. સં. ૧૯૫૬માં ચૈત્ર સુદ એકમથી વૈશાખ વદ પાંચમ સુધી લગભગ ૩૫ દિવસ સુધી શ્રીમદ્જીએ આ ધરતી પર વિચરણ કર્યું હતું. આસપાસના જંગલોમાં તેમણે એકાંત અને અસંગ સાધના કરી હતી. આમ, આ ધરતી તેમના પવિત્ર ચરણરજથી પાવન થઈ હતી. ટેકરી પર કુદરતી વાતાવરણમાં ૨૨૩ એકરની જમીન ખરીદી તેના પર આશ્રમનો કેટલોક ભાગ નિર્માણ થયો. આશ્રમના પ્રાંગણમાં રમણીય જિનમંદિર છે, જેનો ભક્તો લાભ લે છે. આશ્રમનું મુખ્ય મકાન જે પૂર્વે મોહનગઢના રાજાનો તદ્દન ખંડિયેર અવસ્થામાં મહેલ હતો તેનો જીર્ણોદ્ધાર કરી અદ્યતન સગવડોથી સજ્જ કર્યો છે. તે હજુ મહેલને નામે જ ઓળખાય છે. તેમાં ગુરુ મંદિર છે–જેમાં શ્રીમદ્ રાજચંદ્રજીની પ્રતિમા છે. જ્યાં ધ્યાન અને વાંચનની અનુકૂળતા છે. મર્યાદિત સંખ્યામાં ભક્તો માટે આધુનિક સગવડવાળું સાધક નિવાસ છે. જેમાં સત્સંગ અને ધ્યાન માટે વાતાનુકૂલિત સભાગૃહ છે. ધ્યાનખંડ, સાધના કુટિર, પુસ્તકાલય, સંગ્રહાલય, ભોજનાલય, શાંતિથી બેસી ધ્યાન માટે અને પ્રકૃતિના રમણીય દૃશ્યો માણી શકાય માટે બે નાના ગાર્ડન બનાવ્યા છે. એકમાં ભગવાન બુદ્ધ અને બીજામાં ભગવાન કૃષ્ણની મૂર્તિઓ છે. આવનાર ભક્તો મુમુક્ષુઓ ભક્તિ, સત્સંગ, સદ્વાંચન, ધ્યાન દ્વારા ધર્મારાધના કરે છે. અંતર્મુખતાના ગહન અભ્યાસ માટે સાધનાભઠ્ઠી રખાય છે. જેમાં ત્રણ દિવસ મૌન અને ધ્યાનનું અવલંબન લેવાય છે. વર્ષમાં બે વાર, ચૈત્ર માસમાં ભગવાન મહાવીર જન્મકલ્યાણક અને આસો માસમાં દિવાળી સમયે ભગવાનના નિર્વાણકલ્યાણકનો ભવ્ય મહોત્સવ ઉજવાય છે. જેમાં ભારતમાંથી અને પરદેશમાથી આવી ભક્તો વિશાળ સંખ્યામાં ભાગ લે છે. તેમને રહેવા માટે સગવડવાળા તંબુની વ્યવસ્થા કરવામાં આવે છે.

બંને મહોત્સવમાં ઉત્કૃષ્ટ ભક્તિસંગીત ઉપરાંત ગચ્છ કે ફિરકાના ભેદ વિના સાધુ મહાત્માઓના વિદ્વાનોના ધર્મવિષયક વ્યાખ્યાનો ગોઠવાય છે. યુવાવર્ગને, મોહ, રંગરાગના આકર્ષણમાંથી મુક્ત કરવા ૩૧મી ડિસેમ્બરે અખંડ રાત્રિનો સાત્વિક મનોરંજનવાળો વિવિધ પ્રકારનો ઉત્કૃષ્ટ ભક્તિસંગીત સાથેનો કાર્યક્રમ ગોઠવાય છે. જેમાં ભક્તો ઘણી મોટી સંખ્યામાં હાજર હોય છે.

ભગવાન મહાવીર અને શ્રીમદ્ રાજચંદ્રજીના ઉપદેશમાંથી મળેલી પ્રેરણા ઝીલીને શ્રી રાકેશભાઈએ ભક્તોની સ્વકલ્યાણની ધર્મપ્રવૃત્તિ સાથે સર્વકલ્યાણની પ્રવૃત્તિ કરવા 'શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ ટ્રસ્ટ'ની સ્થાપના કરી જેમાં મુખ્યત્વે આરોગ્યવિષયક, શિક્ષકવિષયક અને જીવદયાવિષયક પ્રવૃત્તિઓ શરૂ કરી.

આરોગ્યવિષયક પ્રવૃત્તિ માટે ૨૦૦૩માં ધરમપુરમાં 'શ્રીમદ્ રાજચંદ્ર હૉસ્પિટલ' અને તેમાં એલોપથી અને હોમિયોપેથી બન્ને પ્રકારના દવાખાના ચાલુ કર્યા, ત્યાં સ્થાનિક લોકોને માત્ર બે રૂપિયાની ફી લઈ દવાઓ અપાય છે. સર્વ પ્રકારના રોગનિદાન માટે અને અન્ય સુવિધા માટે એક્સ–રે મશીન, સોનોગ્રાફી, પેથોલોજી લેબોરેટરી, આઈ.સી.યુ., ઓપરેશન થિયેટર, એન્ડોસ્કોપી સહિત આધુનિક સામગ્રીથી સુસજ્જ હૉસ્પિટલમાં અનુભવી નિષ્ણાંત ડૉક્ટરોની સેવા ઉપલબ્ધ હોય છે. આસપાસની ગ્રામીણ જનતાને સર્વપ્રકારે ઉપયોગી આરોગ્યસેવા મળે છે. ઉપરાંત નેત્રયજ્ઞ, વિકલાંગયજ્ઞ, હૃદયરોગ, સ્ત્રીઓના જાત જાતના રોગ, ડાયાબિટીસ વ.ના નિદાન કેમ્પ યોજાય છે. સામાન્ય વર્ગને રોગમુક્ત કરવા ઘણા પ્રયત્નો થઈ રહ્યા છે.

'શ્રીમદ્ રાજચંદ્ર એજ્યુકેશન ટ્રસ્ટ'ના નેજા નીચે શિક્ષણની વિવિધ યોજનાઓ શરૂ કરી છે. ખૂબ ઊંચા, ઉમદા હેતુ સાથે નાના બાળકોનો યોગ્ય દિશામાં ચારિત્ર વિકાસ થાય, તેવા શિક્ષણ માટે શ્રીમદ્ રાજચંદ્ર 'મેજિક ટચ'ના મુંબઈ, મુંબઈના પરાંઓમાં, ભારતના મહત્ત્વના શહેરોમાં, પરદેશમાં યુ.કે., અમેરિકા, કેનેડા, દુબઈ વ. ઠેકાણે કુલ ૨૮ થી વધુ કેન્દ્ર ખોલ્યા છે. સાડા ત્રણથી સાત વર્ષના બાળકોને ટ્રેઈનીંગ લીધેલી બહેનો–દીદીઓ અઠવાડિયે એક વાર બે બે કલાક ભણાવે છે. જેમાં ધ્યાન, ભક્તિ, મહાન વ્યક્તિઓ ખાસ કરીને ભગવાન મહાવીર, બુદ્ધ, ઈશુ ને કેટલાક મહાન ભક્તોનાં ચરિત્રો, ચિત્રો, વાર્તાઓ, કઠપૂતળી દ્વારા ભણાવવામાં આવે છે. ફિલ્ડ ટ્રીપ, પર્યટન, સંગીત, નાટક વગેરે દ્વારા બાળકના હૃદયમાં દિવ્યતા અને માનવતા પ્રગટાવવાનું કાર્ય થઈ રહ્યું છે. આનંદની વાત એ છે કે મુલુંડમાં પણ 'મેજિક ટચ' ૮મી માર્ચે શરૂ થઈ રહ્યું છે.

ટ્રસ્ટે ધરમપુર વિસ્તારમાં આદિવાસી બાળકોના સર્વાંગીણ ઉત્કર્ષ માટે આંગણવાડી, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા શરૂ કરી છે. જેમાં તેમને ઉચ્ચ ગુણવત્તાવાળું આધુનિક શિક્ષણ મળે એ માટે ધરમપુર નજીક તામછડી ગામની એક આશ્રમશાળાને દત્તક લઈ તેને 'શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાવિહાર' નામ આપ્યું છે. તેમાં દર વર્ષે ક્રમશઃ ધોરણ વધારતા જઈ દસમા ધોરણ સુધીના વર્ગો શરૂ કર્યા છે. આમ, ધરમપુર શહેરના, ગામડાના અને આદિવાસી બાળકોને અને યુવાનોને કેળવવાના પ્રયત્ન થઈ રહ્યા છે.

'શ્રીમદ્ રાજચંદ્ર જીવદયા ટ્રસ્ટ'ના નામે જીવદયાની વિવિધ પ્રવૃત્તિઓ મોટા પાયે થઈ રહી છે. ૧૦૫ વર્ષ પહેલાં દરેક દશેરાએ ધરમપુરની આ ધરતી પર પશુઓની નિર્દય રીતે હત્યા થતી હતી તે શ્રીમદ્ રાજચંદ્રજીએ અટકાવી. આમ, જીવદયાના બીજ તો વવાઈ ગયા હતા. તેમાંથી પ્રેરણા લઇને શ્રી રાકેશભાઇએ 'શ્રીમદ્ રાજચંદ્ર જીવદયા ટ્રસ્ટ'ની સ્થાપના કરી. આશ્રમની નજીક ૩૩ એકરની જમીન પશુપક્ષીઓની સુખાકારી અને રક્ષણ માટે ખરીદી છે. તેને 'શ્રીમદ્ રાજચંદ્ર મૈત્રીધામ' એવું અર્થપૂર્ણ નામ આપવામાં આવ્યું છે. તેમાં પશુપક્ષીને સર્વ પ્રકારની સુવિધા મળે તેવી અદ્યતન પાંજરાપોળ, ગૌશાળા, પશુનિવાસ, ચબુતરા, હવાડા, હૉસ્પિટલ, પશુઓને લાવવા લઈ જવા માટે મોબાઇલ સાધનો, સંગીત અને વિશેષતઃ પ્રભુદર્શનની વ્યવસ્થા પણ વિચારી છે. પશુઓને કતલખાને જતાં અને પક્ષીઓને સૌંદર્યના અને ઔષધના કારણે વધ થતાં અટકાવવા, તેમને રાખવાની, તેમના નિભાવની, તેમના આરોગ્યની વ્યવસ્થા કરવી એ આ ટ્રસ્ટની મહત્ત્વની કામગીરી છે. `LOVE LIFE' 'પ્રત્યેક જીવને પ્રેમ કરો', તેમની સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર રાખો' તે આ ટ્રસ્ટનું સૂત્ર છે.

આ ઉપરાંત હજારો પશુપક્ષીઓને અકલ્પ્ય ત્રાસ આપીને, નિર્દય ઉપાયો યોજી, તેમનો વધ કરીને તેમના શરીરમાંથી માનવ માટે જાતજાતના ખોરાક, ફેશનની વસ્તુઓ અને દવાઓ બનાવવામાં આવે છે. આવી નિર્દય હિંસા અટકાવવા, લોકોને યોગ્ય જાણકારી આપવા અને અબોલ જીવો પ્રત્યે પ્રેમ પ્રગટાવવા Ahimsa Awareness Exhibition વખતોવખત યોજાય છે. અહિંસક ચીજોનું વેચાણ પણ થાય છે. આ Exhibition જોઈને ઘણી વ્યક્તિઓ આવી વસ્તુ નહિ વાપરવાની પ્રતિજ્ઞા કરે છે.

આશ્રમમાં સંગીત, નૃત્ય, નાટક ઉપરાંત જુદા જુદા ગ્રુપ વચ્ચે જ્ઞાનવર્ધક વિષયો પર સ્પર્ધાઓ યોજાય છે. ખાસ કરીને જીવનના વિવિધ ક્ષેત્રમાં Management પર યુવાનો સારી તૈયારીપૂર્વક ચર્ચા કરે છે ખાસ વિશેષતા કે આ પ્રવૃત્તિ કોઈ પગારદાર માણસો નહિ પણ શ્રીમદ્‌ના ભક્તો જ સેવાના ભાવથી કરે છે.

આશ્રમનું સમગ્ર સંચાલન સુખી, સુશિક્ષિત, માહિતીથી સુસજ્જ, વિનયી, દીર્ઘદર્શી, રાતદિવસ જોયા વિના ગુરુ આજ્ઞાને ભાવપૂર્વક માથે ચડાવતાં સમર્પિત એવા પ્રમુખ સહિત, ટ્રસ્ટીઓના હાથમાં છે તે ગૌરવનો વિષય છે.

આમ, આ આશ્રમમાં સર્વજીવહિતલક્ષી જાતજાતની યોજનાઓ થાય છે પણ તે તો મણકા છે. આ મણકાઓમાં પરોવાયેલું મૂલ સૂત્ર દોરો તો આત્મજાગૃતિ, આત્મસાધના અને આત્મકલ્યાણ છે અને તે જ આ આશ્રમનું સર્વોપરિ ધ્યેય છે.

આમ વર્તમાન સમયમાં વિરલ વિભૂતિ તરીકે પૂ. ડૉ. રાકેશભાઈ ઝવેરીનું નામ સન્માનપૂર્વક લેવાય છે. Ph.D.ના અભ્યાસ દરમ્યાન શ્રી રાકેશભાઇની શક્તિ અને મહત્તાનો પરિચય ડૉ. રમણભાઈને થયો અને તેમણે એક સુખદ્ આગાહી કરી કે સમગ્ર યુગ પર છવાઈ જાય તેવી મહાન વ્યક્તિ એ બનશે. આજે તે આગાહી સાચી પડશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે એનો આપણને સૌને આનંદ છે.

✶ ✶ ✶

ત્રિદેવ, નં. ૧, ૩જે માળે, ફ્લેટ નં. ૩૦૧,
ભક્તિ માર્ગ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૯૨૨૬૭૩

**સતત ૮૦ વર્ષથી સામાજિક અને વૈચારિક ક્ષેત્રે**
**વિશિષ્ટ સેવા પ્રદાન કરતી સંસ્થા**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
આ શુભ અવસરે યોજે છે
**ભક્તિ યાત્રા**
**આશીર્વચન વ્યક્તવ્ય**
ડૉ. રાકેશભાઈ ઝવેરી
**ગાયક કલાકારો**
કુમાર ચેટર્જી
હંસિકા આય્યર
સોલી કાપડિયા
વીભાવરી જોષી
**પ્રવકતા :**
અંકિત ત્રિવેદી
**પરિકલ્પના :**
નીતીનભાઈ સોનાવાલા
સ્થળ : રવિન્દ્ર નાટ્ય મંદિર સયાની રોડ, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦ ૦૨૫.
તારીખ : ૧૦-૧-૨૦૦૯, વાર : શનિવાર
સમય : સાંજે ૭-૪૫ કલાકે
નિમંત્રણ કાર્ડ માટે સંઘની ઑફિસનો સંપર્ક કરવા વિનંતિ.
સરનામું : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૩, મહંમદી મીનાર, ૧૪ મી ખેતવાડી લેન,
એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪
ફોન : 23820296
મથુરાદાસ ટાંક : મોબાઈલ : 9833576421
પ્રવિણભાઈ દરજી : મોબાઈલ :9222056428
**-મેનેજર**

# જયભિખ્ખુ : જીવનધારા

❑ ડૉ. કુમારપાળ દેસાઈ

**જયભિખ્ખુ**

૨૬-૬-૧૯૦૮ : ૨૪-૧૨-૧૯૬૯

[ 'મા શારદા હવે હું કલમને ખોળે છઉં' સાહિત્ય ક્ષેત્રે આવી પ્રતિજ્ઞા લેનાર અને એવું જીવન જીવનાર વીર નર્મદ પછી બહું ઓછા સાહિત્યકારો ગુજરાતી સાહિત્ય જગતને પ્રાપ્ત થયાં છે. પોતાના જીવન કાળ દરમિયાન સાહિત્યના વિવિધ સ્વરૂપના લગભગ ૩૦૦ પુસ્તકોનું વિપૂલ સાહિત્ય સર્જન કરનાર વિદ્વાન સર્જક 'જયભિખ્ખુ' આવી પ્રતિજ્ઞા લેનારામાંના એક. ગુજરાતી સાહિત્ય અને સમાંતરે જ જૈન સાહિત્યની 'જયભિખ્ખુ'ની સેવા એક અવિસ્મરણિય અને વિરલ ઘટના છે. માત્ર ૬૧ વર્ષના આયુષ્ય કાળમાં ૪૦ વર્ષ એમણે કલમને ખોળે ધર્યાં.

'જયભિખ્ખુ'નું સાહિત્ય જેવું ઉમદા અને પ્રેરક, એવું જ એમનું જીવન. એમના 'જવા મર્દ', 'એક કદમ આગે' અને 'ગઈ ગુજરી' જેવા પુસ્તકોમાં એમનું બાળ જીવન વાંચીએ તો વાચકને અપેક્ષા જાગે કે આપણને એમની પાસેથી એક ઉત્તમ આત્મકથા કેમ ન મળી? પરંતુ 'જયભિખ્ખુ' સર્વદા 'સ્વ'થી પર જ રહ્યા અને 'સર્વ'ના બની રહેવામાં જ એમણે પોતાનો જીવન આદર્શ માન્યો, એટલે જ એમણે સર્વને માટે સાહિત્ય દીક્ષા લીધી.

'જયભિખ્ખુ' તો એમનું સાહિત્ય નામ. જન્મ નામ તો બાલાભાઈ અને હુલામણું નામ ભીખાલાલ, પત્નીનું નામ શ્રીમતી વિજયાબહેન. આ બન્ને નામોનો સમન્વય કરી સાહિત્ય નામ ધર્યું 'જયભિખ્ખુ.' 'ન્યાયતીર્થ' અને 'તર્કભૂષણ' જેવી પદવી પ્રાપ્ત કરનાર અને ધૂપસળી જેવું જેમનું જીવન અને શબ્દો છે, તેમજ પ્રત્યેક પળે 'પ્રેમના ઊભરા' જેવું જીવન જીવનારા આ સર્જકના સાહિત્ય સર્જન અને જીવન ઉપર ડૉ. નટુભાઈ ઠક્કરે પીએચ.ડી. માટે એક શોધ પ્રબંધ તો લખ્યો છે જ, પરંતુ એમના પ્રેરક જીવન પ્રસંગો અને જીવન ચરિત્રથી ગુજરાતી સાહિત્ય વંચિત રહે તો ગુજરાતી પ્રજા માટે એ મોટી ખોટ ગણાય જ.

આદર્શ વ્યક્તિનું જીવન ચરિત્ર લખવા માટે માત્ર ત્રણ વ્યક્તિઓ જ અધિકારી છે, એમના સંતાનો, શિષ્યો અને ભક્તો. મિત્ર કુમારપાળભાઈમાં 'જયભિખ્ખુ' માટે આ ત્રણેનો સમન્વય તો ખરો જ ઉપરાંત પોતેય શબ્દશિલ્પી છે.

૨૦૦૮ નું વર્ષ 'જયભિખ્ખુ'નું શતાબ્દી વર્ષ. આ વર્ષ દરમિયાન જ એમની પ્રેરક જીવનકથા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકને પ્રાપ્ત થાય એવી અમારા મનમાં મંછા ઊગી, અને કુમારપાળભાઇને અમે પ્રેમાગ્રહ કર્યો. એમણે સંકોચ દર્શાવ્યો, સ્વાભાવિક છે. પણ ચર્ચા-ચિંતનમાં અમે એમને પ્રેમથી મહાત કર્યા. પરિણામે આ અંકથી અર્થ-રસ ભરી 'જયભિખ્ખુ જીવન ધારા' વાચકોના હૃદય કમળમાં ધરતા અમે અનેરો આનંદ અનુભવીએ છીએ.

શ્રદ્ધા છે કે આ પ્રેરક જીવન કથાના આંદોલનો આપના જીવનને એક પ્રબુદ્ધ ભાવ તરફ નક્કી દોરી જશે. આ કથા અને કુમારપાલભાઈના શબ્દોનું આપણે અંતરથી સ્વાગત કરીએ. -ધનવંત શાહ ]

### ૧. તારાની સૃષ્ટિમાં માતાની શોધ

આજથી એકસો વર્ષ પૂર્વે કાઠિયાવાડના એક ખૂણામાં બોટાદ પાસે આવેલા નાનકડા વિંછીયા ગામમાં બાલાભાઈ ('જયભિખ્ખુ')નો જન્મ થયો. એ સમય હતો વિ. સં. ૧૯૬૪ની જેઠ વદ તેરસ અને શુક્રવારની સવારના સાત વાગ્યાનો; પરંતુ એ સમયે ઘરમાં કે આસપાસ પુત્ર-જન્મનો લેશ પણ આનંદ નહોતો.

માતા પાર્વતીબહેનની એક આંખમાં ઉદાસીનતા અને બીજી આંખમાં પુત્રજન્મનો ઉલ્લાસ હતો. ઉદાસીનતા એ માટે કે આ અગાઉ એમની કૂખે બે પુત્ર અને ત્રણ પુત્રીઓ-એમ પાંચ સંતાનો જન્મ્યાં હતાં, પરંતુ એમાંથી ચાર સંતાનો બે કે ચાર વર્ષની વયે ગુજરી ગયાં હતાં. માત્ર એક દીકરી હીરાબહેન (હુલામણું નામ શકરીબહેન) જીવતી હતી. એથી પુત્રનો જન્મ થતો ત્યારે પાર્વતીબહેનની આંખમાં માતાને સહજ એવો આનંદ એટલા માટે ઓછો વરતાતો કે એમને મારું આ બાળક વિધાતા છીનવી તો નહીં લે ને એવો ભયનો ઓથાર મન પર સતત ઝળુંબ્યા કરતો હતો.

પાર્વતીબહેનની દશા એવી દોહ્યલી હતી કે એક બાજુ પુત્રપ્રાપ્તિ માટે કેટલીય બાધા-માનતા રાખતા હતા અને બીજી બાજુ પુત્ર પ્રાપ્ત થયા પછી એ જીવશે કે નહીં એની ચિંતા એમને કોરી ખાતી હતી. નવજાત શિશુને કોઈ એકાદ રોગ આવીને છીનવી તો નહીં જાય ને એવી દહેશત એમને રહેતી.

કારભારી વીરચંદભાઈના ભર્યાભાદર્યા કુટુંબમાં સંતાન તરીકે 'ભીખો' - એવું હુલામણું નામ ધરાવતા એક માત્ર બાલાભાઈ હતા. 'ભીખો' નામ પણ નાનકડા બાલાભાઈ પર કોઈની કૂડી

નજર ન લાગે માટે રાખ્યું હતું. આમાં બાળકને એક વર્ષ સુધી બીજાના કપડાં પહેરાવીને ભિખારી જેવો રાખવાની માન્યતા હતી. વળી જેમ પિતા વીરચંદભાઈને ત્યાં, તેમ મામાને ત્યાં પણ કોઈ સંતાન નહોતું. આથી બાળક ભીખાનો ખૂબ લાડકોડથી ઉછેર થવા લાગ્યો. સૌકોઈ એમની સંભાળ રાખતાં. એને ભાવે તે ખાવાનું લાવી આપતાં. બાળકનો બાંધો નબળો હતો, સ્વભાવે બીકણ હતો અને એમાં લાડકોડમાં ઊછરવાનું મળ્યું. શરૂઆતના ચારેક વર્ષ તો ખૂબ લાલનપાલન પામ્યા.

હીરદોરીના પારણે હીંચોળાઈને ભીખાલાલ ચાર વર્ષના થયા. ધીરે ધીરે સહુને આશા જાગી કે આ બાળક જીવતું રહેશે. એનો સુકલકડી બાંધો જોઈને મામાને ચિંતા થતી. માતા એના જતનમાં કોઈ ખામી રાખતા નહીં. ભારે લાડકોડમાં ભીખાલાલે ચાર વર્ષ પસાર કર્યાં. એવામાં એકાએક માતાનું સુવા રોગમાં અવસાન થયું. દાયણના હાથે સુવાવડમાં વધુ પડતું લોહી પડતા શરીર ફિક્કું પડી જતું અને ધીરે ધીરે શરીર ઘસાતું જતું. ચાર વર્ષના બાળકને માતાના અવસાનની ઝાઝી તો શી સમજ પડે? પરંતુ માતાની વિદાયથી એના જીવનમાં એક નવી પરિસ્થિતિનું નિર્માણ થયું.

એમની માતાના અવસાનના સમાચાર સાંભળી માસી દોડી આવ્યાં. 'મા મરજો પણ માસી ન મરજો' એ કહેવત પ્રમાણે માસીએ આ ચાર વર્ષના બાળકની સંભાળ લેવાનું શરૂ કર્યું. વરસોડામાં કારભારી તરીકે કામ કરતા વીરચંદભાઈ દૂરંદેશી ધરાવનારા પુરુષ હતા. એમણે જોયું કે આ દીકરાની બરાબર સંભાળ લેવાય તે જરૂરી છે. એમ થાય તો જ વંશ ચાલુ રહે. આથી એમણે માસા-માસીને એની સોંપણી કરી. વિંછીયાથી તેને બીજે ગામ લઈ ગયાં. એ ગામ મોટું શહેર પણ નહોતું અને તદ્દન નાનું ગામડું પણ નહોતું. માસીને ભીખા પર અગાધ પ્રેમ હતો એટલે એને માની ખોટ વરતાવા દીધી નહીં. વળી માસીના રાજમાં ભીખાલાલને લહેર પડી ગઈ. આખો દિવસ રમવાનું, ફરવાનું અને માસીના હાથનું મીઠું જમવાનું! મિત્રો સાથે કોડીએ રમે અને વખત આવ્યે કજિયા-કંકાસ વહોરી લાવે. માટીના શિવલિંગ બનાવે અને પૂજા-ઉત્સવ માણવા પણ દોડી જાય. ક્યારેક મંદિરોના નગારા ફોડી આવે તો ક્યારેક લીધેલી લત પૂરી કરવા જમીન પર આળોટે અથવા કપડાં ફાડી નાખે. માસી ભીખાને ખૂબ જાળવે, એના ધીંગામસ્તી સહન કરે. મા-વિહોણો આ બાળક બાર બાદશાહી માણતો હતો!

ભીખાલાલને માનવીના ખમીરનો પહેલો ખ્યાલ માસી પાસેથી મળ્યો. જિંદગીને ઝિંદાદિલી માનનાર આ સર્જક એમનો પહેલો પાઠ એ માસી પાસેથી શીખ્યા. જીવનમાં ભરતી અને ઓટ આવ્યા કરે છે એમ માસીના જીવનમાં ભરતી પછી એકાએક ઓટ આવી. એ જમાનામાં સટ્ટાનો છંદ ઘણાને લાગ્યો હતો. કેટલાંય કુટુંબો આમાં ખુવાર થઈ ગયાં હતાં. માસાએ સટ્ટો ખેલ્યો, એમાં સઘળી સંપત્તિ ગુમાવી દીધી. માસીના જીવનમાં આફત આવી, પણ તેઓ સહેજેય હિંમત હાર્યાં નહીં. માસી બાળપણમાં ભરતગૂંથણનો કસબ શીખ્યા હતા. ઝીકસતારાનું કામ શીખ્યાં હતાં. દુઃખના દિવસોમાં આ કસબ મદદે આવ્યો. માસી આમાંથી સારી એવી રકમ મેળવતા અને મોભાથી ઘર ચલાવતા. માસીનું પહેલું વહાલ ભીખા પર હતું. આથી એ માગે એટલા પૈસા આપતા અને એ ઈચ્છે એટલો સમય એની પાછળ પસાર કરતા.

માસાના જીવનમાં આવેલી આફત અંગે એમણે ક્યારેય વસવસો કરેલો નહીં. બંનેના સ્વભાવ સાવ જુદા, પરંતુ વિરોધી સ્વભાવવાળા હોવા છતાં એકબીજાની ક્ષતિની પૂર્તિ કરતાં હતાં. બાળક ભીખાલાલે બાળપણમાં આવું દાંપત્ય જોયું. ભીખાલાલે નિશાળે જવાનું શરૂ કર્યું. એની સાથે એક છોકરો ભણતો હતો એ થોડા દિવસ મળ્યો નહીં એટલે એની તપાસ કરી તો ખબર પડી કે એ છોકરાની માતા મૃત્યુ પામી હતી. પોતાની માતા પણ એક વાર મૃત્યુ પામી હતી એ વાત ભીખાલાલે બાળગોઠિયાને કરીને પ્રશ્ન કર્યો કે મા આપણી પાસેથી ક્યાં જતી હશે? આપણા વિના એ ક્યાં રહેતી હશે?

એ છોકરાએ કહ્યું, 'મારી મા આકાશમાં ગઈ છે. રાતે સૂતો સૂતો હું એને તારાઓની વચ્ચે શોધું છું.'

બાળક ભીખાલાલ પણ રાતે પથારીમાં પડ્યો પડ્યો આકાશના તારાઓને ટગર ટગર નજરે જોયા કરતો હતો. પશ્ચિમ બાજુ જુએ, પૂર્વ બાજુ જુએ, વિશાળ આકાશમાં ચારેકોર આંખ ફેરવ્યા કરે : ક્યાંક માનો ચહેરો દેખાઈ જાય છે?! ક્યાંક માની ભાળ મળી જાય છે?! જરા એને પૂછી લઉં કે મને અહીં એકલો-અટૂલો મૂકીને તે આમ આકાશમાં કેમ રહે છે? તારા વિના મને ગમતું નથી તો તને મારા વિના કેમ ગમે છે? અંધારી રાત્રે તારાઓની સૃષ્ટિમાં માતાના ચહેરાને પામવા માટે નાનકડા બાળકની આંખ આખા આકાશના વિશાળ પટમાં ફરી વળતી હતી.

બાળક ભીખાલાલે આવી તો કેટલીય રાતો પસાર કરી. આશાથી આંખ માંડે અને લાંબા સમય બાદ નિરાશાથી સૂઈ જાયઃ 'કેમ દેખાતી નથી મારી માતા?'

ક્યારેક પેલા ગોઠિયાને પૂછે તો એ પણ એ જ જવાબ આપે કે 'હું પણ મારી માને રોજ રાતે તારાઓની દુનિયામાં જોવા મથું છું પણ એ ક્યાંય દેખાતી નથી. કેટલીયે રાત્રિઓ એ રીત પસાર થઈ ગઈ અને ભીખાલાલે મા-શી (મા જેવી) માસીથી પોતાના મનને મનાવી લીધું. માસીની પ્રેમાળ છાયાનો, માના સાન્નિધ્યનો અનુભવ કરતાં ભીખાલાલના હૃદયના સિંહાસન પર માના સ્થાને માસીબાની મૂર્તિ બિરાજમાન થઈ રહી.

એક વાર બાલાભાઈના ખબરઅંતર પૂછવા એમના પિતા

વીરચંદભાઈ આવ્યા. શેરીમાં રમતા બાલાભાઈને માસીએ કોઈની સાથે ખબર કહેવડાવ્યા કે 'તારા પિતા તને મળવા આવ્યા છે.' ભાઈબંધો સાથે શેરીમાં રમતા બાલાભાઈએ એ વાતની દરકાર કરી નહીં. મનમાં એમ માન્યું કે 'ભલે આવ્યા, એમાં શું?'

આનું કારણ એ હતું કે આ બાળક એક મોટી બહાદુરીના કામમાં ગૂંથાયેલો હતો. ઘણા દિવસે ગામના તૈયબ વોરાની બાંડી બકરી પકડાઈ હતી. એના આંચળ એવા કે એ ચાલે ત્યારે જમીન પર અડે અને એને હાથ અડાડે એટલે દૂધનો ફુવારો છૂટે! આથી તૈયબ એના પર કપડાંની એક કોથળી બાંધી રાખે, કારણ કે એને આ છોકરાઓના તોફાનની ખબર પડી ગઈ હતી. છોકરાઓની નજર તૈયબ પર રહે અને તૈયબની નજર છોકરાઓ પર રહે. આમ બંને વચ્ચે વહેમ અને વેરની ગાંઠ બંધાઈ ગયેલી. છોકરાઓ એના ઘર પાસેથી ઠાવકા થઈને નીકળ્યા હોય તોપણ તૈયબને શંકા જાય કે નક્કી આ બકરીને માટે આવ્યા છે. આથી છોકરાઓને જુએ કે તરત એમના પર અપશબ્દોનો વરસાદ વરસાવે. સામે કોઈ બોલે તો છુટ્ટે હાથે ઘા કરે. કોઈપણ ભોગે બકરી પાસે પહોંચવા ન દે. આમ બેયને સામસામે વેર બંધાયાં હતાં અને ચોર-પોલીસની આ રમતમાં કોણ ફાવે તે જોવાનું હતું. બાલાભાઈ અને ગોઠિયાઓ માટે બકરી અને એના આંચળનું દૂધ મહાપડકાર સમું હતું. આની સામે તૈયબ બાળકોનો દુશ્મન બની ગયો હતો અને એમને એમના પેંતરાઓમાં કોઈ પણ ભોગે સફળ થવા દેતો ન હતો.

ખરાખરીનો ખેલ જામ્યો હતો. એક બાજુ તૈયબની ચોકીદારી અને બીજી બાજુ આપણા બાલાભાઈ એટલે કે ભીખાલાલ અને એમની મંડળીનો દૂધ મેળવવા માટેનો મોરચો! એવામાં એક દિવસ માહિતી આવી કે તૈયબની કેરીનું વેગન સ્ટેશન પર આવ્યું છે અને એ માટે તે સ્ટેશને જવાનો છે. આ કામમાં ઘણો સમય જશે, એવીયે માહિતી મળી. આથી મંડળીમાં આનંદ થઈ ગયો. તૈયબની બકરીની તપાસ ચાલી અને તે ઝડપાઈ. એક ગલીમાં એ બકરીને આંતરી લીધી. યુદ્ધમાં દુશ્મનને ઝબ્બે કર્યા જેટલો આનંદ થયો. એક સાથીએ બકરીના કાન પકડ્યા, બીજાએ પગ પકડ્યા અને ત્રીજાએ માટીની નાની એવી કુલડીમાં દોહવા માંડ્યું. માટીની કુલડી ભરાતાં કેટલી વાર? આથી સહુએ વારાફરતી એ પીવાનું શરૂ કર્યું. બે મિત્રો આજુબાજુ નજર નોંધીને બેઠા હતા. નક્કી કર્યું હતું કે દૂરથી દાઢી દેખાય એટલે રફુચક્કર થઈ જવું.

ચોરીના બોર મીઠા લાગે એમ આ દૂધનો સ્વાદ ભીખાલાલ અને એમના મિત્રોને અમૃત સમો લાગ્યો. વળી કેટલાયે સમયની મહેનત પછી તૈયબની બાંડી બકરીનું દૂધ પીવાના કામમાં વિજય મેળવ્યો. એનો વળી આનંદ અદકેરો હતો! બાળપણમાં બનતી નાની-શી ઘટના ચિત્ત પર સ્થાયી અને વિરાટ પ્રભાવ પાડે છે. એ સિદ્ધિનો આનંદ અનોખો અને અવર્ણનીય હોય છે.

ભીખાલાલ આ દિગ્વિજય મેળવવામાં કાર્યરત હોવાથી પિતાના આગમનની ખબર ખાસ કાને ધરી નહીં. કાર્યસિદ્ધિ મેળવીને એ ઘેર પાછા આવ્યા. વહાલી માસી પાસે ખઉખઉ લેવાનો સમય થઈ ગયો હતો. પિતાએ પાસે બોલાવ્યા, પણ કશોય જવાબ આપ્યા વિના ભીખાલાલ ખઉખઉ લઈને બહાર દોડી ગયા. અત્યંત શરમાળ એવા ભીખાલાલને પિતાજી પાસે જતાં શરમ આવી. પિતા વીરચંદભાઈ બે દિવસ રહ્યા. સહુના ક્ષેમકુશળ જાણ્યા અને ભીખાલાલ માટે મીઠાઈ, ભરત ભરેલી ટોપી અને રમકડાં આપીને પાછા ફર્યાં.

માસીના રાજમાં ભીખાલાલને અતિ સુખ હતું. માસી સદાય એક જ ધ્યાન રાખતાં કે આ નમાયા બાળકને કોઈ રીતે ઓછું ન આવે. ભીખાલાલ નબળા બાંધાનો હતો. આથી એ બિમાર પડે ત્યારે માસી રાતોની રાતોના ઉજાગરા કરતી. પોતે ભૂખી રહેતી અથવા તો થીંગડાંવાળા અડધા કપડે ચલાવતી, પરંતુ ભીખાલાલને ઓછું આવવા દેતી નહીં. આન કારણે ભીખાલાલ પોતાના ઘેર બાર ગામની બાદશાહી હોય એવા અભિમાનથી જીવતા હતા!

એક દિવસ ચશ્મા ચડાવીને માસી જરીભરત કરતા હતા. કોણ જાણે શું થયું કે એકાએક એમના હાથ ધ્રુજવા લાગ્યા. હાથમાંથી સોય પડી ગઈ અને તરત ભોંય પર સૂઈ ગયાં. પડોશીઓ દોડી આવ્યા અને માસીની આસપાસ ટોળે વળીને સહુ પોતપોતાની રીતે રોગનું નિદાન કરવા લાગ્યા. એક અનુભવીએ પાકું નિદાન કરતા નિર્ણય આપ્યો કે સોપારીનાં શોખીન માસીને ખાવામાં સોપારીનું મીંજ આવી ગયું લાગે છે અને તેથી આવાં ચક્કર આવ્યાં છે. થોડી વારમાં સારું થઈ જશે.

પડોશીઓથી ઘેરાયેલા માસીને આવી રીતે જમીન પર ધ્રૂજતાં સૂતેલાં જોઈને બાળક ભીખાલાલના મનમાં ભયનું લખલખું પસાર થઈ ગયું. એને માટે તો માસી એ જ જગતમાં સર્વસ્વ હતાં. એમને માટે માતાપિતા, સગાંવહાલાં કે પરિવાર-બધું જ એ માસી હતાં. એમને કંઈ થયું તો? પહેલાં તો સોપારીના મીંજની વાત સાંભળીને ભીખાલાલનું મન શાંત થયું. માસીના રોગનું નિદાન મળ્યું અને પોતાના મનનું સમાધાન થયું. એ જાણતો હતો કે માસીને સોપારી ખાવાનો અતિ શોખ છે. આથી એની જાણકારી અને રોગનું નિદાન બંનેનો મેળ બેસી ગયો.પણ લાંબો સમય આ સ્થિતિ રહી નહીં. ચારેક દિવસ બાદ ફરી એક વાર રોટલી વણતાં-વણતાં માસીના હાથ ઝલાઈ ગયા. હાથ ચાલે જ નહીં, ફરી ચક્કર આવ્યાં. બાળક ભીખાલાલની દુનિયામાં નવો ચક્રવાત ધસી આવ્યો. (ક્રમશઃ)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : ૦૭૯-૨૬૬૦૨૬૭૫
મો. : ૦૯૮૨૪૦૧૯૯૨૫

# છિન્ન ભિન્ન રાષ્ટ્રનું વ્યાકરણ

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

તાજેતરમાં રાજધાની દિલ્હીમાં 'રાષ્ટ્રીય એકતા' સંબંધે વિચાર વિનિમય કરવા એક સમિતિ મળી. 'રાષ્ટ્રની ભાવાત્મક એકતા' સંબંધે ગંભીર રીતે વિચાર કરવા માટે આજથી લગભગ અર્ધી સદી પૂર્વે (ઈ. સ. ૧૯૬૧)માં દિલ્હીમાં મળેલી રાષ્ટ્રીય એકતા પરિષદે આ પ્રાણપ્રશ્નને અનેક દૃષ્ટિબિંદુથી છણ્યો હતો. એ પરિષદમાં, રાષ્ટ્રીય એકતા હાંસલ કરવા માટે લગભગ ૪૦૦ થી વધુ સૂચન આવલાં. પ્રો. હુમાયુને કબીર અને ડૉ. પણીકરે, 'રાષ્ટ્રીય એકતાના અભાવનોવધુ પડતો ઊહાપોહ થાય છે.' એવો સ્વતંત્ર સૂર કાઢેલો. રાજકારણે અને ચૂંટણીઓએ રાષ્ટ્ર–ઐક્યની દીવાલમાં મોટું ગાબડું પાડ્યું છે, એમ ડૉ. ઝાકીરહુસેને કહેલું. દેશમાંથી ભાષાકીય રાજ્યો નાબૂદ કરવાં, દેશ માટે એક જ સરકાર રચવી, જ્ઞાતિવાદ, કોમવાદ, ભાષાવાદ નિર્મૂળ કરવાં. ધર્મ–કોમ–જ્ઞાતિનું રાજકારણ સાથેનું ગઠબંધન તોડવું, યોગ્ય પ્રકારની કેળવણી પર ભાર મૂકવો, સહિષ્ણુતા ને સમન્વયબુદ્ધિ વધારવાં, રાજકીય–સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક ને ધાર્મિક–બધા પ્રકારનાં સંવાદી કાર્ય દ્વારા રાષ્ટ્રીય એકતાને દઢાવવી–આવાં આવાં અનેક સૂચનો થયાં હતાં. રાષ્ટ્રીય એકતા ઈંટ, ચૂના કે પથ્થરથી હાંસલ ન થાય, એ તો શિક્ષણના માધ્યમ દ્વારા જ સફળતાપૂર્વક હાંસલ કરી શકાય.' એમ ડૉ. રાધાકૃષ્ણને સાચી વાત ઉચ્ચારી હતી. પરિષદની પૂર્ણાહૂતિ સમયે પંડિત જવાહરલાલ નહેરુએ કહ્યું હતું કે 'આ પરિષદ આપણા સૌની શ્રદ્ધા દર્શાવે છે.' પરિષદે ૩૫૦૦ શબ્દોનું વિસ્તૃત નિવેદન પણ બહાર પાડ્યું હતું. આ પછી તો યમુનાનાં ઘણાં પાણી વહી ગયાં! અને દિનપ્રતિદિન વર્તમાન પત્રોમાં આપણે વાંચીએ છીએ કે રાષ્ટ્રીય ઐક્યને બદલે પ્રાદેશિક સંકીર્ણતાનું રાજકારણ દેશના અનેક ભાગોમાં ખેલાઈ રહ્યું છે. પ્રાદેશિક સંકીર્ણતાને કારણે દેશના રાજકારણમાં અનેક નાના પક્ષોએ મુખ્ય રાજકીય પક્ષોની હાલત કફોડી કરી મૂકી છે. પક્ષપલટો ને આયારામ–ગયારામની ભવાઈ ચાલ્યા જ કરે છે. જાણે કે રાજકારણની કોઈ આચારસંહિતા જ ન હોય! રાજકારણ એ જાણે બોડી બામણીનું ખેતર હોય! લોકશાહીમાં વધુમાં વધુ ત્રણ પક્ષોથી ઝાઝાને અવકાશ ન હોવો જોઇએ. ગઠબંધનની લોકશાહીની ભવાઇએ દેશનું ભયંકર અહિત કર્યું છે, એના કરતાં તો જે બે બહુમતિવાળા રાજકીય પક્ષો હોય તેમણે સંયુક્ત સરકાર રચવી જોઇએ. આપણી 'નાતરિયા લોકશાહી'એ શક્તિ, સંપત્તિ, સમય અને ગરિમાનું લીલામ કર્યું છે. યુ. કે., યુ.એસ.એ.ની લોકશાહીમાંથી આપણે કશું જ શીખ્યા નથી. જેટલી ભિન્નતા ભારતીય સંસ્કૃતિ અને યુરોપીય સંસ્કૃતિમાં છે તેટલી જ ભિન્નતા રાષ્ટ્ર–વિષયક વિભાવનામાં છે. પશ્ચિમના દેશોમાં પોત પોતાના રાષ્ટ્રીય સ્વાર્થનું પ્રાણપણે રક્ષણ અને પોષણ કરવામાં કોઈ આંતરિક મતભેદ નથી. એ બાબતમાં તેઓ એકાગ્ર પ્રબળ ને નિષ્ઠુર હોય છે, જ્યારે રાષ્ટ્રને બદલે સંકીર્ણ જાતિનું રક્ષણ કરવું એ આપણા ઊંડા સંસ્કાર છે. ઐતિહાસિક દૃષ્ટિએ રાષ્ટ્રીય એકતાની બાબતમાં ભારત ગૌરવ લઈ શકે તેમ નથી.

રાષ્ટ્ર અને રાષ્ટ્રીય એકતાને દઢાવનારું એક પરિબળ છે. સમાન રાજકીય આકાંક્ષાઓ (Common Political Aspirations). આપણી સ્વાર્થબુદ્ધિ અને ભેદબુદ્ધિએ આપણને પ્રજા તરીકે એક થવા દીધા નથી. ધર્મ અને સંપ્રદાયની સંકુચિતતાએ સમગ્ર રાષ્ટ્રનો વિચાર કરવા દીધો નથી. એક જ જાતિ, (Race) એક જ સીમિત પ્રદેશ, નિવાસ, એક જ ભાષા, એક જ ધર્મ કે સંપ્રદાય, એક જ ઇતિહાસ, એક જ પરંપરા, સમાન હિતો, સમાન રાજકીય આકાંક્ષાઓ, સમાન આદર્શો–એથી રાષ્ટ્ર બને અને રાષ્ટ્રની અખંડિતતા જળવાઈ રહે એ પણ સંપૂર્ણ સત્ય નથી. એકતાનો ભાવ જન્માવનાર સૂક્ષ્મ પરિબળો તો તેમનાં પ્રજાકીય સામૂહિક પુરુષાર્થ, સમાન ભવ્ય ઇતિહાસ, કલા, સાહિત્ય અને ઉજ્જવળ સંસ્કૃતિમાં પડેલાં હોય છે. ઐક્યનાં પેલાં બાહ્યપરિબળો કરતાં આ પરિબળો અતિશય સૂક્ષ્મ રીતે કામ કરતાં હોય છે. રાષ્ટ્રીયતા એ તો એક પ્રબળ ભાવના છે, જે વિશેષતઃ પ્રજાના અંતરમાં ઉગતી હોય છે, જે સમગ્ર પ્રજાને સંવાદી જીવન જીવવા સતત પ્રેરે છે. કૈંક અંશે એ આધ્યાત્મિક વૃત્તિ જેવી છે. એ ભાવનાત્મક એકતાવૃત્તિ ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ પ્રજાને જીવંત ને અખંડિત રાખે છે. સ્વ. અંબાલાલ સાકરલાલ દેસાઇના મતે ખરા સ્વરાજ્ય અને ખરા પ્રજાપણાના વિકાસને માટે માત્ર રાજ્યતંત્રની સુધારણા કે રાજકીય ચલન વલન પૂરતાં નથી. જરૂર તો છે પ્રજામાંની જીવંત પ્રજાપણાની ઐક્યભાવના! પ્રો. બ. ક. ઠાકોરના મતે ગુજરાત પૂરતી વાત કરીએ તો આપણામાં પ્રજાપણાની ભાવના હજી બંધાઈ નથી. સંઘશક્તિના ગુણોમાં હજી આપણે બાળક જેવા છીએ. હિંદુ સંસ્કૃતિ માટેનો આદરભાવ અને ટેકમાં આપણે મોળા છીએ.

'ગાંડી ગુજરાત' નામના એક લેખમાં (સને ૧૯૧૬) તેઓ પ્રજાપણાની ઉણપ અંગે વાસ્તવિક ચિત્ર આપતાં લખે છેઃ 'આપણા પારસીઓ ગુજરાતી નથી, આપણા મુસલમાનો ગુજરાતી નથી, આપણા કાઠિયાવાડીઓ ગુજરાતી નથી, આપણા કચ્છીઓ ગુજરાતી નથી, આપણા ગાયકવાડીઓ ગુજરાતી નથી, આપણા ઇડરિયા ગુજરાતી નથી, આપણા મુંબઈગરા ગુજરાતી

નથી, આપણા ગુજરાતીઓ પણ સૌ કોઈ ગુજરાતી છે તે કરતાં તે અમદાવાદી કે સુરતી કે ચરોતરી કે પટ્ટણી કે મારવાડી, અગર તો નાગર કે બ્રાહ્મણ કે વાણિયો કે અનાવિલ કે જૈન કે પટેલ કે બીજું કંઈ વિશેષ છે. મતલબ કે પ્રજાપણાનો કે ઐક્યભાવનો અભાવ અન્ય કરતાં વિશેષ છે. આની તુલનાએ અમેરિકાના ૨૧૯ વર્ષના લોકશાહીના ઇતિહાસમાં બરાક ઓબામા પ્રથમ અશ્વેત પ્રમુખ તા. ૪–૧૧–૦૮ના રોજની ચુંટણીમાં વિજયી નીવડ્યા ત્યારે અઢી લાખની મેદની સમક્ષ પ્રવચન આપતાં કહ્યું: 'લોકોની, લોકો દ્વારા, લોકો માટે, ચાલતી સરકાર બે સદી પછી પણ આ પૃથ્વી પરથી ભૂંસાઈ ગઈ નથી. અમેરિકાની ખરી તાકાત તેનાં શસ્ત્રો કે સંપત્તિમાં નહીં પણ તેના સિદ્ધાંતોમાં છે. અમેરિકાની ખૂબ જ સ્ટેટ્સ (ડેમોક્રેટ અને રિપબ્લિકન) તરીકે વહેંચાયેલાં રાજ્યોનો સમૂહ નથી. અમે **હંમેશાં 'યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા હતાં અને રહીશું.'** આપણે ત્યાં આવી રાષ્ટ્ર–ઐક્ય–ભાવના છે? સિદ્ધાંત–વિહોણું રાજકારણ આપણી નાલેશી છે, અને એણે આપણા રાષ્ટ્રને છિન્નભિન્ન કરી દીધું છે. નદીઓના પાણીના ઝઘડા, સરહદોના ઝઘડા, યુ.પી., બિહાર અને મહારાષ્ટ્રના તાજેતરના બાલિશ ઝઘડા લોકશાહી રાજ્યના લાંછનરૂપ છે.

આપણા મૂર્ધન્ય ચિંતક સ્વ. કિશોરલાલ મશરૂવાલાએ 'સમૂળી ક્રાન્તિ' નામે એક નાનકડું પણ અતિશય મૂલ્યવાન પુસ્તક લખ્યું છે. તેમાં તેમણે આપણી પ્રજાના હાડમાં હજારો વર્ષથી ઘર કરી બેઠેલા જન્મજાત ઊંચનીચની ભાવના અને અધિકારવાદ આપણા તમામ પ્રજાકીય અનિષ્ટોના મૂળમાં છે એવું નિદાન કરેલું. પ્રજામાનસની સંકીર્ણતાનાં મૂળિયાં આ ભૂમિમાં ઊંડાં પ્રસરેલાં છે. મશરૂવાલાના મતે તો આ બે મર્યાદાઓ જ, ઇતિહાસકાળ દરમિયાન હિંદુઓના હાડના કેન્સરરૂપ નીવડી છે. આજે પણ આપણા સમાજ–શરીરમાં એવા કેન્સરનું કામ કરી રહી છે.

'સમૂળી ક્રાન્તિ'માં મશરૂવાળા બે વસ્તુઓ ઇચ્છે છેઃ 'આપણા લોહીમાંથી જ્ઞાતિ ભાવનાનો સંસ્કાર અને સમાજમાંથી જ્ઞાતિસંસ્થા નાબૂદ કરવાની.

રાષ્ટ્રીય એકતા માટેના રજનીશજીના વિચારો પણ ક્રાન્તિકારી છે. તેઓ લખે છેઃ 'હું પોતે રાષ્ટ્રભાવનો વિરોધી છું. કોઈપણ સીમા, ગમે તેટલી મોટી કેમ ન હોય, પરંતુ એ જો મનુષ્યના ભાગલા પાડતી હોય તો તે માનવવિરોધી છે. રાષ્ટ્રનો ભાવ માનવીઓ વચ્ચે દિવાલો ઊભી કરતો ભાવ છે, છતાં **કમનસીબી છે કે આપણો દેશ હજી એક રાષ્ટ્ર પણ બની શક્યો નથી.'** એના મુખ્ય કારણમાં તે કહે છે કે **'ભારતમાં ધર્મને ખોટી રીતે સમજાવાયો છે.'** 'ભીતર જે છે તે જ સત્ય છે, બહાર છે તે બધું માયા છે, સ્વપ્ન છે, જૂઠું છે.' સમાજની ધારણા ત્યારે જ પેદા થઈ શકે જ્યારે બહારના સંબંધો પણ સાર્થક હોય, બહારના સંબંધો પણ સત્ય હોય'...બહાર જે છે તે મારું પણ છે અને તમારું પણ છે, એવો ભાવ આવે ત્યારે, સમાજ નિર્મિત થઈ શકે તો આપણી વચ્ચે એકતા, સંગઠન, નિકટનો સંબંધ અને પરસ્પરનું અવલંબન આપણને એક સૂત્રે બાંધે' પણં ભારતના ધર્મોએ અંતર્મુખતા શિખવી, સંપ, સહકાર દ્વારા સમાજઘડતર થાય છે તે ન શિખવ્યું; એટલે આ દેશમાં સમાજ, રાષ્ટ્ર કે દેશના ઐક્યની ભાવના જાગ્રત ન થઈ શકી.' શ્રી રજનીશજી રાષ્ટ્ર–ઐક્ય અને રાષ્ટ્ર નિર્માણમાં બીજી અડચણ દર્શાવતાં કહે છે કે વ્યક્તિને પોતાનાં પૂર્વજન્મના કર્મફળ ભોગવવાં પડે છે, તેઓના મતે ગરીબી વ્યક્તિના કર્મનું ફળ નથી, પરંતુ સમાજની વ્યવસ્થાનું પરિણામ છે. સમૂળી ક્રાન્તિમાં મશરૂવાળાએ દર્શાવેલ છે તે હજારો વર્ષથી મળેલી વર્ણવ્યવસ્થાને રજનીશજી ત્રીજા અંતરાયરૂપ ગણે છે. રાષ્ટ્ર–ઐક્ય ને રાષ્ટ્રનિર્માણ માટે તેઓ લખે છેઃ 'ભારતને એક રાષ્ટ્ર બનવું હોય તો 'લગ્ન ઉપર દરેક ધર્મે મૂકેલાં બંધન તોડી નાંખવા જોઇએ. દરેક જાતિ અને વર્ણને એકબીજાના કુટુંબમાં પ્રવેશ પામવાની છૂટ હોવી જોઇએ. તો, એક બીજામાં પ્રવેશ કરનારાના તાણાવાણા ગૂંથાઈ જશે, અને એ તાણાવાણાની ગૂંથણીમાંથી જ રાષ્ટ્ર નિર્માણ થશે.' ચિન્ત્યકોટિનું આ વિધાન 'થિયરી'માં સારું ને સત્ય લાગે છે, પણ વ્યવહારુ દૃષ્ટિએ એ શક્ય છે?

એમનું આ વિધાન સત્ય છે કે 'ભારતનાં બધાં રાજ્યોમાં જ્ઞાતિવાદનું રાજકીય સ્તરે પોષણ થઈ રહ્યું છે. એનાં અનિષ્ટ પરિણામ આપણે ભોગવી રહ્યા છીએ અને ભોગવતા રહીશું–જો જ્ઞાતિ–પ્રથાને જ જડમૂળથી ઉખાડીને ફેંકી નહીં દઇએ તો રાજનેતાઓ, ધર્મના વડાઓ અને સામાજિક કાર્યકરો, ધર્મોના નામે થતા અન્યાયોને સમજી તેને દૂર કરવા કમર કસીને આગળ આવશે તો ભારત જરૂર એક રાષ્ટ્ર બનશે અને તો જ એ આંતર રાષ્ટ્રીયતાના ફૂલને પણ ખિલવી શકશે.'

✷ ✷ ✷

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૭
ફોન નં. : (૦૨૬૫) ૬૬૨૧૦૨૪

**શ્રી કસ્તુરબા સેવાશ્રમ મરોલી, જિ. નવસારી**

**ના વધારાના રૂા.**

| | |
|---|---|
| **અગાઉનો સરવાળો** | ૨૩,૫૨,૯૫૮ |
| (૧) શ્રી મગનલાલ એમ. સંઘવી | ૩,૦૦૦ |
| (૨) શ્રી પ્રવિણચંદ્ર પી. શાહ | ૩,૦૦૦ |
| (૩) શ્રી ધૈર્યકાન્તા પી. શાહ | ૩,૦૦૦ |
| (૪) શ્રી જાદવજીભાઈ સોમચંદ મહેતા | ૩,૦૦૦ |
| (૫) શ્રી પ્રભાવતીબેન જાદવજી મહેતા | ૩,૦૦૦ |
| | ૨૩,૬૭,૯૫૮ |

# ગુરૂ ગૌતમસ્વામી

❑ ભારતી ભગુભાઈ શાહ

જેમ હિન્દુ ધર્મની અંદર કોઈપણ શુભકાર્ય કરતાં પહેલાં 'શ્રી ગણેશાય નમઃ' એમ મંત્ર બોલવામાં આવે છે તેવી જ રીતે જૈન ધર્મમાં દરેક માંગલિક પ્રસંગે તેમ જ પ્રાતઃ સ્મરણીય નામ બોલાય છે તે છે ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય અને પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામી. આ નામનો મહિમા જ અપરંપાર છે. આપણાં સાધુ ભગવંતો પણ જ્યારે સૂરીમંત્રની સાધના કરવા પીઠોડામાં સાધનામાં બેસે છે ત્યારે તેઓ પણ ગૌતમ સ્વામીના જાપ ચોક્કસ જ કરે છે. તેમના માટે તે અનિવાર્ય છે. દરેક સાધુ-સાધ્વી ભગવંતોને આપણે વંદન કરીએ ત્યારે તેમના મુખેથી માંગલિક સંભળાવે છે તેમાં પણ ગૌતમ સ્વામીને યાદ કરે જ છે. દિવાળી પર્વમાં ચોપડાં પૂજનમાં 'શ્રી ગૌતમ સ્વામીની લબ્ધિ હોજો' આ મંત્રરૂપે લખાય છે અને તો જ ચોપડાનું પૂજન થાય એમ માનવામાં આવે છે. કારતક સુદ એકમ, એટલે કે બેસતાં વર્ષના પ્રથમ દિવસે જ પ્રાતઃકાળે ગૌતમ સ્વામીનો રાસ સાધુ ભગવંતો વાંચે છે ને ત્યારબાદ જ નવા વર્ષની આપણે શરૂઆત કરીએ છીએ. તેની આગલી રાત્રીએ, એટલે કે દિવાળીની મધ્ય રાત્રી બાદના પ્રતઃ પ્રહરે સૌપ્રથમ શ્રી ગૌતમ સ્વામીના મંત્રનો જાપ કરવામાં આવે છે.

મહાવીર પ્રભુનાં નિર્વાણ બાદ જૈન ધર્મ અને જૈન શાસનનું આ બધું કાર્ય જો પૂરું થઈ ગયું હોત તો પ્રભુના દિવ્યજ્ઞાનનો લાભ આપણને કેવી રીતે પ્રાપ્ત થાત? પ્રભુએ આપેલી ત્રિપદી દ્વારા ઉચ્ચારાયેલા એ તત્ત્વ બિંદુઓને ઝીલીને દ્વાદશાંગીની રચના કરી પ્રભુનો સંદેશો, તત્ત્વજ્ઞાન આપણને ક્યાંથી જાણવા મળત? તો આ બધું આપણાં સુધી પહોંચાડનાર કોણ? આ પરંપરાને વહેતી રાખનાર પણ કોણ? એ છે આપણાં પરમ ઉપકારી, પ્રથમ સ્થાને, પ્રથમ ગણધર, પ્રથમ શિષ્ય, અનંતલબ્ધિના સ્વામી ગુરુ ગૌતમ સ્વામી. જૈન ધર્મ, જૈન શાસનની આજની ધૂરા જે ચતુર્વિધ સંઘ સંભાળી રહ્યો છે તેનો સંપૂર્ણ યશ ગુરુ ગૌતમસ્વામીને મળે છે. મહાવીર તો આપણાં પરમ ઉપકારી છે. પરંતુ અપેક્ષાએ મહાવીર કરતાં પણ ગૌતમસ્વામી વધારે ઉપકારી છે. જેમણે આગમો દ્વારા શ્રુતજ્ઞાનની આરાધના કરાવી.

જ્યાં સુધી આપણે ગૌતમને નહીં જાણીએ, નહીં ઓળખીએ અને જ્યાં સુધી તેમને વંદન નહીં કરીએ ત્યાં સુધી મહાવીરને પણ ઓળખી નહીં શકીએ કે નહિ તો જૈન ધર્મ, જૈન શાસનને ઓળખી શકીશું કે જાણી શકીશું? આજે આપણે સૌ સાથે મળીને ગુરુ ગૌતમ સ્વામી સાથે આપણી ચેતનાનું જોડાણ કરીશું અને પ્રભુ મહાવીર તથા ગુરુ ગૌતમ બંનેને જાણીશું. ગુરુ ગૌતમના હૃદયમાં જેવી મહાવીરસ્વામી માટે ભક્તિ હતી તેવી જ ભક્તિનો ભાવ આપણે પણ મન-હૃદયમાં ભરીએ.

પૂર્વ દિશામાંથી તેજોમાન સૂર્યનું બિંબ પ્રગટે, એમ માતા પૃથ્વીની રત્નકુક્ષિમાંથી અવતાર પામ્યા હતા તે ગૌતમ સ્વામી, આકાશમાંથી તેજ લિસોટો દોરતો ધુમકેતુ પ્રગટ થાય એમ પિતા વસુભૂતિનો સંસ્કાર વારસો લઈને તે આ પૃથ્વી પર આવ્યા હતા. ખાણમાંથી તેજસ્વી લાખેણો હીરો મળે એમ મગધ દેશના નાનાં સરખાં ગોબર ગામમાં બ્રાહ્મણકુળમાં તેઓ જન્મ પામ્યા હતા. તેમનું મૂળ નામ ઈન્દ્રભૂતિ હતું. અને તેમના બીજા બે ભાઈઓ અગ્નિભૂતિ અને વાયુભૂતિ હતા. પિતા શ્રી વસુભૂતિએ ત્રણે પુત્રોને વેદ-વેદાંત ભણાવી તૈયાર કર્યા હતા. ઈન્દ્રભૂતિ વેદ-વેદાંત, સ્મૃતિ-પુરાણ આદિનો અભ્યાસ કરીને ૧૪ વિદ્યામાં પારગામી બન્યા હતા. મા સરસ્વતીના તેજસ્વી પુત્ર એવા શ્રી ઈન્દ્રભૂતિ વિશ્વના વિદ્વાનોની પંક્તિમાં ખ્યાતિ પામ્યા. જ્યાં જ્યાં જ્ઞાનનાં વાદ-સંવાદ-પરિસંવાદ યોજાતા ત્યારે ઈન્દ્રભૂતિ સર્વશ્રેષ્ઠ વિજેતા બનતા. તેથી તેમની ખ્યાતિ વધુ ને વધુ દેશ-વિદેશમાં ફેલાતી ગઈ. તેમનો ૫૦૦ શિષ્યોનો પરિવાર હતો. આ એ જ ગૌતમ સ્વામી છે કે જેણે એક નાની પાત્રીમાં રહેલી ખીરથી ૧૫૦૦ તાપસોને પારણું કરાવ્યું હતું. કેવી લબ્ધિ હતી એમની પાસે? આવા લબ્ધિનિધાન ગૌતમ સ્વામીના વિરાટ અને બહુર્મુખી વ્યક્તિત્વને પામવું સરળ નથી. ગુરુ શિષ્યની એ કેવી જોડી હતી કે જેમનો મેળાપ એક ઇતિહાસ સર્જી ગયો અને વિશ્વને ગણધરવાદનું મહાન તત્ત્વજ્ઞાન મળ્યું.

તેમનું બાહ્ય વ્યક્તિત્વ પણ ગૌરવશાળી અને અત્યંત તેજસ્વી હતું. તેમનો દેહ સોનલભર્યો હતો. શરીરે હૃષ્ટપુષ્ટ હતા. ભગવાન મહાવીર કરતાં તેઓ ૮ વર્ષ મોટાં હતા. જ્યારે તેમણે ભગવાન પાસે દીક્ષા લીધી ત્યારે ભગવાન ૪૨ વર્ષના અને ઈન્દ્રભૂતિ ૫૦ વર્ષના હતા. ભગવાન કરતાં આઠ વર્ષ મોટા હોવા છતાં તે ખૂબ જ આજ્ઞાંકિત અને વિનમ્ર હતા. જ્યારે તેઓ પ્રથમવાર ભગવાનને મળ્યાં ત્યારે ૧૪ પૂર્વના જ્ઞાની હતા. પરંતુ ભગવાનના શિષ્ય બન્યા બાદ ચૌદ પૂર્વધરના જ્ઞાતા બન્યા. એટલે દ્વાદશાંગીનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

વૈશાખ સુદ ૧૦ ના દિવસે ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને તેઓ વૈશાખ સુદ ૧૧ના દિવસે અપાપાનગરીમાં મહાસેન ઉદ્યાનમાં પધાર્યા. એ જ સમયે આ નગરીમાં સૌમિલ બ્રાહ્મણને ત્યાં યજ્ઞ થઈ રહ્યો હતો. તે યજ્ઞમાં મહાન પંડિતોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ૧૧

મહાપંડિતો તેમના ૫૦૦ શિષ્ય પરિવાર સાથે ત્યાં પધાર્યા હતા. તેમાં ઈન્દ્રભૂતિ ગૌતમ પણ પોતાના ૫૦૦ શિષ્યો અને બે ભાઈઓ વાયુભૂતિ અને અગ્નિભૂતિ સાથે તેમનાં પણ ૫૦૦, ૫૦૦ શિષ્યો સહિત પધાર્યા હતા. બન્યું એવું કે ત્યાં નજીકમાં જ પ્રભુ મહાવીરનું સમોસરણ રચાયું હતું. આકાશમાંથી દેવોના ટોળાં નીચે ધરતી ઉપર આવવા લાગ્યા. આ જોઇને ઈન્દ્રભૂતિને થયું કેઃ 'વાહ! આ યજ્ઞનો પ્રભાવ કેવો છે. હા...હા, શું મંત્રોચ્ચારનો અને કર્મકાંડનો પ્રભાવ છે. જેના કારણે અમારે ત્યાં દેવો આવી રહ્યા છે.' પરંતુ અચાનક આ દેવો સૌમિલ બ્રાહ્મણના મંડપ પાસેથી પસાર થઈ ગયા. સમોવસરણમાં જવા લાગ્યા. ઈન્દ્રભૂતિ પોતાની જાતને વિદ્વાન શિરોમણી માનતા અને તેમનું અહમ્ ઘવાયું. જાણવા મળ્યું કે આ બધાં દેવો પ્રભુ મહાવીરની દેશના સાંભળવા અને દર્શન કરવા આવ્યા છે ત્યારે ઈન્દ્રભૂતિને થયું કે; 'અરે સર્વજ્ઞ તો હું છું, અને આ ગામમાં બીજાં સર્વજ્ઞ આવ્યા ક્યાંથી?' એક ગુફામાં બે સિંહ રહી શકે નહિ. તેમ જ એક મ્યાનમાં બે તલવાર પણ ન રહે. આકાશમાં પણ બે સૂર્ય એકસાથે સંભવિત ન હોઈ શકે. આ તો કોઈ મહાન ઠગ છે. ઈન્દ્રજાળ ફેલાવીને લોકોને ફસાવા માગે છે અને તરત જ તે પોતાના ૫૦૦ શિષ્યો સાથે પ્રભુ મહાવીરને પરાભવિત કરવા, વાદમાં પરાજિત કરવા, યજ્ઞમંડપમાંથી બહાર નીકળી સમોસરણમાં પહોંચી જાય છે.

ઈન્દ્રભૂતિએ જીવનમાં ૫૦ વર્ષ સુધી જે કાંઈ અધ્યયન કર્યું હતું તે બધું જ્ઞાન મિથ્યાજ્ઞાન હતું. કેમ કે કોઇપણ સદ્ગુરુનો ભેટો તેમને થયો નહોતો. સમ્યગ્દૃષ્ટિના અભાવે તેમનું જ્ઞાન એ સંપૂર્ણ જ્ઞાન ન કહેવાતું. ઈન્દ્રભૂતિને મનમાં એક કાયમ શંકા રહેતી કે; 'આત્મા હશે કે નહિ?' તેમને લાગતું કે 'જ્ઞાનપિંડ આત્મા પંચભૂતથી ઉત્પન્ન થઇને તેમાં જ વિનાશ પામે છે. તેથી પરલોકમાં જનાર આત્મા જેવી કોઈ ચીજ નથી.' મહાસેન ઉદ્યાનમાં પહોંચતા જ તેમની નજર પ્રભુ મહાવીરની સામે પડે છે. શાંત-સૌમ્ય મુખમુદ્રામાં પ્રભુને નિહાળે છે અને તેમના ભાવની શુદ્ધિ થતી જાય છે. ઈન્દ્રભૂતિને થાય છે કેઃ 'અરે, આ શું? મારાં પરિણામો કેમ બદલાઈ ગયા?' ત્યાં તો પ્રભુનો વાત્સલ્યભર્યો અવાજ સંભળાય છે કે, 'આવો આવો ઈન્દ્રભૂતિ ગૌતમ? આ સંબોધન સાંભળીને વળી પાછો તેનો અહમ જાગી ઊઠે છે. 'જોયું, કેવો મારો પ્રભાવ! મને કોણ ન ઓળખે?' એ જ વખતે ભગવાન બીજું વાક્ય બોલ્યા કે; 'તારાં મનની અંદર એક પ્રશ્ન ઘૂંટાઈ રહ્યો છે કે; 'આત્મા છે કે નહિ?' ત્યારે ઈન્દ્રભૂતિને થયું કે; 'અરે! આ પ્રશ્ન તો મેં મારા અંતેવાસી શિષ્યને પણ કહ્યો નથી, તો આને કેમ ખબર પડી? ખરેખર તેઓ મનની વાત જાણનારા સર્વજ્ઞ તો છે અને તરત જ ઈન્દ્રભૂતિએ વિનય-વિવેકથી પોતાનું મસ્તક પ્રભુના ચરણોમાં નમાવી દીધું.'

પ્રભુએ તેની શંકાનું નિવારણ કરતાં જણાવ્યું કેઃ 'આત્મા છે કે નહિ? તેને પ્રત્યક્ષ પ્રમાણથી સાબિત કરી શકાતો નથી. પરંતુ, હે ! ગૌતમ! નજરે વસ્તુ જોઈ શકાય નહિ અથવા પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થઈ ન શકે તેથી તેનું અસ્તિત્વ જ નથી તેમ માની શકાય નહિ. અને કહી શકાય નહિ. જગતમાં બે પ્રકારના પદાર્થો છે-જડ અને ચેતન. શંકા કે સંશય થવો, પ્રશ્નો થવા, સમજ પડવી, વિચાર આવવો તે ગુણ ચૈતન્યનો છે, જડનો નથી. તેથી આત્માને જ્ઞાનમય, વિજ્ઞાનમય માને છે. જ્ઞાન પ્રાપ્ત થયું હોય તો જ સમજણ આવે છે. સમજ આવે છે તો સ્વીકાર પણ થાય છે. ત્રણે કાળની પ્રતિતી શરીરને નહિ, પણ મુખ્યત્વે આત્માને થાય છે. 'હું આવ્યો, હું આવીશ, હું આવ્યો હતો' આ અનુભવ કોને થાય છે? આત્માને એકવાર શરીરમાંથી આત્મા નીકળી જાય પછી તે શરીર જડ છે તેને કોઈ પ્રતીતિ થતી નથી. વ્યક્તિના ગુણો કે અવગુણો આપણે જોઈ શકીએ છીએ. તેનાં સારાં-ખરાબ અનુભવો પણ કરી શકીએ છીએ. ચેતન એવા આત્મામાં આ ગુણો રહે છે. જે પ્રત્યક્ષ દેખાય છે. તેથી આત્મા છે તે માનવું પડે. અગ્નિ અને ધુમાડો બંને સાથે જોઈ શકીએ છીએ તેમ વિશ્વમાં જે કોઈ ભોગ્ય પદાર્થો છે તે ભોગવે છે શરીર પણ આત્મા તેનો ભોકતા છે તે માનવું જ પડે. જ્ઞાન પામવા માટે આત્માને શરીર સહાયક બને છે. માત્ર જડ શરીરને જ્ઞાનચેતના થાય નહિ.

આમ વિવિધ દૃષ્ટાંતો અને દલીલો દ્વારા ભગવાન મહાવીરે ઈન્દ્રભૂતિ ગૌતમને સંતોષ થાય એ રીતે મીઠી-મધુર વાણીમાં 'આત્મા'ની શંકાનું ઉચિત રીતે સમાધાન કરી આપ્યું. આમ પ્રભુના ચરણોમાં ગૌતમ સ્વામી પોતાના ૫૦૦ શિષ્યો સાથે અને બાકીના પંડિતો પણ પોતાના શિષ્યો સાથે એ દિવસે પ્રભુની પાસે દીક્ષિત બની ગયા. એક જ દિવસમાં ૪૪૧૧ આત્માઓને સંયમ-દીક્ષા આપીને શાસનની સ્થાપના કરી. ઈન્દ્રભૂતિ આદિ ૧૧ પંડિતોને ગણધર પદવી આપી અને સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘની સ્થાપના પ્રભુ મહાવીરે કરી. ધર્મતીર્થની સ્થાપના કરી. ભગવાને ઈન્દ્રભૂતિને એક ત્રિપદી આપી. આ એક જૈન શાસનમાં ક્રાંતિકારી ઘટના કહેવાય.

'ઉપન્નેઈ વા, વિઝામેઈ વા, ધુવ્વેઈ વા'

જગત પરિવર્તનશીલ છે. આખું વિશ્વ સમયે સમયે પરિવર્તન થતું જાય છે. ગૌતમ સ્વામીની બીજ બુદ્ધિ, સર્વાક્ષર સન્નિપાત લબ્ધિ એ ત્રિપદીમાંથી દૃષ્ટિવાદ સહિત ૧૨ અંગની રચના કરી. પ્રભુના ચરણકમળમાં જીવન સમર્પણ કરી દીધું. ઈન્દ્રભૂતિ અત્યાર સુધી વિદ્વાન પંડિત હતા. હવે જ્ઞાની બની ગયા. અને તેમનો અહં વિલીન થઈ ગયો. મહામિથ્યાત્વના અંધકારમાંથી બહાર આવી ગયા અને પરમાત્માના પ્રથમ ગણધર બનવાનું સૌભાગ્ય મેળવી

લીધું. આ રીતે પ્રભુ મહાવીર અને ગૌતમ સ્વામીનો જે વાર્તાલાપ થયો, જે સંવાદો થયા, પ્રશ્નોત્તરી થઈ તે ગણધરવાદ કહેવાયો. પર્યુષણ પર્વમાં પ્રભુ મહાવીરના જન્મ વાંચન પછીના બીજે દિવસે આ ગણધરવાદ દરેક ઉપાશ્રયે સાધુ ભગવંતના મુખેથી જિનવાણી સાંભળવા મળે છે. જેમાં જીવ, જીવન અને જગતને લગતા અત્યંત મહત્ત્વના આધ્યાત્મિક પ્રશ્નો ગૂંથવામાં આવ્યા છે. જૈન ધર્મમાં સાધુ–સાધ્વી ભગવંતની 'વૈયાવચ્ચ'ને લગતાં પણ સવાલ–જવાબ છે જેમાં પ્રભુ ત્રણ લોક, ત્રણ કાળ, ચાર ગતિ તેમજ ચારે અનુયોગને આવરી લે છે. બિમાર સાધુ–સાધ્વી ભગવંતની 'વૈયાવચ્ચ' એ પ્રભુ ભક્તિનો માર્ગ ગણવામાં આવ્યો છે.

ગૌતમ સ્વામી ભગવાનને પૂછે છે: 'હે ભગવાન! જે બીમાર સાધુની માવજત કરે તે ધન્ય છે કે જે આપના દર્શન પામે એ ધન્ય છે? મહાવીર કહે છે કે: 'હે ગૌતમ! જે બીમાર સાધુની સેવા કરે છે તે મને દર્શનથી પામે છે. ભગવાન મહાવીર અને ગૌતમ સ્વામી માત્ર એક ભવના નહિ, પરંતુ અનેક ભવના સાથી હતા. દરેક દરેક ભવમાં ગૌતમ સ્વામીએ ભગવાનની કોઈ ને કોઈ સ્વરૂપે સેવા કરી છે.

૧. એકવાર ભરત ચક્રવર્તીનો પુત્ર મરીચિ બીમાર પડ્યો. કોઈએ એની ચાકરી ન કરી, એથી એને બહુ માઠું લાગ્યું. પણ પછી પોતાના મનનું સમાધાન કરી એણે નક્કી કર્યું કે; 'જો આ માંદગીમાંથી બચી જાઉં તો તો કોઈને પણ હું મારો શિષ્ય બનાવીશ.' મરીચિ સાજો થયો. એણે કોઈક કુળપુત્રની ધર્મભાવનાને જાગૃત કરી, એ મરીચિનો શિષ્ય બન્યો એનું નામ કપિલ. ધીમે ધીમે મરીચિ અને કપિલ જાણે એક જ કાયાની બે છાયા બની ગયા. આ કપિલ એ જ ગૌતમ સ્વામી.

૨. ત્રિપુષ્ઠ વાસુદેવે જ્યારે તુંગગિરિની કંદરામાં એક કેસરી સિંહની કદાવર કાયાને ચીરી નાખી ત્યારે એ સિંહનો આત્મા છૂટતો નહોતો. જાણે અંતરની કોઈ ઊંડી વેદના એના જીવને જકડી રાખતી હતી. ત્યારે ત્રિપુષ્ઠ વાસુદેવનો જે સારથિ હતો, તેનું અંતર સિંહની વેદનાથી વ્યથિત થઈ ગયું. તે સિંહને સાંત્વન આપવા પહોંચી ગયો. એ સારથિ તે પેલા કપિલનો જ જીવ, અને પરાક્રમી ત્રિપુષ્ઠ એ જ કાળાંતરે તીર્થંકર મહાવીર તરીકે અવતરવાના હતા. સારથિ અને ત્રિપુષ્ઠનો આ અઢારમો ભવ હતો. આમ તેઓ મળતાં રહ્યા, જુદા પડતાં રહ્યા, પણ તેમના અંતરનો સ્નેહનો દોર તો અખંડ જ રહ્યો.

આ બંનેનો સંવાદ સૂત્રરૂપે 'ભગવતી સૂત્ર'માં સચવાયો છે. પેથડશા મંત્રીએ 'ભગવતી સૂત્ર'ને સોનાની શાહીથી લખાવ્યું. અને તેમાં જેટલી વાર 'હે ગૌતમ', 'હે ગોયમા' સંબોધન આવે તેટલીવાર તેના પર સોનામહોર મૂકી તેનું પૂજન કરતા. આ રીતે ૩૬,૦૦૦ સોનામહોરો મૂકીને ભાવોલ્લાસપૂર્વક પૂજન કરતા. ભગવતીસૂત્ર ઉપરાંત, ઉત્તરાધ્યયન સૂત્ર, ચંદ્ર પ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, વિપાકસૂત્ર વિગેરે આગમોમાં પણ આ સંવાદો સચવાયા છે. આચાર્ય જિનભદ્ર શ્રમા શ્રમણે ૪૨ ગાથાનો 'આવશ્યક નિર્યુક્તિ ગ્રંથ' નિરૂપ્યો છે.

આવા ગૌતમ સ્વામીને એક પળવાર પણ પ્રભુ મહાવીરથી જુદા પડવું ગમતું નહિ. તેથી ઘણીવાર છઠ્ઠ કરી લેતા. તેઓ સ્વાવલંબી હતા. અનેક શિષ્યોનો પોતાનો પરિવાર હોવા છતાં પોતાની ગોચરી પોતે જાતે જ વહોરી લાવતા. પોતાના હાથે વસ્ત્રાદિનું પડિલેહણ કરતા. કોઈપણ કામ કરતેં પહેલાં તેઓ ભગવાનની અનુજ્ઞા લેતા. ક્યારેક કામ માટે બહાર જવું પડે તો પણ ભગવાનની આજ્ઞા લેતા, ને બહારથી આવીને પણ સૌ પ્રથમ ભગવાનને માહિતી આપતા. તેમની સેવામાં જ પોતાની સાર્થકતા છે તેમ માનતા. દિનચર્યા ચુસ્ત રીતે પાળતા હતા. દિવસ અને રત્રિના મળીને આઠ પ્રહરમાંથી ચાર પ્રહર તેઓ અધ્યયન કરતા. બે પ્રહર ધ્યાન ધરતા. માત્ર એક જ પ્રહર નિદ્રા ને એક પ્રહર અન્ય આવશ્યક કાર્યો તથા ગોચરી માટે રાખતા. તેમ છતાં પ્રભુ મહાવીર એમને સમજાવતા અને કહેતા કે; 'માનવનું જીવન કેવું ક્ષણિક અને ક્ષણભંગુર છે. તેથી હે ગૌતમ! ક્ષણનો પણ પ્રમાદ ન કર, દર્ભની અણી પર રહેલાં ઝાકળના બિંદુ જેવું માનવનું જીવન છે.'

એકવાર પ્રભુની આજ્ઞાથી તેમની ચરણરજ મસ્તક પર ચઢાવીને ગૌતમ સ્વામી આનંદ શ્રાવકને ત્યાં ગયા. આનંદ શ્રાવકે પોતાની જાતને ધન્ય ધન્ય માની. અને વિવેકપૂર્ણ બોલ્યાં, 'હે પ્રભુ! આપના દર્શનથી મારી આંખો પાવન બની ગઈ છે. મારી બુદ્ધિ નિર્મળ બની ગઈ છે. આપે દર્શન આપીને મને કૃતાર્થ કરી દીધો છે. આપ પધાર્યા છો તો મારા મનની એક વાત આપને કહી દઉં, 'આ સંથારામાં મને અવધિજ્ઞાન થયું છે.' ગૌતમસ્વામી બોલી ઉઠ્યાં કે; 'આટલું મોટું અવધિજ્ઞાન શ્રાવકને ન થાય. તમે સંથારો કર્યો છે. આરાધક બનવું હોય તો અસત્યનું પ્રાયશ્ચિત લઈ લો.' ત્યારે પણ પૂર્ણ વિનય-વિવેકથી આનંદે કહ્યું કે; 'શું જૈન શાસનમાં સત્યનું પ્રાયશ્ચિત હોય કે અસત્યનું?' ગૌતમ સ્વામી ત્યાંથી પ્રભુ મહાવીર પાસે આવ્યા અને આનંદ–શ્રાવકના અવધિજ્ઞાન વિશેની વાત કરી. ભગવાને કહ્યું કે; 'સત્ય હંમેશાં ચતુર્વિધ સંઘ માટે સરખું જ છે.' સૂર્ય પર વાદળા ઢંકાય જાય છે તો પણ સૂર્ય તો સૂર્ય જ છે. આનંદ શ્રાવકની વાત સાચી છે. હે, ગૌતમ તમે તેને જઈને ખમાવો અને પાપની આલોચના કરો.' તરત જ ગૌતમ સ્વામી પાછા આનંદ શ્રાવકના ઘરે જાય છે અને પ્રાયશ્ચિત કરી, તેમની માફી માંગી તેમને વંદન કરે છે.

અતિ ઉગ્ર તપ, ઉત્તમોત્તમ ભાવ અને ધ્યાનના કારણે ગૌતમ સ્વામીને આત્માની અદ્ભૂત શક્તિઓ જે ચમત્કારિક કહેવાય તેવી લબ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. પોતાની અનંત લબ્ધિઓની જાણ તેમણે

કોઈને કરી નહોતી. તે હંમેશાં પોતાનો પરિચય આપતાં એટલું જ કહેતા કે; 'હું શ્રમણ ભગવાન મહાવીરનો શિષ્ય છું.' તેમની લબ્ધિઓ પણ કેવી હતી? તેમના હાથનો જેને પણ સ્પર્શ થતો તેના દુઃખ, દર્દ, દીનતા દૂર થઈ જતાં. જ્ઞાનની લબ્ધિ, તપની લબ્ધિ, નામ કર્મ, વચન લબ્ધિ એવી અનેક પ્રકારની લબ્ધિઓના સ્વામી હોવા છતાં તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નહોતું. આ અંગે પોતાની શંકા તેમણે પ્રભુ મહાવીર પાસે વ્યક્ત કરી. પ્રભુએ કહ્યું કે; 'જે વ્યક્તિ અષ્ટાપદ પર જઈ જિનબિંબના દર્શન કરે તેને કેવળજ્ઞાન જલ્દી પ્રાપ્ત થાય.' ગૌતમસ્વામીએ અષ્ટાપદ તીર્થ ઉપર જવા માટે તેમની બે લબ્ધિઓનો ઉપયોગ કર્યો. 'જંઘાચરણ લબ્ધિ અને અક્ષીણ મહાનસી લબ્ધિ' આ શક્તિથી સૂર્યકિરણો પકડીને પર્વતના શિખર ઉપર મંદિરમાં પહોંચી ગયા. જ્યાં તેમણે પ્રભુ આદિનાથ દાદા અને અન્ય તીર્થંકરોની સ્તુતિ, વંદના કરતાં કરતાં ભાવવિભોર બની પ્રભુ પાસે 'જગ ચિંતામણી સૂત્ર' રચ્યું. અને આત્મશુદ્ધિ દ્વારા કર્મો દૂર કરીને આઠમા ગુણ સ્થાનકે પહોંચ્યા. તે સમયે ૧૫૦૦ તાપસો તપ કરવા છતાં અષ્ટાપદ પર ચઢી શક્યા નહિ. સૌ કોઈ થોડે થોડે અંતરે જઈ અટકી જતા.

આ તાપસોએ જ્યારે તપસ્વી, તેજસ્વી, લબ્ધિનિધાન ગૌતમ સ્વામીની શક્તિઓ જોઈ ત્યારે તેમના શિષ્ય બનવાનું વિચાર્યું. તેઓ સો ઉપવાસી હતા. તેમને પારણું કરાવવા ગૌતમસ્વામી એક નાની પાત્રીમાં ખીર લઈને આવ્યા. ખીર થોડી હતી. એટલે તે ખીર સહુને પહોંચે એ માટે તેમણે પોતાની અક્ષીણ મહાનસી લબ્ધિનો ઉપયોગ કર્યો. પોતાનો અમૃતઝરતો અંગૂઠો ખીરના પાત્રમાં મૂક્યો અને બધાં જ તાપસોને સંતોષપૂર્વક પારણું કરાવ્યું. તાપસોમાં શુભ જાગ્યો અને તાપસોને કેવળજ્ઞાન થયું. ખીર નિમિત્ત બની. તેમ છતાં ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત ન જ થયું.

'અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણાં ભંડાર,
શ્રી ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફળ દાતાર.'

આ સ્તુતિ આપણે માંગલિક રૂપે બોલીએ છીએ. કવિવર લાવણ્ય સમયજીએ ગુરુ ગૌતમ સ્વામીનો મહિમા વર્ણવતાં સુંદર શબ્દોમાં છંદ બનાવ્યો છે.

'વીર જિનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિસદિશ'...

શું પોતાની અષ્ટાપદ યાત્રા પણ નિષ્ફળ જશે? એવી શંકા એમના અંતરને ફરી પાછી સતાવી રહી. ભગવાન મહાવીર સર્વજ્ઞ હતા. તેઓ ગૌતમની ચિંતા અને નિરાશાથી જરા પણ અજાણ ન હતા. ગૌતમ આ જ ભવે કેવળજ્ઞાન પામીને મોક્ષે જવાના છે તેની તેમને ખાતરી હતી. તાપસોના કેવળજ્ઞાનથી ગૌતમને જે આઘાત લાગ્યો છે તે સરવાળે એમના માટે લાભ જ બની રહેવાનો છે. તેઓ વધુ ને વધુ અંતર્મુખ બનીને પોતાના ધ્યેયની વધારે નજીક પહોંચવાના છે. આ બધું જ ભગવાન જાણતા હતા. પણ કરૂણાસાગરે ગૌતમનો વિષાદ દૂર કરવા કહ્યું કે; 'હે ગોયમા! તીર્થંકરોનું વચન સાચું હોય કે દેવનું?' 'તીર્થંકરોનું'-તો પછી તમે જરા પણ અધીરા બનશો નહીં, ને શંકા રાખશો નહીં. તમે આ ભવે જ મોક્ષ જવાના છો ને પછી મારું ને તમારું એક જ સરખું–સ્વરૂપ બની રહેશે.' વળી આગળ પ્રભુએ ખુલાસો કરતાં કહ્યું કે 'હે ! ગોયમા, હું ય તમે મારી સાથે ઘણાં કાળથી, સ્નેહથી બંધાયેલા છો. આ જ સ્નેહરાગ તમારા કેવળજ્ઞાનને અને મોક્ષને રોકી રહેલ છે. પ્રભુના મુખેથી આ બધું સાંભળીને ગૌતમના રોમરોમ આનંદ સરોવરમાં લહેરી ઉઠ્યા. અંતરમાં સ્વસ્થતા, શાંતિ અને સંતોષનો ત્રિવેણી સંગમ અનુભવી રહ્યા. બસ! મારાં પ્રભુએ મને ખાતરી આપી દીધી છે. હવે બીજું શું જોઈએ? ગૌ=ગાય, કામધેનું સમાન, તૈ=તરૂ, કલ્પવૃક્ષ સમાન, મૈ=મણિ, ચિંતામણિ રત્ન સમાન.

આવા ગૌતમસ્વામી! શ્રાવસ્તિ નગરીમાં કોષ્ટક ઉદ્યાનમાં પધાર્યા હતા. તો બીજી બાજુ કેશીસ્વામી જે પાર્શ્વનાથના ગણધર હતા તે સર્વે પંચરંગી વસ્ત્રોમાં પોતાના શિષ્ય પરિવાર સહિત આ જ નગરીમાં પધાર્યા છે. એક છે અવધિજ્ઞાનના સ્વામી અને બીજા છે ૧૪ પૂર્વધર અને ૪ જ્ઞાનના સ્વામી. ગોચરી માટે શ્રાવસ્તીમાં ફરતાં ફરતાં બંનેના શિષ્યો એકબીજાને જુએ છે ને બંનેના મનમાં શંકા થાય છે કે; 'આ કેવા પ્રકારનો ધર્મ?' જૈન સંતો હોવા છતાં બંનેના આચારમાં, વેશમાં તફાવત કેમ? બંને મુક્તિના લક્ષ્યથી સાધુપણું સ્વીકારી સાધના કરે છે. છતાં આ તફાવત કેમ? ગૌતમ સ્વામી અને કેશી સ્વામીના શિષ્યો પોતાના ગુરુને આ શંકા જણાવે છે. તેઓ બંને એમ વિચારે છે કેઃ 'આવો પ્રશ્ન આજે અમારા શિષ્યો વચ્ચે થયો છે તો કાલે ગૃહસ્થ વર્ગ અને શ્રાવકવર્ગમાં પણ આ પ્રશ્નો ઉભા થશે. બધાને થશે કે સાચો ધર્મ કયો?' તેની શંકાનું સમાધાન કરવું જરૂરી છે નહિ તો લોકો જૈન ધર્મ અને જૈન શાસનથી વિમુખ થઈ જશે.'

સમાધાન ક્યારે થાય? સામસામા બેસે તો. ગૌતમ સ્વામી તો વિનય અને નમ્રતાની સાક્ષાત પ્રતિમા. પોતે તો બધું જાણે છે. કેશી સ્વામી કરતાં અનેક રીતે મહાન અને મોટા છે. પરંતુ પાર્શ્વનાથ ભગવાનનું કુળ મોટું છે. ભગવાન મહાવીરનું કુળ નાનું છે. તેથી તે કેશી સ્વામીને સામે ચાલીને મળવા જાય છે. સાથે પોતાનો શિષ્ય પરિવાર છે. તિન્દુક ઉદ્યાનમાં તેમને પોતાની પાસે આવતા જોઈને કેશી સ્વામી પણ ત્યાં જ આસન પરથી ઊભા થઇને ગૌતમ સ્વામીનો આદર–સત્કાર કરે છે. 'પધારો, ભંતે! પધારો' ૨૮–૨૮ લબ્ધિના ધારક સાથે કેશી સ્વામી જેવા

પુણ્યશાળી, મહાત્માના મિલનની ખબર પડતાં જ નગરજનો, સંન્યાસીઓ, દેવો–દાનવો, ગંધર્વો, યક્ષ વગેરે પણ આ બંનેનો સંવાદ સાંભળવા આવી જાય છે. કેશી સ્વામી, ગૌતમ સ્વામીની અનુજ્ઞા માંગે છે. ગૌતમ સ્વામી કહે છેઃ 'ભંતે! તમારાં મનમાં જે ઈચ્છા હોય તે કહો, તમારે જે પ્રશ્નો પૂછવા હોય તે પૂછી શકો છો.'

કેશી સ્વામી પહેલો પ્રશ્ન પૂછે છે કે; 'ભગવાન મહાવીરના શાસનમાં પાંચ મહાવ્રતરૂપ ધર્મ અને ભગવાન પાર્શ્વનાથના શાસનમાં ચાર મહાવ્રતરૂપ ધર્મ છે આમ કેમ?' ત્યારે ગૌતમ સ્વામી પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપે છે. કહે છે કે; 'પહેલાં તીર્થંકરના લોકો ઋજુ અને જડ હતા તે સમય હતો યુગલિયાનો. તેથી તેના કષાયો મંદ હતા. તેઓ સરળ હતા અને સુખી હતા. તેઓમાં સમજણ ઓછી હતી. જેટલું કહો તેટલું જ કરે. આગળ–પાછળનું બહુ સમજી ન શકે. વચલા બાવીસ તીર્થંકરના સંતો ઋજુ તો હતા; પણ તેમની પ્રજ્ઞા વિકસતી ગઈ. ક્યાંક પાપ લાગી જાય તો? અને તેઓ ગુરુ પાસે જઈને તરત જ પ્રાયશ્ચિત લઈ લેતા. તેમની પાસે સમજણ અને સરળતા બંને હતી. ભગવાન મહાવીરના શાસનના જીવો પ્રાયઃ કરીને વાંકા એટલે કે વક્રતા અને જડતાવાળા છે. ઊંડી સમજ નથી પડતી, સત્ય સમજવું નથી, બસ દેખાદેખીના ગાડરિયા પ્રવાહમાં રહેવું છે. અવળાઈ છોડવી નથી. આ જીવનમાં કરવા જેવો છે એક આત્મ પુરુષાર્થ. મોહની સામે યુદ્ધ કરવાનું છે. આ જીવો ઘણી-ઘણી વાર પરમાત્માની વાણી સાંભળે છે છતાં પણ છેલ્લે કોરા ધાકોર. આનું નામ જ પાંચમો આરો. વળી આ આરામાં વક્ર જડ લોકો સ્ત્રીને પરિગ્રહ ન સમજે તો? તેથી ચાર મહાવ્રતમાંથી પાંચ મહાવ્રત કર્યા. ભગવાન પાર્શ્વનાથના શાસનમાં લોકો ચોથા અપરિગ્રહ મહાવ્રતમાં આપ મેળે જ બ્રહ્મચર્યનો સમાવેશ કરી લેતા. પણ પોતાનો સમુદાય આ રીતે સમજી જાય એવો બુદ્ધિશાળી અને સરળ ન લાગતાં ભગવાને પાંચ મહાવ્રતોનું પ્રતિપાદન કર્યું.

બીજો પ્રશ્નઃ–બંનેના સમયમાં વસ્ત્રોમાં તફાવત કેમ? ભગવાન પાર્શ્વનાથે કિંમતી અને રંગબેરંગી વસ્ત્રોનો પણ ઉપયોગ કરવાની અનુમતિ આપી છે. ત્યારે ભગવાન મહાવીરે સાધુઓને–સાધ્વીજીઓને અલ્પમૂલ્ય, જીર્ણક્ષીર્ણ, સાદા અને શ્વેત વસ્ત્રોનો મર્યાદિત પ્રમાણમાં ઉપયોગ કરવાનું કહ્યું છે. તેમાં પણ સાધુઓને માટે વસ્ત્રહીન રહીને સાધના કરવાનું ફરમાવ્યું છે. તેમ છતાં જે શ્રમણ આવી ઉત્કટ કોટિએ પહોંચવા સમર્થ ન હોય તેને થોડી છૂટ આપી છે. વળી ભગવાન પાર્શ્વનાથના સમયના શ્રમણો મૂલ્યવાન વસ્ત્રોનો ઉપયોગ કરવા છતાં એના તરફની આસક્તિથી લેપાતા નહીં અને ગમે તેવા ઉત્તમ વસ્ત્રોનો મુખ્ય ઉપયોગ કાયાનું જતન કરવામાં અને એ રીતે સંયમ યાત્રામાં સહાયક થવામાં જ છે એ બરાબર સમજતા હતા. કાળના પરિવર્તનને કારણે પોતાના સમયમાં શ્રમણો વસ્ત્રો તરફની મોહ–માયાથી મુક્ત રહી નહીં શકે, તેથી જૂની પ્રથા ચાલુ રાખવાનું જોખમ દેખાયું. તેઓ માનતાં કે બાહ્યવેશ એ ઓળખાણનું અને સંયમ નિર્વાહનું એક માત્ર સાધન છે. ખરો ધર્મ તો દર્શન, જ્ઞાન, ચરિત્રનો સ્વીકાર અને પાલનમાં જ છે.

ત્રીજો પ્રશ્ન : હજારો દુશ્મનો વચ્ચે રહેવા છતાં અને સતત હુમલો કરવા છતાં આપ એમને પરાજિત કેવી રીતે કરી શકો છો? ગૌતમ સ્વામી જવાબ આપે છે કે; 'હું એક દુશ્મનને જીતી લઉં છું તો સાથે બીજાં પાંચ દુશ્મન જીતાઈ જાય છે. પહેલાં હું મારા આત્માને વશમાં લાવું છું. એના ઉપર કાબૂ મળતાં જ કષાયોરૂપી દુશ્મનો નાસી જાય છે. તેથી પંચેન્દ્રિયના ભોગોની વૃત્તિ પર પણ કાબૂ આવી જતા દુશ્મનો પર વિજય મેળવી લેવાય છે.

ચોથો પ્રશ્ન : હે ગૌતમ ! હૃદયના ઊંડાણમાં એક વેલ ઊગે છે એને વિષ જેવા ઝેરી ફળ બેસે છે એ વિષવેલ કઈ? અને આપે એને કેવી રીતે જડમૂળથી ઉખાડી નાંખી? ગૌતમ કહે છે કે; હૃદયમાં ઉંડે ઉંડે ઘર કરીને રહેલી આશા–તૃષ્ણા એ જીવલેણ વિષવેલ છે. એના ફળ મોક્ષને ભરખી જાય છે. એ ઝેરી હોય છે. એના પ્રતાપે સંસાર વધતો રહે છે. અને આત્મા જન્મમરણના ચકરાવામાં નિરંતર દુઃખી થતો જ રહે છે. જિનેશ્વરના ધર્મની આરાધના કરીને એ વિષવેલને મૂળમાંથી જ ઉખાડી નાંખી છે.

પાંચમો પ્રશ્ન : હે ગૌતમ! હૃદયમાં છુપાયેલો કોઈક સર્વનાશી અગ્નિ આત્માના સુખ–શાંતિને ભસ્મ કરતો, સતત બળ્યા કરતો હોય એમ લાગે છે. એ અગ્નિ કયો અને કેવી રીતે શાંત થઈ શકે? ગૌતમ સ્વામી ઉત્તર આપતાં કહે છે કે; 'એ અગ્નિ એટલે જીવ સાથે અનાદિકાળથી જોડાયેલા કષાયો, જે જ્ઞાન, શીલ અને દાન, તપની જલધારાથી શાંત થઈ જાય છે. કષાયો, શાંત થાય એટલે ચિત્ત શાંત થાય. અને આંતરિક સુખ–શાંતિ મળે.

છઠ્ઠો પ્રશ્ન : મનનો ઘોડો ખોટા માર્ગે જઈને, ખેંચી જઈને, સાધકને પણ પછાડી દે તેવો તોફાની અને બેકાબુ હોય છે. એના ઉપર કાબૂ કેવી રીતે મેળવી શકાય? ગૌતમ સ્વામી :– મનરૂપી તોફાની ઘોડાને શ્રુતજ્ઞાન (શાસ્ત્રાભ્યાસ)ની લગામથી કાબૂમાં લઈને ધર્માચરણમાં જોડવાથી તોફાનો શમી જાય છે.

આવા અનેક પ્રશ્નો કેશી સ્વામી કરતા રહ્યા અને ગૌતમસ્વામી પોતાની સૌમ્ય અને સત્યથી પવિત્ર થયેલી વાણી દ્વારા ઉત્તરો આપતા રહ્યા. આ સંવાદો સાંભળીને કેશી સ્વામી અને એમના શિષ્યો તથા હાજર રહેલા સર્વે શ્રોતાઓના સંશયો દૂર થઈ ગયા. સૌના અંતરમાં સત્યનો સૂર્ય પ્રકાશી રહ્યો. આ સૌએ કેશીસ્વામી સાથે ભગવાન મહાવીરના પ્રતિક્રમણ અને પાંચ મહાવ્રતવાળા

ધર્મનો સ્વીકાર કર્યો. ગૌતમ સ્વામી પ્રસન્નતા અનુભવી રહ્યા. આ બે સંતોનું મિલન એક જ ધર્મની બે પરંપરાઓના સંગમરૂપે જૈન શાસનના ઇતિહાસમાં અમર બની ગયું. (કેસી–ગૌતમ–બોધ પ્રબોધમાંથી આ પ્રશ્નોત્તરી લીધી છે.)

'ગૌતમ પૃચ્છા' નામની સજ્ઝાયમાં ગૌતમ સ્વામી ભગવાન મહાવીરને પ્રશ્ન કરે છે.

પ્રશ્ન : કયા કર્મના ઉદયથી જીવ એકેન્દ્રિયમાં જાય? ભગવાન કહે છે; 'પાંચ ઈન્દ્રિય જેણે વશમાં ન કરી હોય તે કર્મે એકેન્દ્રિય જીવમાં જાય અને જેણે પાંચ ઈન્દ્રિય વશ કરી હોય તે કર્મે પંચેન્દ્રિય જીવ હોય. વળી આગળ કહે છે કે: 'પાંચ ઈન્દ્રિયોનો જો સદુપયોગ થાય તો જીવ ઈન્દ્રિયાતીત દશા સુધી પહોંચી શકે છે. ત્યારબાદ ગૌતમ સ્વામી અષ્ટમી (આઠમ તિથિ) વિશેના મહત્ત્વ માટે પણ ભગવાનને પૂછે છે ત્યારે ભગવાન આઠમની તિથિનો મહિમા વર્ણવતાં કહે છે કે; 'હે ગોયમા! આઠમની વદ/સુદ બંને વખતે આઠ ભગવાનના વિવિધ કલ્યાણકો થયાં છે. ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદન, મુનીસુવ્રત, નેમનાથ, નમિનાથ, પાર્શ્વનાથ આ કારણથી આ તિથિનો મહિમા મોટો છે અને જે જીવ આ તિથિ પાળશે, સાધના, આરાધના કરશે, તેના આઠે કર્મોનો ક્ષય થશે.

પ્રભુ મહાવીર તો સાડા બાર વર્ષના તેમના સાધનાકાળમાં તો મૌન જ રહ્યા હતા. પરંતુ જ્યારે ગૌતમ સ્વામીએ તેમને પ્રશ્નો પૂછ્યાં ત્યારે જ તેઓએ જેના ઉત્તરો આપ્યા. તે બધું જ 'ઉત્તરાધ્યયન સૂત્ર' અને બીજા આગમોમાંથી ધર્મકથા, જ્ઞાન, આચરણ, તત્ત્વ, દ્રવ્ય વગેરે શ્રાવકોને ઉપયોગી સિદ્ધાંતો મળે છે; જેમાં પ્રભુ મહાવીરે પોતાના અંતિમ સમયમાં જે દેશના આપી હતી તે ગૌતમ–ગણધરે ઝીલી હતી. પ્રભુ મહાવીરે ગૌતમ સ્વામીને બીજી પણ ત્રણ વાતો બતાવી હતી.

જહાં જીવ બજ્ઝતિ=જીવો કેવી રીતે બંધાય છે?

જહાં જીવ કિલીરસંતિ=જીવો કેવી રીતે કલેશ પામે છે?

જહાં જીવ મુચ્ચંતિ=જીવો કેવી રીતે મુક્તિ પામે છે?

જીવો પહેલા રાગ, દ્વેષ, મોહ, માયાના કષાયોથી બંધાય છે અને પછી કલેશ પામે છે. પણ જો આ બંધન ને કલેશમાંથી મુક્ત થાય તો જ તેની મુક્તિ થાય છે.

પ્રભુએ ગૌતમને ૩૬–૩૬ વાર કહ્યું છે કે; 'હે ગોયમા! પ્રમાદ ન કર,' તો પ્રમાદ કેવો અને કેટલો ભયંકર હશે. જરાક જેટલા પ્રમાદને કારણે અનંતા ચૌદપૂર્વીઓ નરક અને નિગોદમાં ચાલ્યા ગયા. એક અંતર્મુહૂર્તનો પ્રમાદ પણ તારા ચારિત્રને ભસ્મીભૂત કરશે.'

પોતાનો અંતઃકાળ નજીક છે તે જાણીને ભગવાને ગૌતમ સ્વામીને દેવશર્માને પ્રતિબોધ પમાડવાને બહાને પોતાનાથી દૂર મોકલ્યા, જેથી તેઓ રાગમુક્ત થાય. ભગવાન નિર્વાણ પામ્યાના સમાચાર જ્યારે દેવશર્મા પાસેથી પાછા ફરતાં ગૌતમ સ્વામીને મળ્યા ત્યારે તેમને અસહ્ય આઘાત લાગ્યો અને ખૂબ ખૂબ વિલાપ કરવા લાગ્યા. ભગવાનને સંબોધીને બોલવા લાગ્યાં કે; 'હે વીર પ્રભુ! હવે હું કોને પ્રણામ કરીશ? મારા મનનું સમાધાન કોણ કરશે? મને 'ગોયમા' કહીને વાત્સલ્યભર્યું કોણ બોલાવશે? મારે ને તમારે તો ભવોભવનો નાતો હતો. અને મને એકલો મૂકી તમે ચાલ્યા ગયા?' આમ તેઓ વિલાપ કરતાં કરતાં શુભ વિચારધારાએ ચડે છે. ભગવાન તો વિતરાગી હતા. નિર્મળ અને નિર્વિકારી હતા. તેમને પોતાના શિષ્ય પ્રત્યે રાગ શા માટે હોય? મને તેમનાથી દૂર રાખ્યો. તેની પાછળ કોઈક સારો આશય તેમનો હોવો જોઈએ. માટે મારે પણ રાગ છોડવો જોઈએ. આમ વિચારતા વિચારતા તેમના પણ રહ્યાં–સહ્યાં કર્મ બંધનો તૂટ્યા અને દિવાળીની રાતે આસો વદ અમાસે મધ્યરાત્રીએ ભગવાન નિર્વાણ પામ્યા અને કારતક સુદ ૧ના દિવસે, એટલે કે બેસતાં વર્ષે ૮૦ વર્ષની ઉંમરે ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન થયું. ('લોગસ્સ સૂત્ર એક દિવ્ય સાધના'–આ ગ્રંથના લેખક છે સાધ્વી શ્રી ડૉ. દિવ્ય પ્રભાશ્રીજી.)

પુસ્તકમાં તેઓ જણાવે છે; 'ભગવાનના નિર્વાણ બાદ અને પ્રાતઃ સમયે ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન થાય છે. એ વચ્ચેના સમયમાં (પ્રહરમાં) ગૌતમ સ્વામી જે મનોમન વિલાપ કરે છે અને ભગવાન સાથે જે સંવાદો કરે છે તેના પરિણામ રૂપે 'લોગસ્સ સૂત્ર'ની રચના 'ચર્તુવિજ્ઞાંતિ સ્તવન'–જેમાં ચોવીસ તીર્થંકરોની ભાવપૂર્વકની સ્તૂતી, સ્તવના કરવામાં આવી છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના પૌત્ર ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી સુધીના સર્વે જિનેશ્વરોની ભક્તિરૂપ આ સૂત્ર છે.

કેવળજ્ઞાન થયા બાદ બાર વર્ષ સુધી ગૌતમ સ્વામી વિચર્યા અને શ્રી જંબુસ્વામીને જૈન શાસનની ધૂરા સોંપી ૯૨ વર્ષની વયે ગુણીયાજી (બિહાર)માં તેઓ નિર્વાણ પામ્યા.

આવા મહાન લબ્ધિદાતા ગુરુ ગૌતમ સ્વામીના નામ સ્મરણથી, તેમનું ધ્યાન ધરવાથી વિઘ્નો દૂર થાય છે. આત્મજાગૃતિ થાય છે. આવા મહાન ગુરુ ગૌતમ સ્વામીના ચરણોમાં નત્ મસ્તકે વંદન કરીને આપણે સૌ મોક્ષ માર્ગના યાત્રી બનવાનો પુરુષાર્થ કરી, માનવજીવન સાર્થક તરીકે તે જ અભ્યર્થના. અસ્તુ.

✷ ✷ ✷

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૮–૮–૨૦૦૮ના આપેલું વક્તવ્ય.

ગૌતમ ધન, ફ્લેટ નં. ૨૬, ૬ઠ્ઠે માળે, દાદાભાઈ રોડ,
વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૬.
ફોન : ૨૬૭૧૫૫૭૫ / ૯૩૨૪૧૧૫૫૭૫

# શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૨

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ

**દ્વિતીય અધ્યાય : પ્રેમ યોગ**

(૨)

'શ્રી જૈન મહાવીર ગીતા'માં બીજો અધ્યાય પ્રેમયોગ છે. 'શ્રી જૈન મહાવીર ગીતા'માં સૌથી વધુ શ્લોક આ પ્રકરણમાં છે. તેના ૪૪૦ શ્લોક છે.

પ્રેમ એક વિશિષ્ટ, વિશાળ અર્થ ધરાવતો શબ્દ છે. પ્રેમનો સંબંધ સંપૂર્ણ જીવન સાથે છે અને પ્રેમનો સંબંધ સમગ્ર વિશ્વ સાથે છે. પ્રેમ શબ્દને જે સ્વરૂપે જોવાય કે મૂલવાય છે તેવું મૂલ્યાંકન અહીં નથી. જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી ક્રાંતિકારી સાધુપુરૂષ છે તેથી તેમણે આ વિષય Subject પસંદ કર્યો છે અને તેનું મહાવીર વાણી રૂપે વ્યાપક અર્થઘટન પ્રરૂપ્યું છે. પ્રેમ શું છે? માતાનો બાળક માટેનો પ્રેમ, પિતાનો પુત્ર માટેનો પ્રેમ ઈત્યાદિ આપણે જાણીએ છીએ. ભક્તનો પ્રભુ માટેનો પ્રેમ પણ આપણે જાણીએ છીએ. 'જૈન મહાવીર ગીતા'માં 'પ્રેમયોગ'માં આ સ્થૂળ પ્રેમની વાત નથી પણ પ્રભુનો સૌ જીવો માટેનો પ્રેમ, સૌના ઉત્થાન માટેનો પ્રેમ, સૌ જીવોને મુક્તિ પ્રાપ્ત કરવા માટે ઉપદેશ અને પ્રેમનું સૂક્ષ્મ દર્શન પ્રત્યેક શ્લોકમાં ઝળકે છે.

શ્રી મહાવીર સ્વામી કહે છે :

नाहं स्वर्गे च पाताले, भक्त्यां वासोऽस्ति मे सदा ।<br>
मद् भक्ता यत्र तत्राहमानन्दा ऽद्वैतरुपत: ।।

(પ્રેમયોગ, શ્લોક. ૧)

**'હું સ્વર્ગમાં કે પાતાળમાં નથી પણ જ્યાં ભક્તિ છે ત્યાં હંમેશાં મારો વાસ છે, જ્યાં મારા ભક્તો છે ત્યાં હું આનંદ અને અદ્વૈત રૂપે રહું છું.'**

'શ્રી ભગવદ્ ગીતા'ની જેમ, હું વ્યાપક રૂપે છું તેવું નિરૂપણ અહીં પ્રકટ થાય છે ત્યારે આપણને સર્વ જીવો સમાન છે તે જૈન ધર્મનું વિધાન યાદ આવે છે અને 'હું પ્રભુ તારો, તું પ્રભુ મારો' એ સ્તવનકારની કડી સાંભરે છે. જ્યાં ભક્તિ છે ત્યાં પ્રભુનો વાસ છે તે વાત જ ભક્ત માટે કેવી સાંત્વનાદાયક છે! ભક્તિનું બળ કે ભક્તિનું સામર્થ્ય જે જાણે છે તેને ખબર છે કે ભક્તિથી પ્રભુને પણ ભક્ત પોતાની પાસે ખેંચી લાવે છે! ભક્તિની શક્તિ અસામાન્ય છે. ભક્ત પાસે પરમેશ્વર પ્રત્યે અગાધ શ્રદ્ધા જોઇએ, અવિચળ ભક્તિ જોઇએ, અપાર પ્રેમ જોઇએ. આવા ભક્તનો પોકાર, આવા ભક્તની પ્રાર્થના ઉંચે ચઢે ત્યારે પ્રભુના આશીર્વાદ નીચે ઉતરે. Prayers go up, blessings comes down. આ આશીર્વાદનું અવતરણ એ જ પ્રભુનો ભક્તમાં વાસ. ક્યારેક ભક્તને પોતાની આજુબાજુમાં કોઈ દિવ્યતત્ત્વની હાજરીનો અનુભવ થાય છે. ક્યારેક તેને લાગે છે કે પોતાની નજીકમાં જ પ્રભુ છે! આ શ્રદ્ધામાં જે પ્રકટે છે તે જ છે પ્રભુનો વાસ. ક્યારેક કોઈ મંદિરમાં પ્રભુના દર્શન થયાનો ભાસ થાય છે. પ્રભુનું દિવ્ય આભામંડળ–devine ora-જે સાક્ષાત્કાર સર્જે છે, તે જ છે પ્રભુનો વાસ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી આ મર્મને વૈશ્વિક સ્વરૂપે આ શ્લોકમાં પ્રકટાવે છે ત્યારે તેમાંનું ઉંડાણ ધ્યાનાર્હ બની જાય છે. 'પ્રેમયોગ'નો બીજો શ્લોક જુઓઃ

भक्तियोग रसो बोद्ध: प्रेमेव व्यक्त हर्षद: ।<br>
व्यक्त ब्रह्म महाप्रेम, मत्प्राप्ति प्रेमतो भवेत् ।।

(પ્રેમયોગ, શ્લોક ૨)

**'ભક્તિ અને યોગના રસને જાણવો જોઇએ. પ્રેમ એજ વ્યક્ત થયેલો આનંદ છે, વ્યક્ત થયેલ બ્રહ્મ એ મહાપ્રેમ છે, મારી પ્રાપ્તિ પ્રેમથી જ થઈ શકે.'**

પ્રભુ પ્રત્યેનો ભક્તિસૂર હૃદયમાંથી ઉદ્‌ભવિત થાય ત્યારે પ્રકટતો પ્રેમ યોગરૂપ હોય છે. આ વિધાનમાં કેવું સત્ય ઝળહળે છે કે પ્રભુની પ્રાપ્તિ પ્રભુ પ્રત્યેના પ્રેમથી જ થઈ શકે! દૂન્યવી પ્રેમનું મૂલ્ય, પ્રભુ પ્રત્યે જાગેલા પ્રેમ પછી રહેતું નથી. મહાયોગી આનંદ ઘનજીનું અમર સ્તવન, 'ઋષભ જિનેશ્વર માહરો રે!' હૃદયમાં ગુંજે છે ત્યારે જે સ્વાનુભવ થાય છે તે કોઈ દિવ્ય ચેતનાના આધ્યાત્મિક સ્પર્શ જેવું અનોખું છે! મીરા 'લાગી કટારી પ્રેમની રે!' કહે છે તે આંતરિક અનુભવનો પડઘો છે. ઉપા. યશોવિજયજી, 'અબ મોહે ઐસી આય બની' એમ કહીને શ્રી પાર્શ્વનાથ પ્રભુના સ્તવનમાં જે વર્ણવે છે તે અલૌકિક છેઃ

**મિથ્યામતી બહુ જન હે જગમેં, પદ ન ધરત ધરની;**<br>
**ઉનકા અબ તું જ ભક્તિ પ્રભાવે, ભય નહિં એક કની!**

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી પ્રેમયોગના ૪થા શ્લોકમાં 'મને વિશુદ્ધ પ્રેમનો આધાર જાણવો' તેમ કહીને શ્રી મહાવીર સ્વામીનું પારદર્શક સ્વરૂપ કહે છે. પ્રભુ નિર્મળ છે, નિરંજન નિરાકાર છે. સચ્ચિદાનંદ સ્વરૂપ છે માટે તે વિશુદ્ધ પ્રેમનો આધાર છે! 'બ્રહ્મ' એટલે શું? 'પ્રેમયોગ'ના ૭મા શ્લોકમાં **'બધા જીવો શાશ્વત છે અને બ્રહ્મ સ્વરૂપ છે. માતા બ્રહ્મ છે, પિતા બ્રહ્મ છે, સ્વયં ગુરૂ પણ બ્રહ્મ સ્વરૂપ છે!'** તેમ કહે છે. નરસિંહ મહેતાની વાણી યાદ આવે છે? 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ!'

પ્રેમનું કામ જ આકર્ષણ પેદા કરવાનું છે. એ સૂક્ષ્મ પ્રેમને જ્યારે વાસનાનો ઢોળ ચઢે ત્યારે શું થાય તે સૌ જાણે છે. 'પ્રેમયોગ'માં ૯માં શ્લોકમાં કહ્યું છેઃ **'વિષયવાસનાવાળો અશુભરાગ (પ્રેમ) જીવોને માટે કર્મબંધક છે. સાચો પ્રેમ ધર્મનું મૂળ છે જે સર્વત્ર વિશ્વાસકારક છે.'** ૧૦મા શ્લોકમાં કહે છેઃ **'સાચો પ્રેમ એટલે શ્રદ્ધા. જે સૌના આકર્ષણનું કારણ છે. ભક્ત પવિત્ર પ્રેમથી**

**અદ્વૈત એવા આનંદને પામે છે.'** ૧૬મા શ્લોકમાં કહે છેઃ **'પ્રેમના યોગ વિના વિદ્વાન પણ મારા સ્વરૂપને જોઈ શકતો નથી. જે અંતરમાં અને બહાર (વિશ્વમાં પ્રકટ) પ્રભુને નિરખતો ભક્ત (છેવટ) પ્રભુરૂપ બની જાય છે.'**

પ્રેમનું જીવનમાં મહત્ત્વ અનેરું છે. જીવનના અને જગતના તમામ ક્ષેત્રોમાં પ્રેમની ગૂંજ કોઈ ને કોઈ રૂપે સંભળાતી જ હોય છે. બાળકને સ્નેહથી બોલાવીએ ત્યારે તેના મુખ પર જે સ્મિત પથરાય છે તે પ્રેમનું કેવું નિર્મળ સ્વરૂપ છે! આકાશમાંથી વરસતા જળબિંદુ ધરતીને હરિયાળી બનાવે છે. ધરતી પરનો એ કેવો સુંદર પ્રેમ છે! સંગીતના મધુર સૂરથી મનમાં ચૈતન્ય પ્રકટે છે. જીવન પ્રત્યેનો કેવો સુંદર પ્રેમ છે એ! પ્રેમના આમ અનેક પર્યાય નિહાળવા મળે છે. જૈન ધર્મમાં આત્માના અનંત ગુણ કહ્યાં છે. નવપદજીની પૂજામાં શ્રી પદ્મવિજયજી 'જિનગુણ અનંત અનંત છે' તેમ કહે છે. શ્રી જૈન મહાવીર ગીતાના 'પ્રેમયોગ'માં એક વિશિષ્ટ વિધાન ૧૮મા શ્લોકમાં જોવા મળે છેઃ अनन्ता : प्रेम पर्याया: शुद्धाशुद्ध स्वरुपत: એટલે કે **શુદ્ધ અને અશુદ્ધ સ્વરૂપી પ્રેમના અનંત પર્યાય છે અને કર્માનુસાર જીવ ભોગવે છે.** સંસાર પરિભ્રમણમાં આત્માને મહત્ત્વનો ભાગ આંતરિક સંવેદન ભજવે છે. પ્રભુ પ્રીત્યર્થ સેવેલો ઉત્કૃષ્ટ પ્રેમ શુદ્ધ હોય છે અને તે જ તારક બની શકે. મનના ખેલ પારખ્યા વિના સાધક સાચો સાધક બનતો નથી અને ઉન્નતિ પામતો નથી.

ધર્મશાસ્ત્રો હંમેશાં કહે છે કે જે ધર્મનું રક્ષણ કરે છે તેનું ધર્મ રક્ષણ કરે છેઃ धर्मो रक्षति रक्षित:। 'પ્રેમયોગના' ૨૧માં શ્લોકમાં આ વિધાન આવું છેઃ **'મારો પ્રેમી ધર્મના રક્ષણ માટે જીવનની આહૂતિ આપી દે છે.'** અને પછી તરત કહ્યું છે, **'એ વાસના તરફથી આકર્ષાઈને મોહાંધ થતો નથી.' ૨૦માં શ્લોકમાં કહે છેઃ 'મૃત્યુ માટે જેને દ્વેષ નથી અને જીવન પ્રત્યે જે રાગી નથી તેવો મારા પ્રત્યે પ્રેમવાળો ભક્ત જૈન શાસનના વિકાસ માટે જીવે છે.'** સાચો ધર્મી કદીય દુઃખથી ગભરાય નહિ, ઉલટું, દુઃખને સામેથી આમંત્રણ આપીને પડકારે અને કર્મને ખપાવવા માટે પ્રચંડ આત્મિક પુરૂષાર્થ કરે. 'પ્રેમયોગ'ના ૧૯૦/૧૯૧માં શ્લોકમાં શ્રી મહાવીર વાણી આમ છેઃ **'જે થાય છે તે બધું જ સારા માટે જ થાય છે, એમ ભક્ત માને છે. આથી જ તે મોહ પામતો નથી અને આત્માની ઉન્નતિ કરી શકે છે. મારા ભક્તની ઉપર પડતા મહાન દુઃખો તેમને માટે મોટા ઉત્સવ રૂપ હોય છે. તેનાથી તેમના કર્મનો નાશ થાય છે અને આત્માની ઉન્નતિ થાય છે.'**

શ્રી જૈન મહાવીર ગીતાનો 'પ્રેમયોગ' ભક્તિ માટે સતત પ્રેરણા આપે છે. શ્રી મહાવીર સ્વામી ભક્તની સાથે છે અને ભક્ત પ્રભુની સાથે છે તેવી એકાત્મતા અહીં વારંવાર પ્રકટ થાય છેઃ **'હું ભક્તનો ભક્તિયજ્ઞ છું, સત્કર્મ કરનારનો કર્મયજ્ઞ છું, જ્ઞાની માટે જ્ઞાનયજ્ઞ છું અને સર્વ દેહધારી માટે પ્રેમયજ્ઞ છું.'** (પ્રેમયોગ, ૧૯૨)

તીર્થયાત્રા માટે કહ્યું છેઃ **'સર્વ જાતિના મારા ભક્તો વિશ્વને શાંતિ આપનારા તીર્થોની સારી રીતે યાત્રા કરીને આત્મોન્નતિ પામે છે.'** (પ્રેમયોગ, ૨૬૨)

પ્રભુ અને ભક્તનો આત્મા એક સમાન છે વાળી વાતનો નિર્દેશ જુઓઃ શ્રી મહાવીર કહે છેઃ **'તેઓ (ભક્તો) દેહમંદિરના દેવો છે, મારૂં રૂપ અને તેમનું રૂપ એક જ છે, તેઓ સંસારના સર્વ કાર્યો કરતાં હોવા છતાં તેમાં તન્મય થતાં નથી.'** (પ્રેમયોગ, ૨૭૪) જૈનધર્મ માને છે કે સાચો ધર્મી સંસારમાં નિર્દોષ રહીને, ધર્મકાર્યો કરીને, ઉન્નતિ માટે પર્યત્નશીલ હોય છે. સમકિતી જીવ માટેની એક પ્રાચીન કડી જુઓ એટલે ઉપર્યુક્ત શ્લોકાર્થનો મહિમા વધુ સ્પષ્ટ થશેઃ

**સમકિતવંતો જીવડો, કરે કુટુંબ પ્રતિ પાળ**
**અંતર્ગત ન્યારો રહે, જીમ ધાવ ખિલાવત બાળ!**

(સમકિતી આત્મા સાંસારિક કામો કરે પણ મનથી તેમાં લિપ્ત થાય નહિઃ જેમ ધાવમાતા રાજરાણીના પુત્રને તેની સગી માતાથી સવાયો સાચવે, ઉછેરે પણ મનથી જાણે કે આ મારો પુત્ર નથી, તેમ!)

શ્રી મહાવીર સ્વામી બોલ્યાઃ

**'જેઓ ભોગ્ય પદાર્થો અને ભોગમાંથી મમતા છોડી દે છે તેઓ મારામાં પ્રેમ રાખીને જીવે છે. તેમને હું શાંતિ આપું છું.'** (પ્રેમયોગ, ૨૭૫)

**'મારા ભક્તો કદી દેહભાવથી જીવતા નથી, તેઓ સાચા પ્રેમથી દેહધારી બનીને આત્મ ભાવમાં જીવે છે.'** (પ્રેમયોગ, ૨૭૬)

**'મારા પ્રેમરૂપી અમૃતને પ્રાપ્ત કરનારા ભક્તો પૈસા, શરીર, ભોગ વગેરેમાં મમત્વનો ત્યાગ કરીને ભક્તિ કરે છે અને કદી મોહ પામતા નથી.'** (પ્રેમયોગ, ૨૭૭)

ભગવાનને કયા નામે આપણે જાણીએ છીએ? અનેક નામે જાણીએ છીએ. શ્રી મહાવીર સ્વામી કહે છેઃ **'સર્વ દેશ, કાળ અને ભાષાઓમાં મારા અનંત નામો તમે જાણો.'** (પ્રેમયોગ, ૨૯૫) આ નિર્દેશમાંથી મળતી વ્યાપકતા જુઓઃ **'આથી સમગ્ર વિશ્વના લોકો દ્વારા હું સામ્યત્વથી પ્રાપ્ય છું. સર્વ લોકોમાં સામ્યત્વથી હું મુક્તિ આપું છું.'** (પ્રેમયોગ, ૨૯૬) **'સમગ્ર વિશ્વના લોકો દ્વારા પ્રેમભક્તિના પ્રચારથી મહાવીર એવા મારા નામથી મારૂં ધ્યાન ધરવું જોઇએ.'** (પ્રેમયોગ, ૨૯૭)

જૈન શાસનની પ્રભાવનાનું લક્ષ્ય પ્રત્યેક ધર્મીના અંતરમાં હોય તે માની શકાય તેવું છે, પરંતુ તે વિશે વર્તમાનકાળમાં નક્કર અથવા નોંધનીય કાર્ય ઓછું થાય છે તે પણ સત્ય છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ જિન શાસનની પ્રભાવનાના અનેક કાર્યો કર્યા છે અને તે માટે ઘણું લખ્યું પણ છે. 'જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ' નામક ગ્રંથમાં તેમણે પ્રમાણિત કર્યું છે કે આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે જૈનોની સંખ્યા ૪૦ કરોડ હતી! આજે સમગ્ર વિશ્વમાં કદાચ ૧ કરોડથી વધારે નથી! શ્રીમદ્

બુદ્ધિસાગરસૂરીશ્વરજીના ક્રાન્તિકારી ચિંતનથી ભરેલું પુસ્તક 'જૈનોપનિષદ' વાંચવાથી જિનશાસનની પ્રભાવના શું ચીજ છે તે સમજાશે. 'શ્રી જૈન મહાવીર ગીતા'માં મહાવીર વાણી જુઓઃ **'જૈન ધર્મનો પ્રચાર કરવાથી ભક્તિ થાય છે, ભક્તિ મહાન ધર્મ છે. અને તેનાથી લોકોના મોહ વગેરે કર્મનો નાશ ચોક્કસ થાય છે.'** (પ્રેમયોગ, ૩૧૬) શ્રી તીર્થંકર પરમાત્મા વિશે કહે છેઃ **'સર્વ તીર્થંકરો મારા રુપથી ભિન્ન નથી. દેશ અને કાળ પ્રમાણે તેઓ ધર્મતીર્થ પ્રવર્તાવનારા છે.** (પ્રેમયોગ, ૩૧૮)

અરિપૂંત પરમાત્મા અનંત શક્તિના નિધાન સ્વરૂપ છે તેમ આપણે જાણીએ છીએ. 'પ્રેમયોગ'માં શ્રી અરિહંત દેવ શી રીતે સહાયક બને છે તેનો ઉલ્લેખ આમ છેઃ **'હું મારી ગુપ્ત શક્તિથી મારા ભક્તોની શાંતિ માટે અને તેમને અન્યાયી લોકો તરફથી થતાં દુખમાં રક્ષા માટે કાર્ય કરું છું.'** શ્રી ભગવદ્ ગીતામાં मामेकं शरणं व्रज (તું મારા શરણે આવ) નિહાળવા મળે છે તેમ અહીં 'પ્રેમયોગ'માં પણ સાંભળવા મળે છેઃ **'સર્વ ભવ્ય લોકોએ સર્વ શંકાનો ત્યાગ કરીને ભક્તિપૂર્વક મારો આશ્રય લઈને મન્મય બનવું જોઇએ.'**

જૈન ધર્મમાં મંત્રો તથા દેવ/દેવીનો પણ મહિમા છે. જૈનાગમોમાં પણ મંત્ર અને તેની શક્તિ વિશે પ્રકાશ પાડવામાં આવ્યો છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સ્વયં સાધક મહાપુરૂષ હતા. મહુડી તીર્થમાં તેમણે શાસનદેવ શ્રી ઘંટાકર્ણ મહાવીરની સ્થાપના કરી હતી, જ્યાં આજે પ્રતિ વર્ષ લગભગ ૫૦ લાખ યાત્રાળુઓ આવે છે. શ્રી જૈન મહાવીર ગીતાના 'પ્રેમયોગ'માં મંત્ર અને સાધના અને પ્રભાવ વિશે થોડીક ગાથાઓ જોવા મળે છેઃ

**ચૈત્ર સુદિ ત્રયોદશીના દિવસે મારા મંત્રનું આરાધન કરવામાં આવે છે તે શ્રેષ્ઠ છે. અને દિપાવલીની રાત્રીએ આરાધન કરવામાં આવે છે તેનાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે.'** (ગાથા, ૩૨૭)

• • •

**'મારા નામના જપથી કરોડો પાપ કરનાર પાપીઓનો ઉદ્ધાર થાય છે, મારા નામના શ્રવણથી પ્રાણીઓનો ઉદ્ધાર થાય છે.' (ગાથા, ૩૨૭)**

• • •

**'મારા નામના શ્રવણથી ભૂત વગેરે પણ શાંત થાય છે, અને યક્ષો વગેરેને મારા નામના શ્રવણથી પુણ્ય મળે છે.' (ગાથા, ૩૨૯)**

**'મારા મંત્રો અસંખ્ય છે, પરંતુ તેમાં શ્રદ્ધા રાખવાથી અને ગુરૂ પ્રત્યે ભક્તિ રાખવાથી જ તે ફળ આપે છે.' (ગાથા, ૩૩૨)**

• • •

**'કળિયુગમાં ભક્તિ સર્વશ્રેષ્ઠ છે, અન્ય (ધર્મી)ને પણ મહાન ફળ આપનારી છે, તેથી અલ્પ ધર્મ માટે પણ તેની ઉપાસના કરવી જોઇએ.'** (ગાથા, ૩૩૩)

• • •

**'જેમ સૂર્યના તેજમાં બધા તેજ આવી જાય છે તેમ વિવિધ દેવ-દેવીઓના મંત્ર મારા મંત્રમાં આવી જાય છે.' (ગાથા, ૩૩૫)**

• • •

**'કલિયુગમાં મારા નામ મંત્રમાં સર્વ વેદનો સમાવેશ થાય છે, સર્વ તીર્થની યાત્રાનું ફળ મારા નામના જપથી મળે છે.' (ગાથા, ૩૪૦)**

• • •

**'હું ધન અથવા બાહ્ય આડંબરથી પ્રાપ્ય નથી પણ જે મને આત્મસમર્પણ કરે છે તેને જ હું પ્રાપ્ય બનું છું.' (ગાથા, ૩૪૪)**

• • •

**'વીર વીર એમ સ્મરણ કરતાં તીર્યંચ પણ દેવગતિમાં જાય છે, મારા નામને યાદ કરનાર દેવ-દેવીઓ પણ મને પામે છે. (ગાથા, ૩૪૭)**

• • •

**'સૂરિમંત્ર સર્વશક્તિમાં શિરોમણી અને મહાન શ્રેઠ છે. તે સર્વ શક્તિ આપનાર છે. અને આચાર્યો તેનો પ્રાતઃકાળે જપ કરે છે.' (ગાથા, ૩૫૪)**

• • •

**'અષ્ટ કર્મોના કરનારા, છતાં જે મારા ભક્તો છે તે મારો આશ્રય લઇને રહેનારા છે અને થોડી ક્ષણ અંતર્મુખ બને છે તો તે કેવલિ થાય છે.' (ગાથા, ૩૭૧)**

• • •

**'મારા ભક્તો, ત્યાગીઓ, સાધુઓ મારા સ્વરૂપને જાણે છે તેથી સ્વાભાવિક રીતે જ મારા ભક્તો અને ત્યાગીઓની આગળ હું રહું છું. (ગાથા, ૩૯૯)**

• • •

**'હું યોગીઓના મંત્ર, તંત્ર કે મહાયંત્રથી લભ્ય નથી, હું તો સર્વ પ્રાણીઓમાં જે મારાં ભાવને ધારણ કરે છે તેમનાથી લભ્ય છું. (ગાથા, ૪૨૫)**

• • •

જૈન સાહિત્યની પરંપરાગત શૈલીથી ભિન્ન શૈલીમાં હોવાથી ઉપર્યુક્ત કથન નવીન બની રહે છે પરંતુ નય-સાપેક્ષ દૃષ્ટિથી તેનું ચિંતન કરવા માંડીએ છીએ ત્યારે તેનું માર્મિક અર્થઘટન આપણાં હૃદયને કોઈ નવા જ વિચાર આકાશમાં દોરી જાય છે. ઉત્તમ સાહિત્યની વિભાવના એ જ હોય છે કે જે આપણાં દિલને ઢંઢોળે. સાચા સર્જકની રચના આપણો પીછો છોડતી નથી, કેમકે તેની અસરકારકતા ઊંડી હોય છે. 'શ્રી જૈન મહાવીર ગીતા' એક સાહિત્યના મર્મી સાધુપુરૂષની આવી જ રચના છે જે આપણને પોતાના બનાવી મૂકે છે. 'શ્રી જૈન મહાવીર ગતા'નું જેમ જેમ અધ્યયન કરતા જઇએ છીએ તેમ તેમ આપણાં મનને વધુ ને વધુ ખૂલ્લું થતું અનુભવીએ છીએ અને વધુ ને વધુ પ્રેરણાથી આપણું

અંતર પુલકિત થાય છે. 'શ્રી જૈન મહાવીર ગીતા'નું અધ્યયન કર્યા પછી એવું પણ લાગે છે કે આ તો આપણે જાણતા હતા, આવું કંઈક આપણે વાંચ્યું હતું, આવું કંઈક આપણે સાંભળ્યું હતું–આવું પણ થાય છે. જો થોડોક પણ જૈન સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનો પરિચય હોય તો આવું થાય છે. પણ તો ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી રચિત 'શ્રી જૈન મહાવીર ગીતા'નું સ્થાન સાવ ભિન્ન, ઉંચું અને સ્વતંત્ર છે તે યાદ રહે છે કેમકે તે શૈલીમાં નાવિન્ય છે અને પ્રગાઢ ચિંતનનો અને ઉત્કૃષ્ટ તત્ત્વજ્ઞાનનો તેમાં પુટ ચઢેલો છે. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ઉત્તમ સાહિત્યકાર છે તે આ અધ્યયનથી આપણું ભીતર સ્વીકારે છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી માત્ર જૈનોના નહિ પણ સર્વજાતિના પ્રિય લેખક છે તે સંભારવું રહ્યું. તેમના સમયમાં, તેમણે રચેલા 'ભજનપદ સંગ્રહ'ના ૧૧ ભાગ પ્રગટ થયા હતા અને તેમાંથી ભાગ ૧ ની ૬ આવૃત્તિઓ પ્રગટ થઈ હતી! વડોદરા રાજ્યની સ્કુલોમાં તેમના ૧૪ પુસ્તકો પાઠ્ય પુસ્તક તરીકે ભણાવાતા હતા!

'શ્રી જૈન મહાવીર ગીતા'માં 'પ્રેમ' જેવો વિષય પસંદ કરીને એક વિશાળ અધ્યાયનું સર્જન કરનાર શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સંતુલન (Balance) જાળવીને આગળ વધે છે તેનો ઉલ્લેખ કરવો રહ્યો. આમ કરવામાં તેઓનું સર્જકત્વ અને સાધકત્વ બન્ને સમાન રાહે ચાલે છેઃ કદાચ એમ કહી શકાય કે 'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'પ્રેમયોગ'માં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની સાધુતા સોળે કળાએ ખીલી ઉઠી છે! ✷✷✷

પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ, જૈન ઉપાશ્રય,
૭, રૂપ માધુરી સોસાયટી, સંઘવીના રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા,અમદાવાદ–૩૮૦૦૧૩.૦

ડૉ. જિતેન્દ્ર બી. શાહ રચિત

**જૈન પારિભાષિક શબ્દકોશ**

**પ્રતિ માસે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતો આ શબ્દકોશ હવે પુસ્તક સ્વરૂપે.**

જૈન ધર્મમાં વિપુલ સાહિત્યનું નિર્માણ થયું છે. પ્રાચીન કાળથી અદ્યાવધિ હજારો ગ્રંથો રચાયા છે. તેમાં અનેક પારિભાષિક શબ્દોનો ઉપયોગ થયો હોય છે. વર્તમાનકાળે તે પારિભાષિક શબ્દોની સમજ લુપ્ત થઈ રહી છે તેથી જિજ્ઞાસુઓને તે ગ્રંથો વાંચવા અને સમજવામાં કઠીન લાગે છે. તે કારણથી ઉત્તમ સાહિત્યના અધ્યયનથી વંચિત રહી જાય છે. આ માટે એક પારિભાષિક શબ્દકોશની અત્યંત આવશ્યકતા ઉભી થઈ છે. તેની પૂર્તિ રૂપે એક પારિભાષિક શબ્દકોશ તૈયાર કરવાની વિચારણા કરવામાં આવી હતી. તેના જ એક ભાગ રૂપે 'પ્રબુદ્ધ જીવન'માં છેલ્લા બે વર્ષથી પારિભાષિક શબ્દોના અર્થો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં પ્રકાશિત કરવામાં આવે છે. પરંતુ આ બધા શબ્દોનો સંગ્રહ પુસ્તકાકારે પ્રગટ થાય તો બધાને જ ઉપયોગી થાય તે માટે પ્રથમ ભાગ રૂપે અત્યાર સુધી પ્રગટ થયેલ શબ્દોના એક ગ્રંથનું વિમોચન તા. ૧૦–૧–૨૦૦૯ના રોજ 'ભક્તિ યાત્રા'ના કાર્યક્રમમાં ડૉ. રાકેશભાઈ ઝવેરીના શુભ હસ્તે થશે.

આ ગ્રંથ મર્યાદિત સંખ્યામાં છપાવવાનો હોઈ, જિજ્ઞાસુઓને વિનંતિ કે પોતાને જોઈતી નકલોની વિગત યુવક સંઘને પત્રથી જણાવે.

**–મેનેજર**

## ફંડ રેઝીંગ કમિટી

## FUND RAISING COMMITTEE

| ક્રમાંક | નામ | ટેલીફોન નંબર | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રકાન્ત ડી. ગાંધી | ૬૬૩૬૧૩૩૩ | ૯૮૧૯૫૯૦૦૦૨ |
| ૨. | શ્રી લલિતભાઈ પી. શાહ | ૬૬૨૨૭૫૭૫ | ૯૮૨૧૦૫૩૧૩૩ |
| ૩. | શ્રી દિલીપભાઈ એમ. શાહ | ૨૨૬૨૪૭૩૫ | ૯૮૨૧૦૯૫૯૬૮ |
| ૪. | શ્રી રસિકલાલ એલ. શાહ | ૨૩૬૪૧૦૩૭ | – |
| ૫. | શ્રી ચંદ્રકાન્ત ડી. શાહ | ૨૩૮૨૧૭૧૯ | ૯૮૨૦૬૪૬૪૬૪ |
| ૬. | શ્રી ધનવંત ટી. શાહ | ૨૪૯૯૯૬૦૦ | ૯૮૨૦૦૦૨૩૪૧ |
| ૭. | શ્રી ભૂપેન્દ્ર ડી. જવેરી | ૬૫૨૧૧૨૦૫ | ૯૮૨૦૦૩૧૪૮૦ |
| ૮. | પ્રા. તારાબહેન ર. શાહ | ૨૫૯૨૨૬૭૩ | – |
| ૯. | શ્રીમતી ઉષાબહેન પી. શાહ | ૨૩૬૪૬૩૭૫ | ૯૮૧૯૭૮૨૧૯૭ |
| ૧૦. | શ્રી રમણીકલાલ બી. શાહ | ૨૩૮૮૫૫૮૯ | ૯૮૯૨૭૨૭૭૦૯ |
| ૧૧. | શ્રી નીતિનભાઈ સોનાવાલા | ૨૩૫૨૦૧૩૬ | ૯૮૨૦૦૬૨૧૫૯ |
| ૧૨. | શ્રી નિરૂબહેન એસ. શાહ | ૨૩૬૩૧૨૮૫ | |
| ૧૩. | શ્રી ગાંગજીભાઈ પી.શેઠીયા | ૬૬૩૫૯૯૭૭ | ૯૮૩૩૭૦૨૨૨૦ |
| ૧૪. | શ્રી કિરણભાઈ શાહ | ૨૨૪૨૫૫૧૭ | ૯૮૨૦૦૨૪૪૯૧ |

# નેશનલ સેમિનાર 'સ્પેક્ટ્રમ ઓફ જૈનિઝમ ઈન સધર્ન ઈન્ડિયા'

❑ ડૉ. રેણુકા પોરવાલ

કે. જે. સોમૈયા સેંટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ, સોમૈયા વિદ્યાવિહાર કેમ્પસમાં તા. ૨૦-૨૧ ઑક્ટોબરના દિને દ્વિદિવસીય રાષ્ટ્રીય સેમિનાર ભવ્યતાથી સંપન્ન થયો. આ શૈક્ષણિક સમારોહમાં જૈન વિશ્વભારતી-લાડનૂ તથા ભારત જૈન મહામંડળ મુંબઈનું પણ યોગદાન હતું. જૈન ધર્મ અતિ પ્રાચીન સમયથી દક્ષિણ ભારતમાં ફેલાયેલો હતો. આ વિશે લોકોને વધુ માહિતી મળે તે હેતુથી આ ઉચ્ચ કક્ષાનો સેમિનાર યોજવામાં આવ્યો. વિષય હતો,

'દક્ષિણ ભારતમાં પ્રસારિત જૈન ધર્મની રંગીન ઝલક'

`[Spectrum of Jainism in Southern India]'

આ સમારંભમાં સોમૈયા ટ્રસ્ટના ઓનરરી સેક્રેટરી શ્રી રંગનાથનજીએ મુખ્ય અતિથિ મુંબઈ યુનિવર્સિટીના પ્રોવાઈસ ચાન્સેલર ડૉ. અરુણ સાવંત તથા અન્ય મહેમાનોનું સ્વાગત કર્યું. કાર્યક્રમનો શુભારંભ મહાનુભાવો દ્વારા દીપ પ્રજ્વલીત કરીને કરવામાં આવ્યો. પ્રથમ ડૉ. કોકિલા શાહ તથા ડૉ. રેણુકા પોરવાલે કેમ્પસ સ્તુતિ અને નવકાર મંત્રથી મંગલાચરણ કર્યું. સોમૈયા વિદ્યા વિહારના ટ્રસ્ટી શ્રીમતી લીલાબહેન કોટકે દક્ષિણ ભારતના તામિલનાડૂ, કેરળ, આંધ્ર, કર્ણાટક, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થાપત્ય અને સ્થિતિ પર પ્રકાશ પાડ્યો. ભારતભરમાંથી પધારેલ વિદ્વતજનોએ પોતાના શોધપત્રો રજૂ કર્યા. એ નિબંધોનો સારાંશ અને વક્તાનો પરિચય ટૂંકમાં નીચે મુજબ છેઃ

૧. સમારોહના પ્રથમ મુખ્ય વક્તા ડૉ. હંપા નાગરાજૈયાનાં અત્યાર સુધીમાં ૭૦ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયા છે. એમણે એમના નિબંધ વાંચનમાં ભારપૂર્વક જણાવ્યું કે-જૈન ધર્મ તામિલનાડૂથી થઈ શ્રીલંકા ઈ. સ. પૂર્વે ચોથી સદીમાં પહોંચી ગયો હતો. શ્રીલંકાનો રાજા પાડૂંકાભય જૈન ધર્મનો આશ્રયદાતા હતો. જૈન સાધુસંતોએ દક્ષિણ ભારતની મુખ્ય ભાષાઓ કન્નડ, તામિલ, તેલુગુ વગેરે સમૃદ્ધ કરી. ત્યાંની સંસ્કૃતિ પર જૈન ધર્મની અમીટ છાપ જોવા મળે છે. ઉપરાંત દક્ષિણના રહેવાસીઓના આધ્યાત્મિક સંસ્કારના વિકાસમાં જૈન ધર્મગુરુઓનો ફાળો વિશેષ રહ્યો. રાષ્ટ્રકૂટ વંશના સમયની વાત કરતાં ડૉ. હંપાએ કહ્યું કે તે સમયે દક્ષિણની ૧/૪ વસ્તી જૈન ધર્મ પાળતી હતી. હવે એ સંખ્યા ઘટીને ફક્ત ૧ ટકો થઈ ગઈ છે. તેઓ તેમના નિબંધમાં આગળ જણાવે છે કે જ્યારે ભદ્રબાહુસ્વામીએ દક્ષિણ ભારતમાં સ્થળાંતર કર્યું ત્યારે આંધ્ર વગેરે રાજ્યોમાં જૈન વસતી હતી તથા ચોલા, પાંડે પલ્લવ, હોયશાલા વગેરે રાજાઓએ જૈન બસદી અને મંદિરો બંધાવ્યા હતા. કાંચી, કાલુગુમલાઈ, મદુરાઈ, તિરૂમલાઈ, તિરૂનારૂગોંડાઈ વગેરે નગરોમાં જૈન મંદિરો હતા.

૨. બીજા વક્તા ડૉ. સાગરમલજી જૈનના તત્ત્વજ્ઞાન અને પુરાતત્ત્વ સંબંધી ઘણા પુસ્તકો પ્રકાશિત થયા છે. તેમણે સ્વખર્ચે વતનમાં એક પ્રાચ્ય વિદ્યાપીઠની સ્થાપના કરી છે જ્યાં ઘણાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ એમ.એ., પીએચ.ડી., ડી.લીટ વગેરેનો અભ્યાસ કરે છે. આ સંસ્થા મધ્ય પ્રદેશમાં ઈન્દોર શહેર નજીક શાજાપુર નગરમાં છે. તેમની લાઈબ્રેરીમાં ૧૦,૦૦૦ થી પણ વધુ પુસ્તકો જૈન ધર્મ, હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મને લગતા છે. ડૉ. સાગરમલજી જૈન પોતાના શોધ પત્ર 'યાપનીય સંઘ' વિશે જણાવ્યું કે યાપનીય સંઘ એ જૈન ધર્મનો એક સંપ્રદાય હતો જે પાંચમીથી પંદરમી સદી સુધી હયાત હતો. આ સંપ્રદાયના ૬૦ જેટલા શિલાલેખો દક્ષિણ ભારતમાંથી મળ્યા છે. એમના મંતવ્ય પ્રમાણે ભગવતી આરાધના, સ્વયંભૂ રચિત પાઉમ ચરિયું, બૃહત કથાકોષ, કષાય પાહૂડ, હરિવંશ પુરાણ વગેરે ગ્રંથોના રચયિતા યાપનીય સંપ્રદાયના આચાર્યો છે. હલસી નામનું નગર જે વર્તમાનમાં કર્ણાટક રાજ્યમાં આવેલું છે. ત્યાંથી પાંચમી સદીનો એક શીલાલેખ મળ્યો છે. હલસીના એ શીલાલેખમાં જૈન સંઘના ચાર મુખ્ય સંપ્રદાયોનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે-(૧) નિર્ગ્રંથ સંઘ, (૨) યાપનીય સંઘ, (૩) શ્વેતપટ્ટ શ્રમણ સંઘ, (૪) કુર્ચક સંઘ. યાપનીય સંઘ દિગંબર પરંપરાની જેમ સાધુઓની નગ્નતાનો સ્વીકાર કરે છે તો સાથે સાથે શ્વેતાંબર પરંપરાની જેમ કેવલી ભક્તિ અને સ્ત્રી મુક્તિની માન્યતાનો સ્વીકાર પણ કરે છે.

૩. ત્રીજા શોધકર્તા ડૉ. જવાહરલાલ હૈદરાબાદ મ્યુઝિયમના ડાયરેક્ટર હતા. તેમની શોધનો વિષય આંધ્ર પ્રદેશના પ્રાચીન જિનાલય વિશેનો હતો. અહીં તેમણે 'આંધ્ર પ્રદેશના જૈન મંદિરોના સ્થાપત્ય' વિષય પર શોધ નિબંધ પ્રસ્તુત કર્યો હતો. આંધ્ર પ્રદેશના મંદિરો વિશેની માહિતી આપતાં તેમણે દર્શાવ્યું કે અહીં ૨૦૦ જેટલા પ્રાચીન જિનાલયો અલગ અલગ જિલ્લાઓમાં આવેલા છે. આ બધા મંદિરો અને ત્યાં બિરાજીત પ્રતિમાઓ અને સ્થાપત્યનું નિરીક્ષણ કરવા જાતે બેથી વધુ વાર મુલાકાતો લીધી હતી. તેમણે કહ્યું કે અહીંના સુશોભિત મંદિરોમાં કુલપાકજી, રત્નાગિરી, પેન્નુકોંડા વગેરે પ્રથમ પંક્તિમાં આવે છે. તેમણે ત્યાંના શિલાલેખોનો અભ્યાસ કર્યો એમાં જૈન મંદિરો માટે અલગ અલગ પર્યાય/શબ્દ દૃષ્ટિગોચર થાય છે. જેમ કે જિનાલય, બસદી, વસદી,

જિનભવન વગેરે. ડૉ. જવાહરલાલે પોતાના ૯ પાનાના શોધ-પત્રમાં અલગ અલગ જિલ્લાઓમાં આવેલા મંદિરોના સ્થાપત્ય વિશે ભરપૂર માહિતી આપી છે.

(૪) ચોથા વક્તા ડૉ. એ. એકાંબરનાથ મદ્રાસ યુનિવર્સિટીના પ્રાચીન ઇતિહાસ અને પુરાતત્ત્વ વિભાગના પ્રોફેસર છે. તેમણે 'તામિલનાડૂની જૈન કલા' વિશે શોધ નિબંધ રજૂ કર્યો. તેમણે તામિલનાડૂની પ્રાચીન ગુફાઓ વિશે જાણકારી આપતાં કહ્યું કે પ્રારંભિક કાળની ગુફાઓ જૈન તપસ્વી સાધુઓ માટે બનાવવામાં આવતી હોવાથી ત્યાં ફક્ત શીલાલેખ અને પહાડ કાપીને બનાવેલ સુવા માટેના પત્થરની પથારી અને તકિયા જ શ્રેણીબંધ જોવા મળે છે. અહીં તેઓ પાણી ઉપરથી પડે નહિ માટે ગુફાની ઉપર જ નીક દ્વારા ભેગું કરી શકાય એવી વ્યવસ્થા જોવા મળે છે.

૫. સમણી આગમ પ્રજ્ઞાજીને કર્ણાટક, વિજયનગર અને તામિલનાડૂના મંદિરોના સ્થાપત્ય વિશે પોતાનો શોધ નિબંધ પ્રસ્તુત કર્યો.

૬. વક્તા ડૉ. પદ્મજા પાટીલે દક્ષિણ ભારતની જૈન સરસ્વતી માતાની પ્રતિમાઓ પર પ્રકાશ પાથર્યો.

૭. સાતમા વકતા ચેન્નઈના યોગસિદ્ધ રિસર્ચ સેન્ટરના ડાયરેક્ટર ટી. એન. ગણપતિએ તામિલ ગ્રંથ 'નીલકેશી' પર નિબંધ પ્રસ્તુત કર્યો. તેમણે જણાવ્યું કે આ ગ્રંથમાં ચાર્વાક, આજિવિક, વૈશેષિક, શાંખ્ય વગેરે પરંપરાની સુંદર વિચારણા છે.

૮. મદ્રાસ યુનિવર્સિટીના પ્રોફેસર ધન્યકુમારે તામિલનાડૂમાં સુરક્ષિત જૈન હસ્તપ્રતો પર પોતાનું શોધપત્ર પ્રસ્તુત કર્યું.

૯. સમણી રમણીય પ્રજ્ઞાજીએ દક્ષિણ ભારતના સામાજિક વિકાસમાં જૈનોનું યોગદાન વિષય પર ઘણી ચર્ચાઓ કરી. તેમાં વર્તમાન આચાર્યો કેવી રીતે કાર્ય કરે છે તે દર્શાવ્યું.

૧૦. ડૉ. વીરાજ શાહે દક્ષિણ ભારતના ગુફા મંદિરો અને ત્યાંની પ્રતિમાઓ વિશે વિસ્તૃત માહિતી આપી. દક્ષિણ ભારતમાં જૈન ગુફાઓ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે, જ્યાં જૈન સાધુઓ ધર્મધ્યાન કરતા હતા. આ ગુફાઓની લાક્ષણિકતા એ છે કે અહીં પત્થરો કોતરીને શૈયા અને સાથે ઓશિકાની જેમ ઊંચાઈ રાખીને સાધુઓના સુવા માટે તૈયાર કરેલી પથારીઓ સ્પષ્ટ નિરખવા મળે છે.

૧૧. શ્રી વ્યંકટેશ યુનિવર્સિટી-તિરૂપતિના ડીન પ્રોફેસર ડૉ. કિરણકાંત ચૌધરીએ આંધ્ર પ્રદેશના રાયલસીમાભાગ સાથે જોડાયેલા મહાન આચાર્યો કુંદકુંદાચાર્ય, આચાર્ય સિંહનંદી અને આચાર્ય પદ્મપ્રભુજીના શીલાલેખો તથા અન્ય જાણકારી આપી.

૧૨. પૂના યુનિવર્સિટીથી પધારેલ ડૉ. નલિની જોષીએ 'જૈન મહારાષ્ટ્રી ભાષા' પર પોતાનો શોધપત્ર રજૂ કર્યો. તેમણે માહિતી આપી કે જૈન સાધુઓએ ઈ. સ. પૂર્વે ત્રીજી સદીથી જ જૈન મરાઠી ભાષાનો ઉપયોગ કર્યો છે. ત્યારના સમયથી લગભગ પંદરમી સદી સુધી શ્વેતાંબરાચાર્યોની એ પ્રિય ભાષા રહી.

૧૩. ડૉ. ક્રિષ્ણકાંત ચોરડીયાએ ઈ. સ. પૂર્વની પ્રથમ સદીનો ગ્રંથ થીરૂવલ્લુવર પર વિવેચન કરતાં જણાવ્યું કે એ ગ્રંથ સર્વમાન્ય ગ્રંથ છે. એમાં પાંચ મહાવ્રત અને સપ્તભંગીની ચર્ચા છે.

સમારોહના અંતમાં આચાર્ય પ્રવર શ્રી હેમચંદ્ર સાગરસૂરિશ્વરજીએ સંસ્કૃતમાં વ્યાખ્યાન આપ્યું. ગુરુદેવે ભારપૂર્વક જણાવ્યું કે આપણી સંસ્કૃતિના હ્રાસનું મુખ્ય કારણ આપણે અપનાવેલી આંગ્લભાષા અંગ્રેજી ભાષા છે. આપણે તેને એટલી હદે અપનાવી છે કે આપણી ખાણી-પીણી અને પહેરવેશ પર પણ એની સ્પષ્ટ અસર જોવા મળે છે. આપણે અંગ્રેજીની સાથે સાથે માતૃભાષા અને આપણા સંસ્કારને પણ એટલું જ મહત્ત્વ આપવું અતિ આવશ્યક છે. ગુરૂદેવે જૈનદર્શનના વિકાસમાં આચાર્ય સામંતભદ્રનું યોગદાન વિશે પણ વિસ્તૃત ચર્ચા કરી.

સમાપન સમારોહના પ્રમુખ શ્રી ધનવંતભાઈ શાહે આવી સુંદર જ્ઞાનવર્ધક સમારોહ માટે ધન્યવાદ આપ્યા તથા એવા સમારોહ વરસોવરસ થતા રહે એવી ઈચ્છા વ્યક્ત કરી.

અંતમાં જૈન સેંટરના ડાયરેક્ટર ડૉ. ગીતા મહેતાએ આમંત્રિત મહેમાનો પ્રત્યે આભાર વ્યક્ત કર્યો. ✷✷✷

૧૦, દીક્ષિત ભવન, ૧૪૮, પી. કે. રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.
ફોન નં. : ૨૬૪૯૦૧૬૪, મો.: ૯૮૧૯૧૦૨૦૬૦

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રકાશિત**

## ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત
## નવા ગ્રંથોનું પ્રકાશન

**૧. જિનતત્ત્વ ગ્રંથ-૧**-આવૃત્તિ બીજી, જુલાઈ-૨૦૦૭, પૃષ્ટ સંખ્યા-૫૦૩, મૂલ્ય રૂા. ૩૦૦/- ૧ થી ૫ ભાગમાં વિસ્તરિત આ ગ્રંથમાં જૈનધર્મ વિષયક ૪૭ લેખો છે.

**૨. જિનતત્ત્વ-ગ્રંથ-૨**, ઑગસ્ટ-૨૦૦૭, પૃષ્ટ સંખ્યા-૩૬૪, મૂલ્ય રૂા. ૨૪૦/- છ થી ભાગ ૯ સુધી વિસ્તરિત આ ગ્રંથમાં જૈન ધર્મ વિષયક બીજાં ૨૬ લેખો છે.

**૩. પ્રભાવક સ્થવિરો (ભાગ-૧ થી ૬)** આવૃત્તિ-બીજી માર્ચ-૨૦૦૬, પૃષ્ટ સંખ્યા-૬૧૨, મૂલ્ય-રૂા. ૩૫૦/-.

છ ભાગમાં વિસ્તરિત આ ગ્રંથમાં ૨૫ જૈન પ્રસિદ્ધ અને સિદ્ધ સાધુ ભગવંતોના ચરિત્રનું વિગતે આલેખન થયું છે.

**૬ પુસ્તકો એક સાથે ખરીદનારને ૨૫% ડિસ્કાઉન્ટ.**

❑ **મેનેજર**

# સર્જન સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **કાર્તિકી પૂનમ**
(આજની ઘડી રળિયામણી રે)
**પ્રવચન દાતા : શાસન સમ્રાટ, શ્રી નેમિ–અમૃત–દેવ–હેમચંદ્ર સૂરિ શિષ્ય-આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહાજાજ**
**પ્રકાશક :** શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા, અમદાવાદ–૧૪.
**પ્રાપ્તિ સ્થાન :** શ્રી જિતેન્દ્ર કાપડિયા, અજિત પ્રિન્ટર્સ, લાભ ચેમ્બર્સ, ૧૨–બી, સત્તર તાલુકા સોસાયટી, પો–નવજીવન, અમદાવાદ–૧૪.
મૂલ્ય રૂા. ૨૦, પાના ૨૪, આવૃત્તિ–પ્રથમ.

પૂ. આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજશ્રીએ 'નવપદ પ્રવચનો' પ્રકાશિત કરાવ્યા બાદ 'નવ પર્વના પ્રવચનોના પુસ્તકની માંગણી વાચકવર્ગ તરફથી થતી રહી અને પૂજ્યશ્રીને અવકાસ મળતાં એ પ્રવચનો લિપિબદ્ધ કર્યા. તેમાંનું એક આ પુસ્તક છે. 'નવપર્વના પ્રવચનો' એ શ્રેણીનું આ ચોથું પ્રકાશન છે.

પૂ. આ. પ્રદ્યુમ્નસૂરિ મહારાજ જૈન સાહિત્યમાં તેમની રસયુક્ત આલેખનશૈલી માટે ખ્યાતનામ છે. તેમના દરેક ગ્રંથમાં તેઓ ધર્મગુરૂ હોવાની સાથે એક અચ્છા સાહિત્યકાર તરીકેની પ્રતીતિ કરાવે છે.

કાર્તિકી પૂનમનો મહિમા અને શત્રુંજયની યાત્રાનું મહત્ત્વ અનોખું છે. આ નાનકડી પુસ્તિકામાં શત્રુંજયની ભાવયાત્રા કરાવતાં કરાવતાં ગુરુદેવે કેટલીક અન્ય બાબતોને સરળ અને સ–રસ રીતે આલેખી છે. તેમાં સાધુ–સાધ્વીજીની સમાચારી તથા શ્રાવકોના વ્યવહારની સમજ આપી છે. શત્રુંજયની ભાવયાત્રા કરાવતી વખતે જયાં આવશ્યક હોય ત્યાં તેના ભક્તિ ભાવભર્યા સ્તવનો, દૃષ્ટાંત કથાઓ, અન્ય પ્રસંગો વગેરેનું આલેખન વાચકને રસ તરબોળ કરી દે છે.

તળેટીથી પ્રારંભ કરીને આદીશ્વર દાદાના દરબાર સુધીની ભાવયાત્રામાં દરેકે દરેક બાબતોનું-સ્થળોનું ઝીણવટભર્યું નિરૂપણ વાચકને ઘેર બેઠાં શત્રુંજયની યાત્રાનો અનુભવ આ પુસ્તક દ્વારા થાય છે.

મુખપૃષ્ટ તથા અંદર આપેલી અન્ય તસવીરો મનોરમ છે.

x x x

પુસ્તકનું નામ : **ક્ષણનો સાક્ષાત્કાર**
**લેખક : કુમારપાળ દેસાઈ**
**પ્રકાશક :** સાહિત્ય સંગમ, બાવા સીદી, પંચોલી વાડી સામે, ગોપીપુરા, સુરત–૩૯૫૦૦૧. ફોન :(૦૨૬૧) ૨૫૯૭૮૮૨ / ૨૫૯૨૫૬૩. મૂલ્ય : રૂા. ૬૦/– પાના : ૧૬૮. આવૃત્તિ : પ્રથમ, ૨૦૦૮.

કુમારપાળ દેસાઈએ 'ગુજરાત સમાચાર'ની રવિવારની પૂર્તિમાં પ્રગટ થતી 'પારિજાતનો સંવાદ' કોલમમાં લેખને છેલ્લે આ વિચાર 'આ ક્ષણોનો સાક્ષાત્કાર' નામે પ્રગટ કર્યા છે.

પુસ્તકનું શિર્ષક આકર્ષક અને મનનીય છે. નદીના પ્રવાહની જેમ વહેતા માનવજીવનમાં કેટલીક ક્ષણો વિશેષ–ખાસ બની જતી હોય છે. જેમાં એ પળે, એ ક્ષણે એને કોઈ વિશેષ અનુભૂતિ થાય છે, કશાકનો સાક્ષાત્કાર થાય છે, અને એ ક્ષણ જીંદગીની અનેક ક્ષણોને આનંદિત કરનારી બની જાય છે. એ ક્ષણ કોઈ વિચાર, કોઈ ચિંતન અથવા જીવન જીવવાની રીતિ દર્શાવી જાય છે.

આ પુસ્તક દ્વારા થતો ૧૫૫ ક્ષણોનો સાક્ષાત્કાર અનુભવગમ્ય અને આકર્ષક છે. ખાસ કરીને લેખકે આપેલા એ ક્ષણોના શિર્ષકો દ્વારા લેખક પોતાની વાત પંદર વીસ લીટીમાં કહી દે છે તે છે. દરેકના આલેખનમાં પ્રથમ લીટી અને અંતિમ લીટી બન્ને વચ્ચે ભાવકને થતો ક્ષણનો સાક્ષાત્કાર ક્યારેક એને વિચારમાં મૂકી દે છે, ક્યારેક માનવલક્ષી ધર્મની પ્રતીતિ કરાવે છે તો ક્યારેક ગહન જીવનદર્શન કરાવી જાય છે.

માનવ જીવનની નાની મોટી વાતોથી શરૂ કરીને છેક અદૃશ્ય તત્ત્વ સુધી ભાવકને ખેંચી જવાની લેકકની કલમને સલામ કરવાનું મન થાય છે. મૈત્રી, મૃત્યુ, સંસાર, અધ્યાત્મ, શ્રદ્ધા, ભય, નિર્ભયતા, પ્રેમ, મન, વ્યથા, ક્ષમા, અહંકાર વગેરે વિષયોનું સચોટ અને સોંસરું આલેખન તથા દરેક પૃષ્ટ પરના વિષયને છતાં સ્કેચ (ચિત્રો) મનનીય છે.

ટૂંકમાં કહીએ તો સંક્ષિપ્ત, સીધું, સરળ અને સચોટ આલેખન, આકર્ષક શિર્ષકો, પ્રારંભ અને અંત, રસપ્રદશૈલી અને સ્કેચો વગેરેથી મંડિત આ પુસ્તક સંવેદનશીલ ભાવકોને સ્પર્શી જાય તેવું ઓછી કિંમતનું આ પુસ્તક વસાવા જેવું ખરૂં.

x x x

પુસ્તકનું નામ : **લોકો જુએ છે માટે...**
(ભારતીય કવિતાઓનો અનુવાદ)
**અનુવાદક : ઉષા પટેલ**
**પ્રકાશક :** શુભમ્ પ્રકાશન, ૩૦૩ (એ) કૃષ્ણા વિહાર, ટાટા કમ્પાઉન્ડ, એસ.વી.રોડ, વિલે પાર્લે (પ.) મુંબઈ–૪૦૦ ૦૫૬.
ફોન : ૨૬૭૦૪૮૭૬.
**વિક્રેતા :** હેમંત ઠક્કર, એન.એમ.ઠક્કરની કંપની. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧૦૬૩૩.
મૂલ્ય : રૂા. ૭૫/- પાના :૮૪. આવૃત્તિ : પ્રથમ ફેબ્રુઆરી, ૨૦૦૭.

આ સંગ્રહમાં ઉષા પટેલે ભારતીય ભાષાો– ઉડિયા, કોંકણી, તમિળ, તેલુગુ, પંજાબી, બંગાળી, મરાઠી, મણિપુરી, મલયાલમ, મૈથિલી, રાજસ્થાની, સંસ્કૃત, સિંધી, હિંદી તેમજ એક વિદેસી કૃતિઓના અનુવાદો કર્યા છે. તો સાથે સાથે કેટલાંક હાઇકુ અને ભગિ઼ી ભાષા મરાઠી તથા રાષ્ટ્રભાષા હિન્દી કાવ્યોના અનુવાદો પણ આમાં સમાવ્યા છે.

શ્રી સુરેશ દલાલની કાર્યશાળામાં તૈયાર થયેલ ઉષાબહેને પસંદ કરેલા કાવ્યોમાં તેમનો ભાવલક્ષી અને ભાવકલક્ષી અભિગમ છતો થાય છે. નારી હોવન લીધે નારી સંવેદનાની અને નારી વાદને વ્યક્ત કરતી કૃતિઓ સંખ્યામાં વધુ હોય તે સ્વાભાવિક છે.

નારી ચેતનાને તાગવા મથતી પચાસ કૃતિઓમાં નારીચેતનાની સંકુલતા, નારી સ્વભાવની અકળ ગતિ, પરંપરા સામેનો વિરોધ અને વિદ્રોહ, આધુનિક જીવની યંત્રણામાં ફસાયેલી માતાના વેદનામય જીવનની કરૂણતા અને સમકાલીન જીવન પ્રત્યેનો કટાક્ષ વગેરે ભાવકના હૃદયને સ્પર્શી જાય છે.

અનુવાદ કાર્યની સંકુલતાઓને નાથવા મતતા ઉષાબેન પટેલે અનુવાદ કાર્યની મહત્તા સિદ્ધ કરી છે.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૩.
ફોન :(૦૨૨) ૨૨૯૨૩૭૫૪.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

**(નવેમ્બર-૨૦૦૮ના અંકથી આગળ)**

(૫૦૫) બાહ્યોપધિવ્યુત્સર્ગ: –ધન, ધાન્ય, મકાન, ક્ષેત્ર આદિ બાહ્ય વસ્તુઓમાંથી મમતા ઉઠાવી લેવી.
–धन, धान्य, मकान, क्षेत्र आदि बाह्य वस्तुओं से ममता हटा लेना बाह्योपधि व्युत्सर्ग है ।
–To set aside the feeling of ownership in relation to the external things – like money, corn, house, field, etc.

(૫૦૬) બુદ્ધબોધિત : –જેઓ બીજા જ્ઞાની દ્વારા ઉપદેશ પામી સિદ્ધ થાય તે.
–जो दूसरे ज्ञानी से उपदेश पाकर सिद्ध बनते है ।
–Those who receives instruction from a spiritual expert attain emancipation

(૫૦૭) બોધિદુર્લભત્વાનુપ્રેક્ષા: –પ્રાપ્ત થયેલ મોક્ષમાર્ગમાં અપ્રમત્તપણું કેળવવા એમ ચિંતવવું કે, 'અનાદિ પ્રપંચજાળમાં, વિવિધ દુઃખોના પ્રવાહમાં વહેતા અને મોહ આદિ કર્મોના તીવ્ર આઘાતો સહન કરતા જીવને શુદ્ધ દૃષ્ટિ અને શુદ્ધ ચારિત્ર પ્રાપ્ત થવાં દુર્લભ છે.'
–प्राप्त हुए मोक्षमार्ग में अप्रमत्तभाव की साधना के लिये ऐसा सोचना की 'अनादि प्रपंच जाल में, विविध दु:खों के प्रवाह में बहते हुए और मोह आदि कर्मों के तीव्र आघातों को सहन करते हुए जीव को शुद्ध दृष्टि और शुद्ध चारित्र प्राप्त होना दुर्लभ है'।
–When the pathway to moksa has been attained then with a view to cultivating an attitude of non-negligence in relation to it one must reflect : `For a jiva caught up in the beginingless jungle of tangles, in the stream of multifarious affictions and suffering the mighty stroks of the karmas like moha etc. it is difficult to attain a tight viewpoint and right conduct.

(૫૦૮) બૌદ્ધદર્શન : –ક્ષણિકવાદ આદિ ને માનનારું દર્શન
–क्षणिकवाद आदि को माननेवाला दर्शन ।
–The Buddhists system of Philosophy. (A darshan which believes in monetary system.)

(૫૦૯) બ્રહ્મ : –જેના પાલન અને અનુસરણથી સદ્ ગુણો વધે તે.
–जिसके पालन और अनुसरण से सद्‌गुणों की वृद्धि हो ।
–Whose observance is conductive to an amgmentation of virtuous merits.

(૫૧૦) બ્રહ્મચર્ય : –ખામીઓ ટાળવા જ્ઞાન આદિ સદ્‌ગુણો કેળવવા તેમજ ગુરુની અધીનતા સેવવા માટે ગુરુકુળમાં વસવું તે
–त्रुटियो को हटाने के लिए ज्ञानादि सद्‌गुणों का अभ्यास करना एवं गुरु की अधीनता के सेवन के लिए गुरुकुल में बसना।
–With a view to removing short-comings, cultivating meritorious qualifications like jnana etc., as also to practising the state - of - dependence in relation to the preceptor, a residence at the preceptor's quarters.

(૫૧૧) બ્રહ્મચર્યાણુવ્રત : –પોતાની પરિસ્થિતિ પ્રમાણે કામાચારનો મર્યાદિત ત્યાગ કરવો.
–कामाचार का अपनी परिस्थिति के अनुसार मर्यादित त्याग करना ।
–To refrain from all incontinence that goes beyond the limit set for one-self by keeping in view one's specific conditions of life.

(૫૧૨) બ્રહ્મરાક્ષસ : –રાક્ષસ જાતિના એક વ્યંતર દેવનો એક પ્રકાર છે.
–राक्षस जाति के एक व्यंतर देव का एक प्रकार है ।
–One of the sub-type of Raksasas type of Vyantaras Dev.

(૫૧૩) બ્રહ્મલોક : –એક પ્રકારના દેવલોકનું નામ છે જ્યાં વૈમાનિક દેવોનો નિવાસ છે.
–एक प्रकार के देवलोक का नाम है जहां वैमानिक देवों का निवास है ।
–The residing place of Vaimanika Dev.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

**(વધુ આવતા અંકે)**

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. South-81/2006-08
Posted at Patrika Channel sorting office Mumbai-400 001.On 16th of every month ● Regd. No. MH/ MR/SOUTH-146 / 2006-08



પંથે પંથે પાથેય...

# આંસુની પ્રચંડ તાકાત

❑ શાન્તિલાલ ગઢિયા

હરેકના જીવનમાં કડવા–મીઠા પ્રસંગો બનતા હોય છે. મારા વ્યાવસાયિક જીવનમાં એક પ્રસંગ એવો બન્યો હતો, જે કટુ–મધુર બંનેનું મિશ્રણ હતું. તે અત્રે ટાંકું છું.

૧૯૬૩માં એમ.એ. (મનોવિજ્ઞાન) કર્યાપછી મારી જ કૉલેજમાં રીસર્ચ આસિસ્ટન્ટ તરીકે એક વર્ષ કામ કર્યું. પ્રોજેક્ટ એક વર્ષનો જ હતો. એટલે એ પૂરો થયા પછી કાયમી અધ્યાપકના વ્યવસાયની શોધમાં હતો. સદ્‌નસીબે ઉત્તર ગુજરાતના કડી ગામમાં નોકરી મળી ગઈ.

પ્રકૃતિએ હું સંવેદનશીલ વધારે. કદાચ ઈશ્વરે મારો પિંડ ઘડતી વખતે સંવેદનશીલતાનું દ્રાવણ ભરચક ઠાલવી દીધું હશે. તેથી હૃદય ખૂબ ઢીલું. વાત વાતમાં આંખે આંસુના તોરણ બંધાય. કોઈ બે શબ્દો કહી જાય તો કાળજું કોરાય. માતા–પિતા અને ભાઈ–બહેનથી પહેલી વાર દૂર થવાનું બન્યું હતું. ગામમાં તાત્કાલિક ઘર શોધવાનું હતું. કૉમર્સ વિભાગના અધ્યાપક મિત્રે થોડા સમય માટે બે વિદ્યાર્થીઓ સાથે રહેવાની ગોઠવણ કરી આપી. દરમિયાન જુદું સારું ઘર મળશે ત્યારે બા અને બહેનને તેડાવી લઈશ એમ વિચાર્યું. દિવસો પસાર થતા હતા. અવાર નવાર ઘેર અને મિત્રોને પત્ર લખતો. જ્યાં મેં રીસર્ચ આસીસ્ટન્ટ તરીકે કામ કરેલું ત્યાંના સહકર્મચારી કૌશલ્યાબહેનને પણ એક દિવસ પત્ર લખ્યો. તેઓ મારાથી સીનિયર અને ઉંમરમાં મોટા હતા. એમનો જવાબ આવ્યો. ઈન્લેન્ડ લેટર હતો. પત્રની સ્થિતિ પરથી લાગતું હતું કે મારી ગેરહાજરીમાં પેલા બે વિદ્યાર્થીઓએ કુતૂહલવશ પત્ર ખોલીને વાંચ્યો હશે. હું કંઈ બોલ્યો નહિ. પછી સાંજે એ વિદ્યાર્થીઓ મારો ઉપહાસ કરતા હોય એમ વ્યંગમાં મને કહે, 'સાહેબ, તમને તો અગાઉની નોકરીમાં ઘણાની ઓળખાણ હશે, નહિ?' મેં કહ્યું, 'હા, કેમ ના હોય?'

તરત બીજો પ્રશ્ન, 'સાહેબ રામની માતાનું નામ શું?' એ જ ક્ષણે મારા મનમાં તાળો બેસી ગયો કે આ લોકોએ પત્ર વાંચ્યો જ છે અને એટલે જ આવી વિચિત્ર ભાષામાં વાત કરે છે. હું સમસમીને રહી ગયો. કોઈનો પત્ર ખોલીને વાંચવો એ તો ચોરી કહેવાય. વળી મને અસહ્ય દુઃખ એ વાતનું હતું કે વિદ્યાર્થીઓએ એક બહેન પ્રત્યેના મારા નિર્મળ ને નિખાલસ સંબંધ વિષે શંકા કરી હતી. મારું અંતરમન બોલતું હતું, 'અરેરે, હું કંઈ દુનિયામાં આવ્યો છું? ભગવાન, તેં મને કેવા લોકોની વચ્ચે લાવી મૂક્યો!'

વેદનાથી મારું હૃદય કપાતું હતું. હું રડી પડ્યો. ચોધાર આંસુએ રડ્યો. બંને વિદ્યાર્થીઓ હેબતાઈ ગયા. મારી વેદના તૂટક તૂટક શબ્દોમાં વ્યક્ત થઈ, 'તમને કોઈ બહેન છે? સગા, દૂરના, માનેલા કોઈ બહેન તો હશે ને? અમારા સંબંધ વિષે ગંદી કલ્પના કરતાં પહેલાં તમારે વિચારવું તો હતું! કેવું બોલી ગયા તમે મારા માટે!' વિદ્યાર્થીઓ પાસે કોઈ જવાબ ન હતો. ઊંચી આંખ કરી શકતા ન હતા. કાષ્ઠના પૂતળાં જોઈ લો.

રાતે બિછાનું તૈયાર કરી થોડો સમય બહાર આંટો મારીને હું પાછો આવ્યો. ક્યાંય ચેન પડતું ન હતું. હું સૂઈ ગયો. સવારે ઊઠ્યો. પથારી ઉપાડતાં ઓશીકા નીચેથી ફૂલસ્કેપ કાગળમાં લખેલી લાંબી ચિઠ્ઠી મળી. વિદ્યાર્થીઓએ મારી જાણ બહાર મૂકી દીધી હશે. લખેલું કે સાહેબ, અમે તમને બહુ આઘાત પહોંચાડ્યો. તમને આટલું બધું લાગી આવશે, એવું અમે ધારેલું જ નહિ. અમે બહુ ખોટું કર્યું, અમને માફ કરી દો. આટલી અમારી વિનંતી છે... મેં એમને પાસે બોલાવી કહ્યું, 'જુઓ, તમને પસ્તાવો થયો એમાં જ બધું આવી ગયું. હૃદયથી કરેલો પસ્તાવો ઈશ્વર પણ સાંભળે છે અને માફ કરી દે છે. બસ, ભૂલી જાવ બધું.'

અધ્યાપક તરીકેની મારી કારકિર્દીનો એ પ્રારંભિક તબક્કો હતો. કદાચ એટલે જ ચાર દાયકા વીતવા છતાં ઉપરનો પ્રસંગ સ્મૃતિમાંથી ખસતો નથી. એટલું સ્પષ્ટ કહી શકાય કે લાગણીશીલ માણસોએ સહન બહુ કરવું પડે છે. અલબત્ત, ક્રોધ રૂપી હિંસા કરતાં આ માર્ગ નિઃસંદેહ કલ્યાણકારી છે. લાંબા ગાળે આપણી શુદ્ધ લાગણી સામી વ્યક્તિ ઝીલે જ છે. હૃદયની શુદ્ધ લાગણી આંસુ વાટે વહે છે ત્યારે કાળમીંઢ પથ્થરને પણ પીગળાવી દે છે.

✷ ✷ ✷

એ–૬, ગુરુકૃપા સોસાયટી,
શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ,
વડોદરા–૩૯૦ ૦૦૬.
ફોન : ૨૪૮૧૬૮૦

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.